મહાપ્રભુ શ્રીવલ્લભાચાર્ય વિરચિત શ્રીભાગવત વ્યાખ્યા

# તામસ પ્રમાણ પ્રકરણ

# સુબોધિની

## (દશમસ્કન્ધ અન્તર્ગત અધ્યાય ૫-૧૧ તથા ૧૨-૧૪)



जय श्रीकृष्ण

तवास्म्यहम् कृष्ण! तवास्म्यहम् कृष्ण!

श्रीकृष्णः शरणं मम

श्रीवल्लभाधीशो जयति

પ્રકાશક : શ્રીવલ્લભાચાર્ય ટ્રસ્ટ, માંડવી-કચ્છ



મહાપ્રભુ શ્રીવલ્લભાચાર્ય વિરચિત

શ્રીભાગવત વ્યાખ્યાઃ

# તામસ પ્રમાણ પ્રકરણ

# સુબોધિની

(દશમસ્કન્ધ અન્તર્ગત

અધ્યાય ૫-૧૧ તથા ૧૨-૧૪)

અનુવાદક :

ગો.વા.શ્રીનાનુલાલ ગાંધી

जय श्रीकृष्ण

श्रीवल्लभाधीशो जयति

પ્રકાશક : શ્રીવલ્લભાચાર્ય ટ્રસ્ટ, માંડવી-કચ્છ

**પ્રકાશક :**
**શ્રીવલ્લભાચાર્ય ટ્રસ્ટ,**
કંસારા બજાર, માંડવી-કચ્છ, ગુજરાત, ૩૭૦૪૬૫

**શ્રીવલ્લભાચાર્ય વિદ્યાપીઠ**
ફુલાભાઈ પાર્ક, હાલોલ, પંચમહાલ, ગુજરાત, ૩૮૯૩૫૦

**સમ્પાદક :** શ્રીશરદ્ ગોસ્વામી

**પ્રકાશન વર્ષ :** વિ.સં.૨૦૭૭
**શ્રીવલ્લભાબ્દ :** ૫૪૨

**પ્રતિ :** ૧૦૦૦

**મુદ્રક :**
પૂર્વી પ્રેસ્ પ્રા. લિ., રાજકોટ

આ ગ્રન્થના અનુવાદક

# ગોલોકવાસી ભગવદીય શ્રીનાનુલાલ ગાંધી



# શ્રીવલ્લભાચાર્ય ટ્રસ્ટ

**શ્રીવલ્લભાચાર્ય વિદ્યાપીઠ, ફુલાભાઈ પાર્ક, હાલોલ, જિ.પંચમહાલ પિન.૩૮૯૩૫૦.**
**ફોન : ૯૩૧૩૪ ૩૬૨૦૦, ૦૨૬૭૬-૨૨૫૧૭૧**

| ગ્રન્થ | પ્રકાશનસહાય |
|---|---|
| **પુષ્ટિમાર્ગની પ્રાથમિક સમજ માટે** | |
| પ્રવેશિકા, લેખકઃ ગોસ્વામી શ્રીશરદ્કુમાજી(ગુજરાતી) | ૧૦ |
| પ્રવેશિકા, લેખકઃ ગોસ્વામી શ્રીશરદ્કુમાજી(હિન્દી) | ૧૦ |
| Praveshika, લેખકઃ ગોસ્વામી શ્રીશરદ્કુમાજી (અંગ્રેજી) | ૧૦ |
| પુષ્ટિપ્રવેશ ૧-૨, લેખકઃ ગોસ્વામી શ્રીશરદ્કુમાજી (ગુજરાતી) | ૨૦ |
| પુષ્ટિપ્રવેશ ૧-૨, લેખકઃ ગોસ્વામી શ્રીશરદ્કુમાજી (હિન્દી) | ૨૦ |
| પુષ્ટિપથ, લેખકઃ ગોસ્વામી શ્રીશરદ્કુમાજી (ગુજરાતી) | ૧૦ |
| પુષ્ટિપથ, લેખકઃ ગોસ્વામી શ્રીશરદ્કુમાજી (હિન્દી) | ૧૦ |
| પ્રમેયરત્નસંગ્રહ, લેખકઃ ગોસ્વામી શ્રીશરદ્કુમાજી (ગુજ.) | ૨૦ |
| Manual of the devotionalpath of Pushti. લેખક : ઉપરમુજબ (અપ્રાપ્ય) | ૬૫ |
| **તત્ત્વદર્શનવિષયક રાષ્ટ્રીય સેમિનારમાં પ્રસ્તુત થયેલ વિભિન્ન શોધપત્રો તથા ચર્ચા નો સંગ્રહ** | |
| શબ્દખંડીયા વિદ્વત્પરિચર્ચા (સંસ્કૃત-અંગ્રેજી-હિન્દી) | ૨૦૦ |
| અન્યખ્યાતિવાદીયા વિદ્વત્સંગોષ્ઠી (સંસ્કૃત -અંગ્રેજી-હિન્દી) | ૧૫૦ |
| કાર્યકારણભાવમીમાંસા વિદ્વત્સંગોષ્ઠી (સંસ્કૃત -અંગ્રેજી-હિન્દી) | ૨૦૦ |
| પ્રત્યક્ષપ્રમાણ વિદ્વત્સંગોષ્ઠી (સંસ્કૃત -અંગ્રેજી-હિન્દી) | ૧૫૦ |
| અન્ધકારવાદ વિદ્વત્સંગોષ્ઠી (સંસ્કૃત -અંગ્રેજી-હિન્દી) | ૨૦૦ |
| વલ્લભવેદાન્ત લેખકઃ ગો.શ્રીશ્યામ મનોહરજી(સંસ્કૃત -અંગ્રેજી-હિન્દી) | નિઃશુલ્ક |
| **સામ્પ્રદાયિક વિચારગોષ્ઠીમાં પ્રસ્તુત થયેલા વિભિન્ન શોધપત્રો તથા તેના ઊપર થયેલ ચર્ચા નું સંકલન** | |
| વાર્તાપરિચર્ચા | ૧૫ |
| અધિકારપરિચર્ચા | ૧૦૦ |
| સાધનાપ્રણાલી (અપ્રાપ્ય) | ૫૦ |
| પુષ્ટિભક્તિમાં કથાસાધના વિચારગોષ્ઠી (અપ્રાપ્ય) | ૫૦ |
| શરણાગતિ વિચારગોષ્ઠી | ૫૦ |
| શરણાગતિ વિચારગોષ્ઠી (પૂરક પ્રશ્નોત્તરી) (અપ્રાપ્ય) | નિઃશુલ્ક |
| સેવા-સમર્પણ વિચારગોષ્ઠ | ૫૦ |
| પુષ્ટિભક્તિ અને પ્રપત્તિ સાધનામાં જઘન્યાધિકાર વિચારગોષ્ઠી | ૮૦ |
| પ્રતિબન્ધ (પુષ્ટિભક્તિ અને પ્રપત્તિ સાધનામાં પ્રતિબન્ધ) | ૧૦૦ |
| પુષ્ટિભક્તિ અને પ્રપત્તિ સાધનામાં ફળ | ૧૦૦ |

## નિત્યસ્તોત્રપાઠ

**પુષ્ટિપાઠાવલી** (ગુજરાતી) પાકું બાઈંડિંગ — અપ્રાપ્ય
**પુષ્ટિપાઠાવલી** (હિન્દી) પાકું બાઈંડિંગ — અપ્રાપ્ય
**પુષ્ટિપાઠાવલી** (ગુજરાતી) કાચું બાઈંડિંગ — ૨૦
**પુષ્ટિપાઠાવલી** (ગુજરાતી) કાચું બાઈંડિંગ ૪''.૩'' નાની સાઈઝ — ૧૦
**પુરુષોત્તમસહસ્રનામ-ત્રિવિધલીલાનામાવલી** (અનુવાદ સહિત) — ૨૦

## અધ્યયનોપયોગી ગ્રન્થો

**શ્રીભાગવતમહાપુરાણ** — અપ્રાપ્ય
(ચારભાગ. મહાપ્રભુ શ્રીવલ્લભાચાર્ય સમ્મત અર્થવાળું)

**ષોડશગ્રન્થ** — અપ્રાપ્ય
(સરળ ગુજરાતી ભાવાર્થ-વિવેચન સાથે. પેજ સં. ૨૩૦)

**જિન શ્રીવલ્લભરૂપ ન જાન્યો** — અપ્રાપ્ય
ગો.શ્રીશ્યામ મનોહરજી લિખિત સર્વોત્તમસ્તોત્રની વિસ્તૃત ભૂમિકાનો ગુજરાતી અનુવાદ, શ્રીવલ્લભાષ્ટક, સપ્તશ્લોકી,શ્રીવલ્લભસ્તોત્રો, પઞ્ચશ્લોકી, શિક્ષાશ્લોકી આદિ ગ્રન્થોનું વિવેચન ૪૫૦થી વધુ પાનામાં સંકલન

**કૃષ્ણાશ્રય** — અપ્રાપ્ય
શ્રીકલ્યાણરાયજી લિખિત સંસ્કૃત ટીકાનો ગુજ અનુવાદ

**ભગવદ્ગીતા** — અપ્રાપ્ય
અનુવાદક : શ્રીનાનુલાલ ગાંધી. પદચ્છેદ, અન્વય, શબ્દપરિચય, વૃત્તિપરિચય, શબ્દાર્થ, શ્લોકાર્થ, વિવેચન,પાદાનુક્રમણિકા, ગીતાતાત્પર્ય તથા ન્યાસાદેશવિવરણ ગુજરાતી અનુવાદ સાથે.

**પુષ્ટિઅસ્મિતા સંવર્ધક શિબિર, રાષ્ટ્રીય સંમેલન-ભરૂચ** (પ્રશ્નોત્તરી) — ૨૫
**ષોડશગ્રન્થગત ઉપદેશો અને તેમની ૬૪વાર્તાઓ,** લે.ભૂપેન્દ્રભાઈ ભાટીયા — અપ્રાપ્ય
**ષોડશગ્રન્થગત ઉપદેશો અને તેમની ૨૮વાર્તાઓ,** લે. ઉપર મુજબ — અપ્રાપ્ય
**ભગવદ્ગીતાનો ભક્તિયોગ, બારમો અધ્યાય,** લેખક : ગો.શ્રીશ્યા.મ. — નિઃશુલ્ક
**ભગવદ્ગીતાનો પુરુષોત્તમયોગ, પંદરમો અધ્યાય,** લેખક :ગો.શ્રીશ્યા.મ. — નિઃશુલ્ક
**દ્રવ્યશુદ્ધિ.** અપરસ-સુતક બાબતનો નિર્ણય ગ્રન્થ. લે.: ગો.શ્રીપુરુષોત્તમજી — નિઃશુલ્ક
**ભાગવત શાસ્ત્ર-સ્કન્ધ-પ્રકરણ-અધ્યાયનો અર્થ.** લેખકઃ શ્રીનાનુલાલ ગાંધી — ૧૦

**શ્રીભાગવતાર્થપ્રકરણ** — ૧૫૦
(શ્રીવલ્લભાચાર્ય રચિત તત્ત્વાર્થદીપનિબન્ધાન્તર્ગતનું પ્રકરણ. શ્રીમદ્ભાગવત ના શાસ્ત્ર-સ્કન્ધ-પ્રકરણ અને અધ્યાય ના અર્થોનું વિસ્તૃત વિવેચન.) અનુવાદક : ગો.વા.શ્રીનાનુલાલ ગાંધી.

**શાસ્ત્રાર્થપ્રકરણ** — ૫૦
(શ્રીવલ્લભાચાર્ય વિરચિત તત્ત્વાર્થદીપનિબન્ધમાંનું પ્રથમ પ્રકરણ. શ્રીપુરુષોત્તમજીની આવરણભંગ ટીકાના ગુજરાતી અનુવાદ સાથે)

**પુરુષોત્તમ પ્રતિષ્ઠાપ્રકાર** નિઃશુલ્ક

(શ્રીગુસાંઈજી રચિત સેવ્ય સ્વરૂપને પુષ્ટ કરાવવાની વિધિનું વિસ્તૃત ગુજરાતી વિવેચન) લે : ગો.શ્રીશ્યામમનોહરજી

**ગૃહસેવા અને વ્રજલીલા** વ્યાખ્યાતા ગો. શ્રીશ્યામ મનોહરજી નિઃશુલ્ક

**પુષ્ટિપ્રવાહમર્યાદાભેદ** વ્યાખ્યાતા ગો. શ્રીશ્યામ મનોહરજી અપ્રાપ્ય

**શ્રીકૃષ્ણચરિત્ર** અપ્રાપ્ય

(દશમસ્કન્ધનો સરળ ગુજરાતી ભાવાનુવાદ) અનુવાદક : ગો.વા.શ્રીનાનુલાલ ગાંધી

**રસદૃષ્ટિની તરફેણમાં**. લેખક : ગો. શ્રીશ્યામ મનોહરજી અપ્રાપ્ય

**સિદ્ધાન્તનું આચમન પ્રશ્નોત્તરી** ઉત્તરદાતા : ગો. શ્રીશ્યામ મનોહરજી નિઃશુલ્ક

**ભક્તિવર્ધિની** વ્યાખ્યાતા : ગો. શ્રીશ્યામ મનોહરજી નિઃશુલ્ક

**સેવાઃ ઋતુ-ઉત્સવ-મનોરથ.** વ્યાખ્યાતાઃ ગો. શ્રીશ્યામ મનોહરજી અપ્રાપ્ય

**હમકું ઇતની સમજ ભલી** અપ્રાપ્ય

(અમૃતવચનાવલી)પ્રાચીન અર્વાચીન આધુનિક આચાર્યોના વચનામૃતો.

**તત્ત્વાથદીપનિબન્ધાન્તર્ગત સાધનપ્રકરણ.** મૂળ સહિત ગુજરાતી અનુવાદ ૨૫

**પુરુષાર્થવ્યવસ્થા** પ્રવક્તા : ગો.શ્રીશ્યામ મનોહરજી નિઃશુલ્ક

**पुष्टिविधानम्-२**(व्याकरणम्) અપ્રાપ્ય

श्रीवल्लभाचार्य-श्रीगोपीनाथजी-श्रीगुसांईजी रचित ५६ ग्रन्थोंका पदच्छेद-अन्वय-शब्दपरिचय-वृत्तिपरिचय.

**पुष्टिविधानम्-३**(व्रजभाषा) १५०

श्रीवल्लभाचार्य-श्रीगोपीनाथजी-श्रीगुसांईजी रचित षद्ग्रन्थोंका शब्दार्थ-श्लोकार्थ-विवेचन-पादानुक्रमणिका.

**तत्त्वार्थदीपनिबन्धान्तर्गत शास्त्रार्थप्रकरणम् सर्वनिर्णयप्रकरणम्** (व्रजभाषाटीका) १००

**वेदान्तचिन्तामणी** (हिन्दी अनुवाद सहित) तथा **सत्सिद्धान्तमार्तंड** ५०

(गुजराती प्रश्नोत्तर संक्षेप) श्रीगट्टुलालजी विरविचत.

**विवेकत्रयम्,** प्रपञ्च-जीव-मूलरूप (संस्कृत) १०

**श्रीपुरुषोत्तमग्रन्थावली-५**(संस्कृत) १००

(દશદિગન્તવિજયી ગો.શ્રીપુરુષોત્તમજી રચિત દ્રવ્યશુદ્ધિદીપિકા, ભક્તિમાર્ગીય અપરાધનિરૂપણવિવૃતિ તેમજ ઉત્સવપ્રતાન મૂળ ગ્રન્થો તેમજ તેનો વ્રજભાષા-હિન્દી-ગુજરાતી અનુવાદ)

**श्रीपुरुषोत्तमग्रन्थावली-६**(संस्कृत) २००

(દશદિગન્તવિજયી ગો.શ્રીપુરુષોત્તમજી રચિત ઉપનિષદો, ભગવદ્ગીતા તથા ન્યાસાદેશતાત્પર્ય ની સંસ્કૃત ટીકા)

**गृहसेवा और व्रजलीला**(व्रजभाषा). व्याख्यात: गो.श्रीश्याम मनोहरजी निःशुल्क

**भगवद्गीताका भक्तियोग**. व्याख्यात: गो.श्रीश्याम मनोहरजी निःशुल्क

**सेवा : ऋतु–उत्सव–मनोरथ**, विवेचक : गो.श्रीश्याम मनोहरजी — निःशुल्क

**ब्रह्मवाद** (हिन्दी) लेखक : गो.श्रीश्याम मनोहरजी — निःशुल्क

**सेवाकौमुदी**(नवधाभक्ति) हिन्दी, व्याख्याता : गो.श्रीश्याम मनोहरजी — अप्राप्य

**तृतीयस्कन्ध सुबोधिनी** (संस्कृत) दो खंडोंमें. — १०००

**श्रीमद्ब्रह्मसूत्राणुभाष्यम् : सप्रदीप–विवरणम्.** (संस्कृत) तीन खंडोंमें. — १०००

महाप्रभु श्रीवल्लभाचार्य विरचित ब्रह्मसूत्राणुभाष्यं तथा उस पर भगवदीय श्रीइच्छाराम तथा गो.श्रीगिरिधिरजी विरचित 'प्रदीप' तथा 'विवरण' टीका.

## ઈતિહાસ

**આધુનિક ન્યાયપ્રણાલી અને પુષ્ટિમાર્ગીય સાધનાપ્રણાલી નો આપસી ટકરાવ** નિઃશુલ્ક

લે. : ગો. શ્રીશ્યામ મનોહરજી (ગુજરાતી/હિન્દી)

**શ્રીગોપીનાથપ્રભુચરણ**(ગુજરાતી/હિન્દી) — ૨૫

શ્રીગોપીનાથજીના વિષયમાં ઉપલબ્ધ (ચિત્રજી, હસ્તાક્ષર, પદ, ઈતિહાસ, રચના વગેરે) તમામ માહિતિનો સંગ્રહ.

## સન્દર્ભ ગ્રન્થો

**પુષ્ટિવિધાનમ્ પાદાનુક્રમણિકા.** — ૧૦

શ્રીવલ્લભાચાર્ય-શ્રીગપીનાથજી-શ્રીગુસાંઈજી રચિત ૨૬ ગ્રન્થોંની પાદાનુક્રમણિકા

**હમકું ઈતની સમજ ભલી.** — નિઃશુલ્ક

એક વાર વાંચવા જેવું. પ્રાચીન-અર્વાચીન-આધુનિક આચાર્યોના માર્મિક વચનામૃતોનો સચિત્ર સંગ્રહ.

**Summary of Shuddhadvaita Vangmaya** — 15

Author: Sri Sharad Goswami (મુંબઈ યુનિવર્સિટીનો અભ્યાસ ગ્રન્થ) શ્રીમહાપ્રભુજી, શ્રીગોપીનાથજી તથા શ્રીગુસાંઈજીના ગ્રન્થોનો અંગ્રેજીમાં ટુંક પરિચય.

## શ્રીભાગવતસુબોધિનીનું શ્રીનાનુલાલ ગાંધીએ કરેલ ભાષાન્તરઃ

**પ્રથમસ્કન્ધ** — ૧૦૦

**દ્વિતીયસ્કન્ધ** — ૧૦૦

**તૃતીયસ્કન્ધ** (બે ભાગમાં) — ૪૦૦

**જન્મપ્રકરણ** — ૧૫૦

**તામસ પ્રમાણ પ્રકરણ** (દશમસ્કન્ધ અધ્યાય ૫-૧૧ તથા પ્રક્ષિપ્ત અધ્યાય૧૨-૧૪)

## ગોશાળા :

મહિલાબાગ પાસે, માંડવી-કચ્છ તથા શ્રીવલ્લભાચાર્ય વિદ્યાપીઠમાં, હાલોલ.

## જીર્ણોદ્ધાર :

શ્રીબાલકૃષ્ણજીના બેઠકજી. ગામ : વિંજાણ, તા.અબડાસા-કચ્છ

## શ્રીવલ્લભાચાર્ય વિદ્યાપીઠ :

શ્રીવલ્લભાચાર્ય નગર, રેફરલ હોસ્પિટલ પાછળ, હાલોલ, જિ. પંચમહાલ.

અધ્યયનોપયોગી ગ્રન્થાલય, અધ્યયનકક્ષ, નિવાસ, ભોજન, અધ્યાપક વગેરે અત્યાવશ્યક સુવિધાઓથી સુસજ્જ.

## પુષ્ટિસ્વાધ્યાય :

અઠવાડીયાના લગભગ બધા દિવસ આબાલ-વૃદ્ધ બધા પુષ્ટિમાર્ગીઓ માટે સમ્પ્રદાયના મૂળ ગ્રન્થોનું અધ્યાપન વિદ્વાન્ આચાર્યવંશજો દ્વારા  ટેલિફોનિક કોન્ફરન્સ્ માધ્યમથી કરવામાં આવે છે : વધુ માહિતિ માટે ફોન સમ્પર્ક : ૯૪૨૬૬૨૩૫૬૫

Pushti-Vidya
**'पुष्टिविद्या' मोबाईल् एप्लिकेशन्**

**व्होट्स्एप** द्वारा विद्यापीठ तथा पुष्टिमार्ग सम्बन्धी मह त्वपूर्ण जानकारीयां प्राप्त करनेकेलिए सम्पर्क करें : 9426623565

**http://www.vallabhacharyavidyapeeth.org/**
**http://www.pushtimarg.net/**

**Like our page on Facebook :**
Sri Vallabhacharya Vidyapeeth

Subscribe us on You Tube:
**'Pushtiswadhyay'**

गोस्वामी श्रीश्याम मनोहरजीद्वारा सम्पादित-पुनर्मुद्रित

## शुद्धाद्वैत पुष्टिभक्ति सम्प्रदायके मूल संस्कृत ग्रन्थ

१. सव्याख्यषोडशग्रन्थ (संयुक्तप्रकाशन, दुर्लभ)
- खंड १. श्रीयमुनाष्टकम् से सिद्धान्तरहस्यम्
- खंड २. नवरत्नम् से भक्तिवर्धिनी
- खंड ३. जलभेदः से सेवाफलम्

ष. प्रकाश-रश्मि सहित ब्रह्मसूत्राणुभाष्यम्
- खंड १. प्रथमाध्याय (नाथद्वारा टेम्पलबोर्ड, अतिदुर्लभ)
- खंड २. प्रथमाध्याय (नाथद्वारा टेम्पलबोर्ड, अतिदुर्लभ)
- खंड ३. द्वितीयाध्याय
- खंड ४. तृतीयाध्याय
- खंड ५. चतुर्थाध्याय

३. श्रीमद्भागवतसुबोधिनी
- खंड १. प्रथम-द्वितीयस्कन्ध
- खंड ४. जन्मप्रकरण

खंड ५. तामसप्रमाणप्रकरण　　खंड ६. तामसप्रमेय–साधनप्रकरण
खंड ७. तामसफलप्रकरण　　खंड ८. राजसप्रमाण–प्रमेयप्रकरण
खंड ९. राजससाधन–फलप्रकरण　　खंड १०. सात्त्विकप्रमेयसाधनफलप्रकरण
खंड ११. गुणप्रकरण तथा यावत्प्राप्य एकादशस्कन्ध

४. तत्त्वार्थदीपनिबन्ध
खंड १. शास्त्रार्थ–सर्वनिर्णयप्रकरण
खंड २. भागवतार्थप्रकरण स्कन्ध १–५
खंड ३. भागवतार्थप्रकरण स्कन्ध ६–१ष

५. सव्याख्यषड्ग्रन्थाः संयुक्तप्रकाशन, दुलर्भ
६. वेदान्ताधिकरणमाला–भावप्रकाशिका
७. विविधविवरणोपेत पत्रावलम्बनम्
८. प्रस्थानरत्नाकर
९. विद्वन्मण्डनम्
१०. श्रीबालकृष्णग्रन्थावली
११. श्रीवल्लभमहाप्रभुस्तोत्राणि
१२. श्रीपुरुषोत्तमप्रतिष्ठाप्रकारः
१३. वल्लभाख्यान (सप्तटीकोपेत)
१४. पुष्टिविधानम् गुजराती, व्रज तथा संस्कृत संस्करण
१५. वादावली
ब्रह्मवाद, वादकथा, विग्रहवाद, प्रपंचवाद, प्रपंचसंसारभेदवाद, ब्रह्मजीवतदैक्यस्वरूपनिरूपणम्, विरुद्धधर्माश्रयत्वविवेचनम्, आत्मवादः, प्रश्नोत्तरसाहस्रीपर्यालोचनम्, प्रश्नोत्तरसाहस्रीचर्चित–प्रकृत्यधिकरण–समालोचनम्, केवलाद्वैतवादाभिमताविद्यास्वरूपविमर्शः, अक्षरपुरुषोत्तम–द्वैतनिरासवादः
१६. अवतारवादावली
खंड २. भेदाभेदवाद,सृष्टिभेदवाद,आविर्भावतिरोभाववाद,ख्यातिवाद,प्रतिबिम्बवाद, अन्धकारवाद.
खंड ३. ब्राह्मणत्वादिदेवतावादः, जीवव्यापकत्वखण्डनवाद, जीवप्रतिबिम्बत्व–खण्डनवादः, भागवतस्वरूपविषयकशंकानिरासवादः,उपदेशादिविषयकशंकानिरासवादः,भगवत्प्रतिकृत–पूजनवादः, ऊर्ध्वपुण्ड्रधारणवादः, तुलसीमालाधारणवादः, शंखचक्रधारणवादः, भक्तिरसत्ववादः, भक्त्युत्कर्षवादः, नामफलादिप्रकारवादः, जयश्रीकृष्णोच्चारणवादः, स्ववृत्तिवाद:, वस्त्रादिसेवावादः, मूर्तिपूजनवादः, भागवतपाठादेः शंकानिरासवादः.
१७. सत्सिद्धान्तमार्तण्डः. भारतमार्तण्ड–पञ्चनदी श्रीगोवर्धन(गट्टुलाल)शर्मा विरचित.
१८. वेदान्तचिन्तामणी. भारतमार्तण्ड–पञ्चनदी श्रीगोवर्धन(गट्टुलाल)शर्मा विरचित.

४क्र.१, ष तथा ४/१, ४/ष को छोड कर सभी ग्रन्थ श्रीवल्लविद्यापीठ–श्रीविट्ठलेश्वर–प्रभुचरण आ.हो.ट्रस्ट (कोल्हापुर) द्वारा प्रकाशित.

– वाल्लभवेदान्त निबन्धसंग्रह (हिन्दी)
– पुष्टिप्रवाहमर्यादाभेद (गुजराती)
– विवेक (हिन्दी)

- विशोधनिका (चार खंड) (गुज-हिन्दी)
- पुरुषोत्तमयोग (गुजराती-हिन्दी)
- नवरत्नम् (गुजराती-हिन्दी)
- श्रीयमुनाष्टकम् (हिन्दी)
- सिद्धान्तनुं आचमन (गुजराती)
- सिद्धान्तसूक्ति (गुजराती)
- भगवद्गीतासु भक्तियोग
- वार्तान्की सैद्धान्तिक संगति
- पुरुषार्थव्यवस्था (हिन्दी-गुजराती)
- चतुःश्लोकी(हिन्दी)
- रसदृष्टिनी तरफेणमां (हिन्दी-गुजराती)
- गृहसेवा और व्रजलीला (गुजराती-हिन्दी)
- ब्रह्मवाद (वादावली सम्पादकीय)
- सेवाकौमुदी/नवधाभक्ति (हिन्दी)
- चिरकुट चर्चा समीक्षा (हिन्दी-गुज)
- पुष्टिमार्गीय पीठाधीश स्वरूप और कर्तव्य
- अणुभाष्य(साधनफलाध्याय) भूमिका (गुज.)
- नवरत्नोपदेशका मानसविश्लेषण(गुज-हिंदी)
- श्रीवल्लभाचार्यके दर्शनका यथार्थ स्वरूप
- शरणागतिविचारगोष्ठी एक पूरक प्रश्नोत्तरी (गुजराती)
- धर्म-अर्थ-काम-मोक्षकी पुष्टिमार्गीय विवेचना(हिन्दी-गुजराती)
- भगवत्सेवानो सिद्धान्तशुद्ध प्रकार: एक प्रश्नोत्तरी (गुजराती)
- साकारब्रह्मवाद (तत्त्वचिन्तन भक्ति और संस्कृति विमर्श) (हिन्दी)
- तत्त्वार्थदीपनिबन्धान्तर्गत शास्त्रार्थप्रकरणोपक्रम(गुज.)
- तत्त्वार्थदीपनिबन्धान्तर्गत संक्षिप्त शास्त्रार्थ-सर्वनिर्णयप्रकरण तथा विवेकधैर्याश्रय, नवरत्न, सिद्धान्तमुक्तावली एवं भक्तिवर्धिनी का गुजराती अनुवाद-विवेचन(गुज.)
- श्रीवल्लभाख्यान : श्रीमद्भागवतको प्रारूप और श्रीवल्लभाख्यान
- सूक्तित्रय : सिद्धान्त, उत्सव, भक्ति.
- पुष्टिभक्तिका व्यापारीकरण (कुशंका, खिलवाड-समाधान)
- ब्राह्मिक याथार्थ्य और ब्रह्मवाद की नानावादानुरोधिता (लघुग्रन्थसंग्रह-२)
- पुष्टिमार्गकी आचार्यत्रयी
- अमृतका आचमन

**म्पर्क :** गोस्वामी श्रीश्याम मनोहरजी, व्रजकमल, ६३ स्वस्तिक सोसायटी, ४था रास्ता, जुहु स्कीम, विलेपार्ले(पश्चिम)

# || પ્રકાશકીય ||

ગો.વા.શ્રીનાનુલાલ ગાંધી દ્વારા ગુજરાતી ભાષામાં ભાષાન્તરિત મહાપ્રભુ શ્રીવલ્લભાચાર્યચરણ વિરચિત શ્રીભાગવત સુબોધિનીજીના 'તામસ પ્રમાણ પ્રકરણ' નું શ્રીવલ્લભવાઙ્મયના અધ્યેતાઓ સમક્ષ પ્રકાશન કરતાં આનન્દ અને કૃતાર્થ નો અનુભવ થઈ રહ્યો છે.

શ્રીસુબોધિનીના પૂર્વપ્રકાશિત પ્રથમ, દ્વિતીય, તૃતીય સ્કન્ધો તેમજ જન્મ પ્રકરણ ની જેમ આ ખંડમાં પણ શ્રીસુબોધિનીના અધ્યયનમાં ઉપકારક એવા શ્રીભાગવતાર્થ પ્રકરણનો સંબાધિત અંશ તથા શ્રીરઘુનાથચરણ વિરચિત નામચન્દ્રિકા ટીકાના ગુજરાતી અનુવાદ સહિત શ્રીપુરુષોત્તમનામસહસ્ર સ્તોત્રમાંના સમ્બન્ધિત નામો તથા ગ્રન્થની વિગતવાર અનુક્રમણિકા છાપવામાં આવી છે.

સમ્પૂર્ણ તામસ પ્રમાણ પ્રકરણ સુબોધિનીજીનું પ્રુફરીડીંગ ભરૂચ નિવાસી શ્રીમતી પ્રીતિબેન દલાલે કર્યું છે, ગ્રન્થને પ્રેસમાં મોકલવા લાયક તૈયાર કરવાનું તેમજ છપાવવા નું કાર્ય શ્રીપીયૂષ ગોંધીયા તથા શ્રીપ્રવીણભાઈ એ કર્યું છે જે આ પ્રસંગે અવિસ્મરણીય છે.

**પવિત્રા એકાદશી**
વિક્રમસંવત ૨૦૭૭
શ્રીવલ્લભાબ્દ ૫૪૨

**શ્રીવલ્લભાચાર્ય ટ્રસ્ટ, માંડવી–કચ્છ દ્વારા**
શરદ્ ગોસ્વામી

# ।। આદ્ય સંસ્કરણનો ઉપોદ્‌ઘાત ।।

**(લેખકઃ ગો.વા.શ્રીનાનુલાલ ગાંધી)**

**શ્રીકૃષ્ણં પરમાનન્દં દશલીલાયુતં સદા**
**સર્વભક્તસમુદ્ધારે વિસ્ફુરન્તં પરં નુમઃ ।।**

શ્રીમદ્‌ભાગવત વૈષ્ણવોનો વેદ છે. ... દશમસ્કન્ધના ૮૭ અધ્યાયો છે. આ સ્કન્ધના ૯૦ અધ્યાયો છે એમ ઘણા માને છે, અને દરેક પ્રતમાં ૯૦ અધ્યાયો છપાયેલા હોય છે; છતાં તે પૈકી ૧૨, ૧૩ અને ૧૪ અધ્યાયો ક્ષેપક છે. ભગવાનની બધી લીલાઓનો સમાવેશ ભાગવતમાં થવો જોઈએ, તેથી બ્રહ્મા વાછરડાં તથા ગોપબાલકોને ઉપાડી ગયા ત્યારે ભગવાને પોતે વાછરડાં તથા ગોપબાલકો બની પોતાની નિત્યલીલા ચાલુ જ રાખી એ ભગવાનનું અલૌકિક ચરિત પદ્‌મપુરાણમાં પ્રસિદ્ધ છે, તેનો પણ આ પુસ્તકમાં સમાવેશ થવો જ જોઈએ એમ માની, કોઈએ આ ૧૨, ૧૩ અને ૧૪ અધ્યાયો લખી આ ગ્રન્થમાં દાખલ કરી દીધા છે. ૧૧મા અધ્યાયના અંતે જે શ્લોક છે તેનો સંબંધ ૧૫મા (ક્ષેપક અધ્યાયો કાઢી નાખતાં બારમા) અધ્યાયના પ્રથમ શ્લોક સાથે બરાબર મળે છે. તેથી પણ આ ત્રણ અધ્યાયો ક્ષેપક છે એમ જણાય છે. આ ત્રણ અધ્યાયો ઘુસાડનાર વ્યક્તિએ પણ ૧૧મા અધ્યાયના અંતનો શ્લોક પાછો ક્ષેપક અધ્યાયોના અંતે લખેલો છે તે પણ એ પછીના અધ્યાયના પહેલા શ્લોક સાથે સંગતિ મેળવવા જ લખેલો હશે. ક્ષેપક અધ્યાયો પૈકીના પહેલા અધ્યાયપરનાં શ્રીસુબોધિનીના પ્રારંભમાં જ આ ત્રણ અધ્યાયો ક્ષેપક છે એમ સિદ્ધ કરેલું છે, તેથી અહિં તે સંબંધી વિશેષ વિવેચન કરવાની આવશ્યકતા નથી. તેથી આ દશમસ્કન્ધના ૮૭ જ અધ્યાયો છે.

**નિરોધ :** આ દશમસ્કન્ધમાં ભગવાનની નિરોધલીલા ગાએલી છે. 'રુધ્‌' ધાતુ પહેલાં 'નિ' ઉપસર્ગ લગાડવાથી 'નિરુધ્‌' શબ્દ થાય છે. એ ક્રિયાપદ પરથી 'નિરોધ' નામ થએલ છે. 'નિરોધ'નો આ વ્યુત્પત્તિ પ્રમાણે રોકી રાખવું, અટકાવવું એવો અર્થ થાય છે. 'નિરોધ' શબ્દનો આ વ્યુત્પત્તિ પ્રમાણે થતો અર્થ જ અહિં લેવાનો છે. સત્પુરુષો અથવા ભક્તો ને ભગવાન પોતાની અંદર જ રોકી રાખે, તેમના ચિત્તને પોતામાં જ લગાડેલું રાખે, બીજે ક્યાંય રખડવા ન દે એ નિરોધ.

ભગવાન્‌ સદા દશ લીલા કર્યા કરે છે. આ લીલાઓ શ્રીમદ્‌ભાગવત ૨।૧૦।૧ માં નીચે પ્રમાણે જણાવેલી છે :

**અત્ર સર્ગો વિસર્ગશ્ચ સ્થાનં પોષણમ્‌ ઊતયઃ ।**
**મન્વન્તરેશાનુકથા નિરોધો મુક્તિરાશ્રયઃ ।।**

અહિં(આ ગ્રન્થ શ્રીમદ્ભાગવતમાં) સર્ગ વિસર્ગ સ્થાન પોષણ ઊતિ મન્વન્તર

ઈશાનુકથા નિરોધ મુક્તિ અને આશ્રય; (એ દશનું નિરૂપણ કરવામાં આવે છે).

ત્રીજા સ્કન્ધમાં સર્ગનું, ચોથા સ્કન્ધમાં વિસર્ગનું, એ પ્રમાણે અનુક્રમ લેતાં નવમા સ્કન્ધમાં ઈશાનુકથાનું નિરૂપણ થએલ છે. ઈશાનુકથા એટલે વિષ્ણુની ભક્તિ. તેથી નવમા સ્કન્ધમાં ભક્તિનું એટલે ભક્તોનું નિરૂપણ થયું. તેઓનો આ દશમા સ્કન્ધમાં નિરોધ કરવામાં આવે છે, જેથી તેઓને મુક્તિની પ્રાપ્તિ થાય. તેથી અગીઆરમા સ્કન્ધમાં મુક્તિનું નિરૂપણ કરેલું છે. ઉપર પ્રમાણે ભક્તોને મુક્તિની પ્રાપ્તિ થાય તે માટે તેમનો નિરોધ આ સ્કન્ધમાં કરવામાં આવે છે. જો તેઓની (ભગવાન પ્રતિ) ભક્તિ શુદ્ધ હોય તો જ તેઓનો ભગવાનમાં નિરોધ થાય, અને જો ભગવાન સિવાય બીજા કોઈનો તેઓ સંગ ન હોય તો જ તેઓની ભક્ત શુદ્ધ ગણાય. જો તેઓ પ્રપંચને તદ્દન વિસરી જાય તો જ ભગવાન સિવાય બીજા કોઈનો તેમને સંગ રહે નહિ. તેથી ભક્તોને પ્રપંચથી દૂર રાખી, ભગવાન પોતામાં જ તેઓને રોકી રાખે, પોતામાં જ તેઓની આસક્તિ કરાવે અને પોતાના સિવાય બીજા કોઈમાં તેઓનું ચિત્ત જાય નહિ એમ કરે તે જ નિરોધ. તેથી ભક્તો પ્રપંચ ને તદ્દન વિસરી જાય છે અને શ્રીકૃષ્ણમાં જ આસક્ત થાય છે એવું નિરૂપણ આ સ્કન્ધમાં કરવામાં આવ્યું છે. ભગવાને નટ(નાટકના એક્ટર્)ની પેઠે બીજું(માનુષ)રૂપ ધારણ કરી, પાતાના તામસ, રાજસ અને સાત્ત્વિક ત્રણે પ્રકારના ભક્તોને પ્રપંચથી દૂર રાખી, તેઓની પાતામાં આસક્તિ કરાવી તેઓનો ઉદ્ધાર કરેલો છે. આનું નામ જ 'નિરોધ'. આ દશમ સ્કન્ધમાં ભગવાને નિરોધ જ કરેલો છે.(ભાગવતાર્થ નિબન્ધ ૧૦।૧૫-૨૦)

**દશમસ્કન્ધના અર્થ સંબંધી સંશય :** શ્રીમદ્ભાગવતમાં ૨।૧૦।૧ માં સર્ગ, વિસર્ગ વગેરે પહેલી નવ લીલાઓ કહી તે લીલાઓથી લીલાકર્તા પ્રભુ શ્રીકૃષ્ણનું જ્ઞાન થાય છે. તે શ્રીકૃષ્ણ જ આશ્રય(જેમનો ભક્તોએ આશ્રય રાખવાનો છે તે) છે. દશમસ્કન્ધમાં શ્રીકૃષ્ણનું જ મુખ્યત્વે નિરૂપણ કરેલું છે, તેથી આ દશમસ્કન્ધનો અર્થ આશ્રયલીલા હોવો જોઈએ. પરન્તુ સર્ગ વિસર્ગ એ લીલાઓનો ક્રમ લઈએ તો ત્રીજા સ્કન્ધમાં સર્ગ, ચોથામાં વિસર્ગ એ પ્રમાણે ગણતાં દશમસ્કન્ધમાં નિરોધલીલાનું વર્ણન કરેલું હોવું જોઈએ. તેથી એ પ્રમાણે ગણતાં આ સ્કન્ધનો અર્થ નિરોધ હોવો જોઈએ. તેથી આ સ્કન્ધનો અર્થ આશ્રય છે કે નિરોધ એવો સંશય થાય છે. શ્રીધર દશમા સ્કન્ધનો અર્થ આશ્રય છે એમ માને છે.

**શ્રીધરનો પૂર્વપક્ષ :** દશમા સ્કન્ધનો અર્થ આશ્રય જ છે.

૧.અર્થનો વિચાર કરવો જોઈએ. સ્કન્ધમાં જે અર્થ કહેલ હોય તેના પરથી તેમાં કઈ લીલા કહેલી છે તેનો નિર્ણય કરવો જોઈએ. અર્થ જોયા વિના માત્ર અનુક્રમ પ્રમાણે લીલાઓનું નિરૂપણ કરે એમ માની, આસ્કન્ધમાં અનુક્રમ પ્રમાણે 'નિરોધલીલા' આવતી હોવાથી, આ સ્કન્ધનો અર્થ નિરોધ છે એમ કહેવું એ યોગ્ય નથી. અનુક્રમ ન

રહે, અને જુદા ક્રમે લીલાઓનું શ્રવણ કરવામાં આવે તો પણ હરકોઈ રીતે કરેલું શ્રવણ અવશ્ય ફલ આપે જ છે. તેથી અનુક્રમ ઉપર બહુ આધાર રાખવો યોગ્ય નથી.

૨. વળી લોકમાં ‘નિરોધ’નો અર્થ પ્રલય થાય છે. આ સ્કન્ધમાં પ્રલય ક્યાંય કહેલ અથવા વર્ણવેલ નથી, પરન્તુ ૧૨મા સ્કન્ધમાં પ્રલયનું નિરૂપણ કરેલ છે, તેથી ૧૨મા સ્કન્ધનો અર્થ ‘નિરોધ’ છે.

૩. આ સ્કન્ધમાં તો અંશી ભગવાન શ્રીકૃષ્ણનું નિરૂપણ કરેલ છે, તેથી આ સ્કન્ધ ઉત્તમ છે, આ સ્કન્ધમાં પુરુષોત્તમ શ્રીકૃષ્ણચન્દ્રની લીલાઓ સહિત તેમનું નિરૂપણ કરેલ હોવાથી આ સ્કન્ધનો અર્થ ‘આશ્રય’ જ છે.

**સિદ્ધાન્ત :**

૧.સર્ગ, વિસર્ગ વિગેરે પહેલાં જણાવેલી નવ લીલાની અપેક્ષા આશ્રયને રહે છે. આશ્રય જણાવવા(સમજાવવા) આ નવ લીલાઓ જણાવવી એ આવશ્યક છે, તેથી એ નવ લીલાઓ પહેલાં આશ્રયનું નિરૂપણ સારી રીતે કેમ થઈ શકે? ન જ થઈ શકે. જે પદાર્થ જાણવા માટે બીજા કોઈને જાણવાની અપેક્ષા હોય, તે બીજાને જાણ્યા વિના તે પદાર્થ જણાય નહિ. તેથી તે બીજાનું નિરૂપણ થયા પછી જ તે પદાર્થનું નિરૂપણ થઈ શકે. ‘આશ્રય’ જાણવા માટે તે પહેલાં જણાવેલી નવ લીલાઓ જાણવાની અપેક્ષા રહેતી હોવાથી, તે નવ લીલાઓના વર્ણન પહેલાં આશ્રયનું નિરૂપણ થઈ શકે નહિ.

૨. વળી આ દશમ સ્કન્ધમાં આશ્રયનું નિરૂપણ કર્યું છે એમ માનીએ તો આશ્રય પ્રાપ્ત થતાં, ફલ પ્રાપ્ત થઈ ગયું. ત્યાર પછી બીજી બે લીલાઓ (મુક્તિ અને નિરોધ) શું કામ વર્ણવવી પડે? ફલ પ્રાપ્ત થઈ ગયા પછી આ લીલાઓનું વર્ણન નકામું થઈ પડે.

૩. વળી આ સ્કન્ધમાં આશ્રયનું નિરૂપણ કર્યું છે એમ માનીએ તો એક બીજા નિયમનો પણ ભંગ થાય છે. પહેલાં પહેલાં નો સ્કન્ધ તેની પછીના સ્કન્ધનું કારણ છે, અને પછીનો સ્કન્ધ પોતાની પહેલાંના સ્કન્ધનું કાર્ય છે. એવી આ સ્કન્ધોની સંગતિ છે. મુક્તિ અને નિરોધ એ બે લીલાઓનું નિરૂપણ કર્યા વિના આશ્રયનું નિરૂપણ કરેલું હોય તો આ સંગતિના નિયમનો પણ ભંગ થાય.

૪. આ સ્કન્ધમાં શ્રીકૃષ્ણનું નિરૂપણ હોવીથી જ આ સ્કન્ધનો અર્થ આશ્રય છે એમ કહેવું પણ યોગ્ય નથી, કારણ કે શ્રીકૃષ્ણનું તો અગિયારમા સ્કન્ધમાં પણ નિરૂપણ કરેલું છે. જેમ ગીતામાં ભગવાને અર્જુનને ઉપદેશ કરેલો છે, તેમ અગીયારમા સ્કન્ધમાં ભગવાન શ્રીકૃષ્ણ પોતે જ ઉદ્ધવને ઉપદેશ કરે છે, પ્રભાસીય લીલા પણ ભગવાને આ અગીયારમા સ્કન્ધમાં કરી છે. તેથી જો દશમા સ્કન્ધમાં ભગવાનનું નિરૂપણ હોવાથી જ તે સ્કન્ધો અર્થ આશ્રય કહો તો અગીયારમા સ્કન્ધનો અર્થ પણ ‘આશ્રય’ જ કહેવો પડે.

૫.તેથી આ દશમા સ્કન્ધનો અર્થ 'આશ્રય' જ છે એમ માનવા કારણ નહિ હોવીથી, તેનો અર્થ નિરોધ છે એમ માનો તો ક્રમ(અનુક્રમ) પણ સચવાઈ રહેશે.
૬.'નિરોધ'નો અર્થ પ્રલય તમે કહો છો તેવો તેનો અહિં અર્થ નથી. આ ભગવાન શ્રીકૃષ્ણનું શયન એટલે હરિ શ્રીકૃષ્ણનું કલ્પના કરી ન શકાય તેવી શક્તિઓથી પ્રપંચમાં રમણ, એ નિરોધ છે. શ્રીમદ્‌ભાગવતમાં જ ૨।૧૦।૬ માં નિરોધની વ્યાખ્યા નીચે પ્રમાણે આપેલી છે : ''નિરોધો અસ્ય અનુશયનમ્ આત્મનઃ સહ શક્તિભિઃ''. આ(ભગવાન)નું શક્તિઓ પછી શયન તે નિરોધ. 'આ' શબ્દથી આત્મારૂપે પ્રકાશતા પોતાની સમીપ રહેલા ભગવાનને આંગળીથી દર્શાવે છે. ભગવાન 'આત્મનઃ' એટલે દેહની અને પોતાની શક્તિઓ સાથે પ્રપંચમાં ક્રીડા કરે તે નિરોધ. દેહની નાડીરૂપ ૭૨ શક્તિઓ છે અને ભગવાનની શ્રી વગેરે ૧૨ શક્તિઓ છે, અને જાગ્રત, સ્વપ્ન અને સુષુપ્તિ એવા ત્રણ પ્રકારનું શયન છે તેથી નિરોધના (૭૨+૧૨+૩) ૮૭ ભેદો થાય છે.
૭. દશમા સ્કન્ધમાં ભગવાનના ચરિત્રનું જ મુખ્યપણાથી વર્ણન કરેલું છે. ભગવાનનાં રૂપ પ્રાકટ્યનું તો તે પહેલાંના એટલે નવમા સ્કન્ધમાં પણ (૨૪ મા અધ્યાયમાં) નિરૂપણ કરેલું છે. એ પ્રમાણે નવમા, દશમા અને અગીઆરમા સ્કન્ધમાં ભગવાન શ્રીકૃષ્ણનું નિરૂપણ કરેલું છે, કારણ કે જીવોને ભક્તિ પ્રાપ્ત કરાવવા (નવમા સ્કન્ધનો અર્થ), તેઓનો નિરોધ કરવા (દશમા સ્કન્ધનો અર્થ), અને તેઓને મુક્તિ પ્રાપ્ત કરાવવા માટે ભગવાન થએલા, પરન્તુ આ સ્કન્ધમાં તમે જેવો આશ્રય હોવાનું કહો છો તેવા આશ્રય માટે ભગવાન પ્રકટ થયા ન હતા.
૮. શ્રીમદ્ભાગવતમાં જેવો આશ્રય કહેલો છે તેવો આશ્રય બારમા સ્કન્ધમાં સ્પષ્ટ દેખાય છે. આ આશ્રયની વ્યાખ્યા સ્કન્ધ ૨।૧૦।૭-૯ માં આપેલ છે. તેથી દશમા સ્કન્ધનો અર્થ આશ્રય નથી, પણ નિરોધ જ છે. (ભાગવતાર્થ નિબન્ધ ૧૦।૩-૧૧).

**બોપદેવ પ્રમાણે નિરોધનો અર્થ :**

દશમા સ્કન્ધનો અર્થ નિરોધ છે, પણ નિરોધ એટલે રોકવું-અટકાવવું તે. તેથી નિરોધનો અર્થ ભૂમિનો ભાર ઉતારવો તે; અથવા નિરોધનો અર્થ નાશ થાય છે, તેથી ભૂમિપર ભારરૂપ થએલ દુષ્ટ રાજાઓનો નાશ એ જ નિરોધ, એવો નિરોધનો અર્થ છે.

**બોપદેવના મતનું નિરાકરણ :** આ મત પણ યોગ્ય નથી, કારણ કે
૧.ભૂમિનો ભાર ઉતારવો, અથવા દુષ્ટ રાજાઓનો નાશ કરવો એ જ નિરોધ હોય તો આ સ્કન્ધના પહેલા પ્રકરણ(અ.૧-૪) તથા છેલ્લા પ્રકરણ(અ.૮૨-૮૭)માં તેવું કાંઈ નથી. તેથી એ પ્રકરણોમાં એવું કાંઈ નહિ હોવાથી, આખા સ્કન્ધનો અર્થ નિરોધ

થઈ શકે નહિ.

૨. વળી ૧૧મા સ્કન્ધમાં પણ ભૂમિનો ભાર હરવાનું કાર્ય(યાદવકુલનો ક્ષય) ભગવાને કરેલું છે, તેથી તે સ્કન્ધનો અર્થ પણ નિરોધ ગણાય.

૩. નિરોધનું લક્ષણ ૨ ।૧૦ ।૬ માં આપેલું છે, તમે તેનો અહિં જે અર્થ કરો છો તે એ લક્ષણથી વિરુદ્ધ છે. તેથી નિરોધનો તમે કહો છો તેવો(દુષ્ટ રાજાઓનો નાશ) અર્થ હોય તો ૨ ।૧૦ ।૬ માં જણાવ્યો તેવો નિરોધ અહિં થશે નહિં.

૪.વળી ભગવાનની દશ લીલાઓ કહેલી છે, તેથી અધિક આ ૧૧મી લીલા થઈ જશે.

૫.વળી ભગવાનનું પ્રાકટ્ય દુષ્ટ રાજાઓનો નાશ કરવા માટે થયું હતું એમ કહીએ, તો ૧ ।૮ ।૧૯ માં ભગવાનની સ્તુતિ કરતાં કુન્તી કહે છે કે ભગવાન પરમહંસો અને પવિત્ર અન્તઃકરણવાળા મુનિઓને ભક્તિ પ્રાપ્ત થાય તે માટે અવતરેલા છે, તે સ્તુતિથી આ અવતારનું પ્રયોજન વિરુદ્ધ થાય.

૬.'નિરોધ'નો અહિં વ્યુત્પત્તિ પ્રમાણે અર્થ થાય છે તે લેવો યોગ્ય છે. નિરોધનો અર્થ રૂઢિથી નાશ અથવા પ્રલય થાય છે તે અર્થ લેવો યોગ્ય નથી; કારણ કે નવમા સ્કન્ધમાં ભક્તોનું નિરૂપણ કર્યું, તેઓને મુક્તિ પ્રાપ્ત થાય તે માટે આ સ્કન્ધમાં ભગવાન તેઓનો નિરોધ કરે છે અને ૧૧મા સ્કન્ધમાં મુક્તિનું નિરૂપણ છે. ભક્તોની ભક્તિ શુદ્ધ થાય તે માટે આ દશમા સ્કન્ધમાં તેઓનો પ્રપંચ ભગવાન મટાડે છે અને તેઓની પોતામાં આસક્તિ કરે છે. એ પ્રમાણે 'નિરોધ'નો વ્યુત્પત્તિ પ્રમાણે અર્થ લેવાથી, સંગતિ બરાબર મળે છે તેથી એ જ અર્થ લેવો યોગ્ય છે. રૂઢ અર્થ 'પ્રલય' લેવો યોગ્ય નથી.(ભાગવતાર્થ નિબન્ધ ૧૦ ।૧૨-૧૭).

**દશમસ્કન્ધના વિભાગ :** આ સ્કન્ધના પાંચ વિભાગ અથવા પ્રકરણ છેઃ

૧.જન્મપ્રકરણ : અધ્યાય ૧-૪ આમ ચાર અધ્યાયોનું છે.

૨.તામસ પ્રકરણ : અધ્યાય ૫-૩૨ આમ ૨૮ અધ્યાયોનું છે.

૩.રાજસ પ્રકરણ : અધ્યાય ૩૩-૬૦ આમ ૨૮ અધ્યાયોનું છે. આ પ્રકરણ અડધું દશમસ્કન્ધના પૂર્વાર્ધમાં અને અડધું ઉત્તરાર્ધમાં છે.

૪.સાત્ત્વિક પ્રકરણઃ અધ્યાય ૬૧-૮૧ આમ ૨૧ અધ્યાયોનું છે.

૫. ગુણ (ભગવાનના છ ગુણો દર્શાવનારું) પ્રકરણ ૮૨-૮૭ આમ ૬ અધ્યાયોનું છે.

આ પ્રમાણે પાંચ પ્રકરણો છે. ''શ્રીકૃષ્ણ અન્તર્યામી હશે અથવા આધિદૈવિક હશે, અને તેથી ભગવાન કહેવાતા હશે, પરન્તુ તેમનું ભગવાન હોવાપણું સહજ નથી'' એવી શંકા થાય તો તે દૂર કરવા ગુણપ્રકરણ યોજાએલું છે. ઐશ્વર્ય, વીર્ય, યશ, શ્રી, જ્ઞાન અને વૈરાગ્ય એ છ ગુણો 'ભગ' કહેવાય છે. તે ભગ જેમને છે તે ભગવાન. શ્રીકૃષ્ણ અન્તર્યામી અથવા આધિદૈવિક હોવાથી જ આ ગુણો તેમનામાં હોય તેમ દેખાય છે એવું નથી, પરન્તુ આ ગુણો તેમનામાં સહજ છે અને તેથી શ્રીકૃષ્ણ

ભગવાન જ છે, એમ જણાવવા આ પાંચમું ગુણપ્રકરણ યોજાએલું છે.(ભાગવતાર્થ નિબન્ધ ૧૦।૨૧-૨૪).

**તામસ પ્રકરણઃ**

આ સ્કન્ધનું બીજું પ્રકરણ તામસ પ્રમાણ પ્રકરણ છે. તામસ ભક્તોનો ઉદ્ધાર ભગવાન આ પ્રકરણમાં કરે છે, તેથી આ તામસપ્રકરણ કહેવાય છે. આ પ્રકરણના ચાર પેટા વિભાગ છે. ૧.પ્રમાણ ૨.પ્રમેય ૩.સાધન અને ૪.ફલ. આદરેક સાત-સાત અધ્યાયના છે; એટલે આ પ્રકરણના કુલ ૨૮ (૫-૩૨ સુધીના) અધ્યાયો છે. ભગવાને પોતાના પુરુષોત્તમરૂપથી જે લીલા કરી છે તે જ લીલાનું અહિં નિરૂપણ કરેલું છે. નટની પેટે પ્રાકૃત રૂપ ધારણ કરી લીલા કરતાં ભગવાને તામસ ભક્તોનો ઉદ્ધાર કર્યો તે પુરુષોત્તમે પોતે સ્વરૂપથી જે લીલા કરી તે જ અહિં કહેલી છે. (ભાગવતાર્થ નિબન્ધ ૧૦।૪૦-૪૧).

આ પ્રકરણના ચાર પેટા વિભાગ છે, એમ ઉપર જણાવ્યું. તે દરેક પેટા વિભાગ સાત-સાત અધ્યાયના છે.

૧.તામસ પ્રમાણ પ્રકરણ : આ અધ્યાય ૫ થી ૧૧ સુધીના સાત અધ્યાયોનું છે. તેમાં પુરુષોની ભગવાનમાં નિષ્ઠા થાય છે.

૨.તામસ પ્રમેય પ્રકરણ : આ અધ્યાય ૧૨ થી ૧૮ સુધીના સાત અધ્યાયોનું છે. તેમાં સ્ત્રીઓની ભગવાનમાં આસક્તિ થાય છે.

૩.તામસ સાધન પ્રકરણ : આ અધ્યાય ૧૯ થી ૨૫ સુધીના સાત અધ્યાયોનું છે. તેમાં સર્વ ભક્તોનું (સર્વ ફલ પ્રાપ્ત કરવા માટે ભગવાન જ) સાધન થાય છે, એટલે ભગવાનમાં સર્વ તામસ ભક્તોનો વ્યસન સિદ્ધ થાય છે.

૪.તામસ પ્રમાણ પ્રકરણ : આ અધ્યાય ૨૬ થી ૩૨ સુધીના સાત અધ્યાયોનું છે. તેમાં ભક્તોને ઉત્તમ ફલની પ્રાપ્તિ થાય છે. આ ફલ મુખ્યત્વે સ્ત્રીઓને પ્રાપ્ત થાય છે.

(ભાગવતાર્થ નિબન્ધ ૧૦।૪૪ તથા ૫૯-૬૦).

**તામસ પ્રમાણ પ્રકરણ**

આ ચાર પેટા વિભાગ પૈકી પ્રથમ પેટા વિભાગ તામસ પ્રમાણ પ્રકરણ છે. આ વિભાગમાંથી ૫ થી ૧૧ સુધીના સાત અધ્યાયો છે. આ અધ્યાયોનું પ્રમાણભાવથી નિરૂપણ કરવામાં આવે છે, એટલે આ અધ્યાયોમાં જે ચરિત્રનું વર્ણન કરવામાં આવે છે તે ભગવાનનું ચરિત્ર છે એનું પ્રમાણ આ અધ્યાયોમાં તપાસવામાં આવે છે, તેથી આ વિભાગોને તામસપ્રમાણપ્રકરણ કહેવામાં આવે છે. (ભાગવતાર્થ નિબન્ધ ૧૦।૪૩). આ અધ્યાયો પૈકી કેટલાક અધ્યાયોમાં વર્ણવેલાં ચરિત્રો ભગવાનનાં જ ચરિત્રો છે, એવો નિર્ણય બીજા સ્કન્ધના નીચેના શ્લોકમાં પણ કરવામાં આવ્યો છેઃ

''તોકેન જીવહરણં યદુલૂકિકાયાસ્ત્રૈમાસિકસ્ય ચ પદા શકટોપવૃત્તઃ,
યદ્ રિઙ્ગતાન્તર્ગતેન દિવિસ્પૃશોર્વા ઉન્મૂલનં ત્વિતરથાર્જુનયોર્ન ભાવ્યમ્''

(૨।૭।૨૭)

આ શ્લોકમાં ચાર ચરિત્રો જણાવેલાં છે : ૧.પૂતનાના પ્રાણરૂપી ધાવણનું પાન કરી તેને મોક્ષ આપ્યો. ૨.ગાડાને ઊંધું ફેંકી દીધું. ૩.યમલાર્જુનની મધ્યમાં પ્રવેશ કર્યો. અને ૪.યમલાર્જુનને મૂળથી ઉખેડી નાખ્યાં. ચતુર્મૂર્તિવાળા ભગવાન વિના બીજા કોઈથી આ ચરિત્રો થઈ શકે નહિ, કારણ કે ૧.વાસુદેવ વિના બીજો કોઈ મોક્ષ આપવા સમર્થ નથી. ૨.સંકર્ષણ વિના બીજો કોઈ માત્ર સ્પર્શ કરીને નાશ કરવા સમર્થ નથી. ૩.યમલાર્જુનને નારદના શાપમાંથી મુક્ત કરવા વૃક્ષોની અંદર પ્રવેશ કરવા અનિરુદ્ધ વિના બીજો કોઈ સમર્થ નથી. ૪.શાપથી પ્રાપ્ત થયેલ જન્મનો મૂલથી ઉચ્છેદ કરી, પહેલાંના દેવતાનો દેહ પ્રાપ્ત કરાવવા પ્રદ્યુમ્ન વિના બીજો કોઈ સમર્થ નથી. આ ચાર કાર્યોથી એ કાર્ય કરનાર ભગવાન જ છે, એવો નિશ્ચય થાય છે; કારણ કે બાલકે જ ઘૂવડી પૂતનાનો જીવ હરી લોધો. જ્યાં કાર્ય થાય ત્યાં (તે કાર્ય કરનારું) સાધન અવશ્ય હોવું જોઈએ; પણ એ સાધન વિના જ કાર્ય કરે તે પરબ્રહ્મનું સ્વરૂપ છે એમ જ માનવું જોઈએ, કારણ કે પરબ્રહ્મમાં જ સર્વ થવાનું સામર્થ્ય છે. વળી ઉલૂકિકા(ઘુવડી) એટલે ઘૂવડની સ્ત્રી અથવા દીકરી અથવા માતા જ પૂતના હતી. તે દિવસે ભયવાળી હોય, સત્પુરુષોના માર્ગથી દૂર રહેનારી હોય અને તેઓનો વિરોધ કરનારી હોય. તેવીને પ્રમાણના બલથી કોઈ રીતે મુક્તિ થાય જ નહિં. તેના જીવને ભગવાને હરિ લીધો એટલે પોતાની અંદર સમાવી લીધો. આ જ તેનો મોક્ષ થયો. પ્રમાણબલથી તો તે તેને પ્રાપ્ત થાય જ નહીં, તેથી ભગવાને તેને પ્રમેયબલથી જ મોક્ષ આપ્યો એમ માનવું જોઈએ. શુદ્ધ પરબ્રહ્મ પ્રમેય છે. શુદ્ધ પરબ્રહ્મથી હર કોઈ અંશે જે ઉતરતું હોય તે (પરબ્રહ્મ ન હોવાથી) મુક્તિનું દાન પણ ન કરી શકે. શ્રીકૃષ્ણે પૂતના ઘૂવડી હોવાથી કાંઈ પણ સાધન વિનાની હોવા છતાં તેના કોઈ પ્રકારના સાધન વિના જ તેના જીવને પોતાની અંદર ખેંચી લીધો અને તેને મોક્ષ આપ્યો, તેથી શ્રીકૃષ્ણ સાક્ષાત્ પુરુષોત્તમ છે એમ સિદ્ધ થાય છે.

વળી જ્યારે શ્રીકૃષ્ણ માત્ર ત્રણ માસની વયના હતા ત્યારે તેમણે પોતાના ચરણારવિન્દથી ગાડાને ઊંધું ફેંકી દીધું હતું. તે સમયે ભગવાન ત્રણ માસના જ હતા એટલે કાલના (માસરૂપી) ત્રણ જ અવયવો થયા હતા. તે ત્રણ અવયવો પૈકી કોઈએ ગાડું ઊંધું ફેંક્યું ન હતું એમ જણાવવા, ભગવાને 'ચરણારવિન્દથી' તેને ફેંક્યું હતું એમ કહેલું છે. આથી ભગવાનનું બળ ઘણું છે અને તેમનામાં પૂર્ણ ક્રિયાશક્તિ છે એમ જણાવેલું છે. ૧૦।૭।૭ માં ''પ્રવાલથી કુમળા ચરણથી અથડાએલું' લખેલ છે, તેથી એમ સૂચવ્યું છે કે ગાડું ઊંધું ફેંકી દેવાનું સાધન તેમની પાસે ન હતું. તેથી પણ પૂતનાના પ્રસંગની પેઠે સાધન વિના કાર્ય કરવાથી શ્રીકૃષ્ણ પરબ્રહ્મ છે એમ સૂચવેલું છે. પૂતનાના

પ્રાણરૂપી ધાવણનું પાન કર્યું તે કાર્યથી ભગવાનમાં જ્ઞાનશક્તિ પૂર્ણ છે એમ જણાવેલું છે. અહિં તેમની ક્રિયાશક્તિ પૂર્ણ છે એમ જણાવ્યું અને ભક્તિમાર્ગનું સમર્થન કરવા ભગવાનમાં ચિંતવી પણ ન શકાય તેવું સામર્થ્ય છે એમ શ્લોકના ઉત્તરાર્ધથી જણાવે છે. ભાંખડીઆ ચાલતા ભગવાને યમલાર્જુનની અંદર પ્રવેશ કરી તેમને મૂળમાંથી ઉખેડી નાખ્યાં, તે પણ શ્રીકૃષ્ણ પરબ્રહ્મ છે એમ જણાવે છે. પૂતનાના ધાવણનું પાન કર્યું ત્યારે તેની સાથે ભગવાનના શ્રીમુખને પણ સંબંધ થયો હતો. ગાડાને ઊંધું ફેંકી દીધું ત્યારે તેની સાથે ભગવાનના ચરણારવિન્દના માત્ર આગલા ભાગનો સંબંધ થયો હતો, પરંતુ યમલાર્જુનને ભગવાને મૂલમાંથી ઉખાડી નાખ્યાં ત્યારે તેમની સાથે ભગવાનને એટલો પણ સંબંધ થયો ન હતો, માત્ર પરંપરાથી–દૂરથી સંબંધ થયો હતો; કારણ કે એ બે યમલાર્જુનને ખાંડણીયા સાથે સંબંધ થયો હતો, ખાંડણીઆને દોરડાં સાથે સંબંધ હતો, અને દોરડાને ભગવાન સાથે સંબંધ હતો(ભગવાનના ઉદરે બાંધેલ હોવાથી). જો ભગવાને બલ કરી યમલાર્જુનને ઉખેડ્યાં હોત તો પ્રથમ દોરડું તૂટી ગયું હોત, કારણ કે વૃક્ષો ખેંચી પાટે તેટલું બળ દોરડામાં ન જ હોય; અથવા દોરડું ન તૂટ્યું હોત તો પણ ખાંડણીઓ ભાંગી ગયો હોત; અથવા તે બંને તૂટી ગયાં હોત, છતાં યમલાર્જુન વૃક્ષો મૂળથી ઉખડી ન જાત; કારણ કે વૃક્ષોનાં મૂળ દૃઢ(નક્કર) ભૂમિમાં ગએલાં હોવાથી; તેને ખેંચવામાં આવે તો તે મધ્યમાંથી ભાંગે પણ મૂળમાંથી ઉખડે નહિ. તેથી આ પ્રસંગ ઉપરના પ્રસંગો પેઠે એમ સિદ્ધ કરે છે કે શ્રીકૃષ્ણ પરબ્રહ્મ છે, અને તેમની ઈચ્છાશક્તિ સર્વથી પ્રબલ છે.

તામસ પ્રમાણ પ્રકરણમાં વર્ણવેલ ચરિત્ર સંબંધી બીજા સ્કન્ધનો નીચેનો શ્લોક પણ આ જ કહે છેઃ

**ગૃહ્ણીત યદ્યદુપબન્ધમ્ અમુષ્ય માતા સુતસ્ય ન તુ તત્તદમુષ્ય માતિ ।**
**યદ્ જૃમ્ભતોઽસ્ય વદને ભુવનાનિ ગોપી સંવીક્ષ્ય શંકિતમનાઃ પ્રતિબોધિતાસીત્ ।।**
(૨।૭।૩૦)

ભગવાને યશોદાએ દામણાંથી બાંધવા માંડ્યા ત્યારે નવાં–નવાં દામણાં લઈ સાંધવા માંડ્યાં તો પણ ભગવાન બંધાયા નહિ. આ ચરિત પણ શ્રીકૃષ્ણ પરબ્રહ્મ છે એમ જણાવે છે. બીજાં ચરિતો કદાચ યોગથી અથવા મન્ત્રથી અથવા મણિથી થઈ શકે તેથી તેનાથી શ્રીકૃષ્ણ ભગવાન જ છે એવી દૃઢ પ્રતીતિ કદાચ ન થાય, પરન્તુ આ શ્લોકમાં કહેલાં બંને ચરિત્રો યોગ મન્ત્ર અથવા મણિથી થઈ શકે તેવાં નથી. જે સર્વરૂપ ન હોય તેનું બંધન જે કાંઈ પોતાનું રૂપ નથી તેવા પદાર્થથી થવું જ જોઈએ, પરન્તુ શ્રીકૃષ્ણને બાંધવા યશોદાએ જે–જે દામણાં લીધાં તે કોઈ તામણાંથી અને તે બધાં દામણાં સાંધવા છતાં શ્રીકૃષ્ણ બંધાયા નથી, કારણ કે તે–તે દામણાના પહેલા છેડે તેમજ બીજા છેડે પણ શ્રીકૃષ્ણ(સર્વરૂપ હોવાથી દામણાંરૂપ પણ હોવાથી) હતા જ. ઘણાં દામણાં સાંધવામાં આવે તો પણ સંધાએલું દામણું તો એક જ થાય, અને તેના

પહેલા છેડે તેમજ બીજા છેડે પણ શ્રીકૃષ્ણ તો હતા જ. શ્રીકૃષ્ણનું જે ઉદર દેખાતું હતું તે હરકોઈ પદાર્થ લેવામાં આવે તેનું સ્વરૂપ જ હતું અને તેના આરંભના છેડે અને અંતના છેડે પણ હતું, કારણ કે શ્રીકૃષ્ણ સર્વરૂપ છે. તેથી તેમને બાંધવામાં ઘણાં દામણાં સંધાઈને થએલ દામણું ટુંકું પડે એ યોગ્ય જ છે.

વળી શ્રીકૃષ્ણે બગાસું ખાધું ત્યારે તેમના મુખમાં સર્વ ભુવનો જોઈ યશોદા મુંઝવણમાં પડ્યાં અને શ્રીકૃષ્ણે તેમને જ્ઞાન કરાવ્યું છતાં તે તેમને પાછાં પોતાના પુત્ર માનવા લાગ્યાં. એ પ્રમાણે શ્રીકૃષ્ણે યશોદાને પોતે આખા વિશ્વના આધાર છે એમ દર્શાવ્યું અને યશોદાને થયેલા તે અનુભવનો તેમને મોહ ઉત્પન્ન કરી નાશ કર્યો. ''જે સર્વ પદાર્થોમાં રહી સર્વ પદાર્થોને પોતાની અંદર રાખે છે'' શ્રુતિ કહે છે તે પ્રમાણે ગોકુલમાં રહેલા શ્રીકૃષ્ણ ગોકુલને પોતાની અંદર પણ રાખે છે. શ્રીકૃષ્ણે પોતાના મુખમાં ગોકુલ અને આખું વિશ્વ દેખાડ્યું તે માયિક ન હતું, કારણ કે ઉપર જણાવેલ શ્રુતિ કહે છે તેમજ તેમણે દર્શાવ્યું છે, અને વળી યશોદાએ પોતે પોતાને પણ ભગવાનના મુખારવિંદમાં જોયાં હતાં; અને ૧૦।૮।૪૦ ના ઉત્તરાર્ધમાં જણાવેલ વિચાર પ્રમાણે પણ આ (સર્વની અંદર રહી, સર્વને પોતાની અંદર રાખવા એ) બ્રહ્મનો ધર્મ જ છે. વળી શ્રીકૃષ્ણે યશોદાને જે સમયે આવો અનુભવ કરાવ્યો તે જ સમયે તેમને માટે મોહ પણ થયો, અને આ શ્રીકૃષ્ણ તો મારા પુત્ર જ છે એમ તેમણે માન્યું. પદાર્થનો અનુભવ થાય ત્યારે તેની સ્મૃતિ અને સંસ્કાર ઉત્પન્ન થાય જ. અનુભવ થવા છતાં સ્મૃતિ અથવા સંસ્કાર ઉત્પન્ન ન થાય એવું ભગવાનની માયા વિના સંભવતું જ નથી, તેથી શ્રીકૃષ્ણ પરબ્રહમ જ છે એમ આ પ્રસંગોથી પણ સિદ્ધ થાય છે. આ પ્રકરણના ૬ થી ૧૦ અધ્યાયોમાં વર્ણવેલ શ્રીકૃષ્ણનાં ચરિત્ર ભગવાનનાં જ ચરિત્ર છે, એ આ બે શ્લોકોથી પણ સિદ્ધ થાય છે.

જેનું જ્ઞાન થઈ શકે તેમ નથી તેવા ભગવાન શ્રીકૃષ્ણ જાણી શકાય તેવા છે એવી બુદ્ધિ એ **પ્રમાણ,** એમ કેટલાક માને છે(ભાગવતાર્થ નિબન્ધ ૧૦।૪૯). આ પેટાપ્રકરણમાં ભગવાન શ્રીકૃષ્ણને અમે જાણીએ છીએ એવી બુદ્ધિ ભક્તોની થવાથી આ પ્રકરણમાં ભગવાન વિષેનું અજ્ઞાન અથવા અન્યથાજ્ઞાન (આ ભગવાન નહિ પણ બીજું કોઈ બાલક છે એવું જ્ઞાન) પણ જોવામાં આવે છે; પરંતુ અજ્ઞાન તથા અન્યથાજ્ઞાન ભગવાનમાં ભક્તિ ઉત્પન્ન થાય તે માટે ભગવાને કરેલ હોવાથી તે પણ પ્રમાણ છે.(ભાગવતાર્થ નિબન્ધ ૧૦।૪૩).

**અધ્યાયસંખ્યાનું તાત્પર્ય:**

આ પ્રકરણમાં સાત અધ્યાયો છે. પહેલા (આરંભથી પાંચમા) અધ્યાયમાં ભગવાનના **ઐશ્વર્યનું** નિરૂપણ કરવામાં આવ્યું છે. શ્રીકૃષ્ણ મથુરાથી બીજે સ્થળે ગોકુલ પધાર્યા તો ત્યાં પણ મોટો ઉત્સવ થયો એ તેમનું ઐશ્વર્ય દર્શાવે છે. વળી આ

અધ્યાય કેમ ઐશ્વર્ય જણાવે છે તેની વિશેષ વિગત શ્રીસુબોધિનીજીમાં આ અધ્યાયના ૧૯મા શ્લોકના આભાસમાં પણ જણાવેલી છે.

આ પ્રકરણના બીજા અધ્યાયમાં ભગવાને પૂતનાનો વધ કર્યો તેથી ભગવાન નું **વીર્ય** જણાય છે. તેથી એ વીર્યાધ્યય છે. ભગવાનનું વીર્ય આ પ્રસંગથી કેવી રીતે જણાવેલું છે તે આ અધ્યયના શ્લો.૧૧ તથા ૧૨ નાં શ્રીસુબોધિનીમાં જણાવેલ છે.

આ પ્રકરણના ત્રીજા અધ્યાયમાં ભગવાને શકટાસુર તથા તૃણાવર્ત નો નાશ કર્યો તથા યશોદાએ તેમને લાડ લડાવતાં પોતાના મુખારવિન્દમાં આખું વિશ્વ દેખાડ્યું અને વળી યશોદાને મોહ ઉત્પન્ન કર્યો. એ પ્રસંગો ભગવાનનો **યશ** દર્શાવે છે. આ પ્રસંગોથી ભગવાનનો યશ કેવી રીતે થાય છે તે શ્રીસુબોધિનીજીમાં આ અધ્યાયના આરંભની પાંચમી કારિકાના પૂર્વાર્ધમાં જણાવેલું છે. આ અધ્યાયમાં શકટાસુરનો ભગવાને વધ કર્યો તે તામસ હતો, તૃણાવર્ત રાજસ હતો અને ભગવાનને પુત્ર તરીકે લાડ લડાવ્યાં તે કાર્ય અને ભગવાને યશોદાને મોહ કર્યો (પોતાના મુખારવિંદમાં જગત્ દેખાડી વિસ્ક્મય ઉત્પન્ન કર્યો) તે કાર્ય સાત્ત્વિક હતાં. શકટ(ગાડું) ઘણું વજનદાર હોવાથી તામસ હતું. તૃણાવર્ત ચલ(ચપળતાથી જ્યાં-ત્યાં ફરનાર) હોવાથી રાજસ હતો. લાડ લડાવવામાં અને વિસ્મય થવો, એથી યશોદાને જ્ઞાન થએલ હોવાથી એ સાત્ત્વિક હતાં. આ ચારે લીલા ભગવાનનો યશ કરાવે છે. બધા માણસોને આનન્દ ઉત્પન્ન કરે અને પોતે જેમાં હોય તેની ઉત્તમતા જણાવે એવો ગુણ યશ છે; અથવા સારાં રૂપથી વર્ણન કરવા યોગ્ય ગુણો અને ક્રિયાનું પુષ્કળપણું(અગાધતા) એ યશ છે. આ ચારે પ્રસંગો એવો ભગવાનનો યશ જણાવનારા હોવાથી આ અધ્યાય યશ જણાવનાર છે.

આ પ્રકરણના ચોથા અધ્યાયમાં ભગવાનની **શ્રી** નું નિરૂપણ કરેલું છે. ગર્ગાચાર્યે ભગવાનનો નામકરણ સંસ્કાર કર્યો તે, અને ભગવાન ભાંખડીઆ ચાલવા લાગ્યા તે લીલાઓ ભગવાનની શ્રીનું નિરૂપણ કરે છે. સર્વ પુરુષોનાં સર્વ દુઃખ આ લીલાઓથી મટી જાય છે, તેથી આ લીલાઓથી ભગવાનની શ્રીનું નિરૂપણ થાય છે. નામકરણ લીલાથી સર્વ પુરુષોનાં સર્વ દુઃખ મટે છે, એ ગર્ગાચાર્ય આ પ્રસંગમાં કહે છે. ભગવાનનાં નામથી સર્વના સર્વ પુરુષાર્થ કેવી રીતે ફળે છે એ આ અધ્યાયના ૧૬મા શ્લોકનાં શ્રીસુબોધિનીજીમાં જણવેલું છે.

આ પ્રકરણના પાંચમા અધ્યાયમાં **જ્ઞાન** નું નિરૂપણ છે. યશોદા શ્રીકૃષ્ણને દામણાંથી બાંધવા માટે છે અને તે નહિ બંધાતાં ઘરનાં બધાં દામણાં લઈ એક-બીજા સાથે સાંધે છે. છતાં શ્રીકૃષ્ણ દામણાંથી બંધાતા નથી. પરન્તુ પછી માતા ઉપર કૃપા કરી પોતાની મેળે બંધાય છે. આ અધ્યાયમાં ભગવાનના સ્વરૂપના તથા દયાળુપણાના જ્ઞાનનું નિરૂપણ કરેલું છે. જ્ઞાનનું નિરૂપણ કેવી રીતે કરેલ છે તે આ અધ્યાયનાં

શ્રીસુબોધિનીજીની આરંભની બીજી કારિકામાં જણવેલું છે.

આ પ્રકરણના છઠ્ઠા અધ્યાયમાં યમલાર્જુન વૃક્ષોની મુક્તિ કહી ભગવાનના ગુણ **વૈરાગ્યનું** નિરૂપણ કરેલું છે. આ અધ્યાયમાં વૈરાગ્યનું નિરૂપણ કેવી રીતે થાય છે તે આ અધ્યાયનાં શ્રીસુબોધિનીજીના આરંભની કારિકામાં જણવેલું છે.

આ પ્રકરણના સાતમા અધ્યાયમાં ધર્મી ભગવાનનું નિરૂપણ કરેલું છે. છ ગુણવાળા હરિનું નિરૂપણ આ અધ્યાયમાં જણાવેલ સાત અર્થોથી કેવી રીતે થાય છે તે આ અધ્યાય પરનાં શ્રીસુબોધિનીજીની આરંભની ૩-૪ કારિકાઓમાં જણાવેલું છે.

જે-જે પ્રકરણમાં સાત અધ્યાયો છે તે બધામાં આવો જ ક્રમ છે, એટલે પહેલા છ અધ્યાયોમાં ભગવાનના છ ધર્મોનું અનુક્રમે નિરૂપણ કરેલું છે અને સાતમા અધ્યાયમાં ધર્મી ભગવાનનું નિરૂપણ કરેલું છે એમ જાણવું.

**અધ્યાયોનું તાત્પર્ય :**

ભગવાને સાત પ્રકારે લીલા કરી તે સાત અધ્યાયોમાં વર્ણવી. સાત પ્રકારે લીલા કરવાનું પ્રયોજન હવે જણાવવામાં આવે છે.

૧.શ્રીકૃષ્ણને વસુદેવે નંદજીના ગોકુલમાં નંદજીને ઘેર પધરાવ્યા. નેસડામાં વસનાર અજ્ઞાની અને આચાર-વિચાર વિનાના હોય છે, છતાં શ્રીકૃષ્ણ ત્યાં પધારતાં તેઓએ મોટો ઉત્સવ કર્યો. એ ઉત્સવનું આ પ્રકરણના પહેલા અધ્યાયમાં નિરૂપણ કરેલું છે, તેથી નેસડામાં દેશના દોષો હશે એવો ભ્રમ થાય તેનું આ ઉત્સવના વર્ણનથી નિવારણ થાય છે. શ્રીકૃષ્ણે પોતાના પ્રાકટ્યનો નેસડામાં વસતા ગોપો પાસે ઉત્સવ કરાવી એમ જણાવ્યું કે ત્યાં વસતા લોકોમાં પોતાના ત્યાં પધારવાથી દેશના દોષો રહ્યા ન હતા.

૨.બીજા અધ્યાયમાં સર્વ બાલકોનો ઘાત કરનારી પૂતનાનો વધ ભગવાને કર્યો. તેથી સમજાય છે કે ભગવન્માર્ગમાં ઘણાં વિઘ્નો આવી પડે છે, અને તે બધાંનો નાશ શ્રીકૃષ્ણથી જ થાય છે.

૩.ત્રીજા અધ્યાયમાં શ્રીકૃષ્ણે શકટાસુર અને તૃણાવર્ત નો નાશ ક્ર્યો અને યશોદાને પોતાના મુખકમલમાં આખું જગત્ દેખાડ્યું. તેથી ભગવાન શ્રીકૃષ્ણ જ સર્વ અર્થો પ્રાપ્ત કરાવનારા છે, એમ એ અધ્યાયથી સમજાય છે.

૪.ચોથા અધ્યાયમાં ભગવાનના નામનું માહાત્મ્ય જણાવેલું છે તથા ભગવાનના બાલરૂપની લીલાઓ વર્ણવેલી છે. આ લીલા ભગવાનમાં ભક્તિ ઉત્પન્ન કરનારી છે. તેથી ભગવાન શ્રીકૃષ્ણ ભક્તિનું દાન કરનારા છે, એવું આ અધ્યાયનું તાત્પર્ય છે.

૫.પાંચમા અધ્યાયમાં યશોદા ભગવાનને દામણાંથી બાંધવા માંડે છે, છતાં તે બંધાતા નથી, પરન્તુ કૃપા કરી પોતાની મેળે બંધાય છે. તેથી ભગવાન ભક્તિથી વશ થાય છે(૧૦|૯|૧૯) એવું આ અધ્યાયનું તાત્પર્ય છે.

૬.છઠ્ઠા અધ્યાયમાં ધનના મદથી અંધ થયેલ કુબેરના પુત્રો નલકૂબર અને મણિગ્રીવ ને નારદ પાસે શાપ અપાવી ભગવાન તેમનો ઉદ્ધાર કરે છે; તેથી શ્રીકૃષ્ણ સર્વનો ઉદ્ધાર કરનારા છે અને સર્વના બધા દોષોને કાઢી નાખનારા છે, એવું આ અધ્યાયનું તાત્પર્ય જણાય છે.

૭.સાતમા અધ્યાયમાં ભગવાન શ્રીકૃષ્ણ સર્વને પરમાનન્દનું દાન કરે છે એમ દર્શાવેલ છે. (જુઓ ૧૦।૧૧।૭-૯; ૨૬, ૪૮). તેથી તે પરમાનન્દનું દાન કરનારા છે એવું આ અધ્યાયનું તાત્પર્ય છે.

આ ભગવાનની લીલાઓથી સર્વ ભક્તોને પ્રપંચનું સર્વ રીતે વિસ્મરણ થયું અને તેઓની આસક્તિ શ્રીકૃષ્ણમાં થઈ એ સ્પષ્ટ જ છે.(ભાગવતાર્થ નિબન્ધ ૧૦।૫૨-૫૫).

**પ્રમાતાના વિચારથી પ્રમાણપ્રકરણ**

આ પ્રકરણમાં ભક્તોનાં ભગવાન સંબંધી અજ્ઞાન અને અન્યથાજ્ઞાન પણ જોવામાં આવે છે, છતાં આ અજ્ઞાન અને અન્યથાજ્ઞાન તેઓની ભગવાનમાં ભક્તિ ઉત્પન્ન થાય તે માટે ભગવાને કરેલાં હોવાથી તે પણ પ્રમાણ છે. આ પ્રકરણમાં અમુક ભક્તો બીજા ભક્તોનાં ભગવાન સંબંધી અજ્ઞાન અને અન્યથાજ્ઞાન જુએ પરંતુ તે અજ્ઞાન તથા અન્યથાજ્ઞાન ઉપર જણાવ્યું તેમ પ્રમાણ હોવાથી, આ તામસપ્રમાણપ્રકરણ કહેવાય છે તે યોગ્ય જ છે. પ્રમાતા(જેને જ્ઞાન થાય છે તે)નો વિચાર કરવાથી ઉપર જણાવ્યા પ્રમાણે આ પ્રમાણ પ્રકરણ છે એવો નિશ્ચય થાય છે.

આ પ્રકરણના સાત અધ્યાયો છે, તે પૈકી એક ત્રીજા(સ્કન્ધના આરંભથી સાતમા) અધ્યાયમાં બે પ્રમાતા છે, બીજા બધા અધ્યાયોમાં એક-એક પ્રમાતા છે. તેથી બધા મળી આઠ પ્રમાતા થાય છે.

શ્રીમદ્ભાગવત ૨।૮।૨૫ નાં શ્રીસુબોધિનીજીમાં કહેલું છે કે જે જ્ઞાન ખોટું ઠરેલું ન હોય, અથવા જે જ્ઞાન ખોટું થવાયોગ્ય હોય તેનાથી જુદા પ્રકારનું એટલે ખોટું ઠરી શકે નહિ તેવું હોય, તે **પ્રમાણ** કહેવાય છે. એવું જ્ઞાન જેને થાય તે તેનો **પ્રમાતા** કહેવય છે. ઈન્દ્રિયો વિગેરે જે એવું જ્ઞાન કરાવવાનાં સાધન હોય તે **પ્રમાકરણ** કહેવાય છે અને જે વિષય(પદાર્થ)નું જ્ઞાન થતું હોય તે **પ્રમાવિષય** કહેવાય છે. આ શ્લોકમાં 'પ્રમાણ' શબ્દ યોજેલો છે, તેથી આ (પ્રમાણ, પ્રમાતા, પ્રમાકરણ અને પ્રમાવિષય) સર્વ કહેલાં છે. તેથી અહિં (તત્ત્વાર્થદીપનિબન્ધ ભાગવતાર્થ ૧૦।૪૯ ના ઉત્તરાર્ધમાં) 'પ્રમાણ' શબ્દ છે તે 'જ્ઞાન'ના અર્થમાં યોજાએલો છે. આ (તામસ પ્રમાણ) પકરણમાં ઉપર જણાવ્યું તેમ આઠ પ્રમાતાને જ્ઞાન થાય છે.

૧.પહેલા અધ્યાયમાં વસુદેવને જ્ઞાન થાય છે. નંદજીનું ભગવાન સંબંધી અજ્ઞાન તથા અન્યથાજ્ઞાન તે નંદજીનાં વાક્યો(૧૦।૫।૨૯-૩૦) થી જણાય છે. 'વસુદેવ રાત્રે

નંદજીને ત્યાં જઈ ભગવાનને પધરાવી આવ્યા હતા તે નંદજી જાણતા નથી' તેમજ 'ભગવાન વસુદેવના પુત્ર હોવા છતાં તેમને પોતાના પુત્ર માને છે' એમ તેમનાં આ વાક્યોથી વસુદેવ ભગવાન સંબંધી તેમનું અજ્ઞાન તથા અન્યથાજ્ઞાન જાણે છે.

૨.બીજા અધ્યાયમાં નંદજીને એવું અજ્ઞાન તથા અન્યથાજ્ઞાન થાય છે. નંદજી શ્રીકૃષ્ણને ભગવાન ન જાણતાં પોતાના પુત્ર જ માને છે. (૧૦।૬।૪૩)

૩.ત્રીજા અધ્યાયમાં ગાડાને શ્રીકૃષ્ણ ઊંધું નાખી ભાંગી નાખે છે તે જ્ઞાન બાલકોને થાય છે.

૪.તૃણાવર્તને ભગવાન મારે છે, એ જ્ઞાન સ્ત્રીઓને થાય છે. ગાડું ઊંધું પડી ભાંગી જવાનું કારણ બીજાઓ જાણતા નહિ હોવાથી, તેઓ તે બાબતનું પ્રમાણ શોધે છે(૧૦।૭।૧૦); અને તૃણાવર્તનો નાશ થયાનું કારણ જાણતા નહિ હોવાથી, તેનું પ્રમાણ પણ વિચારે છે(૧૦।૭।૩૩).

૫.ચોથા અધ્યાયમાં ગર્ગ પ્રમાતા છે, અને નંદજી 'શ્રીકૃષ્ણ ભગવાન છે' એમ જાણતા નથી, પરંતુ તેમને પોતાના પુત્ર જ માને છે એમ તે જાણે છે.

૬.પાંચમા અધ્યાયમાં યશોદા પ્રમાતા છે. તે પણ શ્રીકૃષ્ણને ભગવાન જાણતાં નથી, પરન્તુ પોતાના પુત્ર જ માને છે.

૭.છઠ્ઠા અધ્યાયમાં યમલાર્જુનો નલકૂબર અને મણીગ્રીવ થયા પછી પણ શ્રીકૃષ્ણને ભગવાન ન જાણતાં, ખાંડણીએ બાંધેલા ભગવાન શ્રીકૃષ્ણની રજા લઈ જાય છે અને તેમને નંદના પુત્ર જ માને છે.

૮.સાતમા અધ્યાયમાં ઉપનંદ પ્રમાતા છે. તે પણ શ્રીકૃષ્ણને ભગવાન નહિ જાણતાં લૌકિક બાલક જાણે છે.(૧૦।૧૧।૧૫)

એ રીતે આઠ પ્રમાતા છે. તેઓનો વિચાર કરતાં પણ આ તામસ પ્રમાણ પ્રકરણ છે.(ભાગવતાર્થ નિબન્ધ ૧૦।૪૩ તથા ૪૯-૫૧ યોજના સહિત)

ઉપર તત્ત્વદીપનિબન્ધ ૧૦।૪૩ તથા ૪૯-૫૧ નો અર્થ યોજનામાં જણાવ્યો તે પ્રમાણે આપ્યો છે. આ અર્થ પ્રમાણે પ્રમાણની જે વ્યાખ્યા થઈ તે આ પ્રકરણના પહેલા અધ્યાયમાં ઉપર બરાબર ઘટાવી છે, પરંતુ ત્યાર પછીના અધ્યાયોમાં અમુક ભક્ત બીજા ભક્તોનાં ભગવાન સંબંધી અજ્ઞાન તથા અન્યથાજ્ઞાન જુએ છે એમ ઘટાવેલ નથી; તેમજ એ ઘટતું પણ નથી. તેથી ઉપર જણાવેલ અર્થ શ્રીમદાચાર્યચરણે વિચરેલ હોય તેમ જણાતું નથી. આ શ્લોકોનો બીજી રીતે નીચે પ્રમાણે પણ અર્થ થાય છે.

આ પ્રકરણમાં વર્ણવેલાં ચરિત્ર ભગવાનનાં જ ચરિત્ર છે એનું પ્રમાણ(એમ માનવાનું કારણ) આ પ્રકરણમાં તપાસવામાં આવે છે, તેથી આ પ્રકરણ પ્રમાણ પ્રકરણ કહેવાય છે.

ત્યારે આ પ્રકરણમાં વર્ણવેલ શ્રીકૃષ્ણનાં ચરિત્ર ભગવાનનાં ચરિત્ર છે એમ જેના જાણવામાં આવે, તે ત્યાર પછી શ્રીકૃષ્ણ ભગવાન જ છે એમ જાણે જ; છતાં

પણ એ પ્રમાણે જેને જ્ઞાન થએલ તેનામાં ત્યાર પછી પણ ભગવાન સંબંધી અજ્ઞાન અને અન્યથાજ્ઞાન(આ શ્રીકૃષ્ણ ભગવાન નહિ પણ લૌકિક બાલક જ છે એવું જ્ઞાન) જોવામાં આવે છે. ત્યારે આ તેઓમાં જાવામાં આવતાં અજ્ઞાન અને અન્યથાજ્ઞાન ખોટાં(દંભથી દર્શાવવામાં આવતા) હશે એવી શંકા ન કરવી, કારણ કે એવું જ્ઞાન તેમને થયા પછી પણ, ભગવાન તેઓની પોતામાં ભક્તિ થાય તે માટે તેઓને પોતાના(ભગવાનના) સંબંધી અજ્ઞાન અને અન્યથાજ્ઞાન કરાવે છે. તેથી તેઓને ભગવાન સંબંધી જે અજ્ઞાન અને અન્યથાજ્ઞાન થાય છે તે પણ પ્રમાણ(સત્ય)જ છે. (ભાગવતાર્થ નિબન્ધ ૧૦।૪૩)

આ પ્રકરણમાં વર્ણવેલાં ચરિત્ર ભગવાનનાં જ ચરિત્ર છે, એવું આ પ્રકરણમાં જોવામાં આવે છે, તેથી આ પ્રમાણપ્રકરણ કહેવાય છે. ત્યારે આ પ્રકરણમાં એવું કોણ જુએ છે? કોના જાણવામાં આવે છે? કયે સ્થળે એવું જોવામાં આવે છે? એ જાણવાની ઈચ્છા થાય, તેથી એવું જોનાર અથવા જાણનાર(પ્રમાતા) આઠ છે એમ કહેલ છે. દરેક અધ્યાયમાં એક પ્રમાતા હોય તો સાત પ્રમાતા થાય, પરંતુ આ પ્રકરણના ત્રીજા અધ્યાયમાં બે પ્રમાતા છે, તેથી બધા મળી આઠ પ્રમાતા થાય છે.

૧.પહેલા અધ્યાયમાં વસુદેવ પ્રમાતા છે. નંદજી સાથેના તેમના સંવાદમાં તે જાણીલે છે કે તે શ્રીકૃષ્ણને ગોકુલ (જુઓ શ્લોક ૧૯નો આભાસ) પધરાવી કન્યાને ત્યાંથી લઈ ગયા એ નંદજી જાણતા નથી, તેમજ શ્રીકૃષ્ણ વસુદેવજીના પુત્ર છે અને નંદજીના પુત્ર નથી, એમ પણ તે જાણતા નથી. આ પ્રમાણે નંદજીનું અજ્ઞાન છે તે ભગવાનનું જ ચરિત્ર છે. વસુદેવ શ્લોક ૨૩ માં ગર્ભિત રીતે ભગવાનનું સ્વરૂપ નંદજીને પણ જણાવે છે, છતાં નંદજી તે જાણતા નથી. સંવાદના અંતે વસુદેવ નંદજીને તરત જ ભગવાનનું રક્ષણ કરવા શ્રીગોકુલ મોકલી દે છે. વસુદેવ નંદજીને માયાએ કરેલ વૃત્તાંત જણાવે છે, એ પણ ભગવાનનું ચરિત્ર છે.

૨.બીજા અધ્યાયમાં નંદજી પ્રમાતા છે. પૂતનાના દેહનો દાહ કરવામાં આવ્યો ત્યારે તેની સુગંધથી સર્વ વ્રજવાસીઓને પ્રપંચનું વિસ્મર થયું ત્યાર પછી નંદજીએ ભગવાનનું માથું સૂઘ્યું. એ સમયે નંદજીને પરમાનન્દ પ્રાપ્ત થયો. પૂતનાના દેહની ગંધથી તેમને પ્રપંચનું વિસ્મરણ થયું હતું. એને ભગવાનનું માથું સૂંઘવાથી તેમને પરમાનન્દની પ્રાપ્તિ થઈ. લૌકિક બાલકનું માથું સૂંઘવાથી લૌકિક લાભ જ પ્રાપ્ત થાય. પરન્તુ પરમાનન્દ પ્રાપ્ત ન થાય. તેથી આ લૌકિક બાલકનું ચરિત્ર નથી, પરન્તુ ભગવાનનું ચરિત્ર છે એમ નન્દજીના જાણવામાં આવ્યું.

૩.ત્રીજા આધ્યાયમાં ભગવાને ગાડાંને પોતાના ચરણારવિન્દથી ઊંધું ફેંકી દઈ તોડી નાખ્યું તે બાળકોએ જાતે જોયું (૧૦।૭।૯). આ ચરિત્ર ભગવાનનું જ ચરિત્ર છે. એ ઉપર શ્રીમદ્‌ભાગવત ૨।૭।૨૭ થી જણાવેલું છે. આ અધ્યાયમાં બીજા પ્રમાતા સ્ત્રીઓ છે. ભગવાને તૃણાવર્તનો નાશ કર્યો. તે સમયે સ્ત્રીઓ(ગોપીઓ) એ આ

ભગવાનનું ચરિત્ર છે એમ જાણ્યું. આ અધ્યાયના ૨૯ તથા ૩૦ મા શ્લોકના સુબોધિનીજી ઉપરથી સ્પષ્ટ સમજાય છે કે આ પણ ભગવાનનું જ ચરિત્ર છે.

૪.ચોથા અધ્યાયમાં શ્રીકૃષ્ણનું ચરિત્ર ભગવાનનું જ ચરિત્ર છે અથવા શ્રીકૃષ્ણ ભગવાન જ છે એમ ગર્ગાચાર્ય જાણે છે. ગર્ગાચાર્ય આ અધ્યાયમાં પ્રમાતા છે. ગર્ગાચાર્ય આ જાણે છે, એમ શ્રીમદ્ભાગવત ૧૦।૮।૧૩ થી ૨૦ સુધીના શ્લોકોથી સ્પષ્ટ થાય છે.

૫.પાંચમા અધ્યાયમાં યશોદા પ્રમાતા છે. તે ભગવાનને ખાંડણીઆ સાથે બાંધવા દામાણાં ઘણાં સંધે છે, છતાં ભગવાન બંધાતા નથી. તેથી આ ભગવાનનું જ ચરિત્ર છે(જુઓ શ્લો.૧૭-૧૮) એમ તે સ્પષ્ટ જાણે છે. આ ભગવાનનું જ ચરિત્ર હોઈ શકે એ ઉપર શ્રીમદ્ભાગવત ૨।૭।૨૯ માં જણાવ્યું છે. ચોથા અધ્યાયમાં પણ શ્રીકૃષ્ણનું ચરિત્ર ભગવાનનું જ ચરિત્ર છે એમ યશોદાએ ૧૦।૮।૪૦ માં જાણેલ હતું.

૬.છઠ્ઠા અધ્યાયમાં યમલાર્જુન પ્રમાતા છે. તેમની અંદર પ્રવેશ કરી શ્રીકૃષ્ણે તેમને જડ-મૂળથી ઉખેડક્ષ નાખ્યાં એ ભગવાનનું જ ચરિત્ર છે, એ તે જાણે છે અને તેથી પોતાનો અસલ રૂપ પ્રાપ્ત કરી ભગવાન શ્રીકૃષ્ણની ૧૯-૩૮ સુધીના શ્લોકોથી સ્તુતિ કરે છે.

૭.સાતમા અધ્યાયમાં ઉપનંદ પ્રમાતા છે. આ અધ્યાયના ૧૧ થી ૧૬ સુધીના શ્લોકોથી તે મન્ત્રણામાં જણાવે છે કે શ્રીકૃષ્ણને અનિષ્ટ કરવા ઘણા રાક્ષસો આવ્યા, પરન્તુ તેમનું કંઈ પણ અનિષ્ટ ન થયું, પરન્તુ તે રાક્ષસોનો જ નાશ થયો. તેથી જ્ઞાન અને વય માં અધિક આ ગોપ પણ આ સર્વ ભગવાનનાં જ ચરિત્ર છે એમ જાણે છે. યમલાર્જુન ભંગ પ્રસંગે કોઈ બાલકનું કાંઈ અહિત ન થયું તેનું કારણ એ ભગવાને જ રક્ષણ કરેલું (૧૦।૧૧।૧૫) એમ તે કહે છે.

આ પ્રકરણમાં શ્રીકૃષ્ણના જે ચરિત્રો વર્ણવેલા છે તે ગભવાનના જ ચરિત્રો છે, એવાં પ્રમાણો(એમ સિદ્ધ કરનારા પ્રસંગો) આ પ્રકરણમાં હોવાથી આ પ્રકરણ પ્રમાણ પ્રકરણ કહેવાય છે, તેથી આ ૫ થી ૧૧ અધ્યાય સુધીનું **તામસ પ્રમાણ પ્રકરણ** છે.

શ્રીમદ્ભાગવતનો શાસ્ત્રાર્થ તામસ પ્રમેય પ્રકરણના ઉપોદ્‌ઘાતમાં કહેલો છે. આ દશમા સ્કન્ધનો અર્થ તથા તેના આ પ્રકરણનો અર્થ અને આ પ્રકરણના અધ્યાયોનો અર્થ તત્ત્વદીપનિબન્ધના આધારે ઉપર લખેલ છે. વાક્યાર્થ, પદાર્થ અને અક્ષરાર્થ શ્રીસુબોધિનીજીમાં જ જણાવેલા છે, તેથી તે વિષે અહિં કહેવાપણું નથી.

## અનુવાદ સંબંધી

આ અનુવાદ સામાન્ય ગુજરાતી ભાષા જાણનાર વૈષ્ણવો પણ સમજી શકે તેવા હેતુથી બને તેટલી સાદી સરળ ભાષામાં કરેલ છે. નિગમકલ્પતરુના ફલરૂપ

શ્રીમદ્ભાગવતના અમૃતદ્રવવાળા, મોક્ષથી પણ અધિક રસનું પાન કરવામાં વૈષ્ણવોને કાંઈક અંશે પણ આ અનુવાદ ઉપયોગી થશે તો મારો પ્રયાસ સફળ માનીશ.

રાજકોટ સદર, **નાનુલાલ નારાયણદાસ ગાંધી.**
વિજયા દશમી વિ.સંવ.૧૯૯૭

# અનુક્રમણિકા


**શ્રીભાગવતાર્થપ્રકરણમાં નિરૂપિત તામસ પ્રમાણ પ્રકરણનો અર્થ તથા અધ્યાયાર્થ.**

**શ્રીપુરુષોત્તમનામસહસ્ર સ્તોત્રમાં નિરૂપિત તામસ પ્રમાણ પ્રકરણ તથા પ્રક્ષિપ્તાધ્યાયત્રયમાંના ભગવન્નામો તથા તેના પર શ્રીરઘુનાથ-ચરણ વિરચિત નામચન્દ્રિકા ટીકાનો ગુજરાતી અનુવાદ.**

**દશમસ્કન્ધાન્તર્ગત દ્વિતીય તામસ પ્રમાણ પ્રકરણ**

**(અધ્યાય ૫-૧૧) તથા ત્રણ પ્રક્ષિપ્તાધ્યાય**

**અધ્યાય ૫.(નન્દરાયજીએ શ્રીકૃષ્ણના પ્રાકટ્ય નિમિત્તે ઉત્સવ કર્યો)** ૦૧

શ્રીકૃષ્ણ પધારતાં નન્દે મોટો ઉત્સવ કર્યો. નન્દરાયજીનું કંસને કર આપવા મથુરા જવું. નન્દ-વસુદેવનો મિલાપ. નન્દરાયજીને જલ્દી ગોકુળ પાછા જવા માટે વસુદેવજીની ભલામણ.

**અધ્યાય ૬.(શ્રીકૃષ્ણે પૂતનાનો મોક્ષ કર્યો)** ૫૪

નન્દરાયજીનું મથુરાથી પાછા ગોકુળ તરફ પ્રસ્થાન. પૂતનાનું ગોકુળ આવવું. પૂતનાનો વધ. યશોદાજી વગેરે દ્વારા બાળકૃષ્ણની રક્ષાના ઉપાય. નન્દરાયજીનું વ્રજમાં પધારવું. પૂતનાની સદ્ગતિ. બાળકૃષ્ણને સકુશળ જોઈ નન્દરાયજીને પરમાનન્દની અનુભૂતિ.

**અધ્યાય ૭. (શકટોત્ક્ષેપ, તૃણાવર્ત વધ અને મુખમાં વિશ્વદર્શનથી ભગવદ્યશ વર્ણન)** ૧૧૩

શ્રીકૃષ્ણનો ઔત્થાનિક સંસ્કાર. યશોદાજીની લૌકિકમાં વ્યસ્તતા. ભૂખ લાગતાં શ્રીકૃષ્ણનું રુદન. ભગવાનન દ્વારા ગાડાંને ઊંધું પાડી દેવું. શ્રીકૃષ્ણે પાતાના ચરણથી ગાડું ઊંધું પાડી દીધું છે એવી ગોપ બાળકોની વાત પર ગોપોને વિશ્વાસ ન આવવો. નન્દરાયજીનું બાળકના ક્ષેમ-કુશળ માટે સ્વસ્તિવાચન કરાવવું.

ગોદમાં બિરાજેલા શ્રીકૃષ્ણનું વજન અસહ્ય વધી જવું. તૃણાવર્તનું શ્રીકૃષ્ણને આકાશમાં ઉડાડી જવું. ઉડેલી રેતીની ડમરીઓથી બધાની આંખો બંધ થઈ જવી. શ્રીકૃષ્ણનું વજન વધારવું. તૃણાવર્તનું જમીન પર પટકાવું. શ્રીકૃષ્ણને કાંઈ ઈજા ન થતાં બધાનું સાનન્દ વિસ્મત થવું.

શ્રીકૃષ્ણનું બગાસું ખાતાં મુખમાં આખા વિશ્વને દેખાડવું.

**અધ્યાય ૮. (ગર્ગાચાર્યે નામકરણ કર્યું એમાં શ્રીગુણ કહ્યો)** ૧૬૭

વસુદેવજીની પ્રેરણાથી ગર્ગાચાર્યનું વ્રજમાં આવવું. ગુપ્ત સ્થળે કોઈ

જાણે નહિ તે પ્રમાણે શ્રીકૃષ્ણના નામકરણાદિ સંસ્કાર કરવા નન્દરાયજીની વિનન્તી. શ્રીકૃષ્ણના ગુણ-કર્માનુરૂપ વિભિન્ન નામો. બલરામ-શ્રીકૃષ્ણની બાલક્રીડા. યશોદાજીને ગોપીજનો દ્વારા બલરામ-શ્રીકૃષ્ણની ફરીયાદ. શ્રીકૃષ્ણનું માટી ખાવું. મુખારવિંદમાં યશોદાજીને વિશ્વ દેખાડતાં તેમને શ્રીકૃષ્ણનું તત્ત્વજ્ઞાન થવું. શ્રીકૃષ્ણનું વૈષ્ણવી માયા વિસ્તારવી. યશોદાજીને પૂર્વ વાતની વિસ્મૃતિ થવી. નન્દરાયજીનું પૂર્વ જન્મનું સ્વરૂપ.

**અધ્યાય ૯. (યશોદાજીને ભગવાને સ્વરૂપજ્ઞાન કરાવ્યું)** **૨૬૯**

યશોદાજી દ્વારા દૂધ આરોગતા શ્રીકૃષ્ણને અતૃપ્ત મૂકીને ઉભરાતા દૂધને ઉતારવા જવું. શ્રીકૃષ્ણનો કોપ. દહીની માટલી ફોડી નાખવી. ડરથી ભાગતા શ્રીકૃષ્ણને પકડીને ધમકાવવું અને ઉખળી સાથે બાંધવાનો પ્રયત્ન કરવો. બાંધવાનાં બધાં દામણાં ટૂકા પડવાં. યશોદાજીનો શ્રમ. શ્રીકૃષ્ણનું પ્રેમથી બંધાવું.

**અધ્યાય ૧૦.(નારદજીના શાપરૂપ ભગવદ્વૈરાગ્યનું નિરૂપણ)** **૩૧૫**

કુબેરપત્રોને નારદજીનો શાપ અને તેમનું વ્રજમાં યમલાર્જુન થવું. ખાંડણીયે બંધાયેલા શ્રીકૃષ્ણનું યમલાર્જુનના ઉદ્ધારાર્થ બે વૃક્ષોની વચ્ચે પધારવું. વૃક્ષોને મૂળથી ઉખાળી ફેંકવા. નલકુબર-મણિગ્રીવ દ્વારા શ્રીકૃષ્ણની સ્તુતિ. ભગવાન શ્રીકૃષ્ણના તેમને આશીર્વાદ.

**અધ્યાય ૧૧. (ધર્મી સ્વરૂપે શ્રીનન્દરાયજીના નિરોધનું નિરૂપણ** **૩૭૦**

વૃક્ષો પડવાનો અવાજ સાંભળી નન્દરાયજી આદિનું દોડી આવવું. વૃક્ષો કેમ પડ્યાં એ સંબંધી તર્ક-વિતર્ક. શ્રીકૃષ્ણને બંધનમુક્ત કરવા. મહાવનમાં શ્રીકૃષ્ણ ઉપર સતત આવતા સંકટોનો વિચાર કરી ત્યાંથી વૃન્દાવન સ્થળાંતર. વૃન્દાવનમાં વત્સાસુર તેમજ બકાસુર નો વધ. શ્રીકૃષ્ણ-બલરામના માહાત્મ્ય સંબંધી ગર્ગાચાર્યના વચનોનું સ્મરણ કરતાં નન્દાદિ ગોપોને પ્રપઞ્ચનું વિસ્મરણ.

## ત્રણ પ્રક્ષિપ્તાધ્યાય

**અધ્યાય ૧(૧૨). (શ્રીકૃષ્ણે કરેલો અઘાસુરનો વધ)** **૪૨૩**

**અધ્યાય ૨(૧૩). (બ્રહ્માજીએ વાછડાં હર્યાં)** **૪૪૨**

**અધ્યાય ૩(૧૪). (બ્રહ્માજી દ્વારા ભગવાન શ્રીકૃષ્ણની સ્તુતિ)** **૪૭૦**

મહાપ્રભુ શ્રીવલ્લભાચાર્ય વિરચિત તત્ત્વાર્થદીપનિબન્ધનો

# શ્રીભાગવતાર્થ પ્રકરણ

**(ગો.વા.શ્રીનાનુલાલ ગાંધી અનુદિત શ્રીભાગવતાર્થ પ્રકરણમાંથી સંકલિત)**

## દશમસ્કન્ધ નું મુખ્ય પ્રકરણ-૨
## તામસ ભક્તોનો નિરોધ(અ.૫-૩૨)
## તેનું પેટા પ્રકરણ તામસ પ્રમાણ પ્રકરણ (અ.૫-૧૧)

**અતસ્તામસભક્તાનામ્ અષ્ટાવિંશતિભિઃ ક્રમાત્ ।।૪૦।।**
**માન-મૈયૈઃ સાધનૈશ્ચ ફલૈશ્ચાપિ પૃથક્ પૃથક્ ।।**
**ભગવાન્ સપ્તધા લીલાં કુર્વન્ ઉદ્ધારકઃ પરઃ ।।૪૧।।**
**પુરુષોત્તમરૂપેણ યચ્ચકાર તદુચ્યતે ।।**

પ્રમાણ, પ્રમેય, સાધન અને ફલ થી આમ સાત પ્રકારે જુદી-જુદી લીલા કરતાં તામસભક્તોનો ઉત્તમ ઉદ્ધાર કરનાર ભગવાને પુરુષોત્તમ સ્વરૂપથી જે કર્યું, તે હવે અનુક્રમે અઠ્ઠાવીસ અધ્યાયોથી કહેવામાં આવે છે.

આ તામસ પ્રકરણના ચાર પેટાપ્રકરણો છે :

અ. તામસપ્રમાણ
આ. તામસપ્રમેય
ઇ. તામસસાધન અને
ઈ. તામસફલ.

તે દરેક સાત-સાત અધ્યાયોના છે. આ પ્રકરણમાં ભગવાને જે લીલા કરી તે વ્યૂહ સ્વરૂપથી કરેલી નથી, પરન્તુ પુરુષોત્તમ સ્વરૂપે જ કરેલી છે. નટની પેઠે પ્રાકૃત મનુષ્યના જેવો દેહ ધારણ કરી આ લીલા કરતાં તામસભક્તોનો ઉત્તમ ઉદ્ધાર કરનાર પુરુષોત્તમે પોતાના સ્વરૂપથી જે લીલા કરી તે આ તામસપ્રકરણમાં કહેલી છે.

[અ. તામસપ્રમાણ પ્રકરણ. અધ્યાય ૫-૧૧]

**તત્ર પ્રમાણભાવેન સપ્તાધ્યાયી નિરૂપ્યતે ।।૪૨।।**

તે પૈકી પ્રમાણના તાત્પર્યથી કરેલી સાત અધ્યાયોમાં કહેલી લીલાનું

નિરૂપણ કરવામાં આવે છે.

**ભગવચ્ચરિતે યસ્માત્ પ્રમાણમ્ ઈહ મૃગ્યતે ।।**
**અજ્ઞાનમ્ અન્યથાજ્ઞાનં પ્રમાણં ભક્તિહેતુકમ્ ।।૪૩।।**

આ અધ્યાયોમાં કહેલ ભગવાનના ચરિત્ર સમ્બન્ધી પ્રમાણ જોવામાં આવે છે. અજ્ઞાન અને અન્યથાજ્ઞાન ભક્તિ ઉત્પન્ન કરાવનારાં હોવાથી પ્રમાણ છે.

આ અધ્યાયોમાં કહેલાં શ્રીકૃષ્ણનાં ચરિત્રો ભગવાનનાં જ ચરિત્રો છે, એ વિષયનાં પ્રમાણ અહીં જોવામાં આવે છે. ભગવાન્ વિશેનું અજ્ઞાન અને (આ ભગવાન્ નથી પરન્તુ બીજું કોઈ બાલક છે એવું) અન્યથાજ્ઞાન પણ જોવામાં આવે છે. છતાં તે અજ્ઞાન અને અન્યથાજ્ઞાન; ભક્તિ ઉત્પન્ન થાય તે માટે ભગવાને કરેલાં હોવાથી તે પણ પ્રમાણ છે.

**પુરુષાણામ્ અત્ર નિષ્ઠા સ્ત્રીણાં મેયે તતઃ પરે ।।**
**સાધનં સકલાનાં ચ ફલં સ્ત્રીષુ પ્રતિષ્ઠિતમ્ ।।૪૪।।**

અહીં પુરુષોની આસક્તિ કહેલી છે. ત્યાર પછીના પ્રમેય પ્રકરણમાં સ્ત્રીઓની આસક્તિ કહેલી છે. સાધન પ્રકરણમાં સર્વનું સાધન ભગવાન્ થાય છે અને ફલ સ્ત્રીઓને પ્રાપ્ત થયેલું છે.

આ પેટાપ્રકરણ (અ.૫-૧૧)માં પુરુષોની ભગવાન્માં આસક્તિ થયાનું કહેલ છે. ત્યાર પછીના તામસપ્રમેય પેટાપ્રકરણના (અ.૧૨-૧૮)માં સ્ત્રીઓની ભગવાન્માં આસક્તિ થયાનું કહેલ છે. સાધન પેટાપ્રકરણના (અ.૧૯-૨૫)માં ભગવાન્ સર્વ ભક્તોનું સાધન થાય છે, અને તામસફલ પેટાપ્રકરણ (અ.૨૬-૩૨)માં સ્ત્રીઓને ઉત્તમ ફલ પ્રાપ્ત થયાનું કહેલ છે, ફલ મુખ્યત્વે સ્ત્રીઓને પ્રાપ્ત થયેલ છે.

**અન્યત્રાપિ ગતઃ કૃષ્ણ ઉત્સવાન્ કુરુતેઽખિલાન્ ।।**
**અત ઐશ્વર્યભાવોઽત્ર પ્રથમે વિનિરૂપતિઃ ।।૪૫।।**

શ્રીકૃષ્ણ બીજા સ્થળે પધારેલ હોવા છતાં સર્વ ઉત્સવો કરે છે. તેથી આ પહેલાં અધ્યાયમાં 'ઐશ્વર્ય' ગુણ કહેલો છે.

શ્રીકૃષ્ણ મથુરાથી ગોકુલ પધાર્યા, તો ત્યાં પણ મોટો ઉત્સવ થયો એ તેમનું ઐશ્વર્ય દર્શાવે છે. આ ઐશ્વર્ય દર્શાવનાર અધ્યાય કેમ કહેવાય છે તે આ પેટાપ્રકરણના પહેલા, મૂળથી પાંચમા અધ્યાયના ૧૯ મા શ્લોકની શ્રીસુબોધિનીના આભાસમાં જણાવેલ છે.

**પૂતનામારણં વીર્યં યશસ્તુ શકટાદિનુત્ ।।**
**શકટં તામસં પ્રોક્તં તૃણાવર્તસ્તુ રાજસઃ ।।૪૬।।**

**લાલનં પુત્રભાવેન સાત્ત્વિકં મોહનં તથા ॥**

પૂતનાનો વધ 'વીર્ય' દર્શાવે છે. શકટ વગેરેનો નાશ કર્યો તે તો 'યશ' દર્શાવે છે. શકટ તામસ કહેલું છે. તૃણાવર્ત તો રાજસ હતો. પુત્ર ઉપરના પ્રેમને લીધે લાલન અને મોહન કરવાં એ સાત્ત્વિક હતાં.

છઠ્ઠા અધ્યાયમાં ભગવાને પૂતનાને હણી, તે તેમનું વીર્ય દર્શાવે છે. આ પ્રસંગથી વીર્ય કેવી રીતે જણાય છે તે શ્લો.૧૧ તથા ૧૨ ઉપરનાં શ્રીસુબોધિનીમાં જણાવેલ છે. સાતમા અધ્યાયમાં ભગવાન્ શકટાસુર તથા તૃણાવર્તનો નાશ કરે છે અને યશોદાને આખું વિશ્વ પોતાનાં મુખમાં દેખાડે છે અને પછી મોહ ઉત્પન્ન કરે છે. આ પ્રસંગો ભગવાનનો યશ દર્શાવે છે. તે યશ કેવી રીતે દર્શાવે છે તે શ્રીસુબોધિનીમાં આ અધ્યાયના આરંભની પાંચમી કારિકામાં જણાવેલ છે. શકટ ઘણું વજનદાર હોવાથી તામસ હતું. તૃણાવર્ત ચપલ હોવાથી રાજસ હતો. યશોદાએ લાડ લડાવ્યા અને ભગવાનના મુખમાં વિશ્વ જોઈ વિસ્મય પામી અને ભગવાને તેને મોહ કરાવ્યો, આ સર્વ યશોદાને જ્ઞાન ઉત્પન્ન કરનારાં હોવાથી સાત્ત્વિક છે.

**શ્રીસ્તુ લીલા નામયુક્તા જ્ઞાનં બન્ધનબોધનમ્ ॥૪૭॥**
**યમલાર્જુનયોર્મુક્તિઃ વૈરાગ્યં ભગવાન્ પરઃ ॥**
**સપ્તાધ્યાયાસ્તુ યત્રૈવ તત્રૈવં બુધ્યતાં ક્રમઃ ॥૪૮॥**

નામના સમ્બન્ધવાળી લીલા તો 'શ્રી' છે. જે ભગવાનનું બન્ધન જણાવેલું છે તે 'જ્ઞાન' છે. બે જોડકાં અર્જુનોની મુક્તિ 'વૈરાગ્ય' દર્શાવે છે. છેલ્લા અધ્યાયમાં 'ભગવાન્'નું નિરૂપણ છે.

આઠમા અધ્યાયમાં 'શ્રી'નું નિરૂપણ કરેલું છે. ગર્ગાચાર્યે કરેલ નામકરણ સંસ્કાર અને ભગવાન્ ભાંખડીયા ચાલે ચાલવા લાગ્યા એ શ્રીનું નિરૂપણ કરે છે, કારણ કે તેથી સર્વ પુરુષોનાં દુઃખ દૂર થાય છે. નામકરણ લીલાથી સર્વના દુઃખ દૂર થતાં હોવાનું ગર્ગાચાર્ય આ પ્રસંગમાં કહે છે. ભગવાનના નામથી સર્વ પુરુષાર્થ કેવી રીતે ફલે છે તે શ્લો.૧૬ ઉપરના શ્રીસુબોધિનીમાં જણાવેલું છે.

નવમા અધ્યાયમાં 'જ્ઞાન'નું નિરૂપણ છે. યશોદા ઘરનાં બધાં દામડાંઓ ભેગાં કરીને પણ તેથી ભગવાનને બાંધી શક્તાં નથી, પરન્તુ માતા ઉપરની કૃપાથી ભગવાન્ પોતાની મેળે બંધાય છે. તેથી ભગવાનનાં દયાળુપણાનું અને સ્વરૂપનું જ્ઞાન થાય છે. જ્ઞાનનું નિરૂપણ કેવી રીતે થાય છે તે આ અધ્યાયના આરંભની શ્રીસુબોધિનીની બીજી કારિકામાં જણાવેલ છે.

દશમા અધ્યાયમાં બે જોડકાં અર્જુન વૃક્ષોની મુક્તિ કહી ભગવાનના

'વૈરાગ્ય'નું નિરૂપણ કરેલું છે. આ અધ્યાયના આરંભની શ્રીસુબોધિનીની બીજી કારિકામાં વૈરાગ્યનું નિરૂપણ કેવી રીતે થાય છે તે દર્શાવેલ છે.

અગિયારમા અધ્યાયમાં ધર્મીભગવાનનું નિરૂપણ પણ કરેલું છે. છ ગુણવાળા ભગવાનનું નિરૂપણ આ અધ્યાયમાં કેવી રીતે થાય છે, તે આ અધ્યાયના આરંભની શ્રીસુબોધિનીની ત્રીજી તથા ચોથી કારિકાઓમાં દર્શાવેલ છે.

જે-જે પ્રકરણમાં સાત અધ્યાયો છે તે દરેકમાં આવો જ ક્રમ હોવાનું જાણવું, એટલે પહેલા છ અધ્યાયો ભગવાનના છ ગુણોનું અને સાતમો અધ્યાય ધર્મીભગવાનનું નિરૂપણ કરે છે એમ જાણવું.

**અમેયે મેયબુદ્ધિર્હિ પ્રમાણમ્ ઈતિ કેચન ।।**

કેટલાક એમ કહે છે કે જે જાણી શકાય તેવા નથી તેમને જાણી શકાય તેવા જાણવા તે પ્રમાણ.

જેમનું જ્ઞાન થઈ શકે તેમ નથી તેવા ભગવાન્ શ્રીકૃષ્ણ જાણી શકાય તેવા છે એવી બુદ્ધિ 'પ્રમાણ' હોવાનું કેટલાક માને છે. તેઓના મત પ્રમાણે ભગવાન્ શ્રીકૃષ્ણને અમે જાણીએ છીએ એવી ભક્તોની બુદ્ધિ આ પ્રકરણમાં થતી હોવાથી આ પ્રમાણ પ્રકરણ છે. આ મત આચાર્યશ્રીને ઈષ્ટ નથી.

**અષ્ટાવત્ર પ્રમાણાનિ દ્વયમ્ એકત્ર રૂપિતમ્ ।।૪૯।।**

અહીં આઠ પ્રમાણ જણાવેલ છે. એક અધ્યાયમાં બે જણાવેલ છે.

અહીં ખોટું ન થયેલ હોય તેવાં અથવા ખોટું થવા યોગ્ય ન હોય તેવાં જ્ઞાનને પ્રમાણ કહેલ છે. તેવું જ્ઞાન જેમને થાય તેઓ, જે વિષયનું તેવું જ્ઞાન થાય તે વિષય, તથા જે સાધનથી તેવું જ્ઞાન થાય તે સર્વ 'પ્રમાણ' કહેવાય છે, એમ ૨।૮।૨૫ ઉપરના શ્રીસુબોધિનીમાં દર્શાવેલ છે. તેથી અહીં 'પ્રમાણ' શબ્દથી જ્ઞાન કહેલ છે એમ જણાય છે. સાતમા અધ્યાયમાં બાલકો અને સ્ત્રીઓ એમ બે આવું જ્ઞાન પ્રાપ્ત કરનારા કહેલ હોવાથી (અને બીજા બધા અધ્યાયોમાં એક-એક તેવા કહેલા હોવાથી) આઠ પ્રમાણ (જ્ઞાન પ્રાપ્ત કરનારા) આ પેટાપ્રકરણમાં છે.

**પ્રથમો વસુદેવો હિ દ્વિતીયો નન્દ ઉચ્યતે ।।**
**બાલાસ્ત્રિયસ્તૃતીયા હિ ચતુર્થો ગર્ગ ઉચ્યતે ।।૫૦।।**
**યશોદા પંચમી પ્રોક્તા ષષ્ઠરૂપાવિહાર્જુનૌ ।।**
**ઉપનન્દસ્તુ નિર્દિષ્ટઃ સપ્તમો ધર્મિબોધકઃ ।।૫૧।।**

પહેલા વસુદેવને પ્રમાણ કહેલા છે, બીજા નન્દને, ત્રીજા બાલકો અને સ્ત્રીઓ ને, ચોથો ગર્ગને, પાંચમી યશોદા, છઠ્ઠા (પ્રમાણના) સ્વરૂપ બે અર્જુન વૃક્ષો અને ધર્મીનું જ્ઞાન કરાવનાર સાતમા તો ઉપનન્દ જણાવેલ છે.

- પાંચમા અધ્યાયમાં વસુદેવ આવું જ્ઞાન પ્રાપ્ત કરનાર કહેલા છે, કારણ કે નન્દના ઉત્તરથી તેમણે જાણ્યું કે પોતે (વસુદેવ) ગોકુલ જઈ આવેલ તે નન્દને ખબર નથી. અને પોતાના પુત્ર શ્રીકૃષ્ણને નન્દ તેમના પોતાના પુત્ર જાણે છે (શ્લો.૨૭-૩૦).
- છઠ્ઠા અધ્યાયમાં નન્દ તેવા છે, કારણ કે તે ભગવાનને પોતાના પુત્ર જાણે છે (શ્લો.૪૩).
- સાતમા અધ્યાયમાં શકટના ભંગના સમ્બન્ધમાં બાલકો આવા છે, કારણ કે શ્રીકૃષ્ણે ગાડું તોડી નાખ્યું એવું તેમને જ્ઞાન થાય છે (શ્લો.૯). તૃણાવર્તના સમ્બન્ધમાં સ્ત્રીઓને તેવું જ્ઞાન થાય છે (શ્લોક ૨૯). જ્યારે બીજાઓ તો તૃણાવર્તનો નાશ થયાનું કારણ ન જાણવાથી તે શોધ્યા કરે છે.
- આઠમા અધ્યાયમાં ગર્ગ તેવા છે, કારણ કે નન્દને ભગવાન્ સમ્બન્ધી અજ્ઞાન અને ખોટું જ્ઞાન હતું તે તેણે જાણ્યું (શ્લો.૧૩-૨૦).
- નવમા અધ્યાયમાં યશોદાને તેવાં કહેલાં છે, કારણ કે તેમણે પણ શ્રીકૃષ્ણને પોતાના પુત્ર જ જાણ્યા (અ.૮।૪૨-૪૩. અ.૯।૧૭,૧૮).
- દશમા અધ્યાયમાં જોડકાં અર્જુન વૃક્ષો તેવાં કહેલાં છે, કારણ કે ખાંડણીયા સાથે બાંધેલા શ્રીકૃષ્ણની જવામાટે રજા લેતાં તેમણે તેમને નન્દના પુત્ર જ જાણેલ (શ્લો.૨૯-૩૮).
- અગિયારમા અધ્યાયમાં ઉપનન્દને તેવો કહેલ છે, કારણ કે તેણે શ્રીકૃષ્ણને લૌકિક બાલક જ જાણ્યા (શ્લો.૧૫).

ભગવાન્ પ્રાકૃત બાલક થઈ લીલા કરે છે, તેવા પ્રાકૃત બાલક તેમને જાણવા એ કદાપિ ખોટું ન થાય તેવું જ્ઞાન હોવાનું અહીં કહેલ જણાય છે, અને તેવું જ્ઞાન પ્રાપ્ત કરનારાઓને પણ અહીં 'પ્રમાણ' કહેલા હોવાનું જણાય છે. ભગવાન્ સમ્બન્ધી આવાં અજ્ઞાન અને અન્યથાજ્ઞાન પણ ભક્તિ કરાવનારાં હોવાથી પ્રમાણ છે એમ ઉપર કારિ.૪૩ માં કહેલ છે.

**અધ્યાય ૫ :**

**દેશદોષભ્રમં કૃષ્ણો વારયામાસ ચિત્રધા ।।**
**આદ્યેન ભગવન્માર્ગે બાધકાનિ બહૂનિ હિ ।।૫૨।।**

પહેલા અધ્યાયથી દેશમાં દોષ હોવાની ભ્રાન્તિ શ્રીકૃષ્ણે સ્પષ્ટ રીતે દૂર કરેલી છે, કારણ કે ભગવાનના માર્ગમાં ઘણાં વિઘ્નો થાય છે.

આ પેટાપ્રકરણના પહેલા, એટલે પાંચમા અધ્યાયમાં શ્રીકૃષ્ણ પધારતાં નન્દે મોટો ઉત્સવ કર્યો તે કહેલ છે. નેસડામાં રહેનારા અજ્ઞાની અને આચાર વિનાના

હોય છે, છતાં શ્રીકૃષ્ણ પધારતાં તેઓએ મોટો ઉત્સવ કર્યો. તેથી નેસડામાં દેશના દોષ હશે એવી ભ્રાન્તિ આ ઉત્સવથી દૂર કરેલી છે. આ ઉત્સવ કરાવી શ્રીકૃષ્ણે એમ જણાવેલ છે કે નેસડામાં વસતા લોકોમાં; પોતાને ત્યાં વસવાથી દેશના દોષ રહ્યા ન હતા. ભગવાનના માર્ગમાં વિઘ્નો ઘણાં થાય છે, તેથી.

**અધ્યાય ૬-૭ :**

**દ્વિતીયે તદભાવો હિ કૃષ્ણેનૈવ ભવેદિતિ ।।**
**સાધકઃ સકલાર્થાનાં તૃતીયે વિનિરૂપિતઃ ।।૫૩।।**

બીજા અધ્યાયમાં શ્રીકૃષ્ણથી જ તેમનો નાશ થવાનું કહેલ છે. ત્રીજા અધ્યાયમાં શ્રીકૃષ્ણ જ સર્વ અર્થ પ્રાપ્ત કરાવનાર હોવાનું કહેલ છે.

**અધ્યાય ૮-૧૦ :**

**ભક્તિપ્રદશ્ચતુર્થે હિ ભક્તિવશ્યસ્તતઃ પરઃ ।।**
**સર્વોદ્ધારપ્રયત્નસ્તુ સર્વેષાં સર્વદોષનુત્ ।।૫૪।।**

ચોથા અધ્યાયમાં શ્રીકૃષ્ણ ભક્તિ આપનાર હોવાનું અને ત્યાર પછીનામાં સર્વને વશ રાખનાર ભક્તિથી વશ થાય તેવા હોવાનું. ત્યાર પછીનામાં સર્વનો ઉદ્ધાર કરવાનો પ્રયત્ન કરનારા સર્વના સર્વ દોષ દૂર કરનારા હોવાનું કહેલ છે.

પ્રકરણના ચોથા એટલે આઠમા અધ્યાયમાં ભગવાનના નામનું માહાત્મ્ય જણાવેલું છે અને તેમની બાલલીલાઓ વર્ણવેલી છે. આ લીલા ભગવાન્માં ભક્તિ ઉત્પન્ન કરનારી છે.

નવમા અધ્યાયમાં યશોદાજી શ્રીકૃષ્ણને દામડાંથી બાંધવા પ્રયાસ કરે છે. ઘરના સર્વ દામડાં સાંધવા છતાં તે બંધાતા નથી, પરન્તુ પાછળથી કૃપા કરી પોતાની મેળે બંધાય છે. તેથી એમ જણાવેલ છે કે ભગવાન્ ભક્તિથી વશ થાય તેવા છે.

દશમા અધ્યાયમાં ધનથી મદાન્ધ થયેલા નલ-કૂબર અને મણિગ્રીવ ને શ્રીકૃષ્ણ; નારદ પાસે શાપ અપાવે છે અને તેથી તેમનો ઉદ્ધાર કરે છે. તેથી એમ જણાવેલ છે કે શ્રીકૃષ્ણ સર્વનો ઉદ્ધાર કરનારા છે અને સર્વના બધા દોષો દૂર કરાવે છે.

**અધ્યાય ૧૧ :**

**તતોઽપિ પરમાનન્દદાયી સપ્તમ ઈર્યતે ।।**
**પ્રપંચવિસ્મૃતિઃ સર્વા તદાસક્તિઃ સ્ફુટૈવ હિ ।।૫૫।।**
**પ્રમાણબલમાસાદ્ય સર્વેષાં ગોકુલે હ્યભૂત્ ।।**

પછી પણ સાતમા અધ્યાયમાં શ્રીકૃષ્ણને પરમાનન્દ આપનાર કહેલા છે કારણ કે પ્રમાણબલ પ્રાપ્ત કરીને ગોકુલમાં સર્વને પ્રપંચનું સમ્પૂર્ણ વિસ્મરણ અને તેમનામાં આસક્તિ થયેલા સ્પષ્ટ જ જણાય છે.

આ પ્રકરણના સાતમા એટલે અગિયારમા અધ્યાયમાં શ્રીકૃષ્ણ સર્વને પરમાનન્દ આપનાર હોવાનું કહેલ છે (શ્લો.૭-૯, ૨૬ અને ૪૮). આ પેટાપ્રકરણમાં એ સ્પષ્ટ દર્શાવેલ છે કે ગોકુલમાં સર્વ ભક્તોને પ્રપંચનું સમ્પૂર્ણ વિસ્મરણ થયું અને શ્રીકૃષ્ણમાં તેઓની આસક્તિ થઈ. આ પેટાપ્રકરણમાં દરેક અધ્યાયમાં ઘણે ભાગે પુરુષોએ કરેલી ક્રિયા જ જણાવી છે, તેથી આ પેટાપ્રકરણથી તેઓની ભગવાન્માં નિષ્ઠા થયાનું કહેલ છે.

### મહાપ્રભુ શ્રીવલ્લભાચાર્યવિરચિત

# શ્રીપુરુષોત્તમનામસહસ્ર સ્તોત્ર ના

## નિરોધલીલા–દશમસ્કન્ધ અન્તર્ગત

## તામસ પ્રમાણ પ્રકરણના

**પ્રપઞ્ચાસ્મૃતિકારણમ્ ।।૭૬૭।।**

યશોદાજીને (પોતાને પુત્ર અવતર્યો કે તેનું જ્ઞાન ન રહે તેવા પ્રકારની) અસ્મૃતિ – વિસ્મૃતિના કારણ રૂપ ભગવાન્.

પ્રભુએ યશોદાજીને ભાન ન રહે તેવી વિસ્મૃતિ આપવાથી જ વસુદેવજી પુત્રીને લઈ પુત્ર સ્થાપન કરી ગયા તેનું ભાન ન રહ્યું તેથી જ પ્રપઞ્ચમાં વિસ્મૃતિ થવાના કારણરૂપ પ્રભુ એમ અહીં જણાવ્યું છે.

**યશોદાનન્દનઃ ।।૭૬૮।।**

૧. યશોદાજીને આનન્દ આપનાર,

૨. યશોદાજીના સર્વ મનોરથોને પરિપૂર્ણ કરી સમૃદ્ધિ આપનાર.

**નન્દભાગ્યભૂગોકુલોત્સવ ।।૭૬૯।।**

૧. શ્રીનન્દરાયજીની ભાગ્યરૂપ ભૂમિ શ્રીગોકુલમાં આનન્દરૂપ – ઉત્સવરૂપ,

૨. શ્રીનન્દરાયજીની ભાગ્યભૂમિ શ્રીગોકુલમાં આનન્દ – ઉત્સવને પ્રવર્તાવનાર,

૩. શ્રીનન્દરાયજીના ભાગ્ય નિમિત્ત ભૂમિ – પૃથ્વીમાં તથા શ્રીગોકુલમાં જેમનાથી આનન્દ પ્રાપ્ત થાય છે, તેવા પ્રભુ શ્રીકૃષ્ણચન્દ્ર.

**નન્દપ્રિયો નન્દસૂનુઃ યશોદાયાઃ સ્તનન્ધયઃ ।।**
**પૂતનાસુપયઃપાતા મુગ્ધભાવાતિસુન્દરઃ ।।૧૫૯।।**

**નન્દપ્રિયઃ ।।૭૭૦।।**

૧. નન્દરાયજીને અત્યન્ત પ્રિય એવા,

૨. નન્દરાયને અનેક કામનાઓથી પરિપૂર્ણ કરનાર.

**નન્દસૂનુઃ ।।૭૭૧।।**

નન્દરાયજીના સૂનુ – પુત્ર.

**યશોદાયાઃ સ્તનન્ધયઃ ।।૭૭૨।।**

યશોદાજીના સ્તનોને ધાવનાર.

**પૂતનાસુપયઃપાતા ।।૭૭૩।।**

૧. પૂતના રાક્ષસીના પ્રાણો અને દૂધ ને પાન કરનાર – પીનાર,

૨. પૂતના રાક્ષસીના ઉદરમાં રહેલા પ્રાણો સહિત દૂધનું પાન કરનાર એવા

ભગવાન્ શ્રીકૃષ્ણ.

**મુગ્ધભાવાતિસુન્દરઃ ।।૭૭૪।।**

મુગ્ધભાવ – બાલ્ય ભાવ ( ભયભીતપણું, સમજણ રહિત પણું વગેરે ) વડે અત્યન્ત સુન્દર – અત્યન્ત શોભાવાન્ એવા પ્રભુ.

પયનું પાન કરતાં પૂતનાના પ્રાણોને આકર્ષણ કરી તેના શરીર પર ક્રીડા કરતી વખતના ભય અને આહ્લાદજનક ચિત્રને ઉદ્દેશી આ નામ જણાવેલું છે.

**સુન્દરીહૃદયાનન્દો ગોપીમન્ત્રાભિમન્ત્રિતઃ ।।**
**ગોપાલાશ્ચર્યરસકૃત્ શકટાસુરખણ્ડનઃ ।।૧૬૦।।**

**સુન્દરીહૃદયાનન્દઃ ।।૭૭૫।।**

૧. વ્રજસુન્દરીઓના હૃદયોમાં આનન્દરૂપ, વ્રજવનિતાઓનાં હૃદયોમાં જેમનાથી આનન્દ પ્રાપ્ત થાય છે એવા પરમાત્મા.

જ્યારથી ભગવત્પ્રાદુર્ભાવ શ્રીગોકુલમાં થયો છે, ત્યારથી જ વ્રજાંગનાઓનાં અન્તઃકરણમાં આનન્દનો મહોદધિ – સુખનો સાગર ઊછળી રહ્યો છે. એમ સ્પષ્ટ ભાગવતના આ સ્કન્ધમાં જણાવેલું છે.

**ગોપીમન્ત્રાભિમન્ત્રિત ।।૭૭૬।।**

ગોપી સમ્બન્ધી મન્ત્રોવડે ચોમેરથી રક્ષણ પામેલા – રક્ષાયેલા.

પૂતનાનો વધ કર્યા પછી સર્વ ગોપીજનોએ એકત્ર થઈ ભગવાન્‌ની રક્ષા ''અવ્યાદજોંઘ્રિમણિમાન્'' વગેરે મન્ત્રોથી કરેલી છે. તેને ઉદ્દેશી ગોપીજનોવડે રક્ષાયેલા પ્રભુ એમ કહે છે.

**ગોપાલાશ્ચર્યરસકૃત્ ।।૭૭૭।।**

સર્વ ગોપાલોને આશ્ચર્યજનક રસ ઉત્પન્ન કરનાર.

પારણામાં પોઢેલા શિશુરૂપ આપે પોતાના એક ચરણને ઊંચો કરી શકટને ઊંધું કર્યું અને તે રૂપમાં રહેલા શકટાસુરનો નાશ કર્યો છે. બાલક છતાં આવું અદ્ભુત કર્મ કરવાથી સર્વ નન્દાદિ ગોપોને ઘણું આશ્ચર્ય પ્રકટ થયું છે. માટે અહીં સર્વ ગોપોને આશ્ચર્યકારક રસ ઉત્પન્ન કરનાર એવા શ્રીકૃષ્ણ એમ નામનો પ્રકાશ કરે છે.

**શકટાસુરખણ્ડન ।।૭૭૮।।**

શકટ – ગાડાના રૂપમાં રહેલા માયાવી દૈત્યના ટુકડે – ટુકડા કરનાર.

શકટના રૂપમાં દૈત્ય જ હતો. જો એમ ન હોય તો શ્રીનન્દરાયજીને સમૃદ્ધિને વધારવા પધારેલા પ્રભુ શકટમાં રહેલાં દૂધ – દધિ – માખણ વગેરેનો વૃથા નાશ કરે નહિ. કેમકે એથી નન્દરાયની સમૃદ્ધિ વધારવાને બદલે ઊલટી ઘટાડાય છે, માટે અહીં શકટરૂપે રહેલા દૈત્યનો નાશ કરનાર એમ સત્ય પ્રતિપાદન કરેલું છે.

**નન્દવ્રજજનાનન્દી નન્દભાગ્યમહોદયઃ ।।**
**તૃણાવર્તવધોત્સાહો યશોદાજ્ઞાનવિગ્રહઃ ।।૧૬૧।।**

**નન્દવ્રજજનાનન્દી ||૭૭૯||**

શ્રીનન્દરાયજીને તથા વ્રજનિવાસી જનોને આનન્દ પ્રકટ કરનાર પ્રભુ.

**નન્દભાગ્યમહોદયઃ ||૭૮૦||**

નન્દરાયજીના ભાગ્યનો મહાન ઉદય - પૂર્ણ પ્રકાશને કરનાર તેમના ભાગ્યના મહાન ઉદયરૂપ શ્રીકૃષ્ણ.

ભગવાન્નો સારી રીતે સમ્બન્ધ થયા સિવાય આવી રીતે ભાગ્યનો મહાન ઉદય કોઈને પણ સમ્ભવતો નથી. પૂર્ણ પુરુષોત્તમ શ્રીકૃષ્ણચન્દ્રને ઉત્સંગમાં રમાડનાર, તેમનું લાલન - પાલન કરનાર વ્રજરાજ નન્દરાયજી ભૂરિ ભાગ્યવાન્ હોય એમાં શું આશ્ચર્ય છે. અનેક જન્મની સંસિદ્ધિથી ભગવત્કૃપા થયે જ આવું ઉત્તમ ફલ પ્રાપ્ત થાય છે.

**તૃણાવર્તવધોત્સાહઃ ||૭૮૧||**

૧. વા વંટોળિયાના સ્વરૂપે આવેલા માયાવી તૃણાવર્ત દૈત્યનો વધ - નાશ કરવામાં ઉત્સાહ - ઉત્કણ્ઠા ધરાવનાર.

૨. વ્રજવાસી જનોને તૃણાવર્તનો વધ કરી ઉત્સાહ - આનન્દ ઉત્સવ આપનાર પરમાત્મા.

**યશોદાજ્ઞાનવિગ્રહઃ ||૭૮૨||**

યશોદાજીને જ્ઞાન થવા સારુ પોતાના સ્વરૂપનો પ્રકાશ કરનાર એવા પ્રભુ.

આપે બગાસું આવતાં શ્રીયશોદાજીને પોતાનું મુખકમલ વિપુલ કરી સકલ વિશ્વમય વૈરાટ દેહનો પ્રકાશ કરાવ્યો છે. જેથી શ્રીયશોદાજીને ભગવત્સ્વરૂપનું જ્ઞાન થયું છે એમ આ સ્કન્ધના પૂર્વાર્ધમાં સ્પષ્ટ છે. જેથી યશોદાજીને જ્ઞાન થવા પોતાના સ્વરૂપને દર્શાવનાર પ્રભુ એમ ઉપદેશે છે.

**બલભદ્રપ્રિયઃ કૃષ્ણઃ સંકર્ષણસહાયવાન્ ||**
**રામાનુજો વાસુદેવો ગોષ્ઠાંગણગતિપ્રિયઃ ||૧૬૨||**

**બલભદ્રપ્રિયઃ ||૭૮૩||**

૧. બલવડે ભદ્રપ્રિય - કુશલ અર્થાત્ મંગલરૂપ,

૨. બલદેવજીને પ્રિય લાગનાર.

૩. બલદેવજી ( પોતાના વડીલબન્ધુ ) જેમને બહુ પ્રિય છે એવા શ્રીપુરુષોત્તમ શ્રીકૃષ્ણ.

**કૃષ્ણઃ ||૭૮૪||**

૧. શત્રુઓને રણભૂમિમાં આકર્ષણ કરનાર,

૨. ગોપબાળકોની સાથે રમણ કરતાં ગાયોનાં ટોળામાં વાછડાના પૂંછડા પકડીને ખેંચનાર,

૩. કૃષ્ણ - ઘનશ્યામ વર્ણ હોવાથી કૃષ્ણનામનું વિવેચન પ્રથમના નામમાં સ્પષ્ટ રીતે કરેલું છે. એટલે અહીં ફરીથી કથન કરતા નથી. ત્યાં જોવાથી અવગત થશે.

**સંકર્ષણસહાયવાન્ ।।૭૮૫।।**

૧. સારી રીતે શત્રુઓને આકર્ષણ કરે, ખેંચે તે સંકર્ષણ કહેવાય છે. અર્થાત્ સંકર્ષણ બલદેવજીને જેમને સહાયભૂત છે એવા,

૨. સંકર્ષણ બલદેવને સહાય કરનાર પરમાત્મા.

**રામાનુજઃ ।।૭૮૬।।**

૧. લોકોને રમણ કરાવનાર તે રામ અર્થાત્ રામ – બલરામના નાના ભાઈ કનિષ્ઠ બંધુ એવા પ્રભુ શ્રીકૃષ્ણચન્દ્ર.

**વાસુદેવઃ ।।૭૮૭।।**

૧. વસુદેવના પુત્ર હોવાથી વાસુદેવ,

૨. અખિલ બ્રહ્માણ્ડમાં સર્વત્ર વ્યાપીને રહેનાર,

૩. સર્વને નિવાસસ્થાન આપી અન્ન વસ્ત્રાદિક વડે આચ્છાદન કરનાર; તેમનું ભરણ – પોષણ કરનાર,

૪. પોતે સર્વભૂતમાત્રના હૃદયવાસમાં નિવાસ કરી શોભનાર, ક્રીડા કરનાર, વિજય મેળવનાર, વ્યવહાર કરનાર અને શિક્ષા આપનાર તે વાસુદેવ.

શ્રીકૃષ્ણનું 'વાસુદેવ' એવું નામ થવાના કારણમાં એક સ્મૃતિ જણાવે છે કે ''સર્વભૂતાધિવાસશ્ચ વાસુદેવઃ તતઃ સ્મૃતઃ'' સર્વ પ્રાણીમાત્રનાં અન્તરમાં નિવાસ કરવાથી પ્રભુને વાસુદેવ કહે છે. તથા વિષ્ણપુરાણમાં ''સર્વાણિ તત્ર ભૂતાનિ વસન્તિ પરમાત્મનિ, ભૂતેષુ ચ સ સર્વાત્મા વાસુદેવ ઈતિ સ્મૃતઃ'' સકલ ભૂત પ્રાણીમાત્ર તે પરમાત્મામાં નિવાસ કરીને રહે છે, અને પરમાત્મા તે સર્વત્ર વાસ કરી રહેલા છે જેથી સર્વાત્મા પરમાત્માને આ સર્વ લોકમાં વાસુદેવ કહી સ્મરણ કરાય છે. એમ મહાભારતમાં તથા અનેક સ્થળ ઉપર પ્રમાણે જ વાસુદેવ સંજ્ઞા થવાના હેતુઓ દર્શાવ્યા છે. પરન્તુ વિસ્તૃત થવાના ભયથી આટલેથી જ વિરામ પામીએ છીએ.

**ગોષ્ઠાંગણગતિપ્રિયઃ ।।૭૮૮।।**

૧. ગોષ્ઠ ગૌશાલાના આંગણામાં, ગતિ ઘૂંટણિયા ખેંચી ચાલવાનું જેમને બહુ પ્રિય છે એવા,

૨. ગૌશાલાના આંગણામાં ઢીંચણીયે ચાલવાની ગતિથી વ્રજનિવાસી જનોને અધિક પ્રિય લાગતા એવા શ્રીગોકુલચન્દ્ર પ્રભુ.

**કિંકિણીરવભાવજ્ઞો વત્સપુચ્છાવલમ્બનઃ ।।**
**નવનીતપ્રિયો ગોપીમોહસંસારનાશકઃ ।।૧૬૩।।**

**કિંકિણીરવભાવજ્ઞઃ ।।૭૮૯।।**

કિંકિણી અલંકારની ઝીણી – ઝીણી ઘૂંઘરીઓમાં થતા શબ્દના ભાવને જાણનાર.

અહીં એવો ભાવ લેવાનો છે કે, જેમ વાઘને અનુસરી નૃત્યકાર નૃત્ય કરે છે, તેમ પરમાત્મા કિંકિણીના અવાજને અનુસરી પોતે નૃત્ય કરો છો. એટલે કિંકિણીમાં થતા

ભાવમય સત્ય સૂરોને અનુસરીને આપ નૃત્ય કરો છો. એમ બાલ્યાવસ્થામાં પણ આપે સર્વ નિજજનોને અદ્‌ભુત ચાતુર્ય દર્શાવી તેમને બાલભાવનો આનન્દ અર્પણ કર્યો છે. એ વ્રજવાસીઓનાં અહોભાગ્ય છે.

**વત્સપુચ્છાવલમ્બનઃ ।।૭૯૦।।**

વત્સો – વાછડાંઓનાં પૂછડાંઓને ગ્રહણ કરી તેમની પાછળ – પાછળ ગતિ કરનાર – ચાલનાર.

**નવનીતપ્રિયઃ ।।૭૯૧।।**

નવનીત – માખણ જેમને ઘણું જ પ્રિય – વહાલું છે એવા નન્દનન્દ શ્રીકૃષ્ણ.

**ગોપીમોહસંસારનાશકઃ ।।૭૯૨।।**

ગોપીજનોને બાલલીલાનાં દર્શનથી જે મોહ થયો, તેવા મોહથી જ સંસાર – અહન્તામમતાત્મક ભાવને નાશ કરનાર.

ભગવાન્ બાલલીલામાં મુગ્ધ બની ગયેલાં વ્રજાનનાઓ સંસારનું ભાન ભૂલી ગયાં અને બાલક – શ્રીકૃષ્ણમાં જ તલ્લીન થઈ ગયાં. જેથી અહીં ગોપીજનોના સંસારને નાશ કરનાર પ્રભુ એમ કહે છે.

**ગોપબાલકભાવજ્ઞઃ ચૌર્ય વિદ્યાવિશારદઃ ।।**
**મૃત્સ્નાભક્ષણલીલાસ્યમાહાત્મ્યજ્ઞાનદાયકઃ ।।૧૬૪।।**

**ગોપબાલકભાવજ્ઞશ્ચૌર્ય ।।૭૯૩।।**

ગોપબાલકના ભાવને જાણનાર.

''આજ અમુક ઘેર ચોરી કરીને માખણ ખાઈએ તો સારું'' એવા સર્વ ગોપબાલકોનાં અન્તરમાં ઉદ્‌ભવતા ભાવો – વિચારો ઈચ્છાઓ તેને સારી રીતે આપ જાણી જતા હતા, અને તે જ પ્રમાણે કરી ગોપબાલકોની સાથે રમણ – ખેલ કરતા હતા. માટે તેમના ભાવને જાણનાર ભગવાન્ એમ કહે છે.

**ચૌર્યવિદ્યાવિશારદઃ ।।૭૯૪।।**

ચોરી કરવાની વિદ્યામાં નિપુણ – ચતુર કુશળ એવા શ્રીવ્રજપતિ આનન્દઘન પુરુષોત્તમ.

**મૃત્સ્નાભક્ષણલીલાસ્યમાહાત્મ્યજ્ઞાનદાયક ।।૭૯૫।।**

''શ્રીકૃષ્ણે માટી ખાધી'' એમ ગોપબાલકોની વાણી સાંભળીને શ્રીયશોદાજીએ મુખ જોવા સારું શ્રીકૃષ્ણને કહ્યું ત્યારે મૃત્તિકાભક્ષણરૂપ લીલાવડે યુક્ત વદનારવિન્દને ખુલ્લું કરી યશોદાજીને પોતાના મુખમાં અખિલ બ્રહ્માણ્ડ દર્શાવી સ્વમાહાત્મ્યનું જ્ઞાન આપનાર એવા પ્રભુ.

**ધરાદ્રોણપ્રીતિકર્તા દધિભાણ્ડવિભેદનઃ ।।**
**દામોદરો ભક્તવશ્યો યમલાર્જુનભઞ્જનઃ ।।૧૬૫।।**

**ધરાદ્રોણપ્રીતિકર્તા ।।૭૯૬।।**

ધરા રૂપ યશોદાજી, વસુમાં મુખ્ય એવા દ્રોણરૂપ નન્દરાયજી, એ બન્નેને પ્રીતિ – પ્રેમ કરનાર – ઉપજાવનાર પ્રભુ.

**દધિભાણ્ડવિભેદનઃ ।।૭૯૭।।**

મન્થન કરવામાં દહીંના પાત્રને – ગોળીને રીસમાં વિશેષ કરી ભાંગી નાખનાર – ફોડી નાખનાર.

**દામોદરઃ ।।૭૯૮।।**

૧. દામ – દોરડું જેના ઉદર ઉપર વિરાજે છે એવા, દમ – ઈન્દ્રિયોનું દમન કરવું વગેરે સાધનોથી ઉદાર – સર્વોત્કૃષ્ટ – શ્રેષ્ઠ બનેલી – નિર્મલ થયેલી બુદ્ધિવડે પ્રાપ્ત થઈ શકે તેવા શ્રીકૃષ્ણ પ્રભુ.

જ્યારે દધિમન્થનની ગોળીને પોતાને સ્તનપાન ન કરાવ્યું તેની રીસમાં શ્રીકૃષ્ણે ફોડી નાખી, ત્યારે કુપિત બની યશોદાજી દોરડાથી તેમને બાંધવાનો પ્રયત્ન કરવા લાગ્યાં; એ કથાને ઉદ્દેશીને અહીં 'દામોદર' સંજ્ઞા પ્રભુને આપેલી છે. વળી પ્રમાણો પણ જણાવે છે. બ્રહ્મપુરાણમાં કહે છે કેઃ ''તયોર્મધ્ય ગતં બદ્ધં દામ્ના ગાઢં તથોદરે, તતશ્ચ દામોદરતાં સ યયૌ દામબન્ધનાત્''. તે બાલક શ્રીકૃષ્ણના મધ્યભાગમાં બન્ધન આવવાથી, તેમ ઉદરમાં સજ્જડ રીતે દોરનું બન્ધન લાગુ થવાથી, આપ દોરનું બન્ધન પામવાને લીધે 'દામોદર' સંજ્ઞાને પામેલા છે.

વ્યાસ ભગવાન્ પણ પ્રકારાન્તરથી જણાવે છે કે: ''દામાનિ લોકનામાનિ તાનિ યસ્યોદરાન્તરે, તેન દામોદરો દેવઃ શ્રીધરત્વં સમાશ્રિતઃ''. ચૌદ લોક સંજ્ઞક દામ – દોર જેમના ઉદરમાં વિરાજે છે. તેથી તેમને 'દામોદર' એવા પ્રભુ એમ કથન કરવામાં આવે છે ) વગેરે પ્રમાણોથી શ્રીકૃષ્ણનું 'દામોદર' એવું અભિધાન સિદ્ધ જ છે.

**ભક્તવશ્યઃ ।।૭૯૯।।**

ભક્તને વશ – આધીન થઈ રહેનારા.

શ્રીયશોદાજી પ્રભુને દોરડાથી વારંવાર બાંધતા છતાં બંધાયા નહિ, પરન્તુ પછી તેમને બહુ શ્રમિત થયેલાં જાણી કૃપાનિધિ પ્રભુ તત્કાલ સરલ રીતે બંધાઈ ગયા. એ પૂર્ણ પુરુષોત્તમ પ્રભુ બ્રહ્માદિક જેમની સ્તુતિ કરે છે છતાં શ્રીયશોદાજીને વશ બની ગયા. એ અન્ય કાંઈ જ નહિ પણ આપે જગતમાં હું આવો ભક્તને આધીન – વશીભૂત છું એમ સ્પષ્ટ ભક્તપ્રિયતા દર્શાવી છે.

**યમલાર્જુનભઞ્જનઃ ।।૮૦૦।।**

જોડે – જોડે ઊગેલાં બે સાદડ વૃક્ષોને ભાંગી નાખનાર.

**બૃહદ્વનમહાશ્ચર્યો વૃન્દાવનગતિપ્રિયઃ ।।**
**વત્સઘાતી બાલકેલિઃ બકાસુરનિષૂદનઃ ।।૧૬૬।।**

**બૃહદ્વનમહાશ્ચર્ય ।।૮૦૧।।**

૧. મહાવનમાં મહાન આશ્ચર્ય કર્મ કરનાર,

૨. મહાવનમાં કરેલાં કર્મથી વ્રજવાસીઓને અત્યન્ત આશ્ચર્ય કરનાર પ્રભુ.

મહાવન - વ્રજભૂમિમાં પૂતનાવધ, શકટખણ્ડન, તૃણાવર્તનાશ, યમલાર્જુન-ભઞ્જન, આદિ અને આશ્ચર્યજનક કર્મો બાલ્યાવસ્થામાં જ આપે કરેલાં છે. એમ આ સ્કન્ધના પૂર્વાર્ધમાં સ્પષ્ટ દર્શાવ્યું છે. જેથી અહીં મહાન વિસ્મયકારક તેમ વ્રજવાસીઓને ઘણું જ આશ્ચર્ય થાય તેવાં કર્મ કરનાર પ્રભુ એમ જણાવે છે.

**વૃન્દાવનગતિપ્રિયઃ ।।૮૦૨।।**

૧. વૃન્દાવનમાં ગતિ કરવાનું - જવાનું જે મને ઘણું પ્રિય છે એવા,

૨. વૃન્દાવનમાં ગતિ - ક્રીડા - લીલા કરવાનું જેમનો પ્રીતિ ઉપજાવનાર છે એવા શ્રીવૃન્દાવનેન્દુ ભગવાન્ શ્રીકૃષ્ણ.

**વત્સઘાતી ।।૮૦૩।।**

વત્સનું રૂપ ધારી આવેલા મદોન્મત્ત દૈત્યને બલદેવજીદ્વારા નાશ કરનાર - મારનાર પ્રભુ.

**બાલકેલિઃ ।।૮૦૪।।**

૧. ગોપબાલકોની સાથે ક્રીડા - રમત કરનાર,

૨. ( જગન્નિયન્તા પરમાત્મા આપ છો છતાં ) લૌકિક બાલક જેવી જેમની - ક્રીડા છે એવા શ્રીપૂર્ણ પુરુષોત્તમ પ્રભુ.

**બકાસુરનિષૂદનઃ ।।૮૦૫।।**

બક - બગલાના સ્વરૂપને ધારણ કરનાર, બકાસુર દૈત્યનો સારી રીતે વિનાશ કરનાર.

અહીંથી ક્ષેપક અધ્યાયમાં રહેલાં ભગવન્નામો જણાવે છે.

**અરણ્યભોક્તાપ્યથવા બાલલીલાપરાયણઃ ।।**
**પ્રોત્સાહ-જનકશ્ચૈવમ્ અઘાસુર-નિષૂદનઃ ।।૧૬૭।।**

**અરણ્યભોક્તા ।।૮૦૬।।**

અરણ્ય - ગાયોને ચરાવવાના વનપ્રદેશમાં સ્થિતિ કરી ભોજન કરનાર શ્રીકૃષ્ણ.

**બાલલીલાપરાયણઃ ।।૮૦૭।।**

૧. બાળક સમાન ( સવારનું ભોજન વનમાં કરવારૂપ ) ક્રીડા કરવામાં તત્પર - તૈયાર રહેનાર,

૨. બાલકોની લીલા પરિપૂર્ણ કરવા જેમનું ગમન છે એવા,

૩. બાલલીલા એ જ જેમનું ઉત્કૃષ્ટ - સર્વોત્તમ સ્થાન છે એવા શ્રીગોપાલ પરમાત્મા.

**પ્રોત્સાહજનકઃ ।।૮૦૮।।**

ગોપબાલકોમાં રમત કરતાં - કરતાં ''હું પહેલો હું પહેલો'' વગેરે શબ્દોથી

અત્યન્ત ઉત્સાહ – ઊમંગ – ઉલટને ઉત્પન્ન કરનાર એવા પ્રભુ.

**એવમ્ અઘાસુરનિષૂદનઃ ।।૮૦૯।।**

અજગરના દેહને ધારણ કરવાવાળા અઘાસુરી દૈત્યને નષ્ટ કરનાર.

**વ્યાલમોક્ષપ્રદઃ પુષ્ટો બ્રહ્મમોહપ્રવર્ધનઃ ।।**
**અનન્તમૂર્તિઃ સર્વાત્મા જંગમસ્થાવરાકૃતિઃ ।।૧૬૮।।**

**વ્યાલમોક્ષપ્રદઃ ।।૮૧૦।।**

અજગર દેહધારી અઘાસુરને ઉત્તમ પ્રકારે મોક્ષ આપનાર; નિજધામમાં અનીકાર કરી મુક્તિ – જન્મ – મરણ રહિત કરનાર.

**પુષ્ટઃ ।।૮૧૧।।**

અજગર રૂપવાળા અઘાસુરના ગળામાં મુખથી પ્રવેશ કરી અત્યન્ત વૃદ્ધિ પામનાર એવા શ્રીપુરુષોત્તમ.

**બ્રહ્મમોહપ્રવર્ધનઃ ।।૮૧૨।।**

ચતુર્મુખ બ્રહ્માને મહામોહ વધારનાર.

ગોપબાલકો સહ વર્તમાન હાથમાં અનેક વસ્તુઓ લઈ ભોજન કરતાં ગોધન દૂર ચાલ્યું ગયું. એટલે સર્વ ગોપબાલોને ધૈર્ય આપી આપ શ્રીકૃષ્ણ હસ્તકમલમાં દહીં અને ભાતના કોળિયા સહિત જ ગોધનને પાછું વાળવા પધાર્યા. પરન્તુ બ્રહ્માજીએ એ ગોધનને તથા સર્વ બાલકોને પોતાની યોગશક્તિવડે અદશ્ય કરી નિદ્રાધીન બનાવી દીધા, એટલે પોતાને મોહ પમાડવા આવેલા બ્રહ્માજીને મોહ પમાડવા જેટલા વત્સો, જેટલાં બાલકો વગેરે હતાં તેટલાં અને તેવાં જ રૂપો ધારણ કરી બ્રહ્માને પણ મુગ્ધ – દિગ્મૂઢ – સ્તબ્ધ બનાવી દીધા. એ આ સ્કન્ધના તેરમા અધ્યાયના આખ્યાનને ઉદ્દેશી બ્રહ્મદેવને મોહ વધારનાર શ્રીકૃષ્ણ ભગવાન્ એમ કથન કરે છે. ( મોહ પમાડવા કેવી રચના કરી હતી તેનાં નામો ઉપદેશે છે )

**અનન્તમૂર્તિઃ ।।૮૧૩।।**

અનન્ત – સઙ્ખ્યા ન કરી શકાય, તેટલી જેમની વત્સો તથા ગોપાલો ની મૂર્તિઓ છે એવા શ્રીકૃષ્ણ.

( પ્રથમ ભગવાન્નું બાહ્ય સ્વરૂપ ઉપરના નામથી જણાવી હવે સર્વાન્તરયામી સ્વરૂપ કહે છે )

**સર્વાત્મા ।।૮૧૪।।**

સર્વના અન્તર્યામી – સર્વના આત્મારૂપ.

**જંગમસ્થાવરાકૃતિઃ ।।૮૧૫।।**

જંગમ – ગોપબાલકો તથા વત્સ વગેરે. અને સ્થાવર વસ્ત્ર આભરણ લાકડીઓ શીકાં વાદ્યો વગેરે, એ સર્વ સ્થાવર – જંગમ આકૃતિઓ સ્વરૂપોને ધારણ કરનાર ભગવાન્ શ્રીપુરુષોત્તમ.

### બ્રહ્મમોહનકર્તા ચ સ્તુત્ય આત્મા સદાપ્રિયઃ ।।

**બ્રહ્મમોહનકર્તા ।।૮૧૬।।**

લક્ષ્મીનું મોહન – વિતર્ક અર્થાત્ ભગવાન્ શ્રીકૃષ્ણચન્દ્રનું ન જાણી શકાય, ન વિચારી શકાય તેવું અપરિમિત ઐશ્વર્ય છે, એવા પ્રકારનો વિતર્ક તે મોહન ગણાય છે. બ્રહ્માજીને તેવા પ્રકારનું મોહન કરનાર.

અહીં એવી શંકા ઊઠે છે. ''૮૧૨ બ્રહ્મમોહપ્રવર્ધનઃ'' એવું નામ કહી પછીથી આ નામનું કથન કરવામાં એક જ અર્થ જેવું હોવાથી પુનરુક્તિ દોષ થાય છે! તેના પ્રત્યુત્તરમાં કથન કરવાનું કે પ્રથમનું ૮૧૨મું નામ મોહ પમાડવાના અર્થમાં છે. અને આ ૮૧૬ મું નામ તો મોહ પમાડનાર નહિ, પરન્તુ મોહથી થયેલા ફલને – લાભને સૂચવનાર છે. એટલે મોહ પામવાને લીધે જ પ્રભુના અપરિમિત આશ્ચર્યના દર્શનનો લાભ – ફલ બ્રહ્મદેવને થયેલો છે, એ પ્રથમના તાત્પર્યથી કેવલ ભિન્ન જ છે, જેથી ફલિતાર્થ હોવાને લીધે પુનરુક્તિ દોષ થતો નથી.

**સ્તુત્યઃ ।।૮૧૭।।**

બ્રહ્મદેવવડે સ્તુતિ – સ્તવન કરવા યોગ્ય.

**આત્મા ।।૮૧૮।।**

સર્વ દેહધારીઓના આત્મારૂપ પરમાત્મા શ્રીકૃષ્ણ.

**સદાપ્રિયઃ ।।૮૧૯।।**

સર્વકાલમાં સર્વને પ્રિય લાગે તેવા.

# શ્રીમદ્‌ભાગવત દશમસ્કંધ સુબોધિની
# તામસ પ્રમાણ પ્રકરણ
## (અધ્યાય ૫-૧૧ તથા પ્રક્ષિપ્ત અધ્યાય૧૨-૧૪)
## ।। અધ્યાય પાંચમો ।।

**એવં ચતુર્ભિરધ્યાયૈર્જન્મ વિષ્ણોર્નિરૂપિતમ્ ।।**
**હેતૂદ્યમોત્તરાંગૈશ્ચ રાજસાદિગુણૈર્યુતમ્ ।। કા. ૧.।।**
**સપ્તસપ્તતિભિઃ કૃત્યં હરેરત્ર નિરૂપ્યતે ।।**

કારિકાર્થ : એ પ્રમાણે ચાર અધ્યાયોથી હેતુ, ઉદ્યમ અને ઉત્તરાંગ સહિત રાજસ વિગેરે ગુણોવાળા વિષ્ણુના જન્મનું નિરૂપણ કર્યું. અહિં (હવે) સિત્તોતેર (અધ્યાયો)થી હરિના કૃત્યનું નિરૂપણ કરવામાં આવે છે. કા.૧-૧ાા.

અથવા

એ પ્રમાણે ચાર અધ્યાયોથી હેતુ, ઉદ્યમ અને ઉત્તરાંગ સહિત વિષ્ણુના જન્મનું નિરૂપણ કર્યું. અહિં (હવે) રાજસ વિગેરે ગુણોવાળા હરિના કૃત્યનું સિત્તોતેર(અધ્યાયો)થી નિરૂપણ કરવામાં આવે છે. કા. ૧-૧ાા.

પ્રથમ જન્મ પ્રકરણ પહેલા ચાર અધ્યાયોથી પુરું થયું. હવે બીજા પ્રકરણનો પ્રારંભ અહિંથી (પાંચમા અધ્યાયથી) કરવાનો છે. તેથી પ્રકરણની સંગતિ જણાવવા પહેલા પ્રકરણનો અર્થ આરંભમાં કહી જાય છે. ભગવાનનાં કૃત્યોનું હવે નિરૂપણ કરવાનું છે, અને કૃત્યોનું નિરૂપણ કરવા માટે પ્રથમ આરંભમાં જન્મનું નિરૂપણ કર્યું. હવે પછી કૃત્યોનું નિરૂપણ થઈ શકે તેવા હેતુથી પ્રથમ જન્મનું નિરૂપણ કર્યું. એ પ્રમાણે પહેલા પ્રકરણની આ પ્રકરણ સાથે સંગતિ થાય છે.

ભગવાનના જન્મનું વિશેષ કરીને ત્રીજા અધ્યાયમાં નિરૂપણ કરેલું છે, છતાં પહેલા ચારે અધ્યાયમાં હેતુ, ઉદ્યમ અને ઉત્તરાંગ સહિત જન્મનું નિરૂપણ કરેલું છે. પ્રથમ અધ્યાયમાં જન્મનો હેતુ કહેલો છે. ભક્તોને દુઃખ થવાથી ભગવાનને જન્મ લેવો પડેલો છે; તેથી ભક્તોનું દુઃખ એ જન્મનો હેતુ (કારણ) પહેલા અધ્યાયમાં કહેલો છે. બીજા અધ્યાયમાં માયાને આજ્ઞા કરવારૂપ જન્મ લેવા માટેનો ભગવાનનો ઉદ્યમ કહેલો છે. ત્રીજા અધ્યાયમાં જન્મનું નિરૂપણ કરેલું છે, તે પહેલાં હેતુ અને ઉદ્યમ કહેલા હોવાથી તે જન્મના પૂર્વ અંગ છે. ચોથા અધ્યાયમાં માયાના કાર્યરૂપ કાપટ્ય કહેલું છે, તે જન્મ પછી કહેલું હોવાથી

જન્મનું ઉત્તરાંગ છે. એ પ્રમાણે પ્રથમ જન્મપ્રકરણમાં જન્મના હેતુ, ઉદ્યમ અને ઉત્તરાંગ (કાપટ્ય) સહિત ભગવાનના જન્મનું નિરૂપણ કરેલું છે. (**પ્ર.**=શ્રીપુરુષોત્તમજીકૃત પ્રકાશ.+ **કા.** = ભ. નિર્ભયરામભટ્ટકૃત કારિકાર્થ.)

અથવા ઉત્તરાંગ એટલે જન્મ પછી ભગવાને બીજું (પ્રાકૃત રૂપ) સ્વીકાર્યું તે. આ ત્રીજા અધ્યાયમાં કહેલું છે અને ભગવાનના રાજસ વિગેરે ગુણોવાળા એટલે રાજસ, તામસ અને સાત્ત્વિક, એ ત્રણ ગુણોવાળા જન્મનું ચોથા અધ્યાયમાં નિરૂપણ કરેલું છે. વ્યામોહ (કોઈને મોહ કરવો તે) રજોગુણનું કાર્ય છે અને આ અધ્યાયમાં રજોગુણને પ્રધાન ગુણ ગણીને વ્યામોહ (યશોદાજીને વ્યામોહ થયો તે) કહેલ હોવાથી આ ચોથા અધ્યાયનો અર્થ વ્યામોહ છે. એ રીતે આ ચાર અધ્યાયોથી સર્વત્ર વ્યાપી રહેલ વિષ્ણુનો જન્મ એટલે એક સ્થલમાં પ્રાકટ્ય કહેલું છે. પ્રાકટ્ય થયા વિના લીલા સંભવે નહિ. તેથી લીલાના હેતુરૂપ પ્રાકટ્ય પ્રથમ કહ્યું છે, એમ આ પહેલા પ્રકરણની આગળના પ્રકરણ સાથે સંગતિ થાય છે. (**લે.** = ગોસ્વામિ શ્રીવલ્લભજીકૃત લેખ.)

અથવા રાજસ એટલે રાજસભક્તો; રાજસ વિગેરે એટલે તામસ, રાજસ અને સાત્ત્વિક ભક્તો, અને ઐશ્વર્ય વિગેરે ભગવાનના છ ગુણો. તેઓ સાથે ભગવાનના જે જે સ્વરૂપનું આગળ (૫ થી ૩૨, ૩૩ થી ૬૦, ૬૧ થી ૮૧ અને ૮૨ થી ૮૭ અધ્યાયોમાં) નિરૂપણ કરવાનું છે તે તે સ્વરૂપનો પહેલેથી એક એક અધ્યાયમાં જૂદો જૂદો જન્મ કહેલો છે; તેથી ચારે અધ્યાયોમાં ભગવાનના જન્મનું નિરૂપણ કરેલું છે. (પ્ર)

'એ પ્રમાણે ભગવાનના જન્મનું નિરૂપણ કરેલું હોય તો પુરુષોત્તમનો જન્મ થયાનું ક્યાંય કહેલું નથી' એવી શંકા ન કરવી, કારણ કે શ્રીપુરુષોત્તમ તો અજન (જન્મરહિત) છે, એમ ૧૦।૩।૫, ૧૦।૫।૧૨ વિગેરે સ્થલે કહેલું છે. તેમજ પુરુષોત્તમનો જન્મ થઈ જ ન શકે એવી પણ શંકા કરવી નહિ, કારણ કે ''જન્મ લીધા વિના બહુ રીતે જન્મે છે'' એ શ્રુતિ કહે છે, તે પ્રમાણે વ્યૂહ દ્વારા જ પુરુષોત્તમ જન્મનો અંગીકાર કરે છે. તેથી જ અહિં 'વિષ્ણુ'ના જન્મનું નિરૂપણ કર્યું એમ શ્રીમદાચાર્યચરણ કહે છે. (પ્ર)

એ પ્રમાણે પ્રકરણની સંગતિ જણાવવા પહેલા પ્રકરણનો અર્થ કહી, હવે જે પ્રકરણનો આરંભ કરવાનો છે તેનો અર્થ કહે છે. હવે સિત્તોતેર અધ્યાયોથી હરિના કૃત્યનું નિરૂપણ કરવામાં આવે છે. 'રાજસ વિગેરે ગુણોવાળા' વિશેષણ 'જન્મ' સાથે ન લેતાં, હરિના 'કૃત્ય' સાથે લેવું. તેથી હવે હરિના રાજસ વિગેરે, એટલે તામસ, રાજસ અને સાત્ત્વિક ગુણવાળાં કૃત્યનું નિરૂપણ અહિંથી સિત્તોતેર અધ્યાયોથી (૨૮+૨૮+૨૧) કરવામાં આવે છે. આ અધ્યાયોમાં તામસ,

રાજસ અને સાત્ત્વિક ભક્તોનો નિરોધ કરવા ભગવાને બાલલીલા વિગેરે જે જે કૃત્યો કર્યા તે કહેવામાં આવે છે. જે ભક્તોનો ભગવાન્ નિરોધ કરવાના છે તે ભક્તો તામસ, સાત્ત્વિક અને રાજસ હોવાથી, તેમના નિરોધ માટે ભગવાને કરેલાં કૃત્યોને પણ તામસ વિગેરે ગુણવાળાં કહેલાં છે. ત્રણ ગુણોમાં રજોગુણ (તેઓનાં કાર્ય-ઉત્પત્તિ, સ્થિતિ અને પ્રલય માં ઉત્પત્તિ પ્રથમ હોવાથી) પ્રથમ ગણાતો હોવાથી, નિરોધ કરવાના ભક્તોના ક્રમની અપેક્ષા મૂકી દઈ, ગુણના ક્રમ પ્રમાણે રાજસ વિગેરે ગુણોવાળાં કૃત્યો કહેલાં છે. (**યો.** =ભ. લાલૂભટ્ટજીપ્રણીત યોજના. +**કા.**) (કા. ૧।।.

**ભગવાન્ સ્વેન ધર્મૈશ્ચ સપ્તધૈકાદશેન્દ્રિયૈઃ ।।કા. ૨।।**
**કૃત્યં ચકાર યસ્માદ્ધિ તતસ્તાવદ્ભિરુચ્યતે ।।**

(ભગવાન્) પોતે અને પોતાના (છ) ધર્મો (એ પ્રમાણે) સાત પ્રકારે (ભક્તોની) અગીઆર ઈન્દ્રિયોથી ભગવાને કૃત્યો કર્યાં, તેથી તેટલા (૧૧× ૭=૭૭) અધ્યાયોથી (ભગવાનનાં કૃત્ય) કહેવામાં આવે છે. કા. ૨।।.

તામસ, રાજસ અને સાત્ત્વિક, એ ત્રણે પ્રકરણોના ૭૭ અધ્યાયો છે, કારણ કે (ભક્તોની) ૧૧ ઈન્દ્રિયો પૈકી પ્રત્યેક ઈન્દ્રિયથી (અનુભવાતા ભગવત્સ્વરૂપે) ભગવાને પોતે-ધર્મીએ, અને પોતાના છ ધર્મો પૈકી દરેક ધર્મથી એ પ્રમાણે સાત પ્રકારે કૃત્ય (લીલા) કર્યાં, તેથી ૧૧×૭=૭૭ અધ્યાયોથી આ ત્રણે પ્રકરણ કહેલાં છે. (કા)

ભક્તોની ચક્ષુ વિગેરે ઈન્દ્રિયો સાથે ભગવાન્ જે જે લીલા કરે છે તે બધી આ તામસ, રાજસ અને સાત્ત્વિકપ્રકરણમાં કહેલી છે. આ લીલાઓ ભગવાન્ પોતાના ઐશ્વર્ય વિગેરે છ ગુણોથી તેમજ પોતાના ધર્મિસ્વરૂપથી કરે છે તેથી ભક્તોની અગીઆર ઈન્દ્રિયો સાથે કરેલી અગીઆર પ્રકારની દરેક લીલા પાછી સાત પ્રકારની થાય છે, એટલે આ પ્રકરણોના ૧૧×૭=૭૭ અધ્યાયો થાય છે. તેથી આ ત્રણ પ્રકરણોમાં સિત્તોતેર અધ્યાયો છે. (યો)

છેલ્લા ગુણપ્રકરણમાં તો માત્ર ભગવાને પોતાના ધર્મોથી જ લીલા કરેલી છે, તેથી તેના છ જ અધ્યાયો છે. (પ્ર)

**ત્રિવિધાનિ ચ કર્માણિ ત્રિવિધાનાં હિતાય હિ ।।કા. ૩।।**
**તત્ત્વાતિક્રમણે રોધસ્તામસે રાજસે ભવેત્ ।।**
**કાલાતિક્રમણે શિષ્ટે કાલસ્તત્રૈકવિંશતિઃ ।।કા. ૪।।**
**''દ્વાદશ માસાઃ પઞ્ચર્તવઃ ત્રય ઈમે લોકા**
**અસાવાદિત્ય એકવિંશ'' ઈતિ શ્રુતેઃ ।।**

ત્રણ પ્રકારના (ભક્તોના) હિત માટે (ભગવાને) ત્રણ પ્રકારનાં

કર્મો[1] કરેલાં છે. તામસ અને રાજસ(ભક્તો)નો નિરોધ તત્ત્વનું અતિક્રમણ કરવાથી થાય, અને બાકીના (સાત્ત્વિક ભક્તો)નો નિરોધ કાલનું અતિક્રમણ કરવાથી થાય; તેમાં 'બાર મહિનાઓ, પાંચ ઋતુઓ, આ ત્રણ લોકો અને એકવીશમો એ આદિત્ય' શ્રુતિ પ્રમાણે કાલ એકવીશ પ્રકારનો છે. કા. ૪.

તામસ, રાજસ અને સાત્ત્વિક, એ ત્રણ પ્રકારના ભક્તોના હિત માટે એટલે એ ત્રણ પ્રકારના ભક્તોનો નિરોધ કરવા માટે ભગવાને ત્રણ પ્રકારનાં કર્મો કરેલાં છે. આ ત્રણ પ્રકરણોમાં સરખા અધ્યાયો નથી (૭૭ને ત્રણથી શેષ વિના ભાગી શકાતું જ નથી.), પરંતુ ઓછા વધારે છે, તેનું કારણ એ છે કે તામસ ભક્તોનો નિરોધ તત્ત્વોનું અતિક્રમણ કરવાથી થાય છે; તેમજ રાજસ ભક્તોનો નિરોધ પણ તત્ત્વોનું અતિક્રમણ કરવાથી થાય છે. તત્ત્વો ૨૮ છે, તેથી આ તામસ અને રાજસ પ્રકરણમાં અઠ્ઠાવીશ અઠ્ઠાવીશ અધ્યાયો છે. બાકીના સાત્ત્વિક ભક્તો નો નિરોધ કાલનું અતિક્રમણ કરવાથી થાય છે અને 'બાર મહિનાઓ...' વિગેરે શ્રુતિમાં જણાવ્યા પ્રમાણે કાલ ૨૧ પ્રકારનો હોવાથી, સાત્ત્વિકપ્રકરણના એકવીશ અધ્યાયો છે.

લોકમાં છ ઋતુઓ ગણાય છે, પરંતુ હેમંત અને શિશિર ઋતુઓને એક ગણવાથી પાંચ ઋતુઓ થાય છે. આ હેમંત અને શિશિર એવા બે રૂપવાળી એક જ ઋતુ છે, એમ ૧૦।૧૭।૮ પરનાં શ્રીસુબોધિનીમાં જણાવેલું છે. તેથી બાર મહિનાઓ, પાંચ ઋતુઓ, ત્રણ લોક (સૂર્યલોક, અંતરિક્ષ (સૂર્યલોક અને ભૂમિ વચ્ચેનો લોક) અને ભૂમિ એ ત્રણ લોક. જુઓ ૧૦।૧૭।૫ થી ૧૭ પરનાં શ્રીસુબોધિની) અને આદિત્ય એ એકવીશ પ્રકારનો કાલ છે, તેથી સાત્ત્વિક પ્રકરણના ૨૧ અધ્યાયો છે. (કા)

**લૌકિકેષુ તુ ધર્મેષુ યત્રૈવ હરિવેશનમ્ ।।**
**નિવર્તતે તદેવાત્ર વહ્નેર્દારુમયં યથા ।।કા. ૫।।**

જેમ કાષ્ઠવાળા પદાર્થમાં જેમાં અગ્નિનો પ્રવેશ થાય છે તે જ નિવૃત્ત થાય છે તેમ અહિં લૌકિક ધર્મોમાં જેની અંદર હરિનો પ્રવેશ થાય છે તે જ નિવૃત્ત થાય છે. કા. ૫.

લૌકિક ધર્મોમાંથી એટલે ૨૮ તત્ત્વોમાંથી જે તત્ત્વમાં હરિનો પ્રવેશ થાય છે, એટલે જે તત્ત્વને હરિની સંગતિ થાય છે તે તત્ત્વ સ્વરૂપથી નિવૃત્ત થાય છે, (તેમાંથી લૌકિક ધર્મ જતો રહે છે) અને તે ભગવદ્રૂપ થાય છે. તામસ અને રાજસ

૧. અહિં ભગવાનનાં કર્મોને ત્રણ પ્રકારનાં કહેલાં છે. તેથી પહેલી કારિકામાં 'રાજસ વિગેરે ગુણોવાળું' એ ભગવાનના કૃત્યનું વિશેષણ યોજના અને કારિકાર્થમાં લીધેલું છે એ યોગ્ય જણાય છે, તેને જન્મનું વિશેષણ લેવું એ કિલષ્ટ જણાય છે.

પ્રકરણના સંબંધમાં લૌકિક ધર્મ એટલે તત્ત્વ, અને સાત્ત્વિકપ્રકરણમાં લૌકિક ધર્મ એટલે કાલના અવયવો. આ કાલના ૨૧ પૈકી જે અવયવમાં ભગવાનનો પ્રવેશ થાય છે તે સ્વરૂપથી નિવૃત્ત થાય છે અને ભગવદ્રૂપ થાય છે, એટલે અલૌકિક દેહ પ્રાપ્ત થતાં સર્વ રીતે નિરોધ સિદ્ધ થાય છે. આ સંબંધમાં કાષ્ઠ અને અગ્નિનું દૃષ્ટાંત આપે છે. જે કાષ્ઠના પાત્રમાં અગ્નિ રાખવામાં આવે તે જ કાષ્ઠનું પાત્ર સ્વરૂપથી નિવૃત્ત થાય છે (કાષ્ઠ મટી જાય છે) અને અગ્નિરૂપ થાય છે, તેમ જે લૌકિક તત્ત્વ અથવા કાલના અવયવને ભગવાનનો સંબંધ થાય છે તે લૌકિક તત્ત્વ મટી ભગવદ્રૂપ થાય છે[૨]. (લે+કા)

**સ્વભાવસ્યાન્યથાભાવો ન વૈ શક્યઃ કથંચન ।।**
**અતસ્ત્રિવિધજીવેષુ ત્રિવિધા ભગવત્કૃતિઃ ।।કા. ૬।।**

સ્વભાવનો અન્યથા ભાવ કરવો (સ્વભાવ ફેરવવો)એ કોઈ રીતે શક્ય નથી, તેથી ત્રણ પ્રકારના જીવો પ્રતિ ભગવાને ત્રણ પ્રકારનાં કૃત્ય કર્યાં. કા. ૬.

જીવનો સ્વભાવ ફેરવી, તેમના સાત્ત્વિક, રાજસ અથવા તામસ સ્વભાવ ફેરવી, તેમનો નિરોધ કરવાની ભગવાનમાં શક્તિ હોવા છતાં ભગવાને તેમના સ્વભાવને અનુસરી તામસ રાજસ અને સાત્ત્વિક એવાં ત્રણ પ્રકારનાં કૃત્ય કર્યાં, તેનું કારણ અહિં દર્શાવેલું છે. (પ્ર)

જીવ પોતાની ગમે તેવી કૃતિથી, ગમે તે પ્રકારનાં સાધન કરે તો પણ પોતાનો સ્વભાવ ફેરવી શકતો જ નથી. (કા)

ભગવાન્ જીવનો સ્વભાવ ફેરવી શકે, પણ તેમનો સ્વભાવ ફેરવવા કરતાં તેમના સ્વભાવને અનુસરે તો તે પરમદયાળુ ગણાય અને તો જ ભક્તિમાર્ગની ઉત્તમતા સિદ્ધ થાય. જો ભગવાન્ તેમનો સ્વભાવ ફેરવી નાખે તો તેમનાં કૃત્ય અનેક પ્રકારે ક્લિષ્ટ (દુઃખમય) થાય, અને તેમણે કરેલી એ લીલા રસાલ (રસવાળી) ન થાય (**ટિ** = શ્રીગુસાંઈજીકૃત ટિપ્પણી.), તેથી ભગવાન્ તેમના સ્વભાવને નહિ ફેરવતાં તેમના સ્વભાવને અનુસરી ત્રણ પ્રકારનાં કૃત્ય કરે છે.

**લૌકિકં તામસે મુખ્યં કામાન્તા ચ કૃતિઃ સ્ફુટા ।।**
**કામોદ્ભૂતે તથા પ્રીતિસ્તેનાદૌ તન્નિરૂપ્યતે ।।કા. ૭।।**

તામસમાં લૌકિક મુખ્ય હોય છે; તેમનાં કૃત્ય 'કામ' જેનું ફલ હોય તેવાં સ્પષ્ટ હોય છે. તેમજ કામથી ઉદ્ભૂત (આવિર્ભૂત)માં તેમની પ્રીતિ હોય છે, તેથી આરંભમાં તે(તામસપ્રકરણ)નું નિરૂપણ કરવામાં આવે છે. કા. ૭.

ભક્તિમાર્ગનો મુખ્ય સિદ્ધાંત એવો છે કે શ્રીપુરુષોત્તમનું સ્વરૂપ એ જ ફલ છે, બીજું કાંઈ ફલ નથી. બીજા પદાર્થો ફલરૂપ છે, તેઓને શ્રીપુરુષોત્તમનો

૨. જુઓ દશમસ્કંધ શ્રીસુબોધિની પ્રારંભકારિકા ૧૫।। થી ૧૭।।.

સંબંધ હોવાથી જ ફલ કહેવામાં આવે છે. ભગવાન્ કોઈ જીવનો સ્વભાવ ફેરવે નહિ તો સાત્ત્વિક જીવોને તો જ્ઞાનમાર્ગ વિગેરે વેદમાં કહેલા માર્ગમાં જ રુચિ હોવાથી તેઓને શ્રીપુરુષોત્તમના સ્વરૂપનું સ્મરણ ન રહે; તેવી જ રીતે રાજસ જીવોનાં ચિત્ત વિક્ષિપ્ત હોવાથી તેઓ લૌકિક અથવા અલૌકિક (શ્રાદ્ધ વિગેરે) કર્મોમાં રચ્યા પચ્યા રહે અને તેથી શ્રીપુરુષોત્તમના સ્વરૂપને વિસરી જાય; પરંતુ તામસ જીવો તો મૂઢ હોવાથી જેમાં તેમનો આગ્રહ થાય તેમાંથી તે કોઈ રીતે જતો નથી, એવું લોકમાં જોવામાં આવે છે. તેથી તામસ વ્રજવાસીઓનો ભગવાનના સ્વરૂપમાં એવો સ્નેહ થયો કે સ્વરૂપથી ભિન્ન કોઈપણ ધર્મ તેમને રુચ્યો નહિ, સ્વરૂપથી ભિન્ન ભગવાને કહેલ ધર્મ(વન તજી વ્રજમાં જઈ પતિ વિગેરેની સેવા કરવાની ભગવાને કરેલી આજ્ઞા)નો પણ તેમણે સ્વીકાર કર્યો નહિ; તેમજ ત્યાર પછી ભગવાને (ઉદ્ધવ મારફત) આપેલ જ્ઞાન પણ તેમને રુચ્યું નહિ. તેથી ભગવાનના સ્વરૂપમાં જ તેમની આસક્તિ હતી, અને નિરોધ તેમનો જ સારી રીતે થયો હતો. તેથી તેઓમાં તામસોના જેવો આ ગુણ (જેમાં આગ્રહ થયો તે મૂકવું નહિ તે ગુણ) હોવાથી અને પુષ્ટિમાર્ગની રીત મર્યાદામાર્ગથી જૂદા જ પ્રકારની છે, એમ દર્શાવવા આ પ્રકરણને તામસપ્રકરણ કહેલું છે, પરંતુ વસ્તુતઃ આ નિગુર્ણ (ભક્તોનું) જ પ્રકરણ છે. વળી શ્રીમદ્ભાગવત ૧૧।૨૧।૩૧ તથા ૬।૧૭।૨૮માં જણાવ્યા પ્રમાણે :

> ભગવાનના ભક્તો જ્ઞાન વૈરાગ્ય વિગેરે સાધનોની અપેક્ષા રાખતા નથી અને તે સાધનોથી પ્રાપ્ત થતા મોક્ષને પણ નરક સમાન ગણે છે, તેથી પણ ભક્તિમાર્ગથી જ્ઞાનમાર્ગ હલકો છે અને ભગવાનમાં જ અનન્ય વિશુદ્ધ ભાવવાળા ભક્તો સર્વથી અધિક છે એમ શાસ્ત્રોથી સિદ્ધ છે.

'તામસમાં લૌકિક મુખ્ય હોય છે.' વચનથી શ્રીમદાચાર્યચરણે આ જ (અર્થ) કહેલો છે. ભગવાન્ વ્યાપક (સર્વ સ્થલોમાં રહેલા) છે અને (સર્વના) આત્મા છે, તેથી સર્વના હૃદયમાં રહેલા છે; એમ શ્રવણ કરેલ હોવા છતાં, બહાર લોકમાં જે ભગવાનનું રૂપ પ્રકટ હતું તે જ આ ભક્તોને મુખ્ય હતું, પરંતુ અંતરાત્મા વિગેરે ભગવાનનું અપ્રકટ રૂપ તેઓને મુખ્ય ન હતું એવો અર્થ છે.

વળી કામ જ જેનું ફલ છે, તેવી તેઓની કૃતિ હતી. મર્યાદામાર્ગથી આ (પુષ્ટિ) માર્ગ જૂદા પ્રકારનો છે અને તેથી (મર્યાદામાર્ગમાં હલકી ગણાય છે તે) સ્ત્રીઓ આ માર્ગમાં મુખ્ય છે, એમ જણાવવા તથા મર્યાદામાર્ગમાં મુક્તિ પ્રાપ્ત કરવામાં વિઘ્ન કરનાર તરીકે મનાએલો કામ જ આ માર્ગમાં ભગવાનની પ્રાપ્તિ કરાવનાર છે, એમ જણાવવા તેઓની આવી (કામ જ જેનું ફલ છે તેવી) કૃતિ

સ્પષ્ટ જણાવેલી છે. ભગવાનની પ્રાપ્તિ જેને થાય તેવા ભક્તોની આવી કૃતિ સંભવતી નથી, એવો ખ્યાલ ન કરવો; કારણ કે આવી જ તેમની કૃતિનું આગળ (ફલપ્રકરણમાં) સ્પષ્ટ રીતે નિરૂપણ કરવામાં આવશે.

વળી મર્યાદામાર્ગમાં વેદમાં કહેલ છે, તે પ્રમાણે ભક્તિ કરવાથી ભગવાનનો આવિર્ભાવ થાય છે; પરંતુ અહિં પુષ્ટિમાર્ગમાં કામને લીધે દૈન્ય થતાં પ્રભુ પ્રકટ થાય છે, તેમનામાં સ્નેહ થાય છે, અને તે સ્નેહ પણ કામશાસ્ત્રને અનુસરતો તેવો જ (કામથી થએલો), પરંતુ વેદમાં કહેલા પ્રકારનો નહિ, એમ શ્રીમદ્‌ભાગવત ૧૦।૨૯।૬ વિગેરેથી જણાય છે. વળી આ ભક્તોને ભગવાને પોતે અધીન થઈ, તેઓનું અધીનપણું સ્વીકારી, સાધનો કરવા છતાં બ્રહ્મા વિગેરેને પણ જે પ્રાપ્ત ન થાય તેવા ભજનાનંદનું તેમને દાન કર્યું, તેથી તેઓ સર્વથી ઉત્તમ છે.

વળી આગળ શ્રીમદ્‌ભાગવત ૧૦।૩૦।૨૩માં હાથીનું દષ્ટાંત આપેલું છે, તેથી એમ જણાવેલું છે કે ભગવાન્ પોતે કામને લીધે ભક્તો સમીપ પધારે છે. તેથી આવી રીતે કામથી ઉદ્‌ભૂત એટલે આવિર્ભૂત થએલા પ્રભુમાં તે ભક્તોનો સ્નેહ હતો. આવું આ માર્ગ સિવાય બીજે સંભવતું નથી, તેથી આરંભમાં આ પ્રકરણનું નિરૂપણ કરવામાં આવેલું છે તે યોગ્ય જ છે. (ટિ)

લોકમાં ભગવાનનું જે રૂપ બહાર પ્રકટ થએલ હોય તે જ તામસભક્તોને મુખ્ય છે, અંતરાત્મા વિગેરે ભગવાનનાં રૂપ તેઓને મુખ્ય નથી. વળી તેઓની કર્મ વિગેરેમાં આસક્તિ હોતી નથી અને બહાર પ્રકટ થએલ ભગવાનના રૂપમાં જ તેઓનો દઢ આગ્રહ હોય છે, તેથી તેઓને તામસ કહેલા છે, પરંતુ વસ્તુતઃ તેઓ નિર્ગુણ જ છે. (કા)

**બાલલીલા મધ્યલીલા પ્રૌઢલીલા તથૈવ ચ ।।**
**કામલીલેતિ લોકે વૈ ચતસ્રઃ સુખદાઃ સ્મૃતાઃ ।।કા. ૮।।**

બાલલીલા, મધ્યલીલા, તેમજ પ્રૌઢલીલા અને કામલીલા, એ ચાર પ્રકારની લીલાઓ લોકમાં સુખ આપનારી ગણાએલી છે. કા. ૮.

તામસપ્રકરણનાં અવાંતર (પેટા) પ્રકરણો ચાર છે. પ્રમાણ, પ્રમેય, સાધન અને ફલના ભેદથી તામસપ્રકરણનાં ચાર અવાંતર પ્રકરણો છે એમ જણાવવા, એ અવાંતર પ્રકરણોના અર્થ અહિં કહેલ છે. તામસપ્રમાણપ્રકરણમાં ભગવાનની બાલલીલા કહેલી છે, તામસપ્રમેયપ્રકરણમાં મધ્ય એટલે પૌગંડવયમાં કરેલી લીલા કહેલી છે, તામસસાધનપ્રકરણમાં પ્રૌઢલીલા કહેલી છે અને તામસ-ફલપ્રકરણમાં કામલીલા કહેલી છે. એ ચાર પ્રકારની લીલાઓ લોકમાં સુખ આપનારી ગણાએલી છે.

આ અવાંતરપ્રકરણોમાં જ્યાં બલદેવનું ચરિત કહેલું છે, તે પણ બલદેવમાં તે સમયે ભગવાનનો આવેશ હોવાથી ભગવાનનું જ ચરિત છે એમ જાણવું. (કા)

**એકં ભગવતઃ કાર્યં બહ્વર્થાનાં ચ સાધકમ્ ।।**
**પ્રપઞ્ચવિસ્મૃતિઃ સર્વા તદાસક્તિશ્ચ વર્ણ્યતે ।।કા. ૯।।**

ભગવાનનું એક કાર્ય ઘણા અર્થોને સાધનારું (હોય છે). પ્રપંચની પૂરેપૂરી વિસ્મૃતિ અને તેમનામાં (ભગવાનમાં) આસક્તિ વર્ણવવામાં આવે છે. કા. ૯.

'ભગવાન્ લૌકિકરૂપ ધારણ કરે અને એ ચાર પ્રકારની લીલા કરે તો જીવોને ભગવાન્ લૌકિક પુરુષ છે એવું જ્ઞાન થાય અને તેથી ભગવાનમાં તેઓનો નિરોધ થાય નહિ' એવી શંકા ન કરવી, કારણ કે ભગવાનનું દરેક કાર્ય ઘણા અર્થોને સાધનારું હોય છે. જેમ ભગવાને પૂતનાના પ્રાણરૂપ પયનું પાન, એ એક કાર્ય કર્યું; તેથી (૧) ભગવાનનું વીર્ય લોકમાં પ્રકટ થયું, (૨) પૂતનાની મુક્તિ થઈ, (૩) લોકમાં અને વેદમાં ભગવાનનું પ્રમેયબલ પ્રકટ થયું (જણાયું), (૪) પૂતનાએ જે બાલકોનું પહેલાં ભક્ષણ કરેલું તે બધા (પૂતનાના પયદ્વારા ભગવાનમાં આવવાથી) કૃતાર્થ થયા, (૫) જે બીજા બાલકોનું પૂતનાએ ભક્ષણ કરેલું ન હતું, પરંતુ ભગવાને તેના પ્રાણનું પાન કર્યું ન હોત તો જેઓનું તે ભવિષ્યમાં ભક્ષણ કરત તે સર્વની રક્ષા થઈ, (૬) વળી આ ભગવાનનાં કાર્યથી ભવિષ્યમાં વ્રજવાસીઓને શ્રીમદ્ભાગવત ૧૦।૨૩।૪માં જણાવ્યા પ્રમાણે ભગવાનના માહાત્મ્યનું જ્ઞાન થયું અને પછી તેમનામાં સ્નેહ થયો, (૭) તેઓને તે સમયે (પૂતનાના અસુનું પાન કર્યું તે સમયે) વિસ્મય થએલ અને (૮) બીજાઓને (આધુનિક જીવોને પણ) ભગવાનની એ લીલાના શ્રવણનું ફલ પ્રાપ્ત થાય છે. એ વિગેરે અનેક કાર્ય સિદ્ધ થયાં. તેવી જ ભગવાનની દરેક લીલા છે. ભગવાનની દરેક લીલાથી એવા અનેક અર્થ સિદ્ધ થાય છે. ભગવાનની આવી લીલાથી ભક્તોને પ્રપંચની પૂરેપૂરી વિસ્મૃતિ થાય છે અને ભગવાનમાં તેઓની આસક્તિ થાય છે. તેથી આવી ભગવાનની લીલાનું વર્ણન કરવાથી ભક્તોની પ્રપંચની વિસ્મૃતિ અને ભગવાનમાં આસક્તિ વર્ણવાય છે અને તેથી ભક્તોનો નિરોધ સિદ્ધ થાય છે. ભગવાનમાં આસક્તિ મુખ્ય છે, અને પ્રપંચનું વિસ્મરણ એ તેનું અંગ છે, કારણ કે પ્રપંચની વિસ્મૃતિ થયા વિના ભગવાનમાં આસક્તિ થવી સંભવતી નથી. (ટિ) પ્રપંચની વિસ્મૃતિ થયા પછી ભગવાનમાં આસક્તિ થાય તે નિરોધ; અને ભગવાનની આ લીલા નિરોધ કરનારી છે. (કા)

**યેનૈવ ત્રિવિધા ભક્તા ન સ્મરન્તિ જગત્ ક્વચિત્ ।।**
**કૃષ્ણે ચ સન્નતાત્માનઃ તત્કાર્યં ભગવત્કૃતમ્ ।।કા. ૧૦।।**

જે કાર્યથી જ ત્રણ પ્રકારના ભક્તો જગતનું કોઈ સમયે સ્મરણ કરે નહિ અને શ્રીકૃષ્ણમાં આસક્ત ચિત્તવાળા રહે તે કાર્ય ભગવાને કરેલું છે. કા.૧૦.

'આ પ્રકરણોમાં તો બલદેવે કરેલાં કાર્યો પણ વર્ણવેલાં છે, તેથી તેમાં માત્ર ભગવાનની જ લીલાનું વર્ણન નથી' એવી શંકા ન કરવી, કારણ કે જે કાર્યથી ભક્ત જગતનું કોઈ સમયે સ્મરણ કરે નહિ અને શ્રીકૃષ્ણમાં આસક્ત રહે તે કાર્ય ભગવાનનું જ ચરિત છે. બલદેવે કરેલું કાર્ય વર્ણવેલું હોય તો તે સમયે બલદેવમાં ભગવાનનો આવેશ હોવાથી જ તેમણે તે કાર્ય કરેલું, અને તેથી તે કાર્ય ભગવાને જ કરેલું છે એમ જાણવું. કેવલ (આવેશરહિત) બલદેવે જે કાર્ય કર્યું હોય તેનાથી નિરોધ થાય નહિ. તેથી જ બલદેવ, અર્જુન અને ભીમના વ્યાજથી જેઓને ભગવાને હણેલા તેઓ ભગવાનના ધામમાં ગયા, એમ બ્રહ્માએ (૨।૭।૩૫માં) કહેલું છે. (ટિ)

પાછલી કારિકામાં ભગવાને પોતે કરેલી લીલા કહેલી છે અને આ કારિકામાં ભગવાને બલભદ્રમાં આવેશ કરી જે લીલા કરી તે કહેલી છે. પહેલાની કારિકામાં ભગવાને પોતે જે લીલા કરી તે કહેલી છે અને આ કારિકામાં કેવા પ્રકાર ની લીલા ભગવાનની ગણવી, ભગવાનની લીલા કેમ ઓળખવી એ જણાવેલ છે, તેથી પુનરુક્તિ દોષ નથી. (ટિ)

**બાલલીલા સપ્તવિધા પ્રથમં સા નિરૂપ્યતે ।।**
**બાલભાવરતા યે હિ તેષાં રોધસ્તતો ભવેત્ ।।કા.૧૧।।**

બાલલીલા સાત પ્રકારની છે, તેનું પ્રથમ નિરૂપણ કરવામાં આવે છે; કારણ કે જેઓ બાલભાવથી આનંદ પામનારા છે, તેમનો નિરોધ તેનાથી થાય છે. કા. ૧૧.

તામસપ્રમાણપ્રકરણમાં બાલલીલા કહેલી છે. તે સાત પ્રકારની છે, (તેથી આ પ્રકરણના સાત અધ્યાયો છે).(કા) જેઓ બાલભાવથી આનંદ પામનારા હોય છે તેમનો નિરોધ બાલલીલાથી થતો હોવાથી, આ લીલા પ્રથમ કહેવામાં આવે છે.

**ઉત્સવાવિષ્ટચિત્તા યે યેપ્યાશ્ચર્યાભિવેશિનઃ ।।**
**અલૌકિકરતા યે ચ યે ચોપદ્રવણોત્સુકાઃ ।।કા.૧૨।।**
**સ્ત્રીસ્વભાવરતા યે વૈ યે ચ તત્ત્વે ચ લૌકિકે ।।**
**સર્વોદ્યોગપરા યે ચ તેષાં રોધો નિરૂપ્યતે ।।કા.૧૩।।**

(૧) જેઓનાં ચિત્ત ઉત્સવમાં રહેલાં છે, (૨) જેઓ આશ્ચર્યમાં ગરકાવ પણ છે, (૩)જેઓ અલૌકિક(ભાવ)માં પ્રીતિવાળા છે, અને (૪)જેઓ ઉપદ્રવ માટે ઉત્સુક(આકાંક્ષાવાળા) છે, (૫)જેઓ સ્ત્રીભાવમાં પ્રીતિવાળા છે,

(૬)જેઓ લૌકિક તત્ત્વમાં (અથવા લૌકિકમાં અને તત્ત્વમાં) પ્રીતિવાળા છે, અને (જેઓ) (૭) સર્વ પ્રકારના ઉદ્યોગવાળા છે, તેઓના નિરોધનું (આ પ્રકરણમાં) નિરૂપણ કરવામાં આવે છે. કા. ૧૨-૧૩.

આ બે કારિકામાં આ પ્રકરણના અધ્યાયોમાં જે અધિકારીઓનો નિરોધ કરવામાં આવેલો છે, તેમનું ક્રમથી નિરૂપણ કરેલું છે. અહિં જેમનો નિરોધ કરેલો છે તે અધિકારીઓના સમૂહને જણાવેલ છે, પરંતુ આટલા જ અધિકારીઓનો નિરોધ કરેલો છે એમ નથી; કારણ કે જેઓની ભગવાનમાં આસક્તિ છે તેમને ભગવાનની સર્વ લીલાઓ તે તે લીલાને ભગવાનનો સંબંધ હોવાથી જ આનંદદાયક થાય છે.

(૧) આ પ્રકરણના પ્રથમ એટલે પાંચમા અધ્યાયમાં નંદમહોત્સવનું વર્ણન છે, તેથી જેઓનાં ચિત્ત ઉત્સવમાં રહેલાં છે તેઓનો તેમાં નિરોધ કરેલ છે એ સ્પષ્ટ છે. જેમનો નિરોધ આ પ્રકરણના સાત અધ્યાયોમાં કરેલો છે તેમનું અહિં નિરૂપણ કરેલું છે, પરંતુ અધ્યાયવાર અનુક્રમે નિરૂપણ કરેલું નથી.

(૨) તેથી જેઓ આશ્ચર્યમાં ગરકાવ છે તેઓનો નિરોધ આ પ્રકરણના બીજા અધ્યાયમાં નહિ, પરંતુ ત્રીજા એટલે સાતમા અધ્યાયમાં કરેલ છે. આ સાતમા અધ્યાયના ૮, ૩૧, ૩૩ અને ૩૭મા શ્લોકોમાં અદ્ભુતતા દર્શાવેલી છે, તેથી જેઓ આશ્ચર્યમાં ગરકાવ છે તેમનો નિરોધ આ અધ્યાયમાં કરેલ છે.

(૩) જેઓ અલૌકિક ભાવમાં પ્રીતિવાળા છે તેઓનો નિરોધ આઠમા અધ્યાયમાં કરેલ છે. 'શ્રીકૃષ્ણ' 'વાસુદેવ' એ શાસ્ત્રમાં શ્રીપુરુષોત્તમનાં નામો પ્રસિદ્ધ છે, તે નામ અહિં ગર્ગાચાર્ય પાડે છે તે અલૌકિક છે. વળી ગર્ગ આ નામોથી (શ્રીકૃષ્ણ પુરુષોત્તમ છે એમ) સ્પષ્ટ કહે છે, છતાં નંદને તેવો બોધ થતો નથી, એ પણ અલૌકિક છે. 'શ્રીકૃષ્ણ' 'વાસુદેવ' એ નામો અલૌકિક છે, એમ જાણી તે નામો પર જેઓની પ્રીતિ છે તેઓ હવે પછી 'આ બાલકનાં જ તે નામો છે' એમ જાણી તેમનામાં નિરોધ પ્રાપ્ત કરશે, એ પણ અલૌકિક છે. ભગવાન્ રીંગણલીલા કરે છે (બે હાથ અને બે પગ ભૂતલ પર ટેકાવી ચાલે છે) તે પણ અલૌકિક રીતે દૈત્યોનો નાશ કરી, ભક્તોને તેમનાં ઈચ્છેલાં ફલ આપનારી હોવાથી અલૌકિક છે. લોકમાં હલકાઈ પ્રાપ્ત કરાવનાર ચૌર્ય (ચોરી) પણ ભક્તોનો નિરોધ કરાવનાર હોઈ ભગવાનની મોટાઈ જણાવે છે તેથી, અને તે પ્રકારે પણ ભક્તોનું ઈચ્છેલું કાર્ય કરે છે તેથી અલૌકિક છે. વળી ભગવાન્ માટીનું ભક્ષણ કરે છે તે, પછી પોતાના મુખારવિંદમાં વિશ્વનું દર્શન કરાવે છે તે, યશોદા શરણે જાય છે તે અને તેમના ઉપર ભગવાન્ મોટો અનુગ્રહ કરે છે તે સર્વ અલૌકિક છે. તેથી આ અધ્યાયમાં કહેલી એ

લીલાઓના શ્રવણથી જેઓ અલૌકિક ભાવમાં પ્રીતિવાળા છે તેઓનો નિરોધ થશે.

(૪) નવમા અધ્યાયમાં ભગવાન્ દહીંનું પાત્ર ભાંગી નાખે છે તે વિગેરે લોકદષ્ટિમાં ઉપદ્રવ કરનારી લીલા છે; અને આગળ (ભગવાનને લાકડી લઈ યશોદા મારવા દોડે છે અને બાંધે છે, એ લીલા) ભક્તોને ઉપદ્રવ કરનારી છે; તેથી આ અધ્યાયની લીલા ઉપદ્રવ માટે જેઓ ઉત્સુક હોય તેમનો નિરોધ કરનારી છે.

(૫) દશમા અધ્યાયમાં નલકૂબર અને મણિગ્રીવની કથા છે, તેઓ સ્ત્રીઓમાં રમણ કરનારા (વ્યભિચારી) અને સ્વભાવમાં એટલે રાજસ અને તામસભાવમાં (મદિરાપાન વિગેરેમાં) પ્રીતિવાળા હતા, તેઓનો ભગવાને ઉદ્ધાર કર્યો. તેથી આ અધ્યાયની કથાથી તેવાઓનો પણ નિરોધ થશે.

(૬) જેઓ તત્ત્વમાં અથવા લૌકિક તત્ત્વમાં પ્રીતિવાળા છે તેઓનો નિરોધ છઠ્ઠા અધ્યાયની કથાથી થશે. આ અધ્યાયમાં હરિને શરણ જવાથી ભયની નિવૃત્તિ થાય છે, (શ્લોક ૧) એ તત્ત્વ પ્રારંભમાં કહેલું છે. મુક્તિના અધિકાર વિનાની રાક્ષસી પૂતનાને પણ ભગવાન્ મુક્તિનું દાન કરે છે (શ્લોક ૩૫) એ પ્રમેયબલનું તત્ત્વ કહેલું છે. ગોપિકાઓ ભગવાનની રક્ષા કરે છે (શ્લોક ૧૯ થી ૨૯), તેથી તેઓ અલૌકિક છે અને તેઓનો ભગવાનમાં સ્નેહ પણ અલૌકિક છે એ તત્ત્વ જણાવેલું છે. વળી તેઓ ભગવાનની લોકરીતિ પ્રમાણે રક્ષા કરે છે તેથી લૌકિક તત્ત્વમાં પ્રીતિવાળાઓનો નિરોધ પણ આ અધ્યાયની લીલાથી થશે.

(૭) અગીઆરમા અધ્યાયમાં વૃંદાવનમાં ગોપો વાસ કરે છે ત્યાં સુધી (શ્લોક ૨૧ થી ૩૫) તેઓનો મોટો ઉદ્યમ કહેલો છે. વળી શ્લોક ૭ થી ૯ સુધીમાં ભગવાને લીલાનો ઉદ્યમ કર્યો તે કહેલો છે. તેથી આ અધ્યાયની કથાથી જેઓ સર્વ પ્રકારના ઉદ્યોગવાળા છે તેઓનો નિરોધ થશે.

અથવા આ પ્રકરણના સાત અધ્યાયોમાં જે અધિકારીઓનો નિરોધ કરેલો છે, તે અધિકારીઓનું આ બે કારિકાઓમાં અનુક્રમે નિરૂપણ કરેલું છે એમ જાણવું.

(૧) આ પ્રકરણના પહેલા એટલે પાંચમા અધ્યાયની કથાથી જેઓનાં ચિત્ત ઉત્સવમાં રહેલાં છે તેઓનો નિરોધ થાય છે.

(૨) છઠ્ઠા અધ્યાયની કથાથી જેઓ આશ્ચર્યમાં ગરકાવ છે તેઓનો નિરોધ થાય છે, કારણ કે આ અધ્યાયમાં પૂતનાનો ભગવાન્ પાસે આવવાનો પ્રકાર, તેનું ભગવાન્ પાસે આવવું, તેણે ભગવાનને ઉપાડી લીધા તે, ભગવાને પૂતનાને

મારી તેનો પ્રકાર, પૂતનાના (પયનો) દોષ ભગવાનને અસર કરી શક્યો નહિ તે, પૂતનાની મુક્તિ, તેનું સહજ રૂપ, તેનો દાહ, તેના બળતા શબની ગંધ વિગેરે સર્વ આશ્ચર્યરૂપ છે, અને તેથી જેઓ આશ્ચર્યમાં ગરકાવ હોય તેઓનો તેથી નિરોધ થાય છે.

(૩) સાતમા અધ્યાયમાં ભગવાનના ઔત્થાનિક (ઘર બહાર નીકળવાના) ઉત્સવ માટે પણ યશોદાજી લૌકિક પ્રવાહધર્મમાં આસક્ત થતાં ભગવાનને વિસરી ગયાં, ત્યારે તેમને ભગવાનનું બીજી રીતે સ્મરણ નહિ થતાં ભગવાને શકટને ભાંગી નાખી માતાનો નિરોધ કર્યો તે લીલા અલૌકિક છે. તેમજ તે શકટ ઉંધું પડી ભાંગી ગયું તે પણ અલૌકિક છે. વળી ભગવાનના પ્રવાલ જેવા કોમલ ચરણના માત્ર સ્પર્શથી જ તે ભાંગી ગયું એ પણ અલૌકિક છે. વળી તૃણાવર્ત આવતો હતો ત્યારે ભગવાને અકસ્માત્ પોતાનું વજન વધાર્યું, તૃણાવર્તને ગળેથી છૂટી શકે નહિ તેમ પકડ્યો, તેને માર્યો અને પોતે કુશલ પાછા આવ્યા, એ સર્વ લીલા અલૌકિક છે. ભગવાને બગાસું ખાધું અને તેમના મુખમાં માતાએ આખું વિશ્વ જોયું (શ્લોક ૩૫ થી ૩૭) એ લીલા પણ અલૌકિક છે. આ ત્રણે લીલાઓ (શકટભંગ, તૃણાવર્તવધ અને જાંભણ) આશ્ચર્ય ઉત્પન્ન કરનારી પણ છે, તેથી જેઓ અલૌકિક ભાવમાં પ્રીતિવાળા છે તેઓનો અને જેઓ આશ્ચર્યમાં ગરકાવ છે તેઓનો પણ નિરોધ આ અધ્યાયની કથાથી થાય છે, એમ દર્શાવવા કારિકામાં 'અપિ' 'પણ' શબ્દ યોજેલો છે. આ લીલાઓ આશ્ચર્યકારક પણ છે, છતાં આ લીલાઓમાં અલૌકિકપણું મુખ્ય છે, તેથી તે જૂદી કહેલી છે.

(૪) આઠમા અધ્યાયમાં ચોરી વિગેરે લીલા લોકની દૃષ્ટિથી ઉપદ્રવ કરનારી છે, તેથી આ અધ્યાયની લીલા જેઓ ઉપદ્રવ માટે ઉત્સુક છે તેઓનો નિરોધ કરનારી છે. ભગવાનનાં નામ અને રૂપ અલૌકિક હોવાથી, તે નામ અને રૂપમાં જેઓની આસક્તિ છે તેમનો પણ આ અધ્યાયની કથાથી નિરોધ થાય છે, એમ દર્શાવવા કારિકામાં 'ચ' 'અને' શબ્દ યોજેલો છે.

(૫) નવમા અધ્યાયમાં સ્ત્રીસ્વભાવ જણાવેલો છે. અગ્નિ પર ઉકાળવા મૂકેલું દૂધ ઉભરાઈ જતું હતું ત્યારે તે ઉતારવું જરુરી જાણી, દાસી નહિ હોવાથી યશોદાએ પોતે ઉતાર્યું, અને ભગવાને દધિનું પાત્ર ફોડ્યું તેથી તેમને શિક્ષા કરવા લાકડી લઈ પાછળ દોડ્યાં અને બાંધવા મંડ્યાં. એ પ્રમાણે પુત્રને શિક્ષા કરવાનો સ્ત્રીઓનો સ્વભાવ છે. તેથી આ અધ્યાયની કથાથી સ્ત્રીસ્વભાવમાં જેઓની પ્રીતિ છે તેઓનો નિરોધ થાય છે.

(૬) દશમા અધ્યાયમાં નારદનાં વચનોથી (શ્લોક ૮ થી ૧૮) લોકનું તત્ત્વ કહેલું

છે; અને નલકૂબર અને મણિગ્રીવ ભગવાનની સ્તુતિ કરે છે, તેમાં પરમાર્થ તત્ત્વ કહેલું છે. તેથી આ અધ્યાયની કથાથી જેઓ લૌકિક તત્ત્વમાં અથવા પરમાર્થ તત્ત્વમાં પ્રીતિવાળા છે તેઓનો નિરોધ થાય છે.

(૭) અગીઆરમા અધ્યાયમાં ગોપો મંત્રણા કરે છે. પહેલાં રહેતા હતા તે સ્થાન (શ્રીગોકુલ)નો ત્યાગ કરી, નવા સ્થાન વૃંદાવનમાં રહેવા જાય છે અને ત્યાં જવાનો ઉદ્યમ કરે છે. એ પ્રમાણે ઉદ્યમનું આ અધ્યાયમાં નિરૂપણ કરેલ હોવાથી, તે કથાથી જેઓ ઉદ્યોગવાળા છે તેઓનો નિરોધ થાય છે.

આ સાતે અધ્યાયોમાં કહેલી લીલાઓમાં સાત પ્રકારના જે અધિકારીઓ કહેલા છે તે જેમ સંભવે તેમ લીલાના જીવો અથવા બીજા જીવો છે એમ જાણવું. (ટિ)

**જન્મોત્સવો હરેરત્ર પઞ્ચમે વિનિરૂપ્યતે ।।**
**આવશ્યકં પરિત્યજ્ય કૃતં તદિતિ ચોચ્યતે[3] ।।કા. ૧૪।।**

અહિં પાંચમા (અધ્યાય)માં હરિના જન્મોત્સવનું નિરૂપણ કરવામાં આવે છે; અને તે આવશ્યક (જરૂરી) (કામ) તજીને તે (ઉત્સવરૂપ કાર્ય) કર્યું, એમ કહેવામાં આવે છે. કા. ૧૪.

અહિં એટલે પ્રમાણપ્રકરણના પહેલા અધ્યાયમાં, એટલે પહેલેથી ગણતાં પાંચમા અધ્યાયમાં ભગવાનના જન્મોત્સવનું નિરૂપણ કરવામાં આવે છે. આ પાંચમા અધ્યાયનો અર્થ કહ્યો. આ ઉત્સવનું કાર્ય બીજું જરુરી કાર્ય મૂકી દઈ કરવામાં આવ્યું છે; ઉત્સવ પૂરો થયા પછી તરત જ કંસનો વાર્ષિક કર આપવા નંદજી જાય છે, તેથી એમ સૂચવેલું છે કે કંસને કર આપવા જવાનું જરુરી કામ પડતું મૂકીને ઉત્સવ કરેલો છે. (ટિ+કા)

**અન્યથાજ્ઞાનશંકા ચ તેનૈવ વિનિવાર્યતે ।।**
**ઉત્સવસ્ત્વન્યથા ન સ્યાદ્ દ્રવ્યાનયનમેવ ચ ।।કા. ૧૫।।**

(નંદના) અન્યથાજ્ઞાન (શ્રીકૃષ્ણ મારા પુત્ર નથી, પણ વાસુદેવના પુત્ર છે એવા જ્ઞાન)ની શંકાનું પણ તેનાથી જ નિવારણ થાય છે. તેમ ન હોત તો ઉત્સવ ન થાત, અને (નંદજી) દ્રવ્ય પણ ન જ લાવત. કા. ૧૫.

'જો નંદજીને કોઈ પણ અંશે 'વસુદેવ (રાત્રિએ) મારે ઘેર આવ્યા હતા' એવું જ્ઞાન હોત, તો આકાશવાણી સંબંધી વૃત્તાંત (કંસને મારનાર ક્યાંક જન્મેલ છે, એમ આકાશવાણીએ કહેલું તે વૃત્તાંત) તેમના જાણવામાં આવતાં, 'આ શ્રીકૃષ્ણ મારા પુત્ર છે કે વસુદેવના' એવો તેમને સંદેહ રહેત, અને આવો સંદેહ તેમને હતો ત્યારે જ તેમણે આ જન્મ ઉત્સવ કર્યો' એવી કોઈને શંકા રહે, તે

૩. કારિકાર્થમાં 'ચોચ્યતે' ને બદલે 'સૂચ્યતે' પાઠ લીધેલો છે.

શંકાનો નિરાસ પણ ઉપર કહેલ કારણથી જ થઈ જાય છે, કારણ કે જો નંદજીને 'આ મારા પુત્ર છે કે વસુદેવના' એવો સંદેહ હોત અને કોઈ પણ અંશે તે એમ જાણતા હોત કે આ બાલક વસુદેવના પુત્ર છે, તો તે ઉત્સવ કર્યા પછી તરત જ મથુરા જાત નહિ (કારણ કે વસુદેવના પુત્રને છુપાવનાર તરીકે કંસ તેમને હેરાન કરે). છતાં કોઈપણ રીતે મથુરા જવાનું સંભવે તો પણ 'શ્રીકૃષ્ણ મારા પુત્ર છે' એવા નિશ્ચય વિના તે ઉત્સવ કરે એ સંભવતું જ નથી. વળી આગળ (અધ્યાય ૬ શ્લોક ૪૩માં) નંદજીને 'ઉદારમનવાળા' કહેલા છે, તે વિશેષણ એમ સૂચવે છે કે તેમણે ભગવાનના ઉપયોગ માટે ઘણાં કિંમતી દ્રવ્યો (મથુરાથી) આણેલાં હતાં. જો શ્રીકૃષ્ણ પોતાના પુત્ર છે, એ વિષયમાં તેમને શંકા હોય તો આવાં કિંમતી દ્રવ્યો તેમને માટે તે લાવત પણ નહિ (તેથી નંદજી શ્રીકૃષ્ણને પોતાના જ પુત્ર માનતા હતા.) (ટિ)

**આસક્તિબોધનાર્થાય તસ્યાન્તે ભયવર્ણનમ્ ।।કા.૧૫।।**

આસક્તિનું જ્ઞાન (ભાન) કરાવવા માટે તેને અંતે ભયનું વર્ણન કરેલું છે. કા. ૧૫।।

શ્રીકૃષ્ણ નંદજીના પુત્ર છે, એવું નંદજીને જ્ઞાન હોવાથી તેમનામાં તેમની આસક્તિ (અતિશય પ્રેમ) રહે. એ આસક્તિનું નંદજીને ભાન કરાવવા અંતે એટલે આ પાંચમા અધ્યાયના અંતે 'ગોકુલમાં ઉત્પાતો છે' એમ વસુદેવે નંદજીને કહી, ગોકુલમાં જે ભય હતો તેનું વર્ણન કરેલું છે. જો નંદજીનું એવું નિશ્ચયાત્મક જ્ઞાન હોય કે 'શ્રીકૃષ્ણ મારા પુત્ર છે,' તો જ તે ત્યાં ભય હોવાનું જાણતાં તરત જ મથુરાથી શ્રીગોકુલ જાય, તેથી ત્યાંના ભયનું વસુદેવે તેમની પાસે વર્ણન કરેલું છે. (પ્ર)

## કારિકાર્થ સમાપ્ત.

પહેલાં 'યશોદાના શયનમાં પુત્રને મૂકી, તેની પુત્રીને લઈ (વસુદેવ) ઘેર ગયા' (અધ્યાય ૩ શ્લોક ૫૧), અને '(નંદની પત્ની યશોદાએ) માત્ર જન્મ થયો એમ જાણ્યું; (પણ જન્મેલ બાલક પુત્ર છે કે પુત્રી તે જાણ્યું નહિ)' (અધ્યાય ૩ શ્લોક ૫૩) એમ કહેલ છે. ત્યાર પછી[૧] માયા ત્યાંથી જતાં, યશોદા જાગ્યાં અને (પોતાને) પુત્રનો જન્મ થયો છે એમ જાણ્યું. ત્યાર પછી સર્વને જે થયું (સર્વના જે વિચાર થયા અને સર્વેએ જે કર્યું) તે (નીચેના શ્લોકથી કહે છે):

૧. ત્રીજા અધ્યાયમાં સર્વને સારી રીતે ઉંઘ આવી ગઈ, અને યશોદાને 'જન્મ થયો' એવું જ જ્ઞાન થયું, પણ પુત્ર જન્મ્યો કે પુત્રી એવું જ્ઞાન ન થયું, એમ કહેલું છે. ત્યાર પછી માયા ત્યાંથી જતાં યશોદા જાગ્યાં અને પોતાને પુત્રનો જન્મ થયો છે એમ જાણ્યું એમ કહેલું છે. તેથી સારી રીતે આવેલી ઉંઘ તથા જન્મેલા બાલકની જાતિનું અજ્ઞાન માયાનાં કાર્ય હતાં. (લે)

श्रीशुक કહે છે:

**નંદસ્ત્વાત્મજ ઉત્પન્ને જાતાહ્લાદો મહામનાઃ ।।**
**આહૂય વિપ્રાન્ વેદજ્ઞાન્ સ્નાતઃ શુચિરલંકૃતઃ ।।૧।।**

આત્મજ (પુત્ર) ઉત્પન્ન થતાં જેને આનંદ થયો છે તેવા મોટા (ઉદાર) મનવાળા નંદે તો સ્નાન કરી, પવિત્ર થઈ, અલંકાર ધારણ કરી, વેદ જાણનાર વિપ્રોને બોલાવી...૧.

પુત્ર પિતાનો છે[૨], તેથી નંદે જાતકર્મ (પુત્રના જન્મસમયે કરવાની વિધિ) કરાવ્યું (શ્લોક ૨) એવો સંબંધ છે. 'તુ' 'તો' શબ્દ[૩] પહેલાંની (પહેલાં થએલી) કથાને તથા શંકાને દૂર કરે છે. આ 'આત્મજ(પુત્ર) ઉત્પન્ન થતાં[૪]' શબ્દોથી કહેલ છે. જેની જેવી પ્રતીતિ (ભાન, જ્ઞાન) છે, તેવું જ શુક વર્ણન કરે છે[૫]; કારણ કે ભગવાને તેમની બુદ્ધિને તેવી જ[૬] કરેલી છે, તેમ ન હોય તો (જેની જેવી પ્રતીતિ

૨. નંદજીને ત્યાં પુત્ર ઉત્પન્ન થવાથી તે પોતે પોતાના પિતાના વાસ્તવિક પુત્ર થાય છે, કારણ કે 'પુમ્' નામના નરકમાં ત્રાણ (રક્ષણ, બચાવ) કરે તે પુત્ર. નંદજીને પુત્ર ઉત્પન્ન થવાથી તે પોતાના પિતાને 'પુમ્' નામના નરકમાંથી બચાવનાર થયા, તેથી તેમના પુત્ર થયા. (પ્ર). આ વ્યાખ્યાન બંધબેસતું જણાતું નથી.(અનુવાદક)

અહિં ભગવાન્ નૃસિંહ, હંસ વિગેરે પેઠે પ્રકટ થયા નથી, પરંતુ 'આત્મજ' તરીકે ઉત્પન્ન થએલ હોવાથી પોતાના પિતાના પુત્ર થયા. નંદમાં પિતાપણું અને પોતામાં પુત્રપણું સ્વીકારી પ્રકટ થયા છે. તેથી ભગવાને પુત્રપણું અંગીકાર કરેલ હોવાથી, નંદજીએ જાતકર્મ સંસ્કાર કરાવ્યો. (લે, યો)

૩. વાસુદેવને ત્યાં પુત્ર પ્રકટ થતાં તેમણે જાતકર્મ વિગેરે ન કરતાં માત્ર સ્તુતિ જ કરેલી. વળી ભગવાનમાં લૌકિક બાલક પેઠે ઉત્પત્તિ સંભવતી નથી, અને 'આ બાલક અલૌકિક છે' એવું જ્ઞાન થતાં, અને વસુદેવ આવ્યા હતા એવી સંભાવના થાય, તો 'આ બાલક મારું છે' એ વિષયમાં પણ શંકા થાય, અને તેથી નંદજી તેમનાં જાતકર્મ વિગેરે કરે નહિ. આ બધી કથા તથા શંકાનું નિવારણ 'તુ' 'તો' શબ્દ કરે છે. વસુદેવને પૂર્વજન્મના વૃત્તાંતનું સ્મરણ કરાવવા ત્યાં અલૌકિકરૂપથી ભગવાન્ પ્રકટ્યા હતા, અહિં તો 'આત્મજ' તરીકે પ્રાકૃત બાલકરૂપથી જ પ્રકટ્યા છે; તેથી નંદે વસુદેવ પ્રમાણે સ્તુતિ વિગેરે કરેલું નથી. (લે)

૪. ઉત્પન્ન થતાં એટલે લૌકિક બાલક પેઠે નાલ વિગેરે સહિત પ્રકટ થતાં. તેથી 'આ બાલક અલૌકિક છે' એવી નંદજીને શંકા થઈ ન હતી. (લે)

૫. ''શુક સર્વજ્ઞ હોવાથી, ભગવાન્ જન્મરહિત છે એમ જાણે છે, છતાં 'ઉત્પન્ન થતાં' પદ તેમણે કેમ યોજ્યું ?'' એવી શંકા થાય, તેથી કહે છે કે તે ભગવાન્ જન્મરહિત છે એમ જાણે છે, છતાં નંદજીની બુદ્ધિ પ્રમાણે આ વર્ણન તેમણે કરેલું છે; અને નંદજીની એવી બુદ્ધિ ભગવાને કરી, તેથી તે ભગવાનનું ચરિત હોવાથી તેનું શુક વર્ણન કરે છે. (પ્ર)

૬. ભગવાને પુત્રભાવથી સ્મરણ કરવા નંદજીની 'આ મારો પુત્ર છે' એવી બુદ્ધિ કરી. તેથી તેવી તેમની બુદ્ધિ ભગવાને કરેલી હોવાથી તે ભગવાનની લીલા હોવાથી શુક તેનું વર્ણન કરે છે. (યો)

હોય તેવું શુક વર્ણન ન કરે તો) તે (શુકે કરેલ વર્ણન) ભગવાનનું ચરિત ન થાય (હોઈ શકે નહીં), તેથી નંદની એવી બુદ્ધિ હતી કે 'આ મારાથી જ જન્મેલો પુત્ર છે.'[૭] 'પુત્ર ઉત્પન્ન થતાં' શબ્દોથી આ (અર્થ) કહેલ છે. વાસુદેવ અહીં જ[૮] આવિર્ભાવ પામેલા[૯] (પ્રકટ થએલા) એવો સિદ્ધાંત છે. તેમ ન હોય (વાસુદેવ

---

૭. 'આ મારો પુત્ર છે' એવી નંદજીની બુદ્ધિ ખોટી હોય તો લીલા પણ બધી ખોટી થાય, એવી શંકા થાય, તેથી કહે છે કે 'મારાથી જ જન્મેલો આ પુત્ર છે' એવી નંદજીની બુદ્ધિ હતી. 'આ મારો પુત્ર છે' એવી નંદજીની બુદ્ધિ માયિક (ખોટી) ન હતી, કારણ કે ભગવાન્ તેમને ત્યાં પુત્રભાવથી પ્રકટ થયા હતા. તેથી ભગવાને પુત્રભાવથી કરેલી લીલા પણ માયિક ન હતી, પરંતુ 'આ મારો આત્મજ છે' એવી નંદજીની બુદ્ધિ માયિક હતી, કારણ કે આત્મજ એટલે દેહથી ઉત્પન્ન થએલ, અને 'મારો આત્મજ' એટલે 'મારા દેહથી ઉત્પન્ન થએલ પુત્ર', એ બુદ્ધિ માયિક હતી; કારણ કે ભગવાનની કોઈના વીર્યથી ઉત્પત્તિ થઈ નથી અને તેથી કોઈના દેહથી તેમની ઉત્પત્તિ થાય એ અસંભવિત જ છે. તેથી એ નંદજીની બુદ્ધિ ભ્રાંત જ હતી, એમ અહિં શ્રીમદાચાર્યચરણ કહે છે. (યો)

૮. ભગવાન્ જન્મરહિત છે, એમ જાણવા છતાં શુકદેવે 'આત્મજ ઉત્પન્ન થતાં' એમ અહિં કેમ કહ્યું ? એવી શંકા થાય તેથી કહે છે કે વાસુદેવનું અહિં જ પ્રાકટ્ય થયું હતું. વસુદેવના હૃદયમાં પ્રથમ વાસુદેવનો આવિર્ભાવ થયો એમ નિબંધમાં પહેલા અધ્યાયનો અર્થ કહેલ છે, છતાં બહાર વાસુદેવનું પ્રાકટ્ય અહિં જ થએલ છે. (પ્ર)

૯. મથુરામાં કાર્યથી વાસુદેવનો આવિર્ભાવ થએલ હોવા છતાં, સ્વરૂપથી ધાવણ ઉત્પન્ન કરવા માટે તેમનો આવિર્ભાવ અહિં જ થએલ છે. જેમ વસુદેવથી દેવકીમાં ત્રણ વ્યૂહવાળા ભગવાન્ પ્રકટ થએલ તેમ નંદજીથી યશોદામાં જન્મ સુધી રહી વાસુદેવ પ્રકટ થયા એવો અર્થ છે. પુરુષોત્તમ તો આવરણરહિત સર્વાત્મભાવવાળા ભક્તોના હૃદયમાં જ રહે છે, તેથી અહિં માયાના આવરણથી જ રહેલા. તેથી (તેમનાથી) ધાવણ ઉત્પન્ન થએલ નહિ. જન્મની ક્ષણે વાસુદેવના આવરણ સહિત પ્રકટ થયા એટલે પોતાનાં દર્શન થાય એવી યોગ્યતા કરી. તેથી સામાન્ય રીતે 'જન્મ થયો છે' એવું જ્ઞાન (યશોદાને) થયું. આ જન્મ પુત્રનો છે કે પુત્રીનો એવું વિશેષ જ્ઞાન તે પછીની ક્ષણે થાય ત્યારે માયા ઉત્પન્ન થઈ, તેથી સર્વ વ્રજવાસીઓને મોહ થયો એટલે વ્રજમાં કોઈને ભગવાનનાં દર્શન થયાં નહિ. વસુદેવ અને દેવકીને તો પ્રથમ પ્રાદુર્ભાવ સમયે જ (દર્શનની) યોગ્યતા પ્રાપ્ત થઈ હતી, તેથી નંદજીના ઘેર ઉત્પત્તિ થઈ તે જ ક્ષણે તેમને તેમનાં (ભગવાનનાં) દર્શન થયાં એવો ભાવ છે. આવો વિવેક કરવાનું કારણ એ છે કે, એમ ન હોય તો જન્મ પહેલાં પણ યશોદામાં વાસુદેવની આવરણ સહિત સ્થિતિ હોવાથી, દેવકીજી પેઠે યશોદામાં પણ અલૌકિક પ્રભા થઈ હોત; અને જન્મ સમયે પણ માયાનું આવરણ હોત તો મથુરામાં પણ દર્શન ન થાત. વસુદેવ અને નંદ બંનેને ત્યાં વાસુદેવનો આવિર્ભાવ થવાનું કાંઈ પ્રયોજન નહિ હોવાથી તેમનો આવિર્ભાવ નંદજીના ઘેર જ થયો છે, એમ જણાવવા 'જ' શબ્દ શ્રીસુબોધિનીમાં યોજેલો છે. આ અર્થ કહેલ નથી, પણ આગળ પાછળનો વિચાર કરવાથી નીકળે છે, તેથી આને 'સિદ્ધાંત' કહેલ છે. (લે)

અહિં નંદને ઘેર આવિર્ભાવ પામેલ ન હોય) તો માત્ર[10] માયા માટે ઉત્પન્ન થએલ ધાવણનું ભગવાન્ પાન કરે નહિ, અને ('પુત્ર ઉત્પન્ન થતાં' એમ) વાસ્તવિક બનેલા વૃત્તાંત[11] પ્રમાણે શુક કહેત નહિ.

અંતઃકરણની પ્રતીતિ પ્રમાણે[12] પણ[13] 'આ (મારો) પુત્ર છે' એવો

---

૧૦. ભગવાન્ પોતાની અંદર રહેલા બાલકોના પોષણ માટે ધાવણનું પાન કરતા હતા, એમ આગળ કહેવામાં આવશે. આમ હોવાથી જો માત્ર માયા માટે ઉત્પન્ન થએલ તે ધાવણ હોત તો તેનાથી બાલકોને મોહ જ થાત, પરંતુ લીલાનો રસ પ્રાપ્ત થાત નહિ; તેથી માયાના દોષને દૂર કરનાર વાસુદેવનો પણ ધાવણને સંબંધ હતો, (વાસુદેવમાટે પણ ઉત્પન્ન થએલું) એમ કહેવું જોઈએ; જો ધાવણને માત્ર વાસુદેવનો જ સંબંધ હોત તો તે બાલકોનો તેનાથી મોક્ષ જ થાત, પણ તેમને લીલાનો રસ પ્રાપ્ત થાત નહિ, તેથી તેને વાસુદેવ અને માયા બંનેનો સંબંધ હતો, એમ જણાવવા શ્રીસુબોધિનીમાં 'કેવલ' 'માત્ર' પદ યોજેલું છે. (લે)

પ્રદ્યુમ્ન, અનિરુદ્ધ અને સંકર્ષણ વ્યૂહોનું વસુદેવના ઘેર પ્રાકટ્ય થયું એમ જણાવેલું છે. ચોથા વાસુદેવવ્યૂહનું નંદજીના ઘેર પ્રાકટ્ય થયું છે, જેમ વસુદેવને ઘેર પ્રદ્યુમ્નવ્યૂહનું પુત્રભાવથી પ્રાકટ્ય થએલ હોવાથી તેમને ગર્ભનો સંબંધ હોવાથી ભગવાન્ વસ્તુતઃ દેવકીના પુત્ર થયા, તેમ વાસુદેવવ્યૂહમાં પુત્રભાવ હોવાથી અને યશોદાના ગર્ભના સંબંધથી નંદજીના ઘેર પ્રાકટ્ય થએલ હોવાથી, પુરુષોત્તમ યશોદાના વાસ્તવિક જ પુત્ર હતા. પુરુષોત્તમ તો નંદને ઘેર અથવા વસુદેવના ઘેર અલૌકિક રીતે પ્રકટ થયા હતા, પરંતુ ગર્ભનો સંબંધ અંગીકાર કરી પ્રકટ થયા ન હતા એમ જાણવું. વળી જો નંદજીના ઘેર (ભગવાનનો) જૂદો પ્રાદુર્ભાવ સ્વીકારવામાં ન આવે તો (ભગવાન્ નંદના પુત્ર ન હતા એમ સિદ્ધ થાય, અને એમ હોય તો) નંદજીએ જાતકર્મ કરવા માટે બોલાવેલા બ્રાહ્મણો ખોટા પુત્રના સંબંધમાં વૈદિક મંત્રો અને કર્મનો વિનિયોગ કરે નહિ. આ બ્રાહ્મણો આ શ્લોકમાં કહ્યા પ્રમાણે વેદ જાણનારા હોવાથી પરમ ધાર્મિક હતા અને તેથી તેઓ ભ્રાંતિથી કલ્પેલા પુત્ર માટે વેદમાર્ગનો પ્રચાર કરે એ સંભવતું નથી. વળી અહિં શ્રીસુબોધિનીજીમાં કહેલી શ્રુતિ પ્રમાણે તેઓમાં સર્વ દેવતાઓ હોવાથી તેઓ સર્વ વૃત્તાંત જાણનાર હતા અને દેવો સત્યપ્રધાન (સત્ય જેઓનો પ્રધાન ગુણ છે તેવા) હોવાથી ખોટા પુત્ર હરિનું જાતકર્મ કરત નહિ. આવા બ્રાહ્મણો પણ ભ્રાંત (ખોટા પુત્રને સાચો માની બેઠેલા) હતા એમ કહી શકાય નહિ. તેથી પરબ્રહ્મ શ્રીકૃષ્ણ નંદના પુત્ર હતા, એવું જ્ઞાન પ્રમા (સાચું) જ છે, એમ આર્યો માને છે. (યો)

૧૧. ત્રીજા અધ્યાયમાં ત્રણ વ્યૂહવાળા જ ભગવાનનું પ્રાક્ટ્ય કહેલું છે અને અહિં સર્વ અંશવાળા સ્વરૂપ માટે 'ઉત્પન્ન થતાં' એવું પદ સર્વ અંશના પ્રાકટ્યનો બોધ કરનારું યોજેલું છે તે યોજત નહિ. (લે)

૧૨. 'મારે ત્યાં પુત્ર ઉત્પન્ન થયો છે' એવું જ્ઞાન જ (તે સાચું હોય કે ભ્રમવાળું તો પણ) આનંદ ઉત્પન્ન કરનારું છે, છતાં મહાપુરુષોનું અંતઃકરણ અસત્ય વસ્તુ ગ્રહણ કરતું નથી * એવા આશયથી આ કહેલ છે. (ટિ)

* ''સતાં હિ સંદેહપદેષુ વસ્તુષુ પ્રમાણમન્તઃકરણપ્રવૃત્તયઃ'' સંદેહવાળા વિષયમાં સત્પુરુષો માટે અંતઃકરણની પ્રવૃત્તિઓ પ્રમાણ છે. એ શાંકુતલ વાક્ય પણ આ જ અર્થ કહે છે.

૧૩. પહેલાં ભગવાનમાં રહેલા 'ઉત્પન્નપણાં'ના ધર્મથી 'આ મારો પુત્ર છે' એવો નિશ્ચય

નંદજીનો નિશ્ચય (દઢ વિશ્વાસ) હતો, એમ દર્શાવવા 'જેને આનંદ થયો છે તેવા' વિશેષણ યોજેલું છે. '(મારે ત્યાં) પુત્રનો જન્મ (થયો છે),' એવું જ્ઞાન થાય ત્યારે જ (માણસને) આનંદ થાય; છતાં જ્ઞાન તો (કદાચ) ખોટું પણ હોય (પુત્ર થયો ન હોય છતાં મારે ત્યાં પુત્ર થયો છે એવું ખોટું જ્ઞાન પણ હોય) તેથી નંદજીને (આવા) જ્ઞાનથી આનંદ થયો નથી, (પણ વાસ્તવિક પુત્રના જન્મથી જ આનંદ થયો છે, એમ જણાવવા) (આનંદનું) કારણ (પુત્રનો) જન્મ જ કહેલ છે.

ભગવાને બીજું (પ્રાકૃત) રૂપ ધારણ કરેલ હોવા છતાં તેમનો પ્રભાવ તેમનાથી દૂર કરી શકાય નહિ તેવો જ રહે છે. તેથી પ્રાકૃત[૧૪] નંદજી પણ મોટા (ઉદાર) મનવાળા થયા. પ્રાકૃત પુરુષોનું મન અલ્પ જ હોય છે અને તે અલ્પ જ કાર્ય કરે છે, પણ નંદજી મોટું એટલે મોટું કાર્ય કરનારું મન છે જેમનું તેવા, એટલે હું મોટો ઉત્સવ કરીશ એવા વિચારવાળા થયા. તે (મોટો ઉત્સવ) પણ વિધિ પ્રમાણે કરવો જોઈએ તેથી તેમણે (વિધિ પ્રમાણે મોટો ઉત્સવ કરવા) બ્રાહ્મણોને બોલાવ્યા, એમ 'વિપ્રોને બોલાવી' શબ્દોથી કહેલ છે. જેઓ વિશેષે કરીને પૂરે છે (પ્રાન્તિ) તે વિપ્ર. એમ તેઓ પૂરનારા છે એમ કહેલું છે; એમ ન હોય (તેઓ પૂરનારા (આપનારા) ન હોય) તો તેઓ દ્રવ્યનો નાશ કરનાર થવાથી નિંદાય. 'વેદ જાણનાર' વિશેષણથી ઉત્સવમાં તેઓને બોલાવવાનું કારણ કહેલું છે, કારણ કે 'જેટલી દેવતાઓ છે તે સર્વ વેદ જાણનાર બ્રાહ્મણમાં રહે છે' એવી શ્રુતિ છે, અને સર્વ દેવતાઓની સંનિધિ હોય તો મોટો ઉત્સવ થાય. 'સ્નાન કરી' વિગેરે શબ્દોથી વેદમાં કહેલ કર્મો (નંદજીએ કર્યા એમ) કહેલ છે. સ્નાન નૈમિત્તિક (અમુક પ્રસંગે કરવાનું) કર્મ છે. નંદજીને સૂતકની(સૂતક હશે એવી) સંભાવના રહે, તેથી 'પવિત્ર'[૧૫] શબ્દ યોજેલ છે. 'અલંકાર ધારણ કરી' શબ્દથી તેમણે બીજી પણ શુદ્ધિ[૧૬] (પ્રાપ્ત) કરેલી[૧૭] છે એમ કહેલ છે. અલંકાર શુભ સૂચવનાર છે. ઉત્તમ અલંકાર ધારણ કરેલ હોય તો ઉત્સવ જગપ્રસિદ્ધ થાય. ૧.

---

કહ્યો. હવે નંદમાં થએલ 'આનંદ' ધર્મથી એ જ નિશ્ચય કહે છે, તેથી 'અપિ' 'પણ' શબ્દ યોજેલો છે. (લે)

૧૪. પ્રાકૃત એટલે ગામડીઓ.(પ્ર) પ્રાકૃત એટલે ગામડામાં રહેનાર, નગરમાં નહિ રહેનાર.(લે)

૧૫. સૂતક સંભવે છે, છતાં નાલછેદ થયા પહેલાં પવિત્ર ગણાય છે, એવો જાતકમાં બોધ કરેલ છે તેથી 'પવિત્ર' છે. (પ્ર)

૧૬.શુદ્ધિ બે પ્રકારની છે, બહારની અને અંદરની; આના ભેદથી ભગવાન્ સંબંધી આનંદના અનુભવમાં તારતમ્ય (ભેદ) થાય છે એવી મર્યાદા છે. અહિં અલંકાર ધારણ કરવાથી ઉત્સવના રસનો અનુભવ થાય છે, તેથી તે શુદ્ધિ (બહારની) છે. (ટિ)

૧૭. પ્રાપ્ત કરેલી એટલે સર્વને જણાવેલી એવો અર્થ છે. (લે)

**વાચયિત્વા સ્વસ્ત્યયનં જાતકર્માત્મજસ્ય વૈ ।।**
**કારયામાસ વિધિવત્ પિતૃદેવાર્ચનં તથા ।।૨।।**

(તેઓની પાસે) કલ્યાણની (કલ્યાણ થાય તેવી) વિધિ વંચાવી, વિધિ પ્રમાણે પુત્રનું જાતકર્મ કરાવ્યું અને પિતૃઓનું અને દેવોનું તેવી રીતે અર્ચન (પૂજન) કરાવ્યું. ૨.

સર્વ કર્મોમાં પ્રથમ કલ્યાણ થાય તેવી વિધિ (તેવા મંત્રો) વંચાવવાનું (કર્મ કરાવવું યોગ્ય છે.) 'જાતકર્મ' એ કર્મનું (સંસ્કારનું) નામ છે. ક્ષત્રિયો અને વૈશ્યો, એ કર્મ બીજાઓ (બ્રાહ્મણો) મારફત કરાવે છે, (તે વિધિ પ્રમાણે કરાવ્યું); પોતાના પુરોહિતની શાખાને અનુસરીને તેની વિધિ પ્રમાણે કરાવ્યું. પુત્રનું જાતકર્મ કરાવ્યું એટલે પુત્રનો[૧] જન્મ થતાં જે વિધિ કરવાની હોય તે કરાવી. ભગવાને પોતામાં પુત્રપણું પ્રકટ કર્યું, તેથી તે વૈદિક કર્મો સાર્થક[૨] થયાં. ગર્ભના અને બીજના દોષના અભાવનું કીર્તન પણ તેવું જ[૩] સાર્થક હતું; અથવા (આ) આત્માનો (દેહનો) સંસ્કાર કરવામાં આવ્યો, એ નિમિત્તને લીધે[૪] (પુત્ર જન્મના કારણને લીધે) કરવામાં આવ્યો એવો પક્ષ છે. આ ભગવાનનું જ ચરિત[૫] છે એવો સિદ્ધાંત છે. પિતૃઓનું અને દેવોનું અર્ચન એટલે નાંદિ શ્રાદ્ધ. 'તથા' (તેવી રીતે) એટલે વિધિપૂર્વક. નંદજી પ્રવૃત્તિમાર્ગમાં રહેલા છે, એમ દર્શાવવા (પિતૃઓ અને દેવોનું અર્ચન એમ) યુગલ (જોડી)થી સંસ્કારનું નિરૂપણ કરેલું છે. ૨.

---

૧. પુત્રનો એટલે પોતાના પુત્રનો, દત્તક પુત્રનો અથવા ખરીદ કરેલા પુત્રનો નહિ. (લે) ધર્મશાસ્ત્રમાં ચૌદ પ્રકારના પુત્રો કહેલા છે.

૨. વૈદિક કર્મો સાર્થક થયાં-પુત્રજન્મ સમયે કરવાની વિધિના મંત્રોનો ભગવાન્ સાથે સંબંધ ન જ હોય, તો 'સર્વે વેદો જેના પદનો વિચાર કરે છે' એ શ્રુતિ નિરર્થક થાય. (પ્ર)

૩. માત્ર ભગવાન જ નિર્દોષ (દોષરહિત) છે, તેથી ગર્ભના તથા બીજના દોષો નથી, એમ ભગવાન્ જેવા પુત્ર વિષે કહેવામાં આવે તે જ સાર્થક (ખરા અર્થવાળું) છે. (લે)

૪. ભગવાનમાં દોષ છે જ નહિ. છતાં આ આત્મસંસ્કાર શા માટે કરવો ? એવી શંકા થાય, તેથી કહે છે કે આ આત્મસંસ્કાર નૈમિત્તિક એટલે પુત્ર જન્મના નિમિત્તે કરવાનો જ છે. પુત્રમાં દોષ છે કે નહિ તેનો વિચાર કર્યા વિના પુત્રના જન્મ સમયે તે કરવો જ જોઈએ એવો ભાવ છે. (લે)

૫. જો આત્મસંસ્કાર પુત્રમાં દોષ ન હોય તો પણ કરવાના હોય, તો પણ જે પુત્રમાં દોષ ન હોય તેના જન્મ સમયે તે કરવાથી તે કરવાનું પ્રયોજન (દોષ હોય તે દૂર કરવાનું) સિદ્ધ થતું નથી; તેથી ભગવાનના જન્મ સમયે શા માટે કરવા જોઈએ ? એવી શંકા થાય, તેથી કહે છે કે આ પણ ભગવાનનું ચરિત જ છે. દોષ દૂર કરવા રૂપ ભગવાનની સેવા જ છે, કારણ કે ભગવાન્ તેનું અનુમોદન કરે છે. જેમ પુષ્પ સમર્પણ વિગેરે ઉપચારો કરવામાં આવે છે તેમ આ પણ કરવામાં આવ્યો એવો અર્થ છે. પૂતનાના પ્રસંગમાં ટિપ્પણીમાં આ સમજાવવામાં આવશે. (લે)

પહેલા શ્લોકમાં નંદજીને 'મોટા(ઉદાર) મનવાળા' કહેલા છે. એ વિશેષણનું કૃત્ય નીચેના શ્લોકમાં કહે છેઃ

**ધેનૂનાં નિયુતે પ્રાદાદ્ વિપ્રેભ્યઃ સમલંકૃતે ।।**
**તિલાદ્રીન્ સપ્ત રત્નૌઘાગ્ શાતકૌંભાંબરાવૃતાન્ ।।૩।।**

સારી રીતે શણગારેલી બે લાખ ગાયો, (તથા) જેમની અંદર રત્નોના સમૂહો છે અને જે સુવર્ણ તથા વસ્ત્રોથી ઢાંકેલા છે, તેવા સાત તલના પર્વતો (નંદજીએ) વિપ્રોને આપ્યા. ૩.

'નિયુત' એટલે લાખ. ('નિયુતે' એટલે બે લાખ) એ દરેક લાખ (ગાય) પણ સારી રીતે શણગારેલી (તેમણે વિપ્રોને આપી). ભગવાનની સન્નિધિ (સમીપપણું) હોવાથી દ્રવ્ય અથવા ક્રિયા(શણગારવાની)નો તૂટો થયો નહિ[૧]. 'વિપ્રોને' (આપી એમ કહેલ છે) એટલે (બ્રાહ્મણોના) સમૂહને દાન કરેલું. (દાન કરવાનો) માત્ર સંકલ્પ કર્યો એવી શંકા દૂર કરવા 'આપ્યા' કહેલું છે. (વિપ્રો) વિશેષ રીતે પૂરનારા હોવાથી આનો[૨] પણ તૂટો ન આવ્યો. 'તલના પર્વતો' અને 'રત્નોના સમૂહો' એમ જૂદું લેવું, (એટલે તલના પર્વતો અને રત્નના સમૂહો વિપ્રોને આપ્યા એવો અર્થ થાય); અથવા રત્નોના સમૂહો જેમાં છે તેવા (તલના પર્વતો આપ્યા એમ લેવું). શાતકૌંભ એટલે સુવર્ણથી અને વસ્ત્રોથી ઢંકાએલા (તલના પર્વતો આપ્યા); અન્નોમાં તલ મુખ્ય છે.

'ગાવો હિરણ્યં વાસાંસિ તિલા રત્નાનિ ચ' ગાયો, સુવર્ણ, વસ્ત્રો, તલ અને રત્નો ,એમ પાંચનું દાન (કર્યું). આ સર્વમાં (દરેકમાં) સર્વ દેવતાઓ હતા. ૩.

(નંદજીએ) બહુ દાન કર્યું, એવી શંકા દૂર કરવા માટે તેમની પાસે તેથી પણ બહુ દ્રવ્ય હતું એમ કહેતાં, (અને) શુદ્ધિ માટે પણ તેમણે આટલું દાન તો કરવું જોઈતું હતું એમ કહેતાં, શુદ્ધિ પ્રાપ્ત કરાવનાર બીજા[૩] કાલ વિગેરેનું નિરૂપણ કરતાં, (તેમના) દ્રવ્યનું નિરૂપણ નીચેના શ્લોકમાં કરે છેઃ

**કાલેન સ્નાન-શૌચાભ્યાં સંસ્કારૈસ્તપસેજ્યયા ।।**

---

૧. શણગારવાની ક્રિયાનો તૂટો થયો નહિ, એટલે એક ગાયને શણગારી એટલે તે ક્રિયા બધી ગાયોમાં વ્યાપી ગઈ, (બધી ગાયો શણગારાઈ ગઈ, એવો અર્થ છે. એમ ન હોય તો એ બધી બે લાખ ગાયોને શણગારવામાં ઘણો સમય જતો રહે) એવો ભાવ છે. (લે)

૨. આનો એટલે દાનનો. (પ્ર) આનો એટલે ગોધન(ગાયોરૂપી ધન)નો. (લે)

૩. અહિં મૂલ સુબોધિનીમાં 'સમાન' 'સરખા', 'તેના જેવા' શબ્દ છે. આનો અર્થ 'સરખી રીતે નંદજીનું માહાત્મ્ય દેખાડનાર અને શુદ્ધ કરનાર' એવો પ્રકાશમાં કરેલ છે. બધા સામાન્ય શુદ્ધિ કરનાર જ વર્ણવેલા હોવાથી, અહિં તેનો અર્થ માત્ર 'શુદ્ધ કરનાર' લીધેલો છે, 'તેના સરખા' એટલે 'તેની પેઠે શુદ્ધિ કરનાર', એવો અર્થ લીધો છે.

**શુધ્યન્તિ દાનૈઃ સંતુષ્ટ્યા દ્રવ્યાણ્યાત્માત્મવિદ્યયા ।।૪।।**

કાલ, સ્નાન, શૌચ, સંસ્કારો, તપ અને યજ્ઞથી પ્રાણીઓ શુદ્ધ થાય છે. દાન અને સંતોષથી દ્રવ્યો શુદ્ધ થાય છે. આત્મા આત્મવિદ્યાથી શુદ્ધ થાય છે. ૪.

કાલ વિગેરેથી સર્વ પ્રાણીઓ શુદ્ધ થાય છે. શુદ્ધ કરનારા નવ (પદાર્થો) છે. તેઓમાં કાલ મુખ્ય છે. કારણ કે સર્વ (જગત્) કાલમાંથી ઉત્પન્ન થએલું છે.

ઉત્પન્ન થએલ પુત્ર સો વર્ષ જીવે. (સો વર્ષનું આયુષ્ય હોય છે), તેના (સો વર્ષના) ૩૬૦૦ ભાગમાંનો એક ભાગ ૧૦ દિવસ થાય. સંપૂર્ણ કાલમાં (આયુષ્યના ૧૦૦ વર્ષમાં) તેટલો કાલ (પહેલા ૧૦ દિવસ) તો અશુદ્ધ[૨] છે. દ્રવ્યો પણ એ જ પ્રમાણે[૩] (૧/૩૬૦૦ ભાગ) અશુદ્ધ જાણવાં. જન્મ થતાં આરંભમાં કાલથી જ (૧૦ દિવસ જતાં જ) શુદ્ધિ થાય છે, સ્નાન વિગેરેથી શુદ્ધિ થતી નથી.

(૧) કાલ વંશની શુદ્ધિ કરનાર છે. (૨) સ્નાન આખા દેહની શુદ્ધિ કરનારું છે. (૩) શૌચ (શરીરના) એક ભાગની શુદ્ધિ કરનારું છે. લૌકિક વ્યવહાર માટે આ ત્રણ પ્રકારની શુદ્ધિ છે. અદૃષ્ટ વિગેરેની ઉત્પત્તિ માટે બીજા ત્રણ પ્રકારની શુદ્ધિ કહે છેઃ (૪) જાતકર્મ વિગેરે સંસ્કારોથી શરીર વૈદિક કર્મો માટે સંસ્કૃત (શુદ્ધ, પવિત્ર) થાય છે. આ સંસ્કારો ભૂતોને જ[૪] (શરીરમાં રહેલ પાંચ મહાભૂતોને જ) પવિત્ર કરે છે. પણ (૫) તપ અંતઃકરણને શુદ્ધ કરે છે. કોઈ (એમ કહે છે કે તપ અંતઃકરણને ) અદૃષ્ટ ઉત્પન્ન કરીને પવિત્ર કરે છે. (૬) ઈજ્યા એટલે યજ્ઞ, તેનાથી ભગવાન્ સારી રીતે પ્રસન્ન થાય છે[૫] આવી રીતે આધિભૌતિક,

---

૨. ૩૬૦૦ દિવસ એટલે ૧૦ વર્ષ, ૧૦ વર્ષનો એક ભાગ (આયુષ્યનો ૧/૧૦ ભાગ) છે. તે દરેક ભાગમાં (દરેક ૧૦ વર્ષમાં) એક એક દિવસ અશુદ્ધ હોય છે, આમ લેવાથી દરેક ૧૦ વર્ષના ભાગનો પહેલો દિવસ અશુદ્ધ ગણાય, તેથી જન્મ પછીના પહેલા જ ૧૦ દિવસો અશુદ્ધ કહી ન શકાય, છતાં અશુદ્ધ દિવસ (દરેક ૧૦ વર્ષમાં) ક્યો એ જાણવું કઠણ હોવાથી ઋષિઓએ એવી વ્યવસ્થા કરી છે કે જન્મ પછીના પહેલા જ ૧૦ દિવસ અશુદ્ધ ગણવા. (પ્ર) આ અર્થ ક્લિષ્ટ છે અને શબ્દાર્થ પ્રમાણે નીકળતો પણ નથી, લેખ પ્રમાણે ભાષાંતર કરેલું છે તે વધારે સારો અર્થ જણાય છે.

૩. જેમ ૩૬૦૦ (૧૦ વર્ષના) દિવસોમાં એક દિવસ અશુદ્ધ, તેમ ૩૬૦૦ મુદ્રા(સિક્કાઓ)માં એક મુદ્રા અશુદ્ધ. જેમ ૧૦ દિવસ અશુદ્ધ કાઢી નાખતાં, બાકીનો કાલ શુદ્ધ થાય છે તેમ ૩૬૦૦ મુદ્રામાંથી એક કાઢી નાખતાં (દાનમાં આપતાં) બાકીની શુદ્ધ થાય છે. (પ્ર)

૪. ભૂતોને જ શુદ્ધ કરે છે, એટલે દેહને જ શુદ્ધ કરે છે, પણ અંતઃકરણ અથવા અંતર્યામીને શુદ્ધ કરતા નથી. તેઓને તપ અને યજ્ઞ (અનુક્રમે) શુદ્ધ કરનારા છે, એવો ભાવ છે. (લે)

૫. આ અંતર્યામીની શુદ્ધિ કહેલી છે. 'પરમાત્મા મારા પર પ્રસન્ન થાઓ' શ્રુતિમાં પણ આ જ પ્રકારની (અંતર્યામીની) શુદ્ધિ કહેલી છે. ત્રીજા અધ્યાયના પાંચમા અને ચોથા શ્લોકમાં આનું વિવરણ કરેલું છે. (લે)

આધ્યાત્મિક અને આધિદૈવિકને પવિત્ર કરનાર ત્રણ પદાર્થોનું નિરૂપણ કર્યું. આ છએ પ્રકારના સંસ્કારોથી સર્વ પ્રાણીઓ શુદ્ધ થાય છે.

હવે 'દાન' વિગેરેથી બહારની શુદ્ધિ કહે છેઃ (૭)દાન કરવાથી દ્રવ્યો શુદ્ધ થાય છે. દાન કર્યા વિના દ્રવ્યોની શુદ્ધિ થતી નથી, અને ધનને અનુસરીને (ધન હોય તેના પ્રમાણમાં) દાન કરવું જોઈએ, તેથી બે લાખ ગાયોનું દાન ગાયોની શુદ્ધિ માટે જ કરેલું[૬]. (૮) થોડાં દ્રવ્ય (પ્રાપ્ત થયાં હોય તો તે) સંતોષથી જ શુદ્ધ થાય છે. તેથી દ્રવ્યશુદ્ધિ માટે (દ્રવ્ય શુદ્ધિ કરનાર) બે (દાન અને સંતોષ) કહ્યાં. આત્મા તો જીવ છે. 'તે હું છું' એવા પ્રકારની (૯) આત્મવિદ્યાથી જ તે (આત્મા, જીવ) શુદ્ધ થાય છે. ૪.

એ પ્રમાણે પ્રસંગને લીધે નંદજીનું માહાત્મ્ય[૧] કહીને આગળ જે ઉત્સવ વર્ણવવાનો છે, તેની ઉપપત્તિ(યોગ્યતા)નું[૨] નિરૂપણ કર્યું. હવે નીચેના શ્લોકથી દશ શ્લોકો વડે અનેક પ્રકારના તે ઉત્સવને કહે છે (ઉત્સવનું નિરૂપણ કરે છે):

**સૌમંગલ્યગિરો વિપ્રાઃ સૂત-માગધ-બન્દિનઃ ।।**
**ગાયકાશ્ચ જગુર્નેદુર્ભેર્યો -દુન્દુભયો મુહુઃ ।।૫।।**

સૌમંગલ્ય (સારી રીતે મંગલ) પ્રાપ્ત કરાવનારી વાણીવાળા વિપ્રો, સૂતો, માગધો, બંદિનો અને ગાનારાઓએ ગાન કર્યું. નગારાં અને દુંદુભિઓ વારંવાર વાગ્યાં. ૫.

તેમાં જેટલો ઉત્સવ વિદ્યાથી (વિદ્યાવાળાઓથી) કરવામાં આવ્યો, તેનું પ્રથમ નિરૂપણ કરે છે. સૌમંગલ્ય એટલે સુમંગલતા (સારી રીતે મંગલપણું), જે વેદોથી અથવા પુરાણનાં વાક્યોથી મંગલ થાય છે (તે સૌમંગલ્ય); અને તેનો વિપ્રો નિરંતર પાઠ કરે છે. તેથી 'સૌમંગલ્ય પ્રાપ્ત કરાવનારી વાણી છે જેઓની તેવા' એમ કહેલું છે. 'વિપ્ર' શબ્દ યોજેલો છે, તેથી આ (તેમની) વાણી વ્યર્થ (નકામી) થતી નથી એમ કહેલું છે. સૂતો એટલે પૌરાણિકો (પુરાણ વાંચનારા, પુરાણીઓ). માગધો એટલે વંશની પ્રશંસા કરનારા (ભાટો). બંદિનો એટલે વૈતાલિકો (વેતાલને માનનાર ભાટો). તેઓ પણ સૌમંગલ્ય પ્રાપ્ત કરાવનારી વાણીવાળા થયા. ગાનારાઓ એટલે (ઉપર જણાવ્યા તે સિવાયના) બીજા માત્ર ગાન કરનારાઓ,

૬. આ હિસાબે નંદજી પાસે ૨૦૦૦૦૦×૩૬૦૦=૭૨૦૦૦૦૦૦૦ ગાયો હતી એમ નીકળે છે. (લે)

૧. પહેલા શ્લોકમાં નંદજીને 'મોટા મનવાળા' કહેલા છે; ત્રીજા શ્લોકમાં તેમના મોટા મનનું નિરૂપણ કરેલું છે; અહિં તે બાબતનો ઉપસંહાર થાય છે એમ જાણવું. (લે)

૨. બે લાખ શણગારેલી ગાયો વિગેરે જે દાનનું નિરૂપણ કરેલું છે તેટલું બધું દાન જ્યાં કરવામાં આવે ત્યાં મોટો ઉત્સવ થાય જ, એમ ઉત્સવની યોગ્યતા દર્શાવી છે. (પ્ર)

અને નૃત્ય વિગેરે[3] સાથે ગાન કરનારાઓ અને સ્ત્રીઓ તથા વાજીંત્ર વગાડનારાઓ[4] (એ બધાએ ગાન કર્યું); અને ઉત્સવ સૂચવનાર નગારાં વાગ્યાં. દુંદુભિઓ એટલે મંગલ વાજીંત્રો (નોબતો), જે માત્ર શુભ કર્મમાં જ પ્રવૃત્ત થાય છે (વાગે છે) તે વાગ્યાં. (આ વાજીંત્ર વગાડનારાઓ થાકી જાય ત્યાં સુધી વગાડી (વિસામો લે, અને પાછા) થાક ઉતરે ત્યારે વગાડે, તેથી 'વારંવાર' (વાગ્યાં એમ કહેલું છે). આ વાજીંત્ર પણ સંગીતશાસ્ત્રમાં પ્રસિદ્ધ છે, તેથી (અહિં) સર્વ (ગાન અને વાદન) વિદ્યાનું જ કાર્ય કહેલું છે. ૫.

નીચેના શ્લોકમાં અનેક પ્રકારના ભૂમિના સંસ્કારો કહે છેઃ

**વ્રજઃ સંમૃષ્ટસંસિક્તદ્વારાજિરગૃહાન્તરઃ ।।**
**ચિત્રધ્વજપતાકાસ્રક્ચૈલપલ્લવતોરણૈઃ ।।૬।।**

જેમાં બારણાંઓ, આંગણાઓ તથા ઘરની અંદરના ભાગ સારી રીતે લીંપેલા તથા છંટકાવ કરેલા છે તેવું વ્રજ (થયું) (અને) ભાતભાતની ધજાઓ, પતાકાઓ, માલાઓ તથા કાપડ અને પલ્લવોનાં તોરણોવાળું (થયું). ૬.

જેમાં બારણાંઓ વિગેરે સારી રીતે લીંપેલાં એટલે ધૂળ કાઢી નાખી ઉજળાં કરેલાં, અને પછી અંદરના ભાગ સારી રીતે સુગંધવાળા જલથી સિંચેલા હતા તેવું વ્રજ થયું. બારણાંઓ બહારનાં (ઘરની બહારનાં) અને (ઘરની) અંદરનાં (ઓરડાઓનાં બારણાંઓ). 'અજિર' એટલે આંગણું. 'ગૃહાન્તર' એટલે ઘરની અંદરનો ભાગ અથવા ઘર અને અંદરના ભાગો. તેથી તેના ઉપલા ભાગ (દિવાલો) પણ લીંપેલી થઈ. આવું (લીંપેલ, સિંચેલ ઘરોવાળું) વ્રજ થયું. વળી વિચિત્ર ધજાઓ વિગેરેવાળું પણ થયું. આ (ધજા વિગેરે) બહારની શોભા કરનારાં છે. ધજાઓ ગરુડ વિગેરેનાં ચિહ્નો(ચિત્રો)વાળી હોય છે. પતાકાઓ જયના લેખોવાળી હોય છે. (ધજા અને પતાકા) બંને જાતજાતની હતી. માલાઓ એટલે ફૂલોની બનાવેલી માલાઓ. તોરણો કાપડનાં અને પલ્લવો(વૃક્ષનાં કૂણાં પાંદડાંઓ)નાં બનાવેલાં હોય છે. આવી રીતે વસ્ત્ર વિગેરેથી જેટલી શોભા થાય છે તે બધીય શોભા ત્યાં કરેલી હતી એવો અર્થ છે. ૬.

નીચેના શ્લોકમાં ગાયોની શોભા કહે છેઃ

**ગાયો વૃષાશ્ચ વત્સાશ્ચ હરિદ્રાતૈલરૂષિતાઃ ।।**
**વિચિત્રધાતુબર્હસ્રગ્વસ્ત્રકાઞ્ચનમાલિનઃ ।।૭।।**

---

૩. 'વિગેરે' શબ્દથી વીણામાં કેટલાક ગાન કરે છે તેઓ કહેલા છે. (લે) શરણાઈમાં ગાન કરનાર હજી જોવામાં આવે છે.

૪. આ મૂલ શ્લોકમાં 'ચ' 'અને' શબ્દ છે તેનો અર્થ કરેલો છે. મૃદંગ વિગેરે વાજીંત્ર વગાડનારાઓએ પણ ગાન કર્યું, એવો અર્થ છે.(લે)

ગાયો અને આખલાઓ અને વાછરડાંઓ હળદરવાળું તેલ ચોળેલાં હતાં અને જાતજાતની ધાતુઓ, મોરનાં પીંછાં, માલાઓ, વસ્ત્રો અને સુવર્ણની માલાઓવાળાં હતાં. ૭.

ગાયો એટલે બળદો અને ગાયો. આખલાઓ એટલે મોટી કાંધવાળા મોટા બળદો. 'ચ' 'અને' શબ્દથી તે બેની વચલી અવસ્થાવાળા બળદો તથા વૃદ્ધ બળદો કહેલા છે. વાછરડાંઓ એટલે વાછરડાઓ અને વાછરડીઓ. આ સર્વે હળદરવાળું તેલ ચોળેલાં હતાં; અને જાતજાતની ગેરૂ વિગેરે ધાતુઓ, મોરનાં પીંછાંઓ, વસ્ત્રો અને સુવર્ણની માલાઓ જેઓને છે તેવાં હતાં. હળદરવાળું તેલ મંગલ માટે (ચોળેલું હતું), ધાતુઓ વિગેરે શોભા માટે (લગાડેલાં અથવા પહેરાવેલાં હતાં). ૭.

નીચેના શ્લોકમાં ગોપોની શોભા કહે છેઃ

**મહાર્હવસ્ત્રાભરણકઞ્ચુકોષ્ણીષભૂષિતાઃ ।।**
**ગોપાઃ સમાયયૂ રાજન્ નાનોપાયનપાણયઃ ।।૮।।**

હે રાજન્! ઘણાં કિંમતી વસ્ત્રો તથા આભૂષણો, ઝબ્બાઓ અને પાઘડીઓથી શોભતા અને જાતજાતની ભેટો જેમના હાથમાં છે તેવા ગોપો આવ્યા. ૮.

ઘણાં કિંમતી વસ્ત્રો જે (ઘરમાં) રાખેલાં તે પણ તે દિવસે તેમણે પહેર્યાં, એમ જણાવવા 'ઘણાં કિંમતી વસ્ત્રો તથા આભૂષણો, ઝબ્બાઓ અને પાઘડી-ઓથી શોભતા' એમ કહે છે. ઘણાં કિંમતી વસ્ત્રો (તે દિવસે) પહેરવાનાં,[૧] અને આભૂષણો પણ તેવાં જ (ઘણાં કિંમતી). બહાર ઝબ્બાઓ અને પાઘડીઓથી શોભતા હતા, અને કેડના બંધનો(ભેટ બાંધવાનાં વસ્ત્રો)થી પણ (બહાર શોભતા હતા). ઉત્સવમાં આસક્તિ જણાવવા માટે કેડનાં બંધનો શ્લોકમાં કહેલાં નથી. બીજા વ્રજ(નેસડા)માં રહેનારા ગોપો પણ જેટલા નંદજીને ઓળખતા હતા તે બધા સારી રીતે (સારાં વસ્ત્રો પહેરી, ભેટ લઈ) આવ્યા. 'હે રાજન્!' એવું સંબોધન ઉત્સવનું વર્ણન કરવામાં (તેની) સંમતિ માટે કરેલું છે. જાતજાતની ભેટો એટલે વસ્ત્રો, આભૂષણો, દૂધ, દહિં વિગેરે. (ગોપો) ખાલી હાથે આવ્યા ન હતા એમ જણાવવા આ કહેલું છે;[૨] પરંતુ તે (ભેટો)થી નંદજીને કાંઈ સમૃદ્ધિ થઈ એમ ન હતું. ૮.

શ્લોકથી ચાર શ્લોકોથી ગોપીઓના ઉત્સવનું પણ નિરૂપણ કરે છેઃ

---

૧. અહિં ધોતીઆં વિગેરે અંદર પહેરવાનાં વસ્ત્રો કહેલાં છે, કારણ કે બહાર (ઉપર) પહેરવાનાં વસ્ત્રો ઝબ્બાઓ તથા પાઘડીઓ જૂદાં કહેલાં છે. (લે)

૨. મૂલશ્લોકમાં 'પાણિ' 'હાથ' શબ્દ છે, તેનું આ તાત્પર્ય કહેલું છે. (ટિ)

**ગોપ્યશ્ચાકર્ણ્ય મુદિતા યશોદાયાઃ સુતોદ્ભવમ્ ।।**
**આત્માનં ભૂષયાઞ્ચકુઃ વસ્ત્રાકલ્પાઞ્જનાદિભિઃ ।।૯।।**

અને યશોદાના પુત્રનો ઉદ્‌ભવ સાંભળીને ગોપીઓ આનંદ પામી અને વસ્ત્રો, આભૂષણો તથા અંજન વિગેરેથી આત્માને શણગાર્યો. ૯.

ગોપીઓ ચાર પ્રકારની છે; (૧) સંબદ્ધ[૧] અને (૨) અસંબદ્ધ[૨], અને તે બેય પ્રકારની (પાછી) (૧) સંગત[૩] અને (૨) અસંગત[૪] છે[૫]. આ શ્લોકમાં 'ચ' 'અને' શબ્દ છે, તેથી એમ કહેલું છે કે (આ ચાર પ્રકાર સિવાયની) બીજીઓ જ્યાં ત્યાં સંતાઈ રહેલી તેઓ પણ તેવા પ્રકારની (શણગારાએલી) થઈ આવી. તેઓમાં નંદજીનું પ્રધાનપણું ન હતું,[૬] તેથી જેને છોકરાંની ઉત્પત્તિ થાય તેવો સંભવ ન હતો તેવાં યશોદાજીને પુત્રનો ઉદ્‌ભવ થયો છે એમ એકાએક સાંભળીને, માત્ર (પુત્રજન્મના) શ્રવણથી જ તેમને અંદરનો (અંતઃકરણનો) સંતોષ થયો. (આ પુત્રજન્મથી) પોતાનો ચારે પ્રકારનો પુરુષાર્થ[૭] વિશેષ (સારી) રીતે સિદ્ધ થશે, તેથી તે (પુત્રજન્મની વાત) સાંભળીને જ આનંદ પામી; પરંતુ નિશ્ચયની (એ વાત સત્ય છે તેની ખાતરીની) પણ દરકાર કરી નહિ. તેઓને (પોતાનો) આત્મા જ[૮] (ભગવાનને) નિવેદન કરવાનો હતો, તેથી આત્માને જ (તેમણે) શણગાર્યો. તેઓનાં શરીર વિગેરે પણ વિકારરહિત હતાં, એમ જણાવવા (અહિં) 'આત્મા' પદ યોજેલું છે; કારણ કે તેઓ શરીર સાથે જ (શરીરવાળાં રહીને જ) બ્રહ્માનંદનો

---

૧. સંબદ્ધ (એટલે સંબંધવાળી) કુલ અને દેહના સંબંધવાળી. (ટિ)
૨. અસંબદ્ધ એટલે કુલ અને દેહના સંબંધ વિનાની; એક જ્ઞાતિની. (યો)
૩. સંગત એટલે ભગવાનને ભોગ કરવા યોગ્ય. (લે) પરિચર્યા વિગેરેમાં યોજેલી. (યો)
૪. અસંગત એટલે સમાન કક્ષા (સ્થિતિ) પ્રાપ્ત કરેલી; આશ્રય કર્યા વિનાની. (યો)
૫. અહિં ગોપીઓના ચાર પ્રકાર કહ્યા તે નીચે પ્રમાણે થાય છેઃ (૧)સંબદ્ધ અને સંગત. (૨)સંબદ્ધ અને અસંગત. (૩)અસંબદ્ધ અને સંગત. (૪) અસંબદ્ધ અને અસંગત.
૬. પહેલા શ્લોકમાં ભગવાનને પિતાના (નંદજીના) પુત્ર કહેલા છે. અહિં યશોદાના પુત્ર કહે છે, તેનું કારણ આ કહેલું છે. ગોપીઓને (સ્ત્રીઓને) નંદજીનું પ્રધાનપણું ન હતું, પણ (સ્ત્રીનું) યશોદાજીનું પ્રધાનપણું હતું. (લે)
૭. પુષ્ટિમાર્ગમાં ચાર પુરુષાર્થો નીચે પ્રમાણે છે. (૧) હરિનું દાસ્ય એ પુષ્ટિમાર્ગમાં ધર્મ છે, (૨) હરિ (પોતે)જ અર્થ છે, (૩) હરિના દર્શન કરવાની ઈચ્છા જ કામ છે, અને (૪) શ્રીકૃષ્ણના જ થવું તે ચોક્કસ મોક્ષ છે. (લે) ભગવાનના જન્મથી આ ચારે પ્રકારનો પુરુષાર્થ ગોપીઓને સિધ્ધ થશે.
૮. તેમને આત્માનું જ નિવેદન કરવાનું હતું, ઘર વિગેરે તો તજવા યોગ્ય હતાં. તેથી આત્માને જ તેમણે શણગાર્યો, એમ (જણાવવા) 'એવ' 'જ' પદ યોજેલું છે. આત્મા એટલે પોતાનું સ્વરૂપ. (લે)

અનુભવ (કરવાનાં છે).[૯] ઉત્તમ વસ્ત્રો પહેરીને, અને તેવાં જ (ઉત્તમ) આભરણો પણ (ધારણ કરીને), અંજન એટલે કાજલ (આંજીને) (તેઓ આવી). 'આદિ' 'વિગેરે' એટલે તિલક, પુષ્પો વિગેરે (ધારણ કરીને આવી). ૯.

શ્રવણથી[૧] આરંભી ગમન[૧] સુધીમાં જેટલાં (કાર્ય)થી આત્માનો અલંકાર[૨] (શોભા) થાય તેટલું કરીને તેઓ (નંદજીના ઘેર) ગઈ, એમ કહે છેઃ

**નવકુઙ્કુમકિઞ્જલ્ક-મુખપઙ્કજભૂતયઃ ।।**
**બલિભિસ્ત્વરિતં જગ્મુઃ પૃથુશ્રોણ્યશ્ચલત્કુચાઃ ।।૧૦।।**

નવા કેસરની રજવાળા મુખરૂપી કમળથી શોભતી, મોટા નિતંબવાળી કંપતા સ્તનોવાળી (તે ગોપીઓ) પૂજાના સાધનો સાથે ત્વરાથી ગઈ. ૧૦.

તે બધી ગોપીઓ દેવતારૂપ[૩] હતી, તેથી ભગવાનની સમીપ જતાં

---

૯. દેહ ઈંદ્રિયો વિગેરે વિકારવાળાં હોવાથી તેઓનો નાશ થાય ત્યારે જ બ્રહ્માનંદનો અનુભવ થાય છે; પણ ગોપીઓ તો શરીર સહિત જ બ્રહ્માનંદનો અનુભવ કરવાની છે. તેથી એમ જણાય છે કે તેમનાં દેહ, ઈંદ્રિયો વિગેરે વિકાર વિનાનાં જ હતાં; એટલે આત્મરૂપ જ (આત્માના જેવાં જ) હતાં. ગોપોને પણ ત્યાં બહ્માનંદનો અનુભવ તેમના દેહ વિગેરેને અલૌકિક કરીને ભગવાન કરાવશે, પરંતુ ભગવાન લીલા કરી તેમના દેહોને અલૌકિક કરી, પછી તેમને તેવો અનુભવ કરાવશે. પરંતુ ગોપીઓના દેહ વિગેરે તો તેવા (વિકારરહિત, અલૌકિક) છે જ, એટલો એ બેમાં ભેદ છે. (લે)

૧. શ્રવણ એટલે કર્ણ (કાન). ગમન એટલે જેનાથી ગમન (ગતિ) થાય તે પગ. કાનથી આરંભી પગ સુધી જેટલા તાટંક, હંસક, નૂપુર વિગેરે અલંકારોથી શોભા થાય તેટલી કરીને તેઓ ગઈ, એવો અર્થ છે. પ્રથમ માથાના અલંકાર કહેવા જોઈએ, છતાં ભગવાનનો જન્મ પ્રથમ જણાવનાર કાન જ હતા તેથી તેમણે પ્રથમ કાન જ શણગાર્યા, તેથી શ્રીમદાચાર્યચરણે 'શ્રવણથી આરંભી ગમન સુધી' એમ કહેલું છે. (પ્ર) 'શ્રવણથી આરંભી એટલે ગોપીઓએ ભગવાનના જન્મની વાત સાંભળી ત્યારથી, ગમન સુધી એટલે નંદજીના ઘેર જવા માંડ્યું ત્યાં સુધીમાં' એવો અર્થ કુદરતી જણાય છે.

૨. 'ગોપીઓએ નંદજીના ઘેર જવામાં વિલંબ કેમ કર્યો ?' એવી શંકા થાય તેથી કહે છે કે આત્માનો અલંકાર જેટલા સમયમાં થાય તેટલો સમય રોકાવું તેમને આવશ્યક હતું, કારણ કે તેમને આત્માનું જ સમર્પણ કરવાનું હોવાથી તેને અલંકાર કરવાની જરુર હતી. (પ્ર)

આ પ્રમાણે અર્થ લઈએ તો આગળ 'તેઓએ સર્વસ્વ જ લઈ જવું જોઈએ છતાં તેઓ ઉતાવળથી ગઈ' એમ કહેલું છે, તે બરાબર બેસતું નથી. તેથી ભગવાનના જન્મની વાત સાંભળી, તેઓ નંદજીને ઘેર જવા નીકળ્યાં ત્યાં સુધીમાં જેટલો આત્માનો (દેહનો) અલંકાર થાય તેટલો તેમણે કર્યો, એવો અર્થ લેવો યોગ્ય છે. બરાબર અલંકાર કર્યો ન હતો. તેથી જ ફૂલો બરાબર બાંધેલાં નહિ હોવાથી રસ્તામાં પડી ગયાં.

૩. દેવતારૂપ એટલે 'વિકારરહિત જેઓનું રૂપ એટલે દેહ વિગેરે હતાં તેવી' એવો અર્થ છે. (લે)

વિકસિત (વિકાસવાળાં, ખીલેલાં) મુખવાળી[૪] થઈ. તે વિકાસ અલૌકિક[૫] હતો તેથી તેનું વર્ણન કરે છે. તેઓના મુખના ભાગ (ઓષ્ઠો) (તેઓએ) પાન ચાવેલાં હોવાથી અથવા સારાં લક્ષણને લીધે સ્હેજ લાલ રેખાવાળા હતા. નવું કુંકુમ એટલે કેસર, તેનાં જે ઉત્તમ સ્હેજ રાતાં રજકણો, તેમનો જ તિલક વિગેરેમાં ઉપયોગ કરેલો, અથવા તેમને જ પીસીને રેખા(લીંટી)ના આકારવાળાં કરેલાં, (તે રજકણોવાળાં મુખરૂપી કમળોથી તેઓ શોભતી હતી.) અથવા તે(કેસરનાં રજકણો)નાં જેવાં રજકણો જેમાં છે એવા મુખરૂપી કમળોથી જેઓની શોભા છે તેવી તેઓ હતી.

**ગન્ધો રૂપં તથા સ્પર્શઃ કટાક્ષભ્રમરોક્તયઃ ।।**
**તાભિશ્ચતુષ્ટયં જ્ઞેયં રસં જ્ઞાસ્યતિ માધવઃ ।।૧૬।।**

તેઓએ (ગોપીઓએ) (૧) ગંધ, (૨) રૂપ તથા (૩) સ્પર્શ અને (૪) કટાક્ષ તથા ભ્રમરના જેવાં (વક્ર) વચન, એ ચાર (માધવને) જણાવવાનાં છે. માધવ (પોતે) રસ જાણશે (તેનું પાન કરશે.) કા. ૧૬ા.[૬]

---

૪. કમળમાં પરાગનું દર્શન તેનો વિકાસ થાય ત્યારે જ થાય છે એવો ભાવ છે. (લે)

૫. અલૌકિક એટલે લોકોને જણાય નહિ, માત્ર ભગવાનને જ જણાય તેવો. (લે)

૬. મુખને પરાગવાળા કમળ[૧] (૧. કમળ ખીલે ત્યારે જ પરાગ દેખાય તેથી પરાગવાળા કમળ જેવાં એટલે ખીલેલાં મુખ. (લે))કહેવાનો ભાવાર્થ આ કારિકાથી કહેલો છે. કટાક્ષ અને ભ્રમરના જેવાં વચન એટલે વક્ર વચન[૨](૨. કમળમાં ભ્રમર ગુંજાર કરે છે, તેમ ગોપીઓ મુખથી વક્ર વચન કહે છે એવો અર્થ છે. (લે).) બંને ભાવ જણાવનાર હોવાથી સમાન છે અને તેથી તે બેને એક ગણ્યાં છે, એટલે ચાર પદાર્થ (ગંધ, રૂપ, સ્પર્શ અને વચન અથવા શબ્દ) થાય છે. અથવા 'કટાક્ષવાળાં ભ્રમર જેવાં (વક્ર) વચન' એમ એક જ વચન (શબ્દ) કહેલ છે એમ જાણવું (તેથી ચાર જ થાય છે). તેથી ગંધથી આરંભી વક્રોક્તિ ગાન (વક્ર વચન) સુધીના ચાર તેઓ(ગોપીઓ)એ જણાવેલાં માધવ જાણશે[૩] (૩. જેમ ખીલેલું કમળ ગંધ, રૂપ, સ્પર્શ અને શબ્દનો અનુભવ કરાવે છે, પણ રસનો અનુભવ કરાવતું નથી તેમ ગોપીઓનાં મુખ પણ એ ચારનો ભગવાનને અનુભવ કરાવે છે. (લે) એટલે એ ચાર ગોપીઓએ જણાવેલાં ભગવાન્ જાણશે. (કા)); કારણ કે એ ચાર જાણવાનાં છે; પણ લોભાત્મક (અધરરૂપ) રસ તો ભગવાન્ પોતે જ જાણશે[૪] (૪. પાંચમો રસ તો ભગવાન્ પોતે જાણશે. જેમ કમળના રસનું પાન તો ભ્રમર પોતે કરે છે તેમ રસનું પાન ભગવાન્ પોતે કરશે. (કા))એવી યોજના છે. આથી એમ સૂચવેલું છે કે રૂપ, ગંધ, સ્પર્શ, શબ્દ અને રસ એ ભગવાને ભોગ કરવાના પાંચ વિષયો તો આ (ગોપીઓ)જ છે. આથી ભગવાનમાં તેઓની આસક્તિ સૂચવેલી છે, અને ભગવાનનાં તથા તેઓનાં ચિત્ત પરસ્પર આસક્તિવાળાં છે, એમ પણ સૂચવેલું છે. અથવા ચતુષ્ટય (ચારનો સમૂહ) અને 'જ્ઞેયમ્' 'જાણવા યોગ્ય' એ બંને 'રસ' શબ્દનાં વિશેષણો જ[૫](૫. શ્રીમદ્-ભાગવત ૧૦-૨૮-૧૪ શ્લોકમાં જણાવ્યું છે, તેવી રીતે ચાર પ્રકારનો જ્ઞેય રસ માધવ પોતે જાણશે એમ અર્થ થાય છે. (કા-લે) છે (એમ અર્થ લેવો). (ટિ))

પૂજાનાં સાધનો માલા વિગેરે (લઈ તેઓ ગઈ). તેઓએ (પોતાનું) સર્વસ્વ (જે કાંઈ હોય તે સર્વ) જ લઈ જવું જોઈએ, છતાં તેઓ ત્વરાથી (ઉતાવળથી, તરત) ગઈ (તેથી બધું લઈ જવાનો સમય ન હતો). તેઓ મોટા નિતંબોવાળી અને કંપતા (ઉતાવળી ગતિને લીધે આમતેમ હાલતા) સ્તનોવાળી હતી, તેથી ઝડપથી જવાનું તેમનાથી બની શકે તેવું ન હતું. (મોટા નિતંબના ભારને લીધે ઝડપથી ચાલી શકાય નહિ અને) સ્તનો બહુ ઉંચાં હોવાથી તેમનું હાલવું જવામાં વિઘ્ન કરનાર થાય છે. (છતાં તેઓ ઝડપથી ગઈ, એટલે) તેઓ અશક્ય (ન થઈ શકે તેવું) કાર્ય કરે છે, તો પછી જે કરી શકે તેવું (સર્વસ્વ લઈને જવાનું) હોય તે કરે તેમાં શું સંદેહ (હોઈ શકે) ? એવો ભાવ છે. ઉતાવળને લીધે (તેમણે ફૂલો) જેમ તેમ બાંધેલાં તેથી તેમનાં બંધનો શિથિલ થયાં, તેથી રસ્તામાં (ફૂલો) પડી ગયાં, એ આગલા શ્લોકમાં કહેશે. ૧૦.

એવી રીતે (નંદજીના ઘેર) જતી ગોપીઓના સ્વરૂપનું વર્ણન[૧] કરી, હવે નીચેના શ્લોકમાં નંદજીના ઘરમાં પ્રવેશ કરતી ગોપીઓના સ્વરૂપનું વર્ણન કરે છેઃ

**ગોપ્યઃ સુમૃષ્ટમણિ-કુણ્ડલનિષ્કકણ્ઠ્યઃ ચિત્રામ્બરાઃ પથિ શિખાચ્યુતમાલ્યવર્ષાઃ।**
**નન્દાલયં સવલયા વ્રજતીર્વિરેજુઃ-વ્યાલોલકુણ્ડલ-પયોધર-હારશોભાઃ ।।૧૧।।**

નંદજીના ઘેર પહોંચતી ગોપીઓ સારી રીતે ઉજળાં મણિવાળાં કુંડલો પહેરેલી તથા કંઠમાં સુવર્ણના હાર પહેરેલી, ભાતભાતના વસ્ત્રો પહેરેલી, જેમના અંબોડામાંથી પડી ગએલાં ફૂલોની માર્ગમાં વૃષ્ટિ થઈ હતી તેવી, બંગડીઓ પહેરેલી અને ઝૂલી રહેલાં કુંડલો, સ્તનો તથા હારને શોભાવતી શોભતી હતી. ૧૧.

દૂરથી આવીને જ્યારે તેઓ જેમ તેમ (નંદજીના ઘરની) નજીક પહોંચી ત્યારે (તેમનામાં) સર્વ (પ્રકારની) શોભા પ્રકટ થતાં તેઓ ઘણી શોભી ઉઠી[૨] તેથી તેઓનું અહિં વર્ણન કરે છે.

(નવમા શ્લોકમાં 'ગોપીઓ' કહેલું હતું ત્યાંથી તેઓના જ વર્ણન ચાલે છે, તેથી અહિં પુનઃ 'ગોપીઓ' કહેવાની જરૂર ન હતી છતાં) આગળ (પહેલાં) આવેલી અને પાછલ(પછી) આવેલી બધી ભેગી થઈને નંદજીના ઘેર જાય છે, એમ જણાવવા ફરીથી 'ગોપીઓ' શબ્દ યોજેલો છે. તેઓ નંદજીના ઘેર જતી (ઘરમાં પ્રવેશ કરતી) ઘણી શોભી ઉઠી એટલે પહેલાં તેમનાં આભરણો ઢાંકેલાં હોવા છતાં (ઘરમાં પ્રવેશતાં) પ્રકટ થયાં, અને તેવી જ રીતે વસ્ત્રો પણ પ્રકટ થયાં.

---

૧. ગયા શ્લોકનાં સુબોધિનીજીમાં 'વિકસિત મુખવાળી' કહેલું છે તેનો આ અનુવાદ છે. (લે)

૨. ગયા શ્લોકમાં ગોપીઓ જાય છે તે કહેલું છે, તેથી આ શ્લોકમાં તેઓ નંદજીના ઘરમાં પ્રવેશ કરે છે એ મુખ્ય રીતે કહેવું જોઈએ, છતાં તે ગૌણ રીતે કહી, મુખ્યપણાંથી તેમની શોભાનું જ આ શ્લોકમાં નિરૂપણ કરેલું છે, તેનું તાત્પર્ય (કારણ) અહિં કહેલ છે. (લે)

રસ્તામાં તેમના અંબોડામાંથી ખરી પડેલાં ફૂલોની, તેઓની ગતિ (કયા માર્ગે તે ગઈ તે માર્ગ) સૂચવનારી જાણે વૃષ્ટિ થઈ. બંગડીઓ પણ શબ્દથી (ખખડાટથી) તથા રૂપથી પ્રકટ થઈ. ઝુલતાં બે કુંડલો, બે સ્તનો અને હારોથી જેઓની શોભા હતી[3] તેવી ગોપીઓ થઈ; એટલે તેમના સંબંધવાળા રાજસ, તામસ અને સાત્ત્વિક (પદાર્થો) કંપાયમાન થયા; આથી તેઓની ઉત્સવમાં આસક્તિ કહેલી છે. સારી રીતે ઉજાળેલાં એટલે ઉજળાં કરેલાં મણિવાળાં બે કુંડલો છે જેમનાં, (અને) સુવર્ણના હારવાળા કંઠ છે જેમના, તેવી પહેલાં કહેલી (ઉજળાં કરેલાં મણિવાળાં કુંડલોવાળી) અને સુવર્ણના હારવાળા કંઠોવાળી તેઓ હતી. ભાતભાતનાં વસ્ત્રો છે જેમનાં તેવી તે હતી. રસ્તા ઉપર અંબોડામાંથી ખરેલાં ફૂલોનો વરસાદ જેમનાથી થયો છે તેવી તે હતી. નંદાલય એટલે નંદજીનું ઘર. બંગડીઓવાળી એટલે બંગડીઓ સહિત(પહેરેલી), ઝુલતાં કુંડલ, સ્તન અને હારોની શોભા જેમનાથી છે તેવી[3] તે હતી. ૧૧.

ત્યાં (નંદજીને ઘેર) આવેલી ગોપીઓનું કૃત્ય નીચેના શ્લોકમાં કહે છેઃ

**તા આશિષઃ પ્રયુઞ્જાનાશ્ચિરં પાહીતિ બાલકે ।।**
**હરિદ્રાચૂર્ણતૈલાદ્ભિઃ સિઞ્ચન્ત્યોજનમુજ્જગુઃ ।।૧૨।।**

બાલક પ્રતિ ‘લાંબા સમય સુધી રક્ષણ કરો’ એવી આશિષો આપતી, હળદર, ચૂર્ણ, તેલ અને જલ (પરસ્પર) છાંટતી તેઓએ અજન (જન્મરહિત ભગવાન)નું મોટેથી ગાન કર્યું. ૧૨.

તેઓ એટલે તે ગોપીઓ એવી રીતે ઉત્કંઠાથી આવી, બાલક પ્રતિ આશિષો આપવા મંડી. તેઓમાં ભગવાનનો આવેશ હોવાથી, ‘લાંબા સમય સુધી રક્ષણ કરો’ એવી સાચી જ આશિષો તેમના મુખમાંથી નીકળી એમ કહે છે. તેઓ બાલક પ્રતિ પરોક્ષ રીતે (બાલકની ગેરહાજરીમાં) આશિષો આપતી ન હતી, પરંતુ પ્રત્યક્ષ રીતે (બાલકની હાજરીમાં તેને જ સંબોધીને) આપતી હતી, તેથી ‘(તમે) રક્ષણ કરો’ એમ બીજા પુરુષનો પ્રયોગ કરેલો છે. (‘પાહિ’ એ બીજા પુરુષના એકવચનનું ‘પા’ ધાતુનું આજ્ઞાર્થરૂપ છે). ભગવાન્ તેઓનું સર્વ રીતે પાલન (રક્ષણ) થોડા સમય સુધી જ[1] કરવાના છે, એમ જાણીને તેઓ લાંબા સમય સુધી

૩. કુંડલો, સ્તનો અને હારો, તેઓથી શોભા છે જેમની; અને કુંડલો, સ્તનો અને હારો, તેમની શોભા છે જેઓથી, એમ બંને રીતે સમાસ છોડવો ઈષ્ટ છે. (લે)

૧. ભગવાન્ મથુરા પધારશે ત્યારે સર્વ રીતે પોતાનું રક્ષણ કરશે નહિ. તેથી લાંબા સમય સુધી રક્ષણ થશે નહિ, એમ જાણી એવા રક્ષણ માટે પ્રાર્થના કરી છે. અથવા ભગવાન્ અહિં (શ્રીગોકુલમાં) સદા રહે તો પણ રાત્રે જ સર્વ રીતે તેઓનું રક્ષણ કરે, તેથી દિવસે પણ તેવું રક્ષણ કરે તે માટે એવી પ્રાર્થના કરી છે. આ રીતે વ્યાખ્યાન કરવાથી ‘સ્ત્રીઓ

પાલન કરવા માટે પ્રાર્થના કરે છે. તે દરેક ગોપીને ભગવાને સ્ફુરણ કરેલ (દરેકમાં ભગવાનનો આવેશ થએલ); તેથી દરેક ગોપી આ વચન ('રક્ષણ કરો') પણ કહે છે. આવી રીતે આશિષો આપતી તેઓ ભગવદ્‌ભાવથી (ભગવાન ના આવેશથી) ઘણી મત્ત થઈ, અને તેમણે હળદર, ચૂર્ણ (સુખડનું ચૂર્ણ, ચૂનો), તેલ અને જલ ભેગાં કરી, તે પરસ્પર(એકબીજાને) છાંટતા, અજન (જન્મ-રહિત) ભગવાનનું ગાન કર્યું. હળદર અને ચૂર્ણને મેળવતાં સ્હેજ લાલ રંગ થાય છે,[2] અને તેને તેલથી મેળવતાં તે લાલાશ કદી તજતું નથી અને ઘણા સમય સુધી આ અર્થ (રતાશ) જણાવે છે (સાચવી રાખે છે). તેને જલમાં નાખવાથી તે ફેલાય છે.

'કુલસ્ત્રીઓ (સારા કુલની સ્ત્રીઓ)નો એવો ભાવ કેમ હોય (એવું કેમ કરે) ? એવી શંકા થાય તેથી કહે છે કે 'અજનનું મોટેથી ગાન કર્યું.' 'અજન' શબ્દ ભગવદ્‌ભાવ[3] જણાવનારો છે. કારણ કે[4] તેઓ જાણતી હતી કે ત્યાં તે[5] ભગવાન્

---

સાથે રાત દિવસ રમણ કર્યું' એમ કહેવામાં આવશે, તેવી રીતે આશિષો સત્ય ઠરે છે; પહેલાં કરેલા વ્યાખ્યાન પ્રમાણે તેમ થતું નથી. ત્યારે 'સદા રક્ષણ કરો' એવી પ્રાર્થના કેમ ન કરી ? એવી શંકા ન કરવી; કારણ કે થોડો સમય પણ છૂટા ન પડાય તો રસનો અનુભવ ન થાય. (પ્ર)

૨. વાણીથી 'લાંબા સમય સુધી રક્ષણ કરો' એમ કહી ક્રિયાથી પણ આ અર્થ સૂચવે છે. હળદર અને ચૂર્ણ (ચૂનો?) મેળવવાથી થએલ લાલ રંગ તેલવાળા વસ્ત્રમાં બેસે છે, તે તેમાંથી કદાપિ જતો નથી, તેમ ઉભય (ભગવાન્ અને ગોપીના) સંયોગથી થએલો પ્રેમ સ્નેહ (તેલ,પ્રેમ)વાળો થવાથી કદાપિ તૂટશે નહિ, તેથી એ પ્રમાણે (મેળવણી) કરે છે. (પ્ર)

૩. ભગવાનનો જે ભાવ, એટલે પોતામાં(ગોપીમાં) હોવાપણું, અર્થાત્ બ્રહ્મભાવ. તે જણાવનાર 'અજન' શબ્દ છે. તેમ ન હોય તો જન્મોત્સવનું વર્ણન કરવાનું છે ત્યાં શુક 'અજન' પદ ન કહે.(પ્ર)

આ ગોપીઓને પુરુષોત્તમમાં ભાવ હતો, પણ વાસુદેવવ્યૂહમાં ભાવ ન હતો. પાછલ જણાવ્યું તેમ વાસુદેવવ્યૂહને લીધે જ 'આત્મજ' પદ યોજેલું છે. તેથી આ ગોપીઓ એમ જ જાણતી કે ભગવાન્ પોતામાં પુત્રપણું અને નંદજીમાં પિતાપણું સ્વીકારી પ્રગટ થયા છે, પરંતુ નંદજીમાંથી ઉત્પન્ન થયા નથી. તેથી અહિં ભગવદ્‌ભાવ એટલે 'પુરુષોત્તમભાવ' એવો અર્થ છે. નંદજીની તો એવી બુદ્ધિ હતી કે બાલક મારાથી જન્મ્યા છે એટલે તેમનો ભાવ વાસુદેવ સુધી પહોંચતો (પુરુષોત્તમ સુધી નહિ). આ (વાસુદેવવ્યૂહના) ભાવનું જ ઉદ્ધવજી આગળ ૧૦-૩૩-૩૮ માં નિવારણ કરવાના છે એમ જાણવું. (લે)

૪. કારણ કે ગોપીઓ જાણતી હતી કે અમને વરદાન આપનાર ઐશ્વર્ય વિગેરે છ ગુણવાળા ભગવાન્ અક્ષરમાં જ રહે છે, તેથી તે ભૂમિ પર જન્મ્યા નથી; પરંતુ અક્ષરને પ્રકટ કરી તેમાં જ આવિર્ભાવ પામેલા છે. (પ્ર)

૫. તે ભગવાન્ એટલે પુરુષોત્તમ અજન (જન્મરહિત) હોય તે યોગ્ય જ છે, એમ જણાવવા 'હિ' 'કારણ કે' શબ્દ યોજેલો છે. (લે)

પ્રગટ થયા છે. તેથી ભગવાન્[6] પ્રાપ્ત થતાં, સર્વ (બીજા કોઈ પદાર્થ)ની[7] અપેક્ષા નહિ રહેવાથી, તેમણે એવી રીતે એકબીજાને છાંટતા મોટેથી ગાન કર્યું.

એવી રીતે વિદ્યાવાળાઓના, ભૂમિના, ગાયોના, ગોપોના અને ગોપીઓના અલંકારો(શણગારો)નું[8] (શ્લો. ૫ થી ૧૨ સુધી) નિરૂપણ કર્યું. ૧૨.

નીચેના શ્લોકમાં લૌકિક વાજીંત્રોથી થએલા ઉત્સવનું નિરૂપણ કરે છેઃ

**અવાદ્યન્ત વિચિત્રાણિ વાદિત્રાણિ મહોત્સવે ।।**
**કૃષ્ણે વિશ્વેશ્વરેનન્તે નન્દસ્ય વ્રજમાગતે ।।૧૩।।**

વિશ્વના ઈશ્વર અનંત શ્રીકૃષ્ણ નંદના વ્રજમાં પધારતાં, મહોત્સવમાં વિચિત્ર વાંજીત્રો વાગ્યાં. ૧૩.

સ્વભાવથી દશ પ્રકારનાં[1] જૂદાં જૂદાં વાંજીત્રો છે, અને તેના દરેક પ્રકારના પણ અનંત પ્રકારો છે. ભગવાનનો જન્મોત્સવ થતાં વાજીંત્ર વગાડનારાઓએ[2] તે સર્વ વગાડવા માંડયાં. આ શ્લોકના ઉત્તરાર્ધમાં ઉત્સવનું નિમિત્ત (કારણ) કહેલું છે.

કૃષ્ણ[3] એટલે સદાનંદ (ભગવાનનું નામ છે). બાલકનું નામ પાડ્યા પછી

૬. ભગવાન્ એટલે પુરુષોત્તમ. (લે)
૭. પુરુષોત્તમની પ્રાપ્તિ થતાં લોક અથવા વેદ કોઈની અપેક્ષા રહેતી નથી. '(બ્રહ્મનો આનંદ જાણનાર) કોઈથી બીતો નથી' વિગેરે શ્રુતિ એમ જ કહે છે. (લે)
૮. સારી વાણી, સંસ્કાર, વેશ અને ગાનરૂપ અલંકારો. (પ્ર)
૧. આ દશ પ્રકારનાં વાજીંત્રો શ્રીમદ્ભાગવત. ૧-૧૦-૧૪ માં કહેલાં છે. (લે)
૨. આ વાજીંત્રો પોતાની મેળે વાગે નહિ, તેથી વગાડનારાઓએ વગાડવા માંડ્યાં એમ કહેલું છે. (લે)
૩. અહિં 'શ્રીકૃષ્ણ' 'વિશ્વેશ્વર' 'અનંત' પદો એક સરખી રીતે યોજેલાં છે. તેથી બીજાં પદો પેઠે 'શ્રીકૃષ્ણ' પદ પણ 'આનંદના કારણરૂપ' અર્થમાં કહેલું છે, પણ ભગવાનના નામ તરીકે કહેલું નથી; તેથી અહિં 'નામ પાડ્યા પછી જ નામ હોઈ શકે' એવી શંકા કરવી યોગ્ય ન હતી. વળી આ કાંઈ વ્રજવાસીઓ બોલતા નથી, પણ શુકદેવનું વાક્ય છે. 'શ્રીકૃષ્ણ' ભગવાનનું નામ છે, એવી કદાચ વ્રજવાસીઓને ખબર ન હોય પણ શુકદેવને તો ખબર હતી જ. તેથી તે (શુકદેવ) ભગવાનનું નામ કહે તેમાં શંકા કરવા જેવું કાંઈ ન હતું, છતાં અહિં શંકા કરી સમાધાન કરેલું છે તેનું શું કારણ ?

એનું કારણ એવું છે કે જે સમયે ભગવાન્ જેવી લીલા કરે છે તે સમયના લોકોના સંબંધમાં તેવી જ લીલાનું શુકદેવ નિરૂપણ કરે છે. જેમ કે (ગયા શ્લોકમાં) બાલકને આશિષો આપી કે 'તમે અમારું લાંબા સમય સુધી રક્ષણ કરો.' તેથી આ જન્મ સમયે ભગવાને હજી પોતાનું નામ 'શ્રીકૃષ્ણ' પ્રકટ કરેલું નથી, તેથી એ સમયે એ નામ કહેવું યોગ્ય નથી; એવા આશયથી આવી શંકા કરી સમાધાન કરેલ છે. હવે અહિં 'શ્રીકૃષ્ણ' નામ તરીકે કહ્યું નથી પણ 'આનંદના કારણરૂપ' અર્થમાં કહેલું છે એમ કહ્યું. તેના સંબંધમાં જણાવવાનું કે પુરુષોત્તમનું

જ નામ હોય, એ નિયમ ભગવાનને લાગુ પડતો નથી; તેથી ગર્ગમુનિએ પહેલાં ભગવાનનાં નામો હતાં તે જ કહેલાં છે (નવાં નામ પાડેલાં નથી) તેથી, અને '' 'કૃષ્' સત્તાવાચક શબ્દ છે, અને 'ણ' આનંદવાચક શબ્દ છે'' તેથી કૃષ્ણ એટલે સદાનંદ, અને આનંદ (હોય ત્યાં) અવશ્ય વાજીંત્રો (વાગવાં જ જોઈએ). વળી (તે) વિશ્વના ઈશ્વર એટલે વિશ્વના જ નિયંતા (વિશ્વને નિયમમાં રાખનાર) છે. મોટા (પુરુષ) પધારે ત્યારે, પાસે જઈને વાંજીત્રો પણ વગાડવાં જોઈએ. 'અનંત' શબ્દથી એમ કહેલું છે કે (આ) બાલક(ના સંબંધ)માં બીજા બાલક પેઠે કાંઈ શંકા નથી, તેથી મહોત્સવ સર્વ પ્રકારે કરવો જોઈએ. 'જેનો અંત ન હોય' તે 'અનંત', અથવા 'અનંત' એટલે કાલ.[૪] જો તેમ (ઉત્સવ) કરવામાં ન આવે તો તે (કાલ) મારે[૫]. તેમાં પણ પામર (સામાન્ય ગોપ) નંદના વ્રજમાં એટલે નાના ઘરમાં મોટા (પુરુષ) પધારે ત્યારે મહોત્સવ કરવો જ જોઈએ. જો તેમ (મહોત્સવ) કરવામાં ન આવે તો (તે) મોટા (પુરુષ) અપકાર કરે.[૬] વળી 'વસુઓમાં ઉત્તમ દ્રોણ' (૧૦-૮-૪૮)થી આરંભી 'પછી પુત્ર થએલા ભગવાનમાં ભક્તિ થઈ' ૧૦-૮-૫૧ અને 'બ્રહ્માનો આદેશ સત્ય કરવા શ્રીકૃષ્ણે વ્રજમાં વસતાં' ૧૦-૮-૫૨ સુધીનાં વાક્યો પ્રમાણે નંદજી (ભગવાનના) મોટા ભક્ત હોઈ તે વાંજીત્રો વગડાવે એ યોગ્ય જ છે.

ગોપીઓને ભગવાનનું સ્મરણ થતાં જ તેમનામાં ભગવાનનો આવેશ થયો; પણ ગોપોને તો ભગવાનની સન્નિધિમાં (સમીપ) ભગવાનના ધર્મો પ્રકટ થતાં આવેશ થયો. તેથી ભગવાનના આવેશવાળા ગોપોમાં ઉત્સવ પ્રકટ થયો, એમ નીચેના શ્લોકમાં કહે છેઃ

**ગોપાઃ પરસ્પરં હૃષ્ટા દધિક્ષીરઘૃતામ્બુભિઃ ।।**

---

સ્વરૂપ સદાનંદરૂપ છે, તેથી માત્ર સ્વરૂપ જણાવનાર મુખ્ય નામ 'શ્રીકૃષ્ણ' જ પદ છે. તે માત્ર સ્વરૂપ દર્શાવે છે. 'વિશ્વના ઈશ્વર' વિગેરે પદો પેઠે ધર્મો દર્શાવી (તે ધર્મો દ્વારા) (ધર્મી ભગવાનનું જ્ઞાન કરાવતું નથી). તેથી 'વિશ્વના ઈશ્વર' વિગેરે પદો સાથે તેમની પેઠે જ કહેલું હોવા છતાં, 'શ્રીકૃષ્ણ' નામ જ છે. જેમ બીજા શબ્દો ધર્મનું ભાન કરાવી તે ધર્મો દ્વારા ધર્મીનું ભાન કરાવે છે, પણ 'સત્તા'* શબ્દ તેમ કરતો નથી, તેમ અહિં પણ 'શ્રીકૃષ્ણ' શબ્દ ધર્મો દ્વારા ધર્મીનું ભાન કરાવતો નથી, તેથી તે ભગવાનનું નામ જ છે. (ટિ) *સત્તા એટલે હોવાપણું.

૪. શ્રીમદ્ભાગવત ૧૦-૩-૧માં જણાવેલ ભગવદ્રૂપ લીલાકાલ. આનું નિરૂપણ ૧૦-૩-૩૯નાં શ્રીસુબોધિનીમાં કરેલું હોવાથી તે ભગવદ્રૂપ છે. (લે)

૫. લીલાના કાલનો પ્રાદુર્ભાવ થાય ત્યારે સેવકો તેની યોગ્ય સેવા ન કરે તો તે કાલ તે સેવકો (વાજીંત્ર વગાડનારાઓ)ને દંડે. (ટિ,લે)

૬. અપકાર કરે એટલે પૂજ્યની પૂજા ન કરવાથી ઉત્પન્ન થતા દોષ તેમને માથે ચડાવે. (ટિ)

**આસિઞ્ચન્તો વિલિમ્પન્તો નવનીતૈશ્ચ ચિક્ષિપુઃ ।।૧૪।।**

આનંદ પામેલા ગોપો એકબીજા ઉપર દહીં, દૂધ, ઘી અને જલ સિંચવા તથા તેમનો લેપ કરવા લાગ્યા અને માખણ એકબીજા ઉપર ફેંકવા લાગ્યા. ૧૪.

દહીં, દૂધ, ઘી અને જલ ભેગાં કરીને તેથી (તેઓ) એકબીજાને સિંચતા (એકબીજા ઉપર છાંટતા). દહીં વિગેરેનો (એકબીજાના) મુખ ઉપર લેપ કરતા, અને માખણના પિંડાઓ એકબીજાના ઉપર ફેંકવા લાગ્યા; અથવા જેને જે મળી આવ્યું (તેનો તે ઉપયોગ કરવા મંડ્યા); (એટલે) કેટલાક દહીંથી; કેટલાક દૂધથી અને ઘી અને જલથી (એક બીજાને સિંચવા લાગ્યા). સામાન્ય રીતે (એકબીજાને) સિંચે, આધિક્ય થાય એટલે રસમાં ઘણો આવેશ થાય ત્યારે લેપ કરે, અને રસમાં ઘણા મત્ત થાય ત્યારે (એક બીજા ઉપર) માખણના પિંડો ફેંકે. આવી રીતે સર્વેના મોટા ઉત્સવનું નિરૂપણ કર્યું. ૧૪.

એવી રીતે સર્વેએ ઉત્સવ કર્યો, ત્યારે સર્વને દાન આપવારૂપ નંદજીના ઉત્સવનું નીચેના શ્લોકોમાં નિરૂપણ કરે છે. (તેમાં અનુક્રમે) વિદ્યાવાળાઓને, બીજાઓને અને સ્ત્રીઓને સર્વ ઈચ્છેલા પદાર્થોનું દાન (નંદજીએ કર્યું તે કહે છે); તેમાં પ્રથમ નીચેના શ્લોકમાં વિદ્યાવાળાઓને દાન કર્યું તે કહે છેઃ

**નન્દો મહામનાસ્તેભ્યો વાસોલઙ્કારગોધનમ્ ।।**
**સૂતમાગધવન્દિભ્યો યેન્યે વિદ્યોપજીવિનઃ ।।૧૫।।**

મોટા (ઉદાર) મનવાળા નંદજીએ તેઓને (તથા) સૂત, માગધ અને બંદિઓને (અને) જે બીજા વિદ્યા ઉપર જીવનારા (હતા) તેઓને વસ્ત્રો, અલંકારો અને ગોધન આપ્યાં. ૧૫.

વિદ્યાના ભેદ પ્રમાણે (જેવી વિદ્યાવાળો હોય તેના પ્રમાણમાં) દાન (થાય), તેમાં બહુ વિદ્યાવાળો એક જ હોય. એમ હોવાથી તેને વધારે દાન કરવું જોઈએ. (એમ કરવાથી) હલકા સ્વભાવવાળાને લોભ થાય. તેમ ન થાય તે માટે કહે છે કે 'તેઓને' એટલે પહેલાં (શ્લોક ૩માં) કહેલા (વિપ્રોને), વસ્ત્રો, આભરણો, ગાયો અને ધન આપ્યાં. અથવા વસ્ત્રો આભરણો અને ગોધન એટલે ગોષ્ઠ (ગાયનો વાડો, ગાયો સહિત વાડો) આપ્યાં. આથી[1] એમ જણાય છે કે બ્રાહ્મણોને જ વસ્ત્રો અને આભરણો આપી દરેકને એક એક ગોષ્ઠ આપ્યું.

---

૧. 'આથી' એટલે વિદ્યાના ભેદ પ્રમાણે દાન કર્યું એમ કહેવાથી. (લે)
અહિં મૂલ સુબોધિનીજી જોતાં બધા વિપ્રોને વસ્ત્રો, આભૂષણ અને એક એક ગોષ્ઠ દાનમાં આપેલાં છે, તેથી તેઓમાં દાનનો ભેદ નથી; પરંતુ બીજાઓને પોતપોતાની યોગ્યતા પ્રમાણે દાન કરેલું છે. તેથી વિપ્રો અને બીજાઓમાં વિદ્યાના ભેદ પ્રમાણે દાનમાં ભેદ છે.

બીજાઓનો અનુવાદ[2] કરેલો હોવાથી તેમને પણ યથાયોગ્ય દાન આપ્યું, એમ ઉત્તરાર્ધમાં કહેલું છે. આમને (સૂત, માગધ અને બંદિઓને) કીર્તિ માટે દાન કર્યું. બીજા જેઓ ગાન કરનારા, વૈદ્યો અને જ્યોતિષ્ જાણનારા (હતા તેઓને), (અને) બીજા શકુન જાણનારા અને સ્ત્રીઓ (હતી) તેઓ સર્વેને વસ્ત્રો, આભૂષણ અને ગોધન આપ્યાં, એવો સંબંધ[3] છે. ૧૫.

નીચેના શ્લોકમાં બીજાઓને (વિદ્યાવાળાઓ તથા સ્ત્રીઓ સિવાયનાને) દાન કર્યું તે કહે છેઃ

**તૈસ્તૈઃ કામૈરદીનાત્મા યથોચિતમપૂજયત્ ।।**
**વિષ્ણોરારાધનાર્થાય સ્વપુત્રસ્યોદયાય ચ ।।૧૬।।**

અદીન આત્માવાળા નંદજીએ વિષ્ણુની આરાધના માટે અને પોતાના પુત્રની ઉન્નતિ માટે જૂદી-જૂદી કામનાઓથી યથાયોગ્ય(બીજાઓની) પૂજા કરી.૧૬.

જે જે પુરુષોની જે જે ઈચ્છેલી કામનાઓ હતી તે તે કામનાઓથી તેઓની પૂજા વિષ્ણુબુદ્ધિથી[1] કરી. દીન નથી એટલે લોભવિનાનો છે આત્મા અથવા અંતઃકરણ જેનું તે અદીન આત્માવાળા(થઈ નંદજીએ તેઓની પૂજા કરી.)

જો કોઈ દૈત્ય દાન કરાય નહિ તેવા પદાર્થની માગણી કરે તો તે (નંદજી) શું કરે ? એવી શંકા થાય તેથી કહે છે કે 'યથાયોગ્ય' પૂજા કરી; યોગ્યતાને તજીને દાન કર્યું નહિ. જેનું દાન કરવાનું છે તેની, તથા જેને દાન કરવાનું છે તેની યોગ્યતા તજીને દાન કર્યું નહિ. (દાન કરવાનો પદાર્થ દાન કરવા યોગ્ય છે, અને જેને દાન કરવાનું છે તે દાન આપવા યોગ્ય છે એમ જોઈને દાન કર્યું.) 'વિષ્ણુની આરાધના માટે' શબ્દથી સર્વનું એ પ્રમાણે પૂજન કરવાનું પ્રયોજન કહેલું છે. (એનો અર્થ) 'વિષ્ણુ પ્રસન્ન થાય તે માટે' (થાય છે.) તેમના (નંદજીના) જ્ઞાનને અનુસરી 'પોતાના પુત્રની ઉન્નતિ માટે' એમ જૂદું[2] કહેલું છે. 'ચ' 'અને' શબ્દથી ગ્રહો

---

૨. બીજાઓનો અનુવાદ જૂદો કરેલ હોવાથી તેઓના દાનના પ્રકારમાં પણ ભેદ છે એમ જણાય છે. (પ્ર)

૩. શ્લોક ૩માં 'વિપ્ર' શબ્દ કહેલો છે, તેમને આ શ્લોકમાં 'તેઓને' કહેલા છે. તેથી એ ત્રીજા શ્લોકમાં 'પ્રાદાદ્' 'દાન કર્યું' ક્રિયાપદ યોજેલું છે, તેનો અહિં પણ સંબંધ થાય છે એવો અર્થ છે. (લે)

૧. વિષ્ણુબુદ્ધિથી એટલે વિષ્ણુ પ્રસન્ન થાઓ એવી બુદ્ધિથી. (લે)

૨. નંદજીની એવી બુદ્ધિ હતી કે 'શ્રીકૃષ્ણ મારા પુત્ર છે.' તે વિષ્ણુ (ભગવાન્) છે, એવી તેમની બુદ્ધિ ન હતી. એ રીતે વિષ્ણુથી પોતાના પુત્રને તે જૂદા માનતા હતા, તેથી 'પોતાના પુત્રની ઉન્નતિ માટે' 'વિષ્ણુની આરાધના માટે'થી જૂદું કહેલ છે. (યો)

વિગેરેની પ્રાર્થના[3] માટે, (એ પ્રમાણે સર્વની પૂજા કરી) એમ કહેલું છે. ૧૬.

સ્ત્રીઓને જે દાન કર્યું તેમાં રોહિણીને જે દાન કર્યું તે કંસના ભયથી છૂપું રાખ્યું હશે[1], (એવી શંકા રહે) તેથી ભગવાનનો આવેશ થવાથી દાન કરનારને તથા દાન લેનારને (કોઈને) ભય ન હતો, એમ જણાવવા રોહિણીનું ચરિત કહે છેઃ

**રોહિણી ચ મહાભાગા નંદગોપાભિનંદિતા ।।**
**વ્યચરદ્ દિવ્યવાસઃસ્રક્-કણ્ઠાભરણભૂષિતા ।।૧૭।।**

નંદ ગોપથી અભિનંદન (આદર) પામેલી મહાભાગ્યવાળી રોહિણી દિવ્ય વસ્ત્રો, માલાઓ અને કંઠના આભૂષણોથી શોભિત થઈ સર્વત્ર ફરતી હતી. ૧૭.

ભગવાનના આગમન વિના (પહેલાં) પણ, બલભદ્રની ઉત્પત્તિ (રોહિણીથી થઈ હતી તે)થી જ તે કૃતાર્થ થઈ હતી, તેથી 'મહાભાગ્યવાળી' કહેલી છે. અથવા દેવકીજી સિવાયની બીજી પણ વસુદેવની સ્ત્રીઓ ભાગ્યવાળી જ[2] હતી, તો પણ આ (રોહિણી) બાલલીલા વિગેરે ભગવાનની લીલા જોશે તેથી આ 'મહાભાગ્યવાળી' હતી. (મૂલ શ્લોકમાં) 'ચ' 'પણ' શબ્દ છે, તેથી બધીએ સ્ત્રીઓ (એ પ્રમાણે વસ્ત્રો વિગેરેથી શોભિત થઈ ફરતી હતી એમ કહેલું છે). 'નંદ ગોપથી અભિનંદન પામેલી' શબ્દથી (તે) માત્ર સ્ત્રીઓમાં જ ગુપ્તપણાથી ફરતી હતી એમ નથી; પરંતુ (સર્વત્ર) ફરતી હતી અને નિર્ભયતાથી રહેલી હતી એમ કહેલું છે. તેથી જ (નિર્ભયપણાને લીધે જ) દિવ્ય વસ્ત્રો, માલાઓ અને કંઠનાં આભૂષણો-તેથી તે શોભિત હતી. સ્ત્રીઓના અલંકારો ત્રણ પ્રકારના હોય છે. વસ્ત્રોના, સુવર્ણના અને ફૂલોના; એ ત્રણે કહેલાં છે. ચરણમાં અને હાથમાં (સ્ત્રીઓને) સ્વભાવથી (કુદરતી રીતે, સામાન્ય રીતે) (આભૂષણો) હોય છે; પણ પદક હાર વિગેરે કંઠના આભરણો વિશેષતા (ઉત્તમપણું) દર્શાવનાર છે, તેથી તેઓને વર્ણવેલાં છે. સર્વત્ર ફરતી હતી એટલે ગૃહિણી (ઘરધણીઆણી) પેઠે સર્વ

૩. આ પણ શ્રીમદાચાર્યચરણે નંદજીની બુદ્ધિને અનુસરીને કહેલું છે. તેથી આ ઉપરથી વૈષ્ણવને ત્યાં પુત્રજન્મ થાય ત્યારે ગ્રહોની પૂજા કરી શકાય એમ માનવું યોગ્ય નથી.

૧. શ્રીકૃષ્ણ વસુદેવ અને દેવકીના પુત્ર છે, એમ નંદજી અને રોહિણી આ સમયે જાણતાં ન હતાં. તેથી તેમના સંબંધનો ભય હોઈ શકે નહિ; પરંતુ રોહિણી વસુદેવની પત્ની હતી અને કંસના અપરાધી વસુદેવની પત્ની રોહિણીને નંદજી પોતાને ઘેર સંઘરે છે અને સારી રીતે રાખે છે, એમ જાણવાથી કંસને તેમના ઉપર ક્રોધ થાય, એવો આ ભય હોવો જોઈએ.

૨. પછીની (કંસનો વધ કર્યા પછીની) લીલાઓનું વાસુદેવની બીજી સ્ત્રીઓ દર્શન કરશે, તેથી તે ભાગ્યશાળી હતી. રોહિણી તો બાલલીલાનું તેમજ પછીની લીલાનું દર્શન કરશે, તેથી મોટાભાગ્યવાળી હતી. (પ્ર) આ પછીની લીલાઓ બીજા ઘણા જોઈ શકે તેમ હતું, તેથી વસુદેવની બીજી સ્ત્રીઓને ભાગ્યવાળી કહેલી છે. તેનું કારણ ભગવાન્ તેઓના પણ પુત્ર હતા એ હોવું જોઈએ. તે બધી ભગવાનની અપર માતાઓ હતી, તેથી ભાગ્યશાળી હતી.

કાર્ય કરતી હતી. આથી[3] એમ કહેલું છે કે રોહિણીના સંબંધને લીધે 'આ કૃષ્ણ છે' એવું જ્ઞાન થાય તેથી ભય થાય તેવો ભય ન હતો. ૧૭.

એવી રીતે સર્વ પ્રકારથી સર્વસ્વ (બધું ધન) વપરાઈ જતાં નંદજીની સર્વ સમૃદ્ધિઓ થઈ રહી હશે એવી શંકા કરીને, ભગવાનના નિવાસને લીધે તેમને ઘણી જ સમૃદ્ધિ પ્રાપ્ત થઈ એમ નીચેના શ્લોકમાં કહે છેઃ

**તત આરભ્ય નંદસ્ય વ્રજઃ સર્વસમૃદ્ધિમાન્ ।।**
**હરેર્નિવાસાત્મગુણૈ રમાક્રીડમભૂન્ નૃપ ।।૧૮।।**

હે નૃપ! ત્યારથી આરંભી નંદનું વ્રજ સર્વ સમૃદ્ધિઓવાળું થયું અને હરિના નિવાસ, આત્મા અને ગુણોને લીધે લક્ષ્મીનું ક્રીડાનું સ્થાન થયું. ૧૮.

જ્યારે પહેલાં કહેલાં દાનો નંદજીએ આપ્યાં ત્યારથી (તેમને સર્વ સમૃદ્ધિ પ્રાપ્ત થઈ). વિષ્ણુબુદ્ધિથી તેમણે પૂજા કરેલી તેનું[1] પણ આનુષંગિક (અવાંતર, ગૌણ) ફલ[2] જ હતું. સર્વ એટલે ધન-પશુ[3], જ્ઞાન[4] વિગેરે (બધી) સમૃદ્ધિઓ માત્ર

---

૩. આથી એટલે રોહિણીના સર્વત્ર ફરવાથી, રોહિણી જો સર્વત્ર ફરે નહિ તો 'આ રોહિણીનો જ પુત્ર છે; નંદજીનો પુત્ર છે એમ ખોટું કહે છે' એમ કંસ જાણે. પણ જો રોહિણી સર્વત્ર ફરે તો 'આ રોહિણીનો પુત્ર છે' એવું તેને જ્ઞાન થાય નહિ અને તેથી 'આ કૃષ્ણ વસુદેવના પુત્ર છે' એવું જ્ઞાન નહિ થવાથી, તેનાથી ભય રહે નહિ. (પ્ર)

નંદજી અને રોહિણી તે સમયે એમ જાણતાં હોય કે 'આ વસુદેવના પુત્ર છે', તો આવો અર્થ યોગ્ય ગણાય; પણ તેઓને તે સમયે તેવું જ્ઞાન ન હતું. આનો નીચે પ્રમાણે અર્થ થઈ શકે છેઃ રોહિણી વસુદેવનાં પત્ની છે, અને આ બાલકના જન્મ સમયે તે દિવ્ય વસ્ત્રો વિગેરે પહેરી સર્વત્ર ફરતી હતી, તેથી આ બાલકને વસુદેવ સાથે સંબંધ છે. વસુદેવ સાથે સંબંધ હોવાથી તે દેવકીજીના બાલક ન હોય ? (કંસને દેવકીજીના બાલકથી ભય હતો; રોહિણીના સંતાનથી ન હતો, એ પણ ધ્યાનમાં રાખવાનું છે). આવો વિચાર કરી કંસ મારવા આવે તો પણ ભગવાનના આવેશને લીધે નંદજીને અથવા રોહિણીને કોઈને તેનો ભય ન હતો.

૧. તેનું એટલે (શ્લોક ૧૬માં કહેલ) વિષ્ણુબુદ્ધિથી કરેલા પૂજનનું. (લે)

૨. અહિં નીચે પ્રમાણે ભાવ છેઃ(૧) રમાનું ક્રીડાનું સ્થાન કહ્યું તેથી જ સર્વ સમૃદ્ધિવાળું થયું એવો અર્થ થાય છે, છતાં સર્વ સમૃદ્ધિવાળું થયું એમ જૂદું કહેલું છે તેથી, (૨) 'હરિનું નિવાસ હોવાથી' કહ્યું તેથી જ સર્વ સમૃદ્ધિવાળું થવાનું કારણ આવી ગયું, છતાં 'દાન કર્યું ત્યારથી આરંભી' એમ સમૃદ્ધિવાળું થયું તે પહેલાંનો તરતનો સમય જૂદો જણાવ્યો તેથી, અને (૩) પશુ વિગેરેની સમૃદ્ધિ કહી તેની નજીકમાં જ (તેથી થોડું જ વહેલું) વિષ્ણુનું આરાધન કહેલ છે તેથી, પશુ વિગેરે સમૃદ્ધિ પ્રાપ્ત થવાનું કારણ વિષ્ણુનું આરાધન જ છે એમ જણાય છે. 'વિષ્ણુના આરાધન માટે' એમ દાન આપવાનો હેતુ વિષ્ણુનું આરાધન કહેલ હોવાથી, તેનું (દાનનું) મુખ્ય ફલ વિષ્ણુનું આરાધન જ છે, તેથી આ સમૃદ્ધિ પ્રાપ્ત થઈ, એ તેનું આનુષંગિક (અવાંતર, ગૌણ) ફલ છે. (ટિ)

૩. ધન અને પશુઓ, એ (વેદના) પૂર્વકાંડમાં કહેલાં ફલ છે. (લે) ૪. જ્ઞાન, એ (વેદના)

નંદજીને જ પ્રાપ્ત થઈ એમ નહિ, પરંતુ વ્રજમાં સર્વને પ્રાપ્ત થઈ, એમ 'વ્રજ' શબ્દથી કહેલું છે. ઉત્તરાર્ધથી એમ કહેલું છે કે વ્રજમાં સર્વને સર્વ સમૃદ્ધિઓ પ્રાપ્ત થઈ એટલું જ નહિ, પણ વૈકુંઠની પેઠે સર્વની ઉત્તમ કાંતિ પણ થઈ. ગોકુલમાં ગાયોનાં ધણ હોવાથી, તે સ્થાન સારી રીતે રહી શકાય નહિ તેવું જ હોય છે, તેથી આ સ્થાન તેવું ન હતું એમ જણાવવા આ કહેવાની જરુર હતી. (તેઓને પ્રાપ્ત થઈ તે) કાંતિ સર્વથી ઉત્તમ આધિદૈવિકી હતી. આવી કાંતિ લક્ષ્મીજીના નિવાસથી જ થાય છે, તેથી 'લક્ષ્મીનું ક્રીડાનું સ્થાન થયું' એમ કહેલું છે. 'રમા' રમાની 'આ' સર્વતરફથી 'ક્રીડા' ક્રીડા(રમત) જેમાં થાય છે તે 'રમાક્રીડમ્' એટલે વૈકુંઠસ્થાન તે (વ્રજ) થયું. આવું તે 'હરિના નિવાસ, આત્મા અને ગુણોને લીધે' થયું; કારણ કે હરિ સર્વના દુઃખ હરનાર હોવાથી ભક્તો વૈકુંઠ સુધી જાય(જવાનો શ્રમ કરે) તે પણ સહન નહિ કરતાં, વૈકુંઠને[૫] અહિં જ[૬] લાવ્યા એવો અર્થ છે. વૈકુંઠ લાવવા છતાં પણ જો ભગવાન્ (ત્યાં) ન રહે, તેમાં પણ પોતાના ત્રણે ભુવનમાં સુંદર રૂપથી ન રહે, તેમાં પણ ઐશ્વર્ય વિગેરે પોતાના સર્વ ગુણો પ્રકટ કરીને ન રહે, તો વૈકુંઠમાં પણ શોભા ન રહે. આ (અર્થ) 'નિવાસ, આત્મા અને ગુણોને લીધે' એ ત્રણ શબ્દોથી કહેલો છે. ૧. નિવાસ એટલે સ્થાન, ઘર અથવા સ્થિતિ. ૨. આત્મા એટલે ભગવાનનો પરમાનંદરૂપ દેહ[૭]. ૩.ગુણો એટલે ઐશ્વર્ય વિગેરે ભગવાનના ગુણો. આ ત્રણને લીધે રમા ક્રીડા કરે છે. કારણ કે ૧.ભગવાન્ જ્યાં સ્થિતિ કરે છે ત્યાં રમા સ્થિતિ કરે છે. ૨.ભગવાનના પરમાનંદ દેહ સાથે તે રમણ કરે છે, અને ૩.ભગવાનના ગુણો સાથે 'આ' સર્વ તરફથી રમણ કરે છે. જ્યાં રાજા રહે છે તે જ

---

ઉત્તરકાંડમાં કહેલું ફલ છે. (લે)

૫. જ્યાં 'મોટા શીંગડાંઓવાળી સારી ગાયો રહે છે' એ ઋગ્વેદની શ્રુતિમાં વર્ણવેલાં આધિદૈવિક નિત્યસિદ્ધ વ્રજને. (લે)

૬. અહિં જ એટલે આધિભૌતિક લોકમાં પ્રસિદ્ધ વ્રજમાં જ. (લે)

૭. '' 'કૃષ્' શબ્દ સત્તાવાચક છે અને 'ણ' આનંદવાચક છે, તે બેનું ઐક્ય પરબ્રહ્મ શ્રીકૃષ્ણ કહેવાય છે'' શ્રુતિ પ્રમાણે શ્રીકૃષ્ણ સદાનંદ પરબ્રહ્મ છે, એમાં શંકા નથી. તે (શ્રીકૃષ્ણનો) દેહ આત્માથી જૂદો નથી, પણ સ્વરૂપાત્મક જ છે. સ્વરૂપ આનંદરૂપ હોવાથી દેહને પણ પરમાનંદરૂપ કહેલો છે. તેથી જ 'સચ્ચિદાનંદ વિગ્રહવાળા' વિગેરે શ્રુતિઓમાં પણ, દેહને સચ્ચિદાનંદ કહેલો છે. 'ક્લેશ વિના કર્મ કરનાર સચ્ચિદાનંદરૂપ શ્રીકૃષ્ણને' એ ગોપાલતાપનીય ઉપનિષદમાં પણ તેવું જ કહેલું છે. 'આનંદરૂપ અમૃત જે ઘણું પ્રકાશે છે' એમ શ્વેતાશ્વેતરોપનિષદમાં પણ કહેલું છે. બ્રહ્માંડપુરાણમાં ધરણી અને શેષના સંવાદમાં શ્રીકૃષ્ણનાં ૧૦૮ નામોના સ્તોત્રમાં 'નંદના વ્રજના જનોને આનંદ આપનારા, સચ્ચિદાનંદ દેહવાળા' એમ કહેલું છે. તેથી 'શ્રીકૃષ્ણ સચ્ચિદાનંદ દેહવાળા છે' એમ શ્રુતિઓ અને પુરાણોથી સિદ્ધ થાય છે, તેથી તેમને તેવા જાણવા. (યો)

રાજધાની થાય છે, એમ પરીક્ષિતની સંમતિ માટે તેને જણાવવા 'હે નૃપ !' એવું સંબોધન કરેલું છે. ૧૮.

એવી રીતે ઉત્સવનું નિરૂપણ કરી, ઉત્સવ કૃત્રિમ(બનાવટી, ખોટો) ન હતો, એમ જણાવવા[1] તે સ્થાન (વ્રજ) વૈકુંઠ થયું હતું એવું નિરૂપણ કરી, ઉત્સવ સિધ્ધ (પૂર્ણ) થયો ત્યાં સુધી નંદજીએ બીજું ઘણું આવશ્યક કાર્ય પણ કર્યું ન હતું એમ જણાવવા, ઉત્સવ પૂર્ણ થયા પછી, બીજા કાર્યમાં આસક્તિ જણાવવા તથા ભગવાનને માટે ઉત્તમ વસ્તુઓ લાવવા માટે, નંદજી મથુરા ગયા, એમ નીચેના શ્લોકમાં કહે છેઃ

**અથવા** દેવકીજી અને વસુદેવને પણ ભગવાનમાં ઘણો સ્નેહ હોવાથી વસુદેવ ભગવાનને ગોકુલ લઈ ગયા તે કોઈ જાણે છે કે નહિ, તેનો તેઓને સંશય રહે ત્યાં સુધી તેઓના મનમાં ખેદ રહે; તેથી શ્રીનંદ સાથેના સંવાદથી તે સંશય દૂર થતાં તેઓનો (તેઓના મનમાં) પણ ઉત્સવ થશે એવા હેતુથી, ઉત્સવ પછી તરત જ (જરાપણ સમય ગયા વિના) વ્રજેન્દ્ર (નંદજી) મથુરા જાય છે, એમ કહેવામાં આવે છે. આમ હોવાથી ઉત્સવરૂપી (આ) અધ્યાયના અર્થની પણ અંદર સંગતિ થાય છે, તેથી નંદજીનું મથુરાગમન નીચેના શ્લોકમાં કહે છે. આથી (આ પ્રમાણે અર્થ લેવાથી) વસુદેવે મથુરામાં રહેવાની ના પાડી (શ્લોક ૩૧) ત્યાર પછી વ્રજેન્દ્ર ફરીથી મથુરા આવ્યા નથી, અને કંસની દરકાર કર્યા વિના સુખેથી વ્રજમાં જ રહ્યા, તેથી ભગવાનના ઐશ્વર્યનું[2] પણ નિરૂપણ થાય છેઃ

**ગોપાન્ ગોકુલરક્ષાયાં નિરૂપ્ય મથુરાં ગતઃ ।।**
**નન્દઃ કંસસ્ય વાર્ષિક્યં કરં દાતું કુરૂદ્વહ ।।૧૯।।**

હે કુરુના સંતાન ! ગોકુલની રક્ષા માટે ગોપોને રાખી, કંસનો વાર્ષિક કર આપવા નંદજી મથુરા ગયા. ૧૯.

ભગવાનના પ્રાકટ્ય પહેલાં નંદજી ગોકુલના રક્ષણ માટે આદર(દરકાર) વગરના હતા. હવે ગોકુલના રક્ષણ માટે આદરથી અંતરંગ ગોપોને રાખી, પોતે કર દેવા માટે મથુરા ગયા; કારણ કે સર્વ પ્રજા (રાજાને) કર આપે છે. હાલ પણ તે દેશમાં શ્રાવણી (બળેવ) પછી તરત જ કરની (કર દેવાની) પ્રવૃત્તિ થાય છે. વર્ષ

---

૧. ભગવાનના (જન્મ) ઉત્સવની લીલા નિત્ય છે અને તે વૈકુંઠમાં થયા કરે છે, બીજે તે લીલા જણાય તે કૃત્રિમ જ થાય. તેથી (જે લીલા વ્રજમાં થઈ તે કૃત્રિમ ન હતી એમ જણાવવા) તે સ્થાન (વ્રજ) વૈકુંઠ થયું હતું એમ જણાવેલું છે. તેથી ત્યાં થએલી લીલા પણ કૃત્રિમ ન હતી એમ જણાવેલું છે. (લે)

૨. આ અધ્યાય ઐશ્વર્ય અધ્યાય છે, તે જણાવવા આ કહેલ છે. એવી જ રીતે આગળના અધ્યાયોમાં અર્થના બલથી (અર્થ પ્રમાણે) વીર્ય વિગેરેનું નિરૂપણ જાણી લેવું. (પ્ર)

સુધી જે દેવું જોઈએ તે મોટા(સારા, શક્તિવાળા)ઓ એકવાર આપે છે. નંદજી મોટા હતા તેથી તેમનું નામ (એકવાર કર આપનારમાં) કહેલું છે. 'હે કુરુના સંતાન !' એ સંબોધન રાજધર્મ જણાવવા કરેલું છે. ૧૯.

(૧) (ઉત્સવમાં નંદજીની) આસક્તિ જણાવવા માટે કર આપવાનું નિરૂપણ કરેલું છે. છતાં ભગવાન્ ઈશ્વર (જ્યાં) વિરાજતા હોય ત્યાં બીજાઓને કર આપવો યોગ્ય નથી. તેથી ત્યારથી કર આપવામાં આવે નહિ તે માટે; (૨) આ વસુદેવના પુત્ર હશે, એવી નંદજીને શંકા ન થાય તે માટે; (૩) મોટો ઉત્સવ (થએલ) તે જાણવામાં આવેલો હોવાથી કંસ ઉપદ્રવ કરે નહિ તે માટે; અને (૪) કંસે કરેલ મંત્રણા સાંભળેલી હોવાથી ત્યાંથી (મથુરાથી) તરત જ નંદજીને ભગવાનનાં વિશેષ રક્ષણ માટે (ગોકુલ) મોકલી દેવા માટે, વસુદેવના સમાગમની વાર્તાનું નિરૂપણ કરવામાં આવે છે, કારણ કે (એ) ચાર પૈકી એક પણ ન હોય તો[1] ઉત્સવ સિદ્ધ થાય નહિ. તેમાં[2] પ્રથમ નંદજીને થએલ વસુદેવનો સમાગમ કહે છે :

**વસુદેવ ઉપશ્રુત્ય ભ્રાતરં નન્દમાગતમ્ ।।**
**જ્ઞાત્વા દત્તકરં રાજ્ઞે યયૌ તદવમોચનમ્ ।।૨૦।।**

ભાઈ નંદજીને (મથુરા) આવેલા સાંભળીને અને રાજાને કર આપેલા (તેમણે કર આપેલો છે એમ) જાણીને, વસુદેવ તેમને ઉતારે ગયા. ૨૦.

માયાએ કરેલ વૃત્તાંત જણાવવો[3], એ ભગવાનનું કાર્ય હોવાથી આ ભગવાનનું ચરિત્ર છે.

---

૧. આ ચાર પૈકી એક પણ ન હોય તો ઉત્સવનું પરિણામ ન આવવાથી નંદજી, વસુદેવ અથવા બીજા કોઈનો ઉત્સવ સિદ્ધ થાય નહિ, અને અધ્યાયનો અર્થ(ઉત્સવ) પણ અન્યથા થાય. (પ્ર)

આ ચાર પૈકી એક પણ ન હોય એટલે (૧) ભગવાન્ વિરાજતા હોવા છતાં નંદજી કંસને કર આપવાનું ચાલુ રાખે, અથવા (૨) આ ભગવાન્ વસુદેવના પુત્ર છે એવી નંદજીને શંકા થાય, અથવા (૩) મોટો ઉત્સવ કર્યો તેથી આ દેવકીજીના પુત્ર હશે એમ માની કંસ ઉપદ્રવ કરી શકે, અથવા (૪) નંદજી ભગવાનનાં વિશેષ રક્ષણ માટે શ્રીગોકુલ ન જાય (શ્રીગોકુલમાં ન રહે) તો ઉત્સવ સિદ્ધ ન થાય; કારણ કે ઉત્સવનું પરિણામ સારું જ આવવું જોઈએ તેવું આવ્યું ન ગણાય.

૨. આ નિમિત્ત સપ્તમી છે. તેમાં એટલે ઉત્સવના નિમિત્તે. (પ્ર)

૩. વસુદેવ નંદજીના ઉતારે ગયા અને તેમની વચ્ચે સંવાદ થયો, એ ભગવાનની કૃતિ નહિ હોવાથી દશમા સ્કંધમાં તે વાત આવવી જોઈએ નહિ, એવી શંકા થાય તેથી આ કહેલું છે. કંસે જે મંત્રણા (તેના મંત્રીઓ સાથે) કરી તે વસુદેવે નંદજીને જણાવી તે ભગવાનની પ્રેરણાથી જણાવી. તેથી તે ભગવાનનું કાર્ય છે, એટલે તે પણ ભગવાનનું ચરિત્ર જ છે. તેથી આ સ્કંધમાં આવી શકે. (પ્ર)

વસુદેવ અને નંદજી ધર્મભાઈઓ છે. જે કલ્પમાં વસુ વિગેરે દેવો બ્રહ્માથી જ ઉત્પન્ન થએલા, અને કશ્યપ પણ બ્રહ્માથી જ ઉત્પન્ન થએલ, ત્યારે (તે કલ્પમાં) તેઓનું ભાઈ[૪] હોવાપણું સાબિત જ છે. તેથી આ પહેલાંના[૪] જન્મમાં તેમ જ હતું. તેથી બીજા (આ) જન્મમાં પણ ધર્મભાઈપણું હતું (તેઓ ધર્મભાઈ હતા), એમ 'ભાઈ' શબ્દથી કહેલું છે.

નંદજી મથુરા આવ્યા પહેલાં, (વસુદેવ તે આવવાના છે એમ) સાંભળત તો તેમને આવતાં અટકાવત જ. જો તેમણે કર આપ્યો તે પહેલાં (કર આપવાના છે એમ) જાણત તો (કર) ન જ અપાવત. નંદજી કર આપે ત્યાં સુધી રાજા કંસના નોકરો તેમને ઉતારે આવે. તેઓ જાણે નહિ તે માટે રાજાને તેમણે કર આપ્યો છે, એમ જાણીને ઉતારે ગયા એમ કહેલું છે. ઉતારો એટલે ઉતરવાનું સ્થાન, જ્યાં ગાડાં વિગેરે છોડીને રહે તે. ૨૦.

ભાઈપણું જણાવવા નંદજીએ વસુદેવનું સન્માન કર્યું, તે નીચેના શ્લોકમાં કહે છે :

**તં દૃષ્ટ્વા સહસોત્થાય દેહઃ પ્રાણમિવાગતમ્ ।।**
**પ્રીતઃ પ્રિયતમં દોર્ભ્યાં સસ્વજે પ્રેમવિહ્વલઃ ।।૨૧।।**

જેમ પ્રાણ આવતાં દેહ એકદમ ઉભો થાય તેમ પ્રસન્ન થએલા (નંદજી) તેમને જોઈને એકદમ ઉભા થયા અને પ્રેમથી વિહ્વલ (વિવશ) થઈ સર્વથી પ્રિય(વસુદેવ)ને બે હાથથી ભેટ્યા. ૨૧.

---

કંસે જે મંત્રણા કરી તે માયાનું કાર્ય છે, એમ ચોથા અધ્યાયની (પહેલી) કારિકામાં કહેલું છે. તેથી દૈત્યોએ જે ઉત્પાતો કર્યા તે માયાએ કરેલા, અને તે વસુદેવ 'ગોકુલમાં ઉત્પાતો છે' એમ (શ્લોક ૩૧માં) નંદજીને જણાવશે. (તે ભગવાનનું ચરિત્ર છે) એવો અર્થ છે. (લે)

માયાએ કંસને જણાવેલું કે 'તારો જૂનો શત્રુ ક્યાંક જન્મ્યો છે.' તેથી મથુરામાં ઉપદ્રવ ન કરતાં બીજે ઉપદ્રવ કર એમ સૂચવેલું. તેથી જે જે દૈત્યોને કંસે શ્રીગોકુલ મોકલ્યા તેમને તેણે માયાના એ બોધને લીધે મોકલ્યા. તેથી તેઓ શ્રીગોકુલ ગયા તે બધું માયાનું જ કાર્ય હતું. આ માયાનું કાર્ય આગળ શ્લોક ૩૧માં વસુદેવ નંદજીને જણાવશે. આ નંદજીને વસુદેવે જણાવ્યું તે ભગવાનનું જ કાર્ય છે, કારણ કે વસુદેવનું વચન સાંભળીને જ નંદજી સાવધાન થઈ ભગવાનના રક્ષણમાં તત્પર થયા. આ ભગવાનનું કાર્ય હોવાથી આનું નિરૂપણ ભગવાનના ચરિત્રનું નિરૂપણ જ છે એવો અર્થ છે. (યો)

૪-૪. નંદજી આ પહેલાંના અવતારમાં દ્રોણ વસુ હતા અને તે બ્રહ્મામાંથી ઉત્પન્ન થયા હતા (જૂઓ ૧૦-૮-૪૮ થી ૫૦ સુબોધિની) અને વસુદેવ આ પહેલાંના અવતારમાં કશ્યપ હતા (જૂઓ ૧૦-૩-૪૧ થી ૪૩). તે પણ બ્રહ્મામાંથી ઉત્પન્ન થએલ એમ અહિં કહેલું છે, તેથી આ પહેલાંના અવતારમાં તે બંને ભાઈઓ હોવાથી, આ અવતારમાં ધર્મભાઈઓ છે એમ કહેલું છે.

'તે એકદમ ઉભા થયા' એકદમ ઉભા થવું ઘણો આદર (માન, સત્કાર) જણાવનાર છે. લોકના વ્યવહારને લીધે પણ (એકદમ ઉભા થવાય), તેથી તે (નંદજીનું એકદમ ઉભા થવું) તેવા પ્રકારનું ન હતું, એમ જણાવવા 'જેમ પ્રાણ આવતાં દેહ એકદમ ઉભો થાય' એવું (દષ્ટાંત) કહેલું છે. મૂર્ચ્છા પામેલો દેહ પ્રાણ આવતાં એકદમ ઉભો થાય છે, અને જેમ લોઢાનો પિંડ અગ્નિનો સંબંધ થતાં ઉત્તમ પ્રકારનું તેજ પ્રાપ્ત કરે છે તેમ ઉત્તમ પ્રકારનું તેજ પ્રાપ્ત કરે છે; તેવી રીતે સર્વ દેવતામય વસુદેવ સમીપ આવતાં, વસુદેવમાં રહેલાં તેજ, જ્ઞાન અને સર્વ સદ્ગુણો અને વસુદેવનું આધિદૈવિકરૂપ[1] અહિં (નંદજીમાં) આવ્યાં, એ 'જેમ પ્રાણ આવતાં દેહ એકદમ ઉભો થાય' શબ્દોથી કહેલું છે. આ[2] તો ભગવાનનું ચરિત્ર જ છે. તેથી જ[3] (નંદજી) ઘણું[4] પ્રસન્ન થયા; વળી (વસુદેવના) આવવાથી (તેમનું) સર્વસ્વ પ્રાપ્ત થવાથી ઘણું પ્રસન્ન થયા.

જે સર્વથી પ્રિય હોય તે તો વ્યવહારમાં સ્નેહવાળા (પ્રેમવાળા) હોય, અને (વસુદેવ) વસ્તુતઃ પ્રેમવાળા પણ હતા, કારણ કે માયાને (નંદજીના ઘેરથી) દૂર કરી (ઉપાડી જઈ), ભગવાનને આપી ગયા હતા. આવા(ઉપકાર કરનાર)થી કોઈ વધારે પ્રિય હોય નહિ. હમણાં (આ સંમેલન સમયે) પણ પોતાનું સર્વસ્વ તેમણે નંદજીને આપ્યું.

'બે હાથોથી ભેટ્યા' શબ્દોથી સુખ આપનાર આલિંગન કહેલું છે. બીજું કાર્ય[5] તો કરવાનું હતું, છતાં આલિંગનનો ત્યાગ તેમણે કર્યો નહિ તેનું કારણ

---

૧. 'જે નંદ પરમાનંદ' શ્રુતિમાં કહેલું વસુદેવનું આધિદૈવિકરૂપ આ સમયે વસુના અવતાર નંદજીમાં આવ્યું એવો અર્થ છે. (પ્ર) ભગવાન્ મથુરા પધાર્યા પછી નંદજીને 'આ વસુદેવના પુત્ર છે' એવું જ્ઞાન થયું. એવું જ્ઞાન થવા છતાં 'આ મારા પુત્ર છે' એવો તેમનો ભાવ દઢ થાય એટલા માટે આ વસુદેવનું આધિદૈવિકરૂપ તેમનામાં આવ્યું. એમ ન હોય તો વસુદેવના ઘેર ભગવાન્ તેમના પુત્ર રહે છે તેવું, તથા રુક્મિણી સાથે ભગવાનનો વિવાહ થયો તેવું ભવિષ્યમાં જ્ઞાન થાય ત્યારે, 'આ મારા પુત્ર છે' એવી બુદ્ધિ મટી જવાથી (તેમનો ભગવાનમાં) પુત્ર તરીકેનો સ્નેહ પણ ન રહે, અને ભગવાને તેમનો નિરોધ કરેલો તે નિરર્થક થાય, તેથી વસુદેવનું આધિદૈવિકરૂપ ભગવાને નંદજીમાં આણ્યું. આમ હોવાથી 'ભગવાન્ વસુદેવના પુત્ર છે' એવું નંદજીને જ્ઞાન થયા પછી પણ, 'તે મારા પુત્ર છે' એવી તેમની બુદ્ધિ સ્થિર જ રહી. (યો)

૨. 'આ' એટલે 'એકના (વસુદેવના) આધિદૈવિકરૂપને બીજામાં મૂકવું તે'. (પ્ર)

૩. 'તેથી જ' એટલે 'પોતામાં ભગવાનનું ચરિત્ર સિદ્ધ થવાથી' (વસુદેવનું આધિદૈવિકરૂપ ભગવાને પોતામાં મૂકવાથી). (લે)

૪. 'પ્રિયતમ' 'સર્વથી પ્રિય' શબ્દમાં અતિશય પ્રીતિનો અનુવાદ થાય છે, તેથી અહિં 'પ્રસન્ન થયા' શબ્દથી 'ઘણું પ્રસન્ન થયા' એમ કહેલું છે, એવો ભાવ છે. (લે)

૫. બીજું કાર્ય એટલે નમસ્કાર વિગેરે કાર્ય. (લે)

'પ્રેમથી વિહ્‌વલ' શબ્દોથી કહેલું છે. ઉભરાએલ પ્રેમને લીધે તે (નંદજી) વિવશ થયા હતા. આવા (પ્રેમથી વિવશ) હોવા છતાં પણ ફરી (પોતાના) સ્થાનમાં રહીને આગળનાં (આગળ કરવાનાં) કાર્ય તેમણે કર્યાં, એ ભગવાનનું ચરિત્ર છે. ૨૧.

નીચેના શ્લોકમાં લૌકિક (શિષ્ટાચાર) કહે છે :

**પૂજિતઃ સુખમાસીનઃ પૃષ્ટ્વાનામયમ્ આદતઃ ।।**
**પ્રસક્તધીઃ સ્વાત્મજયોઃ ઈદમ્ આહ વિશામ્પતે ।।૨૨।।**

નંદજીએ પૂજેલા, સુખથી બેઠેલા, આદર પામેલા અને પોતાના બે પુત્રોમાં જેમનું મન આસક્ત છે તેવાએ(વસુદેવે) આરોગ્ય પૂછીને નીચે પ્રમાણે કહ્યું : હે વૈશ્યોના પતિ !...૨૨.

નંદજીથી વસુદેવ પૂજેલા થયા. જો નંદજી તેમની પૂજા ન કરે[૧] તો જે દેવગુહ્ય(દેવો જ જાણતા હોય તેવી છૂપી વાત) કહેવાનું છે તે તેમનામાં (નંદજીમાં) સ્થિર ન થાય. તેથી પ્રથમ નંદજીએ તેમની) પૂજા કરી, પછી સંકોચ ન રહેવાથી તે (વસુદેવ) સુખથી બેઠા. (પછી) 'વૈશ્યને આરોગ્ય પૂછવું' એ વાક્ય (નિયમ) પ્રમાણે તેમણે (વસુદેવે) પોતે પણ (નંદજીને) આરોગ્ય પૂછ્યું, અને (વસુદેવ) આદર પામ્યા એટલે નંદજીએ તેમને ઘણું માન આપ્યું. 'જેમનું મન પોતાના બે પુત્રોમાં આસક્ત છે' શબ્દોથી દેવગુહ્ય (વસુદેવે નંદજીને) કહેવાનું કારણ જણાવેલું છે. (તેમનો) એક પુત્ર (બલભદ્ર) છે, એ તો નંદજી પણ જાણે છે; પરંતુ બીજાને (શ્રીકૃષ્ણને) નંદજી (તેમનો એટલે વસુદેવનો પુત્ર) જાણતા નથી. તેથી 'મારા બંને પુત્રો સુખમાં છે ?' એમ સીધો પ્રશ્ન પૂછી શકાય તેમ નથી, તેથી સાધારણ રીતે પ્રશ્ન પૂછવાનો રહ્યો અને તે (સાધારણ પ્રશ્ન) પ્રકૃત વિષય માટે (શ્રીકૃષ્ણનું આરોગ્ય જાણવા માટે) ઉપયોગી નથી એવી શંકા કરી, એવો (સામાન્ય) પ્રશ્ન પુછવાનું કારણ 'જેમનું મન પોતાના બે પુત્રોમાં આસક્ત છે' શબ્દોથી કહેલું છે[૨]. 'નીચે પ્રમાણે' એટલે જે (નીચે) કહેવામાં આવે છે તેવો સામાન્ય પ્રકારનો પ્રશ્ન કહે છે. 'હે વૈશ્યોના પતિ !' એટલે દેશોના રાજા ! એવું

૧. જો નંદજી વસુદેવનું પૂજન ન કરે તો પૂજ્યની પૂજા ન કરવાથી થતો દોષ તેમને લાગે, અને તેથી તે જે દેવગુહ્ય કહેવાના છે તે નંદજીમાં સ્થિર થાય નહિ. (પ્ર)

જો નંદજી વસુદેવની પૂજા સત્કાર વિગેરે ન કરે તો વસુદેવ જે ભગવાન્ સંબંધી જ્ઞાન નંદજીને કહેવાના છે તે તેમનામાં સ્થિર ન થાય, કારણ કે ગુરુપૂજાથી જ્ઞાન સ્થિર થાય છે, અને વસુદેવ (જ્ઞાન આપનાર હોવાથી) ગુરુ છે. તેથી ગુરુપૂજા આવશ્યક હોવાથી નંદજીએ વસુદેવની પૂજા કરી. (યો)

૨. સાધારણ પ્રશ્ન વિશેષ પ્રશ્ન માટે (વિશેષ પ્રશ્નથી જે કાર્ય થઈ શકે તે કરવા માટે) ઉપયોગી નથી, એવી શંકા કરીને સામાન્ય પ્રશ્ન પૂછવાનું કારણ 'બંને (પુત્રો)માં આસક્તિ છે' એમ જણાવેલ છે એવો અર્થ છે. (પ્ર)

સંબોધન ગૂઢવચનનું તેમને (નંદજીને) જ્ઞાન થાય તે માટે કહેલું છે. ૨૨.

આરંભમાં નીચેના શ્લોકથી તેમને (નંદજીને) પુત્રવાળા તરીકે ઉત્સાહ કરાવે છે :

વસુદેવ કહે છેઃ

**દિષ્ટ્યા ભ્રાતઃ પ્રવયસ ઇદાનીમ્ અપ્રજસ્ય તે ।।**
**પ્રજાશાયા નિવૃત્તસ્ય પ્રજા યત્ સમપદ્યત ।।૨૩।।**

હે ભાઈ ! વૃદ્ધ પ્રજારહિત અને જેની પ્રજાની આશા જતી રહી છે તેવા તમને હમણાં જે પ્રજા પ્રાપ્ત થઈ તે મોટા ભાગ્યથી થયું. ૨૩.

હે ભાઈ ! જેની પ્રજાની આશા જતી રહી છે અને જેણે પોતે પણ પ્રજાની આશા મૂકી દીધેલી છે તેવા તમો વૃદ્ધને પ્રજા પ્રાપ્ત થઈ, એ જે થયું તે મોટા ભાગ્યથી થયું. (મૂલ શ્લોકમાં) 'ઇદાનીમ્ અપ્રજસ્ય' (શબ્દો છે તેમનો અર્થ) 'હાલ પણ તમે પ્રજારહિત છો'[૧] એવો હોવાથી નંદજીને પ્રજા નથી એમ સ્પષ્ટ રીતે નિરૂપણ કરેલું છે, છતાં (તેમને) અન્વયનો[૨] ભ્રમ ભગવાને કરેલો (તેનું) નિરૂપણ કરેલું છે. 'પ્રજારહિત' શબ્દથી તમે કૃત્રિમ પ્રજા પણ પ્રાપ્ત કરી નથી એમ જણાવેલું છે. 'વૃદ્ધ' હોવાથી (પ્રજા પ્રાપ્ત કરવામાં) સ્વરૂપની અયોગ્યતા જણાવેલી છે. આશા જતી રહેલી હોવાથી (પ્રજા પ્રાપ્ત કરવાનો) પ્રયત્ન પણ કરેલો નથી (એમ કહેલું છે). ઇચ્છા પણ મૂકી દીધેલી હોવાથી પુરોહિત દ્વારા પણ (પ્રજા પ્રાપ્ત કરવાનો) પ્રયત્ન કરેલો નથી (એમ જણાવેલું છે). 'પ્રજા' શબ્દનો અર્થ બાલકમાત્ર (પુત્ર અથવા પુત્રી) થાય છે તેથી (આ)

---

૧. આ વસુદેવની બુદ્ધિને અનુસરીને કહેલું છે એમ જાણવું.* ખરી રીતે તો 'પ્રજા શબ્દનો અર્થ બાલકમાત્ર થાય છે' એમ આગળ કહેલું હોવાથી, અહિં જે 'તમે પ્રજારહિત છો' એમ કહેલું છે તે કન્યા(માયા)ના અભિપ્રાયથી કહેલું છે. કારણ કે તે કન્યા (આકાશમાં ઉડી) જતી રહી હતી, તેથી નંદજી તે સમયે પ્રજારહિત હતા. 'પ્રજા પ્રાપ્ત થઈ' એમ જે કહ્યું છે તે ભગવાનના (ભગવાન્ પુત્રરૂપે પ્રાપ્ત થયા તેવા) અભિપ્રાયથી કહેલું છે. જો એમ ન હોય તો 'હાલ પ્રજારહિત તમને પ્રજા પ્રાપ્ત થઈ' એ વિરુદ્ધ વાક્ય ગણાય. (ટિ)

*. ભગવાનનો પ્રાદુર્ભાવ નંદજીના ઘેર થયો હતો એમ ટિપ્પણીજીમાં પ્રથમ કહેલું છે, છતાં અહિં નંદજીને પ્રજારહિત કહેલા છે તે વસુદેવની બુદ્ધિ પ્રમાણે (વસુદેવ માનતા હતા કે ભગવાન્ તો મારા પુત્ર છે, અને નંદજીને કન્યા હતી તે તો જતી રહી તેથી તે પ્રજારહિત છે) કહેલું છે. આ વસુદેવના વચનનું સરસ્વતીએ સમર્થન કરી તેને સત્ય કરેલું છે, એ ટિપ્પણીમાં અહિં જ આગળ કહેલ છે. (પ્ર)

૨. લૌકિક રીતની પ્રજારૂપ વંશનો. (પ્ર) આ વાક્યમાં 'ઇદાનીમપ્રજસ્ય' 'હાલ સંતાનરહિત (તમે છો)' ને બદલે 'અપ્રજસ્ય ઇદાનીં યત્ પ્રજા સમપદ્યત' 'પ્રજારહિત તમને હાલમાં જે પ્રજા પ્રાપ્ત થઈ' એવો અન્વય કરવાનો ભ્રમ ભગવાને કર્યો, એમ પણ અર્થ લઈ શકાય છે.

અસત્ય[3] નથી. (પ્રજા) પ્રાપ્ત થઈ એટલે અકસ્માત્ આવી. માયા પણ વીર્યથી ઉત્પન્ન થએલી નહિ હોવાથી 'વૃદ્ધ' વિગેરે (વિશેષણો) કહેલાં છે. ભગવાન્ પણ તેવા (વીર્યથી નહિ ઉત્પન્ન થએલા) છે, એમ તેમને (નંદજીને) જણાવવા 'વૃદ્ધ' વિગેરે (વિશેષણો) કહેલાં છે. ઉભય[4] ભગવાનની ઈચ્છાથી (થએલું છે) તેથી 'મોટા ભાગ્યથી' એમ કહેલું છે. આથી સામાન્ય રીતે તેમને (ભગવાનનું) સ્વરૂપ[5] પણ કહેલું છે. તેમ ન હોય (ભગવાનનું સ્વરૂપ જણાવ્યું ન હોય) તો ભાઈને છેતરવાથી દોષ થાય. ૨૩.

અને[1] આવવાથી તેમનું (નંદજીનું) દર્શન થયું તેવું અભિનંદન નીચેના શ્લોકમાં કરે છે :

**દિષ્ટ્યા સંસારચક્રેઽસ્મિન્ વર્તમાનઃ પુનર્ભવઃ ।।**
**ઉપલબ્ધો ભવાનદ્ય દુર્લભં પ્રિયદર્શનમ્ ।।૨૪।।**

આ સંસારચક્રમાં રહેતા અને પુનર્ભવ પામેલા તમે આજે મળ્યા તે મોટા ભાગ્યથી થયું, (કારણ કે) પ્રિયનું દર્શન દુર્લભ છે. ૨૪.

આ સંસારરૂપી ચક્રમાં રહેતા અને પુનર્ભવ પામેલા એટલે ફરીથી ઉત્પન્ન થએલા તમે મને મળ્યા, એ જે થયું તે પણ મોટા ભાગ્યથી થયું; કારણ કે સંસારચક્ર ભ્રમાત્મક[2] (વમળરૂપ) છે. ભ્રમણમાં (વમળમાં) જે પડ્યો તે તેથી જ (ભ્રમણથી જ) નીચે જાય છે. વમળથી દૂર રહેલ હોય તે તો ફર્યા પણ કરે, પણ ચક્રમાં જે પડેલ હોય તે ફરી દેખાય જ નહિ. ચક્રમાં જ જો હોય તો બેઉ અથવા બેમાંથી એક ડૂબી જવાનો પણ સંભવ. જો ડૂબેલો ફરીથી ઉભો થાય તો તેનો પુનર્ભવ (પુનર્જન્મ) જ થયો જાણવો. સર્વનો સંહાર કરનાર સંવત્સરરૂપ કાલને વશ ગએલા જો સંવત્સરના અંતે રહેલા હોય તો તેઓનો પુનર્ભવ જ જાણવો.

---

૩. માયારૂપ કન્યા તેમને ત્યાં અવતરેલી, અને 'પ્રજા' શબ્દમાં કન્યાનો પણ સમાવેશ થાય છે, તેથી 'તેમને પ્રજા પ્રાપ્ત થઈ' એ વચન અસત્ય નથી એવો અર્થ છે. (યો)

૪. ઉભય એટલે (૧) વીર્યથી ઉત્પન્ન થએલી પ્રજાનો અભાવ અને (૨) પ્રજાની પ્રાપ્તિ. (પ્ર)
ઉભય એટલે (૧) ભગવાનનો આવિર્ભાવ અને (૨) માયાનો જન્મ, એ બંને માત્ર ભગવાનની ઈચ્છાથી જ થયાં; પરંતુ તેમાં સ્ત્રી પુરુષનો સંયોગ વિગેરે કારણ ન હતાં, કારણ કે માયા અને ભગવાન્ બેમાંથી એકે વીર્યથી ઉત્પન્ન થએલ ન હતાં. (યો)

૫. અજ એટલે જન્મરહિત વિગેરે ગુણોવાળું ભગવાનનું સ્વરૂપ. (યો)

૧. આ 'અને' શબ્દ આ પહેલાંના શ્લોકના આભાસ સાથે સંબંધ ધરાવે છે. ગયા શ્લોકમાં વસુદેવ નંદજીને ઉત્સાહ કરાવે છે અને આ શ્લોકમાં તેમનું દર્શન થયું તેનું અભિનંદન કરે છે. (લે)

૨. ભ્રમાત્મક એટલે ચક્રના આકારના ભ્રમણરૂપ. (લે) જલમાં ઘુમરીઓ થતી હોય, જલ ગોળ ગોળ ફર્યા કરતું હોય તેવા વમળરૂપ.

સંવત્સર (તેઓને ફરીથી) ઉત્પન્ન કરનાર હોવાથી પ્રજાપતિ[3] થયો. તેમ ન થાય (તેઓ સંવત્સરને અંતે રહેલા ન હોય, પણ સંવત્સરમાં મરણ પામ્યા હોય) તો (તે સંવત્સર ) કાલ[3] થાય. તેમાં પણ જો (સંવત્સર દરમ્યાન) પુત્ર વિગેરેનું સુખ પ્રાપ્ત કરે તો પુત્રરૂપથી ફરી ઉત્પન્ન થએલો અલૌકિક[4] થાય. આ ભાગ્ય વિના થતું નથી, તેથી 'મોટા ભાગ્યથી' થાય છે.

તેથી તમારી સંસારરૂપી ચક્રમાં સ્થિતિ પણ મોટા ભાગ્યથી, પુનર્જન્મ પણ મોટા ભાગ્યથી, અને મને મળ્યા તે પણ મોટા ભાગ્યથી, કારણ કે આપણી સમીપ મૃત્યુ સદા રહેલું છે. 'ભવાન્' 'તમે' એ સ્નેહ દર્શાવે છે. 'આજે' એ અલભ્ય લાભ દર્શાવે છે. આ માત્ર અદષ્ટથી જ પ્રાપ્ત થાય છે તેનું કારણ 'પ્રિયનું દર્શન દુર્લભ છે' શબ્દોથી કહેલું છે. સંસારમાં સર્વ પદાર્થો દુઃખ દેનાર હોવાથી અપ્રિય છે. તેમાં પ્રિયનું એટલે પ્રીતિ ઉત્પન્ન કરનાર પદાર્થનું દર્શન દુર્લભ જ છે. ૨૪.

એ પ્રમાણે ખેદ થતો હોય તો અહિં જ રહેવું એવી શંકા થાય તે દૂર કરતાં, અને (અત્યાર સુધી મળવા) આવ્યા નહિ તે દોષ દૂર કરતાં, 'દર્શન દુર્લભ છે' એમ નીચેના શ્લોકમાં જણાવે છે :

**નૈકત્ર પ્રિયસંવાસઃ સુહૃદાં ચિત્રકર્મણામ્ ।।**
**ઓઘેન વ્યુહ્યમાનાનાં પ્લવાનાં સ્રોતસો યથા ।।૨૫।।**

નદીના વહેણથી ઢસડાતા મછવાઓ પેઠે જૂદી-જૂદી જાતના કર્મવાળા મિત્રોનો પ્રિય સાથે એક સ્થલે સંવાસ (સંભવતો) નથી. ૨૫.

બે (પરસ્પર) પ્રિયનો એક સ્થલે સંવાસ સંભવતો નથી; અને તેમાં મિત્રો મધ્યે પ્રિય હોય તેઓનો (એકત્ર સંવાસ સંભવતો નથી); તેનું કારણ કે તેઓ જૂદી જૂદી જાતના કર્મવાળા હોય છે. જો (બંનેનું) એક જ કર્મ હોય તો પરબમાં એકવાર સાથે મળેલા પુરુષો પેઠે તેઓ એક સ્થલે ઉત્પન્ન થાય; તેમાં[1] પણ નિયમ હોતો

૩. 'સંવત્સર પ્રજાપતિ છે' શ્રુતિ પ્રમાણે સંવત્સર પ્રજાપતિ છે એટલે પદાર્થો ઉત્પન્ન કરનાર છે. આમ હોવાથી સંવત્સરમાં જે કોઈનો નાશ ન થાય તેને સંવત્સરે ઉત્પન્ન કરેલો ગણાય; અને તેથી તે પ્રજાપતિ થયો; પણ જો સંવત્સરમાં કોઈનું મૃત્યુ થાય તો સંવત્સર પ્રજાપતિરૂપ નહિ પણ કાલરૂપ થયો. 'સંવત્સર મૃત્યુરૂપ છે' એ પણ પ્રમાણ સિદ્ધ છે. (યો)

૪. 'પુત્રના નામથી પોતે છે' શ્રુતિ પ્રમાણે પોતે જ પુત્રરૂપે અવતરે છે, પુત્રના રૂપથી પોતાની ઉત્પત્તિ શ્રુતિથી જણાય છે, પણ લૌકિક પ્રમાણથી જણાતી નથી. તેથી અલૌકિક થાય એટલે લૌકિક પ્રમાણથી જણાય નહિ તેવો થાય એવો અર્થ છે. (લે)

૧. તેમાં પણ એટલે પરબમાં આવવાનો (આવવામાં) પણ. (પ્ર) તેમાં પણ નિયમ હોતો નથી એટલે એક જ કર્મ કરેલ હોય તે એક જ સ્થલે ઉત્પન્ન થાય તેવો પણ નિયમ હોતો નથી. તેઓ કોઈવાર એક જ સ્થલે ઉત્પન્ન થાય અને કોઈવાર તેવું ન પણ થાય, એવો અર્થ જણાય છે.

નથી. જેઓનું જાતજાતનું કર્મ છે તેવા એક જ સમયે[2] મળેલા પણ કર્મને અધીન હોઈ કર્મથી જ બહાર જનારા, (ત્યાં જ) ફરનારા અથવા આવનારા થાય છે. માત્ર કર્મને જ અધીન છે એટલું જ નહિ, પણ તેમાં પણ કાલ[3] મોટો બાધ કરનારો છે, એમ ઉત્તરાર્ધમાં કાલનું બાધકપણું દૃષ્ટાંતથી કહે છે. જેમ પ્રવાહથી જૂદી જૂદી રીતે ઢસડાતા (પદાર્થો) ક્ષણમાં ભેગા થાય છે અને પાછા જૂદા પડી જાય છે તેમાં પણ નૌકારૂપ હોડીઓ (ભેગી થઈ તરત જ જૂદી પડી જાય છે) (તેવી રીતે જૂદા જૂદા કર્મવાળા જૂદા પડે છે). તે(હોડીઓ)ની પ્રવૃત્તિ કરાવનાર જલ અને કર્ણધાર બંને હોય છે. પ્રવાહ (પ્રવૃત્તિ કરાવનાર) સહજ છે, એમ જણાવવા 'નદીના' શબ્દ યોજેલો છે. આથી એમ નિરૂપણ કરેલું છે કે જતી આવતી હોડીઓ માત્ર એક ક્ષણ સુધી જ ભેગી રહે છે; અને જે કાંઠે પહોંચી ગઈ હોય તે દેખાતી પણ નથી. ૨૫.

એવી રીતે (નંદજીના) દર્શનનું અને નંદજીનું અભિનંદન કરીને નીચેના શ્લોકમાં દેવગુહ્ય પ્રકારથી કહે છે (પ્રશ્ન કરે છે) :

**કચ્ચિત્પશવ્યં વિરુજં ભૂર્યમ્બુતૃણવીરુધમ્ ।।**
**બૃહદ્વનં તદધુના યત્રાસ્સે ત્વં સુહૃદ્વૃતઃ ।।૨૬।।**

તમે જ્યાં સુહૃદોથી વીંટાએલા હમણાં રહો છો તે બૃહદ્ (મોટું) વન પશુઓને હિતકારી, રોગરહિત અને ઘણાં જલ, ઘાસ તથા વેલાઓવાળું છે ને ? ૨૬.

'કચ્ચિત્' શબ્દ સંભાવના (વનમાં આ શ્લોકમાં જણાવેલ ગુણો હોવાનો સંભવ) જણાવનાર પ્રશ્ન કરવા યોજેલો છે. બૃહદ્(મોટું) વન જેમાં પશુઓ રમણ કરે છે, તે પશુઓને હિતકારી છે ને? પરંપરાથી તે પશુઓનું સ્થાન હોય તો, અથવા તેમાં આધિદૈવિક[1] પશુઓ હોય તો ત્યાં પશુઓ રમણ કરે. તેમાં પણ તે રોગરહિત છે ને? અમુક દેશમાં કોઈ સ્થલે પશુઓના રોગો હોય છે, અને ત્યાં જ પશુઓનો અકાલે (કાલ આવ્યા પહેલાં, નાની વયમાં) નાશ થાય છે. સર્વથા (જરા પણ) રોગ ન હોય તેવું તો ભગવાનની સન્નિધિ(સમીપમાં સ્થિતિ) થી જ થાય, તેથી સામાન્ય રીતે રોગના અભાવથી, ત્યાં ભગવાન છે એમ જણાવેલું છે. 'ઘણાં

૨. એક જ સમયે એટલે તાપના સમયે. (પ્ર) પરબના દૃષ્ટાંત પરથી પ્રકાશકાર આવો અર્થ કરે છે, પણ તે દૃષ્ટાંત અહિં પણ લેવાની આવશ્યક્તા હોય તેવું જણાતું નથી.

૩. કાલ પ્રવાહને ઠેકાણે છે, અને કર્મ કર્ણધાર(સુકાની)ને ઠેકાણે છે એમ જાણવું. (પ્ર)

૧. જેમ વૈકુંઠ વ્રજમાં આવ્યું તેમ 'જ્યાં મોટા શિંગડાવાળાં સારાં પશુઓ રહે છે' શ્રુતિમાં જણાવેલાં નિત્યલીલાનાં પશુઓ પણ ત્યાં આવેલાં હોય તો, એવો અર્થ છે. (લે) કૃષ્ણોપનિષત્ ૮માં 'ગોપીઓ અને ગાયો ઋચાઓ હતી' એમ જે ગાયોનું નિરૂપણ કરેલું છે તેવી ગાયો હોય તો, એવો અર્થ છે. (યો)

જલ, ઘાસ તથા વેલાઓ તેમાં છે ને ?' શબ્દથી પશુઓના ખોરાક વિગેરે સંપત્તિ સંબંધી પ્રશ્ન કરેલો છે. જલો ઘણાં હોય તે સરસતા (રસવાળો, રસાલ પ્રદેશ) જણાવનાર છે, અને તેનાથી દૂધની સંપત્તિનું (દૂધ ઘણું હોવાનું) પણ નિરૂપણ કરેલું છે. ઘાસો ઘણાં હોવાં તે પશુઓની અભિવૃદ્ધિ- (વધારો, આબાદી)નું કારણ છે. વેલાઓ ઘણા હોવા એ વધારે ઘી ઉત્પન્ન કરનાર અને (તેને) સુગંધવાળું બનાવનાર છે. આવી સંભાવનાનું કારણ 'બૃહદ્ વન' શબ્દથી કહેલું છે. અર્થથી અને શબ્દથી તે 'બૃહદ્ વન' છે, (અને) શબ્દથી (તે) ધર્મનું મૂલ (કારણ) છે એમ કહેલું છે[2]. 'તે' એટલે પ્રસિદ્ધ. સદાનું રહેવાનું સ્થાન હોય તે સંબંધી પ્રશ્ન ન થાય (પ્રશ્ન કરવાનું કારણ ન હોય), તેથી 'તમે જ્યાં હમણાં રહો છો' એમ કહેલું છે. કોઈ કોઈ સમયે તે (નંદજી) ગાયોના વાડાઓમાં પણ (પોતે ગોપાલ હોવાથી) રહે, તેથી તે સંબંધી પ્રશ્ન નથી, એમ જણાવવા 'સુહૃદોથી વીંટાએલા' વિશેષણ યોજેલું છે. તેનો અર્થ 'સગાંઓ અને કુટુંબની પણ સાથે તમે જ્યાં રહો છો' એવો થાય છે. ૨૬.

એ પ્રમાણે દેશની કુશલતા[1] પૂછી, નીચેના શ્લોકમાં બે બાલકોની કુશલતા[2] પૂછે છેઃ

**ભ્રાતર્મમ સુતઃ કચ્ચિન્ માત્રા સહ ભવદ્વ્રજે ।।**
**તાતં ભવન્તં મન્વાનો ભવદ્ભ્યામ્ ઉપલાલિતઃ ।।૨૭।।**

હે ભાઈ ! તમને તાત માનતો અને તમો બેથી લાડ લડાવેલો પોતાની માતા સાથે તમારા વ્રજમાં રહેતો મારો દીકરો કુશલ છે ને ? ૨૭.

---

૨. 'બૃહદ્ વન' શબ્દથી ધર્મનું કારણ કહેલું છે, કારણ કે તે બૃહત્ એટલે અક્ષરરૂપ હોવાથી ધર્મનું કારણ છે. (પ્ર) આ વન બૃહત્ એટલે બ્રહ્મરૂપ છે, એવી વ્યુત્પત્તિ હોવાથી તેને શબ્દથી ધર્મનું કારણ કહેલું છે; કારણ કે 'યોગથી આત્માનું દર્શન થાય છે તે પરમ લાભ છે' એવી સ્મૃતિ છે. ત્યાં ગાયો ચરાવવારૂપ ધર્મ સારી રીતે સિદ્ધ થશે (કારણ કે તે ધર્મનું કારણ છે) એવો ભાવ છે. (લે)

૧. દેશની કુશલતાના પ્રશ્નનું તાત્પર્ય ભગવાનની કુશલતા પૂછવાનું છે એમ કહેલું છે, તેથી 'દેશકુશલતા' એટલે દેશથી કુશલ જે બેનું છે તેવા હોવાપણું; આ બે બાલકોનું, દેશથી કુશલ છે જે બેનું તેવા હોવાપણું પૂછીને, એવી રીતે અન્વય કરવો. (લે)

૨. બલભદ્રની કુશલતા પૂછે છે. (લે) લેખ પ્રમાણે પાછલા શ્લોકમાં બે બાલકોનું કુશલપણું દેશના કુશલપણાના પ્રશ્નથી પૂછ્યું, આ શ્લોકમાં બલભદ્રનું કુશલપણું પૂછે છે. પાછલા શ્લોકમાં જ્યાં ભગવાન્ હોય ત્યાં કુશલ હોય અને રોગ ન જ હોય એમ કહેલ હોવાથી, તે શ્લોકથી ભગવાનનું કુશલપણું પૂછ્યું અને આ શ્લોકમાં સામાન્ય પ્રશ્નથી ભગવાન્ અને બલભદ્ર બંનેનું કુશલપણું પૂછે છે. પ્રશ્ન સામાન્ય છે, તે ભગવાન્ અને બલભદ્ર દરેકને લાગુ પડે છે. રોહિણી વસુદેવનાં પત્ની હોઈ ભગવાનની પણ માતા છે.

બીજે સ્થલે (બીજા કોઈ અજાણ્યા અથવા સંબંધ વિનાનાને ત્યાં) સ્ત્રી અને પુત્રને રાખવા એ યોગ્ય નથી, તેથી 'ભાઈ' એમ કહેલ છે. 'મારો દીકરો' શબ્દોથી પોતાનો અનુભવ (પોતાની જાણનો, અથવા પોતાની માન્યતાનો વૃત્તાંત) કહેલો છે. 'માતા સાથે તમારા વ્રજમાં કુશલ છે ને?' 'માતા સાથે' વચનથી એમ કહેલ છે કે, તમારે તો માત્ર રક્ષણ જ કરવાનું છે, બાલકની સેવા અથવા બીજો વધારાનો ભાર(શ્રમ) બીજાથી જ(માતાથી જ) કરાય છે. 'તમને તાત માનતો' શબ્દોથી બાલકનું દીનપણું જણાવેલું છે. તમો બે એટલે નંદ અને યશોદાથી (તે) લાડ લડાવેલો છે એટલે લૌકિક પાલન વિગેરે પૂછવાં ન જ જોઈએ. પાલન(રક્ષણ) અને પ્રીણન(ખુશી ઉત્પન્ન કરવી તે) પછી ઉપલાલન(લાડ લડાવવાનું) હોય છે; તેથી તે બે (પ્રીણન[3] અને ઉપપાલન) કહેલાં છે; ભગવાન્ સંબંધી તો પ્રશ્ન કરવાનો નથી જ; જૂદા પ્રકારથી[4] તો (ભગવાન્ સંબંધી) પ્રશ્ન કરેલો છે. ૨૭.

હમણાં તો તમને પણ સર્વ સમૃદ્ધિ (કારાગારમાંથી છૂટેલ હોવાથી) પ્રાપ્ત થઈ છે, તેથી તમે દીનતાનાં વચન કેમ કહો છો ? એવી શંકા થાય તેનું શ્લો. ૨૮માં સમાધાન કરે છેઃ

**પુંસસ્ત્રિવર્ગોભિહિતઃ સુહૃદો હ્યનુભાવિતઃ ।।**
**ન તેષુ ક્લિશ્યમાનેષુ ત્રિવર્ગોર્થાય કલ્પતે ।।૨૮।।**

શાસ્ત્રમાં પુરુષને ત્રિવર્ગ(ધર્મ અર્થ અને કામ) પ્રાપ્ત કરવાના કહેલા છે, અને તે સુહૃદના(સંબંધથી) પુષ્ટ થાય છે. તેઓ ક્લેશ પામતા હોય તો એ ત્રિવર્ગનું કાંઈ પ્રયોજન નથી. ૨૮.

પુરુષને ધર્મ, અર્થ અને કામ નામનો ત્રિવર્ગ શાસ્ત્રમાં કરવાનો અને (પ્રાપ્ત કરવા) યોગ્ય કહેલો છે; પણ તે જો સુહૃદના સંબંધવાળો હોય તો. (પુરુષને પોતાના) એકલાના માટે તો ખરેખર મોક્ષ પ્રાપ્ત કરવાનો છે, ધર્મ વિગેરે ત્રણ (ધર્મ, અર્થ અને કામ) પ્રાપ્ત કરવાના નથી. આ અર્થ યોગ્ય જ છે, એમ જણાવવા 'હિ' શબ્દ (મૂલ શ્લોકમાં) યોજેલો છે. પુરુષને એકલાને (માટે) ત્રિવર્ગ પ્રાપ્ત કરવાનું પ્રયોજન નહિ હોવાથી, તે પ્રાપ્ત કરવાની વિધિ (વેદની આજ્ઞા) નથી. 'સુહૃદ' શબ્દથી ચેતનના વિષય સર્વ (સર્વ જીવો) કહેલાં[1] છે. તેથી ત્રિવર્ગના

૩. 'તમને તાત માનતો' શબ્દોથી પ્રીણન કહેલું છે, કારણ કે તમે તે ખુશી રહે તેમ કરો તેથી જ તે તમને તાત માને.

૪. આ પ્રશ્ન ભગવાનને પણ લાગુ પડે છે; અથવા ગયા શ્લોકમાં જૂદા પ્રકારથી ભગવાન્ સંબંધી પ્રશ્ન કરેલો છે.

૧. અહિં સુહૃદ્ એટલે સ્ત્રી અથવા પુરુષ, સર્વ ચેતન પદાર્થ (જીવમાત્ર) તેથી સુહૃદનો અર્થ

ફલના સંબંધમાં જ્યાં ત્યાં સુહ્દદો મળી આવે છે જ; વળી માત્ર સુહ્દદના સંબંધથી જ ત્રિવર્ગનો ઉપયોગ નથી, પરંતુ સુહ્દદથી જ અનુભાવિત એટલે પુષ્ટ થએલો અથવા વધારેલો (ત્રિવર્ગ) (ઉપયોગનો છે) એવો અર્થ છે.

'એમ હોય (સુહ્દદથી પુષ્ટ કરેલો ત્રિવર્ગ જ ઉપયોગી હોય) તો તેથી શું ?' એવી શંકા થાય તેનું સમાધાન ઉત્તરાર્ધથી કરે છે. તે સુહ્દદો ક્લેશ પામતા હોય તો ત્રિવર્ગ પુરુષાર્થ થઈ શકતો નથી એટલે પુરુષાર્થરૂપ થતો નથી; કારણ કે ત્રિવર્ગમાં સુહ્દદો મુખ્ય છે. જેમ વસુદેવ પોતે[2] કંસ તેમના પુત્રોનો નાશ કરતો હોવાથી નંદજીને પોતાના ઘેર બોલાવી શકતા નથી, કારણ કે એમ કરે તો ભગવાન્ દેવકીના પુત્ર છે એવી માન્યતા કંસની થાય. (એટલે વસુદેવે પ્રાપ્ત કરેલ ત્રિવર્ગ સુહ્દદ નંદજીથી પુષ્ટ થતો નહિ હોવાથી નિરર્થક છે.) તેથી દીનપણું (વસુદેવે દીન રહેવું) યોગ્ય જ છે. દ્રવ્ય વિગેરેનું દાન તો ભેદ ઉત્પન્ન કરનાર[3] છે. ૨૮.

આ જે (વસુદેવે) પૂછ્યું તેનો જવાબ નહિ આપવાથી જ અંગીકાર કરીને (તેમાં સંમતિ દર્શાવીને), નંદજી વસુદેવ તરફનો (પોતાનો) પ્રેમ દર્શાવે છેઃ

નંદજી કહે છેઃ

**અહો તે દેવકીપુત્રાઃ કંસેન બહવો હતાઃ ।।**
**એકાવશિષ્ટાવરજા કન્યા સાપિ દિવં ગતા ।।૨૯।।**

---

કુટુંબીઓ જ નથી, પણ હરકોઈ રીતે સંબંધમાં આવેલા સ્ત્રી પુરુષો સર્વ સુહ્દદ છે એવો ભાવ છે. (લે)

કામમાં સુહ્દદનો ઉપયોગ છે એ સ્પષ્ટ છે; પણ ધર્મ અને અર્થમાં સુહ્દદનો ઉપયોગ શી રીતે છે ? એવી શંકા થાય તેથી સુહ્દદનો અર્થ ચેતનમાત્ર (જીવમાત્ર) કહેલો છે. ધર્મમાં ધર્મ પ્રાપ્ત કરાવનાર ઋત્વિજ વિગેરેનો ઉપયોગ છે, અર્થમાં (ધન) પ્રાપ્ત કરાવનાર નોકરો (મુનીમ) વિગેરેનો ઉપયોગ છે. (લે)

૨. (વસુદેવને) નંદજી ઘણા પ્રિય છે, તેથી નંદજીને પ્રસન્ન કરવા પોતાના ઘેર નંદજીને તેડી જવા જોઈએ, છતાં જો તે એમ કરે તો ભગવાન્ દેવકીના પુત્ર છે એવું કંસ અનુમાન કરે અને નંદજીનું અનિષ્ટ કરે (તેમને કનડે, દુઃખી કરે). એમ થાય તો સુહ્દદ નંદજીને ક્લેશ થાય, તેથી વસુદેવે નંદજીને પોતાના ઘેર બોલાવ્યા નહિ. આ કહીને હમણાં પણ આ એક દુઃખ છે, એમ વસુદેવે જણાવ્યું છે. તેથી 'જેમ પોતે નંદજીને પોતાના ઘેર લઈ જતા નથી' એવો સંબંધ (શ્રીસુબોધિનીજીમાં) છે. બાકીનું કારણ તરીકે કહેલું છે. સાધનરહિતોના ફલરૂપ આ (ભગવાન્) ગોકુલમાં પ્રાદુર્ભૂત થયા છે. તેથી અમે સર્વ તરફથી જ સારી રીતે નિશ્ચિંત થએલા છીએ. (ટિ)

૩. 'ભયથી વસુદેવ નંદજીને પોતાને ઘેર તેડી જઈ શકતા નથી, છતાં સારી ભેટ અહિં જ (મથુરામાં મેળાપ સમયે) આપી શકે છે, છતાં દ્રવ્ય વિગેરે કેમ આપતા નથી ?' એવી શંકા થાય તેથી આ કહેલ છે. (લે) દ્રવ્યનું દાન ભેદ ઉત્પન્ન કરનાર છે. દાતા અને ગ્રહણ કરનાર જૂદા છે એમ દર્શાવનાર છે. તેથી દ્રવ્ય આપતા નથી.

અહો ! તમારા ઘણા દેવકીથી થએલા પુત્રોને કંસે હણ્યા. એક પાછળથી જન્મેલી કન્યા બાકી રહી, તે પણ આકાશમાં ગઈ. ૨૯.

લોકની રીત પ્રમાણે તેમનું (વસુદેવનું) દુઃખ કહેવાથી તેમનું દુઃખ જતું રહે[૧] (ઓછું થાય) છે; અને વસુદેવને પરમાર્થ(સત્ય સ્થિતિ)નું જ્ઞાન થતાં સુખ થાય છે[૨]. (વસુદેવનું) વૃત્તાંત કહીને, નંદજીએ એમ જણાવેલું છે કે હું આનું સદા ધ્યાન રાખું છું. વસુદેવને તો ઘણી સ્ત્રીઓ છે અને તેઓના પુત્રો પણ કુશલ છે, છતાં કંસે દેવકીના ઘણા (એટલે) છ પુત્રોને હણ્યા; એટલે ભગવાનના સર્વે જ (છએ) ગુણો સાથે તેનો (કંસનો) દ્રોહ સિદ્ધ થયો, તેથી જ 'અહો !' 'અહો !' એમ (નંદજી) આશ્ચર્ય દર્શાવે છે; કારણ કે (કંસે) એકને જ મારવાનો હતો, પણ એક પાછલથી જન્મેલી એટલે સર્વની પછી જન્મેલી કન્યા બાકી (માર્યા વિનાની) રહી. આ[૩] ભગવાનનું ચરિત્ર છે. તેમ ન હોય તો[૪] બીજાં (ભગવાનનાં ચરિત્ર સિવાયનાં) વચનોનું નિરૂપણ અહિં યોગ્ય નથી. તે પણ જો વિવાહ પછી સંતાનની ઉત્પત્તિ કરીને જાય, તો પણ દેવકીનો વંશ રહેત. તેમ થયું નહિ એમ જણાવવા 'કન્યા' શબ્દ યોજેલો છે. તે (કન્યા) પણ સિદ્ધા (ઘણી પવિત્ર દેવતાઈ કન્યા) અને દેવતારૂપ હતી અને પુત્ર ન હોવાથી થતા ખેદને મટાડનારી હતી. છતાં આકાશમાં ગઈ, પોતે જ ઉડીને શરીર સાથે જ (આકાશમાં) ગઈ. આથી એમ જણાવેલું છે કે (આમાં) માત્ર કંસનો જ દોષ નથી, પણ (વસુદેવનું) ભાગ્ય જ એવું છે. તેમ ન હોય (વસુદેવનું ભાગ્ય ખરાબ ન હોય) તો તે પાછલથી પાછી આવત, કારણ કે કંસથી થતો ભય તેને (પાછલથી) ન હતો. ૨૯.

તેથી આવી બાબતમાં અદૃષ્ટ જ પ્રયોજક છે, એમ કહે છે :

**નૂનં હ્યદૃષ્ટનિષ્ઠોયમદૃષ્ટપરમો જનઃ ।।**
**અદૃષ્ટમાત્મનસ્તત્ત્વં યો વેદ ન સ મુહ્યતિ ।।૩૦।।**

ખરેખર, આ જન અદૃષ્ટમાં રહેલો છે, અદૃષ્ટ તેનું પરમ છે. જે આત્માનું (પોતાનું) તત્ત્વ અદૃષ્ટ છે એમ જાણે છે તે મોહ પામતો નથી. ૩૦.

બધાય પુરુષ અદૃષ્ટમાં રહેલા છે. આ (પુરુષ) તો કર્મપ્રધાન છે. તે

---

૧. આ વાક્યથી આ શ્લોકનું તાત્પર્ય કહેલું છે. (લે)
૨. આ વાક્યથી આવતા એટલે ત્રીસમા શ્લોકનું તાત્પર્ય કહેલું છે. (લે)
૩. 'આ' એટલે 'સર્વથી છેલ્લી જન્મેલી એવું નંદજીનું જ્ઞાન.' (પ્ર)
૪. આ કન્યા સર્વથી છેલ્લી જન્મેલી છે એ લોકરીત પ્રમાણે કહેલું નથી, પણ હવે બીજી પ્રજા ઉત્પન્ન થવાનો સંભવ નથી તેથી એમ કહેલું છે. તેમ ન હોય તો એટલે ભવિષ્યમાં પ્રજા ઉત્પન્ન થવાનો સંભવ હોય તો આગલા (ત્રીસમા) શ્લોકમાં જે વચનો કહે છે તે બંધ બેસતાં થાય નહિ. (પ્ર)

હરકોઈ કર્મ કરે તેનું પરિણામ અદષ્ટને અધીન છે એવો અર્થ છે. 'અદષ્ટ તેનું પરમ છે' શબ્દોથી એમ કહેલું છે કે તે કર્મનો પ્રારંભ કરે તે પણ અદષ્ટને જ અધીન છે. 'અદષ્ટ જ જેનું પરમ એટલે નિયામક (નિયમમાં રાખનાર, ફલ આપનાર) અને પ્રવર્તક (કર્મમાં પ્રવૃત્તિ કરાવનાર) છે તેવો' તે છે. એટલે અદષ્ટથી જ તેની (કર્મમાં) પ્રવૃત્તિ થાય છે; અને અદષ્ટ પ્રમાણે જ તેને ફલ પ્રાપ્ત થાય છે એમ કહેલું છે. આનું કારણ 'જન' શબ્દથી કહેલું છે. જે જન્મ લે છે તે પણ કર્મને લીધે જ (જન્મ લે છે). કર્મવાદીઓનો તેવો જ સિદ્ધાંત છે. તેથી કર્મને અધીન સર્વ છે એમ જાણી જે રહે છે તેને શોક થતો નથી, એમ ઉત્તરાર્ધમાં કહે છે. જેમ આત્માનું તત્ત્વ એટલે પ્રવૃત્તિ કરાવનારું અને નિવૃત્તિ કરાવનારું ખરેખરું રૂપ બ્રહ્મવાદીઓનું બ્રહ્મ છે અને (ભક્તોનું)[1] ભગવાન્ છે, તેમ જે કર્મને આત્માનું તત્ત્વ માને છે તે મોહ પામતો નથી. બીજા પક્ષોમાં[2] કોઈ ઉપાલંભ(ઠપકા)ને પાત્ર પણ થાય, (પણ) કર્મપક્ષમાં (કર્મ) પોતે જ કરેલું હોવાથી કોઈપણ ઉપાલંભને પાત્ર નથી, (તેમજ કોઈ પણ) પ્રાર્થના કરવા યોગ્ય નથી. બીજા પક્ષમાં તો જૂદા પ્રકારથી[3] મોહ થાય. એવી રીતે શોક દૂર કરવા કર્મતત્ત્વનો ઉપદેશ કરેલો છે. ૩૦.

એવી રીતે પરસ્પર વાતચીત કરતાં કેટલોક સમય રહીને, પછી નંદજીને ગોકુલ મોકલવા, વસુદેવ નીચેના શ્લોકમાં તેમનામાં ભય ઉત્પન્ન કરે છેઃ

વસુદેવ કહે છેઃ

**કરો વૈ વાર્ષિકો દત્તો રાજ્ઞે દષ્ટા વયં ચ વઃ ।।**
**નેહ સ્થેયં બહુતિથં સન્ત્યુત્પાતાશ્ચ ગોકુલે ।।૩૧।।**

રાજાને વાર્ષિક કર તમે આપ્યો, અને અમને મળ્યા. હવે તમારે અહિં ઘણા દિવસ રહેવું યોગ્ય નથી, કારણ કે ગોકુલમાં ઉત્પાતો છે. ૩૧.

તેમણે (નંદજીએ પોતાનું) કાર્ય પૂરું કરેલું છે, એમ જણાવવા તેમણે કરેલ કાર્યનો અનુવાદ કરે છે (ગણાવી જાય છે, કહી જાય છે). (તમે) રાજાને વાર્ષિક કર આપ્યો, અને અમને સુહૃદોને મળ્યા; તેથી (હવે) કૌતુક માટે અહિં ઘણા દિવસ રહેવું નહિ. તેનું કારણ જે ગોકુલમાં ઉત્પાતો છે. મૂલ શ્લોકમાં 'ચ'

૧. 'ભગવદીયોનું' શેષ છે. 'બ્રહ્મ' શબ્દથી (વેદના) ઉત્તરકાંડમાં કહેલી જ્ઞાનશક્તિ કહેલી છે, 'કર્મ' શબ્દથી પૂર્વકાંડમાં કહેલી ક્રિયાશક્તિ કહેલી છે, અને 'ભગવાન્' શબ્દથી ભાગવતમાં કહેલા જ્ઞાન અને ક્રિયા બંને શક્તિવાળા (ભગવાન્) કહેલા છે એવો ભેદ છે. (લે) 'ભક્તોનું' શેષ છે. (પ્ર)

૨. બીજા પક્ષો એટલે બ્રહ્મપક્ષ, ભગવત્પક્ષ, કાલપક્ષ અને સ્વભાવપક્ષ એવો અર્થ છે. (લે) એટલે આત્માનું તત્ત્વ બ્રહ્મ, ભગવાન્, કાલ અથવા સ્વભાવ છે એવા પક્ષો.

૩. ઉપાલંભ અથવા પ્રાર્થના કરે તેને તેનું યોગ્ય ફલ ન મળે તો શોક થાય, એવો અર્થ છે. (લે)

શબ્દ છે, તે એમ જણાવે છે કે બીજે સ્થલે પણ ઉત્પાતો છે; કારણ કે એવી મંત્રણા (કંસ અને તેના મંત્રીઓ વચ્ચે થએલી) (વસુદેવે) સાંભળેલી છે. ૩૧.

એટલું માત્ર સાંભળવાથી જ નંદજી વિગેરે ત્યાંથી તરત નીકળી ગયા, એમ નીચેના શ્લોકમાં કહે છેઃ

શુકદેવ કહે છેઃ

**ઈતિ નન્દાદયો ગોપાઃ પ્રોક્તાસ્તે શૌરિણા યયુઃ ।।**
**અનોભિરનડુદ્યુક્તૈસ્તમનુજ્ઞાપ્ય ગોકુલમ્ ।।૩૨।।**

શૌરિએ (વસુદેવે) એ પ્રમાણે કહેલા નંદજી વિગેરે તે ગોપો તેમની રજા લઈને બળદો જોડેલાં ગાડાંઓ વડે ગોકુલ ગયા. ૩૨.

ત્યાંથી નીકળવામાં પ્રધાન(મુખ્ય, મોટો) કોણ અને હલકા કોણ એવો ભાવ (ભેદભાવ) ભૂલી ગએલ હોવાથી 'નંદજી વિગેરે' એક કહેલું છે. નીકળી જવાની વાત સર્વેને જ કહેલી. 'શૌરિએ (વસુદેવે) એ પ્રમાણે કહેલા ગોપો' નિકળી જ ગયા; પણ કાંઈ વિશેષ સંભાવના (માન, આદર) થઈ નહિ. પોતાની મેળે જવાનું પણ તેઓમાં સામર્થ્ય ન હતું તેથી (તેઓએ જવાનાં) સાધનો ગ્રહણ કર્યાં, એમ 'ગાડાંઓથી' શબ્દથી કહેલું છે. 'બળદો જોડેલાં' એટલે જેને બળદો જોડેલા છે તેવાં (ગાડાંઓથી તેઓ ગયા). તેમની રજા લઈને, તેમને (વસુદેવને) પણ ત્યાંથી તેમના ઘેર મોકલીને, (એટલે) જેમ કરવાથી લોકમાં એકબીજાનો સ્નેહ પ્રસિદ્ધ ન થાય તેમ કરીને તેઓ ગયા. 'ગોકુલ ગયા' એટલે રસ્તામાં કંસ વિગેરેથી ઉપદ્રવ પામ્યા વિના સુખથી તેઓએ ગોકુલમાં પ્રવેશ કર્યો એવો અર્થ છે.

**ગોકુલોત્સવમીશાનં ગોપગોપીગવાં હિતમ્ ।।**
**જ્ઞાનતઃ કર્મતશ્ચૈવ તામસાનાં નમામ્યહમ્ ।।કા. ૧૭।।.।।**

ગોકુલના ઉત્સવરૂપ, નિયમમાં રાખનાર, જ્ઞાનથી અને કર્મથી પણ ગોપ, ગોપીઓ અને ગાયો એ તામસોના હિતરૂપને હું નમન કરું છું [1]. કા. ૧૭।।. ૩૨.

---

૧. આ કારિકાથી અધ્યાયના અને પ્રકરણના અર્થનું નિરૂપણ કરતાં (શ્રીમદાચાર્યચરણ ભગવાનને) નમન કરે છે. પહેલાં બે (૧. ગોકુલના ઉત્સવરૂપ અને ૨. નિયમમાં રાખનાર એ બે) વિશેષણોથી લક્ષ્ય અને લક્ષણના ભેદથી, ઉત્સવ અને ઐશ્વર્ય એ આ અધ્યાયના અર્થનું નિરૂપણ કરેલું છે. તેમાં 'ઉત્સવ' લક્ષણ છે અને 'ઐશ્વર્ય' લક્ષ્ય છે, એવું નિબંધમાં ૩-૧૦-૪૫માં નિરૂપણ કરેલું છે. 'જ્ઞાનથી અને કર્મથી પણ ગોપ, ગોપીઓ અને ગાયો એ તામસોના હિતરૂપ' શબ્દોથી પ્રકરણનો અર્થ કહેલો છે. ગોપ, ગોપીઓ અને ગાયો એ તામસોનું જ્ઞાનથી હિત ગુણગાન છે. ભગવાન્ પુષ્ટિમાર્ગીય જ્ઞાનવાળા હોવાથી તેઓની પાસે પોતાના ગુણોનું ગાન કરાવે છે. (ગુણગાન એ જ્ઞાનનું કાર્ય છે.) તેથી આથી વેદના ઉત્તરદલ(જ્ઞાનકાંડ)ના અનુભવનું નિરૂપણ થયું. તેઓ કર્મથી વ્યાપ્ત રહી (કર્મમાં રચ્યા પચ્યા રહી) યોગ્ય રીતે ભગવાનનું ભજન કરે છે. 'તેઓ ભગવાનની ક્રિયાથી જ વ્યાપ્ત છે

**ઇતિ શ્રીમદ્વલ્લભદીક્ષિતે રચેલી શ્રીમદ્ભાગવતની સુબોધિનીના**
**દશમા સ્કંધના વિવરણમાં**
**તામસપ્રકરણમાં પેટાના પ્રમાણપ્રકરણમાં**
**ઐશ્વર્યનું નિરૂપણ કરનાર પ્રથમ અધ્યાય અને સ્કંધના આરંભથી**
**પાંચમા અધ્યાયનું વિવરણ (સમાપ્ત).**

---

(ભગવાનની ક્રિયા(સેવા) માં જ રચ્યા પચ્યા રહે છે) પણ પોતાની (પોતાના દેહ માટેની) કાંઈ ક્રિયા તેમનામાં નથી.' એમ ૧૦-૩૦-૧૫ની શ્રીસુબોધિનીમાં કહેલ છે. આ કર્મ હોઈ પૂર્વદલનો (વેદના પૂર્વકાંડનો) અનુભવ છે. એ પ્રમાણે બંને કાંડોનો અનુભવ કહ્યો. નિબંધમાં આનું 'ગુણગાન એ જ્ઞાન છે' વિગેરે બે કારિકાઓથી નિરૂપણ કરેલું છે. આ પ્રમાણે વેદના બંને કાંડોનો અનુભવ કરાવવાથી ભગવાન્ તેઓને હિતરૂપ એટલે તેઓનો નિરોધ સ્થિર કરનાર છે. (લે+કા)

'ગોકુલના ઉત્સવરૂપ' પદથી અધ્યાયના અર્થ તરીકે ઉત્સવને કહેલો છે. 'નિયમમાં રાખનાર' પદથી પ્રમાણપ્રકરણના પ્રથમ અધ્યાયમાં ક્રમ પ્રમાણે આવતા (ગુણ) ઐશ્વર્યનું નિરૂપણ કરેલું છે, એટલે ભગવાનનું ઈશ્વર તરીકે નિરૂપણ કરેલું છે. ભગવાન્ ગોપ, ગોપીઓ અને ગાયો એ તામસોના જ્ઞાનથી અને કર્મથી હિતરૂપ છે. વિયોગ અવસ્થામાં ભગવાનનો હૃદયમાં અનુભવ થાય છે, તેને અહિં 'જ્ઞાન' કહેલું છે; એટલે પોતાની વિયોગ અવસ્થામાં ભગવાન્ હૃદયમાં પ્રકટ થઈ હિત કરે છે, એવો અર્થ થાય છે. સંયોગ અવસ્થામાં ભગવાન્ પોતાની લીલાથી જે જાતજાતના વિહાર કરે છે તેને 'કર્મ' કહેલ છે; એટલે સંયોગ અવસ્થામાં તેવા વિહારોથી પરમાનંદનું દાન કરી ભગવાન્ હિત કરે છે એમ કહેલું છે. એવી રીતે વિયોગ અને સંયોગની અવસ્થાના ભેદથી ઉત્તરકાંડ અને પૂર્વકાંડનો અનુભવ કરાવી, જે ભગવાન્ વ્રજવાસીઓને સદા પરમાનંદથી યોજે છે તેમને હું નમસ્કાર કરું છું, એવી રીતે તામસપ્રકરણના અર્થનું નિરૂપણ કર્યું. વિયોગ અવસ્થાને જ્ઞાનરૂપ અને સંયોગ અવસ્થાને કર્મરૂપ કહી, તે પરોક્ષવાદથી કહી એમ જાણવું; કારણ કે જ્ઞાનમાર્ગમાં ભગવાનની (હૃદયની) અંદર જ સ્ફૂર્તિ થાય છે અને વિયોગમાં પણ તેમ જ થાય છે; તેથી વિયોગ અવસ્થા જ્ઞાનરૂપ છે. તેવી જ રીતે કર્મમાર્ગમાં બધી બહારની ક્રિયા જ મુખ્ય છે અને સંયોગ અવસ્થામાં પણ તેમ જ છે, તેથી સંયોગ અવસ્થાને કર્મ કહેલ છે તે પણ યોગ્ય જ છે. આ કારિકામાં ભગવાન્ ગોકુલવાસીઓને હિતરૂપ છે એમ કહેલું છે, તે ક્યા પ્રકારે હિતરૂપ છે ? એવી વધારે જીજ્ઞાસા થાય, તો શ્રીમદ્વિઠ્ઠલેશપ્રભુએ રચેલ શ્રીગોકુલેશાષ્ટકનું અનુસંધાન કરવું, તેમાં કહેલ 'શ્રીમદ્ગોકુલના સર્વસ્વ, શ્રીમદ્ગોકુલના મંડન' વિગેરે નામોના અર્થ અને તાત્પર્યની સારી રીતે ભાવના કરવી. એ સ્તોત્રમાં કેટલાક નામોમાં સંયોગ અવસ્થાનું અને કેટલાક નામોમાં વિયોગ અવસ્થાનું નિરૂપણ કરેલું છે. એ સ્તોત્ર આ કારિકાના વિવરણરૂપ છે એમ જાણવું. (યો)

# ।। અધ્યાય છઠ્ઠો ।।

**ચરિત્રમ્ અદ્ભુતં શાસ્ત્રે લોકેઽપિ ભગવત્કૃતમ્ ।।**
**પૂતનાસુપયઃપાનં ષષ્ઠે રક્ષા નિરૂપ્યતે ।।કા. ૧।।**

પૂતનાના પ્રાણરૂપી ધાવણનું પાન અને બાલકોની રક્ષા, એ ભગવાને કરેલું ચરિત્ર શાસ્ત્રમાં અને લોકમાં પણ અદ્‌ભુત છે. તેનું છઠ્ઠા અધ્યાયમાં નિરૂપણ કરવામાં આવે છે. કા. ૧.

પાંચમા અધ્યાયમાં જે લીલાનું વર્ણન કરવામાં આવ્યું તે લીલામાં ભગવાને માત્ર પોતાનું સ્વરૂપ પ્રકટ કરીને જ નિરોધ કર્યો. હવે આગળ તેવું નથી, પણ લીલા કરીને તેથી પણ (સ્વરૂપથી અને લીલાથી) ભગવાન્ નિરોધ કરશે. ગયા (પાંચમા) અધ્યાયમાં જેમ ઉત્સવ ઉજવવાનું કાર્ય નિરોધ દર્શાવનાર હતું, તેમ અહિં (બાલકોની) ભગવાને રક્ષા કરી તે નિરોધ દર્શાવનાર છે. શ્રીમદ્‌ભાગવત ૨-૭-૨૭માં જણાવ્યા પ્રમાણે દુષ્ટભાવવાળી શાસ્ત્રીય સાધન વિનાની પૂતના ને ભગવાને મોક્ષનું દાન કર્યું, તેથી આ તેના પ્રાણરૂપી ધાવણનું પાન એ શાસ્ત્રમાં અદ્‌ભુત ચરિત્ર છે. અથવા પૂતનાના પ્રાણરૂપી ધાવણનું પાન એ જ બાલકોની રક્ષા એમ રૂપક લેવાથી, એ ભગવાનનું એક જ ચરિત્ર થાય છે, અને તેનું જ આ અધ્યાયમાં નિરૂપણ કરવાનું છે. (પ્ર)

પૂતનાના પ્રાણરૂપ ધાવણનું પાન, અને તેનાથી બાલકોની રક્ષા, એ ભગવાનના ચરિત્રનું આ છઠ્ઠા અધ્યાયમાં નિરૂપણ કરવામાં આવે છે. (લે)

પૂતનાના પ્રાણસહિત ધાવણનું પાન, અને (બાલકોની) રક્ષા એટલે પૂતનાએ પહેલાં ભક્ષણ કરેલ બાલકોની કૃતાર્થતા અને બીજાં બાલકોની (પૂતનાથી) રક્ષા (એ ભગવાનના ચરિત્રનું આ છઠ્ઠા અધ્યાયમાં નિરૂપણ કરવામાં આવે છે). (કા)

**એકં કાર્યં ભગવતો બહ્વર્થાનાં તુ સાધકમ્ ।।**
**અતો દુષ્ટવધો રક્ષા બાલકાનાં તતઃ કૃતા ।।કા. ૨।।**

ભગવાનનું એક કાર્ય પણ ઘણા અર્થો સાધનારું (હોય) છે. તેથી ભગવાને દુષ્ટ (પૂતના)નો વધ કરી તેનાથી બાલકોની રક્ષા કરી. કા. ૨.

પૂતનાને મારવાથી તેના દેહમાં રહેલાં બાલકો (જેમનું તેણે પ્રથમ ભક્ષણ કરેલું તે) પણ મરણ જ પામે. જેમ સ્ત્રી મરતાં તેનો ગર્ભ પણ મરણ પામે છે તેમ એ બાલકો પણ મરણ જ પામે. છતાં તેઓની રક્ષા કરી એમ અહિં કેમ કહેલ છે ? એવી શંકાનું નિવારણ આ કારિકાથી થાય છે. (લે)

તે બાલકોને કૃતાર્થ કર્યા, અને બીજાઓનું રક્ષણ કર્યું. દુષ્ટ પૂતનાને મારવાથી વ્રજમાં રહેલાં બાલકોની રક્ષા થઈ, કારણ કે નંદજીના ઘેર તે આવી તે પહેલાં જેમ તેણે બાલકોને મારેલાં તે પ્રમાણે જ બીજાં બાલકોને પણ તે મારત; (પરંતુ તે મરણ પામવાથી બીજાં બાલકોની રક્ષા થઈ). (યો)

ભગવાનનું એક કાર્ય ઘણા અર્થને સાધનારું છે, એ પાંચમા અધ્યાયના આરંભની નવમી કારિકાના વ્યાખ્યાનમાં ટિપ્પણીજીમાં દર્શાવેલું છે. (કા)

**વીર્યં ભગવતો વર્ણ્યં માયયા ભગવત્કૃતમ્ ।।**
**દુઃખં તસ્માત્તુ મુક્તિર્હિ નિરોધોક્તેર્ન દૂષણમ્ ।। કા. ૩ ।।**

ભગવાનના વીર્યનું (આ અધ્યાયમાં) વર્ણન કરવાનું છે, ભગવાને માયાથી દુઃખ કર્યું અને તેમાંથી મુક્તિ કરી. નિરોધ કહેલો હોવાથી (આ) દૂષણ નથી. કા. ૩.

આ અધ્યાયમાં ભગવાનના વીર્યનું વર્ણન કરવાનું હોવાથી ભક્તો (બાલકો)ને દુઃખ થયું એમ કહ્યું તે યોગ્ય નથી, એવી શંકા થાય, તેથી કહે છે કે માયાથી આ દુઃખ ભગવાને કરેલું છે. 'માયા એ અસુરો છે' શ્રુતિ પ્રમાણે અસુરો માયારૂપ ભગવાનની જ ઉપાસના કરે છે. તેથી ભગવાને ઉત્પન્ન કરેલ પૂતનાનું રૂપ એ માયાનું રૂપ હતું. બાલકોને દુઃખ દેવામાં સાધનરૂપ થએલ એ પૂતનાના રૂપથી ભગવાને જ એ દુઃખ કરેલ એવો અર્થ છે. તેથી જ સ્વામિનીજીઓએ પૂતનાને લક્ષ્મીરૂપ જાણી (જુઓ શ્લોક ૬). તેમ ન હોય (તેમણે તેને લક્ષ્મી માની ન હોત) તો તેઓ જ તેને પાછી કાઢત. તેથી જ બીજા બાલકોને તેનાથી દુઃખ થાય નહિ તે માટે ભગવાને તેને મુક્તિ આપી. જો ભગવાન્ તેને મુક્તિ ન આપે તો બીજાં સ્થલોએ જઈ તે પુનઃ દુઃખ દે એવું સંભવે, અને તેથી સર્વ રીતે દુઃખ મટે નહિ.

'ભગવાને જ દુઃખ કર્યું હોય તો તો તેમ કરવું કોઈ રીતે યોગ્ય ન હતું, (ભક્તો માટે ભગવાન્ દુઃખ ઉત્પન્ન કરે તે યોગ્ય નથી,)' એવી શંકા થાય, તેથી કહે છે કે નિરોધ કરેલો હોવાથી આ પ્રમાણે દુઃખ કરવું એ દૂષણ નથી; કારણ કે આ દુઃખ ભગવાનમાં ભક્તોનાં ચિત્તની વૃત્તિઓનો નિરોધ કરનારું હોવાથી પુરુષાર્થરૂપ છે. તેથી એ ભક્તિમાર્ગમાં દૂષણ નથી. તેથી નિરોધમાર્ગ (પુષ્ટિમાર્ગ) મર્યાદાભક્તિમાર્ગથી જૂદા પ્રકારનો છે, એમ સૂચવેલું છે.

અથવા ઈશ્વરની રક્ષા કરવી (જુઓ શ્લોક ૧૯ થી ૨૯) એ યોગ્ય નથી એવી શંકા થાય, તેનું નિરાકરણ કરવા આ કહેલું છે. અહિં નિરોધ કહેલો છે, (ભગવાને ભક્તોનો નિરોધ કરેલ હોવાથી તેઓ એ પ્રમાણે રક્ષા કરે છે). તેથી આ દૂષણ નથી. (ટિ)

'માયા એ અસુરો છે' શ્રુતિ પ્રમાણે અસુરો માયારૂપ ભગવાનની જ ઉપાસના કરે છે. તેથી માયાએ ઉત્પન્ન કરેલ પૂતનાનું રૂપ માયારૂપ હતું. તેને (બાલકોને) દુઃખ દેવાનું સાધન બનાવી, ભગવાને જ તેઓને દુઃખ કરેલ એવો અર્થ છે. તે દુઃખના સાધનથી થતું દુઃખ દૂર કરવા, ભગવાને પૂતનાને મુક્તિ આપી. ભક્તોનું દુઃખ દૂર કરવા પૂતનાને મારી તે પહેલાં પણ ભક્તોને દુઃખ કર્યું તે યોગ્ય ન હતું, એવી શંકા થાય, તેથી કહે છે કે તે દુઃખ ચિત્તની વૃત્તિનો ભગવાનમાં નિરોધ કરનારું હોઈ પુરુષાર્થરૂપ હતું, અને તેથી ભક્તિમાર્ગ પ્રમાણે તે દૂષણ નથી એવો અર્થ છે. 'આ અધ્યાયમાં પૂતનાને મારવારૂપ ભગવાનના વીર્યનું નિરૂપણ કરવાનું છે; તેને મારવાનું કારણ ભગવાને માયાથી (ભક્તોને) કરેલ દુઃખ છે. તેથી (બીજાઓને દુઃખ માયારૂપ પૂતના ન આપે તે માટે) પૂતનાને મુક્તિ આપેલી છે. એ ભગવાને કરેલ દુઃખ નિરોધ કરાવનારું હોવાથી દૂષણ ન હતું એવો અન્વય સમજવો. (કા)

**ભયં નિવર્ત્યં વીર્યેણ દ્વિવિધં બાહ્યમ્ આન્તરમ્ ।।**
**આન્તરં શબ્દજં બાહ્યં પૂતનાજનિતં તથા ।। કા. ૪।।**

ભય વીર્યથી મટાડવાનો છે. તે બે પ્રકારનો છે; (૧) બહારનો અને (૨) અંદરનો. અંદરનો (ભય) શબ્દથી ઉત્પન્ન થએલો છે અને બહારનો પૂતના એ ઉત્પન્ન કરેલો છે. કા. ૪.

'ગોકુલમાં ઉત્પાતો છે' (૧૦-૫-૩૧) એ વસુદેવના વચનથી ઉત્પન્ન થએલો ભય શબ્દથી ઉત્પન્ન થએલો. અંદરનો એટલે હૃદયની અંદર થએલો ભય છે. વસુદેવનું વચન સાંભળવાથી નંદજીના હૃદયમાં તે ઉત્પન્ન થએલ, તેથી તે શબ્દથી ઉત્પન્ન થએલો અને અંદરનો ભય છે. વસુદેવ આપ્ત (સત્ય જ બોલનાર) હોવાથી તેમના વચનથી એ ભય નંદજીના હૃદયમાં ઉત્પન્ન થએલો. (પ્ર+યો+કા)

**કારિકાર્થ સમાપ્ત.**

વાક્ય(શબ્દ)થી ઉત્પન્ન થએલો અંદરનો ભય ભગવાનના શરણથી નાશ પામે છે, તેથી પ્રથમ નીચેના શ્લોકમાં (ભગવાનના સ્મરણને સૂચવનારું ભગવાનને શરણ જવાનું નંદજીનું કાર્ય) કહે છે :

શુકદેવજી કહે છે :

**નન્દઃ પથિ વચઃ શૌરેઃ ન મૃષેતિ વિચિન્તયન્ ।।**
**હરિં જગામ શરણમ્ ઉત્પાતાગમશંકિતઃ ।।૧।।**

વસુદેવજીનું વચન ખોટું નથી એવો રસ્તામાં વિચાર કરતા, ઉત્પાતો

આવવાની (થવાની) શંકાવાળા નંદજી હરિને શરણે ગયા. ૧.

(નંદજી અને સાથેના ગોપો વસુદેવના વાક્યનું) માત્ર સ્મરણ કરીને જ ભયથી (મથુરાથી) નીકળ્યા. રસ્તામાં ચાલવાની પણ શક્તિ વિનાના તેઓ વિચારવા લાગ્યા કે આપણને કંસે કરેલ ભય થશે કે નહિ ? (વસુદેવે જે ભયનું વચન કહ્યું તે) ત્યાંથી (આપણે નીકળી જઈએ તે માટે કહ્યું કે જેવો (આપણે) સાંભળ્યો તેવો જ ભય ગોકુલમાં છે ? એવી રીતે તેમના (વસુદેવના) વાક્યનો વિચાર કરીને; બીજા (આપણે મથુરાથી નીકળી જઈએ તેવા) પ્રયોજનથી પણ ન હોય તેવી વાત કહેનાર જૂઠા બોલો થાય છે એવો નિશ્ચય કરી, તેઓએ નિર્ણય કર્યો (તે) 'વસુદેવનું વચન ખોટું નથી' એ શબ્દોથી કહેલો છે. ।

નંદજી આ બાબતનો વિશેષ વિચાર કરતા, રસ્તામાં બીજું કાંઈ કાર્ય નહિ હોવાથી નિશ્ચિત રીતે તે જ બાબતનો વિચાર કરતા, હૃદયમાં (તે જ બાબતની ગડમથલ કરીને ભય મટાડવા માટે હરિને શરણે ગયા. તેમણે વસુદેવના ઉત્પાતો) 'છે' (જુઓ ૧૦|૫|૩૧), એ વચનનો વિચાર ન કર્યો. જો એમ ન હોત (જો 'છે' એ વચનનો વિચાર કર્યો હોત) તો તેમની જીંદગી જ ન રહેત, પણ તેમને માત્ર શંકા થઈ અને તે પણ ઉત્પાત આવવાની. 'કદાચ ઉત્પાત આવે' એવી શંકા જ થઈ, પણ 'ઉત્પાત આવ્યો છે' એવી શંકા થઈ નહિ; તેમજ (એ વિષયનો) નિશ્ચય[1] પણ થયો નહિ, એમ 'ઉત્પાતો આવવાની શંકાવાળા' વિશેષણથી કહેલું છે. ઉત્પાત આવવાની (કદાચ ઉત્પાત આવશે એવી) તેમને શંકા થઈ. આવી રીતે (તેમનામાં) માત્ર સંદેહ ઉત્પન્ન કર્યો, એ ભગવાનનું ચરિત્ર[2] છે. ખરી રીતે તો જ્યારે વસુદેવ (એ વચન) તેમને કહેતા હતા ત્યારે જ પૂતના ગોકુલ આવી. ૧.

એ પ્રમાણે અંદરનો ભય મટાડી, ભગવાન્ બહારનો ભય મટાડે છે. તેથી નીચેના શ્લોકથી આરંભી સાડાઆઠ શ્લોકથી પહેલાં બહારનો ભય આવ્યો તે કહે છે :

---

૧. ઉત્પાત આવ્યો છે એવો નિશ્ચય. (પ્ર)
ઉત્પાત આવ્યો છે એવો અથવા ઉત્પાત આવ્યો નથી, એવો કોઈ નિશ્ચય થયો નથી.

૨. વસુદેવ મોટા આપ્ત (સત્ય વક્તા) જ છે, અને તેમણે 'ગોકુલમાં ઉત્પાતો છે' એમ નિશ્ચય ઉત્પાતો છે એમજ કહેલું છે. તેથી નંદજીના મનમાં એવો નિશ્ચય જ થવો જોઈતો હતો કે ગોકુલમાં ઉત્પાતો છે જ; છતાં 'ગોકુલમાં ઉત્પાતો છે કે ઉત્પાતો નથી' એવો સંશય જ તેમના મનમાં થયો એ ભગવાનનું ચરિત્ર છે, એવો ભાવ છે; કારણ કે જો તેમને ગોકુલમાં ઉત્પાત છે, એવો નિશ્ચય થયો હોત તો ભગવાન્ તરફના પ્રબલ સ્નેહને લીધે તે જીવતા જ ન રહેત. તેથી ભગવાને તેમના મનમાં (નિશ્ચય થવા દીધો નહિ પણ) માત્ર સંશય જ ઉત્પન્ન કર્યો. આ મૂલ શ્લોકમાં 'ઉત્પાતો આવવાની શંકાવાળા' વિશેષણથી કહેલ છે, અને આમ 'સંદેહ ઉત્પન્ન કર્યો એ ભગવાનનું ચરિત્ર છે' એમ તેનું વ્યાખ્યાન કરેલું છે. (યો)

**કંસેન પ્રેષિતા ઘોરા પૂતના બાલઘાતિની ।।**
**શિશૂંશ્ચચાર નિઘ્નન્તી પુરગ્રામવ્રજાદિષુ ।।૨।।**

કંસે મોકલેલી, બાલકોનો ઘાત કરનારી ઘોર પૂતના શિશુઓનો સંહાર કરતી, શહેરો, ગામડાંઓ, નેસડાઓ વિગેરેમાં ફરતી હતી. ૨.

તેને (પૂતનાને) મારવાની છે, તેથી આરંભમાં સામાન્ય રીતે તે સર્વને ઉપદ્રવ કરતી હતી એમ કહે છે. 'કંસે મોકલેલી શિશુઓનો સંહાર કરતી ફરતી હતી' એવો (વાક્યમાં શબ્દોનો) સંબંધ છે. ઈશ્વરે[૧] (શેઠે) મોકલેલી (પૂતના)એ શેઠનું કાર્ય કરવું એ જરુરી હતું.

'સ્ત્રીને બાલકો પ્રતિ પ્રેમ હોય છે, તેથી તેને (સ્ત્રી પૂતનાને) (બાલકોનો સંહાર કરવા) કેમ મોકલી ?' એવી શંકા થાય, તેથી (તે) 'ઘોર' હતી એમ કહેલું છે.

'જન્મ વિગેરે સંસ્કારોથી પવિત્ર કરેલા, વૈદિક કર્મોના સંબંધવાળા (જેઓનાં વૈદિક કર્મો કરવામાં આવ્યાં છે તેવા), અને જૂદી જૂદી અધિષ્ઠાતા દેવતાઓ જેઓનું રક્ષણ કરે છે તેવા (બાલકોને) તે કેવી રીતે મારતી હતી ?' એવી શંકા થાય, તેથી (તે) 'પૂતના' (હતી) એમ કહેલ છે. 'પૂતાન્' પવિત્ર કરેલાઓને પણ 'નયતિ'[૨] લઈ જાય તે 'પૂતના', અથવા 'પુરુષાન્' પુરુષોને પણ 'નયતિ'[૨] લઈ જાય તે (પૂતના). તેથી તે ઘણી બલવાળી હતી, અને બધાયને મારવાને શક્તિવાળી હતી.

'દેવો વિગેરે (બાલકોનું) રક્ષણ કરતા હતા એમ કહેલું છે, (છતાં તેમને કેવી રીતે મારતી ?)' એવી શંકા થાય, તેથી 'બાલકોનો ઘાત કરનારી' એમ કહેલું છે. જેમ દેવોમાં રક્ષણ કરવાનું સામર્થ્ય છે તેમ તેનામાં બાલકોનો ઘાત કરવાનું (સામર્થ્ય) છે. ભગવાને (તેને) તેવી જ બનાવેલી, તેથી જ તે શિશુઓનો એટલે ત્રણ વર્ષની અંદરની વયના બાલકોનો સંહાર કરતી ફરતી હતી. જો તે (બાલકોનું ભક્ષણ કરે તો થોડાથી પણ (ધરાઈને) અટકે એટલે તે ભક્ષણ કરતી ન હતી), પણ બાલકોના પ્રાણ પી પીને જતી (રહેતી) હતી. ત્રણે પ્રકારનાં સ્થાનમાં તેનો અટકાવ ન હતો (તેને કોઈ અટકાવનાર ન હતું). તેથી સાત્ત્વિક શહેરોમાં, રાજસ

૧. તેનો ઈશ્વર કંસ હતો. તેણે મોકલેલી. (લે)

૨. 'પૂતના' શબ્દની અહિં બે પ્રકારે વ્યુત્પત્તિ કરેલી છે. તે વ્યાકરણ પ્રમાણે થતી નથી, પરંતુ અક્ષરની સમાનતાથી અર્થ કલ્પીને કરેલી છે; જેમકે (૧) 'પુરિ' પુરમાં 'શેતે' શયન કરે છે તે 'પુરુષ' (૨) જે સર્વે વેદોમાં પ્રકાશે છે '(ભાતિ)', જેમાં સર્વ જંતુઓમાં પ્રેમ ('રતિઃ') છે અને જેનાથી પ્રાણિમાત્રનું તરણ ('તરણ') થાય છે તે 'ભારત'. એ પ્રમાણે અક્ષરોની સમાનતાથી કલ્પેલા અર્થથી વ્યુત્પત્તિ કરેલી છે. (યો) આ વ્યુત્પત્તિ વ્યાકરણના નિયમ પ્રમાણે છે એમ દર્શાવવા પ્રયાસ કરેલો છે.

ગામડાંઓમાં અને તામસ નેસડાઓમાં રહેતાં બાલકોનો સંહાર કરતી, તે જ માત્ર પ્રયોજનવાળી (માત્ર પ્રયોજનથી) (તે) ફરતી હતી. 'વિગેરે' શબ્દથી (એમ જણાવેલું છે કે તે) નાનાં ગામડાં, વાડીઓ વિગેરેમાં પણ (બાલકોનો સંહાર કરતી ફરતી હતી). ૨.

'જો પહેલાં પણ એમ હોત[૧] તો તે સમયે પણ કોઈ પણ બાલક જીવતું ન હોત' એવી શંકા થાય, તેનું નિરાકરણ નીચેના શ્લોકથી કરે છે :

**ન યત્ર શ્રવણાદીનિ રક્ષોઘ્નાનિ સ્વકર્મસુ ।।**
**કુર્વન્તિ સાત્ત્વતાં ભર્તુર્યાતુધાન્યશ્ચ તત્ર હિ ।।૩।।**

કારણ કે જ્યાં પુરુષો સ્વકર્મોમાં(સ્વકર્મો કરે છે તેમાં) રાક્ષસોને હણનારાં વૈષ્ણવોના પતિનાં શ્રવણ વિગેરે કરતા નથી ત્યાં રાક્ષસીઓ આવે છે. ૩.

જ્યાં વૈષ્ણવોના પતિ, દેવો વિગેરેનું પોષણ કરનાર ભગવાનનાં શ્રવણ વિગેરે નવ પ્રકારનાં અથવા છ[૨] પ્રકારનાં ભજન, અથવા તેમાં પણ રાક્ષસોને હણનારાં ગુણો જેવાં કે તાટકા વિગેરેનાં વધરૂપ રઘુનાથનાં ચરિત્રો જેનાથી રાક્ષસોનો જ વધ થાય છે, (તેવા ગુણોનાં શ્રવણ[૩] વિગેરે હોય છે ત્યાં રાક્ષસો હોતા નથી). સ્વકર્મોમાં એટલે રક્ષકોના (રક્ષણ કરનારાઓના) કર્મોમાં, અથવા સ્વધર્મ માં (ભગવાનનાં ચરિત્રોનું શ્રવણ વિગેરે હોય છે ત્યાં) રાક્ષસો હોતા નથી. 'સ્વધર્મ' માં 'સ્વ' શબ્દ છે, તેથી અધર્મની બધી શાખાઓનું નિવારણ થાય છે, (એટલે જ્યાં અધર્મની કોઈ પણ શાખા હોય છે) ત્યાં[૪] તો રાક્ષસીઓ હોય છે જ, કારણ કે તેઓ[૫] રાક્ષસોના સંબંધવાળા છે, અને 'જેમની સ્મૃતિથી' વાક્ય પ્રમાણે ભગવાનનાં શ્રવણ વિગેરે વિના સ્વધર્મો પૂર્ણ જ થતા નથી (અપુર્ણ જ રહે છે).

દેશ વિગેરે સર્વ સ્થલોમાં રાક્ષસો રહે છે[૬], તેથીજ 'અસુરો હણાયા'

---

૧. એમ હોત એટલે પૂતનાનું માત્ર બાલકોનો સંહાર કરવાનું જ પ્રયોજન હોત તો. (પ્ર)
૨. શ્રીમદ્ભાગવત ૭-૫-૨૩માં નવ પ્રકારની ભકિત જણાવેલી છે તે પૈકી (૧) દાસ્ય (૨) સખ્ય અને (૩) આત્મનિવેદન, એ ત્રણ પ્રકારની ભક્તિમાં રાક્ષસોનો સંબંધ હોવાની શંકા નહિ હોવાથી બાકીના છ પ્રકારની ભક્તિ. (લે) શ્રીમદ્ભાગવત ૨-૪-૧૫ માં જણાવેલી છ પ્રકારની ભક્તિ (પ્ર)
૩. અહિં શ્રવણ વિગેરેથી ત્રણ પ્રકારની (શ્રવણ, કીર્તન અને સ્મરણ) જ ભકિત કહેલી છે એમ જાણવું. (લે)
૪. 'ત્યાં તો' એટલે શ્રવણ વિગેરે વિનાનાં રક્ષકોના કર્મોમાં અથવા સ્વધર્મોમાં. (લે)
૫. 'તેઓ' એટલે અધર્મો. (પ્ર) 'તેઓ' એટલે શ્રવણ વિગેરે વિનાના ધર્મો (લે)
૬. 'ધર્મો અપૂર્ણ રહે તેથી જ તેમનો રાક્ષસો (અસુરો) સાથે સંબંધ કેમ થાય ?' એવી શંકા થાય, તેનું નિવારણ કરવા ધર્મોનો રાક્ષસો સાથે સંબંધ કેવી રીતે છે તે દર્શાવે છે. (લે)

વિગેરે મંત્રો છે. તેથી જ રાક્ષસોનો ત્યાં પહેલાં સંબંધ હોવાથી તેમના સંબંધને લીધે રાક્ષસીઓ ત્યાં આવે છે. રાક્ષસો સાથે સંબંધ છે જેઓનો તેવી (રાક્ષસીઓ) ગમે તે સ્થલે (સર્વ સ્થલે) હોવાથી, તેઓ સર્વ સ્થલે જૂદા જૂદા મંત્રોના સ્વામિઓ (દેવો)ને હઠાવવાના સામર્થ્યવાળી[૭] હોય છે. આ અર્થ (હકીકત, વૃત્તાંત) યોગ્ય જ છે, કારણ કે જ્યાં ધણીઓ હાજર હોય ત્યાં સ્ત્રીઓની ગતિને રોકનાર કોઈ હોતું નથી. રાક્ષસોને મારનારાઓથી જ[૮] રાક્ષસો હઠે છે (ભાગી જાય છે). જેમ વાયુને લીધે દીવો ઓલવાતો હોય તેનો ઉપાય તેલથી થતો નથી (તેલ દીવાને ઓલવાતાં અટકાવી શકતું નથી), તેમ રાક્ષસોને મારનારાઓ વિના (રાક્ષસોને ભગાડવાનો) ઉપાય નથી. સારી રીતે અધ્યયનથી પુષ્ટ થએલા મંત્રો જ પાપનો નાશ કરે છે, કારણ કે, 'ઉત્પન્ન થએલા અગ્નિને..' એ ઉપાખ્યાનમાં[૯] તેવા જ (સારી રીતે અધ્યયનથી પુષ્ટ થએલા જ) મંત્રને પાપનો નાશ કરનાર કહેલ છે[૧૦]. મર્યાદામાં[૧૧]

૭. 'અહિં રાક્ષસોનો નાશ કરનારાં શ્રવણ વિગેરે' અધ્યાહાર છે, તેથી રાક્ષસોનો નાશ કરનારાં શ્રવણ વિગેરે રાક્ષસીઓને હઠાવવા સમર્થ છે એવો અર્થ છે. (પ્ર) આ અર્થ આની પછીના વાક્ય સાથે બંધ બેસતો નથી. તેથી લેખમાં જણાવ્યા પ્રમાણે અર્થ ભાષાંતરમાં લીધેલ છે. તે અર્થ પ્રમાણે પછીના વાક્ય સાથે સંબંધ મળે છે.

૮. મૂલમાં 'રાક્ષસોને હણનારાં' વિશેષણ છે, તેનું તાત્પર્ય અહિં કહે છે. કર્મ પૂર્ણ થાય તો તેનાથી અસુરપણું ન થાય અને સ્વરૂપનું સંપાદન (મંત્રપણું) થાય, પણ જે વિઘ્નો આવી ચડે ત દૂર ન થાય. આ સમજાવવા વાયુ અને દીપનું દષ્ટાંત આપે છે. તેલ દીપનું સ્વરૂપ પ્રાપ્ત કરાવે છે (બળવાનું સાધન પૂરૂં પાડે છે) પણ પવન આવે તો તેને ઓલવાતાં અટકાવી શકતું નથી. (લે)

૯. વાતમાં.

૧૦. 'વેદના મંત્રોથી જ રાક્ષસોની નિવૃત્તિ થાય છે, તો પછી ભગવાનનાં શ્રવણ કીર્તન વિગેરેની શી જરુર છે ?' એવી શંકા થાય તેથી આ કહેલું છે. નિયમ વિગેરે સાચવી સારી રીતે મંત્રોનું અધ્યયન કરવામાં આવે તો જ તેમનાથી ફલ પ્રાપ્ત થાય છે, પરંતુ એવા નિયમ વિગેરે પાળવા બહુ કઠણ હોવાથી તેમનાથી કાર્ય સિદ્ધ થશે નહિ એમ જાણી, રાક્ષસોનું નિવારણ કરનાર ભગવાનનાં શ્રવણ વિગેરે કરવાનો ઉપદેશ કરેલો છે. કોઈ પણ જાતના નિયમ રાખ્યા વિના પણ આ શ્રવણ કીર્તન વિગેરેથી રાક્ષસોનું નિવારણ થાય છે, તેથી તે સ્વતંત્ર (સ્વતંત્ર રીતે રાક્ષસોને હણનાર) છે. તેથી જ તે શ્રવણ વિગેરે કરવાનો ઉપદેશ કરેલો છે. જો દેશ કાલ વિગેરે સર્વ સાધનો સારાં પ્રાપ્ત થાય તો જ મંત્રોથી એ ફલ પ્રાપ્ત થાય, પણ આ સર્વ સાધનો પ્રાપ્ત કરવા એ ઘણું કઠણ છે; તેથી દેશ વિગેરે સાધનોની જેને આવશ્યક્તા નથી અને જે સ્વતંત્ર રીતે ફલ પ્રાપ્ત કરાવે છે, તેવા ભગવાનનાં શ્રવણ વિગેરે કરવાનો ઉપદેશ કરેલો છે. (યો)

૧૧. અહિંથી વેદના મંત્રોથી ફલ પ્રાપ્ત કરવું બહુ દુર્લભ છે એ જણાવે છે. મર્યાદામાં એટલે વેદમાં. (યો)

આધિદૈવિક[૧૨], આધ્યાત્મિક[૧૩] અને અધિભૌતિક[૧૪] માં પાછલ પાછલનું વધારે બલવાન[૧૫] છે, અને તેના સામર્થ્યને બીજાની અપેક્ષા રહેતી હોવાથી[૧૬] તેના અધિષ્ઠાતા દેવતાની[૧૭] પ્રેરણાથી બીજામાં ફલ ઉત્પન્ન કરવાનું(આપવાનું) સામર્થ્ય આવે છે.

---

'એમ હોય તો સારી રીતે અધ્યયન કરેલ મંત્રોથી જ રાક્ષસોની નિવૃત્તિ ભલે થાય' એવી શંકાનો નિરાસ કરવા આ કહે છે. એવા મંત્રો કરતાં આધિભૌતિક (રાક્ષસી) વધારે બલવાળી હોવાથી તેમનાથી તેની નિવૃત્તિ થતી નથી. તેથી જ બલ્વલનો વધ (જુઓ શ્રીભા. ૧૦-૭૫-૩૮ થી ૧૦-૭૬-૭) ઋષિઓએ બલદેવજી પાસે કરાવ્યો. મંત્રોથી તે થઈ શકે તેમ હોત તો ઋષિઓ જ તે કરત. (પ્ર)

૧૨. આધિદૈવિક એટલે ગાયત્રી વિગેરે મંત્રોના જપ વિગેરે. (લે)
આધિદૈવિક એટલે રાક્ષસોને હણવાના વૈદિક મંત્રો. (યો)

૧૩. આધ્યાત્મિક એટલે (મંત્રોના) ન્યાસ વિગેરે. (લે) આધ્યાત્મિક એટલે શ્રદ્ધા. (યો)

૧૪. આધિભૌતિક એટલે દેહને શુદ્ધ કરનારાં સ્નાન વિગેરે. (લે, યો)

૧૫. આધિદૈવિક, આધ્યાત્મિક અને આધિભૌતિક, એ ત્રણ સાધનોમાં આધિદૈવિક વેદના મંત્રો શ્રદ્ધા હોય તો ફલ આપે છે, કારણ કે શ્રધ્ધા વિના મંત્રોનો પાઠ કરવામાં આવે તો તેથી ફલ પ્રાપ્ત થતું નથી. તેથી આધ્યાત્મિક શ્રદ્ધારૂપ સાધન આધિદૈવિક મંત્રોરૂપ સાધનથી વધારે બલવાળું છે. એ જ પ્રમાણે આધ્યાત્મિક શ્રદ્ધારૂપ સાધન સ્નાન વિગેરેથી શુદ્ધિ કરેલી હોય તો જ ફલ આપે છે, કારણ કે જે સ્નાન વિગેરે શુદ્ધિ વિનાનો હોય તેને માત્ર શ્રદ્ધાથી ફલ મળતું નથી. તેથી આધિભૌતિક સ્નાન વિગેરે સાધન આધ્યાત્મિક શ્રદ્ધાથી વધારે બલવાળાં છે. તેથી એ ત્રણમાં પાછલ પાછલનું વધારે બલવાન છે, એમ કહ્યું તે યોગ્ય જ છે. (યો)

૧૬. આધિદૈવિકના સામર્થ્યને આધિભૌતિકની અપેક્ષા રહે છે, કારણ કે દેવતાઓને ફલ આપવું હોય તે ભૌતિક દ્વારા જ આપે છે. આધિદૈવિક ગંગાજી પ્રવાહરૂપ આધિભૌતિકનો સંબંધ કરાવીને જ શુદ્ધિ વિગેરે ફલ આપે છે. તેથી આધિદૈવિકના સામર્થ્યને ભૌતિકની અપેક્ષા રહે છે. (યો)

૧૭. આધિદૈવિક બ્રાહ્મણ અથવા આધિદૈવિક સુરભિ વિગેરે દેવતાઓની પ્રેરણાથી જ બીજા માં એટલે ભૌતિક બ્રાહ્મણ ગાય વિગેરેમાં ફલ આપવાનું સામર્થ્ય થાય છે. તેથી આધિદૈવિક દેવતાઓની પ્રેરણાથી જ ભૌતિકો જ ફલ આપે છે. આમ હોવાથી આધિદૈવિકોને પણ ફલદાન કરવા માટે ભૌતિકોની અપેક્ષા રહે છે, તેથી ભૌતિક સર્વથી બલવાન છે. તેથી એવું સિદ્ધ થાય છે કે આધિદૈવિકોને ભૌતિકની અપેક્ષા રહે છે, અને ભૌતિક દેશ કાલ વિગેરે અશુદ્ધ હોવાથી દુર્બલ છે; તેથી દેશ વિગેરે છ પદાર્થો (દેશ, કાલ, દ્રવ્ય, મંત્ર, કર્તા અને કર્મ)ની શુદ્ધિની જેને અપેક્ષા નથી તેવાં ભગવાનનાં શ્રવણ કીર્તન વિગેરે સર્વ ફલ પ્રાપ્ત કરાવનારાં છે. તેથી રાક્ષસોની નિવૃત્તિ કરવા માટે પણ તે શ્રવણ વિગેરે જ કરવાનો ઉપદેશ કરેલો છે. 'ભગવાન્ તો સર્વગત છે' વિગેરેથી આ જ કહેલું છે. (યો)

ભગવાન્[18] તો[19] સર્વગત[20] (સર્વત્ર રહેલ) છે, અને પોતાના પ્રાકટ્ય માટે ખાસ કરીને ભક્તિમાર્ગને તેમણે કારણ બનાવેલ છે, (ભક્તિમાર્ગ માટે પોતે ખાસ પ્રકટ થયા છે). તેથી વૈષ્ણવોના જ પતિનાં શ્રવણ વિગેરે રાક્ષસોને હણનારાં છે. આગંતુકોથી[21] આગંતુકોનું જ નિવારણ થાય, પરંતુ સહજ(કુદરતી)નું (નિવારણ) ન થાય. એ પ્રમાણે પ્રબલ અને દુર્બલનો ભાવ (એક પ્રબલ અને બીજું દુર્બલ) હોય, ત્યાં બાધક અને બાધ્યનો ભાવ (એક હઠાવનાર અને બીજું હઠી જનાર) હોય એ યોગ્ય છે. આથી આગળ શ્રવણ કરનારની શંકાનું[22] પણ નિવારણ થાય છે.

(પુરુષો) વર્ણ અને આશ્રમના ધર્મોવાળા હોઈ, માત્ર પોતાના (દેહના) સંબંધવાળાં (કર્મો કરે છે), પરંતુ ભગવાનના માટે કાંઈ કર્મો કરતા નથી (ત્યાં રાક્ષસીઓ આવે છે). જ્યાં ભગવાનના નામનાં શ્રવણથી જ રાક્ષસો ભાગી જાય છે ત્યારે (તો પછી) જ્યાં ભગવાન્ સાક્ષાત્ વિરાજતા હોય ત્યાં (રાક્ષસો હોવાની)

---

૧૮.ભગવાન્ એટલે શ્રવણ કીર્તન વિગેરેથી જેમની સેવા કરવામાં આવે છે તેવા ભગવાન્ એવો અર્થ છે.(યો)

ભગવાન્ એટલે 'ભગવાનનાં શ્રવણ કીર્તન વિગેરે' એવો અર્થ થયો.

૧૯. 'તો' શબ્દ જણાવે છે કે વેદ ભગવાન્ પેઠે સર્વગત નથી, કારણ કે માત્ર ત્રૈવર્ણિક (બ્રાહ્મણ ક્ષત્રિય અને વૈશ્ય પુરુષો)ને જ વેદનો અધિકાર છે, (બીજાઓને નથી). વળી વેદને દેશ વિગેરેની શુદ્ધિની અપેક્ષા રહેતી હોવાથી પોતાના નિર્વાહ માટે (મંત્રો સારી રીતે સિદ્ધ થાય તે માટે) તેનું સામર્થ્ય કુંઠિત છે.(યો)

૨૦. ભગવાનનાં શ્રવણ વિગેરે કરવાનો અધિકાર સર્વને (સ્ત્રીઓ અને શૂદ્રોને પણ) છે. તેથી જેમના શ્રવણ વિગેરે સર્વ કરી શકે છે તે ભગવાન્ સર્વગત છે. આનો ભાવ એવો છે કે ભગવાનનાં શ્રવણ વિગેરેની શક્તિ ક્યાંય પણ કુંઠિત નથી. (યો)

૨૧. આગંતુક મંત્રોથી આગંતુક રાક્ષસીઓનું જ નિવારણ થાય છે, પણ ભગવદીયોથી (ભગવાનનાં શ્રવણ વિગેરેથી) સહજ (રાક્ષસો)નું પણ નિવારણ થાય છે. (પ્ર)

સારી રીતે અધ્યયનથી પુષ્ટ થએલ હોવાથી મંત્રો આગંતુક છે. તેમનાથી આગંતુક રાક્ષસોનું જ નિવારણ થાય; એટલે તેવા મંત્રો વડે રક્ષણ કરનાર પુરુષ આગંતુક રાક્ષસોનું જ નિવારણ કરી શકે. (લે)

૨૨. ભગવાનનાં શ્રવણ વિગેરેથી રાક્ષસીઓનું નિવારણ થાય છે, તો જ્યાં સાક્ષાત્ ભગવાન્ હતા ત્યાં તે (પૂતના) કેવી રીતે આવી ? એ શંકાનું પણ પ્રબલદુર્બલભાવના નિરૂપણથી નિવારણ થાય છે, એટલે તે તેમનાથી પણ તે સમયે વધારે બલવાળી હોવાથી ત્યાં આવી એવો અર્થ છે. (પ્ર)

અહિં 'આગળ શ્રવણ કરનારની શંકાનું પણ નિવારણ થાય છે' એમ કહેલ છે. તેથી ભગવાનનું અલૌકિક ચરિત્ર આગળ કહેવામાં આવશે તેમાં પણ શ્રવણ કરનારને શંકા થવા કારણ રહેશે નહિ, એવો અર્થ હોય તેમ જણાય છે. 'પૂતના વધારે બળવાળી હતી' એ માની શકાય તેવું નથી, એટલું જ નહિ પણ વિરુદ્ધ જ છે.

શી ચિંતા (હોઈ શકે?) આ માટે જ[૨૩] 'સ્વ' પદ યોજેલું છે[૨૪]. ૩.

એવી રીતે તે (પૂતના) સર્વને ઉપદ્રવ કરનારી હતી, એમ ઉપપત્તિ સાથે (યોગ્યતાથી, કારણ દર્શાવી) નિરૂપણ કરી, તે ગોકુલમાં પણ આવી, એમ નીચેના શ્લોકમાં કહે છેઃ

**સા ખેચર્યેકદોપેત્ય પૂતના નન્દગોકુલમ્ ।।**
**યોષિત્વા માયયાત્માનં પ્રાવિશત્ કામચારિણી ।।૪।।**

તે આકાશમાં ફરનારી પૂતનાએ એકવાર નંદના ગોકુલ પાસે આવી, માયાથી પોતે સ્ત્રીનું રૂપ ધારણ કરી, કામચારિણી (ઈચ્છા પ્રમાણે ફરનારી) થઈ, (તે ગોકુલમાં) પ્રવેશ કર્યો. ૪.

એકવાર એટલે જે સમયે (ગોકુલને) દેવો વિગેરેનો સંબંધ ન હતો, અશ્લેષા નક્ષત્ર[૧] વિષ ઘટિકા અને મૃત્યુયોગ હતો અને ભગવાન્ ભૂતલ પર હતા ત્યારે (તે ગોકુલ આવી).

'ભૂમિનું સર્વ દેવો રક્ષણ કરતા હતા, તેથી (છતાં) તે કેવી રીતે આવી ?'

---

૨૩. 'આ માટે જ' એટલે પાછળ 'જ્યાં ભગવાનનાં નામના શ્રવણથી જ રાક્ષસો ભાગી જાય છે, ત્યારે જ્યાં ભગવાન્ સાક્ષાત્ વિરાજતા હોય ત્યાં શી ચિંતા ?' એવું જે કૈમુત્ય કહ્યું તે માટે જ. (લે)

૨૪. 'સ્વ' શબ્દથી એમ દર્શાવ્યું છે કે જ્યાં પુરુષો દેહના સંબંધનાં જ કર્મો કરે છે અને ભગવાન્ સંબંધી કર્મો કરતા નથી ત્યાં રાક્ષસીઓ આવે છે, 'પોતાના દેહના સંબંધવાળાં કર્મો કરે છે અને ભગવાનનાં શ્રવણ વિગેરે કરતા નથી.' એમ ઉપર શ્રીસુબોધિનીમાં કહ્યું છે, તે જ 'સ્વ' શબ્દનું તાત્પર્ય છે. પ્રકાશકાર પણ એમ જ કહે છે. એટલે આ ભાગ તેની સાથે સંબંધ રાખે છે. માત્ર દેહ સંબંધી કર્મો કરવાથી રાક્ષસીઓ આવે છે, એમ જણાવવા 'સ્વ' પદ યોજેલું છે.

૧. અશ્લેષા નક્ષત્રમાં પૂતના આવી એમ કહેલું છે, તેથી ભગવાને પૂતનાને મારી ત્યારે ભગવાન્ છ દિવસની વયના હતા એમ જણાય છે. (રોહિણી નક્ષત્રમાં ભગવાનનો જન્મ. તે નક્ષત્રથી (રોહિણી, મૃગશીર્ષ, આર્દ્રા, પુનર્વસુ, પુષ, અને અશ્લેષા) અશ્લેષા છઠ્ઠું નક્ષત્ર હોવાથી અને ચંદ્ર દરરોજ એક નક્ષત્રનો ભોગ કરતો હોવાથી પૂતના આવી અને ભગવાને તેને મારી ત્યારે ભગવાન્ છ દિવસની વયના હતા). પદ્મપુરાણના ઉત્તરખંડમાં કહ્યું છે કે 'ભાદરવા (ગુજરાતી શ્રાવણ) વદ ૧૪ના રોજ નંદના પુત્રે પૂતનાને મારી'. હરિવંશમાં પૂતનાને 'શકુની' કહેલી છે. (શકુની એટલે પક્ષી, ખેચરી, આકાશમાં ફરનારી.) હરિવંશમાં ભગવાને પૂતનાને મારી ત્યારે તેમનું વય છ માસનું હતું એમ કહેલું છે, પરંતુ ઉત્સવ પછી નંદજી તરત કર આપવા ગયા ત્યારે તે ગોકુલ આવેલી એમ કહેલું છે, અને ભગવાન્ ત્રણ માસના હતા ત્યારે તો તેમણે શકટ (ગાડું) ઊંધુ પાડેલું એમ ૨-૭-૨૭માં કહેલું છે, અને તે પહેલાં પૂતનાને મારેલી. તેથી ભગવાને પૂતનાને મારી ત્યારે તેમનું વય છ દિવસનું જ હતું. હરિવંશમાં છ માસનું વય કહેલું છે, તે કોઈ બીજા કલ્પની વાત હોવી જોઈએ. (પ્ર)

એવી શંકા થાય ,તેથી કહે છે કે તે 'આકાશમાં ફરનારી' હતી. 'નંદનું ગોકુલ' શબ્દથી વ્યાપિવૈકુંઠમાંથી પધારેલ ભગવાન્ મર્યાદાનો નાશ કરનારા છે એમ જણાવવા, (ગોકુલ) તે ધર્મો (મર્યાદાના ધર્મો)વાળું છે, એમ જણાવેલું છે. જો (ગોકુલમાં) નંદજી અથવા ગાયો[2] હાજર હોત તો તે (પૂતના) આવી શકત નહિ, પણ તે બેઉ પણ (બેમાંથી એક પણ) ત્યાં ન હતાં તેથી તે આવી. આરંભમાં (ગોકુલની) સમીપ આવી, જ્યાં રહેલી માયાએ તેનામાં પ્રવેશ કર્યો[3] ત્યાં તે ઉભી રહી, પછી આગળ જવાનું સામર્થ્ય તેનામાં નહિ હોવાથી તેણે પોતાના ઈષ્ટ દેવતા માયારૂપ ભગવાનનું ધ્યાન ધર્યું, ત્યારે માયારૂપ ભગવાને 'માયા એ અસુરો છે' 'તે (પ્રકટ) થઈ આમનું રક્ષણ કરે છે' શ્રુતિઓ પ્રમાણે, તેને યશોદા વિગેરે જેવી સ્ત્રીરૂપ (સ્ત્રી) બનાવી. આ (અર્થ) 'પાસે આવી, માયાથી પોતે સ્ત્રીનું રૂપ ધારણ કરી' શબ્દોથી કહેલો છે. 'યોષિત્વા' એટલે 'પોતાને સ્ત્રી બનાવીને' એવો અર્થ છે. તે સમયે (તેણે ગોકુલમાં) પ્રવેશ કર્યો.

'એમ હોય (તેણે સ્ત્રીનું રૂપ ધારણ કર્યું હોય) તો પણ અજાણી સ્ત્રી કેવી રીતે (ગોકુલમાં) પ્રવેશ કરવા પામી ?' એવી શંકા થાય, તેથી 'કામચારિણી' વિશેષણ યોજેલું છે. 'કામં' એટલે ઈચ્છા પ્રમાણે 'ચરતિ' ચરે (ફરે) તે કામચારિણી. પ્રવેશ સમયે તેણે તરુણી(સ્ત્રી)નું રૂપ ધારણ કરેલું હોવાથી પુરુષો તેને રોકશે નહિ, એવો (તેનો) નિશ્ચય હતો; કારણ કે જ્યાં જ્યાં કામ((કામદેવ), પુરુષોમાં કામ વિશેષ હોય છે)નો પ્રવેશ હોય ત્યાં ત્યાં તે (કામચારિણી હોવાથી) પ્રવેશ કરવા શક્તિવાળી હતી. તેથી જેમ મૂર્તિમંત (સાક્ષાત્) કામ હોય, અથવા જ્યાં કામ ઘણો વધેલો હોય ત્યાં (પ્રાણીઓ) અંધ થાય છે તેમ તેનામાં (તેને જોઈને પણ પ્રાણીઓ) અંધ થતા હતા એમ કહેલું છે. ૪.

સર્વને મોહ ઉત્પન્ન કરવા માટે ભગવાને તેનું જે રૂપ કરેલું તેનું નીચેના બે શ્લોકોથી સ્વરૂપ અને ચેષ્ટા(ક્રિયા)ના ભેદથી વર્ણન કરે છે. (પાંચમા શ્લોકમાં તેના રૂપના સ્વરૂપનું અને છઠ્ઠા શ્લોકમાં તેની ચેષ્ટાનું વર્ણન કરે છે) :

---

૨. નંદજીમાં વિશુદ્ધ સત્ત્વનું (વસુદેવનું) સ્થાપન થએલું છે એમ કહેલું છે, (જુઓ ૧-૫-૨૧ પરનાં સુબોધિનીજી) અને ગાયો ધર્મનું સાધન છે; તેથી તે બેમાંથી કોઈ હોય ત્યાં રાક્ષસો રહી શકે નહિ. તેથી જ પૂતનાથી થએલ દોષ મટાડવા ગોપીઓ ગોમૂત્રથી ભગવાનને સ્નાન કરાવે છે, (શ્લોક ૨૦) અને નંદજી વાત્સપ્ર સૂક્ત(વેદનો મંત્ર)થી ભગવાનનું માથું સૂંઘે છે (શ્લોક ૪૩). પૂતના આવી ત્યારે નંદજી મથુરા ગયા હતા અને ગાયો ચરવા ગઈ હતી. (તેથી તે બે માંથી કોઈ ગોકુલમાં ન હતાં). (લે)

૩. અહિં 'માયા પ્રવેશં' શબ્દો છે. પ્રકાશમાં 'માયાપ્રવેશં' સમાસ લીધેલ છે અને તેનો અર્થ '(પૂતનાએ) માયાથી પ્રકૃષ્ટ (ઉત્તમ) વેષ કર્યો' એમ કહેલ છે, (પરંતુ સ્ત્રીનું રૂપ તેણે ધારણ કર્યાનું આગળ આવે છે, તેથી અહિં 'માયા પ્રવેશં' છૂટા શબ્દો લઈ અર્થ કરેલ છે.

**તાં કેશબન્ધવ્યતિષક્તમલ્લિકાં બૃહન્નિતમ્બસ્તનકૃચ્છ્રમધ્યમામ્ ।।**
**સુવાસસં કંપિતકર્ણભૂષણત્વિષોલ્લસત્કુન્તલમંડિતાનનામ્ ।।૫।।**
**વલ્ગુસ્મિતાપાઙ્ગવિસર્ગવીક્ષિતૈર્મનો હરન્તીં વનિતાં વ્રજોકસામ્ ।।**
**અમંસતામ્ભોજકરેણ રૂપિણીં ગોપ્યઃ શ્રિયં દ્રષ્ટુમિવાગતાં પતિમ્ ।।૬।।**

અંબોડામાં ગૂંથેલાં મોગરાનાં ફૂલોવાળી, મોટા નિતંબ અને સ્તનો તથા સાંકડી કેડવાળી, સારાં વસ્ત્રોવાળી, ઝુલતા કાનના આભૂષણની કાંતિથી પ્રકાશતા કેશોથી શોભતા મુખવાળી, મનોહર સ્મિતવાળા કટાક્ષો નાખી જોવાથી વ્રજવાસીઓના મનને હરતી, રૂપવાળી તે સ્ત્રીને ગોપીઓએ (તેના) કમળવાળા હાથથી (પોતાના) પતિનાં દર્શન કરવા આવેલી હોય તેવી લક્ષ્મી માની. ૫-૬.

તેનું રૂપ માયાએ જ બનાવેલું હતું, તેથી સુવર્ણનાં આભરણો અને વસ્ત્રો વિગેરેથી જ તે મોહ ઉત્પન્ન કરતી હતી એમ કહેલું છે. અંબોડામાં ગૂંથેલું હતું મોગરાનું ફૂલ જેનામાં (જેણે) (તેવી તે હતી). આથી (એમ) કહેલું છે કે દૂરથી જોવાથી અને ગંધથી તે મોહ ઉત્પન્ન કરતી હતી. મોગરાનાં પુષ્પો (અંબોડામાં) ગૂંથેલા હોય તો પડતાં નથી. 'મોગરો' એ તે સમયના ફૂલને માટે યોજેલું છે[૧]. તેનામાં જ સુંદરતા અને ગંધ[૧] રહેલાં છે. મોટા નિતંબો અને સ્તનો તથા નાની કેડથી (એવું) નિરૂપણ કરેલું છે કે તે સર્વ પ્રકારના બંધ(આસનથી) સંભોગ કરવા યોગ્ય હતી; તેનું ઉત્તમ વસ્ત્ર રસ ઉત્પન્ન કરે તેવું હતું. ઝુલતાં હતાં જે કાનનાં બે ભૂષણો એટલે કુંડલો, તેઓના તેજથી પ્રકાશતા હતા જે કેશો, તેનાથી (તેના) મુખની શોભા થએલી હતી, એમ (કહી) મોહ ઉત્પન્ન કરવા માટે તેના મુખનાં સૌંદર્યનું નિરૂપણ કર્યું. અથવા કાનનાં ભૂષણ એટલે કાનના ઉપલા ભાગમાં પહેરેલાં[૨] (આભૂષણ) (કુંડલ નહિ), (અને) તેનાથી બે કુંડલોની પણ શોભા થતી હતી. આથી ભૂષણો સર્વથી ઉત્તમ હતાં, એમ નિરૂપણ કરે છે. ૫.

હવે છઠ્ઠા શ્લોકમાં તેની ચેષ્ટા કહે છે. તેનું સ્મિત કુદરતી ન હતું તેથી તેને મનોહર (પ્રયાસ કરી કૃત્રિમ રીતે મનોહર બનાવેલું) કહેલું છે, તેવા સ્મિત સહિત તે કટાક્ષથી જોતી હતી. તે જોવું પણ અલસ (ક્રિયારહિત), વલસ (ભમતું, કરચલી

---

૧. મોગરાનું ફૂલ વસંતઋતુમાં જ થાય છે. પૂતના આવી ત્યારે વર્ષાઋતુ હતી. તે સમયે મોગરો હોય નહિ, તેથી 'મોગરો' શબ્દ વર્ષા ઋતુના ફૂલને જણાવવા યોજેલો છે એમ કહેલ છે. સૌંદર્ય અને સુગંધ મોગરા જેવી હોવાથી એ પ્રમાણે કહેલ. એ બે ગુણો બંનેમાં સરખા હતા. (લે)

૨. 'કુન્તલમણ્ડિતાનનામ્' ને બદલે 'કુણ્ડલમણ્ડિતાનનામ્' પાઠ હોય, ત્યાં આ રીતે અર્થ કરવો. (તેથી ઉપરનું કર્ણનું ભૂષણ બીજું અને તેના તેજથી કુંડલ પ્રકાશ્યાં અને તેનાથી મુખ શોભતું હતું એવો અર્થ થયો.) (લે)

વાળી આંખોવાળું) વિગેરે અનેક પ્રકારનું હતું, એમ બહુવચનના પ્રયોગથી કહેલું છે. કટાક્ષો વિશેષ રીતે નાખવામાં આવતા હતા જે જોવા(દષ્ટિ)માં, (તેવી રીતે તે દૃષ્ટિ નાખતી હતી અને) તેથી વ્રજવાસીઓના મનને હરતી હતી. વ્રજમાં (નેસડા માં) રહેનારાઓ વિવેક વગરના હોય છે. આથી જ (ગોપોનું મન તેણે હર્યું તેથી જ) ગોપોએ તેને (ગોકુલમાં જતાં) રોકી નહિ એમ કહેલું છે. સર્વ ગોપો એકરૂપ (એક મનવાળા) થયા હતા, એમ જણાવવા 'મનને' એમ એકવચન વાપરેલું છે. તેથી જ ગોપોએ તેને સારી રીતે જોઈ પણ નહિ, પરંતુ ગોપીઓએ જ તેને જોઈ. તેઓ (ગોપીઓ) પૂર્ણજ્ઞાનવાળી હોવા છતાં તેનું રૂપ ભગવાને બનાવેલું છે એમ માનીને, તે ઘાત કરનારી છે એમ ભગવાનના ચરિત્રને લીધે નહિ જાણતાં, તેઓએ એમ જાણ્યું કે ભગવાને પોતે ભોગ કરવા માટે લક્ષ્મીને જ બોલાવેલી છે. દાસીઓ લક્ષ્મીજીની અવગણના કરે તે સંભવતું નથી. 'ગોપીઓએ તેને દર્શન કરવા આવેલી લક્ષ્મી જ માની' શબ્દોથી આ કહેલું છે; (ગોપીઓએ તેને લક્ષ્મી જ માની), કારણ કે ભગવાને તેવું જ તેનું રૂપ બનાવ્યું. 'કમળવાળા હાથથી' તેવી તે દેખાઈ, એમ લક્ષ્મીજીનું અસાધારણ ચિહ્ન કહેલું છે. તે લીલાકમળવાળા હાથવાળી હતી (તેના હાથમાં લીલા કરવાનું કમળ હતું), આથી તે ખાલી હાથવાળી ન હતી એમ કહેલું છે. તે રૂપવાળી હતી એટલે તેના પોતામાં જે આવેશ હતો તેને લીધે ઉત્તમ રૂપવાળી[1] હતી. તેમાં પણ 'પતિનાં દર્શન કરવાની ઈચ્છાવાળી' હોવાથી કોઈએ અટકાવવા યોગ્ય ન હતી. તેથી ગોપીઓએ તેને માન જ આપ્યું, એટલે તેઓએ તેને અટકાવી નહિ. ૬.

ગોકુલમાં પણ તે બાલકોને શોધવામાં જ પ્રવૃત્ત રહી. પરંતુ સાક્ષાત્ ભગવાનની સમીપ પોતાની મેળે ગઈ નહિ, એમ નીચેના શ્લોકમાં કહે છે :

**બાલગ્રહસ્તત્ર વિચિન્વન્તી શિશૂન્ યદૃચ્છયા નન્દગૃહેઽસદન્તકમ્ ।।**
**બાલં પ્રતિચ્છન્નનિજોરુતેજસં દદર્શ તલ્પેઽગ્નિમિવાહિતં ભસિ ।।૭।।**

ત્યાં બાલકોને શોધતી બાલોને પકડનારીએ ભગવદિચ્છાથી નંદજીના

૧. પૂતનાને સ્વતંત્રતાથી (પોતાની મેળે) અહિં (ગોકુલ સાથે) સંબંધ થઈ શકયો નહિ તેથી ગોપીઓ દ્વારા સંબંધ કરવાની ઈચ્છાથી તેણે ત્યાં* પ્રવેશ કર્યો, એવા આશયથી આ કહેલું છે. (ટિ) (*ત્યાં એટલે ગોપીઓમાં, ગોપીઓ હતી ત્યાં. પોતામાં એટલે ગોપીઓમાં જે આવેશ હતો તેનાથી ઉત્તમ રૂપ જેનું હતું તેવી પૂતના થઈ ત્યાં આવી, અથવા પોતામાં એટલે પૂતનામાં જે આવેશ એટલે ભગવાનની પત્ની હોવાનું લક્ષ્મીજીનું અભિમાન હતું તેનાથી જૂદું એટલે ગોપીઓની દાસીનું રૂપ જેનામાં હતું તેવી થઈ પૂતના ત્યાં આવી, એવું ટિપ્પણીનું ગૂઢ રહસ્ય જાણવું. (પ્ર).)

પોતામાં એટલે પૂતનામાં જે આવેશ થએલ તેનાથી ઉત્તમ રૂપવાળી તે થઈ અને તેથી ગોપીઓએ તેને અટકાવી નહિ, એટલે ગોપીઓ દ્વારા જઈ શકી, એવો અર્થ જણાય છે.

ઘરમાં જેણે પોતાનું ઘણું તેજ ઢાંકેલું છે તેવા, દુષ્ટોનો સંહાર કરનાર, રાખમાં ભારેલા અગ્નિ જેવા બાલકને પથારીમાં જોયા. ૭.

બાલકોને પકડે તે બાલગ્રહઃ[૧] (બાલકોને પકડનારી). ભગવાન્ તો બાલક ન હતા એટલે ભગવાનને પકડવાનો તેને આગ્રહ ન હતો. ત્યાં (એટલે) ગોકુલમાં બાલકોને શોધતી (તે) ફરી. (બાલકોને) શોધવામાં જ પ્રવૃત્ત રહી, પરંતુ કોઈ બાલકને (ત્યાં) તેણે માર્યું નહિ, કારણ કે ભગવાન્ (તેઓનું) રક્ષણ કરતા હતા. 'ભગવદિચ્છાથી નંદજીના ઘરમાં બાલકને જોયા' શબ્દોથી એમ કહેલું છે કે તે સમયે ભગવાન્ પોતાની સમીપ તેને લાવ્યા[૨]. ભગવાનની ઈચ્છા વિના સર્વે ઉપાયોથી ત્યાં જવાનું (તેનાથી) બની શકે તેમ ન હતું.

'આ (પૂતના) (બીજાનું રૂપ ધારણ કરેલું હોવાથી) બનાવટી દુષ્ટ (હતી), તેને ભગવાનના દર્શન કેમ થયાં ?' એવી શંકા થાય, તેથી 'દુષ્ટોનો સંહાર કરનારા' શબ્દ યોજેલ છે, (ભગવાન્) દુષ્ટોના અંતક એટલે સંહાર કરનાર છે અને તેઓને જોઈને જ તેમનો સંહાર કરે છે. તેથી જેઓને મારવાના છે તેઓને પણ (ભગવાનનું) દર્શન થાય તેમાં બાધ નથી. દુષ્ટોને[૩] નંદજીને ઘેર જતાં પણ ભગવાને અટકાવવાના છે. તે (પૂતના)નું ચિત્ત બાલકો (શોધવા)માં રોકાએલું હોવાથી તેને તે (ભગવાન્ દુષ્ટોનો સંહાર કરનાર છે તે) વિચાર ન આવ્યો, એમ સૂચવવા 'બાલકને' પદ યોજેલું છે.

'છતાં પણ (ભગવાનની) અલૌકિક કાંતિથી તેને (એ) વિચાર કેમ ન આવ્યો ?' એવી શંકા થાય, તેથી કહે છે કે (ભગવાન્) 'જેમણે પોતાનું ઘણું તેજ ઢાંકેલું છે તેવા' હતા. પોતે જ ઢાંકેલું છે, અથવા વિરુદ્ધતા માટે ઢાંકેલું છે પોતાનું ઘણું તેજ જેમણે તેવા ભગવાન્ હતા. (તેમ ન કર્યું હોત તો) વૈષ્ણવનું તેજ પ્રકટ થતાં તે અસુરોનો સંહાર કરનારું હોવાથી (તેનાથી) દાઝતી તે પાછી જાત. (ભગવાન્ પોતાની કાંતિ સર્વથા (સંપૂર્ણ રીતે) ઢાંકી દે તો યશોદા વિગેરે ભય પામે, તેથી (પોતાનું) ઘણું (તેજ તેમણે ઢાંકી દીધેલું) એમ કહેલ છે. જેટલું તેજ રાખવાથી તે (પૂતના) (સમીપ) આવવાનું સંભવે ત્યાં સુધી (તેટલું રાખી વધારાનું) ભગવાને તિરોહિત કર્યું.

'ભગવાનની ક્રિયાશક્તિ અને જ્ઞાનશક્તિ સદા અતિરોહિત (પ્રકટ) રહે

---

૧. 'ગ્રહ્' ધાતુમાંથી આ શબ્દ થએલ છે આ 'બાલગ્રહ' શબ્દને અંતે 'અ' સ્વર આવતો હોવાથી તે વ્યાકરણના નિયમ પ્રમાણે નરજાતિનો શબ્દ છે. (લે)

૨. મૂલમાં 'યદચ્છયા' શબ્દ હોવાથી અહિં પૂતનાને પોતાની સમીપ લાવવાનું કાર્ય ભગવાને કરેલું છે એમ કહેલું છે. (લે)

૩. દુષ્ટોને એટલે બીજાના આવેશવાળાઓને. (પ્ર)

છે. આ પ્રસંગમાં પણ તે (શક્તિઓ)ની જરુર છે. એટલે તેઓએ (તે બે શક્તિઓએ) તેને ત્યાંથી[૪] કેમ પાછી ન કાઢી ?' એવી શંકા થાય, તેથી 'પથારીમાં' શબ્દ યોજેલ છે. પથારીમાં સૂતેલ બાલક ક્રિયા વિનાનો હોય છે. અવસ્થાને (બાલપણને) લીધે ક્રિયાશક્તિનો તિરોભાવ હતો. ત્યાંથી (પથારીમાંથી) ઉઠતાં હાલવાની સાથે ક્રિયાનો આવિર્ભાવ થશે. 'જ્ઞાનશક્તિનો પ્રકાશ[૫] સહજ હોય છે, કારણ કે બ્રહ્મ જાણનારાઓને પણ જ્ઞાન થતાં તે પ્રાપ્ત થાય છે. તે બાધક કેમ ન થયો ? (તેણે તેને કેમ પાછી ન કાઢી ?)' એવી શંકા થાય, તેથી 'રાખમાં ભારેલા અગ્નિના જેવા' શબ્દો યોજેલા છે. જેમ જરુર પડે અગ્નિનો પ્રાદુર્ભાવ કરી શકાય તે માટે અગ્નિહોત્રી તેને રાખથી તિરોહિત કરી રાખે છે (રાખમાં ઢાંકી રાખે છે) (તેવા રાખમાં ભારેલા (ઢંકાએલા) અગ્નિ જેવા બાલકને જોયા). તે (ભારેલું તેજ) બીજાનો નાશ કરે, પણ પોતાથી ઉત્પન્ન થએલનો[૬] નાશ ન કરે, તેથી જ્ઞાનશક્તિથી જે ઈચ્છા ઉત્પન્ન થઈ તેનાથી તે (તેજ) તિરોહિત થએલું. તે જ્યાં સુધી (પૂતનાની) પ્રવૃત્તિ ન થાય ત્યાં સુધી તેને પીડા કરનારું ન થાય. ૭.

'જ્ઞાનશક્તિ પોતે[૧] તેને (સમીપ આવવામાં) અટકાયત કરે' એવી શંકા થાય[૨], તેથી તેનું (જ્ઞાનશક્તિનું) પણ તિરોધાન (ભગવાને કર્યું) એમ નીચેના શ્લોકમાં[૩] કહે છેઃ

**વિબુધ્ય તાં બાલકમારિકાગ્રહં ચરાચરાત્મા સ નિમિલિતેક્ષણઃ ।।**
**અનન્તમારોપયદઙ્કમન્તકં યથોરગં સુપ્તમબુદ્ધિરજ્જુધીઃ ।।૮।।**

પૂતનાને બાલકોનો સંહાર કરનાર ગ્રહ જાણીને, તે સ્થાવર અને જંગમના આત્માએ(ભગવાને) ચક્ષુઓ મીંચ્યાં. જેમ સૂતેલા સર્પને અજ્ઞાનથી

---

૪. ત્યાંથી એટલે ભગવાનની નજીકમાંથી. (લે)
૫. પ્રકાશ એટલે અલૌકિક તેજ. (લે)
૬. અગ્નિ બીજાનો નાશ કરે, પણ પોતાથી ઉત્પન્ન થએલ રાખનો નાશ કરતો નથી, તેમ જ્ઞાનશક્તિ તેજથી ઈચ્છા ઉત્પન્ન થઈ. તે ઈચ્છાથી તેજ (જ્ઞાનશક્તિ) તિરોહિત થઈ. તેથી, ઈચ્છા હોય ત્યાં સુધી એટલે પૂતના જ્યાં સુધી ભગવાન્ પ્રતિ વિરુદ્ધ આચરણ કરે નહિ ત્યાં સુધી તેજ પૂતનાને પીડા ન કરે, (ઢંકાઈ રહેલું રહે.)
૧. પહેલાં (ગયા શ્લોકમાં) ધર્મરૂપ જ્ઞાનની શક્તિ અલૌકિક તેજ કહેલું, તેથી જ ત્યાં બ્રહ્મ જાણનારાઓનું દષ્ટાંત આપેલું. અહિં હવે જ્ઞાનનું સ્વરૂપ કહે છે એવો ભેદ છે. તેથી પોતે એટલે પોતાના સ્વરૂપથી એવો અર્થ થાય છે (લે)
૨. 'જ્ઞાનશક્તિનો પ્રકાશ ભલે પૂતનાને ભગવાન્ પાસે આવવામાં અટકાયત કરનાર ન થાય, છતાં એ પ્રકાશની આધારભૂત જ્ઞાનશક્તિ પોતે અગ્નિ પેઠે હાજર હતી, તેણે પોતે પોતાના સ્વરૂપથી તેને કેમ અટકાયત કરી નહિ ?' એવી શંકા થાય. (પ્ર)
૩. શ્લોકના પૂર્વ અર્ધથી. (પ્ર)

દોરડું માનનાર ઉપાડે તેમ તે પૂતનાએ અનંત અંતકને ખોળામાં લીધા. ૮.

(જ્ઞાનશક્તિએ તેને બાલકોનો સંહાર કરનાર ગ્રહ જાણી), એ જ્ઞાનશક્તિ નું સ્વરૂપ અહિં કહેલું છે,[૪] પણ (ભગવાનને) જ્ઞાન (થયું એ તેમની) મોટાઈ દર્શાવવા કહેલ નથી.[૫] સામે આવેલ (પદાર્થ) સાથે ઈન્દ્રિયને સંબંધ થતાં, સંકેત કરેલા(પદાર્થ)નું સ્મરણ થાય તે પ્રમાણે તેને (પૂતનાને) જોવાથી તેના ગુણો (ભગવાનને) પ્રત્યક્ષ થયા,[૬] એમ (જણાવવા) માટે 'તેને બાલકોનો સંહાર કરનાર ગ્રહ જાણીને' શબ્દો યોજેલા છે. 'તેને' શબ્દથી (પૂતનાની) પ્રસિદ્ધિ, (તેને કંસે કરેલી) પ્રેરણા વિગેરે કહેલાં છે. બાલકોને મારનારી એટલે બાલકોનો સંહાર કરનારી, તેવી અને ગ્રહરૂપ, એમ તેનો મુખ્ય દોષ ક્હેલો છે. ગ્રહણ કરે (પકડે) તે ગ્રહો. જો તેઓ સંહાર કરવા શક્તિવાળા ન હોય તો તરત જ પકડીને (શક્તિ હોય) ત્યાં સુધી (રોકી) રહે છે. (સામો) વિરોધ (કરવામાં આવે) તો પણ (તેમ કરે છે). 'ત્યારે (ભગવાને) ઉભા થઈ તેને કેમ ન મારી ?' એવી શંકા થાય, તેથી 'સ્થાવર અને જંગમના આત્મા' પદ યોજેલું છે. આ (ભગવાન્) સ્થાવર અને જંગમોના આત્મા છે. જો તે મર્યાદાનો ત્યાગ કરે તો જીવો અને જડ(પદાર્થો)નો નાશ જ થાય. 'ભલે નાશ થાય' એમ કોઈ વિચારે, તેથી 'તે' શબ્દ યોજેલો છે. તે (ભગવાન્) મૂલભૂત (જગતનું મૂલ) જગતના કર્તા છે. ભગવાનનું જ્ઞાન અતિરોહિત (સદા પ્રકટ) જ હોય છે. તેથી તેનું તિરોધાન કરવા તેમણે પ્રયત્ન કર્યો, એમ 'ચક્ષુઓ મીંચ્યાં' શબ્દોથી કહેલું છે.

આ પ્રમાણે સર્વ અંશો(ભાગો)થી (સર્વ રીતે) (ભગવાન્ પાસે જવાની અડચણ દૂર થતાં, તેણે (સમીપ) આવી ભગવાનને ઉપાડયા,[૭] એમ ઉત્તરાર્ધમાં કહે છે.(તે) ગ્રહણ (કરી શકી) તેમાં શંકા ન થાય તે માટે 'અનંત' પદ યોજેલું છે. આથી બીજું પણ સૂચવેલું છે કે કલેશ વિના કર્મ કરનાર ભગવાન્ પોતાની મેળે

---

૪. 'વિબુધ્ય' 'જાણીને' પદથી કહેલું છે. (પ્ર)

૫. 'સ્થાવર જંગમના આત્મા' પદથી ભગવાનની મોટાઈ દર્શાવેલી છે, તેથી (આ જ્ઞાન મોટાઈ દર્શાવવા જણાવેલું નથી). (પ્ર)

પૂતના સર્વ પ્રકારે દુષ્ટ છે એવું જે ભગવાનને જ્ઞાન થયું તેથી ભગવાનની પ્રતિષ્ઠા થઈ નથી (ભગવાનની પ્રતિષ્ઠા દર્શાવવા તે કહેલ નથી), કારણ કે ભગવાનને સર્વ પદાર્થોનું પ્રત્યક્ષ જ્ઞાન છે જ. ત્યારે શુકદેવે આ જ્ઞાન ભગવાનને થયું એવું કેમ કહ્યું ? એ જાણવાની ઈચ્છા થાય, તેથી કહે છે કે ભગવાનની જ્ઞાનશક્તિનું સ્વરૂપ અહિં કહેલું છે. (યો)

૬. અહિં 'ભગવાનના મનમાં' શબ્દો અધ્યાહાર છે. (લે)

૭. આ ઉત્તરાર્ધનો આભાસ છે. શ્લોકના આરંભમાં જે આભાસ કહેલો છે, તે આ શ્લોકના પૂર્વાર્ધનો હતો. (લે)

કોઈને મારતા નથી, પણ તેણે જ પોતે કાલ(અનંત)નું ગ્રહણ કર્યું. (ભગવાનની) સમીપ બેસી તેમને (પોતાના) ખોળામાં લીધા. 'કાલ (અનંત) તો સંહાર કરનારાઓનું હિત કરનારો છે' એવી શંકા મટાડવા માટે 'અંતક' પદ યોજેલું છે. તે (અંતક) સર્વનો સંહાર કરનાર છે.

'(ભગવાનને) ખોળામાં લેતાં (તેમની) ક્રિયાશક્તિ જાગ્રત થઈ અને તેણે (તેને તેમ કરતાં) કેમ ન અટકાવી ? એવી શંકા થાય, તેથી 'સૂતેલા સર્પને' શબ્દો યોજેલા છે. સર્પો ઘણા જ તામસ હોવાથી તેમને ઘણી જ નિદ્રા હોય છે. તેથી તેમને મારવામાં આવે ત્યાં સુધી તેમનામાં ક્રિયા થતી નથી (તે હાલતાચાલતા નથી). તેવી રીતે ભગવાનની પણ ક્રિયા સર્વથા (જરા પણ) આવિર્ભૂત થઈ નહિ.

'(પૂતનાએ કરેલા ભગવાનના) સ્પર્શથી (ભગવાનની) જ્ઞાનશક્તિ એટલે તેજ કેમ ન પ્રકટ થયું ?' એવી શંકા થાય, તેથી 'અબુદ્ધિથી રજ્જુ માનનાર' શબ્દ યોજેલ છે. અબુદ્ધિથી એટલે અજ્ઞાનથી સર્પમાં રજ્જુ (દોરડું છે તેવી) બુદ્ધિ છે જેની (તેવી પૂતના હતી). દોરડું બંધન કરનાર છે; સર્પ સંહાર કરનાર છે. (ભગવાનને) પ્રથમ જોતાં (પૂતનાની એવી) બુદ્ધિ હતી કે સ્નેહથી સ્તન આપતાં (ધવરાવતાં) મારા ઉપર પ્રેમ કરશે (પ્રસન્ન થશે); પરંતુ (તે) સંહાર કરનાર છે, એમ તે જાણતી ન હતી. જેમ દોરડું માનીને પકડેલો સર્પ પોતાનો સ્પર્શ થવા છતાં (હું સર્પ છું એવું) જ્ઞાન ઉત્પન્ન કરતો નથી તેથી (તેમ) (ભગવાનના) સ્પર્શથી પણ ભગવાનનું (આ ભગવાન્ છે તેવું) જ્ઞાન અથવા તેજ (પૂતનાને) જણાયું નહિ, એવો અર્થ છે. ૮.

'યશોદા અને રોહિણીએ તેને (ભગવાન્ પાસે જતાં) કેમ અટકાવી નહિ ?' એવી શંકા થાય, તેનું નીચેના શ્લોકમાં સમાધાન કરે છેઃ

**તાં તીક્ષ્ણચિત્તામતિ વામચેષ્ટિતાં વીક્ષ્યાંતરા કોશપરિચ્છદાસિવત્ ।।**
**વરસ્ત્રિયં તત્પ્રભયા જ ધર્ષિતે નિરીક્ષમાણે જનની હ્યતિષ્ઠતામ્ ।।૯।।**

મ્યાન જ જેનું ઢાંકણ છે તેવી તલવાર પેઠે તે તીક્ષ્ણ ચિત્તવાળી અને ઘણી જ વાંકી (વિરુદ્ધ) ચેષ્ટાવાળી ઉત્તમ સ્ત્રીને (ઘરની) અંદર જોઈને તેની પ્રભાથી અંજાઈ ગએલી માતાઓ (તેને) જોતી (જોતી) ઉભી રહી. ૯.

તેને જોઈને, તેની પ્રભાથી અંજાઈ ગએલી માતા એટલે માતાઓ ઉભી રહી એટલે તેને અટકાવવા અથવા ધમકાવવા અશક્ત બની. યશોદા અને રોહિણીને મોહ નહિ હોવાથી,[1] ભગવાનની સમીપ માયાનો લય થવાથી તેના (પૂતનાના) હતા તે સર્વ ધર્મો પ્રકાશ્યા, એમ 'તે' વિગેરે પદોથી કહે છે. 'તે'

૧. ગોપોને કામથી મોહ થાય; અને સ્વામિનીઓ (ગોપીઓ)એ પોતાના સ્વભાવને લીધે તેને લક્ષ્મી માની. માતાઓમાં એ બે પૈકી કોઈ કારણ નહિ હોવાથી તેમને મોહ થયો નહિ. (પ્ર)

શબ્દથી, તેના (પૂતનાના) પહેલાં હતા તે સર્વ ધર્મો જણાવેલા છે. પહેલાં (ગોકુલમાં) પ્રવેશ કરવા માટે તે વ્યગ્ર ચિત્તવાળી હતી અને માયાએ તેનામાં પ્રવેશ કરેલો હતો. હમણાં તે બંને (ગુણો) નહિ હોવાથી (તેણે) ચિત્તની ક્રૂરતા પ્રકટ કરી (અને) તે તેઓએ (યશોદા અને રોહિણીએ) જાણી એમ કહે છે. 'તીક્ષ્ણ ચિત્તવાળી' વિશેષણથી તેની અંદર રહેલો દોષ કહેલો છે. 'ઘણી જ વાંકી ચેષ્ટાવાળી' વિશેષણથી (તેના) બહારના દોષોનું નિરૂપણ કરેલું છે. ઘણી જ વામ એટલે વાંકી કઠણસ્પર્શ વિગેરેરૂપ ચેષ્ટા છે જેની (તે ઘણી જ વાંકી ચેષ્ટાવાળી). એવી રીતે તેના અંદરના અને બહારના દોષો જોયા હોવા છતાં, પોતે (તેને) અટકાવવા અશક્ત હોવા છતાં, તેઓએ (માતાઓએ) રક્ષણ કરનારને (આ વૃત્તાંત) જણાવ્યો નહિ તેનું કારણ 'અંદર મ્યાન જ જેનું ઢાંકણ છે તેવી તલવાર પેઠે' શબ્દથી કહેલું છે. અંદર એટલે ઘરની મધ્યમાં અથવા (ઘરની) અંદર[2]. મોટા પુરુષો ત્યાં (ઘરની અંદર સ્ત્રીઓ હોય ત્યાં) આવે તે યોગ્ય નથી. મધ્યમ સ્થિતિવાળાઓ કાંઈ કરી શકે તેવા નથી, એમ (તેઓએ) જાણેલું. વળી મ્યાન જ પરિચ્છદ એટલે ઢાંકવાનું સાધન છે જેનું તેવી, અથવા 'આ' એટલે ચારે તરફ મ્યાન જ (ઢાંકણ છે જેનું તેવી), અથવા ઘણાં ધનવાળું (કોશ એટલે ખજાનો) પરિચ્છદ એટલે ઢાંકવાનું સાધન છે જેનું તેવી તલવાર, (જેવી પૂતના હતી). આથી (એમ જણાવ્યું છે કે) તેનું અંદરનું દૂષણ ગમે તે કહે તો પણ બહિર્મુખ લોકો (તે) માનશે જ નહિ, (અને) તેથી તેઓએ (માતાઓએ) એ પ્રમાણે જાણ્યું (તો પણ) કોઈને જણાવ્યું (કહ્યું) નહિ. આ બાબતમાં તેનું તેવું વિશેષણ 'ઉત્તમ સ્ત્રી' શબ્દથી કહેલું છે. (તે) પસંદ કરવા જેવી સ્ત્રી એટલે પરમસુંદરી હતી. તેથી પુરુષમાત્રથી તે પસંદ કરવા જેવી હોવાથી, કોઈ પણ (પુરુષ) તેને મારશે નહિ, (એમ માની જણાવ્યું નહિ) એવો ભાવ છે. સ્ત્રીઓમાં તો (તેને મારવાનું) સામર્થ્ય જ ન હતું.

'એમ હોય તો પણ ભગવાન્ ઉપરના સ્નેહને લીધે માતાઓએ પ્રયત્ન કરવો યોગ્ય હતો, પરંતુ ઉદાસીન રહેવું યોગ્ય ન હતું' એવી શંકા થાય તેથી 'તેની પ્રભાથી અંજાઈ ગએલી' શબ્દો યોજેલા છે. તેની પ્રભા ભગવાને બનાવેલી[3] હતી. રાક્ષસભાવ મનુષ્યભાવને દબાવી દેનારો છે તેથી તેની પ્રભાથી બંને પણ [4]અંજાઈ

૨. 'અંદર' શબ્દનો અન્વય 'જોઈને' સાથે લેવાનો છે. (પ્ર) ઘરની અંદર પૂતનાને જોઈ તેથી મોટાઓને ત્યાં બોલાવાય નહિ અને બીજાથી કાંઈ થાય તેમ ન હતું, તેથી તેઓએ કોઈને કાંઈ ખબર આપ્યા નહિ.

૩. ભગવાને બનાવેલી એટલે પૂતનાના ઉપાસ્ય માયારૂપ ભગવાને બનાવેલી. (લે)

૪. અંજાઈ ગઈ એટલે શું કરવું યોગ્ય છે, તે વિચારી ન શકે તેવી મૂઢ થઈ ગઈ. (પ્ર)

ગઈ. મૂલમાં 'ચ' શબ્દ છે તેથી (એમ જણાવ્યું છે કે) ભગવાનની ઈચ્છાથી પણ (તેઓ તેની પ્રભાથી અંજાઈ ગઈ), તેથી જ જોતી (જોતી) જ ઉભી રહી. 'અજનની'નો 'નહિ જણનારી' એવો પણ (પદચ્છેદ કરવો); કારણ કે જણવામાં (જણવાથી) સહજ પ્રેમ થાય[5] છે, અથવા જનન્યૌ (બે માતાઓ) એવો પણ (શબ્દ લેવો). ૯.

એવી રીતે (કોઈએ તેને) અટકાયત નહિ કરવાથી, તેણે જે કર્યું તે નીચેના શ્લોકમાં (પૂર્વાર્ધથી) કહે છેઃ

**તસ્મૈ સ્તનં દુર્જરવીર્યમુલ્બણં ઘોરાંકમાદાય શિશોર્દદાવથ ।।**
**ગાઢં કરાભ્યાં ભગવાન્ પ્રપીડ્ય તત્પ્રાણૈઃ સમં રોષસમન્વિતોપિબત્ ।।૧૦।।**

(તે) ઘોર (પૂતનાએ) બાલકનું શરીર પકડીને તેમને પચી ન શકે તેવા વીર્યવાળું ક્રૂર સ્તન આપ્યું. પછી ભગવાને બે હાથો વડે સારી રીતે દબાવીને તેને પૂતનાના પ્રાણો સાથે રોષવાળા થઈ પીવા માંડ્યું. ૧૦.

'તેમને' એટલે જેમણે પોતાના સર્વ ધર્મો અપ્રકટ રાખ્યા છે[1] તેવા ભગવાનને તેણે સ્તન આપ્યું. તેમ ન હોત (ભગવાને ધર્મ અપ્રકટ રાખ્યા ન હોત) તો તે (સ્તન) આપી જ શકત નહિ. (તેણે) એક સ્તન (આપ્યું).

'તેણે (ભગવાનને) સ્તન આપ્યું, તેમાં તેનો શું પુરુષાર્થ?' એવી શંકા થાય, તેથી 'પચી ન શકે તેવા વીર્યવાળું' શબ્દો યોજેલા છે. પચી ન શકે તેવું વીર્ય છે જે ધાવણનું (તેવું ધાવણ આપ્યું). સ્તનમાં ધાવણ રહેલું હોય છે અને તે ધાવણનું દાન દેખાતું નથી, તેથી (તેને માટે) 'સ્તન' શબ્દ યોજેલો છે. તે સ્તન (પચી શકે નહિ તેવું હોવાથી) પરિણામે નુકશાન કરનારું હતું, એટલું જ નહિ પણ 'ક્રૂર' એટલે પકડતી વખતે પણ અનિષ્ટ કરનારું હતું.

'ભગવાન્ પ્રતિ તેણે એવું આચરણ કેમ કર્યું?' એવી શંકા થાય, તેથી (તે) 'ઘોર' (હતી) એમ કહેલું છે. કદાચ (ભગવાન્) સ્તનનું પાન ન કરે તેથી લાલન (કરવા) માટે બાલકના શરીરને પકડીને એટલે તે બાલકના અંકસ્થાનનો સ્પર્શ કરીને એટલે તેને ઉપાડીને (સ્તન આપ્યું). તેથી ભગવાનની પીઠનો ભાગ (તેના) સાથળોથી પકડાયો, તેના (પૂતનાના) જમણા હાથથી (પોતાના) સ્તનને તે દબાવતી હતી અને ડાબા હાથથી ભગવાનના અંકસ્થાનને (શરીરને) ઊંચું કરી

---

૫. સહજ પ્રેમ થાય છે એટલે લૌકિક પુત્ર ભાવ થાય છે એવો અર્થ છે. અહિં તો ભગવાને અલૌકિક ભાવ જ કરેલો, અને તે અલૌકિક ભાવ ભગવાનની ઈચ્છા પ્રમાણે જ થાય છે. તેથી ભગવાનની ઈચ્છાથી તેઓ અંજાઈ જવાથી એમ જોતી જોતી ઉભી જ રહી. (લે)

૧. પોતાના ક્રિયારૂપ તથા જ્ઞાનરૂપ ધર્મો જેમણે યજ્ઞના સંભાર પેઠે ગુપ્ત રાખેલા છે તેવા (પ્ર) પોતાના સર્વ ધર્મો (કોઈ પણ ધર્મ) જેમણે બહાર પ્રકટ કર્યા નથી તેવા. (લે)

(તેમને) સ્તન આપતી હતી એવો અર્થ છે.

પછી એટલે તેની (પૂતનાની) ક્રિયા પૂરી થયા પછી, ભગવાને ધાવણનું પાન કરવા માંડ્યું, એમ જૂદા ઉપક્રમ(આરંભ)થી આ શ્લોકના ઉત્તરાર્ધમાં કહે છે; જેમ તેણે આગ્રહથી 'સ્તન પાઈશ' એવો પ્રયત્ન કર્યો, તેમ તેનો નિગ્રહ (તેને સજા) કરવાની જરુર હોવાથી, ધાવણ પણ આપ્યા વિના ભાગી જશે તેથી (ભાગી ન જાય તેવા હેતુથી) ભગવાને બે હાથો વડે સ્તનને સારી રીતે દબાવીને પીવા માંડ્યું, એવો (વાક્યનો) સંબંધ છે. એવી રીતે નિર્ભયપણાથી (ભગવાને) સ્તનપાન કરવાની પ્રવૃત્તિ કરી, તેનું કારણ 'ભગવાન્' શબ્દથી કહેલું છે. (તે) ઈશ્વર હોવાથી 'પુરુષ, સ્ત્રી અથવા ષંઢ....' વાક્ય પ્રમાણે સ્ત્રીની હત્યાનો દોષ રહેતો નથી. (ભગવાન્) વીર્યવાળા હોવાથી (પૂતનાના ધાવણને) પચાવવા વિગેરેનું સામર્થ્ય (તેમનામાં હતું એમ) દર્શાવેલું છે. (ભગવાન્) યશવાળા હોવાથી (તે) (આવું) અલૌકિક ચરિત્ર કરે છે. શ્રીવાળા હોવાથી બીજા પ્રકારથી (પૂતનાએ જે પ્રકાર કર્યો તેથી જૂદા પ્રકારથી) મારતા નથી, કારણ કે (જૂદો પ્રકાર કરવાથી) તેવી શોભાનો નાશ થાય. જ્ઞાની હોવાથી તેના (પૂતનાના) દોષનું જ્ઞાન હોવાથી તેના સંહારની જરુર (જાણે છે). વૈરાગ્યવાળા હોવાથી દૈત્યપક્ષનો વધ (કાંઈ) બાધા કરતો નથી[2]. એવી રીતે (ભગવાનના) ગુણોથી તેનો (પૂતનાનો) સંહાર કરવાનાં છ કારણો થયાં અને ધર્મી(સ્વરૂપ)થી (તેને) મોક્ષનું દાન (કરે છે). તેમ ન હોત (મોક્ષનું દાન કરવું ન હોત) તો (ધાવણનું) પાન કરત નહિ. તેથી જ (મોક્ષદાન કરવા માટે જ) તેનું સર્વ પ્રાયશ્ચિત થઈ જાય તે માટે પ્રાણો સાથે (ધાવણનું) પાન કર્યું; કારણ કે તેણે (પૂતનાએ) (પોતાના) પ્રાણની રક્ષા માટે સર્વ (બાલકોનો સંહાર) કરેલ . ભગવાન્ (તેના) પ્રાણનું ભક્ષણ કરે તેથી (તેનું) સર્વ ભગવાનને અર્પણ કરેલું થાય. (જેમના પ્રાણોનું પૂતનાએ પાન કરેલ તે) બાલકોના પ્રાણો પણ અહિં (પૂતનાના પ્રાણોમાં) હતા, તેથી તેઓની પણ મુક્તિ (થઈ એમ) સૂચવેલું છે. 'પ્રાણો' શબ્દનો બહુવચનમાં પ્રયોગ કરેલો હોવાથી (તેમાં) ઈન્દ્રિયોનો પણ સમાવેશ થાય છે. તેથી તેની (પૂતનાની) બધીય સામગ્રીનું[3] પાન કર્યું એમ થયું.

'ભગવાન્ પાપરહિત છે, તેમણે નિંદિત પદાર્થ(પૂતનાના પ્રાણો ઈન્દ્રિયો વિગેરે)નું કેમ ગ્રહણ કર્યું ?' એવી શંકા થાય, તેથી 'રોષવાળા થઈ' શબ્દ યોજેલો છે. જેવી રીતે (જેથી) તેના દુષ્ટ અંશનો ભગવાન્ સાથે સંબંધ ન થાય, અથવા

૨. બાધા કરતો નથી એટલે ભગવાનની પૂતનાના સ્તનપાન કરવાની પ્રવૃત્તિમાં આડો આવતો નથી એવો અર્થ છે. (લે)

૩. બધીય સામગ્રી એટલે બધીય આધિદૈવિક સામગ્રી. (લે)

જેવી રીતે (જેથી) તે બધોય અંશ બળી જાય, તેવી રીતે (તેવા) સારી રીતે રોષના સંબંધવાળા થઈ (ભગવાને તેમ કર્યું). ભગવાન્ સર્વના સંબંધવાળા છે, તેથી તે ક્રોધના સંબંધવાળા થાય તો પણ કાંઈ દોષ નથી. પહેલા રોષનો સંબંધ ન હતો, એમ કહેવા માટે 'પ્રાણો સાથે રોષવાળા થઈ' એમ કહેલું છે. (ભગવાન્) સર્વાત્મક હોવાથી (તેમના) અસંગપણાની હાનિ થતી નથી.[૪] તેનો સંહાર કરવા માટે તો (ભગવાનને) રોષની જરુર નથી, કારણ કે તેમનામાં વીર્ય છે એમ કહેલું છે. સ્તન દ્વારા પણ પ્રાણોનું પાન (કરવામાં આવે) તેમાં કાંઈ વિરોધ (અયોગ્યતા) નથી. તેની (પૂતનાની) સાધનરૂપ અને ફલરૂપ ક્રિયાનો (ભગવાને) નાશ કર્યો, એમ જણાવવા 'બે હાથોથી' શબ્દો યોજેલા છે. ૧૦.

પછી ભગવાને ધાવણનું પાન કરવા માડ્યું ત્યારે તેનામાં (પૂતનામાં) રહેલા માયારૂપ ભગવાને પણ ભગવાનમાં જ પ્રવેશ કર્યો, (અને) તેમની સાથે આધિદૈવિક પૂતનાએ[૧] પણ ભગવાનમાં પ્રવેશ કર્યો. આધ્યાત્મિક પૂતનાએ[૨] જે કર્યું તે નીચેના શ્લોકમાં કહે છે:

**સા મુઞ્ચ મુઞ્ચાલમિતિ પ્રભાષિણી નિષ્પીડ્યમાનાખિલજીવમર્મણિ ।।**
**વિવૃત્ય નેત્રે ચરણૌ ભુજૌ મુહુઃ પ્રસ્વિન્નગાત્રા ક્ષિપતી રુરોદ હ ।।૧૧।।**

'મૂકી દે, મૂકી દે, બસ કર' એમ બોલતી, સર્વ જીવના મર્મમાં બહુ પીડા પામતી તેણે આંખો ફાડી, હાથ પગ પછાડતાં ગાત્રોમાં પરસેવો થતાં રુદન કર્યું. ૧૧.

---

૪. 'આ પુરુષ સંગરહિત છે' એવી શ્રુતિ હોવાથી 'ભગવાનને ક્રોધનો સંબંધ કેવી રીતે થાય ?' એવી શંકા થાય તે માટે આ કહેલું છે. 'પુરુષ જ આ સર્વ છે' એ શ્રુતિ સર્વ (કોઈ પદાર્થ) ભગવાનથી ભિન્ન નથી એમ કહે છે. તેથી પોતાના સ્વરૂપ સાથે જ પોતાને સંબંધ થવાથી સંગરહિતપણાની હાનિ થતી નથી. (યો)

૧. આધિદૈવિક પૂતનાએ એટલે લીલામાં ઉપયોગી દેહ ઇન્દ્રિય વિગેરેવાળી પૂતનાએ. ભગવાનમાં પ્રવેશ કર્યો એટલે તેનો મોક્ષ થયો. જ્યારે ફરી શ્રીકૃષ્ણનો અવતાર થશે ત્યારે એ પૂતનાનો પણ ફરીથી તે જ પ્રમાણે બ્રહ્મસૂત્ર ૪।૪।૧ માં જણાવ્યું છે તેવી રીતે આવિર્ભાવ થશે. (લે)

'માયા એ અસુરો છે' શ્રુતિ પ્રમાણે અસુરો જેમની ઉપાસના કરે છે તે માયારૂપ ભગવાને બનાવેલી, પોતે લક્ષ્મી છે એવો ભ્રમ ઉત્પન્ન કરનારી પૂતના એ આધિદૈવિક પૂતના. તેને ભગવાને ઉત્પન્ન કરેલી હોવાથી તે ભગવાનમાં તિરોહિત થઈ. (યો)

૨. આધ્યાત્મિક પૂતના એટલે લૌકિક ઈન્દ્રિય પ્રાણ અંતઃકરણવાળી પૂતના. લૌકિક દેહરૂપ પૂતના તે આધિભૌતિક. તે પડશે એમ આગળ કહેવામાં આવશે. અહિં આશય એવો છે કે લીલાના પદાર્થો લીલામાં ઉપયોગી દેહ, ઈન્દ્રિય વિગેરેવાળા ભગવાનમાં નિત્ય રહેલા છે. જ્યારે ભગવાન્ અવતાર લે છે ત્યારે તેઓ પણ અવતાર લે છે, અને પોતાનું કાર્ય પૂરું થાય ત્યારે પાછા ભગવાનમાં પ્રવેશ કરે છે. (લે)

તે પહેલાં એવા (ભગવાનને ધાવણ પાવાના) નિશ્ચયવાળી હોવા છતાં, ભગવાને તેને પીડા કરી ત્યારે પણ ભગવાનનું સ્વરૂપ જાણ્યા વિના 'મૂકી દે, મૂકી દે, બસ કર' એવાં ત્રણ વચનો બોલી. જેમ પ્રાકૃત બાલક ધાવતું હોય ત્યારે સ્તનમાં પીડા થતાં 'મૂકી દે' એમ કહેવામાં આવે છે, અને બહુ પીડા થાય ત્યારે ફરીથી (મૂકી દે એમ કહેવામાં આવે છે), અને વળી બાલકની ભૂખ મટી ગઈ એમ જાણીને 'બસ કર' (કહેવામાં આવે છે), તેમ તેણે (પૂતનાએ) કહ્યું. બાલક પોતાની બુદ્ધિથી પૂર્ણતા (હું ધરાયો છું એમ) જાણતું નથી અને બીજા કહે તે માની લે છે, તેથી (તેણે એમ) કહ્યું. (પૂતનાની) અંદર રહેલો દુષ્ટભાવ ગયો તેથી અને (ભગવાનની) બે માતાઓને જણાવવા[૩] તે લૌકિક ભાષા[૪] બોલી. તેનો પ્રાણ[૫] ગયો છતાં ભગવાનનો સંબંધ તેને હતો, તેથી તેની પ્રાણવાળીની જ ચેષ્ટા 'બોલતી' શબ્દથી કહે છે.

'ભગવાને બે હાથોથી દબાવીને' એમ (શ્લોક ૧૦માં) જે કહેલું છે તે પ્રમાણે 'બાલકે દબાવ્યું તેથી પીડા થઈ નહિ હોય' એવી શંકા થાય, તેથી 'સર્વ જીવોના મર્મમાં બહુ પીડા પામતી' શબ્દો કહેલા છે. જીવનાં મર્મસ્થાનો ઘણાં છે, (અને) ત્યાં (મર્મસ્થાનમાં) પ્રહાર થવાથી જીવ જાય છે. આખાય જીવમર્મમાં એટલે મર્મસ્થાનમાં સારી રીતે પીડા થતાં[૬], અથવા આખાય જીવમર્મમાં એટલે મર્મસ્થાનમાં સારી રીતે તે પીડાતી હતી[૬].

ખરી રીતે તો 'અખિલ' 'સર્વ' એમ કહી 'મર્મમાં' એમ જે એકવચન યોજેલું છે, તેથી 'અખિલ' 'સર્વ' પદ જીવનું જ વિશેષણ છે. તેથી તે (પૂતના) પોતાની અંદર જે બાલકોના જીવો લાવેલી તેમને તેણે પોતાના જીવના મર્મસ્થાનમાં રાખેલા. તેથી ભગવાને તેઓને પોતાની અંદર લાવવાને માટે (તેના

૩. પૂતનાનું મરણ જણાવવા. (પ્ર) બાલક (ભગવાન્) ધરાઈ ગયા છે, તેથી તેમને ઉપાડી લો એમ જણાવવા.

૪. લૌકિક ભાષા એટલે લૌકિક પુરુષો બોલે છે તેવું પૂતનાનું ભાષણ. (પ્ર)

૫. તેનો પ્રાણ એટલે તેનો આધિદૈવિક પ્રાણ. પ્રાણ વાણી વિગેરેમાં સામર્થ્ય ઉત્પન્ન કરે છે એમ બૃહદારણ્યક, છાંદોગ્ય ઉપનિષદોમાં અને કૌશિતકી પ્રાણવિદ્યામાં દર્શાવેલું છે. તેવું સામર્થ્ય ઉત્પન્ન કરનાર આધિદૈવિક જ પ્રાણ છે એવો ત્રીજા અધિકરણમાં નિર્ણય કરેલો છે, અને તે પ્રાણ ન હોય તો જ શરીર ઘણું પાપવાળું હોવાનું સંભવે છે. તેથી 'આધિદૈવિક પ્રાણે ભગવાનમાં પ્રવેશ કર્યો ત્યાર પછી પૂતના બોલી કેમ શકી ?' એવી શંકા થાય તેથી આ કહેલ છે. (લે) તેનો આધિદૈવિક પ્રાણ ગયો, પણ તે ભગવાનમાં ગયો હતો, અને ભગવાનનો તેને (આધ્યાત્મિક પૂતનાને) હજી સંબંધ હતો તેથી તે બોલી શકી.

૬-૬. 'નિષ્પીડ્યમાને' અને 'નિષ્પીડ્યમાના' એવા બે જૂદા જૂદા પાઠ લઈ તે પ્રમાણે બે અર્થ કહેલા છે. (લે)

સ્તનને) દબાવવાનું જ કર્યું, એવો ઈચ્છેલો અર્થ છે (એવા અર્થમાં આ કહેલ છે) (પૂતનાને) બાલકોનો દ્રોહ કરવાની આજ્ઞા (કંસે કરી તે)માં ભગવાન જ નિમિત્ત (કારણ) હતા, તેથી (જેઓના પ્રાણ પૂતનાએ લીધા હતા) તેવાઓને પોતાની (ભગવાનની) અંદર લાવવા એ આવશ્યક હતું. તેથી (ભગવાને) તે પ્રમાણે (કર્યું). તેથી જ[૭] બાલલીલાના રસનો તેઓને અનુભવ કરાવતાં માટીનું પણ ભક્ષણ કરાવ્યું. તેથી જ 'મેં (માટી) ખાધી નથી' એ (ભગવાનનું) વચન સત્ય જ હતું. તેથી જ તેની (પૂતનાની) છાતી ભગવાને ક્રીડા કરવા યોગ્ય પણ હતી, કારણ કે તેમાં ભક્તો (પૂતનાએ મારેલાં બાલકો) રહેલા હતા. (કાત્યાયનીના) વ્રતના પ્રસંગમાં બાલકોને જ 'વયસ્યો' (મિત્રો) પદથી જણાવવામાં આવશે[૮].

તે સમયે (મર્મમાં ઘણી પીડા થઈ ત્યારે) ઘણી પીડાને લીધે તે બોલી શકી નહિ. આંખો ફાડીને એટલે વિપરીત રીતે પ્રસારીને, બે ચરણો અને બે હાથો આમ

૭. તેથી જ એટલે ભગવાન્ બાલકોને પોતાની અંદર લાવેલા હોવાથી જ. (પ્ર)

૮. આ પેરીગ્રાફનો આશય નીચે પ્રમાણે છેઃ

ભગવાનનો જન્મ થયો તેના બીજે દિવસે કંસે મંત્રણા કરી (બાલકોને મારવાનો) નિશ્ચય કર્યો. ત્યાર પછી બીજા દુષ્ટ મંત્રીઓ પેઠે પૂતના પણ બાલકોનો ઘાત કરતી, છઠ્ઠે દિવસે વ્રજમાં આવી. આમ હોવાથી ત્યાં સુધીમાં તેણે જે બાલકોનો સંહાર કરેલો તેઓના પ્રાણો જીવસહિત તેનામાં આવેલા. તેથી અહિં 'અખિલ' પદ છે તે જીવનું વિશેષણ છે એમ કહેલું છે. (પ્ર) જણાવવામાં આવશે એટલે સાક્ષી તરીકે કહેવામાં આવશે. (પ્ર)

રામાવતારમાં દંડકારણ્યમાં વસનારા જે ઋષિઓ હતા તેઓને ભગવાનનું રૂપ, યૌવન તથા સૌંદર્ય જોઈ તેમની સાથે રમણ કરવાની ઈચ્છા થઈ, તેથી તેઓ ગૌડદેશમાં કુમારીરૂપે અવતર્યા. તેઓમાં જે પુરુષના ભાવવાળા હતા તેઓ ગોકુલમાં બાલકરૂપે અવતર્યા. તેમનું પૂતનાએ ભક્ષણ કર્યું અને પોતાના જીવના મર્મસ્થાનમાં તેમને રાખ્યા. પૂતનાના પ્રાણનું ભગવાને પાન કર્યું ત્યારે તેઓને પોતામાં ખેંચી લીધા. તે પુરુષભાવ-વાળાઓમાં પુરુષપણાનો જે દોષ લીલામાં વિઘ્ન કરનાર હતો તેનો પૂતનાના સંબંધથી નાશ થયો. જેમ સારા વૈદ્યે શોધેલું વિષરૂપ ઔષધ પોતાના સંબંધથી મહારોગને હણે તેમ પૂતનાના સંબંધથી તેમનો એ દોષ ગયો. પુરુષભાવમાં જે સ્વતંત્રતા, પ્રાગલ્ભ્ય વિગેરેરૂપ ગુણ હતો તે રમણમાં ઉપયોગી હોવાથી તેઓમાં રાખવામાં આવેલ. એવી રીતે તે શુદ્ધ પુરુષભાવવાળા જીવોને લૌકિક શરીરવાળા બનાવીને ભગવાન્ પોતાના ભક્તિરૂપ ચરણારવિંદના સંબંધવાળી માટી ખવરાવીને તથા વ્રજની ઉત્તમ સ્ત્રીઓના ઘરોમાંથી ચોરી લીધેલાં દૂધ દહીં વિગેરેરૂપ પોતાનો ઉચ્છિષ્ટ મહાપ્રસાદ ખવરાવીને લીલાનો અધિકાર પ્રાપ્ત કરાવશે અને કુમારીઓને વસ્ત્રનું દાન કરતી વખતે જૂદા જૂદા પુરુષભાવવાળા ભક્તોને જૂદી જૂદી કુમારીઓ સાથે યોજશે. પછી શુદ્ધ લીલામાં ઉપયોગી પ્રાગલ્ભ્ય સ્વાતંત્ર્ય વિગેરે ગુણરૂપ પુરુષભાવવાળી કુમારીઓ રાસોત્સવમાં પુરુષભાવથી ભગવાન્ સાથે રમણ કરશે, એવું શ્રીકૃષ્ણનું હાર્દ જાણનાર શ્રીમદાચાર્યચરણ અને શ્રીવિઠ્ઠલેશપ્રભુનો આશય ભાગ્યવાનોએ જાણવો. (યો)

તેમ પછાડતાં સારી રીતે પરસેવાવાળું સંપૂર્ણ ગાત્ર જેનું છે તેવી થઈ, તેણે રુદન કર્યું એટલે મોટેથી અવાજ (રુદનનો) કર્યો. ઘણાં જ નાના બાલકનો સ્પર્શ થતાં આવી સ્થિતિ થાય, તે આશ્ચર્યકારક હોવાથી 'હ' પદ યોજેલું છે. આથી તેને શરીરની અંદર થએલી ઘણી જ પીડા અને ભગવાનનું પરાક્રમ સૂચવેલાં છે. આકર્ષણ જેની શક્તિ છે, તેવા વાયુમાં પ્રવેશ કરી ભગવાને[૯] એ પ્રમાણે કર્યું, એમ તેમના વીર્યનું નિરૂપણ કરેલું છે. આંખો સાત્ત્વિક છે, હાથ અને પગો રાજસ છે અને ગાત્ર તામસ છે, તેથી ત્રણે ગુણોએ કરેલી પીડાનું નિરૂપણ કરેલું છે. રજોગુણ (ત્રણ ગુણોના) મધ્યમાં રહેલો હોવાથી (બીજા) બંને સાથે સંબંધવાળો છે, તેથી તેનાં બે[૧૦] સ્થલ દર્શાવેલ છે. પ્રાણોએ બહાર નીકળતી વખતે મોટો અવાજ (કર્યો) તે રુદન હતું[૧૧]. તેથી[૧૨] એમ જણાવેલું છે કે પૂતનાએ ખેંચી રાખેલા પ્રાણને જ ભગવાને બહાર ખેંચી કાઢ્યો[૧૩]. ૧૧.

ભગવાનનું માહાત્મ્ય સારી રીતે પ્રત્યક્ષ થાય તેમ દેખાડતાં, ભગવાને ખેંચેલા તેના (પૂતનાના) પ્રાણે કરેલ અવાજનું માહાત્મ્ય નીચેના શ્લોકમાં કહે છેઃ

**તસ્યાઃ સ્વનેનાતીગભીરરંહસા સાદ્રિર્મહી દ્યૌશ્ચ ચચાલ સગ્રહા ।।**

---

૯. ભગવાને કરેલું આકર્ષણ આત્મા એટલે સ્વરૂપભૂત શક્તિ છે જેની, (કારણ કે ક્રિયા એ વાયુની શક્તિ છે) તેવા વાયુએ, અંદર પ્રવેશ કરતાં, આધ્યાત્મિક ગુણે એવું કર્યું. (લે) ખેંચવું (આકર્ષણ) એ વાયુનું કાર્ય હોવાથી વાયુમાં પ્રવેશ કરેલા ભગવાને એ પ્રમાણે કર્યું, એટલે પૂતનાના ધાવણને તેના પ્રાણો સાથે ખેંચી, ધાવણ તથા પ્રાણોનું પાન કર્યું; એમ કહી ભગવાનના વીર્યનું અહિં નિરૂપણ કરેલું છે. ભગવાનના વીર્યનું અહિં નિરૂપણ કરેલું હોવાથી આ ભગવાનનું જ કાર્ય છે; આધ્યાત્મિક ગુણનું આ કાર્ય હોઈ શકે નહિ.

૧૦. રજોગુણ મધ્યમાં રહેલો હોવાથી, સત્ત્વગુણ અને તમોગુણ એ બંને સાથે તેનો સંબંધ છે. તેથી રજોગુણનાં બે સ્થાન હાથ અને પગ કહેલા છે. (લે)

૧૧. આધ્યાત્મિક પૂતના મરણ પામી, એમ આગળ કહેવામાં આવશે. તેથી આ શ્લોકનો વાક્યાર્થ મરણ છે, તે અહિં દર્શાવે છે. મરણ એટલે પ્રાણોનો ત્યાગ. અહિં 'રુદન કર્યું' શબ્દથી નિકળી જતા પ્રાણે જે અવાજ કર્યો તે જણાવેલ છે એવો ભાવ છે. (લે)

૧૨. તેથી એટલે તેણે રુદનનો મોટો અવાજ કર્યો એમ કહ્યું તેથી. (લે) તેથી એટલે પૂતનાએ કરેલ રુદનથી. (યો)

૧૩. જ્યારે પૂતનાએ પ્રાણને પોતામાં ખેંચ્યો ત્યારે ભગવાને તેને પોતામાં ખેંચ્યો, એમ 'મોટો અવાજ કહ્યો' તેથી જણાય છે, કારણ કે એમ (સામસામી ખેંચાખેંચી) ન હોય તો એવો મોટો અવાજ થાય નહિ. (લે)

પૂતનાએ પોતાના દેહમાં પ્રાણ રાખવા માટે બહુ પ્રકારે પોતાના પ્રાણને ખેંચી રાખ્યો, પોતાનું બલ હતું તેટલા બલથી બહુ પ્રકારે પોતાના પ્રાણને ખેંચીને રાખવા પ્રયત્ન કર્યો, છતાં ભગવાને તેના પ્રાણને ખેંચ્યો એટલે પૂતનાનો પ્રયત્ન નકામો ગયો, એમ પૂતનાએ કરેલ રુદનથી જણાવ્યું છે એવો ભાવ છે. (યો)

રસા દિશશ્ચ પ્રતિનેદિરે[1] જનાઃ પેતુઃ ક્ષિતૌ વજનિપાતશઙ્ક્યા ॥૧૨॥

ઘણા જ ગંભીર વેગવાળા તેના અવાજથી પર્વતો સાથે પૃથ્વી અને ગ્રહો સાથે આકાશ, (અને રસાતલો તથા દિશાઓ) કંપ્યા. રસાતલ અને દિશાઓમાં પડઘા થયા. માણસો વજ્ર પડવાની શંકાથી પૃથ્વી પર પડી ગયાં. ૧૨.

શબ્દ અમૂર્ત (આકાર અને કદ વિનાનો પદાર્થ) છે. તે જો મૂર્ત (આકાર અને કદવાળા પદાર્થ)નું કામ કરે તો અલૌકિક (કાર્ય) થાય. ચરણ વિગેરેના પ્રહારથી (જેને પ્રહાર થાય તેને) કંપ થાય, (પણ અહિં) માત્ર શબ્દથી જ તેમ થયું (કંપ થયો) એમ 'પૃથ્વી અને આકાશ કંપ્યા' એમ કહેલું છે. કોઈ (ટીકાકારો) એમ કહે છે કે તેઓના (પૃથ્વી તથા આકાશના) અધિષ્ઠાતા દેવતાઓ ભય પામવાથી કંપ થયો. અવતારોના વીર્ય કરતાં પણ પુરુષોત્તમનું વીર્ય વધારે છે, એમ જણાવવા (પૂતનાના) અવાજથી બ્રહ્માંડ જેમનું શરીર છે તેવા પુરુષને પણ કંપ થયો, એમ (અહિં) કહેલું છે. એક જ સમયે સર્વસ્થલે કંપ થવાનું કારણ 'ઘણા જ ગંભીર વેગવાળા' શબ્દથી કહેલું છે. ઘણો જ ગંભીર એટલે અધરતલ (પૃથ્વી નીચેના અતલ વિગેરે) ફાડી નાખવાને શકિતવાળો અને ઉપર રહેલા (લોકોને) ભાગી નાખવાને[2] શક્તિવાળો છે વેગ જેનો, તેવા અવાજથી પર્વતો સહિત પૃથ્વી, ગ્રહો નક્ષત્રો વિગેરે સહિત આકાશ અને 'ચ' 'અને' શબ્દ યોજેલ હોવાથી તેના (આકાશના) ઉપર લોકો (કંપ્યા). 'પર્વત મોટા અને સ્થિર હોય છે તેથી તે કંપ્યા નહિ હોય' એવી શંકા થાય, તેથી 'પર્વત સહિત' (પૃથ્વી કાંપી એમ) કહેલું છે. 'આકાશમાં ગ્રહો ધ્રુવમાં (ધ્રુવના સંબંધથી) ગોઠવાએલા હોવાથી તે કંપે નહિ' એવી શંકા થાય, તેથી 'ગ્રહો સાથે' (આકાશ કંપ્યું એમ) કહેલું છે. 'હું નક્ષત્રોથી શણગારેલું હોઉં, હું(મનુષ્ય, પશુ, પક્ષી, પર્વતો, વિગેરે) જાતજાતના (પદાર્થોથી) શણગારેલી હોઉં ' શ્રુતિ[3] પ્રમાણે બંનેને (આકાશ તથા પૃથ્વીને) બંને (ગ્રહો તથા પર્વતો) વરદાનમાં મળેલા છે. રસાતલ અને દિશાઓને (આકાશ તથા પૃથ્વી સાથે) સંબંધ નહિ હોવાથી, અને (તેમનાથી તે) દૂર હોવાથી, તેઓ કંપ્યા નહિ હોય'

---

૧. 'મે' એવો પણ પાઠ છે.

૨. 'ભંજન' દેવકીનંદન પ્રેસવાળા સુબોધિનીનો પાઠ લીધો છે. 'મજ્જન' એટલે ડૂબાડવું એવો પણ પાઠ છે.

૩. આ શ્રુતિ તૈત્તિરીય સંહિતાના બીજા અષ્ટકના પાંચમા અધ્યાયના બીજા અનુવાકમાં છે. તેનો અર્થ એવો છે કે આકાશ અને પૃથ્વીએ ઇંદ્ર પાસે વરદાન માગ્યું. આકાશે માગ્યું કે હું નક્ષત્રોથી શણગારેલું હોઉં અને પૃથ્વીએ માગ્યું કે હું મનુષ્ય, પશુ, વૃક્ષ, પર્વત, નદી, સમુદ્ર વિગેરેથી શણગારેલી હોઉં. આવી રીતે આકાશને નક્ષત્રો અને પૃથ્વીને પર્વતો વરદાનમાં મળેલા હોવા છતાં તે કંપ્યા એવો ફલિત અર્થ છે. (પ્ર)

એવી શંકા થાય, તેથી 'અને રસાતલો તથા દિશાઓ' એમ કહેલું છે. તેઓ[૪] પણ કંપ્યાં અને તેઓએ પડઘો પાડ્યો, એ (તેમનું) અધિક (કાર્ય થયું). ત્યાંના (પૃથ્વી પરના) રહેવાશીઓનું તો કાંઈ બાકી રહ્યું નહિ, એમ 'માણસો પૃથ્વી ઉપર પડી ગયાં' શબ્દોથી કહેલું છે.

'દેવતા ભય પામવાથી અથવા પુરુષ ભય પામવાથી (કંપ થયો) એમ કંપ થવાનું કારણ કહેલું છે, છતાં વિવેક અને ધૈર્યવાળા પુરુષો કેમ પડી ગયા?' એવી શંકા થાય, તેથી 'વજ્ર પડવાની શંકાથી' શબ્દ યોજેલ છે. (તેઓએ માન્યું કે) વજ્ર જ પડ્યું અથવા ક્યાંક પડશે, તેથી (તેમને) ભય થવાથી તેઓ પડી ગયા. વિવેકને લીધે પણ (વિવેકવાળો) પડી જાય એ સંભવે છે; કારણ કે તેની સ્થિતિ ઊંચી હોવાથી તેના તેજને[૫] સહન નહિ કરનાર વજ્ર તેને મારે (એમ તે માને). ૧૨.

એવી રીતે પૂતનાના અવાજે કરેલ કાર્યથી ભગવાનના વીર્યનું માહાત્મ્ય જણાવી, 'ભગવાને ખેંચી કાઢેલા પ્રાણો પાછા પૂતનામાં આવ્યા હશે' એવી શંકા થાય, તેનો નિરાસ કરતાં પૂતનાનું[૧] પ્રસિદ્ધ મરણ[૨] થયું એમ કહે છેઃ

**નિશાચરીત્થં વ્યથિતસ્તના વ્યસુર્વ્યાદાય કેશાંશ્ચરણૌ ભુજાવપિ ।।**
**પ્રસાર્ય ગોષ્ઠે નિજરૂપમાસ્થિતા વજ્રાહતો વૃત્ર ઈવાપતન્નૃપ ।।૧૩।।**

હે નૃપ ! રાક્ષસી એવી રીતે સ્તનમાં પીડા પામતાં મુખ ખુલ્લું કરી, કેશો, ચરણો અને ભુજાઓ પણ પ્રસારી, પોતાનું રૂપ ધારણ કરી, પ્રાણરહિત થઈ વજ્રથી હણાએલા વૃત્રની પેઠે નેસડામાં પડી. ૧૩.

એવી રીતે (તે રાક્ષસી) સ્તનમાં પીડા પામતાં તે પ્રાણરહિત થઈ પડી. 'રાક્ષસી' શબ્દથી (તે) કઠણ પ્રાણવાળી હતી એમ જણાવેલું છે. એવી (કઠણ પ્રાણવાળી)નો પ્રાણત્યાગ તરત થાય, એ આશ્ચર્યનું કારણ છે. રાક્ષસો ઘણી પીડાને પણ સહન કરે છે. તેવી (રાક્ષસી) પણ એવી રીતે સ્તનમાં પીડા પામી, કે જેથી તેના અંગોસહિત[૩] બધાય શરીરમાં ભારે ક્ષોભ થયો; અને પછી (તેણે)

---

૪. તેઓ એટલે તેમની (અધિષ્ઠાતા) દેવતાઓ. (ટિ) દિશાઓ અમૂર્ત (આકાર/કદ વગરની) હોવાથી આકાશ પેઠે તેમને વરદાન મળેલું નહિ, છતાં તે પણ કંપી એમ કહેલું છે, તેનો ભાવાર્થ ટિપ્પણીમાં આપેલ છે. (પ્ર) અમૂર્ત દિશાઓને કંપ ન થાય, કારણ કે અમૂર્ત પદાર્થને કંપ થઈ શકે નહિ છતાં તેઓ કંપી એમ કહેલું છે કેમકે તેમની અધિષ્ઠાતા દેવતાઓ કંપી.

૫. તેજને એટલે નિર્ભયપણાંને. (પ્ર)

૧. પૂતનાનું એટલે આધિભૌતિક પૂતનાનું. (લે)

૨. પ્રસિદ્ધ મરણ એટલે ભૂમિ પર પડવું તે.(લે)

૩. દરેક અંગમાં પીડા થઈ હતી, એમ જણાવવા 'અંગોસહિત' કહેલ છે. (પ્ર) અંગોસહિત એટલે નેત્રો, ચરણો અને ભુજાઓમાં પણ. (લે)

પ્રાણો પણ તજ્યા. પ્રાણો તજ્યા તે પણ વિકલતાથી(દુઃખથી) એમ જણાવવા કહે છે કે 'મુખ ખુલ્લું કરી, કેશો, ચરણો અને ભુજાઓ પણ પ્રસારી'. નેસડામાં એટલે (વીરને) અછાજતી ભૂમિ ઉપર પણ વીરની[૪] પેઠે[૫], બનાવટીરૂપ રાખવાનું કારણ નહિ હોવાથી અને ભગવાનના સંબંધથી કૃતાર્થ થએલી હોવાથી પોતાનું રૂપ ધારણ કરી પડી. 'વૃત્રની પેઠે' એ દૃષ્ટાંતથી એમ કહેલું છે કે તેનું સ્વરૂપ ઘણું જ સ્થૂલ(મોટું) અને સર્વને પીડા કરનારું હતું. વૃત્ર પોતાની ઈચ્છાથી પણ પડે અને પછી ઉભો થાય, તેથી 'વજ્રથી હણાએલા' શબ્દ યોજેલ છે. 'હે નૃપ' એ સંબોધન તે મોટો પુરુષ હોઈ વિશ્વાસ રાખે તે માટે કરેલું છે. મુખ ખુલ્લું કરવું વિગેરે (ક્રિયા) પ્રાણ ઉત્ક્રમણ કરે (શરીરમાંથી જાય) તે માટે ન હતી[૬], પરંતુ વાયુને લીધે નાડીઓ ખેંચાવાથી એવી સર્વ ચેષ્ટા થઈ હતી. મુખ ખુલ્લું કર્યું તેથી જ દેહને દુઃખ થયું એમ જણાવેલું છે. દેહના આરંભમાં, મધ્યમાં અને અંતે દુઃખ થયું છે, એમ કહેવા કેશ, ચરણ અને ભુજાઓ (ઉપલો ભાગ, નીચેનો ભાગ અને મધ્યભાગ)નું વર્ણન કરેલું છે. પ્રસારવાની ક્રિયા સત્ત્વના પરિત્યાગથી[૭] મુક્તિ સૂચવે છે. જેમ વૃત્ર હણાતાં ત્રણ લોક સ્વસ્થ થયા તેમ પૂતનાનો વધ થતાં ત્રણ લોક સ્વસ્થ થયા; તેમ

૪. 'વીર વિનાની ભૂમિમાં પણ' 'અવીરવદ્ભૂમાવપિ' એવો પ્રકાશકારે પાઠ લીધેલો છે.

૫. 'ગાયો બળદો અને વાછરડાંઓ વનમાં ચરવા ગયાં હતાં અને તેઓની સાથે ગોપીઓના પતિઓ અને પુત્રો તેમને ચારવા ગયા હતા; તેથી જે ભૂમિ વીરરહિત એટલે પતિ અથવા પુત્રરહિત હતી તેવા નેસડામાં તે પડી. આવા નેસડામાં બનાવટી રૂપ રાખવાનું કારણ જે માયારૂપ ભગવાન્ હતા તે રહેલ ન હતું, કારણ કે ભગવાનના સંબંધથી પૂતનાનું આધિદૈવિક રૂપ કૃતાર્થ થયું હતું. તેથી પોતાનું રાક્ષસરૂપ ધારણ કરી તે પડી'. (પ્ર) પૂતના આવી ત્યારે ગોપો હતા અને તેઓએ મોહને લીધે તેને અટકાવી નહિ, એમ પાછલ આવી ગએલ છે. તેથી આ 'અવીરવત્'નું વ્યાખ્યાન બંધ બેસતું નથી. તેથી 'વીરવદ્ભૂમાવપિ' એવો શાસ્ત્રીજીએ પ્રસિદ્ધ કરેલ પાઠ લઈ ભાષાંતર કરેલ છે. પૂતના મોઢું ખુલ્લું કરી કેશ, હાથ, પગ પ્રસારી વીરને છાજે તેમ ગોષ્ઠમાં પડી. જો કે તે ભૂમિ વીરને પડવા લાયક (યુદ્ધભૂમિ) ન હતી, તો પણ તેના ઉપર વીરની પેઠે પડી. પ્રકાશના પાઠ પ્રમાણે 'અપિ' 'પણ' શબ્દ પણ નિરર્થક થઈ જાય છે.

૬. કારણ કે તેના પ્રાણ તો ભગવાને તેના ધાવણ સાથે જ (સ્તન દ્વારા જ) ખેંચી લીધા હતા. (પ્ર) પ્રાણ તો સ્તન દ્વારા જ નીકળી ગયા હતા એવો ભાવ છે. (લે)

૭. સત્ત્વ એટલે દેહમાં પ્રાણોનું અસ્તિત્વ (હયાતી). તેના પરિત્યાગથી (એટલે દેહમાંથી પ્રાણો જતા રહેવાથી). (પ્ર)

સત્ત્વ (સત્ત્વગુણ) હોય તે સમયે પ્રાણોના પરિત્યાગથી, કારણ કે સત્ત્વવાળી અવસ્થામાં પ્રાણનો ત્યાગ કરવાથી મુક્તિ થાય છે. 'સત્ત્વમાં રહેલા ઉપર જાય છે' એવું વાક્ય (તેમાં પ્રમાણ) છે. પ્રસારણ એટલે અવયવો જેવા હોય તેવી તેમની સ્થિતિ, એ તેમની સત્ત્વવાળી અવસ્થા. 'જ્યારે ચિત્ત પ્રસન્ન થાય, ઈન્દ્રિયોની નિર્વૃતિ થાય, દેહ અભય હોય

જણાવવા, પોતાનું રૂપ એટલે રાક્ષસનું રૂપ તેણે ધારણ કર્યું. એવી રીતે આધ્યાત્મિક[8] પૂતનાનું મરણ કહ્યું, આધિભૌતિક પૂતના ભૂમિ પર પડી.

**સાધારણસ્થિતિર્લોકે પૂર્વાધ્યાયે નિવારિતા ॥**
**અવિદ્યાપૂતના નષ્ટા ગન્ધમાત્રાવશેષિતા ॥કા.૫॥**

આ પહેલાંના પાંચમા અધ્યાયમાં ગોકુલની લોકમાં સાધારણ સ્થિતિ[9] નથી[10] એમ જણાવેલું છે. ગોકુલવાસીઓની અવિદ્યારૂપ પૂતના[11] નાશ પામી.

---

અને મન સંગરહિત થાય તે (સ્થિતિ) મારા સ્થાન સત્ત્વની જાણ' એ વાક્ય પ્રમાણે અવયવો જેવા હોય તેવી તેમની સ્થિતિ, એ તેમની સત્ત્વવાળી અવસ્થા. (લે)

૮. પાછળ શ્લોક ૧૦માં ભગવાને 'પ્રાણ સાથે સ્તન પીધું' એમ કહેલું છે, તેથી જ પૂતનાના પ્રાણ ગયા એમ સમજાય છે. છતાં અહિં તે પ્રાણરહિત થઈ એમ ફરી કહેલું છે, તે આધ્યાત્મિક વિગેરે ભેદને લીધે છે, એવા આશયથી અહિં આધ્યાત્મિક વિગેરેના ભેદો કહેલા છે. આવા ભેદો હોવાથી જ ૧૧મા શ્લોકમાં જીવમર્મમાં પીડા થએલી તે જણાવેલ છે. (ટિ)
આધિદૈવિક પૂતનાએ ભગવાનમાં જ પ્રવેશ કરેલો. લિંગશરીર સહિત આધ્યાત્મિક પૂતનાએ પ્રાણો તજ્યા એટલે તેના પ્રાણો તથા ઈન્દ્રિયો ભગવાનમાં લીન થયા. આધિભૌતિક ભૂમિ પર પડી. (પ્ર)

૯. ભગવાન્ ગોકુલમાં પધાર્યા તેથી તેનું સર્વથી ઉત્તમપણું વર્ણવવું એ જ યોગ્ય છે પણ આવા ઉપદ્રવો કહેવા યોગ્ય નથી, એવી શંકા થાય, તેથી પૂતનાનો વધ થવાથી અલૌકિક (ધામ) કરતાં પણ ગોકુલ ઉત્તમ થયું એમ કહેવા, ઉત્તમપણું લૌકિક અને અલૌકિક એવા બે પ્રકારનું હોવાથી, લૌકિક ઉત્તમપણું પાછલા (પાંચમા) અધ્યાયમાં જણાવ્યું એમ કહે છે. નંદજીએ ગોકુલમાં મોટો ઉત્સવ કર્યો તેથી અને ૧૦।૫।૧૮થી ગોકુલની લૌકિક ઉત્તમ સ્થિતિ કહેલી છે. ગોકુલ સિવાય બીજે એવી લૌકિક ઉત્તમ સ્થિતિ ન હતી એમ સૂચવેલું છે. વળી ઉત્પાત પણ ત્યાં જ થયો એમ કહેલું છે, તેથી ગોકુલની સાધારણ સ્થિતિ ન હતી એવો અર્થ થયો. તેથી ગોકુલનું લૌકિક ઉત્તમપણું કહેવાયું. (ટિ)

૧૦. ગોકુલની લોકમાં સાધારણ સ્થિતિ નથી એમ ત્યાં નંદજીએ કરેલા ઉત્સવથી(૧૦।૫।૧૮ શ્લોકથી) અને ઉત્પાતો પણ ત્યાં જ છે એમ ૧૦।૫।૩૧ માં કહેલ છે તેથી જણાવેલ છે. (કા)

૧૧. અવિદ્યા પાંચ પ્રકારની છે. (૧) સ્વરૂપનું અજ્ઞાન, (૨) દેહાધ્યાસ, (૩) ઈન્દ્રિયાધ્યાસ, (૪) પ્રાણાધ્યાસ અને (૫) અંતઃકરણાધ્યાસ. પૂતનાએ માતાઓને તેમના સ્વરૂપનું અજ્ઞાન કરાવ્યું, એમ પાછળ ૯મા શ્લોકથી કહેલું છે. પછી પૂતનાનો નાશ થતાં માતાઓએ સર્વ વૃત્તાંત જાણ્યું ત્યારે એમને જણાયું કે આપણે મૂંગાં ઉભાં રહ્યાં તેથી જ પૂતના ભગવાનને સ્તન દેવા પામી. તેથી હવેથી આપણે સાવધાન રહી ભગવાનની રક્ષા કરવી, બીજી કોઈને અહિં આવવા દેવી નહિ. આવી રીતે તેમનો માતાનો ધર્મ જેવો હતો તેવા તેમના હૃદયમાં આવ્યો, એટલે નિરોધરૂપ પોતાના સ્વરૂપનું સ્મરણ તેમને થયું.
ગોપો જે રક્ષણ કરવા રાખેલા તેમને પૂતનાના રૂપથી મોહ થવાથી પોતાના સ્વરૂપનું વિસ્મરણ થયું. પછી માતાઓ પેઠે આમનો પણ ભાવ થયો એમ જાણવું. સ્ત્રીરૂપથી મોહ

માત્ર તેની ગંધ રહી[12]. કા.૫.

**અતઃ પરં નિરોધસ્તુ ગોકુલે સુગમો ભવેત્ ।।**
**પ્રપઞ્ચવિસ્મૃતિઃ સા હિ કૃષ્ણાસક્તિસમન્વિતા ।।કા.૬।।**

હવે (પૂતનાના મરણ) પછી તો ગોકુલમાં નિરોધ સ્હેલાઈથી થશે. કારણ કે શ્રીકૃષ્ણમાં આસક્તિ સાથે પ્રપંચની વિસ્મૃતિ (વિસ્મરણ) તે[13] છે. કા.૬. ૧૩.

એ પ્રમાણે પૂતનાનો વધ કહી, 'કોઈ નમાલી સ્ત્રીનો સંહાર કર્યો' એવી શંકા કાઢી નાખવા, તેના મરણ પામેલ દેહની પણ મોટાઈ નીચેના શ્લોકમાં કહે છેઃ

---

થવાથી તેઓએ પૂતનાને રોકી નહિ, તેનું (મોહ થવાનું) કારણ તેઓનું પુરુષરૂપ જ હતું, એટલે તેમના દેહના અધ્યાસને લીધે જ તેમણે તેને રોકી ન હતી એમ થયું. તેવી જ રીતે તેનાં સૌંદર્ય, (અંબોડામાં ગૂંથેલ) મોગરાનાં ફૂલ વિગેરે રૂપ તથા ગંધથી તેઓનું મન હરાએલું, એ તેમનો ઈન્દ્રિયાધ્યાસ હતો. વજ્ર પડવાની શંકા થતાં 'ભગવાન્ કયાં છે ? તેમને કેમ છે?' એવો વિચાર જ તેમને આવવો જોઈતો હતો, પણ તેવો વિચાર નહિ કરતાં પોતાના પ્રાણનું રક્ષણ કરવા તેઓ ભૂમિ ઉપર પડી ગયા, એ તેમના પ્રાણાધ્યાસનું કાર્ય હતું.

ગોપીઓના અંતઃકરણમાં ભગવાનનો સંબંધ હતો તેનું જ તેમને અહિં (પૂતનામાં) પણ સ્ફુરણ થયું (તેથી તેને લક્ષ્મી માની) અને તેથી તેઓએ તેને રોકી નહિ, તેનું કારણ તેઓનો અંતઃકરણનો અધ્યાસ હતો.

આવા કારણથી તે બધા શાંત રહેલ. પૂતનાનો વધ થયા પછી આમ શાંત રહેવાથી ભગવાન્ સંબંધી પોતાને અનિષ્ટ પરિણામ આવે છે એમ જોઈને, જેમ તેમ કરીને પ્રિય (ભગવાન)ને કુશલ પ્રાપ્ત કરી, પછી તેઓને પશ્ચાત્તાપ થયો; અને હવેથી આવી રીતે (ગાફલ) ન રહેવું પણ ભગવાનના (રક્ષણમાં) તત્પર જ રહેવું, એવું તેઓને જ્ઞાન થયું. તેથી 'અવિદ્યારૂપ પૂતના નાશ પામી' 'હવે પછી તો ગોકુલમાં નિરોધ સ્હેલાઈથી થશે' એમ બરાબર જ કહેલું છે. આ માટે જ વ્રજવાસીઓના, સાધારણ ગોપીઓના તથા માતાઓના ભાવો પણ જણાવેલા છે. તેથી જ 'ત્રાસ પામ્યા' (શ્લોક ૧૭) 'ગોપીઓએ તરત પકડી લીધા' (શ્લોક ૧૮) એમ કહેલું છે. આવી રીતે અલૌકિક (ભૂમિ)થી પણ ગોકુલનું ઉત્તમપણું કહેલું છે. (ટિ)

પૂતના અવિદ્યારૂપ હતી, એમ શ્રીકૃષ્ણોપનિષદ્‌માં કહેલું છે. 'લોભ, ક્રોધ, વિગેરે દૈત્યો હતા' એવી શ્રુતિ છે. તેથી શ્રીકૃષ્ણાવતારમાં જે દૈત્યોને હણ્યા તે લોભ વિગેરેમાંના હતા. દૈત્ય પદમાં પૂતનાનો પણ સમાવેશ થાય છે, કારણ કે તે દૈત્યથી ઉત્પન્ન થએલી હતી. તેથી જ તે બકાસુરની બેન હતી. જે દૈત્યમાં જે દોષનું મળતાપણું હોય તે દૈત્ય તે દોષરૂપ હતો એવો નિશ્ચય છે. પૂતનામાં અવિદ્યા સાથે મળતાપણું હોવાથી તેને અવિદ્યારૂપ કહેલી છે. અવિદ્યા સાથે તેનું મળતાપણું શ્રીમત્પ્રભુચરણે ટિપ્પણીમાં દર્શાવેલું છે. (યો)

૧૨. આગળ ૪૧મા શ્લોકમાં જણાવ્યા પ્રમાણે પૂતનાની માત્ર ગંધ જ રહી. એટલે ભક્તોમાં પણ સેવામાં ઉપયોગી હોય તેવો સંસાર ભગવાને સ્થાપેલો છે એવો ભાવ છે. (યો)

૧૩. (તે એટલે નિરોધરૂપ) શ્રીકૃષ્ણમાં આસક્તિ સહિત પ્રપંચની વિસ્મૃતિ નિરોધરૂપ છે એવો અર્થ છે. (ટિ, યો)

**પતમાનોઽપિ તદ્દેહસ્ત્રિગવ્યૂત્યન્તરદ્રુમાન્ ।।**
**ચૂર્ણયામાસ રાજેન્દ્ર મહદાસીત્તદદ્ભુતમ્ ।।૧૪।।**

હે રાજેન્દ્ર! તેના દેહે પડતાં (પડતાં) પણ ત્રણ ગવ્યૂતિની અંદરનાં વૃક્ષોને ભાંગી નાખ્યાં, તે બહુ અદ્‌ભુત થયું. ૧૪.

'અપિ' 'પણ' શબ્દથી એમ સૂચવ્યું છે કે બનાવટી (રૂપ કરવાનું) સામર્થ્ય હતું[1] ત્યારે (નીચે વર્ણવવામાં આવે છે) તેનાથી પણ મોટો (તેના દેહનો) આકાર થતો. ત્રણ ગવ્યૂતિની અંદરનાં એટલે છ ગાઉની અંદર રહેલાં વૃક્ષોને ભાંગી નાખ્યાં, એમ તેના વજનની મોટાઈ તથા (તેની) લંબાઈ કહેલાં છે. ભગવાનનું વીર્ય (તે સમયે) અસ્પષ્ટ હોવાથી લોકમાં તે જ બહુ અદ્‌ભુત થયું. ('ચૂર્ણયામાસ' ક્રિયાપદમાં) અલૌકિક આત્મનેપદનું રૂપ યોજેલું હોવાથી[2] એમ જણાવેલું છે, કે તે (ભાંગી ગએલ વૃક્ષોનાં) લાકડાંઓનો તેનો દેહ બાળવામાં જ ઉપયોગ થશે, અને આ (તેના દેહથી ભાંગેલાં વૃક્ષોનાં લાકડાંનો આવો ઉપયોગ) ભગવાનની ઈચ્છાથી (થશે). ગોકુલ નિવાસીઓમાં ગવ્યૂતિ જ પ્રસિદ્ધ છે. ત્રણ ગવ્યૂતિ(છ ગાઉ)થી વધારે પ્રદેશ તેઓએ જોએલો નહિ હોવાથી તેટલું જ (અંતર લંબાઈ) કહેલ છે. ઈન્દ્રે વૃત્રનો વધ કરેલો, તેથી તેના નામથી 'રાજેન્દ્ર' એવું (પરીક્ષિતનું) સંબોધન, (તેને) વિશ્વાસ આવે તે માટે કરેલું છે. ૧૪.

નીચેના શ્લોકથી બે શ્લોકોથી તેનું રૂપ (આકાર) અવયવવાર વર્ણવે છે.

**ઈષામાત્રોઽગ્રદંષ્ટ્રાસ્યં ગિરિકન્દરનાસિકમ્ ।।**
**ગણ્ડશૈલસ્તનં રૌદ્રં પ્રકીર્ણારૂણમૂર્ધજમ્ ।।૧૫।।**

(૧) જેના મુખમાં હળના જેટલો ભયંકર દાંત હતો, (૨) જેનું નાક પર્વતની ગુફા જેવું હતું, (૩) જેના સ્તનો મોટા ખડકો જેવા હતા, (૪) જે ભયંકર હતું (૫) જેના વાળો વીંખરાએલા લાલ હતા.૧૫.

'ઈષા' એટલે ચાર હાથ લાંબો હળનો દાંડો. ઈષાના જેટલો ભયંકર દાંત જે મુખમાં છે તેવું મુખ જેના રૂપમાં છે તેવું તે (પૂતનાનું કલેવર હતું). આથી[1] એમ

---

૧. કૃત્રિમ રૂપ કરવાનું જ્યારે પૂતનામાં સામર્થ્ય હતું ત્યારે તેના અહિં વર્ણવવામાં આવશે તે સહજ રૂપ કરતાં પણ મોટું રૂપ થઈ શકતું. જેમ ઘટોત્કચ મરવાનો હતો ત્યારે તેણે આકાશમાં જઈ એક અક્ષૌહિણી સૈન્યનો નાશ કરે તેવું મોટું રૂપ ધારણ કરેલું, તે પ્રમાણે પૂતના પણ જીવતી હતી ત્યારે પોતાના સહજ કદ કરતાં ઘણું મોટું કદ ધારણ કરી શકતી હતી. (પ્ર)

૨. ક્રિયાનું ફલ કર્તાને માટે જ હોય ત્યારે આત્મનેપદનો પ્રયોગ કરવામાં આવે છે. અહિં (દેહના) પડવાની ક્રિયા છે, તેનું ફલ વૃક્ષોને ભાંગવાનું છે. તે ફલ વૃક્ષોનાં લાકડાં (તે ક્રિયાના કર્તા) પૂતનાના દેહને જ બાળવા માટે ઉપયોગી થાય છે, એમ આત્મનેપદ વાપરવાથી જણાવેલું છે.

૧. આથી એટલે કેટલા હાથ લાંબું, એમ હાથનું માપ નહિ આપતાં હલના દાંડા જેવું કહ્યું તેથી. (ટિ)

કહેલું છે કે તેના દાંત ત્યાંના ખેડુતોના હલનો દાંડો જ થયો. પર્વતની ગુફા જેવું નાક જેનું છે (તેવું તે કલેવર હતું). તે[2] (નાકવાળું પૂતનાનું ક્લેવર) રમત કરવાનું સ્થાન થયું એમ (કહેલ છે). ગંડશૈલ એટલે પર્વત પરથી ગબડી પડેલા મોટા ખડકો. ગંડશૈલોના જેવા બે સ્તનો જેનાં છે, (તેવું તે કલેવર હતું). વીંખરાએલા લાલ રંગના વાળો જેના છે (તેવું તે કલેવર હતું). ૧૫.

**અન્ધકૂપગભીરાક્ષં પુલિનારોહભીષણમ્ ॥**
**બદ્ધસેતુભુજોર્વઙ્ઘ્રિ શૂન્યતોયહ્રદોદરમ્ ॥૧૬॥**

(૬) જેમાં અંધકૂપના જેવી ઊંડી આંખો હતી, (૭) જે નદીના તટ જેવા કૂલાઓથી ભયંકર હતું, (૮) જેના બે હાથ, બે સાથળો અને બે પગો બાંધેલા પૂલો જેવા હતા, (અને) (૯) જેનું ઉદર જલ વિનાના ધરા જેવું હતું. ૧૬.

અંધકૂપના જેવી ઊંડી જેની આંખો હતી[1] (તેવું તે કલેવર હતું). પુલિન એટલે નદીનો રેતીવાળો પ્રદેશ (તટ), તેના જેવો આરોહ એટલે કૂલાનો ભાગ, ત્યાં રહેલ[2] ગુહ્યને લીધે જે કલેવર ભયંકર હતું. બાંધેલા પૂલોના જેવા બે હાથ, બે સાથળ અને બે પગો જેના હતા (તેવું તે કલેવર હતું). જેમાં શૂન્ય જલ છે (જલ નથી) તેવા ધરા જેવું જેનું ઉદર હતું (તેવું તે કલેવર હતું). એ પ્રમાણે (કલેવરનાં) નવ વિશેષણો સર્વ પ્રાકૃત ગુણો[3] તેમાં ભેગા રહેલા હતા એમ જણાવવા યોજેલાં છે, કારણ કે અવિદ્યા નવ પ્રકારે ભય ઉત્પન્ન કરનારી છે. ૧૬.

તેથી જ[1] તેવા અવયવોથી તે (પૂતના) ભય ઉત્પન્ન કરનારી થઈ, એમ

---

૨. તે એટલે તેનું (પૂતનાનું) શરીર *(*. આ બધાં વિશેષણો શ્લોક ૧૭માં આવેલ 'કલેવર' શબ્દના છે. કલેવર એટલે શરીર) . 'તેની છાતી ઉપર ક્રીડા કરતા બાલકને' એમ આગળ શ્લોક ૧૮માં કહે છે, તેથી તે રમત રમવાનું સ્થાન થવાથી તેને ક્રીડા કરવા માટે યોગ્ય સ્થાનની ઉપમા આપેલી છે એવો અર્થ છે. (ટિ)

૧. પૂતનાની જ્ઞાનેન્દ્રિય (આંખ) એવી દુષ્ટ હોવાથી તેને અંધકૂપની ઉપમા આપેલી છે. (ટિ) અંધકૂપ એટલે જે કૂવાની અંદરનું જલ દેખાઈ શકાતું ન હોય તેવો ઊંડો કૂવો. અથવા આંધળા બનાવે (અંદર જોવાથી ફેર આવે) તેવો ઊંડો કૂવો.

૨. 'તત્ર ગુહ્યેન' પાઠ લીધો છે. 'તદ્ગુહ્યેન' પાઠ પણ છે. તેનો અર્થ 'તેનાથી ગુહ્યને લીધે' થાય.

૩. સત્ત્વ, રજસ્, તમસ્, કામ, ક્રોધ, લોભ, મોહ, મદ, અને માત્સર્ય, એ નવ અવિદ્યાના ગુણો દરેક જીવમાં જૂદા જૂદા હોય છે. તે બધાનો સમવાય એટલે તે બધાની એકમાં (પૂતનામાં) સ્થિતિ દર્શાવવા (તેના કલેવરનાં નવ વિશેષણો કહેલાં છે). (પ્ર)

૧. તેથી જ એટલે અવિદ્યા નવ પ્રકારે ભય ઉત્પન્ન કરનારી હોવાથી, આ નવ વિશેષણોથી તે અવિદ્યા હતી એમ જણાવેલું છે, અથવા તેના એવા નવ અવયવોથી સર્વ ભક્તોને તે ભય ઉત્પન્ન કરનારી એટલે ભગવાન્ સંબંધી ભય ઉત્પન્ન કરનારી થઈ. (પ્ર) તેથી જ એટલે તે

નીચેના શ્લોકમાં કહે છેઃ

**સન્તત્રસુઃ સ્મ તદ્વીક્ષ્ય ગોપા ગોપ્યઃ કલેવરમ્ ।।**
**પૂર્વં તુ તન્નિસ્વનિતભિન્નહૃત્કર્ણમસ્તકાઃ ।।૧૭।।**

પહેલાં તો તેના (પૂતનાના) અવાજથી જેઓનાં હૃદય, કાન અને માથાં ફાટી ગયાં હતાં તેવા ગોપો અને ગોપીઓ (તેવા) તે કલેવરને બરાબર જોઈને ઘણો જ ભય પામ્યાં. ૧૭.

'સંતત્રસુઃ' એટલે સારી રીતે(ઘણો જ) ભય પામ્યાં. 'સ્મ' શબ્દ એ વાત પ્રસિદ્ધ હતી, એમ જણાવવા યોજેલો છે. 'ભગવાન્ સમીપ હોવાથી ભય થયો નહિ હોય' એવી શંકા થાય, તેથી 'બરાબર જોઈને' એમ પ્રમાણ કહી, 'ભય પામ્યા' એમ કહેલ છે. પહેલાં અજ્ઞાનને લીધે એવો ભય થયો ન હતો, પરંતુ બરાબર કલેવર જોયું એટલે ભય થયો એમ કહેલ છે. 'ગોપો અને ગોપીઓ' શબ્દોથી તેઓ પહેલાં મુગ્ધભાવવાળાં(મોહ પામેલાં) હોવાથી, તેમણે હવે પૂતનાના કલેવરને બરાબર જોયું એમ જણાવેલ છે. કલેવર એટલે મરણ પામેલ શરીર[2].

'એટલા વખત સુધી[3] તેઓએ ક્લેવરને કેમ જોયું નહિ ?' એવી શંકા થાય, તેનો નિરાસ આ શ્લોકના ઉત્તરાર્ધમાં કરે છે. પહેલાં તો તેના અવાજથી એટલે રુદનના અવાજથી તેઓનાં હૃદય, કાન અને માથાં ફાટી ગયાં હતાં (તેથી પહેલાં તેઓ જોઈ શકેલ નહિ). (રુદનનો અવાજ) ઘણોખરો (ઘણા ભાગે) તામસ[4] હોવાથી, (ભયથી દુઃખી થએલા) ત્રણ પ્રકારના (સાત્ત્વિક) અવયવોનું સર્વત્ર નિરૂપણ કરેલું છે. ૧૭.

એવી રીતે તેના રૂપ(આકાર, કદ)નું (તેના) કાર્ય સાથે[1] નિરૂપણ કરી, તેઓએ (ગોપો અને ગોપીઓએ) પોતાના કરતાં ભગવાનને ઉત્તમ[2] જોયા એમ કહેવા, પૂતનાના હૃદય ઉપર રહેલા ભગવાનનું નીચેના શ્લોકમાં વર્ણન કરે છેઃ

**બાલં ચ તસ્યા ઉરસિ ક્રીડન્તમકુતોભયમ્ ।।**
**ગોપ્યસ્તૂર્ણં સમભ્યેત્ય જગૃહુર્જાતસંભ્રમાઃ ।।૧૮।।**

અને બાલક (શ્રીકૃષ્ણ)ને તેની છાતી ઉપર નિર્ભય (રહીને) ક્રીડા કરતા

---

અવિદ્યા હોવાથી જ તેવા નવ અવયવોથી ભય ઉત્પન્ન કરનારી થઈ.

૨. કલેવરનો અર્થ શરીર છે. પણ અહિં તે મરણ પામેલ શરીર માટે યોજાએલ હોવાથી 'મરણ પામેલ શરીર' અર્થ કરેલ છે. (પ્ર)

૩. એટલા વખત સુધી એટલે પૂતનાએ તેનું પોતાનું રૂપ ધારણ કર્યું ત્યારથી અત્યાર સુધી; કારણ કે તે પહેલાં તો તેનું માયિકરૂપ હતું.

૪. રુદનનો અવાજ સાત્ત્વિકોને ઉપદ્રવ કરનારો હોવાથી ઘણોખરો તામસ છે. (પ્ર)

૧. કાર્ય સાથે એટલે તે રૂપના કાર્ય (રૂપથી થએલ) ત્રાસ સાથે. (લે)

૨. ઉત્તમ એટલે નિર્ભય, ભયરહિત. (પ્ર, લે)

(જોઈને), ગોપીઓએ ઝડપથી સમીપ આવી (તેમને) ઉપાડી લીધા અને (મનમાં) ભયભીત થઈ. ૧૮.

આટલી મોટી પૂતનાનો સંહાર કરવા માટે પણ ભગવાને પોતાનું રૂપ (કદ) મોટું ન કર્યું. તેથી જ અવસ્થા (વય) અને સાધનથી વિરુદ્ધ કાર્ય (કરેલાં) હોવાથી શ્રીકૃષ્ણાવતારનું ચરિત્ર ઘણું જ અલૌકિક છે. 'ચ' 'અને' શબ્દનો અર્થ એવો છે કે તેઓએ બાલકને જોયો અને પૂતનાને જોઈ. અથવા અહિં 'ચ' શબ્દ પોતાના જેવો ધર્મ (ત્રાસ) (ભગવાનમાં) નથી, એમ દર્શાવવા 'તુ' 'તો' ના અર્થમાં યોજાએલો છે. 'તેની છાતી ઉપર ક્રીડા કરતા' શબ્દોથી એમ સૂચવેલું છે કે (ભગવાન્) સર્વના હૃદયમાં અને બહાર (હૃદય ઉપર) પણ ક્રીડા કરે છે; કારણ કે તે (પૂતનાનું હૃદય) લોકની દષ્ટિ પ્રમાણે ક્રીડા કરવાનું સ્થાન નથી. (ભગવાન્) તેના ઉપર મુગ્ધભાવથી (અજ્ઞાનથી, અણસમજથી) પણ ક્રીડા કરતા ન હતા, (કારણ કે) તેમ (મુગ્ધભાવથી ક્રીડા કરતા) હોય તો અપરિચિત (પૂતનાના રાક્ષસીરૂપ)ને જોવાથી ભયનું પ્રદર્શન કરત, પરંતુ તેવું કાંઈ ન હતું એમ 'નિર્ભય રહીને' શબ્દથી કહેલું છે.

'બરાબર જોઈને ઘણો જ ભય પામ્યાં' એમ ગયા શ્લોકમાં કહ્યું છે, તેની જ સાથે જ સંબંધ છે[3]. ((પૂતનાને) અને બાલકને તેની છાતી ઉપર ક્રીડા કરતા બરાબર જોઈને ત્રાસ પામ્યાં); અથવા 'જોઈને' સાથે જ સંબંધ છે[3]. (અને બાલકને તેની છાતી ઉપર ક્રીડા કરતાં જોઈને (ગયા શ્લોકમાં 'વીક્ષ્ય' શબ્દ છે, તેનો અર્થ જોઈને) ગોપીઓએ ઝડપથી સમીપ આવી...), કારણ કે ('ત્રાસ પામ્યાં' સાથે સંબંધ લઈએ તો) ત્રાસનો વિષય (જેના માટે ત્રાસ અટલે દુઃખ થાય છે તે) બદલાઈ જાય છે. (પૂતનાના) કલેવરને જોવાથી જે ત્રાસ થયો તે પોતાના સંબંધવાળો ત્રાસ થયો (પોતાનું શું થશે એવો ભય થયો), અને ભગવાનને (પૂતનાની છાતી ઉપર) જોવાથી તો ભગવાનના સંબંધનો (ભગવાન્ બાલકનું શું થશે ? એવો) ત્રાસ થયો.

એવી રીતે (ભગવાનને) જોઈને ગોપીઓએ જે કર્યું તે આ શ્લોકના

---

૩-૩. 'બાલકને જોઈને ત્રાસ પામ્યાં' એમ ગયા શ્લોકના ક્રિયાપદ સાથે સંબંધ છે, અથવા 'બાલકને જોઈને ગોપીઓએ સમીપ આવી ઉપાડી લીધા' એમ શ્લોક ૧૭માં 'વીક્ષ્ય' 'જોઈને' પદ છે તેથી સાથે જ ('બાલં' શબ્દનો) સંબંધ છે, અહિં શ્રીસુબોધિનીમાં 'દષ્ટ્વા' પદ લખ્યું છે તે 'વીક્ષ્ય' માટે જ લખેલ છે કારણ કે પાછલા શ્લોકમાં 'દષ્ટ્વા' પદ નથી. પણ તેના જ અર્થનું 'વીક્ષ્ય' પદ છે. આ પાછલો 'વીક્ષ્ય' સાથેનો જ સંબંધ વધારે યોગ્ય છે, તેનું કારણ એ છે કે પહેલાં કહેલો 'તત્રસુઃ' સાથે સંબંધ લેવાથી પૂતનાને જોવાથી અને બાલકને જોવાથી જે ત્રાસ થાય તેના વિષયો જૂદા છે. (પ્ર, લે, યો.)

ઉત્તરાર્ધમાં કહે છે. ગોપો કરતાં ગોપીઓનો (ભગવાન્ માટેનો) સ્નેહ અથવા સાહસ વધારે હતાં, તેથી તેઓ ગોપીઓ જ (ભગવાનને) લઈ લેવા પ્રવૃત્ત થઈ. તેથી જ તેઓએ વિચાર કર્યા વિના ઝડપથી સમીપ આવી (તેમને) ઉપાડી લીધા. ભગવાનને ઉપાડી લીધા પછી તેઓ ભયભીત થઈ. પૂતનાનો (મોટો) દેહ અને (તેની સાથે) ભગવાનનો સંબંધ જોઈને, 'આ મોટો ઉત્પાત થયો' એમ તેમના મનમાં ભય ઉત્પન્ન થયો. ૧૮.

**યશોદારોહિણીભ્યાં તાઃ સમં બાલસ્ય સર્વતઃ ||**
**રક્ષાં વિદધિરે સમ્યગ્ ગોપુચ્છ ભ્રામણાદિભિઃ ||૧૯||**

સારી રીતે ગાયનું પુચ્છ ફેરવીને વિગેરે (ઉપાયો)થી યશોદા અને રોહિણી સાથે તેઓએ સર્વ રીતે બાલકની રક્ષા કરી. ૧૯.

પછી તેઓ સ્વતંત્રતાથી (પોતાની મેળે) કાંઈ કરવાને શક્તિવાળી નહિ હોવાથી યશોદા અને રોહિણી સાથે તેઓ મળી (ભેગી થઈ). યશોદા અને રોહિણી સ્ત્રીપ્રકૃતિવાળા હતા તેથી, ગોપીઓ અગ્નિકુમાર હોવાથી ઋષિઓ હતી તેથી, ગોપો તે તેના અભિમાની દેવ હતા તેથી, (અને) તેઓમાં (તે ગોપીઓમાં) પણ જે માત્ર ભગવાનની ઉપાસના કરનારી હતી તેઓને ગોપોનો સંબંધ ન હતો તેથી, (ગોપીઓ રક્ષણના) ઉપાયના મંત્રો (તથા તેમના દ્રષ્ટા) તરીકે પ્રસિધ્ધ હતી તેથી તેમને 'તેઓ' કહેલી છે[1].

૧. 'માતાઓ અને ગોપો હાજર હતા, છતાં ગોપીઓએ જ કેમ રક્ષા કરી ?' એવી શંકા થાય, તેથી શ્લોકમાં 'તાઃ' 'તેઓ' કહેલ છે, તેનું અહિં તાત્પર્ય જણાવેલું છે. માતાઓ સ્ત્રીપ્રકૃતિવાળી હતી. ગોપીઓ ઋષિરૂપ હતી અને ગોપો અભિમાનવાળા હોવાથી (માત્ર) પ્રેરક હતા. કેટલીક ગોપીઓને (ગોપોનો) સંબંધ ન હતો તેથી તેઓ જ જે મંત્રો આગળ કહેવામાં આવશે તેની દષ્ટા હતી. શ્રીકૃષ્ણોપનિષદમાં દેવોએ ભગવાનને પ્રાર્થના કરી છે કે 'અમને ગોપો અને સ્ત્રીઓ બનાવો.' તેથી ગોપીઓ અને ગોપો દેવ જ હતા. વળી તે જ ઉપનિષદમાં 'ગોપીઓ અને ગાયો ઋચાઓ (વેદના મંત્રો) છે' એમ કહેલું હોવાથી કેટલીક ગોપીઓ વેદની ઋચાઓ છે. વળી બૃહદ્વામનપુરાણમાં સામાન્ય રીતે શ્રુતિઓને અગ્નિપુત્ર પણ કહેલ છે અને ઋષિરૂપ પણ કહેલ છે. આવી રીતે ગોપીઓ જૂદા જૂદા પ્રકારની હોવાથી ગોપીઓ અગ્નિપુત્ર હતી. તેઓમાંની કેટલીકને ગોપોનો સંબંધ હતો અને કેટલીકને ન હતો, કેટલીક માત્ર ગોપોની સ્ત્રીઓ જ હતી અને કેટલીકના પતિ ભગવાન્ હતા, એ પ્રમાણે ગોપીઓ જૂદા જૂદા પ્રકારની હતી એમ માનવામાં કાંઈ વિરોધ નથી. (પ્ર)

પહેલાંના (૧૮મા) શ્લોકમાં 'ગોપીઓ' પદ આવેલું છે છતાં અહિં 'તાઃ' 'તેઓ' કહેલું છે, તે તેમની પ્રસિદ્ધિ જણાવવા માટે જ યોજેલું છે. એમ ન હોય તો તે નિરર્થક થાય. આ રક્ષા કરવામાં યશોદા અને રોહિણી સ્ત્રીપ્રકૃતિવાળા હોવાથી પ્રધાન ન હતાં. ગોપીઓ બે પ્રકારની હતી, (૧) કુમારિકાઓ અને (૨) શ્રુતિરૂપ. તે પૈકી કુમારિકાઓ અગ્નિકુમાર હોવાથી ઋષિરૂપ હતી અને તેથી તેમને ગોપોનો સંબંધ ન હતો. શ્રુતિરૂપ ગોપીઓને પણ

અથવા 'યશોદા અને રોહિણી સાથે તેઓએ બાલકની રક્ષા કરી' એવો સંબંધ[૨] લેવો. (આ અર્થમાં) 'સમ' શબ્દ 'સાથે'ના અર્થમાં યોજાએલો છે, અને

---

ગોપોનો સંબંધ ન હતો કારણ કે તે ગોપો તો માત્ર તે તે ગોપીના અભિમાનવાળા દેવ જ હતા, પરંતુ વસ્તુતઃ તેઓને ગોપીઓનો સંબંધ ન હતો. શ્રુતિરૂપ ગોપીઓમાં પણ કેટલીક અનન્યપૂર્વા (કોઈની પત્ની નહિ થએલી) હતી અને તેમને તો અભિમાનવાળા ગોપોનો પણ સંબંધ ન હતો. તેથી વસ્તુતઃ કોઈ ગોપીને ગોપનો સંબંધ નહિ હોવાથી, અને રક્ષાના મંત્રો ઉચ્ચારવાના કામના સંબંધમાં જેવી હોય તેવી પ્રસિદ્ધિ જ કહેવાની હોવાથી, શ્રુતિરૂપ ગોપીઓને રક્ષાના ઉપાયરૂપ મંત્રો અને અગ્નિકુમાર (કુમારિકા)ને તે મંત્રોના દૃષ્ટા કહેલી છે; કારણ કે ગોપીઓમાં કેટલીક અગ્નિકુમાર હોવાથી ઋષિરૂપ હતી અને બીજીઓમાં ગોપોનું દેવ તરીકે અભિમાન હતું. તેથી ગોપીઓ રક્ષાના ઉપાયના મંત્રોરૂપ હતી અને તે મંત્રોની દૃષ્ટા હતી એવો અર્થ લેવો.

શ્રુતિરૂપ ગોપીઓ મંત્રરૂપ હતી. જે જે મંત્રના જે જે દેવો હતા તે તે દેવ ગોપ થઈ તે તે મંત્રરૂપ ગોપીના પતિ થએલા. તેમનું તો માત્ર તે તે મંત્રોમાં અભિમાન જ હતું. વસ્તુતઃ સર્વ મંત્રોના અધિપતિ ભગવાન જ છે. વેદના બ્રાહ્મણ ભાગમાં દેવો નહિ હોવાથી, તે ભાગવાળા મંત્રોરૂપ ગોપીઓને માત્ર ભગવાનની ઉપાસના કરનારી કહેલી છે એમ જાણવું. (લે)

શ્રુતિરૂપ ગોપીઓના પતિ તરીકે જે ગોપો પ્રસિદ્ધ થએલ તે પતિ ન હતા પણ તે તે મંત્રોના અભિમાની દેવરૂપ ગોપો જ હતા. પતિ તો માત્ર ભગવાન જ છે. તેથી જ ભા.૧૦।૩૦।૩૮ પરનાં ટિપ્પણીમાં ગોપોને તો ગોપીઓ પોતાની બાજુમાં રહી હતી તેવું માત્ર અભિમાન જ હતું એમ કહેલું છે. જેમ એ પ્રમાણે ગોપોને રાસોત્સવ સમયે અભિમાન હતું તેવું જ તેમને સદાય ભોગનું અભિમાન જ હતું, પરંતુ વસ્તુતઃ ગોપોએ પોતાની પત્નીઓનો ભોગ કરેલો નથી; કારણ કે તેઓ માત્ર ભગવાનથી જ ભોગ્ય હતી, એવો સત્તરમા અધ્યાયના પ્રસંગમાં સિદ્ધાંત જણાવેલ છે.(યો)

'ત્યારે તેઓએ ગોપોને પતિ તરીકે કેમ સ્વીકારેલા ?' એવી શંકા થાય, તો જાણવું કે પરકીયા(પારકી સ્ત્રી)ના (ભગવાનના) રસનું પોષણ કરવા તેમણે ગોપોને પતિ તરીકે સ્વીકારેલા અનન્યપૂર્વા અગ્નિકુમારરૂપ ગોપીઓને માત્ર ભગવાનની ઉપાસના કરનારી કહેલી છે.

અનન્યપૂર્વા ઋષિરૂપ ગોપીઓને તો ગોપોનો સંબંધ ન હતો એ સ્પષ્ટ જ છે. શ્રુતિરૂપા ગોપીઓ અન્યપૂર્વા (ગોપોને જેમણે પતિ સ્વીકારેલા તેવી) હતી. છતાં ગોપોમાં માત્ર તેઓના પતિપણાનું અભિમાન જ હતું. તેથી તેમને ગોપોનો સંબંધ ન હતો. શ્રુતિરૂપાઓમાં પણ કેટલીક અનન્યપૂર્વા હતી એમ કેટલાક (લેખકાર) કહે છે. તે પ્રમાણે હોય તો તેમને ગોપોનો સંબંધ ન હતો જ. આ પ્રમાણે સર્વ ગોપીઓ ગોપના સંબંધ વિનાની હતી, એમ સૂચવવા આ શ્લોકમાં 'તાઃ' 'તેઓ' એમ તેમની પ્રસિદ્ધિ જણાવેલી છે. એમ ન હોય તો આ પહેલાંના શ્લોકમાં 'ગોપીઓ' પદ આવેલ હોવાથી અહિં આ પદ યોજત નહિ. (યો)

૨. માતાઓ સ્ત્રીપ્રકૃતિવાળી હોવા છતાં રક્ષા કરવામાં તે પ્રધાન (મુખ્ય) ન હોય તે યોગ્ય નથી, એમ જણાય તેથી આ બીજો અર્થ કરેલ છે. (લે) આ અર્થ પ્રમાણે માતાઓ સાથે ગોપીઓએ બાલકની રક્ષા કરી. એમ થવાથી, માતાઓ અને ગોપીઓ બંનેનું રક્ષા કરવામાં

'સમમ્' એ અવ્યય છે.

'આ ભગવાન્ છે, એમ જાણીને (જાણવા છતાં) તેઓએ રક્ષા કેમ કરી?' એવી શંકા થાય, તેથી 'બાલકની' પદ યોજેલું છે. (તેઓએ રક્ષા કરી) કારણ કે ભગવાને બાલભાવ ધારણ કર્યો હતો. તેથી જેમ બીજા (બાલકના) ઉપચારો (તેમને) કરવામાં આવતા હતા તેમ આ પણ કરવું જોઈએ એવો અર્થ છે. 'સર્વ રીતે' એટલે જેમ કોઈપણ અંશથી અંદર (દેહની અંદર) અથવા બહાર (કોઈપણ) અનિષ્ટનો સંબંધ ન થાય તેવી રીતે. 'રક્ષા' એટલે મંત્રોથી (દેવોના) આહ્‌વાનરૂપ અમુક પ્રકારનું કર્મ, (આ તેઓએ) કર્યું. 'સારી રીતે' (કર્યું) એટલે આધિદૈવિક પ્રકારથી તે તે દેવતાનું તે તે સ્થાનમાં સ્થાપન કર્યું એવો અર્થ છે. આરંભમાં (બાલકમાં) રહેલ અથવા તેમની આસપાસ રહેલ આધિભૌતિક વિગેરે ત્રણ પ્રકારના દૈત્યના સંબંધને ગાયનું પુચ્છ ફેરવીને વિગેરે (ઉપાયો)થી દૂર કર્યો. આધિભૌતિક અનિષ્ટ તીર્થમાં સ્નાન વિગેરે (કરવા)થી જાય છે. ગાયના પુચ્છોમાં તીર્થો હોય છે. તેઓને (પુચ્છોને) ફેરવતાં મંત્રથી તેમાં રહેલાં તીર્થોનું આસપાસ સ્થાપન થાય છે. 'આદિ' 'વિગેરે' શબ્દથી એમ જણાવેલ છે, કે મંત્ર અને ધ્યાન બીજાં બે (આધ્યાત્મિક અને આધિદૈવિક અનિષ્ટ)ને[3] દૂર કરનારાં છે. એવી રીતે એક પ્રકારથી લોકમાં પ્રસિદ્ધ પરંપરાથી પ્રાપ્ત થએલી બહારની રક્ષા કરી. ૧૯.

(ગોપીઓ ઋષિઓ હોવાથી) પોતાના ઋષિ તરીકેના જ્ઞાનથી પણ સિદ્ધ થએલી રક્ષા (તેમણે કરી, એમ) નીચેના શ્લોકમાં કહે છેઃ

**ગોમૂત્રેણ સ્નાપયિત્વા પુનર્ગોરજસાર્ભકમ્ ।।**
**રક્ષાં ચક્રુઃ સશકૃતા દ્વાદશાંગેષુ નામભિઃ ।।૨૦।।**

બાલકને ગોમૂત્રથી અને ફરીથી ગોરજથી નવરાવી, છાણસહિત ગોરજથી (તેમના) બાર અંગોમાં (ભગવાનનાં) નામોથી રક્ષા કરી. ૨૦.

બાલક શ્રીકૃષ્ણને તેવી જ રીતે ગોમૂત્રથી સ્નાન કરાવી[1], ફરીથી

---

પ્રધાનપણું થયું. પહેલા અર્થ પ્રમાણે ગોપીઓ માતાના ભેગી મળી, પછી તેઓએ (ગોપીઓએ) રક્ષા કરી એમ થાય. એટલે રક્ષા કરવામાં માતાઓનું ગૌણપણું (માત્ર હાજરી જ) રહી.

૩. આધ્યાત્મિક અને આધિદૈવિક રાક્ષસોના સંબંધને. (લે) ભાષાંતરમાં પ્રકાશ પ્રમાણે 'અનિષ્ટ' શબ્દ મૂકેલ છે.

૧-૧. 'પહેલાં ભગવાનના પ્રાકટ્ય સમયે ગોપીઓએ આત્માને શણગારેલો હતો (૧૦।૫।૯) તેઓએ હવે તેમને ગોમૂત્રનો સંબંધ કેમ કરાવ્યો ?' એવી શંકા થાય, તેથી 'બાલક' પદ યોજેલું છે. પ્રિયને જ્યારે દુષ્ટનો સંબંધ થાય ત્યારે ઘણું વૈક્લવ્ય થવાથી સર્વ ભૂલી જવાય, અને જેમ તેમ અમંગલ હટી જાય તેવી ઈચ્છા થાય. સ્નેહનો એવો સ્વભાવ જ છે કે તેમ સદા થાય જ; તો પછી પ્રિય બાલક હોય તો તો એમ થાય એમાં સંદેહ જ રહે નહિ; એમ

જણાવવા અહિં 'બાલક' પદ યોજેલું છે. અહિં શંકા જણાવી શ્રીમદાચાર્યચરણ આ જ કહે છે. બીજા સાધારણ બાલકો પેઠે તે સમયને યોગ્ય રૂપનાં દર્શનના અભિપ્રાયથી આ પદ યોજેલું છે એવી શંકા કરવી નહિ, કારણ કે આ સાધારણ બાલક હોવાની શંકા તો પહેલાં જ 'નિર્ભય રહીને ક્રીડા કરતા' એમ શ્લોક ૧૮માં કહેલું હોવાથી રહેતી જ નથી.

પૂર્વપક્ષીઃ સ્નેહને લીધે ગોપીઓએ રક્ષા કરી એ સાચું, પણ તે રક્ષાનો ઉપયોગ શું ? એ વિચારવું જોઈએ; દોષો મટાડવા રક્ષા કરી એમ ન કહી શકાય, કારણ કે ભગવાનમાં દોષો હોય જ નહિ. દોષોનો કોઈ ભગવાનમાં આરોપ ન કરે તે માટે રક્ષા કરી એમ પણ ન કહેવાય, કારણ કે તેવો આરોપ કોઈ કરશે એવા ભ્રમથી કરેલી રક્ષાનું મૂલ (કારણ) ભ્રમ હોવાથી તે રક્ષા અપ્રામાણિક ગણાય. એમ થાય તો ભક્તિમાર્ગીય ભજનમાત્ર તેવું (અપ્રામાણિક) થવાથી મોટો અનર્થ થાય. (ભગવાનમાં સ્નેહ હોવાથી તેમ થતું હોવાથી) સ્નેહ ભ્રમ ઉત્પન્ન કરાવનાર થવાથી દોષ જ ગણાય. સ્નેહ દોષ છે એમ પણ ન કહેવાય, કારણ કે એમ હોય તો બધાં પ્રમાણોનો વિરોધ આવે. એ (સ્નેહનું પ્રતિપાદન કરનારાં) પ્રમાણો બીજા માર્ગને (ભક્તિ સિવાયના કર્મ, જ્ઞાન વિગેરે માર્ગને) લાગુ પડે છે એમ પણ ન કહેવાય, કારણ કે સર્વ સ્થલે સ્નેહનો જ અર્થ 'ભક્તિ' કરેલો છે.

(એકપક્ષી): અહિં તો ગમે તે પ્રકારે નિરોધ કરવાનો છે. ભગવાનની રક્ષા કરવાથી, અમુક પ્રકારનો (ભગવાનમાં) આસક્તિરૂપ નિરોધ સિદ્ધ થાય છે, તેથી ગોપીઓએ રક્ષા કરી તેમાં કાંઈ અયોગ્ય નથી.

પૂર્વપક્ષીઃ એમ હોય તો, જેમ માલા ચંદન વિગેરે દેહ વિગેરેના અધ્યાસરૂપ અજ્ઞાનનાં મૂલ હોવાથી તજવા યોગ્ય ગણાએલાં છે તેમ લીલારસ પણ અજ્ઞાનનું મૂલ થવાથી તજવા યોગ્ય જ થાય. પરંતુ તેને તો ભક્તિમાં સર્વત્ર મોક્ષથી પણ અધિક જણાવેલ છે, તેથી એમ પણ કહી શકાય તેમ નથી.

સિદ્ધાંતીઃ જ્યારે ભગવાનના માહાત્મ્યનું જ્ઞાન હોય છે ત્યારે પણ ભગવાનમાં સ્નેહ હોવાથી ઉત્પન્ન થએલ 'ભાવ' હોય છે. તેથી સ્નેહથી ઉત્પન્ન થએલ ભાવ અજ્ઞાનથી થએલ નથી. (કારણ કે તે ભાવ હોય છે ત્યારે ભગવાનના માહાત્મ્યનું જ્ઞાન પણ હોય છે.) જુઓ દેવકીજીની સ્તુતિ (૧૦-૩।૨૮।૨૯). (તેમાં શ્લોક ૨૮માં દેવકીજી ભગવાનના માહાત્મ્યનું નિરૂપણ કરે છે, અને શ્લોક ૨૯માં ભગવાનમાં સ્નેહ હોવાથી ઉત્પન્ન થએલ ભાવ જણાવે છે). તેથી જ્ઞાન અને ભક્તિ એક સાથે હોય તો પણ સ્નેહનું કાર્ય (સ્નેહથી થતો ભાવ) સંભવે છે. તેથી જ્ઞાનમાર્ગના જ્ઞાન કરતાં સ્નેહ વધારે બલવાન છે, એમ જણાય છે. વળી 'તે પરાવર(સર્વત્ર રહેલ ભગવાન)નું દર્શન થતાં આની હૃદયની ગ્રંથિ ભેદાય છે; સર્વ સંશયો છેદાય છે અને કર્મોનો ક્ષય થાય છે' વિગેરે શ્રુતિઓ પ્રમાણે જેઓને શાસ્ત્રોનું જ્ઞાન થયા પછી ભગવાનનો સાક્ષાત્કાર થાય, તેઓમાં ભ્રમ હોવાની સંભાવના પણ કરી શકાય નહિ. તેથી સ્નેહથી ઉત્પન્ન થએલો ભાવ ભ્રમ નથી, એમ જ સર્વથા માનવું જોઈએ. આમ હોવાથી ભગવાનમાં (તે સમયે) રક્ષાનો વિષય (બાલભાવ) હતો જ એમ કહેવું જોઈએ. અહિં પણ પાછળ શ્લોક ૬માં કહેલું છે, કે ગોપીઓએ તેને પોતાના પતિનાં દર્શન કરવા આવેલી લક્ષ્મી જ માની. તેથી આ બાલક ભગવાન્ છે, એમ ગોપીઓ જાણતી હતી જ અને બાલકને ભગવાન્ જાણનારી ગોપીઓએ જ તેમની રક્ષા કરેલી છે એમ જણાય છે. આમ

હોવાથી, જે સ્ત્રીનો એક પુરુષમાં 'પુત્રભાવ' હોય તે તેને જુએ ત્યારે તેને વાત્સલ્ય થાય, અને મારા ધાવણથી આ ઉછરેલો છે, અને મારે આનું પોષણ કરવાનું છે, એવો તેને ભાવ થાય છે; અને તે જ પુરુષમાં જે સ્ત્રીનો 'પતિભાવ' હોય તે તેને જુએ ત્યારે તેનામાં અમુક પ્રકારના વિનય સહિત રસભાવ થાય છે, અને મારા આલોક અને પરલોકનો નિર્વાહ કરનાર આ (પુરુષ) છે, એવો ભાવ થાય છે; અને જે સ્ત્રીનો તેનામાં 'જારભાવ' હોય તે તેને જુએ ત્યારે તેના દરેક અંગમાં આ મારા રસનું પોષણ કરનાર છે એવું જ્ઞાન હોવાથી, હિંમતપૂર્વક જાતજાતના રસભાવો ઉત્પન્ન થાય છે; અને તે પુરુષમાં પણ તેને અનુકૂલ ભાવો ઉત્પન્ન થાય છે.આ બધા ધર્મો જે જૂદા જૂદા ભાવવાળી સ્ત્રીને એક જ પુરુષમાં દેખાય છે, તે તેનામાં નથી એમ કહી શકાય નહિ, કારણ કે એમ કહેવું એ અનુભવથી વિરુદ્ધ છે. તેથી તે બધા ધર્મો તેનામાં છે, પણ તે જૂદા જૂદા ભાવથી પ્રાપ્ત થાય તેવા હોવાથી, જેનો જેવો ભાવ હોય તેને તેવા ધર્મો દેખાય છે. તેવી જ રીતે ભગવાનમાં સ્નેહભાવ હોવાથી જ સ્ફુરે તેવા જે ધર્મો છે તે ભગવાનમાં રહેલા જ છે, અને જેમનો તેમનામાં સ્નેહભાવ છે તેમને જ સ્ફુરે છે. તેમાં ભ્રમ હોવાની જરા પણ શંકા નથી.

વળી ૧૦।૯।૧૩માં કહેલું છે કે ભગવાન્ કોઈપણ પદાર્થથી બાંધી શકાય તેવા નથી. એ જ ગુણોવાળા ભગવાન્ પછી દોરડાંથી બંધાય છે. તેથી ભગવાન લોકથી જૂદા છે અને જ્ઞાનપ્રકરણમાં તેમના જે ધર્મો કહેલા છે તેથી વિપરીત લીલારૂપ ધર્મો પણ તેમના માહાત્મ્યનું જ્ઞાન ઉત્પન્ન કરનારા પ્રભુમાં છે. તેથી ગોપીઓ રક્ષા કરે તેમાં કાંઈ અયોગ્યતા નથી. ૧૦।૯।૧૩માં ભગવાનના જે ધર્મો કહ્યા તે ધર્મવાળાને ધાવણથી તૃપ્તિ થાય અને ધાવણ ન મળતાં તૃપ્તિ ન થાય એવું ન બને, છતાં યશોદાજી તેમને તૃપ્તિ થયા વિના જ તજીને ઉતાવળથી ગયાં, એમ ૧૦।૯।૫માં કહેલું છે. આનું પણ એ જ કારણ છે (કે જ્ઞાન પ્રકરણમાં ભગવાનના જે ધર્મો કહેલા છે, તેથી વિપરીત લીલાધર્મો પણ ભગવાનમાં છે).

વળી જેનો જેવો અધિકાર તેને તેવું બ્રહ્મનું સ્વરૂપ શાસ્ત્ર જણાવે છે. જ્ઞાનમાર્ગીઓને ભકિતના રસનું દાન નથી અને માત્ર મોક્ષનું દાન છે. તેથી રસાત્મક બ્રહ્મના ધર્મોનો તેમને બોધ કરવાનું કાંઈ પ્રયોજન નથી, તેથી એ ધર્મોનું જ્ઞાનમાર્ગમાં શાસ્ત્ર નિરૂપણ કરતું નથી. જ્ઞાનમાર્ગમાં શાસ્ત્ર એ ધર્મોનું નિરૂપણ કરતું નથી, તેથી જ્ઞાનમાર્ગમાં જે બ્રહ્મના ધર્મોનું શાસ્ત્રમાં નિરૂપણ કરેલું છે તે સિવાય બીજા કોઈ ધર્મો બ્રહ્મમાં નથી એમ સિદ્ધ થતું નથી. જેઓને તે લીલાના ધર્મો જણાવવાનું પ્રયોજન છે તેઓને (ભગવાન્) તે ધર્મો જણાવે છે. તેથી વ્રજસીમંતિનીઓને તે જણાવેલા છે. તે ધર્મો ભગવાનમાં સ્નેહ ઉત્પન્ન થતાં પોતાની મેળે અનુભવાય છે. તેથી તે ફલરૂપ હોવાથી સાધન(જ્ઞાન)માર્ગમાં તે કહેલા ન હોય એ યોગ્ય જ છે. જ્ઞાનમાર્ગ કર્મમાર્ગ વિગેરે વેદમાં કહેલા હોવાથી સાધનમાર્ગ છે.

પૂર્વપક્ષીઃ જ્ઞાનમાર્ગનો વિષય અક્ષરબ્રહ્મ છે, તેથી તેમાં લીલાના ધર્મો ન સ્ફુરે એ યોગ્ય છે; પરંતુ ભક્તિમાર્ગીય ભક્તોમાં પણ કેટલાક મોક્ષની ઈચ્છા રાખનારાઓને એ ધર્મો સ્ફુરતા નથી; જેઓને ભગવાનમાં સ્નેહ છે તેઓને સ્ફુરે છે, અને તેમાં જૂદા જૂદા ધર્મો કોઈને થોડા કોઈને વધારે સ્ફુરે છે તેનું શું કારણ ?

સિદ્ધાંતીઃ પાછળ એક જ પુરુષમાં જૂદા જૂદા ભાવવાળી સ્ત્રીઓને જૂદા જૂદા ધર્મો સ્ફુરે છે એમ કહેલું છે, તેથી આ શંકાનું પણ સમાધાન થઈ જાય છે. જેમ આંખ અને નાક

સીમમાંથી ચરીને આવતી ગાયોની સન્મુખ રાખી તેઓની પગની ખરીઓથી ઉડેલ રજથી સ્નાન કરાવ્યું. (ગોમૂત્રથી સ્નાન કરેલું હોવાથી) શરીર ભીનું હોય ત્યારે આખા શરીર ઉપર રજ ચોટી જાય તેથી ફરીથી (ગોરજથી) સ્નાન કરાવ્યું.

'ભગવાનને સંસ્કાર કેમ કરાવે છે ?' એવી શંકા થાય, તેથી 'બાલક'[1] શબ્દ યોજેલો છે. પહેલાં માત્ર મંત્રથી રક્ષા કરેલી, અને હવે દ્રવ્યથી અને મંત્રથી રક્ષા કરે છે, એવો (પહેલાંની અને આ) રક્ષામાં ભેદ છે. 'છાણસહિત ગોરજથી' (રક્ષા કરી) એટલે છાણવાળી ગાયો(ના પગ)ની ખરીની માટી ફરીથી અંગો ઉપર ચોપડી. 'બે સાથળ' વિગેરે શ્રુતિ પ્રમાણે પુરુષના શરીરનાં બાર અંગો હોય છે, અથવા 'લલાટ, બે બાહુનાં મૂળ, હૃદય, નાભિ પાસેનો ભાગ, કંઠ, બે સ્કંધ, કેડ, માથું અને બે સ્તનો એ (બાર ભાગ) બુદ્ધિવાળાઓ જાણે છે'. એ વચન પ્રમાણે શરીરના બાર સ્માર્ત (સ્મૃતિમાં જણાવેલા) ભાગ છે. તેમની રક્ષા નામોથી એટલે ૧.કેશવ ૨.નારાયણ ૩.માધવ ૪.ગોવિંદ ૫.વિષ્ણુ ૬.મધુસૂદન ૭.ત્રિવિક્રમ ૮.વામન ૯.શ્રીધર ૧૦.હૃષીકેશ ૧૧.પદ્મનાભ અને ૧૨.દામોદર એ નામોથી (કરી). એવી રીતે આ બીજી આધ્યાત્મિકી રક્ષાનું નિરૂપણ કર્યું. ૨૦.

ગોપીઓએ (ત્રીજા પ્રકારની) આધિદૈવિક રક્ષા કરી તે કહે છેઃ

**ગોપ્યઃ સંસ્પૃષ્ટસલિલા અંગેષુ કરયોઃ પૃથક્ ।।**
**ન્યસ્યાત્મન્યથ બાલસ્ય બીજૈર્ન્યાસમકુર્વત ।।૨૧।।**

---

બંને નજીકમાં હોવા છતાં, નાકને જ પાસેના પદાર્થની ગંધ આવે છે પણ આંખને ગંધ આવતી નથી, કારણ કે આંખને ગંધ આવે એ યોગ્ય નથી, તેમ અહિં પણ જાણવું. વળી 'તે રસ છે' વિગેરે શ્રુતિઓ પ્રમાણે ભગવાનની લીલા સ્વરૂપાત્મક છે, તેથી તેમાં (લીલા સ્વરૂપાત્મક હોવાથી, તેમાં વિરુદ્ધ ધર્મો જણાય તેમાં) કાંઈ અયોગ્યતા નથી. આ અમે વિદ્વન્મંડનમાં વિસ્તારથી જણાવેલું છે.

વળી 'તેથી અમે બ્રહ્મ જાણનારાઓ પવિત્ર બ્રહ્મને પવિત્ર કરીએ છીએ' વિગેરે શ્રુતિઓમાં બ્રહ્મને પવિત્ર કરવાનું કહેલું છે. આ 'પવિત્ર કરવું' તે માત્ર 'બ્રહ્મપણું વધારે સારી રીતે પ્રકટ કરવું' એ જ છે. અહિં પણ 'તે રસ છે' વિગેરે શ્રુતિઓ પ્રમાણે ભગવાન્ રસાત્મક છે, અને રસ એ અમુક પ્રકારનો ભાવ છે, તેથી ગોપીઓએ રક્ષા કરી તેથી તેમનો અમુક ભાવ ઘણી સારી રીતે પ્રકટ થયો. આ જ રક્ષા કરવાનો ઉપયોગ થયો. જેમ વધારે સુંદરતા દર્શાવવા અલંકારો ધારણ કરવામાં આવે છે તેમ (વધારે સારી રીતે ભાવ પ્રકટ કરવા) ગોપીઓએ ભગવાનની રક્ષા કરી. તેથી જ હમણાં પણ ભગવાન્ પોતાના ભક્તોને 'હું ભૂખ્યો છું અથવા તરસ્યો છું' એમ જણાવે છે. ભગવાને પૂતનાના પ્રાણ સાથે ધાવણનું પાન કરી, તેનામાંથી તેણે હણેલા બાલકોને પોતામાં આણેલા, તે બાલકો ભવિષ્યમાં વિનિયોગ લેવા યોગ્ય થાય તે માટે તેઓને રાક્ષસીના સ્પર્શથી જે દોષ થએલો તે દૂર કરવો જ જોઈએ. તેથી તે દોષનું નિવારણ કરવું, એ પણ સ્વામિનીઓએ રક્ષા કરી તેનું એક પ્રયોજન ભગવાનને ઈષ્ટ હતું એમ પણ જાણવું; કારણ કે ભગવાનની એક લીલા અનેક કાર્યો સાધનારી હોય છે. (ટિ)

ગોપીઓએ સારી રીતે જલનો સ્પર્શ કરી પોતાના અંગો અને કરોમાં (બીજનો) જૂદો જૂદો ન્યાસ કરી, પછી બાલકના (અંગો અને કરોમાં) બીજથી ન્યાસ કર્યો. ૨૧.

પહેલાં (પહેલી આધિભૌતિક રક્ષા શ્લોક ૧૯માં કહી તેમાં) કર્તા[૧] અને કર્મનો[૨] સંસ્કાર કરેલો ન હતો[૩]. મધ્યમાં (વચ્ચે શ્લોક ૨૦માં આધ્યાત્મિક રક્ષા કહી તેમાં) કર્મનો જ સંસ્કાર કર્યો હતો[૪]. ત્રીજીમાં (અહિં કહેવામાં આવે છે તે આધિદૈવિક રક્ષામાં) કર્તાનો પણ સંસ્કાર કરે છે[૫]. પહેલાં પોતાનો (ગોપીઓનો) બે પ્રકારનો (સંસ્કાર) કર્યો, તેનું 'સારી રીતે જલનો સ્પર્શ કરી' શબ્દોથી નિરૂપણ કરેલું છે. આથી (એમ) કહેલું છે કે તેમણે બહારથી (દેહના બહારના ભાગમાં) સ્નાન કર્યું અને અંદર (જલનું) આચમન કર્યું. પછી તેમણે અગીઆર બીજ-મંત્રોનું[૬] પોતામાં સ્થાપન કર્યું. (કારણ કે) દેવતા પોતામાં આવે ત્યારે (તે દેવતાનું) બીજામાં સ્થાપન (પોતાનો) અનુભવ જેમાં સાક્ષી હોય તેવું થાય છે. (બીજામાં સારી રીતે સ્થાપન થયું, એમ પોતાની ખાતરી થઈ શકે છે). અથવા 'ઉત્પન્ન થએલો અગ્નિ' એ મંત્રમાં કહેલું છે કે (કોઈનો) સર્વથી બલવાન દોષ (તજાવવામાં આવે ત્યારે તે દોષ) તજાવનારને પકડે છે. તેથી તેમનામાંથી (ભગવાનમાંથી) કઢાવેલો આધિદૈવિક દોષ પોતાને કદાચ પકડે, તેથી (દોષ પોતાને ન પકડે તે માટે) (પોતામાં બીજમંત્રોનું સ્થાપન કર્યું).

(ગોપીઓએ) પોતાની પણ કરણ અને કર્તાના[૭] ભેદથી બે પ્રકારથી રક્ષા કરી; કારણ કે બારોબાર (સીધો)[૮] કરણોને તથા કર્તાને દોષનો સંબંધ હોવાનો

૧. કર્તા એટલે રક્ષા કરનારી ગોપીઓ. (પ્ર)
૨. કર્મ એટલે જેમની તે રક્ષા કરે છે તે બાલક ભગવાન્. (પ્ર)
૩. શ્લો.૧૯માંમાત્રગોપુચ્છફેરવ્યું,તેમાંભગવાન્અથવાગોપીકોઈનોસંસ્કારથયોનહતો.(યો)
૪. શ્લોક ૨૦માં ગોમૂત્ર વિગેરેથી બાલક ભગવાનને સ્નાન કરાવેલ, તેથી રક્ષાના કર્મ ભગવાનને જ સંસ્કાર કરેલ; ગોપીઓએ પોતાને સંસ્કાર કરેલા ન હતા. (યો)
૫. આ શ્લોકમાં રક્ષા કરનાર ગોપીઓએ પોતાને પણ સંસ્કાર કરેલા છે, પોતે જલથી સ્નાન કર્યું, આચમન કર્યું, (અને પોતામાં પ્રથમ બીજમંત્રોથી દેવતાઓનું સ્થાપન કર્યું) અને ભગવાનને પણ સંસ્કાર કરેલા છે. (યો)
૬. આવતા શ્લોક ૨૨માં કહેવામાં આવશે તે અગીઆર બીજમંત્રોનું. (પ્ર)
૭. અંગો કરણ છે, અને આત્મા(પોતે) કર્તા છે.(ટિ). ગોપીઓ રક્ષા કરતી હોવાથી પોતે કર્તા છે અને તે પોતાના અંગોથી રક્ષા કરે છે તેથી અંગો કરણો(જેનાથી કાર્ય કરવામાં આવે તે સાધન) છે.
૮. 'સાક્ષાત્કરણે' એટલે ખુલ્લી રીતે કરવાથી. (પ્ર) પ્રકાશના આ અર્થ પ્રમાણે 'કર્તરિ' પછી 'ચ' શબ્દ આવે છે તે તદ્દન નિરર્થક થાય છે. તેથી 'સાક્ષાત્'નો અર્થ 'બારોબાર' અથવા 'સીધી રીતે' કરેલ છે. કરણમાં પણ બારોબાર દોષ હોય અને પોતામાં પણ દોષ હોય, તેથી તે બંનેના

સંભવ છે. આ 'અંગોમાં' શબ્દથી કહેલ છે. 'અંગોમાં' એટલે (આવતા શ્લોકમાં) કહેવામાં આવશે તે અંગોમાં [૯], અથવા (ગયા શ્લોકમાં) કહ્યાં તે અંગોમાં તે જ નામોથી [૧૦] (બીજમંત્રોનું સ્થાપન કર્યું).

'કરોમાં' એટલે હથેળી તથા (હાથના) પાછલા ભાગ સહિત જમણા હાથના અંગુઠાથી આરંભી ડાબા હાથના અંગુઠા સુધીની દશ આંગળીઓમાં [૧૧]. અથવા 'જૂદો જૂદો' શબ્દનો 'કરો' સાથે જ સંબંધ છે. આ પ્રમાણે 'આંગળીઓ અને અંગુઠાના ભાગોમાં' એવું વચન હોવાથી, ચાર આંગળીઓનાં (દરેકનાં ત્રણ) પર્વોમાં સ્થાપન થાય છે.[૧૨]

અથવા 'જૂદા જૂદો' શબ્દથી માતૃકાનું સ્થાપન વિગેરે દશ જૂદાં જૂદાં સ્થાપન કહેલાં છે [૧૩]. ગોપીઓએ એ પ્રમાણે પોતામાં દેવતાઓનું સ્થાપન કરી, પોતે સર્વ દેવતાઓના આધારરૂપ થઈ, પછી જૂદા આરંભથી બધા દેવતાઓને બહાર રહેલા કરી(પોતામાંથી બહાર કાઢી), બાલક ભગવાનના અંગોમાં અગીઆર બીજોથી તેઓનું સ્થાપન કર્યું. ૨૧.

મંત્રના બીજો અને દેવતા સ્થાપન કરવાનાં સ્થાનો ગુપ્ત રાખવા યોગ્ય હોવાથી શુકદેવજી નીચેના શ્લોકમાં જૂદા પ્રકારથી[૧] દેવતાની પ્રાર્થના કરવાના રૂપથી સ્તોત્રરૂપ રક્ષા કહે છે[૧]:

---

દોષ મટાડવા કરણ અને આત્માના ભેદથી બે પ્રકારે ગોપીઓએ પ્રથમ પોતાની રક્ષા કરી.

૯. આ પક્ષમાં અંગોમાં બીજમંત્રોનો જ ન્યાસ કરી (તે તે દેવતાનું સ્થાન કહેલ છે). (પ્ર) આવતા શ્લોક ૨૨માં અગીઆર અંગો કહેલાં છે, તેથી અગીઆર બીજમંત્રોનું સ્થાપન કરેલું છે. (લે)

૧૦. કેશવ વિગેરે બાર નામો ગયા શ્લોકનાં સુબોધિનીજીમાં કહ્યાં તેથી, (પ્ર) ગયા શ્લોકમાં ૧૨ અંગો કહેલાં હોવાથી, તે શ્લોક પરનાં સુબોધિનીજીમાં કહેલ કેશવ વિગેરે ૧૨ નામોથી. (લે)

૧૧. બાર નામો કેવી રીતે કર વડે ગણે છે તે જણાવેલ છે.

૧૨. બાર નામો આ બીજી રીતે ગણે છે. અહિં 'કરો' બે હોવા છતાં એક હાથની ચાર આંગળીઓ અને તે દરેકના ત્રણ ભાગ (બે આંકા મધ્યેનો ભાગ) ગણ્યા છે. તેથી એક જ કરથી બાર ગણાય છે. પણ ગોપીઓએ પોતામાં ભગવાનનાં નામોનું સ્થાપન કર્યું ત્યારે એક હાથની આંગળીઓથી ગણત્રી કરી, અને પછી ભગવાનમાં સ્થાપન કર્યું ત્યારે તે જ રીતે બીજા હાથની આંગળીઓથી ગણત્રી કરી એમ લઈએ તો જ 'બે કરો' શબ્દનો અર્થ બરાબર આવે. એવી રીતે કરથી બે પ્રકારે સ્થાપન કર્યાની વિગત કહેલી છે.

૧૩. અંગોમાં સ્થાપન કરવાનો આ જૂદો પ્રકાર કહેલો છે. (પ્ર)

૧. અહિં અમુક દેવતા અમુક અંગમાં રહો (અને રક્ષણ કરો), એમ ગોપીઓએ કહેવાનું છે; પણ તેમ કહેલું નથી; પણ જુદા પ્રકારથી એ વૃત્તાંત શ્રીશુક સ્તુતિરૂપે આગળના વાક્યમાં કહે છે. તેથી અહિં પેટા અર્થ કહેલો છે. આ શ્લોકનો અર્થ આ શ્લોકનાં સુબોધિની પૂરાં થાય છે ત્યાં જણાવેલો છે. (લે)

**અવ્યાદ્ અજોંઘ્રિમણિમાંસ્તવ જાન્વથોરૂ યજ્ઞોઽચ્યુતઃ કટિતટં જઠરં હયાસ્યઃ।।**
**હૃત્કેશવસ્ત્વદુર ઈશ ઈનસ્તુ કંઠં વિષ્ણુર્ભુજં મુખમ્ ઉરુક્રમ ઈશ્વરઃ કમ્ ।।૨૨।।**

અજ ચરણનું રક્ષણ કરો, અણિમાન્ તમારા ઢીંચણોનું રક્ષણ કરો, વળી યજ્ઞ સાથળોનું, અચ્યુત કેડનું, હયાસ્ય ઉદરનું, કેશવ હૃદયનું, ઈશ તમારી છાતીનું, ઈન તો કંઠનું, વિષ્ણુ ભુજાનું, ઉરુક્રમ મુખ અને ઈશ્વર મસ્તક નું રક્ષણ કરો. ૨૨.

વૈષ્ણવતંત્રમાં ભગવાનનાં અગીઆર રૂપો મૂલથી (ઘણા જૂના સમયથી) પ્રસિદ્ધ છે. બીજાં (આ અગીઆર સિવાયનાં) રૂપો શક્તિવાળાં નથી, અથવા નજરાણાં તરીકે તેમનામાં સામર્થ્યનું આરોપણ કરેલું હોય છે (જરૂર પડે ત્યારે તેમનામાં સામર્થ્ય મૂકેલું હોય છે).

૧. તેમાં (આ અગીઆર રૂપોમાં) પ્રથમ અજ છે. અજ એટલે જે જન્મતા નથી, એટલે વિકારરહિત મૂલરૂપ છે તે, એમ થયું. તે અક્ષરરૂપ છે. તે અક્ષરરૂપ ભગવાન્ ચરણનું રક્ષણ[2] કરો. આ ચરણ આધ્યાત્મિક છે[3], 'અંતર્યામી ના અવતાર વિગેરે રૂપ થાય ત્યારે આ ચરણ થાય છે' એમ નિરૂપણ કરેલું હોવાથી તે તો આધિદૈવિક છે.

૨. પછી તે (અજ) જ સર્વ જેની ઉપાસના કરે છે તેવા રૂપવાળા થતાં જાણી ન શકાય તેવા થવાથી 'અણિમાન્' થાય છે. આ નામો બીજરૂપ હોવાથી વિકારવિનાનાં[4] છે. સ્થૂલ પછી સૂક્ષ્મભાવ થએલ હોવાથી[5] અણિમાન્ બે

---

૨. અહિં ભગવાનના ચરણારવિંદનું રક્ષણ અક્ષરરૂપ ભગવાને કરવાનું છે. તેની યોગ્યતા 'આ ચરણ આધ્યાત્મિક છે અને તે આધિદૈવિક છે' વિગેરેથી આગળ જણાવે છે. આ ઉપપત્તિ વ્યાસજીની ઈચ્છેલી જ હતી; કારણ કે 'જલમાં વારાહ રક્ષણ કરો, ભૂમિ પર વામન રક્ષણ કરો, જંગલમાં નરસિંહ રક્ષણ કરો, અને કેશવ સર્વ રીતે રક્ષણ કરો' વિગેરે સ્થલે યોગ્યતાપૂર્વક જ રક્ષા કહેલી છે; કારણ કે વારાહ જલમાં પ્રવેશ કરવા સમર્થ છે. જંગલમાં તેથી જ નરસિંહને રક્ષક કહેલા છે, તેથી તે તે નામથી તે તે સ્થલોએ યોગ્યતાપૂર્વક જ રક્ષા કહેલી છે. તેથી અહિં (સુબોધિનીમાં) શ્રીમદાચાર્યચરણ સર્વત્ર યોગ્યતા જણાવે છે. (યો)

૩. આ ચરણ જેનું રક્ષણ કરવાનું છે એમ કહેવામાં આવે છે, તે આધ્યાત્મિક છે, અને જેમનું ત્યાં દર્શન થાય છે તે (શ્રીકૃષ્ણ જ) આધિદૈવિક છે અને તેમને 'અજ' કહેલા છે. તે પોતાના સ્થાનભૂત પોતાની અંદર જ રહેલ આધ્યાત્મિક ચરણારવિંદનું રક્ષણ કરો, એવી પ્રાર્થના છે એવો ભાવ છે. (ટિ)

૪. 'અણિમાન્'નો અર્થ 'જાણી ન શકાય તેવું' કરવો હોય ત્યારે તેનું રૂપ 'અણિષ્ટ' (સર્વથી ઝીણું) થાય; (છતાં 'અણિમાન્' રૂપ જ રાખેલ છે, કારણ કે નામ વિકારરહિત છે). તેથી (રૂપનો) બહુ આગ્રહ ન રાખવો એવો ભાવ છે. (લે)

૫. અક્ષરભાવ સ્થૂલ છે. તેમાંથી પછી સર્વ જેમની ઉપાસના કરે છે તેવો સૂક્ષ્મભાવ થયો. (તે જાણી ન શકાય તેવું (અણીમાન્) રૂપ થયું.) તેથી ચરણારવિંદની ઉપરના ભાગ ઢીંચણનું તે રક્ષણ કરે, એવી પ્રાર્થના કરેલી છે. (પ્ર)

ઢીંચણોનું રક્ષણ કરો. પ્રમેયબલવાળાં બે રૂપોથી આ બે રક્ષાનું નિરૂપણ કર્યું.

ફરીથી હવે 'અથ' 'વળી' શબ્દથી પ્રમાણબલથી (રક્ષાનું) નિરૂપણ જૂદું કરે છે. આથી[૬] એમ જણાવેલું છે કે ભક્તિમાર્ગ અને જ્ઞાનમાર્ગ પ્રમેયબલથી જ સિદ્ધ થાય છે.

૩.યજ્ઞ સાથળોનું રક્ષણ કરો, કારણ કે[૭] યજ્ઞ પ્રજનન(ઉત્પન્ન કરનાર) રૂપ[૮] છે.

૪.યજ્ઞનું જ આધિદૈવિક રૂપ અચ્યુત[૯] કેડનું રક્ષણ કરો; કારણ કે તે રક્ષણ કરનાર છે. તે (અચ્યુત) કોઈપણ પ્રકારથી ચ્યુત (હારેલ, પડેલ) નહિ હોવાથી વેદો અને યજ્ઞોની નિત્યતા[૧૦] પણ કહેવાઈ.

૫.હયાસ્ય ઉદરનું રક્ષણ કરો. તેણે(હયાસ્યે) વેદો નષ્ટ થયા ત્યારે વેદોની રક્ષા

---

૬. આથી એટલે 'અહિં ચરણારવિંદ અને ઢીંચણોની રક્ષા પ્રથમ કહેલી છે, તે પ્રમેયબલવાળાં રૂપથી થાય છે. પ્રમાણથી પ્રમેય સિદ્ધ થાય છે, એ ન્યાયનું ઉલ્લંઘન કરીને પણ અહિં પહેલાં પ્રમેયબલનું નિરૂપણ કરેલું છે' તેથી. (પ્ર) 'આથી' એટલે ચરણની રક્ષાની પ્રાર્થનામાં પ્રમેયબલ કહેલું છે તેથી ઢીંચણને પણ ચરણમાં ગણી આ કહેલ છે. શ્રીમદ્ભાગવત ૨।૬।૬ પ્રમાણે ભગવાનનું ચરણારવિંદ ભક્તિરૂપ છે; વળી તે અક્ષરરૂપ હોવાથી જ્ઞાનરૂપ છે. (લે)

'આથી' એટલે અક્ષરને ભક્તિમાર્ગરૂપ આધિદૈવિક ચરણારવિંદ કહેલ છે તેથી. અક્ષરનાં બે રૂપો છે, અને તેથી તેનાથી બે સ્થલોની રક્ષા કહેલી છે. અજ રૂપથી ચરણની રક્ષા કહેલી છે, એ ભક્તિમાર્ગ કહેલો છે; કારણ કે ભગવાનનું ચરણારવિંદ ભક્તિરૂપ છે. 'અણિમાન્' પદથી જાણી શકાય નહિ તેવું કહેલ હોવાથી જ્ઞાનમાર્ગ કહેલો છે, કારણ કે જ્ઞાનમાર્ગમાં પ્રમેયને જાણી ન શકાય તેવું કહેલ છે. 'કોઈક ધીરે પ્રત્યગાત્માનું દર્શન કર્યું' વિગેરેથી જ્ઞાનમાર્ગમાં પ્રમેયને દુર્જ્ઞેય (જાણી ન શકાય તેવું, ઘણા શ્રમથી જણાય તેવું) કહેલું છે. (યો)

૭. 'અગ્નિહોત્ર કરે છે. એ પ્રમાણે જે કંઈ યજમાનનું છે તેનું જ તે બીજ પ્રજનન (ઉત્પન્ન કરવામાં) સિંચે છે' શ્રુતિની સંમતિ દર્શાવવા 'હિ' 'કારણ કે' શબ્દ યોજેલો છે. (લે)

૮. પ્રજનનરૂપ એટલે પ્રજનન (ઉત્પત્તિ કરવી તે) જેના સ્વરૂપમાં છે તેવો. (લે)

'યજ્ઞમાંથી વરસાદ થાય છે' એ ગીતાવાક્યમાં અન્ન વિગેરેને ઉત્પન્ન કરનાર વરસાદની પણ ઉત્પત્તિ યજ્ઞમાંથી થાય છે એમ કહેલું છે, તેથી તે પ્રજનનરૂપ છે. સાથળ પણ પ્રજનનરૂપ છે, કારણ કે તે ઉત્પત્તિ કરવામાં કારણરૂપ છે, એમ 'જ્યારે સાથળ નગ્ન થાય છે' શ્રુતિમાં કહેલું છે. (તેથી યજ્ઞ સાથળનું રક્ષણ કરે તે યોગ્ય છે.) (યો)

૯. અચ્યુત યજ્ઞરૂપ છે, તેથી પૃથ્વીરૂપ (ભગવાનની) કેડની તે રક્ષા કરે તે યોગ્ય જ છે, કારણ કે પૃથ્વી કર્મક્ષેત્ર (કર્મ કરવાની ભૂમિ) હોવાથી યજ્ઞ ઉપર તેનો આધાર છે. પોતાના ઉપર જેનો આધાર હોય તેની રક્ષા કરવી એ યોગ્ય જ છે. (યો)

૧૦. વેદમાં જેનું નિરૂપણ કરેલું છે, તેવા યજ્ઞનું આધિદૈવિકરૂપ અચ્યુત છે. તે ચ્યુતિવિનાના છે એમ કહેલું છે, તેથી વેદો અને યજ્ઞો બંને નિત્ય સિદ્ધ થાય છે. (લે) યજ્ઞનું આધિદૈવિકરૂપ અચ્યુત (ચ્યુતિવિનાનું) છે, તેથી યજ્ઞ નિત્ય છે, અને તેનું પ્રતિપાદન વેદમાં કરેલું છે તેથી વેદ પણ નિત્ય છે, એવો ભાવાર્થ છે.

માટે અવતાર લીધેલો. આખુંય જગત્ ભગવાનનું ઉદર છે, અને તેનું પરિપાલન કર્મથી થાય છે, તેથી તે (હયાસ્ય)યજ્ઞમાં પ્રાદુર્ભૂત થએલ એમ કહેલ છે.

૬.કેશવ હૃદ્ એટલે હૃદયનું રક્ષણ કરો. 'ક' અને 'ઈશ' તે કેશૌ. તેઓનું 'વ' એટલે સુખ જેમનાથી છે તે (કેશવ). એટલે બુદ્ધિ અને અહંકારના નિયામક બ્રહ્મા અને શિવને પણ સુખ આપનાર અંતર્યામી (કેશવ) હૃદયનું રક્ષણ કરનાર થાઓ. બે સ્તનોની વચ્ચેનો નીચો ભાગ હૃદય છે.

૭.છાતી તો ઉંચો ભાગ છે. સ્તનોની ઉપર અને કંઠથી નીચે તમારી છાતીનું ઈશ રક્ષણ કરો. આ ઈશ આધિદૈવિક કાલરૂપ છે, અને તેમનાથી પ્રકૃતિના ગુણો ક્ષોભ પામે છે. 'તમારી છાતી' કહેલું છે, કારણ કે ભગવાનની છાતીમાં લક્ષ્મી પણ રહે છે તેથી લક્ષ્મીનો સમાવેશ ન થાય તે માટે 'તમારી' પદ યોજેલું છે.

૮.ઈન તો કંઠનું રક્ષણ કરો. 'તુ' 'તો' શબ્દ બ્રહ્માંડની અંદર રહેલા (ઈનને) જણાવવા માટે, (બ્રહ્માંડની) બહાર રહેલાથી તેમને જૂદા પાડે છે. (તેથી) ઈન એટલે સૂર્યની અંદર રહેલા નારાયણ, તે કંઠનું રક્ષણ કરો. તે (કંઠ) સરસ્વતીનું સ્થાન છે, અને તે (ઈન) ત્રણ વેદોરૂપ છે.

૯.પછી ક્રિયા બે ભુજાઓમાં જ રહેલી છે. તેથી જગતનું રક્ષણ કરવા રહેલ ક્રિયાશક્તિવાળા વિષ્ણુ ભુજાનું રક્ષણ કરો.

૧૦.પછી ભક્તોને પીડા કરનાર દૈત્યો આવે ત્યારે તેઓને નસાડવા માટે પધારેલા, બલિનું બંધન કરનાર ઉરુક્રમ (મોટાં પગલાંવાળા) વામન મુખનું રક્ષણ કરો.

૧૧.પછી ઈશ્વર મસ્તકનું રક્ષણ કરો, જે (ઈશ્વર) સંકર્ષણરૂપ છે, અને જેમના શ્વેત અને કૃષ્ણ એવા બે કેશો છે. તે શિરઃ એટલે મુખ્ય હોવાથી શિર (મસ્તક)નું પાલન કરે તે યોગ્યજ છે.

એ પ્રમાણે ચરણથી આરંભી મસ્તક સુધીના (અવયવોની) રક્ષાનું પ્રાર્થના વડે નિરૂપણ કર્યું. ૨૨.

નીચેના શ્લોકમાં સર્વ બાજુ તરફથી બહારની રક્ષા કરે છેઃ

**ચક્ર્યગ્રતઃ સહગદો હરિરસ્તુ પશ્ચાત્ ત્વત્પાર્શ્વયોર્ધનુરસી મધુહાજનશ્ચ ।।**
**કોણેષુ શંખ ઉરુગાય ઉપર્યુપેન્દ્રસ્તાર્ક્ષ્યઃ ક્ષિતૌ હલધરઃ પુરુષઃ સમન્તાત્ ।।૨૩।।**

ચક્રી આગળ (રક્ષણ કરો). ગદાસહિત (ગદાધર) હરિ પાછળ હો, તમારી બંને બાજુએ ધનુષ્યધારી મધુના સંહારક અને અસિધારી અજન (રક્ષણ કરો). ખૂણાઓમાં શંખધારી ઉરુગાય, ઉપર ઉપેન્દ્ર ગરુડ, ભૂતલ પર હલધર, અને સર્વબાજુએ પુરુષ (તમારું રક્ષણ કરો). ૨૩.

પુરુષના જેટલા ભાગો બહાર હોય છે તે તે ભાગમાં તે તે ભાગના પ્રયોજક (ઉત્તેજક) રક્ષણ કરો, એવી પ્રાર્થના કરે છે. ચક્રી એટલે ચક્ર જેમના

હાથમાં છે તે ચક્ર ધારણ કરી આગળ રક્ષા કરો, એટલે (બાલક શ્રીકૃષ્ણના) પૂર્વભાગમાં (મુખ તરફના પ્રદેશમાં) રક્ષણ કરો. ગદાસહિત એટલે ગદાધર હરિ (પોતાની) ગદા સાથે પાછળ રક્ષણ કરો, એટલે પાછલા ભાગનું રક્ષણ કરો.

'મોટાને પાછલા ભાગનું રક્ષણ કરવાનું કેમ કહેલ છે ?' એવી શંકા થાય, તેથી પ્રાર્થના કરવાનું કારણ 'હરિ હો' શબ્દોથી કહેલું છે; કારણ કે તે (ગદાધર હરિ) સર્વ દુઃખોને હરનાર છે. જેમ (તેમણે) પ્રાર્થના થતાં આવી ગજેંદ્રનો ઉદ્ધાર કર્યો, પરંતુ (પોતાના) વૈમનસ્ય(શ્રમ)નો વિચાર કર્યો નહિ (તેમ દુઃખ હરનાર છે). તેથી હમણાં પણ (આ) પ્રાર્થનાથી હરિ પોતે પાછળ હો; એટલે પાછળ રહી પાલન કરો એવો અર્થ છે.

તમારી બંને બાજુએ એટલે જમણી તથા ડાબી બાજુએ ધનુર્ધર મધુસૂદન અને અસિધારી અજન રક્ષણ કરો. જમણી બાજુએ (મધુનો સંહાર કરનાર) ધનુષ્ય ગ્રહણ કરી ત્યાં રહેલા રાક્ષસોનો દૂરથી જ સંહાર કરો, ડાબી બાજુએ સર્વ જ્ઞાનીઓએ સેવા કરવા યોગ્ય, સર્વના જન્મ વિગેરે સર્વ દુઃખોનો નાશ કરનાર અજન[1] અસિ (તલવાર) ધારણ કરી અવિદ્યાનો નાશ કરતા[1] રક્ષણ કરો. આયુધોમાં પણ પોતાનું સામર્થ્ય છે, એમ જણાવવા તેઓને પણ જૂદાં જણાવેલાં છે, 'ચ' 'અને' શબ્દથી એમ કહેલું છે કે ઉત્તરભાગમાં રહેલી હરિવર્ષ વિગેરે મૂર્તિઓ પણ રક્ષણ કરો.

ખૂણાઓમાં એટલે ચારે દિશાઓની મધ્યના ભાગોમાં ઉરુગાય શંખ ધારણ કરીને રક્ષણ કરો. કારણ કે[2] 'વિષ્ણુના મુખમાંથી નીકળેલા પવનથી પૂરાએલા....' વાક્ય પ્રમાણે તે (શંખનો) શબ્દ સર્વ દૈત્યોના અહંકારનો નાશ કરનારો છે. તેથી જ દરેક ખૂણામાં જૂદા જૂદા (શંખો) કહેલા છે. તે[3] (રક્ષણ કરનાર) પણ ઉરુ એટલે નારદ વિગેરે ઉત્તમ (પુરુષો) જેમનું ગાન કરે છે તેવા ઉરુગાય છે, તેથી (તેમના) એકલાથી જ સર્વત્ર રક્ષા થવાનું સંભવે છે. ઉપર ગરુડ અને ઉપેંદ્ર રક્ષણ કરો. ગરુડ ઉપર બેઠેલા મન્વંતરના અવતારરૂપ (ઉપેંદ્ર રક્ષણ કરો). ગરુડ પણ રક્ષણ કરનાર છે. તે બંને ઉપર જ રહે છે. ભૂતલ ઉપર હલધર

---

૧-૧. જેમને લીધે જના એટલે અવિદ્યા રહેતી નથી તે અજન, એવી અજનની વ્યુત્પત્તિ હોવાથી તે સર્વ અવિદ્યાનો નાશ કરનાર છે. (લે)

૨. શ્રીમદ્‌ભાગવત સ્કં. ૪ અ. ૯ શ્લોક ૪માં જણાવ્યું છે, કે ધ્રુવને ભગવાનના શંખનો સ્પર્શ થતાં તેને દૈવી વાણી પ્રાપ્ત થઈ. તેનું તાત્પર્ય જણાવતાં તત્ત્વદીપ ૩।૪।૮૮માં શ્રીમદાચાર્યચરણ કહે છે કે ભગવાનના શંખમાં હરિનો આસન્ય (પ્રાણવાયુ) પોતાની તૃપ્તિ માટે સદા રહે છે (તે વેદનું મૂલ કારણ છે, તેથી શબ્દબ્રહ્મમય છે. તેથી તે વાયુવાળા શંખના સ્પર્શથી ધ્રુવને દૈવી વાણી પ્રાપ્ત થઈ), તેની સંમતિ દર્શાવવા 'હિ' 'કારણ કે' શબ્દ યોજેલો છે. (લે)

૩. તે એટલે જેમણે શંખ ધારણ કરેલ છે તેવા (રક્ષણ કરનાર). (લે)

(રક્ષણ કરો), એટલે નીચેના ભાગમાં સંકર્ષણ હલ ધારણ કરી રક્ષણ કરો.

એ પ્રમાણે દરેક બાજુએ રક્ષા કહી, 'સર્વ બાજુએ પુરુષ' શબ્દોથી સામાન્ય રીતે રક્ષા કહેલી છે. પુરુષ એટલે નારાયણ સર્વ બાજુએ રક્ષણ કરો; કારણ કે નારાયણના ઉદરમાં સર્વ રહે છે, તેથી તે સર્વ સ્થલે રહેલા છે. ૨૩.

એ પ્રમાણે બહારથી રક્ષા કહી, હવે નીચેના શ્લોકથી આધ્યાત્મિકના[૧] અંશરૂપ[૨] પ્રાણ[૩] વિગેરેની રક્ષા કહે છેઃ

**ઈન્દ્રિયાણિ હૃષીકેશઃ પ્રાણાન્નારાયણોઽવતુ ।।**
**શ્વેતદ્વીપપતિશ્ચિત્તં મનો યોગેશ્વરોઽવતુ ।।૨૪।।**

હૃષીકેશ ઈન્દ્રિયોનું (રક્ષણ કરો). નારાયણ પ્રાણોનું રક્ષણ કરો. શ્વેતદ્વીપના પતિ ચિત્તનું (રક્ષણ કરો). યોગશ્વર મનનું રક્ષણ કરો. ૨૪.

હૃષીકા એટલે ઈન્દ્રિયો, તેઓના જ નિયામક (નિયમમાં રાખનાર, ઈશ્વર) તરીકે રહેલા હૃષીકેશ ઈન્દ્રિયોનું રક્ષણ કરો, એમ પહેલાં (શ્લોક ૨૨માં) કહેલું છે તે સાથે સંબંધ છે. ઈન્દ્રિયો દશ છે. હૃષીકેશ ચક્ષુના ચક્ષુરૂપ હોવાથી ઈન્દ્રિયોનું રક્ષણ કરો. નારાયણ ભગવાનના પ્રાણોનું રક્ષણ કરો. પ્રાણ અપાન વિગેરે દશ[૪] પ્રાણો છે. નાર એટલે જીવોનો સમૂહ, તેને જે અયન કરે છે એટલે પ્રેરે છે અથવા તેમાં પ્રવેશ કરે છે (તે નારાયણ). સર્વ પ્રાણમૂલ છે (પ્રાણીઓ સર્વ પ્રાણથી જીવે છે), તેથી નારાયણથી પ્રાણની રક્ષા થાય છે. હવે ચાર અંતઃકરણની રક્ષા કહે છે. ૧.શ્વેતદ્વીપ શુદ્ધ સત્ત્વરૂપ હોવાથી, શ્વેતદ્વીપના પતિ વાસુદેવ છે. તે ચિત્તના રક્ષક હોય જ. ૨. અનિરુદ્ધ યોગીઓથી આરાધના કરવા યોગ્ય છે. તેથી યોગેશ્વર(અનિરુદ્ધ) મનનું રક્ષણ કરો. યોગશાસ્ત્રનું મૂલ મન જ છે, (મનને નિયમમાં રાખવાનું જ તે શાસ્ત્ર છે). ૨૪.

**પૃશ્નિગર્ભસ્તુ તે બુદ્ધિમાત્માનં ભગવાન્ પરઃ ।।**
**ક્રીડન્તં પાતુ ગોવિન્દઃ શયાનં પાતુ માધવઃ ।।૨૫।।**

પ્રદ્યુમ્ન તમારી બુદ્ધિનું રક્ષણ કરો, આત્માનું પર ભગવાન્ રક્ષણ કરો. ગોવિંદ રમતાનું રક્ષણ કરો. માધવ શયન કરેલાનું રક્ષણ કરો. ૨૫.

---

૧. આધ્યાત્મિકના અંશરૂપ એટલે અક્ષરના અંશભૂત. (પ્ર)

૨. ઈન્દ્રિયો, પ્રાણ અને અંતઃકરણનો સમૂહ આધ્યાત્મિક છે, તેમના અંશરૂપ એટલે ઈન્દ્રિયો, પ્રાણ અને અંતઃકરણ એ દરેક. (લે)

૩. અહિં 'પ્રાણ' શબ્દનો અર્થ ઈન્દ્રિયો છે, એટલે ઈન્દ્રિયો વિગેરેની રક્ષા કરે છે એમ જાણવું. ઈન્દ્રિયો પણ 'પ્રાણ' કહેવાય છે, એમ બ્રહ્મસૂત્ર ૨।૪।૧માં નિરૂપણ કરેલું છે. (લે)

૪. પ્રાણ, અપાન, સમાન, ઉદાન અને વ્યાન એ પાંચ અને નાગ, કૂર્મ, કૃકલ, દેવદત્ત અને ધનંજય.

(૩) પ્રદ્યુમ્ન બુદ્ધિનું (રક્ષણ કરો). તે વંશ કરનાર (વધારનાર) છે. તે પ્રથમ પૃશ્નિના ગર્ભમાંથી પ્રકટ થએલ, તેથી તે જ (બુદ્ધિનું) રક્ષણ કરો. (૪) આત્માનું એટલે અહંકારનું ભગવાન્ સંકર્ષણ રક્ષણ કરો. તે (સંકર્ષણ) આનાથી પર (છે)[૧] અને ચતુર્મૂર્તિમાં કહેલા છે. (અથવા) આત્મા એટલે જીવરૂપ (બાલકનું) પર એટલે પુરુષોત્તમ રક્ષણ કરો; અને[૨] દેહનું સર્વને નિયમમાં રાખનાર ભગવાન્ રક્ષણ કરો; અથવા આત્માનું જ ભગવાન્ રક્ષણ કરો. (ભગવાનનું) ભગવત્પણું કૃત્રિમ (ખોટું, બનાવટી) નથી, એમ જણાવવા 'પર' વિશેષણ યોજેલું છે.

હવે સર્વ અવસ્થાઓ(સ્થિતિ)માં રક્ષાની પ્રાર્થના કરે છે. રમતાં એટલે બાલકની રમત કરતાં, પર્વત ઉપર અથવા અગ્નિમાં, વિગેરેમાં પણ જતા હોય ત્યારે ગોવિંદ રક્ષણ કરો, તે (ગોવિંદ) સદા ગાયોના ઈન્દ્ર એટલે ગુપ્તપણાથી રક્ષણ કરનાર[૩] છે. શયન કરેલાનું માધવ રક્ષણ કરો, કારણ કે તેમાં (શયનમાં) લક્ષ્મી પ્રયોજક[૪] છે. ૨૫.

**વ્રજન્તમવ્યાદ્ વૈકુણ્ઠસ્ત્વાસીનં ત્વાં શ્રિયઃ પતિઃ ।।**
**ભુઞ્જાનં યજ્ઞભુક્ પાતુ સર્વગ્રહભયઙ્કરઃ ।।૨૬।।**

વૈકુંઠ ચાલતા તમારું રક્ષણ કરો, લક્ષ્મીના પતિ બેઠેલા તમને (રક્ષો), સર્વ ગ્રહોને ભય ઉત્પન્ન કરનાર યજ્ઞભોક્તા ભોજન કરતા (તમારું) રક્ષણ કરો. ૨૬.

ચાલતા એટલે ધીરે ધીરે (તમે) બાલકની લીલા કરતા જતા (હો) ત્યારે

---

૧. તે સંકર્ષણ આનાથી એટલે પ્રદ્યુમ્નથી પર છે, કારણ કે ચતુર્મૂર્તિ કહેતાં તેમને પ્રદ્યુમ્નથી પહેલા કહેલા છે એવો અર્થ છે. (પ્ર) તે એટલે ચતુર્મૂર્તિમાં (વાસુદેવ, સંકર્ષણ, પ્રદ્યુમ્ન અને અનિરુદ્ધમાં) કહેલ સંકર્ષણ, અહિં 'ચ' 'અને' શબ્દ યોજેલો છે, તેથી શ્લોક ૨૩માં કહેલ હલધરનો પણ સમાવેશ થાય છે. તે આનાથી એટલે બલદેવથી પર છે. (દશમસ્કંધના) પહેલા અધ્યાયમાં જણાવેલું છે કે બલદેવ, વાસુદેવનો જેમનામાં આવેશ છે તેવા સંકર્ષણનો જેમનામાં આવેશ છે તેવા શેષરૂપ છે. તેમનાથી આ (સંકર્ષણ) પર છે, એટલે તેમનાથી ઉત્કૃષ્ટ, તેમને નિયમમાં રાખનાર છે એવો અર્થ છે. 'ચતુર્મૂર્તિમાં કહેલા' શબ્દથી તેમને ઓળખાવે છે. ચાર પ્રકારનાં અંતઃકરણ પૈકી અહંકારના દેવતા તરીકે તેમને વર્ણવેલા છે એવો અર્થ છે. પાંચમા સ્કંધમાં હલધરનું વર્ણન કરેલું છે. વસ્તુતઃ આ સંકર્ષણ અને હલધર એક જ છે તેથી તેમને જૂદા વર્ણવવા યોગ્ય નહિ લાગવાથી, 'આત્મા' અને 'પર' શબ્દના બીજા અર્થો નીચે કહેલા છે. (લે)

૨. અહિં વિકલ્પ (બેમાંથી એક અર્થ લેવાનો) નથી, પણ સમુચ્ચય (સરવાળો, બંને અર્થ લેવાના) છે, તેથી 'ચ' 'અને' શબ્દ યોજેલો છે. (લે)

૩. કારણ કે તે ગોવર્ધનનું ઉદ્ધરણ કરવાના મિષથી અલૌકિક સામર્થ્ય આપનાર છે એવો ભાવ છે. (પ્ર)

૪. પ્રયોજન એટલે ફલ (તે આપનાર પ્રયોજક). શયનમાં ફલ આપનાર લક્ષ્મી છે, (તેથી તે પ્રયોજક છે) એવો અર્થ છે. (લે)

વૈકુંઠ રક્ષણ કરો, કારણ કે તે ગતિ(ચાલવાની ક્રિયા)નું દાન કરવા માટે જ વૈકુંઠ બનાવીને રહેલા છે. આથી એવી પ્રાર્થના કરેલી છે, કે જ્યાં જ્યાં (બાલક) ચરણ મૂકે તે સર્વ સ્થલે કોમલપણું વિગેરે પ્રકારથી (વૈકુંઠ) તેમને સુખ આપનાર થાઓ. તમે બેઠેલા (હો) ત્યારે લક્ષ્મીના પતિ (તમારું) રક્ષણ કરો, કારણ કે લક્ષ્મીના વિવાહ સમયે તે બેઠેલા હતા ત્યારે લક્ષ્મી તેમને વરેલાં. એવા ભાવવાળા સર્વ સૌભાગ્યવાળા લક્ષ્મીપતિ બેઠેલા (તમારું) રક્ષણ કરો, કારણ કે બધુંય જગત્ ભગવાનમાં બેસીને (સ્થિતિ કરીને) રહેલું છે, તેથી 'ત્વાં' 'તમને' કહેલું છે.

એ પ્રમાણે દેહની ચાર અવસ્થા (રમતા, શયન કરતા, ચાલતા અને બેઠેલા)ની (રક્ષા) કહી, ક્રિયા(કરતા)ની[1] અવસ્થાની રક્ષા ઉત્તરાર્ધથી કહે છે. સ્હેજે પ્રાપ્ત (થએલ) અથવા ચોરી વિગેરેથી (પ્રાપ્ત કરેલ) ધાવણ દૂધ વિગેરે જમતા (પીતા) હો ત્યારે (તમારું) યજ્ઞના ભોક્તા-વિષ્ણુ રક્ષણ કરો.

'ભોજનની ક્રિયામાં કાલના ફલના ફલના નિયામક (નિયમમાં રાખનાર, ફલ આપનાર) ગ્રહો હોય છે. પોતાના કાલથી ઉત્પન્ન થતું ફલ તેઓ જરુર આપે જ' એવી શંકા થાય, તેથી 'સર્વ ગ્રહોને ભય કરનાર' શબ્દ યોજેલો છે. સર્વ ગ્રહોને એટલે કાલ, ક્રિયા, દ્રવ્ય વિગેરેના નિયામક નવે ગ્રહોને ભય ઉત્પન્ન કરનાર (યજ્ઞભોક્તા) છે. જો એમ ન હોય (યજ્ઞભોક્તા ગ્રહોને ભય ઉત્પન્ન કરનાર ન હોય) તો યજ્ઞ વિગેરે ફલનું દાન કરનાર ન થાય (હોઈ શકે), અને તે તે કાલનું ફલ જ તેઓથી થાય[2]. તેથી જ્યારે યજ્ઞભોક્તા ફલનું દાન કરે છે ત્યારે ગ્રહો ખસી જાય છે. તેઓ ખસી જાય છે, તે પણ વચન વિગેરેથી ખસી જતા નથી; પરંતુ (યજ્ઞભોક્તાનું) રૂપ જ જોઈને તેથી ભય પામી ખસી જાય છે, તેથી (યજ્ઞભોક્તા તેઓને) ભય કરનાર છે એમ કહેલું છે. ૨૬.

---

૧. અહિં (ભોજન કરતાં) ક્રિયાની અવસ્થામાં યજ્ઞભોક્તા રક્ષણ કરો, એવી પ્રાર્થના કરેલી છે. ક્રિયામાં ભોજનક્રિયા મુખ્ય છે અને તે ક્રિયામાં રક્ષાની પ્રાર્થના કરી, એટલે તેથી સૂચવેલી ક્રિયામાત્રમાં સામાન્ય રીતે રક્ષા માટે પ્રાર્થના કરી એવો ભાવ છે. તેથી ચાર અવસ્થામાં, અવસ્થા જણાવી રક્ષા માટે પ્રાર્થના કરી, અને પછી ક્રિયાની અવસ્થામાં સામાન્ય રીતે યજ્ઞભોક્તાના રક્ષણની પ્રાર્થના કરી, એમ શુકદેવ કહે છે એવો ભાવ છે. (લે)

૨. યજ્ઞભોક્તા સર્વ ગ્રહોને ભય કરનાર છે, એની ઉપપત્તિ (યોગ્યતા) 'અન્યથા' 'એમ ન હોય તો...' વિગેરેથી જણાવી છે. યજ્ઞો જે ફલ આપે છે તે પહેલાં કરેલાં કર્મને યોગ્ય ગ્રહો વિગેરેથી વિરુદ્ધ છે. જો ગ્રહો જ ફલ આપનારા હોય અને યજ્ઞભોક્તા તેમને ભય કરનાર ન હોય તો ગ્રહોને દબાવી દઈ સ્વતંત્ર રીતે ફલ આપવાનું સામર્થ્ય યજ્ઞોમાં હોઈ શકે નહિ. પરંતુ ગ્રહોને લીધે તે તે કાલનું ફલ જ (યજ્ઞ કરનારને પણ) મળે. (આમ હોય તો યજ્ઞનું ફલ જ મળી શકે નહિ) પરંતુ તેમ થતું નથી. ગ્રહોથી વિરુદ્ધ ફલ યજ્ઞોથી મળે છે. તેથી યજ્ઞ ફલદાન કરે ત્યારે ગ્રહો અવશ્ય ખસી જ જાય છે. (પ્ર)

એ પ્રમાણે જે સહજ દોષોને જે મટાડનાર હતા તેઓથી તે મટે એવી પ્રાર્થના કરી, હવે આગંતુક (આવી ચડેલા) દોષોને ગણતાં, તેઓ પોતાની મેળે ભગવાનના નામનો ઉચ્ચાર કરવાથી હટી જાય છે, એમ ત્રણ શ્લોકથી કહે છેઃ

**ડાકિન્યો યાતુધાન્યશ્ચ કૂષ્માણ્ડા યેર્ભકગ્રહાઃ ।।**
**ભૂતપ્રેતપિશાચાશ્ચ યક્ષરક્ષોવિનાયકાઃ ।।૨૭।।**
**કોટરા રેવતી જ્યેષ્ઠા પૂતના માતૃકાદયઃ ।।**
**ઉન્માદા યે હ્યપસ્મારા દેહપ્રાણેન્દ્રિયદ્રુહઃ ।।૨૮।।**
**સ્વપ્નદૃષ્ટા મહોત્પાતા વૃદ્ધબાલગ્રહાશ્ચ યે ।।**
**સર્વે નશ્યન્તુ તે વિષ્ણોર્નામગ્રહણભીરવઃ ।।૨૯।।**

ડાકણો અને યાતુધાનીઓ, જે કૂષ્માંડો છે તેઓ, બાલગ્રહો, ભૂત, પ્રેત અને પિશાચો, યક્ષો રાક્ષસો અને વિનાયકો. ૨૭.

કોટરા, રેવતી, જ્યેષ્ઠા, પૂતના, માતાઓ વિગેરે, જે ઉન્માદો અને અપસ્મારો છે તેઓ, દેહ પ્રાણ અને ઈન્દ્રિયોને પીડા કરનારાઓ. ૨૮.

સ્વપ્નમાં દેખાતા, મોટા ઉત્પાતો (કરનારા), અને જે વૃદ્ધ અથવા બાલક (બનાવનાર) ગ્રહો છે તે સર્વે તમો વિષ્ણુનું માત્ર નામ લેવાથી ભય પામનારા (પોતાની મેળે) નાશી જાઓ. ૨૯.

કેટલાક (ત્રણ પૈકી પહેલા એટલે ૨૭મા શ્લોકમાં કહેલા) મહાદેવના સંબંધવાળા સ્થૂલ દોષો છે, બીજા (૨૮મા શ્લોકમાં કહેલા) આધ્યાત્મિક મધ્યમ દોષો છે, અને તેમનાથી પણ હલકા આધિભૌતિક (શ્લોક ૨૯માં કહેલા) દોષો છે, અને તે (આધિભૌતિક દોષો) સ્વપ્ન વિગેરેમાં જ ભય ઉત્પન્ન કરે છે.

ડાકણો દાસીઓની પેઠે પતિ વગરની દુષ્ટ સ્ત્રીઓ જ છે, અને મહાદેવની સેનારૂપ છે. યાતુધાનીઓ યક્ષ વિગેરેની સ્ત્રીઓ છે. અહિં 'ચ' 'અને' શબ્દ છે, તેથી યાતુધાનીઓના પેટા ભેદોનો પણ સમાવેશ થાય છે. કૂષ્માંડ વિગેરે (એની પછી કહેલ મહાદેવના સંબંધવાળા દોષો) પુરુષો છે. 'કુત્સિત' એટલે ખરાબ જે 'ઊષ્મા' એટલે ગરમી, તેનાથી થએલા 'અણ્ડાઃ' ઈંડા જેવા જે હોય (તે કૂષ્માંડો). કૂષ્માંડ શબ્દનો યૌગિક (વ્યુત્પત્તિ પ્રમાણે થતો) અર્થ 'મહાદેવનો દુષ્ટ ગણ' થાય છે, અને તેઓનો ઉપયોગ પ્રલય કરવામાં હોય છે. રૂઢ[1] (પ્રચલિત) અર્થ 'અપવિત્ર' છે. નૈમિત્તિક[2] (નિમિત્તથી થતો) અર્થ વૈદિક[2] (વેદમાં આવતો) છે. તેથી

૧. રૂઢ એટલે અમુક ફલ જણાવનાર. (પ્ર) યૌગિક અર્થ વિરુદ્ધ રૂઢ અર્થ છે. તેનો અર્થ વ્યુત્પત્તિથી થતો અર્થ નહિ, પણ લોકમાં પ્રચલિત અર્થ થાય છે.

૨. જનોઈ આપવી વિગેરે ક્રિયા કરવાની હોય ત્યારે સૂતક હોવાની સંભાવના હોવાથી, તે નિમિત્તે જે હોમ કરવામાં આવે છે તેમાં નૈમિત્તિક 'કૂષ્માંડ' શબ્દ આવે છે. આ વૈદિક કર્મમાં પ્રસિદ્ધ છે. (પ્ર)

દોષની ગણનામાં તે બંનેનો (રૂઢ અને નૈમિત્તિક અર્થનો) સમાવેશ ન થાય તે માટે 'જે (કૂષ્માંડો છે)' એમ કહેલું છે. બાલગ્રહો એટલે બાલકરૂપ ગ્રહો. તેઓ પણ અમુક પ્રકારના પિશાચો છે, અને બાલકો જ બની સર્વને પકડે છે (વળગે છે). ભૂત, પ્રેત અને પિશાચો પ્રસિદ્ધ છે, યક્ષો અને રાક્ષસો પણ (પ્રસિદ્ધ છે). વિનાયકો એટલે વિઘ્ન કરનારાઓ, તેઓ છેદાએલા અને છૂટા છૂટા હોય છે, તેથી વિનાયક(ગણેશ)ને તેમના અધિપતિ કહેલ છે; પરંતુ તે (ગણેશ) પોતે ક્યાંય આવતા નથી, તેથી તેમનો સમાવેશ ન થાય તે માટે 'જે (વિનાયકો) છે' એવું અહિં પણ ('જે' શબ્દનું) અનુસંધાન કરવું. ૨૭.

તેમનાથી હલકા સ્વતંત્ર સ્ત્રીરૂપ (દોષો હવે કહે છે). 'કોટરા' પૂર્વદેશમાં 'કુઠારા' નામથી પ્રસિદ્ધ છે. તેવી જ રેવતી છે. કેટલાક તેને 'રેણુકા' કહે છે. જ્યેષ્ઠા દક્ષિણદેશમાં પ્રસિદ્ધ છે. પૂતના આ(પોતે) જ. તેને (ગોપીઓ) નહિ જાણતી હોવાથી (તેનું નામ) કહેલું છે. ખરી રીતે તો આ મંત્રો છે અને તે જેવા હોય તેવા જ ભણવા જોઈએ. તેમ ન કરવામાં આવે તો, 'સ્વર અથવા વર્ણથી હીન મંત્ર...' વાક્ય પ્રમાણે મંત્ર ખોટો થવાથી રક્ષા કરવામાં ઉપયોગી થતો નથી. તેથી તેને (પૂતનાને) જાણવા છતાં તેનું નામ (મંત્રમાં હોવાથી) કહેલું છે. તેથી જ સંબંધ વગરના (કારણ કે શ્રીકૃષ્ણ બાલક છે, તેમને વૃદ્ધ સાથે કાંઈ સંબંધ નથી) વૃદ્ધ ગ્રહને પણ (શ્લોક ૨૯)માં કહેલ છે. માતાઓ સોળ પ્રસિદ્ધ છે. 'વિગેરે' શબ્દથી બધી ગામડાની દેવતાઓ (દેવીઓ) (કહેલી) છે. આટલી સ્ત્રીઓ (કહી). ઉન્માદો વિગેરે પુરુષો છે. જેમનાથી માદ (ગાંડપણ) ઉત્પન્ન થાય, જેમને લીધે પ્રાણીઓ ગાંડા થાય તે ઉન્માદો. (ઉન્માદ) રોગનો સમાવેશ ન થાય તે માટે (અહિં) 'જે' શબ્દ યોજેલો છે. અપસ્મારો પણ બુદ્ધિનો નાશ કરનારા છે. અપસ્મારો રોગરૂપ પણ હોય છે, તેથી તેઓમાં પણ 'જે' એમ (રોગનો સમાવેશ ન થાય તે માટે) કહેલ છે. (ઉન્માદ અને અપસ્માર) બંને બંનેરૂપ (દોષરૂપ અને રોગરૂપ) લોકમાં પ્રસિદ્ધ છે, તેથી તેમને (રોગરૂપ ઉન્માદ અને અપસ્મારને) કાઢી નાખવા એ યોગ્ય જ છે. 'દેહ પ્રાણ અને ઈન્દ્રિયોને પીડા કરનારાઓ' એમ બીજા ત્રણ પ્રકારના (દોષો) કહેલા છે. કેટલાક દેહનો દ્રોહ કરે છે, જેથી દેહમાં સદા પીડા થાય છે. તેવી જ રીતે (બીજાઓ) પ્રાણનો દ્રોહ કરે છે, તેથી ભૂખ વિગેરે લાગતાં નથી. (બીજાઓ ઈન્દ્રિયોનો દ્રોહ કરે છે, તેથી) ઈન્દ્રિયોમાંથી (લોહી) વહે છે અને બહેરાશ વિગેરે થાય છે. ૨૮.

હવે ભૌતિક દોષો કહે છે-'સ્વપ્નમાં દેખાતા' એટલે સ્વપ્નમાં જ ભય, પલાયન, શિરચ્છેદ વિગેરે જણાય તેના કારણરૂપ દોષો અને મોટા ઉત્પાતો કરનારા. આમનું લક્ષણ સ્વપ્નાધ્યાયમાં જણાવેલું હોય છે. વળી ચોક્કસ વૃદ્ધ

અથવા બાલક ગ્રહો હોય છે. ભગવદીય ન હોય તેને તેઓ ભમાવે છે જ, અને તેથી તે પિશાચની પેઠે અથવા ભ્રાંતની પેઠે વૃદ્ધ અથવા બાલક થઈ રહે છે. કાલરોગ(કાલ લાવનાર રોગ)નો સમાવેશ ન થાય તે માટે અહિં પણ 'જે' એમ કહેલ છે. આ પ્રમાણે સર્વ દોષોને કહી, ઉત્તરાર્ધમાં તેમને કહેવાનું પ્રયોજન કહે છે. જે ઉપર કહ્યા તે અને જે નથી કહેલા તે બધા અમારા વચનથી પોતાની મેળે નાશી જાઓ એટલે હટી જાઓ. તેઓને હટાવવામાં બહુ પ્રયાસની જરુર નથી એમ જણાવવા, 'માત્ર નામ લેવાથી ભય પામનારા' એવું તેઓનું વિશેષણ કહે છે. તમો વિષ્ણુનું, એટલે તમારું જ નામ લેવાથી તે રહેતા નથી(ભાગી જાય છે), તો પછી તમારી નજીક તો કેમ જ રહે ? તેથી અમે વચનથી જ તેમને નસાડીએ છીએ. ૨૯.

એવી રીતે સર્વ પ્રકારે ત્રણે જાતની રક્ષા (ગોપીઓએ) કરી. ત્યાર પછી જે થયું તે નીચેના શ્લોકમાં કહે છેઃ

શ્રીશુક કહે છેઃ

**ઈતિ પ્રણયબદ્ધાભિઃ ગોપીભિઃ કૃતરક્ષણમ્ ।।**
**પાયયિત્વા સ્તનં માતા સન્ન્યવેશયદાત્મજમ્ ।।૩૦।।**

એ પ્રમાણે પ્રણયથી બંધાએલી ગોપીઓએ રક્ષણ કરેલા પુત્રને માતાએ સ્તનનું પાન કરાવી પોઢાડ્યા. ૩૦.

પ્રણય એટલે સ્નેહથી બંધાએલી ગોપીઓ હતી પરંતુ લૌકિકન્યાયથી બંધાએલી ન હતી. 'બંધાએલી' શબ્દથી એમ જણાવેલું છે કે તેમણે કોઈની પ્રેરણાથી રક્ષા કરી ન હતી, તેમજ રક્ષા કરતાં અટકાવવામાં આવે તો અટકે તેવી પણ ન હતી. (આ રક્ષા ગોપીઓએ કરી એમ રક્ષાના પ્રારંભમાં (શ્લોક ૧૮માં) કહેલું છે, છતાં મધ્યે બ્રાહ્મણ વિગેરેના ઉપદેશથી તેમણે રક્ષા કરી ન હતી, એમ જણાવવા 'ગોપીઓએ' એમ ફરીથી અહિં કહેલું છે. રક્ષણ કરેલા (જેમનું રક્ષણ કરેલું છે) એ શબ્દોથી એમ જણાય છે, કે ગોપીઓએ રક્ષાબંધન વિગેરે પણ કરેલું હતું. 'સ્તનનું પાન કરાવી' શબ્દો પૂતનાનું ધાવણ પીવાથી ભગવાનને અજીર્ણ થયું હશે, એવી શંકા મટાડે છે. માતા એટલે યશોદા. ગોપીઓ વિગેરે ભવિષ્યમાં શું થવાનું છે તે જાણતી હોવાથી તેઓએ ભગવાનને ધવરાવ્યા નહિ. સ્તનપાન એમ દર્શાવનાર છે કે ભગવાનને કાંઈપણ ઉપદ્રવ થયો ન હતો, આત્મજને એટલે પુત્રને પોઢાડ્યા એટલે સારી રીતે(સંભાળ પૂર્વક) પર્યંકમાં પધરાવ્યા અથવા સુવાડ્યા. આવી બુદ્ધિ ભગવાને ગોપીઓ તથા માતામાં ઉત્પન્ન કરી, તેથી આ ભગવાનનું ચરિત્ર છે, અને તે નિરોધરૂપ[1] છે એ સ્પષ્ટ છે. ૩૦.

---

૧. નિરોધરૂપ એટલે શક્તિઓ સાથે તેમની પછી શયન કરવારૂપ, એવો અર્થ છે.(લે) સંસાર માંથી ચિત્ત કાઢી ભગવાનમાં પરોવવું એ નિરોધ. આ ચરિત્રથી તેમ થાય છે એ સ્પષ્ટ છે.

એ પ્રમાણે પૂતનાનો વધ કરીને, ભવિષ્યની લીલા સિદ્ધ થાય તે માટે મંત્રોચ્ચાર વિગેરેથી સારી રીતે ઉત્પન્ન થએલ બાકીના અજ્ઞાન[1](અભિમાન)નું (એવી રીતે) સ્થાપન કરીને, પૂતનાનો મોક્ષ થયો છે એમ જણાવવા, નીચેના શ્લોકથી ભગવાને તે પછી કરેલ ચરિત્ર (કહેવા)નો આરંભ કરે છે, (અને) અધ્યાય પૂરો થાય ત્યાં સુધી (તે કહે છે):

(પૂતનાનો) મોક્ષ થયો છે, એમ તેના દેહની સુગંધથી જણાય; (પણ) તેનું રૂપ જોઈને ભય થાય છે, તેથી (કોઈ) તેની ગંધ લે નહિ. તે (દેહની સુગંધ) (પૂતનાને) બાળવામાં આવે ત્યારે સ્પષ્ટ થાય[2] (જણાય); અને તેને બાળવાનું કામ શક્તિવાળો કરી શકે. તેથી પ્રથમ નીચેના શ્લોકમાં નંદજી આવે છે એમ કહે છે:

**તાવન્ નન્દાદયો ગોપા મથુરાયા વ્રજં ગતાઃ ।।**
**વિલોક્ય પૂતનાદેહં બભૂવુરતિવિસ્મિતાઃ ।।૩૧।।**

તેટલામાં નંદ વિગેરે ગોપો મથુરાથી વ્રજ ગયા; (અને) પૂતનાનો દેહ જોઈને ઘણો વિસ્મય પામ્યા. ૩૧.

જેટલા સમયમાં ગોપીઓએ આટલું (રક્ષાનું કામ) કર્યું તેટલો સમય ગયો એટલામાં મથુરા ગએલા નંદ વિગેરે (ગોપો એટલે) પહેલાં વર્ણવેલી[3] ગોપીઓના પતિઓ મથુરાથી વ્રજ ગયા[4]. રક્ષાના કાર્યમાં ગોપિકાઓનું પ્રાધાન્ય હોવાથી ગોપોનું અહિં પ્રધાનપણાથી[5] વર્ણન કરેલું છે. શુક ત્યાં જ ભગવાનમાં રહીને કહે

---

૧. પાછળ પાંચમી કારિકામાં 'અવિદ્યારૂપ પૂતના નાશ પામી, માત્ર તેની ગંધ રહી' એમ કહેલું છે, તેથી મંત્રોચ્ચાર વિગેરેથી સારી રીતે થએલ બાકીનું અજ્ઞાન અથવા અભિમાન રહેવા દઈને...(લે)

૨. પૂતનાના દેહની સુગંધ ન જણાય ત્યાં સુધી તેને મુક્તિ મળી એમ ન જણાય, અને પૂતનાનો દેહ જોવાથી ભય થતો હોવાથી તેની ગંધ લઈ શકાય નહિ. તેથી તે દેહ બળે ત્યારે તે જોવાથી થતો ભય રહે નહિ અને તેથી તેની સુગંધનો અનુભવ થાય. (લે)

૩. શ્લોક ૧૯નાં સુબોધિનીજીમાં વર્ણવેલી 'અન્યપૂર્વા' (લે)

૪. અહિં 'આવ્યા' એમ કહેવું જોઈએ તેને ઠેકાણે 'ગયા' કહેલું છે, તેનું કારણ એ છે કે શુક ત્યાં એટલે પરીક્ષિત્ રાજા પાસે રહીને જ ભગવાનમાં એટલે ભગવાન્ વિષેની વાતમાં કહે છે, તેથી (શુક પોતે ત્યાં વ્રજમાં હાજર નહિ હોવાથી) 'ગયા' એમ કહે છે. (પ્ર)

ત્યાં જ એટલે મથુરામાં, ભગવાને વસુદેવ અને નંદ વચ્ચે સંવાદ (અધ્યાય ૫. શ્લોક ૨૩થી૩૧) કરાવ્યો, તે સંવાદ કરાવનાર ભગવાનમાં જ ભાવનાથી રહીને શુક આ કહે છે, તેથી 'ગયા' એમ કહેલું છે. (લે)

૫. અધ્યાય ૫ શ્લોક ૧૯માં બધા મથુરા ગયા ત્યાં નંદજીનું જ પ્રધાનપણું કહેલું છે, અને આ શ્લોકમાં પાછા આવે છે ત્યાં 'નંદ વિગેરે ગોપો' એમ કહી બધાનું પ્રધાનપણું કહેલું છે, તેનું કારણ અહિં કહે છે. રક્ષા કરવામાં યશોદા પણ ગૌણ હતાં, અને ગોપીઓ જ મુખ્ય હતી

છે, તેથી તેમણે 'ગયા' એમ કહેલું છે. (તેઓ) પૂતનાનો એવો દેહ જોઈને બહુ વિસ્મય પામ્યા. તેમને લૌકિકનું સ્મરણ ન રહ્યું, નહિ તો (લૌકિકનું સ્મરણ રહ્યું હોત તો) તેમનો નિરોધ ન થાત. ૩૧.

બાલકની ક્રીડામાં તેઓની (નંદજી તથા ગોપોની) આસક્તિ કહેવી જોઈએ નહિ[1], તેથી તેને (તેઓની આસક્તિ થાય તે) માટે બીજું કાંઈ કાર્ય કરવું જોઈએ[2]. તે માટે તેઓ પ્રમાણપરાયણ છે, એમ[3] નીચેના શ્લોકમાં કહે છેઃ

**નૂનં બતર્ષિઃ સઞ્જાતો યોગેશો વા સમાસ સઃ ।।**
**સ એવ દૃષ્ટો હ્યુત્પાતો યથાહાનકદુન્દુભિઃ ।।૩૨।।**

હા ! વસુદેવજી ખરેખર ઋષિ થયા છે, અથવા તે સારી રીતે યોગેશ થયા છે, કારણકે આનકદુંદુભિ(વસુદેવજી)એ જે કહેલ તે જ ઉત્પાત આપણે જોયો ૩૨.

'બત' 'હા' શબ્દ ખેદ દર્શાવવા યોજેલો છે. વસુદેવ ખરેખર ઋષિ જ થયા છે. પહેલાં ક્ષત્રિય હતા, હવે ઋષિ થયા છે, કારણ કે ઋષિનું વાક્ય જ પ્રમાણ (સત્ય) હોય છે.

'લૌકિક(વિષય)માં ઋષિ નકામા છે, એમ ન હોય તો (લૌકિકમાં પણ ઋષિ પ્રમાણ હોય તો) મંત્રો લૌકિક થઈ જાય' એવી શંકા થાય, તેથી કહે છે કે 'તે સારી રીતે યોગેશ થયા છે.' યોગેશો યોગરૂપી ચક્ષુથી સર્વ જાણે છે. 'સારી રીતે' કહેલ છે, તેથી કંસની સભામાં શું થયું તે પણ જાણે છે એમ જણાવેલું છે. 'તે' વસુદેવ પ્રસિદ્ધ હોવાથી તેમને તેવું જ્ઞાન હોય તે યોગ્ય છે, તેથી તેમાં કાંઈ અસંભાવના (અયોગ્યતા, શંકા) નથી. પોતાનું જ્ઞાન(માન્યતા) દૃઢ થાય[4] તે માટે વસુદેવે પોતાના વાક્યથી આપેલ સમાચાર કહે છે કે 'જે ઉત્પાત આનકદુંદુભિએ કહેલ તે જ આપણે જોયો.' 'જે જેની પછી થએલો છે તે તેમાં કહેલો છે[5],' એ ન્યાય પ્રમાણે આ વાત યોગ્ય છે, એમ જણાવવા 'હિ' 'કારણ કે' શબ્દ યોજેલો

---

એમ કહેલું છે. તેથી ગોપીઓના સંબંધથી તેમના પતિઓનું પણ પ્રધાનપણું કહેલું છે. (લે)

૧. ગોપોની ભગવાનમાં આસક્તિ તામસપ્રમેયપ્રકરણમાં મધ્યમલીલામાં કહેવા યોગ્ય છે. એવો ભાવ છે. (લે) બાલકની ક્રીડામાં પુરુષોની આસક્તિ હોતી નથી, પણ સ્ત્રીઓની જ આસક્તિ હોય છે, તેથી બાલકની ક્રીડામાં ગોપોની આસક્તિ કહેવી યોગ્ય નથી.

૨. આધ્યાત્મિક અવિદ્યાને મટાડવારૂપ બીજું કાર્ય પ્રમેયપ્રકરણમાં કહેવા યોગ્ય છે એવો અર્થ છે. (લે)

૩. એમ આ શ્લોકના તાત્પર્યથી કહે છે. (એટલે આ શ્લોકનું એવું તાત્પર્ય છે.) (લે)

૪. વસુદેવ જે કહે તે સત્ય જ કહે છે એવું જે પોતાનું જ્ઞાન છે, તે દૃઢ થાય તે માટે. (પ્ર)

૫. કંસે કરેલ મંત્રણા પછી જે ઉત્પાત થયો તે કંસની મંત્રણામાં કહેલો (ચર્ચાએલો) જ હોવો જોઈએ એવો અર્થ છે. (લે)

છે. અણધારા ખબર આપ્યા ન હતા (ગપાટો માર્યો ન હતો), એમ જણાવવા 'આનકદુંદુભિ' કહેલ છે. તેમના જન્મ સમયે આનકો (નોબતો) અને દુંદુભિઓ વાગેલાં, તેથી તેમનું જ્ઞાન પ્રામાણિક (સત્ય) જ છે. ૩૨.

**ક્લેવરં પરશુભિશ્છિત્ત્વા તે તુ વ્રજૌકસઃ ।।**

**દૂરે ક્ષિપ્ત્વાવયવશો નિર્દહન્[1] કાષ્ઠવેષ્ટિતમ્ ।।૩૩।।**

તે વ્રજવાસીઓએ તો મડદાને કુહાડાઓથી કાપી અવયવ અવયવ દૂર નાખી, લાકડાથી ઢાંકી દઈ બાળ્યું. ૩૩.

પછી વ્યવહાર સિદ્ધ થાય (જળવાઈ રહે) તે માટે (તે) બધાએ તેના (પૂતનાના) મડદાને કુહાડાઓથી કાપી કાપી, અવયવ અવયવ દૂર નાખી, (તે અવયવોનો) ઢગલો કરી, ગંધ વિગેરે આવે નહિ તે માટે[2] લાકડાંથી (ચોતરફ) ઢાંકી દઈ, (તેને) બાળ્યું[3]. જો જલમાં (મડદાને) નાંખે તો રાક્ષસોની ગતિ જાણી શકાય તેવી નહિ હોવાથી, તે કદાચ ફરી જીવતી થાય. જો તેને બાળે નહિ તો (રાક્ષસો) કટકે કટકે લઈ જાય અને પછી (કટકાઓને) ભેગા કરે (એટલે તે પાછી જીવતી થાય), તેથી તેને બાળવી જ યોગ્ય છે, એવી તેઓને (વ્રજવાસીઓને) બુદ્ધિ થઈ. તેને (પૂતનાને) મુક્તિ મળી છે, એમ જણાવવા ભગવાને એ પ્રમાણે (તેમની એવી બુદ્ધિ) કરેલી. શ્રુતિનો (વેદનો) અભિપ્રાય એવો છે કે (મડદાની) ભસ્મ થયા પછી જ મુક્તિ થાય. ૩૩.

**દહ્યમાનસ્ય દેહસ્ય ધૂમશ્ચાગરુસૌરભઃ ।।**

**ઉત્થિતઃ કૃષ્ણનિર્ભુક્તસપદ્યાહતપાપ્મનઃ ।।૩૪।।**

અને શ્રીકૃષ્ણે કરેલ ભોગથી તરત જ જેનાં સર્વ પાપો નાશ પામ્યાં હતાં તેવા બળતા દેહ(મડદા)નો ધૂમાડો અગરના જેવી સુગંધવાળો ઊંચે ચડ્યો. ૩૪.

તેને (પૂતનાને) મુક્તિ મળી તે દર્શાવનાર ચિહ્ન કહે છે, બળતા દેહના સંબંધવાળો ધૂમાડો (અગરના જેવી સુગંધવાળો ઊંચે ચડ્યો). (આ) કાષ્ઠનો ધૂમાડો હશે, એવો ભ્રમ ન થાય તે માટે 'બળતા દેહનો ધૂમાડો' એમ કહેલું છે. મૂલશ્લોકમાં 'ચ' 'અને' છે, તેથી એમ જણાવેલું છે કે (તેના) અંગારાઓ પણ

---

૧. પાઠભેદ 'દદહુઃ । ન્યદહન્ ।'

૨. (પૂતનાના) મડદાને બાળવામાં આવે તો તેમાંથી દુર્ગંધ નીકળે, એમ વ્રજવાસીઓ માનતા હતા. તેથી એ દુર્ગંધ પોતાને ન આવે તે માટે પોતાની બુદ્ધિને અનુસરી (તેમણે ઉપાય કર્યો). (લે)

૩. (મૂલશ્લોકમાં શાસ્ત્રીજી મગનલાલભાઈએ છપાવેલા ગ્રંથમાં 'દદહુઃ' શબ્દ છે. સુબોધિનીમાં 'નિર્દહન્' લખેલ છે.) તેમાં 'નિરદહન્' જોઈએ (તે શાસ્ત્રીજીએ કૌંસમાં મૂકેલ છે) 'અ' નો લોપ છાંદસ (વેદના નિયમ પ્રમાણે) છે. શ્રીધરે 'ન્યદહન્' પાઠ લીધેલો છે. (પ્ર)

ઉજળા[1] થતા અને દેહ પણ ઘીની પેઠે બળતો હતો. (અગરુ) અગરથી ઉત્પન્ન થએલ ધૂમાડા જેવી જેની (સૌરભ્ય) સુગંધ હતી, તેવો 'અગરુસૌરભ' (ધૂમાડો) સર્વ લોકોની જાણ માટે[2] ઊંચે ચડ્યો. (ધૂમાડાનું) ઊંચે જવું પણ (પૂતનાની) ઉત્તમ ગતિ જણાવનારું છે.

'દુષ્ટા(પૂતના)ના દેહનું કેમ એવું થયું ? (એવો સુગંધી ધૂમાડો કેમ ઊંચે ચઢ્યો ?)' એવી શંકા થાય, તેથી 'શ્રીકૃષ્ણે કરેલ ભોગથી તરત જ જેનાં સર્વ પાપો નાશ પામ્યાં હતાં' એમ કહેલું છે. જ્યારે શ્રીકૃષ્ણે સારી રીતે તેનાં ધાવણ અને પ્રાણોનો ભોગ કર્યો ત્યારે, શ્રીકૃષ્ણે ભોગ કર્યો કે તરત જ એટલે શ્રીકૃષ્ણે ભોગ કર્યો તે જ ક્ષણે (તેનાં સર્વ પાપો નાશ પામ્યાં) એવો અર્થ છે. 'સપદિ' 'તરત જ' અવ્યય છે. શ્રીકૃષ્ણે ભોગ કર્યો કે 'સપદિ' તે જ ક્ષણે, એક ક્ષણ પણ ગયા પહેલાં તે જ ક્ષણે[3] સર્વ તરફથી નાશ પામેલું હતું પાપ જે દેહનું તેવો નાશ પામેલ પાપવાળો તે દેહ હતો. (તેથી તેનો ધૂમાડો સુગંધવાળો નીકળે અને ઊંચે ચડે તેમાં આશ્ચર્ય જેવું કાંઈ નથી.) ૩૪.

અહિં (થી આરંભી) છ શ્લોકો સંબંધ વગરના(ક્ષેપક) સર્વત્ર(બધા ગ્રંથોમાં) જોવામાં આવે છે. ત્રણ (ક્ષેપક) અધ્યાયો પેઠે તેમની પણ ટીકા કરવી જોઈએ; પરંતુ તે સ્પષ્ટ હોવાથી તેમની ઉપેક્ષા કરવામાં આવે છે(ટીકા કરવામાં આવતી નથી).

**પૂતનાલોકબાલઘ્ની રાક્ષસી રુધિરાશના ।।**
**જિઘાંસયાપિ હરયે સ્તનં દત્ત્વાપ સદ્ગતિમ્ ।।૩૫।।**

લોકોના બાલકોનો સંહાર કરનારી, રૂધિરનું પાન કરનારી રાક્ષસી પૂતના મારી નાખવાની ઈચ્છાથી પણ હરિને ધવરાવી સદ્ગતિ પામી. ૩૫.

**કિં પુનઃ શ્રદ્ધયા ભક્ત્યા કૃષ્ણાય પરમાત્મને ।।**
**યચ્છન્ પ્રિયતમં લોકે રક્તાસ્તન્માતરો યથા ।।૩૬।।**

તો પછી તેમની (શ્રીકૃષ્ણની) અનુરાગવાળી માતાઓ પેઠે જે શ્રીકૃષ્ણ પરમાત્માને શ્રદ્ધાથી અને ભક્તિથી (પોતાને) લોકમાં સર્વથી વધારે પ્રિય હોય તે આપે તેનું તો કહેવું જ શું (તેને મોક્ષ મળે તેમાં શંકા જ શું હોઈ શકે) ? ૩૬.

તેમની માતાઓ એટલે વસુદેવની સ્ત્રીઓ એમ ટીકાકારો કહે છેઃ

---

૧. ('સોજ્જવલાઃ' શબ્દ છે ) તેનો અર્થ 'ઉજળા વર્ણવાળા' થાય છે. (લે)

૨. સર્વ લોકોને તેના સુગંધ જણાય તે માટે. (લે)

૩. અહિં શાસ્ત્રીજીએ પ્રસિદ્ધ કરેલ ગ્રંથ પ્રમાણે 'અપ્યવહિતઃ ક્ષણઃ' પાઠ છે. વૃંદાવન પ્રેસવાળા ગ્રંથમાં 'અક્ષ્યવહિતઃ ક્ષણઃ' છે. ખરો પાઠ 'અવ્યવહિતઃ ક્ષણઃ' હોવો જોઈએ. 'સપદિ' શબ્દનો અર્થ પણ 'અવ્યવહિતે ક્ષણે' યોગ્ય છે.

**પદ્ભ્યાં ભક્તહૃદિસ્થાભ્યાં વન્દ્યાભ્યાં લોકવન્દિતૈઃ ।।**
**અઙ્ગં યસ્યાઃ સમાક્રમ્ય ભગવાનપિબત્ સ્તનમ્ ।।૩૭।।**
**યાતુધાન્યપિ સા સ્વર્ગમવાપ જનનીગતિમ્ ।।**
**કૃષ્ણભુક્તસ્તનક્ષીરાઃ કિમુ ગાવો નુ માતરઃ ।।૩૮।।**

ભક્તોના હૃદયમાં રહેતા અને લોકોમાં પૂજાએલાઓએ પૂજવા યોગ્ય (પોતાના) બે ચરણોથી જેના અંગ ઉપર ચડીને ભગવાને જેના ધાવણનું પાન કર્યું, તે રાક્ષસીને પણ માતાની ગતિ સ્વર્ગની પ્રાપ્તિ થઈ. તો પછી જેમનાં સ્તનનું દૂધ શ્રીકૃષ્ણે પીધેલું છે તેવી ગાયો અને માતાઓનું તો કહેવું જ શું ? ૩૭-૩૮.

**પયાંસિ યાસામપિબત્ પુત્રસ્નેહસ્નુતાન્યલમ્ ।।**
**ભગવાન્ દેવકીપુત્રઃ કૈવલ્યાદ્યખિલાર્થદઃ ।।૩૯।।**
**તાસામવિરતં કૃષ્ણે કુર્વતીનાં સુતેક્ષણમ્ ।।**
**ન પુનઃ કલ્પ્યતે રાજન્ સંસારોઽજ્ઞાનસમ્ભવઃ ।।૪૦।।**

હે રાજન્ ! કૈવલ્ય (મોક્ષ) વિગેરે સર્વ પરમાર્થને આપનારા ભગવાન્ દેવકીપુત્રે જેમનાં પુત્ર પરના સ્નેહને લીધે સ્રવતાં દૂધોને ખુબ પીધેલાં છે તેવી શ્રીકૃષ્ણ ઉપર સદા પુત્રદષ્ટિ રાખનારીઓને અજ્ઞાનથી ઉત્પન્ન થતો સંસાર ફરી સંભવતો જ નથી. ૩૯-૪૦.

એ પ્રમાણે (શ્લોક ૩૪માં જણાવ્યું તે પ્રમાણે) પૂતનાના દેહનો ધૂમાડો નીકળતાં શું થયું, તે નીચેના શ્લોકમાં કહે છેઃ

**કટધૂમસ્ય સૌરભ્યમવઘ્રાય વ્રજૌકસઃ ।।**
**કિમિદં કુત એવેતિ વદન્તો વ્રજમાયયુઃ ।।૪૧।।**

સ્મશાનના ધૂમાડાની સુગંધને સૂંઘીને, 'આ શું (છે) ? આ ક્યાંથી (આવે છે) ?' એમ બોલતા વ્રજવાસીઓ વ્રજમાં આવ્યા. ૪૧.

કટ એટલે મરેલાંને બાળવાનું સ્થાન (સ્મશાન), તેમાં રહેલી ચિતાના સંબંધવાળા ધૂમાડાની સુગંધને સૂંઘીને, (ચરવા ગએલી) ગાયોના રક્ષણ માટે અથવા બીજા કોઈ કામ માટે દૂર ગએલા વ્રજવાસીઓ, 'આ શું આશ્ચર્ય ?' એમ વ્યાકુલ થઈને, સારી ગંધ સૂંઘીને (આ) અગર બળે છે એમ જાણીને, (આ) 'ક્યાંથી આવે છે ?' એમ બોલતા, તે તે (પોત પોતાનું) કામ પડતું મૂકીને વ્રજમાં જ આવ્યા. આથી બધાય વ્રજના રહેવાશીઓને પ્રપંચની વિસ્મૃતિ થઈ, અને તેમની અંદર (તેમના દેહમાં) ભગવાનના પ્રભાવે પ્રવેશ[1] કરેલો છે એમ કહેલું છે, તેથી (ભગવાનના પ્રભાવે તેમનામાં કરેલા પ્રવેશથી) તેમની [2]અંદર રહેલો પ્રપંચ

૧.પૂતનામાં પોતાના સંબંધથી સુગંધનો પ્રવેશ કરાવવારૂપ જે ભગવાનનો પ્રભાવ, તેણે વ્રજ-વાસીઓમાં પ્રવેશ કર્યો એવો અર્થ છે.(પ્ર) ૨.અંદર રહેલો પ્રપંચ એટલે વાસનારૂપ પ્રપંચ(પ્ર)

મટી જશે. પ્રપંચ તામસ છે અને પૂતના પણ તામસી હતી[3], તેથી (પૂતનાના દેહની) ગંધ પ્રપંચનો નાશ કરે એ યોગ્ય છે. ૪૧.

તેઓને પણ સુગંધ આવવાનું કારણ જાણીને વિસ્મય જ થયો, એમ નીચેના શ્લોકમાં કહે છેઃ

**તે તત્ર વર્ણિતં ગોપૈઃ પૂતનાગમનાદિકમ્ ।।**
**શ્રુત્વા તન્નિધનં સ્વસ્તિ શિશોરાસન્ સુવિસ્મિતાઃ ।।૪૨।।**

ગોપોએ વર્ણવેલું ત્યાં પૂતનાનું આગમન વિગેરે, તેનું મરણ (અને) બાલકની કુશલતા સાંભળીને તેઓ બહુ વિસ્મય પામ્યા. ૪૨.

ત્યાં એટલે ગોકુલમાં ગોપોએ વર્ણવેલું, (૧) પૂતનાનું આગમન વિગેરે સાંભળીને (તેઓ વિસ્મય પામ્યા). 'વિગેરે' શબ્દથી (પૂતનાએ ભગવાનને) ધવરાવવા માંડ્યા વિગેરે પ્રકાર કહેલા છે. (૨) તેનું મરણ એટલે પૂતનાનું મરણ, (અને) (૩) બાલકની કુશલતા એટલે (ભગવાનનું) કલ્યાણ, (એ) ત્રણ (વૃત્તાંત) સાંભળીને તેઓ બહુ વિસ્મય પામ્યા. સર્વથી પહેલાં પૂતનાનું આગમન જ આશ્ચર્ય(કારક) હતું; તેનાથી પણ (તેનું) અકસ્માત્ મરણ (આશ્ચર્યકારક હતું). સર્વથી વધારે સારી રીતે વિસ્મય એ થયો કે તે મોટી (પૂતના)નું ભક્ષણ કરનાર મૃત્યુએ બાલકને તજી દીધો (કાંઈ અનિષ્ટ કર્યું નહિ). ૪૨.

બહારગામ જઈ આવેલાએ પુત્રને આઘ્રાણ કરવું(સૂંઘવું) એ વેદમાં કહેલું હોવાથી નંદજીએ જન્મારામાં દુર્લભ એ કાર્ય તે સમયે કર્યું, એમ કહે છેઃ

**નન્દઃ સ્વપુત્રમાદાય પ્રોષ્યાગત ઉદારધીઃ ।।**
**મૂર્ધ્ન્યુપાઘ્રાય પરમાં મુદં લેભે કુરુદ્વહ ।।૪૩।।**

હે કુરુના વંશજ ! બહાર જઈ આવેલા ઉદાર બુદ્ધિવાળા નંદે પોતાના પુત્રને લઈને, માથા ઉપર સૂંઘીને ઘણો જ આનંદ પ્રાપ્ત કર્યો. ૪૩.

આશ્ચર્ય થાય ત્યારે જીજ્ઞાસા[1] (કારણ જાણવાની ઈચ્છા) થાય છે, કારણ

---

૩. સજાતીયથી સજાતીયનો નાશ થાય છે, એમ ગંધ તૈલ વિગેરેમાં જોવામાં આવે છે. તેથી તામસી અવિદ્યારૂપ પૂતનામાં પોતાના સંબંધનો (પ્રભાવનો) પ્રવેશ કરાવી, તેને માત્ર ગંધમાં જ રહેવા દઈ, તેનાથી જેની માત્ર ગંધ રહી છે તેવા અંદરના તામસ અવિદ્યારૂપ પ્રપંચનો ભગવાને નાશ કર્યો. આ પ્રમાણે પ્રપંચનો સ્હેલાઈથી નાશ થાય તે માટે ભગવાને પોતાના પ્રભાવનો પૂતના દ્વારા વ્રજવાસીઓની અંદર પ્રવેશ કરાવ્યો. (પ્ર)

૧. ''બાલકે (શ્રીકૃષ્ણે) પૂતનાના સ્તનને પકડવાથી તે મરણ પામી એમ સાંભળ્યા પછી, 'આ બાલકે રાક્ષસીને કેવી રીતે મારી ?' એ જાણવાની ઈચ્છા નંદજીને કેમ ન થઈ ?'' એવી શંકા થાય તેથી આ કહેલું છે. આશ્ચર્ય થાય તો જીજ્ઞાસા થાય. (પ્ર) (નંદજીને ઉત્પાત ગોકુલમાં છે એમ વસુદેવે કહેલું હોવાથી, ઉત્પાત જાણવાથી આશ્ચર્ય થયું ન હતું, તેથી તેમને એવી જીજ્ઞાસા પણ થઈ ન હતી.)

કે નટવિદ્યામાં એ પ્રમાણે જોવામાં આવે છે. બલભદ્રનો સમાવેશ ન થાય તે માટે 'પોતાના પુત્રને' એમ કહેલું છે. વેદમાં તેવી વિધિ કહેલી હોવાથી, પુત્રને લઈને એટલે હાથથી પકડીને માથે સૂંઘ્યા. તેમ કરવાનું કારણ 'બહાર જઈ આવેલા' શબ્દોથી કહેલું છે. આ નવીન કર્મ કરીને બહુ દાન આપવું જોઈએ, એમ તેમણે મનમાં વિચાર્યું, અને ભગવાનને માટે ભાતભાતનાં આભરણો કરીને (કરાવીને) લેતા આવ્યા હતા એમ 'ઉદારબુદ્ધિવાળા' શબ્દથી કહેલું છે. ('ઉદારબુદ્ધિવાળા' એટલે) તે સમયે જેમને બધીય ઉદાર બુદ્ધિ ઉત્પન્ન થઈ હતી તેવા. તેમની બુદ્ધિ ઉદાર હતી એટલે નંદજીને પણ મોક્ષ આપનારી હતી, અને જેઓ તેમની (નંદજીની) એ અવસ્થાની ભાવના કરે તેમને પણ મોક્ષ આપનારી હતી. 'દિવસ્પરિ....' વિગેરે 'વાત્સપ્ર' (પુત્ર ઉપરનો પ્રેમ જણાવનાર) સૂક્ત(વેદના મંત્ર)માં માથા ઉપર સૂંઘવાનો વિધિ કહેલો છે. (પૂતનાના દેહની) ગંધથી પ્રપંચનો (ભગવાને) નાશ કરેલો હોવાથી, ભગવાનને માથા ઉપર સૂંઘતાં નંદજીના હૃદયમાં પરમ આનંદ થયો, એમ 'ઘણો જ આનંદ' શબ્દથી કહેલું છે. 'હે કુરુના વંશજ' એ સંબોધન આખા ઉપાખ્યાનમાં વિશ્વાસ રહે તે માટે કરેલું છે. ૪૩.

પૂતનાનો મોક્ષ થયો છે, એમ કૈમુતિકન્યાયથી (એ ચરિત્ર સાંભળનારને પણ મોક્ષથી અધિક ભક્તિરૂપી ફલ પ્રાપ્ત થાય છે, તો તેને મોક્ષ થયો હોય તેમાં આશ્ચર્ય શું ? એવી રીતે) સિદ્ધ કરવા, તે ચરિત્ર સાંભળનારાઓને પણ ફલ તરીકે મોક્ષથી પણ અધિક ફલવાળી ભક્તિ પ્રાપ્ત થાય છે, એમ નીચેના શ્લોકમાં કહે છેઃ

**ય એતત્ પૂતનામોક્ષં કૃષ્ણસ્યાર્ભકમ્ અદ્ભુતમ્ ।।**
**શ્રૃણુયાત્ શ્રદ્ધયા મર્ત્યો ગોવિન્દે લભતે ગતિમ્ ।।૪૪।।**

જે શ્રીકૃષ્ણનું બાલ્યના સંબંધવાળું આ પૂતનાના મોક્ષરૂપ અદ્‌ભુત ચરિત શ્રદ્ધાથી સાંભળે અને (તેને) સત્ય માને તે ગોવિંદમાં મોક્ષ પ્રાપ્ત કરે છે. ૪૪.

આ પૂતનાના મોક્ષરૂપ શ્રીકૃષ્ણનું આર્ભક એટલે બાલકપણાના સંબંધવાળું, અદ્‌ભૂત એટલે લૌકિક ઉત્પત્તિ વિનાનું (કોઈ પ્રકારે લૌકિક સિદ્ધ થઈ શકે નહિ તેવું) અથવા અનિષ્ટ અર્થનો (અવિદ્યાનો) નાશ કરનારું અને ઈષ્ટને[1] ઉત્પન્ન કરનારું (આપનારું), ચરિત્ર સાંભળીને (જે) શ્રદ્ધાવાળો રહે, અથવા અમર્ત્ય થાય એટલે દેવભાવ પ્રાપ્ત કરે એટલે દેવોની સત્યમાં પ્રતિષ્ઠા હોવાથી

---

'ઉત્પાતો ગોકુલમાં થશે, એવો સંદેહ નંદજીને હતો જ. તેથી શ્લોક ૧૨માં વર્ણવેલ પૂતનાનો અવાજ સાંભળીને તેમને ઉત્પાતનો નિશ્ચય થવો જોઈએ; છતાં તેમના પ્રાણો કેવી રીતે ટકી શક્યા ?' એવી શંકાનું સમાધાન આ અધ્યાયના પહેલા શ્લોકના 'ઉત્પાતો આવવાની શંકાવાળા' શબ્દ પરનાં શ્રીસુબોધિનીમાં શ્રીમદાચાર્યચરણે કરેલું છે. (પ્ર)

૧. ઈષ્ટને એટલે મોક્ષને. (ટિ)

'આ સર્વ પ્રકારે સત્ય છે' એમ માને, તે ગોવિંદમાં ગતિ એટલે મોક્ષ અથવા ('રતિમ્') ભક્તિ[2] પ્રાપ્ત કરે છે. આ (શ્લોક) પણ વિગીત (ક્ષેપક) છે, એમ કેટલાક (ટીકાકારો) કહે છે. ૪૪.

**એ પ્રમાણે શ્રીમદ્‌વલ્લભદીક્ષિતે રચેલી**
**શ્રીમદ્‌ભાગવતની સુબોધિનીમાં દશમ સ્કંધના વિવરણમાં**
**તામસપ્રકરણનાં પ્રમાણ પેટા પ્રકરણમાં**
**ધર્મ જેનું બીજું નામ છે તેવા વીર્યનું નિરૂપણ કરનારા બીજા અધ્યાયનું**
**સ્કંધના આરંભથી છઠ્ઠા અધ્યાયનું વિવરણ સંપૂર્ણ.**
**અધ્યાય છઠ્ઠો સંપૂર્ણ.**

૨. 'ગતિમ્' અને 'રતિમ્' એવા બે પાઠ હોવાથી અહિં બે પ્રકારે વ્યાખ્યાન કરેલું છે. (લે)

# ।। અધ્યાય સાતમો ।।

**પૂતનાસુપયઃપાનં ભગવત્ત્વાય યત્ કૃતમ્ ।।**
**અલૌકિકત્વજ્ઞાનાય તત્ ષષ્ઠે વિનિરૂપિતમ્ ।।કા.૧।।**

પૂતનાના પ્રાણ તથા ધાવણનું પાન ભગવત્પણું જણાવવા માટે (કર્યું) તેનાથી થએલ (મડદાનો દાહ થતાં નીકળતી સુગંધ વિગેરે) (ચરિત્રનાં) અલૌકિક-પણાનું જ્ઞાન થવા માટે (હતું). તે (બંનેનું) છઠ્ઠા અધ્યાયમાં નિરૂપણ કર્યું. કા. ૧.

સાતમા અધ્યાયનું વિવરણ કરવા માટે પ્રથમ છઠ્ઠા અધ્યાય સાથે તેની સંગતિ કહે છે. પૂતનાના પ્રાણ તથા ધાવણનું પાન ભગવત્પણું જણાવવા એટલે પોતાનું વીર્ય પ્રકટ કરવા ભગવાને કર્યું. તેનાથી થએલ પૂતનાનો દેહ બળતાં નીકળેલી સુગંધ વિગેરે ભગવાનનું ચરિત્ર લોકથી જૂદા પ્રકારનું અલૌકિક છે, એવું સર્વને જ્ઞાન થાય તે માટે હતું. આ બંને કાર્યનું છઠ્ઠા અધ્યાયમાં નિરૂપણ કરેલું છે. (પ્ર)

**તતોઽપ્યલૌકિકં લોકે વિશેષાસક્તિબોધકમ્ ।।**
**સપ્તમે ત્રિવિધં પ્રાહ શકટોત્પાટનાદિકમ્ ।।કા. ૨।।**

લોકમાં તેનાથી પણ વિશેષ અલૌકિક (ગણાતું), (ભગવાનમાં) વધારે આસક્તિ જણાવનારું ગાડાને ભાંગવારૂપ વિગેરે[1] ત્રણ પ્રકારનું (ભગવાનનું ચરિત્ર) સાતમા અધ્યાયમાં કહે છે. કા.૨.

પૂતનાને ધાવતાં તેના મર્મસ્થાનમાં પીડા થવાથી તેના પ્રાણ જાય એમ કદાચ સંભવે ખરું, પરંતુ બાલક પોતાનો ચરણ ઊંચો કરે તેથી ગાડું ભાંગી જાય, એવું લોકમાં કદાપિ સંભવે નહિ. આવું ત્રણ પ્રકારનું ચરિત્ર ભગવાનમાં વધારે આસક્તિ ઉત્પન્ન કરનારું રાજાના પ્રશ્નથી શુક આ સાતમા અધ્યાયમાં કહે છે. અહિં કહેવામાં આવતું ચરિત્ર પહેલાં કહેલા ચરિત્ર કરતાં પણ ભગવાનમાં વધારે આસક્તિ ઉત્પન્ન કરનારું છે, અને તેના કરતાં વધારે અલૌકિક છે એવી સંગતિ છે. અલૌકિક ચરિત્રના જ્ઞાનથી ભગવાનમાં વિશેષ આસક્તિ થાય છે, તેથી તેવા ચરિત્રનો પ્રસંગ પણ વિશેષ આસક્તિ ઉત્પન્ન કરે છે. (પ્ર)

**ઉત્ક્ષેપણમ્ અવક્ષેપઃ પ્રસારણમ્ ઈતીર્યતે ।।**
**રાજસાનાં તામસાનાં સાત્ત્વિકાનાં ચ સઙ્ગ્રહે ।।કા. ૩।।**

રાજસ, તામસ અને સાત્ત્વિક (ભક્તો)ના સંગ્રહ (નિરોધ) માટે ઊંચે ફેંકવાનું, નીચે પછાડવાનું અને પહોળું કરવાનું, એમ (ત્રણ ચરિત્ર) કહેવામાં આવે છે. કા. ૩.

---

૧. 'વિગેરે' શબ્દથી તૃણાવર્તનો વધ અને જૃમ્ભાલીલા (ભગવાને બગાસું ખાધું તે લીલા) કહેલાં છે. (કા)

'ભવિષ્યમાં મને આ ઉપયોગી થશે' એમ જાણીને ઉત્તમ અથવા બીજા પદાર્થને લોકમાં પોતાના (પોતાની મિલ્કત) તરીકે રાખી મૂકવામાં આવે છે, તેને 'સંગ્રહ' કહે છે. અહિં 'સંગ્રહ' શબ્દ આ સમયના (સાતમા અધ્યાયની લીલાના સમયના) ભક્તોના નિરોધ માટે જ યોજેલો છે. તેથી તેઓના નિરોધ માટે આ ત્રણ ચરિત્રો કહેવામાં આવે છે એવો સંબંધ છે. (ટિ)

ઊંચે ફેંકવાનું એટલે ગાડાને ઊંચે ફેંકવાનું, નીચે પછાડવાનું એટલે તૃણાવર્તને નીચે પછાડવાનું, અને પહોળું કરવાનું એટલે બગાસું ખાવાની લીલામાં મુખને પહોળું કરવાનું. (લે. યો. કા.)

અહિં 'સંગ્રહ' પદથી રાજસ વિગેરે ભક્તોનો નિરોધ જ કહેલો છે, અને નિરોધ માટે આ ત્રણ લીલાઓ કહેવામાં આવે છે, એવો સંબંધ છે. દશમસ્કંધના નિબંધમાં કહ્યું છે કે 'ગાડું તામસ કહેલું છે, તૃણાવર્ત રાજસ કહેલો છે, તેમજ પુત્રભાવથી લાડ લડાવવાનું તથા મોહ ઉત્પન્ન કરવાનું સાત્ત્વિક છે.' (૩।૧૦।૪૬-૪૭) તેથી અહિં જણાવેલ ત્રણ ચરિત્રોથી અનુક્રમે તામસ, રાજસ અને સાત્ત્વિક ભક્તોનો નિરોધ કરેલો છે. કારિકામાં રાજસ, તામસ અને સાત્ત્વિક કહેલ છે, તેથી એ ક્રમ પ્રમાણે કહેલાં નથી એમ જણાય છે. (કા)

**સુપ્તં ચિત્તમથોલ્લાસ્ય ત્યાજયિત્વા ચ લૌકિકાન્ ।।**
**સ્વાસક્તિસિદ્ધયે પ્રીત્યા દુઃખં ચ કૃતવાન્ ક્વચિત્ ।।કા. ૪।।**

પછી સૂતેલા ચિત્તનો ઉલ્લાસ કરીને લૌકિકોનો ત્યાગ કરાવીને, પોતામાં આસક્તિ કરાવવા પ્રીતિથી કોઈવાર (ભગવાને) દુઃખ પણ (ઉભું) કર્યું. કા. ૪.

પૂતનાનો સંહાર કર્યા પછી સૂતેલા એટલે ત્રણ માસ સુધી (ભગવાનમાં) આસક્તિમાં વધારો નહિ થવાથી સામાન્ય જ આસક્તિવાળા રહેલા ભક્તોના ચિત્તનો, ઉલ્લાસ કરીને એટલે તેને વધારે આસક્તિ માટે યોગ્યતાવાળું કરીને, તેને સ્ફુરતા લૌકિક વિષયોનો ત્યાગ કરાવીને, તેની પોતામાં વિશેષ આસક્તિ થાય તે માટે પ્રીતિથી એટલે ભક્તો માટેના પોતાના પ્રેમને લીધે, કોઈવાર તૃણાવર્તને પછાડવાની વિગેરે લીલામાં ભગવાને ભક્તોને દુઃખ પણ કર્યું. આવી રીતે તેઓના ચિત્તનો ઉલ્લાસ વિગેરે કરીને તેઓનો નિરોધ કર્યો એવો અર્થ છે. અહિં પહેલી (ગાડાને ઊંચે ફેંકવાની) લીલાથી લૌકિક રીતે ભગવાને પોતામાં આસક્તિ ઉત્પન્ન કરી, બીજી (તૃણાવર્તને નીચે પછાડવાની) લીલાથી ભક્તો પરની પ્રીતિથી તેઓને દુઃખ કર્યું, અને ત્રીજી (બગાસું ખાવાની) લીલાથી (બાલકથી એવી લીલાઓ થઈ શકે નહિ, એવી) અસંભાવના દૂર કરી એમ જાણવું. (પ્ર)

સૂતેલા એટલે સારી રીતે પદાર્થ ગ્રહણ કરી શકે નહિ તેવા મૂઢ, યશોદાના ચિત્તનો ઔત્થાનિક (ભગવાનને ઘરમાંથી બહાર કાઢતી વખતે કરવામાં આવેલા)

ઉત્સવની પ્રેરણાથી ઉલ્લાસ કરી, ત્યાં ભેગા થએલા ગોપોનાં પૂજન વિગેરે લૌકિક ધર્મોનો તેમની પાસે ત્યાગ કરાવી, પ્રપંચનું તેમને વિસ્મરણ કરાવી, પછીના પ્રકરણમાં તેમની પોતામાં આસક્તિ કરાવવા માટે તે પ્રમાણે (દુઃખ ઉભું) કર્યું, એવો અર્થ છે. (લે)

સૂતેલા એટલે વધારે આસક્તિ વિનાના, યશોદા વિગેરેના ચિત્તનો ઉલ્લાસ કરીને એટલે વધારે આસક્તિવાળાં થવા માટે તેમને તૈયાર કરીને, લૌકિકનો તેમની પાસે ત્યાગ કરાવીને પોતામાં તેમની આસક્તિ થાય તે માટે, પ્રીતિથી એટલે ભક્તો માટેના પોતાના પ્રેમને લીધે, કોઈવાર તૃણાવર્તને પછાડવાની વિગેરે લીલામાં (ભક્તોને) દુઃખ કર્યું. (યો)

**યશો હિ સર્વગં ચેત્ સ્યાત્ સ્વાસક્ત્યૈવ ચ તદ્ ભવેત્ ।।**
**યશોદાનંદયોર્ અત્ર નિઃપ્રપઞ્ચો વિધીયતે ।।કા. ૫।।**

જો ચરિત્ર અથવા દુઃખ સર્વત્ર (સર્વને પહોંચતું) થાય તો તેનાથી યશ થાય અને તે પોતામાં (ભગવાનમાં) આસક્તિ થવાથી જ થાય. યશોદા અને નંદનો પ્રપંચરહિત (નિરોધ) અહિં ભગવાનથી કરવામાં આવે છે. કા. ૫.

ભગવાનનું ચરિત્ર સર્વને પહોંચતું થાય તો (તેનાથી ભગવાનનો યશ થાય). ભગવાનમાં (આસક્તિ થાય તો તેમનું ચરિત્ર સર્વને પહોંચતું થાય, કારણ કે આસક્તિ થવાથી) સર્વ ભગવાનના(ગુણો)નું ગાન કરે તે સંભવે છે, અને તેથી ભગવાનનું ચરિત્ર સર્વને પહોંચતું થાય; અને ચરિત્ર સર્વને પહોંચતું થાય તો તેનાથી ભગવાનનો યશ થાય.

અથવા દુઃખ સર્વને પહોંચતું થાય એટલે સર્વને દુઃખ થાય એટલે ભગવાન્ તે દુઃખ મટાડે તેથી સર્વની ભગવાનમાં આસક્તિ થાય. આસક્તિ થવાથી સર્વ ભગવાનના ગુણોનું ગાન કરે, તેથી ભગવાનનો યશ થાય. સર્વ ભક્તોને ભગવાન્ તે માટે જ દુઃખ કરે છે, એમ સર્વને દુઃખ કરવાનું તાત્પર્ય અહિં કહેલું છે. (ટિ. કા.)

'ભગવાન્ સાથે અધિક સંબંધ થતાં ભગવાનમાં આસક્તિ થશે. આસક્તિ કરાવવા ભક્તોને દુઃખ કરવાનું શું પ્રયોજન?' એવી શંકા થાય, તેથી કહે છે કે ભાવિ (ભગવાને આસુરવ્યામોહ કર્યા પછીના) ભક્તો કૃતાર્થ થાય તે માટે ભગવાનના યશની જરુર છે, અને યશ ગાન કરવાથી પ્રસરે છે. ભગવાનમાં આસક્તિ હોય તો જ તેમના ગુણોનું ગાન કરાય. એ સર્વનો વિચાર કરી, પોતાનો યશ પ્રકટ કરવા ભગવાને એ પ્રમાણે કર્યું (ભક્તોને દુઃખ દીધું) એવો અર્થ છે. જેમાંથી પ્રપંચ નીકળી ગયો છે તેવો યશોદા અને નંદનો નિરોધ આ અધ્યાયમાં ભગવાન્ કરે છે. (પ્ર)

દુઃખ સર્વને પહોંચતું હોય તો ભગવાનનો યશ (તે દુઃખ મટાડવાથી) થાય, અને ભગવાનમાં આસક્તિ હોય તો જ ભક્તોને દુઃખ થાય. આસક્તિ ન હોય તો ભક્તોને દુઃખ ન થાય એવો ભાવ છે. જેમાંથી પ્રપંચ નીકળી ગયો છે તેવો યશોદા અને નંદનો ભાવ અહિં એટલે આ પ્રમાણપ્રકરણમાં (ભગવાન્ કરે છે) એવો અર્થ છે. (લે)

**આનુષંગિકમન્યેષાં ગોપાનાં સર્વદેહિનામ્ ।।**
**ગોપીનામિતિ તત્રાદ્યે યશોદાયા વિતન્યતે ।।કા. ૬।।**

બીજા ગોપો, સર્વ પ્રાણીઓ અને ગોપીઓનો ગૌણ (પ્રપંચાભાવ) કરેલો છે, તેમાં પહેલામાં યશોદાનો (વિસ્તારથી) કહેવામાં આવે છે. કા. ૬.

બીજા ગોપો વિગેરેનો ગૌણતાથી નિષ્પ્રપંચભાવ (પ્રપંચની વિસ્મૃતિ વિગેરે) કરેલો છે. (પ્ર)

બીજા ગોપો વિગેરેના પ્રપંચનો અભાવ ગૌણતાથી કરેલો છે. પહેલાં એટલે ગાડાનાં પ્રકરણમાં માત્ર યશોદાનો (પ્રપંચાભાવ) કરેલો છે, બીજાઓનો ગૌણતાથી પણ કરેલો નથી એવો અર્થ છે. (લે-કા)

**કારિકાર્થ સંપૂર્ણ.**

ગયા (પાંચમા) અધ્યાયમાં આશ્ચર્ય ઉત્પન્ન કરીને પ્રપંચની વિસ્મૃતિ કરાવીને, (ભગવાને)[1] યશોદાની પોતામાં વિશેષ આસક્તિ (ઉત્પન્ન કરી)[2] એમ કહેવા, [3](પહેલાં ગાડાના પ્રકરણમાં યશોદાના પ્રપંચના અભાવ(નાશ)નું ફરીથી વિસ્તારથી વર્ણન કરવામાં આવે છે.)[3] બીજા કેટલાકના મત[4] પ્રમાણે માત્ર પ્રપંચની વિસ્મૃતિ જ પુરુષાર્થ છે, તેથી 'શુકદેવ યશોદાની ભગવાનમાં આસક્તિ કહેશે નહિ' એવી શંકા થવાથી રાજા પરીક્ષિત્ અહિંથી ત્રણ શ્લોકોથી પ્રશ્ન પૂછે છેઃ

રાજા કહે છેઃ

**યેન યેનાવતારેણ ભગવાન્ હરિરીશ્વરઃ ।।**
**કરોતિ કર્ણરસ્યાનિ ચરિતાનિ ચ નઃ પ્રભો ।।૧।।**

હે પ્રભો ! જે જે અવતારથી ભગવાન્ હરિ ઈશ્વર ચરિત્રો કરે છે, તે અમારા કર્ણને રસ ઉત્પન્ન કરનારાં (હોય છે). ૧.

**સર્વં ચરિત્રં હિતકૃદ્ ગુણકૃચ્ચ તતોઽધિકમ્ ।।**

---

૧-૨. આ શબ્દો શ્રીસુબોધિનીમાં અધ્યાહાર રાખેલા છે. (લે)

૩-૩. અહિં કૌંસમાં કહેલ ભાગનો ઉપરની છઠ્ઠી કારિકામાં આવેલ તે સાથે અન્વય લેવાનો છે. (લે)

૪. તે સમયે પણ ઋષિઓમાં ઘણા મતભેદ હતા, અને કેટલાકના મત પ્રમાણે અવિદ્યાની નિવૃત્તિ (દૂર થવું) એ જ મોક્ષ હતો, તેથી (રાજાને એવી શંકા થાય છે) એવો ભાવ છે. (લે)

**તત્રાપિ સ્નેહજનકં તદ્ વક્તવ્યમ્ ઈતિ સ્થિતિઃ ।।કા. ૭।।**

(ભગવાનનું) સર્વ ચરિત્ર હિત કરનારું[૫] છે, અને ગુણ કરનારું તેનાથી અધિક છે. તેમાં પણ સ્નેહ ઉત્પન્ન કરનારું અધિક છે, તે ભગવાનમાં સ્નેહ ઉત્પન્ન કરનારું ચરિત્ર કહેવું જોઈએ એવી સ્થિતિ[૬] છે. કા. ૭.

ભગવાનનું બધુંય ચરિત્ર સર્વથી ઉત્તમ છે, એમ આરંભમાં (રાજા) કહે છે. જે જે એટલે મત્સ્ય કૂર્મ વિગેરે અવતારોમાં જે જે ચરિત્રો ભગવાન્ કરે છે તે અમારા કાનને રસ ઉત્પન્ન કરનારાં છે એવો સંબંધ છે. કોઈની પ્રીતિ શ્રીકૃષ્ણ અવતારમાં કરેલા ચરિત્રમાં જ હોય, એવા પક્ષ(વિષય)માં (ભગવાનમાં) અવતારથી થતા ભેદનું બીજું નામ દ્વેષ છે, (બીજા અવતારો પ્રતિ દ્વેષ દર્શાવે છે) એમ સિદ્ધ થાય. તેથી તેમ ન થાય તે માટે 'જે અવતારથી જ કરે છે' એમ કહેવું જોઈએ. (એટલે ચરિત્ર કરનાર ભગવાન્ છે, અને તે અવતાર લઈ ચરિત્ર કરે છે.) (વળી) અવતારપરાયણ રહેવાથી (અવતાર જ મુખ્ય છે એમ માનવાથી) ભગવાન્ લૌકિક છે એવી બુદ્ધિ થાય. તેથી તેમાં (અવતારમાં) આદર રાખવો જોઈએ નહિ, એમ ('યેન' 'જે' શબ્દ) બીજીવાર મૂકી કહેલું છે. ખરી રીતે તો (ચરિત્રમાત્ર) ભગવાન્ કરે છે. તે કરવાનું પ્રયોજન 'હરિ' (સર્વના દુઃખ હરનાર) શબ્દથી કહેલું છે. તે પ્રમાણે (દુઃખ હરનાર તરીકે) (પોતાનો) આવિર્ભાવ (કરવા)ની યોગ્યતા 'ઈશ્વર' (નિયામક) શબ્દથી કહેલી છે. અમો આ સમયના સેવકોનું તેવું ભાગ્ય નહિ હોવાથી અમને (ભગવાન શ્રીકૃષ્ણનું) દર્શન થતું નથી તો પણ, આપ (શુક) વિગેરેની કૃપાથી (ચરિત્રો) કર્ણને રસ ઉત્પન્ન કરનારાં થાય છે. 'લોકમાં તે (કાવ્ય વિગેરે ગ્રંથોમાં) લખાયાં નથી' એવી શંકા પણ નથી, એમ જણાવવા 'ચરિત્રો' શબ્દ યોજેલો છે. ચરિત્ર એટલે (કાવ્ય વિગેરે ગ્રંથોમાં) લખાએલ કૃત્ય. મૂલશ્લોકમાં 'ચ' શબ્દ છે તે એમ જણાવે છે, કે મોટાઓના મોઢેથી અકસ્માત્ કહેવાએલું (કૃત્ય) પણ (ચરિત્ર છે). અમારા એટલે સર્વ શ્રોતાઓના (કર્ણને રસ ઉત્પન્ન કરનારું હોય છે). (મારા) અંતઃકરણનું (તમને) જ્ઞાન છે. અને હું ખોટું (અંતઃકરણમાં હોય તેથી જૂદા પ્રકારનું અથવા ઊંધું) કહું તો

૫. ભગવાનનાં હિત કરનારાં, ગુણ કરનારાં અને ભક્તિ ઉત્પન્ન કરનારાં ચરિત્રો અનુક્રમે આ અધ્યાયમાં પહેલા ત્રણ શ્લોકથી રાજા પૂછે છે. હિત કરનારાં એટલે (સાંભળવાથી) કર્ણને રસ ઉત્પન્ન કરનારાં વિગેરે ચરિત્રનાં શ્રવણનાં ફલરૂપ સાધારણ ગુણવાળાં. ગુણ કરનારાં એટલે સર્વદોષોને મટાડીને શુદ્ધ સત્ત્વ વિગેરે ગુણો કરનારાં. હિત કરનારાં ચરિત્રોથી આ ગુણ કરનારાં ચરિત્રો અધિક છે, તેથી પણ અધિક ભક્તિ ઉત્પન્ન કરનારું ગાડાના ભાંગવારૂપ ચરિત્ર છે. આ સ્નેહ એટલે ભક્તિ ઉત્પન્ન કરનારાં ચરિત્રો ખાસ કહેવા યોગ્ય છે, એવી સ્થિતિ એટલે મર્યાદા છે. (કા)

૬. સ્થિતિ એટલે સ્નેહ ઉત્પન્ન કરાવવાના પ્રયોજનવાળી મર્યાદા. (પ્ર)

(મને) દંડ કરવાનું તમારામાં સામર્થ્ય છે, એમ જણાવવા 'પ્રભો !' એવું સંબોધન (રાજા શુકદેવને કરે છે). ૧.

જો કે અભિપ્રાય સહિત ચરિત્રનું શ્રવણ કરવામાં આવે તો (ભગવાનનું) બધુંય ચરિત્ર આવા ગુણ ઉત્પન્ન કરનારું થાય છે, તો પણ જો ચરિત્ર ઉપર ઉપરથી (અભિપ્રાય જાણ્યા વિના સાંભળવામાં આવે તો) પણ સર્વ દોષોને મટાડીને સર્વ ગુણો આપનારું થાય તે કહો, એમ નીચેના શ્લોકમાં કહે છેઃ

**યચ્છૃણ્વતોપૈત્યરતિર્વિતૃષ્ણા સત્ત્વં ચ શુદ્ધ્યત્યચિરેણ પુંસઃ ।।**
**ભક્તિર્હરૌ તત્પુરુષે ચ સખ્યં તદેવ હારં વદ મન્યસે ચેત્ ।।૨।।**

જે સાંભળનારની અરતિ અને (સંસારની) સર્વ તૃષ્ણા જતાં રહે છે, અને પુરુષનું સત્ત્વ તરત જ શુદ્ધ થાય છે. હરિમાં ભક્તિ અને તેમના સેવકો સાથે મિત્રતા થાય છે, તે જ (આપ) યોગ્ય માનો તો મનોહર થાય તેમ કહો. ૨.

જે ચરિત્ર સાંભળનાર પુરુષની, ભગવાનના ચરિત્ર સંબંધી જે અરતિ (અણગમો) હોય તે જતી રહે તે કહો. ભગવાનનું માહાત્મ્ય અને તેમણે પોતાના ઉપર કરેલા ઉપકાર જાણવામાં આવે ત્યારે તેમ થાય છે (ચરિત્ર સાંભળવામાં અણગમો હોય તે જતો રહે છે). અને(૨) (જે ચરિત્ર સાંભળનારને) સંસાર બાધક (પીડા કરનારો) છે એવું જ્ઞાન થતાં, સંસારના સંબંધની તૃષ્ણા (લોભ) બધી જતી રહે છે (તે કહો).

આ બે અનુક્રમે ગુણ અને દોષના અભાવરૂપ[૧] છે, અથવા બંને સામાન્ય રીતે દોષના અભાવરૂપ છે. હવે ગુણ કહે છે. અને (૩) જે સાંભળનાર સ્વતંત્ર પુરુષનું સત્ત્વ તરત જ શુદ્ધ થાય છે તે કહો. સત્ત્વ એટલે અંતઃકરણ શુદ્ધ થાય છે એટલે જ્ઞાનરૂપ[૨] ભગવાનનાં સંસારથી અતીત[૩] ચરિત્રનું શ્રવણ થતાં, જેમ ભગવાનના મુખારવિંદમાં ત્રણ લોકનું વર્ણન (શ્રવણ કરવાથી થયું તેમ) કામ, ક્રોધ વિગેરે વાસનારહિત થાય છે. વળી (૪) (જે સાંભળનારને) જેમ ભગવાનને

---

૧. ભગવાનનાં ચરિત્રનું શ્રવણ કરવાનો અણગમો જતો રહે તે ગુણ છે, અને સંસારમાં તૃષ્ણા મટે તે દોષનો અભાવ છે. 'અરતિઃ' એટલે અણગમો; અરતિ જતી રહે એટલે રતિ જ રહે. એમ થવાથી એને ગુણ કહેલ છે. રતિનો અભાવ તે અરતિ, તેનો અભાવ એટલે રતિ. એમ રતિ ગુણ થાય છે. આમ અર્થ લેવાથી (અરતિ મટે ત્યારે) શુદ્ધ સત્ત્વ વધે છે તે યોગ્ય નથી. તેથી ફરીથી અરતિના અભાવને પણ દોષનો અભાવ જ કહેલ છે. (પ્ર)

અરતિનો અભાવ એ 'રતિ' ન ગણાય. અણગમાનો અભાવ એટલે પ્રેમ નહિ, પણ પ્રેમ પણ નહિ અને દ્વેષ પણ નહિ, એવી સ્થિતિ થાય. તેથી આ બીજો અર્થ કરેલ છે તે યોગ્ય જ છે.

૨. જ્ઞાન જેના આત્મા એટલે સ્વરૂપમાં છે તે જ્ઞાનાત્મા. જ્ઞાનાત્મા એટલે જ્ઞાનરૂપ. (લે)

૩. સંસારનો અત્યય એટલે નાશ કરાવે તે સંસારથી અતીત. (પ્ર)

ઉલૂખલે બાંધવાના પ્રસંગમાં થયું તેમ હરિમાં ભક્તિ થાય છે, અને (૫) જેમ યમલાર્જુન ભાંગવાના પ્રસંગમાં થયું તેમ તેમના પુરુષ એટલે ભગવાનના સેવકો સાથે મિત્રતા થાય છે તે કહો. અહિં 'ચ' 'અને' શબ્દથી (એમ કહેલું છે કે જે સાંભળનારને) ભગવાનના સેવકના સેવક સાથે પણ મિત્રતા થાય છે (તે પણ કહો). તે (તેવાં જ) ચરિત્ર જે પ્રકારે મનોહર થાય તેમ કહો, એવી રાજા પ્રાર્થના કરે છે. જો આપ(શુકદેવ) યોગ્ય માનો તો, એટલે 'તેવું ફલ આને (મને પરીક્ષિતને) પ્રાપ્ત થાઓ' એવી જો આપની કૃપા થાય તો કહો. (ભગવાનના ચરિત્રનો) અધિકાર પ્રમાણે બોધ કરવાથી તે મનોહર (મન હરનારું) થાય છે. એવી રીતે પાંચ પ્રકારનું ચરિત્ર પૂછેલું છે. તે (શુકદેવ) અનુક્રમે તૃણાવર્તના વધથી આરંભી કહેશે.

૧. તૃણાવર્તનો વધ આશ્ચર્યરૂપ છે એટલે તેના શ્રવણથી ચરિત્ર સાંભળવાનો અણગમો જતો રહે છે, ૨.ભગવાનમાં સર્વ(પદાર્થમાત્ર) હોવાથી (બગાસું ખાવાની લીલાથી) સંસારમાંની તૃષ્ણા પણ જતી રહે છે, ૩.ભગવાનનાં નામો ધૂર્તતા વિગેરેનું શ્રવણ કરવાથી અંતઃકરણ દેહ, ઇન્દ્રિયો વિગેરે શુદ્ધ થાય છે, ૪.ઉલૂખલ સાથે ભગવાનને બાંધ્યા એ ચરિત્રના શ્રવણથી ભગવાનમાં ભક્તિ થાય છે, અને ૫.ભગવાને યમલાર્જુનનો ભંગ કર્યો તે ચરિત્રના શ્રવણથી તેમના સેવકો સાથે સખ્ય થાય છે. ૨.

આ (ઉપર જણાવેલ) પાંચ પ્રકારનાં ચરિત્ર પહેલાં, શ્રીકૃષ્ણમાં આસક્તિ ઉત્પન્ન કરનારું એક ચરિત સામાન્ય રીતે કહો, એમ નીચેના શ્લોકમાં કહે છેઃ

**અથાન્યદપિ કૃષ્ણસ્ય તોકાચરિતમદ્ભુતમ્ ।।**
**માનુષં લોકમાસાદ્ય તજ્જાતિમનુરુન્ધતઃ ।।૩।।**

આરંભમાં જ (તરત જ) મનુષ્યલોકમાં આવીને તેમની જાતિને અનુસરતાં (કરેલું) શ્રીકૃષ્ણનું બીજું પણ તેવું અદ્ભુત બાલચરિત (કહો). ૩.

'અથ' એટલે જૂદા આરંભથી[1] કહો. 'અથ' આરંભમાં જ[1] કહો. કાંઈપણ અંતર વિના એટલે તરત જ કહો. જેમ બાલકની અવસ્થામાં પૂતનાનો વધ કર્યો તેવું બીજું પણ કહો. તેવી જ રીતે પૂતનાવધ પ્રમાણે જે ચરિત્ર બાલક અવસ્થામાં કરેલું હોય તે કહો. બીજા અવતારમાં બાલક અવસ્થામાં કરેલું ચરિત્ર કહેવાનું નથી (પણ શ્રીકૃષ્ણે એવી અવસ્થામાં કરેલું હોય તે જ કહેવાનું છે), એમ જણાવવા 'શ્રીકૃષ્ણનું' પદ યોજલું છે. અથવા[2] બાલક અવસ્થામાં શ્રીકૃષ્ણે ચરિત્ર કરેલું હોય

૧. 'અથ' શબ્દના બંને અર્થ લીધેલા છે. (લે)

૨. બીજા અવતારે બાલક અવસ્થામાં કરેલું ચરિત્ર કહેવાનું નથી, એવો (પહેલાં કરેલ) અર્થ લેવાથી, બીજા અવતારોનો અનાદર થાય, તેથી અહિંથી બીજો અર્થ કરે છે. (પ્ર) આ બીજા અર્થમાં એમ કહે છે કે બાલક અવસ્થામાં પણ શ્રીકૃષ્ણે ચરિત્ર કરેલું હોય તે સંભવે છે. એનો

તે સંભવે છે, એમ જણાવવા ('શ્રીકૃષ્ણનું' પદથી) ભગવાનનું નામ (લીધેલું છે). 'બાલચરિત' એટલે બાલકે કરેલું ચરિત્ર. જે ઉઠવાને સમર્થ ન હોય તે બાલ. તે (બાલે કરેલું ચરિત્ર) પણ અદ્ભુત એટલે અલૌકિક, લોકમાં જેનું કારણ જાણી ન શકાય અને જેની કલ્પના થઈ શકે નહિ તેવું (કહો). તે પણ લૌકિક ભાવથી (શ્રીકૃષ્ણે) કરેલું હોવું જોઈએ, એમ 'મનુષ્યલોકમાં આવીને' શબ્દોથી કહેલું છે. મનુષ્યલોક એટલે ભૂમિ ઉપર આવીને માનુષ(મનુષ્યના)ભાવનો સ્વીકાર કરીને, તેમની જાતિને એટલે બાલકોની જાતિને અનુસરતાં, જેમ ગોવાળીઆના બાલકો કરે તેમ જાતિલીલાનું ઉલ્લંઘન કર્યા વિના કરેલું, (બીજું) તેવું એટલે પૂતનાવધના સરખું એક ચરિત્ર કહો, એવી પ્રાર્થના (કરેલી છે). ૩.

(ત્રીજા શ્લોકમાં જેને માટે પ્રાર્થના કરી) તેવું જ સર્વ (દશે) ઈન્દ્રિયો અને (ચાર) અંતઃકરણની (ભગવાનમાં) પ્રીતિ ઉત્પન્ન કરનારું ગાડાને ભાંગવારૂપ ચરિત્ર શુક નીચેના શ્લોકથી આરંભી ચૌદ[1] શ્લોકથી કહે છેઃ

શ્રીશુક કહે છેઃ

**કદાચિદૌત્થાનિકકૌતુકાપ્લવે જન્મર્ક્ષયોગે સમવેતયોષિતામ્ ।।**
**વાદિત્રગીતદ્વિજમન્ત્રવાચકૈશ્ચકાર સૂનોરભિષેચનં સતી ।।૪।।**

કોઈ એક સમયે જન્મનક્ષત્રનો યોગ હતો ત્યારે નિષ્ક્રમણ(સંસ્કાર)ના ઉત્સવના સ્નાનમાં એકત્ર થએલી સ્ત્રીઓ મધ્યે સતીએ (યશોદાએ) વાજીંત્રો, ગીતો તથા બ્રાહ્મણોના મંત્રોચ્ચાર સાથે પુત્રનો અભિષેક કર્યો. ૪.

પ્રથમ આ શ્લોકમાં ઉત્સવનું વર્ણન કરે છે. ઔત્થાનિક કર્મ એટલે 'ચોથા માસમાં નિષ્ક્રમણ સંસ્કાર કરવો' એમ શાસ્ત્રમાં કહેલ નિષ્ક્રમણ (બાલકને બહાર ખુલ્લી હવામાં લઈ જવાનો) સંસ્કાર[2]. નિષ્ક્રમણ સંસ્કાર કરતા હતા તે જ દિવસે

---

ભાવાર્થ એવો થાય છે કે બીજા અવતારોએ બાલક અવસ્થામાં ચરિત્રો કરેલ હોય તેવું સંભવતું નથી. તેથી શ્રીકૃષ્ણવતાર બીજાથી ઉત્તમ છે, એવો ભાવાર્થ નીકળે છે જ. તેથી બીજો અર્થ કરવાનું પ્રકાશમાં કહેલું પ્રયોજન ઘટતું હોય તેવું જણાતું નથી.

૧. દશ ઈન્દ્રિયો અને ચાર અંતઃકરણ, એમ ચૌદને પ્રીતિ કરનારું હોવાથી ચૌદ શ્લોકોથી કહે છે, એમ ચૌદ શ્લોકથી કહેવાનું તાત્પર્ય કહેલું છે. (લે) મન સાથે અગીઆર ઈન્દ્રિયો, અને બુદ્ધિ, ચિત્ત અને અહંકાર, એ ત્રણ અંતઃકરણ મળી ચૌદને (પ્રીતિ કરનારું હોવાથી ચૌદ શ્લોકથી કહે છે). (યો)

૨. બાલકને મંગલ(દ્રવ્ય)થી સ્નાન કરાવી, ઈષ્ટ દેવતાની પૂજા કરી, 'ઉદ્ગાતા...' વિગેરે મંત્રોથી કુમાર(બાલક)ને શણગારી, મંગલ તૂર્ય વિગેરે વાજીંત્રોના અવાજ સાથે કોઈ દેવાલયે અથવા ગંગા વિગેરે નદીના તીરે અથવા સારા ચબૂતરા અથવા સગાંઓના ઘેર જઈ, ત્યાં બંધુઓ વિગેરે જે ભેટ આપે તે લઈ, પાછા ઘેર આવી પુણ્યાહ વંચાવી, આરતી તથા દક્ષિણા વિગેરેથી મોટો ઉત્સવ કરવો, તેવું નિષ્ક્રમણ સંસ્કારનું સ્વરૂપ છે. (પ્ર)

રોહિણી નક્ષત્ર હતું[3]. ઔત્થાનિક (નિષ્ક્રમણનું) કર્મ કરીને, ત્યાં (તે કર્મ કરવામાં) ચિત્તમાં ઉત્સવનો આવેશ થતાં, તે કર્મ ઉત્સવથી કરવું એવું વિચારી, તે જ દિવસે જન્મના નક્ષત્ર(રોહિણી)નો યોગ હોવાથી એકત્ર થએલી સર્વ સ્ત્રીઓની મધ્યે, તૂર્ય વિગેરે વાજીંત્રો, સ્ત્રીઓએ અને પુરુષોએ ગાએલાં ભાતભાતનાં ગીતો તથા દ્વિજો એટલે બ્રાહ્મણોએ કરેલા મંત્રોના ઉચ્ચારો સાથે, સતી યશોદાએ પુત્રનું અભિષેચન કર્યું, એટલે કલશ સ્થાપન કરીને બ્રાહ્મણો મંત્રો સાથે કરે છે તેવો પ્રોક્ષણ(સ્નાન કરાવવા)રૂપ સંસ્કાર કર્યો. મંગલસ્નાન વિગેરે કર્મ તો પહેલાં જ કરેલું હતું. પ્રોક્ષણસંસ્કાર કરવાથી અભ્યુદય(ચડતી, આબાદી) થાય છે તેથી તે કર્યો; કારણ કે યશોદા સતી એટલે પતિવ્રતા હતાં અને તેથી પતિનો અભ્યુદય ઈચ્છતાં હતાં; અથવા યશોદા સતી હતાં તેથી બીજે સ્થલે[4] ઉત્સવ કરે તેવાં ન હતાં. ૪.

એ પ્રમાણે (ગયા શ્લોકમાં) મોટા ઉત્સવનું વર્ણન કરી, બાલકનું વિસ્મરણ થાય તે માટે તેમને પર્યંકમાં પોઢાડ્યા, એમ નીચેના શ્લોકમાં કહે છેઃ

**નન્દસ્ય પત્ની કૃતમજ્જનાદિકં વિપ્રૈઃ કૃતસ્વસ્ત્યયનં સુપૂજિતૈઃ ।।**
**અન્નાજ્યવાસઃસ્રગભીષ્ટધેનુભિઃ સઞ્જાતનિદ્રાક્ષમશીશયચ્છનૈઃ ।।૫।।**

સ્નાન વિગેરે કરેલા, અન્ન, ઘી, વસ્ત્રો, માલાઓ, માગેલા પદાર્થો અને ગાયોથી સારી રીતે પૂજાએલા બ્રાહ્મણોએ જેમનું સ્વસ્ત્યયન કરેલું છે તેવા, અને જેમની આંખમાં નિદ્રા આવી છે તેવા (બાલકને), નંદજીની પત્નીએ ધીરેથી પોઢાડ્યા. ૫.

નંદજીનાં પત્ની નંદજીનું કાર્ય (આવેલા વ્રજના લોકોનો સત્કાર કરવાનું વિગેરે) અવશ્ય કરે. જો તેમ ન હોય તો તે (સત્કાર વિગેરે કાર્ય) ન થતાં નાતીલાંઓને મનદુઃખ થાય. તેથી (સત્કાર વિગેરે કરવાનો સમય મળે તેથી) સ્નાન વિગેરે કરેલા ભગવાનને આંખમાં નિદ્રા આવતાં તેમણે તેમને પોઢાડ્યા એવો સંબંધ છે.

---

૩. આ વાક્ય બહુ પ્રયોજનવાળું નહિ હોવા છતાં, તેમાં સ્વરૂપનું કીર્તન કરેલું છે, તે (માત્ર) વ્યાખ્યાન નથી. (ટિ)

જન્મના રોહિણી નક્ષત્ર પછી, ચોથીવાર રોહિણી નક્ષત્ર ૧૦૮ દિવસે આવે. (કારણ કે ચંદ્ર દરરોજ એક નક્ષત્રનો ભોગ કરે છે, અને ૨૭ નક્ષત્રો છે. તેથી ૨૭ દિવસે તેનું તે નક્ષત્ર ફરી આવે ૨૭×૪=૧૦૮). આમ હોવાથી ભા.૨।૭।૨૭ પ્રમાણે ચોથા માસના અઢારમા દિવસે (૩ માસના ૯૦ દિવસ+૧૮=૧૦૮). (જન્માષ્ટમીથી આરંભ કરતાં) એટલે માગશર સુદ ૧૧ પહેલાં આ ઉત્સવ ન આવે, એમ આ વાક્યથી આ ઉત્સવનું સ્વરૂપ જ કહેલું છે. (પ્ર)

૪. બીજે સ્થલે એટલે પતિ ન હોય ત્યાં. (પ્ર) બીજે સ્થલે એટલે પોતાના પિતા વિગેરેના ઘેર, યશોદા સતી હોવાથી તેમણે ઉત્સવ બીજે સ્થલે કર્યો ન હતો. (લે)

આરંભમાં[1] સ્ત્રીઓને બોલાવી, ભગવાનને સ્નાન કરાવવાના સ્થાનને શણગારી, જાતજાતનાં ગીતો ગાતાં તેલથી તથા જાતજાતના સુગંધવાળા દ્રવ્યોથી સ્નાન કરાવી, આભરણો[2] પહેરાવી, કસ્તૂરી ગોરોચન વિગેરેનું તિલક દઈ કરી, ધૂપ વિગેરેથી (સ્નાનથી થએલ) ભીનાશ મટાડી, સર્વ આભરણોથી શણગારી[3], ત્યાર પછી વિપ્રોએ જેમનું સ્વસ્ત્યયન એટલે રક્ષાબંધન વિગેરે કરેલું છે તેવા ભગવાનને પોઢાડ્યા. તે (સ્વસ્ત્યયન કરનારા) બ્રાહ્મણોને ઘણું દાન કરી, સંતોષ પામેલા તેઓના આશીર્વાદો લઈ, (બાલકે પોતાને) થાક લાગેલો છે એવો દેખાવ કરતાં, તેમની આંખમાં નિદ્રા આવી છે એમ માની, યશોદાએ તેમને પોઢાડ્યા.

અન્ન એટલે ઓદન(ચોખા), ઘી, માલા, વસ્ત્રો, માગેલા પદાર્થો અને ગાયો, તે બધાએ પદાર્થોથી બ્રાહ્મણોની પૂજા કરી (તેમને દાનમાં આપ્યા). તે બ્રાહ્મણોની જ્ઞાનશક્તિનો સંકોચ કરવા ભગવાનની આંખમાં નિદ્રા ભરાણી, જો તેમની જ્ઞાનશક્તિનો સંકોચ થયો ન હોત તો તેઓ આશિષો ન આપત[4]. યશોદાએ ધીરેથી એટલે જેમ કરવાથી નિદ્રા જતી ન રહે તેમ ધીરા હાથે પોઢાડ્યા.

બ્રાહ્મણોની પ્રીતિ ચાર પ્રકારથી થાય છે. ૧.પ્રથમ ઘી સહિત ભોજન (અન્ન)થી ૨.પછી વસ્ત્રોથી, ૩.એ બંનેથી પોતે પૂર્ણ (સંતુષ્ટ) થઈ આ લોકમાં જે જે પદાર્થની અપેક્ષા (જરુર) હોય તે માગી લે છે, (માગેલા પદાર્થોથી) અને ૪.પછી વૈદિક કર્મ થઈ શકે તે માટે ગાયો (તેમને આપવાથી). એ પ્રમાણે ચાર પ્રકારે (પ્રકારના પદાર્થોથી) પૂજાએલા અને લૌકિકમાં પ્રસિદ્ધિ થાય તે માટે માલાઓથી પૂજાએલા (બ્રાહ્મણો) અંતઃકરણપૂર્વક સ્વસ્ત્યયન કરે છે. તેઓની પરમાર્થના વિષયની[5] (પરમાર્થનું જેનાથી ભાન થાય તેવી) બધી દૃષ્ટિ તિરોહિત

૧. આરંભમાં એટલે ઘર બહાર નીકળતાં પહેલાં સવારમાં જ વૈદિક મંત્રોથી મંગલસ્નાન કરેલું. હવે (બહાર) મંત્રોથી માત્ર પવિત્ર જલ છાંટી સ્નાન કરવાનું. લૌકિક ઉત્સવ કરવાના અભિપ્રાયથી અહિં બધો ઉત્સવનો પ્રકાર કહેલો છે એમ જાણવું. (લે)

૨. બાલલીલામાં જરુરી આભરણો જે બાલક સદા પહેરે છે તેવાં નૂપુર વિગેરે આભરણો. (લે)

૩. મૂલશ્લોકમાં 'સ્નાન વિગેરે કરેલા' એમાં 'આદિ' 'વિગેરે' શબ્દ છે, તેનું વ્યાખ્યાન આ પેરાના આરંભથી અહિં સુધી કરેલું છે એમ જાણવું. (યો)

૪. તેઓની જ્ઞાનશક્તિનો સંકોચ ભગવાને કર્યો ન હોત તો તેઓ (આશિષો ન આપત પરંતુ) 'આ ભગવાન્ છે' એમ જાણી તેમની સ્તુતિ કરત. (પ્ર)

તેઓની જ્ઞાનશક્તિનો સંકોચ કર્યો ન હોત તો ભગવાનને પૂર્ણબ્રહ્મ જાણી તેઓ આશીર્વાદ ન આપત. એમ થવાથી બાલલીલાના રસનો અનુભવ ન થાત. તેથી આંખમાં ઉંઘ લાવી તેઓની જ્ઞાનશક્તિનો સંકોચ કર્યો એવો અર્થ છે. (યો)

૫. નિદ્રાનું તાત્પર્ય ઉપર (નોટ ૪ સ્થલે) કહેલું છે. 'સજાતનિદ્રાક્ષમ્' શબ્દમાં 'સમ્' ઉપસર્ગ છે, તેનો અર્થ અહિં કહે છે. તેમની પરમાર્થ વિષયની બધી દૃષ્ટિ તિરોહિત થઈ એટલે

થાય તે માટે, (ભગવાનની આંખમાં) સારી રીતે નિદ્રા (ભરાય) છે. ૫.

(ભગવાને) એમ કર્યું (આંખમાં સારી રીતે નિદ્રા લાવ્યા), એટલે સર્વ બહિર્મુખ થયા, એમ નીચેના શ્લોકમાં કહે છેઃ

**ઔત્થાનિકૌત્સુક્યમના મનસ્વિની સમાગતાન્ પૂજયતી વ્રજૌકસઃ ।।**
**નૈવાશ્રૃણોદ્ વૈ રુદિતં સુતસ્ય સા રુદન્ સ્તનાર્થી ચરણાવુદક્ષિપત્ ।।૬।।**

ઔત્થાનિક(સંસ્કાર)માં ઉત્સુક મનવાળી, અભિમાનવાળી, આવેલા વ્રજવાસીઓને પૂજતી, તેણે (યશોદાએ) પુત્રનું રુદન ન જ સાંભળ્યું. સ્તનની ઈચ્છાવાળા રડતા (બાલકે) બે ચરણો ઊંચા કર્યા. ૬.

બ્રાહ્મણોને માટે ભગવાને ચક્ષુઓ બંધ કર્યા એટલે ભગવાનની જ્ઞાનશક્તિ (ચક્ષુઓ) બંધ થતાં, લૌકિકની પ્રબલતા થઈ. તો પણ ગયા બે અધ્યાયોમાં પ્રપંચમાંથી યશોદાનો નિરોધ કરેલો હોવાથી, તેમની બુદ્ધિ લૌકિકમાં અત્યંત ન હતી, પણ ભગવાનના સંબંધવાળા લૌકિક(કાર્ય)માં જ હતી, એમ ઔત્થાનિક કર્મમાં (નિષ્ક્રમણ સંસ્કારમાં) શોભા (થાય તે) માટે જે ઉત્સુકતા એટલે લૌકિકમાં આસક્તિ, તે તેમાં જ મનવાળી શબ્દથી કહેલ છે. (યશોદામાં) ભગવાનનો સંબંધ ગૌણ(હલકો) થયો, અને પ્રવાહ સર્વથી બલવાળો થયો; તેથી ભગવદંશનો પણ ત્યાગ કરીને, લૌકિક(પુરુષો)ને આવકાર આપવા માટે તે અભિમાનવાળી થઈ, એવું 'અભિમાનવાળી'[1] વિશેષણથી કહેલું છે. એવી રીતે બહારના અને અંદરના ભેદથી બંને પ્રકારે તે બહિર્મુખ થઈ. 'આવેલા વ્રજ-વાસીઓને પૂજતી' શબ્દોથી તેણે પોતાનું કામ પણ (આવેલાનો સત્કાર કરવાનું) કર્યું એમ કહેલું છે. જેઓ લૌકિક વ્યવહારથી આવેલા તેઓની તે પૂજા કરતી હતી. માલા, કુંકુમ, ભેટો વિગેરેથી બાલકો, પુરુષો અને સ્ત્રીઓ સર્વેની પૂજા કરેલી હોવાથી નરજાતિનો પ્રયોગ કરેલો છે. તેઓ જો સત્પુરુષો હોત એટલે સર્વ રીતે ભગવદીયો હોત[2] તો પણ (તેમની પૂજા કરવાથી) દોષ થાત નહિ, તેથી તેઓ તેવા

---

'ભગવાનની માતા આપણી પૂજા કરે તે યોગ્ય નથી' એવું પણ તેમને ભાન ન થયું. પરમાર્થના વિષયની એટલે ભગવદીયના સ્વરૂપના વિષયની પણ તેમની સર્વ દૃષ્ટિ તિરોહિત થઈ એવો અર્થ છે. (લે)

૧. મનસ્વિની એટલે અભિમાનવાળી. મન, બુદ્ધિ, ચિત્ત અને અહંકાર એ ચાર મનની અવસ્થાઓ છે, તેમાં ચોથી અવસ્થા અહંકાર છે તે વાળી, એવો આશય છે. (લે)

૨. નંદજીના વ્રજમાં રહેનારાઓ ભગવદીઓ હતા. તેથી તેમનું પૂજન કર્યું હોત તો રુદન ન સંભળાય એવું ન થાત. પરંતુ યશોદાજી બીજા (નંદના વ્રજ સિવાયના બીજા) વ્રજના રહેવાશીઓને અને તેમાં પણ માત્ર ભિક્ષુકોની પૂજા કરતાં હતાં. તેથી રુદન સંભળાયું નહિ એવા આશયથી આ કહેલું છે. (ટિ)

ન હતા એમ જણાવવા 'વ્રજવાસીઓને' શબ્દ યોજેલ છે. તામસ 'વ્રજ' જ જેઓનું 'ઓકસ્' એટલે સ્થાન હતું તે વ્રજવાસીઓ. જેમાં વસનારા ઘણાખરા તામસો હતા તેવા(વ્રજ)માં તેઓ રહેતા હતા, તેથી એ (યશોદા પૂજા કરે તેવી) પદવીએ ચઢવાને યોગ્ય ન હતા. ભગવાન્ તો નિરોધ કરવા માટે જ પધાર્યા હતા, તેથી લૌકિક રીતે જ પ્રપંચનું વિસ્મરણ કરાવી પોતામાં આસક્તિ કરવા, અને મારા ભક્તો પણ આમ બહિર્મુખ થાય છે એમ જણાવવા, રડવા મંડ્યા.

બીજા કલ્પમાં ભગવાનની જ્ઞાનશક્તિનો તિરોભાવ થતાં (ચક્ષુઓ બંધ થતાં), કોઈ દૈત્યનો ગાડામાં આવેશ થયો. તે પોતાને લઈ જવા આવેલ છે, તેથી પોતાને લઈ ન જાય તે માટે ભગવાને રુદન કર્યું; અને ગાડાને દૂર ફેંકી દીધું, એમ કેટલાક ટીકાકારો[3] (જીવ ગોસ્વામિની વૈષ્ણવતોષિણી ટીકામાં આવો ભાવાર્થ છે) કહે છે. તેથી જ બ્રહ્માંડપુરાણમાં 'શકટાસુરખંડન' એવું ભગવાનનું નામ છે. અહિં તો માત્ર ગાડાનો નાશ કરેલો છે, અથવા તેમાં આસુર ધર્મોનો પ્રવેશ[4] હતો તેનો નાશ કરેલો છે, કારણ કે સાધારણ ધર્મોનો પરિત્યાગ (તેમ ન હોય તો) સંભવતો નથી[5].

એ પ્રમાણે સર્વભાવથી (યશોદા) બહિર્મુખ થતાં, ભગવાને પ્રબોધ કરવા (ચેતવવા) છતાં તેણે (ભગવાને ચેતવેલા) પ્રકારનું ગ્રહણ કર્યું નહિ, એમ '(રુદન) ન જ સાંભળ્યું' શબ્દોથી કહે છે, અહિં 'એવ' 'જ' શબ્દથી એમ જણાવેલું છે, કે (યશોદા) રુદન સાંભળે એવી સંભાવના જ ન હતી.

૩. શ્રીધર સિવાયના, (પ્ર) શાસ્ત્રીજીવાળી પ્રતમાં ફૂટનોટમાં 'શ્રીધર વિગેરે' એમ કહેલું છે, પરંતુ શ્રીધરની ટીકામાં આવું કાંઈ નથી.

૪. 'ત્યારે ગાડાનો નાશ કરવાનું શું પ્રયોજન ?' એવો પ્રશ્ન થાય, તેથી આ કહેલું છે. તે અસુરોના સંબંધવાળા ધર્મો જેઓમાં છે, તેવા લૌકિક પદાર્થોમાં જે આસક્તિ યશોદા વિગેરેની હતી, તેનો નાશ ગાડાના ભંગથી કરેલ છે. (પ્ર)

૫. લીલામાં ઉપયોગી અવિદ્યા અને મૂલ અવિદ્યા. એ બે પ્રકારની અવિદ્યાના જે સામાન્ય ધર્મો છે, તેઓનો ત્યાગ સંભવતો નથી. જેમ નોતરેલા બ્રાહ્મણો ભોજન કરવા આવે તેમની સાથે બીજો બ્રાહ્મણ (વગર નોતરેલો) આવે તો તેને પણ ભોજન કરાવવામાં આવે છે પણ તેનો ત્યાગ થતો નથી, તે પ્રમાણે અવિદ્યાના સામાન્ય ધર્મોનો ત્યાગ થતો નથી, અને તેથી તેવા ધર્મોથી આસુરમાં આસક્તિ થાય છે. (પ્ર)

માત્ર તે ગાડું જ હોત તો ભગવાન્ તેને ભાંગી ન નાખત, એવા આશયથી અહિં બીજો પક્ષ જણાવે છે. આસુર ધર્મોનો પ્રવેશ ન હોત તો ગાડામાં રહેલાં પૈડાં ધરી વિગેરે સામાન્ય ધર્મોનો ભગવાન્ વૃથા પરિત્યાગ ન કરત. (લે)

આસુર ધર્મોનો પ્રવેશ ગાડામાં ન હોત તો ગાડાના ધર્મો પૈડા તથા ધરીનો ભગવાન્ ત્યાગ ન કરત. તેથી તેમનો ત્યાગ બીજી રીતે સંભવતો નહિ હોવાથી તે ગાડાના ધર્મો પૈડાં ધરી વિગેરેમાં આસુર ધર્મનો પ્રવેશ હતો એમ માનવું જોઈએ. (યો)

'(યશોદાએ) રુદન સાંભળીને જ (પોતે) કામમાં રોકાએલ હોવાથી તેની દરકાર કરી નહિ, એમ કેમ ન ધારવું?' એવી શંકા થાય, તેથી 'વૈ' 'જ' શબ્દ યોજેલ છે. ન 'જ' (સાંભળ્યું) એટલે 'નિશ્ચય' ન (સાંભળ્યું). તેમ ન હોત તો (જો સાંભળ્યું હોત તો) ચિત્ત અડધું પણ (ભગવાન્ પ્રતિ) થાત, અને પછી વધારે રુદન થતાં તે (તેમની પાસે) આવત. તેથી તે સાંભળ્યું જ ન હતું (એમ કહેલ છે). પુત્રનું રુદન સાંભળવામાં આવે ત્યારે (પુત્રને લેવામાં) વિલંબ થતો નથી. તેમાં પણ તે(યશોદા)ને ઘણા કષ્ટથી પુત્રની પ્રાપ્તિ થઈ હતી. અથવા પહેલાં જણાવેલ ન્યાય પ્રમાણે તે બહિર્મુખ થઈ હતી, તેથી તેણે (રુદન) ન સાંભળ્યું, એમ 'તે' શબ્દથી ન સાંભળવાનું કારણ કહેલું છે.

પછી માત્ર રુદન કરવાથી કાર્ય સિદ્ધ થશે નહિ એમ જાણી, ભગવાને રડતાં રડતાં જ સ્તનની ઈચ્છાવાળા થઈ, જેમ બાલકો (પોતાના) ચરણો ઊંચા ઘસીને પ્રસારે છે તેમ (પોતાના) બે ચરણો ઊંચા કર્યા. વાણી કરતાં કાર્ય વધારે બલવાળું હોવાથી (ભગવાને) તે પ્રમાણે કર્યું. 'ભગવાને મનથી જ નિરોધ કેમ ન કર્યો?' એવી શંકા આથી[૬] મટી જાય છે[૭]. માત્ર ક્રિયા કરી હોત (ચરણો જ ઊંચા કર્યા હોત, રુદન વિગેરે કર્યું ન હોત) તો તેમાં ક્રિયા કરી (શ્રમ લીધો) એવી (સર્વની) બુદ્ધિ થાત, અને ગાડું ભાંગત તો પણ (ભગવાને) ક્લેશ (શ્રમ) વિના[૮] કર્મ કર્યું એમ ન ગણાત. આમ કરવાથી (રુદન કરી માતા ન આવવાથી સાધારણ બાલકો ઊંચા પગ ઘસે છે તેમ ચરણો ઊંચા કરવાથી) તો તે (ગાડાનો ભંગ) આનુષંગિક થયો, તેથી (કાર્ય) ક્લેશથી ન થયું (શ્રમ વિના થયું). પહેલાં[૯] જે રુદન કરેલું તે યશોદા બહિર્મુખ થઈ છે એમ જણાવવા કરેલું. તેમ ન હોય તો મનથી જ કેમ (તેનો નિરોધ) ન કરે ? આ નિરોધ (ભગવાને) પોતાના અર્થે કરેલો છે, કારણ કે તેમ ન હોય તો (આ નિરોધ પોતાના અર્થે કરેલ ન હોય તો) પાંચ પરાર્થ[૧૦] (બીજા અર્થે કરેલા) નિરોધ આગળ કહેવામાં આવશે તેનાથી જ પાંચ પર્વ(ભાગ) વાળી અવિદ્યાનો નાશ થાય છે, તેથી આ (અહિં) કરેલ નિરોધ વ્યર્થ થાય. તે

---

૬. આથી એટલે ભગવાને ચરણો ઊંચા કર્યા તેથી. (પ્ર)

૭. કારણ કે માત્ર ક્રિયાથી જ જે કાર્ય થઈ શકે તેમાં મન પ્રયોજક હોવાથી તેનો પણ પ્રવેશ આવી જાય છે. (પ્ર) મનથી જ ભગવાને યશોદાનો નિરોધ કર્યો હોત તો ક્લેશ વિના શકટનો ભંગ કરવાનો પ્રસંગ થાત નહિ. તેથી માત્ર મનથી નિરોધ ન કર્યો.

૮. ક્લેશરહિત. સ્તનની ઈચ્છાથી બાલકો પેઠે લીલા કરતાં ભગવાને ચરણો ઊંચા કર્યા તેથી ગાડું ભાંગી ગયું, પરંતુ ગાડું ભાંગવાના ઉદ્દેશથી ભગવાને ચરણો ઊંચા કર્યા ન હતા. તેથી ભગવાનનું ગાડું ભાંગવાનું કર્મ ક્લેશ વિના જ થયું. (યો)

૯. પહેલાં એટલે ગાડાનો ભંગ થયો તે પહેલાં. (લે)

૧૦. પરાર્થ એટલે જેઓનો નિરોધ કરવાનો છે તેઓના માટે. (પ્ર)

પોતાનું પ્રયોજન 'સ્તનની ઈચ્છાવાળા હોવાપણું[11] છે. પોતાના માટે ઉત્પન્ન થએલું પોતાના સેવકોના ઉપયોગમાં આવે તે આવશ્યક છે એમ જણાવવા, ભગવાને માત્ર સ્તનની જ ઈચ્છા કરી છે, પરંતુ (તેના) પાનની (ધાવણની) ઈચ્છા કરી નથી[12]. આગળ માટી (ખાવાના) પ્રસંગમાં 'મેં ખાધી નથી' એમ (ભગવાન્) પોતે જ આ કહેશે. તેથી (ભગવાને) પૂતનાના સ્તનનું પાન કર્યું ત્યારે જેટલા તેણે (પૂતનાએ) ભક્ષણ કરેલા બાલકો અહિં (ભગવાનમાં) આવ્યા, તેઓને અન્ન પ્રાપ્ત થાય[12] તે માટે સ્તનની અપેક્ષા (જરૂર) અવશ્ય હતી. (તે બાલકોનું) દુષ્ટપણું[13] પૂતના ઉપર ભગવાને ક્રોધ કર્યો તેથી જ નાશ પામ્યું હતું. તેઓને પોતાની સમાન કરવા માટે, પોતાની ભોગ્ય ગોપિકાઓનાં દર્શન માટે (તેઓ) દોષરહિત થાય તે માટે, તેઓ (ગોપિકાઓ)માં તેઓનું જ સમારોપણ[14] કરવા, અને[15] તેઓને જ્ઞાનનો[16] ઉપદેશ કરવા પોતાનું જ સર્વથા દોષરહિત[17] (જરા પણ દોષ વિનાનું) (અન્ન, ધાવણ) પ્રથમ તેઓને આપે છે. તેઓ બહુ પીડાએલા હતા, તેથી (ભગવાને) સ્તન માટે ઈચ્છા કરી. ભક્તિથી જ તેઓનો નિસ્તાર (મોક્ષ) થયો, એમ જણાવવા (ભગવાનના) બે ચરણોની ક્રિયા કહેલી

---

૧૧. 'મનથી જ ભગવાને નિરોધ કેમ ન કર્યો ?' તેનું બીજું કારણ અહિં કહેલું છે. પોતાને સ્તન જોઈતું હતું તે માટે સ્વાર્થ માટે આ નિરોધ કરવાનો હતો. માત્ર મનથી જ નિરોધ કર્યો હોત તો સ્તનપાન થાત નહિ. તેથી સ્તનપાન થાય તે માટે રુદનથી નિરોધ કર્યો, મનથી ન કર્યો. (લે)

૧૨. પૂતનામાંથી ભગવાનમાં જે બાલકો આવેલા તેઓને અન્ન (ધાવણ) પ્રાપ્ત થાય તે માટે ભગવાને સ્તનની ઈચ્છા કરેલી. પોતાને તો તેની જરુર ન હતી એમ કહેલું છે. તેથી ભગવાને માત્ર સ્તનની ઈચ્છા કરેલી, પરંતુ ધાવણની ઈચ્છા કરેલી નહિ. (લે)

૧૩. 'ભગવાનના ભક્તો (બાલકો) પૂતનાના હૃદયમાં રહ્યા તેથી તે ભગવાનનું ક્રીડાસ્થાન થયું, તેમ પૂતનાએ જે બાલકોના પ્રાણ લીધા તેઓને તેનો સંબંધ થવાથી તેની દુષ્ટતા પણ તેઓમાં આવે, તેથી તેવા દુષ્ટોને ભગવાન્ અન્ન કેમ આપે ?' એવી શંકા થાય, તેથી આ કહેલ છે. (પ્ર)

૧૪. આ બાલકોએ પૂતનામાં પ્રવેશ કરેલ અને તેનામાંથી તે ભગવાનમાં આવેલા. તેઓ આ ભોગ્ય ગોપિકાઓના આધિદૈવિકરૂપ હતા; અને તેથી જ પુરુષરૂપ હતા. આ ગોપિકાઓમાં તેઓના આધિદૈવિકરૂપ આ બાલકોનું અધિષ્ઠાન (પ્રવેશ) ન થાય, તો તેઓ સ્વચ્છંદ ભોગ માટે યોગ્ય થાય નહિ. તેથી ભગવાને દૃષ્ટિ દ્વારા તેઓનો પ્રવેશ તેમનામાં કરાવેલ છે. (જુઓ ભા.૧૦।૧૯।૮-૯નાં સુબોધિની તથા તે ઉપરનાં ટિપ્પણી). આ જ સમારોપણ.

૧૫. આગળ જે જ્ઞાનનો ઉપદેશ કરવાનું કહેલું છે તે જ્ઞાન પણ સમારોપણ સમયે જ કરાવવાનું છે, એ દર્શાવવા 'ચ' 'અને' શબ્દ યોજેલો છે. (લે)

૧૬. જ્ઞાનનો એટલે રમણ માટે ઉપયોગી જ્ઞાનનો. (લે)

૧૭. આ ધાવણ મોક્ષદાતા વાસુદેવવ્યૂહ માટે ઉત્પન્ન થએલ હોવાથી સર્વથા દોષરહિત હતું (લે)

છે. અવતારના સંબંધવાળી ભક્તિ[૧૮] ઘણી પુષ્ટ છે, એમ જણાવવા 'ચરણ' શબ્દ દ્વિવચનમાં યોજેલો છે[૧૯]. ૬.

ભગવાને એમ કરવાથી (ચરણો ઊંચા કરવાથી) જે થયું તે નીચેના શ્લોકમાં કહે છે. ગાડાની નીચે તેના આધારે, ગાડાના પાછલા ભાગની નીચે છાંયડો રહે તે માટે પથારીમાં[૧] ભગવાનને પોઢાડ્યા હતા. 'જો તું નિરોધનો અંગીકાર ન કર, (મારામાં મન ન રાખ) તો તેં કરેલો છાંયડો પણ મારે જોઈતો નથી' એમ જણાવવા ભગવાને ગાડું ઉડાડી મૂક્યું, એમ જણાવે છેઃ

**અધઃશયનસ્ય શિશોરનોલ્પક[૨] પ્રવાલમૃદ્વઙ્ઘ્રિહતં વ્યવર્તત ।।**
**વિધ્વસ્તનાનારસકુપ્યભાજનં વ્યત્યસ્તચક્રાક્ષવિભિન્નકૂબરમ્ ।।૭।।**

પછી નીચે પોઢેલા બાલકના ઘણાજ નાના, પ્રવાલથી કુમળા ચરણથી અથ-ડાએલું ગાડું ઊંધું પડ્યું. જેની અંદરના ભાત-ભાતના રસ ભરેલાં ચામડાનાં પાત્રો ભાંગી ગયાં, જેનાં ચક્રો અને ધરો વિખરાઈ ગયાં અને જેની ઊંધ તૂટી ગઈ ૭.

બાલક એટલે ઉઠવાને પણ શક્તિ વિનાના ભગવાને (સર્વની) તેવી (પોતે બાલક છે તેવી) બુદ્ધિ કરેલી તેથી તેનાથી (બાલકરૂપથી) વિરુદ્ધ કાંઈ ન કર્યું.[૩] ('બાલકના ચરણથી' એમ) ભગવાનથી જૂદા અને (તેમના) સંબંધી તરીકે ચરણનું નિરુપણ (કરેલું છે, તે) ચરણનું જ માહાત્મ્ય જણાવવા કરેલું છે. 'અનઃ' એટલે ગાડું, નાના પ્રવાલથી કુમળા ચરણથી અથડાએલું થઈ ઊંધું પડી ગયું. તેમાં રહેલાં (તેનાં) કાર્યો(અંગો, ભાગો)નો નાશ તો આગળ[૪] કહેશે. અંગો સહિત ગાડું ભાંગી ગયું. પૂતનાને તો ભગવાનના બે હોઠનો અને બે હાથોનો સંબંધ થયો હતો, તેથી તેનાથી (પૂતનાના વધથી) પણ વધારે માહાત્મ્ય જણાવવા માટે (અહિં

૧૮. અવતાર ન હોય ત્યારે સર્વત્ર હાથ પગ વિગેરેવાળું બ્રહ્મ હોય છે. તેથી અવતારના સંબંધવાળી ભક્તિ જ નિરોધલીલામાં રહેલાઓ માટે અતિ પુષ્ટ હોય છે. (લે)

૧૯. આ ગાડાને ભાંગવાનું ચરિત્ર આસો સુદ ૧૦ના રોજ ભગવાને કર્યું, એમ પદ્મપુરાણમાં કહેલું છે. તે દિવસે ભગવાન્ માત્ર દોઢ માસના હતા. તેથી 'ત્રણ માસની વયે' આ ચરિત્ર ભગવાને કર્યું, એમ બીજા સ્કંધમાં કહેલું છે; તેથી એ વિરુદ્ધ હોવાથી અહિં તે માનવાનું નથી. એ બીજા કલ્પની વાત છે એમ જાણવું. (પ્ર)

૧. આ વિષ્ણુપુરાણમાં કહેલું છે, ભગવાનને પથારીમાં પોઢાડેલા, હીંચકામાં પોઢાડ્યા ન હતા.

૨. 'સ્થાનઃપ્રવાલ' એવો પાઠ પણ શાસ્ત્રીજીએ પ્રસિદ્ધ કરેલ પ્રતમાં લીધેલો છે.

૩. 'આ નંદના નંદન ઉઠી શકે નહિ તેવા બાલક છે' એવી સર્વની બુદ્ધિ જ કરેલી. તેથી ભગવાને (બાલકપણાથી વિરુદ્ધ) કાંઈ ન કર્યું, એટલે ઉઠીને કાંઈ (કાર્ય) કર્યું નહિ એવો અર્થ છે. (યો)

૪. ભગવાનના ચરણથી ગાડાનો જ નાશ થયો. તેની અંદરના પાત્રો વિગેરેને ચરણનો સંબંધ થયો ન હતો. ગાડાના નાશ પછી તેનાથી જ (ચરણથી જ) તેઓનો નાશ થયો, એમ આગળ ઉત્તરાર્ધમાં કહેવામાં આવશે એવો અર્થ છે. (લે)

તેનાથી) ઓછો સંબંધ કહેવો જોઈએ. તેથી જ વિચારના અનુક્રમ પ્રમાણે આ ચરિત્રો લીધેલાં (કહેલાં) છે, એમ બીજા સ્કંધના વિવરણમાં કહેલું છે. 'અલ્પક' એટલે ઘણા જ નાના, 'પ્રવાલ' પ્રવાલ કરતાં પણ, 'મૃદ્' કુમળા (ભગવાનના ચરણથી અથડાઈ ભાંગી ગયું). અથવા નાનું જે પ્રવાલ એટલે ઘણું જ લાલ આંબાનું તાજું (ફૂટેલું) પાંદડું, તેનાથી પણ કોમળ ભગવાનનું ચરણારવિંદ હતું, અને તેના જેવું જ બધુંય લાલ અને ઊંચી રેખાવાળું હતું. તેવાં બે ચરણોથી અથવા એક ચરણથી અથડાઈ એટલે સ્હેજ તેની ઠોકર આવતાં ગાડું ચાલી પણ ન શકે તેમ ઊંધું પડી ગયું.

'(ગાડાને) અથડાતી વખતે ચરણ મોટો થયો હશે' એવી શંકા દૂર થાય (ન રહે) તે માટે, તેને પ્રવાલની બરોબર વર્ણવેલ છે. (પ્રવાલનું) દૃષ્ટાંત માત્ર કોમલતામાં જ નથી, અને આકૃતિમાં (કદમાં) પણ (ચરણ તેના) સરખો છે એમ કહેવા, તેને 'ઘણો જ નાનો' કહેલ છે. પ્રવાલ કરતાં પણ (ચરણને) કોમલ કહેલ છે, તે ગાડાં વિગેરેને તેનાથી ઊલટું સુખ ઉત્પન્ન થયું, એમ જણાવવા કહેલું છે. 'ચરણથી ગાડું ઊંધું નાંખ્યું' (૨।૭।૨૭) સ્થલે વિચાર કરતાં એક જ ચરણ કહેલ છે, અને અહિં તો બે ચરણો કહેલા છે. અહિં (અલ્પકપ્રવાલમૃદ્વઙ્ઘ્રિહતમ્) સમાસમાં (એક ચરણ છે કે બે) તે સંદેહવાળું હોવાથી, એક જ ચરણની કરણતા (કાર્ય કરવાનું સાધન હોવાપણું, ગાડાને ઊંધુ નાંખી દેનાર હોવાપણું) યોગ્ય હોવાથી, '(એક) ચરણથી અથડાયેલું [5] એવો સમાસ લેવો. તેથી કાર્ય (ગાડાને ઊંધું નાખી દેવાનું), અવસ્થા (વય, ત્રણમાસનું) અને સાધન(નાના પ્રવાલ જેવા કોમળ ચરણ)થી વિપરીત કરેલું છે, એમ નિરૂપણ કરેલું છે.

ભાર ભરેલું ગાડું ખસેડી શકાય તેવું ન હતું, એમ જણાવવા ઉત્તરાર્ધમાં બહારના અને અંદરના ભેદથી બે (તેનાં) વિશેષણો કહેલાં છે. (૧) સારી રીતે ભાંગી ગએલાં નીચે પડેલાં ભાતભાતનાં રસવાળાં એટલે ઘી, મધ, ગોળ, દહીં, માખણ વિગેરે ભરેલાં કુપ્ય પાત્રો, એટલે રસ ભરવાનાં ચામડાનાં પાત્રો (જેમાંના, તેવું ગાડું થયું). કુપ્ય (પાત્રો) તે દેશમાં પ્રસિદ્ધ છે. આથી (એમ સૂચવેલું છે કે) સર્વના નિધિ ભગવાન્ (પોતે) જ (ત્યાં) હતા તેથી, તેઓને (રસ ભરેલાં કુપ્યપાત્રોને) (ગાડામાં) રાખેલાં તે ભગવાનને ઈષ્ટ ન હતું. 'ભાજન' (પાત્ર) શબ્દ યોજેલો છે, તેથી એમ જણાવેલું છે કે તે જ વ્યવહારનાં (વાપરવાનાં) પાત્રો હતાં. એ પ્રમાણે ગાડામાં રહેલ સર્વ નીચે પડ્યાં એમ કહ્યું, કારણ કે ભગવાનની

૫. ૨।૭।૨૭માં બ્રહ્માના અહિં જણાવેલ વાક્યમાં એક જ ચરણ ગાડાને અથડાએલું કહેલું છે. તેથી અહિં પણ 'એક જ ચરણથી અથડાએલું' એમ સમાસ છોડતાં એકવચન લેવાથી તે વાક્ય સાથે વિરોધ થશે નહિ. (યો)

ઉપર બીજો કોઈ રસ રહી શકતો નથી. તેથી ભક્તિના થોડા અંશથી (ચરણથી) જ તે બધાનો નાશ થયો.

(૨) ભગવાનના ઉપર રહેલ (ભગવાનથી) જૂદા રસવાળા(ગાડા)નો સ્વરૂપથી પણ નાશ થયો, એમ બીજાં વિશેષણથી કહે છે. '(વ્યત્યસ્તે)' એટલે અહિં તહિં પડેલાં (વિખરાઈ ગએલાં) (ચક્રે) બે ચક્રો, અને તેઓની મધ્યમાં રહેલો '(અક્ષઃ)' લોઢાનો ધરો પણ અહિં તહિં પડેલો છે જેનો તેવું '(વ્યત્યસ્તચક્રાક્ષમ્). (વિભિન્નં)' સારી રીતે તૂટેલો '(કૂબરમ્)' આગળનો લાંબો ભાગ (ઊંધ) છે જેનો તેવું '(વિભિન્નકૂબરમ્)'. 'વીંખરાએલા ચક્રો અને ધરાવાળું તથા તૂટી ગએલી ઊંધવાળું.' '(વ્યત્યસ્તચક્રાક્ષવિભિન્નકૂબરમ્)' સંસારના[૬] કાલરૂપી બે ચક્રો અને તે બંનેને પકડી રાખનાર (ધરો) અહંકાર, ભક્તિના એક ભાગથી[૭] પણ વિશેષ રીતે એટલે ઘણો જ અસ્ત થએલો બન્યો. ક્રિયાશક્તિ[૮] ઘણી હોવાથી એમ થાય[૯] તે યોગ્ય જ છે. ઊંધ ઊંચું સ્થાન[૧૦] છે, તેથી તે ઊંચું સ્થાન કાલરૂપથી[૧૧] સારી રીતે તૂટી જ જાય; કારણ કે સ્વભાવથી ઊંચા હોય તેવા પણ ભગવાનથી વિરુદ્ધ ધર્મોનો ભક્તિના અંશથી નાશ થાય છે. આથી[૧૨] એમ કહેલું છે કે ભગવાને તે[૧૩]

૫. ૨।૭।૨૭માં બ્રહ્માના અહિં જણાવેલ વાક્યમાં એક જ ચરણ ગાડાને અથડાએલું કહેલું છે. તેથી અહિં પણ 'એક જ ચરણથી અથડાએલું' એમ સમાસ છોડતાં એકવચન લેવાથી તે વાક્ય સાથે વિરોધ થશે નહિ. (યો)

૬. ભગવાનની કૃતિ માત્ર લૌકિક પ્રકારની હોય એ સંભવતું નથી, તેથી અહિંથી પરમાર્થનું નિરૂપણ કરે છે. સંસારરૂપી ગાડાના કાલરૂપી બે ચક્રોને પકડી રાખનાર ધરારૂપ અહંકાર છે. (પ્ર)

૭. ભક્તિના એક ભાગથી એટલે શ્રવણ વિગેરે પ્રત્યેક પ્રકારની ભક્તિથી. (પ્ર) ભગવાનના ચરણથી.

૮. ક્રિયાશક્તિ એટલે ભગવાનના ભજનની ક્રિયાશક્તિ. (પ્ર) ભગવાનની ક્રિયાશક્તિ.

૯. એમ થાય એટલે તે સર્વને હઠાવે, સર્વને વશ કરે. (પ્ર)

૧૦. 'કૂબર' એટલે ઊંધ, ખૂંધવાળો તથા રમ્ય, એવા તેના અર્થો છે. તે ત્રણે અર્થ અહિં લઈ શકાય છે. (પ્ર)

૧૧. 'વિભિન્નં' એટલે 'વિના' કાલરૂપથી 'ભિન્નં' તૂટેલું છે કૂબર જેનું તે. (પ્ર) 'વિ' એટલે કાલ. કાલરૂપ ભગવાનની ચેષ્ટારૂપ ધર્મથી તૂટેલું તે 'વિભિન્ન'.(લે) દેવકીજી ૧૦।૩।૨૬માં કહે છે કે ભગવાનની ચેષ્ટા કાલરૂપ છે. તેથી કાલરૂપ ભગવાનના ચરણની ચેષ્ટાથી તૂટેલું તે 'વિભિન્ન'. (યો)

૧૨. આથી એટલે ગાડાનો ભંગ કરવારૂપ ચરિત્રથી. (પ્ર)

૧૩. તે ઘર એટલે અવિદ્યાથી થતા સંસારને ઉત્પન્ન કરનાર લૌકિક ગૃહને દૂર ફેંકી દીધું એવો અર્થ છે. તેથી ભગવાને આ ચરિત્રથી ગાડાનો નાશ કર્યો નથી, પરંતુ એ લૌકિક ગૃહનો નાશ કર્યો છે. આ રીતે 'શકટાસુરભંજન' 'શકટ(ગાડા)રૂપી અસુરનો નાશ કરનાર' નામ પણ બંધ બેસે છે. એવો અભિપ્રાય જાણવો. (પ્ર)

ઘરને જ ફેંકી દીધું. ૭.

પછી લૌકિકનો નાશ થતાં, તેના નાશ દ્વારા તે (નાશ) કરનાર ભગવાનમાં (સર્વની) આસક્તિ થઈ એમ કહેવા માટે, પ્રથમ સર્વનું ચિત્ત એ નાશ તરફ ગયું, એમ નીચેના શ્લોકમાં કહે છેઃ

**દૃષ્ટ્વા યશોદાપ્રમુખા વ્રજસ્ત્રિય ઔત્થાનિકે કર્મણિ યાઃ સમાગતાઃ ।।**
**નન્દાદયશ્ચાદ્ભુતદર્શનાકુલાઃ કથં સ્વયં વૈ શકટં વિપર્યગાત્ ।।૮।।**

યશોદા જેઓમાં મુખ્ય હતી, અને જેઓ ઔત્થાનિક કર્મ માટે આવેલી તેવી વ્રજસ્ત્રીઓ અને અદ્ભુત (કાર્યના) દર્શનથી આકુલ થએલા નંદજી વિગેરે 'ગાડું નિશ્ચય પોતાની મેળે કેમ ઊંધું પડ્યું ?' એમ (વિચારવા લાગ્યા). ૮.

ભગવાનને અથવા ભગવાનનો ગાડા સાથેનો સંબંધ જોયા વિના, માત્ર દૂર પડેલા ગાડાને જ જોઈને (સર્વે વિચારવા લાગ્યા). સ્ત્રીઓમાં યશોદા મુખ્ય હતાં અને પુરુષોમાં નંદજી મુખ્ય હતા. ગોપિકાઓને[૧] જ્ઞાન થવાનું છે, તેથી તેઓ ત્યાં (વિચાર કરવામાં) ન હતી, એમ દર્શાવવા 'વ્રજસ્ત્રીઓ' કહેલું છે. છતાં '' 'મુખ્યને કાર્યનો દઢ નિશ્ચય હોય' એ ન્યાયે ગોપિકાઓ જ વ્રજસ્ત્રીઓ હશે'' એવી શંકા થાય, તેથી 'જેઓ ઔત્થાનિક કર્મ માટે આવેલી' એમ કહેલું છે.

યશોદાનો સાધારણ (કામમાં) પ્રવેશ થએલો હોવાથી મુખ્યોનો[૨] પણ સાધારણમાં જ પ્રવેશ થયો[૨]. (ગણત્રી થઈ). નંદજી વિગેરે પણ ઔત્થાનિક કર્મ હોવાને લીધે ઘેર જ રહેલા. 'ચ' 'અને' શબ્દથી બહારથી આવેલા(ગોપો)નો પણ સમાવેશ કરેલો છે. સ્ત્રીઓ કરતાં (વધારે) તેઓ અદ્ભુત(કાર્ય)નાં દર્શનથી આકુલ થયા. 'શું થયું ? શું થશે ?' એમ ગાડું ભાંગી ગયું તેનું કારણ સર્વ વિચારે છે, એમ 'ગાડું નિશ્ચય પોતાની મેળે કેમ ઊંધું પડ્યું ?' શબ્દોથી કહે છે. પોતાની મેળે એટલે બળદો વિગેરેના આઘાત(પછાડ્યા)વિના જ. 'વૈ' એટલે નિશ્ચય. ગાડું પોતાની મેળે ઊંધું પડી ગયું એટલે ઊંધું થયું; ઊંધી રીતે સર્વ તરફથી ભાંગી કટકા થઈ ગયું, અને કેવી રીતે એટલે બધે દૂર પડ્યું ? એવો અર્થ છે. ૮.

ભગવાને (ગાડું ફેંકવાનું કાર્ય) કર્યું હોય, એવું કોઈ રીતે સંભવતું ન હતું. તેથી બીજાઓએ (તેનું) કારણ (ભગવાન્ છે એમ) કહ્યું તો પણ તેઓને તેમાં

---

૧. ગોપિકાઓ એટલે સ્વામિનીઓ. તેથી સ્વામિનીઓ અહિં આવ્યાં ન હતાં એમ જાણવું. (પ્ર) ગોપિકાઓને ભગવાનની (આ) લીલાનું જ્ઞાન થવાનું છે, અને 'બાલક થઈ રડતી રડતીએ ગાડું થએલીને પગથી માર્યું' (૧૦।૨૭।૧૫), એમ આ લીલાનું અનુકરણ તે કરવાની છે, તેથી તેઓનો અહિં સમાવેશ કરેલ નથી; અને 'માત્ર વ્રજની જ સ્ત્રીઓ' એમ કહેલું છે. (લે)

૨-૨. મુખ્યો એટલે રોહિણી વિગેરે (બીજી) મુખ્ય સ્ત્રીઓ. (પ્ર)

વિશ્વાસ આવ્યો નહિ, એમ નીચેના બે શ્લોકોથી કહે છેઃ

**ઊચુરવ્યવસિતમતીન્ ગોપાન્ ગોપીશ્ચ બાલકાઃ ।।**

**રુદતાનેન પાદેન ક્ષિપ્તમેતન્ન સંશયઃ ।।૯।।**

જેમની બુદ્ધિએ કાંઈ નિર્ણય કર્યો નથી, તેવા ગોપો અને ગોપીઓને બાલકોએ કહ્યું કે બાલકે રડતાં ગાડાને ચરણથી ફેંક્યું; (તેમાં) સંશય નથી. ૯.

'જેઓ વિરુદ્ધ વિચારવાળા હોય તેઓને ભગવાનની કથા કહેવી જોઈએ નહિ એવો સિદ્ધાંત હોવા છતાં, બાલકોએ ગોપો તથા ગોપીઓને કેમ કહ્યું ?' એવી શંકા થાય, તેથી 'બાલકો' પદ યોજેલું છે. તેઓને તેનું (ગાડું કોણે ભાંગ્યું તેનું) જ્ઞાન હતું, છતાં તેઓ(બાલક હોવાથી) વિવેક વિનાના હતા, અને બીજાઓના સ્વભાવ અધિકાર વિગેરેનો તેમણે વિચાર કર્યો નહિ.

'ત્યારે તેઓને જ્ઞાન કેમ થયું?'એવી શંકા થાય, તેથી તેઓના શ્રોતાઓને વિપરીત (ઊંધું) જ્ઞાન ન હતું, તેમજ તેમનામાં સ્વભાવનો દોષ ન હતો, એમ 'જેમની બુદ્ધિએ કાંઈ નિર્ણય કર્યો નથી તેવા ગોપો અને ગોપીઓને' શબ્દોથી કહેલું છે. નથી નિશ્ચય કર્યો બુદ્ધિએ જેમની (તેવા તે હતા). તેઓ (ગાડું શાથી ઊંધું પડ્યું તેનો) ઉપાય શોધ્યા જ કરતા હતા, પરંતુ કાંઈ વિપરીત (ખોટો) નિશ્ચય તેમણે કર્યો ન હતો. જો તેમ થયું હોત (વિપરીત નિશ્ચય કર્યો હોત) તો તેમને કહેવું ન જોઈએ. 'ગોપો' અને 'ગોપીઓ' શબ્દોથી એમ કહેલું છે, કે તેમનામાં સ્વભાવનો પણ દોષ ન હતો, (અને) ગાયોનું રક્ષણ કરવાનો અને પાતિવ્રત્ય (પાળવાનો) તેઓનો ધર્મ હતો. 'ચ' 'અને' શબ્દથી જણાવેલું છે, કે બ્રાહ્મણો (સંસ્કાર કરાવવા આવેલા તે) અને બીજાઓ પણ તેવા (વિપરીત નિશ્ચય વિનાના અને સ્વભાવના દોષવિનાના) જ હતા. (તેઓ) ઉપાય શોધતા હતા ત્યારે જેને પૂછે નહિ તેણે પણ કહેવું જોઈએ. તેથી 'આ બાલકે રડતાં આ ગાડાને ચરણથી ફેંક્યું. આમાં સંશય નથી' એમ (તેઓએ કહ્યું); કારણ કે જે જોએલું હોય તેમાં (અયોગ્યતા માનીએ તો પ્રત્યક્ષ અને માન્યતા અથવા અનુમાનનો વિરોધ થાય તે) વિરોધને લીધે કાંઈ અયોગ્યતા નથી. જે જોએલું હોય તેને અનુસરે તેવી જ કલ્પના કરવી જોઈએ[1]. (તેથી વિરુદ્ધ કલ્પના કરવી યોગ્ય નથી). તેથી (બાલકે પગથી ગાડાને ફેંકી દીધું એ વિષયમાં) સંશય નથી, એવો બાલકોનો અભિપ્રાય હતો[1]. (એમ કરવાનું) નિમિત્ત (કારણ) રુદન હતું, તેથી

૧-૧. 'ગાડું કેવી રીતે ફેંકાયું, કોણે ફેંક્યું' તે તમો (ગોપ અને ગોપીઓએ) જોએલું નથી, પણ અમે તો જોએલ છે. તેથી ગાડાનો નાશ થવાનું કારણ તમે જે કલ્પો તે તમારી કલ્પના અમારા વચનથી વિરુદ્ધ હોય તો સાચી નહિ હોય, તેથી અમારા વચન ઉપર વિશ્વાસ રાખી, અમે કહીએ છીએ તેમાં સંદેહ ન કરો, એવો બાલકોનો અભિપ્રાય હતો. (પ્ર)

આનો (ફેંકી દેનાર બાલકનો) પણ દોષ નથી.

આ બાલકે કહેલી વાતમાં કર્તા (ભગવાન્) અને કરણ(ચરણ)થી (એ કાર્ય) થઈ શકે તેવું નહિ હોવાથી, (તે વાતનો) તેમણે સ્વીકાર કર્યો નહિ. ૯.

ભગવાનનું કાર્ય બાલકોને પ્રત્યક્ષ હતું, અને પ્રત્યક્ષના ઉપર આધાર રાખતું વાક્ય તર્કથી વિરુદ્ધ હોય તો તેનો અંગીકાર કરવો જોઈએ નહિ એમ કહે છેઃ

**ન તે શ્રદ્દધિરે ગોપા બાલભાષિતમપ્યુત ।।**
**અપ્રમેયં બલં તસ્ય બાલકસ્ય ન તે વિદુઃ ।।૧૦।।**

તે ગોપોએ બાલકના વચનમાં પણ શ્રદ્ધા રાખી નહિ. (કારણ કે) તે બાલકનું અપ્રમેય બલ તેઓ જાણતા ન હતા. ૧૦.

ગોપીઓ તો મધ્યસ્થ થઈ. (બાલકો અને ગોપો વચ્ચે વિવાદ. બાલકો ભગવાને ગાડું ફેંક્યું એમ કહે છે. ગોપો તે સ્વીકારતા નથી. ગોપીઓ મધ્યસ્થ રહે છે). 'તેઓ' શબ્દથી (ગોપો) બહિર્મુખ[1] (છે એમ જણાવે છે); જ્ઞાન તો (તેમને બાલકોના વચનથી) થયું, કારણ કે અત્યંત ન હોય તેવા પણ અર્થ(પદાર્થ)નું જ્ઞાન શબ્દથી થાય[2] એ સંભવે છે. તેથી તેઓએ (એ) જાણ્યું, પરંતુ તેમાં શ્રદ્ધા રાખી નહિ (તે માન્યું નહિ); કારણ કે તે ગોપો એટલે અલૌકિક જ્ઞાન વિનાના હતા. 'બાલકના વચનમાં પણ' શબ્દોથી (તે ન માનવાનું) બીજું કારણ કહેલું છે. ભૂતો વિગેરેએ તેમ કરેલ (ગાડું ફેંકી દીધેલ) હોય, ત્યારે ઊંચો કરેલ ચરણ તેનું કરણ ન હોય તેને કરણ તરીકે (બાલકોએ) જાણેલ હોય, એમ બાલકો ન જોએલ હોય તેને પણ (જોએલ હોય તેમ) ભ્રમથી કહે છે. બાલકો તો ભગવાનને પરાયણ (ભગવાનમાં ભક્તિવાળા) હતા, (અને) તેમણે ભગવાનનું સામર્થ્ય, તથા ભૂતો વિગેરે ન હતાં એમ જોએલું હતું. બીજાઓએ તો તે જોએલું નહિ હોવાથી, પોતાના નિર્ણયથી (ગાડું ઊંધું પડવાનું જે કારણ) સિદ્ધ થાય તે જ કબુલ રાખે. તેથી તેઓની (બાલકોના વચનમાં) અશ્રદ્ધાનું કારણ 'અપ્રમેય' શબ્દથી કહેલું છે. બાલકનું (ભગવાનનું) બલ તેઓ જાણતા ન હતા. બલ પ્રત્યક્ષ (દેખાય તેવું) નથી, છતાં પણ કાર્યથી તેનું અનુમાન થાય છે; કારણ કે પોતામાં કાર્ય કરવાની સ્થિતિનો પ્રત્યક્ષ અનુભવ થાય છે. જો આ (બાલક ભગવાન્) સર્વથી બલવાન

૧. બહિર્મુખ એટલે લૌકિકમાં આસક્તિવાળા. (પ્ર)

૨. ગયા શ્લોક(૯)માં બાલકોનું જે વાક્ય કહ્યું તે સાંભળી ગોપોને શબ્દથી જ્ઞાન થયું, પણ બાલક(ભગવાન્)થી એવું કાર્ય થઈ શકે તે અસંભવિત હોવાથી તે તેમણે માન્યું નહિ. જે પદાર્થ તદ્દન ન હોય જેવા કે વાંઝણીનો પુત્ર, શશલાનું શીંગડું, ગગનનું ફૂલ વિગેરે તેમનું પણ શબ્દથી જ્ઞાન થાય છે, એવો સર્વને અનુભવ છે. તે પ્રમાણે અહિં પણ બાલકોના શબ્દથી ગોપોને જ્ઞાન થયું એવો અર્થ છે. (ટિ)

હોત, પોતે નિશ્ચયથી ઉઠતા હોત, બીજું કાંઈ કાર્ય કરતા હોત, રડતા ન હોત (તો તેમણે ગાડું ફેંક્યું એમ મનાત). તેથી નૈયાયિક પેઠે અથવા હાલના મીમાંસક પેઠે (તે ગોપો) ભ્રાંત હોવાથી, તેમણે (ભગવાનનું) બલ જાણ્યું નહિ એવો અર્થ છે. તેનું કારણ 'અપ્રમેય' શબ્દથી કહેલું છે. (તેઓએ ભગવાનનું બલ ન જાણ્યું તેમાં) તેઓનો દોષ ન હતો, તેમ તર્કનો પણ દોષ ન હતો, પરંતુ તે બાલકનું બલ જ અપ્રમેય એટલે માપી શકાય નહિ તેવું હતું. 'જે ભાવો (પદાર્થો) અલૌકિક છે, તેઓને તર્કથી યોજવા નહિ (તેઓ સંબંધી તર્ક કરવો નહિ)' એવી તેમની બુદ્ધિ થઈ નહિ, કારણ કે (એ બાલક) અલૌકિક છે, એવો તેમનો નિર્ણય થયો ન હતો. આથી[૩] તો સંદેહ થયો[૪]. જાણવાની ઈચ્છા તો પૂતનાએ ઉત્પન્ન કરેલી[૫]. વસુદેવનું વાક્ય અને પૂતના સંદેહ ઉત્પન્ન કરનારાં હતાં[૬]. જો કે બાલકો અલૌકિક જાણે છે, એમ પણ તેઓ (ગોપો) જાણતા ન હતા; તો પણ મુખ્યથી[૭] (કારણ કહેવાથી) જ કાર્ય સરતું હોવાથી, એક[૮] જ કહેલું છે. ૧૦.

પછી વધારે વિચાર કર્યા વિના (સર્વ) લૌકિકમાં જ પ્રવૃત્ત થયા, એમ નીચેના શ્લોકથી સાત શ્લોકોથી કહે છેઃ

**રુદન્તં સુતમાદાય યશોદા ગ્રહશંકિતા ।।**
**કૃતસ્વસ્ત્યયનં વિપ્રૈઃ સૂક્તૈઃ સ્તનમપાયયત્ ।।૧૧।।**

રડતા અને વિપ્રોએ જેમનું સૂક્તોથી સ્વસ્ત્યયન કરેલું છે તેવા પુત્રને

૩. આથી એટલે (૧) બાલકોના વાક્યથી, અથવા (૨) પોતાનો નિશ્ચય થયો નહિ તેથી. (પ્ર)

૪. અહિં મૂલશ્લોકમાં ગોપોને સંશય થયો એમ કહેલું નથી, છતાં બાલકોનું વચન તેઓએ માન્યું નહિ એમ કહેલું છે, તેથી તેઓએ તેવો (બાલકોએ કહ્યું તેવો) નિશ્ચય કર્યો નહિ એમ સિદ્ધ થાય છે, અને તેનાથી વિરુદ્ધ નિશ્ચય તેઓએ કર્યાનું પણ કહેલું નથી. તેથી તેઓ સંશયમાં જ રહ્યા, તેવા આશયથી આ વાક્ય કહેલું છે. (ટિ)

૫. આ બાલક (ભગવાન્) જો સર્વથી બલવાન ન હોત તો તે પૂતનાને કેમ મારી શકત ? જો પૂતનાને આમણે મારેલી ન હોય તો પૂતના 'મૂકી દે, મૂકી દે, બસ કર' એમ કેમ કહેત ? એવા સામસામા બલવાન તર્કો થતા હોવાથી પૂતનાએ જીજ્ઞાસા (જાણવાની ઈચ્છા) ઉત્પન્ન કરેલી. (પ્ર)

૬. 'એમ થવાથી નિશ્ચય જ કેમ ન થયો ?' એવી શંકા ન કરવી, કારણ કે 'ગોકુલમાં ઉત્પાતો છે' એમ વસુદેવે કહેલું. (તેથી આ સર્વ ઉત્પાતોથી થાય છે એમ જણાય), અને પૂતનાએ 'મૂકી દે, મૂકી દે' એમ કહેલું (તેથી ભગવાને તેને મારી અને તે કાર્ય માત્ર ઉત્પાતથી થયું નથી એમ જણાય). આવી રીતે બંને બાજુનાં અનુમાનો હોવાથી સંદેહ જ થાય. તેથી વસુદેવના વચન પ્રમાણે ઉત્પાતથી જ આ ગાડું દૂર ફેંકાએલ છે કે પહેલાં(પૂતનાને મારી તે)ની પેઠે આ બાલકે જ ફેંકી દીધું છે એવો સંદેહ જ થાય. (પ્ર)

૭. મુખ્યથી એટલે બાલકોનાં અજ્ઞાનથી. (પ્ર)

૮. એક જ (કારણ) એટલે અશ્રદ્ધાને જ (કારણ) કહેલી છે. (પ્ર)

લઈને, ગ્રહની શંકાવાળી યશોદાએ સ્તનપાન કરાવ્યું. ૧૧.

અહિં ચાર (કાર્ય) કરવાનાં છે. (૧) આ ઉત્પાત છે એમ (માનીને) બાલકને રડતાં બંધ રાખવાનું, (૨) બાલકના અનિષ્ટરૂપ ગ્રહે કરેલા ઉપદ્રવનું નિવારણ, (૩) ગાડાનું (પહેલાંની પેઠે) સ્થાપન અને (૪) ગાડાના સંબંધવાળા ઉત્પાતનો પરિહાર (ઉત્પાત દૂર કરવો તે). ખરી રીતે[1] તો બે જ (કાર્ય) કરવાનાં છે. (૧) (બાલકને) રડતાં બંધ રાખવાનું અને (૨) ગાડાનું સ્થાપન.

એમ (ચાર કાર્ય) કરવામાં આવે[2] ત્યારે લૌકિક[3] બુદ્ધિ દૃઢ થશે, તેથી તે મટાડવા[4], તે માટે ભગવાનની ઈચ્છાથી ઉત્પન્ન થએલો ભ્રમ[5] ભગવાનનું ચરિત્ર હોવાથી[6] તેનું વર્ણન કરવામાં આવે છે. તેમાં આરંભમાં ભગવાન્ સંબંધી બે (કાર્ય) કહે છે. (૧) તેઓના અજ્ઞાનનું સ્થાપન કરવા[7] (તેઓમાં પોતાના વિષયનું અજ્ઞાન રહેવા દેવા) ગાડું ભાંગી જવા છતાં રુદન, અને (૨) ગ્રહની સંભાવના હોવા છતાં (ભગવાન્) પુત્ર હોવાથી તેમનું (યશોદાએ કરેલું) ગ્રહણ. યશોદા[8] લૌકિક બુદ્ધિમાં નિપુણ હતાં, તેથી તેમને ગ્રહની શંકાનો વિચાર થયો. કોઈ બાલગ્રહ વિગેરે તેમાં (બાલક ભગવાનમાં) પ્રવેશ કરી તેમને રોવડાવે છે, એવો (તેમને) વિચાર થયો; તેથી તરત જ સ્તન આપ્યું (ધવરાવ્યા) નહિ, પરંતુ પ્રવીણ બ્રાહ્મણોએ જેમનું સ્વસ્ત્યયન કરેલું છે તેવા ભગવાનને (સ્વસ્ત્યયન કર્યા) પછી ધવરાવ્યા. સ્વસ્ત્યયન એટલે રક્ષા બાંધવી, મંત્રોથી પવિત્ર કરવું વિગેરે. સૂક્ત એટલે સારી રીતે કહેલું, જેઓનું વચન પ્રમાણ છે તેવા બ્રાહ્મણોએ (સ્વસ્ત્યયન કર્યું). તેથી (ગ્રહની શંકા હોવાથી) તેઓએ (બ્રાહ્મણોએ) રક્ષા કરીને તેમનામાં કાંઈ દોષ નહિ જણાવાથી સારાં વચન કહ્યાં. ત્યાર પછી (યશોદાએ) સ્તનપાન કરાવ્યું. ૧૧.

---

૧. ગ્રહે કરેલા ઉપદ્રવની સંભાવનાથી કરાવવામાં આવતું સ્વસ્ત્યયન અને ગાડાના સંબંધી ઉત્પાતનો પરિહાર, બંને ભ્રાંતિથી કરવામાં આવતાં હોવાથી, બાકીનાં બે જ કરવા યોગ્ય રહે છે, એવા અભિપ્રાયથી આ કહેલું છે. (પ્ર)

૨. ચાર કાર્ય કરવાનાં હોય તો. (પ્ર) ચાર કાર્ય થઈ જાય ત્યારે. (લે)

૩. લૌકિક બુદ્ધિ એટલે (ભગવાન્) સામાન્ય બાલક છે એવી બુદ્ધિ. (પ્ર)

૪. તે મટાડવા એટલે ૧. ગ્રહે કરેલો ઉપદ્રવ અને ૨.ગાડાના સંબંધવાળો ઉત્પાત મટાડવા. (લે)

૫. ભ્રમ એટલે ગ્રહની શંકાનો ભ્રમ. (પ્ર)

૬. જો એ ભગવાનનું ચરિત્ર ન હોય તો તેવું વર્ણન કરનારો ગ્રંથનો ભાગ ભગવાનનાં ચરિત્રનું પ્રતિપાદન કરનારો થાય નહિ, (તેથી આ કહેલું છે). (પ્ર)

૭. અજ્ઞાન એટલે બાલકે આ ગાડાને ફેંકી દીધું છે, એવા જ્ઞાનનો અભાવ. (પ્ર)

૮. શ્લોક ૮માં યશોદાને લૌકિક સ્ત્રીઓમાં મુખ્ય કહેલ હોવાથી તે લૌકિક બુદ્ધિમાં નિપુણ છે.(લે)

એ પ્રમાણે ભગવાન્ (સંબંધી) બે (કાર્ય) કહીને, નીચેના શ્લોકથી છ શ્લોકોથી ગાડા સંબંધી બે (કાર્ય) કહે છે, કારણ કે ભગવાનના (છ) ગુણોથી જ અનિષ્ટ જતું રહે છેઃ

**પૂર્વવત્ સ્થાપિતં ગોપૈર્બલિભિઃ સપરિચ્છદમ્ ।।**
**વિપ્રા હુત્વાર્ચયાઞ્ચક્રુર્દધ્યક્ષતકુશામ્બુભિઃ ।।૧૨।।**

વિપ્રોએ હોમ કરી, બલવાન ગોપોએ પરિચ્છદ સાથે પહેલાંની પેઠે સ્થાપન(ઉભા) કરેલા ગાડાની દહીં, અક્ષત અને કુશવાળા જલથી પૂજા કરી. ૧૨.

જેવી તે ગાડાની સ્થિતિ પહેલાં હતી, અથવા જેવી તેમાં કુપ્પો (ચામડાંના રસ ભરવાના ગાડવાઓ)ની સ્થિતિ હતી (તેવી કરી), એમ 'પહેલાંની પેઠે જ ગોપોએ સ્થાપન કર્યું ' શબ્દોથી કહે છે. 'બલવાન (ગોપોએ)' શબ્દથી તેનું (ગાડાનું) મોટું કદ કહેલું (સૂચવેલું) છે. 'પરિચ્છદ સાથે' (પહેલાંની પેઠે સ્થાપન કર્યું). તેના આસપાસના ભાગો જ પરિચ્છદો (પૈડાં, ધરો વિગેરે); અથવા પૂજા કરવા માટે પૂજાનો સામાન જ[1] તેઓ લાવ્યા (તે પરિચ્છદ). તેવા ગાડાની જ, ગાડાની અધિષ્ઠાત્રી દેવતાનું તેમાં આવાહન કરી વિપ્રોએ એટલે તે કામમાં કુશલ અને ખાસ કરીને ઘટતું પૂરવાની શક્તિવાળા બ્રાહ્મણોએ પ્રથમ અનિષ્ટ દૂર કરવા માટે સામાન્ય રીતે હોમ કરી (પૂજા કરી). સર્વ સ્થલે નિમિત્ત ઉત્પન્ન થતાં ઘીથી અને વ્યાહૃતિ(ૐ ભૂર્ ભુવઃ સ્વઃ શબ્દો)થી સામાન્ય હોમ કરવામાં આવે છે. પછી તેઓએ તે ગાડાની પૂજા કરી (અને) દહીં મેળવેલા ચોખા તેની આસપાસ કંકુવાળા અક્ષત પેઠે નાખ્યા અને કુશવાળાં મંત્રોથી છાંટવાનાં જલો છાંટ્યાં. બ્રાહ્મણો જે કરે તે મંત્રો સહિત જ થાય છે (કરે છે). ૧૨.

એ પ્રમાણે સામાન્ય રીતે બંનેનો[1] પ્રતીકાર (ઉપાય) કહ્યો. આ બંને યશોદાની પ્રેરણાથી જ થયાં. નંદજીએ તો ખાસ કરીને બંનેને[2] એક સ્થલે રખાવીને શાંતિ કરી (કરાવી), એમ નીચેના શ્લોકથી ચાર (૧૩ થી ૧૬) શ્લોકોથી કહે છેઃ

આરંભમાં (પહેલા એટલે ૧૩મા શ્લોકમાં) નંદજીની બ્રાહ્મણોમાં ઉત્તમપણાની (બ્રાહ્મણો ઉત્તમ છે એવી) બુદ્ધિ (કહે છે), પછી (૧૪મા શ્લોક માં) (ભગવાનને) ગાડા ઉપર પધરાવી અભિષેક કર્યો (એમ કહે છે), પછી (૧૫મા શ્લોકમાં) સ્વસ્તિવાચન વિગેરે કરાવી હોમ કરાવ્યો એમ કહે છે, અને (૧૬મા શ્લોકમાં) દાન (આપ્યું એમ કહે છે). એ પ્રમાણે જે કર્યું તે વ્યર્થ થાય જ નહિ, તેનું કારણ પાંચમા (૧૭મા) શ્લોકમાં કહેશે.

---

(૧૨)૧. અહિં 'વા' શબ્દ 'એવ' 'જ' ના અર્થમાં યોજાએલો છે. (લે)

(૧૩)૧. બંનેનો એટલે ભગવાનમાં ગ્રહની શંકાનો અને ગાડા સંબંધીના ઉત્પાતનો.

૨. બંનેને એટલે ભગવાનને તથા શકટ(ગાડા)ને. (પ્ર)

એ પૈકી આરંભમાં (નંદજીની) બ્રાહ્મણોમાં મોટાપણાની બુદ્ધિ થઈ, એમ કહે છેઃ

**યેઽસૂયાનૃતદમ્ભેર્ષ્યાહિંસામાનવિવર્જિતાઃ ।।**
**ન તેષાં સત્યશીલાનામાશિષો વિફલાઃ કૃતાઃ ।।૧૩।।**

જેઓ અસૂયા, અનૃત, દંભ, ઈર્ષ્યા, હિંસા અને માનરહિત છે, તેવા સત્યશીલવાળાઓની આશિષો ફલરહિત હોતી (થતી) નથી. ૧૩.

જો બ્રાહ્મણોમાં અલૌકિક બુદ્ધિ હોય તો તેમનાં વચનથી ભવિષ્યમાં ભગવાનમાં પણ (તેવી બુદ્ધિ) થશે, એમ (આથી) સૂચવેલું છે. બ્રાહ્મણો સ્વભાવથી ઉત્તમ છે, અને વિકારરહિત બ્રહ્મસ્વરૂપવાળા છે[૩]. પરંતુ છ દોષોથી તેઓ પ્રાકૃત થાય છે. ભગવાનમાં તો છ ગુણો[૪] અધિક છે. દોષરહિત બ્રાહ્મણ અને ધર્મી ભગવાન્ એક છે, અથવા સરખા[૫] છે, તેથી જેમ ભગવાનનું વિચારેલું સત્ય જ હોય છે તેમ બ્રાહ્મણોનું કહેલું પણ સત્ય જ હોય છે. સર્વનું કરેલું (કર્મ) તો પહેલાંના[૬] વિરોધવિનાનું હોય (તો જ સત્ય હોય છે). તે બ્રાહ્મણોમાં છ દોષો તેમના સામર્થ્યને રોકનારા છે. તે (દોષ)વિનાના (બ્રાહ્મણો) તો દોષરહિત છે. તજવા માટે એ દોષોને અસૂયા વિગેરેથી ગણાવે છે. કામ, ક્રોધ અને લોભ પણ દોષો જ છે, છતાં અવસ્થા (વય) અને વિષયના ભેદથી જ તે દોષો થાય છે, તેથી તેઓને (અહિં) ગણેલા નથી. તેઓનાં કાર્યરૂપ દોષો, જે સર્વ અવસ્થાઓમાં અને સર્વ વિષયોમાં દોષો રહે છે તે (ખરા) દોષો છે. તેથી (તેવા) છ (દોષો) ગણવામાં

૩. 'બ્રહ્મન્' શબ્દનો અર્થ 'બ્રહ્મ' થાય છે, તે વિકારરહિત છે. તે જ શબ્દનો અર્થ બ્રાહ્મણ પણ થાય છે, તેથી બ્રાહ્મણ વિકારરહિત બ્રહ્મસ્વરૂપવાળા છે એમ કહેલું છે.

૪. બ્રહ્મ વિકારરહિત દોષરહિત છે, તેવા બ્રાહ્મણો કહ્યા. બ્રાહ્મણોમાં છ દોષો આવે તો તેમનું સામર્થ્ય રોકાઈ જાય છે. ભગવાનમાં તો બ્રહ્મથી પણ છ ગુણો ઐશ્વર્ય વિગેરે વધારે છે એમ કહે છે.

૫. બ્રાહ્મણ અને ભગવાન્ બંને સત્યરૂપ હોવાથી એક છે. બ્રાહ્મણ ભગવાનના અંશ હોવાથી ભગવાનની તુલ્ય છે. તેથી બ્રાહ્મણ અને ભગવાન્ એક હોય, અથવા બ્રાહ્મણ ભગવાનની તુલ્ય હોય તો પણ તેમનામાં ભગવાનના ધર્મ છે એમ થયું. (પ્ર)

૬. બ્રાહ્મણોની વાણી જ સત્ય કહી, પરંતુ કૃતિને સત્ય કહેલ નથી, તેનું કારણ જણાવે છે. સર્વની એટલે ભગવાનની તથા નિર્દોષ બ્રાહ્મણોની કૃતિ પણ સત્ય જ હોય છે, પરંતુ જો તે તેઓના વચન(વાણી)ને અનુકૂલ (વાણીને અનુસરતી) હોય તો જ. એટલે તેઓનાં સ્વચ્છંદ ચરિત્રની કૃતિ સત્ય હોતી નથી એવો અર્થ છે. અહિં બ્રાહ્મણોએ કરેલી કૃતિ સત્ય ન હતી; કારણ કે ક્રિયા ગ્રહશાંતિના પ્રકારની હતી. ભગવાનમાં ગ્રહનો આવેશ હતો જ નહિ અને હોઈ શકે પણ નહિ, તેમના સંબંધમાં ગ્રહશાંતિ કરી, એ ક્રિયા સત્ય ન હતી, એમ (સ્પષ્ટ) જણાય છે. (ટિ+પ્ર)

આવે છે. (૧) અસૂયા (અદેખાઈ) મુખ્ય દોષ છે, કારણ કે તેથી દોષરહિત હોય તેમાં દોષનો આરોપ કરવામાં આવે છે. આ બહારના વિષયનો દોષ છે. (૨) અનૃત (અસત્ય) વાણીના સંબંધનો ખોટું બોલવારૂપ દોષ છે. (૩) બીજાઓને પોતાની ઉત્તમતા જણાવનારી ચેષ્ટા વિગેરે કરવી તે દંભ. જો કારણ ન હોય ત્યારે કાર્ય પણ ન હોય તો દંભ થાય છે[૭]. (૪) બીજાના ગુણો સહન ન થવાથી તેઓને દોષ (તરીકે) મનમાં માનવા તે ઈર્ષ્યા. (૫) પછી હિંસા એટલે મારવું તે. અને (૬) તે પણ થાય (બીજાને મારવામાં આવે) ત્યારે માન એટલે અભિમાન (થાય તે). આવી રીતે એક જ ત્રિદોષ(ઉપરનાં ૪।૫।૬ ગણાવ્યા તે)થી પ્રાણીનો નાશ થાય છે, તો પછી બે ત્રિદોષ (છએ દોષો) હોય તો કહેવું જ શું ? અસૂયા અને અનૃત[૮], દંભ અને હિંસા[૯], ઈર્ષ્યા અને માન[૧૦];-આ જ અનુક્રમે વાણી, કાયા અને મનના દોષો છે. આ (દોષોથી) જો (બ્રાહ્મણો) રહિત હોય તો તેઓએ આપેલી આશિષો ફલરહિત હોતી નથી; કારણ કે (તે આશિષોને) ફલરહિત કરનાર (દોષો) તો રહ્યા નહિ.

'(એવા બ્રાહ્મણોને પણ) પ્રકૃતિનો સંબંધ છે. તેથી કાયા, વાણી અને મનના દોષો મટી ગયા હોય તો પણ સ્વભાવનો દોષ રહેલો હોવાથી તેઓ દોષરહિત કેમ (ગણાય) ?' એવી શંકા થાય, તેથી 'સત્યશીલવાળા' શબ્દ યોજેલો છે. સત્ય જ શીલ એટલે સ્વાભાવિક ધર્મ છે જેઓનો તે (સત્યશીલવાળા). ભગવાનનું જે સત્યરૂપ કહ્યું, તે જ સત્યવ્રતવાળા હોવાપણું વિગેરે તેઓનો સ્વભાવ છે. આવા બ્રાહ્મણો બ્રહ્મ જાણનારા હોય છે. 'તેવા(ની)' એમ તેઓનું ફરી અનુસંધાન કરેલું છે, તે (આ) વાક્ય (બોલતી) વખતે પણ[૧૧] તેઓ દોષરહિત

૭. ઉપર દંભની વ્યાખ્યા આપી તે પ્રમાણે તેવી ચેષ્ટા સહજ હોય તો પણ તે દંભ થઈ જાય, તેથી આ વાક્ય કહેલું છે. (પ્ર) કેટલાક પુરુષો કોઈ ધન વિગેરે આપનારને જોઈને, પોતામાં શમ દમ વિગેરે છે. એમ જણાવનારી ભજન વિગેરે ચેષ્ટા કરે છે. આવી ક્રિયામાં ધન પ્રાપ્ત કરવાની આશા નિમિત્ત (કારણ) છે. પછી જ્યારે તેમ કરવાથી ધન વિગેરેની પ્રાપ્તિ થવાનો સંભવ હોતો નથી ત્યારે તેઓ એવી ચેષ્ટા કરતા નથી. એટલે નિમિત્ત ધનની આશા ન હોય ત્યારે તેનું પરિણામ (કાર્ય નૈમિત્તિક) શમ દમ વિગેરે જણાવનાર ભજન વિગેરે ચેષ્ટા પણ રહેતી નથી. આવી જે ચેષ્ટા કરે તે દંભ જાણવો એવો અર્થ છે. (યો)

૮. ગુણોમાં દોષનો આરોપ અસૂયામાં (વાણીથી) કરવામાં આવે છે, અને અનૃત ખોટું બોલવારૂપ છે. તેથી તે બંને વાણીના દોષ છે. (યો)

૯. પોતાની વડાઈ દેખાડનારી અને બીજાને ઠગવાની ચેષ્ટા દંભ છે. બીજાના પ્રાણ હરવાની ચેષ્ટા હિંસા છે. તેથી તે બંને કાયાના દોષો છે. (યો)

૧૦. ઈર્ષ્યા અને માન (અભિમાન) મનના દોષો છે એ સ્પષ્ટ છે. (યો)

૧૧. દોષમાં અનૃત (અસત્ય ભાષણ) કહેલ છે તેથી તે દોષરહિત જે હોય તે સત્યવક્તા થયા

છે, એમ જણાવવા (કરેલું છે). ૧૩.

તેથી ઉત્પાતો હશે તો પણ તેઓનાં (તેવા બ્રાહ્મણોનાં) વચનથી મટી જશે એમ જાણીને, બાલકને (ભગવાનને) ગાડા ઉપર પધરાવીને[1] નંદજીએ તેમનો અભિષેક કરાવ્યો, એમ નીચેના શ્લોકમાં કહે છેઃ

**ઈતિ બાલકમાનીય સામર્ગ્યજુરુપાકૃતૈઃ ।।**
**જલૈઃ પવિત્રૌષધિભિરભિષિચ્ય દ્વિજોત્તમૈઃ ।।૧૪।।**
**વાચયિત્વા સ્વસ્ત્યયનં નન્દગોપઃ સમાહિતઃ ।।**
**હુત્વા ચાગ્નિં દ્વિજાતિભ્યઃ પ્રાદાદન્નં મહાગુણમ્ ।।૧૫।।**

તેથી બાલકને લાવીને, ઉત્તમ બ્રાહ્મણોએ સામવેદ, ઋગ્વેદ અને યજુર્વેદના મંત્રોથી તૈયાર કરેલાં અને પવિત્ર ઓષધિવાળાં જલોથી (તેમનો) અભિષેક કરી, સ્વસ્ત્યયન વંચાવી, સાવધાન (થએલા) નંદજીએ અગ્નિમાં હોમ કરી, બ્રાહ્મણોને બહુ ગુણવાળું અન્ન આપ્યું. (જમાડ્યા). ૧૪-૧૫.

(નંદજીએ) પોતે (ભગવાનને) યશોદાના હાથમાંથી લઈને, ત્યાં ગાડા પાસે પધરાવીને, ત્રણ વેદો જાણનારા બ્રાહ્મણો પાસે સામવેદ, ઋગ્વેદ અને યજુર્વેદ, એ ત્રણે વેદોના ત્રણે પ્રકારના મંત્રોથી, '(ઉપ)' નજીકમાં '(આ)' સર્વ તરફ '(કૃતૈઃ)' અલૌકિકપણું જેમાં ઉત્પન્ન કરેલું છે તેવાં, અને શતાવરી વિગેરે પવિત્ર ઓષધિઓ જેમાં (નાંખેલી) છે તેવાં, પવિત્ર નિષ્ફલ ન થાય તેવાં જલોથી અભિષેક કરીને એટલે સ્નાન કરાવીને અને શરીરને લૂછી નખાવીને, પછી ભગવાનને આભૂષણ ધરાવીને[2], ક્ષેમ પ્રાપ્ત કરાવનાર 'આ પુણ્ય દિવસ છે' વિગેરે

---

જ. છતાં અહિં 'સત્યશીલ' કહેલા છે (તેનું પ્રયોજન કહેલું છે). આનો અર્થ એવો છે કે (એ દોષ ન હોવા છતાં) અનૃત કોઈવાર બોલાઈ પણ જાય; પણ સત્યવ્રતવાળા હોવાપણું, એ ગુણની સદા જરુર છે. (લે)

૧. 'મૂલશ્લોકમાં ભગવાનને ગાડા ઉપર પધરાવ્યા એમ જણાવનાર કોઈ શબ્દ નથી, છતાં શા હેતુથી શ્રીમદાચાર્યચરણે એમ કહેલ હશે ?' એવી શંકા થાય, તો જાણવું કે જેમ યશોદાજીએ સામાન્ય રીતે રક્ષા બંને સ્થલે (ભગવાનની અને ગાડાની અનુક્રમે શ્લોક ૧૧ તથા ૧૨માં) કરી તે જ પ્રમાણે નંદજીએ વિશેષ રીતે રક્ષા કરી છે એમ જણાય છે. તેમ ન હોય તો નંદજી બાલકને લાવ્યા તે તેમને લાવવાનું કાર્ય, તથા પોતે સાવધાન રહ્યા એ તેમનું સાવધાનપણું વ્યર્થ થાય. તેથી બાલક ભગવાનને લાવતાં, તેમને ક્યાં પધરાવ્યા ? એવી આકાંક્ષા થાય તે પૂરવા, તથા નંદજી પોતે સાવધાન રહ્યા તે તેમનું સાવધાન રહેવાનું સંભવે તે માટે, શ્રીમદાચાર્યચરણે કહેલું છે, કે તેમણે ભગવાનને ગાડા ઉપર પધરાવ્યા. (પ્ર)

૨. શરીર લૂછી સાફ કરાવ્યું અને આભૂષણ ધરાવ્યાં, એ બંને સ્નાન કરાવવાનું કહ્યું તેનો અર્થ થાય છે. (લે) સ્નાન કરાવે એટલે શરીર લૂછી સાફ કરવું જોઈએ, અને પહેલાં ધરેલાં હતાં તેવાં આભૂષણો ધરવાં જોઈએ.

વાંચન કરાવીને, નંદગોપે પોતે (ત્યાં) બેસી, પોતે પણ સાવધાન થઈ, બ્રાહ્મણોની સમીપમાં હોમ કરી, (પછી) બ્રાહ્મણરૂપી અગ્નિમાં પણ હોમ કર્યો, એમ 'બ્રાહ્મણોને અન્ન આપ્યું' શબ્દોથી કહે છે. (તેમણે) બહુ ગુણવાળું એટલે બહુ અથાણાં ચટણીવાળું (અન્ન બ્રાહ્મણોને) જમાડ્યું, એવો અર્થ છે.૧૪-૧૫.

**ગાવઃ સર્વગુણોપેતા વાસઃસ્રગ્રુક્મમાલિનીઃ ।।**
**આત્મજાભ્યુદયાર્થાય પ્રાદાત્ તે ચાન્વયુઞ્જત ।।૧૬।।**

નંદજીએ બ્રાહ્મણોને વસ્ત્રો, માલાઓ અને સુવર્ણની માલાઓવાળી સર્વ ગુણોવાળી ગાયો પુત્રની ઉન્નતિ માટે આપી, અને તેઓએ પછી આશિષો યોજી. ૧૬.

પછી (નંદજીએ) દક્ષિણા (આપી). (દક્ષિણામાં) સર્વ ગુણોવાળી એટલે બહુ દૂધ આપનારી, સુંદર અને ભલી ગાયો (આપી), અને ગાયોને શણગારવા માટે વસ્ત્રો, માલાઓ અને સુવર્ણની માલાઓ (આપી); એટલે સર્વ અલંકારોથી શણગારેલી ગાયો આપી એવો અર્થ છે. 'પુત્રની ઉન્નતિ માટે' શબ્દથી (એ પ્રમાણે દાન આપવાનું) પ્રયોજન કહેલું છે. પોતાના પુત્ર ભગવાનનો અભ્યુદય એટલે ઉન્નતિ, એ જ તે (દાન)નો અર્થ એટલે પ્રયોજન હતું, આ 'અર્થ' શબ્દ, બીજો કોઈ પણ અર્થ (પ્રયોજન) ન હતો, એમ જણાવવા યોજેલો છે. તેઓએ (બ્રાહ્મણોએ) પછી આશિષો યોજી. 'અનુ' એટલે પછી, (પોતાને દાનની) પ્રાપ્તિ થયા પછી; આશિષો '(અયુઞ્જત)' યોજી. માત્ર કહી નહિ, પણ યોજી. (આશિષમાં જણાવેલ પદાર્થો પણ આપ્યા). ૧૬.

**વિપ્રા મન્ત્રવિદો યુક્તાસ્તૈર્યાઃ પ્રોક્તાસ્તથાશિષઃ ।।**
**તા નિષ્ફલા ભવિષ્યન્તિ ન કદાચિદપિ સ્ફુટમ્ ।।૧૭।।**

વિપ્રો મંત્રો જાણનારા અને યુક્ત (હોય છે), તેઓએ જે આશિષો તેવી રીતે કહેલી હોય તે કોઈ પણ સમયે નિષ્ફલ થશે નહિ એ સ્ફુટ છે. ૧૭.

'આશિષો યોજી એમ કેમ જણાય ?' એવી શંકા થાય, તેથી કહે છે કે તે 'વિપ્રો' હતા. આરંભમાં તે વિપ્રો એટલે વિશેષ રીતે પૂરનારા(આપનારા) દોષવિનાના હતા, (કારણ કે) ત્યારે જ (દોષરહિત હોય તો જ) તેઓ વિશેષ રીતે પૂરનારા થાય છે. તેમાં પણ (તેઓ) મંત્રો જાણનારા એટલે ઋષિઓ હતા, તેમાં પણ (તેઓ) યુક્ત એટલે સત્કર્મ કરનારા હતા. એવી રીતે ત્રણ ગુણવાળાઓએ જે આશિષો કહેલી હોય તે કોઈ પણ સમયે નિષ્ફલ થશે નહિ, (એ) સ્ફુટ એટલે સત્ય (છે). તેથી તેઓ (આશિષોથી) યોજે એ યોગ્ય જ છે. ૧૭.

યશોદા અને નંદજીની ભગવાનમાં આસક્તિ ઉત્પન્ન કરનાર એક ચરિત્રનું એ પ્રમાણે નિરૂપણ કરી, પાંચ (ચરિત્રો રાજાએ) પૂછેલાં તે પૈકી પહેલાના

ઉત્તર તરીકે નીચેના શ્લોકથી અઢાર શ્લોકોથી ઉપાખ્યાન કહેવાનો આરંભ કરે છેઃ

**એકદા રોહમારૂઢં લાલયન્તી સુતં સતી ।।**
**ગરિમાણં શિશોર્વોઢું ન સેહે ગિરિકૂટવત્ ।।૧૮।।**

એક સમયે ખોળામાં બેઠેલા પુત્રનું લાલન કરતી સતી પર્વતના સમૂહ પેઠે બાલકનો ભાર સહન કરી શકી નહિ. ૧૮.

**વાચિકં કાયિકં ચોક્તં માનસં તૂચ્યતેઽધુના ।।**
**અન્યથાજ્ઞાનતઃ[૧] સર્વં કરોતીતિ ભવિષ્યતિ ।।કા. ૮।।**

વાચિક અને કાયિક (નિરોધકરણ) કહ્યું. હવે માનસ (નિરોધકરણ) કહેવામાં આવે છે. (પોતાના વિષેના) અન્યથાજ્ઞાનથી (ભગવાન્) સર્વ કરે છે એમ થશે (જણાય છે).

---

૧. ભગવાને પૂતનાનો વધ કર્યો ત્યાં રક્ષા (ભગવાનની રક્ષા) કરી તેમાં વાણીનો ઉપયોગ થએલ હોવાથી, એ પ્રસંગથી વાણીનો નિરોધ કર્યો. ગાડાનો ભંગ કર્યો તેમાં ભગવાન્ માટે કાયાની ચેષ્ટા કહી, તેથી તે પ્રસંગથી કાયાનો નિરોધ કર્યો. હવે તૃણાવર્તનો પ્રસંગ કહેવામાં આવે છે, તેમાં ભગવાનના નિમિત્તથી (સર્વને) દુઃખ થશે, એમ કહેવામાં આવશે. તેથી એ પ્રસંગથી માનસ (મનનો) નિરોધ થશે. અહિં નિરોધનું પ્રકરણ હોવાથી ‘વાચિક’ ‘કાયિક’ અને ‘માનસ’ ત્રણે નિરોધનાં જ વિશેષણો છે, તે ત્રણે નાન્યતરજાતિમાં મૂકેલાં છે, અને ‘નિરોધ’ નરજાતિનો શબ્દ છે; એમ હોવાનું કારણ એ છે કે અહિં શબ્દની જાતિનું કાંઈ પ્રયોજન નથી, અથવા એ ત્રણે ‘નિરોધકરણ’ (નિરોધ કરવો તે)નાં વિશેષણ છે, એમ માનવું (એટલે જાતિનો ભેદ રહેશે નહિ).

ભગવાનની ‘રક્ષા’ પૂતનાપ્રસંગમાં કરી, ગાડાના ભંગના પ્રસંગમાં ‘ગ્રહશાંતિ’ કરી તે પણ ભગવાનની લીલા છે, એમ ઉત્તરાર્ધમાં જણાવે છે. આ બધાં ભગવાન્ સંબંધી અન્યથાજ્ઞાન (મિથ્યાજ્ઞાન, ભગવાન્ પ્રાકૃત બાલક છે એવું જ્ઞાન) કરાવવામાં કારણરૂપ છે. તેથી અહિં ‘અન્યથાજ્ઞાનથી’ એમ એ શબ્દ પાંચમી વિભક્તિમાં યોજેલો છે. અન્યથાજ્ઞાન પ્રાપ્ત કરીને એટલે અન્યથા જ્ઞાનના વિષય (જેના વિષે અન્યથા જ્ઞાન થએલ છે તેવા) થઈને, ભગવાન્ સર્વ કાર્ય કરે છે એવો અર્થ છે. (સત્ય) જ્ઞાન (ભગવાન્ પ્રાકૃત બાલક નથી તેવું) થવાનાં કારણો ભગવાનનું સ્વરૂપ, ભગવાનના ધર્મો વિગેરે હોવા છતાં, પોતાની લીલા થઈ શકે તે માટે ‘ભગવાન્ પોતે પ્રાકૃત બાલક જેવા જ છે’ એવું પોતાના વિષેનું અન્યથાજ્ઞાન તેઓમાં ઉત્પન્ન કરીને, ભગવાન્ પોતે જ સર્વ (લીલા) કરે છે એવો અર્થ છે. તેથી રક્ષા કરવી વિગેરેથી, જેમ પહેલાં કરતાં જૂદા (પ્રકારના) હોવાનું ભાન લોકમાં થાય છે, તેવું જ પોતામાં પણ ભગવાન્ પ્રકટ કરે છે એમ જાણવું; કારણ કે બીજાઓને તેવું જ્ઞાન ન થાય તો જેવો (રક્ષા કરવારૂપી વિગેરે પ્રકારનો) નિરોધ કહેવામાં આવે છે, તેવો નિરોધ થઈ શકે નહિ એવો ભાવ છે. તેઓમાં (ભગવાન્ વિષેનું) અન્યથાજ્ઞાન હોય ત્યારે જ કાયા, વાણી અને મનનો નિરોધ કહેવાથી, આ શાસ્ત્ર તથા ભગવાનનું ચરિત્ર અદ્ભુત છે, એમ જણાવી શકાય. વળી એક જ બાલકમાં બધાનો સહજ (કુદરતી) સ્નેહ હોય તેવું લોકમાં સંભવતું નથી. તેથી અહિં ભગવાનમાં સર્વનો કુદરતી સ્નેહ થાય છે, તે ભગવાને જ કરેલો છે એમ જણાય છે. (તેથી આ ચરિત્ર લોકમાં પણ અદ્ભુત છે એમ કહેલું છે.)

અથવા

અથવા

અન્યથા (માનસ નિરોધ કરવામાં ન આવે તો) (નંદજી યશોદા વિગેરે) સર્વ અજ્ઞાનથી કરે છે, એમ (સર્વનું જ્ઞાન) થશે. કા. ૮.

**લૌકિકેનાપિ ભાવેન યાવત્ કૃષ્ણૈકતાનતા ।।**
**તાવન્નૂતનકૃત્યાનિ ન કરોતિ હરિઃ સ્વયમ્ ।।કા. ૯।।**

લૌકિકભાવથી પણ જ્યાં સુધી શ્રીકૃષ્ણમાં એકતાનતા હોય છે[2] ત્યાં સુધી હરિ પોતે નવીન કૃત્ય કરતા નથી. કા. ૯[3]

---

અહિં ઉત્તરાર્ધથી માનસિક નિરોધ આવશ્યક છે એમ કહે છે. આ લીલામાં 'ભારે હોવાપણાનો' ભગવાનનો ધર્મ જણાવી, લીલા કહેવામાં આવે છે. આ જો કહેવામાં ન આવે તો, જીવના સહજ અજ્ઞાનને લીધે નંદજી અને યશોદા વિગેરે સર્વ કાર્ય કરે છે, એવું સર્વને જ્ઞાન થાય. તેથી તેવું જ્ઞાન સર્વને ન થાય તે માટે આ કહેવામાં આવે છે એવો અર્થ છે. (ટિ)

આ કારિકામાં 'અન્યથાજ્ઞાનતઃ' શબ્દ છે, તેનો ટિપ્પણીમાં બે પ્રકારે અર્થ કરેલો છે. પહેલા અર્થ પ્રમાણે તે એક જ શબ્દ છે. 'રક્ષાવિધાન, ગ્રહશાંતિ વિગેરે ભગવાનની લીલા કેમ હોઈ શકે ?' એવી શંકા થતાં, ભગવાન્ પોતે અન્યથાજ્ઞાનના વિષય થઈ, લીલા માટે તેઓમાં પોતા વિષેનું 'આ પ્રાકૃત બાલક છે' એવું અન્યથાજ્ઞાન ઉત્પન્ન કરાવીને સર્વ કરે છે, (તેથી એ સર્વ ભગવાનની લીલા છે) એવો અર્થ છે. ટિપ્પણીમાં કહેલ બીજા અર્થ પ્રમાણે 'અન્યથા ઽજ્ઞાનતઃ' એમ બે શબ્દો છે, તેનો પણ અર્થ ટિપ્પણીમાં જ કહેલો છે. (યો)

૨. ગાડાના ભંગની લીલા ભગવાને ચોથા માસની વયમાં કરી, અને તૃણાવર્તનો વધ એક વર્ષની વયે કર્યો, એમ ૧૦।૨૩।૬થી જણાય છે. આમ હોવાથી ભગવાનની નાલ વધેરવાની, છઠ્ઠીપૂજન, સૂતિકાસ્નાન, ચંદ્રસૂર્યદર્શન, કર્ણવેધ, અન્નપ્રાશન, મુંડન, ચૂડાકર્મ, એ પહેલા નવ માસમાં કરવાના સંસ્કારો તથા માર્કંડેય પૂજા, એ લીલાઓ કેમ કહેલી નથી ?' એવી શંકા થાય, તેથી આ તથા આની પછીની કારિકાઓ કહેલી છે. આમાંથી ઘણીખરી જેવી કે નાલ વધેરવાની વિગેરે ક્રિયાઓ બીજાએ કરેલી, અને રાજાએ તો ભગવાનનું ચરિત જ શુકદેવને પૂછેલ છે, અને આ ક્રિયાઓ શ્રીકૃષ્ણમાં બધાની એકતાનતા (ભક્તિ) સિદ્ધ કરવામાં ઉપયોગી નથી તેથી કહેલી નથી. આ અધ્યાયના આરંભમાં રાજાએ જે પ્રશ્નો કરેલા છે, તેમાં ભગવાને કરેલાં ચરિત્ર જ પૂછેલ છે. (પ્ર)

આ કારિકાના પૂર્વાર્ધને અંતે 'ન ભવતિ' શબ્દો અધ્યાહાર છે. (લૌકિક ભાવથી પણ જ્યાં સુધી શ્રીકૃષ્ણમાં એકતાનતા થતી નથી, ત્યાં સુધી હરિ પોતે નવીન કૃત્ય (નવીન લીલા) કરતા નથી, એવો અર્થ આ શબ્દો અધ્યાહાર લેવાથી થાય છે). એટલે તૃણાવર્તના વધના ચરિત્ર પહેલાં યશોદા અન્યમાં ચિત્તવાળાં હતાં, પરંતુ આ ચરિત્ર થતી વખતે લાલન કરતાં હતાં. તેથી ભગવાનમાં ચિત્તવાળાં હતાં એવો અર્થ છે. (લે) આ અર્થ પ્રમાણે જ્યારે ભગવાનમાં ચિત્ત ન હોય ત્યારે ભગવાન્ લીલા કરતા નથી. એમ હોય તો ગાડાના ભંગની લીલા સમયે યશોદા બહિર્મુખ થયાં ત્યારે એ લીલા કરેલી એ સંભવતું નથી. વળી આ પછીની કારિકાના અર્થનો વિચાર કરતાં પણ આ કારિકાનો એવો અર્થ બંધ બેસતો નથી, તેથી એ શબ્દો અધ્યાહાર લીધા વિના જ અર્થ કરેલો છે.

૩. ગાડાનો ભંગ ચોથા માસમાં કર્યો અને તૃણાવર્તના વધની લીલા ૧૦।૨૩।૬માં જણાવ્યા

**વર્ષેણ તુ પરાવૃત્તિર્ધર્માણાં ભવતીતિ હિ ।।**
**અતો વર્ષાન્તરે કૃત્યં તૃણાવર્તગતં કૃતમ્ ।।કા. ૧૦।।**

એક વર્ષે તો ધર્મોની પરાવૃત્તિ (ફરીથી આવવું તે) થાય છે, તેથી તૃણાવર્તના સંબંધી કૃત્ય (લીલા) બીજા વર્ષમાં કરેલી છે. કા. ૧૦[૪]

**દેહબુદ્ધિર્ભગવતિ નિવૃત્તા ચેન્નિવર્તયેત્ ।।**
**તત્પરાણાં દેહમતિં સજાતીયાવિશેષતઃ ।।કા. ૧૧।।**[૫]

જો ભગવાનમાં દેહબુદ્ધિ (ભગવાનનો દેહ પ્રાકૃત છે એવી બુદ્ધિ) મટી જાય તો તે ભગવાનના ભક્તોની દેહમતિને (દેહ આત્મા છે એવી મતિને) પોતાની જાતની હોવાથી મટાડે છે. કા. ૧૧[૬].

અઢાર વિદ્યાઓમાં[૭] પણ 'ભગવાનને દેહ નથી[૮]' એમ જણાવવા એક જ

---

પ્રમાણે એક વર્ષની વયે કરી. તેથી એ બે લીલા દરમ્યાનના નવ માસના સમયમાં બીજી કંઈ લીલા કેમ કરી નહિ ? એવી શંકા થાય, તેથી આ કારિકા કહેલી છે. (કા)

આ નવ માસ સુધી યશોદાજીનું ચિત્ત બીજા વિષયમાં હતું, એમ માનવાનું કાંઈ કારણ નથી. તેથી લેખ પ્રમાણે અર્થ કરેલો નથી. ભગવાનનું યશોદાજી લાલન કરતાં હતાં એટલે જે સમયે તે ભગવાનમાં ચિત્તવાળાં હતાં, ત્યારે આ તૃણાવર્તના વધની લીલા કેમ કરી ? એ પ્રશ્નનો ઉત્તર આ પછીની કારિકામાં આપેલો છે.

૪. (માણસનું આયુષ્ય સો વર્ષનું છે. (દરેક વર્ષ એક આયુષ્ય) ગણતાં માણસને ૧૦૦ આયુષ્ય છે. દરેક વર્ષ જતાં એક એક આયુષ્ય ઓછું થાય છે. છતાં જો એ વર્ષમાં એક ક્ષણ પણ ભગવાનની વાર્તાથી તે ભગવાન્ પાસે જાય તો એ વર્ષ આયુષ્ય હરતું નથી. આ પ્રમાણે ૨।૩।૧૭ તથા તે પરનાં શ્રીસુબોધિનીમાં જણાવેલું છે). એક વર્ષમાં પ્રપંચનું વિસ્મરણ થાય તો પણ વર્ષ એક આયુષ્યરૂપ હોઈ એક કાલ હોવાથી, બીજા કાલમાં એટલે બીજા વર્ષમાં પ્રપંચની વિસ્મૃતિ રહેલી છે કે નહિ તેની શંકા થાય, તેથી ભગવાને બીજા વર્ષમાં આ તૃણાવર્તનો વધ કરેલો છે. (લે) બીજા વર્ષમાં નવીન લીલા કરવાનું પ્રયોજન દશમી કારિકામાં કહેલું છે. (કા)

૫. આ કારિકાનો પાઠ વૃંદાવન પ્રેસે પ્રસિદ્ધ કરેલ ગ્રંથ પ્રમાણે લીધો છે.

૬. ભગવાનનો દેહ પણ લૌકિક છે એવી બુદ્ધિ જો મટી જાય, તો તે ભગવાનના ભક્તોની 'દેહ જ આત્મા છે' એવી મતિને મટાદી દે છે. 'ભગવાનમાં દોષ નથી જ' એવી બુદ્ધિમાત્ર સર્વ દોષોને મટાડનારી છે, છતાં એક જ પ્રકારની બુદ્ધિ તેવા જ દોષોને ખાસ કરીને મટાડે છે એવો અર્થ છે. જેમ 'ભગવાન્ કામરહિત છે' એવી બુદ્ધિ આપણા કામદોષને મટાડે છે, તેવી જ રીતે 'ભગવાનમાં લૌકિક દેહ નથી' એવી બુદ્ધિ તેના જેવો જ આપણો દોષ 'આ દેહ જ આત્મા છે' એવી આપણી બુદ્ધિને મટાડે છે એવો અર્થ છે. (યો,લે)

૭. ૧. પુરાણ ૨. ન્યાય ૩. મીમાંસા ૪. ધર્મશાસ્ત્ર ૫થી૮ચાર વેદો ૯થી૧૪.છ વેદાંગો એમ ચૌદ વિદ્યાઓ યાજ્ઞવલ્ક્યે કહેલી છે, તે તથા ચાર ઉપવેદો મળી અઢાર વિદ્યા થાય છે. (પ્ર)

૮. 'આનંદરૂપ જે અમૃત પ્રકાશે છે' 'સચ્ચિદાનંદ વિગ્રહવાળા' 'સચ્ચિદાનંદરૂપ ક્લેશવિના કર્મ કરનાર શ્રીકૃષ્ણને' એ ઉપનિષદ્‌વચનો, 'આનંદમૂર્તિને (ભેટી) ઘણા લાંબા સમયનો તાપ

સમયે ભારે હોવાપણું અને હલકા હોવાપણું (એવા બે પરસ્પર વિરુદ્ધ ધર્મો આ તૃણાવર્તના વધની લીલામાં) કહેવામાં આવશે.

**પૂતનાવધમારભ્ય કંસો જાનાતિ ગોકુલે ।।**
**હરિરસ્તિ જગદ્વન્દ્યો મમ હન્તેતિ સર્વથા ।।કા. ૧૨।।**

પૂતનાના વધથી આરંભી (પૂતનાનો વધ થયો ત્યારથી) કંસ સર્વથા જાણે છે કે જગતે વંદન કરવા યોગ્ય અને મને હણનાર હરિ ગોકુલમાં છે. કા. ૧૨[૯].

**તમાનેતું તૃણાવર્તં તતઃ પ્રેષિતવાન્ સ્વયમ્ ।।**
**ત્રયો હ્યત્યન્તબલિનઃ સર્વકાર્યવિચક્ષણાઃ ।।કા. ૧૩।।**

કંસે પોતે તેમને લઈ આવવાને મથુરાથી તૃણાવર્તને મોકલ્યો, કારણ કે સર્વ કાર્યમાં ચતુર ત્રણ(તૃણાવર્ત, બક અને કેશી) બહુ જ બલવાન હતા. કા. ૧૩.

**તૃણાવર્તો બકઃ કેશી તત્રાપ્યાદ્યો મહાન્ સ્મૃતઃ ।।**
**તૃણવત્ સકલં વિશ્વમાવર્તયતિ સર્વથા ।।કા. ૧૪।।**
**તૃણાવર્તસ્તતઃ પ્રોક્તસ્તમાદૌ પ્રાહિણોત્ તતઃ ।।કા.૧૪ા.।।**

તૃણાવર્ત, બક અને કેશી (એ ત્રણ હતા). તેઓમાં પણ પહેલો (તૃણાવર્ત) મોટો ગણાએલ. આખા વિશ્વને તણખલાં પેઠે તે સર્વથા ભમાવતો, તેથી તેને તૃણાવર્ત કહેતા. તેથી તેને આરંભમાં (કંસે) મોકલ્યો. કા. ૧૪ા.[૧૦]

ભગવાન્ સર્વજ્ઞ (છે). તૃણાવર્ત મથુરાથી (પોતાને લઈ જવા) નીકળ્યો એ જાણીને, ભારે પદાર્થને[૧૧] તે લઈ જાય (જઈ શકે) નહિ તેથી પોતે ભારે થયા. તે સમયે યશોદાને (પોતાના) ભારેપણાનું જ્ઞાન થાય, અને તે (યશોદા) ત્યાંથી જતાં

તજ્યો' વિગેરે પુરાણોનાં વચન, 'જેમના કર પાદ મુખ ઉદર વિગેરે માત્ર આનંદના છે' વિગેરે તંત્રનાં વચનોથી (ભગવાનનો) દેહ આનંદમય છે, અને તેથી ભગવાનનો દેહ પ્રાકૃત નથી એમ સિદ્ધ થાય છે. 'દેહ' શબ્દ 'દિહ્' એટલે વધવું ધાતુ ઉપરથી થયો છે, અને તેથી 'દેહમાં' વધવારૂપ વિકાર હોવો જોઈએ. બ્રહ્મ તો વિકારરહિત છે. તેમાં છ વિકારો પૈકી કોઈ વિકાર નથી. તેથી તેમને (ભગવાનને) પ્રાકૃત દેહ હોઈ શકે નહિ. (યો)

૯. પૂતના શહેરો અને ગામડાંઓમાં બાલકોને મારતી મારતી પછી ગોકુલમાં આવેલી અને તૃણાવર્ત તો પરભારો જ ગોકુલમાં આવ્યો, તેનું કારણ આ કારિકાથી જણાવેલું છે. (પ્ર)

૧૦. કા.૧૨થી૧૪ા સુધીમાં કહેલો વૃત્તાંત આદિપુરાણમાં વૃંદાવનમાહાત્મ્યમાં ૧૨મા અધ્યાયમાં કહેલો છે. (પ્ર)

૧૧. ભગવાન્ ભારે થયા ન હોય તો તેમને તે મથુરા લઈ જાય. (તેથી ભગવાન્ ભારે થયા). જેટલા ભારે થવાથી તૃણાવર્ત તેમને ઊંચે લઈ જઈ શકે, પણ આડા (દૂર) લઈ જઈ શકે નહિ તેટલો જ (પોતામાં) ભાર ભગવાને પ્રગટ કર્યો એમ જાણવું. (લે)

શાસ્ત્રીજીએ પ્રસિદ્ધ કરેલ પ્રતમાં 'ગુરુપદાર્થં જનયતીતિ' પાઠ છે. આ પાઠ બરાબર લાગતો નથી. વૃંદાવન પ્રેસે પ્રસિદ્ધ કરેલ ગ્રંથમાં 'ગુરુપદાર્થં ન નયતીતિ' પાઠ છે, એ પ્રમાણે ભાષાંતર કરેલું છે.

રહે તે માટે, તેના ખોળામાં બેઠેલા ભગવાન્ સ્તનપાન કરતાં જ ભારે થયા. તે ભગવાનનું સહજ(કુદરતી) ભારેપણું તે સમયે જણાયું. તે ભારેપણાનું યશોદાને જ્ઞાન થયું, એમ નીચેના શ્લોકમાં કહે છે. તેનો ચોક્કસ સમય જણાવેલો નથી, અને તે તેમાં નિમિત્ત ન હતો[12]. 'રોહ' એટલે ખોળો. તેમાં બેઠેલા એટલે તેની ખોળાની ઉપર ચઢી બેઠેલા પુત્રનું યશોદા પોતે જ લાલન કરતી હતી, એટલે તેમના વાળો પ્રસારતાં પ્રસારતાં તેમના મુખનું ચુંબન વિગેરે કરીને ભગવાનને હાસ્ય ઉત્પન્ન કરતી હતી; કારણ કે પુત્રનું (એવી રીતે) તે (લાલન) કરવું જોઈએ. 'સતી' શબ્દથી તેમના (યશોદાના) એવા ભાગ્યનું કારણ થએલ તેમનો ધર્મ કહેલો છે. યશોદા લૌકિકભાવથી જ સ્નેહ વિગેરે કરતી હતી. તેથી તે (લૌકિકભાવ) દૂર કરવા ભગવાન્ ભારે થયા, ત્યારે બાલકનો ભાર ગિરિકૂટ એટલે પર્વતોના સમૂહ પેઠે તેણે સહન ન કર્યો એટલે તે સહન કરી શકી નહિ. જેમ ભૂમિ પણ એક સ્થલે કરોડો પર્વતોના જથ્થાનો ભાર સહન કરી શકતી નથી, તેમ આ (યશોદા) પણ આધિદૈવિક અદિતિરૂપ[13] હોવા છતાં પણ ભાર સહન કરી શકી નહિ, એમ જણાવવા આ દૃષ્ટાંત કહેલું છે. તેમ ન હોય તો (આવું) અયોગ્ય દૃષ્ટાંત કહે નહિ. ભગવાન્ ધીરે ધીરે ભારવાળા થતા ગયા, તેથી તેનો નાશ થયો નહિ. ૧૮.

તેથી જ બની શક્યું ત્યાં સુધી (ખોળામાં) રાખી, (તેમ કરવું) અશક્ય થયું ત્યારે તેમને તેણે ભૂમિ ઉપર પધરાવ્યા, એમ નીચેના શ્લોકમાં કહે છેઃ

**ભૂમૌ નિધાય તં ગોપી વિસ્મિતા ભારપીડિતા ।।**
**મહાપુરુષમાદધ્યૌ જગતામાસ કર્મસુ ।।૧૯।।**

વિસ્મય પામેલી અને ભારથી પીડાએલી ગોપીએ તેમને ભૂમિ ઉપર

---

૧૨. ભગવાન્ યશોદાના ખોળામાં ચઢી બેઠા તેમાં કાલ નિમિત્ત ન હતો. કાલ જેમાં નિમિત્ત ન હતો તેવું તે ખોળામાં ચઢી બેસવાનું કર્મ હતું. તેથી અહિં કયો કાલ હતો તે કહેલું નથી એવો અર્થ છે. (ટિ)

૧૩. યશોદા દેવકીરૂપ હોવાથી અદિતિરૂપ હતી એવો અર્થ છે. જ્યારે વસુદેવે પોતાના આધિદૈવિક રૂપનું નંદજીમાં સ્થાપન કર્યું, (જુઓ ૧૦।૫।૨૧ ઉપરનાં શ્રીસુબોધિની) ત્યારે આધિદૈવિક દેવકીએ પણ યશોદામાં પ્રવેશ કર્યો, એવો ભાવ છે. આધિદૈવિક વસુદેવ અને દેવકીએ નંદજી અને યશોદામાં પ્રવેશ કરેલ છે, તેનો ઉપયોગ આગળ રાજલીલામાં નંદજી અને યશોદા ભગવાનને વસુદેવ અને દેવકીના પુત્ર જાણે છે ત્યારે થએલ છે, કારણ કે ભગવાનને વસુદેવ અને દેવકીના પુત્ર જાણવા છતાં, નંદજી અને યશોદાનો તેમનામાં પુત્રભાવ દૃઢ જ રહે છે. નંદજી યશોદા અનુક્રમે વસુદેવ અને દેવકીરૂપ હોવાથી જ તેઓ ભગવાનને વસુદેવ અને દેવકીના પુત્ર જાણતા હોવા છતાં તેમનો તેમનામાં દૃઢ પુત્રભાવ રહ્યો. જો તેઓ ભગવાનને પોતાના પુત્ર જાણતા ન હોત અને બીજાના જ પુત્ર છે એમ જાણતા હોત, તો તેમનો ભગવાનમાં સ્નેહ રહેત નહિ, અને તેમનો નિરોધ ભગવાને કરેલ તે વ્યર્થ થાત. (યો)

પધરાવી જગતોના મહાપુરુષનો વિચાર કર્યો અને કામમાં લાગી. ૧૯.

'તેમને' એટલે ભગવાનને ભૂમિ ઉપર પધરાવવાના કારણભૂત અવિવેકનું તે ધામ હતી[૧], એમ 'ગોપી' શબ્દથી કહે છે. જો કે તે (યશોદા) મોટી હતી તો પણ તે ગોપની ભાર્યા હતી. જમીન ઉપર પધરાવ્યા પછી (તેમના) ભારનું સ્મરણ કરી તે વિસ્મય પામી.

'પુત્રનો ભાર તો માતાને સુખ આપનાર હોય છે, તેને તેનાથી વિસ્મય કેમ થયો ?' એવી શંકા થાય, તેથી 'ભારથી પીડાએલી' શબ્દ યોજેલો છે. તે ભારથી પીડા પામી એટલે આ ભાર પીડા ઉત્પન્ન કરે છે તેથી અલૌકિક છે (એમ વિચાર્યું), તેથી તે વિસ્મય પામી. ભવિષ્યમાં[૨] ધીરે ધીરે માહાત્મ્યનું જ્ઞાન થતાં ભય પણ પામશે. વિસ્મય પામ્યા પછી શું કરવું એનો વિચાર કરી, ઉત્પાત થવાની શંકાથી તેણે મહાપુરુષનું એટલે પુરુષોત્તમનું ધ્યાન ધર્યું; અથવા સર્વ અનિષ્ટ દૂર થાય તે માટે 'આ મહાપુરુષ જ છે' એમ તેણે વિચાર્યું . 'સર્વ જગતોના મહાપુરુષ જ આ છે' એમ જગતોના એટલે કરોડો બ્રહ્માંડોમાં રહેલા સ્વામી (તેમને) વિચાર્યા. 'સતી' એવું પદ હોવાથી[૩], ભારને લીધે બીજો પુરુષ હશે એમ જાણી, પોતાના વ્રતનો ભંગ થાય તેવા ભયથી બીધેલી હોય તેમ તેણે (તેમને) પરમપુરુષ એટલે બધાયના પતિ જાણ્યા. 'આ પરમપુરુષ છે કે નહિ' એવી ખાતરી થાય તે માટે '(આ)' સર્વ તરફથી '(દધ્યૌ)' ધ્યાન ધર્યું. પછી (આ) ભગવાન્ છે એમ જાણી, તેમની પરિચર્યા કરવા માટે[૪] સ્નાન વિગેરે કર્મમાં લાગી એટલે (સ્નાન વિગેરે) જૂદાં જૂદાં કાર્યો કરવાનો તેણે આરંભ કર્યો એવો અર્થ છે. તેમ ન હોય તો (ભગવાનની પરિચર્યાના કર્મમાં લાગે નહિ તો) તેમનાથી એક ક્ષણનો વિયોગ થતાં પ્રાણો જ જતા રહે. ભગવાન્ સમીપ આવીને તો મોહ ઉત્પન્ન કરશે[૫] અને લાલનનું ફલ

---

૧. આ બાલક અકસ્માત આટલા બધા ભારે થઈ ગયા, તેથી આ ભગવાન જ છે, એવું જ્ઞાન થવાથી (અવિવેક ન હોત તો) દેહનું વિસ્મણ જ થાત, પરંતુ પોતાના 'દેહનો નાશ થશે' એવી શંકાથી તેમને ભૂમિ ઉપર પધરાવત નહિ. (લે)

૨. ભવિષ્યમાં એટલે બગાસું ખાવાની લીલામાં (આ અધ્યાયના અંતે) (લે)

૩. 'સતી' પદ ગયા શ્લોકમાં (શ્લોક ૧૮ માં) છે તેથી. (પ્ર)

૪. મૂલશ્લોકમાં યશોદા 'કામમાં લાગી' એમ સામાન્ય રીતે કામે લાગ્યાનું કહેલું છે, પણ આ કામ ભગવાનના સંબંધનું હતું એમ માનવાનું કારણ (નીચે) જણાવેલું છે. ભગવાનના સંબંધ વિનાનું કામ તે કરે છે, એમ જે ક્ષણે જાણે તે ક્ષણે તેમને ભગવાનનો સંબંધ નહિ રહેવાથી, તેમનો વિયોગ થતાં તેમના પ્રાણ (એક ક્ષણ પણ) રહે નહિ, કારણ આ બાલક ભગવાન્ છે, એવું હમણાં જ તેમને જ્ઞાન થયું છે. (લે)

૫. અહિં જણાવી તેવી યશોદાની ભગવાનમાં આસક્તિ રહે તો તે માતા હોવાથી બીજાનું નહિ માનતાં ભગવાનને ગાયો ચરાવવા જવામાં અથવા રાત્રિની લીલા કરવામાં અટકાવત અને

આનુષંગિક[૬] (ગૌણ)જ્ઞાન છે, તેથી કોઈ પણ પ્રકારની અયોગ્યતા રહેશે નહિ.

અથવા અજ્ઞાનને લીધે (ભાર થવાનું કારણ નહિ જાણવાથી) જગતના પતિ ભગવાનનું ધ્યાન ધરી, ઘરના કામમાં લાગી. આ બે(અર્થ)માં પહેલો કહ્યો તે (અર્થ) વધારે સારો છે. ૧૯.

એ પ્રમાણે માતા યશોદા ત્યાંથી જતાં રહેતાં તૃણાવર્ત ત્યાં આવ્યો, એમ નીચેના શ્લોકમાં કહે છેઃ

**દૈત્યો નામ્ના તૃણાવર્તઃ કંસભૃત્યઃ પ્રણોદિતઃ ।।**
**ચક્રવાતસ્વરૂપેણ જહારાસીનમર્ભકમ્ ।।૨૦।।**

કંસનો ભૃત્ય (તેણે) મોકલેલો તૃણાવર્ત નામનો દૈત્ય ચક્રવાતસ્વરૂપથી બેઠેલા બાલકને લઈ ગયો. ૨૦.

(૧) (તે) દૈત્ય હોવાથી જાતિથી જ ક્રૂર હતો એમ કહેલું છે. (૨) નામથી જ 'તૃણાવર્ત' હતો એવું (તેનું) માહાત્મ્ય તેને અટકાવી નહિ શકાવાનું કારણ હતું. (૩) કંસનો તે ભૃત્ય (નોકર) હતો, તેથી તે અવશ્ય અનિષ્ટ કરનાર હતો એમ જણાવેલું છે. (૪) મોકલેલો એટલે તે જ કંસે તેને ખાસ મોકલ્યો હતો. એ પ્રમાણે ચાર ધર્મોથી તેની મોટાઈ એટલા માટે કહેલી છે કે ભગવાન્ તેનો નાશ કરે એટલે તેમનું માહાત્મ્ય જણાય.

૧.તે દૈત્ય હોવાથી દેવોનો વિરોધી હતો, ૨.તૃણાવર્ત નામથી બહુ બલવાન હતો, ૩.કંસનો નોકર હોવાથી ભગવાનને લઈ જવા એ તેનો ધર્મ હતો અને ૪.કંસની આજ્ઞા પાળવી એ તેથી પણ જરુરી હતું. એ પ્રમાણે સત્ત્વ, રજઃ અને તમઃ એ ત્રણે ગુણો દરેક અને તેઓનો સમૂહ વિરોધી[૧] તરીકે કહેલા છે. તેનો ભગવાન્ તણખલાંની પેઠે નાશ કરશે એટલે તે ચારે પ્રકારના[૨] પુરુષાર્થનો[૩] બાધ

---

આ જ્ઞાન તેમને સદા રહેત તો તેમને લીલાના રસનો અનુભવ ન થાત, એવી શંકા થવાથી કહે છે કે ગોકુલમાં ભગવાન્ સર્વને સુખ આપવા પધારેલા છે, તેથી જેમ સર્વને સુખ થાય તેમ જ કરશે. (યશોદાને મોહ કરશે) તેથી કોઈ પણ પ્રકારની અયોગ્યતા નથી. (ટિ)

૬. આનુષંગિક ફલ સદાનું હોતું નથી(થોડો સમય જ રહે છે), તેથી પણ આ જ્ઞાન લાંબો સમય રહેશે નહિ એવો ભાવ છે. મુખ્ય ફલ તો ભગવાન્ પોતે જ અથવા ભગવાને કરેલો નિરોધ છે. (ટિ)

૧. દૈત્ય હોઈ દેવનો વિરોધી હતો, તેથી તે સત્ત્વનો વિરોધી થયો. રજોગુણના કાર્ય વિશ્વને તૃણપેઠે ભમાવનાર હતો, તેથી રજોગુણનો વિરોધી હતો. કંસનો નોકર હોઈ પોતાના ધર્મમાં રહેલો હતો એમ કહ્યું તેથી તમોગુણનો વિરોધી થયો, અને 'કંસે મોકલેલો' શબ્દથી એ ત્રણેના સમૂહનો વિરોધી કહેલો છે. (લે)

૨. (૧) દૈત્ય (૨) તૃણાવર્ત (૩) કંસનો નોકર અને (૪) કંસે મોકલેલો, એ ચાર પદોથી ચારે પુરુષાર્થનો બાધ કરનારો હતો, એમ સંખ્યા (ચાર પદો હોવા)નું તાત્પર્ય કહેલું છે. (યો,લે)

૩. ચારે પુરુષાર્થનો એટલે ભક્તોના ચારે પુરુષાર્થનો. (પ્ર)

કરનાર હતો એમ કહેલું છે. તેવો (તૃણાવર્ત) સર્વને ઠગવા માટે બનાવટી વેષ ધારણ કરી ભગવાનને લઈ ગયો, એમ 'ચક્રવાત સ્વરૂપથી' શબ્દથી કહેલું છે. ચક્ર (કુંડાળું) જેનું સ્વરૂપ છે તેવો વાત (વાયુ) 'ચક્રવાત' કહેવાય છે. ચક્રવાતમાં જેનું સ્વરૂપ[૪] (દેહ) છે, તે ચક્રવાતસ્વરૂપ. આસપાસ ચક્રવાત (કુંડાળાંના આકારમાં આવતો વાયુ) કરીને, વાયુ આવે છે એવો ભ્રમ ઉત્પન્ન કરીને, તેની (વાયુની) સાથે જ નાના દેહમાં પ્રવેશ કરેલા ભગવાનને નિધિની પેઠે લઈ ગયો.

'(ભગવાન્) મોટા હોય તેમને કેવી રીતે લઈ ગયો ?' એવી શંકા થાય, તેથી 'બાલકને' પદ યોજેલું છે. પોતાના વેગને લીધે ઘણો બલવાળો (તૃણાવર્ત) પોતાના ઉપાસ્ય ભગવાનના બલથી ભગવાનને લઈ ગયો. (ભગવાને પોતાનું) સહજ બલ પ્રકટ કર્યું હોત, તો તે (તેમને) ઉઠાવી જ ન શકત. તેથી જ[૫] ભગવાન્ ક્લેશ વિના કર્મ કરનાર છે. ૨૦.

તે તૃણાવર્ત જેણે માયારૂપ ભગવાનની ઉપાસના કરેલી, તેનું (માયારૂપ) ભગવાને કરેલું માહાત્મ્ય નીચેના શ્લોકથી પાંચ શ્લોકથી કહે છે, કારણ કે તે તેઓની અવિદ્યારૂપ[૧] હતોઃ

**ગોકુલં સર્વમાવૃણ્વન્ મુષ્ણંશ્ચક્ષૂંષિ રેણુભિઃ ।।**
**પૂરયન્ સુમહાઘોર શબ્દેન પ્રદિશો દિશઃ ।।૨૧।।**

બધા ગોકુલને ઢાંકી દેતાં, ચક્ષુઓ ધૂળથી હરી લેતાં, સારી રીતે ઘણો ઘોર થાય તેવી રીતે અવાજથી દશ ઉત્તમ દિશાઓને પૂરી દેતાં (તે બાલકને લઈ ગયો. શ્લો. ૨૦). ૨૧.

**અયોગ્યતા દર્શને હિ હરેશ્ચાદર્શનં તતઃ ।।કા. ૧૫।।**
**સર્વાજ્ઞાનં તતઃ સ્વસ્મિન્ યશોદાસ્નેહ એવ ચ ।।**
**ગોપિકાનાં તથા સ્નેહઃ પઞ્ચપર્વાણિ લૌકિકાત્ ।।કા.૧૬।।**

૧. દર્શનની અયોગ્યતા, ૨. પછી હરિનું અદર્શન, ૩. સર્વનું અજ્ઞાન

---

૪. ચક્રવાત સ્વરૂપથી એટલે ચક્રવાતમાં સ્વરૂપ છે જેના દેહનું તેવા દેહથી. (લે)

૫. તેથી જ એટલે ભગવાને પોતાનું સહજ બલ પ્રકટ કર્યું નહિ તેથી જ. (પ્ર) તેથી જ એટલે બેઠેલા ભગવાનને ઉપાડી ગયો તેથી, એવો અર્થ છે. પહેલો અપરાધ તેણે જ કર્યો એવો ભાવ છે. (લે)

૧. તૃણાવર્તનું માહાત્મ્ય પાંચ શ્લોકોથી કહે છે, તેનું તાત્પર્ય (કારણ) કહેલું છે. તૃણાવર્તે માયારૂપ ભગવાનની ઉપાસના કરેલી, તે માયારૂપ ભગવાન્ તેઓની એટલે ગોકુલવાસીઓની અવિદ્યાનું નિરૂપણ કરનાર થયો, એટલે માયાનું અવિદ્યારૂપ કાર્ય ગોકુલમાં પ્રકટ થયું એવો ભાવ છે. (લે)

અવિદ્યા એટલે પોતે જેની ઉપાસના કરેલી હોય તેવી માયાને (તેના અવિદ્યાના) કાર્ય મારફત પ્રકટ કરે તે અવિદ્યારૂપ તૃણાવર્ત. તેનાં પાંચ કાર્યો નીચેની કારિકામાં કહેલાં છે. (યો)

૪. પછી પોતામાં (ભગવાનમાં) યશોદાનો જ સ્નેહ, ૫. તેવી રીતે ગોપિકાઓનો સ્નેહ, એ સર્વ લૌકિક હોવાથી[૨] એ અવિદ્યાનાં પાંચ પર્વો કહેલાં છે[૩] . કા. ૧૬.

પહેલાં તેણે કરેલું અજ્ઞાન[૪] કહેવાનું છે. (૧) જેનું જ્ઞાન થવાનું છે તે અંશ, (૨) ઇન્દ્રિય અંશ અને (૩) અંતઃકરણ અંશ, એવા જ્ઞાનના ત્રણ અંશો (ભાગ) છે. (એ) ત્રણેને તેણે કરેલ દોષનો સંબંધ થયો એમ (આ શ્લોકમાં) કહે છે. તે ભગવાનને શાંતિથી લઈ ગયો નહિ, પણ બધા ગોકુલને ઢાંકી દેતાં એટલે અંધકારથી ઢાંકી દઈને (લઈ ગયો). આ તમોગુણનું કાર્ય છે. 'ચક્ષુઓ ધૂળથી હરી લેતાં' એમ રજોગુણનું કાર્ય કહે છે. બધાની દૃષ્ટિ ધૂળ વડે હરી લીધી, તે દૃષ્ટિ દેવતા[૫] હોવાથી તેણે લઈ લીધી (એટલે) તે (બધું) જોતો હતો અને તેઓ (ગોકુલવાસીઓ) જોતા (જોઈ શકતા) ન હતા. માત્ર (દૃષ્ટિ) બંધ કરી એટલું જ નહિ પણ અંતઃકરણમાં પણ દુઃખ કરતો હતો એમ ઉત્તરાર્ધથી કહે છે, કે સારી રીતે ઘણો ઘોર થાય તેવી રીતે અવાજથી દશ દિશાઓને પૂરતો હતો. જેમ કોઠારમાં અનાજ ઠાંસી ઠાંસીને પણ ભરવામાં આવે છે તેમ જેવી રીતે બધી દિશાઓમાં ભય ઉત્પન્ન થાય તેવી રીતે (તેણે બધી દિશાઓમાં) અવાજ પૂર્યો. આધિદૈવિક વિગેરે ત્રણેને ભય ઉત્પન્ન થાય તે માટે (સુ+મહા+ઘોરમ્) સારી

---

૨. 'આ કારિકામાં અવિદ્યાનાં પાંચ પર્વ કહેલાં છે, પરંતુ યશોદા અને ગોપીઓના ભગવાન્ માટેના સ્નેહને અવિદ્યાનું પર્વ કહેવું એ યોગ્ય નથી' એવી શંકા થાય, તેથી 'લૌકિક હોવાથી' એમ કહેલ છે. પ્રાકૃત બાલક હોય તો આવા સમયે લોકોને જેવી (તેને માટે) શંકા થાય તેવી શંકા અહિં (ભગવાન્ માટે) પણ કરવી એ યોગ્ય નથી. તેથી આ (શંકા કરવાનો) અંશ લૌકિક છે, તેથી તેને અવિદ્યાનું પર્વ કહેલ છે. (યશોદા તથા ગોપીઓના ભગવાન્ માટેના) સ્નેહને અથવા તેમને થએલ દુઃખને અવિદ્યાનું પર્વ કહેલું નથી, કારણ કે તે અલૌકિક હતાં. ઉપર જણાવેલ શંકાનો ભાગ લૌકિક જાતનો હોવાથી તેને જ અવિદ્યાનું પર્વ કહેલું છે એવો અર્થ છે. (ટિ)

૩. આ કારિકામાં અહિંથી પાંચ શ્લોકમાં કહેલા અર્થ જણાવેલા છે. આ (૨૧મા) શ્લોકમાં હરિનાં દર્શન થવાની અયોગ્યતા કહેલી છે. ૨૨મા શ્લોકમાં હરિનું દર્શન ન થયું એમ કહેલું છે. ૨૩મા શ્લોકમાં પદાર્થમાત્રનું અજ્ઞાન થયું (જણાયા નહિ) એમ કહેલું છે. ૨૪મા શ્લોકમાં ભગવાન્ માટે યશોદાનો સ્નેહ કહેલો છે અને ૨૫મા શ્લોકમાં ગોપીઓનો ભગવાન્ માટેનો સ્નેહ કહેલો છે. આ અવિદ્યાનાં પાંચ પર્વો જાણવાં. છેલ્લાં બે અવિદ્યાનાં પર્વ કેવી રીતે ગણાય છે તે ટિપ્પણીજીમાં કહેલું છે. (કા)

૪. જેનાથી જણાતું નથી તે અજ્ઞાન, એવી વ્યૂત્પત્તિ કરવાથી અજ્ઞાનનો અર્થ 'દર્શનની અયોગ્યતા' થાય છે. (લે)

૫. દૃષ્ટિ દેવતા ન હોય તો અમૂર્ત (આકાર વિનાની) ઇન્દ્રિયનું હરણ સંભવતું નથી. (તેથી તે દેવતા હતી અને તેનું હરણ કર્યું) એવો ભાવ છે. (લે) 'તૃણાવર્તે ઉપાસના કરેલ' શબ્દો દેવતા પહેલાં અધ્યાહાર છે. (પ્ર) પ્રકાશનો અર્થ બરાબર બંધબેસતો જણાતો નથી.

રીતે, બહુ અને ઘોર, એમ ત્રણ પદો યોજેલાં છે. 'પ્રદિશઃ' એટલે ઉત્તમ દિશાઓ દેવોના સંબંધવાળી (હોય છે). આથી એમ કહેલું છે કે દેવોના પક્ષપાતીઓને જ ભય થયો, (પણ) દૈત્યોના પક્ષપાતીઓને ભય થયો નહિ. ૨૧.

પછી નીચેના શ્લોકમાં ભગવાનનું દર્શન થયું નહિ[1] એમ કહે છેઃ

**મુહૂર્તમભવદ્ ગોષ્ઠં રજસા તમસાવૃતમ્ ।।**
**સુતં યશોદા નાપશ્યત્ સ્વયં ન્યસ્તવતી યતઃ ।।૨૨।।**

નેસડો (એક) મુહૂર્ત સુધી ધૂળે કરેલા અંધકારથી છવાઈ ગયો. જ્યાં યશોદાએ પોતે પુત્રને પધરાવ્યા હતા ત્યાં (તેણે તેમને) જોયા નહિ. ૨૨.

'ગોકુલથી બહાર હતા તેઓને ગોકુલનું પણ દર્શન થયું નહિ તો પછી બહિર્મુખ હોય તેઓને ભગવાનનું દર્શન કેમ થાય ?' એમ કહેતાં, દૃષ્ટાંત[2] આપીને (ભગવાનનું દર્શન થયું નહિ એમ) કહે છે. મુહૂર્ત એટલે બે ઘડી (૪૮ મીનીટ), નેસડો એટલે આખુંય ગોકુલ, રજ એટલે ધૂળથી અને તમઃ એટલે તમોરૂપથી, અથવા ધૂળે કરેલ અંધકારથી છવાઈ ગયું. પછી અંદર રહેલ ભગવાનને યશોદાએ પણ જોયા નહિ, અને તેમનામાં પુત્રની બુદ્ધિ (એ મારા પુત્ર છે એવી બુદ્ધિ) થઈ.

'ભગવાનનું દર્શન તો સર્વને દુર્લભ છે. તો પછી યશોદાને (તેમનાં) દર્શન થયાં નહિ એમાં શું આશ્ચર્ય ?' એવી શંકા થાય, તેથી કહે છે કે 'કારણ કે (તેણે) પોતે જ પધરાવ્યા હતા.' ત્યાં (તેણે) પોતે જ ભગવાનને પધરાવ્યા હતા, તેથી પોતે જે રાખેલ હોય તેનું પોતાને દર્શન થાય તે યોગ્ય જ છે; છતાં તેને દર્શન થયાં નહિ એ આશ્ચર્ય છે. અથવા 'યતઃ' સાતમી વિભક્તિના અર્થમાં લેવું. ('જ્યાં' પધરાવ્યા હતા 'ત્યાં' જોયા નહિ, એવો અર્થ એમ કરવાથી થાય). (એ વિષયમાં) ભ્રમ ન હતો (એમ જણાવવા) 'પોતે પધરાવેલા' શબ્દો યોજેલા છે. ૨૨.

જેમ ભગવાનને જાણવામાં આવે ત્યારે સર્વ જણાય છે તેમ ભગવાન્ જોવામાં ન આવતાં બધુંય દેખાતું બંધ થયું, એમ નીચેના શ્લોકમાં કહે છેઃ

**નાપશ્યત્ કશ્ચનાત્માનં પરં ચાપિ વિમોહિતઃ ।।**
**તૃણાવર્તવિસૃષ્ટાભિઃ શર્કરાભિરુપદ્રુતઃ ।।૨૩।।**

---

૧. 'ભગવદ્દર્શનમાહ' એવો પાઠ શાસ્ત્રીજીએ તથા વૃંદાવનપ્રેસે પ્રસિદ્ધ કરેલ બંને ગ્રંથોમાં છે. પણ આ શ્લોકનો અર્થ 'ભગવાનનું અદર્શન છે' શ્લોક ૨૧માં કારિકામાં પાંચ શ્લોકના અર્થ કહ્યા તેમાં પણ આ શ્લોકનો અર્થ 'હરિનું અદર્શન' કહેલું છે. તેથી 'ભગવદદર્શનમાહ' એમ જોઈએ. તેથી તે પ્રમાણે અર્થ કરેલો છે.

૨. આ શ્લોકનો વાક્યાર્થ ભગવાનનું અદર્શન જ છે. તેનો પૂર્વાર્ધ દૃષ્ટાંત માટે જ કહેલો છે. ગોકુલ ધૂળથી થએલા અંધકારથી છવાઈ ગએલું હોવાથી બહારનાઓને તેનું દર્શન થયું નહિ; તેમ યશોદાને પુત્રનું દર્શન થયું નહિ, એમ બિંબપ્રતિબિંબન્યાયથી અલંકારપૂર્વક દૃષ્ટાંત કહેલું છે એવો અર્થ છે. બહિર્મુખપણાને લીધે ધૂળથી દૃષ્ટિ બંધ થઈ એવો ભાવ છે. (લે)

બહુ મોહ પામેલા અને તૃણાવર્તે બહુ ઉડાડેલી કાંકરીઓથી ઘણા પીડાએલા કોઈએ પણ પોતાને અથવા બીજાને જોયા (જોઈ શક્યું) નહિ. ૨૩.

કોઈએ પણ આત્મા એટલે પોતાના દેહને અને પરને એટલે બીજાના દેહને જોયા નહિ. (મૂલશ્લોકમાં) 'ચ' 'અને' શબ્દ છે (તેનો અર્થ એવો છે કે) ઘટ (ઘડો), પટ (વસ્ત્ર) વિગેરે કોઈ પદાર્થોને પણ જોયા નહિ. શબ્દ વિગેરેથી પણ જ્ઞાન થયું નહિ, એમ 'બહુ મોહ પામેલા' શબ્દથી કહેલું છે. વળી 'તૃણાવર્તે બહુ ઉડાડેલી કાંકરીઓથી ઘણા પીડાએલા' શબ્દોથી (તેમને) અજ્ઞાનનું ફલ પણ મળ્યું એમ કહેલું છે. તામસ પીડા એ જ અજ્ઞાનનું ફલ છે. ૨૩.

એ પ્રમાણે અજ્ઞાનનું તેનાં કાર્ય (ફલ) સહિત નિરૂપણ કરી, તે (કાર્ય સહિત અજ્ઞાન) દૂર થાય[1] તે માટે યશોદાના અને ગોપિકાઓના ભગવાન્ માટેના અતિશય પ્રેમનું નીચેના જૂદા છંદવાળા બે શ્લોકોથી નિરૂપણ કરે છેઃ

તેમાં ગોપિકા (યશોદા)નો ભગવાનમાં પુત્ર તરીકે અતિશય પ્રેમ હતો, એ શ્લોક ૨૪માં કહે છેઃ

**ઈતિ ખરપવનચક્રપાંશુવર્ષે સુતપદવીમબલાવિલક્ષ્ય માતા ।।**
**અતિકરુણમનુસ્મરન્ત્યશોચદ્ ભુવિ પતિતામૃતવત્સકા યથા ગૌઃ ।।૨૪।।**

એમ સખત પવનવાળું ચક્ર જેનું છે તેવા તૃણાવર્તે કરેલી ધૂળની વૃષ્ટિમાં અબલા માતાએ પુત્રનો માર્ગ નહિ જોવાથી ઘણી દયાજનક રીતે તેમને સંભારતાં શોક કર્યો અને જેમ મરેલાં વાછરડાંવાળી ગાય પડે તેમ ભૂમિ ઉપર પડી. ૨૪.

એ પ્રમાણે તૃણાવર્તે કરેલ ઉપદ્રવ થયો ત્યારે 'એમ' એટલે એટલું (પાછલા ત્રણ શ્લોકમાં વર્ણવ્યું તેટલું) થયું. જેના ચક્રનો પવન સખત હતો તે ખરપવનચક્ર[2] એટલે તૃણાવર્ત, તેણે કરેલી ધૂળની વૃષ્ટિને લીધે, અહિં તહિં ભટકતાં પણ જેમ વર્ષાઋતુમાં માર્ગો જોવામાં ન આવે તેમ પુત્રનો માર્ગ (પગલાં) નહિ જોવાથી, એટલે ધજા, વજ્ર, અંકુશ તથા કમલનાં ચિહ્નોથી અંકાએલી ભૂમિને નહિ જોવાથી, માતા જે સર્વ પ્રકારે સ્નેહનું સ્થાન છે તેણે, 'ભગવાન્ મને તજીને ક્યાંક જતા રહ્યા' (એમ માની), ભગવાનની પોતાની ઉપર કૃપા ઉત્પન્ન કરવા માટે ઘણી દયા ઉપજે તેવી રીતે તેમને સંભારતાં, 'હું અકૃતાર્થ (અભાગિણી) છું' એમ પોતાની સ્થિતિ વિષે શોક કર્યો. પછી ભગવાનના વિરહથી ભૂમિ ઉપર પડી

૧. યશોદા અને ગોપિકાઓનો ભગવાનમાં ઘણો પ્રેમ છે. તેથી જ્યારે ભગવાન્ તૃણાવર્તને મારીને પાછા પધારશે ત્યારે તેમનું અજ્ઞાન તથા તેનું કાર્ય (ફલ) દૂર થશે, તે દૂર કરવા, એવો અર્થ છે. (લે)

૨. ખર (સખત) પવન છે જેનો, તે ખરપવનવાળું. ખરપવનવાળું ચક્ર છે જેનું, તે 'ખરપવનચક્ર' એટલે તૃણાવર્ત. એ પ્રમાણે બે વાર બહુવ્રીહિસમાસ કરવાનો છે. (લે)

ગઈ, (એટલે) તેની ક્રિયાશક્તિ જતી રહી. 'જેમ મરેલાં વાછરડાંવાળી ગાય (પડે તેમ)' એ દૃષ્ટાંતથી (તેની) જ્ઞાનશક્તિ પણ જતી રહી એમ કહેતાં, તે મૂર્છા પામી એમ કહેલું છે. ગાય અજ્ઞાનવાળું (અજ્ઞાની) પ્રાણી છે, અને તેમાં પણ જ્યારે તેનું વાછરડું જાય ત્યારે (તેનામાં) વિવેકનો ઘણો જ અભાવ (વિવેક મુદ્દલ નહિ) હોવાથી તે મૂર્ચ્છા પામે છે જ. અથવા 'અમૃતવત્સકા' 'જેનું વાછરડું મરેલ નથી' (એવો પાઠ લેવો). જેનું વાછરડું મરી ગએલ હોય તે તો મરેલાં(વાછરડાં)ને સુંઘીને (દુઃખથી) મુક્ત જ થાય છે; (પરંતુ) જેનું વાછરડું ગૂમ થએલ હોય તે જ એવી (મૂર્ચ્છા પામેલી) થાય છે. ૨૪.

એવી રીતે (ગયા શ્લોકમાં) યશોદાના (ભગવાન્ તરફના) ઘણા સ્નેહને લીધે તેની મૂર્ચ્છા સુધી અવસ્થા (થઈ) તેનું નિરૂપણ કર્યું. નીચેના શ્લોકમાં ગોપીઓની (અવસ્થાનું) નિરૂપણ કરે છેઃ

**રુદિતમનુનિશમ્ય તત્ર ગોપ્યો ભૃશમનુતપ્તધિયોऽશ્રુપૂર્ણમુખ્યઃ।।**
**રુરુદુરનુપલભ્ય નન્દસૂનું પવન ઉપારતપાંશુવર્ષવેગે ।।૨૫।।**

ત્યાં રુદન પછી સાંભળીને ઘણી મૂંઝાઈ ગએલી મતિવાળી અને આંસુઓથી ભરાએલ મુખવાળી ગોપીઓ, નંદજીનો પુત્ર નહિ મળતાં રડવા લાગી. ત્યારે જેનો ધૂળના વરસાદનો વેગ બંધ થયો છે તેવો પવન થયો. ૨૫.

'પછી સાંભળીને'નો અર્થ (નીચે પ્રમાણે છે). ગોપીઓ પોતે જ જ્ઞાનવાળી હતી, (તેથી) ભગવાનને (તૃણાવર્ત) લઈ જતો હતો ત્યારે રુદન કરતાં કરતાં, પોતાનું રુદન સાંભળતાં, બીજાનું રુદન પણ (તેમણે) સાંભળ્યું; તેથી 'પછી સાંભળીને' એમ કહેલું છે. 'ત્યાં' એટલે ભગવાનના ઘરમાં, ઘણી મૂંઝાએલી છે મતિ જેઓની (તેવી ગોપીઓ થઈ). 'આપણે ત્યાં ભગવાનને પકડી રાખીને કેમ ન રહ્યાં ?' એવો તેમને ઘણો પશ્ચાત્તાપ થયો અને પોતાની મતિના દોષનું સ્મરણ કરી ઘણી દુઃખી થએલી (તેઓ) આંસુઓ લૂછવા પણ અશક્ત થવાથી આંસુઓથી ભરાએલ મુખવાળી થઈ, એટલે 'જેઓનાં મુખ આંસુઓથી ભરાએલાં હતાં' તેવી થઈ. પછી પોતે ત્યાં ઘરમાં જઈને નંદજીના પુત્ર નહિ મળતાં, (એટલે) રુદનમાં પણ જે લૌકિક દોષ હોય તે મટાડવા (પોતાના) પ્રભુ(રાજા-શેઠ)નો પુત્ર નહિ મળતાં, બધી ભેગી થઈ રડવા લાગી. એવી રીતે રુદન થતાં દેવતા (આંખની કીકી, દૃષ્ટિ) ઢંકાઈ ગઈ, એટલે તે ઢંકાતાં પવન પણ જેનો ધૂળના વરસાદનો વેગ બંધ થયો છે તેવો થયો. ૨૫.

તે (પવન) એવો થયો ત્યારે તૃણાવર્તનો વેગ પણ શાંત થયો, એમ નીચેના શ્લોકમાં કહે છેઃ

**તૃણાવર્તઃ શાન્તરયો વાત્યારૂપધરો હરન્ ।।**

**કૃષ્ણં નભોગતો ગન્તું નાશક્નોદ્ ભૂરિભારભૃત્ ।।૨૬।।**

શાંતવેગવાળા તૃણાવર્તે વાવાઝોડામાં (પોતાનું) રૂપ ધારણ કર્યું અને શ્રીકૃષ્ણને લઈ જતાં આકાશમાં ગએલો તે ઘણો ભાર ઉપાડનાર (ઉપાડેલ) હોવાથી જઈ શક્યો નહિ. ૨૬.

ભગવાન્ તેને પ્રાપ્ત થયા એટલે (તેનું) સામર્થ્ય તેમને લઈ જવામાં જ રોકાએલ હોવાથી પ્રથમ વાવાઝોડામાં તે (પોતાનું) રૂપ ધારણ કરેલ થયો (પોતાનું રૂપ તેણે ધારણ કર્યું,) અને (ભગવાનને) લઈ જતો આકાશમાં ગએલો તે શ્રીકૃષ્ણને લઈને જઈ શક્યો નહિ. દેવતાને (તેના ઉપાસ્ય દેવતાને) લીધે ઊંચે જવાનું જ બલ (તેને પ્રાપ્ત) થયું, પણ આડે (આઘે) જવાનું બલ (તેને પ્રાપ્ત) થયું નહિ, તેનું કારણ 'ઘણો ભાર ઉપાડનાર' શબ્દથી કહેલું છે. પોતાના સામર્થ્યથી પણ વધારે ભાર તેણે ઉપાડેલ હતો (તેથી જઈ શક્યો નહિ). ૨૬.

પછી (લઈ જવાની) શક્તિ નહિ હોવાથી તેણે જે કર્યું તે કહે છેઃ

**તમશ્માનં મન્યમાન આત્મનો ગુરુમત્તયા ।।**
**ગલે ગૃહીત ઉત્સ્રષ્ટું નાશક્નોદદ્ભુતાર્ભકમ્ ।।૨૭।।**

પોતાથી (પોતે ઉપાડી ન શકે તેટલા) ભારવાળા હોવાથી, તેમને પથ્થર માનતાં, ગળે પકડાએલ હોવાથી અદ્ભુત બાલકને મૂકી દઈ શક્યો નહિ. ૨૭.

તેમને એટલે સૂક્ષ્મ (નાના) રૂપવાળા બાલક ભગવાનનો ઘણો ભારવાળો પથ્થરહીરો અથવા નીલમણિ, તે માનવા લાગ્યો. 'પોતાથી ભારવાળા હોવાથી' શબ્દોથી તેનું કારણ કહેલું છે. અતિશય બલવાળા પોતાથી પણ (વધારે) ભારવાળા હોવાથી એટલે અતિશય બલવાળો પોતે પણ ઉપાડી શકે નહિ તેવો ભાર[1] હોવાથી તે તેમને પથ્થર માનવા લાગ્યો. પછી 'મૂકી દઊં' એમ વિચારી, ભગવાને (તેને) ગળેથી પકડેલો હોવાથી મૂકી દઈ પણ શક્યો નહિ.

'હાથો છોડાવી દઈ કેમ મૂકી દીધા નહિ ?' એવી શંકા થાય, તેથી 'અદ્ભુત બાલકને' શબ્દ યોજેલ છે. અદ્ભુત એટલે અલૌકિક. ત્યાગ કરવા જતાં સંબંધ થાય છે, કારણ કે[2] ભગવાનની લીલા વિપરીત છે. 'પ્રાપ્ત કરવા જોઈએ'

૧. 'વસ્તુનું હલકાપણું, કઠણપણું, કોમળપણું, ભારેપણું, ગરમી, ઠંડી' એમ ૨।૧૦।૨૩માં આ શબ્દો ગુણ દર્શાવનાર કહેલા છે. તેથી અહિં પણ 'ગુરુ' 'ભારે' શબ્દ ગુણ દર્શાવનાર છે, તેથી ગુરુમત્તા એટલે ગૌરવ (ભાર) એવો અર્થ છે. (લે)

'ગુરુ' શબ્દ ધર્મ દર્શાવનાર હોવા છતાં ધર્મી માટે પણ વપરાય છે. અહિં ધર્મીથી જૂદો ધર્મ જ તે શબ્દ જણાવે છે, એવા આશયથી 'પોતે લઈ જઈ શકે નહિ તેવો ભાર હોવાથી' એમ કહેલું છે. (પ્ર)

૨. અહિં ભગવાનના અદ્ભુતપણાનું વર્ણન કરે છે. અવતાર સમયે આવું અદ્ભુતપણું ભગવાનમાં હોય છે એમ જાણવું. (લે)

એમ કહેતાં પ્રાપ્ત થતા નથી. 'તજું છું' એમ કહેતાં (તે) તજાતા નથી. ૨૭.

પછી ભગવાને જે કર્યું[1] તે નીચેના શ્લોકમાં કહે છેઃ

**ગલગ્રહણનિશ્ચેષ્ટો દૈત્યો નિર્ગતલોચનઃ ।।**
**અવ્યક્તરાવો ન્યપતત્ સહબાલો વ્યસુર્વ્રજે ।।૨૮।।**

ગળે પકડવાથી ચેષ્ટારહિત થએલા દૈત્યનાં લોચનો નીકળી ગયાં. (અને) (તે) અસ્પષ્ટ અવાજવાળો થઈ પ્રાણરહિત થઈ વ્રજમાં બાલક સાથે પડ્યો. ૨૮.

ઊંચા સ્થાનમાં (આકાશમાં), બાલકનો સ્વભાવ (ગળે બાઝવાનો) જણાવતા હોય તેમ ભગવાને તેનું ગળું પકડ્યું. (પોતાના) પ્રાણવાળા દેહથી જ (તૃણાવર્તે) ભગવાનને છૂટા કરવા જોઈએ[2], પણ તેમના (ભગવાનના) જ પ્રિયપણાનું દેહ વિગેરેમાં સારી રીતે (તૃણાવર્તે) આરોપણ કરેલું હોવાથી, તે (પ્રિયપણું) જ્યાં સુધી (તેમાં) રહે ત્યાં સુધી, જેમ હાથથી પકડી રાખતાં છૂટા પડતા ન હોય તેમ, ભગવાન્ (તેનાથી) છૂટા પડે નહિ. ત્યારે ગળેથી પકડાવાથી તે ચેષ્ટારહિત થયો. 'તે સમયે ભગવાન્ દયાથી તેને મૂકી દેશે' એવી શંકા થાય, તેથી

---

૧. અહિં બધે ઘણા ભાગે આભાસમાં શ્લોકનો ગૌણ અર્થ જ કહેલો છે. (લે)

૨. ભગવાને તૃણાવર્તને ગળેથી કેમ પકડ્યો? એ જાણવાની ઈચ્છા થાય તેથી આ કહેલું છે. ભગવાને આનો, દેહ તથા પ્રાણની સાથે (તે દેહ અને પ્રાણ તજે ત્યારે) ત્યાગ કરવાનો છે, પૂતનાની પેઠે માત્ર દેહથી ત્યાગ કરવાનો નથી (પૂતનાના પ્રાણનું પોતે પાન કરી, પોતામાં રાખેલા હતા). તેવો ત્યાગ તો જ્યારે આ પ્રિયપણાના ધર્મનો ત્યાગ કરે ત્યારે થાય. શ્રીમદ્ભાગવત ૧૦।૨૦।૨૭માં પ્રાણ દેહ વિગેરેમાં ભગવાનના સંબંધથી પ્રિયપણું છે એમ કહેલું છે. તેથી પ્રિયપણું એ ભગવાનનો ધર્મ હોવાથી અને તેનું જ દેહ વિગેરેમાં સમારોપણ કરવામાં આવે છે એમ સિદ્ધ થવાથી, એ ભગવાનનો ધર્મ જ્યાં સુધી દેહ વિગેરેમાં પણ હોય ત્યાં સુધી ભગવાન્ તેને તજે નહિ, તેથી ભગવાને તેને પકડી રાખ્યો એવો અર્થ છે. 'એમ થાય તો બહિર્મુખોને પણ ભગવાનનો સંબંધ થાય' એ ખરું પણ તેથી તેઓની મુક્તિ વિગેરે ન થાય, કારણ કે તેમણે તેનાં સાધન કરેલ નથી અને તેમના ઉપર ભગવાનની કૃપા હોતી નથી. જ્યાં સુધી સાધન અથવા કૃપા ન હોય ત્યાં સુધી, જેમ ભગવાનના વ્યાપકપણાના ધર્મથી થએલ સંબંધ નકામો છે તેમ પ્રિયપણાના ધર્મથી થએલ સંબંધ પણ નકામો છે. (પ્ર)

ભગવાને તેને ગળે પકડ્યો તેની યોગ્યતાનો અહિં વિચાર કરેલો છે. પ્રાણો જેની સાથે છે તેવા (તૃણાવર્તના) દેહે ભગવાનને પોતાથી છૂટા પાડવાના છે, પણ તેવી રીતે ભગવાન્ છૂટા પડતા નથી. તેનું કારણ 'પણ તેમના જ પ્રિયપણાનું... ત્યાં સુધી' શબ્દોથી કહેલું છે. ભગવાનના ધર્મ (ગુણ) પ્રિયપણાનું તેણે (પોતાના) દેહ વિગેરેમાં સમારોપણ કરેલું હોવાથી, તે પ્રિયપણું જ્યાં સુધી દેહ વિગેરેમાં રહે ત્યાં સુધી ભગવાન્ તેનાથી છૂટા પડે નહિ. તેથી ભગવાને તેનું ગળું પકડેલું એવો અર્થ છે. ભગવાનનો (દેહને) સંબંધ ન હોય ત્યારે તેમાં આરોપણ કરેલું પ્રિયપણું જીવમાં રહેલું (જીવનો ધર્મ) હોય છે, પણ જ્યારે ભગવાનનો સંબંધ હોય ત્યારે દેહ વિગેરેમાં આરોપણ કરેલું પ્રિયપણું ભગવાનનો જ ધર્મ હોય છે, કારણ કે ભગવાનનો ધર્મ મોટો છે, એવો ભાવ છે. (લે)

'દૈત્ય' શબ્દ યોજેલો છે. તેથી જ ઘણું (ગળે) દબાવાથી જેનાં લોચનો બહાર નીકળી ગએલાં છે તેવો તે થયો. 'શબ્દથી પણ (ભગવાનને) ભય ઉત્પન્ન કરીશ' એમ વિચારી, તેથી પણ વધારે ગળે (દબાતાં) અસ્પષ્ટ અવાજવાળો (અવાજ કરી ન શકે તેવો) થયો. પછી વિવશ થઈ (મરણ પામી) જેના હૃદય ઉપર બાલક રહેલ છે તેવો જ વ્રજમાં સંપૂર્ણ રીતે પડ્યો; કારણ કે ગોકુલનાં સર્વસ્વને (ભગવાનને) કોઈ બીજે લઈ જવા શક્તિવાળો નથી. સંપૂર્ણ રીતે પડ્યો એટલે આખા શરીરને ભૂમિનો સંબંધ (થયો) એમ કહેલ છે. ૨૮.

પછી માયા જતી રહેતાં તે પડતાં સર્વને દેખાયો, એમ કહે છેઃ

**તમન્તરિક્ષાત્ પતિતં શિલાયાં વિશીર્ણસર્વાવયવં કરાલમ્ ।।**
**પુરં યથા રુદ્રશરેણ વિદ્ધં સ્ત્રિયો રુદંત્યો દદશુઃ સમેતાઃ ।।૨૯।।**

રુદ્રનાં બાણથી વીંધાએલા પુરની પેઠે, જેના સર્વ અવયવોના કટકા થઈ ગએલ છે તેવા ક્રૂર તે(તૃણાવર્ત)ને અંતરિક્ષમાંથી શિલા ઉપર પડેલો રડતી સ્ત્રીઓએ જોયો અને એકઠી થઈ. ૨૯.

અંતરિક્ષમાંથી એટલે દૂર આધાર વગરના આકાશમાંથી પથ્થર ઉપર પડેલો તેને ભગવાનમાં આસક્તિવાળી સ્ત્રીઓએ જોયો એવો સંબંધ છે. વ્રજમાં મોટો પથ્થર છે (હતો), જ્યાં રહી નંદજી સર્વ (ગાયો) દોહવાનું કામ કરે છે (કરતા), તે બ્રહ્મપુત્રી[1] જેવી શિલા (પથ્થર) દૈત્યોનો નાશ કરનારી રહેલી છે. તેથી જ (એ શિલા ઉપર પડવાથી) જેના સર્વ અવયવોના કટકા થઈ ગએલ છે તેવો (તે થયો). મરેલો પણ તે સર્વને ભયંકર હતો તો જીવતાનું તો કહેવું જ શું ? એમ

શ્રીમદ્ભાગવત ૩।૯।૪૨ પ્રમાણે જીવોના આત્મા ભગવાન્ હોવાથી તેમને ખરી રીતે ભગવાન્ પ્રિય છે. તે જે જાણતા નથી તેઓ દેહ વિગેરેમાં આત્મબુદ્ધિ કરીને પ્રિયપણાનું આરોપણ કરે છે. જેમાં પ્રિયપણાનું આરોપણ કરેલું છે તેવા દેહ પ્રાણ વિગેરેનો ત્યાગ કરવાથી ખરી રીતે પ્રિયપણું જેમાં રહેલું છે તેવા ભગવાનનો ત્યાગ થાય છે. જો ખરી રીતે આત્મરૂપ ભગવાનનો ત્યાગ કરવો હોય તો આત્મા તરીકે માનેલા દેહ પ્રાણ વિગેરેનો પણ ત્યાગ કેમ ન કરવો ? એવો ભાવ છે. (તેથી જ્યાં સુધી તૃણાવર્ત તેના દેહ અને પ્રાણનો ત્યાગ ન કરે ત્યાં સુધી તેને નહિ તજવા ભગવાને તેને ગળેથી પકડ્યો). (યો)

૧. બ્રહ્મપુત્રી એટલે રાક્ષસોને હણનારી સરસ્વતીરૂપ ઋક્ એવો અર્થ જણાય છે. (પ્ર) બ્રહ્મપુત્રી જેવી એટલે અહલ્યા જેવી; એવો અર્થ છે. આ માત્ર સ્થિતિ પૂરતું જ (બ્રહ્મપુત્રી પથ્થર થઈ રહેલી તેટલા પૂરતું જ) દૃષ્ટાંત છે; પણ દૈત્યનો નાશ કરવામાં દૃષ્ટાંત નથી, કારણ કે અહલ્યા તેવી ન હતી. (લે) બ્રહ્મપુત્રી જેવી એટલે અહલ્યા જેવી. જેમ અહલ્યા શિલા થઈ રહી હતી, પણ લોકો તેને જાણતા નહિ, અને રામચંદ્રે તેનો ઉદ્ધાર કર્યો તેમ આ શિલાનો પણ ભગવાને ઉદ્ધાર કર્યો. આનું પણ એવું (અહલ્યા જેવું) કાંઈ સ્વરૂપ હોવું જોઈએ. તે માત્ર શિલા હોવી જોઈએ નહિ. પણ કોઈ દૈવી જીવ, યમલાર્જુન શાપથી વૃક્ષ થયા તેમ શિલા થઈ રહેલ અને ભગવાને તેનો ઉદ્ધાર કરેલો. (યો)

(જણાવવા), 'ક્રૂર' શબ્દ યોજેલો છે. 'કરાલઃ' એટલે 'ક્રૂર' શબ્દથી ભગવાને તેને મારવાનું કારણ (કહેલું છે). 'રુદ્રનાં બાણથી વીંધાએલા પુરની પેઠે'નો અર્થ (નીચે પ્રમાણે છે). પુરો સર્વને ઉપદ્રવ કરનારાં હોય છે. તેમનાથી લોકો બહુ પીડાયા હતા. તેથી સર્વ દેવોએ પ્રાર્થના કરવાથી ભગવાને તેને માર્યો. (તેમ) ન કર્યું હોત (તેને માર્યો ન હોત) તો તે અદશ્ય જ રહેત, પણ (વ્રજમાંથી) જાત નહિ. 'રુદ્રનાં બાણથી' શબ્દથી લાચાર થએલાને પણ મારવાનું કારણ કહેલું છે. (રુદ્રનાં બાણથી) પોતે નારાયણે જ (પુર) વીંધેલું; કારણ કે વધની ક્રિયામાં રચ્યા પચ્યા રહેલા દુષ્ટો તરફ દયા (કરવી) યોગ્ય નથી. જેમ બાણથી વીંધાએલું જ ત્રિપુર ચક્કર ચક્કર ફરતું પડે છે તેમ પડેલા તેને (તૃણાવર્તને) રડતી (સ્ત્રીઓએ), રડવાનું ભૂલી જઈ આશ્ચર્યથી જોયો; અને પોતપોતાની જગ્યાએ રહેલી હોવા છતાં તે સમયે એકઠી થઈ. ૨૯.

તેવી સ્ત્રીઓએ જે કર્યું તે નીચેના શ્લોકમાં કહે છે:

**આદાય માત્રે પ્રતિહૃત્ય વિસ્મિતાઃ કૃષ્ણં ચ તસ્યોપરિ લમ્બમાનમ્ ।।**
**તં સ્વસ્તિમન્તં પુરુષાદનીતં વિહાયસા મૃત્યુમુખાત્ પ્રમુક્તમ્ ।।૩૦।।**

તેની ઉપર રહેલા શ્રીકૃષ્ણ જેમને આકાશમાર્ગે રાક્ષસ લઈ ગયો હતો અને જે મૃત્યુના મુખમાંથી છૂટ્યા હતા અને કુશલ હતા તેમને લઈ, માતાને સોંપી (સ્ત્રીઓ) વિસ્મય પામી. ૩૦.

તે(તૃણાવર્ત)ના ઉપર રહેલા ભગવાનને લઈને, માતાને સોંપીને, સ્તનપાન વિગેરેથી સ્વસ્થ જાણીને તેઓ વિસ્મય પામી, એટલે તેઓને ઘણું જ આશ્ચર્ય થયું. સહજ દોષ ઉત્પન્ન કરનાર રાક્ષસનો સ્પર્શ થવા છતાં પણ (ભગવાનને) દોષનો સ્પર્શ થયો નહિ; આવું માત્ર પાપરહિત હોય તેને જ સંભવે, અને ભગવાન્ પાપરહિત હતા એવો (તેઓને ત્યાં સુધી) નિશ્ચય થયો ન હતો, તેથી (તેઓને) વિસ્મય થયો. વળી 'તેના ઉપર રહેલા શ્રીકૃષ્ણ' શબ્દોથી બીજો વિસ્મય થવાનું પણ કારણ કહેલું છે. વાયુ (તૃણાવર્તે વાવાઝોડાનું રૂપ લીધેલું તેથી તેને વાયુ કહેલ છે) હલકો (છે) અને શ્રીકૃષ્ણ ભારે (છે) એવો પહેલાં અનુભવ થએલો. હલકો (પદાર્થ વાયુ) નીચે પડી નાશ પામ્યો અને ભગવાન્ તો તેના ઉપરના ભાગ પર તેને સ્પર્શ કર્યા વિના જ, (તે બે) પાંદડું અને પથ્થર હોય તેમ રહ્યા હતા. પાષાણ પડે છે ત્યારે પાંદડું તેના ઉપર રહેલું ધીરે ધીરે નીચે આવે છે તે પાંદડાની પેઠે (ધીરે ધીરે નીચે આવતા ભગવાનને) મધ્યમાંથી (અદ્ધરથી) જ લઈને (માતાને સોંપ્યા) એવો સંબંધ છે. તેથી (૧) (સ્ત્રીઓ) (ભગવાનને) લઈને જ વિસ્મય પામી. (૨) (માતાને) સોંપીને પણ વિસ્મય પામી અને (૩) (મૂલશ્લોકમાં) 'ચ' 'અને' શબ્દ હોવાથી પડેલા દૈત્યને જોઈને પણ વિસ્મય

પામી; અથવા ભગવાનને ભય વગરના જોઈને વિસ્મય પામી. એ પ્રમાણે (કોઈ) અંદરનો અલૌકિક દોષ નહિ હોવાથી ત્રણ વિસ્મયો કહેલા છે. 'જેમને આકાશમાર્ગે રાક્ષસ લઈ ગયો હતો અને જે મૃત્યુના મુખમાંથી છૂટ્યા હતા' શબ્દોથી (કોઈ) બહારના લૌકિક દોષ નહિ હોવાથી (બીજા) ત્રણ વિસ્મયો કહેલા છે. (૧) 'પુરુષં' પુરુષને જ 'અદન્તિ' ખાઈ જાય તે 'પુરુષાદાઃ' એટલે રાક્ષસો, તેથી (રાક્ષસ લઈ ગએલ હોવાથી) (શરીરના) અવયવોને ઈજા અવશ્ય થાય જ. (૨) (વળી તે) આકાશમાર્ગે (લઈ ગએલો). આકાશમાર્ગે ઊંચે મૂકી દેવામાં આવે તેને પણ ખેદ (દુઃખ) થાય. આ બેમાંથી (રાક્ષસ, અને આકાશમાર્ગમાંથી) (છુટવાનો) બીજી કોઈ રીતે સંભવ ન હતો, કારણ કે એ બંને ચોક્કસ મૃત્યુરૂપ હતા. (૩) છતાં સર્વ રીતે સંબંધ થયો ન હોય તો કદાચ બચી પણ જાય, પરંતુ તેવું ન હતું, એમ 'મૃત્યુના મુખમાંથી છૂટ્યા હતા' શબ્દોથી કહેલું છે. 'મૃત્યુમુખાત્' 'મૃત્યુના મુખમાંથી' એ લ્યબ્‌નો લોપ થતાં પાંચમી વિભક્તિ યોજેલી છે[૧]. (તેનો અર્થ એવો છે કે) મૃત્યુના મુખને પ્રાપ્ત કરી (તેમાં પ્રવેશ કરી), પોતાની ઈચ્છાથી સારી રીતે મૃત્યુને મારી પોતે (તેમાંથી) છૂટ્યા. મૃત્યુ દૈત્યમાં રહેલું હતું અને (મૃત્યુનું) મુખ આકાશમાં રહેલું હતું. એ પ્રમાણે ત્રણે પ્રકારના મૃત્યુમાંથી (ભગવાન્) છૂટ્યા. એ (ત્રણ) લૌકિક આશ્ચર્ય (કહ્યાં). આવા (ભગવાન્) પણ કુશળ હતા એટલે (તેમની) શોભા અથવા હર્ષ કોઈ પણ અંશે ઓછાં થયાં ન હતાં. ૩૦.

એવી રીતે તે(સ્ત્રી)ઓ આશ્ચર્યમાં ગરકાવ થઈ ગઈ હતી એમ કહીને, (તેમને) પ્રપંચનું વિસ્મરણ થતાં ભગવાનમાં (તેઓની) આસક્તિ થવાથી (તેઓએ) પરમાનંદ પ્રાપ્ત કર્યો, એમ નીચેના શ્લોકમાં કહે છેઃ

**ગોપ્યશ્ચ ગોપાઃ કિલ નન્દમુખ્યા લબ્ધ્વાર્ભકં પ્રાપુરતીવ મોદમ્ ।।૩૧।।**

ગોપીઓ અને નંદ જેઓમાં મુખ્ય હતા તેવા ગોપો ખરેખર બાલકને પ્રાપ્ત કરીને ઘણો જ આનંદ પામ્યા. ૩૧.

ગોપીઓએ અને 'ચ' 'અને' શબ્દ હોવાથી બીજી સ્ત્રીઓએ પણ (પરમાનંદ પ્રાપ્ત કર્યો). ગોપો પણ બાલકને પ્રાપ્ત કરીને ઘણો જ આનંદ પામ્યા. તેઓને વિસ્મય (થયાનું) કહેલું નથી, તેથી તેઓને પ્રપંચનું વિસ્મરણ થએલ નહિ હોવાથી તેમને ઘણો જ આનંદ થાય એવું સંભવતું નથી. તેથી 'કિલ' 'ખરેખર'

૧. જ્યારે વાક્યમાં જેનું રૂપ થઈ શકે નહિ તેવા કૃદંતનો અર્થ અધ્યાહાર રહે છે ત્યારે તે કૃદંતનું કર્મ અથવા તે કર્મ જ્યાં થતું હોય તે જગ્યાની પાંચમી વિભક્તિ મૂકવામાં આવે છે. અહિં 'મૃત્યુમુખં (પ્રાપ્ય)' 'પ્રાપ્ય' કૃદંત અધ્યાહાર રાખેલું, તેથી તેનું કર્મ 'મૃત્યુમુખ' પાંચમી વિભક્તિમાં યોજ્યું. તે પાંચમી વિભક્તિ 'લ્યબ્' એટલે રૂપ ન થઈ શકે તેવા કૃદંતનો અર્થ અધ્યાહાર રાખવાથી યોજાએલી છે.

શબ્દથી એમ કહેલું છે કે, (તેમને એવો આનંદ થાય એવી) યુક્તિ (વિચાર, તર્ક) નથી, છતાં પ્રમાણ (જ્ઞાન (અહિં આનંદ) કરાવનારું સાધન, (ભગવાનની પ્રાપ્તિ)) સર્વથી અધિક બલવાળું હોવાથી, તેમને પણ ઘણો આનંદ થયો જ. 'નંદ જેઓમાં મુખ્ય હતા' શબ્દોથી તેમની (તેમને ઘણો આનંદ થાય તે વિષયની) યોગ્યતા કહેલી છે. મુખ્ય (નંદજી)માં પ્રપંચનું વિસ્મરણ સિદ્ધ થએલ હોવાથી, તેઓને પણ પરમાનંદ થાય એ યોગ્ય છે. તેથી 'બાલકને પ્રાપ્ત કરીને, તે અવસ્થા પણ પરમાનંદ ઉત્પન્ન કરનારી હોવાથી તેઓએ ઘણો જ આનંદ એટલે પરમાનંદ પ્રાપ્ત કર્યો' એમ (તેઓને પણ પરમાનંદ થયો એવું) કહેલું છે. ૩૧.

**સમેત્ય ચૈકત્ર કૃતાશિષોમલા વિચારયામાસુરુપાયમત્ર ।।૩૨।।**

જેમણે આશિષો આપેલી છે તેવાં દોષરહિત (તેઓએ) એક સ્થલે ભેગા થઈ આના ઉપાયનો વિચાર કરવા માંડ્યો. ૩૨.

અહિં અર્ધ શ્લોક રહી ગએલ છે. એ(અર્ધ શ્લોક)માં સંબંધ જણાવેલો છે. સર્વ[1] ગોપીઓ જેમાં યશોદા મુખ્ય હતાં, અને સર્વ ગોપો જેમાં નંદજી મુખ્ય હતા તેઓએ એક સ્થલે બેસીને વિચાર કર્યો. એ વિચાર આ પછીના બે શ્લોકોમાં કહેલો છે. 'જેમણે આશિષો આપેલી છે તેવાં દોષરહિત (તેઓએ) એક સ્થલે ભેગા થઈ આના ઉપાયનો વિચાર કરવા માંડ્યો' એવો અર્થ અધુરો રહે છે (તેથી અહિં આ શ્લોકાર્ધ જે ઘણા ગ્રંથોમાં જણાતો નથી તે મૂક્યો છે). ૩૨.

**અહો બતાત્યદ્ભુતમેષ રક્ષસા બાલો નિવૃત્તિં ગમિતોઽભ્યગાત્ પુનઃ ।।**
**હિંસ્રઃ સ્વપાપેન વિહિંસિતઃ ખલઃ સાધુઃ સમત્વેન ભયાદ્ વિમુચ્યતે ।।૩૩।।**

આ બાલકને રાક્ષસ ઘણે(દેખાય નહિ તેટલે) દૂર લઈ ગએલો તે (બાલક) પાછા પધાર્યા, એ અરે ! ઘણું જ અદ્ભુત થયું. ખલ હિંસા કરનારો પોતાના પાપે મૂઓ, અને આ ભલા સમ હોવાથી ભયથી મુક્ત થયા. ૩૩.

ભગવાનને (રાક્ષસ) લઈ ગયો ત્યાંથી આરંભી (તે) કુશલ પાછા પધાર્યા ત્યાં સુધીનું જે કાંઈ કૃત્ય થયું તે બધું આશ્ચર્ય(કારક) થયું. અહિં (તેવું કર્મ થવાની) કાંઈ યોગ્યતા સંભવતી નથી. આશ્ચર્ય પણ લોકમાં પ્રસિદ્ધ થાય છે, જેમકે નટની વિદ્યામાં, માયામાં અથવા સ્વપ્નામાં. તેનાથી પણ આ મોટું આશ્ચર્ય હતું, એમ 'ઘણું જ અદ્ભુત' શબ્દથી કહેલું છે. માયામાં તો માત્ર (અદ્ભુત, ચમત્કાર) દર્શાવવામાં જ આવે છે. અદ્ભુત થએલું તો (ત્યારે કહેવાય કે) જે બીજી ક્ષણે પાછું ન થએલું ન થાય. તેથી પણ વધારે ઘણું જ અદ્ભુત એ, કે જે કોઈ સમયે પણ અને કોઈ સ્થલે પણ થએલું ન હોય. તે પોતાને ઘણું જ અનિષ્ટ

૧. સ્વામિનીઓ સિવાયની સર્વ ગોપીઓ જાણવી; કારણ કે સ્વામિનીઓ ભેગી થઈ એક સ્થળે બેસે, અને તેઓ સર્વજ્ઞ હોવાથી એવો વિચાર કરે એ સંભવતું નથી. (પ્ર)

હતું તેથી તેનું સ્મરણ કરી, ‘અરે !’ (ખેદ દર્શાવનાર શબ્દ) એમ કહે છે. ‘આ’ એમ (બાલકને) ઈજા વિનાના તથા ભય વગરના પ્રત્યક્ષ દર્શાવે છે. તેથી વિપરીત થવાનું (બાલકને ઈજા તથા ભય થવાનું) કારણ ઘણું દઢ[1] હતું એમ હવે કહે છે, કે ક્રૂર રાક્ષસ ઘણા નાના બાલકને અહિંથી ઘણે (ન દેખાઈ શકે તેટલે) દૂર લઈ ગયો, (અને એ પ્રમાણે) બીજાથી લઈ જવાએલા (તે) પોતે પાછા પધાર્યા, એ આશ્ચર્ય છે; કારણ કે તે બાલક છે. (બાલકને ઘણે દૂર બીજો લઈ જાય ત્યાંથી તે પાછો આવી શકે નહિ), તેમાં પણ રાક્ષસ (લઈ ગએલો). ‘નિવૃત્તિ’ (આરામ લેવો, પ્રવૃત્તિથી ઉલટું) શબ્દથી તેમની (બાલકની) ક્રિયા પણ બંધ થઈ હતી એમ સૂચવેલું છે.

‘એમ થયું ત્યારે એ પાછા કેવી રીતે પધાર્યા ?’ એવી શંકા થાય, તેથી ઉત્તરાર્ધ યોજેલો છે. હિંસા કરનારો એટલે હિંસા કરનાર રાક્ષસ પોતાના પાપે જ મૂઓ. તેનામાં (રાક્ષસમાં) બીજાને મારવા માટે મૃત્યુ રહે છે જ, અને તે (મૃત્યુ) પાપની પાછળ પાછળ જ જાય છે. આ (ભગવાનને લઈ ગયો તે) પહેલાં (તૃણાવર્તે) ઘણાના વધ કરેલા હોવાથી, મૃત્યુના આધારરૂપ(મૃત્યુ જેમાં રહેલું છે તે તૃણાવર્ત)માં પણ પાપ હતું. જો મૃત્યુને પાપરહિત વિષય (પુરુષ, જીવ) તરફ યોજવામાં આવે તો તેનું ગ્રહણ કર્યા વિના તે ફરીને પાછું આવે છે અને પોતાના આશ્રય(જેમાં પોતે હતું તે)ને જ પકડે છે. તેથી હિંસા કરનારાની પોતાના પાપે હિંસા થાય છે. વળી મૃત્યુ અત્યંત દુષ્ટ આશ્રયમાં રહેતું નથી, તેથી પણ તેણે તેનું (તૃણાવર્તનું) ભક્ષણ કર્યું, એમ ‘ખલ’ શબ્દથી કહેલું છે. ખલ એટલે નીચ. તેનાથી (વધારે) દુષ્ટ કોઈ જગતમાં હોતો નથી.

વિષયમાં (જેમને પકડવા મૃત્યુને તેણે પ્રેર્યું હતું તે બાલક ભગવાનમાં) પાપ ન હતું, એમ ‘ભલા સમ હોવાથી ભયથી મુક્ત થયા’ શબ્દોથી કહેલું છે. જેનામાં પાપ ન જ હોય તેવું બ્રહ્મ જ છે; તેનાં પણ ઘણાં રૂપો હોય છે. તેમાં પણ જે રૂપ સમ (સર્વને સમાન ગણનારું) હોય છે તે સર્વ દોષ વિનાનું હોય છે, કારણ કે ‘બ્રહ્મ દોષરહિત અને સમ છે’ એવું (શાસ્ત્રનું) વચન છે. જે બધામાં સમદષ્ટિ રાખે છે તેનામાં દોષ નહિ હોવાથી તે મરતો નથી. જે ભલો (સાધુ) હોય છે તે (બધામાં) સમદષ્ટિ રાખનાર જ હોય છે. તેથી આ બાલક પણ સર્વમાં સમદષ્ટિ વાળો સાધુ જ હોવો જોઈએ. તેથી આ ભલા(સાધુ) સમ હોવાથી, આવેલા ભયમાંથી વિશેષ રીતે (ખાસ કરીને) મુક્ત થયા. આટલા(વિચાર)થી કૃત્રિમ (કુદરતી નહિ, પણ સાધનોથી પ્રાપ્ત કરેલું) ભગવાનપણું આનામાં છે એમ તેઓએ જાણ્યું. આવી રીતે જ્ઞાનમાં નિષ્ઠાવાળાં સ્ત્રીપુરુષો એ નિર્ણય કર્યો. ૩૩.

૧. ઘણું દઢ એટલે નિવૃત્તિ સુધી (બાલક ક્રિયારહિત થાય ત્યાં સુધી). (લે)

કર્મમાં જેઓની નિષ્ઠા હતી, તેઓએ કરેલ નિર્ણય કહે છેઃ

**કિં નસ્તપશ્ચીર્ણમધોક્ષજાર્ચનં પૂર્તેષ્ટદત્તમુત ભૂતસૌહૃદમ્ ।।**

**યત્સમ્પરેતઃ પુનરેવ બાલકો દિષ્ટ્યા સ્વબન્ધૂન્ પ્રણયન્નુપસ્થિતઃ ।।૩૪।।**

આપણે શું તપ કરેલું છે, અથવા અધોક્ષજનું (વિષ્ણુનું) પૂજન કરેલું છે, અથવા નવાણ ખોદાવ્યાં, યજ્ઞ કર્યા કે દાન આપેલું છે, અથવા પ્રાણીઓ સાથે મિત્રતા રાખેલ છે, કે જેથી મરણ પામેલ બાલક ફરીથી જ ભાગ્યથી પોતાના બંધુઓને પ્રસિદ્ધ કરતા પાછા આવ્યા. ૩૪.

ગયા ભવમાં આપણે બધાઓએ કાંઈક તપ કરેલું અને તે તપથી આવો નિધિરૂપ બાલક આપણા સ્થાનમાં રહેલો છે; રાજસોનો આવો સિદ્ધાંત હતો. 'વિષ્ણુનું પૂજન કરેલું' શબ્દથી સાત્ત્વિકોનો સિદ્ધાંત કહેલો છે; કારણ કે તપથી અલૌકિક(પદાર્થો)ની પ્રાપ્તિ થતી નથી. આ બાલક લોકથી પર છે તેથી વિષ્ણુની કૃપાથી જ તેમની પ્રાપ્તિ થાય; અને વિષ્ણુની પૂજા કરવામાં આવી હોય તો તે કૃપા કરે. તેમાં પણ જો સાધારણ રૂપથી તેમની પૂજા કરવામાં આવે તો સાધારણ જ ફલ આપે, એમ 'અધોક્ષજ' શબ્દથી કહેલું છે. 'અક્ષજં' ઇન્દ્રિયોથી થએલ જ્ઞાન 'અધઃ' હલકું છે જેનાથી તે 'અધોક્ષજ'. શાસ્ત્રની દૃષ્ટિથી શુદ્ધ કરેલું પૂજન ઇન્દ્રિયોના બલનું કાર્ય નથી (માત્ર ઇન્દ્રિયોથી થતું નથી). 'પૂર્તેષ્ટદત્તમ્' શબ્દથી તામસોનો નિર્ણય કહેલો છે. 'પૂર્તમ્' એટલે ખોદાવેલ નવાણ વિગેરે, 'ઇષ્ટમ્' એટલે યજ્ઞો વિગેરે, 'દત્તમ્' એટલે તુલાપુરુષ(માણસ પોતાને સુવર્ણ, રૂપું વિગેરેથી તોળી તે દાનમાં આપે તે)નું દાન વિગેરે. આ બધા લૌકિક પ્રકારો છે. બહુ બહિર્મુખ હતા તેઓનો આ નિર્ણય થયો. અંતર્મુખ (ભગવાનમાં જેઓનું ચિત્ત હતું તેઓ)નો નિર્ણય 'પ્રાણીઓ સાથે મિત્રતા રાખેલ' શબ્દથી કહે છે. સર્વ પ્રાણીઓમાં ભગવાન્ છે, તેથી તેઓને દાન માન વિગેરે આપીને તેઓની સાથે મિત્રતા કરવી. આવી મિત્રતા એકલી હોય તો તેનો જ્ઞાનમાર્ગમાં સમાવેશ થાય છે, તેથી તેમ ન થાય તે માટે 'ઉત' શબ્દ યોજેલો છે. (આ) પ્રાણીઓ સાથેની મિત્રતા પણ (એવી છે કે), લોકની પેઠે સર્વ કર્મો કરતાં, પહેલાં કહેલાં (નવાણ ખોદાવવાં વિગેરે) કર્મોની સાથે લોકની મિત્રતા પણ કરે છે, તેનું આ ફલ છે, એવો અંતર્મુખવાળા કર્મમાર્ગીઓનો સિદ્ધાંત છે. આવી કલ્પના કરવાનું કારણ ઉત્તરાર્ધમાં કહેલું છે. કર્મમાર્ગવાળા લૌકિક હોવાથી અમંગલ વચન[૧] લોકની વાણી પ્રમાણે નિંદિત નથી. 'ફરીથી' જ એટલે પહેલાંની પેઠે જ. બાલક પણ પોતાના ભાગ્યથી પણ પોતાના ઘરમાં પોતાના બંધુઓને એટલે પોતાના પિતા વિગેરેને સારી રીતે દોરતાં એટલે સર્વ લોકમાં પ્રસિદ્ધ કરતાં જે પાછા આવ્યા (તે ઉપર

૧. 'અમંગલ વચન' એટલે શ્લોકમાં ભગવાન્ વિષે જે અનિષ્ટ વચન કહેલું છે તે.

પૂર્વાર્ધમાં કરેલી કલ્પનાનું કારણ છે). ૩૪.

એ પ્રમાણે સર્વનો નિર્ણય કહ્યો. નંદજીએ તો ઉત્પાતો થવાનું બીજું પણ કારણ[1] જાણ્યું (જે) બીજા કોઈએ જાણ્યું ન હતું, એમ નીચેના શ્લોકમાં નંદજીનું વિશેષ (જ્ઞાન) કહે છેઃ

**દૃષ્ટ્વાદ્ભુતાનિ બહુશો નન્દગોપો બૃહદ્વને ।।**
**વસુદેવવચો ભૂયો માનયામાસ વિસ્મિતઃ ।।૩૫।।**

બૃહદ્‌વનમાં વારંવાર અદ્‌ભુતો (અદ્‌ભુત કર્મ) જોઈને નંદગોપે વસુદેવનું વચન ફરીથી માન્ય કર્યું અને વિસ્મય પામ્યા. ૩૫.

વારંવાર અદ્‌ભુતો જોઈને વસુદેવનું વચન માન્ય કર્યું (પ્રમાણ માન્યું) એવો સંબંધ છે. પૂતના, શકટ (ગાડું) અને તૃણાવર્ત ત્રણ(ના ઉત્પાતો) પ્રસિદ્ધ હતા. બીજા પણ એવા પ્રકારના સેંકડો[2] (ઉત્પાતો) (થતા હતા). તે બધા અદ્‌ભુત હતા એટલે બીજા (અદ્‌ભુતરસ સિવાયના) રસનું વિસ્મરણ કરાવનાર હતા. ‘નંદગોપ’ એ (તેમનું) જ્ઞાન અને ક્રિયા સાથેનું[3] (જણાવનારું) સંપૂર્ણ નામ (કહેલું છે). તેમને (ભગવાનના) પરમ ઐશ્વર્યનું સારી રીતે જ્ઞાન હોવાથી (તેમને) આશ્ચર્ય થતું ન હતું, તેનું કારણ (એ નામથી જણાવેલું છે). બૃહદ્‌વનમાં જ આ (અદ્‌ભુત) થાય છે, તેથી (તેમણે) વસુદેવનું વચન ફરીથી માન્ય કર્યું; કારણ કે તે જ્ઞાનને જ મોટું માનતા હતા પણ ક્રિયાને મોટી માનતા ન હતા. ભવિષ્યમાં થનાર અર્થ (બનાવો) જ તેવા (વસુદેવે કહ્યા હતા તેવા) હોવાથી[4], તે (વસુદેવનું જ્ઞાન) જો અલૌકિક હોય તો તેમાં શું આશ્ચર્ય ? પહેલાં કોઈએ પણ (આ) જાણેલ ન હતું, જ્યોતિઃશાસ્ત્ર વિગેરેમાં પણ પ્રસિદ્ધ નથી, તેથી (માત્ર વસુદેવે જ જાણ્યું તેથી તેમના (વસુદેવના) જ્ઞાનનું જ સ્મરણ કરીને (નંદજી) વિસ્મય પામ્યા. ૩૫.

એ પ્રમાણે (પૂછેલાં) પાંચમાંથી એક ઉપાખ્યાન કહ્યું. બીજું[1] નીચેના શ્લોકથી આરંભી ચાર શ્લોકોથી કહે છેઃ

---

૧. ‘બીજું કારણ’ એટલે ‘કંસની મંત્રણારૂપ કારણ.’ (લે)
૨. કુક્કુટ (કુકડો) વિગેરે અસુરોએ કરેલ ઉત્પાતો બીજા પુરાણોમાં કહેલ છે તે. (પ્ર)
૩. ‘નંદ’ ક્રિયાપદનો અર્થ વૃદ્ધિ કરવી પણ થાય છે. તેથી નંદ એટલે જ્ઞાનની વૃદ્ધિવાળા, અથવા ઘણા જ્ઞાનવાળા. ગોપ એટલે ગાયોનું રક્ષણ કરવાની ક્રિયાવાળા. એમ જ્ઞાન અને ક્રિયા બંને જણાવવા ‘નંદગોપ’ એમ પૂરું નામ કહેલું છે. (પ્ર)
‘નંદ’ શબ્દ સમૃદ્ધિ જણાવે છે. ‘આત્મલાભથી કાંઈ મોટું નથી’ વાક્ય પ્રમાણે આ જ્ઞાનની સમૃદ્ધિ જાણવી. ‘ગોપ’ શબ્દથી ક્રિયા દર્શાવી છે. તેથી જ્ઞાન અને ક્રિયા બંનેવાળું નામ થયું. (લે)
૪. વસુદેવનું જ્ઞાન ઘણું વધારે હતું એમ આથી જણાવેલું છે. (પ્ર)
૧. બીજું-તૃષ્ણાને મટાડનારું (ચરિત્ર). (પ્ર)

**એકદાર્ભકમાદાય સ્વાંકમારોપ્ય ભામિની ।।**
**પ્રસ્નુતં પાયયામાસ સ્તનં સ્નેહપરિપ્લુતા ।।૩૬।।**

એક સમયે ભામિનીએ બાલકને લઈ, પોતાના ખોળામાં બેસાડીને, સ્નેહથી તરબોળ થઈ, પ્રેમથી સ્રવતું સ્તન (ધાવણ) પાવા માંડ્યું. ૩૬.

**ભક્તિર્જ્ઞાનં તથા પૂર્ણં વિસ્મયશ્ચ તતઃ પરમ્ ।।**
**જાતો લૌકિકભાવસ્ય દઢત્વાદિતિ રૂપ્યતે ।।કા. ૧૭।।**

(૧) ભક્તિ, (૨) જ્ઞાન, (૩) પૂર્ણજ્ઞાન અને ત્યાર પછી લૌકિકભાવ દઢ હોવાથી (૪) વિસ્મય થયો, એવું નિરૂપણ કરવામાં આવે છે[૨]. કા. ૧૭.

આરંભમાં સ્વતંત્ર પૂતનાને પૂરી કરી; પછી પરતંત્ર શકટને પણ (પૂરું કર્યું, ભાંગ્યું) અને પછી સર્વને મારનાર તૃણાવર્તને (પૂરો કર્યો), અને (તેઓનો વિનાશ થવાનું) બીજું કાંઈ કારણ દર્શાવ્યું નહિ. આમ હોવા છતાં (બાલક ભગવાન્ આવાને મારી શકે નહિ એવી) અસંભાવના દઢ (ઘણી) હોવાથી, ભગવાનમાં દઢ આસક્તિ થાય નહિ, તેથી અસંભાવના દૂર કરવા માટે ભગવાને પોતાની એટલે ભગવાન(શ્રીકૃષ્ણ)ની જ અંદર તેવું (અસંભાવના મટાડે તેવું) રૂપ દેખાડ્યું.

(ભગવાનની) પોતાની અંદર રહેલા ધર્મનું સારી રીતે જ્ઞાન થાય તેનું કારણ (સાધન) ભક્તિ જ છે, તેથી પ્રથમ આ શ્લોકમાં (યશોદાની) ભક્તિ કહે છે. એક સમયે (જ્યારે) ઘરના કામની ચિંતા ન હતી અને ભગવાનમાં ચિત્ત પરોવાએલું હતું તેવા સમયે, કાલું બોલતા એક વર્ષથી અધિક વયના બાલકને લઈને એટલે રમતા હતા ત્યાંથી બલથી પોતે ઉપાડીને, પોતાના ખોળામાં બેસાડીને એટલે સર્વથી ઉત્તમ આસન આપીને, ભામિનીએ એટલે પરમ સૌભાગ્યવાળી[૩] (યશોદા)એ (બાલક ભગવાનને) સર્વ આભરણોથી શણગારીને (સ્તન પાવા માંડ્યું). ભામિની એટલે બનેવીવાળી. તેથી (એ શબ્દથી) બેનનું પણ સૌભાગ્ય જણાવેલું છે. એવી રીતે પરંપરાથી સૌભાગ્યવાળી અને કર્મને લીધે ઉત્તમ (યશોદાએ), સ્નેહથી તરબોળ થઈને એટલે (શરીરની) અંદર અને બહાર

---

૨. અહિં ચાર શ્લોકના વાક્યાર્થો અનુક્રમે ચાર શબ્દોથી કહેલા છે. આ શ્લોક ૩૬મામાં ભક્તિ, ૩૭મામાં જ્ઞાન, ૩૮મામાં પૂર્ણજ્ઞાન અને ૩૯મામાં વિસ્મય જણાવેલાં છે. (કા)

૩. 'કોપના એ જ ભામિની છે' એવું વાક્ય હોવાથી, જેમને પોતાનો પતિ અધીન છે તેવાં, એવો અર્થ થાય છે. (લે)

૪. 'પત્રં પુષ્પં ફલં તોયં' 'પત્ર પુષ્પ ફલ અથવા જલ જે મને ભક્તિથી આપે છે.' ગીતા ૯।૨૬માં ભગવાન્ ભોગ કરે તેના સંજોગો કહેલા છે, તે ન હોય તો ભગવાન્ ભોગ કરે નહિ. તેથી તે સંજોગો અહિં યશોદામાં કહેલા છે. (પ્ર)

સ્નેહથી વ્યાપ્ત થઈને, જેમની અંદર સ્નેહનું કાર્ય (ધાવણ) ઉત્પન્ન થએલ છે તેવાં થઈને, સારી રીતે સ્રવતું એટલે સ્નેહને લીધે નીકળતું સ્તન (ધાવણ) પાવા માંડ્યું[૪]. 'ભામિની' શબ્દથી સંયમીપણું[૫] દર્શાવેલું છે. 'પ્રસ્નુતમ્'માં 'પ્ર' શબ્દ છે, તે ધાવણ ભક્તિથી આણેલું છે એમ દર્શાવે છે. સ્નેહથી તરબોળ હોવાથી, ભક્તિથી આપે છે એમ કહેલું છે.[૫] (ભગવાનની) અંદર રહેલા બાલકોને અલ્પ (થોડી) તૃપ્તિ થએલી હોવાથી (ભગવાન્) પોતે પાન કરતા નથી[૬]; તેઓને ધાવણની જરુર પણ હોવાથી, બીજાની (યશોદાની) પ્રેરણાથી (ભગવાન્) (સ્તનનું) પાન કરે છે. તેથી જ ભગવાન્ બધા(ધાવણ)નું પાન કરતા નથી, કારણ કે વધારે (ધાવણનું) પાન (ભગવાન્) કરે તો (તેમની) અંદર રહેલા બાલકોને ઉપદ્રવ થાય. તેથી પાન કરાવનાર (યશોદા)ની (પાન કરાવવાની) પ્રવૃત્તિ બંધ રહે તે માટે તેમને ભક્તિ પરાયણ કરીને[૭], પોતાના ધર્મનું દર્શન કરાવ્યું. 'જેઓ મને જેવી રીતે ભજે છે (તેઓને હું તેવી જ રીતે ભજું છું)' એ ન્યાય પ્રમાણે ભક્તિથી નીકળેલા તેના (યશોદાના) ધર્મ(ધાવણ)નું ગ્રહણ કરી, કૃપાથી ફલરૂપ[૮] પોતાનો ધર્મ 'જ્ઞાન' તેને પ્રાપ્ત કરાવે છે. ૩૬.

તેથી ધવરાવવાનો આગ્રહ પડતો મૂકી, આનંદમાં મગ્ન થએલી અને ભગવદ્ધર્મમાં સાવધાન થએલી માતાએ (ભગવાને) દેખાડેલો (તેમનો) ધર્મ જોયો, એમ નીચેના શ્લોકમાં કહે છેઃ

**પીતપ્રાયસ્ય જનની સા તસ્ય રુચિરસ્મિતમ્ ।।**
**મુખં લાલયતી રાજન્ જૃમ્ભતો દદશે ત્વિદમ્ ।।૩૭।।**

હે રાજન્! લગભગ (થોડું ઘણું) ધાવેલા તેમના રુચિર સ્મિતવાળા મુખને લાડ કરતી તે જનનીએ ભગવાને બગાસું ખાતાં તો આ(નીચેના શ્લોકમાં જણાવાશે તે) જોયું. ૩૭.

ભગવાને ધરાઈને ધાવણ પીધું જ નહિ, પણ લગભગ(થોડું ઘણું) ધાવ્યા. એમ કરવાનું[૧] કારણ 'જનની' શબ્દથી કહેલું છે. 'મેં આમને જન્મ આપ્યો

---

૫. જીતેન્દ્રિય હોય તે સ્ત્રીને જ પતિ અધીન રહે છે એવો ભાવ છે. (લે)

૬. અહિં શ્રુતિમાં કહેલા, ભોજન ન કરવાનો અને વૈરાગ્યના ભગવાનના ગુણો કહેલા છે. (પ્ર)

૭. ભક્તિપરાયણ કરીને એટલે શુદ્ધપુષ્ટિ ભક્તિરૂપ મુખારવિંદના દર્શનમાં તત્પર કરીને એવો અર્થ છે. ભગવાન્ એમ ન કરે તો યશોદા આગ્રહથી સ્તનપાન કરાવે અને તેથી બાલકોને ઉપદ્રવ થાય એવો ભાવ છે. (યો)

૮. 'ભક્તિથી મને જાણે છે' વાક્ય પ્રમાણે ભગવાનનો ધર્મ 'જ્ઞાન' એ ભક્તિનું ફલ છે, એવો ભાવ છે. (લે)

૧. એમ કરવાનું એટલે મુખને લાડ કરવાનું, સ્નેહ ઘણો હોવાથી એમ કરતાં હતાં એવો ભાવ

છે' એવી યશોદાની બુદ્ધિ પોતે(ભગવાને)જ ઉત્પન્ન કરેલી, એ ભગવાનનું ચરિત્ર છે. 'તે' એટલે ઉપર (ગયા શ્લોક ૩૬માં) જણાવ્યા પ્રમાણે ભક્તિવાળી. કાર્ય(ફલ, ફલપ્રાપ્તિ)ની દશામાં પણ તેમનો ભાવ સારો હતો એમ જણાવવા, કાર્ય(ફલ, જ્ઞાન પ્રાપ્તિ)ને માટે ભક્તિનું ફરી અનુસંધાન કરેલું છે. તેમનાં એટલે નિરોધ કરવા પધારેલા ભગવાનનાં, જેનું સ્મિત રુચિર છે તેવાં મુખને લાડ કરવા માંડ્યા. (મુખ રુચિર સ્મિતવાળું હોવાથી) મોહસહિત[2] સ્નેહ ઉત્પન્ન કરતું હોવાથી, તેમાં પરમ સૌંદર્યની ભાવના કરી તેવા મુખને લાડ કરતાં હતાં. રાજલીલામાં પણ આનો[3] અનુભવ થએલો છે, તેથી આગળ જે કહેવામાં આવશે તે અપૂર્વ (તદ્દન નવું જ) હોવાથી રાજા પરીક્ષિત્ સાવધાન રહે એમ જણાવવા 'હે રાજન્' એવું સંબોધન કરેલું છે. અગ્નિ અને વાયુ અનુક્રમે જ્ઞાનરૂપ અને ક્રિયારૂપ[4] છે, તેઓને યશોદામાં યોજવા ભગવાને બગાસું ખાધું. તેમ કર્યું (બગાસું ખાધું) ન હોત તો તે યશોદા જોઈ શકત નહિ. યશોદાએ માયિક (માયાથી ઉત્પન્ન થએલું) અથવા (આથી) જૂદું જગત્ ભગવાનના મુખમાં જોયું હશે, એવી કલ્પના ખોટી ઠરાવવા 'તુ' 'તો' શબ્દ યોજેલો છે. આ એટલે જગત્, ભગવાને બગાસું ખાતાં એટલે ભગવાનમાં તેમના મુખ દ્વારા યશોદાએ જોયું. આ (અહિં) માત્ર બ્રહ્માંડનું જ ભગવાને દર્શન કરાવેલું છે. આગળ સારી રીતે અધિકાર પ્રાપ્ત થશે ત્યારે બધાયનું[5] દર્શન થયાનું કહેશે. '' 'સ્વ' શબ્દને લીધે આકાશ ભૂમિ વિગેરેનું સ્થાન બ્રહ્મ છે' એ અધિકરણમાં[6] પ્રપંચનો(જગતનો) જે આધાર હોય તે બ્રહ્મ છે એમ સિદ્ધ કરેલું છે. ન વિચારી શકાય તેવી અનંત શક્તિવાળા(ભગવાન)માં તે સર્વ સંભવે છે[7] એમ(જાણવાથી), આશ્ચર્ય તજી, ચિત્ત ભગવાનને પરાયણ

છે. (પ્ર) એમ કરવાનું એટલે ભગવાન્ થોડું ઘણું ધાવ્યા તેમ કરવાનું.

૨. સ્મિત માયારૂપ હોવાથી મોહ ઉત્પન્ન કરે. (લે)

૩. આનો એટલે મુખને લાડ કરવા વિગેરેનો, અથવા આનો એટલે આ પરીક્ષિતનો. (પ્ર)

૪. તૈત્તિરીયના બીજા અષ્ટકમાં 'ઈન્દ્રે પોતામાંથી શીત અને રૂરુને ઉત્પન્ન કર્યા' શ્રુતિમાં બગાસું અગ્નિ અને વાયુમાંથી ઉત્પન્ન થએલ છે એમ કહેલું છે. શીત અને રૂરુ અનુક્રમે વાયુ અને અગ્નિ છે, એમ વેદભાષ્યમાં જણાવેલું છે. એટલે ભગવાને પોતાના સંબંધી ક્રિયારૂપ વાયુ અને પોતાના સંબંધી જ્ઞાનરૂપ અગ્નિને યશોદામાં મૂક્યા; એટલે પોતાની ક્રિયાશક્તિ અને જ્ઞાનશક્તિ યશોદામાં મૂકી એવો અર્થ છે. (યો)

ઉપર જણાવેલ શ્રુતિ તથા તે ઉપરના ભાષ્ય પ્રમાણે બગાસું અગ્નિ અને વાયુથી ઉત્પન્ન થએલું છે. ભગવાનના ધર્મો અલૌકિક હોવાથી, અહિં અગ્નિ જ્ઞાનશક્તિરૂપ અને વાયુ ક્રિયાશક્તિરૂપ છે, એવો ભાવ છે. (લે)

૫. બધાયનું એટલે બ્રહ્માંડનું અને તે બહારના(પદાર્થો)નું પણ. (પ્ર) ૬. બ્રહ્મસૂત્ર. ૧।૩।૧.

૭-૭. 'અધિકાર સારી રીતે પ્રાપ્ત થતાં બધાયનું દર્શન થયાનું કહેશે' એમ ઉપર કહ્યું, તેનું

(ભગવાનમાં આસક્ત) થાય છે[૭]. ૩૭.

ભ્રમ ન હતો એમ જણાવવા ત્યાં (ભગવાનના મુખમાં) (યશોદાએ) જે જોયું તે, નીચેના શ્લોકમાં ગણાવે છે (કહે છે):

**ખં રોદસી જ્યોતિરનીકમાશાઃ સૂર્યેન્દુવહ્નિશ્વસનામ્બુધીંશ્ચ ।।**
**દ્વીપાન્નગાંસ્તદ્દુહિતૄર્વનાનિ ભૂતાનિ યાનિ સ્થિરજંગમાનિ ।।૩૮।।**

આકાશ, સ્વર્ગ અને પૃથ્વી, જ્યોતિઓનો સમૂહ, દિશાઓ, સૂર્ય, ચંદ્ર, અગ્નિ, વાયુ અને સમુદ્રો, દ્વીપો, પર્વતો, તેમની દિકરીઓ, વનો, અને જે સ્થિર અને જનમ પ્રાણીઓ (છે તે) (જોયું). ૩૮.

આરંભમાં વિસ્તારવાળું આકાશ; પછી રોદસી એટલે સ્વર્ગ અને પૃથ્વી. તે (આકાશ) સ્વર્ગ અને પૃથ્વીનો આધાર[૧] છે. પછી જ્યોતિઓનો સમૂહ એટલે જ્યોતિશ્ચક્ર જે સ્વર્ગ અને પૃથ્વીના આધારવાળું છે. પછી તેમાંથી જ[૨] જૂદી પડેલી દશ દિશાઓ; સૂર્ય, ચંદ્ર અને અગ્નિ એ ત્રણ પ્રકારનું તેજ; વાયુ, સમુદ્રો, ભૂમિ અને આકાશ તો (ઉપર) કહેલાં જ છે. એ પ્રમાણે પાંચ મહાભૂતો કહેવાયાં. ભૂમિના ભાગો દ્વીપ વિગેરે. અલૌકિક[૩] જ્ઞાન થાય તે માટે સાત દ્વીપો, તેમની (દ્વિપોની) હદ બાંધનારા અને તેમની અંદરના (પદાર્થો)નું જ્ઞાન કરાવનારા પર્વતો; તેમની (પર્વતોની) દીકરીઓ એટલે નદીઓ, અને તેમની (પર્વતોની) અંદરના નાના પણ ભાગરૂપ વનો; તેમનાથી પણ નાના (પદાર્થો) જોયા, એમ જણાવવા 'પ્રાણીઓ' કહેલાં છે. જે પ્રાણીઓ પ્રસિદ્ધ છે જેવાં કે કલ્પવૃક્ષો (સ્થાવર પ્રાણી) અથવા જેવાં કે નારદ વિગેરે અથવા બ્રહ્મા વિગેરે (જંગમ). આધાર અને આધેયના ભાવનું (આ બધાના આધાર ભગવાન્ છે અને આ બધાં ભગવાનમાં રહેલ હોવાથી આધેય (ભગવાનના આધારે રહેલાં) છે, એ હકીકતનું) તો તેમને (યશોદાને) ભાન ન થયું[૪]. જગત્ અગ્નિ અને વાયુરૂપ હોવાથી[૪]

---

પ્રયોજન અહિં જણાવેલ છે. (પ્ર)

૧. સ્વર્ગ અને પૃથ્વીનો આધાર આકાશ છે. કારણ કે અવકાશ ન હોય તો તેઓ રહી શકે નહિ, તેથી આકાશ તેઓની સ્થિતિ કરવામાં સહાય કરનાર હોવાથી, તેમનો આધાર છે. (પ્ર)

૨. તેમાંથી જ–જ્યોતિશ્ચક્રમાંથી જ. (પ્ર)

૩. અલૌકિક–આ જન્મમાં કોઈ વખતે નહિ જોએલું. (પ્ર)

૪–૪. ભગવાને બગાસું ખાધા પછી જ યશોદાએ આ બધું જોયું તેનું કારણ આ કહેલ છે. (પ્ર)
પહેલાં (ગયા શ્લોકમાં) યશોદાએ વિશ્વ જોયું તેમાં વાયુ અને અગ્નિરૂપ હેતુ યશોદામાં રહેલ કહેલો, હવે અહિં જગતમાં રહેલ હેતુ કહે છે. 'સોમ અન્ન છે, અગ્નિ અન્ન ખાનાર છે' શ્રુતિ બૃહદારણ્યકમાં છે, ત્યાં આ સ્પષ્ટ (કહેલું) છે. શ્રુતિમાં વૃત્રના બગાસામાંથી અગ્નિ અને સોમ નીકળ્યા એમ કહેલું છે, પણ એ સામર્થ્ય (વૃત્રનું પોતાનું નથી પણ) વૃત્રમાં જેમનો આવેશ થએલ છે તેવા ભગવાનનું જ છે. તેથી જ ત્યાં સ્વરૂપમાંથી જ અગ્નિ અને

(ભગવાને) એકાએક બગાસું ખાધા પછી જ (તેમણે) બધું જોયું. ૩૮.

હજી તેમનો (યશોદાનો) તેવો અધિકાર થએલો નહિ હોવાથી, (તેમનો) અધિકાર થાય તે માટે, (જગત્) દેખાડી, (તેમણે) ચક્ષુઓ બંધ કર્યાં ત્યારે ફરીથી તેને (જગતને) તિરોહિત કરી, ભગવાને તેમને વિસ્મયવાળાં જ કર્યાં [1], એમ નીચેના શ્લોકમાં કહે છેઃ

**સા વીક્ષ્ય વિશ્વં સહસા રાજન્ સંજાતવેપથુઃ ।।**
**સમ્મીલ્ય મૃગશાવાક્ષી નેત્રે આસીત્ સુવિસ્મિતા ।।૩૯।।**

હે રાજન્ ! વિશ્વને એકાએક જોઈને તેમને કંપ થયો; મૃગના બચ્ચાંના જેવા ચક્ષુવાળાં તેમણે ચક્ષુઓ બંધ કર્યાં અને બહુ વિસ્મય પામ્યાં. ૩૯.

તેમણે પહેલાં વિશ્વનું શ્રવણ જ કરેલું, હમણાં તેમણે તે જોયું. એકાએક એટલે ત્યાં જવું [2] વિગેરે (તે જોવાના) કારણો વિના જ તેમણે જોયું. એ બે[3] ભગવાને સંપાદન કરેલાં છે, એમ તે જાણતાં ન હતાં. (આ) તિરોભાવનો પ્રસ્તાવ હોવાથી (હવે જગતનો ભગવાન્ મુખમાંથી તિરોભાવ કરે છે એમ કહેવાનું હોવાથી), 'બગાસું ખાતાં તેમાંથી(વૃત્રમાંથી) અગ્નિ અને સોમ નીકળ્યા' શ્રુતિ [4]

---

સોમ નીકળ્યા એમ કહેલું છે. ભગવાન્ પૂર્ણ હોવાથી અહિં તો અગ્નિ અને સોમરૂપ આખુંય વિશ્વ ભગવાનમાંથી નીકળ્યું એવો ભાવ છે. (લે)

૧. અહિં નીચે પ્રમાણે આશય છે. માતા(યશોદા)ને (ભગવાનમાં) પુત્ર તરીકે જ સ્નેહ હતો. તેવો સ્નેહ લૌકિક જેવો જ કહેવાય; પરંતુ તે સ્નેહ ઘણો જ હતો અને સ્વરૂપને (ભગવાનને) લીધે અલૌકિક (ગણાય). તેથી ભગવાન્ પોતામાં લૌકિકથી જૂદા પ્રકારના ધર્મો દેખાડે તો પ્રથમ સ્નેહને લીધે યશોદાને ઘણો જ ભય થાય; અને તેથી પ્રાણ પણ ન રહે. તેથી ધીરે ધીરે તેવા ધર્મો થોડા થોડા દેખાડવામાં આવે તો ભવિષ્યમાં 'આ તો ભગવાનના સહજ ધર્મો છે' એવું જ્ઞાન થતાં તેમને ધૈર્ય આવે અને તેથી કાંઈ અઘટિત થાય નહિ, પણ હમણાં તેવું જ્ઞાન તેમને નહિ હોવાથી ધૈર્યનો અભાવ એ જ અધિકારનો અભાવ કહેલો છે. તેથી (ભગવાને તેમને જગત્) માત્ર એક ક્ષણ દેખાડી, પછી તિરોહિત કરી, તેમનામાં વિસ્મયરસ ઉત્પન્ન કર્યો એટલે બધું યોગ્ય જ થયું. (ટિ)

૨. ભગવાને પોતાની ક્રિયાશક્તિ યશોદામાં સ્થાપેલી હોવાથી 'તે હાલે છે, તે હાલતું નથી' શ્રુતિમાં જણાવ્યા પ્રમાણે તે તે દ્વીપોમાં તેમને જોવા માટે યશોદાની ગતિ પણ થઈ એવો ભાવ છે. (લે) 'ગમનાદિકારણવ્યતિરેકેણૈવ' શબ્દ શ્રીસુબોધિનીમાં છે. 'વ્યતિરેકેણ' એટલે વિના. તેનો અર્થ, લેખકાર પ્રમાણે અર્થ લેવાથી આવતો નથી. દ્વીપોને જોવા તેમાં ફરવું જોઈએ, છતાં ત્યાં જવું, ફરવું વિગેરેથી તેમનું જ્ઞાન થાય તેવાં કારણો વિના જ, તેવાં કારણો નહિ હોવા છતાં, યશોદાએ તે બધાં જોયાં એવો અર્થ જણાય છે.

૩. બે એટલે (૧) વિશ્વનું દર્શન અને (૨) બગાસું એ બે. (પ્ર) બે એટલે (૧) અગ્નિનું નીકળવું અને (૨) સોમનું નીકળવું એ બે. (લે)

૪. આ શ્રુતિ તૈત્તિરીયના બીજા અષ્ટકમાં અગ્નિષોમીય પુરોડાશના ઉપાખ્યાનમાં છે. તેનો

પ્રમાણે, જગત્ સિદ્ધ જ (તૈયાર બનાવેલું) હોય એમ કહેલું છે. એકાએક એટલે અકસ્માત્. તે (જગત્) જોવાથી સારી રીતે જેમને કંપ થયો છે તેવાં (યશોદા થયાં). તેથી સમીચીન (સારું, સત્ય) જ જગત્ અધિકાર નહિ હોવાથી તેમને ભય ઉત્પન્ન કરનારું થયું. પછી ચક્ષુઓ બંધ કર્યાં, તેનું કારણ સ્વભાવ સર્વથી બલવાન છે એમ દૃષ્ટાંતની પેઠે કહે છે, કે મૃગના બચ્ચાનાં જેવાં ચક્ષુઓ જેમનાં છે તેવાં યશોદા હતાં. મૃગ જ બીકણ હોય છે, તેનાથી પણ તેનું બચ્ચું એટલે બાલક વધારે બીકણ હોય છે. (આમ કહીને યશોદાનાં) ચક્ષુઓ ભગવાનનાં દર્શન કરવાને યોગ્ય છે, એમ જણાવવા તેમનાં ચક્ષુઓનાં સૌંદર્યનું નિરૂપણ કરેલું છે. પછી તેમના અંતઃકરણમાં વિસ્મય જ ઉત્પન્ન થયો, એમ 'બહુ વિસ્મય પામ્યાં' શબ્દોથી કહેલું છે. બહુ જ વિસ્મય પામ્યાં એટલે પહેલાં કાર્યના[5] દર્શનથી (વિસ્મય પામેલાં) તે કરતાં પણ, કારણનું[6] દર્શન થતાં વધારે વિસ્મય થયો એવો અર્થ છે.

**પૂતનાસુપયઃપાતા બાલદુઃખનિવારકઃ ।।**
**પ્રપઞ્ચસ્મૃતિહન્તા ચ ગોકુલે રાજતે હરિઃ ।।કા. ૧૮।।**

પૂતનાના પ્રાણરૂપી ધાવણનું પાન કરનાર, બાલકોના દુઃખને મટાડનાર અને પ્રપંચના સ્મરણનો નાશ કરનાર હરિ ગોકુલમાં વિરાજે છે(શોભે છે).કા.૧૮.

**સ્વાસક્ત્યર્થં શકટભિત્ તૃણાવર્તવિનાશકઃ ।।**
**સામર્થ્યજ્ઞાપનાર્થાય વિશ્વાધારઃ પ્રસીદતુ ।।કા. ૧૯।।**

પોતામાં આસક્તિ (ઉત્પન્ન કરાવવા) માટે ગાડાને ભાંગી નાખનાર, (અને) તૃણાવર્તનો નાશ કરનાર, (પોતાનું) સામર્થ્ય જણાવવા માટે વિશ્વના આધાર થએલા (હરિ) પ્રસન્ન થાઓ. કા. ૧૯.

**ઈતિ શ્રીમદ્વલ્લભદીક્ષિતે રચેલી શ્રીમદ્ભાગવતની સુબોધિનીના દશમસ્કંધના વિવરણમાં બીજા તામસપ્રકરણના પેટા પ્રમેયપ્રકરણમાં યશનું નિરૂપણ કરનાર ત્રીજા અધ્યાયનું એટલે સ્કંધના આરંભથી સાતમા અધ્યાયનું વિવરણ સમાપ્ત.**
**અધ્યાય સાતમો સંપૂર્ણ.**

---

અર્થ નીચે પ્રમાણે છે. 'તેમાંથી એટલે તે વૃત્રમાંથી બગાસું ખાતાં એટલે બગાસાને લીધે પહોળા કરેલા મુખમાંથી અગ્નિ અને સોમ જે પ્રાણ અને અપાનરૂપ છે તે બે દેવો નીકળ્યા.' આવી રીતે બગાસું ખાતાં મુખ પસારવાથી પ્રાણ અને અપાનરૂપ આખુંય જગત્ નીકળ્યું, એમ શ્રુતિમાં કહેલું છે. તેથી ભગવાને અહિં બગાસું અને જગત્ દેખાડવું એ બે સંપાદન કરાવ્યાં છે એવો અર્થ છે. (પ્ર)

૫. કાર્ય એટલે ભગવાન્ ભારે હતા તેવો અનુભવ (તૃણાવર્ત આવવાનો હતો ત્યારે થએલો તે) (પ્ર) ભગવાનમાં સર્વ વિશ્વ હોવાથી તે ભારે હોય જ.

૬. કારણ એટલે જગત્. (પ્ર) ભગવાનમાં ભાર હોવાનું કારણ ભગવાનમાં આખું જગત્ છે તે.

# || અધ્યાય આઠમો ||

**યેનૈવ તુ ચરિત્રેણ સત્ત્વં શુધ્યતિ સર્વથા ||**
**સર્વસ્ય મૂલં તદ્ યસ્માત્ તદષ્ટમ ઉદીર્યતે ||કા. ૧||**

સર્વનું મૂલ સત્ત્વ છે, તેથી જે ચરિત્રથી જ સત્ત્વ સર્વ પ્રકારે શુદ્ધ થાય છે તે ચરિત્ર આઠમા અધ્યાયમાં કહેવામાં આવે છે. કા. ૧.

અહિં આઠમા અધ્યાયની ટીકા કરતાં, પેટા સંગતિરૂપ અવસર સ્પષ્ટ હોવાથી તે નહિ કહેતાં, અધ્યાયના અર્થનું નિરૂપણ કરે છે. ગયા (સાતમા) અધ્યાયમાં ભગવાનની જે લીલા કહી તેથી જ ભગવાનમાં આસક્તિ થાય છે, તો હવે બીજાં ચરિત્ર કહેવાની શી જરુર? એ જાણવાની ઈચ્છા થાય, તેથી બીજાં જે ચરિત્ર કહેવાનાં છે તે કહેવાનું પ્રયોજન અહિં કહે છે. સત્ત્વ એટલે અંતઃકરણ, તે સર્વના નિરોધનું મૂલ છે. અને જે નિરોધ ભગવાને કરેલ અને જે હવે કરવાનો છે, તે બધામાં સહકારી (મદદ કરનાર) છે. તેથી જે ચરિત્રથી સત્ત્વ એટલે અંતઃકરણ સર્વ પ્રકારે શુદ્ધ થાય છે તે ચરિત્ર આઠમા અધ્યાયમાં કહેવામાં આવે છે. સ્કંધના અર્થમાં એ પ્રમાણે આ અધ્યાયનો અર્થ બંધ બેસે છે.

અથવા સત્ત્વ એટલે દેહ, ઈન્દ્રિય, પ્રાણ, અંતઃકરણ અને આત્માનો સમૂહ. જેમ ઘીનું ઠામ ખાલી થએલ હોય તો પણ તેમાંથી ઘીની ગંધ આવે છે તેમ અવિદ્યાનો નાશ થવા છતાં તેનું કાર્ય (પરિણામ) જતું નથી. તેથી તેનો (અવિદ્યાના કાર્યનો) નાશ કરવા આ ચરિત્રો કહેવામાં આવે છે. તેથી એ દેહ વિગેરે પાંચને શુદ્ધ કરી, અવિદ્યાના કાર્યનો નાશ કરવા આ ચરિત્રો કહેવામાં આવે છે; માત્ર એ પાંચને શુદ્ધ કરવા માટે જ કહેવામાં આવતાં નથી. (પ્ર)

સત્ત્વનું શોધન (શુદ્ધ કરવું તે) સર્વ સાધનોના સમૂહનું મૂલ છે. તેથી જે ચરિત્રથી સત્ત્વ શુદ્ધ થાય તે ચરિત્ર આ આઠમા અધ્યાયમાં કહેવામાં આવે છે. (લે)

**નામાન્યગ્રે શોધકાનિ તતો રૂપાણ્યનેકશઃ ||**
**જ્ઞાનં ભક્તિશ્ચ ભાગ્યં ચ પઞ્ચાર્થાઃ સત્ત્વશોધકાઃ ||કા. ૨||**

(૧) પ્રથમ નામો શુદ્ધ કરનારાં છે, પછી (૨) અનેક રીતે રૂપો (શુદ્ધ કરનારાં છે). (૩) જ્ઞાન, (૪) ભક્તિ અને (૫) ભાગ્ય. એ પાંચે પદાર્થો સત્ત્વને શુદ્ધ કરનારા છે. કા. ૨.

આ દેહ વિગેરે પાંચની શુદ્ધિથી અવિદ્યાના કાર્યનો નાશ કરવાનો છે, એમ શુદ્ધ કરનારા પાંચ પદાર્થો કહેલા છે તેથી જણાય છે. તેમાં (૧) નામો ૧૦|૭|૨ પ્રમાણે અંતઃકરણને શુદ્ધ કરનારાં છે. (૨) રૂપો ઈન્દ્રિયોને શુદ્ધ કરનારાં છે; કારણ કે ભગવાનનાં દર્શન વિગેરે થવાથી ઈન્દ્રિયો ભગવાનમાં

આસક્ત થાય છે. (૩) જ્ઞાન દેહનો અધ્યાસ મટાડનાર હોવાથી (દેહને શુદ્ધ કરે છે). (૪) ભક્તિ પોતાના પ્રાણ ઈન્દ્રિયો વિગેરેમાં પ્રિયપણું હોય છે તે પ્રિયપણું માત્ર ભગવાનમાં કરાવતી હોવાથી પ્રાણને શુદ્ધ કરે છે અને (૫) ભાગ્ય પૂર્વ જન્મમાં પ્રાપ્ત કરેલ હોવાથી સર્વનું મૂલ હોઈ આત્માને શુદ્ધ કરે છે. તેવી (ભાગ્ય પ્રાપ્ત કરાવનારી) અહિં ગુરુની કૃપા છે; કારણ કે ગુરુની કૃપા વિના જીવ પર ભગવાનની કૃપા થતી નથી. (પ્ર)

આ અધ્યાયમાં (૧) પ્રથમ ભગવાનનાં નામ કહેવામાં આવે છે. આ નામકરણ પ્રસંગ શ્લોક ૧ થી ૨૧ સુધીથી કહેલો છે. પછી (૨) પછીના દશ (૨૨ થી ૩૧) શ્લોકોથી ભગવાનનાં રૂપોનું નિરૂપણ કરવામાં આવે છે. તેથી ભગવાનનાં નામોથી જેઓનું હૃદય શુદ્ધ થએલું હોય છે તેઓ ભગવાનનાં રૂપનાં દર્શનથી શુદ્ધ થાય છે. રૂપોનું નિરૂપણ કર્યા પછી, (૩) ભગવાને માટી ખાધી, એ પ્રસંગથી જ્ઞાન કહે છે. આ અગીઆર (૩૨ થી ૪૨) શ્લોકથી કહેલું છે, અને એ જ્ઞાનથી સત્ત્વ શુદ્ધ થાય છે. (૪) પછી ત્રણ (૪૩ થી ૪૫) શ્લોકોથી ભક્તિનું નિરૂપણ કરેલું છે. અને પછી (૫) સાત (૪૬ થી ૫૨) શ્લોકોથી નંદજીના ભાગ્ય નું નિરૂપણ કરેલું છે. એ પ્રમાણે આ અધ્યાયનાં પાંચ પેટા-પ્રકરણો કહેલાં છે. આધ્યાત્મિક પક્ષમાં ભગવાનનાં નામ, રૂપ, જ્ઞાન, ભક્તિ અને ભાગ્ય, એ પાંચે સત્ત્વને શુદ્ધ કરનારાં છે. (યો+કા)

**સંસ્કૃતાન્યેવ નામાનિ શોધકાનીતિ સંસ્કૃતિઃ ।।**
**સ્વેચ્છાલીલાવિશિષ્ટંહિ રૂપમાનન્દભાવતઃ ।।કા. ૩।।**

સંસ્કાર કરેલાં નામો જ શુદ્ધ કરનારાં હોય છે, તેથી સંસ્કાર (કરેલો છે). (ભગવાને) પોતાની ઈચ્છાથી કરેલી લીલાવાળું રૂપ જ, આનંદસ્વરૂપ હોવાથી, શુદ્ધ કરનારું હોય છે. કા. ૩.

સત્ત્વનું શોધન (શુદ્ધ કરવું તે) મર્યાદામાર્ગીય છે. તેથી ગુરુના ઉપદેશરૂપ સંસ્કાર કરેલો હોય તેવાં નામો જ સત્ત્વને શુદ્ધ કરનારાં હોય છે. અહિં સુધી (સાતમો અધ્યાય પૂરો થતાં સુધી) ભગવાનનું જવું વિગેરે યશોદા વિગેરેને અધીન જ હતું એમ કહેલું છે. આ અધ્યાયમાં સત્ત્વની શુદ્ધિ કહેવામાં આવે છે. તેમાં ભગવાન્ સ્વતંત્રપણે ભાંખણીઆ ચાલવાની વિગેરે લીલાઓ કરે છે એમ કહેલું છે. તેથી એક પક્ષના દોષને પણ તજવો જોઈએ, એ ન્યાય પ્રમાણે સત્ત્વની શુદ્ધિ થાય ત્યાં સુધી, સ્ત્રીના સંબંધવાળી લીલાવાળાં રૂપની ભાવના કરવી નહિ; પરંતુ માત્ર ભગવાને કરેલી લીલાવાળાં રૂપની જ ભાવના કરવી. સત્ત્વ શુદ્ધ થયા પછી જ સ્ત્રીના સંબંધવાળી લીલાની ભાવના કરવી. એવું તાત્પર્ય જણાવેલું છે, આ જ

આ કારિકાના ઉત્તરાર્ધથી કહેલું છે. બીજાની ઈચ્છાથી નહિ, પણ ભગવાને પોતાની ઈચ્છાથી જે લીલા કરેલી હોય, તે લીલાવાળું રૂપ (સત્ત્વને) શુદ્ધ કરનારું હોય છે એવો સંબંધ છે. આ ભગવાને પોતાની ઈચ્છાથી કરેલી લીલાવાળું રૂપ આનંદસ્વરૂપ હોવાથી પહેલાંના કરતાં એટલે ભગવાને બીજાઓની ઈચ્છાથી કરેલ લીલાવાળા રૂપ કરતાં જૂદા પ્રકારનું છે. (ટિ)

**અન્યેચ્છયા કૃતાન્યત્ર ચરિત્રાણિ તતોऽન્યથા ।।**
**જ્ઞાનં પ્રત્યક્ષતો દૃષ્ટં માહાત્મ્યજ્ઞાનપૂર્વકમ્ ।।કા. ૪।।**

બીજાની ઈચ્છાથી (જે ચરિત્રો) કરેલાં તેથી અહિં (કહેલાં) ચરિત્રો જૂદા પ્રકારનાં છે. (ભગવાનના) માહાત્મ્યનું જ્ઞાન થયા પછીનું (ભગવાનનું) જ્ઞાન (શુદ્ધ કરનારું) પ્રત્યક્ષ જણાએલું છે. કા. ૪.

આ કારિકામાં ગૂઢ અર્થ જણાવેલો છે. ભક્તોને ભગવાનના સંબંધથી જ આનંદ થાય છે, અને ભગવાન્ તો આનંદરૂપ જ છે, તેથી આ અધ્યાયમાં (ભક્તોને) દુઃખ (થયાનું) કહેલું નથી. જ્યારે ભગવાન્ બીજાને અધીન રહીને (બીજાની ઈચ્છાથી) ચરિત્રો કરે છે ત્યારે કોઈ કોઈ સ્થલે (ભક્તોને) દુઃખ (થયાનું) પણ કહેલું છે. તેથી તે ચરિત્રો કરતાં આ અધ્યાયમાં કહેલાં ચરિત્રો જૂદા પ્રકારનાં છે એવો અર્થ છે. (ટિ)

એ પ્રમાણે નામો અને રૂપો સત્ત્વ શુદ્ધ કરનારાં છે એમ જણાવી, કારિકાના ઉત્તરાર્ધમાં જ્ઞાન સત્ત્વ શુદ્ધ કરનારું છે એમ કહે છે. ભગવાનના માહાત્મ્યનું જ્ઞાન થયા પછી, (ભગવાનનું) જ્ઞાન સત્ત્વ શુદ્ધ કરનારું છે એમ પ્રત્યક્ષ જણાએલું છે. (કા)

**સ્નેહશ્ચાલૌકિકે તદ્વદ્ હેતુશ્ચ મહતાં કૃપા ।।**
**પૂર્વસ્મિન્ હૃદયે સિદ્ધે સ્વત એવાગ્રિમં ભવેત્ ।।કા. ૫।।**

તે જ પ્રમાણે અલૌકિક(ભગવાન)માં સ્નેહ (શુદ્ધ કરનાર છે,) અને મોટાઓની કૃપા (આમાં) હેતુ (કારણ) છે. પહેલું હૃદયમાં સિદ્ધ થતાં આગળનું પોતાની મેળે થાય છે. કા. ૫.

ભગવાનના માહાત્મ્યનું જ્ઞાન થયા પછી, અલૌકિક એટલે ભગવાનમાં સ્નેહ થાય, તે તેના જેવો એટલે શુદ્ધ કરનારો છે. આ ચાર(નામો, રૂપો, જ્ઞાન અને ભક્તિ) પ્રાપ્ત થવામાં કારણ મોટાઓની કૃપા છે. આ મોટાઓની કૃપા પરંપરાથી શુદ્ધ કરનારી છે, પણ તે જરુર એવું પરિણામ લાવનારી હોવાથી તેને પણ પાંચમી જણાવેલી છે, એ યુક્તિ જણાવવા કારિકામાં 'ચ' 'અને' શબ્દ યોજેલો છે. આ ચારમાંથી પહેલાંનો પદાર્થ હૃદયમાં સિદ્ધ થતાં, તેના સામર્થ્યથી ત્યાર પછીનો પદાર્થ એની મેળે સિદ્ધ થાય છે, અને તે પ્રાપ્ત કરવા કોઈ સાધનની જરુર પડતી

નથી; એટલે ભગવાનના નામોનું શ્રવણ થતાં તેના સામર્થ્યથી જ ભગવાનના રૂપનાં દર્શન થાય છે, રૂપનાં દર્શન થવાથી તેમનું માહાત્મ્યજ્ઞાન થઈ ભગવાનનું જ્ઞાન થાય છે, ભગવાનનું જ્ઞાન થતાં તેમના માહાત્મ્યજ્ઞાનથી ભક્તિ થાય છે. (લે)

આ પાંચ પદાર્થો પૈકી અનુક્રમે પહેલાંનો પદાર્થ (નામોનું શ્રવણ વિગેરે) સિદ્ધ થતાં, તેની પછીનો પદાર્થ એની મેળે સિદ્ધ થાય છે. (કા)

**તત્રાંગં દ્વિતયં પ્રોક્તં ગુરુર્દુઃસંગવર્જનમ્ ।।કા. ૫।।**

તેનાં બે અંગો કહેલાં છે. (૧) ગુરુ અને (૨) દુઃસંગનો ત્યાગ. કા. ૫।।

ગર્ગાચાર્ય ભગવાનનાં નામો કહે છે તે વૃત્તાંત કંસ જાણે તે ગર્ગાચાર્યને અનિષ્ટ છે એમ (શ્લોક ૮,૯માં) કહેલું છે તેથી, ગર્ગાચાર્યે એકાંતમાં નામ કહેલાં છે તેથી, દુઃસંગનો ત્યાગ પણ નામકરણમાં અંગ ગણેલ છે. (ટિ)

ભગવાનનાં નામો એકાંતમાં કહેલાં છે, તેથી દુઃસંગનો ત્યાગ પણ તેનું અંગ છે એમ સૂચવેલું છે. (કા)

નિરોધમાં[1] ભગવાનમાં આસક્તિ થાય અને સર્વના અંતઃકરણની શુદ્ધિ થાય તે માટે એકવીશ શ્લોકોથી ભગવાનનાં નામ પાડવાનો ઉત્સવ કહે છેઃ

શ્રીશુક કહે છેઃ

**ગર્ગઃ પુરોહિતો રાજન્ યદૂનાં સુમહાતપાઃ ।।**
**વ્રજં જગામ નન્દસ્ય વસુદેવપ્રચોદિતઃ ।।૧।।**

હે રાજન્ ! યદુઓના પુરોહિત ઘણા જ તપસ્વી ગર્ગ વસુદેવે મોકલેલા નંદજીના વ્રજમાં ગયા. ૧.

લાંબા સમયે ઉત્પન્ન (પ્રાપ્ત) થએલ (પુત્ર ભગવાન્) સંસ્કાર વિનાના જ ભલે રહે (એવા વિચારથી નંદજીએ) પોતે નામ પાડ્યાં નહિ, અને ઘણો સમય થઈ ગયો. ભગવાને એવી જ પ્રેરણા કરેલી હોવાથી, (અને) કાલ નિમિત્ત નહિ હોવાથી કાંઈ પણ દોષ થયો નહિ. તે (વૃત્તાંત) જાણીને વસુદેવે પોતાના પુરોહિતને મોકલ્યા, કારણ કે ક્ષત્રિયો પુરોહિત મારફત જ સંસ્કારો કરે છે, અને વસુદેવે પોતાનું (એટલે) આધિદૈવિક વસુદેવનું[2] નંદજીમાં સ્થાપન કર્યું છે; તેથી (નંદજી) બલભદ્રને અને ભગવાનને સરખી રીતે પુત્ર જાણે વિગેરે કરે તેમાં કાંઈ દોષ નથી. વળી પ્રસંગને લીધે ભય મટાડવા[3] માટે (નંદજીને ભગવાન્ વસુદેવના પુત્ર છે એવો) બોધ કરવાની પણ જરુર હતી, (કારણ કે) તેમ ન કરવામાં આવે

૧. નિરોધમાં એટલે નિરોધનું નિરૂપણ કરનાર સ્કંધમાં. (લે)
૨. આધિદૈવિક વસુદેવનું એટલે પોતાના નિગમરૂપ સ્વરૂપનું. (પ્ર)
૩. કંસને (ભગવાન્ ગોકુલમાં છે એવું) જ્ઞાન થએલ હોવાથી થતો ભય મટાડવા, અને પોતે (વસુદેવે) કપટ કરેલું તેનાથી થતો ભય મટાડવા. (પ્ર)

(બોધ કરવામાં ન આવે) તો [4] પ્રાકૃત(પુરુષો)ને 'આ અલૌકિક છે' એવી બુદ્ધિ પણ દુઃખ કરનારી થાય છે. તેથી નામ પાડવાના (સંસ્કારના) કારણરૂપ થએલ ગર્ગ (વ્રજ) ગયા, એમ આ શ્લોકમાં કહે છે. છૂપી રીતે કામ કરવાની (પદ્ધતિ) રાજાઓની જાણીતી છે, એવું જણાવવા 'હે રાજન્!' એવું સંબોધન કરેલું છે. (ગર્ગ) યદુઓના પુરોહિત એટલે (યદુ)વંશના જ પોતે જ હિત કરનાર હતા. આથી (ગર્ગના) અંતઃકરણની શુદ્ધિ કહેલી છે. 'ઘણા જ તપસ્વી' શબ્દથી તે મોટા પ્રભાવવાળા હતા એમ કહેલું છે. ઘણું જ તપ છે જેમનું તે (ઘણા જ તપસ્વી). કાર્ય સિદ્ધ થશે એવું મુહૂર્ત એકાએક જાણી તે નંદજીના વ્રજમાં ગયા. (આ પ્રમાણે) શુકદેવ બીજે સ્થલે રહીને કહે છે (તેથી 'ગયા' કહ્યું છે, અને 'આવ્યા' કહ્યું નથી). પિતાની આજ્ઞા વિના પુત્રનો સંસ્કાર કરવો જોઈએ નહિ, તેથી પિતાની આજ્ઞા હતી એમ જણાવવા 'વસુદેવે મોકલેલા' શબ્દ યોજેલ છે. વસુદેવે સારી રીતે તેમને પ્રેરણા કરેલી (તેથી તે વ્રજ ગયા). ૧.

આવેલા (ગર્ગાચાર્ય)ને આવકાર આપ્યો, તે નીચેના શ્લોકમાં કહે છેઃ

**તં દૃષ્ટ્વા પરમપ્રીતઃ પ્રત્યુત્થાય કૃતાઞ્જલિઃ ।।**
**આનર્ચાધોક્ષજધિયા પ્રણિપાતપુરઃસરમ્ ।।૨।।**

(નંદજીએ) તેમને જોઈને, ઘણા પ્રસન્ન થઈને, ઉભા થઈને બે હાથ જોડીને, પહેલાં પ્રણિપાત કરીને, તેમની વિષ્ણુબુદ્ધિથી પૂજા કરી. ૨.

જેની આકાંક્ષા હતી તે પદાર્થનાં (નામકરણ સંસ્કાર કરનાર પુરોહિતનાં) દર્શનથી (નંદજીને) ઘણી જ પ્રીતિ થઈ. ધર્મમાં નિષ્ઠા (શ્રદ્ધા) છે, એમ જણાવવા (તે) ઉભા થયા. બે હાથ જોડ્યા તેથી નમ્રતા (જણાવી છે). તેથી (તેમનું) અંતઃકરણ શુદ્ધ હતું એમ કહેલું છે. આ અતિથિ છે તેથી એમની ભગવાનની પેઠે પૂજા કરી, એમ '(વિષ્ણુબુદ્ધિથી) પૂજા કરી' શબ્દથી કહેલું છે. અતિથિની અતિથિબુદ્ધિથી પણ પૂજા થાય છે, અને 'ઉત્તમ વિપ્ર આતિથ્યથી....' વાક્ય પ્રમાણે હરિબુદ્ધિથી પણ અતિથિની પૂજા થાય છે. તેથી (હરિબુદ્ધિથી પૂજા કરી એમ) 'વિષ્ણુબુદ્ધિથી' શબ્દથી કહેલું છે. તેમને ચારભુજાવાળા[1] ભગવાન્

૪. 'આ મારા પુત્ર છે' એવું જ્ઞાન નંદજીને ન હોય તો 'આ બાલક અલૌકિક છે' એવી બુદ્ધિથી પણ તેમને દુઃખ થાય તેથી 'આ ભગવાન્ વસુદેવના પુત્ર છે' એમ જાણવા છતાં નંદજી તેમને પોતાનાજ પુત્ર માને, તેમાટે વસુદેવે પોતાના આધિદૈવિક રૂપને તેમનામાં સ્થાપ્યું. (પ્ર)

૧. આ 'અધોક્ષજ(વિષ્ણુ)' પદનું તાત્પર્ય છે. (પ્ર) 'અધોક્ષજ' પદથી ઈન્દ્રિયથી અતીત કહેલા છે. બે ભુજાવાળા પુરુષોત્તમનું ઈન્દ્રિયોથી જ્ઞાન થાય છે, અને તેથી તે અધોક્ષજ છે એવી સર્વની બુદ્ધિ હોતી નથી. તેથી 'અધોક્ષજ' પદથી ચારભુજાવાળા કહેલા છે એવો અર્થ છે. (લે)

જાણી (તેમની) પૂજા કરી. તેમાં પણ 'પહેલાં પ્રણિપાત કરીને' શબ્દથી ભક્તિમાર્ગ પ્રમાણે (પૂજા કરી) એમ કહેલું છે. પ્રણિપાત કરવો એટલે અપરાધ દૂર કરાવવા. તે માત્ર દાસ એટલે નિત્યસેવક હોય તેનામાં જ સંભવે, બીજામાં સંભવે નહિ. તે(પ્રણિપાત)જ જેમ પુરઃસર એટલે પ્રથમ થાય તેમ (કર્યું). ૨.

(નંદજીએ) પ્રાર્થના કહેવા માટે કાંઈક કહ્યું, એમ નીચેના શ્લોકમાં કહે છેઃ

**સૂપવિષ્ટં કૃતાતિથ્યં ગિરા સૂનૃતયા મુનિમ્ ।।**
**નન્દયિત્વાબ્રવીદ્ બ્રહ્મન્ પૂર્ણસ્ય કરવામ કિમ્ ।।૩।।**

સારી રીતે બેઠેલા અને જેમને આતિથ્ય કરેલું છે તેવા મુનિને સૂનૃતા વાણીથી પ્રસન્ન કરીને 'હે બ્રહ્મન્! (આપ) પૂર્ણને અમે શું કરીએ?' એમ કહ્યું. ૩.

સારી રીતે બેઠેલા એટલે જવાનો (મુસાફરીનો) ક્લેશ ન રહેતાં વ્યગ્રપણું તજીને બેઠેલા. 'જેમને અથવા જેમના પ્રતિ આતિથ્ય કરેલું છે' શબ્દથી પોતાનું (નંદજીનું) કૃત્ય કહેલું છે. અતિથિનું હિત[1] ભોજન સુધીનું કર્મ (આતિથ્ય), તે ગૃહસ્થે કરવું જોઈએ. (ગર્ગાચાર્યની) ભક્તિમાર્ગ પ્રમાણે પૂજા કરેલી હોવાથી, તેમનામાં અધિક સ્નેહ ઉત્પન્ન થતાં (નંદજીએ) ગદ્‌ગદ વાણીથી (તેમને નીચે પ્રમાણે) કહ્યું, જેથી તે પોતાનાં બધાંય સામર્થ્યનો (ભગવાનના નામકરણમાં) ઉપયોગ કરે. 'મુનિ' શબ્દ (તેમનામાં) કપટ નથી એમ જણાવવા કહેલો છે. કારણ કે તે સર્વજ્ઞ છે, તે સમયે જ (નંદજીએ પૂજા કરી ત્યારે જ) સર્વ જાણે છે. બીજામાં ભગવદ્‌બુદ્ધિ રાખીને સ્તોત્ર કરવામાં આવે તો તેથી તેનામાં ન હોય તેવા ગુણોનું તેમાં આરોપણ થાય; તેથી તેવું નથી એમ જણાવવા 'મુનિ' કહેલ છે. સૂનૃતા (વાણી)થી એટલે સ્તોત્રથી પ્રસન્ન કરીને એટલે સંતોષ પામેલા છે એમ જાણીને, (નીચે પ્રમાણે) કહ્યું. બ્રાહ્મણને 'બ્રહ્મન્!' એવું સંબોધન (કરવામાં આવે તે) એમ જણાવનારું છે, કે તેનામાં બ્રહ્મત્વ ઘણું ઊંચા પ્રકારનું છે. આ 'બ્રહ્મન્' શબ્દનો અર્થ પરબ્રહ્મ છે, એમ કહેવા '(આપ) પૂર્ણને અમે શું કરીએ ?' એમ કહેલું છે. બ્રહ્મ મોટું હોવાથી તથા પોષણ કરનારું હોવાથી દશે દિશાઓમાં પ્રસરેલું છે. તેવા(બ્રહ્મ થએલા)નો બીજાઓ ઉપકાર કરે તેવું ક્ષેત્ર નહિ હોવાથી, અને બનાવટી (ખોટો) ઉપકાર હલકો (નમાલો) હોવાથી, અને તેમાં પણ તેમના (ગર્ગાચાર્ય) જેવાને (કેવા પ્રકારની પરિચર્યા જોઈશે તેનું) જ્ઞાન નહિ હોવાથી, 'અમે શું કરીએ?' (એમ કહેલું છે). કારણ કે દેહ, ઈન્દ્રિય અને અંતઃકરણ ન્યૂન (અપૂર્ણ, ખામીવાળાં) હોવાથી, તેઓમાં (તેઓના સંબંધમાં) ઉપકાર કરી શકાય; (પણ) જે બ્રહ્મ થએલા છે તેઓને તેમનો (દેહ, ઈન્દ્રિય અથવા અંતઃકરણનો) અધ્યાસ

૧. આ 'આતિથ્ય' પદનો અર્થ છે. અતિથિને હિતરૂપ, તેનાં સંબંધવાળું ભોજન (કરાવવા) સુધીનું કર્મ. (લે)

રહેલ નહિ હોવાથી, તેમના (દેહ, ઈન્દ્રિય અથવા અંતઃકરણના) સંબંધમાં જે (ઉપકાર) કરવામાં આવે તેનું તેઓને (બ્રહ્મ થએલાને) પ્રયોજન હોતું નથી. ૩.

અમારાથી (નંદજીથી) આપનો (ગર્ગાચાર્યનો) કોઈ પણ ઉપકાર કરી શકાય તેવું નથી, એમ એટલાથી (શ્લોક ત્રણમાં જે વચનો કહ્યાં તેથી) કહ્યું. નીચેના શ્લોકમાં, તમે તો કહ્યા વિના જ (ઉપકાર) કરો છો એમ કહે છેઃ

**મહદ્વિચલનં નૃણાં ગૃહિણાં દીનચેતસામ્ ।।**
**નિઃશ્રેયસાય ભગવન્ કલ્પતે નાન્યથા ક્વચિત્ ।।૪।।**

હે ભગવન્! મહાપુરુષોનું ગમન દીન ચિત્તવાળા ઘરબારી માણસોના નિઃશ્રેયસ માટે હોય છે, કોઈવાર બીજી રીતે (બીજા પ્રયોજનથી) હોતું નથી. ૪.

મોટા પુરુષોને (પોતાનું) કાંઈ કાર્ય નહિ હોવાથી, પોતે ક્યાંય જતા નથી. તેવાઓ જો ક્યાંય જાય તો બીજાઓ પર ઉપકાર કરવા જ જાય છે એમ જાણવું. ગમન એટલે પરગામ જવું, નહિ કે સ્નાન વિગેરે માટે જવું. તેમાં બીજાના અર્થનો વિચાર કરતાં એવો નિશ્ચય થાય છે, કે જેના જ ઘેર (તેવાઓ) જાય છે તેઓનું જ કાર્ય તેઓ પાર પાડે છે. તેમ ન હોય તો, ઘરમાં જેઓનું ચિત્ત આસક્ત છે તેવા બંધાએલા અને તેમાં પણ ઘણા દુઃખથી પીડાતા દીન ચિત્તવાળાઓના ઘેર તેઓ ન જાય. તેઓનું (આવાઓના ઘેર જવામાં) મુખ્ય પ્રયોજન તેમનાં દુઃખને દૂર કરવાનું[1] અને પછી (તેમને) પરમાનંદ પ્રાપ્ત કરાવવાનું[1] હોય છે. તેથી નિઃશ્રેયસ માટે જ જાય છે. 'હે ભગવન્' શબ્દ તેવું ફલ આપવાનું (ગર્ગાચાર્યનું) સામર્થ્ય (જણાવે છે). જો કે તેઓ (ઘરબારીઓ) (તેમને આવું ફલ આપવા માટે) પ્રાર્થના કરતા નથી, તો પણ તેઓનું પધારવું જ તે પ્રમાણે કરનારું હોય છે. તેમ ન હોય તો આવાં ફલના (દાનના) ઉદ્દેશ વિના કોઈપણ દેશમાં તેઓને જવાનું બને નહિ. ૪.

એ પ્રમાણે બ્રહ્મ જાણનાર તરીકે અને બીજાઓ ઉપર ઉપકાર કરવો એ જ માત્ર જેમનું કાર્ય છે તેવા તરીકે ગર્ગાચાર્યની સ્તુતિ કરી, તે સર્વજ્ઞ છે એમ જણાવી, બીજાઓ જેઓ બ્રહ્મને જાણતા નથી તેઓ પણ જે રીતે તે સર્વજ્ઞપણું પ્રાપ્ત કરે તેવો ઉપાય આપે કર્યો છે, એવી (નંદજી તેમની) સ્તુતિ કરે છેઃ

**જ્યોતિષામયનં સાક્ષાત્ યત્ તજ્ જ્ઞાનમતીન્દ્રિયમ્ ।।**
**પ્રણીતં ભવતા યેન પુમાન્ વેદ પરાવરમ્ ।।૫।।**

સાક્ષાત્ જ્યોતિઓનું અયન જે અતીન્દ્રિય જ્ઞાન છે તે આપે રચેલું છે. તેનાથી પુરુષ પર અને અવરને જાણે છે. ૫.

આથી એમ જણાવેલું છે કે બીજો જે જૂદા જૂદા પદાર્થ રહિત હોય તે

૧. જૂદા જૂદા મત પ્રમાણે દુઃખનું દૂર થવું, અથવા પરમાનંદની પ્રાપ્તિ, મોક્ષ ગણાય છે. તેથી બંનેને અહિં નિઃશ્રેયસ (મોક્ષ) કહેલાં છે. (લે)

પણ તે તે પદાર્થ કરવાને સમર્થ થાય, અને જે ગ્રહો વિગેરેના બલ વિનાનો હોય તે પણ તેવું બલ ઉત્પન્ન કરી શકે (તેવું શાસ્ત્ર ગર્ગાચાર્યે રચેલું છે). જ્યોતિઓ એટલે સૂર્ય વિગેરેનું અયન એટલે સ્થાન. જે ક્ષણે જે ગ્રહ જે ઠેકાણે હોય, તેનું 'આ આવું છે' તેવું જ્ઞાન જેમાંથી થાય, તે જ્યોતિઓનું અયન[1] એટલે જ્યોતિઃશાસ્ત્ર, (જ્યોતિષામયનમ્' શબ્દમાં) અલુક્ સમાસ છે. અથવા જેમાંથી જ્યોતિઓ સંબંધી અયન એટલે જ્ઞાન થાય છે તે[1] (જ્યોતિઓનું અયન), તે (શાસ્ત્ર)ના પણ સામાન્ય રીતે ગ્રંથ રચનારાઓ બીજાઓ પર આજીવિકા ચલાવનારા સ્હેલાઈથી મળી આવે છે, પરંતુ તમે (ગર્ગાચાર્ય) તો બ્રહ્મા અને સૂર્યની પેઠે (તે શાસ્ત્રના) સાક્ષાત્ રચનારા છો. તેમાં પણ 'જે' એટલે પ્રસિદ્ધ, કોઈપણ વાદી ખોટું ઠરાવી શકે નહિ તેવું જ 'તે' એટલે તમે (ગર્ગાચાર્યે) રચેલું તે (જ્યોતિઃ) શાસ્ત્ર છે. 'જે જાણવાથી આ સર્વ જણાએલું થાય છે' તેવું માત્ર બ્રહ્મસ્વરૂપ જ્ઞાન જ તે છે, અને તે જ્ઞાનરૂપ શાસ્ત્ર અતીન્દ્રિય એટલે ઈન્દ્રિયોથી જાણી ન શકાય તેવું, ગુરુના ઉપદેશ વિના બીજાની બુદ્ધિથી જાણી પણ ન શકાય તેવું છે. આવું શાસ્ત્ર આપે રચેલું છે, જે શાસ્ત્રને લીધે પુરુષ પર એટલે (ભવિષ્યમાં) થવાનું અને અવર એટલે (ભૂતકાલમાં) થઈ ગએલું જાણે છે, અથવા પર એટલે પોતાથી ઉત્તમ પુરુષોત્તમ સુધીના (પદાર્થો) અને અવર એટલે (પોતાથી હલકા) પરમાણુ સુધીના (પદાર્થો) જાણે છે. ૫.

તેથી (ઉત્તમ જ્યોતિઃશાસ્ત્ર રચનાર હોવાથી) આપ સર્વજ્ઞ છો, અને ઉત્તમ બ્રાહ્મણોમાં પણ ઉત્તમ છો, તેથી આપ બે પુત્રોના સંસ્કારો કરવા યોગ્ય છો, એમ શ્લોક ૬ માં કહે છેઃ

**ત્વં હિ બ્રહ્મવિદાં શ્રેષ્ઠઃ સંસ્કારાન્ કર્તુમર્હસિ ।।**
**બાલયોરનયોર્નૃણાં જન્મના બ્રાહ્મણો ગુરુઃ ।।૬।।**

આપ બ્રહ્મ જાણનારાઓમાં શ્રેષ્ઠ હોવાથી, આ બે બાલકોના સંસ્કારો કરવા યોગ્ય છો. બ્રાહ્મણ જન્મથી માણસોના ગુરુ છે. ૬.

બ્રહ્મ જાણે તે જ બ્રાહ્મણ (કહેવાય), કારણ કે તે સર્વજ્ઞ હોય છે. આપ તો બ્રહ્મ જાણનારાઓમાં પણ ઉત્તમ છો, કારણ કે બીજાઓને પણ જ્ઞાન (પ્રાપ્ત) થાય તેવો પ્રયત્ન આપે કરેલ છે. તેથી આ બે બાલકોના સંસ્કારો કરવા આપ યોગ્ય છો. જેમ નામકરણ (નામ પાડવું તે) એક (સંસ્કાર છે), તેમ વિદ્યા અને ભાગ્ય

---

૧-૧. 'જ્યોતિઓનું અયન'ના બે અર્થો કરેલા છે. પહેલા અર્થ પ્રમાણે જેમાંથી જ્યોતિઓનું અયન એટલે સ્થાન જણાય છે તે જ્યોતિઓનું અયન. ગ્રહો ક્યાં છે તે સ્થાનનું જ્ઞાન જેનાથી થાય છે તે જ્યોતિઓનું અયન, આ અર્થ પ્રમાણે થાય છે. બીજા અર્થ પ્રમાણે જ્યોતિઓ સંબંધી અયન એટલે જ્ઞાન જેમાંથી થાય છે તે જ્યોતિઓનું અયન થાય છે. (લે)

જેઓનાં ફલ છે તેવાં બીજાં પણ કર્મો, જેવાં કે જાતેષ્ટિ[1] વિગેરે અથવા ઐન્દ્રાબાર્હસ્પત્ય[2] વિગેરે, તથા બીજાં કર્મો જે પ્રસિદ્ધ છે (પણ) આ સમયમાં લોકમાં કરવામાં આવતાં નથી, તે બધાંને સંસ્કાર તરીકે કહેલાં છે. આ બંને (બાલકો) સંસ્કાર કર્યા વિનાના છે.

'(સંસ્કાર તો) ગુરુ અથવા પુરોહિતે કરવો જોઈએ, હરકોઈ (માણસ) તે કરી શકે નહિ' એવી શંકા થાય, તેથી 'બ્રાહ્મણ જન્મથી ગુરુ છે' એમ કહેલું છે. સર્વ બ્રાહ્મણ માત્ર (બ્રાહ્મણ તરીકે) ઉત્પત્તિ થવાથી જ ગુરુ થાય છે, તેથી આપ પણ ગુરુ છો, તેથી આપે (સંસ્કાર) અવશ્ય કરવો જોઈએ. ૬.

સંસ્કાર કરવાનું કાર્ય ગુપ્ત રીતે કરવાનું છે તેથી, જો સીધું (આ કાર્ય ગુપ્ત રીતે કરવાનું છે) એમ કહેવામાં આવે તો (નંદજી) ગામડીઆ હોવાથી તે માનશે નહિ તેથી, 'જે અમે મોટેથી યજ્ઞથી કરીએ છીએ તે અમારું (કર્મ) અસુરો અને પાપીઓ પ્રાપ્ત કરે છે, તેમ જે ધીરા અવાજે યજ્ઞ કરીએ છીએ તે અમારું (કર્મ) અસુરો તથા પાપીઓ પામતા નથી' શ્રુતિ[1] પ્રમાણે વૈદિક કર્મનું અસુરોને જ્ઞાન થાય તે યોગ્ય નથી તેથી, તેમ છતાં જ્યાં સુધી (નંદજીને) લૌકિક ભય કહેવામાં (દેખાડવામાં) ન આવે ત્યાં સુધી તે (પ્રસિદ્ધ રીતે નામકરણ કરાવતાં) અટકે નહિ તેથી, ગર્ગાચાર્ય નીચેના શ્લોકથી ત્રણ શ્લોકોથી (નંદજીમાં) ભય ઉત્પન્ન કરે છે :

ગર્ગાચાર્ય કહે છેઃ

**યદૂનામહમાચાર્યઃ ખ્યાતશ્ચ ભુવિ સર્વતઃ ।।**
**સુતં મયા સંસ્કૃતં તે મન્યતે દેવકીસુતમ્ ।।૭।।**

હું યદુઓનો આચાર્ય છું અને ભૂતલ ઉપર સર્વ સ્થલે પ્રસિદ્ધ છું. મેં સંસ્કાર કરેલા તમારા પુત્રને (કંસ) દેવકીનો પુત્ર માને છે (માનશે). ૭.

સર્વજ્ઞોની વાણી હદ વિનાની (ગમે તેવો થઈ શકે તેવી) હોય છે. તેઓ બધું સ્પષ્ટ કહે છે અને સ્પષ્ટ નથી પણ કહેતા. (તેથી) તેઓ જે કહે છે તે પણ ન કહેલા જેવું થાય છે. 'દ્રવ્ય અને સંસ્કારનો વિરોધ હોય ત્યારે દ્રવ્ય બલવાન છે' એ ન્યાયે, જો નામકરણ સંસ્કાર મોટેથી (પ્રસિદ્ધ રીતે) કરવામાં આવે તો (તેથી)

૧. 'પુત્ર ઉત્પન્ન થાય ત્યારે બાર કપાલવાળા વૈશ્વાનરને (આહુતિ) આપવી' શ્રુતિમાં આ જાતેષ્ટિ (જન્મ થતાં કરવાનો યજ્ઞ) કરવાનું કહેલું છે, અને 'પુત્રનો જન્મ થતાં આ યજ્ઞ કરવાથી પવિત્ર થાય છે.' વિગેરેમાં તેનું ફલ કહેલું છે. (પ્ર)

૨. 'ઐન્દ્રાબાર્હસ્પત્ય ચરૂનો હોમ કરવો' શ્રુતિમાં આ યજ્ઞ કરવાનું કહેલું છે. તેવાં જ બીજાં કર્મો પણ જાણવાં. (પ્ર)

૧. આ શ્રુતિ બ્રાહ્મણના પ્રથમ અષ્ટકના પાંચમા અધ્યાયના નવમા અનુવાદકમાં છે. (પ્ર) મોટેથી કરેલું કર્મ આસુરી થાય છે, એવો આ શ્રુતિનો અર્થ છે. (લે)

દ્રવ્યનો વિરોધ થાય છે[2]. તેવો વિરોધ થવાનું કારણ કંસ છે અને તેનું (કંસનું) વિરોધનું કારણ થવાનું કારણ દેવકીપુત્ર છે. તેથી હું સંસ્કાર કરીશ તો તેથી 'એ દેવકીપુત્ર છે' એમ પ્રસિદ્ધ થશે, એમ ગર્ગાચાર્ય કહે છે. હું બધાએ યદુઓનો એટલે યદુવંશમાં ઉત્પન્ન થએલાઓનો આચાર્ય એટલે સંસ્કાર કરનારો છું, બીજાઓનો સંસ્કાર કરનારો નથી. તેમાં પણ ભૂતલ ઉપર સર્વ સ્થલે પ્રસિદ્ધ છું, મારા બધાએ ધર્મો સર્વને પ્રસિદ્ધ થએલા છે. તેથી હું અહિં આવ્યો છું તે પણ પ્રસિદ્ધ જ છે.

'(એમ હોય) તો પણ શું?' એવી શંકા થાય, તેથી કહે છે કે મેં સંસ્કાર કરેલા તમારા પુત્રને કંસ દેવકીનો પુત્ર જ માનશે. આ વાત ચોક્કસ છે. ૭.

**કંસઃ પાપમતિઃ સખ્યં તવ ચાનકદુન્દુભેઃ ।।**
**દેવક્યા અષ્ટમો ગર્ભો ન સ્ત્રી ભવિતુમર્હતિ ।।૮।।**

કંસ પાપ બુદ્ધિવાળો છે. તમારે અને વસુદેવને મૈત્રી છે. દેવકીનો આઠમો ગર્ભ સ્ત્રી હોવાનું સંભવતું નથી. ૮.

'યાદવ સિવાય બીજા કોઈનો સંસ્કાર હું (ગર્ગાચાર્ય) નથી કરતો, એમ કંસ ભલે માને; તેમાં શું દોષ?' એવી શંકા થાય, તેથી કહે છે કે કંસ પાપ બુદ્ધિવાળો છે. તે મારનાર[1] (હિંસા કરનારો) છે, તેથી તે ભગવાનને દેવકીના પુત્ર જાણે તેથી અનિષ્ટ થાય.

'દેવકીના પુત્રનો અહિં કયો પ્રસંગ (શું સંબંધ) છે?' એવી શંકા થાય, તેથી કહે છે કે તમારે અને વસુદેવને મૈત્રી છે. તેથી આ આઠમા પુત્રને વસુદેવે મિત્રને ઘેર મૂકેલા છે એમ કંસ માનશે. મૂલ શ્લોકમાં 'ચ' 'અને' શબ્દ છે, તે ચોક્કસ અર્થ[2] જણાવનાર છે. તે (કંસ) પણ દુષ્ટ છે અને તમારી (વસુદેવ સાથે) મૈત્રી છે એટલે તમે બંને સંબંધી છો, એમ જણાવવા બંને માટે છઠ્ઠી વિભક્તિઓ મૂકેલી છે.

'દેવકીનો ગર્ભ સ્ત્રીરૂપ હતો તેને કંસે જોએલ જ છે, તેથી તેને સંદેહ કેમ થાય?' એવી શંકા થાય, તેથી ઉત્તરાર્ધ યોજેલ છે. દેવકીનો આઠમો ગર્ભ પોતાને

---

૨. દ્રવ્ય એટલે પદાર્થ. અહિં પુત્ર(ભગવાન્) દ્રવ્ય છે, તેમના સંસ્કાર કરવાના છે. ગર્ગાચાર્ય સંસ્કાર કરે તો તે યદુઓના જ આચાર્ય હોવાથી, ભગવાન્ યદુકુલના અથવા યાદવ છે અને તેથી નંદજીને ઘેર છૂપાએલ દેવકીના પુત્ર છે એમ કંસ જાણે, અને તેથી તેમનું અનિષ્ટ કરવા પ્રયાસ કરે. તેમને સંસ્કાર પ્રસિદ્ધ રીતે કરવામાં આવે તો આ પ્રમાણે દ્રવ્ય અને સંસ્કારમાં વિરોધ થાય. તેવો વિરોધ હોય ત્યાં દ્રવ્ય બલવાન (વધારે ઉપયોગી) હોવાથી તે સાચવવું, સંસ્કારની દરકાર ન કરવી એ ન્યાય છે. તેથી સંસ્કાર પ્રસિદ્ધ રીતે ન કરવા જોઈએ એમ કહે છે.

૧. આવતા (નવમા) શ્લોકમાં 'મારશે' એમ કહેલું છે, તેનો જ ભાવાર્થ અહિં કહેલ છે. (લે)

૨. ચોક્કસ અર્થ એટલે રોહિણીના પુત્રની ઉત્પત્તિનું તાત્પર્ય. (પ્ર)

(કંસને) મારનારો છે એમ તેણે સાંભળેલ, તે ગર્ભ સ્ત્રી હોવાનું સંભવતું નથી. ૮.

**ઇતિ સઞ્ચિન્તયઞ્છ્રુત્વા દેવકીદારિકાવચઃ ।।**
**અપિ હન્તાગતાશંકસ્તર્હિ તન્નોનયો ભવેત્ ।।૯।।**

એમ વિચારતાં, દેવકીની પુત્રીનું વચન લક્ષમાં લઈને શંકારહિત થઈ જો તે મારશે તો એ આપણને પીડા થશે. ૯.

'(દેવકીનો આઠમો ગર્ભ સ્ત્રી હોવાનું સંભવતું નથી) છતાં તે સ્ત્રી કેમ હતી? એમ વિચારતાં કંસ મારશે' એવો સંબંધ છે. (આ જ દેવકીનો આઠમો ગર્ભ છે એવી) શંકા થવાનું બીજું પણ કારણ છે, એમ 'દેવકીની પુત્રીનું વચન લક્ષમાં લઈને' શબ્દોથી કહેલું છે. દેવકીની પુત્રી એટલે બાળકી, તેનું 'હે મંદ! મને મારવાથી શું ? તને મારનારો ખરેખર જન્મ્યો છે' એવું વચન (લક્ષમાં લેશે). તેથી આ (દેવકીની બાળકીની વાણી) અને આકાશવાણીના એક અર્થનો વિચાર કરતાં એમ સિદ્ધ થશે કે દેવકીના પુત્રને રાત્રે લાવીને વસુદેવે અહિં રાખ્યા અને તારી દીકરીને (તે) ત્યાં લઈ ગયા. મૂલ શ્લોકમાં 'અપિ' શબ્દ છે તે સંભાવના દર્શાવે છે. (એમ કંસ માનશે) ત્યારે 'આ દેવકીના પુત્ર છે' એ વિષયમાં શંકારહિત થઈ જો તે મારશે, અને એમ થશે તો આપણને મોટી પીડા થશે. તેથી એમ સિદ્ધ થાય છે કે તારા પુત્રનો સંસ્કાર પ્રસિદ્ધ રીતે મારે કરવો જોઈએ નહિ. ૯.

નીચેના શ્લોકમાં નંદજી તેનો (કંસને જાણ થાય નહિ તેવી રીતે સંસ્કાર કરવાનો) ઉપાય કહે છેઃ

શ્રીનંદ કહે છે.

**અલક્ષિતોસ્મિન્ રહસિ મામકૈરપિ ગોવ્રજે ।।**
**કુરુ દ્વિજાતિસંસ્કારં સ્વસ્તિવાચનપૂર્વકમ્ ।।૧૦।।**

આ ગાયોના નેસડામાં મારા (ગોપો)થી પણ જણાયા વિના એકાંતમાં સ્વસ્તિવાચન કરીને દ્વિજાતિના સંસ્કાર કરો. ૧૦.

**જ્ઞાપિતં ચ હરેસ્તત્ત્વં સ્નેહાધિક્યાન્ન બુધ્યતે ।।**
**અતો નિરોધઃ કર્તવ્યઃ શાસ્ત્રં તત્રાપ્રયોજકમ્ ।।કા. ૬।।**

હરિનું તત્ત્વ જણાવવામાં આવેલું[1] પણ અધિક સ્નેહને લીધે જાણવામાં આવતું નથી. તેથી[2] નિરોધ કરવો જોઈએ. તેમાં શાસ્ત્ર[3] નિરર્થક છે. કા. ૬।।

આ નેસડો જે છૂપું સ્થાન છે તેમાં મારા (ગોપો)થી પણ જણાયા વિના,

૧. જણાવવામાં આવેલું એટલે પાછલ સાતમા શ્લોકમાં 'હું યદુઓનો આચાર્ય છું' વિગેરેથી 'આ દેવકીના પુત્ર છે' એમ જણાવવામાં આવેલું. (કા)

૨. તેથી એટલે નંદજી નિરોધના અધિકારી છે તેથી. (કા)

૩. શાસ્ત્ર એટલે જ્ઞાન. જ્ઞાન નિરોધથી નિર્બલ હોવાથી નિરર્થક છે. (કા)

એટલે તેઓ અનુમાનથી પણ તમને જાણી શકે નહિ તેવી રીતે, દ્વિજાતિના સંસ્કાર કરો. આથી એમ જણાય છે, કે આ (બધી નંદજી અને ગર્ગાચાર્ય વચ્ચેની) વાર્તા (વાતચિત) પણ એકાંતમાં જ કરવામાં આવી હતી. શહેરીઓ પેઠે ગાયોના નેસડામાં કોઈ હુશીઆર (માણસ) હોતો નથી. બુદ્ધિમાં બળદોના સરખા જ (ત્યાં હોવાનું) સંભવે છે. મારા (ગોપો)નું સ્વરૂપ હું જાણું છું, તેથી તેઓ ન જાણે એમ (નામકરણ) કરવાનું છે. આથી બીજાઓનું (બીજાઓ ન જાણે તેમ કરવાનું છે એ) કહેવાઈ ગયું. દ્વિજાતિઓના સંસ્કાર મંત્રોથી કરવામાં આવે છે, બીજાઓના મંત્ર વિના[૪] કરવામાં આવે છે. તેથી (આ બાલકોનો સંસ્કાર) મંત્રના પ્રધાનપણાથી જ કરવાનો છે, ઉત્સવના પ્રધાનપણાથી કરવાનો નથી, એમ 'દ્વિજાતિના સંસ્કાર' શબ્દથી કહેલું છે. મંગલ જરુરી છે એમ વિચારી, મંગલ પણ વૈદિક જ કરવાનું છે, એમ 'સ્વસ્તિવાચન કરીને' શબ્દથી કહે છે.

સ્વસ્તિવાચન એટલે આ મંગલ દિવસ છે એવા મંત્ર કહેવા. ૧.મંગલ દિવસ, ૨.સ્વસ્તિ(ક્ષેમકુશલતા) અને ૩.ઋદ્ધિ(આબાદી), એ ત્રણે ત્રણત્રણવાર કહેવામાં આવે તે સ્વસ્તિવાચન. તે (સ્વસ્તિવાચન) સર્વ કર્મોમાં જરુરી છે. ૧૦.

આ પ્રમાણે (નંદજીએ) કહ્યું એટલે પોતાનું ઈચ્છેલું (કાર્ય) સિદ્ધ થયું. તેથી (ગર્ગાચાર્યે) તે (નામકરણ) કર્યું એમ નીચેના શ્લોકમાં કહે છેઃ

શ્રીશુક કહે છેઃ

**એવં સમ્પ્રાર્થિતો વિપ્રઃ સ્વચિકીર્ષિતમેવ તત્ ।।**
**ચકાર નામકરણં ગૂઢો રહસિ બાલયોઃ ।।૧૧।।**

એ પ્રમાણે પ્રાર્થના કરેલા વિપ્રે ગૂઢ રહી એકાંતમાં પોતાનું ઈચ્છેલું જ તે બે બાલકોનું નામકરણ કર્યું. ૧૧.

લોકમાં (આ નામકરણ કાર્ય) જણાઈ જશે તો પણ તેનો ઉપાય હું કરીશ એવો ગર્ગાચાર્યનો અભિપ્રાય હતો એમ જણાવવા, અથવા આ કાર્ય તેમણે તરત જ[૧] કરવાનું છે એમ જણાવવા, 'વિપ્ર' પદ યોજેલું છે. ગર્ગાચાર્ય પુરોહિત હોવાથી 'તે' નામકરણ (નામ પાડવાનું) કર્મ તેમનું ઈચ્છેલું જ હતું, અથવા (નામકરણ કર્મ) 'તે' (એટલે) પ્રસિદ્ધ[૨] હતું. સર્વત્ર (આ સર્વ કાર્યમાં) તે છૂપા હતા. પોતે પણ

૪. મૂલ સુબોધિનીજીમાં સામાન્ય રીતે સંસ્કારો ધ્યાનમાં રાખી, (શુદ્રોના સંસ્કારો મંત્ર વિના થાય છે એમ કહેવા માટે) 'અમન્ત્રકમ્' શબ્દ નપુંસકલિંગમાં યોજેલ છે. (પ્ર)

૧. વિપ્ર એટલે પાછળ મતિવાળા. તેઓ વિચારીને કાર્ય કરતા નથી, પણ તરત જ કાર્ય કરે છે એવો અર્થ છે. (લે)

૨. 'તે' એટલે 'પહેલાં કહેલું' એવો અર્થ પ્રકરણના બલથી જ જણાય છે. તેથી અહિં 'તે'નો બીજો અર્થ 'પ્રસિદ્ધ' કહેલો છે. (પ્ર)

જ્યાં સુધી ત્યાં રહ્યા ત્યાં સુધી બીજો વેષ લઈ છૂપા રહી તે કામ કર્યું. (તે) એકાંતમાં (કર્યું). બંને(રામ અને કૃષ્ણ)ના અનુકૂલ મુહૂર્તમાં બેઉનું નામકરણ કર્યું; અથવા કેશના અભિપ્રાયથી[3] 'બાલકોનું' શબ્દ યોજેલો છે.

મોટી વયના અનુક્રમ પ્રમાણે નામકરણ કરતાં પ્રથમ મોટા(પુત્ર)નાં ત્રણ નામો નીચેના શ્લોકથી દોઢ શ્લોકથી કહે છેઃ

ગર્ગ કહે છેઃ

**અયં હિ રોહિણીપુત્રો રમયન્ સુહૃદો ગુણૈઃ ।।**
**આખ્યાસ્યતે રામ ઈતિ બલાધિક્યાદ્ બલં વિદુઃ ।।૧૨।।**

આ નિશ્ચય રોહિણીનો પુત્ર (પોતાના) ગુણોથી સુહૃદોને આનંદ કરાવતો હોવાથી 'રામ' એમ કહેવાશે. (અને) બલના અધિકપણાથી (તેને) 'બલ' માનેલો છે. ૧૨.

ખરી રીતે બ્રહ્મનો વ્યવહાર થઈ શકતો નથી, (એટલે) તેનો સંકેત[1] નહિ હોવાથી, સ્વરૂપથી (તેનું) નામ હોતું નથી. તેથી ગુણોના યોગથી જ તેનાં નામો થાય છે[2] (પડે છે). અહિં બંને (બલભદ્ર અને શ્રીકૃષ્ણ) વસુદેવના પુત્રો છે. તેમાં

---

૩. 'ચૂડાકરણ (વાળ ઉતરાવવાનો સંસ્કાર) કર્યા પહેલાં બાલ (કહેવાય છે)' વાક્ય પ્રમાણે 'બાલ' શબ્દનો અર્થ 'જેમના વાળ ઉતરાવ્યા નથી' એવો થાય છે. 'ફાગણ માસમાં શુક્લ પક્ષમાં તે બેઉનાં નામકરણ ગર્ગે કર્યાં ' એમ પદ્મપુરાણમાં કહેલું છે, અને આગળ પાછળનો સંબંધ વિચારતાં તે આઠમને દિવસે કરેલ એવો નિર્ણય થાય છે. બ્રહ્મવૈવર્તપુરાણમાં તો નામકરણની સાથે અન્નપ્રાશન (પહેલાં અન્ન જમાડવાનો સંસ્કાર) પણ કહેલું છે. (પ્ર).

૧. સંકેત એટલે ઓળખાવનારું ચિહ્ન. લોકમાં સર્વનાં નામ પાડવામાં આવે છે તે તેમને ઓળખાવવા માટે પાડવામાં આવે છે, તેથી તે સંકેતથી પડાય છે.

૨. બ્રહ્મ જ્યાં સુધી પ્રકટ ન થાય ત્યાં સુધી તેનો વ્યવહાર થઈ શકતો નથી. તેથી લોકમાં જેમ પદાર્થોનાં નામો માત્ર સ્વરૂપથી જ (બાલક જન્મ્યું કે તરત અથવા નાની વયમાં તેના ગુણો જણાયા પહેલાં જ તેને ઓળખાવવા તેનું નામ પાડવામાં આવે છે તેમ) પાડવામાં આવે છે. તેવાં બ્રહ્મ(ભગવાન)નાં નામો હોતાં નથી. તેથી પ્રાકટ્યરૂપ ગુણોથી જ ભગવાનનાં નામો લોકમાં પ્રકટ થાય છે, એવો અર્થ છે. આગળ શ્લોક ૧૬નાં શ્રીસુબોધિનીમાં કહેવામાં આવશે કે '(ભગવાનનાં) નામો રૂપની પેઠે નામરૂપ ભગવાનનાં રૂપો જ છે. જેમ ભગવાનનું રૂપ (દેહ) તેને જોનારના દોષને લીધે પ્રાકૃત(માણસ)ના રૂપ જેવું દેખાય છે, તે પ્રમાણે લૌકિક ગ્રહણ કરનાર (સાંભળનાર) (પુરુષોના) દોષને લીધે જ (ભગવાનનાં) નામો પણ લૌકિક વર્ણ(અક્ષર)વાળાં તેવાં જણાય છે, પરંતુ ખરી રીતે તે અખંડ (નિત્ય) જ છે.' ભગવાનનાં નામો 'નામરૂપ બ્રહ્મ જ છે' એમ અહિં (આ બારમા શ્લોકના સુબોધિનીજીમાં) ગૂઢ રીતે કહેલું છે, પણ જેવાં નામો સાંભળવામાં આવે છે તેવો તેનો અર્થ કરેલો નથી; તેનું કારણ એ છે કે તેમ કરવામાં આવે તો ઉપર ૧૬મા શ્લોકનાં સુબોધિનીજીમાંથી જે ભાગ કહ્યો તે સાથે વિરોધ થાય. (ટિ)

એક (બલભદ્ર) માતાના નામથી અને બીજા (શ્રીકૃષ્ણ) પિતાના નામથી[3] (સર્વત્ર પ્રસિદ્ધ છે). (કંસના ભયને લીધે પિતાનું નામ) છૂપું રાખવાનું હોવાથી, પ્રથમ માતાના નામથી નામ કહે છે. આ નિશ્ચય રોહિણીનો પુત્ર છે તેથી, અને રોહિણીમાં આવિર્ભાવ પામેલા(વાસુદેવ)નો આવેશ[૪] (આમાં) છે, તેથી (આ) 'રૌહિણેય' કહેવાય છે. અહિં 'વૈ' 'નિશ્ચય' પદ યોજ્યું છે, તેથી (શ્રીકૃષ્ણ) યશોદાના પુત્ર હોવામાં સંદેહ છે[૫] એમ જણાવેલું છે. જો ભગવાન્ (શ્રીકૃષ્ણ)

અહિં નામકરણમાં ભગવાનનું મૂલનામ કહેલું નથી, અને ગુણોના યોગથી થએલાં નામો જ કહ્યાં છે તેનું શું કારણ? તે જાણવાની ઈચ્છા થાય તેથી આ કહેલું છે. બ્રહ્મ મન અથવા વાણીથી ગોચર નથી, તેથી બ્રહ્મનો તેના પોતાના રૂપથી વ્યવહાર થઈ શકતો નથી. તેથી જેમ લોકમાં 'ડિત્થ' 'કપિત્થ' વિગેરે ગમે તેવાં નામો પાડવામાં આવે છે, તેવી રીતે બ્રહ્મના સ્વરૂપથી તેને ઓળખાવનારું નામ પાડી શકાતું નથી. તેમજ 'આ શબ્દનો આવો અર્થ જાણવો' એવો સંકેત બ્રહ્મ વિષે થઈ શકતો નથી. તેથી સ્વરૂપથી બ્રહ્મનું નામ કહેલું નથી. બ્રહ્મસૂત્ર ૩।૨।૧૫ માં જણાવ્યા પ્રમાણે બ્રહ્મનાં નામ તેના ગુણોના યોગથી જ છે, અથવા બ્રહ્મસૂત્ર ૩।૨।૨૯માં જણાવ્યા પ્રમાણે (ગુણો પ્રસિદ્ધ થયા) પછી નામ પડે છે. તેથી આ પ્રમાણે કહેલું છે. (પ્ર)

૩. ભગવાન્ શ્રીકૃષ્ણને પિતાના નામથી 'શૌરિ' વિગેરે કહેવામાં આવે છે, પણ 'દૈવકેય' એમ (માતાના નામથી) કહેવામાં આવતું નથી. બલભદ્રને 'રૌહિણેય' એમ કહેવામાં આવે છે, પણ 'શૌરિ' કહેવામાં આવતું નથી. કોઈવાર જ્યારે ભગવાનનો આવેશ તેમનામાં હોય ત્યારે તેમને 'શૌરિ' કહેવામાં આવે છે. ક્યાંક ભગવાન્ માટે પણ 'દેવકીસુત' એમ કહેવામાં આવે છે, પણ આ સમાસ છૂટો કરતાં 'દેવકીના પુત્ર' એવો અર્થ થતાં, 'દેવકી' અને 'સુત' બે પદો જૂદી જૂદી વિભક્તિનાં હોવાથી એ બંને જૂદાં જૂદાં હોઈ તેનાથી તેમનું ઐક્ય સર્વથા જણાવવામાં આવતું નથી. (લે)

૪. ગર્ભ દેવકીમાં જ થએલ, છતાં બલભદ્ર રોહિણીના પુત્ર હતા તેથી તે 'રૌહિણેય' કહેવાયા. રોહિણીમાં આવિર્ભાવ પામેલ વાસુદેવનો તેમનામાં આવેશ હતો, તેથી પણ તે 'રૌહિણેય' કહેવાયા, પરંતુ 'દૈવકેય' કહેવાયા નહિ એવો ભાવ છે. (લે)

દેવકીમાંથી (યોગમાયાએ) ખેંચી લાવેલ ગર્ભમાં, રોહિણીમાં આવિર્ભૂત વાસુદેવ અંશનો જ આવેશ થયો, તેથી તે 'રૌહિણેય' કહેવાયા. રોહિણીમાં આવિર્ભૂત વાસુદેવનો અંશ તેમનામાં ગુપ્ત છે, તેથી એ પ્રમાણે નિરૂપણ કરેલું છે એવો અર્થ છે. (પ્ર)

૫. અહિં નીચે પ્રમાણે ભાવ છેઃ

ગર્ગ પહેલાંનો વૃત્તાંત જાણતા હતા. તે શ્રીગોકુલમાં આવ્યા ત્યારે ભગવાનમાં ભાવવાળા હોવાથી, અને ભગવાનમાં 'તે યશોદાના પુત્ર છે' એવું લક્ષણ તેમણે જોયું તેથી, તેમને સંદેહ થયો (કે આ યશોદાના પુત્ર હશે કે નહિ); પણ બલભદ્ર રોહિણીના પુત્ર છે, એ નિર્ણય તે જાણતા જ હતા. તેથી અહિં તેમણે 'વૈ' 'નિશ્ચય' પદ યોજ્યું. તેથી જ (ભગવાન્ યશોદાના પુત્ર છે કે નહિ તે વિષે ગર્ગને સંદેહ થવાથી જ) તેમણે તેથી ઉલટો (ભગવાન્ યશોદાના પુત્ર નથી એવો) નિશ્ચય કહેલો નથી, એટલે ભગવાનના નામકરણના પ્રસ્તાવમાં

કોઈપણ અંશથી પ્રાકૃત હોત તો જેમ (બલભદ્રનું) 'રૌહિણેય' એવું (નામ છે) તેમ તેમનું 'યાશોદેય' 'દૈવકેય' એવું નામ હોત. (પણ તેમનાં તેવાં નામ નથી). તેથી[6] આ બલભદ્ર જ નિશ્ચય રોહિણીના પુત્ર છે. 'સુહૃદોને ગુણોથી આનંદ કરાવતો' શબ્દોથી એમ કહેલું છે, કે બલભદ્રમાં યોનિએ કરેલા(માતાના) સંબંધનો અધ્યાસ પણ દઢ છે. સુહૃદોને એટલે બધાએ સંબંધીઓને, ગુણોથી એટલે પોતાનાં સામર્થ્ય પાલન પોષણ પ્રીણન(આનંદ કરાવવો) વિગેરેથી આનંદ કરાવતા આ બલભદ્ર લોકમાં 'રામ' એમ કહેવાશે, અથવા ગુણોથી એટલે પોતાના સારા સ્વભાવ વિગેરેથી (સુહૃદોને આનંદ કરાવતાં 'રામ' એમ કહેવાશે). આ સર્વથી બલવાન થશે. કારણ કે તેમના તેવા ગ્રહો દેખાય છે, એવી બીજાઓની માન્યતા છે. તેથી બલનાં અધિકપણાને લીધે તેઓએ તેમને બલરૂપ જ[7] માનેલા છે. ૧૨.

ભગવાનની આજ્ઞાથી માયાએ જે (દેવકીના ગર્ભને ખેંચી રોહિણીમાં મૂકવાનું) કર્મ કરેલ તે પણ આ લોકમાં પ્રસિદ્ધ થાઓ, એવા હેતુથી (આ અડધો શ્લોક કહેલો છે).

**યદૂનામપૃથગ્ભાવાત્ સંકર્ષણમુશન્ત્યુત ।।૧૩।।**

યદુઓની આમાં જૂદાઈ નહિ હોવાથી આને સંકર્ષણ પણ કહે છે. ૧૩.

'ગર્ભને ખેંચેલો હોવાથી (તે) સંકર્ષણ કહેવાશે' (૧૦।૨।૧૩), એમ ભગવાને કહેલું (તે વિચારી), તે દેવગુહ્ય (વચન) હોવાથી લોકમાં તે કહેવું જોઈએ નહિ, તેથી 'સંકર્ષણ' શબ્દની વ્યુત્પત્તિ જૂદા પ્રકારે[1] અહિં કરે છે. યદુઓની અંદર આને જૂદાઈ નથી, એટલે બધેય (બધા યદુઓમાં) આત્મબુદ્ધિ જ છે. તેથી (બધા યદુઓમાં બલભદ્રની આત્મબુદ્ધિ હોવાથી એટલે બધા યદુઓને તે પોતા જેવા જ જાણતા હોવાથી) જ, 'જૂદી જૂદી માતાઓના પુત્રોમાં પણ વૈર નથી' એમ જણાવવા ભગવાને આ(બલભદ્ર)ની બે માતાઓ કરેલી. તેથી[2] (ગર્ગ) ભગવાને જે કર્યું છે તે જ (અહિં) કહે છે, તેથી તેમનો બહુ દોષ પણ નથી. અથવા

---

(પોતામાં) સારી રીતે ભગવદ્ભાવ હોવાથી જે નિશ્ચય થયો તે પ્રમાણે આગળ શ્લોક ૧૫ તથા ૧૬માં નંદજીને 'તમારા પુત્ર' એમ કહે છે. (ટિ)

૬. તેથી એટલે ભગવાન્ જન્મરહિત હોવાથી, યશોદાના અથવા દેવકીના પુત્ર નથી, પરંતુ અંશ દ્વારા જ પુત્ર થયા છે તેથી. (પ્ર)

૭. બલરૂપ એટલે આધિદૈવિક બલરૂપ, આવો ભાવ છે. (પ્ર)

૧. 'સારી રીતે કર્ષણ (ખેંચાણ) જેમનું થએલ છે તે સંકર્ષણ' એવી વ્યુત્પત્તિ જે ઉપર કહી, તેથી જૂદા પ્રકારે. (પ્ર)

૨. ભગવાને (૧૦।૨।૧૩) 'સંકર્ષણ' સંબંધી જે કહેલ, તેથી વિરુદ્ધ વ્યુત્પત્તિ કરવાથી ગર્ગને દોષ કેમ ન થયો ? એવી શંકા થાય તેથી આ કહેલ છે. (પ્ર)

યદુઓને આ(બલભદ્ર)માં જૂદાઈ નથી એટલે સર્વ(યદુઓ)નું સારી રીતે આકર્ષણ એટલે આકારણ (એકત્ર થવાનું) જેનામાં છે (તે સંકર્ષણ). તેથી તેમને સંકર્ષણ કહે છે. 'ઉત' એટલે પણ. આથી[3] 'સંકર્ષણ' પદનો પહેલાં અર્થ જે કરેલો તે મુખ્ય છે એમ જણાવેલું છે[4]. ૧૩.

ચાર મૂર્તિવાળા ભગવાનનાં ચાર નામો કહેવાં જોઈએ. તેમાં બે નામો કહે છે, અને બે અનેક ભેદોથી ભરેલાં ગુપ્ત રીતે કહેશે, એટલે ચારેનો બેમાં સમાવેશ થએલો કહેશે[1]. તેમાં આરંભમાં આ '(શ્રી)કૃષ્ણ' છે એવું નામ કહેવું જોઈએ[2]. તે (નામ કહેવા)માં આમનું નામ ભગવાનનું નામ કેમ છે ? એવી શંકાનું નિવારણ કરતાં, વર્ણ(રંગ) લક્ષમાં લઈને સત્ય બોલતાં નીચેના શ્લોકમાં તે નામ કહે છે[3]:

**આસન્ વર્ણાસ્ત્રયો હ્યસ્ય ગૃહ્ણતોનુયુગં તનૂઃ ।।**
**શુક્લો રક્તસ્તથા પીત ઈદાનીં કૃષ્ણતાં ગતઃ ।।૧૪।।**

યુગે યુગે દેહ ધારણ કરનાર આ(શ્રીકૃષ્ણ)ના શ્વેત, લાલ અને પીળો એવા ત્રણ વર્ણો (રંગ) થયા. હમણાં (તે) કૃષ્ણ થએલ છે. ૧૪.

આ (શ્રીકૃષ્ણ) યુગે યુગે દેહ ધારણ કરે છે. જો તેમ ન હોય (દેહ ધારણ કરતા ન હોય) તો યુગ જ ન થાય. 'યુગ' શબ્દથી ભગવાન્ અને જગત્ એ બે કહેવાય છે. તેમાંથી જો એકનો આવિર્ભાવ ન થાય તો એક જ રહે, (પણ) યુગલ (જોડી) ન રહે. (યુજ્) ધાતુનો અર્થ બે(હોય તે)ને જ લાગુ પડે છે. તેથી ભગવાને અવશ્ય યુગે યુગે અવતાર લેવો જોઈએ, અને તેમાં યુગના ધર્મો જણાવવા તેવું રૂપ ધારણ કરવું જોઈએ. એમ ન હોય તો લોકોની પ્રતીતિ[4] ન થાય. 'શ્વેત, લાલ અને પીળો, એવા ત્રણ વર્ણો (રંગ) આના થયા' શબ્દોથી આ કહેલું છે. ભવિષ્યમાં કલિ(યુગ) થશે, તેથી હમણાં (તે) કૃષ્ણ થએલ છે; એટલે શ્યામ રંગવાળા થયા છે

૩. 'આથી' એટલે 'ઉત' 'પણ' શબ્દ યોજ્યો છે તેથી. (પ્ર,લે) આ પદનાં પ્રયોગથી એમ સૂચવેલું છે કે ગર્ભને ખેંચેલો હોવાથી સંકર્ષણ એવો જે પ્રથમ અર્થ કરેલો તે મુખ્ય છે. (લે)

૪. એ પ્રમાણે મોટા બાલકનાં ચાર નામો કહ્યાં. (પ્ર) આ દોઢ શ્લોકમાં બલભદ્રનાં ત્રણ નામો કહેલાં છે, એમ બારમા શ્લોકનાં શ્રીસુબોધિનીજીમાં કહેલ છે તેથી 'રોહિણીપુત્ર' નામ નથી, પણ ઓળખાવવા જ કહેલ છે. રામ, બલ અને સંકર્ષણ એ ત્રણ નામો કહેલાં છે.

૧. 'ચારેનો બેમાં સમાવેશ કહેશે' એટલે બે નામો કહેવાથી જ સર્વ (ચારે) નામો કહેવાઈ જશે એવો અર્થ છે. (પ્ર) ભગવાનમાં અને બલદેવમાં ચારે વ્યૂહોનો પ્રવેશ (સમાવેશ) થાય છે એવો અર્થ છે. તેમાં બલદેવમાં વાસુદેવ અને સંકર્ષણ વ્યૂહોનો પ્રવેશ છે અને ભગવાનમાં ચારે વ્યૂહોનો છે. (લે) પ્રકાશનો અર્થ વધારે યોગ્ય જણાય છે.

૨. (શ્રીકૃષ્ણ) બ્રહ્મનું નામ હોવાથી કહેવું જોઈએ. (પ્ર)

૩. કહે છે એટલે ગુપ્ત રીતે કહે છે.(પ્ર)

૪. 'આ કાલે અમુક યુગ છે' એવી પ્રતીતિ ન થાય.(પ્ર)

એવો અર્થ છે. (કલિએ) આમને (ભગવાનને) શ્યામ કરેલા નથી, પરંતુ આ (પોતે) જ શ્યામ થયા છે, કારણ કે તે સર્વત્ર છે અને સર્વનો તેમનામાં સમન્વય છે[5]. આથી તે પરબ્રહ્મ છે એમ કહેલું છે; કારણ કે '' 'કૃષ્' શબ્દ સત્તાવાચક છે અને 'ણ' આનંદવાચક છે. તે બેનું ઐક્ય (જોડાણ) પરબ્રહ્મ 'કૃષ્ણ' એમ કહેવાય છે''[6] એવી (કૃષ્ણ શબ્દની) વ્યુત્પત્તિ છે. તે સદાએ કૃષ્ણ જ છે, તો પણ (હમણાં) જેમને કોઈનો આશ્રય નથી તેવા[7] પ્રાકૃત જીવોમાં પણ પોતાનું સ્વરૂપાત્મક સત્ત્વ પ્રકટ કરી તેવાઓને પણ સ્વરૂપાનંદનું દાન કરે છે, તેથી તેમણે હમણાં જ કૃષ્ણપણું પ્રકટ કરેલું છે એવો અર્થ છે. આ[8] છૂપું રાખવા શબ્દનો છલ કરી (ગર્ગે) વર્ણનો ક્રમ કહેલો છે. તેથી આ શ્રીકૃષ્ણ (યુગ પ્રમાણે વર્ણ ધારણ કરતા હોવાથી) કાલને અનુકૂલ હોવાથી સંકર્ષણરૂપ પણ છે એમ કહેલું છે, અને સર્વનો તેમનામાં સમન્વય હોવાથી પુરુષોત્તમરૂપ પણ છે એમ કહેલું છે. ૧૪.

નીચેના શ્લોકમાં બીજું નામ કહે છેઃ

**પ્રાગયં વસુદેવસ્ય ક્વચિજ્જાતસ્તવાત્મજઃ ।।**
**વાસુદેવ ઈતિ શ્રીમાનભિજ્ઞાઃ સમ્પ્રચક્ષતે ।।૧૫।।**

પહેલાં કોઈ સ્થલે તમારા આ પુત્ર વસુદેવના (વસુદેવથી) (ઉત્પન્ન) થએલા. (તે) લક્ષ્મીવાળા હોવાથી જાણકારો (તેમને) વાસુદેવ કહે છે. ૧૫.

કોઈ સ્થલે એટલે કોઈ દેશમાં, પહેલાં એટલે તમારા (નંદજીના) ઘરે આવ્યા તે પહેલાં જ, આ વસુદેવના પુત્ર થએલા. 'વસુદેવના' અને 'તમારા' એ બંને એક જ વિભક્તિમાં યોજેલા હોવાથી એવું કહેવાયું કે આ (શ્રીકૃષ્ણ) આધિદૈવિક વસુદેવના[1] (એટલે) તમારા પુત્ર થયા. આથી આ પ્રદ્યુમ્ન છે એમ પણ કહેવાયું; અને વસુદેવમાં શુદ્ધ સત્ત્વનો આવિર્ભાવ હોવાથી (આ) અનિરુદ્ધ છે (એમ પણ કહેવાયું). ખરી રીતે તેમની (નંદજીની) બુદ્ધિ એવી થઈ (નંદજી એવું સમજ્યા) કે 'આ તમારા પુત્ર કોઈ સ્થલે વસુદેવથી ઉત્પન્ન થએલા'[2]. આ

---

૫. 'આથી'=ભગવાન્ સર્વત્ર છે અને સર્વનો તેમનામાં સમન્વય છે એવા બે હેતુઓ કહ્યા તેથી. (પ્ર)

૬. બ્રહ્મવૈવર્ત પુરાણમાં નામકરણ પ્રસંગમાં 'કૃષ્ણ' શબ્દની અનેક વ્યુત્પત્તિઓ કરેલી. તે પુરાણમાં 'રાધા' શબ્દની પણ ઘણી વ્યુત્પત્તિઓ કરેલી છે, તે સર્વ પ્રકાશમાં જણાવેલ છે.

૭. તેવા એટલે તેવા તામસ. (પ્ર)

૮. આ એટલે પ્રાકૃત જીવોનું તામસપણું અને શ્રીકૃષ્ણ ભગવાનનું બ્રહ્મપણું. (પ્ર)

૧. અહિં નંદજીને આધિદૈવિક વસુદેવ કહેલા છે. પહેલાં શ્રીકૃષ્ણોપનિષદ્‌માં નંદજીને 'પરમાનંદ' કહેલા છે, ત્યાં આ જ (આધિદૈવિક વસુદેવ જ) કહેલા છે એમ જાણવું. (પ્ર)

૨. શબ્દના છલથી નંદજીની ગર્ગાચાર્યના વચનથી જેવી માન્યતા થઈને અહિં કહેલી છે.(પ્ર)

વાસુદેવ[3] (કહેવાય) છે. તેનું કારણ કે આ લક્ષ્મીવાળા છે, આ લક્ષ્મીના પતિ છે એવો અર્થ છે. આ ગૂઢ અભિપ્રાયને જાણનારા એટલે આના જાણકારો, જેઓ આમનું (શ્રીકૃષ્ણનું) 'જેટલો જે અને જેવો હું છું' એવું સ્વરૂપ જાણે છે, (તેઓ) તેથી જ સારી રીતે અને મુખ્યતાથી ('વાસુદેવ') કહે છે[4]. ૧૫.

એ પ્રમાણે શ્રીકૃષ્ણનાં બે નામો કહી, ગુણોના યોગથી આ(શ્રીકૃષ્ણ)નાં અનંત નામો છે, તેથી સર્વ શાસ્ત્રોમાં તે નામોને પોતાની મેળે જ જાણી લેવાં, એમ નીચેના શ્લોકમાં જણાવે છેઃ

**બહૂનિ સન્તિ નામાનિ રૂપાણિ ચ સુતસ્ય તે ।।**
**ગુણકર્માનુરૂપાણિ તાન્યહં વેદ નો જનાઃ ।।૧૬।।**

તમારા પુત્રના ગુણો અને કર્મોને અનુરૂપ (યોગ્ય) નામો અને રૂપો ઘણાં છે. તેમને હું જાણું છું, જનો (માણસો) જાણતા નથી. ૧૬.

(આ શ્રીકૃષ્ણનાં) નામો અને રૂપો બહુ એટલે ગણી ન શકાય તેટલાં છે. જો એમ ન હોય તો[1] પાચક (રસોઈઓ), અને પાઠક (પાઠ વાંચનારો) (નામો) પેઠે ક્રિયા બંધ પડતાં તે નામ રહે નહિ; પણ જો તેવું[2] રૂપ જૂદું હોય તો કોઈ સ્થલે (તે રૂપને) ગુણનો યોગ થતાં તે પ્રવૃત્ત થાય, અને (દરેક) રૂપનું નામ અવશ્ય હોવું જોઈએ તેથી 'ગાય' વિગેરે (નામો) પેઠે તે (નામ) સદા હોય[3].

---

૩. 'શ્રીમાન્' પદના વ્યાખ્યાનમાં સત્ય અર્થ કહેલો છે. 'વસુઓની દેવી તે વસુદેવી એટલે લક્ષ્મી. તે જેમની છે તે વસુદેવ. તે જ વાસુદેવ.' નંદજીને શ્રીકૃષ્ણમાં અધિક સ્નેહ થાય તેથી આ સત્ય અર્થ કહેલો છે. (પ્ર)

૪. વિષ્ણુપુરાણના છઠ્ઠા અંશના પાંચમા અધ્યાયમાં અધિકરણની અને કર્તાની વ્યુત્પત્તિઓથી બે પ્રકારે 'વાસુદેવ' શબ્દની વ્યુત્પત્તિ 'ત્યાં પરમાત્મામાં સર્વ પ્રાણીઓ વસે છે, અને પ્રાણીઓમાં તે સર્વાત્મા (વસે છે) તેથી વાસુદેવ કહેવાય છે' એ પ્રમાણે કરેલી છે. તેથી એ પ્રમાણે પાંચ પ્રકારે* કહે છે એવો અર્થ છે. (પ્ર)

*. 'પાંચ પ્રકારે' એમ અહિં પ્રકાશમાં કહે છે, તે ચાર યુગ પ્રમાણે ચાર વર્ણથી અને વાસુદેવ એ પ્રમાણે કહેલું હોય તેમ જણાય છે. વસ્તુતઃ શ્રીસુબોધિનીમાં ઉપર જણાવ્યું તેમ શ્રીકૃષ્ણનાં પણ બે જ નામ કહેલાં છે. શ્રીકૃષ્ણ અને વાસુદેવ. તેમાં પ્રદ્યુમ્ન અને અનિરુદ્ધનો સમાવેશ કેવી રીતે થયો તે પણ આ શ્લોકમાં જ શ્રીસુબોધિનીમાં કહેલું છે.

૧. 'એમ ન હોય તો' એટલે ભગવાનનાં રૂપો બહુ ન હોય તો. (લે) 'એમ ન હોય તો' એટલે જો ક્રિયા હોવાથી નામ હોતાં હોય તો. (પ્ર)

૨. 'તેવું' એટલે ક્રિયા વિગેરેને અનુકૂલ. (પ્ર)

૩. 'પાચક' 'પાઠક' નામો પેઠે ક્રિયાથી જ નામ થતાં હોય તો ક્રિયા બંધ પડે ત્યારે તે નામો હોય નહિ એટલે જ્યારે રાંધતો અથવા પાઠ કરતો ન હોય ત્યારે તે પાચક અથવા પાઠક કહેવાય નહિ. પરંતુ જો દરેક ક્રિયાવાળું ભગવાનનું રૂપ જૂદું હોય તો જે સ્થલે તેને ગુણનો યોગ થતો

મૂલમાં 'ચ' 'અને' શબ્દ છે તે (ભગવાનનાં) નામ, રૂપ અને ક્રિયા નિત્ય છે એમ સિદ્ધ કરે છે, એમ 'છે' શબ્દથી કહે છે. તેથી ભગવાન્ ગોવર્ધનને ઉપાડી રાખતા સદા રહેલા છે, તેથી તે 'ગોવર્ધનોદ્ધરણધીર' છે; એટલે (ગોવર્ધનને ઉપાડી રાખવાની) ક્રિયા અને 'ગોવર્ધનોદ્ધરણધીર' નામ સાથે ગોવર્ધનને ઉપાડી રાખનારું ભગવાનનું રૂપ સદા વિદ્યમાન છે. હાલ પણ ભક્તોને એવાં સ્વરૂપનો અનુભવ થાય છે. તેથી[૪] આ શ્રીકૃષ્ણ ભગવાનનાં જ રૂપો અને નામો અનંત છે, એમ 'તમારા પુત્રના' શબ્દોથી કહે છે. એમ ન કહે તો[૫] તેમને (નંદજીને) ભ્રમ થાય. વસુદેવ હોવાથી[૬] વાક્યનો અર્થ ખોટો ઠરતો નથી.

કોઈવાર સ્તુતિ કરવા માટે ગુણ અને કર્મને અનુરૂપ ન હોય તેવાં પણ નામો હોય છે. તેવાં અહિં નથી, એમ જણાવવા 'ગુણો અને કર્મોને અનુરૂપ' શબ્દ યોજેલો છે. ભગવાનના ઉદારતા વિગેરે ગુણો અને કાલિયનું દમન વિગેરે કર્મો અલૌકિક છે. તેથી નામો પણ અલૌકિક છે; તેથી 'ગુણો અને કર્મોને અનુરૂપ' કહેલાં છે. ભગવાનનાં એ નામો અને રૂપોને અલૌકિક તરીકે હું(ગર્ગાચાર્ય) જ જાણું છું, માણસો જાણતા નથી. તેઓ એ નામોનો વ્યવહારમાં ઉપયોગ કરે છે અને ઉચ્ચાર કરે છે, છતાં વિચાર કરેલ નહિ હોવાથી તેમને જાણતા નથી, કારણ કે તેઓ 'જનો' એટલે જન્મ વિગેરે ભાવ અને ધર્મવાળા હોઈ દુઃખી છે એવો અર્થ છે.

(અહિં વિચાર કરવાનો કહ્યો તે) વિચાર નીચે પ્રમાણે છેઃ 'જો ભગવાનની ક્રિયા અનિત્ય હોય, અને રૂપમાં કાલ વિગેરેથી ફેરફાર થતો હોય તો તે ક્ષણે ક્ષણે બદલાય. એવી ક્રિયા અને એવા રૂપના સંબંધથી જે નામ પ્રાપ્ત થાય (પડે) તે બીજા સમયે તે ક્રિયા અથવા રૂપ નહિ રહેવાથી અને બીજા કોઈ અર્થ (પદાર્થ) સાથે તેનો સંબંધ નહિ હોવાથી, કાંઈ પણ અર્થ વિનાનું જ થાય. તેથી અર્થ વિનાનાં નામો ફલ ન આપે, અંતઃકરણને પણ શુદ્ધ ન કરે. તેથી ભગવાનના સ્વરૂપના જ્ઞાન વિના, ભગવાનનાં નામો માત્ર ઉચ્ચારવામાં આવે તો તે નામોને ભગવાનના સ્વરૂપનો સંબંધ નહિ હોવાથી, અને તે નામો અલૌકિક છે એવું

---

હોય ત્યાં તે પ્રવૃત્ત થાય. દરેક રૂપનું નામ તો અવશ્ય હોવું જોઈએ. તેથી આ દરેક ક્રિયાવાળાં રૂપનું નામ પણ હોય. આ પ્રમાણે હોય તો 'ગાય' વિગેરે નામો છે તેમ આ દરેક નામો પણ સદા હોય.

૪. 'તેથી' એટલે નામ અને રૂપનો સંબંધ નિત્ય સિદ્ધ થયો તેથી. (પ્ર)

૫. 'તમારા પુત્રના' એમ કહ્યું ન હોય તો, 'ભગવાન્ ઘણા અવતાર લે છે, તેથી તેમનાં બહુ રૂપો છે' એવું નંદજી જાણે અને તેવો તેમને ભ્રમ થાય. (લે)

૬. 'વસુદેવ' એટલે આધિદૈવિક વસુદેવ નંદજીમાં હોવાથી. (પ્ર) 'વસુદેવ' એટલે શુદ્ધ સત્ત્વ. શુદ્ધ સત્ત્વ જૂદું પાડી ભગવાન્ જૂદાં જૂદાં રૂપો ધારણ કરે છે, તેથી જેમ ઘટ મઠ વિગેરેમાં રહેલ આકાશ ઘટાકાશ મઠાકાશ થાય છે તેમ ભગવાનનાં ઘણાં રૂપો થાય છે. (લે)

ઉચ્ચારનારને પોતાને પણ જ્ઞાન નહિ હોવાથી, જેમ 'અગ્નિ' શબ્દનો ઉચ્ચાર કરવાથી દઝાતું નથી તેમ ભગવાનનાં નામોનો ઉચ્ચાર કરવાથી પણ પ્રપંચ મટતો નથી[૭]. વર્ણરૂપ જ જાણેલાં ભગવાનનાં નામો પુરુષ અને જગતને નમાવે છે, એટલે (તેમનો) ઉચ્ચાર કરનારની આગળ તેને વશ હોય તેમ રાખે છે[૮].'

ભગવાનનાં રૂપ પેઠે ભગવાનનાં નામો પણ નામરૂપ ભગવાનનાં રૂપો છે. જેમ ભગવાનનું રૂપ તેને ગ્રહણ કરનારના દોષથી પ્રાકૃત જેવું જણાય છે તેમ લૌકિક(પુરુષો)ના ગ્રહણ કરનારના[૯] દોષથી જ ભગવાનનાં નામો પણ લૌકિક વર્ણવાળાં હોય તેવાં જણાય છે, પરંતુ વસ્તુતઃ અખંડ જ છે; લોકમાં સિદ્ધ(પ્રસિદ્ધ પદાર્થ)ને જણાવનારાં નામો નહિ, પરંતુ (ભગવાનનાં નામો અખંડ છે) તેવાં જ્ઞાનપૂર્વક શુદ્ધભાવથી વસ્તુના તત્ત્વને (ભગવાનનાં રૂપને) જાણ્યા પછી જ, તેવી બુદ્ધિથી (તે ભગવાનનું રૂપ આ નામ જણાવે છે એમ સમજીને) ઉચ્ચારેલાં નામો સર્વ પુરુષાર્થો આપે છે, બીજી રીતે ઉચ્ચારેલાં નામો આપતાં નથી એવો સિદ્ધાંત છે. તેથી લોકના ન્યાયથી નામનો ઉચ્ચાર કરનારને ફલ પ્રાપ્ત ન થાય અથવા દોષનો સંબંધ થાય તો તેમાં કાંઈ અયોગ્યતા નથી. આના જ[૧૦] ભેદથી નામથી ચિત્તની ઘણી શુદ્ધિ થાય છે, નહિ તો વારંવાર લીધેલું નામ જો તેના આધિદૈવિકનો ઉદ્‌બોધ થાય ત્યાં સુધી લેવામાં આવે તો પોતાના આધિદૈવિકયુક્ત થઈને જ[૧૧] કોઈવાર ફલ આપે છે. કાલ વિગેરે તો ભગવાનના નામનું માહાત્મ્ય જાણતા હોવાથી તેનો ઉચ્ચાર

૭. ભગવાનનાં નામને બદલે તેવું લૌકિક નામ લેવાથી, એ નામ ભગવાનના નામથી જૂદું હોવાથી ફલ પ્રાપ્ત થતું નથી, તેમાં કાંઈ દોષ નથી એવો અર્થ છે. (પ્ર)

૮. ભગવાન્ સાથે સંબંધવાળાં નામોનું એવું સામર્થ્ય ક્યાંથી હોય ? એમ જાણવાની ઈચ્છા થાય, તેથી આ કહેલું છે. 'તે જ જીવ.' વિગેરે સ્થલે શબ્દબ્રહ્મ વર્ણરૂપ (અ.ક. વિગેરે અક્ષરોરૂપ) છે એમ જણાવેલું છે. તેથી વર્ણરૂપ જાણેલાં ભગવાનનાં નામો પુરુષ અને જગતને નમાવે છે. 'નામરૂપી દોરડાંથી બાંધેલા....' શ્રુતિ અને 'જેમ નાકમાં નાથેલા અને દોરડાથી બાંધેલા બળદો પેઠે વાણીરૂપી દોરડાંથી નામથી બંધાએલા ઈશ્વર પાસે બલિ લઈ જાય છે' સ્મૃતિ પ્રમાણે (દેવો) તે પ્રમાણે આચરણ કરે છે. તેથી ભગવાનનું નામ દોરડાંરૂપ હોવાથી તેનામાં એવું સામર્થ્ય છે એમ જાણી તેનો ઉચ્ચાર કરવાથી, તે ભગવાનને પણ ઉચ્ચાર કરનારની પાસે લાવે છે એવો અર્થ છે. (પ્ર)

૯. 'ગ્રહણ કરનારના દોષથી' એટલે ઈન્દ્રિયોના દોષથી. (લે)

૧૦. 'આના જ' એટલે નામ વિગેરેના સ્વરૂપનું જ્ઞાન, ભક્તિ વિગેરેના જ. (પ્ર)

૧૧. ભગવાનનું નામ વારંવાર લેવાથી પ્રમેયબલથી કોઈવાર પોતાના આધિદૈવિક યુક્ત થાય જ એવો અર્થ છે. (લે)

ચિત્તની પૂરી શુદ્ધિ થઈ ન હોય તો 'આ ભગવાનનું નામ છે' એવા જ્ઞાનથી જ જો વારંવાર ભગવાનનું નામ લેવામાં આવે તો નામનું આધિદૈવિક જે અખંડ શબ્દરૂપ નામ, તેનાથી યુક્ત

કરનારને છોડી દે છે.[12] ભગવાન ના નામ જેવું લૌકિક નામ પણ ભગવાનના નામના જેવું હોવાથી સારૂપ્યને લીધે ફલ આપનાર થાય છે એટલે ભગવાનમાં પ્રવૃત્તિ કરાવી મોક્ષ આપે છે, તેથી અજામિલનું ઉપાખ્યાન પણ વ્યર્થ નથી[13]. જો એમ ન હોય

થઈ તે કોઈવાર ફલે. દૈન્ય થવાથી ભગવાનની કૃપા થાય ત્યારે આમ થાય. તેથી આવા પ્રસંગે ફલ પ્રાપ્ત થાય તે આધિદૈવિકના માહાત્મ્યથી થાય, પરંતુ જેનો ઉચ્ચાર કરવામાં આવે છે તે નામના માહાત્મ્યથી થતું નથી. જો નામ પોતાના માહાત્મ્યથી ફલ આપે તો વારંવાર લેવાયા વિના તરત જ ફલ આપે, પરંતુ તે પ્રમાણે અહિં ફલ આપતું નથી, તેથી આધિદૈવિકના માહાત્મ્યથી જ ફલ આપે છે એવો નિશ્ચય થાય છે. (પ્ર)

૧૨. લૌકિકમાં 'કૃષ્ણ' વિગેરે નામ સંકેતથી (અમુક માણસને ઓળખાવવા) પાડવામાં આવે છે. તેવાં નામ લેવાથી ભગવાનના નામનો ઉચ્ચાર થાય, તેથી પણ ફલ પ્રાપ્ત થાય છે એવું સાંભળવામાં આવે છે, તેનું તાત્પર્ય અહિં જણાવે છે. જે પુરુષનું સંકેતથી 'કૃષ્ણ' નામ પાડ્યું હોય તેમાં ભગવાનના 'સદાનંદ' ધર્મો હોતા નથી, તેથી તેનું નામ ભગવાનના નામનો બોધ કરતું નથી. તેથી તે નામ ભગવાનના નામના જેવા આકારવાળો લૌકિક શબ્દ જ છે એમ માનવું જોઈએ. તેથી ભગવાનનું નામ સારૂપ્ય(સમાનરૂપ)થી પણ મુક્તિ અપાવનારું છે, એમ તેનું માહાત્મ્ય જણાવવા માટે અને ભગવાનનું નામ લેતા ન હોય તેઓ તે નામ લેવામાં તત્પર થાય તે માટે આ ઉપાખ્યાનો કહેલાં છે એવો અર્થ છે. (ટિ)

કાલ વિગેરેને ભગવાનના નામના માહાત્મ્યનું જ્ઞાન હોવાથી તેઓ પોતે જ નામ ઉચ્ચારનારને તજી દે છે, પરંતુ તેઓ તેને તજે છે તેમાં નામનો કાંઈ વ્યાપાર (કૃતિ) નથી. તેથી અહિં ભગવાનનું નામ કોઈ પણ પ્રકારના વ્યાપાર (કૃતિ) વિના ફલ આપે છે, તેથી કોઈ પ્રકારનો વિરોધ નથી. (પ્ર)

૧૩. 'કૃષ્ણ' શબ્દનો અર્થ 'સદાનંદ ધર્મોવાળા' એવો થાય છે. તે અર્થ જે માણસનું આવું નામ હોય તેમાં હોતો નથી. તેથી તેનું નામ ભગવાનનું નામ નથી, પણ ભગવાનના નામ જેવો શબ્દ છે, અને તેનો અર્થ તે માણસ છે. તેથી સરખાપણાથી પણ ભગવાનનું નામ મુક્તિ અપાવનારું છે, એમ જણાવવા જૂદાં જૂદાં પુરાણોમાં ભગવાનના નામનું માહાત્મ્ય જણાવનાર જૂદાં જૂદાં ઉપાખ્યાનો કહેલાં છે. તેથી અજામિલનું ઉપાખ્યાન પણ વ્યર્થ નથી. તેથી અહિં નીચે પ્રમાણે સિદ્ધ થાય છેઃ

જેને ગુરુ અને ભગવાનમાં અભેદ બુદ્ધિ છે (એટલે જે ગુરુ અને ભગવાનને એક માને છે) અને જે ગુરુની ભક્તિ કરનારો અને સંગ વિનાનો છે, તેને ગુરુની કૃપાથી ભગવાનનાં નામો અને તે નામવાળાં રૂપોનું બરાબર જ્ઞાન થાય છે. પછી ભગવાનનાં રૂપવાળાં નામમાં કહેલી ભગવાનની અવસ્થાનું સ્મરણ કરી, જ્યારે તે ભગવાનનું નામ લે છે ત્યારે તે નામ તરત જ ફલ આપે છે. પણ આવી રીત ન હોય ત્યાં નામ વારંવાર લેવામાં આવે, તો જ્યારે તે આધિદૈવિકનો ઉદ્‌બોધ કરે ત્યારે તે આધિદૈવિક ફલ આપે છે. જો નામ વારંવાર લેતાં પણ આધિદૈવિકનો ઉદ્‌બોધ ન થાય અને તે નામ લેનારનું મૃત્યુ થાય તો, તે (લેવાએલું ભગવાનનું) નામ કાંઈ પણ વ્યાપાર (કૃતિ) કરતું નહિ હોવા છતાં તે નામ લેનારથી કાલ કે યમના દૂતો પોતાની મેળે જ ખસી જાય છે અને પછી તેને ભગવાનની ઈચ્છા પ્રમાણે ફલ થાય છે. જે સાંકેત્ય વિગેરે વાક્યોનું શ્રવણ કરી, ભગવાનના વાક્યનું માહાત્મ્ય જાણી તેનો

તો[૧૪] તે જ સમયે અજામિલ વૈકુંઠમાં જાત. તેથી (ભગવાનના નામ જેવાં) લૌકિક (નામ) માત્ર ઉપાય જણાવનારાં જ છે. તેથી 'તેમને હું જાણું છું, જનો (માણસો) જાણતા નથી' એમ કહ્યું તે બરાબર છે. આથી ઉપાસના કરવા યોગ્ય અને અંતઃકરણને શુદ્ધ કરનારાં ભગવાનનાં અનંત નામો, ભગવાનના રૂપની તે અવસ્થાનું સ્મરણ કરી તે નામ લેવું એવા હેતુથી કહેલાં છે. તેમ ન હોય તો નામ (પાડવાના) પ્રસંગમાં રૂપનું કથન (વર્ણન) નકામું ગણાય. ૧૬.

(ગર્ગાચાર્ય) જ્યોતિઃશાસ્ત્ર જાણનાર[૧] હોવાથી, ભગવાનનાં રૂપો અને નામોનું જ્ઞાન થાય તે માટે નીચેના શ્લોકથી ચાર શ્લોકોથી ભગવાનનાં કર્મો અને ગુણો કહે છે. તેમાં પહેલા બે (૧૭-૧૮) શ્લોકોથી (ભગવાનનાં) કર્મો કહે છેઃ

**એષ વઃ શ્રેય આધાસ્યદ્ ગોપગોકુલનન્દનઃ ।।**
**અનેન સર્વદુર્ગાણિ યૂયમઞ્જસ્તરિષ્યથ ।।૧૭।।**

આ તમારા શ્રેયનું પોષણ કરતાં ગોપ અને ગોકુલને આનંદ આપનાર (થશે). આનાથી તમે સર્વ સંકટોને સ્હેલાઈથી તરશો. ૧૭.

આ જેમનાં દર્શન થાય છે તે ભગવાન્ તમારું[૨] શ્રેયઃ ધારણ કરતાં અથવા તમારા[૨] શ્રેયનું પોષણ કરતાં (ગોપ અને ગોકુલને આનંદ આપનાર થશે). (૧) પૂતનાના પ્રાણરૂપ ધાવણનું પાન વિગેરે જે કર્મ ભગવાને કર્યું તે તમારા શ્રેય (ભલા) માટે કર્યું, કારણ કે તે (પૂતના) પાંચ પર્વ(વિભાગ)વાળી અવિદ્યા હતી તેનો નાશ કર્યો. (૨) સંસારરૂપ ગાડું (શકટાસુર) જે અવિદ્યાના કાર્ય(પરિણામ)

ઉચ્ચાર કરે છે, તેને પણ તેવું જ ફલ મળે છે. જે એ સાંકેત્ય વિગેરે વાક્યોનું શ્રવણ કર્યા વિના ભગવાનનાં નામ જેવાં લૌકિક નામનો ઉચ્ચાર કરે છે, તેનાં પાપો પણ ઘણો કાલ વ્યતીત થયા પછી નાશ પામે છે એમ જાણવું. (પ્ર)

૧૪. 'એમ ન હોય તો' એટલે જો નામ સ્વતંત્રતાથી મોક્ષ આપતું હોય તો. (લે)

૧. (ગર્ગાચાર્ય ભગવાનના ગુણો અને કર્મો કહે છે). તેનું કારણ તે જ્યોતિઃશાસ્ત્ર જાણનારા છે એમ અહિં કહેલું છે. તે ભવિષ્યનું જ્ઞાન તેમને છે, એવી લોકોની પ્રતીતિને અનુસરીને કહેલું છે; કારણ કે ભગવાનના ધર્મો જ્યોતિઃશાસ્ત્રથી જાણી શકાતા નથી. શ્રીમદ્ભાગવત ૧।૫।૧૮માં જણાવેલું છે કે ઉપર અને નીચે ભ્રમણ કરતાં ભગવાનના ધર્મોનું જ્ઞાન થઈ શકતું નથી. તેથી તે ધર્મોનું જ્ઞાન જ્યોતિઃશાસ્ત્રથી ન જ થાય; અથવા ભવિષ્યમાં ભગવાનનાં રૂપો અને નામોનું જ્ઞાન બીજા લોકોને થવાનું છે તે એ જાણતા હોવાથી તેમને અહિં જ્યોતિઃશાસ્ત્ર જાણનાર કહેલા છે. (ટિ+પ્ર)

૨-૨. 'તમારું શ્રેયઃ ધારણ કરતાં' અહિં 'વઃ' 'તમને' શબ્દ બીજી વિભક્તિ અથવા છઠ્ઠી વિભક્તિના બહુવચનમાં યોજાએલો છે. બીજી વિભક્તિમાં હોય ત્યારે 'આ+ધા' ધાતુનો અર્થ 'ધારણ કરવું' એવો લેવો અને છઠ્ઠીમાં હોય ત્યારે તેનો અર્થ 'પોષણ કરવું' એવો લેવો. (પ્ર)

'વઃ' બીજી વિભક્તિનું બહુવચન રૂપ લઈએ ત્યારે 'તમને લક્ષમાં રાખીને' એવો અર્થ જાણવો. (લે)

રૂપ હતું તેને (ભગવાને) ભાંગી નાખ્યું; અને (૩) મોહરૂપ તૃણાવર્તને (ભગવાને) માર્યો. એવી રીતે ત્રિદોષ(ત્રણ દોષ)ને મટાડીને, જ્ઞાન ઉત્પન્ન કરીને, 'આ' એટલે સર્વ તરફથી તમારું શ્રેય તેમણે ધારણ કર્યું. (ભગવાન્) પોતે સર્વ પુરુષાર્થરૂપ[3] હોવા છતાં, બીજાઓ (પોતાના) દોષોને લીધે તેમનું ગ્રહણ (તેમનું જ્ઞાન પ્રાપ્ત) કરી શકતા નથી, તેથી (ભગવાન્) તેઓના દોષોને મટાડીને (તેમના) શ્રેયનું ધારણ કરે છે. વળી (ભગવાને) એકવાર તેઓનું શ્રેય ધારણ કર્યું એટલું જ નહિ, પરંતુ (પોતે તે) ધારણ કરીને જ રહે છે. તેથી ભવિષ્યમાં પણ (શ્રેયઃ) આપશે એટલે જેટલું કરવાથી તમે (તમારું) પરમશ્રેયઃ પ્રાપ્ત કરો તેટલું કરશે, એમ જણાવવા 'આ' ઉપસર્ગ યોજેલો છે. ભૂતકાલ(ના અર્થ)માં (પણ) ક્રિયાતિ-પત્ત્યર્થ[4] યોજાએલો છે. તે(ના પ્રયોગ)થી એમ કહેલું છે કે તમારું શ્રેય થઈ ચૂક્યું. 'તમારા રક્ષણ માટે ઘણાં કર્મો કરશે' એમ આથી કર્મો કહેવાયાં.

એ પ્રમાણે દોષો દૂર થાય તે માટે[5] (ભગવાન્) ભવિષ્યમાં જે કર્મો કરશે

---

૩. ધારણ કરવાનો પદાર્થ અને તેને ધારણ કરનાર એ બંને જૂદા છે. ભગવાન્ સિવાય બીજું કાંઈ શ્રેયઃ ભક્તિમાર્ગમાં નથી, તેથી અહિં શ્રીમદાચાર્યચરણ કહે છે, કે ભગવાન્ પોતે સર્વ પુરુષાર્થરૂપ હોવા છતાં તમારા શ્રેયને ધારણ કરે છે. આમ હોવાથી શ્રેયનું ધારણ કરનાર તો નંદજી વિગેરે જ છે, પણ તેઓ શ્રેયઃ ધારણ કરે તેમાં વિઘ્નો વિગેરે આવે તે ભગવાન્ દૂર કરે છે; તેથી ભગવાનને શ્રેયઃ ધારણ કરનાર અહિં કહેલ છે એમ જાણવું. વળી નંદજી વિગેરે ભક્તો હોવાથી સર્વ પુરુષાર્થરૂપ ભગવાન્ તેમની મધ્યે આવિર્ભાવ પામી વિરાજતા હોવાથી, ભગવાન્ વિના બીજું કાંઈ શ્રેયઃ નહિ હોવા છતાં, શ્રેયને ધારણ કરનાર ભગવાન્ છે, એમ ઉપર જણાવેલા અભિપ્રાયથી કહેવામાં કાંઈ વિરોધ નથી. ભગવાન્ જ્યાં વિરાજતા હોય ત્યાં દોષો પ્રતિબંધ કરે એ જ સંભવતું નથી, તો પછી તે દોષોનું નિવારણ કરવાનું તો રહ્યું જ કયાં ? છતાં ભક્તોનો નિરોધ સિદ્ધ થાય તે માટે ભગવાને લીલામાં લોકની રીતિ જ સ્વીકારેલી છે, અને તેથી નિરોધ સિદ્ધ થાય તે માટે પોતાનું સ્વરૂપ પણ તેવું જ (લૌકિક) દર્શાવેલું છે. આ અર્થ ૧૦।૩।૪૬માં ભગવાન્ 'પ્રાકૃત બાલક થયા' એમ કહેલો છે. લોકમાં એવું દેખાય છે કે જેમ જેમ વિઘ્નો બહુ આવે તેમને દૂર કરવાથી ફરી ફરી ફલનો અનુભવ થાય છે, તેમ તેમ ફલ પ્રાપ્ત થવું કઠણ છે એવા જ્ઞાનથી તેમાં આસક્તિ પણ વધતી જાય છે. તેથી નંદજી વિગેરેની પોતામાં આસક્તિ થાય તે માટે પૂતના વિગેરે વિઘ્ન કરનારાંઓને ઉભાં કરાવી પછી તે વિઘ્નોનું નિરાકરણ કરીને ભગવાન્ પોતે જ શ્રેયોરૂપ થઈ ફલે છે. આ બધું મનમાં રાખીને શ્રીમદાચાર્યચરણે આ કહેલ છે. (ટિ)

૪. પહેલાં ભગવાન્ પ્રકટ થયા તે સમયે જ શ્રેયોરૂપ સ્વરૂપનું ધારણ થએલું છે એવા હેતુથી, ભૂતકાલના અર્થમાં ક્રિયાતિપત્ત્યર્થ (conditional) યોજાએલો છે એમ કહેલું છે. (લે)

'આધાસ્યત્' એ 'આ'(ઉપસર્ગ)+'ધા'(ધાતુનું) ક્રિયાતિપત્ત્યર્થ ત્રીજા પુરુષનું એકવચન નું રૂપ છે. આ ક્રિયાતિપત્ત્યર્થ, ભવિષ્યકાળ અને ભૂતકાળ એ બંને કાળ દર્શાવે છે. તેથી ભૂતકાળમાં શ્રેયનું ધારણ તથા પોષણ કર્યું અને ભવિષ્યમાં કરશે એવો અર્થ થયો.

૫. 'દોષો દૂર થાય તે માટે' એટલે તમો શ્રેયનું ગ્રહણ કરો તેમાં જે વિઘ્નો આવે તે દૂર થાય તે

તે અને જે તેમણે કર્યાં તે કર્મો કહીને, પરમ આનંદ આપનારાં કર્મો પણ (તે) કરશે, એમ 'ગોપ અને ગોકુલને આનંદ આપનાર' શબ્દથી કહે છે. એટલે (ભગવાન્) ગોપો અને ગોકુલને આનંદ આપનારા છે. 'ગોપ' શબ્દમાં ગોપીઓનો પણ સમાવેશ થાય છે, અને 'ગોકુલ' શબ્દમાં ગોકુલના સંબંધીઓ જેટલા તેના ઉપર આધાર રાખનારા છે તે બધાનો (સમાવેશ થાય છે). તે બેઉ પ્રકારના (જીવો)ને પણ (ભગવાન્) આનંદ કરાવશે, એમ ક્રીડા (લીલા) અને તેમાં વિઘ્ન કરનારનો વધ કહેલાં છે.

'કંસ જાણશે તો મારશે એવો ભય તમે (ગર્ગાચાર્યે) ઉત્પન્ન કર્યો છે એનું શું?' એવી શંકા થાય, તેથી ઉત્તરાર્ધ યોજેલું છે. આ ભગવાનથી સર્વે સંકટો એટલે કંસે કરેલ ઉપદ્રવરૂપ સંકટના બધાએ પ્રસંગો તમે બધાએ સ્હેલાઈથી એટલે કાંઈ પણ પ્રયાસ વિના તરશો. તેથી કંસ વિગેરેનો ભય પણ રાખવો નહિ. મેં (જે ઉપદ્રવ થશે) એમ[6] કહ્યું તે વસુદેવને અને મને ઉપદ્રવ થશે એમ કહેલું છે, પણ તમને (ઉપદ્રવ થશે એમ) કહેલું નથી એવો ભાવ છે. આ પ્રમાણે આમનાથી સર્વ દુઃખો દૂર થઈને તમને સર્વ પુરુષાર્થ સિદ્ધ (પ્રાપ્ત) થશે એમ કહેલું છે, તેથી આમને ચિંતા નથી એમ કહેવાયું જ. ૧૭.

મોક્ષ પણ આમનાથી જ થશે અને તે માટે (જરુરી) ઇન્દ્રિયોનો જય પણ (આમનાથી જ થશે) એમ કહેવા, અને પહેલાં જે કહ્યું તેનું પ્રમાણ પણ (જણાવવા) નીચેનો શ્લોક કહે છેઃ

**પુરાનેન વ્રજપતે સાધવો દસ્યુપીડિતાઃ ।।**
**અરાજકેઽરક્ષ્યમાણા જિગ્યુર્દસ્યૂન્ સમેધિતાઃ ।।૧૮।।**

હે વ્રજપતિ ! પહેલાં લૂંટારાઓથી પીડાએલા સાધુઓએ રાજા વિનાના પ્રદેશમાં કોઈથી નહિ રક્ષાતાં આમનાથી બલવાન થઈ લૂંટારાઓને જીત્યા હતા.૧૮.

હે વ્રજપતિ ! લૂંટારાઓથી પીડાએલા હોવા છતાં આ ભગવાનને લીધે સાધુઓએ બલવાન થઈ લૂંટારાઓને જીત્યા હતા. (તેથી) કંસ વિગેરે ચોરની પેઠે નજીવો ઉપદ્રવ પણ કરી શકશે નહિ; કારણ કે આમનું સ્વભાવિક કર્મ જ એવું છે. 'હે વ્રજપતિ !' એ સંબોધન પોતાને સુખ થાય તેમ વિહાર કરનારાં આખાય

માટે. (લે)

૬. પાછલ નવમા શ્લોકમાં 'કંસ મારશે' એમ કહ્યું, ત્યાં 'કંસ વસુદેવને અને મને મારશે' એવો અર્થ જાણવો. વળી પાછલા સાતમા શ્લોકનાં શ્રીસુબોધિનીમાં 'દ્રવ્ય અને સંસ્કારનો વિરોધ હોય' ત્યાં એમ કહ્યું, ત્યાં 'દ્રવ્યના વિરોધને લીધે બીજાઓને તે મારશે' એવો અર્થ છે એમ જાણવું. (લે)

વ્રજનું સર્વ તરફથી કુશલ થશે એમ જણાવે છે. તેથી (તમારે) ગમે ત્યાં રહેવું, (તેમાં) કાંઈ ચિંતા નથી એવો ભાવ છે. 'પહેલાં' એવું વચન કહેલું છે, તેથી 'આ (ભગવાન્) નિત્ય છે, માત્ર હમણાં તમારે ઘેર અવતર્યા છે એવું નથી' એમ જણાવેલું છે. 'આમનાથી' શબ્દ એમ જણાવે છે કે આ ભગવાન્ તેમનો (જેમને લીધે સાધુઓએ બલવાન થઈ લૂંટારાઓને જીત્યા તેમનો) અવતાર નથી, પણ તે આ જ હતા. (નંદજીને આ વૃત્તાંતનું) જ્ઞાન નથી એમ જણાવવા 'હે વ્રજપતિ!' સંબોધન કરેલું છે. લૂંટારાઓ એટલે રાવણ વિગેરે, કારણ કે 'ત્રસદ્દસ્યુ' (ભય પામતા લૂંટારા) પદની વ્યુત્પત્તિ એવી કરેલી છે. 'હે રાજા! જેમાં આ છ લૂંટારાઓ છે' (શ્રીમદ્ભાગવત ૫।૧૩।૨) એમ ભવરૂપી વનમાં ઇન્દ્રિયોને (લૂંટારા) કહેલી છે. કંસે તૃણાવર્ત વિગેરેને મોકલેલા હોવાથી તે પણ લૂંટારો છે.

'આ (ભગવાને) લૂંટારાઓને મારેલા એમાં પ્રમાણ શું?' એવી શંકા થાય, તેથી 'સાધુઓ' પદ યોજેલું છે. જો ભગવાને અંતઃકરણમાં રહેલા ચોરોને અને બહાર રહેલા ચોરોને માર્યા ન હોત તો સાધુઓ જ ન હોત. ખાસ નિશાનીથી પણ મારે છે, એમ જણાવવા 'લૂંટારાઓથી પીડાએલા' શબ્દ યોજેલો છે. (સાધુઓ) લૂંટારાઓથી હણાઈ ગએલ ધનવાળા થયા પછી તેમને બલવાન કર્યા, એટલે તેઓ પહેલા હતા તેવા જ અને તેથી પણ વધારે બલવાળા કર્યા; પછી તેઓ જીત્યા એટલે તેઓએ પોતે જ લૂંટારાઓને જીત્યા. તેથી તમે (નંદજી વિગેરે) પણ આમનાથી (ભગવાનથી) બલવાન થઈ પોતે જ લૂંટારાઓને જીતશો. એવી રીતે (૧) સર્વ દોષોને મટાડનારાં, (૨) સર્વ સુખ ઉત્પન્ન કરનારાં, (૩) સર્વ સામર્થ્ય ઉત્પન્ન કરનારાં, એવાં ત્રણ પ્રકારનાં ભગવાનનાં કર્મોનું નિરૂપણ કર્યું [1].

'પહેલાં રાજાઓ હતા, છતાં સાધુઓને દુષ્ટોએ કેવી રીતે ઉપદ્રવ કર્યો?' એવી શંકા થાય છે, તેથી 'રાજા વિનાના પ્રદેશમાં' પદ યોજેલ છે. જે દેશમાં રાજાઓ ન હતા (ત્યાં એમ થયું હતું). સર્વ રાજાઓને પરશુરામે હણ્યા હતા, અને વિવેક વિગેરે(સદ્ગુણો)ને કાલે હણ્યા હતા. તેથી જ (સાધુઓની) રક્ષા કરનાર કોઈ ન હતું, અને તેમણે રક્ષણ કરનારની દરકાર પણ ન કરી. તેથી તમોએ (નંદજી વિગેરેએ) પણ કંસની દરકાર મૂકી દઈ રાજાની પેઠે સ્વતંત્ર રીતે રહેવું એવો ઉપદેશ પણ કહ્યો (થયો). ૧૮.

એ પ્રમાણે કર્મો કહી, હવે નીચેના શ્લોકથી (ભગવાનના) ગુણો કહે છેઃ

**ય એતસ્મિન્ મહાભાગાઃ પ્રીતિં કુર્વન્તિ માનવાઃ ।।**

---

૧. દોષો દૂર કરીને શ્રેયને ધારણ કરશે અથવા પોષશે, એમ સર્વ દોષને મટાડનારાં અને ગોપ તથા ગોકુલને આનંદ આપનારાં થશે, એમ સુખ ઉત્પન્ન કરનારાં કર્મો ગયા શ્લોકમાં કહ્યાં. આ શ્લોકમાં સર્વ સામર્થ્ય ઉત્પન્ન કરનારાં કર્મો કહ્યાં, એવી રીતે ત્રણ પ્રકારનાં કર્મો કહ્યાં.

**નારયોભિભવન્ત્યેતાન્ વિષ્ણુપક્ષાનિવાસુરાઃ ||૧૯||**

જેમ વિષ્ણુના પક્ષપાતવાળાઓનો અસુરો પરાભવ કરતા નથી, તેમ જે મહાભાગ્યવાળા માનવો આમનામાં પ્રીતિ કરે છે, તેવા આમનો શત્રુઓ પરાભવ કરતા નથી. ૧૯.

ભગવાનના ગુણો તો પોતે જ પ્રભાવરૂપ છે, અને તેથી ક્રિયાની અપેક્ષા રાખતા નથી.

જે મહાભાગ્યવાળાઓ આ ભગવાનમાં પ્રીતિ એટલે સ્નેહ કરે છે તેમનો શત્રુઓ પરાભવ કરતા નથી.

'ત્યારે બધાએ પોતાની મેળે જ (ભગવાનમાં પ્રીતિ કેમ કરતા નથી ?' એવી શંકા થાય, તેથી ભગવાનમાં પ્રીતિ કરવા માટે (૧) સ્વરૂપની યોગ્યતા અને (૨) સહકારીની યોગ્યતાની જરૂર છે એમ કહે છે. (૧) માનવો મનુથી ઉત્પન્ન થએલા સદ્ધર્મરૂપ છે. 'મન્વંતર સદ્ધર્મ છે' (ભાગ.૨|૧૦|૪) વાક્ય પ્રમાણે તેઓ ધર્મ માટે જ ઉત્પન્ન થએલા હોવાથી સ્વરૂપથી (ભગવાનમાં પ્રીતિ કરવા માટે) યોગ્ય છે. (૨) 'પહેલાંનાં હજારો જન્મોમાં તપ, ધ્યાન અને સમાધિથી જે માણસોનાં પાપોનો ક્ષય થએલ હોય તેઓની શ્રીકૃષ્ણમાં ભક્તિ થાય છે' વાક્ય[1] પ્રમાણે મોટા ભાગ્યથી જ ભગવાનમાં પ્રીતિ ઉત્પન્ન થાય છે, તેથી મહાભાગ્યવાળા (હોવું જોઈએ).

સદા એક જ પ્રકારની પ્રીતિ રાખવી જોઈએ, એમ જણાવવા 'પ્રીતિ' શબ્દ એકવચનમાં યોજેલો છે; અથવા પટવસ્ત્રની પેઠે[2] તે વધતી જવી જોઈએ, એમ જણાવવા (એ શબ્દ એકવચનમાં યોજેલો છે); અથવા કટકે કટકે[3] પ્રીતિ કરવાની નથી, એમ જણાવવા (એ શબ્દ એકવચનમાં યોજેલો છે). પ્રીતિ કરવાનું કારણ[4] તો કહેલું જ છે. 'જે' એમ પ્રસિદ્ધ હોવાથી, તેઓને (પ્રીતિ કરનારાઓને) જણાવેલા છે. તેઓ તમે છો, એમ જણાવવા ફરી 'તેવા આમનો' એમ કહેલ છે. આમનો એટલે અહિં (ગોકુલમાં) ચારે તરફ દેખાતા ગોકુલવાસીઓનો.

'(શત્રુના) અંતર્યામી પ્રેરણા કરે તેથી જ તેઓ (શત્રુઓ) પરાભવ કરતા નથી, આ (એમ) અવશ્ય કહેવું જોઈએ. ભક્તિ તો માત્ર (શત્રુના) અંતર્યામીઓને એવી પ્રેરણા કરે તે માટે જ છે. તેથી આ રીતે ભગવાનના ગુણો જણાવી શકાશે

૧. આ વાક્ય પાંડવગીતામાં છે તે જાણવું. (પ્ર)

૨. જેમ તંતુઓ (તાણાં વાણાં) મેળવવાથી ધીરે ધીરે વસ્ત્ર મોટું થતું જાય છે અને એક જ રહે છે, તેમ સર્વે ઈન્દ્રિયોથી પ્રીતિ કરતા રહેવાથી, વધતી જતી પ્રીતિ એક જ રહે છે. (લે)

૩. સર્વ ઈન્દ્રિયો વડે પણ ભગવાનમાં જ પ્રીતિ કરવી એવો અર્થ છે. (લે)

૪. 'મહાભાગ્યવાળા' અને 'માનવ' પદોથી ભગવાનમાં પ્રીતિ થવાનું કારણ કહેલું છે. (પ્ર)

નહિ' એવી શંકા થાય, તેથી 'જેમ વિષ્ણુના પક્ષપાતવાળાઓનો અસુરો (પરાભવ કરતા નથી)' એમ કહેલું છે. વિષ્ણુ જેઓના પક્ષમાં એટલે પક્ષપાતમાં છે (એટલે) આમનું રક્ષણ કરનાર વિષ્ણુ છે એવી જેઓમાં અસુરોની બુદ્ધિ (જ્ઞાન) છે, તે 'વિષ્ણુપક્ષાઃ' '(વિષ્ણુના પક્ષપાતવાળા).' તેથી પોતાનું કાર્ય નિરર્થક થશે એવા ભયથી અસુરો તેઓને પીડા કરતા નથી. (તેઓનો પરાભવ કરતા નથી). અસુરોના અંતર્યામી તેઓને આસુરભાવથી જ પ્રેરણા કરે એવો નિયમ હોવાથી, અંતર્યામી તેઓને બીજી રીતે (પરાભવ ન કરવા) પ્રેરણા કરતો નથી. તેથી અંબરીષ વિગેરેના ચરિત્રમાં એમ પ્રસિદ્ધ હોવાથી, ખાસ નિશાનીથી (ખાસ રીતે, ખાસ કરીને) જ ભગવાન્ (પોતામાં પ્રીતિ કરનારાઓનું) પાલન કરશે, એવું સર્વત્ર પ્રસિદ્ધ હોવાથી (અસુરો તેઓનો પરાભવ કરતા નથી).

ભગવાનમાં પ્રીતિ(હોવા)નો આ પ્રભાવ છે. ગુણો તે જ ગણાય, જે પ્રભાવવાળા હોઈ પરંપરાથી પણ પ્રભાવ[૫] ઉત્પન્ન કરે(દર્શાવે). આથી એમ સૂચવ્યું છે કે (ભગવાનના સાક્ષાત્ ગુણો અનંત છે, અને તે વર્ણવી શકાય તેવા પણ નથી. ૧૯.

એ પ્રમાણે ગુણોને માત્ર દૃષ્ટાંત તરીકે કહીને, ખાસ રીતે ગુણોને કહેતાં, ઉપસંહાર કરવાના બાનાથી ભગવાનની રક્ષા કરવાનો ઉપદેશ કરે છેઃ

**તસ્માન્નન્દાત્મજોઽયં તે નારાયણસમો ગુણૈઃ ।।**
**શ્રિયા કીર્ત્યાઽનુભાવેન ગોપાયસ્વ સમાહિતઃ ।।૨૦।।**

તેથી હે નંદજી ! આ તમારો પુત્ર ગુણોથી તથા શોભા કીર્તિ અને પ્રભાવથી નારાયણની સમાન છે. સાવધાન રહી (તેમનું) રક્ષણ કરો. ૨૦.

આ (ભગવાન્) મોટા પ્રભાવશાળી અને પહેલાં કહ્યાં તેવાં કર્મો કરનારા અલૌકિક છે. તેથી હે નંદ એટલે સર્વને આનંદ કરાવનાર ! તમારું નામ સાર્થક થાય તે માટે પણ[૧] આમનું ભગવાનનું પાલન કરો એવો ભાવ છે. આ તમારો કુમાર ગુણોને લીધે નારાયણની સમાન છે. નારાયણ પણ ત્રણ પ્રકારના છે[૨]. (૧) અક્ષર

૫. (અસુરો) પ્રીતિનો નાશ કરવા સમર્થ નથી, એ પ્રીતિનો પ્રભાવ છે. તેઓ જેમને ભગવાનમાં પ્રીતિ છે તેઓનો પણ નાશ કરી શકતા નથી, એ (પ્રીતિનો) પરંપરાથી પ્રભાવ છે. (લે)

૧. અહિં શ્રીસુબોધિનીમાં 'ચ' 'અને' (પણ) શબ્દ છે. તેનો અર્થ એવો છે કે પહેલાં જણાવ્યું તેવું ફલ પ્રાપ્ત થાય તે માટે પણ. (પ્ર)

૨. ત્રીજા સ્કંધના ૧૯મા અધ્યાયના અંતે (૩૮મા શ્લોકનાં) શ્રીસુબોધિનીમાં 'નારાયણ' શબ્દની ત્રણ વ્યુત્પત્તિ કરેલી છે. (પ્ર) ''(૧) નરમાંથી ઉત્પન્ન થએલા તત્ત્વોને જ્ઞાનીઓ 'નાર' જાણે છે. (૨) નરોનો સમૂહ નાર. (૩) જલો નાર કહેવાય છે. (નાર અયન (સ્થાન) છે જેમનું તે નારાયણ) અહિં પહેલાં અર્થમાં નારાયણ એટલે પુરુષોત્તમ, બીજામાં અક્ષર

(૨) પુરુષ અને (૩) અંતર્યામી. ગુણોને લીધે જ (તમારો પુત્ર) તેમની (ત્રણ પ્રકારના નારાયણની) સમાન છે, તેમનાં કર્મ અને પ્રભાવ તો (નારાયણના કર્મો તથા પ્રભાવથી) અધિક છે. (૧) નરમાંથી ઉત્પન્ન થએલ (નાર તે અયન છે જેમનું તે નારાયણ) એવો (નારાયણનો) અર્થ લેતાં, સૃષ્ટિમાં જેટલા જીવોના સમૂહો ઉત્પન્ન થએલા છે તે બધા ભગવાનના ગુણોને જણાવનારા છે, અને તે બધા ગુણો પ્રસિદ્ધ થાય તે માટે[3] (ભગવાન્) તેવા રૂપવાળા થએલા છે. (૨)બીજા પુરુષે[4] તો વિશેષે કરીને પોતાના સંબંધને યોગ્ય જીવોના સમૂહોનો પરિગ્રહ[5] કરેલો હોવાથી, તેઓને પોતાની સમાન કરવા માટે તેઓના સ્વભાવને મટાડનારા ગુણો તેઓના પ્રભાવ સહિત કહેલા છે. (૩) તૃતીય પુરુષ અંતર્યામી તો જાણે જીવને વશ[6] હોય તેમ તેને અધીન થઈને તેનાં સર્વ કાર્યોને પ્રેરે છે, એટલે તેમના (અંતર્યામી તૃતીય પુરુષના) ભક્તિ ઉત્પન્ન કરનારા અસાધારણ ગુણો કહેલા છે. આ ત્રણે પ્રકારના ગુણો પણ ભગવાન્ શ્રીકૃષ્ણમાં છે. તેથી ગુણોની બાબતમાં (ભગવાન્ શ્રીકૃષ્ણ) નારાયણની સમાન છે. બીજા ધર્મોથી પણ તે નારાયણની સમાન છે, એમ 'શોભા, કીર્તિ અને પ્રભાવથી' શબ્દોથી કહે છે. બ્રહ્માંડની અંદર ત્રણ નારાયણ[7] છે. (૧) (એક) વૈકુંઠમાં લક્ષ્મીજી સાથે (વિરાજે છે), (૨)

---

અને ત્રીજામાં બ્રહ્માના પિતા છે.'' એ પ્રમાણે ત્યાં ત્રણ વ્યુત્પત્તિ કરેલી છે. (પ્ર)

૩. નારાયણમાં ભગવાન્ શ્રીકૃષ્ણના જેવા જે ધર્મો છે તે અહિં કહેલા છે, કારણ કે આ સાધારણ સૃષ્ટિ જે અક્ષર(બ્રહ્મ)માંથી ઉત્પન્ન થઈ છે, તેથી લીલાસૃષ્ટિ જુદા પ્રકારની છે. આ લીલાસૃષ્ટિમાં ભગવાને ઉત્પન્ન કરેલા જીવોના સમૂહોના દશે રસ સંબંધી જેટલા ભાવો છે તે બધા ભગવાન્ સંબંધી છે, અને એવા ભાવવાળા આ જીવો હોવાથી તેઓના ભાવનું પોષણ કરવા ભગવાને પણ પોતામાં રહેલા તેવા જ ગુણો પ્રકટ કરેલા છે. તેથી તેઓ (તેવા ભાવવાળા લીલાના જીવો) ભગવાનના ગુણોને જણાવનારા છે. 'આવા જીવો જેમને એવું સામર્થ્ય કુદરતી હોય તેવા તો કોઈક જ હોય' એમ પણ ન માનવું, કારણ કે ભગવાન્ પોતે જ એવા જીવરૂપ પ્રકટ થયા છે એમ જણાવવા, 'તે બધા ગુણો પ્રસિદ્ધ થાય તે માટે (ભગવાન્) તેવા રૂપવાળા થએલા છે' એમ કહેલું છે. આથી એમ જણાવ્યું છે કે પ્રાકૃત જીવોને આ રસની પ્રાપ્તિ થતી નથી. (ટિ)

૪. બીજા પુરુષ એટલે બ્રહ્માંડ જેમનો વિગ્રહ (દેહ) છે તેવા પુરુષ. (પ્ર) (અક્ષર)

૫. શ્રીકૃષ્ણે આવો પરિગ્રહ વ્રજસુંદરીઓનો જ કરેલો છે. તેમનામાં અધિક રસ પ્રકટ થતાં તેઓ પુરુષ પેઠે પ્રવર્તે છે, એટલે આગળ કહેલા (ભગવાનની સમાનતા કરાવનાર) ધર્મો સ્પષ્ટ છે. (ટિ)

૬. શ્રીકૃષ્ણ ગોપીઓને અધીન થયા હતા એ સ્પષ્ટ છે. જુઓ ૯।૪।૬૩ અને ૧૦।૨૯।૨૧. આગળ 'આ ત્રણે પ્રકારના ગુણો પણ ભગવાન્ શ્રીકૃષ્ણમાં છે' એ સ્થલે આ જ કહેલું છે. (ટિ)

૭. 'ત્રણ નારાયણ છે' એટલે ત્રણ નારાયણ પ્રસિદ્ધ છે એવો અર્થ છે. આવો અર્થ હોવાથી

(બીજા) સૂર્યના મંડલમાં સર્વ વેદો સહિત (વિરાજે છે) અને (૩) (ત્રીજા) ભૂમિ ઉપર સર્વ બ્રાહ્મણોમાં યજ્ઞનારાયણરૂપે (વિરાજે છે). (ભગવાન્ શ્રીકૃષ્ણ) આ ત્રણે જેવા પણ છે.

(૧) જેમ લક્ષ્મીજીના (ક) સર્વ જગતની માતા, (ખ) અક્ષરાનંદરૂપ, અને (ગ) સર્વ શોભાના ધામરૂપ આ ત્રણ (ગુણો) (નારાયણ) કરે છે, એટલે જેમ વ્યાપીવૈકુંઠમાં રહેલા ભગવાન્ (નારાયણ) (ક) લક્ષ્મીજીને જગતને ઉત્પન્ન કરનારાં બનાવે છે, (ખ) તેમને પણ પરમાનંદ (આપે છે), અને (ગ) સર્વની શોભારૂપ એવાં તેમની પણ શોભા (કરે છે), જેમ તે લક્ષ્મીજી માટે આટલું કરે છે તેમ શ્રીકૃષ્ણ પણ એટલું કરે છે[૮].

(૨) જેમ સૂર્યના મંડલમાં રહેલા (નારાયણ) સર્વ લોકોમાં કીર્તિ સ્થાપે છે (તેવી જ શ્રીકૃષ્ણની કીર્તિ પણ છે). 'આ સૂર્ય ઉગ્યો ન હોય ત્યાં સુધી સર્વ ભુવન કમલ જેવું (ખીલતું) થતું નથી' વાક્ય પ્રમાણે કીર્તિ સૂર્યમાં રહેલી છે, કારણ કે (સૂર્યથી) પોતાની મેળે જ સર્વની ટાઢ, અજ્ઞાન વિગેરે સર્વ દુઃખો દૂર થાય છે, અને સર્વ સુખ પ્રાપ્ત થાય છે. શ્રીકૃષ્ણની કીર્તિ પણ તેવી જ છે. જ્યારથી તેમનો ઉદય (પ્રાકટ્ય) થયો ત્યારથી ભાગવત વિગેરે ગ્રંથોમાં સૂર્યની પેઠે જ (તે) પ્રકાશે છે.

(૩) જેમ યજ્ઞો આધિદૈવિક હોઈ સર્વનાં સર્વ કાર્યો કરે છે અને દૂરથી જ પોતાનું માહાત્મ્ય જણાવે છે, તેમ ભગવાન્ શ્રીકૃષ્ણ પણ મોટા પ્રભાવવાળા છે. એવી રીતે ભગવાન્ શ્રીકૃષ્ણ પોતાના ગુણોથી એટલે છ ગુણોથી છ નારાયણોની[૯] સમાન છે; એટલે 'શોભા, કીર્તિ અને પ્રભાવથી' એ તેનું જ વિવરણ છે.

એ પ્રમાણે ભગવાનના ગુણો કહીને, 'ચ' 'અને' શબ્દથી સત્ય શૌચ વિગેરે પ્રથમસ્કન્ધ(અ.૧૬. શ્લો.૨૬)માં કહેલા ગુણોનો તેમાં સમાવેશ કરીને, (ભગવાન શ્રીકૃષ્ણ) નિધિ જેવા છે એમ સિદ્ધ કરી, 'સાવધાન થઈ, રક્ષણ કરો' શબ્દોથી એવો ઉપદેશ કરે છે, કે સાવધાન અન્તઃકરણવાળા થઈને, પ્રપંચને ભૂલી જઈ (તેમનું) રક્ષણ કરો[૧૦]. આટલાથી એમ કહ્યું કે સર્વ પ્રકારે ભગવાનની સંભલળ

---

'વૈકુંઠમાં લક્ષ્મીજી સાથે વિરાજે છે' એમ કહે છે તે બરાબર છે, કારણ કે વૈકુંઠ બ્રહ્માંડની બહાર હોવાથી, એ નારાયણ બ્રહ્માંડમાં છે એમ ન કહે, (એ નારાયણ બ્રહ્માંડમાં નથી, પણ બ્રહ્માંડમાં પ્રસિદ્ધ છે). અહિં 'વૈકુંઠનો અર્થ 'વ્યાપિવૈકુંઠ' લેવો, કારણ કે આગળ 'જેમ વ્યાપિવૈકુંઠમાં રહેલા ભગવાન્ નારાયણ...' એમ કહે છે. (લે)

૮. 'કરે છે' એટલે 'વ્રજસુંદરીઓ માટે કરે છે'. (ટિ)

૯. 'નારાયણની ત્રણ પ્રકારે વ્યુત્પત્તિ કરી તે ત્રણ, અને બ્રહ્માંડમાં પ્રસિદ્ધ ત્રણ–મળી કુલ છ નારાયણો.

૧૦. ભગવાનનું આટલું બધું માહાત્મ્ય જણાવ્યું. છતાં છેવટે 'આ ભગવાનમાં મુખ્યપણે સ્નેહ જ કરવો' એમ કહેવા, ભગવાનની રક્ષા કરવાનો ઉપદેશ 'રક્ષણ કરો' શબ્દથી કરે છે એવો

રાખવી, તમારે ક્યાંય જવું નહીં અને તેમને ક્યાયંય લઈ જવા નહીં. (૨૦)

એટલું કહીને (ગર્ગાચાર્ય) ગયા ત્યારે જે થયું તે નીચેના શ્લોકમાં કહે છેઃ

શ્રીશુક કહે છેઃ

**ઇત્યાત્માનં સમાદિશ્ય ગર્ગે ચ સ્વગૃહં ગતે ।।**
**નન્દઃ પ્રમુદિતો મેન આત્માનં પૂર્ણમાશિષામ્ ।।૨૧।।**

એ પ્રમાણે પોતાને સારી રીતે ઉપદેશ આપી અને ગર્ગ પોતાને ઘેર ગયા ત્યારે આનંદ પામેલા નંદજીએ પોતાને (સર્વ) કામનાઓથી પૂર્ણ માન્યા. ૨૧.

પોતાને એટલે નંદજીને અથવા ભગવાનને સારી રીતે કહીને અથવા ઉપદેશ આપીને ગર્ગાચાર્ય પોતાને ઘેર એટલે મથુરા ગયા, ત્યારે નંદજીએ તેમના વાક્યથી ઘણો જ આનંદ પામીને પોતાને આશિષોના એટલે આશિષોથી પૂર્ણ માન્યા, એવો (વાક્યનો) સંબંધ છે. (ભગવાનને સાચવવાની) પોતાની અયોગ્યતાને લીધે મહાન(ભગવાન)ના જ્ઞાનથી (આ ભગવાન્ છે એવું જ્ઞાન થવાથી) (નંદજી) ભય ન પામ્યા, તેમજ આ (ભગવાન્) હરકોઈ પ્રકારે પ્રાપ્ત થએલ હોવાથી તે પુત્ર નથી એમ જાણીને દુઃખી પણ ન થયા. (૧) ગર્ગાચાર્યે જે કહ્યું તે પ્રમાણ છે એમ જણાવવા, (૨) શ્રીકૃષ્ણ ભગવાન્ છે (અને તેથી સર્વના) આત્મા છે એમ જણાવવા અને (૩) નંદજી કૃતાર્થ (થયા છે), એમ ત્રણ (બાબત) જણાવવા 'આત્માનં' 'પોતાને' પદ યોજેલું છે. 'સારી રીતનો ઉપદેશ' એટલે આ(ભગવાન)ના વિષે શંકા કરવી નહિ, બીજા(કોઈ)થી ભય રાખવો નહિ, અને આમનું સારી રીતે રક્ષણ કરવું, તેવો આદેશ અથવા આજ્ઞા; કારણ કે તે પ્રમાણે ન ચાલવાથી ગર્ગાચાર્ય [1] પણ કોપ કરે. એટલો ઉપદેશ કરીને અને (ભગવાનનું) નામકરણ કરીને ગર્ગાચાર્ય (પોતાને ઘેર) જતા હોય ત્યારે રસ્તામાં જો કંસ કાંઈ

---

અર્થ છે. એમ ન હોય તો આટલા બધા માહાત્મ્યવાળા શ્રીકૃષ્ણનું રક્ષણ કરવાનું કહેત નહિ, કારણ કે તે ભગવાન્ પોતે જ સર્વનું રક્ષણ કરનારા છે. તેથી માહાત્મ્ય જાણીને તેમના ઉપરના સ્નેહનું જ મુખ્યપણાથી રક્ષણ કરવું. આમ હોવાથી ભગવાનની સેવામાં પણ સ્નેહના જ ઉપચારો સદા કરવા. પણ 'આ ભગવાન્ છે એટલે એમને ટાઢ અથવા તાપનો સંબંધ થતો નથી, તેથી રૂના ડગલા અથવા ચંદન વિગેરે તેમને અર્પણ કરવાનું કાંઈ પ્રયોજન નથી' એવી બુદ્ધિ ન કરવી, એવું તાત્પર્ય નીકળે છે. (લે)

૧. આ આજ્ઞા માત્ર ગર્ગાચાર્યે કરી છે એમ નહિ, પરંતુ ગર્ગાચાર્ય મારફત ભગવાને કરેલી છે. તેથી એ આજ્ઞા પ્રમાણે ભવિષ્યમાં વર્તવામાં ન આવે તો લૌકિક અને અલૌકિક અનુભવથી ગર્ગ અને ભગવાન્ બંનેનો કોપ જણાય; અથવા આગળ 'નંદજીએ પોતાને કામનાઓથી પૂર્ણ માન્યા' એમ કહેલું છે, ત્યાં જે અર્થ સૂચવેલો છે તે અહિં કહે છે. ભગવાને ગર્ગાચાર્ય દ્વારા ત્યાં જેઓ હતા તેમને પોતાના સ્વરૂપનું જ્ઞાન કરાવ્યું. તેથી તે સ્વરૂપજ્ઞાન ગ્રહણ કરવામાં ન આવે તો ગર્ગ અને ભગવાનનો કોપ થાય. આ અર્થમાં અહિં (શ્લોકના પૂર્વાર્ધમાં) 'આત્માનં' શબ્દ છે, તેનો અર્થ 'ભગવાન્' થાય છે એમ જાણવું. (પ્ર)

દુઃખ દે તો પણ (નંદજીના) ચિત્તની સ્વસ્થતા રહે નહિ, તેથી 'ગર્ગ પોતાને ઘેર ગયા ત્યારે' એમ કહેલું છે. મૂલમાં 'ચ' 'અને' શબ્દ છે (તે એમ જણાવે છે કે) ગોકુલમાં ગર્ગાચાર્ય(નું આવવું) અને (તેમણે કરેલું) કર્મ (નામકરણ) પ્રકટ ન થાય[2], તે માટે (એ) બે બાલકો (બલભદ્ર અને શ્રીકૃષ્ણ) તથા પોતે (નંદજી) અને બીજા અંતરંગ (ભક્તો) જે ત્યાં હતા તે બધા[2] પોતાને ઘેર ગયા, ત્યારે નંદજી 'હું સાર્થક નામવાળો (બધાને આનંદ કરાવનારો) થઈશ, એમ બહુ આનંદ પામ્યા; (કારણ કે તેમણે) મોટા નિધિ (ભગવાન્) પ્રાપ્ત કર્યા હતા; અને આશિષોને એટલે સર્વ ઈચ્છેલા પદાર્થોને અને બીજાઓને પણ પૂર્ણ કરવા માટે પોતે પૂર્ણ પરમ અતિશય કાષ્ઠા(સ્થિતિ)એ પહોંચેલા છે એમ માન્યું, એટલે પોતાના મનમાં જ એવું તેમણે જાણ્યું. ૨૧.

એ પ્રમાણે ભગવાનના નામચરિત્રનું નિરૂપણ કરી, (ભગવાનના) રૂપનું ચરિત્ર કહેવા માટે, ભગવાનની ગતિ કાલરૂપ[1] હોવાથી, તે જ આધિદૈવિક[2] કાલ જતો હતો (થયો) ત્યારે ભગવાનની ગતિ થઈ, એમ નીચે દશ[3] શ્લોકોથી કહે છેઃ

---

૨-૨. 'ગર્ગાચાર્ય સિવાયના નંદજી વિગેરે જે ત્યાં હતા તેઓ તો શ્રીગોકુલમાં જ રહેતા હતા, તેથી તેઓ પોતાના ઘેર ગયા (પહોંચ્યા) એમ કહેવાનું કાંઈ પ્રયોજન ન હતું' એવી શંકા થાય, તેથી તેમ કહેવાનું તાત્પર્ય જણાવ્યું છે. તેઓ ઘેર ગયા ત્યારે રસ્તામાં કોઈએ 'ક્યાં ગયા હતા ? ક્યાંથી આવ્યા ?' એવા કાંઈ પ્રશ્નો પણ પૂછ્યા નહિ એવો ભાવ છે. તેથી નંદજીએ આત્માને એટલે ભગવાનને પૂર્ણ જાણ્યા. આવું ભગવાનનું જ્ઞાન સ્નેહથી વિરુદ્ધ નથી, તેથી રક્ષણ કરવાના કાર્યમાં તે નડતું નથી. (પ્ર)

ગર્ગાચાર્યે ફાગણ સુદ ૮ના રોજ ભગવાનનો નામકરણ સંસ્કાર કરેલો એમ પદ્મપુરાણના ઉત્તરખંડમાં છે. (પ્ર)

૧. કાલરૂપ-'આધિદૈવિક કાલમાં રૂપ એટલે સ્વરૂપ છે જેનું તેવી' એવો ટિપ્પણી પ્રમાણે અર્થ છે. (લે)

૨. (આધિદૈવિક કાલ ભગવાનની ગતિ છે એમ કહ્યું અને તે જતો હતો) એટલે ગતિ જતી હતી એમ થયું, તે યોગ્ય નથી એમ જણાય, પણ આનો વાસ્તવિક અર્થ નીચે પ્રમાણે (જણાય) છે. આગળના પ્રદેશનો સંબંધ થાય તે ગતિનું ફલ છે, અને તે કાલમાં થતી લીલા નિત્ય જ હોવા છતાં ક્રમથી ઢંકાય છે અને દેખાડવામાં આવે છે, એટલે જે કાલમાં ભાંખડીઆ ચાલવાની લીલા (દેખાડવામાં) આવે છે તે કાલ આ સમયે પ્રકટ થયો છે એટલે આ આધિભૌતિક કાલના સંબંધવાળો થયો છે. તેથી પહેલાં જે લીલાનો આવિર્ભાવ કરવામાં આવ્યો હતો તે કાલની પછીનો કાલ આ જ છે એમ (ક્રમે ક્રમે આચ્છાદન (ઢાંકી દેવું તે) અને પ્રકટ કરવાના) ન્યાય પ્રમાણે આનો (ભાંખડીઆ ચાલવાની લીલાના કાલનો) સંબંધી થતાં, તેણે એ લીલા પણ પ્રકટ કરી એવો ગૂઢ અર્થ છે. તેથી ભગવાનની લીલા નિત્ય છે, એમ જણાવવા 'કાલ જતો હતો ત્યારે' એમ કહ્યું એવો સાર છે. (ટિ+પ્ર+લે)

૩. અહિં ૧૧ શ્લોકો છે, છતાં એક શ્લોક (૨૮ 'અ')માં ભગવાનના રૂપનું નિરૂપણ કરેલું નથી

**કાલેન વ્રજતાલ્પેન ગોકુલે રામકેશવૌ ।।**
**જાનુભ્યાં સહ પાણિભ્યાં રિંગમાણૌ વિજહ્નતુઃ ।।૨૨।।**

થોડો સમય જતાં ગોકુલમાં રામ અને કેશવ બંને હાથો સાથે ઢીંચણોથી ભાંખડીઆ ચાલતા રમવા લાગ્યા. ૨૨.

આ શ્લોકોમાં અનંત પેટા ભેદોવાળું દશ પ્રકારનું ભગવાનનું રૂપ શુકદેવ કહેશે.

**ગતૌ ગતિવિશેષે ચ ભૂમૌ રૂપદ્વયં હરેઃ ।।**
**યશોદાયાં તથા રૂપમુપવિષ્ટં ત્રિધા મતમ્ ।।કા. ૭ા.।।**

૧.ગતિને લીધે[૪] અને ૨.અમુક પ્રકારની ગતિને લીધે[૫], એવાં બે હરિનાં રૂપો ભૂમિ ઉપર કહ્યાં; અને ૩.યશોદા ઉપર વિરાજેલું[૬] એમ ત્રણ પ્રકારનું ભગવાનનું બેઠેલું[૭] રૂપ કહ્યું. કા. ૭ા.

**અન્યાશ્રિતં સ્વતશ્ચૈવ કથઞ્ચિત્ સર્વથા તથા ।।**
**ઉત્થિતં તુ ત્રિધા રૂપં યુક્તં ત્રિવિધલીલયા ।।કા. ૮ા.।।**

૪.અન્યનો આશ્રય કરી રહેલું[૮], ૫.કાંઈક સ્વતંત્રતાથી લીલા કરતું[૯], ૬.સર્વ પ્રકારે સ્વતંત્રતાથી લીલા કરતું[૧૦], એમ ત્રણ પ્રકારની લીલાવાળું ત્રણ

---

તેથી દશ શ્લોકો કહેલા છે, એટલે ભગવાનના રૂપનું નિરૂપણ કરનારા દશ શ્લોકો છે એમ જાણવું. (પ્ર)

૪. આ શ્લોકમાં ભગવાનની ગતિનું નિરૂપણ કરેલું છે. (કા)

૫. ત્રેવીસમા શ્લોકમાં અમુક પ્રકારની ગતિનું નિરૂપણ કરેલું છે. એ પ્રમાણે ૨૨ અને ૨૩મા શ્લોકોમાં ભગવાનનાં ભૂમિ ઉપર બેઠેલાં બે રૂપોનું નિરૂપણ કરેલું છે. (કા)

૬. ૨૪મા શ્લોકમાં યશોદાજી ઉપર વિરાજતા (બેઠેલા) રૂપનું નિરૂપણ કરેલું છે. એ પ્રમાણે બેઠેલાં ભગવાનનાં ત્રણ પ્રકારનાં રૂપનું નિરૂપણ ૨૨।૨૩।૨૪ શ્લોકોમાં કરેલું છે. (કા)

૭. પહેલાં ત્રણ રૂપો કહ્યાં તેનો જ આ અનુવાદ છે. (ટિ)

૮. 'અન્યનો આશ્રય કરી રહેલું' એટલે હરકોઈ રીતે થોડાક પણ અંશથી કોઈનો આશ્રય કરી રહેલું એવો અર્થ છે. (ટિ)

આ રૂપનું નિરૂપણ ૨૫મા શ્લોકમાં કરેલું છે. એ શ્લોકના આભાસમાં 'પોતાની મેળે સ્થિતિ કરનારાઓની લીલા કહે છે' એમ કહ્યું છે, છતાં વાછરડાંઓનાં પૂંછડાઓનું અવલંબન કરેલું હોવાનું તેમાં કહેવામાં આવતું હોવાથી હરકોઈ પ્રકારે બીજાનો આશ્રય કરેલું તે રૂપ જાણવું. તેથી જ એ શ્લોકની અંતે કારિકામાં 'આ ગાયનું પૂંછડું ધારણ કરવાની પરાધીન લીલાનું નિરૂપણ કર્યું ' એમ કહેલું છે. (કા)

૯. 'સ્વતઃ' એટલે સ્વતંત્રતાથી કરાતી લીલાવાળું રૂપ.(ટિ) આ રૂપનું નિરૂપણ ૨૬મા શ્લોકમાં કરવામાં આવ્યું છે. તેમાં પણ માતાએ નિષેધ કરેલો હોવાથી લીલામાં પૂરેપૂરી સ્વતંત્રતા નથી. (કા)

૧૦. સંપૂર્ણ રીતે સ્વતંત્રતાથી કરવામાં આવતી લીલાવાળું રૂપ. (ટિ)

પ્રકારનું ઉત્થિત[૧૧](ઉભાં રહેલાં) ભગવાનનાં રૂપનું નિરૂપણ કર્યું. કા. ૮।।.

**બાલકૈર્મુગ્ધલીલાદ્યા ધાર્ષ્ટ્યધૌર્ત્યસમન્વિતે ।।**
**નિર્ગુણાવસ્થરૂપે ચ જ્ઞાપિતે તુ તતઃ પરમ્ ।।કા. ૯।।.।।**

૭.પહેલા બાલકો સાથે મુગ્ધ લીલાવાળું રૂપ[૧૨], ૮.ધૃષ્ટતાવાળું રૂપ[૧૩], ૯.ધૂર્તપણાવાળું રૂપ[૧૪] અને ત્યારપછી તો ૧૦.નિર્ગુણ[૧૫] અવસ્થાવાળું રૂપ જણાવેલું છે[૧૬]. કા. ૯।।.

**સાત્ત્વિકાદિવિભેદેન તત્તદ્ધ્રદયગામિનિ ।।**
**તાંસ્તાંસ્તુ ક્રમશો ભાવાન્ દૂરીકૃત્યાન્તિમે સ્થિરા ।।કા.૧૦।।.।।**

ભગવાનનું રૂપ સાત્ત્વિક વિગેરે ભેદોથી જૂદા જૂદા પ્રકારના જીવોના જૂદા જૂદા પ્રકારના હૃદયોમાં પ્રવેશ કરનાર થઈ, ક્રમથી તેઓના જૂદા જૂદા ભાવોને દૂર કરે છે, તેથી છેવટના(નિર્ગુણ) રૂપમાં તેઓના હૃદયની સ્થિતિ સ્થિર થાય છે[૧૭].

---

૧૧. આ રૂપનું નિરૂપણ ૨૭મા શ્લોકમાં કરવામાં આવ્યું છે. આ ૨૫।૨૬।૨૭મા શ્લોકમાં નિરૂપણ કરેલી ત્રણ પ્રકારની લીલાવાળાં ત્રણ પ્રકારનાં ભગવાનનાં ઉત્થિત (ઉભાં) રૂપો છે એવો અર્થ છે. (કા)

૧૨. એ પ્રમાણે ૨૨।૨૩।૨૪ શ્લોકોમાં ભગવાનની સાત્ત્વિક લીલાનાં રૂપો કહી, ૨૫।૨૬।૨૭ શ્લોકોમાં રાજસી લીલાનાં રૂપો કહી, હવે તામસી લીલાનાં રૂપો કહે છે. તેમાં પ્રથમ ૨૮મા શ્લોકમાં બાલકો સાથેની મુગ્ધલીલા (તામસ સાત્ત્વિક રૂપની) કહે છે. પછી શ્લોક ૨૮ 'અ' વધારાનો છે (એમાં કોઈ રૂપનું નિરૂપણ કરેલું નથી). (કા)

૧૩. આ રૂપનું નિરૂપણ ૨૯મા શ્લોકમાં કરેલું છે. આ રાજસ-તામસ લીલાનું રૂપ છે. (કા)

૧૪. આ રૂપનું નિરૂપણ ૩૦મા શ્લોકમાં કરેલું છે. આ તામસતામસ લીલાનું રૂપ છે. અહિં ૨૮'અ' શ્લોકમાં કોઈ રૂપનું કે લીલાનું નિરૂપણ કર્યું નથી, કારણ કે રાજસતામસ અને તામસતામસ લીલાઓનું વર્ણન કરવાનું શુકદેવજીને પોતાને યોગ્ય નહિ લાગવાથી, બીજાઓ ના (ગોપીઓના) મુખથી તે લીલાઓનું નિરૂપણ કરાવવા આ ૨૮'અ' શ્લોક કહેલો છે. આ રૂપ-પ્રકરણમાં સાત્ત્વિકસાત્ત્વિક વિગેરેના ભેદથી સગુણ લીલાના નવ રૂપોનું વર્ણન શ્લોક ૨૨ થી ૩૦ સુધીમાં કર્યું. તેમાં પહેલા ત્રણ શ્લોકોથી સાત્ત્વિક રૂપોનું નિરૂપણ કર્યું, ચોથા પાંચમા અને છઠ્ઠા શ્લોકોથી રાજસ રૂપોનું નિરૂપણ કર્યું. સાતમા શ્લોકમાં તામસસાત્ત્વિક લીલાના રૂપનું નિરૂપણ કર્યું. પછી (૨૮'અ') શ્લોક વધારાનો કહ્યો જેમાં કોઈ લીલાના રૂપનું નિરૂપણ નથી, પણ ત્યારપછીના બે શ્લોકોમાં કહેવામાં આવતી લીલાની પ્રસિદ્ધિ માટે વધારાનો કહ્યો. ૨૯મા શ્લોકમાં અમુક પ્રકારની ક્રિયાવાળું ધૃષ્ટતાવાળું રૂપ વર્ણવ્યું અને ૩૦મા શ્લોકમાં અમુક પ્રકારના જ્ઞાનવાળું ધૂર્તપણાવાળું રૂપ વર્ણવ્યું. (કા)

૧૫. એકત્રીસમા શ્લોકમાં આ નિર્ગુણરૂપનું નિરૂપણ કર્યું છે. એ પ્રમાણે રૂપપ્રકરણમાં દશ રૂપનું નિરૂપણ કરનાર ૧૦ શ્લોકો અને મધ્યે ૨૮'અ' શ્લોક વધારાનો મળી ૧૧ શ્લોકો છે. (કા)

૧૬. ગોપીઓએ યશોદાજીને શ્લો.૨૯।૩૦માં ભગવાનનાં ચરિત્રો જણાવ્યાં, ત્યાર પછી તેઓને નિર્ગુણ અવસ્થાવાળાથી જણાય તેવાં ભગવાનનાં રૂપનાં દર્શન થયાં એવો અર્થ છે.(ટિ)

૧૭. સાત્ત્વિક વિગેરેના ભેદોથી પુરુષો જૂદા જૂદા જણાય છે. તેવા જૂદા જૂદા પુરુષોના

કા. ૧૦ાા.

**યશોદાર્થમિયં લીલા પ્રસંગાદન્યગામિની ।।**
**યદૈવ તા ગૃહે વ્યગ્રાસ્તદૈવં દશધા હરિઃ ।।કા. ૧૧ાા.।।**

આ લીલા (ભગવાને) યશોદા માટે કરેલી, પ્રસંગથી બીજાઓને પણ પ્રાપ્ત થાય છે. જ્યારે તેઓ ઘરમાં વ્યગ્ર હોય છે ત્યારે હરિ આવી રીતે દશ પ્રકારના થાય છે[૧૮] (દશ પ્રકારનાં રૂપ ધારણ કરે છે). કા. ૧૧ાા.

તે પૈકી આરંભમાં બેઠેલા હરિની ચલનરૂપ (ભાંખોડીઆ ચાલવારૂપ) ગતિની લીલા આ (૨૨મા) શ્લોકમાં કહે છે. પોતાની મેળે[૧૯] જતા કાલને લીધે, થોડા જ કાલમાં ગોકુલમાં અને તેમાં પણ યશોદાના આંગણામાં રામ અને કેશવ બેઉએ, નામકરણ (સંસ્કાર) થવાથી ભગવાનનો આવેશ થવાથી[૨૦] યોગીઓ જેમનું ધ્યાન ધરે છે તેવા અને બ્રહ્મા વિગેરે જેમને વંદન કરે છે તેવા રામ[૨૧] અને કેશવ[૨૧] (ભાંખડીઆ ચાલતા રમવા લાગ્યા). ખરી રીતે તો 'કેશવ' શબ્દ લૌકિક જ[૨૨] છે, અને 'વાળું' અર્થવાળો (કબજો દર્શાવનાર) 'વ' પ્રત્યય તેને અંતે આવેલો છે[૨૩], પણ તે ભગવાનના અર્થમાં વપરાએલો નથી. કારણ કે 'ક' એટલે

---

હૃદયમાં પ્રવેશ કરે તેવું રૂપ ભગવાનનું થાય છે. એ પ્રમાણે કરીને પછી તેમના હૃદયની સ્થિતિ છેવટના (નિર્ગુણ) રૂપમાં સ્થિર થાય છે, એટલે માત્ર સ્વરૂપમાં જ (તેઓની) નિષ્ઠા થાય છે એવો અર્થ છે. આ આખા પ્રકરણનું તાત્પર્ય કહેલું છે. (ટિ)

૧૮. યશોદા વિગેરેનો ભગવાને (પોતાના) નામથી નિરોધ કર્યો, છતાં પણ ઘરનું કામ કરવાનું જરુરી હોવાથી તે કરવામાં જ્યારે તેઓ જે પ્રમાણે વ્યગ્ર થતાં ત્યારે જ ભગવાન્ પોતાનું તેવું (તે કાર્યમાંથી ચિત્ત કઢાવી પોતામાં પરોવરાવનારું) રૂપ પ્રકટ કરતા એવો અર્થ છે. (પ્ર)

૧૯. ભગવાનની લીલાનો કાલ ભગવદ્રૂપ છે. તેથી તે પોતે ભગવાનની જૂદી-જૂદી લીલા કરવાની ઈચ્છા જાણીને પોતે તે પ્રમાણે જાય છે, પણ સૂર્યની ગતિથી જતો નથી એવો ભાવ છે. (લે)

૨૦. 'ભગવાનનો આવેશ' એટલે 'પુરુષોત્તમનો આવેશ.' ભગવાને આ બે રૂપો કર્યાં એમ જણાવવા એમ કહ્યું છે, પરંતુ 'બંને ભગવાન્ હતા' એમ જણાવવા કહેલું નથી. આ ૨૫મા શ્લોક્નાં શ્રીસુબોધિનીમાંથી સ્પષ્ટ થશે. 'તે રમતા ન હતા. તેથી એકલા રમતા નથી. તેમણે બીજાની ઈચ્છા કરી, તે એટલા થયા' શ્રુતિ કહે છે, કે ભગવાનને રમણ કરવાની ઈચ્છા થઈ ત્યારે પોતે બે રૂપો કર્યાં. તેમ અહિં પણ ભગવાને પોતે સ્વરૂપથી અને આવેશથી બે રૂપો કર્યાં, અને પછી ક્રીડા કરી, એમ જણાવવા આ કહેલ છે એવો અર્થ છે. (પ્ર)

૨૧-૨૧. 'જે નિત્ય આનંદવાળા ચેતન આત્મામાં યોગીઓ રમે છે' તે રામ શબ્દથી પરબ્રહ્મ કહેલા છે, એમ રામતાપનીય શ્રુતિમાં હોવાથી, યોગીઓએ ધ્યાન કરવા યોગ્ય રામ છે, અને બ્રહ્મા વિગેરેએ વંદન કરવા યોગ્ય કેશવ છે. એવો બેમાં ભેદ છે. (પ્ર)

૨૨. 'કેશવ' શબ્દનો અહિં લૌકિક અર્થ યોગ્ય છે, કારણ કે નિરોધ કરવા માટે તે ઉપયોગી છે એવો અર્થ થાય છે. (પ્ર)

૨૩-૨૩. ('કેશવ' શબ્દનો ભગવાન્ અર્થ થાય તે વ્યુત્પત્તિ શ્રીસુબોધિનીમાં આપેલી છે બીજી

બ્રહ્મા અને 'ઈશ' એટલે શંકર, એ બેને 'વ' એટલે સુખ જેમનાથી થાય છે (તે 'કેશવ'), એવા અર્થમાં ('વ') પ્રત્યયની જરુર રહેતી નથી[23]. બેઉ નાના મોટા હોવા છતાં (ભાંખડીઆ ચાલવાની) વયમાં રહેલા (આવેલા) હોવાથી (તેમની ગતિ) ભગવાનની ગતિ હોવાથી[24] સરખી છે, કારણ કે ભગવાનની સન્નિધિ (હાજરી)માં[25] (બલભદ્રનો) નામ દ્વારા (નામકરણ કરી) સંબંધ થયા પછી જ તે ભગવાન્ થયા (તેમનામાં ભગવાનનો આવેશ થયો). તેથી બેઉ બે હાથો સાથે ઢીંચણોથી[26] ધીરે ધીરે ભાંખડીઆ ચાલતા થયા ત્યારે પરસ્પર વિહાર કરવા લાગ્યા એટલે ક્રીડા કરવા મંડ્યા એવો અર્થ છે.

**જાનુભ્યાં ગમનં વિષ્ણોર્દૈત્યાનાં મર્દનાય હિ ।।**
**બલિર્દૈત્યપતિર્ભૂત્વા ન નિવારયતિ સ્વતઃ ।।કા. ૧૨।।**

દૈત્યોનું મર્દન[27] કરવા માટે વિષ્ણુએ ઢીંચણોથી ચાલવા માંડ્યું; કારણ કે

---

વ્યુત્પત્તિ પ્રમાણે 'કેશ+વ' એટલે '(સુંદર) કેશોવાળા' એવો લૌકિક અર્થ થાય છે). આ ભાંખોડીઆ ચાલવાની લીલામાં કેશોથી ભગવાનની ઘણી શોભા જણાય છે, તેથી '(સુંદર) કેશોવાળા કેશવ' એ વ્યુત્પત્તિ શ્રીમદાચાર્યચરણને ઈષ્ટ હોવાથી તેમણે આ પ્રમાણે કહેલ છે. 'કેશવ' શબ્દનો 'ભગવાન્' અર્થ થાય છે તે અર્થ જણાવી, તે અર્થ લેવો પોતાને ઈષ્ટ નથી એમ જણાવે છે, કારણ કે એ અર્થ પ્રમાણે 'વ' પ્રત્યયની જરુર રહેતી નથી અને તેથી કેશોથી થતી ઉત્તમ શોભા રહેતી નથી એવો ભાવ છે. (ટિ)

૨૪. બલભદ્ર અને ભગવાન્ વયમાં સરખા ન હોવા છતાં ઉભયની ગતિ સમાન હોવાનું કારણ અહિં કહે છે. બલભદ્રની ગતિ પણ તેમનામાં આવેશ કરેલા ભગવાનની ગતિ છે, તેથી તે પણ ભગવાનની જ ગતિ હોવાથી સરખી છે, એવો અર્થ છે. (ટિ)

૨૫. 'બલદેવ વયમાં મોટા હોવાથી તે ભાંખડીઆ ચાલ્યા, એમ પહેલાં કેમ ન કહ્યું ?' એવી શંકા થાય, તેથી કહે છે કે ભગવાનની ગતિનું જ વર્ણન કરવાનું છે, અને બલદેવને તો તેનો સંબંધ હમણાં નામકરણ સંસ્કાર થવાથી થયો. તેથી ભગવાન્ ભાંખડીઆ ચાલ્યા ત્યારે જ બલભદ્રની ગતિ પણ કહેલી છે, એમ જણાવવા આ કહેલું છે. (ટિ)

૨૬. 'બે હાથો સાથે ઢીંચણોથી ચાલતા થયા' કહ્યું, તેમાં 'હાથો'ની સ્થિતિ ગૌણ (હલકી) થાય છે અને પ્રધાનપણું ઢીંચણોનું છે તેનું તાત્પર્ય અહિં કહે છે, આ બે સર્વ મૂલરૂપ હોવાથી 'બે ઢીંચણો સુતલ છે' વાક્ય પ્રમાણે સુતલના આધિદૈવિકરૂપ છે. વળી ભાંખડીઆ ચાલવામાં ઢીંચણો પણ ઘસાય છે તેથી તેના વિચારથી આ કહેલું છે. ઘસાવાથી પીડા થાય, પણ તે અહિં (આ બેને) થાય તે યોગ્ય નથી, પણ લોકની પેઠે તે બધાં કાર્ય કરતા હોવાથી ઘસાવાથી તેમને ચાઠાં પડે તો પણ તેની પીડા તેમના ઢીંચણને થતી નથી, પરંતુ દૈત્યોને થાય છે એમ માનવું એવો ભાવ છે. ઢીંચણો જ (ચાલવામાં) મદદ કરનાર છે એમ ન માનવું, કારણ કે આ ભાંખડીઆ ચાલવાની લીલા પહેલી જ ગતિ છે, અને ગતિ ચરણનો ધર્મ હોવાથી તેમાં ચરણો જ મુખ્ય હોય તે યોગ્ય છે એવો ભાવ છે. (ટિ)

૨૭. ભાંખડીઆ ચાલવાનું તાત્પર્ય અહિં કહેલું છે તે શુકદેવ, નારદ જેવા માહાત્મ્યજ્ઞાનવાળા

બલિ દૈત્યોનો પતિ હોવાથી પોતે[૨૮] તેઓનું નિવારણ કરતો ન હતો. કા. ૧૨॥.

બેઠેલા હોય તે વળીને ચાલે તે બેઉ ચાલ ચરણને જ અધીન હોય, તેથી 'ઢીંચણોથી ચાલવા' લાગ્યા એમ કહેલું છે. બે હાથો તો ચાલવામાં મદદ કરનારા છે, કારણ કે તેમની સ્થિરતા (તેમના ઉપર આધાર) રહેતી નથી. આખાય શરીરથી ભાંખડીઆ ચાલતા હતા, તેથી ઢીંચણો સાથે(થી) ભાંખડીઆ ચાલતા તથા બે હાથો સાથે(થી) ભાંખડીઆ ચાલતા, એમ 'સાથે(થી)' પદ યોજેલું છે. આથી એમ કહેલું છે કે થોડું ચાલતાં પણ વચ્ચે ભૂમિ ઉપર બંને શયન પણ કરતા હતા, વળી ફરી ઉઠી ચાલતા હતા. એ પ્રમાણે ક્ષણમાં બેઠેલાં અને ક્ષણમાં ચાલતાં એવાં ભગવાનનાં હજારો હસતાં રૂપોનું ધ્યાન ધરવું. આ ભગવાનની પ્રથમ ગતિ ધીરે ધીરે પુષ્ટ થતી જતી આ પછીના શ્લોકમાં કહેલી ગતિ પર્યંત રહી એમ જાણવું,

---

ભક્તોને સ્ફુરે છે, અને તેમની દૃષ્ટિથી જ કહેલું છે. તેઓ એમ વિચારે છે કે ભગવાન્ પ્રાકૃત બાલક પેઠે ઢીંચણોથી ચાલે છે. પ્રાકૃત બાલકમાં વિશેષ સામર્થ્ય નહિ હોવાથી તે તેમ ચાલે છે, પણ ભગવાનમાં તો સદા સર્વ સામર્થ્ય હોવાથી તે એવા કારણથી તેમ ચાલતા નથી. ભગવાનમાં સામર્થ્ય હોવા છતાં લોકોને સામર્થ્ય નથી એમ દેખાડવા તે એમ ચાલે, એમ કહેવું પણ યોગ્ય નથી, કારણ કે એમ હોય તો આ લીલા બનાવટી ગણાય. આમ હોવાથી ભગવાન્ દૈત્યોનું મર્દન કરવા જ ઢીંચણોથી ચાલે છે એમ જાણવું. આ આધ્યાત્મિક પક્ષની વ્યવસ્થા થઈ, કારણ કે એ પક્ષમાં જ્ઞાન મુખ્ય હોવાથી દરેક બાબતનો વિચાર કરવો જરુરી છે. દૈત્યોનું મર્દન કરવું એ સંકર્ષણનું કામ છે, છતાં પુરુષોત્તમમાં સર્વ વ્યૂહો હોવાથી એ લીલા પણ તેમના સંબંધમાં કહેવામાં આવે તેમાં કાંઈ દોષ નથી. એવી જ રીતે પુરુષોત્તમમાં 'પુરુષ'નું રૂપ હોવાથી, તેમના મસ્તકમાં સત્યલોક છે એમ કહેવાય છે, કારણ કે 'હજાર મસ્તકવાળાનાં મસ્તકો સત્યલોક છે' વાક્ય પ્રમાણે પુરુષોત્તમના અંશરૂપ પુરુષનાં મસ્તકો સત્યલોકરૂપ છે. સાક્ષાત્ પુરુષોત્તમનું મસ્તક સત્યલોકરૂપ હોઈ શકે જ નહિ કારણ કે તે માત્ર આનંદરૂપ છે, તેથી પુરુષોત્તમના અંશરૂપ પુરુષ તેમનામાં હોવાથી એમ કહેવાય છે, એમ શ્રીસુબોધિનીમાં બધેય જાણવું. અહિં પણ 'વિશ્વમૂર્તિના બે ઢીંચણો સુતલ છે' વાક્ય પ્રમાણે, ઢીંચણો સુતલરૂપ હોવાથી અને સુતલમાં દૈત્યો રહે છે તેથી ઢીંચણો ઘસવાથી દૈત્યોનું મર્દન થાય છે એમ કહેલું છે. આ પણ ભગવાનમાં પુરુષનું રૂપ હોવાથી જ બને છે, પણ સાક્ષાત્ પુરુષોત્તમના ઢીંચણો આનંદમય હોવાથી સુતલરૂપ નથી. આધિદૈવિક પક્ષમાં તો ભગવાન્ બાલરૂપ હોવાથી જ ઢીંચણોથી ચાલે છે, અને તેવું ભગવાનનું રૂપ અને તેમની તે લીલા નિત્ય હોવાથી સ્વાભાવિક રીતે બાલલીલાના (દર્શનના) અધિકારીઓને પરમ આનંદ આપવા માટે જ ભગવાન્ તે પ્રમાણે ચાલે છે એમ વિચારવું; કારણ કે આધિદૈવિક પક્ષમાં ભગવાનની લીલા મુખ્ય હોવાથી તે આનંદમય છે. (યો)

૨૮. બલિ દૈત્યોનો પતિ હોવાથી તેમના સંબંધને લીધે તેનામાં કાંઈક અસુરોનો આવેશ હોવાથી તે દૈત્યોનું નિવારણ કરતો નથી, પણ ભગવાનનો ભક્ત હોવાથી ભગવાન્ દૈત્યોનું મર્દન (ભાંખડીઆ ચાલી) કરે તેમાં આડો પણ આવતો નથી, એમ જણાવવા 'પોતે નિવારણ કરતો ન હતો' એમ કહેલું છે. (લે)

કારણ કે પાછલનું શરૂ થાય ત્યાં (તેની) પહેલાંનું પૂરું થાય એ ન્યાય સિદ્ધ છે.૨૨.

નીચેના શ્લોકમાં બીજું(બીજી અમુક પ્રકારની ગતિને લીધે થતું)રૂપ કહે છે (વર્ણવે છે) :

**તાવંઘ્રિયુગ્મમનુકૃષ્ય સરીસૃપન્તૌ ઘોષપ્રઘોષરુચિરં વ્રજકર્દમેષુ ।।**
**તન્નાદહૃષ્ટમનસાવનુસૃત્ય લોકં મુગ્ધપ્રભીતવદુપેયતુરન્તિ માત્રોઃ ।।૨૩।।**

તેઓ નાના મોટા અવાજથી સુંદર લાગે તેવી રીતે વ્રજના કાદવો-(કાદવવાળી ભૂમિ)માં (પોતાના) બંને ચરણો ખેંચી ઉતાવળે ચાલતા તથા તેના અવાજથી મનમાં આનંદ પામતા, લોકને અનુસરતા, ભોળા અને ભય પામેલાની પેઠે માતાની પાસે નજીક આવતા હતા. ૨૩.

અહિં (આ શ્લોકમાં) ગતિના વિલાસોનું[૧] નિરૂપણ કરવામાં આવે છે. આરંભમાં અલસ[૨] અને વલિત[૩] ગતિ (થાય છે). તેઓ એટલે તે (ભગવાન્ અને બલભદ્ર) બેઉ. (આ બેમાં) એક ભગવાન્ છે એવો ભેદ (અહિં) નથી. (તેઓ બંને) ઢીંચણોથી જ ચાલતાં વચ્ચે વચ્ચે જાણે ઢીંચણોમાં પીડા થતી હોય તેમ જણાવતાં, (પોતાના) બંને ચરણો ખેંચીને એટલે ચરણનો ઉપરનો ભાગ નીચે રાખીને ઢીંચણ સુધી (ચરણ) ભૂતલ ઉપર રાખીને (તેને) ધીરેથી ખેંચીને પછી ઝડપથી જવા એટલે ઉતાવળે ચાલવા લાગતા હતા. 'નાના મોટા અવાજથી સુંદર લાગે તેવી રીતે' શબ્દથી એ પ્રમાણે જવાનું કારણ કહેલું છે. 'ઘોષઃ' એટલે (નાનો) અવાજ. ('પ્રઘોષઃ' એટલે) મોટો અવાજ. તેઓથી (નાના અને મોટા અવાજોથી) જેવી રીતે સુંદર લાગે તેવી રીતે પ્રથમ જતાં, ઝાંઝર અને નાની ઘૂઘરીઓનો અવાજ જાણે સાંભળતા હોય તેવી રીતે શબ્દ (અવાજ) તરફ કાન માંડીને શબ્દગતિનો[૪] વિચાર કરતાં (પોતાના) બંને ચરણોને ખેંચીને ધીરેથી ચાલતા હતા. (ત્યાર નાનો અવાજ થતો હતો). (પછી) 'તે શબ્દ આપણા આભરણોથી જ થાય છે કે બીજા કોઈ પદાર્થમાંથી થાય છે ?' એનો વિચાર (નિર્ણય) કરવા જ્યારે ઝડપથી ગતિ કરતા ત્યારે મોટો અવાજ થતો. તેનો (મોટો અવાજ શાથી થાય છે તેનો) પણ વિચાર કરવા પાછા ઉભા રહી જતા (ચાલતા

---

૧. 'ગતિના વિલાસો' એટલે ગતિથી થતા વિહાર (રમત), અથવા ગતિથી થતી શોભા. (પ્ર)

૨. બે પગો ખેંચીને ચાલવાથી 'અલસ' ગતિ થાય છે. (પ્ર) બે પગો ધીરે ધીરે ખેંચી ચાલવાથી 'અલસ' ગતિ થાય છે. (લે)

૩. ઝડપથી ચાલે તે ગતિ 'વલિત' થાય છે.(પ્ર) ઝડપથી ચાલે તે ગતિ 'વલિત' થાય છે. કારણ કે 'ગતિમાં નિત્ય કૌટિલ્ય હોય છે' એ નિયમ તેવી ગતિમાં કૌટિલ્ય સૂચવે છે. આ બે અલસ અને વલિત ગતિ આ શ્લોકના પૂર્વાર્ધમાં કહી છે. (લે)

૪. શબ્દગતિ એટલે શબ્દ(અવાજ)ની ગતિ, અથવા શબ્દથી જણાતી ગતિ.

અટકી જતા). પછી મોટા અવાજથી જેમ સુંદર લાગે તેવી રીતે ઉતાવળે ચાલતા હતા. એવી રીતે વારંવાર ઘણી રીતે થોડા વધારે અવાજોથી થોડી વધારે ગતિ કરતા, ભૂમિ અને દેહના સંબંધથી થતા અવાજના ભેદોનું ગ્રહણ કરવા (ભેદો જાણવા) વ્રજના કાદવોમાં જતા હતા. ત્યાં (કાદવમાં) પણ જો શબ્દ થાય તો તે આભરણોનો જ છે, બીજા કોઈ(પદાર્થ)નો નથી એમ (વિચારી), તેના અવાજથી મનમાં આનંદ પામતા હતા. અમારી ગતિથી તે ગતિને અનુસરનારો (ધીરી અથવા ઝડપવાળી ગતિ પ્રમાણે નાનો મોટો થતો) શબ્દ પણ સુંદર થાય છે તેથી (એમ વિચારી), મનને આનંદ થાય તે માટે[૫] ઘણી રીતે (ધીરે અથવા વધારે ઓછી ઝડપથી) હરતા ફરતા હતા. આથી એમ સૂચવેલું છે કે ભગવાન્ (અમુક) ચરિત્ર કરી અને તે ચરિત્રને જણાવનારું વાક્ય કરીને, (તે વાક્યના) શ્રોતા[૬] અને વક્તા[૬] બંને યોગ્ય (લાયક) હોય તો તે બંનેનું સન્માન[૬] કરે છે[૭].

એ પ્રમાણે તે (ભગવાન્ અને બલભદ્ર) બેની જ પરસ્પર ગતિની લીલા કહીને, 'લોકને અનુસરીને' શબ્દોથી બીજાને અનુસરનારી ગતિની લીલા પણ કહે છે. 'જવાનું જ છે તેથી, (અથવા) તેમ (જવાનું) ન હોય તો આ શા માટે જાય ?' એવા વિચારથી હરકોઈ સ્ત્રી અથવા પુરુષ જતું હોય તેની પાછળ તેઓ બંને જતા; (અને) કેટલેક દૂર ગયા પછી તે પાછું ફરી જૂએ[૮] ત્યારે, અથવા (ઘણું) દૂર જવાય ત્યારે ભોળા અને ભય પામેલાની પેઠે પોતાની માતાની પાસે નજીક આવતા હતા એવો (વાક્યનો) સંબંધ છે.

(એ પ્રમાણે કોઈની પાછળ) જવામાં બે પ્રકારનું જ્ઞાન (બુદ્ધિ) હોય છે[૯].

---

૫. 'મનને આનંદ થાય તે માટે' એટલે અલૌકિકમાં રમણ કરતા પોતાના ભક્તોના મનને આનંદ થાય તે માટે. (પ્ર)

૬-૬. આભરણો વક્તા(અવાજ કરનાર) છે, ભગવાન શ્રોતા છે, અને આભરણોના અવાજથી થતો હર્ષ સન્માન છે. (લે) ભગવાનના મનમાં આનંદ થાય છે તેથી (ભગવાનના ચરિત્રના) શ્રોતા તથા વક્તાનું સન્માન થાય છે. (પ્ર)

૭. ભગવાને ગાડાનો ભંગ કર્યો એ લીલામાં, 'સંસારરૂપી કાલચક્ર છે' વિગેરેથી તેનું રહસ્ય જણાવેલું છે. તે પ્રમાણે અહિં રિંગણ (ભાંખોડીઆ ચાલવાની) લીલાનું તાત્પર્ય જણાવેલું છે.(પ્ર) ભગવાનનું ચરિત્ર એટલે ગતિ, તે ચરિત્રને જણાવનારું વાક્ય એટલે(આભરણોનો) શબ્દ, ભગવાન્ જે જે શબ્દ કરે તે સર્વ અર્થવાળા જ છે, તેથી જ તેમના નિઃશ્વાસ વેદો છે. આ શબ્દ ચરિત્રને જણાવનારો છે, કારણ કે મધ્યે (દિવાલ વિગેરે) અડચણ હોય તો પણ આભરણના શબ્દોથી ભગવાનની ગતિનું જ્ઞાન થાય છે. (લે)

૮. 'તે પાછો ફરી ઉભો રહે અને ભગવાન્ તેને જૂએ' એવો અન્વય કરવો. (લે) ભાષાંતરમાં પ્રકાશ પ્રમાણે અર્થ કરેલ છે.

૯. અહિંથી ભોળપણના અને ભય પામેલાના ભાવો(થવા)ના કારણનું વિવરણ કરે છે. (પ્ર)

(૧) અમારા કોઈ (ભક્ત) જાય છે એટલે તે કારણથી અમારે પણ જવું જોઈએ, અથવા (૨) જવાનું જ છે (તેથી જવું જોઈએ). એમ હોય (જવાનું જ છે તેથી જવું જોઈએ એવા વિચારથી જવાનું હોય)[૧૦] ત્યારે એકલા ન જવું જોઈએ, તેથી (કોઈની પાછળ જાય અને) તે દૂર જાય ત્યારે (તે સ્થલેથી) પાછા ફરવામાં અથવા આગળ જવામાં પોતે સહાય વિનાના છે એમ માની ભય પામતા. (અમારા કોઈ ભક્ત જાય છે, તેથી અમારે પણ જવું જોઈએ એવા વિચારથી જતા હોય ત્યારે)[૧૦] પરિચય માત્ર મુખનો જ હોય છે અને બીજા કોઈ ધર્મ (કપડાં અથવા શરીરના બીજા કોઈ ભાગમાં) તેવી (ઓળખી શકાય તેવી) બુદ્ધિ હોતી નથી તેથી, તે પાછું ફરી (પોતાનું મુખ) દેખાડે ત્યારે, 'આ તો મારો સેવક નથી' એમ જાણી ભોળાની પેઠે પાછા ફરવાનું થાય છે. 'મુગ્ધપ્રભીત' એટલે ભોળા અને ઘણો ભય પામેલા. ઘણો ભય પામવામાં ભોળપણ પણ કારણ છે. એમ ન હોય (ઘણો ભય પામવાનું કારણ ભોળપણ ન હોય) તો, ભયનું કાંઈ કારણ નહિ હોવાથી, (અથવા) 'તેથી એકલો ભય પામે' વાક્ય પ્રમાણે (એકલા હોવાથી) માત્ર ભયનું કારણ હોવા છતાં, ઘણો ભય પામવાનું (ભોળપણ સિવાય) બીજું કાંઈ કારણ નથી. (ઉપર પ્રમાણે) જવાની તથા (પાછા) આવવાની લીલા તરત જ સિદ્ધ (પૂરી) થઈ, છતાં જવામાં અને પાછા આવવામાં અનુક્રમે ભોલાપણાના અને ભય પામેલાના ભાવો સૌંદર્ય સૂચવનારા છે, (જવામાં ભોળપણ અને પાછા આવવામાં ભય પામેલાનો ભાવ સૌંદર્ય દર્શાવનારા છે), અથવા તે બંને(લીલા)માં (તે) બંને (ભાવો) (સૌંદર્ય સૂચવનારા છે). (જવામાં ભય પામેલાનો ભાવ સૌંદર્ય સૂચવે છે) કારણ કે 'અહિં એકલા રહેવું જોઈએ નહિ' એવા (વિચારથી) જવાનું (થાય છે). પાછા આવવામાં ભોળપણનો ભાવ સૌંદર્ય સૂચવે છે) કારણ કે બાલકોને વિશેષ (ખાસ) પરિચય માતાનો જ હોય છે (તેથી માતા પાસે પાછા આવે છે)[૧૧].

(ઉપર જણાવેલ સંયોગો) જાણવા છતાં પણ (લોકનું) તેવી રીતે (તેમની પાછળ પાછળ દૂર જઈ પછી પાછા આવી) અનુકરણ કરી ફરીથી જાય છે

૧૦-૧૦. લેખ પ્રમાણે આ પક્ષો જણાવેલા છે.

૧૧. જવું અને પાછા ફરવું, એ બે ગતિ ભગવાનની કહેલી છે, જવામાં ભોળપણ અને પાછા ફરવામાં ભય પામેલાનો ભાવ રહેલો છે એમ ઉપર જણાવેલું છે. પછી બંને ભાવો બંને ગતિમાં છે એમ કહ્યું; એટલે જવામાં ભય પામેલાનો ભાવ પણ છે, અને પાછા ફરવામાં ભોળપણ પણ છે એમ જણાવવું રહ્યું, તેથી ઉપર પ્રમાણે અર્થ કરેલ છે.

લેખકારના મત પ્રમાણે જવામાં ભય પામેલાનો ભાવ જ અહિં જણાવેલ છે. 'બાલકોને માતાનો જ વિશેષ પરિચય હોય છે અને તે અહિં નથી તેથી એકલા અહિં રહેવું નહિ, એવા કારણથી ભયથી જાય છે' એમ તે કહે છે. આ પ્રમાણે અર્થ કરવાથી પાછા ફરવામાં ભોળપણનો ભાવ દર્શાવવો રહી જાય છે.

અને પાછા આવે છે, તેથી 'પેઠે' શબ્દ યોજેલ છે. (વસ્તુતઃ તેઓ ભોળા અથવા ભય પામેલા હોતા નથી, પરંતુ તેવા હોય તેવા જણાય છે). તે સમયે ભાગ્યશાળી (ભક્તો)ને મનોહર (લાગે તેવા) ઘણા પ્રકારો હાસ્ય વિગેરેથી થાય છે. 'લોક' એટલે તેજવાળા ઉજળાં વસ્ત્રોવાળા(ને અનુસરતા જતા આવતા). 'માતાની પાસે' એટલું કહેવાથી જ (માતાની) નજીક (આવ્યાનું) કહેવાઈ જાય છે, છતાં (ભગવાન્ તથા બલભદ્ર કોઈવાર આવીને માતાની ઉપર જ પડતા, કોઈવાર મધ્યે રહેતા, કોઈવાર (બહુ) નજીક આવતા તો કોઈવાર દૂર રહેતા, એવા જૂદા જૂદા પ્રકારો જણાવવા 'નજીક' એમ (વધારે) કહેલ છે. ૨૩.

એ પ્રમાણે સ્વતંત્રતાથી જૂદા જૂદા પ્રકારે જવાથી અને પાછા આવવાથી બેઠેલા(રૂપ)ની લીલાનું ઘણા પ્રકારે વર્ણન કર્યું. (હવે) નીચેના શ્લોકમાં માતાની સાથે જૂદા જૂદા પ્રકારની ક્રિયા કરતા બેઠેલા(રૂપ)ની લીલા કહે છેઃ

**તન્માતરૌ નિજસુતૌ ઘૃણયા સ્તુવન્ત્યૌ**
**પંકાંગરાગરુચિરાવુપગુહ્ય દોર્ભ્યામ્ ।।**
**દત્ત્વા સ્તનં પ્રપિબતોઃ સ્મ મુખં નિરીક્ષ્ય**
**મુગ્ધસ્મિતાલ્પદશનં યયતુઃ પ્રમોદમ્ ।।૨૪।।**

તેઓની માતાઓ પોતાના પુત્રોની ઘૃણાથી સ્તુતિ કરતી કાદવના સુગંધી લેપથી સુંદર લાગતા તેમને બે હાથોથી ભેટી, ધવરાવવા માંડી, સારી રીતે ધાવતાં તેમનાં મુગ્ધ હાસ્ય અને કુંણા દાંતવાળા મુખને જોઈને ઘણો આનંદ પામતી. ૨૪.

(તેઓની માતાઓ એટલે) યશોદા અને રોહિણી. પોતાના પુત્રોની એટલે પોતપોતાના પુત્રની, ઘૃણા એટલે ઉત્કંઠાવાળા સ્નેહથી સ્તુતિ કરતી, કાદવ એ જ જે આ સુગંધી લેપ તેનાથી સુંદર (લાગતા તેમને) બે હાથોથી ભેટી એટલે આલિંગન કરી, ધવરાવવા માંડી, અને ધાવતાં તેમનાં મુખને જોઈને ઘણો આનંદ પામતી એવો (વાક્યનો) સંબંધ છે.

(૧) જાણે નૃત્ય કરતા હોય તેવી રીતે (માતા પાસે) આવતા, અથવા (૨) (કોઈ પદાર્થ) ધારણ કરીને (પકડી રાખીને) નૃત્ય કરતા, અથવા (૩) માતાની પ્રેરણાથી (નૃત્ય કરતા), અથવા (૪) બીજાની પ્રાર્થનાથી નૃત્ય કરતા, અથવા (૫) (કોઈ) નૃત્ય કરતું હોય તેને જોતા, એમ પાંચ પ્રકારે નૃત્ય સ્તુતિ કરવાનું કારણ થતું. લીલાના અસંખ્યાત (હજારો) ભાવો અને રોષના ત્રણ પ્રકારના ભાવો[૧] સ્તુતિના વિષય થતા (એ ભાવો સંબંધી સ્તુતિ માતાઓ કરતી).

૧. રોષના ત્રણ પ્રકારના ભાવો એટલે (૧) મંદ, (૨) મધ્યમ અને (૩) અત્યંત રોષ. આ લૌકિક સ્તોત્રનો વિષય છે, અને લીલાના ભાવો અલૌકિક સ્તોત્રનો વિષય છે એમ જાણવું. (પ્ર)

તે સંબંધમાં બે પ્રકારની સ્તુતિ સંભવે છે. (૧) પરમાર્થ રીતે અને (૨) લોકની રીતે. લોકની રીતે (સ્તુતિ કરે ત્યારે) ઘૃણા[૨] (તિરસ્કાર થાય છે. 'ઘૃણયાઽસ્તુવન્ત્યૌ' 'ઘૃણાથી સ્તુતિ કરતા ન હતા' એવી રીતે પદચ્છેદ કરતાં (શબ્દ છૂટા પાડતાં) પરમાર્થ રીતે સ્તુતિ (કરતા હતા એવો અર્થ થાય છે). અથવા ઘૃણા(દયા)થી માતાઓ જણાઈ આવતી હતી. (એટલે 'ઘૃણયા' પદનો સંબંધ 'સ્તુવન્ત્યૌ' પદ સાથે ન લેતાં 'માતરૌ' પદ સાથે લેવો), કારણ કે ભગવાન્ સિવાયના બધા પદાર્થ તરફ તેમને (એ પદાર્થ હલકા છે એમ જાણી) દયા ઉત્પન્ન થતી. 'સઘૃણ' (દયાવાળો) વિગેરે પદોમાં 'ઘૃણા'નો અર્થ 'સ્નેહથી (થતી) દયા' પણ થાય છે.

ભગવાન્ (માતાઓને) ભેટે, એ (એક) જૂદી દશા; તેઓ (માતાઓ) તેમને (ભગવાન્ તથા બલભદ્રને) ભેટે, એ બીજી (દશા). આમાં (આ દરેક દશામાં) પણ (ભેટવાના) ઘણા ભેદો સંભવે છે. તેઓ સ્તનનું પાન કરે (ધાવે) એ દશા સ્વતંત્ર છે, અથવા માતાઓએ આલિંગન કરેલા (સ્વતંત્ર નહિ, પરંતુ માતા ઉપર આધાર રાખતા) તેઓ ભય વિનાના (થઈ) સ્તનનું પાન કરતા. (મુખ) જોવાની લીલા પણ બહુ પ્રકારની છે. બધી લીલાઓનું ફલ ઘણો આનંદ છે, અને (આ અમારા પુત્રો જ છે એવી માતાઓની) બુદ્ધિ દૃઢ કરવા તે(ફલ)નું નિરૂપણ કરેલું છે, કારણ કે તેનું નિરૂપણ ન કર્યું હોય તો તેઓ માતાઓ હતી એ વિષયમાં શંકા રહે. ભગવાનની માતા(યશોદા)માં પણ જૂદાઈનો ભાવ (પોતે માતા નથી એવો ભાવ) ઉત્પન્ન થયો ન હતો એમ જણાવવા, 'પોતાના પુત્રો' પદ યોજેલું છે. (માતાઓને) ભગવાનનો સંબંધ (થયો હોવા) છતાં પણ સર્વ પુરુષાર્થો ભગવદ્રૂપ છે એવું તેમને જ્ઞાન થયું નહિ, તેમજ (ભગવાન્) સિવાય પણ પુરુષાર્થોનું તેમને જ્ઞાન થયું નહિ, તેથી ઘૃણાનું (હલકા પદાર્થ તરફ દેખાડવામાં આવતી દયાનું) નિરૂપણ કરેલું છે[૩].

ભૂમિના બધાય અવયવો (ભાગો) સુગંધવાળા હોય છે; અને જ્યારે બીજી જાતના (બીજા મહાભૂતના) (અવયવો) તેમને દબાવી દે છે ત્યારે જૂદા પ્રકારના (દુર્ગંધવાળા) થાય છે. જો તેમનું (ભૂમિના અવયવોનું) અલૌકિક તેજ થાય તો તેઓ ઉત્તમ બને છે. તેથી કસ્તૂરી, કંકુ, ચંદન વિગેરેને અંગરાગ (સુગંધી લેપ) કહેવામાં આવે છે, પરંતુ ખરી રીતે ભૂમિના અવયવોમાં જ્યારે સુગંધ અને

૨. ઘૃણા એટલે 'હલકું છે એવું જ્ઞાન' એવો અર્થ છે. (લે)

૩. આ વાક્યનો અર્થ 'ભગવાન્ સિવાયના પદાર્થોની (માતાઓને) સ્ફૂર્તિ જ થઈ નહિ, સર્વત્ર (તે બધા પદાર્થો પ્રતિ તેમને) ઘૃણા જ થઈ' એવો લેખમાં કરેલો છે, પરંતુ એ પ્રમાણે અર્થ લેતાં 'અપિ' શબ્દ બંધ બેસતો નથી.

તેજ મળે ત્યારે તેઓને જ એમ કહેવામાં આવે છે. હરકોઈ પદાર્થને જ્યારે ભગવાનનો સંબંધ થાય ત્યારે તેમાંથી દોષો જતા રહે અને ગુણો (તેમાં) આવે એ યોગ્ય જ છે. તેથી કાદવ પણ અંગરાગ (સુગંધી લેપ) બને છે. 'કાદવ'પદથી એમ જણાય છે કે તેને (ભગવાનના) અંગનો સંબંધ થયા પછી જ તે અંગરાગ થાય છે. 'સુંદર' શબ્દથી પરમાર્થથી (ઉત્તમ પદાર્થથી) પણ સુંદરતામાં અધિકપણું સૂચવેલું છે; કારણ કે તેમણે પોતે જ પોતાના તેજથી અથવા પોતાના પ્રભાવથી (કાદવને) અંગરાગ બનાવ્યું, પછી તે અંગરાગનું માહાત્મ્ય જણાવવા માટે તેનાથી જ પોતે સુંદર થયા (દેખાવા લાગ્યા), (એટલે) તેનાથી પણ અધિક તેજનો આવિર્ભાવ કર્યો (દેખાડ્યું). પ્રત્યક્ષ કાદવના દર્શનવાળા (કાદવથી ખરડાએલા) હોવા છતાં, તેઓ કાદવના અંગરાગથી સંશય ન રહે તે પ્રમાણે સુંદર જણાતા હતા, એમ (જણાવવા) બે હાથોથી ભેટવાનું કહેલું છે; કારણ કે ભગવાનમાં દોષ વિનાનો ભાવ જ યોગ્ય છે (કાદવનો ભગવાન્ સાથે સંબંધ થતાં તેના દોષ રહેતા નથી), પરંતુ દોષપણાનો અંગીકાર કરીને (રાખીને) (ભગવાન્ સાથે સંબંધ) થતો નથી.

શાસ્ત્રમાં વર્ણવેલ ભાવ (આ) નથી, એમ જણાવવા 'ધવરાવવા માંડી' શબ્દો યોજેલ છે. જો એમ ન હોય (શાસ્ત્રમાં કહેલો ભાવ આ હોય) તો (માતાઓનો) મુક્તિની લીલામાં પ્રવેશ થાય (મોક્ષ થાય). જવાથી અને આવવાથી બાલકોને[૪] ક્ષુધા (ભૂખ) લાગે, તેથી સારી રીતે (સ્તનનું) પાન કર્યું (ધવરાવ્યા).

'તમે સ્ત્રીઓની (માતાઓની) આવી બાલલીલા (બાલકો પ્રત્યેની ક્રિયા) ક્યાંથી જાણી ? યોગમાં અથવા ધ્યાનમાં તો માત્ર મોક્ષની જ ભાવના હોય છે (આવી લીલાની ભાવના હોતી નથી), અને જવાનું (જવાનું અને પાછું આવવાનું) તો હોતું નથી, કારણ કે (એવી ક્રિયાનું) ક્યાંય વર્ણન કરેલું નથી' એવી શંકા થાય, તેથી 'સ્મ' શબ્દ યોજેલો છે. આ લીલા સર્વ લોકમાં પ્રસિદ્ધ છે, તેથી આના જ્ઞાનમાં અલૌકિકનો (યોગ, ધ્યાન વિગેરે) પ્રકાર કહેવાનો નથી (આના જ્ઞાનનું કારણ અલૌકિક પ્રકાર નથી).

એકમાં (બલભદ્રમાં) (ભગવાનનો) આવેશ થએલ હોવાથી (ભગવાન્ અને બલભદ્ર બંનેમાં) એક જ મુખ પ્રકટ હતું, એમ જણાવવા 'મુખ' શબ્દ એકવચનમાં યોજેલું છે. આ (વિષય) વિસ્તારથી આગળ કહેવામાં આવશે.

'ભગવાનનું મુખ ભક્તિરૂપ હોવાથી, તેને સારી રીતે જોવાથી લૌકિકભાવ[૫] કેમ સિદ્ધ થાય(આવે) ?' એવી શંકા થાય, તેથી 'મુગ્ધ હાસ્ય અને કુંણા દાંતવાળા' શબ્દો યોજેલા છે. હાસ્ય અને દાંતો માયા તથા સ્નેહરૂપ હોવાથી

૪. બાલકોને એટલે ભગવાને પૂતનાના પ્રાણ સાથે પોતામાં ચૂસી લાવેલ બાલકોને.
૫. લૌકિકભાવ એટલે પુત્રભાવ. (પ્ર)

મોહ ઉત્પન્ન કરનાર છે. મુગ્ધ એટલે સુંદર સ્મિતનું અને પોતાપણાંના ભાવની આસક્તિ[૬] ઉત્પન્ન કરનારા (દાંતોના) કુંણાપણાનું નિરૂપણ કરેલું છે. જે મોહ કરતું હોય તે તો બીજામાં જ[૭] આસક્તિ ઉત્પન્ન કરે છે. 'કુંણા દાંતો'થી દૂધના બિંદુઓવાળી દાંતોની પંક્તિ (હાર) કહેલી છે. તેથી (આ પ્રમાણે લૌકિક[૭] અને અલૌકિક[૭] ભાવોનું મિશ્રણ હોવાથી (માતાઓ) ઘણો જ આનંદ (પામતી). એ પ્રમાણે ફલ સુધી ત્રણ લીલાઓનું નિરૂપણ કર્યું. ૨૪.

ત્રણ શ્લોકોથી પોતાની મેળે સ્થિતિ કરનારાઓની[૧] લીલા કહે છેઃ

**યર્હ્યંગનાદર્શનીયકુમારલીલાવન્તર્વ્રજે તદબલાઃ પ્રગૃહીતપુચ્છૈઃ ।।**
**વત્સૈરિતસ્તત ઉભાવનુકૃષ્યમાણૌ પ્રેક્ષન્ત્ય ઉજ્ઝિતગૃહા જગૃહુર્હસન્ત્યઃ।।૨૫।।**

જ્યારે સ્ત્રીઓને દર્શન કરાવવા યોગ્ય કુમારલીલા કરનારા તેઓ થયા ત્યારે વ્રજની સ્ત્રીઓ વ્રજમાં તેઓએ જેમનાં પૂંછડાંઓ પકડેલાં છે તેવાં વાછરડાં ઓથી આમ તેમ ખેંચાતા બંનેને જોતી, ઘર તજી, હસતી તેમને પકડતી હતી. ૨૫.

આ લીલામાં બધીય સ્ત્રીઓ અધિકારવાળી[૨] છે. (માતાઓ સિવાયની બીજી) સ્ત્રીઓનો સામાન્ય રીતે નિરોધ થાય નહિ તો માતાઓનો જે નિરોધ કહેવામાં આવે છે તે (તેઓને) તેમના (બીજી સ્ત્રીઓના) સંગથી થતા દોષને લીધે થાય નહિ. રાજસ ભાવો[૩] તો કરોડો હોય છે, તે બધાયનો સમાવેશ કરવા 'જ્યારે સ્ત્રીઓને દર્શન કરાવવા યોગ્ય કુમારલીલાવાળા થયા' એમ કહેલું છે. સ્ત્રીઓ એટલે તરુણીઓ[૪] (તરુણ વયવાળી સ્ત્રીઓ). તેઓને દર્શન કરાવવા યોગ્ય

---

૬. 'સ્વસક્તિ' એટલે 'સ્વત્વ' પોતાપણાંના ભાવપૂર્વક આસક્તિ. તેને ઉત્પન્ન કરનારું (દાંતોનું કુંણાપણું) છે એમ કહેલું છે એવો અર્થ છે. (લે)

૭. સુંદર હાસ્ય અને દાંતોનું કુંણાપણું 'પોતાપણાં'રૂપ (મારો પુત્ર એવી) ઉપાધિમાં આસક્તિ ઉત્પન્ન કરે છે. તેથી બીજામાં (લૌકિકભાવમાં) આસક્તિ ઉત્પન્ન કરનાર હોવાથી લૌકિકભાવ પ્રાપ્ત કરાવે છે. તેથી મુખ ભક્તિરૂપ હોવા છતાં, તેમાં રહેલ સુંદર હાસ્ય અને દાંતોનું કુંણાપણું પુત્રભાવમાં (લૌકિકભાવમાં) આસક્તિ કરાવે છે. મુખ ભક્તિરૂપ હોવાથી અલૌકિકભાવ પ્રાપ્ત કરાવે છે, અને તેનું વિશેષણ લૌકિકભાવ ઉત્પન્ન કરાવે છે, તેથી તે બે ભાવોનું મિશ્રણ થાય છે. (લે)

૧. અહિં વાછરડાંનું પૂંછડું પકડતા હોવાથી, બીજાનો આશ્રય કરીને (ભગવાનની) સ્થિતિ થોડી પણ છે, છતાં (માતાના ખોળામાં સ્થિતિ હતી તેવી) ખોળામાં હોવાની સ્થિતિ નથી; તેથી પોતાની મેળે સ્થિતિ કરેલા છે. (લે)

૨. અધિકારવાળી એટલે નિરોધના અધિકારવાળી. (પ્ર)

૩. રાજસ ભાવો એટલે ઉદ્દીપન થએલ રસના ભાવો. (લે) રસનું ઉદ્દીપન કરનારા ભાવો. (પ્ર)

૪. તરુણ અવસ્થા (જુવાની) થાય ત્યારે જ અંગો ઉત્તમ થાય છે (ખીલે છે), એવા આશયથી આ કહેલું છે. (લે)

કુમારલીલા જેઓની છે તેવા (શ્રીકૃષ્ણ અને બલભદ્ર થયા). એ તરુણીઓ ત્રણ પ્રકારની હોય છે. ૧.કૌતુકવાળી, ૨.રસવાળી(રસની ઈચ્છાવાળી) અને ૩.કામ-વાળી. જ્યારે તેઓને દર્શન કરાવવા યોગ્ય લીલાવાળા તેઓ થયા, ત્યારે તરત જ પોતાનું ઘણું ભોળપણ જણાવવા વાછરડાંઓનાં પૂંછડાને પકડી ઉભા રહેવા લાગ્યા. લૌકિકમાં પ્રવેશ થવાના ભયથી શુકદેવે આ ભાવ લંબાણથી કહેલો નથી. અહિં 'કુમાર' એટલે બે વર્ષના[૫] (બાલક), 'કુત્સિતઃ' હલકો છે 'મારઃ' કામદેવ જેનાથી તે કુમાર. કરોડો કામદેવના લાવણ્ય કરતાં પણ વધારે સુંદર (કુમાર) કહેલા છે. કામદેવમાં રહેલા ઉત્તમ ભાવોનું[૬] પણ આમનામાં (કુમાર ભગવાનમાં) નિરૂપણ કરેલું છે. સ્ત્રીઓ દર્શન કરવા યોગ્ય(ભગવાનનાં રૂપ)ની ભાવના કરે અથવા અધિકાર પ્રાપ્ત કરેલી સ્ત્રીઓ નિર્ભયપણે દર્શન કરે[૭], તે માટે 'જ્યારે સ્ત્રીઓને દર્શન કરાવવા યોગ્ય કુમારલીલાવાળા થયા' એમ કહેલું છે. આથી એમ જણાવેલું છે, કે તૃણાવર્તના વધ સુધી અથવા ત્યાર પછી જ્યાં સુધી આ ભાવ[૮] થયો ન હતો ત્યાં સુધી સ્ત્રીઓને નિરંતર(સદા) ભગવાનનું દર્શન થતું ન હતું. દૃષ્ટિથી સ્પર્શથી અને સંબંધથી, એમ ત્રણ પ્રકારે સુખ આપનારી લીલાઓ અહિં કહેલી છે. આવી સ્ત્રીઓને દર્શન કરાવવા યોગ્ય લીલાવાળા તેઓ (બે) થયા. 'અન્તર્વ્રજે' એટલે સર્વ સ્ત્રીઓને દર્શન કરવા યોગ્ય સ્થાન વ્રજમાં. 'તદબલાઃ' એટલે વ્રજની સ્ત્રીઓ જેઓ બીજે[૯] જવા યોગ્ય નથી. વાછરડાંઓથી આમ તેમ

---

૫. કુમાર સામાન્ય રીતે પાંચ વર્ષનો હોય છે, તેથી આ સમયે ભગવાન્ પાંચ વર્ષના હતા એવો ભ્રમ ન થાય તે માટે આ કહેલું છે. અઢી વર્ષના ભગવાન્ થશે ત્યારે તો વૃંદાવન જશે, એમ કહેવામાં આવશે. (લે)

૬. બે ચીજો એક જાતની હોય તેમાં એક વધારે સારી અને બીજી હલકી એવી સરખામણી થઈ શકે. તેથી કામદેવના ભાવો પણ ભગવાનમાં વર્ણવ્યા; પરંતુ તેના સૌંદર્ય વિગેરે ઉત્તમ ભાવો જ ભગવાનમાં વર્ણવ્યા, પણ શંકરે તેને બાળી નાખ્યો, એવા હલકા ભાવો ભગવાનમાં નથી એવો અર્થ છે. (લે)

૭. સ્ત્રીઓ બે પ્રકારની છે. (૧) ભગવાનના (દર્શનનો) અધિકાર જેમને નથી થયો તેવી અને (૨) જેમને તેવો અધિકાર થયો છે તેવી. અત્યાર સુધી જેમને તેવો અધિકાર થયો ન હતો તેવી સ્ત્રીઓ નણંદો વિગેરેના ભયથી ભગવાનનું સદા દર્શન કરી શકતી નહિ, પરંતુ હવેથી તો નણંદો વિગેરે પણ તેવી (ભગવાનનાં દર્શન કરનારી) થએલી હોવાથી તેઓને પોતાને ઈષ્ટ(દર્શન)ની પ્રાપ્તિ અવશ્ય થતી હતી એવો ભાવ છે. (પ્ર)

૮. આ ભાવ એટલે ઊઠેલાપણાનો ભાવ. જ્યાં સુધી ભગવાન્ ઊઠી ઘર બહાર પધારતા નહિ એટલે યશોદા વિગેરેથી વીંટાએલા રહેતા ત્યાં સુધી અંતર એટલે (યશોદા વિગેરેની) વ્યવધાન (અડચણ) વિના તેમનાં દર્શન થતાં નહિ, પરંતુ યશોદાના ખોળામાં જ તેમનાં દર્શન થતાં. તેથી હવે ભગવાને ઊઠેલાં રૂપથી લીલા કરવા માંડી ત્યારે જ વ્રજની સ્ત્રીઓને દર્શન કરવા યોગ્ય લીલા થઈ એવો અર્થ છે. (લે) ૯. બીજે એટલે વનમાં અથવા એકાંત

ખેંચાતાઓને પકડતી એવો (વાક્યનો) સંબંધ છે. વાછરડાં એટલે ગાયોના પુત્રો[10] (વાછરડાઓ). લીલા કરવા માટે ભગવાન્ કર્મના અંગભૂત દેવતાનો ભાવ ધારણ કરે છે[11], અથવા તેમનું અવલંબન કરે છે[11] (તેમને પકડે છે, તેમના ઉપર આધાર રાખે છે), પરંતુ તે મૂઢો આમ તેમ (ભટકતા), જેમ 'ગર્ભના પગને કાપી શિપિવિષ્ટ વિષ્ણુને હોમ કરે છે' તે 'બીજાઓની શાંતિ' એ ફલ માટે (કરે છે)[11], તેમ તેમનો પ્રાકૃત અને વૈકૃત (હલકા) સાથે સંબંધ કરાવે છે. આ પણ

સ્થલમાં જવાનું બીજા કોઈ કામના બ્હાનાથી, અથવા કોઈ સખીને મધ્યસ્થ રાખીને જ થઈ શકે, પણ આ (વ્રજની સ્ત્રીઓ) ગાયોના કામમાં જ પરોવાએલી રહેતી તેથી બીજું કાંઈ કામ નહિ હોવાથી તેમજ અંતરની કોઈ સખીઓ નહિ હોવાથી વન અથવા એકાંત સ્થલમાં જઈ શકે તેવી ન હતી એવો અર્થ છે. (લે)

૧૦. ગાયના પુત્રો એટલે મૂઢ. તેથી ભગવાન્ પકડે ત્યારે પણ ઉભા રહેતા નહિ એવો અર્થ છે. (લે)

૧૧. ભગવાન્ વાછરડાનું પૂંછડું પકડે છે તેનું અહિં તાત્પર્ય કહેલું છે. લીલા કરવા માટે ભગવાન્ અંશથી કર્મના અંગભૂત થાય છે. 'યજ્ઞ વિષ્ણુ છે, પશુઓ શિપિ છે' શ્રુતિ પ્રમાણે પશુસ્વામી કોઈ કર્મના અંગભૂત દેવતા કર્મના અંગ બને છે, અને કર્મના અંગભૂત મૂઢ પુરુષો આમ તેમ એટલે આ ફલ કે બીજું ફલ પ્રાપ્ત કરવા માટે પ્રાકૃત અથવા વિકૃત કર્મમાં તે દેવતાને યોજે છે. (ગર્ભના દૃષ્ટાંતથી) આનું ઉદાહરણ આપે છે. જ્યારે યજ્ઞમાં મારવા માટે આણેલા પ્રાણીમાં ગર્ભ જણાય ત્યારે ગર્ભના જમણા આગલા પગને છેદી શિપિવિષ્ટ વિષ્ણુને તેનો હોમ કરે છે, તે બીજાની (બીજાઓની) શાંતિ માટે કરે છે એમ તેનું ફલ કહેલું છે. તે પ્રમાણે 'ફલ આમનાથી (ભગવાનથી) પ્રાપ્ત થાય છે, કારણ કે તે જ યોગ્ય છે' એ બ્રહ્મસૂત્ર ૩।૨।૩૮ પ્રમાણે ફલનું દાન કરતાં ભગવાન્ કર્મના અંગભૂત દેવતા બને છે, અથવા કર્મના અંગભૂત દ્રવ્ય વિગેરેનું અવલંબન કરે છે, અને (કર્મ)મૂઢોને પ્રાકૃત અથવા વિકૃત ફલ આપે છે, પરંતુ પોતાના સ્વરૂપથી ફલદાન કરતા નથી એમ જણાવેલું છે. (પ્ર)

ઘેટીનો હોમ કરવારૂપ કર્મનું અંગ ગર્ભનો હોમ છે. તેમાં ભગવાન્ પોતે કર્મના (અંગભૂત) દેવતા થાય છે એવો અર્થ છે. એ કર્મનું અવલંબન કરવું એટલે તેના અંગભૂત થવું એવો અર્થ છે. દેવતા પણ કર્મનું અંગ છે. કર્મજડ મૂઢ પુરુષો જાણતા નથી કે ભગવાન્ લીલા માટે જ આવા હલકા ભાવનું ધારણ કરે છે પરંતુ વાસ્તવિક રીતે તો તે સર્વના અધિપતિ છે, અને તેથી પ્રાકૃત નિત્યકર્મમાં અથવા વિકૃત કામ્યકર્મમાં ભગવાનને યોજે છે, પણ પોતે ભગવાનનો સંબંધ કરતા નથી; એટલે સાક્ષાત્ ભગવાનની સેવા કરતા નથી. જેમ ઘેટીને (હોમ માટે) મારવામાં આવે ત્યારે કોઈવાર તેનામાં ગર્ભ હોય છે તેનો અહિં જણાવ્યા પ્રમાણે હોમ કરવામાં આવે છે. જે વિષ્ણુ શિપિવિષ્ટ માટે હોમ કરવામાં આવે છે, તે (ચોથી વિભક્તિમાં યોજેલ હોવાથી) તેમાં દેવતા છે. તેમજ આ પણ વાછરડાઓ છે. તેથી ભગવાન્ લીલા માટે એમ કરે છે (પૂંછડું પકડે છે) એ જાણતા નથી, પણ તેમને પ્રાકૃત (પુરુષ) જાણી તેમના સંબંધવાળા (તેમણે પકડેલ પૂંછડાવાળા) રહેતા નથી, તેથી (આમ તેમ) ખેંચતાણ થાય છે એવો અર્થ છે. (લે)

વાછરડાઓ[૧૨] છે જેમનું પૂંછડું ભગવાને જોરથી પકડેલું છે. બે (વાછરડાઓ)નું અથવા એકનું (પૂંછડું) જોરથી પકડેલું હોવાથી તેઓ દોડી શકતા નથી. (ભગવાન્ એવાં) દર્શન કરાવવા જ (પૂંછડું પકડે છે). તેથી (તેમનાં) ભોલપણનો ભાવ (જણાય છે). તેથી (માત્ર દેખાવ માટે જ તેમ કરતા હોવાથી અહિં (આ લીલા કરતાં) સ્ખલન થતું નથી (પડતા નથી).

ભગવાન્ પોતે અને (બલભદ્રમાં) આવેશથી ક્રીડા કરે છે, એમ કહેવા 'બંને' શબ્દ યોજેલો છે. ખેંચવું એટલે ધીરે ધીરે ખેંચવું. ભગવાન્ પણ વાછરડાને ખેંચે છે અને વાછરડાઓ પણ ભગવાનને ખેંચે છે. તેથી વાછરડો પણ પોતાની ઈચ્છા પ્રમાણે જઈ શકતો નથી, તેથી 'આમ તેમ ખેંચાણ' થાય છે. પૂંછડાંથી પકડેલો વાછરડો નાસી જાય, ત્યારે પણ ફરી ભગવાન્ બીજાને પકડતા એમ જણાવવા, 'વાછરડાઓને' એમ બહુવચન યોજેલું છે. એ પ્રમાણે વ્રજની સ્ત્રીઓ ભગવાનની પરાધીન ગતિ જોઈને, તે જોતી જ રહી. ઉપનિષદોની પેઠે અહિં જ (આ લીલામાં જ) તાત્પર્યવાળી(ગરકાવ થએલી) તેઓ ઉભી રહી, પરંતુ ભગવાન્ અન્યને(વાછરડાને) અધીન હોવાથી (તે) અન્યથા (જૂદા પ્રકારના, સ્વતંત્ર) છે એમ જાણ્યું નહિ.

એ પ્રમાણે (પોતાના અંતઃકરણ પાસે) કર્મનો ત્યાગ કરાવીને, આશ્રમનો પરિત્યાગ કર્યા વિના પોતાના પુરુષાર્થ માટે ભગવાનને પકડવાનું સંભવતું નથી તેથી, બિલાડાંઓ વિગેરે પણ જેમાં ધમસાણ મચાવતાં હોય તેવા ઘરનો ત્યાગ કરીને[૧૩], તેની દરકાર કર્યા વિના ભગવાનને પકડતી. અમે(વ્રજસ્ત્રીઓ) ભગવાનને પકડી રાખીએ ત્યારે આવી રીતે આમતેમ ખેંચાણ થતું નથી, તેમજ પડવાની સંભાવના રહેતી નથી એમ જણાવવા, 'હસતી' પદ યોજેલું છે. જે સ્ત્રીઓ જ્ઞાનને પરાયણ હતી તેઓ જોતી[૧૪], જેઓ વૈરાગ્યવાળી હતી તેઓ ઘર તજતી[૧૫], અને જેઓ ફલની ઈચ્છાવાળી હતી તેઓ હસતી[૧૬], એમ ત્રણ પ્રકારની

૧૨. વાછરડાઓ છે તેથી ભગવાન્ લીલા માટે પૂંછડું પકડે છે એવા જ્ઞાન વિનાના છે. (લે)

૧૩. અહિં સૂચવેલો આનુષંગિક (ગર્ભિત) અર્થ પણ કહેલો છે. (ટિ) આ મર્યાદામાર્ગને અનુસરતો અર્થ હોવાથી તેને આનુષંગિક અર્થ કહેલ છે. (પ્ર)

૧૪. ત્રણ પ્રકારની વ્રજસ્ત્રીઓ કહી તે પૈકી, પહેલા પ્રકારની સ્ત્રીઓ કૌતુક માનીને (ભગવાનની) વાછરડાનું પૂંછડું પકડીને જે ગતિ થતી તે જોવામાં જ તત્પર રહી, તે જ્ઞાનને પરાયણ હતી. (ટિ)

૧૫. પ્રિયનું દર્શન, કટાક્ષ, સ્પર્શ વિગેરે રસમાં જેમનું મન ચોટેલ છે તેવી (બીજા પ્રકારની) સ્ત્રીઓને બીજે (ઘરમાં) રાગ (પ્રેમ) ન હોય એ સ્પષ્ટ જ છે. (ટિ)

૧૬. ત્રીજા પ્રકારની સ્ત્રીઓ તો પ્રિય એકલા (યશોદા વિગેરે વિના) પ્રાપ્ત થયા, તેથી સંતોષથી હસતી હતી. (ટિ)

સ્ત્રીઓ (ભગવાનને) પકડતી એમ કહેલું છે. (ભગવાનને) પકડ્યા પછીનો વિનિયોગ[17] (કરવાનું કાર્ય) તો પ્રથમ જ કહેલો છે. (બધી સ્ત્રીઓ) ભેગી થઈ પકડતી ત્યારે તો (તેઓ) પોતે પણ ગમે તે સ્થલે લઈ જાય એ સંભવે છે. 'ઘર તજી' શબ્દથી (ઘર સિવાય) બીજે પણ લઈ જતી (એમ સૂચવેલું છે). 'હસતી' એ શબ્દ પણ એમ જ (સૂચવે છે). વધારે કહેવાનું શું પ્રયોજન? સર્વ રીતે (ભગવાનને) પકડતી. બધીય સ્ત્રીઓ જે પ્રમાણે પકડી શકે તેવા ભગવાન્ (થતા). આ ગાયનું પૂંછડું પકડવાની પરાધીન લીલાનું નિરૂપણ કર્યું. ૨૫.

પોતાની મેળે ગતિ કરવાની અનેક પ્રકારની લીલા કહે છેઃ

**શ્રૃંગ્યગ્નિદંષ્ટ્ર્યસિજલદ્વિજકણ્ટકેભ્યઃ ક્રીડાપરાવતિચલૌ સ્વસુતૌ નિષેદ્ધુમ્ ।।**
**ગૃહ્યાણિ કર્તુમપિ યત્ર ન તજ્જનન્યૌ શેકાત આપતુરલં મનસોનવસ્થામ્ ।।૨૬।।**

શીંગડાંવાળાં પ્રાણીઓ, અગ્નિ, દાંતવાળાં પ્રાણીઓ, અસિ, જલ, પક્ષીઓ તથા કાંટાઓમાંથી રમતીઆળ, બહુ ચપલ પોતાના પુત્રોને રોકવા માટે જ્યારે તેમની માતાઓ ઘરનાં જરુરી કામો પણ કરી શકતી ન હતી ત્યારે મનમાં ઘણી ચિંતા પામતી હતી. ૨૬.

ગોપીઓ તો પોતાપણાના ભાવના[1] દોષ વિનાની હતી, અને અલૌકિક ભાવથી[2] પણ વશ થએલી હતી. વિચાર વિનાની[3] હોવાથી રસથી પણ (વશ

---

૧૭. ઉપર જણાવેલ સ્ત્રીઓના ત્રણ પ્રકારો કહ્યા, તેથી તેમનો વિનિયોગ કહેવાઈ ગયો એવો અર્થ છે. અથવા તેઓને 'અંગના' કહેલી છે, એટલે 'અંગ નયન્તિ' અંગને લઈ જાય તે 'અંગના', અથવા 'અંગે નયન્તિ' અંગમાં લઈ જાય તે 'અંગના' એવી વ્યુત્પત્તિથી વિનિયોગ કહેવાઈ ગયો. (ટિ)

૧. પોતાપણાનો ભાવ એટલે ઘર સંબંધી (સંસાર સંબંધી) પોતાપણાનો ભાવ. (પ્ર) માતાઓ ભગવાનમાં પોતાના હોવાપણું જાણે છે તે પોતાપણાનો ભાવ. તેઓ ભગવાન્ સ્વામી છે એમ જાણતી નથી, એટલે સર્વાત્મભાવના વિચારથી આ પોતાપણાનો ભાવ એ દોષ છે. (લે)

૨. 'સૂક્ષ્મરૂપથી વિશ્વાસ ઉત્પન્ન કરી, તેનાથી જ અડચણ (વિઘ્ન) દૂર થતાં (ભગવાન્) પોતાના ઈષ્ટરૂપનો આવિર્ભાવ કરે છે' એ કારિકામાં કહેલો, લોકથી ન જણાય તેવો ભાવ એ અલૌકિકભાવ એવો અર્થ છે. ગયા શ્લોકનાં ટિપ્પણીમાં 'અંગના' શબ્દની વ્યુત્પત્તિ કહેલી છે, તે ઉપર 'સ્વત્વભાવઃ' 'પોતાપણાના ભાવથી' જણાએલી છે. ગોપીઓ ભગવાનને સ્વામી જાણતી હતી, તેથી ભગવાન્ માટે પોતાના અંગોને લઈ જતી હતી. વળી અંગનાનો અર્થ શ્રીસુબોધિનીમાં એ જ શ્લોકમાં 'તરુણીઓ' કહેલો છે. તે અર્થ અહિં 'અલૌકિકભાવ'થી કહેલો છે. તરુણીઓ હોવાથી અલૌકિક ભાવથી તેઓ વશ થાય છે એવો અર્થ છે. (લે)

૩. ગયા શ્લોકમાં 'ઘર તજેલી' પદથી 'રસવાળી' ગોપીઓ કહી છે, તે અહિં 'વિચારવિનાની' પદથી કહેલી છે. જેમણે ઘર તજેલું છે તેમને ઘર સંબંધી વિચાર નહિ હોવાથી રસથી પણ વશ થએલી છે એવો અર્થ છે. (લે)

થએલી), તરુણપણાને લીધે[4] કૌતુકથી પણ (વશ થએલી) અને બીજા માટે[5] પણ (વશ થએલી) જણાવેલી છે. તેઓને તરત જ પ્રપંચને વિસારી ભગવાનમાં આસક્ત થએલી વર્ણવેલી છે. યશોદા અને રોહિણી તો તેમનાથી ઉલટા જ (પ્રકારનાં) હતાં, તેથી તે બેને એ બંને (પોતાપણાના ભાવના દોષનો અભાવ, અને અલૌકિક ભાવ) પ્રાપ્ત થાય, તે માટે (પોતાના) છ ગુણોથી અને (પોતાના) સ્વરૂપથી (એમ) સાત પ્રકારે ભગવાને લીલા કરી.

**ઈષ્ટસ્ય દુષ્ટસમ્બન્ધે શિષ્ટઃ પુષ્ટિં વિમુઞ્ચતિ ।।**
**નાન્યથેતિ હરિઃ પ્રીતઃ સત્યઃ ક્રૂરગતોઽભવત્ ।।કા. ૧૩ ।।.।।**

ઈષ્ટનો[6] દુષ્ટની સાથે સંબંધ થાય ત્યારે શિષ્ટ[7] (જેને તે ઈષ્ટ હોય તે) (પોતાના) પોષણનો ત્યાગ કરે છે, તેમ ન થાય તો[8] (ત્યાગ) કરતા નથી, તેથી સત્યરૂપ હરિ પ્રસન્ન થઈ ક્રૂર પાસે ગયા[9]. કા. ૧૩।।.[10]

**શ્રૃંગિણો દંષ્ટ્રિણશ્ચૈવ પક્ષિણશ્ચ વિઘાતકાઃ ।।**
**ચેતનાસ્ત્રિવિધા એવ તતોઽન્યે તુ ચતુર્વિધાઃ ।।કા. ૧૪।।.।।**

શીંગડાંવાળાં પ્રાણીઓ, દાંતવાળાં પ્રાણીઓ અને પક્ષીઓ એ ત્રણ પ્રકારનાં ચેતન (જીવો) જ મારનારાં છે. તેનાથી બીજાં (અચેતન) તો ચાર પ્રકારનાં (મારનારાં) છે. કા. ૧૪।।.

---

૪. ગયા શ્લોકમાં 'જોતી' કૌતુકવાળી ગોપીઓ કહી તેમને અહિં તરુણપણાવાળી કહેલી છે. (લે)

૫. બીજા માટે એટલે કામના ફલ માટે. ગયા શ્લોકમાં કામવાળી 'હસતી' ગોપીઓ કહી, તે અહિં જણાવેલી છે. આ બધીને જણાવતાં 'અપિ' 'ચ' 'પણ' 'અને' શબ્દ યોજેલ છે, તે એ એક પ્રકારની ગોપીઓમાં બીજીઓનો પણ સમાવેશ થતો એમ જણાવે છે. (લે)

૬. ઈષ્ટ એટલે પોતાને પ્રિય હોય તે. (અહિં માતાઓના પ્રિય ભગવાન્) (કા)

૭. શિષ્ટ એટલે બાકીનું. (૧) ઈષ્ટ એટલે પ્રિય, અને (૨) જેમને તે પ્રિય છે તે. એ બેમાંથી ઈષ્ટ પ્રથમ કહ્યા, તેથી બાકી રહેલા શિષ્ટ એટલે જેમને ભગવાન્ પ્રિય છે તે માતાઓ. (કા)

૮. 'તેમ ન થાય તો' એટલે ઈષ્ટને દુષ્ટનો સંબંધ ન થાય અને ઉત્તમનો જ સંબંધ થાય તો. (કા)

૯. ભગવાનને જો શીંગડાંવાળાં પ્રાણીઓ વિગેરે ઉપદ્રવ કરનાર દુષ્ટનો સંબંધ ન થાય તો માતાઓ ભોજન વિગેરે પોતાના પોષણના કાર્યનો ત્યાગ કરે નહિ, (પણ પોષણ વિગેરે ઘરના કાર્યમાં મચ્યાં રહે.) બીજા કોઈ પ્રકારે અથવા બીજા કોઈ કારણથી તેઓ પોતાના પોષણ વિગેરે કાર્યનો ત્યાગ ન કરે. તેથી સત્યરૂપ ભગવાન્ પ્રસન્ન થઈ તેવા ભક્તોનો નિરોધ કરવા માટે શીંગડાવાળાં પ્રાણીઓ વિગેરે ઉપદ્રવ કરનારાંઓ પાસે ગયા, એવો આ કારિકાનો અર્થ છે.

૧૦. આ કારિકાથી એમ કહેલું છે કે ભક્તોનો નિરોધ કરવા માટે ભગવાન્ પોતાના સ્વરૂપની મર્યાદાની દરકાર રાખતા નથી. (લે)

**કૃત્રિમાઃ સહજાસ્તેપિ ખડ્ગાગ્નિજલકણ્ટકાઃ ।।કા. ૧૫।।**

તેઓ પણ ખડ્ગ (તલવાર), અગ્નિ, જલ અને કાંટાઓ, એમ બનાવટી[11] અને કુદરતી[11] હોય છે. કા. ૧૫.

શીંગડાંવાળાં પ્રાણીઓ એટલે ગાયો. અગ્નિ[12] ધૂમાડા માટે (ધૂમાડો ઉત્પન્ન કરવા માટે) અથવા પરસેવો લાવવા કરેલો. દાંતવાળાં પ્રાણીઓ એટલે માંકડાંઓ. અસિ એટલે તલવાર વિગેરે સાધનો (પ્રાણ હરવાનાં સાધનો). જલ કૂવામાં અથવા (મોટા) ખાડાઓમાં રહેલું અથવા કલશો વિગેરે પાડી નાખે[13] તેમાં રહેલું. પક્ષીઓ એટલે પાંખવાળા પોપટ વિગેરે. કાંટાઓ એટલે કાંટાઓ કાપીને ચારે તરફ વાડના આકારમાં ગોઠવેલા[14]. આ બધામાંથી ભગવાનને રોકવાનું વચનથી બને નહિ, કારણ કે ભગવાન્ આજ્ઞા પ્રમાણે ચાલનાર હોવા છતાં ચંચલ હતા. ખરી રીતે તો તે એવી આજ્ઞા કરવાની પ્રેરણા પણ કરતા નહિ (એટલે આ સાત પદાર્થોથી દૂર રહેવાની આજ્ઞા કરી શકાતી જ નહિ). (ભગવાન્ આ પદાર્થોના સંબંધમાં આવ્યાથી તેમને) ઉપદ્રવ થયાનું જ્ઞાન થાય, ત્યારે આજીજી કરીને (સમજાવીને) રોકવામાં આવતા; પરંતુ તેમ કરવું યોગ્ય ન હતું, એમ 'રમતીઆળ' શબ્દથી કહે છે. 'ક્રીડા' રમત જ જે બે બાલકોને 'પરા' એટલે ઉત્તમ અથવા નિયમમાં રાખનારી (હતી) તેવા 'ક્રીડાપરૌ' એટલે રમતીઆળ (તે બે હતા).

'ત્યારે રમતનાં સાધનો સારા સ્થલમાં (એકઠાં) કરી તેમને દેવાં જોઈએ' એવી શંકા થાય, તેથી 'અતિચલૌ' શબ્દ યોજેલો છે. તે (બે) બહુ ચપલ હતા (એટલે એક ઠેકાણે બેસી રહે તેવા ન હતા). 'ત્યારે બીજા કોઈને તેમની સંભાળ રાખવા રાખવો' એવી શંકા થાય, તેથી 'સ્વસુતૌ' 'પોતાના પુત્રો' પદ યોજેલ છે. પોતે જ તેમને જન્મ આપેલો છે, તેથી તેમને માટે દુઃખ સહન કરેલું હોવાથી અને (તેમને માટે) ઘણો પ્રેમ હોવાથી બીજા કોઈને (તે કામ માટે) રોક્તાં ન હતાં.

(એમને ઉપર જણાવેલ પદાર્થોથી) રોકવાનું તો ક્રિયાથી જ (ક્રિયા અથવા કામ કરીને જ) કરવું જોઈએ, કારણ કે તેમને (એ) જૂદી જૂદી જગ્યાએથી

---

૧૧. અગ્નિ અને કાંટા કૃત્રિમ (બનાવટી) છે. અને ખડ્ગ અને જલ કુદરતી છે. (લે)

૧૨. અગ્નિ કૃત્રિમ છે, એમ જણાવવા આ કહેલું છે. ધૂમાડો કરવામાં આવે ત્યારે મચ્છરો વિગેરે ગાયો પાસે આવે (રહે) નહિ તે માટે, અથવા દૂધ ગરમ કરવા માટે અગ્નિ કરવામાં આવે છે. (લે) ગાયો દોહવાના વાસણની ગંધ દૂર કરવા માટે સ્વેદ (પરસેવો, તાપ) કરવા માટે અગ્નિ કરવામાં આવે છે. (પ્ર)

૧૩. બાલક બાલપણને લીધે કળશા ઉપર કળશા ચઢાવે ત્યારે કોઈ ઊંધો પડી જાય એવો અર્થ છે. કલશામાંનું જલ ખરાબ હોય તેથી તેને પાડી નાખે. (પ્ર)

૧૪. કાંટાઓ કૃત્રિમ છે, એમ જણાવવા આ કહેલું છે. (લે)

લાવીને સારા સ્થાનમાં મૂકવા (રાખવા) જોઈએ. દરેક ક્ષણે એ પ્રમાણે કરવામાં આવે તો ઘરનું કામ એટલે તેમનાં પણ ભોજન સ્નાન વિગેરે સાધનારું કામ થઈ શકે નહિ. આ અર્થ 'ઘરનાં જરુરી કામો પણ કરી (શકતાં ન હતાં)' શબ્દોથી કહે છે. 'ગૃહ્યાણિ' એટલે ઘરમાં અવશ્ય કરવાનાં કામો. લોકમાં નિષ્ઠા (શ્રદ્ધા અથવા રચ્યા પચ્યા રહેવું તે) અને ભગવાનમાં નિષ્ઠા એ પરસ્પર વિરુદ્ધ છે. (માતાઓ ની આ સમયે લોકમાં અને ભગવાનમાં) આસક્તિ સરખી જ હતી, કારણ કે આ મધ્યલીલા જ હતી (નિરોધ હજી થતો જ હતો). પાંચમી[૧૫] લીલા અને તેને માટે સર્વનો ત્યાગ તો હવે પછી કહેશે. (૧. બાલકોને ક્રૂર પ્રાણી અથવા પદાર્થોથી રોકવાનું અને ૨. ઘરનાં જરુરી કામ કરવાનું) બંને (કાર્યો) (માતાઓને) સરખાં હતાં, એમ જણાવવા 'અપિ' 'પણ' શબ્દ યોજેલો છે. જ્યારે (ઘરનાં જરુરી કામો) કરી શકતાં ન હતાં ત્યારે તેઓ મનની 'અનવસ્થા' એટલે વ્યગ્રપણું અથવા ચિંતા પામતાં (તેમને ચિંતા થતી). 'તેમની માતાઓ' શબ્દથી તેમની સાથે[૧૬] (તેમને સાથે રાખી) ક્રિયાનો (ઘરનાં કામ કરવાનો) નિષેધ કહેલો છે[૧૬] એમ જણાવેલું છે. એક ક્ષણ પણ કોઈ સ્થળે તેઓના મનની સ્થિરતા રહેતી ન હતી એવો અર્થ છે. ૨૬.

એ પ્રમાણે માતાઓના નિરોધ માટે બહુ પ્રકારની લીલા કહી, ભૂમિની મર્દન(દબાવા)ની પીડા મટે તે માટે સ્વતંત્ર રીતે[૧] રહેલા ભગવાને[૨] (પોતાના) ચરણોથી જાણે (ભૂમિની) ચંપી કરતા હોય તેવો (પોતાની) ગતિનો વિલાસ કર્યો, એમ નીચેના શ્લોકમાં કહે છેઃ

**કાલેનાલ્પેન રાજર્ષે રામઃ કૃષ્ણશ્ચ ગોવ્રજે ।।**

---

૧૫. જન્મપ્રકરણ પહેલું, પછી તામસપ્રકરણનું ચોથું તામસફલપ્રકરણ. જન્મપ્રકરણ પહેલું ગણતાં આ પાંચમું થાય, તેથી તેમાં કહેલી લીલા તે પાંચમી લીલા. (ટિ)

૧૬. રસોઈ કરતાં ધૂમાડો તથા તાપ લાગે, સ્નાન કરતાં (બાલકો પાસે રાખતાં) અયોગ્યતા થાય. તેથી તેમને સાથે રાખી ઘરકામ કરવું નહિ એમ જણાવેલું છે. અથવા ભગવાનની ક્રિયાને કોઈ રોકી શકતું નથી, પરંતુ ભગવાને જ જેમ યશોદા તથા રોહિણીને માતા બનાવ્યાં તેમ તેમને પોતાની ક્રિયા રોકનાર પણ કર્યા. તેથી ભગવાને પોતાની ક્રિયા રોકવાનો જે કાલ કર્યો તે કાલમાં પોતે જ (ક્રિયાનો) નિરોધ કર્યો (અટકાવી). (પ્ર) (યશોદા અને રોહિણી) માતાઓ હોવાથી તેઓ શીંગડાંવાળાં પ્રાણીઓ વિગેરે સાથેની (ભગવાનની) ક્રિયાનો નિષેધ કરે છે (અટકાવે છે) એવો અર્થ છે. (લે) ભાષાંતરમાં પ્રકાશમાં જણાવેલ પહેલો અર્થ લીધેલો છે.

૧. સ્વતંત્ર રીતે એટલે એકલા, બીજા કોઈના આશ્રય વિના. (લે)

૨. ભગવાને એટલે રામ તથા શ્રીકૃષ્ણે. મૂલ(શ્લોક)માં 'રામ અને કૃષ્ણ' લખેલ છે, તેથી અહિં પણ 'સ્વતંત્ર રીતે રહેલા ભગવાન્' એમ એકવચન યોજેલું છે. (લે)

**અઘૃષ્ટજાનુભિઃ પદ્ભિર્વિચક્રમતુરઞ્જસા ।।૨૭।।**

હે રાજર્ષિ ! થોડા સમયમાં રામ અને કૃષ્ણ ગાયોના વ્રજ (નેસડામાં) ઢીંચણો ઘસડ્યા વિના ચરણોથી સ્હેલાઈથી સારી રીતે ચાલવા લાગ્યા. ૨૭.

જે (પ્રયોજન) માટે આ કાર્ય કરવાનું હતું તે પ્રયોજન અલ્પ હતું, તેથી થોડા જ સમયમાં ગાયોના નેસડામાં ચરણોથી ચાલવા લાગ્યા. 'અઞ્જસા' એટલે સ્હેલાઈથી જ (ચાલવા લાગ્યા), એટલે બીજાનો આધાર લેવાની જરુર ન હતી. કાલ ગતિરૂપ[3] છે, તેથી ક્રીડામાં જેમ તે કરણ (સાધન) થયો હતો તેમ અહિં પણ તે કરણ થયો. અલ્પ કાલ કોમલ[4] હોવાથી, અને કોમલ ચરણોના સ્પર્શથી ભૂમિનો ખેદ મટી જાય તેથી કાલને 'અલ્પ' કહેલો છે. (પરીક્ષિતને) આગળ જે ચરિત્ર કહેવાનું છે તેનું શ્રવણ કરવાનો અધિકાર[5] છે એમ જણાવવા, અને (તેને) નિરોધનું અનુસંધાન[5] રહે તે માટે તેનું અહિં 'હે રાજર્ષિ !' એમ બંને (રાજા અને ઋષિ) ધર્મોથી સંબોધન કરેલું છે. અંદર રહેલા રૂપથી રમણ ઉપજાવવાનું સામર્થ્ય[6] (પ્રકટ) થાય તે માટે, અને બહાર (રહેલા) પરમાનંદ રૂપથી ભૂમિને સુખનું દાન[7] થાય તે માટે, 'રામ અને કૃષ્ણ' એમ નામ આપેલાં છે. (તેઓ) બંને સ્વતંત્રતાથી તે પ્રમાણે કરી શકે તેમ છે, એમ જણાવવા તેમનાં નામો જૂદાં જૂદાં આપેલાં છે.

---

૩. 'ગત્યાત્મક' એટલે 'ગતિઃ' ગતિ 'આત્મનિ' આત્મામાં છે જેના તેવો કાલ છે. પાછળ શ્લોક ૨૨ના આભાસમાં આનું વ્યાખ્યાન કરેલું છે. ત્યાં જેમ ભગવાનના વિહારનું કરણ કાલ હતો તેમ અહિં ભગવાનના ચાલવામાં પણ તે કરણ(સાધન) થએલો છે એવો અર્થ છે. (લે)

૪. કોમલ એટલે 'કોમલ ગતિનો આધાર' એવો અર્થ છે. ચરણો કોમલ હોય તો જ ગતિ કોમલ થાય. તેથી ગતિના કોમલપણાથી ચરણોનું કોમલપણું સૂચવેલું છે, એટલે કોમલ ચરણોથી ભૂમિનું દુઃખ મટાડવા જાણે તેની ચંપી કરતા હોય એવી લીલા સૂચવેલી છે એવો ભાવ છે. (લે)

૫. પરીક્ષિત્ રાજા હોવાથી નિપુણ છે એમ જણાવેલું છે, તેથી મહારાજની લીલારૂપ ચરિત્રનું શ્રવણ કરવાનો તેને અધિકાર છે; વળી તે ઋષિ હોવાથી ૧૦।૭।૨માં તેણે પોતે પૂછેલ સર્વના નિરોધ સંબંધી પ્રશ્નનું તેને અનુસંધાન રહે, તેથી તેને 'રાજર્ષિ' (રાજા+ઋષિ) એવું સંબોધન કરેલું છે. (પ્ર)

૬. રામ (બલભદ્ર) યોગીઓએ ધ્યાન કરવા યોગ્ય છે, તેથી અંદર (હૃદયમાં) રહેલા રૂપથી રમણ ઉત્પન્ન કરવા સમર્થ છે. (પ્ર) રમણ કરાવે તે રામ. તેથી પોતામાં રહેલ રમણ કરાવવાનું સામર્થ્ય તેઓમાં ઉત્પન્ન કરે તે માટે એટલે હવેથી તેમને રમણ કરાવે તે માટે (તેમનું નામ મૂકેલું છે). (લે) 'યોગીઓ અનંતમાં રમણ કરે છે' શ્રુતિ પ્રમાણે, રામ યોગીઓએ ધ્યાન કરવા યોગ્ય હોઈ અંદર રહેલું રૂપ છે. (યો)

૭. ભગવાન્ ભક્તોને અનુકૂલ રહીને રમણ કરાવે છે, તેથી બહાર (પધારેલા)રૂપથી ભૂમિને સુખ આપે એ યોગ્ય છે. એવો અર્થ છે. (પ્ર) 'કૃષ્' સત્તાવાચક છે' શ્રુતિ પ્રમાણે શ્રીકૃષ્ણ પરમાનંદરૂપ છે તેથી. (યો)

બંને ભેગા થઈને પણ (તેમ કરે છે, એમ જણાવવા) 'ચ' 'અને' શબ્દ (યોજેલો) છે, કારણ કે તેઓનો વિનિયોગ (તેઓનું કાર્ય) વિષયને અંદર લઈ જવામાં[૮] અને મનને બહાર લાવવામાં[૯] (થાય) છે. 'ગાયોના નેસડામાં' શબ્દથી ત્યાં (ગાયોની) ખરીઓના વાગવાથી થતા દુઃખનું સ્પષ્ટ રીતે નિરૂપણ કરેલું છે, ઢીંચણો ઘસવાથી જ દૈત્યોનો વધ થઈ જવાથી, હવે પછી (ભગવાને) કરવાનું કાર્ય વ્યર્થ થાય તેથી 'ચરણોથી' શબ્દ યોજેલો છે. (દૈત્યોના વધનું કાર્ય પૂરું થઈ ન જાય તે માટે ચરણોથી ચાલવા લાગ્યા, અને ઢીંચણો ઘસવાનું બંધ કર્યું). અનેક રીતે ચરણો (ભૂમિ પર) રાખીને સારી રીતે ચાલવા લાગ્યા. છંદમાં (કાવ્યમાં) ત્રણે પ્રકારના ભૂતકાળ[૧૦] (ગમે તે એકના અર્થમાં આવે છે) એવી સ્મૃતિ હોવાથી ભગવાનની ક્રિયા પૂરી થઈ ગઈ છે, એમ કોઈ રીતે જાણવું નહિ. ૨૭.

એ પ્રમાણે રાજસી લીલા[૧] કરીને, બીજી લીલા કરી, એમ આ શ્લોકમાં[૨]

---

૮. રામ (યોગીઓએ) ધ્યાન કરવા યોગ્ય હોવાથી, બહાર રહેલા વિષયને અંદર (હૃદયમાં અથવા શરીરમાં) લઈ જાય છે. (પ્ર+યો) એટલે લૌકિકનો ત્યાગ કરાવી અલૌકિક પ્રાપ્ત કરાવે છે. (પ્ર)

૯. ભગવાન્ તેઓનો ભોગ કરવા તેમના મનનું આકર્ષણ કરી તેની મારફત સર્વને બહાર લાવે છે (ખેંચે છે) એવો અર્થ છે. તેથી જ 'હરિનું પ્રિય કરવાની ઈચ્છાથી' એ વચન યોગ્ય થાય છે. (પ્ર) શ્રીકૃષ્ણ પરમાનંદરૂપ હોઈ, જે પોતાનું રૂપ જૂએ તેમને ઘણાં સૌંદર્યથી વશ કરતાં તેમનું મન બહાર એટલે પોતાના સ્વરૂપમાં લાવે છે એવો ભાવાર્થ છે. (યો)

૧૦. સંસ્કૃતમાં ત્રણ ભૂતકાળ છે. (૧) 'લઙ્' હ્યસ્તન ભૂતકાળ. Imperfect. આ કાલનો આજે નહિ, પરંતુ પહેલાં કરેલી ક્રિયા જણાવવામાં ઉપયોગ થાય છે. (૨) 'લિટ્' પરોક્ષ ભૂતકાળ. Perfect. પહેલાં થઈ ગએલી ક્રિયા જે બોલનારે જોઈ ન હોય તે દર્શાવવા આ કાળનો ઉપયોગ થાય છે. (૩) 'લુઙ્' અદ્યતન ભૂતકાળ. (Aorist) સમયનું અનુસંધાન રાખ્યા વિના, ભૂતકાળમાં થએલ ક્રિયા દર્શાવવા આ કાલનો ઉપયોગ કરવામાં આવે છે. જ્યારે ક્રિયા હમણાં જ થઈ છે અને હજી લગભગ ચાલુ છે એવો અર્થ દર્શાવવો હોય ત્યારે આ કાલનો ઉપયોગ કરવો જોઈએ. અહિં 'વિચક્રમતુઃ' એમ 'લિટ્' (Perfect)નું રૂપ યોજેલું છે. તેનો અર્થ ઘણા સમય પહેલાં બોલનારે જોએલ નહિ એ પ્રમાણે ક્રિયા થઈ ગઈ એવો થાય, પરંતુ કાવ્યમાં આ ત્રણે કાલો ગમે તે કાલના અર્થમાં યોજાય એટલે આ 'લિટ્'નું રૂપ 'લુઙ્'ના અર્થમાં યોજાએલું છે એટલે ભગવાનની ચાલવાની ક્રિયા લગભગ હજી ચાલુ છે એવો અર્થ થાય છે. તેથી 'ભગવાન ની ક્રિયા પૂરી થઈ ગઈ છે, એમ કોઈ રીતે જાણવું નહિ' એમ કહેલ છે.

૧. રાજસી લીલા ચરણ ફેંકવારૂપ. 'ક્રમ્' 'ચાલવું'નો અર્થ 'પગોનો વિક્ષેપ' થાય છે અને વિક્ષેપ રાજસ છે (તેથી તે રાજસી લીલા થાય છે). (પ્ર)

૨. આ શ્લોકથી આગળના ત્રણ શ્લોકોથી એવો અર્થ છે. (ટિ) તેથી જ નિર્ભયરામ ભટ્ટ 'દશ શ્લોકના રૂપપ્રકરણમાં આ એક શ્લોક (૨૮અ) અધિક છે, અને આગળ જે બે લીલાઓ

ત્રણથી કહે છેઃ

**તતસ્તુ ભગવાન્ કૃષ્ણો વયસ્યૈર્વ્રજબાલકૈઃ ।।**
**સહરામો વ્રજસ્ત્રીણાં ચિક્રીડે જનયન્ મુદમ્ ।।૨૮।।**

પછી તો રામસહિત ભગવાન્ શ્રીકૃષ્ણ વ્રજની સ્ત્રીઓને આનંદ ઉત્પન્ન કરતાં (પોતાના) વયસ્યો વ્રજના બાલકો સાથે ક્રીડા કરવા લાગ્યા. ૨૮.

રાજસતામસી અને તામસતામસી[3] પોતે કહેવી ઉચિત નથી, એમ માનીને (શુકદેવ) બીજાના[4] મુખથી તે(લીલાઓ)નું નિરૂપણ કરાવવા વચમાં બીજું (વધારાનું) વાક્ય (શ્લોક ૨૮અ) કહે છે; એટલે (તામસીલીલાનું) ચાર શ્લોકોથી નિરૂપણ થાય છે.

એ પ્રમાણે ભૂમિનો ક્લેશ (દુઃખ) દૂર કર્યા પછી, ક્લેશ વિનાની ભૂમિ ઉપર પોતાના અંશરૂપ[5] બાલકો સાથે (ભગવાને) મહારાજાની લીલા કરી એમ આ શ્લોકમાં કહે છે. 'તુ' 'તો' શબ્દ પહેલાંની લીલાને છૂટી પાડવા (પહેલાંની લીલાથી આ જૂદા પ્રકારની છે એમ જણાવવા) યોજેલો છે. અહિંથી પછી (હવે) પરતંત્ર લીલા (ભગવાન્) કરતા નથી. સ્વતંત્રપણે (લીલા કરવાનું) સામર્થ્ય 'ભગવાન્' શબ્દથી કહેલું છે. સ્વતંત્રતામાં (સ્વતંત્રપણે લીલા કરવામાં) આવેશવાળા (બલભદ્ર) દુર્બલ છે, તેથી શ્રીકૃષ્ણ જ (ક્રીડા કરતા હતા એમ) કહેલા છે. રામ તો માત્ર તેમની સાથે રહેનાર જ (કહેલા છે). ભગવાનના સેવકે-એક જ કાલે-(ભગવાનના) બાલક મિત્રોને ગ્રહણ કરેલા, તેથી તેઓની સાથે (ભગવાન્) ક્રીડા (કરતા હતા) એમ જણાવવા, 'વયસ્યૈઃ' 'વયસ્યો' પદ યોજેલું છે. જેઓનું વય સમાન છે તે વયસ્યો. તેઓનો દેશ પણ એક જ હતો, એમ જણાવવા 'વ્રજના બાલકો' શબ્દ યોજેલો છે. રમતમાં બાલકો મુખ્ય છે. રામનો તો પોતાની (ભગવાનની) અંદર[6] સમાવેશ થઈ જાય છે, તેથી 'રામસહિત' એમ કહેલું છે. આ લીલામાં સાક્ષાત્ નિરોધ વ્રજસ્ત્રીઓનો જ છે, કારણ કે તેઓ જ તેવી[7] છે.

---

કહેવાની છે તેની પ્રસિદ્ધિ જણાવવા યોજેલો છે' એમ કહે છે. આવી નોંધ શાસ્ત્રીજી મગનલાલભાઈએ પ્રસિદ્ધ કરેલ ગ્રંથમાં છે.

૩. આ લીલા રાજસતામસ તથા તામસતામસ ભાવવાળી ગોપીઓનો નિરોધ કરવામાં આવતી હોવાથી તે ગુણો લીલામાં ઉપચારથી કહેલા છે. (ટિ) ભગવાનની લીલા નિર્ગુણ હોવા છતાં જેવા ગુણવાળાનો નિરોધ કરવા તે કરેલી તેવા ગુણવાળી તેને કહી છે. (પ્ર)

૪. બીજાના એટલે ગોપીઓના મુખથી. (પ્ર) જૂઓ શ્લોક ૨૮અ.

૫. પોતાના અંશરૂપ એટલે 'પોતાના જેવા' એવો અર્થ છે. (લે)

૬. યૂથના પ્રકારથી લીલા કરતાં, બલભદ્રનો ભગવાનના યૂથમાં સમાવેશ થઈ જાય છે. (લે)

૭. 'તેવી' એટલે લીલાની યોગ્યતાવાળી. (પ્ર) 'તેવી' એટલે બહાર આવી દર્શન કરવાની

યશોદાનો (નિરોધ) જ્ઞાન દ્વારા (કરવાનો) છે. તેમાં સર્વ પ્રકારે જેનું ગ્રહણ કરેલું છે[૮] તેનો ત્યાગ કરાવવા માટે લીલા કરતાં, આરંભમાં લૌકિક પ્રકારથી (ભગવાને) તેમનો પ્રેમ ઉત્પન્ન કર્યો, એમ 'વ્રજની સ્ત્રીઓને આનંદ ઉત્પન્ન કરતાં' શબ્દોથી કહે છે. (તેઓને) વ્રજનો[૯] સંબંધ હોવાથી (તેઓનો) નિરોધ આવશ્યક છે. જે ક્રિડાથી જ જેવી રીતે કરવાથી તેઓને સંતોષ થાય (તે જ ક્રીડા તેવી રીતે ભગવાન્ કરે છે), પરંતુ પોતાના સામર્થ્યથી (તેઓને સંતોષ) કરતા નથી. તેમ ન હોત તો[૧૦], બીજા પ્રયોજનથી (લીલા) કરતા હોત તો, તેનું ('વ્રજસ્ત્રીઓને આનંદ કરતાં' એ પ્રયોજનનું) વર્ણન (શુક) ન કરત. નિરોધ કરનાર (ભગવાન્) પોતે જ છે[૧૧], તેથી એને પોતાના ધર્મ (વિશેષણ)[૧૨] તરીકે જણાવેલ છે. બાલકોનો ઉપયોગ કાર્યના સાધન તરીકે છે, અને રામનો ઉપયોગ રક્ષણ કરનાર[૧૩] તરીકે છે. (ભગવાન્) પોતે સંતોષ ઉત્પન્ન કરે છે. રાજલીલામાં (ભગવાન્) પોતે રાજા (થાય છે), રામ મંત્રી (થાય છે), (અને) બાલકો સેવકો થાય છે. એ પ્રમાણે જેટલી ગોપીઓ જેવા

---

યોગ્યતાવાળી. (લે) માતા તો મોટાં હોવાથી બહાર આવી શકે નહિ, તેથી તેમનો નિરોધ જ્ઞાન દ્વારા કરવાનું કહેલ છે. (લે)

૮. સર્વ પ્રકારે જેનું ગ્રહણ કરેલું છે તે પ્રપંચ, તેનો ત્યાગ કરાવવા. (લે)

૯. વ્રજ તામસ છે. તેનો સંબંધ હોવાથી એટલે તામસભાવવાળી હોવાથી. (પ્ર)

૧૦. 'તેમ ન હોત તો'નો સંબંધ 'તેનું વર્ણન ન કરત' સાથે લેવાનો છે. 'તેમ ન હોત તો'નો અર્થ, બાકીના એટલે 'બીજા પ્રયોજનથી (લીલા) કરતા હોત તો' શબ્દોથી કહેલો છે. એટલે, 'વ્રજની સ્ત્રીઓને આનંદ કરવો એ આનુષંગિક (અકસ્માતથી થતું) ફલ છે, પરંતુ માત્ર તે જ પ્રયોજનથી ભગવાન્ લીલા કરતા ન હતા' એમ કહેવું યોગ્ય નથી, કારણ કે એમ હોત તો 'વ્રજની સ્ત્રીઓને આનંદ કરતાં' એમ શુક કહેત નહિ એવો અર્થ છે, કારણ કે (એ સંજોગોમાં) એમ કહેવું જરુરી ન હતું એવો ભાવ છે. વળી અહિં નિરોધ કરવો એ જ (લીલા કરવાનો) હેતુ છે. તેથી પણ તે પ્રયોજન માટે જ લીલા કરતા (હતા) એમ માનવું જોઈએ, એવો ગૂઢ ભાવાર્થ છે. (ટિ)

૧૧. ઉપર નોટ ૧૦માં જણાવેલ પ્રયોજનથી જ ભગવાન્ લીલા કરતા હોય તો 'ગોપીઓમાં એવા' (રાજસતામસ તથા તામસતામસ) ધર્મોનું જ પ્રધાનપણું હોવાથી (એવી લીલાઓથી) તેમને આનંદ થયો, પણ (તેમને) પ્રભુના પ્રધાનપણાને લીધે આનંદ થયો ન હતો' એમ શુક કહેત એવી શંકા થાય તેથી કહે છે કે નિરોધ કરનાર ભગવાન્ પોતે જ છે (તેથી પ્રધાનપણું પ્રભુનું છે). (ટિ)

૧૨. 'જનયન્' ('મુદમ્') 'ઉત્પન્ન કરતાં' એ ભગવાનનું વિશેષણ છે.

૧૩. ભગવાન્ બાલકો સાથે ભુજબંધ વિગેરે લીલાઓ કરે છે ત્યારે પોતામાં પણ તેવી ભાવના કરવાથી ગોપીઓને આનંદ થાય છે. પછી રામ પણ બાલકો સાથે તેવી લીલા કરે છે, ત્યારે પહેલાં થએલા આનંદનું તેમને સ્મરણ થતાં તે દઢ થાય છે. એ પ્રમાણે રામ આનંદના રક્ષક બને છે. (લે)

જેવા ભાવવાળી છે તે તે ભાવોને અનુકૂલ અનંત જ લીલાઓ ભગવાને કરી[૧૪] એવો અર્થ છે. ૨૮.

જેઓ સર્વ પ્રકારે પ્રાકૃત સ્વભાવવાળી[૧] હતી અથવા લૌકિક વાક્યમાં[૨] સારી રીતે નિષ્ઠા(શ્રદ્ધા)વાળી[૩] હતી, તેઓને સાધારણ સાત્ત્વિક લીલાથી પ્રપંચનું વિસ્મરણ થાય નહિ. તેથી જે કાર્યમાં[૪] તેઓની આસક્તિ હતી તે જ કાર્યનો નાશ કરતાં (ભગવાને) તેઓનો નિરોધ કર્યો. તે (આસક્તિવાળા કાર્યનો નાશ) જો સહન કરી શકાય તેમ હોય તો (તેથી) પૂરેપૂરો નિરોધ સિદ્ધ થાય નહિ; તેથી તે કાર્ય સહન કરી શકાય તેવું ન હતું એમ જણાવતાં, તેવા પ્રકારની[૫] ગોપીઓએ નિંદા કરી, એમ (શુક) નીચેના શ્લોકમાં કહે છેઃ

**કૃષ્ણસ્ય ગોપ્યો રુચિરં વીક્ષ્ય કૌમારચાપલમ્ ।।**
**શ્રૃણ્વત્યાઃ કિલ તન્માતુરિતિ હોચુઃ સમાગતાઃ ।।૨૮અ।।**

ગોપીઓ શ્રીકૃષ્ણનું સુંદર કુમાર(અવસ્થા)નું ચાપલ્ય જોઈને સાથે ભેગી થઈને તેમની માતાના સાંભળતાં ખરેખર નીચે પ્રમાણે કહેતી હતી. ૨૮અ.

ભગવાન જ સ્વતંત્ર કર્તા છે, તેથી (અહિં) બાલકો અથવા રામનું પણ નામ દીધેલું નથી; પણ શ્રીકૃષ્ણનું જ નામ લીધેલું છે. (ભગવાનનું કુમાર અવસ્થાની ચપલતાનું કાર્ય) 'રુચિર' એટલે મનોહર હોય (થાય) છે જ. (આ કાર્યથી) નિરોધ તો પ્રાપ્ત થયો, છતાં અમારું (ગોપીઓનું) મન પોતાથી (પોતાની મેળે) તેવા પ્રકારનું (એ પ્રમાણે નિરોધ કરાવવાનું) ન હતું એમ પોતાનો દોષ કાઢી નાખવા, યશોદાને (તે કાર્ય) જણાવે છે.

'(ગોપીઓ) સર્વ રીતે પૂર્ણ હતી (અને) ભગવાનની કૃપાથી તેમણે

---

૧૪. ગોપીઓને ભગવાન્ જે પ્રકારે આનંદ ઉત્પન્ન કરતા તે પ્રકાર અહિં કહેલો છે. 'સત્ત્વ સુખ ઉત્પન્ન કરે છે' વાક્ય પ્રમાણે અહિં સુખ ઉત્પન્ન કરનારી સાત્ત્વિકી લીલાનું નિરૂપણ કર્યું છે. (પ્ર)

૧. ધૂર્તપણાની લીલાનું પ્રયોજન દર્શાવવા આ વાક્ય કહેલ છે. (પ્ર) પ્રાકૃત એટલે ભગવાનના કાર્યને અનુકૂલ નહિ તેવો જેઓનો સ્વભાવ હતો તેવી ગોપીઓ. આવી ગોપીઓ આગળ શ્લોક ૨૯માં કહેલી છે (૨૯મો શ્લોક બોલે છે). (લે)

૨. લૌકિક વાક્યમાં એટલે સાસુ વિગેરેનાં વાક્યમાં. (પ્ર)

૩. લૌકિક એટલે પતિ વિગેરેની સેવા કરવા પ્રેરનાર વાક્યમાં શ્રદ્ધાવાળી. આવી ગોપીઓ આગળ શ્લોક ૩૦માં કહેલી છે. (શ્લોક ૩૦ કહે છે). તેથી જ તેઓ બાલકનું પોષણ કરવામાં અને પતિને મંદસ્નાન કરાવવામાં પ્રવૃત્ત રહે છે. (લે)

૪. દૂધ દહીં વિગેરેના કાર્યમાં આ બંને પ્રકારની ગોપીઓ આસક્ત રહે છે એવો અર્થ છે. (લે)

૫. તેવા પ્રકારની એટલે (૧) સર્વ પ્રકારે પ્રાકૃત સ્વભાવવાળી અને (૨) લૌકિક વાક્યમાં સારી રીતે શ્રદ્ધાવાળી. (પ્ર)

સંપત્તિ પ્રાપ્ત કરી હતી, છતાં તેમણે એ પ્રમાણે નિંદા કેમ કરી ?' એવી શંકા થાય, તેથી 'ગોપીઓ' પદ યોજેલું છે. (તેઓ) ગોપની ભાર્યાઓ હોવાથી[૬] (તેમણે) એ પ્રમાણે કર્યું.

'ભગવાનમાં દોષની દૃષ્ટિ રાખી એવાં (આ પછીના અઢી શ્લોકોમાં કહેલાં છે તેવાં) વચનો[૭] કહેવાથી નિરોધ પ્રાપ્ત થાય નહિ' એવી શંકા થાય ,તેથી 'કૌમારચાપલમ્' 'કુમારઅવસ્થાનું ચાપલ્ય' શબ્દ યોજેલો છે. આ કુમાર અવસ્થાનું જ ચાપલ્ય એટલે ચપલતા હતી. આ દોષ વય(અવસ્થા)નો જ હતો, ભગવાનનો ન હતો, એવી તેઓની બુદ્ધિ હતી. તેઓ સાથે ભેગી થએલી એટલે લોકન્યાય પ્રમાણે (લોકમાં બને છે તે પ્રમાણે) ભેગી થએલી હતી, પરંતુ માત્ર નિંદા કરવા જ ભેગી થએલી ન હતી. તેમની માતાના એટલે યશોદાના સાંભળતાં જ પરસ્પર જ (એ પ્રમાણે) વચન કહેતી હતી. આવું વચન કહેવું યોગ્ય નહિ હોવા છતાં, (તે) સર્વ લોકમાં પ્રસિદ્ધ હોવાથી કહેવામાં આવે છે, તેથી પોતાનો દોષ નથી, એમ જણાવવા શુક 'કિલ' 'ખરેખર' શબ્દ યોજે છે. ૨૮અ.

ગોપીઓ કહે છે :

**વત્સાન્ મુઞ્ચન્ ક્વચિદસમયે ક્રોશસઞ્જાતહાસઃ**
**સ્તેયં સ્વાદ્વત્ત્યથ દધિ પયઃ કલ્પિતૈઃ સ્તેયયોગૈઃ ।।**
**મર્કાન્ ભોક્ષ્યન્ વિભજતિ સ ચેન્નાત્તિ ભાણ્ડં ભિનત્તિ**
**દ્રવ્યાલાભે સ ગૃહકુપિતો યાત્યનુક્રોશ્ય તોકાન્ ।।૨૯।।**

કોઈ સ્થલે કસમયે વત્સોને છોડી દેતાં, ઠપકો દેતાં ભગવાન્ હસે છે. કોઈ વાર કલ્પેલા ચોરીના ઉપાયોથી ચોરેલાં સ્વાદિષ્ટ દૂધ તથા દહીં ખાય છે. ભોજન કરતાં માંકડાંઓને વહેંચી આપે છે, અને તે ખાતા નથી તો વાસણને ફોડી નાખે છે. દ્રવ્ય પ્રાપ્ત ન થાય તો ઘરવાળા ઉપર કોપ કરી બાલકોને રડાવી જતા રહે છે. ૨૯.

(એ પ્રમાણે ગોપીઓ સારી રીતે ભેગી થઈ ભગવાનની માતાના સાંભળતાં) તે તે (ગોપીના) દોષો દૂર કરવા ભગવાને કરેલી નિરોધલીલા (કહેતી હતી). તે લીલામાં ચિત્ત પરોવાએલ હોવાથી, તે ભગવાનના કાર્ય(લીલા)થી, પોતે જે દોષ[૧] કરેલ તેનાથી મુક્ત થઈ. (આ શ્લોકમાં) છ પ્રકારના ભગવાનના ગુણો[૨]

---

૬. 'ગોપની ભાર્યાઓ હોવાથી' એટલે 'તેઓનો એવો સ્વભાવ હોવાથી' એવો અર્થ છે. (લે)

૭. એવાં વચનો એટલે નિંદાનાં વચનો. (પ્ર)

૧. દોષ એટલે વસ્તુનો લોભ. (પ્ર) દોષ એટલે ભગવાનમાં 'આ ઈશ્વર નથી' એવી બુદ્ધિ. ભગવાનના હસવાથી તેમનામાં ચિત્ત પરોવવાથી ભગવાનના સ્વરૂપનું તેમને જ્ઞાન થાય છે, અને તેથી એ દોષ મટી જાય છે. (લે)

૨. (૧) વાછરડાંને છોડી દેવાં, (૨) ચોરેલા પદાર્થોનું ભોજન, (૩) માંકડાંઓને (ખાવાના

વર્ણવે છે, જે જીવોને દોષરૂપ છે, (પણ) ભગવાનના ગુણો છે; કારણ કે ઈશ્વર હલકું કાર્ય કરતા નથી[3]. વત્સોને છોડી દેવા, એ ઈશ્વરનું કાર્ય નથી એમ કેટલાક કહે છે. આખા[4] દિવસ સુધી ભૂખ્યા રહેલા વત્સો 'માતા (ધણમાંથી) આવ્યા પછી પણ દુઃખી ન થાય' એવા વિચારથી, સર્વને મોક્ષ આપનાર (છોડાવનાર) અક્ષય નિધિના કર્તા ભગવાન્ મર્યાદાના સમયનું ઉલ્લંઘન કરીને પણ વત્સોને છોડી દે છે. 'કોઈસ્થલે' એટલે જ્યાં વત્સોને છોડવાથી (તેઓ) ધરાય તે પહેલાં (તેમને) બાંધવાનું બની શકે તેમ ન હોય ત્યાં[4]. (વત્સો છોડી દેવા માટે) ઠપકો દેવામાં આવે ત્યારે ભગવાન્ પોતે અભિમાન વિનાના[5] અને (બીજાને) માન આપનારા હોવાથી તેઓની (ઠપકો આપનારી ગોપીઓની) દુર્બુદ્ધિ[6] જાણીને હસે છે, (એટલે) વધારે ને વધારે મોહ કરનારી માયા વધતી જાય છે. એ પ્રમાણે બહાર રહેલાઓનાં[7] ભૂખે કરેલાં અને મોહે કરેલાં અંદરનાં દુઃખોનો (ભગવાન્) નાશ કરે છે. હરકોઈ ઉપાયથી પણ મનનો બધો વ્યાપાર (કાર્ય) ભગવાનના સંબંધવાળો થાય, તેવા પ્રકારનો મોહ પણ ભગવાનના સંબંધી સારા પ્રકારનો[8] થાય છે.

એવી રીતે બંને પ્રકારનાંને[9] કૃતાર્થ કરીને, સ્વકીયો(પોતાના ભક્તો)ને પોતે ભોજન કરાવવું જોઈએ તેથી પોતાની અંદર રહેલા બાલકોને અન્ન વિગેરેથી

---

પદાર્થો) વહેંચી આપવા, (૪) વાસણ ફોડી નાખવાં, (૫) કોપ કરવો અને (૬) બાલકોને રડાવવાં એ છ ગુણો. (લે)

૩. ભગવાન્ વિરુદ્ધધર્મના આશ્રય છે (તેમનામાં પરસ્પર વિરુદ્ધધર્મો રહેલા છે), તેથી તેમનામાં ઐશ્વર્યથી વિરુદ્ધ ધર્મ પણ હોય, પરંતુ તેથી તે ઈશ્વર મટી જતા નથી એવો સિદ્ધાંત છે. (લે)

૪-૪. આથી (બે સ્થલે આવું ચિહ્ન કરેલ છે તે વચ્ચેનાં શ્રીસુબોધિનીથી) વત્સોને છોડવા એ પણ ઐશ્વર્યનું કાર્ય છે એમ જણાવે છે; કારણ કે કસમયે વત્સોને છોડવા, એ કલ્પના આરંભમાં મૂઢ પ્રાણીઓને મોક્ષ આપવા બરાબર (ઐશ્વર્યનું) કાર્ય છે. (પ્ર)

૫. ભગવાન્ પોતે માન (અભિમાન) વિનાના છે અને બીજાઓ માટે ઐશ્વર્યથી વિરુદ્ધ કાર્ય પણ કરે છે. બીજાઓને એટલે વત્સોને માન આપનાર એટલે દુઃખમાંથી બચાવનાર છે, એવું વત્સો છોડવાનું તાત્પર્ય કહેલું છે. (લે)

૬. દુર્બુદ્ધિ એટલે 'આ ઈશ્વર નથી' એવી બુદ્ધિ. (લે)

૭. બહાર રહેલાં એટલે (૧) વત્સો અને (૨) ગોપિકાઓ. (પ્ર) બહાર રહેલાં એટલે 'ઘરની બહાર નેસડામાં રહેલાં' એવો અર્થ છે. તે પૈકી વત્સોનું ભૂખથી થતું દુઃખ તેમને છોડી મૂકીને મટાડે છે, અને ગોપીઓનું મોહથી થતું દુઃખ પોતાના હાસ્યથી મટાડે છે. (લે)

૮. 'સઞ્જાતહાસઃ'માં 'સમ્' ઉપસર્ગ છે તેનો આ અર્થ કરેલો છે. (પ્ર)

૯. બંને પ્રકારનાં એટલે (૧) ભૂખથી દુઃખી થએલા (વત્સો) અને (૨) મોહથી દુઃખી થએલી (ગોપિકાઓ). (પ્ર)

પુષ્ટ કરવા, જાણે વીર્યથી વિરુદ્ધ હોય તેમ ભગવાન્ ચોરીથી ભોજન કરે છે, એમ બીજા ચરણમાં કહે છે. જે હરે છે તે ચોર છે. ભગવાન્ હરિ સ્મરણથી જ (સ્મરણ કરતાં જ) સર્વ હરે છે. 'સ્તેય' 'ચોરીથી' પ્રાપ્ત થએલાં તે 'સ્તેયં' 'ચોરેલાં' રાંધેલું અન્ન વિગેરે, તથા મસાલાવાળા ચોખાવાળા સૂપથી આરંભી દૂધપાક સુધીના પદાર્થો, તેઓમાં પણ જે સ્વાદિષ્ટ રસવાળા હોય તે. (ભગવાન્) પોતે ગોપિકાના ઘરમાં બેસી, બાલકોને બેસાડી, તે(ગોપિકા)ને બીજે જ મોકલી, સાકર, લાડવા અથવા મીઠાઈ જે જે સ્વાદિષ્ટ હોય તે આરોગે છે. 'અથ' એટલે ધરાયા પછી અથવા અન્ન થઈ રહ્યા પછી, દહીં અને દૂધ એટલે પ્રથમ દહીં અને પછી દૂધ આરોગે છે, એટલે છેવટે દૂધ પીએ ત્યાં સુધી ધીરે ધીરે ભોજન કરે છે એવો અર્થ છે. ચોરી કરવા ભગવાને ઘણા ઉપાયો કલ્પેલા છે. જો દૂર[૧૦] (ઘણે ઊંચે) શીકામાં જલથી ભરેલી થાળી રાખી, (ગોપી) તેની નીચે સૂતી હોય તો પણ નાલથી (પોલાણવાળા રાડા, અથવા નળીથી) (દૂર રહી) જલ પી જઈ વાંસથી શીકાં ઉપર ચડી થાળી ઉતારી (તેમાં રાખેલ ખાવાનું) લઈ જાય છે. એ પ્રમાણે (ઘરવાળી ગોપીને) ખબર ન પડે તેમ (ખાવાનું ચોરવાના) અનેક પ્રકારો (ભગવાન્) યોજે છે. તેના જાણતાં પણ, માખણનું વાસણ પાસે રાખીને સાવધાનપણે રહેલી હોય ત્યારે પણ, દૂધ વિગેરેથી મુખ પૂરું ભરી લઈ તેની આંખોમાં તે 'ફૂ' કરી ઉરાડી, (આંખમાં દૂધ વિગેરે ઉડવાથી) તે આંખો બંધ કરે, ત્યારે (માખણ) ઉપાડી લેઈ એક ક્ષણમાં અદષ્ટ થઈ જાય છે. એવો કોઈ પણ ઉપાય ન હતો કે જેથી (ગોપી) ભગવાનથી (માખણ વિગેરેનું) રક્ષણ કરી શકે. આથી પણ (વધારે) જે વાણી અને મનથી પણ જાણી શકાય નહિ તેવા ઉપાયો ભગવાન્ (યોજે છે). તે બધાય ભગવાને જ કલ્પેલા હતા, પરંતુ ચોરના શાસ્ત્રમાં પ્રસિદ્ધ નથી[૧૧].

કેટલાક કહે છે કે ભગવાન્ બાલકોની સાથે ભોજન કરે છે[૧૨]; પણ વાસ્તવિક રીતે પોતાની અંદર રહેલા બાલકોની પ્રીતિ માટે જ તેમ (ભોજન) કરે છે[૧૩]. પોતે ભોજન કરતાં બાલકો ધરાઈ રહે ત્યારે માંકડાંઓને વહેંચી દે છે. 'મર્કાઃ'

---

૧૦. 'દૂર શીકામાં' એટલે શીકામાં રાખેલ માખણ વિગેરેના વાસણ ઉપર. (પ્ર)

૧૧. આથી નવા ઉપાયો યોજવારૂપ 'વીર્ય' દર્શાવેલ છે, તેથી નિરોધ અને તેનું અલૌકિક કાર્ય જણાવેલાં છે. (પ્ર)

૧૨. આ બીજાઓનો મત કહેલો છે. મૂલશ્લોકમાં આમ કહેલ નથી. ચોરીથી ખાવાનું પ્રાપ્ત કરવું અને તે પોતે ખાવું એ યશથી વિરુદ્ધ છે (તેથી આ મત યોગ્ય નથી). (પ્ર)

૧૩. (પરમત યોગ્ય નથી એમ જણાવી) અહિં સિદ્ધાંત કહે છે. ભગવાનના આ કાર્યથી (ગોપિકાઓનો) અત્યંત નિરોધ થાય છે અને બાલકોને પ્રીતિ થાય છે. તેથી આ કાર્ય યશથી વિરુદ્ધ નથી પરંતુ તેને અનુકૂલ છે. (પ્ર)

એટલે માંકડાંઓ. 'માંકડાંઓને વહેંચી દે છે' એવો અર્થ છે. કારણ કે તેઓ પહેલાં રામ અવતારના ભક્તો હતા. તેઓ પણ ધરાઈ રહે, ત્યારે (ભગવાન્) પોતે અધ્યાત્મા ભાવનો[૧૪] સ્વીકાર કરીને ભોજન કરે છે. તે જગતના આત્મા જે 'જેનાં બ્રહ્મ અને ક્ષત્ર બંને ખોરાક થાય છે, મૃત્યુ જેને (ખોરાક) લાવી આપનાર છે, તે ક્યાં છે તે કોણ જાણે ?' શ્રુતિ પ્રમાણે ભોજન કરનાર છે, તે[૧૫] પણ ભોજન ન કરે (ત્યારે વાસણને ફોડી નાખે છે). 'સઃ'[૧૬] એટલે પ્રસિદ્ધ. તે એક જ ભગવાનનું ભોજન કરનારું રૂપ છે. તે તો અત્યંત જ શુદ્ધ હોય તેનો ભોગ કરે છે, પરંતુ જેની અંદર દૈત્યનો આવેશ હોવાથી જે મોક્ષનું સંબંધી (મોક્ષ પામવા યોગ્ય) ન હોય તેનો તે ભોગ કરતા નથી એટલે તેનું ભોજન કરતા નથી, ત્યારે તે વાસણ ફોડી નાખે છે; કારણ કે બીજાઓએ દૈત્યના સંબંધવાળાનું ભોજન કરવું જોઈએ નહિ[૧૬]. ખાવાનાં દ્રવ્ય (પદાર્થ) ન હોય ત્યારે, અથવા તે બીજે રાખેલ હોવાથી પ્રાપ્ત ન થાય ત્યારે (ભગવાન્ તે) ઘરવાળા ઉપર કોપ કરે છે. 'સગૃહે' એટલે ઘરવાળા ગૃહસ્થ ઉપર કોપ કરે છે[૧૭], કારણ કે તેણે (ખાવાનો પદાર્થ નહિ રાખવા અથવા બીજે રાખવારૂપ) અયોગ્ય (કાર્ય) કરેલું છે; ઘર ધર્મ માટે જ હોય છે, (જો ઘરમાં) ધર્મ ન હોય તો ઘર[૧૮] વ્યર્થ છે, અને ધર્મ દ્રવ્યોથી થાય છે; અને દ્રવ્ય પ્રાપ્ત કરનારા પુરુષો હોય છે. (પુરુષોએ હમણાં દ્રવ્ય ઘરમાં ન રાખેલ હોવા છતાં) બીજા દિવસે ઈશ્વરના કોપના ભયથી (દ્રવ્ય ઘરમાં) એકઠું કરશે જ. અથવા ગૃહસ્થને બહાર મારે અથવા સજા કરે[૧૯]. એ પ્રમાણે (ભગવાનના) અલૌકિક[૨૦] ક્રોધ(નું વર્ણન કર્યું). 'બાલકોને રડાવી જતા રહે છે' શબ્દોથી લૌકિક (ક્રોધ વર્ણવે છે). 'તોફાન્' એટલે ધાવતાં બાલકોને. 'તમારા (આ બાલકો) કરતાં પણ મારી

---

૧૪. ભાવ એટલે 'અધ્યાત્માનો ભાવ'. ભગવાને અધ્યાત્માના ભાવને સ્વીકાર્યો છે. અહિં 'ભોક્ષ્યન્' શબ્દથી 'ભવિષ્યમાં ભોગ કરશે' એમ કહેલું છે. તેથી માંકડાંઓના અધ્યાત્મરૂપથી ભોગ કહેલો છે એમ જાણવું. (પ્ર)

૧૫. 'તે' એટલે અધ્યાત્મા. (પ્ર)

૧૬-૧૬. 'મર્કટો' બહુ છે. અહિં 'સઃ' એટલે 'તે' એકવચનમાં યોજેલ છે તેથી એ શબ્દથી મર્કટો કહેલા છે એમ જણાય નહિ. તેથી અહિં તેનું તાત્પર્ય કહે છે. 'સઃ' એટલે (તેમનો) અધ્યાત્મા. (પ્ર)

૧૭. ભગવાન્ 'કોપ કરે છે' એટલે ભગવાનના પ્રભાવથી જ તેને કોઈ ઉપદ્રવ થાય છે એવો અર્થ છે. (લે)

૧૮. 'ઘર' એટલે 'ઘરમાં રહેવું તે' 'ઘરનો સ્વીકાર'. (પ્ર)

૧૯. 'મારે અથવા સજા કરે' એટલે 'કોઈ દૈત્ય મારી નાખશે અથવા માર મારશે' એવો શાપ આપે છે એવો અર્થ છે. (લે)

૨૦. આ ક્રોધનો પ્રકાર જાણી શકાય તેવો નહિ હોવાથી, આ અલૌકિક ક્રોધ છે. (લે)

(ભગવાનની) અંદર રહેલા બાલકો વધારે ભૂખ્યા છે. તેઓ ભૂખ્યા હોય ત્યારે તેમના સેવકોએ તમોએ (સુખે) રહેવું, એ અયોગ્ય છે'[૨૧] તેથી તેમને રાડો પડાવીને અથવા રડાવીને, 'હું વિમુખ થતાં (જતો રહેતાં) રુદ્ર પ્રવેશ કરશે (આવશે)' એવા વિચારથી (જતા રહે છે). એ પ્રમાણે ભગવાનના છ[૨૨] ગુણોનું નિરૂપણ કર્યું. ૨૯.

ધૂર્તપણામાં કરવાની ક્રિયાઓનો પ્રકાર કહી, નીચે જ્ઞાનનો પ્રકાર[૧] કહે છેઃ

**હસ્તાગ્રાહ્યે રચયતિ વિધિં પીઠકોલૂખલાદ્યૈ-**
**શ્છિદ્રં હ્યન્તર્નિહિતવયુનઃ શિક્યભાણ્ડેષુ તદ્વિત્ ।।**
**ધ્વાન્તાગારે ધૃતમણિગણં સ્વાંગમર્થપ્રદીપં**
**કાલે ગોપ્યો યર્હિ ગૃહકૃત્યેષુ સુવ્યગ્રચિત્તાઃ ।।૩૦।।**

હાથથી પહોંચી શકાય નહિ તેમ હોય ત્યાં પાટલી, ખાંડણિયા વિગેરેથી ઉપાય કરે છે. શીકામાં વાસણો હોય તેની અંદરનું જેમને જ્ઞાન થાય છે તેવા તે જાણનાર ભગવાન્ તેમાં કાણું પાડે છે. અંધકારવાળા ઘરમાં જેણે મણિઓના સમૂહો ધારણ કરેલા છે તેવું પોતાનું અંગ પદાર્થોને પ્રકાશનારું કરે છે. જે સમયે ગોપીઓ ઘરના કામમાં સારી પેઠે વ્યગ્ર ચિત્તવાળી હોય ત્યારે (આ સર્વ ભગવાન્) કરે છે. ૩૦.

જ્ઞાન પાંચ પ્રકારનું[૨] છે. (૧) પ્રકાર(સાધન)વાળું, અને (૨) પ્રકારરહિત. (તે પૈકી બીજું) સાધનરહિત જ્ઞાન (૧) કાલનું[૩] અને (૨) વસ્તુનું[૪] (એમ બે

---

૨૧. 'અંતરંગ ભગવદીઓ ભૂખ્યા હોય ત્યારે ભક્તના સંબંધવાળા પુરુષે ભોજન કરવું યોગ્ય નથી' એવો ભાવ છે. (લે)

૨૨. (૧) ભગવાન્ (વત્સોને) મોક્ષ આપતા (છોડતા) હોવાથી તેમનામાં ઐશ્વર્ય છે. (૨) (ગોપીઓને મોહ કરતા હોવાથી તેમનામાં 'શ્રી' છે. (૩) ચોરીથી (માખણ વિગેરે અદ્‌ભુત રીતે પ્રાપ્ત કરે છે તેથી) તેમનામાં વીર્ય છે. (૪) માંકડાંઓને દાન કરીને સર્વ પ્રકારે ભક્તોનું હિત કરે છે, તેથી તેમનામાં વૈરાગ્ય છે. (૫) વાસણો ફોડી નાખે છે તે કાર્ય પોતાની મેળે સર્વનું હિત કરનારું થાય છે, તેથી તેમનામાં યશ છે, અને (૬) કોપ વિગેરે (કરે છે) તેથી તેમનામાં જ્ઞાન છે. તેથી જ 'રુદ્ર પ્રવેશ કરશે' એમ કહેલું છે. (પ્ર)

૧. ગયા શ્લોકમાં ક્રિયા કરાવનાર છ પ્રકારના ગુણોનું વર્ણન કર્યું. આ શ્લોકમાં જ્ઞાનનો પ્રકાર જણાવી ભગવાનની પૂર્ણ વિદ્યાનું નિરૂપણ કરવામાં આવે છે એવા આશયથી આ કહેલું છે. (પ્ર)

૨. અહિં 'પ્રકાર' શબ્દનો અર્થ 'સાધન' છે. એટલે (૧) 'પાટલી' વિગેરે સાધન વાળું અને (૨) એવા સાધન વિનાનું, એમ જ્ઞાનના બે પ્રકાર થયા. (ટિ) (૧)ચોરીના સમયનું (૨) વસ્તુનું (૩) જરા અસાધ્યનું (૪) અત્યંત અસાધ્યનું અને (૫) અંધકારમાં રાખેલ પદાર્થને ગ્રહણ કરવાના સાધનનું, એ પ્રમાણે પાંચ પ્રકારનું જ્ઞાન છે. (યો)

3. જે સમયે તેના ઘરમાં કોઈ ન હોય તે સમયનું જ્ઞાન તે કાલનું જ્ઞાન. (ટિ)

૪. કાલના જ્ઞાન જેવું જ વસ્તુનું જ્ઞાન (ક્યાં કઈ વસ્તુ છે તેનું જ્ઞાન). (ટિ)

પ્રકારનું) છે; (અને પહેલું) પ્રકારવાળું જ્ઞાન (૧) જરા અસાધ્ય (પ્રાપ્ત કરવું કઠિણ), (૨) અત્યંત અસાધ્ય અને (૩) અંધકારમાં રાખેલ હોય ત્યાં પ્રકાશની અપેક્ષાવાળું[૫] (એમ ત્રણ પ્રકારનું) છે. (એ પાંચે પ્રકારનું જ્ઞાન ભગવાનને છે એમ કહીને) આ શ્લોકમાં (ભગવાનની) પૂરી વિદ્યાનું નિરૂપણ કરેલું છે. લૌકિકબુદ્ધિથી તો બધું જ્ઞાન બીજાને ઉપદ્રવ કરનારું હોય છે (જણાય છે). તે(જ્ઞાન)ના અંશોનું જ્ઞાન થતાં તેનું જ્ઞાન પણ થાય છે, એટલે ખરી રીતે તો ઉપકાર[૬] જ થાય છે.

કોઠાર વિગેરેમાં જ્યાં વસ્તુ ભગવાનના હાથથી પહોંચી શકાય નહિ તેમ હોય ત્યાં પાટલી ઉપર ખાંડણિયો ઊંધો મૂકીને, અથવા તેના ઉપર બાલકને રાખીને, અથવા ઘરના વાંસોને ધારણ કરીને (તે) વસ્તુ લે છે. વાસણો ખાલી હોય તો (એવો) પ્રયત્ન કરતા નથી, તેનું કારણ 'અંદરનું જેમને જ્ઞાન છે' શબ્દથી કહેલું છે. 'અન્તર્' એટલે વાસણમાં, (વાસણની) મધ્યમાં 'નિહિતં' રાખેલું (રહેલું) છે 'વયુનં' જ્ઞાન જેમનું (તે 'અન્તર્નિહિતવયુનઃ'). શીકામાં[૭] મૂકેલાં વાસણોમાં જો દૂધ વિગેરે હોય તો તેમાં ભાલાં વિગેરેથી કાણું પાડે છે, અને તેની નીચે બીજું વાસણ રાખે છે. (તેમાં) દહીં વિગેરે હોય તો તેમ કરતા નથી. (તેમાં સાકર વિગેરે હોય અથવા જામી ગએલ દહીં વિગેરે હોય તો (તે વાસણને) પાડી નાખે છે. તે સર્વ (ભગવાન્) જાણે છે તેથી 'તે જાણનાર'[૭] છે.

અંધકારવાળાં ઘરમાં તો જેણે મણિઓના સમૂહો ધારણ કરેલા છે તેવા પોતાનાં અંગને પદાર્થોને[૮] પ્રકાશનારું કરે છે, જેથી તે શ્રીઅંગ હમણાં પ્રકાશતું ન હોવા છતાં તે સમયે અંધકારવાળાં ઘરમાં સૂર્યની પેઠે પ્રકાશે છે અને મણિઓનો પ્રકાશ કરે છે. અથવા પદાર્થો જ પ્રદીપ્ત (દીવાઓ) થાય છે[૯], અથવા પોતાનું અંગ

---

૫. હૃદયનો અંધકાર ઘણો હોય ત્યાં જ્ઞાનરૂપી દીપકની જરૂર છે, તેથી સાધન સહિત જ્ઞાનનો ઉપયોગ કરે છે. (પ્ર)

૬. પહેલાં કહેલા જ્ઞાનના અંશો પાટલી વિગેરે છે, કારણ કે તે (જ્ઞાનના) વિષય છે. જ્ઞાન પોતે તો અંશ (વિભાગ) વગરનું છે તેથી વિષયો જ તેના અંશ (ગણાય). આમ હોવાથી પોતાના ઘરમાં (વિષયો સદા હોવાથી) તેમનું જ્ઞાન સદા થાય છે એટલે તેમના સંબંધવાળા ભગવાનનું પણ સદા જ્ઞાન થાય છે. તેથી તે ઉપકાર જ છે એવો અર્થ છે. (ટિ)

૭-૭. આ શબ્દથી 'વાસણ ભરેલું છે કે ખાલી' તેનું જ્ઞાન (ભગવાનને) છે એમ જણાવ્યું છે અને 'તદ્વિદ્' 'તે જાણનાર' પદથી વાસણમાં દહીં વિગેરે જે પદાર્થ હોય તેનું તેમને જ્ઞાન છે એમ જણાવેલું છે. આ બંને જ્ઞાન 'વસ્તુનાં' જ્ઞાન છે એમ જાણવું. (લે)

૮. 'અર્થતઃ'માં 'તઃ' પ્રત્યય છઠ્ઠી વિભક્તિના બહુવચન માટે યોજાએલો છે. (પ્ર) પ્રકાશ પ્રમાણે ભાષાંતરમાં અર્થ કરેલો છે.

અહિં 'અર્થ' શબ્દ વસ્તુ માટે યોજાએલ છે. તેથી 'અર્થતઃ' એટલે 'વસ્તુતઃ' (વાસ્તવિક રીતે). (લે) ૯. 'અર્થાઃપ્રદીપાઃ યત્ર' 'પદાર્થો જેની અંદર (જેના) પ્રદીપ થાય છે' એવી રીતે

જ પદાર્થો માટે પ્રદીપ (દીપક)[10] છે જેનો (તેવા ભગવાન્ છે); પરંતુ બીજો આવે ત્યારે (તે દીપક થતું) નથી. આ સર્વ પણ (યોગ્ય) સમયે (કરે છે); કે જ્યારે ગોપીઓને (તેનું) જ્ઞાન જ હોતું નથી, અથવા જ્યારે તેઓ દૂર ગએલી હોય છે. વળી જ્યારે તેઓ ઘરના કાર્યોમાં એટલે રસોઈ કરવાના વિગેરે કાર્યમાં અથવા મંદસ્નાન[11] વિગેરેમાં, અથવા બાલકોને આનંદ આપવાના ઘણા જરુરી કામમાં સારી રીતે વ્યગ્ર ચિત્તવાળી હોય, અથવા વલોવવાના સમયે કે જ્યારે સમયનો વિલંબ થાય તો ઘી જ ઉત્પન્ન થાય નહિ (તેવા સમયે કરે છે). ૩૦.

એ પ્રમાણે જ્ઞાનનો પ્રકાર કહી, નીચેના શ્લોકમાં તેનું પરિણામ કહે છેઃ

**એવં ધાષ્ટ્યાર્ન્યુશતિ કુરુતે મેહનાદીનિ વાસ્તૌ**
**સ્તેયોપાયૈર્વિરચિતકૃતિઃ સુપ્રતીકો યથાસ્તે ।।**
**ઈત્થં સ્ત્રીભિઃ સભયનયનશ્રીમુખાલોકિનીભિઃ**
**વ્યાખ્યાતાર્થા પ્રહસિતમુખી ન હ્યુપાલબ્ધુમૈચ્છત્ ।।૩૧।।**

હે સુંદર સ્ત્રી! એ પ્રમાણે તે ઉદ્ધતાઈ(નાં કાર્યો) કરે છે. વાસ્તુ (દેવતા)ના સુંદર પાત્રમાં મૂત્ર વિગેરે કરે છે. ચોરીના ઉપાયોથી રચાએલી આકૃતિ-(રૂપ)વાળા સારા દેખાવવાળાની પેઠે રહે છે. આવી રીતે ભયવાળાં નયનવાળા-(ભગવાન)નું શ્રીવાળું મુખ જોતી સ્ત્રીઓએ વૃત્તાંત જણાવ્યો ત્યારે ઘણા હસતા મુખવાળીએ (ભગવાનને) ઠપકો આપવાની ઈચ્છા ન કરી. ૩૧.

હે 'ઉશતિ' સુંદર સ્ત્રી ! (ભગવાન્) વસ્ત્રો કાઢી નાખવાં વિગેરે ઉદ્ધતાઈ (નાં કાર્યો) કરે છે, અને 'ઉશતિ' એટલે સુંદર પાત્ર વિગેરેમાં મૂત્ર વિગેરે કરે છે. 'વાસ્તૌ' જે પાત્રમાં વાસ્તુ(ઘરમાં પ્રવેશ કરતી વખતે પૂજવામાં આવતા)દેવતાનું પૂજન કરેલું હોય છે (તેમાં મૂત્ર વિગેરે કરે છે). વળી ભ્રમ ઉત્પન્ન કરનારા ચોરીના ઉપાયોથી જેમની કૃતિ એટલે આકૃતિ રચાએલી છે તેવા (ભગવાન્) પતિ જેવા[1], પુત્ર જેવા તથા ભાઈ જેવા (થઈ), (પતિ, પુત્ર તથા ભાઈનું રૂપ ધારણ કરી) રહે છે. તે સમયે (પોતાનું) કામ સાધવા એવા થઈ રહેલ હોવા છતાં સારા દેખાવવાળા એટલે સત્પુરુષની પેઠે રહે છે. (૧) ઉદ્ધતાઈ[2] વિગેરે(નાં કાર્યો) કરવાં, (૨) મૂત્ર

---

બહુવ્રીહિ સમાસ છે. (લે)

૧૦. 'અર્થાર્થ પ્રદીપઃ=અર્થપ્રદીપઃ' (આ શબ્દનું દ્વીતિયાનું એકવચન 'અર્થપ્રદીપમ્' થયું. 'રચયતિ' એ અહિં પણ લેવાનું છે.(લે) 'અર્થાર્થ' એટલે પોતાના અર્થની સિદ્ધિ થાય તે માટે. (પ્ર)

૧૧. મંદસ્નાન એટલે અભ્યંગ (તેલ ચોળીને) સ્નાન. (લે)

૧. વસ્તુ (દૂધ દહીં વિગેરે ) લેવી હોય ત્યારે (ગોપીના) પતિ વિગેરેનું રૂપ ભગવાન્ ધારણ કરે છે એવો અર્થ છે. (લે)

૨-૨. પોતાની ઈચ્છેલી લીલાવાળું પાંચ પ્રકારનું રૂપ આ શ્લોકમાં કહ્યું. તેનાથી અંતઃકરણ

વિગેરે કરવાં, (૩) ચોરી કરવી, (૪) બીજાનું રૂપ લેવું અને (૫) સત્પુરુષ પેઠે રહેવું, એ પ્રમાણે પાંચ પ્રકારે (ભગવાન્) રૂપ ધારણ કરે છે. (૧) દેહ પેઠે, (૨) ઈન્દ્રિય પેઠે, (૩) પ્રાણ પેઠે, (૪) અંતઃકરણ પેઠે અને (૫) આત્મા (જીવવાળા) પેઠે, એમ પાંચ પ્રકારના અજ્ઞાનના શેષભૂત (અંગરૂપ) (પાંચ) રૂપો (ભગવાન્ ધારણ કરે છે)[2].

એ પ્રમાણે ક્રિયારૂપ (ધર્મો)[3], જ્ઞાનરૂપ (ધર્મો)[3] અને આકૃતિરૂપ[3](ધર્મો) નું નિરૂપણ કરી, આ શ્લોકના ઉત્તરાર્ધમાં ઉપસંહાર કરે છે. એવા પ્રકારથી સ્ત્રીઓએ વૃત્તાંત જણાવ્યો ત્યારે પણ (યશોદાએ) હસતા મુખવાળી થઈને ઠપકો આપવાની ઈચ્છા ન કરી. ઠપકો આપવાથી બે કાર્યો થાય, (૧) સ્ત્રીઓ (ગોપીઓ)નાં મનનું રંજન થાય અને (૨) બાલકને (ભગવાનને) ભય ઉત્પન્ન થાય. તે બંને કાર્યો પહેલાંથી જ (ઠપકો આપ્યા પહેલાં જ) થયાં. ભગવાન્ ભયવાળું જેમનું નયન છે તેવા 'સભયનયનઃ' થયા. તેમનું શ્રીવાળું મુખ, તેને જોતી (હતી, એવી ગોપીઓ થઈ). એ પ્રમાણે ઠપકો આપનારીઓ પણ ભગવાનના મુખને જોનારી જ થઈ. ભય જ્ઞાનશક્તિને[4] જ હોય છે, ક્રિયાશક્તિને[5] હોતો નથી. 'ભયવાળું નયન છે જેમનું' શબ્દથી તે કહેલું છે. (ભગવાનનું) મુખ શ્રીવાળું છે. નિંદા કરનારી(ગોપીઓ)ની દૃષ્ટિ ભગવાનના (મુખના) ઉપર ન પડે તે માટે મૂર્તિમતી શ્રી(લક્ષ્મી) જ વચમાં (ગોપીઓની દૃષ્ટિ અને ભગવાનના મુખની વચમાં) વ્યાપી રહ્યાં. તેથી ભયવાળાં નયન જેમ થાય તેવી રીતે (ભગવાનનાં) શ્રીવાળાં મુખને જોનારી (ગોપીઓ થઈ). એ પ્રમાણે (ગોપીઓ–એ) પોતાના ઘરમાં થએલ કાર્યરૂપ વૃત્તાંત જેમને જણાવેલો છે (તેવાં યશોદા

---

શુદ્ધ કેવી રીતે થાય છે એ જણાવવા આ કહેલું છે. 'પ્રાણ (શ્વાસ) લેતાં પ્રાણ થાય છે' શ્રુતિ પ્રમાણે કાર્યથી જ બીજું રૂપ થાય છે એમ કહેલું છે. તે પ્રમાણે અહિં (૧) ભગવાન્ ઉદ્ધતાઈનાં કાર્યો કરતાં દેહ પેઠે (દેહવાળા હોય તેવા) થાય છે, (૨) મૂત્ર વિગેરે કરતાં ઈન્દ્રિય પેઠે થાય છે, (૩) ચોરીને ભોજન કરતાં પ્રાણ પેઠે થાય છે, કારણ કે ભોજન કરનાર પ્રાણ જ છે, (૪) બીજું રૂપ ધારણ કરતાં અંતઃકરણ પેઠે થાય છે, કારણ કે અંતઃકરણની અનેક વૃત્તિઓ હોય છે અને (૫) સત્પુરુષ પેઠે રહેતાં આત્મા પેઠે થાય છે એવો અર્થ છે. પાંચ રૂપો ધારણ કરવાનું શું પ્રયોજન ? એ જાણવાની ઈચ્છા થાય તેથી કહે છે કે અવિદ્યારૂપ અજ્ઞાનના દેહ વિગેરે પાંચ વિષયો છે, તેથી (તે અજ્ઞાન) મટાડવા ભગવાન્ પાંચ રૂપો ધારણ કરે છે. તેથી ભગવાન્ પાંચ રૂપવાળા થઈ, ભક્તો સાથે સંબંધમાં આવે છે. અને તેમનાં અંતઃકરણને શુદ્ધ કરે છે એવો અર્થ છે. (પ્ર) ભગવાન્ દેહ પેઠે થાય છે એટલે ભગવાનમાં દેહનું કાર્ય હોય તેમ જણાય છે, પરંતુ ભગવાનને દેહ વિગેરે નથી એવો અર્થ છે. (લે)

૩–૩. અહિં ધર્મો શેષ છે. (પ્ર) 'ગુણો' શેષ છે. (લે)

૪. જ્ઞાનશક્તિ એટલે 'નયન' (ચક્ષુઃ) (પ્ર) **૫.** ક્રિયાશક્તિ એટલે 'મુખ'. (પ્ર)

થયાં). આમ થતાં લોકની દૃષ્ટિથી ભગવાનનાં ધૂર્તપણાનું સ્મરણ કરી, બંનેનાં[૬] (ભગવાનનાં અને ગોપીઓનાં) ભયવાળાં નયનો જોઈને, 'ભગવાન્ અને સ્ત્રીઓ (ગોપીઓ) બંને ભય પામેલાં છે, ભગવાન્ મારાથી[૭] ભય પામેલા છે અને સ્ત્રીઓ ભગવાનથી તથા મારાથી (ભય પામેલી છે)' એમ વિચારીને, અનેક રસમાં પ્રવેશ કરેલી(યશોદા)એ ઘણા હસતા મુખવાળી થઈ ભગવાનને ઠપકો આપવાની ઈચ્છા ન કરી[૮]. નામલીલાથી વસુદેવ[૯] કૃતાર્થ જ થયા. આ યશોદાનો મનોરથ તો[૧૦] લૌકિક ન્યાય પ્રમાણે સિદ્ધ થયો (એટલે) લૌકિક ભાવના દ્રઢપણાંને લીધે જ તેણે (ભગવાનના) દોષો ગ્રહણ કર્યા (જોયા) નહિ, પરંતુ (ભગવાનના) માહાત્મ્યના જ્ઞાનથી (તેમના દોષો ન જોયા એમ બન્યું) નહિ. ૩૧.

ક્લેશ વિના કર્મ કરનારા[૧] ભગવાન્ જ્યાં સુધી થોડી ઘણી[૨] આસક્તિને લીધે વ્યગ્રતા ન પામે ત્યાં સુધી કહેતા નથી[૩] તેમજ દેખાડતા પણ નથી[૪]. આ

---

૬. 'સભયનયન'નું બે રીતે વ્યાખ્યાન કરેલું છે. ૧.ભયવાળું નયન છે જેમનું તે ભગવાન્. આ વ્યાખ્યાન પ્રમાણે ભગવાનનાં નયનમાં ભય છે. ૨.ભયવાળાં નયન જેમ થાય તેવી રીતે (શ્રીવાળાં મુખને જોતી ગોપીઓ). આ વ્યાખ્યાન પ્રમાણે ગોપીઓના નયનમાં ભય છે. (લે)

૭. યશોદાનો વિચાર અહિં કહે છે, (તેથી મારાથી એટલે યશોદાથી.) (લે)

૮. યશોદાએ ભગવાનને ઠપકો દેવાની ઈચ્છા ન કરી તેનું કારણ તેમને ભગવાનના સ્વરૂપનું જ્ઞાન હશે, એવી શંકા ન થાય તે માટે આ ભાગ કહેલો છે. (પ્ર) આ પછીના પ્રકરણનો આભાસ અહિંથી શરૂ થાય છે. (લે)

૯. વસુઓનો દેવ એટલે વસુદેવ એવી 'વસુદેવ' શબ્દની વ્યુત્પત્તિ હોવાથી, વસુદેવ એટલે નંદજી. દ્રોણ વસુઓમાં ઉત્તમ હતા, અને તે જ નંદજી થયા હતા (તેથી વસુઓમાં ઉત્તમ વસુદેવ (દ્રોણ) તે નંદજી. (જૂઓ ૧૦।૮।૪૮ અને ૩૦।૮।૫૦)(યો) (વસુદેવે) શુદ્ધસત્ત્વ નંદજીમાં સ્થાપેલ હોવાથી, નંદજી પણ વસુદેવ થયા. તેથી 'વસુદેવ' શબ્દથી વસુદેવ તથા નંદજી (બંને) જાણવા. (લે)

૧૦. 'તો' શબ્દ ભેદ જણાવે છે, યશોદાને તો માહાત્મ્યનું જ્ઞાન ન હતું, એટલે નંદજીને ગર્ગના વચનથી માહાત્મ્યનું જ્ઞાન થયું હતું એવો ભાવ છે. (લે)

૧. બાલકોનું 'શ્રીકૃષ્ણે માટી ખાધી' વાક્ય ખોટું પાડવા ભગવાન્ ઉત્તર આપે છે, અને પોતે સાચા છે એમ જણાવવા પોતાનું સ્વરૂપ દેખાડે છે, તેમ અહિં કેમ કાંઈ કહ્યું નથી ? તેમજ કાંઈ દેખાડ્યું નહિ ? એવી શંકા થાય તેથી આ કહેલ છે. (પ્ર)

૨. 'નાત્યન્તાસક્ત્યા' પદમાં 'ન' એ 'અત્યંત'નું વિશેષણ છે, (તેથી અત્યંત(ઘણી) આસક્તિ નહિ, પરંતુ થોડી ઘણી આસક્તિ એવો અર્થ થાય છે), કારણ કે અત્યંત આસક્તિ થાય, ત્યારે તો બહારનું અનુસંધાન જ ન રહે એવો ભાવ છે. (ટિ) 'અત્યંત આસક્તિ ન થાય ત્યાં સુધી ભગવાન્ કહેતા નથી' એવો પ્રકાશમાં જણાવેલ અર્થ આ ટિપ્પણી સાથે મળતો જણાતો નથી. ૩. 'માતા, મેં માટી ખાધી નથી' (શ્લોક ૩૫)માં પોતે ભોક્તા નથી,

પ્રકરણથી (રૂપપ્રકરણથી) તેનો (યશોદાનો) પોતા સંબંધી[5] અધ્યાસ દૂર કર્યો, કે જેથી તેણે ભગવાન્ સંબંધીના પોતાના ગાઢ અધ્યાસને લીધે[6] ઠપકો સહન કર્યો. ભગવાન્ સંબંધીનો વૃદ્ધિ પામેલો તેનો અધ્યાસ[7] પણ પોતાની સાથે રહેલા વિષયના વિરોધથી[8] (તેની સાથે) જ દૂર થશે[9]. તેથી તે માટે અંતઃકરણને શુદ્ધ કરનાર જ્ઞાનરૂપ બીજા પ્રકરણનો નીચેના શ્લોકથી અગિઆર શ્લોકોથી આરંભ કરે છે, કારણ કે મનની અગિઆર વૃત્તિઓ છે અને તેઓને દૂર કરવા (મટાડવા) અગિઆર પ્રકારે જ્ઞાનનો ઉપદેશ કરવો જોઈએ :

યશોદાનો ભગવાનમાં અધ્યાસ દઢ હોવાથી, બીજામાં રહેલો દોષ[10] નડતો નહિ, તેથી જે બાલકોનો નિરોધ થયો ન હતો તેઓ એક જ આશ્રય (ભગવાન)માં રહેલા (જણાતા) દોષને કહે છે, એમ નીચેના શ્લોકમાં કહે છે:

**એકદા ક્રીડમાનાસ્તે રામાદ્યા ગોપદારકાઃ ॥**

---

એવો પોતાનો ધર્મ ભગવાને જણાવ્યો તેવો ધર્મ અહિં કહેતા (જણાવતા) નથી. (લે)

૪. પોતાની અંદર જગત્ રહેલું છે, એ પોતાનો ધર્મ દેખાડતા પણ નથી. (લે)

૫. અહિં 'પોતા' પદથી, યશોદાના 'મારો (પુત્ર)' એવો વિષયનો અધ્યાસ તેના પોતામાં જ પરિણમે છે એવો ભાવ છે. (મમતાનો વિષય 'અહંતા'માં પરિણમે છે). (લે) 'પોતા સંબંધી અધ્યાસ' એટલે અહંતા. અહંતા મટી એટલે ગોપીઓએ કહેલ ઠપકો સહન કર્યો.

૬. શાસ્ત્રીજી મગનલાલભાઈએ પ્રસિદ્ધ કરેલ ગ્રંથમાં 'જાતમ્' શબ્દ પછી અલ્પવિરામ છે. ભાષાંતરમાં ત્યાર પછીના શબ્દ 'ભગવદ્વિષયકગાઢાધ્યાસેન' પછી તેવું ચિહ્ન હોય તેમ અર્થ કરેલો છે, કારણ કે ટિપ્પણીમાં (જૂઓ નોટ ૭) આ ભગવદ્વિષયક ગાઢ અધ્યાસને જ 'સોડપિ' શબ્દથી જણાવે છે એમ કહેલ છે.

૭. ભગવાન્ સંબંધીનો 'આ મારો પુત્ર છે' તેવો અધ્યાસ પણ દૂર થશે એવો સંબંધ છે, તેથી જ (શ્લોક ૪૧માં) પ્રણામ કરેલી યશોદા (શ્લોક ૪૨માં) પોતાની મતિના પ્રકારોની ગણના કરે છે, ત્યાં 'આ મારો પુત્ર છે' એમ કહે છે. (ટિ)

૮. (ભગવાન્ સંબંધી ગાઢ અધ્યાસ) દૂર થવાનું કારણ અહિં કહે છે. કારણ કે પુત્ર તરીકે (ભગવાન્ ઉપર) સ્નેહ હોવાથી, તે માટી ખાય ત્યારે લોકન્યાયથી શિક્ષા (દેવા) માટે વિરુદ્ધ આચરણ પણ સંભવે છે, તેથી તે (શિક્ષા) કરવાની ઈચ્છા થતાં ભગવાનમાં સ્નેહ હોવાથી તેમાં (શિક્ષામાં) વિરોધ થાય છે, એટલે ભગવાન્ પોતાનો ધર્મ (પોતામાં આખું વિશ્વ છે એવું માહાત્મ્ય) દેખાડીને તેને પણ દૂર કરશે એવો અર્થ છે. (ભગવાનનું માહાત્મ્ય જોઈને સ્નેહ હઠી જઈ ભય થાય છે. જેમ સ્નેહ હઠે છે તેમ તેની સાથે 'આ મારો પુત્ર' એવો દઢ અધ્યાસ પણ જતો રહે છે. (ટિ)

૯. ભગવાન્ પોતાનો ધર્મ દર્શાવશે ત્યારે તેનાથી વિરોધ (શિક્ષાનો ઉદ્યોગ) જતો રહેશે, તેની સાથે 'આ મારો પુત્ર છે' એવો અધ્યાસ પણ જતો રહેશે એવો અર્થ છે. (પ્ર)

૧૦. 'વાછરડાં છોડી મૂકવાં' વિગેરે રૂપ દોષ એવો અર્થ છે. આથી ભગવાનના સ્વરૂપમાં દોષ થતો નથી, પણ માટી ખાવાથી તો ભગવાનના સ્વરૂપમાં દોષ થાય છે એમ કહે છે. (લે)

**કૃષ્ણો મૃદં ભક્ષિતવાનિતિ માત્રે ન્યવેદયન્ ॥૩૨॥**

એકવાર રમત કરતા રામ વિગેરે તે ગોપના બાલકોએ, 'શ્રીકૃષ્ણે માટી ખાધી' એમ માતાને જણાવ્યું. ૩૨.

**દોષો નિવૃત્તયે[૧૧] યત્નો વાક્યં વાક્યં ચ તસ્ય નુત્ ॥**
**તત્સાધિકા કૃતિર્વિષ્ણોર્જ્ઞાનં પૂર્વનિવારકમ્ ॥કા.૧૬॥**

દોષ[૧૨] (૩૨), દોષ દૂર કરવા માટે યત્ન (૩૩), (યશોદાનું) વાક્ય (૩૪), તેને અપ્રમાણ જણાવનાર (ભગવાનનું) વાક્ય (૩૫), તેને (પોતાના વાક્યને) સાધનારી (પ્રમાણ છે એમ સિદ્ધ કરનારી) વિષ્ણુની કૃતિ (મુખ ઉઘાડવાનું કાર્ય) (૩૬), પહેલાંના (ઉત્પન્ન થએલ ભગવાનમાં દોષદષ્ટિના) જ્ઞાનને મટાડનાર (ખોટું પાડનાર) જ્ઞાન (૩૭), કા. ૧૬.

**જ્ઞાનસ્યોત્કર્ષસિદ્ધ્યર્થં વિષયાણાં ચ વર્ણનમ્ ॥**
**તતો ભયં તન્નિવૃત્તૌ પૂર્વપક્ષસ્ય યુક્તયઃ ॥કા. ૧૭॥**

(આ) જ્ઞાન ઉત્તમ છે એમ સિદ્ધ કરવા વિષયોનું વર્ણન (૩૮), વિષયોનું વર્ણન અને પછી ભય (૩૯), ભય દૂર કરવા માટે[૧૩] પૂર્વપક્ષની યુક્તિઓ (૪૦), કા. ૧૭.

**સિદ્ધાન્તેન પ્રતિષ્ઠાનં ભીતાયાઃ શરણાગતિઃ ॥કા. ૧૭॥.॥**

સિદ્ધાંતથી નિશ્ચય (૪૧), અને ભય પામેલી (યશોદાનું) (ભગવાનને) શરણે આવવું[૧૪] (૪૨). કા.૧૭॥.

એકવાર જ્યારે યશોદાનું ચિત્ત ભગવાનમાં પરોવાએલું જ હતું ત્યારે બાલકો 'આ' ચારે તરફ 'ક્રીડમાનાઃ' રમત કરતા હતા. સમાન (સરખાપણાના) ભાવથી રમત કરવામાં આવે તે સર્વને રસ ઉત્પન્ન કરનારી થાય છે. તેથી[૧૫] ભગવાનમાં બાલકોને સમાનતા સ્ફુરતાં, જેમ વિવેકવાળા પુરુષો પોતામાં દોષ

---

૧૧. વૃંદાવન પ્રેસમાં છપાએલ ગ્રંથનો પાઠ છે. આ પાઠ અર્થને વધારે અનુકૂલ છે. શાસ્ત્રીજીએ પ્રસિદ્ધ કરેલ ગ્રંથમાં 'દોષ નિવૃત્તયે' પાઠ છે. એમ પાઠ લેતાં ૩૨મા શ્લોકનો અર્થ કહેવો રહી જાય છે.

૧૨. 'દોષ' એટલે બાલકોના અજ્ઞાને કરેલો દોષ. (પ્ર) બાલકોએ પોતાના અજ્ઞાનથી કલ્પેલો દોષ. (કારિકાનો અર્થ કરતાં કૌંસમાં ૩૨ થી ૪૨ સુધીના આંકડાઓ મૂક્યા છે તે, તે તે અર્થ તે સંખ્યાવાળા શ્લોકમાં કહેલો છે એમ જણાવવા મૂકેલા છે).

૧૩. આ યુક્તિઓ શ્લોક ૪૦ના પૂર્વાર્ધમાં કહેલી છે, અને ઉત્તરાર્ધમાં તેઓનું સમાધાન કરેલું છે. (કા)

૧૪. શ્લોક ૪૧ અને ૪૨ બંને શ્લોકોમાં યશોદા શરણે આવે છે એમ કહેલું છે. (કા)

૧૫. તેથી એટલે 'રસ ઉત્પન્ન થવાના કારણથી' સરખાપણું સ્ફુરવાથી, જેમ પોતામાં દોષ જૂએ તેમ ભગવાનમાં પણ દોષ જોયો. (લે)

જૂએ છે તેમ તેઓએ ભગવાનમાં પણ દોષ જોયો. જેમને (જે બાલકોને) સ્ત્રીઓને સુખ ઉત્પન્ન કરવા (ભગવાન્) લઈ ગએલા[16] તેઓને સ્ત્રીઓનો સંગ થવાથી તેમનો નિરોધ (ભગવાને) કરેલો નહિ[17], તેથી તેઓ ભગવાનમાં દોષ જૂએ તે યોગ્ય છે, એમ જણાવવા 'તે' પદ યોજેલું છે. તે કાર્ય[18] દર્શાવવા 'રામ[19] વિગેરે' એમ કહેલું છે, કારણ કે તે (રામ) સર્વ સ્ત્રીઓને રમણ કરાવે છે જ અને તેથી તેમની પણ દોષદષ્ટિ છે (તે પણ ભગવાનમાં દોષ જૂએ છે). ગોપોનો (હજી) નિરોધ કરેલો નથી[20], અને તેઓને ગાયોનો સંગ હોવાથી તેમની બુદ્ધિ તેમના (બળદો) જેવી હોય છે. તેમના બાલકો, એટલે તેમનામાં સ્વરૂપથી પણ દોષ હોવાનું કારણ છે એમ જણાવવા, 'ગોપના બાલકો' પદ યોજેલું છે. (પોતાની) અંદર રહેલા બાલકોને પોતાના સંબંધવાળું ધાવણ વિગેરે પીને પુષ્ટ

---

૧૬. પહેલાં ભગવાને 'મિત્રો વ્રજબાલકો સાથે વ્રજસ્ત્રીઓને આનંદ ઉત્પન્ન કરતાં ક્રીડા કરી'(શ્લોક ૨૮). અહિં 'તે' શબ્દ પહેલાં કહેલાનાં અનુસંધાનથી કહેવામાં આવે છે તે પ્રમાણે અહિં 'તે' શબ્દથી તે જ મિત્રો કહેલા છે, એવા આશયથી આ કહે છે. (ટિ)

૧૭. 'માટી નુકશાનકારક છે' એવું જ્ઞાન હોવાથી, ભગવાનને નુકશાન ન થાય એવા હેતુથી (બાલકોએ 'શ્રીકૃષ્ણે માટી ખાધી' એમ યશોદાને) કહ્યું. '(બાલકોને ભગવાન્ માટે) સ્નેહ ન હોય તો આમ બની શકે નહિ, છતાં ભગવાને નિરોધ કેમ ન કર્યો ?' એવી શંકા થાય, તો કહેવાનું જે 'ક્રીડમાનાઃ' શબ્દમાં આત્મનેપદનો પ્રયોગ કરેલો છે, તેથી એમ જણાવેલું છે કે આ ક્રીડા ભગવાન્ માટે અથવા ભગવાન્ સાથે બાલકો કરતા ન હતા પરંતુ તેમના પોતાના સ્વાર્થ માટે પરસ્પર ક્રીડા કરતા હતા. જો (બાલકોનો ભગવાને) સર્વભાવથી નિરોધ કરેલો હોય તો તેઓ એ પ્રમાણે (ક્રીડા) ન કરે; તેથી શ્રીમદાચાર્યચરણે 'તેમનો નિરોધ કરેલો ન હતો' એમ કહેલ છે. (ભગવાનનો) વ્રજની સ્ત્રીઓને આનંદ ઉત્પન્ન કરવો એ જ હેતુ હતો. તે માટે જે લીલા ઉપયોગી હતી તેમાં બાલકો ઉપયોગી હતા તેથી જ બાલકોને સાથે રાખેલા. આ હૃદયમાં (ધ્યાનમાં) રાખીને 'સ્ત્રીઓનો સંગ થવાથી' એમ શ્રીમદાચાર્યચરણે કહેલું છે. તેથી (બાલકોનો) મુખ્ય નિરોધ થયો ન હતો, પણ આનુષંગિક (ગૌણ, પ્રસંગને ઉચિત) નિરોધ થયો હતો એવો ભાવ છે. (ટિ)

૧૮. 'તે કાર્ય' એટલે 'નિરોધ ન કર્યો એ કાર્ય' એવો અર્થ થાય છે. (ટિ)

૧૯. જેથી સ્ત્રીઓને ભગવાનનો સંગ થાય તેમ જ રામ કરે છે, એટલે રામ સ્ત્રીઓને રમણ કરાવનારા છે. તેથી જ તેમને રસની રીત પ્રમાણે તાંબૂલ (પાન) વિગેરેનો અંગીકાર કરવાનું રુચે છે, પણ અલૌકિક માટીનો અંગીકાર પણ રુચતો નથી; એટલે સ્નેહને લીધે જ તે ભગવાનમાં દોષ જૂએ છે. તેથી જ 'રામાદ્યાઃ' પદમાં અતદ્ગુણસંવિજ્ઞાન (જેના પહેલા પદનો અર્થ રહેતો નથી, એટલે 'રામ'નો સમાવેશ થતો નથી) બહુવ્રીહિ સમાસ છે. તેથી બાલકોના ભાવથી રામનો ભાવ જૂદા પ્રકારનો છે એમ સૂચવેલું છે. રામ ગોપના બાલક નહિ હોવાથી તે પ્રમાણે થએલ (તેમનો ભાવ જૂદો) છે. (ટિ)

૨૦. ગોપોનો નિરોધ તો આગળ કહેવાનો છે, એટલે હજી (આ સમયે) તેમનો નિરોધ થએલ નથી તેથી એમ કહેલું છે. (ટિ)

થએલા (જાણીને), પોતાના ચરણારવિંદના સંબંધવાળા ભક્તિરસથી ભળેલી માટી ભગવાન્ આપતા (ખવરાવતા) (હતા ત્યારે), બહિર્મુખોએ એવી કલ્પના કરી, કે ભગવાન્ દહીં વિગેરે આરોગે છે તેમ માટી પણ ખાય છે. પછી તે (માટી ખાવી તે) નુકશાનકારક છે, એમ માનીને બાલકોએ કહ્યું કે 'શ્રીકૃષ્ણે માટી ખાધી'. પાંચ વર્ષ સુધી (બાલક) માતાએ ઉપદેશ આપવા યોગ્ય છે. તેથી (તેમણે) માતાને જણાવ્યું. ૩૨.

શ્રીકૃષ્ણે માટી ખાધી હોય તે સંભવિત હતું, તેથી તેનાથી(માટી ખાવાથી) દેહને નુકશાન થાય એમ જાણીને દોષ[1] મટે તે માટે યશોદાએ પ્રયત્ન કર્યો, એમ નીચેના શ્લોકમાં કહે છેઃ

**સા ગૃહીત્વા કરે પુત્રમુપાલભ્ય હિતૈષિણી ।।**
**યશોદા ભયસંભ્રાન્તપ્રેક્ષણાક્ષમભાષત ।।૩૩।।**

તે હિત ઈચ્છનારી યશોદાએ પુત્રને હાથથી પકડી, ઠપકો આપી ભયથી ગભરાએલી દષ્ટિવાળાં નેત્રવાળા(શ્રીકૃષ્ણ)ને (શ્લોક ૩૪માં જણાવ્યા પ્રમાણે) કહ્યું. ૩૩.

'પુત્રને એક હાથથી પકડીને કહ્યું' એવો સંબંધ છે. 'તે' એટલે નિરોધના મધ્યમાં રહેલી (જેનો નિરોધ થતો હતો તેવી યશોદા). ભગવાનમાં (ભગવાનના સંબંધમાં) લૌકિકી[2] ક્રિયાશક્તિ[3] જ, તેને દઢ હતી તેથી તેટલો જ અંશ (હાથ જ) તેણે પકડ્યો એમ જણાવવા, 'હાથથી પકડી' શબ્દ યોજેલો છે. 'પુમ્'[4] નામના નરકમાંથી (જે) રક્ષણ કરે છે, જે પાપને લીધે 'પુરુષ'[5] શબ્દથી જણાવાતું અને ઉપલક્ષણથી[6] 'સ્ત્રી'[5] શબ્દથી જણાવાતું શરીર, જે હાડકાં તથા મલથી ભરેલું છે,

---

૧. 'દોષ' એટલે 'બાલકોએ કહેલો (જણાવેલો) દોષ.' (પ્ર)

૨. 'હાથથી પકડી' એમાં 'હાથ' શબ્દ એકવચનમાં યોજ્યો છે તેનો આ અર્થ છે. બીજા હાથને પણ જો પકડ્યો હોત તો અલૌકિકી (ક્રિયાશક્તિ) પણ પકડાત, અને તેથી ભગવાન્ વશ થાત. તેથી જ દામોદરલીલામાં તે પ્રમાણે થએલ છે એવો ભાવ છે. (લે)

૩. પુત્રને શિક્ષા કરવા રૂપ લૌકિક ક્રિયાશક્તિ જ યશોદાને દઢ હતી, પરંતુ જ્ઞાનશક્તિ દઢ ન હતી. તેથી તેણે ભગવાનને હાથથી પકડ્યા એવો અર્થ છે. (પ્ર)

૪-૪. આ ભાગમાં 'પુત્ર' શબ્દનું વિવરણ કરેલું છે. તે લોકસંબંધી (લોકમાં પુત્રનું શું કાર્ય છે તે જણાવનારું) છે એમ જાણવું. તેથી જ્યારે લૌકિક પુત્ર જ આવા (માતાપિતાને દેહના બંધનમાંથી છોડાવનારા) હોય છે, ત્યારે તેવા પુત્રભાવનો જેમણે અંગીકાર કર્યો છે તેવા ભગવાન્ (માતા) પોતાનો ક્રિયારૂપ (મારવારૂપ) અપરાધ કરે તેમાંથી તેમને બચાવે એ યોગ્ય જ છે એવો ભાવ છે. તેથી જ (યશોદાએ) વચન જ કહ્યાં, પરંતુ વિરુદ્ધ કાંઈ (મારવાની) ક્રિયા કરી નહિ. (ટિ)

૫. ('પુમ્' નામના નરકમાંથી રક્ષણ કરે તે પુત્ર). 'પુમ્' શબ્દનો અર્થ પુરુષ છે. ઉપલક્ષણથી તે

સર્વ રોગો વિગેરેનું ઘર છે, અને તામિસ્ર[7] વિગેરે સર્વ નરકોથી પણ વધારે (અનિષ્ટ) છે તે માતા અને પિતાને પ્રાપ્ત થાય છે. તેની (તે શરીરની) સંતતિમાં (જે) પોતે પ્રવેશ કરે છે અને તેઓનું (માતાપિતાનું) કાર્ય પોતે કરવા[8] માટે તેઓના દોષનો અંગીકાર કરી, તેઓનું તે દેહના સંબંધમાંથી રક્ષણ કરે છે, તે પુત્ર થાય છે (કહેવાય છે)[4]. ભગવાન્ તો આવા પુત્ર છે. તેવા પુત્રને 'ઉપાલભ્ય' એટલે ઠપકો આપી, આલભનના જેવું ક્રૂર વાક્ય કહીને, પોતાનો પરમ નિધિરૂપ પુત્ર કુશલ રહે એમ તેમનું હિત જ ઈચ્છનારી પરમ ભાગ્યશાળી, જ્ઞાનના પણ અધિકારવાળી યશોદાએ[9] (તેમને (પુત્રને) કહ્યું). (યશોદા જો ભગવાનને) મારે તો (ભગવાનની) અંદર રહેલા બાલકોને દુઃખ થાય, તેથી મહાપુરુષોનો દ્રોહ થવાથી આ(યશોદા)ને કોઈપણ સમયે જ્ઞાન પ્રાપ્ત થશે નહિ, એવા ભયથી ગભરાએલી દષ્ટિ છે જેમનાં નેત્રની[10], તેવા ભગવાન્ થયા. જે જ્ઞાનરૂપ યશોદાને દેખાડવાનું[11]

---

સ્ત્રીને પણ લાગુ પડે છે. (પ્ર)

૬. 'ઉપલક્ષણ' એટલે સ્પષ્ટ રીતે કહેલ ન હોય તેને સૂચવવું તે પોતાનો અર્થ જણાવવો અને તે ઉપરાંત બીજું (જે પોતાના જેવું હોય તે) પણ જણાવવું તે.

૭. શ્રીમદ્ભાગવત ૫।૨૬।૭માં ૨૧ નરકો જણાવેલાં છે, તે પૈકીનું પહેલું નરક. 'તામિસ્ર વિગેરે' એટલે એકવીશે નરકો.

૮. પિતા મરણ સમયે પોતાનાં (પોતાને કરવાનાં) કાર્યો પુત્રને સોંપી જાય છે અને પુત્ર તે કરવાનું માથે લે છે. આ સંબંધી મંત્રો કૌષિતકી ઉપનિષદમાં સ્પષ્ટ છે. (લે)

૯. 'યશો દદાતિ ઈતિ યશોદા' 'યશ આપે તે યશોદા'. યશોદા યશનું દાન કરે છે, એટલે તેની પછીનો ગુણ શ્રી (ભાગ્ય) તેનામાં રહેલું છે, એમ આ વ્યુત્પત્તિ સૂચવે છે; અને તે (શ્રી) પછીના ગુણ જ્ઞાનનો તેને અધિકાર છે એવા આશયથી આ કહે છે. (લે)

૧૦. પ્રાકૃત બાલકો માર પડવાના ભયથી માતા સામે જોઈ શકતા નથી. ભગવાન્ પણ તેમનું અનુકરણ કરે છે તેથી આનું (ભગવાન્ માતા સામે (સારી રીતે) જોઈ શકતા અથવા જોતા નથી તેનું) અલૌકિક તાત્પર્ય (અહિં) કહે છે. (ટિ)

૧૧. (ભગવાન્ યશોદાને) મુખારવિંદમાં જે રૂપ દેખાડવાના છે તે બ્રહ્મનો ધર્મ હોઈ જ્ઞાનરૂપ જ છે. વળી તે જ્ઞાનનું સાધન હોવાથી પણ તેને 'જ્ઞાન' કહેલું છે. આ(જ્ઞાન)નું જે અધિકરણ થવાનું છે (જેને આ જ્ઞાન થવાનું છે) તે માતા (યશોદા) છે; કારણ કે તેમને ભવિષ્યમાં (તે) જ્ઞાન થવાનું છે. એ જ્ઞાન થવામાં વિરોધી (વિરોધવાળો) ગુણ ભગવાનમાં દોષનો આરોપ છે. ભગવાનની દષ્ટિ (પ્રેક્ષણ) જ્ઞાનરૂપ છે તેથી તે જો માતા ઉપર પડે તો તેનાથી માતાને જ્ઞાન પ્રાપ્ત થાય. પરંતુ ઉપર જણાવેલા વિરોધી (ભગવાનમાં દોષ જોવારૂપ) ગુણની શંકાને લીધે ભગવાનની દષ્ટિ આમતેમ ભમ્યા કરે છે; પરંતુ નિરંતર માતા યશોદા ઉપર પડતી નથી. ભવિષ્યમાં માતાને જ્ઞાન આપવાનું છે એટલે માતા તરફ (ભગવાન્) જૂએ છે, પરંતુ સારી રીતે જોતા નથી એમ જણાવવા મૂલ(શ્લોક)માં 'પ્રેક્ષણ' 'પ્ર+ઈક્ષણ' શબ્દ યોજેલો છે. 'વિરોધવાળો સર્વથી બલવાન ગુણ વિઘ્ન ન કરે તે માટે' શબ્દોથી દષ્ટિને માતા તરફ મોકલવાના હેતુ તરીકે પ્રભુનું તાત્પર્ય કહેલું છે. વાસ્તવિક રીતે તો યશોદા ભગવાનના તે

છે, તેના પોતાના ભવિષ્યમાં થનારા અધિકરણમાં (યશોદામાં) વિરોધવાળા ગુણનો પ્રાદુર્ભાવ થવાથી, (યશોદા પાસે) જવામાં વિઘ્ન થશે એવી શંકાથી, તે જ જ્ઞાન, ભગવાનની પ્રેરણાથી જવાનું છે જ, તેથી વિરોધવાળો સર્વથી બલવાન ગુણ વિઘ્ન (અડચણ) ન કરે તે માટે, સારી રીતે ગભરાએલી છે ગમન(જવા)રૂપી દૃષ્ટિ[૧૨] જેની તેવું થાય છે. તેવા ભગવાનને કાયાના વ્યાપારથી યોજી, ભગવાનથી પ્રેરાએલી(યશોદા)એ કહ્યું એટલે વચન જ કહ્યાં. તે વાક્ય ભગવાને પરિહાર કરવા (ખોટું પાડવા) યોગ્ય છે, પરંતુ જો (યશોદાએ) ક્રિયા કરી હોત (ભગવાનને શિક્ષા કરી હોત) તો (તેથી) ભક્તનો દ્રોહ થવાથી તેનો ઉપાય થઈ શકત નહિ. ૩૩.

નીચેના શ્લોકમાં યશોદાએ જે કહ્યું તે કહે છેઃ

યશોદા કહે છે :

**કસ્માન્ મૃદમદાન્તાત્મન્ ભવાન્ ભક્ષિતવાન્ રહઃ ।।**
**વદન્તિ તાવકા હ્યેતે કુમારાસ્તેગ્રજોપ્યયમ્ ।।૩૪।।**

હે સંયમરહિત અંતઃકરણવાળા ! તેં માટી એકાંતમાં કેમ ખાધી ? તારા આ કુમારો એમ કહે છે અને આ તારો મોટો ભાઈ પણ (એમ કહે છે). ૩૪.

'મેં મારી ઈચ્છા (મરજી)થી (માટી) ખાધી' એમ કહે તો તે ઈચ્છા નુકશાન કરનારી હોવાથી તેને અટકાવવી એ યોગ્ય છે, અને તે પ્રમાણે કરેલ નહિ હોવાથી[૧] (તું) ઠપકો આપવા યોગ્ય જ છે, એમ 'અદાન્તાત્મન્' 'સંયમરહિત અંતઃકરણવાળા' એ સંબોધનથી[૨] કહેલું છે. 'ન' નથી 'દાન્તઃ' સંયમમાં રાખેલ

---

સમયના મુગ્ધપણાના ભાવથી જ મોહિત થઈ હતી, અને તેથી બીજું કાંઈ (મારવાનું) કરી શકી નહિ. છતાં ઘણા સ્નેહને લીધે આ વિષયમાં ભગવાનને વિનતિ તો કરવી જ જોઈએ તેથી તેણે વિનતિ જ કરી. (ટિ)

૧૨. ભગવાને જે પ્રેક્ષણ ક્રિયા (યશોદા તરફ દૃષ્ટિ) કરી તે યશોદાને પ્રાપ્તિ કરાવનારી હતી જેની, તેવું ભવિષ્યમાં તેને થનારું જ્ઞાન હતું. તેથી જ્ઞાન પ્રાપ્ત કરાવવા માટે પ્રેક્ષણ (દૃષ્ટિ) કરી હતી એવો અર્થ છે. (પ્ર)

૧. 'એ પ્રમાણે કરેલ નહિ હોવાથી' એટલે 'ઈચ્છાને અટકાવેલ નહિ હોવાથી'. (પ્ર)

૨. આ સંબોધનથી (ભગવાનનું) કૃપાલુપણું જણાવેલું છે. 'ન નહિ દાન્તાઃ' સંયમવાળા= 'અદાન્તાઃ' એટલે સંયમરહિત પુરુષો. તેઓના પણ (ભગવાન્) 'આત્મા' એટલે ઉપાધિ વિના હિત કરનારા છે એવો અર્થ છે. આનો ભાવાર્થ એવો છે કે 'માટી ખાવી' એ આપણને હિત કરનાર નથી, કારણ કે તેથી મનમાં ખેદ થાય છે. તેથી જ માતા ('માટી કેમ ખાધી ?' એમ) માટી ખાવાનું કારણ જ પૂછે છે. ભગવાન્ તો એવા આશયથી (આવતા શ્લોકમાં) ઉત્તર આપે છે, કે માતા વિગેરેએ સંભવિત માનેલ માટી ખાવાનું કાર્ય મેં કર્યું જ નથી, તેથી તેના કારણનો વિચાર કરવો અસ્થાને છે. આમ ન હોત તો 'લોકમાં માટી ખાવાનું પ્રસિદ્ધ કારણ બાલકનો સ્વભાવ જ છે' એમ જાણતી હોવા છતાં, માતા 'કેમ માટી ખાધી ?' એમ ન પૂછત. ગયા (૩૩મા) શ્લોકમાં ભગવાન્ માતાને જ્ઞાન દેવાની ઈચ્છાથી તેમના તરફ જરા

'આત્મા' અંતઃકરણ જેમનું (તે 'અદાન્તાત્મા').

(ભગવાનની) અંદર રહેલા બાલકોનું જ્ઞાન નહિ હોવાથી 'તેં ખાધી' એમ કહે છે. 'રહઃ' એટલે એકાંતમાં બાલકોને (પોતાની) બહાર કાઢી, (તેમને) ભક્તિ નું ગ્રહણ કરાવવા, (આ કાર્ય) દેવોથી છૂપું રાખવા યોગ્ય હોવાથી (ભગવાને) એકાંતમાં જ કર્યું; તેને બહાર રહેલા બાલકોએ 'અમને છેતરવા માટે એકાંતમાં ખાધી' એમ કહ્યું.

'તારા....કહે છે' શબ્દોથી પ્રમાણ (જેનાથી સાચું જ્ઞાન થાય તે સાધન) કહે છે, કારણ કે તારા (મિત્રો) હોય તે તો (આવું) ખોટું ન જ કહે. 'હિ' શબ્દથી જણાવેલું છે કે આ અર્થ (વૃત્તાંત) યોગ્ય જ છે, કારણ કે તેઓ (તારા મિત્રો) પણ (તારું) હિત કરનારા છે. ખોટી હકીકત જોડી કાઢવાની હજી તેમનામાં શક્તિ પણ નથી આવી, એમ જણાવવા 'કુમારો' શબ્દથી તેઓનું વય કહે છે.

'તે (બાલકો) પણ જીવ છે (તેથી) ખોટી હકીકત જોડી કાઢતા ન હોય તો પણ તેઓને ભ્રમ (અસત્ય જ્ઞાન) થાય એ સંભવે છે, અને તેઓ જૂએ તેવું બોલે. તેથી પણ તેઓએ સાચેસાચું જોયું છે એમ હોતું નથી' એમ (તું (ભગવાન્) ) કહે, તેથી 'આ તારો મોટો ભાઈ પણ (કહે છે)' એમ કહેલું છે. તે (મોટો ભાઈ) પહેલાં જન્મેલો હોવાથી તેની બુદ્ધિ કાંઈક ઊંચી (ભ્રમ ન થાય તેવી) હોવી જોઈએ. (તે) કહે છે તેમાં પ્રમાણ 'આ' શબ્દથી કહેલું છે. આ (મોટો ભાઈ) પ્રત્યક્ષ જ કહે છે. તેથી એમાં ન માનવા જેવું કાંઈ નથી. ૩૪.

**ભગવદ્વ્યતિરિક્તાનામન્યધર્મઃ પ્રવર્તતે ।।**
**યદા તત્ર હરિઃ સ્વામી નાવિષ્ટઃ સોઽન્યથા વદેત્ ।।કા.૧૮।।.।।**

ભગવાનથી જૂદા રહેલાઓમાં[1] જ્યારે બીજો (ભક્તિથી વિરુદ્ધ) ધર્મ પ્રવર્તે છે ત્યારે તેમનામાં સ્વામી હરિનો આવેશ હોતો નથી[2]. તેથી તે ખોટું બોલે.

---

તરા જૂએ છે તેથી તેમને આટલું જ (માટી ભગવાને ખાધી તેનું કારણ બાલકનો સ્વભાવ નથી એટલું) જ્ઞાન થયું, પરંતુ આગળ ઉપર સંપૂર્ણ જ્ઞાન થશે એવો ગૂઢ અર્થ શ્રીમદાચાર્યચરણે ગયા (૩૩મા) શ્લોકનાં શ્રીસુબોધિનીમાં 'ભગવાનની પ્રેરણાથી જવાનું છે જ' વિગેરેથી જણાવેલો છે. (ટિ)

૧. બલભદ્રમાં ભગવાનનો આવેશ હોવાથી, (ભગવાને બાલકોને માટી ખવરાવી હોય અને પોતે ખાધી ન હોય તો) તેનું તાત્પર્ય તે કેમ ન જાણે ? એવી શંકાનો કારિકાથી નિરાસ કરે છે. (લે+કા)

૨. બલભદ્ર પણ હમણાં ભગવાનથી જૂદા રહેલ હોવાથી, (એટલે) ભક્તિથી વિરુદ્ધ સ્વતંત્ર ક્રીડામાં પ્રવૃત્ત થએલ હોવાથી, તેમનામાં પણ (આ સમયે) ભગવાનનો આવેશ ન હતો. તેથી તેમને પણ તાત્પર્યનું જ્ઞાન નહિ થવાથી, તેમણે પણ 'શ્રીકૃષ્ણે માટી ખાધી' એમ કહ્યું. બીજા બાલકો પેઠે બલભદ્રને (ભગવાનમાં) માત્ર દોષની દૃષ્ટિ ન હતી, પરંતુ સ્નેહને લીધે

કા. ૧૮॥.

સત્યવક્તા પણ ભ્રાંત હોય છે, તેથી તેનાં (બલભદ્રનાં) વાક્ય(વચન)ને વિષયનો બાધ હોવાથી (વસ્તુથી ખોટું પડતું હોવાથી એટલે ભગવાનના મુખમાં માટીના અવયવો અથવા ગંધ નહિ હોવાથી ખોટું ઠરતું હોવાથી) તે પ્રમાણ નથી, એમ ભગવાન્ નીચેના શ્લોકમાં કહે છેઃ

॥શ્રીકૃષ્ણ ઉવાચ ॥ શ્રીકૃષ્ણ કહે છે :

**નાહં ભક્ષિતવાનમ્બ સર્વે મિથ્યાભિશંસિનઃ ॥**
**યદિ સત્યગિરસ્તર્હિ સમક્ષં પશ્ય મે મુખમ્ ॥૩૫॥**

હે માતા ! મેં (માટી) ખાધી નથી. સર્વ ખોટું બોલનારા છે. જો સાચું બોલનારા હોય તો મારું મુખ પ્રત્યક્ષ જૂઓ. ૩૫.

'હે માતા !' એવું સંબોધન 'હું ઠગતો નથી' એમ જણાવવા કરેલું છે. આ સંબોધનથી તે(યશોદા)ના ઉપર મોટી કૃપા દર્શાવેલી છે. મેં તો માટી ખાધી નથી, (એટલે મારી અંદર રહેલા) બાલકોએ ખાધી છે એવો ભાવ છે. એ પ્રમાણે સંબોધનથી પણ પોતાના વાક્યનું પણ[3] પ્રમાણિકપણું કહી, તેના વિરોધવાળા (તેથી ઉલટા) વાક્યનું અસત્યપણું આ શ્લોકના બીજા ચરણથી કહે છે.

બલભદ્ર[4] સહિત આ બાલકો, અને ગોપીઓ, જે કોઈ હરકોઈ સમયે

---

જ તેમની એવી દૃષ્ટિ થઈ હતી એ ખરું, પરંતુ સ્વતંત્રતાથી ક્રીડા તેમણે કરી તેથી તેમનામાં ભગવાનનો આવેશ રહ્યો નહિ, અને તેથી ભગવાને પોતાની અંદર રહેલા બાલકોને માટી આપી એ તાત્પર્ય તેમણે જાણ્યું નહિ. 'આ ક્રીડા ભગવાન્ માટે અથવા ભગવાન્ સાથે બાલકો કરતા ન હતા, પરંતુ તેમના પોતાના સ્વાર્થ માટે પરસ્પર ક્રીડા કરતા હતા' એમ ટિપ્પણીમાં આ જ અર્થ કહેલ છે. (જૂઓ શ્લોક ૩૨ નોટ ૧૭). (કા)

૩. શ્લોકના પહેલા ચરણનો અર્થ વિષયનો બાધ છે. આ સંબોધનથી 'હું ઠગતો નથી' એમ સૂચવીને પણ કહેલું છે. તેથી અહિં 'અપિ' 'પણ' શબ્દ યોજેલો છે. (લે)

૪. અહિંથી * સુધીનું લખાણ મર્યાદામાર્ગ સંબંધી છે એમ જાણવું. 'મને ભક્તિથી વશ કરે છે' (ભા. ૯।૪।૬૬) વાક્ય પ્રમાણે ભક્તોને જેથી સંતોષ થાય તે જ પ્રમાણે ભગવાન્ કરે છે. તેથી પોતાની મર્યાદાનો ત્યાગ કરીને, ભક્તની ઈચ્છા પ્રમાણે વર્તવાનું ભગવાને અંગીકાર કરેલું હોવાથી પુષ્ટિમાર્ગીય ભક્તિમાર્ગમાં ભગવાન્ ભક્ષણ વિગેરે સર્વ કરે છે. વસ્તુતઃ ભક્તોને વશ રહેવું એ જ પુરુષોત્તમની મર્યાદા છે. તેથી જ હાલના સમયમાં પણ, કયા પદાર્થનું ભોજન પોતાને કરવું છે, એ સંબંધમાં ભગવાન્ ભાગ્યવાન ભક્તોને આજ્ઞા કરે છે. જ્ઞાનથી ભળેલા ભક્તિમાર્ગમાં મર્યાદાભક્તિમાર્ગવાળા ભક્તના સંબંધમાં, તેમજ અવતાર ન લીધો હોય ત્યારે ભગવાન્ અનશન (ભોજન ન કરવું તે) વિગેરે ધર્મો પ્રકટ કરે છે. તેથી 'ભગવાન્ ભોજન કરતા નથી' એવાં વાક્યો તેમના સંબંધમાં કહેલાં છે એમ જાણવું.

જેમ 'સર્વ બ્રાહ્મણોને જમાડવાના છે' વાક્યમાં 'સર્વ' શબ્દ જેટલા બ્રાહ્મણોને નિમંત્રણ કરેલ હોય તેટલાને માટે જ યોજાએલ હોય છે, તેમ અહિં પણ 'સર્વ ખોટું બોલનારા છે'

પણ મેં કાંઈપણ ખાધું એમ કહે છે તે બધાય[૫] ખોટું બોલનારા છે, 'મિથ્યા' એટલે

વાક્યમાં, 'સર્વ' શબ્દ બલભદ્ર અને બાલકોને માટે જ યોજાએલો છે એમ (ગણવાથી), કોઈપણ જાતની અયોગ્યતા રહેતી નથી. છતાં ભગવાને 'બાલકો' અથવા 'આ' એમ નહિ કહેતાં, 'સર્વ' શબ્દ કહ્યો, તેથી તેનું તાત્પર્ય (અહિં) શ્રીમદાચાર્યચરણે કહેલું છે. એનું તાત્પર્ય (એ મર્યાદામાર્ગ સંબંધી છે એવું) ઉપર કહ્યું છે જ. વળી આ જ્ઞાનનું પ્રકરણ હોવાથી પણ એમ કહેલું છે. તેથી આથી ભક્તિમાર્ગને વિરોધ થાય છે એવી શંકા કરવી નહિ. (ટિ)

ભગવાનમાં ('ભોજન કરનાર' અને 'ભોજન નહિ કરનાર') એમ બંને પ્રકારના ધર્મો રહેલા છે, પરંતુ તે બીજાની અપેક્ષાથી રહેલા છે. જેમ એક જ પુરુષ પોતાની માતાના સંબંધે તેના 'પુત્ર' કહેવાય છે, અને પોતાની સ્ત્રીના સંબંધે તેનો 'પતિ' કહેવાય છે, અને બીજા સગાઓના સંબંધમાં બીજા નામથી સંબોધાય છે, તેમ જ્ઞાનમાર્ગની અપેક્ષાએ ભગવાનમાં 'અનશન' (ભોજન નહિ કરનાર) વિગેરે ધર્મો છે અને ભક્તિમાર્ગના સંબંધે 'ભોજન કરનાર' વિગેરે ધર્મો છે. અહિં જ્ઞાનનું પ્રકરણ છે, અને 'ભયથી ગભરાએલી દૃષ્ટિવાળાં નેત્રવાળા' (શ્લોક ૩૩) પદથી યશોદાને ભગવાન્ જ્ઞાન આપે છે એમ કહેલ છે, તેથી જ્ઞાનમાર્ગના ધર્મો જ ભગવાને જણાવવાના છે, એવા આશયથી શ્રીમદાચાર્યચરણે 'ભગવાન્ ભોજન કરતા નથી' એવું વિવરણ કરેલું છે. ટિપ્પણીમાં પણ (ઉપરની નોટમાં) 'આ જ્ઞાનનું પ્રકરણ હોવાથી પણ એમ કહેલું છે' એમ આ જ અર્થ કહેલો છે. (લે)

૫. અહિં 'સર્વ' પદથી 'રામ વિગેરે બાલકો જ' કહેલા છે એમ માનવું યોગ્ય છે, છતાં 'બાલ' વિગેરે શબ્દો નહિ કહેતાં ભગવાને 'સર્વ' શબ્દ યોજ્યો છે, તેનો આશય અહિં શ્રીમદાચાર્યચરણે કહેલો છે, એમ ટિપ્પણીમાં (નોટ ૪માં) કહેલું છે તે યોગ્ય જ છે ભગવાને બાલલીલામાં માતાના ભયથી અસત્ય કહ્યું છે એમ કહેવાય નહિ, કારણ કે 'દેવોનું (વાક્ય) સત્ય, મનુષ્યોનું અસત્ય (હોય છે)' શ્રુતિ પ્રમાણે, 'અસત્ય બોલવું' એ મનુષ્યોનો અસાધારણ ધર્મ છે અને તે ધર્મ ભગવાનમાં નથી, કારણ કે 'માયાથી મનુષ્ય થએલા (ભગવાનનાં વીર્ય કહો)' 'માયાથી મનુષ્ય થએલા ઈશ્વર' 'ગૂઢ અને કપટથી મનુષ્ય થએલ' વિગેરે વાક્યોમાં મનુષ્યોના અસાધારણ ધર્મો ભગવાનમાં નથી એમ કહેલું છે. તેથી ભગવાને અહિં 'સર્વ' પદ કહ્યું, તેથી સુબોધિનીમાં તેનું એ પ્રમાણે વ્યાખ્યાન કરેલું છે. અહિં 'ભગવાન્ ભોજન કરતા નથી' એવું ઘણા આગ્રહપૂર્વક શ્રીમદાચાર્યચરણે સિદ્ધ કર્યું છે, તેનો આશય નીચે પ્રમાણે છે.

'ભૂખ એ ખરેખર મનુષ્યનો ભ્રાતૃવ્ય (શત્રુ) છે' શ્રુતિ પ્રમાણે ભૂખ મનુષ્યનો અસાધારણ ધર્મ છે, અને એવો ધર્મ ભગવાનમાં નથી. તેથી ભગવાનને ભૂખ અથવા તરસ લાગે છે એમ કહી શકાય નહિ. તેથી તેમનાથી ઉત્પન્ન થતાં ભોજન પાન વિગેરે તેમને ન હોય તે યોગ્ય જ છે.

'ભગવાન્ ભોજન કરતા ન હોય તો તે અન્ન વિગેરે મહાપ્રસાદ કેમ ગણાય ?' એવી શંકા થાય, તો જાણવું કે અહિં સુબોધિનીમાં 'ભગવાન્ ભક્ષણ જ કરતા નથી' એમ કહેલું નથી, પણ ભગવાન્ જેનું ભક્ષણ કરે તેનો ઉપયોગ એવો જણાવેલો છે, કે તે પોતાની અંદર રહેલા બાલકોની તૃપ્તિ માટે ભોજન કરે છે. પરંતુ પોતાની તૃપ્તિ માટે કરતા નથી. તેથી ભગવાન્ ભૂખ લાગવાથી ભોજન કરતા નથી. એમ જો ભોજન કરતા હોય તો તે પોતાને માટે કરેલું

અસત્ય જ બોલે છે, કારણ કે (તેમના વાક્યને) 'બીજો નહિ ખાતાં જોયા કરે છે' એ શ્રુતિનો વિરોધ છે. 'જેનાં[૬] બ્રહ્મ અને ક્ષત્ર (બંને ખોરાક થાય છે)' 'ચર (મૃત્યુ)

ગણાય. પોતાની અંદર રહેલા બાલકોની તૃપ્તિ માટે તેમણે ભોજન કર્યું તે બીજાને માટે જ કરેલું છે. પોતાને માટે ભોજન કરવું તે ભૂખને લીધે હોય છે અને તેવું ભગવાનને હોતું નથી; કારણ કે તેવા ભોજનના કારણરૂપ ભૂખ તેમને હોતી નથી. કારણ કે ઉપર જણાવેલી શ્રુતિ પ્રમાણે ભૂખ મનુષ્યોનો જ અસાધારણ ધર્મ છે. તેથી જ શ્રીસુબોધિનીમાં 'વનમાં ઉગેલાંનું ભક્ષણ તો અંદર રહેલા ભક્તો શુદ્ધ અન્નના સંબંધથી કૃતાર્થ થાય તે માટે કરે છે' એમ કહીને (ભગવાન્) ભક્ષણ કરે છે એમ સ્વીકારેલું છે, પણ જેમ જીવો ભક્ષણ કરે છે તેમ ભગવાન્ કરતા નથી. જીવ ભોજન કરે તેનું કારણ ભૂખ છે અને તેનું પ્રયોજન શરીરનું પોષણ વિગેરે છે. ભગવાન્ ભોજન કરે છે તેનું કારણ તેમનો ભગવદીઓ ઉપરનો ઘણો જ સ્નેહ છે, અને તેમની અંદર રહેલા ભક્તોની તૃપ્તિ અને કૃતાર્થતા એ પ્રયોજન છે. તેથી (જીવ અને ઈશ્વરના ભોજનમાં) કારણ અને પ્રયોજન બંને જૂદાં છે. એ જ પ્રમાણે શ્રીગોવર્ધનના પ્રસંગમાં ૧૦।૨૧।૨૫ પરનાં શ્રીસુબોધિનીમાં 'તે સમયે ધરેલ બલિનો ભોગ કર્યો' એમ કહી, આગળ 'એ પ્રમાણે ઘણું બલિ ખાધું, ઘણું રાંધેલું અન્ન વિગેરેનું ભક્ષણ કર્યું' એમ કહી, ભગવાને ભક્ષણ કર્યું એમ સ્વીકારેલું છે, અને આગળ 'પર્વત પર રહેલા બધાને તૃપ્ત કર્યા' એમ કહી, ભક્ષણ કરવાનું પ્રયોજન બીજાની તૃપ્તિ હતી, પરંતુ પોતાની તૃપ્તિ ન હતી, એમ જણાવી ભોજનનો ઉપયોગ કહેલો છે. તેથી અહિં સ્પષ્ટ રીતે (ભગવાન્) ભોજન (કરે છે) એમ નિરૂપણ કરેલું હોવાથી, ભોજન કરતાં ઉચ્છિષ્ટ રહે તે મહાપ્રસાદ થાય જ. વળી યજ્ઞપત્ની- ઓના પ્રસંગમાં ૧૦।૨૦।૩૫ પરનાં શ્રીસુબોધિનીમાં 'ચાર પ્રકારના સંપૂર્ણ રસવાળા પદાર્થોથી ગોપોને જમાડી પોતે પણ જમ્યા' એમ કહી ભગવાન્ ભોજન કરે છે એમ સ્વીકારેલું છે, અને તે જ શ્લોકના આભાસમાં 'તે (મુક્ત થએલી યજ્ઞપત્ની) પોતાની અંદર આવતાં તેને તથા બાલકોને ભોજન કરાવ્યું' એમ કહી, તેઓની તૃપ્તિ (ભોજનના પ્રયોજન તરીકે) જણાવેલી છે. તેથી ભગવાન્ ભોજન કરે છે એવો તો સ્વીકાર કરવામાં આવે છે, પરંતુ તેનું પ્રયોજન જૂદું હોય છે એમ કહીએ છીએ, એ જ પ્રમાણે ૧૦।૧૭।૨૯ પરનાં સુબોધિનીમાં 'સજાતીય ગોપો તથા સંકર્ષણ સાથે ભોજન કર્યું' એમ કહી ભગવાન્ ભોજન કરે છે એમ સ્વીકારેલું છે, માત્ર 'માયા માટે ઉત્પન્ન થએલ ધાવણ ભગવાન્ ધાવે નહિ' સ્થલે પણ ભગવાન્ પાન કરે છે તેમ કહેલું છે. તેથી ભગવાન્ ભોજન કરે છે એમાં વિવાદ નથી, પણ તેનું પ્રયોજન પોતાની અંદર રહેલા બાલકોની તૃપ્તિ અને કૃતાર્થતા કહેલું છે. તેથી ભગવાન્ ભોજન કરતા નથી એવો આ લેખનો અભિપ્રાય નથી. ભગવાનનું ઉચ્છિષ્ટ ભગવાનનો પ્રસાદ થાય છે જ, તેથી જ 'ઉચ્છિષ્ટનું ભોજન કરનારા (અમે) દાસો આપની માયાને જીતીએ' વિગેરે વાક્યોની સંગતિ થાય છે. (યો)

૬. ...૬+. 'અહિં ભગવાન્ ભોજન કરતા નથી' એમ જે કહેલ છે તેનો પ્રકાર જૂદો છે, પુષ્ટિમાર્ગમાં ભગવાન્ ભોજન કરતા નથી એવો આનો અર્થ નથી. 'જેનું બ્રહ્મ અને ક્ષત્ર ખોરાક થાય છે' 'ચર અને અચરને (ખોરાક તરીકે) જણાવેલ હોવાથી ભોજન કરનાર છે' વાક્યોમાં જે ભોગ કહેલો છે તે બ્રહ્મ અને ક્ષત્રની મુક્તિરૂપ છે. 'વિશ્વનો ભોગ કરનાર ભોજન કરે છે' વાક્યમાં એમ કહેલું છે. વ્યાપકરૂપથી રહેલ ભગવાન્ જીવ દ્વારા પોતે ભોગ

અને અચર(બ્રહ્મ અને ક્ષત્ર)ને (ખોરાક તરીકે) જણાવેલ હોવાથી ભોજન કરનાર (ભગવાન્) છે' (બ્રહ્મસૂત્ર.૧।૨।૯) 'વિશ્વનો ભોગ કરનાર ભોજન કરે છે'

---

કરે છે, કારણ કે ત્યાં ત્રણ લોકોને વ્યાપીને એમ કહેલું છે. તેથી જ અહિં શ્રીસુબોધિનીમાં 'આ વાક્યો આધિદૈવિકરૂપ ધર્મનું વર્ણન કરનારાં છે' એમ કહેલું છે. તેથી શ્રુતિ, પુરાણ વિગેરેનાં આ વાક્યોમાં 'પુરુષોત્તમ ભોજન કરે છે' એમ કહેલું નથી, તેમજ (અહિં) શ્રીસુબોધિનીમાં 'પુરુષોત્તમ ભોજન કરતા નથી' એમ પણ કહેલું નથી. પરંતુ 'આ વાક્યોમાં પુરુષોત્તમના ભોજનની વ્યવસ્થા (કહેલી) નથી' એમ કહેલું છે, એટલે તેમના ભોજનની વ્યવસ્થા બીજાં વાક્યોથી જ જાણવી, એવો શ્રીસુબોધિનીનો ભાવાર્થ છે. અહિંથી આગળ 'વનમાં ઉગેલાંનું ભક્ષણ...' વિગેરેમાં પુરુષોત્તમ ભક્ષણ કરે છે એવો જ સિદ્ધાંત કહેલો છે, અને તેના પ્રમાણમાં ભગવાનનું વાક્ય (ગીતા ૯।૨૬) યોજેલું છે. આ વાક્યમાં 'ભક્તિથી જે ધરે છે' એમ કહેલું છે. તેથી 'ભક્તિથી ધરેલું તે' શબ્દોથી ભક્તિને સાધન કહેલી છે. તેથી ભક્તિથી જે સમર્પણ કરવામાં આવે તેનું ભગવાન્ પુરુષોત્તમ 'લોકવત્તુ લીલાકૈવલ્યમ્' ન્યાયથી લોકની રીતે ભક્ષણ કરે છે, પરંતુ તેનું પ્રયોજન પોતાની અંદર રહેલા ભક્તોની કૃતાર્થતા છે પણ પોતાની તૃપ્તિ નથી. આમ હોવાથી ભક્તિમાર્ગમાં ભગવાન્ ભોજન કરે છે જ, એટલે ભોજનનું ઉચ્છિષ્ટ રહે તે મહાપ્રસાદ થાય એમાં કાંઈ સંદેહ નથી. અહિં જે પૂર્વપક્ષ કહીને 'ભગવાન્ ભક્ષણ કરતા નથી' એવો સિદ્ધાંત કરેલો છે, તેથી તો ભગવાનના સ્વરૂપની મર્યાદા એવી છે એમ સિદ્ધ કર્યું છે. પુષ્ટિભક્તિમાં તો સ્વરૂપની મર્યાદાનું પણ ઉલ્લંઘન કરીને, ભગવાન્ ભક્તોની પ્રીતિ માટે ભોજન કરે છે જ. તેથી એમ સિદ્ધ થાય છે કે પુષ્ટિમાર્ગનો મહિમા સર્વ પ્રમાણોથી પર છે. જો પુરુષોત્તમ સર્વત્ર ભોજન કરતા હોત તો પુષ્ટિભક્તિમાં શું ઉત્તમતા રહેત ? તેથી પુરુષોત્તમ ક્યાંય (બીજે) ભોજન કરતા નથી, માત્ર પુષ્ટિભક્તિમાં જ ભોજન કરે છે, એ પુષ્ટિભક્તિનું સર્વથી ઉત્તમપણું છે. જેમ 'આત્મારામે પણ રમણ કર્યું ' ૧૦।૨૬।૪૨માં આત્મારામ શબ્દથી (બીજે) સર્વ સ્થલે રમણ કરતા નથી એમ જણાવી, 'રમણ કર્યું' શબ્દથી ગોપીઓ ઉપરની પરમ કૃપાથી રમણ કર્યું એમ કહી, (પુષ્ટિભક્તિનું) ઉત્તમપણું સિદ્ધ કરેલું છે. જો બધે રમણ કરતા હોત તો વ્રજસ્ત્રીઓ સાથે રમણ કરે તેમાં ઉત્તમપણું ન રહેત, તેથી એમ કહેલું છે. તેમ અહિં પણ (બીજે) સર્વત્ર ભક્ષણ નહિ કરતાં, પુષ્ટિભક્ત સમર્પણ કરે તેનું ભગવાન્ ભક્ષણ કરે છે એમ જણાવવાથી, પુષ્ટિમાર્ગનું પરમ માહાત્મ્ય સિદ્ધ થાય છે. તેથી જ આચાર્યશ્રીએ અને આર્યોએ આ ઉદ્યમ કરી (સિદ્ધ કરેલું છે). પુષ્ટિભક્તિમાં તો સર્વત્ર સ્વરૂપની મર્યાદાનું ઉલ્લંઘન કરી ભગવાન્ ક્રીડા કરે છે. તેથી જ રાસલીલામાં ગજનું દૃષ્ટાંત આપેલું છે, ત્યાં (૧૦।૩૦।૨૩) શ્રીસુબોધિનીમાં બ્રહ્મની મર્યાદાના ભંગનું નિરૂપણ કરેલું છે.

'(ભગવાનની) અંદર રહેલા ભક્તોની કૃતાર્થતા તો (ભગવાનની અંદરની સ્થિતિથી જ) થઈ ગઈ, છતાં તેમને ફરી ભગવાનનો ઉચ્છિષ્ટ પ્રસાદ આપવાથી શી કૃતાર્થતા થવાની ?' એવી શંકા થાય, તો જાણવું કે તેમને મુક્તિરૂપ કૃતાર્થતા સિદ્ધ થઈ ગઈ, છતાં પ્રસાદ લેવાથી નિત્યલીલામાં રહેલા ભક્તો સાથે નિત્યલીલાના અનુભવરૂપ કૃતાર્થતા તેમને પ્રાપ્ત થશે એમ જાણવું. (યો)

વિગેરે વાક્યો આધિદૈવિકરૂપનું[૭] વર્ણન કરનારાં છે, તેથી પુરાણપુરુષને[૮] લાગુ પડતાં નથી. તેથી જે કોઈ ભગવાન્ ભોક્તા (ભોજન કરનારા) છે એમ માને છે તથા એવો ઉપદેશ કરે છે તે સર્વ ખોટું બોલનારા છે.*

નૈવેદ્ય[૯] માત્ર નિવેદન કરવાથી જ (ભગવાનને) આનંદ આપનારું થાય છે. વનમાં ઉગેલાં (ફલ ફૂલો વિગેરે)નું ભક્ષણ તો (ભગવાન્ પોતાની) અંદર રહેલા ભક્તો શુદ્ધ અન્નના[૧૦] સંબંધથી કૃતાર્થ થાય તે માટે કરે છે. તેથી 'પત્ર પુષ્પ...' (ગીતા. ૯।૨૬) વાક્ય પણ (ભગવાન્ ભોક્તા નથી એ સિદ્ધાંતથી) વિરુદ્ધ નથી.[૬+]

'ભગવાન્ ભક્ષણ કરે છે કે નથી કરતા ?' એમાં શું યોગ્ય (સાચો સિદ્ધાંત) છે ?

(પૂર્વપક્ષ): [૧૧]''ભગવાન્ 'ભક્ષણ કરે છે' એ જ યોગ્ય છે, કારણ કે તે(સિદ્ધાંત)ને ઘણાં વાક્યોનો આધાર છે, અને પ્રત્યક્ષ પણ તેમ દેખાય છે.

---

૭. 'જે દેવોનું નામ ધારણ કરનાર એક જ છે', 'એક સત્‌ને વિપ્રો બહુ રીતે વર્ણવે છે' વિગેરે શ્રુતિઓ ભગવાન્ સર્વ દેવોના અધિદેવ છે એમ કહે છે. દેવો યજ્ઞના ભાગનું ભોજન કરનારા છે. તેથી તેઓની મારફત સર્વ દેવોના અધિદેવરૂપ ભોજન કરનાર છે, તેથી તેમના ભોજન કરનારપણાંના ધર્મને જણાવનારાં એ વાક્યો છે.(પ્ર) અક્ષર પોતાના કાંઈક અંશથી જગદ્રૂપ થાય છે. તે જ જગતના લયનું સ્થાન બને છે, તે આધિદૈવિકરૂપ થાય છે. તેના ધર્મો બ્રહ્મ અને ક્ષત્રનું ભોજન કરવું વિગેરે છે, તે જણાવનારાં એ વાક્યો છે એવો અર્થ છે. (લે)

૮. પુરાણ એટલે જગતથી જૂદો પુરુષ અક્ષરરૂપ છે, તેના સંબંધી આ વાક્યો છે. જ્ઞાનમાર્ગ અક્ષર સુધી પહોંચે છે, તેથી (તે માર્ગમાં) પુરુષોત્તમમાં પણ અક્ષરના જ ધર્મો જણાવવામાં આવે છે એવો અર્થ છે. (લે)

* જૂઓ શ્લોક ૩૫ની ૪થી ટિપ્પણી અને +જૂઓ શ્લોક ૩૫ની ૬ઠ્ઠી ટિપ્પણી.

૯. 'નૈવેદ્ય' એટલે 'ઉપાસનામાર્ગવાળાઓ પૂજામાં જે નૈવેદ્ય ધરે છે તે' તેવું છે એવો અર્થ છે. (ટિ)

૧૦. સાક્ષાત્ ભગવાને ભક્ષણ કરેલું હોવાથી ઉચ્છિષ્ટ રહેલું જે અન્ન તે 'શુદ્ધ અન્ન' કહેલું છે. તે ભોજન કરતાં ઉચ્છિષ્ટ રહેલું હોવાથી, મુખારવિંદની અંદર રહેલ ચાવેલા તાંબૂલ (પાન)ની પેઠે મુખ્ય ઉચ્છિષ્ટ હોય છે. તે સિવાયનું બીજું ફલરૂપ કાંઈ શુદ્ધ કરનારું નથી. તેથી 'તેના સંબંધથી કૃતાર્થ કરવા માટે' એવો અર્થ છે. વનમાં ઉત્પન્ન થએલા હોવું તે, અથવા ભગવાનનો સાધારણ સંબંધ અહિં શુદ્ધ કરનારો પદાર્થ છે એમ કહી શકાય તેમ નથી, કારણ કે ભગવાનની અંદર રહેલા ભક્તોના પૂર્ણપુરુષાર્થરૂપ થઈ, તેવા પ્રકારના પદાર્થ તેઓને કૃતાર્થ કરે એમ કહેવું યોગ્ય નથી. (ટિ)

૧૧-૧૧. અહિં સિદ્ધાંત કહેલો છે. (પ્ર) આ પૂર્વપક્ષ છે, સિદ્ધાંત નથી. ઉપર યોજનામાં તો આ પૂર્વપક્ષ છે એમ સ્પષ્ટ કહેલ છે.

'વિશ્વનો ભોગ કરનાર ભોજન કરે છે' વિગેરે વાક્યોમાં જેવો વેદનો અર્થ છે તેવો સિદ્ધ થાય (સત્ય રહે, અર્થમાં ફેરફાર થાય નહિ) તે માટે 'બીજો નહિ ખાતાં જોયા કરે છે' એ વાક્યનો અર્થ એટલો જ (એવો જ) કરવો જોઈએ, કે જીવનો ભોગ ઉત્પન્ન કરવા આવેલ (જીવની સાથે રહેલ) અંતર્યામી, જીવ જેનો ભોગ કરે છે તેનો, જીવ જે રીતે ભોગ કરે છે તે રીતે ભોગ કરતો નથી. તેથી (ભગવાન્ ભક્ષણ કરે છે એ સિદ્ધાંત) પ્રત્યક્ષ સાથે બંધ બેસતો હોવાથી ભગવાન્ ભક્ષણ કરે છે એ જ સત્ય (સિદ્ધાંત) છે''[૧૧] એવી માન્યતા થાય તેનો ઉત્તરાર્ધમાં નિરાસ કરે છે.

(સિદ્ધાંત): લોકમાં જે વાક્યને આધાર મળે(બંધ બેસતું થાય) તે પ્રમાણ (સત્ય) ગણાય છે. તેથી આ વાક્યને આધાર નથી, એમ કહી તેને અસત્ય ઠરાવે છે. (જો તેઓ સાચું બોલનારા હોય) તો 'સમક્ષં' એટલે પ્રત્યક્ષ તમારાં પોતાનાં ચક્ષુથી વાક્યના આધાર માટે (કયું વાક્ય સાચું છે, તેમનું કે મારું તે પ્રત્યક્ષ જાણવા માટે) મારા મુખની અંદર જૂઓ. જો મેં માટી ખાધી હશે તો તેના કટકાઓ અને તેની ગંધ તેમાં હશે. હું સર્વ (બધીય માટી, કાંઈ કટકી મોઢામાં ન રહે તેમ) ખાઈ ગયો છું, એવી શંકા રહેતી હોય તે માટે, તથા બીજા કોઈ કાલે પણ હું ભક્ષણ કરું છું, તેવી શંકા દૂર કરવા માટે, ભક્ષણ કરવાનું પ્રયોજન[૧૨] મુખમાં છે કે નહિ તે પણ જોવું, એવો ભાવ છે. ૩૫.

લૌકિક પુરુષો યુક્તિપૂર્વક કહેલા વૃત્તાંતને ગ્રહણ કરે છે, તેથી યશોદાએ ભગવાનના તે વાક્યનો સ્વીકાર કરી, તેમાં જરુરી[૧] (મુખ ઉઘાડવું તે) માટે પ્રાર્થના કરી, મુખમાં જોવા તત્પર થયાં. પછી ભગવાને મુખ દેખાડ્યું એમ કહે છેઃ

**યદ્યેવં તર્હિ વ્યાદેહીત્યુક્તઃ સ ભગવાન્ હરિઃ ।।**
**વ્યાદત્તાવ્યાહતૈશ્વર્યઃ ક્રીડામનુજબાલકઃ ।।૩૬।।**

જો એમ હોય તો 'મુખ ઉઘાડ' એમ કહેલા, જેમનું ઐશ્વર્ય ઘટેલું નથી

---

૧૨. જીભથી રસનો અનુભવ કરવો એ (ભક્ષણ કરવાનું) પ્રયોજન છે. તેથી મુખમાં જીભ જોવામાં નહિ આવે એટલે તેનાથી ઉત્પન્ન થતા રસના અનુભવરૂપ (ભોજનનું) પ્રયોજન નથી એમ જણાશે એવો ભાવ છે. યશોદાએ 'માટી કેમ ખાધી ?' એમ ખાવાનું પ્રયોજન પૂછેલ હોવાથી, ઉત્તર પણ તેવો આપવો જોઈએ એવો ભાવ છે. (લે)

૧. 'જરુરી' એટલે 'મુખ ઉઘાડવું તે' એવો અર્થ છે, 'વ્યાદેહિ=વિ' એટલે વિશેષ રીતે+'આ' એટલે ચારે તરફથી+'દેહિ'=(જ્ઞાન) આપો, એવો પણ ધ્વનિ (સૂચવેલો અર્થ) છે. અહિં (આપવાના જ્ઞાનનું) ભક્તિમાર્ગીયપણું એ 'વિશેષ છે'. તેની પણ જેટલી મર્યાદા છે અથવા જે પ્રકારનું તે (જ્ઞાન) છે તેનું દાન એ 'આ'નો 'અર્થ' છે. તેથી જ (યશોદાને આ પ્રસંગથી) સર્વાત્મભાવ સુધીનું જ્ઞાન થયું. તેમ ન હોય તો (સર્વાત્મભાવ સુધીનું જ્ઞાન ન થયું હોય તો) ભગવાનથી જૂદી બુદ્ધિને, તે ભગવાન્ સંબંધી હોવા છતાં 'કુમતિ' ન કહેત. (જૂઓ શ્લોક ૪૨ ). (ટિ)

તેવા, અને ક્રીડામાટે મનુષ્યના બાલક બનેલા, તે ભગવાન્ હરિએ મુખ ઉઘાડ્યું.૩૬.

'જો તારું[2] વાક્ય પ્રત્યક્ષ સાથે બંધ બેસતું (મળતું) હોય, અને બીજાનું (રામ તથા બાલકોનું) વાક્ય (તેવું) ન હોય તો ઉઘાડ એટલે મુખ પહોળું કર' એમ કહેલા (ભગવાને મુખ) ઉઘાડ્યું એવો (વાક્યનો) સંબંધ છે; કારણ કે ભગવાન્ 'તે' એટલે નિરોધ કરવા જ પધારેલા હતા. જો તેમ ન હોય (નિરોધ કરવા પધારેલા ન હોય) તો લૌકિક[3] અને પરમાર્થ[4] (અલૌકિક)ના વિષયો જૂદા (જૂદા) હોવાથી લૌકિક વિષયમાં પરમાર્થ (વિષય) દેખાડવો તે અયોગ્ય ગણાય. (આ જણાવવા) 'સ' 'તે' શબ્દ (યોજેલો છે). 'ભગવાન્' શબ્દથી (તેમનામાં) નિરોધ કરવાનું સામર્થ્ય છે (એમ જણાવેલું છે). નિરોધ કરવો આવશ્યક છે એમ જણાવવા 'હરિ' શબ્દ યોજેલો છે, કારણ કે તેમ (નિરોધ ન કરે તો પ્રાણીઓ કૃતાર્થ (દુઃખ વિનાનાં) થાય નહિ. 'વિ' એટલે વિશેષ રીતે (ઘણું)+'આ દત્ત' એટલે મુખ પ્રસાર્યું (=વ્યાદત્ત).

'(ભગવાન્) પ્રાકૃતનો સ્વીકાર કરે તો તેથી તેમના પોતાના ધર્મોનો તિરોભાવ થવો સંભવતો હોવાથી, સર્વનો સંવાદ[5] (મળતાપણું) કેમ થશે ?' એવી શંકા કરીને 'અવ્યાહતૈશ્વર્યઃ' 'જેમનું ઐશ્વર્ય ઘટેલું નથી' પદ યોજેલું છે. કોઈપણ પ્રકારથી જેમનું ઐશ્વર્ય ઘટેલું નથી એવા ભગવાન્ છે.

'ત્યારે ભગવાને પ્રાકૃત(મનુષ્યદેહ)નો કેમ સ્વીકાર કર્યો ?' એવી શંકા થાય, તેથી કહે છે કે (ભગવાન્) ક્રીડા માટે જ[6] મનુષ્યના બાલક બનેલા છે, પરંતુ

૨. શાસ્ત્રીજીએ પ્રસિદ્ધ કરેલ ગ્રંથમાં 'તદ્વાક્યં' પાઠ છે. વૃંદાવનપ્રેસમાં પ્રસિદ્ધ થએલ ગ્રંથમાં 'તવ વાક્યમ્' પાઠ છે. આ પાઠ ભાષાંતરમાં લીધો છે.

૩. લૌકિક એટલે લોકના સમાન જેનું જ્ઞાન થાય તે, એટલે ભગવાનનું હદવાળું (માણસ જેવું) સ્વરૂપ. (લે)

૪. પરમાર્થ એટલે પરમાર્થ રીતે જેનું જ્ઞાન થાય તે, ભગવાનનું હદ વિનાનું સ્વરૂપ. લોકમાં પ્રકટ હદવાળા (મનુષ્યના) રૂપમાં પરમાર્થરૂપ (સત્ય) હદ વિનાના રૂપને દેખાડવું એ અયોગ્ય ગણાય એવો અર્થ છે. (લે)

૫. 'જે પૃથ્વીમાં રહેતાં...' વિગેરે સર્વ શ્રુતિઓનો સંવાદ, એવો અર્થ છે. (ટિ)

'જે પૃથ્વીમાં રહેતાં, પૃથ્વીની અંદર છે, જેને પૃથ્વી જાણતી નથી, જેનું શરીર પૃથ્વી છે, જે પૃથ્વીમાં રહી તેને નિયમમાં રાખે છે. આ તારો અંતર્યામી આત્મા અમૃત છે' તે જ પ્રમાણે જલ, અગ્નિ, અંતરિક્ષ, વાયુ, આકાશ, આદિત્ય, દિશાઓ, ચંદ્ર અને તારા વિગેરે સંબંધી શ્રુતિઓ બૃહદારણ્યક ઉપનિષદના સાતમા બ્રાહ્મણમાં છે. તે સર્વ બ્રહ્મ જણાવે છે એ તેમનો સંવાદ થયો.

૬. 'ક્રીડા માટે જ' એટલે લૌકિક ક્રિયાશક્તિ માટે જ. મનુષ્યના બાલક થયા એટલે જેમની

પ્રદર્શન કરવા[૭] પણ (તેવા) થએલા નથી. તેથી લૌકિક ક્રિયાશક્તિ કરવાની હોય ત્યારે જ (અલૌકિક)નો તિરોભાવ[૮] થાય છે, અને તે પણ જ્યારે (અલૌકિક ક્રિયાશક્તિનું) ખાસ પ્રયોજન ન હોય ત્યારે. બીજા સમયે (જ્યારે અલૌકિક ક્રિયાશક્તિનું ખાસ પ્રયોજન હોય ત્યારે) તો (અલૌકિક) ક્રિયાશક્તિ પણ પ્રકટ થાય છે. જ્ઞાનશક્તિ તો સદા અતિરોહિત (પ્રકટ) જ રહે છે. તેથી (ભગવાને) (પોતાનું સ્વરૂપ) દેખાડ્યું એવો અર્થ છે. ૩૬.

ભગવાને પ્રેરેલી[૧] અને ભગવાનની ઈચ્છાથી જેને જ્ઞાનશક્તિ પ્રાપ્ત થઈ છે તેવી[૧] તેણે પણ તેની (ભગવાનના મુખારવિંદની) અંદર રહેલું જગત્ જોયું એમ શ્લોક ૩૭માં કહે છે :

**સા તત્ર દદશે વિશ્વં જગત્ સ્થાષ્ણુ ચરિષ્ણુ ચ ।।**
**સાદ્રિદ્વીપાબ્ધિભૂગોલં સવાય્વગ્નીન્દુતારકમ્ ।।૩૭।।**

તેણે તેમાં વિશ્વ અને સ્થાવર તથા જંગમ જગત્, વાયુ, અગ્નિ, ચંદ્ર અને તારાવાળા, પર્વતો બેટો તથા સમુદ્રો સહિત ભૂમિના ગોળાને જોયો. ૩૭.

તેણે એટલે નિરોધના મધ્યમાં રહેલીએ (જેનો નિરોધ થતો હતો તેવી યશોદાએ), તેમાં એટલે (ભગવાનના) મુખના પોલાણમાં વિશ્વને જોયું. ઉપર ઉપરથી જોયું ન હતું એમ જણાવવા, જે જોએલું તેનું સારી રીતે (વિશ્વ અને) જગત્ એવાં બેથી[૨] વર્ણન કરે છે. વિશ્વ એટલે સમુદાયથી (સમૂહથી) ભગવાનનું રૂપ, અથવા (ભગવાનનું) આધિદૈવિક[૩] (રૂપ), જગત્ એટલે બીજું (વિશ્વથી જૂદું) લૌકિક વિશ્વરૂપ. ઔપનિષદો (ઉપનિષદોને માનનારાઓ) (તે) પ્રતિકૃતિ[૪]

---

અલૌકિક ક્રિયાશક્તિ તિરોહિત થઈ છે તેવા થયા. (લે)

૭. ભગવાન્ અમાનુષ(દિવ્ય)રૂપનું પણ પ્રદર્શન કરે છે, પણ ક્રીડા માટે મનુષ્યરૂપ ધારણ કરેલું છે એવો અર્થ છે. (લે)

૮. ક્રિયાશક્તિમાં લૌકિક એટલે હસ્તરૂપમાં, બે હાથોનો તિરોભાવ કરે છે. જો તિરોભાવ કરતા ન હોય તો ચારહાથવાળું સ્વરૂપ પણ દેખાડે એવો અર્થ છે. (પ્ર)

લૌકિક ક્રિયાશક્તિ એટલે લોકના જેવી ક્રિયાશક્તિ, ભાંખોડીઆ ચાલવાની લીલા વિગેરે. આવી લીલા કરવાની હોય ત્યારે અલૌકિક ક્રિયાશક્તિનો તિરોભાવ કરે છે, એટલે તેને પ્રકટ કરતા નથી એવો અર્થ છે. (લે)

૧. 'મારું મુખ જૂઓ' એમ ૩૫મા શ્લોકમાં કહી ભગવાને પ્રેરેલી અને ૩૩મા શ્લોકમાં દષ્ટિ નાખી જ્ઞાનશક્તિ પ્રાપ્ત કરાવેલી યશોદાને અહિં (આ શ્લોકમાં) 'સા' શબ્દથી જણાવેલી છે એવો ભાવ છે. (લે)

૨. 'બેથી' એટલે 'બે પદોથી'. (પ્ર)

૩. બ્રહ્મસૂત્ર ૨।૩।૧૩માં 'સર્વ કાર્યોના કર્તા હોવાપણું' એ બ્રહ્મના ચિહ્નથી સિદ્ધ થતું રૂપ. (પ્ર)

૪. 'જેમ અસ્ત્રો અસ્ત્રાની દાબડીમાં મૂકેલો' વિગેરે ઉપનિષદોમાં (જણાવેલું રૂપ).

(પ્રતિબિંબ)રૂપ (છે એમ કહે છે), બ્રહ્મ જાણનારાઓ (તે) આધિદૈવિક (છે એમ કહે છે) અને વિચારકો[5] કહે છે કે તે કાર્યકારણરૂપ છે એમ કહેવાથી બંનેનું સમાધાન[6] થાય છે. 'સ્થાવર તથા જંગમ્' શબ્દોથી જગતની અંદરના ભેદો કહેલા છે. (તેનો અર્થ) સ્થાવર અને જંગમ (જગત્) થાય છે. 'ચ' 'તથા' શબ્દથી તેના (જગતના) સર્વ ધર્મો કહેલા છે. 'સાદ્રિદ્વીપાબ્ધિભૂગોલમ્' શબ્દથી (જગતનો) નીચેનો ભાગ કહેલો છે, આવતા (૩૮મા) શ્લોકમાં ઉપરનો ભાગ કહેશે. (આ ઉપર તથા નીચેના ભાગોનો ભેદ પણ તેણે (યશોદાએ) જાણ્યો એમ (કહેલું છે). પર્વતો મેરૂ વિગેરે, બેટો જંબુ વિગેરે, સમુદ્રો ખારા પાણીનો વિગેરે–આ બધા સાથેનો ભૂમિનો ગોળો. 'સવાય્વગ્નીન્દુતારકમ્' એ ભૂગોલ(ભૂમિના ગોલા)નું જ વિશેષણ છે. તેમાં વાયુ અને અગ્નિ જણાય છે જ. 'સોમ રાજા થાય છે' શ્રુતિ પ્રમાણે ચંદ્ર પ્રથમ આહુતિનું[7] ફલ છે. અથવા 'જે આમાં (પૃથ્વીમાં) યજ્ઞિય(રૂપ) હતું તેને તેમાં મૂક્યું' શ્રુતિ પ્રમાણે ભૂમિ ઉપર રહેલું યજ્ઞિયરૂપ ત્યાં[8] છે. તારાઓ[9] પણ ભોગ (ભોગવવા) માટે ત્યાં (આકાશમાં) જાય છે અને પાછા આવે છે, તેથી શ્યેન (બાજપક્ષીઓ) પેઠે ભૂમિ ઉપર રહેનારા જ છે. ૩૭.

(હવે) ઉપરનો ભાગ નીચેના શ્લોકમાં કહે છેઃ

**જ્યોતિશ્ચક્રં જલં તેજો નભસ્વાન્ વિયદેવ ચ ॥**
**વૈકારિકાણીન્દ્રિયાણિ મનો માત્રા ગુણાસ્ત્રયઃ ॥૩૮॥**

જ્યોતિશ્ચક્ર, જલ, તેજ, વાયુ અને આકાશ, વૈકારિકો, ઈન્દ્રિયો, મન, માત્રા અને ત્રણ ગુણો (જોયાં). ૩૮.

(જ્યોતિશ્ચક્ર), મધ્યે (આકાશ અને ભૂમિની મધ્યમાં) રહેલું જલ. 'આ જલ મધ્યે હતું' એમ જણાવેલ વરસાદ તથા આકાશગંગા. તેજ એટલે સૂર્યથી આરંભી ધ્રુવ સુધીના (ઉપર રહેલાઓનાં) કિરણો, અથવા વિજળી વિગેરે. 'નભસ્વાન્' એટલે વાયુ ઉપર રહેનારો. 'વિયત્' એટલે આકાશ. વૈકારિકો એટલે

(ટિ)અસ્ત્રાની દાબડીના દૃષ્ટાંતથી આત્માના આધાર તરીકે જે રૂપ કહેલું છે તે તેવું છે. (પ્ર)
૫. 'વિચારકો' એટલે બ્રહ્મમીમાંસા પ્રમાણે વિચાર કરનારા શ્રીમદાચાર્યચરણ પોતે. (પ્ર)
૬. બંનેનું એટલે વિશ્વ અને જગત્ એ બંનેનું. સમાધાન એટલે સમ્યક્ (સારી રીતે) આધાન અથવા સ્થાપન. (પ્ર)
૭. પંચાગ્નિવિદ્યામાં કહેલું છે કે પહેલાં ચંદ્ર જલરૂપે હતો. તેથી તે ભૂમિના ઉપર હતો એમ કહેવામાં વિરોધ નથી. (પ્ર) પ્રથમ આહુતિ=જલ.
૮. 'ત્યાં' એટલે ચંદ્રમામાં કલંકરૂપે રહેલું છે. ભૂમિ ઉપર રહેલું રૂપ ચંદ્રમામાં કલંકરૂપે હોવાથી, તેના સંબંધથી ચંદ્રને ભૂમિ ઉપર રહેનાર કહેલો છે. (પ્ર)
૯. ભૂમિ ઉપર રહેલું યજમાનાત્મક યજ્ઞિયરૂપ, તે જ તારાઓ છે. તેથી તેઓ પણ ભૂમિ ઉપર રહેનારા છે. (પ્ર)

સાત્ત્વિક, અથવા સર્વ વિકારોથી પ્રાપ્ત થતી ઈન્દ્રિયોનું અધિષ્ઠાન કરનાર દેવતાઓ, ઈન્દ્રિયો એટલે બ્રહ્માંડની બહાર રહેલી ઈન્દ્રિયો. જેમ ઘરમાં ઘડો દેખાય તેવું બ્રહ્માંડ પણ જણાય છે, અને તેની બહાર (ઘર બહારના) બીજા પદાર્થ પેઠે ઈન્દ્રિયો દેખાય છે. સર્વ જોવાનું સામર્થ્ય ભગવાને આપેલું છે એમ કહેલું જ છે. ઈન્દ્રિયો રાજસ છે અને મન સાત્ત્વિક છે. માત્રાઓ એટલે તન્માત્રાઓ, અને તેમના નિધાન(રહેઠાણ) થએલા ત્રણ ગુણો. ૧.અહંકારના ગુણો, ૨. પ્રકૃતિના ગુણો અને ૩.માયાના ગુણો એ સર્વ યશોદાએ જોયાં. ૩૮.

એ પ્રમાણે (યશોદાએ જે) જોયું (તે) કહીને, એ દર્શન તેને પહેલવહેલું જ થએલું હોવાથી તેનાથી તેને ભય થયો, એમ નીચેના શ્લોકમાં કહે છેઃ

**એતદ્વિચિત્રં સહ જીવકાલસ્વભાવકર્માશયલિઙ્ગભેદમ્ ।।**
**સૂનોસ્તનૌ વીક્ષ્ય વિદારિતાસ્યે વ્રજં સહાત્માનમવાપ શઙ્કામ્ ।।૩૯।।**

જીવ, કાલ, સ્વભાવ, કર્મ, આશય અને લિંગભેદો સહિત આ વિચિત્ર (જગત)ને તથા પોતાની સાથે વ્રજને પુત્રના શરીરમાં અને પહોળા કરેલા મુખમાં જોઈને (યશોદા) ભય પામી. ૩૯.

(આ) વિચિત્ર એટલે યુક્તિથી પણ જેનો નિર્ણય થઈ શકે નહિ તેવા (જગતને જોઈ યશોદા ભય પામી). તેણે કરણો પણ જોયાં, તેથી તેઓને પણ જણાવે છે. જીવ, કાલ, સ્વભાવ, કર્મ, આશય અને લિંગોના ભેદ. તે (ભેદ) સહિત જગત્ (જોયું). જીવો ત્રણ પ્રકારના છે. (૧) દેવો (૨) મનુષ્યો અને (૩) દાનવો. કાલ પણ ત્રણ પ્રકારનો છે. (૧) ભૂત, (૨) ભવિષ્ય અને (૩) વર્તમાન. સ્વભાવ પ્રકૃતિનો ભગવદ્રૂપ ધર્મ છે. કર્મનું નિબંધમાં વિવરણ કરેલું છે. આશય એટલે હૃદયરૂપી (રહેવાનું) સ્થાન જેમાં જીવો રહે છે. લિંગ એટલે સ્થૂલ(શરીર)ના રહેઠાણરૂપ લિંગ (સૂક્ષ્મ) શરીર; અથવા સ્ત્રી, પુરુષ અને નપુંસક એવા લિંગના (જાતિના) ભેદો. આ સર્વ સ્થાનનું ચોક્કસ જ્ઞાન નહિ હોવાથી 'પુત્રના શરીરમાં[૧] જોઈને' એમ કહેલું છે. પહોળું કરેલું મુખ, તેની અંદર, અંદર અને બહાર સર્વ સ્થલે જગત્ વ્યાપી રહેલું છે એમ કહેતાં, (૧) 'શરીરમાં' અને (૨) 'પહોળાં કરેલ મુખમાં' એમ બે પદો યોજેલાં છે. (તેને) સ્વપ્નનો ભ્રમ[૨]

---

૧. 'પુત્રના શરીરમાં અને પુત્રનું પહોળું કરેલું જે મુખ તેમાં જોઈને' એવો સંબંધ જાણવો, એવા હેતુથી 'તેની અંદર અને બહાર સર્વ સ્થલે' એમ કહેલું છે, તેમ ન હોય તો (એટલે પહોળું કરેલું મુખ છે જેમાંનું (જે શરીરમાંનું) એવો અર્થ હોય તો) 'વિદારિતાસ્ય' શબ્દ 'તનુઃ' શબ્દનું વિશેષણ થાય અને તેથી તે સ્ત્રીલિંગમાં હોવું જોઈએ (પણ તેમ નથી). (ટિ) 'વિદારિતાસ્ય' કર્મધારય સમાસ છે, બહુવ્રીહિ સમાસ નથી. એવું આનું તાત્પર્ય છે.

૨. સ્વપ્નભ્રમ એટલે 'આ સ્વપ્નું છે' એવો ભ્રમ. એવો ભ્રમ નથી એમ જણાવવા 'વ્રજને પણ

ન રહે તે માટે વ્રજને પણ જોયું. માયાનો ભ્રમ ન રહે તે માટે પોતાને પણ જોઈ. સર્વ પ્રકારના ભ્રમ મટે (કોઈપણ પ્રકારનો ભ્રમ ન રહે) તે માટે 'પોતાની સાથે વ્રજને (જોયું)' એમ વિશેષ કહેલું છે. એ પ્રમાણે ભ્રમ વિના સર્વ જોઈને (તે) ભય પામી. ૩૯.

આ (શંકા, ભય)ને મટાડવા માટે લૌકિક રીતે (જૂદા જૂદા) પક્ષો(આ શું હશે તે સંબંધી અનુમાનો)ની કલ્પના કરી તેમનો પરિહાર (તે યોગ્ય નથી એવો નિર્ણય) નીચેના શ્લોકમાં કરે છેઃ

**કિં સ્વપ્નમેતદુત દેવમાયા કિં વા મદીયો બત બુદ્ધિમોહઃ ।।**
**અથો અમુષ્યૈવ મમાર્ભકસ્ય યઃ કશ્ચનૌત્પત્તિક આત્મયોગઃ ।।૪૦।।**

આ શું સ્વપ્ન હશે ? અથવા દેવમાયા હશે ? અથવા મારી બુદ્ધિનો મોહ હશે ? અથવા મારા આ પુત્રનો જ કોઈ એક સ્વાભાવિક આત્મયોગ હશે ? ૪૦.

બીજા સમયે જે દેખાતું ન હોય તે કોઈકવાર જ દેખાય, ત્યારે તે ત્રણ(માંથી એક) પ્રકારે દેખાતું હોવું જોઈએ. (૧) સ્વપ્નમાં પણ કોઈકવાર અલૌકિક દેખાય છે. તેનું (સ્વપ્નનું) સ્થાન સંધ્ય[1] (સંધિનું) છે, તે તરત જતું રહે છે અને સંપૂર્ણ રીતે તે દેખાતું નથી[2]. આ (દૃશ્ય) તેનાથી જૂદા પ્રકારનું છે તેથી અને અહિં આગળપાછળનું અનુસંધાન[3] રહે છે તેથી આ સ્વપ્ન હોઈ શકે નહિ. તેથી (૨) 'અથવા દેવમાયા' શબ્દોથી બીજો પક્ષ કહે છે. માયા બધી બહુ મોહ કરનારી હોતી નથી, પણ દેવોની માયા મનુષ્યોને વધારે મોહ કરનારી હોય છે, અને મોહને લીધે બીજા (માયિક સિવાય) પદાર્થોનું (તેમને) ભાન રહે તે પણ સંભવે છે. તેથી (આ દેવની માયા હશે) એવી શંકા કરી (વિચારે છે કે) આ (વિશ્વરૂપનું દર્શન) ભગવાનના પ્રયત્ન પછી થએલું છે, તેથી તે (દેવની માયા)

---

જોયું' એમ કહેલ છે. એનો ભાવાર્થ એવો છે કે જે સ્થલમાં રહેતા હોઈએ તે સ્થલ સ્વપ્નમાં દેખાતું નથી. (લે)

૧. 'તે આ પુરુષનાં બે જ સ્થાનો છે. (૧) આ (લોક) અને (૨) પરલોકનું સ્થાન. ત્રીજું સંધ્ય સ્વપ્નનું સ્થાન છે.' શ્રુતિ સ્વપ્નને સંધ્ય કહે છે. આ (વિશ્વદર્શન) તો આ લોકમાં જ રહેલું (થાય) છે, તેથી તેનાથી (સ્વપ્નથી) જૂદા પ્રકારનું છે. (ટિ)

૨. સ્વપ્નદષ્ટિ અસત્ય છે એમ જણાવવા, વ્યાસજીએ 'સંપૂર્ણપણે સ્વરૂપ જણાતું નહિ હોવાથી સ્વપ્નસૃષ્ટિ માત્ર માયા છે' એમ (બ્રહ્મસૂ. ૩।૨।૩માં) કહેલ છે. આનો અર્થ એવો છે કે સ્વપ્નસૃષ્ટિ માત્ર માયા છે. તેનું કારણ આગળ કહે છે કે જેનું જેવું દેશ કાલ અને વસ્તુના સંબંધી સ્વરૂપ હોય તેવું દેખાય તે 'સંપૂર્ણપણે જણાવું', તે (સ્વપ્નમાં) નથી તેથી. (ટિ)

૩. (આ વિશ્વદર્શન સ્વપ્નસૃષ્ટિ નથી, એમ માનવાનાં ચાર કારણો થયાં). (૧) આ લોકોની મધ્યે થાય છે. (૨) બહુ સમય સુધી થાય છે. (૩) સંપૂર્ણ રીતે આનું સ્વરૂપ જણાય છે અને (૪) આમાં આગળ પાછળનું અનુસંધાન રહે છે. (સ્વપ્નમાં આમ હોતું નથી). (પ્ર)

ભગવાનમાં હોવાનું સંભવતું નથી. આ ભગવાને કરેલી માયા પણ નથી[૪], કારણ કે તેમ હોત તો (આ દર્શનનું) સ્થિરપણું ન હોત, અને[૫] હું પોતે તેમાં (મુખમાં) ન દેખાત, અને બંનેનું દર્શન[૬] બંધ થાત. (૩) ત્યારે (આ વિશ્વરૂપ) દર્શન જ ભ્રાંત[૭] (ખોટું, ભ્રાંતિથી થએલું) છે, એવા પક્ષનો 'અથવા મારી બુદ્ધિનો મોહ' શબ્દોથી સ્વીકાર કરે છે. આવો બુદ્ધિનો મોહ પણ કોઈવાર પહેલાં (કોઈને) થયો નથી, તેથી 'મારી' શબ્દથી તેનું વિશેષ (ખાસ લક્ષણ) કહે છે. બીજાઓથી (આ દર્શન) દેખાતું જ નથી. જો દેખાતું હોત તો 'જે દેખાય તેમાં કાંઈ અયોગ્યતા નથી' એ ન્યાય પ્રમાણે તેઓ કહેત. તેથી આ મારી જ બુદ્ધિનો મોહ છે. આમ હોવાથી 'હું મોટી છું' (એવા વિચારથી) 'બત' શબ્દથી હર્ષ (જણાવે છે). (પણ) જો એવું હોત તો બીજા બાલકમાં અથવા બીજા સ્થલમાં પણ આવું દર્શન થાત, પણ આ બાલકમાં[૮] જ (એવું દર્શન) થાય છે, તેથી પહેલાં કહેલા (ત્રણે) પક્ષો (સાચા) નથી; પરંતુ આ(બાલક)નો જ કોઈ પ્રભાવ છે એમ (ઉત્તરાર્ધથી) કહે છે.

પૂર્વપક્ષો (પહેલાં કહેલા ત્રણ પક્ષો) સાચા નથી, એમ જણાવવા 'અથો' શબ્દ યોજેલો છે. નાનો (બાલક) આગળ પણ દેખાય છે અને તેની અંદર આખું જગત્ દેખાય છે એમ જણાવવા, 'આ' શબ્દ યોજેલો છે. પહેલાં તેમનામાં આ મારો પુત્ર છે એવો ભાવ દઢ છે એમ જણાવવા 'મારા પુત્રનો' શબ્દો યોજેલા છે, કારણ કે તેમ ન હોય (પુત્રભાવ દઢ ન હોય) તો નિરોધ ન થાય

---

૪. ભગવાનના પ્રયત્ન પછી આ થએલ હોવાથી આ દેવની એટલે ભગવાનની માયા કહેવાય, પરંતુ તે પણ નથી એવો અન્વય છે. (લે)

૫. 'અને' શબ્દથી ભગવાનનો સમાવેશ થાય છે. (પ્ર) 'હું અને ભગવાન્ મુખમાં ન દેખાત' એવો અર્થ થયો.

૬. દ્રષ્ટા (યશોદા) અને જેની માયા છે તે (શ્રીકૃષ્ણ) બંને માયિક પદાર્થો સાથે દેખાતા બંધ થાય. (માયિક પદાર્થો દેખાતા બંધ થાય ત્યારે આ બંને પણ દેખાતાં બંધ થાય) એવો નિયમ છે એવો અર્થ છે. (ટિ)

૭. ઉપરના પક્ષોમાં પદાર્થો જ ખોટા છે એમ કહ્યું. આ પક્ષમાં એમ કહે છે કે પદાર્થો સાચા જ છે, પરંતુ દર્શન જ ખોટું (ખોટી રીતે થાય) છે. જેમ 'સુગંધી ચંદન'માં ગંધનું માત્ર સ્મરણ થાય છે, પણ ચક્ષુથી સુગંધનો અનુભવ થતો નથી; છતાં કોઈ ભ્રાંતને એમ જણાય કે 'હું સુગંધને પણ જોઉં છું.' આવા પ્રસંગે સુગંધ સાચી છે, પણ તે જોવાની બાબતમાં જ તેનો ભ્રમ છે. તે પ્રમાણે અતીન્દ્રિય (અલૌકિક) પદાર્થો લૌકિક ઈન્દ્રિયોથી દેખાય નહિ છતાં તે દેખાય છે તેમાં ભ્રમ છે, એવો અર્થ છે. (લે)

૮. (આ ભગવાનનો) આત્મયોગ હોવાથી, ભગવાન્ જેને (વિશ્વરૂપ) દેખાડે છે તે જ જૂએ છે. તેથી માત્ર યશોદા જ જૂએ છે, પણ બીજા જોતા નથી એવો પક્ષ પણ યોગ્ય છે, એવો ભાવ છે. (લે)

અને મોક્ષ[૯] થાય.

'તારા બાલકનો આ કેવો ગુણ છે?' એવો પ્રશ્ન ઉઠે, તેથી 'કોઈ એક' શબ્દ યોજેલો છે. આ આવો છે એમ (તે ગુણ) જૂદો જાણી શકાય તેવો નથી.

'હમણાં જ કોઈ બીજા દેવતાના સંબંધથી એ ગુણ આ બાલકમાં આવ્યો હશે' એવી શંકા થાય, તેથી 'સ્વાભાવિક' શબ્દ યોજેલો છે. આ ગુણ સ્વાભાવિક જન્મથી રહેલો છે, કારણ કે પહેલાં પણ તેનો અનુભવ થએલો છે અને પૂતના વિગેરેને (આ બાલકે) મારેલાં છે. (આ) માત્ર (વિશ્વરૂપ) દેખાડનાર જ હોત, તો (તેમનાથી) પૂતના વિગેરેનો વધ ન થાત. તેથી (આ) આત્મયોગ છે. 'આત્મનઃ' એટલે ભગવાનની જ આ 'યોગઃ' યોગરૂપ વિભૂતિ છે એવો અર્થ છે. ૪૦.

એવી રીતે આ (વિશ્વદર્શન) ભગવાનની વિભૂતિરૂપ છે એમ જાણીને, જે કરવું જોઈએ તે તેણે કર્યું, એમ નીચેના શ્લોકમાં કહે છેઃ

**અથો યથાવન્ન વિતર્કગોચરં ચેતોમનઃકર્મવચોભિરઞ્જસા ।।**
**યદાશ્રયં યેન યતઃ પ્રતીયતે સુદુર્વિભાવ્યં પ્રણતાસ્મિ તત્પદમ્ ।।૪૧।।**

(આ)જેના સંબંધી ચિત્ત, મન, કર્મ અને વાણીથી પૂરેપૂરો યથાર્થ વિચાર કરી શકાય તેવું નથી, અને જેની કોઈ રીતે કલ્પના કરી શકાય તેમ નથી, તે જેમાં રહેલું છે, જેથી દેખાય છે અને જેમાંથી જણાય છે, તેમના ચરણારવિંદને હું પ્રણામ કરું છું. ૪૧.

'અથો' એટલે એવું દર્શન થયા પછી, જે[૧] ભગવાનમાંથી જેની કોઈ રીતે કલ્પના કરી શકાય તેમ નથી તેવું એ દેખાય છે, તે કારણથી ભગવાન્ અલૌકિક છે. તેથી હું તેમના ચરણારવિંદને પ્રણામ કરું છું, એવો વાક્યનો સંબંધ છે. આ દર્શન અલૌકિક છે એમ કહેવા માટે, 'જેના સંબંધી ચિત્ત, મન, કર્મ અને વાણીથી યથાર્થ વિચાર કરી શકાય તેવું નથી' શબ્દોથી તે લૌકિક બુદ્ધિથી જાણી શકાય તેવું નથી એમ કહે છે. 'ચિત્તથી' એટલે યોગ વિગેરેથી ઉત્તેજિત થએલા ચિત્તથી. મન, કર્મ, અને વાણી લૌકિક[૨] છે. અલૌકિક બુદ્ધિથી પણ 'આ આવું છે' એમ આટલું કલ્પી

---

૯. જ્ઞાન ઉત્પન્ન થયું છે, તેથી જ્ઞાનમાર્ગીય મોક્ષ એટલે બ્રહ્મભાવ થાય (પણ નિરોધ ન થાય) એવો અર્થ છે. (લે)

૧. 'જે' એટલે જેથી અથવા જે કારણથી. શ્લોકમાં 'યતઃ' શબ્દનો અર્થ 'જે કારણથી' કરવાનો છે. આ હેતુ દર્શાવનાર પાંચમી વિભક્તિ છે. (લે)

૨. વૃંદાવનપ્રેસમાં છપાએલ ગ્રંથમાં 'અલૌકિકાનિ' પાઠ છે, પણ ચિત્તને યોગ વિગેરેથી ઉત્તેજીત થએલું કહ્યું એટલે તે અલૌકિક થયું. તેથી આ બીજા ત્રણને 'લૌકિક' જ કહેલાં છે એમ જણાય છે.

શકાય તેમ નથી[૩]. કારણ કે આમાં અતીન્દ્રિય (ઈન્દ્રિયો જેને પહોંચી શકે નહિ તેવા) પદાર્થો પણ દેખાય છે. મન બહાર સ્વતંત્ર નથી અને લૌકિકમાં પરોવાએલું રહે છે, (તેથી મનથી પણ કલ્પી શકાય તેવું નથી). અહિં (કર્મ શબ્દથી) કાયાથી થએલ[૪] અદષ્ટ કહેલું છે. (આ) અલૌકિક હોવાથી અદષ્ટથી પણ આનો નિર્ણય કહી શકાય તેમ નથી, અને પરસ્પરનો વિરોધ[૫] થતો હોવાથી વાણીથી પણ આનો નિર્ણય કરી શકાય તેમ નથી. ઉપર ઉપરથી કલ્પના કરવામાં આવે તો પણ યથાર્થ વિચાર કરી શકાય તેવું નથી. તે જ પ્રમાણે 'આ માયિક છે' વિગેરે પક્ષોની કલ્પના કરવામાં આવે તો પણ 'અઞ્જસા' એટલે પૂરેપૂરો વિચાર(નિર્ણય) થઈ શકે તેમ નથી, કારણ કે તેમાં ('આ માયિક છે' વિગેરે પક્ષોમાં) આગળ પાછળના અનુસંધાનવાળી[૬] પોતાનું પણ દર્શન થાય એવું સંભવતું નથી; તેમજ પદાર્થો વિચાર કરી શકાય તેવા હોય[૭] તો પણ તેમની સ્થિરતા હોતી નથી, તેમજ અવસ્થા દેશ અને કાલ પણ (સંભવતાં[૮] નથી).

વળી આ સર્વ દેખાડનાર પોતાનું માહાત્મ્ય જણાય તે માટે પોતાથી જૂદા સ્થાનમાં (તે) દેખાડે, અને પદાર્થો ભારરૂપ હોવાથી પોતાની અવસ્થા, દેશ અને કાલ સંબંધી કોઈને ભ્રમ ન થાય તે માટે, પોતાની અંદર તે બધા ન રાખે[૯].

---

૩. અલૌકિક ચિત્તથી આ વિશ્વરૂપ દર્શનની કલ્પના થઈ શકે તેમ નથી એમ અહિં કહે છે.

૪. કાયાથી થએલ અદષ્ટ એટલે ઉત્તમ કાયાના હેતુથી થએલ (ઉત્તમ) કાયાથી કરેલાં કર્મોથી બંધાએલું અદષ્ટ એવો અર્થ છે. (ટિ) મૂલમાં 'કર્મ' શબ્દ છે, તેનો અર્થ 'ઉત્તમ કાયાના કારણથી થએલ પ્રારબ્ધરૂપ અદષ્ટ કહેલો છે' એવો અર્થ છે. (પ્ર)

૫. એક જ સમયે એક જ વસ્તુ (મુખની) અંદર અને (તેની) બહાર રહેલી છે એમ કહેવામાં પરસ્પર વાણીનો વિરોધ થાય છે તેથી, એવો અર્થ છે. (ટિ)

૬. અહિં 'સ્વસ્ય', 'પૂર્વાપરાનુસંધાનસહિતસ્ય' શબ્દો નરજાતિના છે, છતાં યશોદા માટે યોજાએલા હોય તેમ જણાય છે. આ સંબંધી કોઈ ટીકામાં કાંઈ વિવેચન નથી. આવતા શ્લોકમાં શ્રીસુબોધિનીમાં 'માયાતિરિક્તઃ' શબ્દ નરજાતિનો યશોદા માટે યોજાએલ છે, તેનો ખુલાસો ટિપ્પણીમાં કરેલ છે. એ શ્લોકનાં શ્રીસુબોધિનીમાં અહિંની પેઠે 'સ્વસ્ય' પદ યશોદા માટે સ્પષ્ટ યોજાએલું છે.

૭. માયિક એટલે ભ્રમથી જણાતા પદાર્થો વિચાર સહન કરી શકતા નથી (વિચાર કરતાં અસત્ય જણાય છે). અહિં પદાર્થો તેથી જૂદા પ્રકારના છે એવો અર્થ છે. (ટિ) માયિક પક્ષમાં જણાતા પદાર્થો વિચાર સહન કરી શકે તેવા હોતા નથી. છતાં 'તેવા હોય' એમ માનીએ તો પણ તેમની સ્થિરતા હોતી નથી. અહિં તે બંને ગુણો પદાર્થમાં છે. તેથી તે પક્ષ યોગ્ય નથી એવો અર્થ છે.

૮. 'સમ્ભવન્તિ' શબ્દ શેષ છે. (પ્ર) 'ન' શબ્દ 'ન હિ સ્વસ્યાપિ તત્ર...'માં છે તેનું અનુસંધાન થાય છે.

૯. આ પેરામાં 'યદાશ્રયમ્' શબ્દ શ્લોકમાં છે તેનો અર્થ કહ્યો છે. (લે)

વળી જે ચક્ષુથી (આ) દેખાય છે તે ચક્ષુ પણ મારું નથી, કારણ કે તેમ ન હોય તો (આ જોનાર ચક્ષુ મારું પોતાનું હોત તો) જ્યોતિશ્ચક્રમાં રહેલા જે પદાર્થો અહિં (દેખાય) છે તે બીજા સમયે (આ પહેલાંના સમયે) પણ દેખાત[10]. તેથી જોવાનું સામર્થ્ય આપીને, (ભગવાને) પોતે જ પોતાની અંદર રહેલું જગત્ પોતાનું માહાત્મ્ય જણાવવા (મને) દેખાડ્યું. તેથી જેણે (ભગવાનનું) માહાત્મ્ય જાણ્યું છે તેવી હું તેમના ચરણારવિંદને પ્રણામ કરું છું, કારણ કે 'નમસ્કાર કરવો' એટલી જ સદ્વિદ્યા છે એવો શાસ્ત્રાર્થ છે. ૪૧.

ભગવાનને પ્રણામ કરેલી યશોદાએ જે પ્રાર્થના કરી તે કહે છેઃ

**અહં મમાસૌ પતિરેષ મે સુતો વ્રજેશ્વરસ્યાખિલવિત્તપા સતી ।।**
**ગોપ્યશ્ચ ગોપાઃ સહગોધનાશ્ચ મે યન્માયયેત્થં કુમતિઃ સ મે ગતિઃ ।।૪૨।।**

હું, આ મારો પતિ, આ મારો પુત્ર, (હું) વ્રજેશ્વરના સર્વ ધનનું રક્ષણ કરનારી સતી, ગોપીઓ અને ગોધન સહિત ગોપો મારા (છે); જેમની માયાથી મારી આવી કુમતિ (થઈ), તે મારી ગતિ થાઓ. ૪૨.

ભગવાનને પ્રણામ કરે તેની બધીય દુર્બુદ્ધિ જતી રહે છે, તેથી (પોતાની) દુર્બુદ્ધિને ગણાવે છે. આરંભમાં 'હું યશોદા છું' એવી, 'આ નંદ મારો પતિ છે' એવી, 'આ ભગવાન્ વિશ્વનો આધાર મારો પુત્ર છે' એવી, વળી 'હું વ્રજેશ્વરના સર્વ ધનનું રક્ષણ કરનારી અને સતી એટલે પતિવ્રતા છું' એવી (દુર્બુદ્ધિ છે). (તેની એવી બુદ્ધિ છે કે) નંદજી વ્રજેશ્વર છે અને હું[1] તેમની સ્ત્રી છું, પછી તે (નંદજી) ધનના સંબંધવાળા (ધનવાન) છે, અને હું તે ધનનું રક્ષણ કરનારી છું, અને તે બંનેમાં સંપૂર્ણપણાથી છે. (એટલે નંદજી બધાય ધનના માલિક છે અને હું તે બધાય ધનનું રક્ષણ કરનારી છું). તેમાં પણ વળી મારે પાતિવ્રત્ય છે એટલે ભગવાન્ પણ પરપુરુષ હોવાથી તેમનું પણ હું ભજન કરતી નથી; કારણ કે સ્ત્રીઓને પતિ જ વિષ્ણુ (પરમેશ્વર) છે.

'આ ગોપીઓ એટલે ગોપોની પત્નીઓ, સ્ત્રીઓ અમારી છે' એવી, અને મૂલશ્લોકમાં 'ચ' 'અને' શબ્દ હોવાથી 'તેમનાં બાલકો અને સંબંધીઓ (અમારા છે)' એવી, તેમજ '(પોતપોતાના) ગોધન સહિત, નોકર ચાકરો સહિત અને નેસડા સહિત આ બધા ગોપો મારા છે' એવી કુમતિ(દુર્બુદ્ધિ)વાળી જેમની માયાથી હું થઈ તે મારી ગતિ થાઓ. 'હું' શબ્દથી જાતિ, લિંગ, કુલ અને દેહનો, એમ ચાર પ્રકારનો અધ્યાસ કહેલો છે. પતિ, પુત્ર, ધન, ગોપો, ગોપીઓ અને

૧૦. શ્લોકમાં 'યેન' શબ્દ છે તેનો અર્થ કહેલો છે. (લે)
૧. અહિં 'સ્વસ્ય' શબ્દ નરજાતિમાં યશોદા માટે યોજેલો છે. જૂઓ ગયા શ્લોકની નોટ ૬.
૨. હલકા, ઉત્તમ વિગેરે અનેક ધર્મોવાળા તે હોવાથી અનેક પ્રકારનાં થાય છે. (પ્ર)

ગાયો એ છ (જે છને 'મારાં છે' એમ કહેલાં છે તે) અનેક પ્રકારનાં[2] હોવાથી, 'મારા' શબ્દથી (દુર્બુદ્ધિના) સેંકડો (અસંખ્ય) પ્રકારો કહેલા છે. જેમની માયાથી આ પ્રમાણે 'હું' 'મારું' એવી મારી એટલે જીવરૂપ અથવા બ્રહ્મરૂપ આત્માની કુમતિ થઈ (તે મારી ગતિ થાઓ). 'કુત્સિતા' દુષ્ટ તે 'મતિઃ' બુદ્ધિ, તે 'કુમતિઃ' (એટલે દુર્બુદ્ધિ). તેમની (ભગવાનની) માયા તો તેમનાથી જ દૂર થઈ શકે. બુદ્ધિના સર્વ પ્રકારો માયાના જ છે એટલે તેમનાથી (બુદ્ધિના પ્રકારોથી) પોતાનું (મારું યશોદાનું) કાર્ય (દુર્બુદ્ધિનો નાશ) સિદ્ધ થાય તેમ નથી. માયાથી જૂદો તો માયા જેને મોહ કરે છે તેવો હું[3] જ છું. ફરીથી 'મે' 'મારી' એમ જૂદું 'પદ' યોજેલું છે તે માયાના સંબંધનો અભાવ જણાવવા યોજેલું છે, કારણ કે (માયાની સાથે) સંબંધ રાખીને ભગવાનને ગતિ ન કરાય[4]. અહિં 'ગતિ'નો અર્થ 'જે (ભગવાનનું) સ્વરૂપ પ્રાપ્ત કરવાનું છે તે ફલ' એવો છે. એ પ્રમાણે જે (યશોદા) (ભગવાનને) ઠપકો દેવા પ્રવૃત્ત થઈ હતી તે તેમને શરણે ગએલી થઈ (શરણે ગઈ)[5] . ૪૨.

એ પ્રમાણે (યશોદાને) જ્ઞાન ઉત્પન્ન થતાં તેને ભક્તિનું સુખ પ્રાપ્ત ન થાય તેથી, ભક્તિનો આનંદ, બ્રહ્માનંદ કરતાં મોટો હોવાથી, (તેને) ભક્તિ પ્રાપ્ત થાય તે માટે[1] (ભગવાને) (તેને) દૈવી માયાથી મોહ ઉત્પન્ન કર્યો[2], એમ નીચેના ત્રણ શ્લોકોથી કહે છે :

શ્રીશુક કહે છે :

**ઈત્થં વિદિતતત્ત્વાયા ગોપિકાયાઃ સ ઈશ્વરઃ ।।**
**વૈષ્ણવીં વ્યતનોન્માયાં પ્રજાસ્નેહમયીં વિભુઃ ।।૪૩।।**

---

૩. અહિં નરજાતિનો પ્રયોગ (યશોદાના સંબંધમાં) કરેલો છે, તે બુદ્ધિના પ્રકારોને દુષ્ટ ગણેલા હોવાથી, માત્ર શુદ્ધ જીવના અભિપ્રાયથી કરેલો છે. (ટિ) જૂઓ ગયા શ્લોકની નોટ ૬. મૂલશ્લોકમાં 'અહં' 'હું' શબ્દ છે (તે દુર્બુદ્ધિમાં ગણાવેલ હોવાથી) શરીરના અભિપ્રાયથી યોજેલો છે, એવો (ઉપરના ટિપ્પણીનો ભાવ છે). (પ્ર)

૪. 'માયાના સંબંધવાળા જીવની ગતિ ભગવાન્ ન થાઓ' એવો અર્થ છે. (લે)

૫. માટી ખાવાના બાનાથી ભગવાને આ વિશ્વરૂપનું દર્શન યશોદાને કરાવવાની લીલા માહા સુદ ૮ના રોજ કરી, એમ પદ્મપુરાણમાં કહેલું છે. 'તેમણે જ અઢારમા માસમાં માહા સુદ ૮ના દિવસે માટીનું ભક્ષણ કર્યાના બાનાથી માતાને વિશ્વ દેખાડ્યું' એમ ત્યાં કહેલું છે. બગાસું ખાવાની લીલા, આ લીલાની પછી કરી એમ પદ્મપુરાણમાં કહેલું છે, જ્યારે શ્રીમદ્ભાગવતમાં એ લીલા આની પહેલાં વર્ણવેલી છે એટલો ભેદ છે. (પ્ર)

૧. વૃંદાવનપ્રેસમાં પ્રસિદ્ધ થએલ ગ્રંથમાં 'ભક્ત્યર્થં' પાઠ છે. તે પાઠ પ્રમાણે ભાષાંતર કરેલ છે. શાસ્ત્રીજીએ પ્રસિદ્ધ કરેલ ગ્રંથમાં 'ભક્તાર્થં' પાઠ છે.

૨. અહિં આગળના પ્રકરણનો અર્થ કહેલો છે. આ મોહ ભગવાન્ ભક્તિ પ્રાપ્ત કરાવવા ઉત્પન્ન કરે છે, તેથી આગલું પ્રકરણ ભક્તિપ્રકરણ છે એવો ભાવ છે. (લે)

આ પ્રમાણે ગોપિકાએ તત્ત્વ જાણ્યું ત્યારે તે વિભુ ઈશ્વરે પ્રજાસ્નેહવાળી વૈષ્ણવી માયા પ્રસારી. ૪૩.

એ પ્રમાણે પહેલાં કહ્યું તેવા પ્રકારથી જાણેલું છે તત્ત્વ જેણે તેવી યશોદા થઈ. તેને તત્ત્વજ્ઞાન થયા પછી તે માતા નહિ રહેવાથી 'ગોપિકાને' એમ કહેલું છે.

'ભગવાને જ્ઞાનનો કેમ નાશ કર્યો ?' એવી શંકા થાય, તેથી 'સ' 'તે' પદ યોજેલું છે. 'તે' એટલે નિરોધ કરનાર.

'જ્ઞાનનો નાશ જ કરવો હતો, તો તેને શા માટે ઉત્પન્ન કર્યું ? (અને ઉત્પન્ન કર્યું તો) શા માટે તેનો નાશ કર્યો ? એ બંનેનો અભિપ્રાય જાણવો જોઈએ' એવો વિચાર થાય, તેથી 'ઈશ્વર' શબ્દ યોજેલો છે, કારણ કે તે (ઈશ્વર) કરવાને, ન કરવાને અને કરેલું ન કરેલું કરવાને શક્તિવાળા છે, અને કરેલું ન કરેલું કરે છે. તેથી આ વિષયમાં ઉપપત્તિ (યોગ્યતા) શોધવી (જોવી) નહિ.

ભગવાને 'વૈષ્ણવી' એટલે આધિદૈવિક સ્નેહના સંબંધવાળી (ભગવાન માં સ્નેહ ઉત્પન્ન કરનારી) નિરોધમાં ઉપયોગી થાય તેવી (માયાને), 'વિ' એટલે સારી રીતે (ઘણી) પ્રસારી. વિહિત (શાસ્ત્રમાં કહેલા, મર્યાદામાર્ગીય) સ્નેહના ભાવવાળી આ (માયા) ન હતી, એમ જણાવવા 'પ્રજાસ્નેહવાળી' શબ્દ યોજેલો છે. પોતાનું હોવાથી ઘણો સ્નેહ થતાં જેવો રસ ઉત્પન્ન થાય છે તેવો રસ 'આ ઈશ્વર છે' તેવો ભાવ રાખવાથી થતો નથી, કારણ કે (ઈશ્વરથી ભય રહે અને) ભયનું જ્ઞાન સ્નેહમાં વિઘ્ન કરનારું છે. વળી અહિં (સ્નેહ) લૌકિક હોવામાં પણ પ્રજારૂપથી (આ મારો પુત્ર છે એવા પ્રકારનો) સ્નેહ[3] રાખવો યોગ્ય છે, બીજા પ્રકારથી (સ્નેહ રાખવો) યોગ્ય નથી. તેથી (ભગવાને પોતાની) અનેક પ્રકારની માયાઓમાંથી પ્રજાસ્નેહવાળી માયાને જ ઘણી પ્રસારી.

''યશોદાને વિરોધવાળું (આ ભગવાન્ છે, મારો પુત્ર નહિ) જ્ઞાન થએલું હોવાથી, તેમની 'આ મારી પ્રજા છે' એવી બુદ્ધિ કેવી રીતે થશે ?'' એવી શંકા થાય, તેથી 'વિભુ' શબ્દ યોજેલો છે; કારણ કે ભગવાન્ (વિભુ)સર્વ કરવા શક્તિવાળા છે, એક જ પદાર્થમાં કરોડ પ્રકારની બુદ્ધિ ઉત્પન્ન કરાવવાની શક્તિવાળા છે. તેમ ન હોય (તેવી શક્તિવાળા ન હોય) તો પહેલાં કહેલા ધર્મોથી વિરુદ્ધ ધર્મો પાછળથી થાત નહિ[4].

૩. ભગવાને યશોદામાં માતાનો ભાવ જ રાખેલ છે, તેથી તે પણ ભગવાનમાં પ્રજાભાવથી સ્નેહ રાખે તે જ યોગ્ય છે. (પ્ર)

૪. પહેલાં ઘડો (કાચો હોય ત્યારે) શ્યામ (કાળો) હોય છે. પછી તે પાકે ત્યારે રાતો થાય છે, તથા પહેલાંની 'કાળાશ' ધર્મથી વિરુદ્ધ રતાશનો (રંગ) પાછળથી થાય છે, તેમ ન થાત એવો અર્થ છે. (લે)

**પ્રક્ષિપ્તા જાલવન્માયા તયા જ્ઞાનં વિનાશિતમ્ ।।**
**પ્રમાણાનાં બલં દગ્ધ્વા મોહયામાસ ગોપિકામ્ ।।કા. ૧૯।।**

ભગવાને જાળની પેઠે માયાને નાખી. તેણે જ્ઞાનનો વિનાશ કર્યો; અને પ્રમાણોનું બલ બાળી નાખી ગોપિકાને મોહ ઉત્પન્ન કર્યો[૫]. કા.૧૯।। ૪૩.

ભગવાનની માયાથી યશોદાને મોહ થતાં તેના જ્ઞાનનો નાશ થયો, એમ નીચેના શ્લોકમાં કહે છેઃ

**સદ્યો નષ્ટસ્મૃતિર્ગોપી સારોપ્યારોહમાત્મજમ્ ।।**
**પ્રવૃદ્ધસ્નેહકલિલહૃદયાસીદ્ યથા પુરા ।।૪૪।।**

ગોપી તરત નાશ પામેલા સ્મરણવાળી થઈ. તે પુત્રને ખોળામાં પધરાવી પહેલાંની જેવી ઘણા વધેલા સ્નેહથી ભરપૂર હૃદયવાળી થઈ. ૪૪.

તે જ સમયે નાશ પામેલું છે સ્મરણ જેનું તેવી (યશોદા) થઈ. આથી[૧] (યશોદાને ભગવાનના મુખમાં જે) પદાર્થોનો અનુભવ (થતો હતો તે) બંધ થયો એમ જણાવેલ છે; કારણ કે તેમ ન હોય (પદાર્થોનો અનુભવ આ સમયે પણ થતો હોય) તો (પદાર્થોનો) અનુભવ થતો હોય ત્યારે (તેઓનું) અસ્મરણ[૨] હોય એમ ન બને. 'સદ્યઃ' એટલે (ભગવાને માયા પ્રસારી) તે જ ક્ષણે જેનું સ્મરણ નાશ પામ્યું છે તેવી[૩] (યશોદા) થઈ. અહિં[૪] ભગવાનના મત પ્રમાણે (પદાર્થોના)

૫. આ કારિકામાં આ પ્રકરણના ત્રણ શ્લોકોના અર્થ કહેલા છે. 'જાળની પેઠે માયાને નાખી' એ પહેલા ચરણથી આ (૪૩મા) શ્લોકનો અર્થ કહ્યો છે, 'તેણે જ્ઞાનનો નાશ કર્યો' એ બીજા ચરણથી ૪૪મા શ્લોકનો અર્થ કહ્યો છે અને ઉત્તરાર્ધથી ૪૫મા શ્લોકનો અર્થ કહેલો છે. (કા)

૧. 'આથી' એટલે 'સ્મરણનો નાશ કહ્યો તેથી'. પદાર્થોનો અનુભવ થયા પછી જ તેઓનું સ્મરણ થાય છે. (તેથી 'સ્મરણ' થાય તે પહેલાં જ અનુભવનો નાશ થવો જોઈએ) અહિં તો સ્મરણનો પણ નાશ કહેલો છે એટલે અનુભવનો નાશ તો કહેવાઈ જ ગયો, એવો અર્થ છે. (લે)

૨. જ્યારે પદાર્થોનો અનુભવ થતો હોય ત્યારે તેમનું સ્મરણ સંભવતું નથી, એટલે સ્મરણ થઈ રહ્યા પછી થતો સ્મરણનો નાશ પણ સંભવતો નથી. (તેથી જ્યારે સ્મરણનો નાશ થાય તે પહેલાં પદાર્થોનો અનુભવ તો બંધ થઈ રહેલો હોવો જ જોઈએ). (લે)

૩. જ્યારે આપણને પદાર્થોનો અનુભવ થતો હોય (આપણે પદાર્થોને જોતા હોઈએ) ત્યારે (આપણા મગજમાં તેઓનો) સંસ્કાર ઉત્પન્ન થાય છે. પછી અનુભવનો નાશ થાય (પદાર્થો દેખાતા બંધ થાય) ત્યારે સંસ્કાર હોય છે, અને તે સંસ્કારથી ભવિષ્યમાં તેમનું સ્મરણ થાય છે. તે સ્મરણ અમુક સમય (ઓછામાં ઓછું એક ક્ષણ) રહે છે અને પછી નાશ પામે છે. આ પ્રમાણે બને તે યોગ્ય છે, પણ અહિં તો અનુભવ (વિશ્વરૂપનું યશોદાને દર્શન)નો નાશ થયો, તે જ ક્ષણે સ્મરણનો પણ નાશ થયો એમ કહે છે, તે કેમ સંભવે ? આવી શંકા થાય, તેનો 'અહિં ભગવાનના મત પ્રમાણે....' વિગેરેથી નિરાસ કરે છે. (પ્ર)

૪. અનુભવ અને સ્મરણની વચ્ચે સંસ્કાર ઉત્પન્ન થવો જ જોઈએ એવો નિયમ નથી એવો અર્થ છે; કારણ કે એમ ન હોય (એવો નિયમ હોય) તો કોઈવાર અનુભવ પૂરો થયો કે તરત

જ અનુભવ પછીની જ ક્ષણે સ્મરણ થાય છે તે થઈ શકે નહિ (કારણ કે સંસ્કાર તેને ઉત્પન્ન કરે તે વિના તે થાય નહિ, અને તેને સંસ્કાર ઉત્પન્ન કરે તેટલો સમય ગયો નથી). એવું (અનુભવ પછીની જ ક્ષણે ઉત્પન્ન થતું) સ્મરણ હોતું જ નથી એમ પણ ન કહેવાય, કારણ કે તેવા સ્મરણને અટકાવનાર કાંઈ કારણ નથી.

'(એવું સ્મરણ થાય તે સ્મરણ નથી, પણ) તેમાં માત્ર અનુભવેલા પદાર્થોનું ભાન જ થાય છે' એમ કહેવું પણ યોગ્ય નથી, કારણ કે એમ માનવાથી સ્મરણનો ઉચ્છેદ થઈ જશે (સ્મરણ રહેશે જ નહિ), કારણ કે (જ્યારે જ્યારે સ્મરણ થાય છે તેવા) સર્વ પ્રસંગોમાં સંસ્કાર અનુભવેલા પદાર્થોનું ભાન કરાવે છે એમ કહી શકાય તેવું છે.

'જ્ઞાન વિના બીજું કાંઈ અનુભવેલા પદાર્થોનું ભાન કરાવનાર નથી, તેથી સંસ્કાર તેમનું ભાન કરાવતો નથી' એમ પણ ન કહેવાય; કારણ કે એ નિયમ બરાબર નથી. કારણ કે નિશ્ચિત પ્રમાણો (પ્રત્યક્ષ, અનુમાન, ઉપમાન અને શબ્દ)ના અભાવમાં પણ જ્ઞાન ઉત્પન્ન કરનાર હોય તે અનુભવેલા પદાર્થોનું ભાન કરાવે છે અને સંસ્કારમાં પણ તે ગુણ છે.

'સંસ્કારથી જે ઉત્પન્ન થાય તે 'સ્મરણ' કહેવાય છે, તેથી સંસ્કાર જ્ઞાન ઉત્પન્ન કરનાર અને અનુભવેલા પદાર્થોનું ભાન કરાવનાર છે એમ નથી' એમ ન કહેવાય. પ્રમાણોથી સાક્ષાત્ જે જ્ઞાન થાય તે અનુભવ કહેવાય છે, અને તે સિવાયનું જ્ઞાન 'સ્મરણ' કહેવાય છે. અનુભવ પછી તરત જ જે સ્મરણ થાય છે તેમાં જ્ઞાન પ્રમાણોથી ઉત્પન્ન થતું નથી, અને અનુભવ થયા પછી થાય છે, અને તેમાં અનુભવેલા પદાર્થોનું ભાન(જ્ઞાન) થાય છે. તેથી તેને 'સ્મરણ' કહેવામાં કાંઈ અયોગ્યતા નથી. તેથી જ તે જ (અનુભવેલા પદાર્થના ભાનરૂપ) વિશેષને અવલંબીને તેની પછીની જ ક્ષણે 'હું સ્મરણ કરું છું' એવો નિશ્ચય થાય છે. જેમ અનુભવપણું સમાન હોવા છતાં, આપણે અનુમાન કરીએ છીએ ત્યારે 'હું અનુમાન કરું છું' એવો જ નિશ્ચય થાય છે, પણ 'હું અનુભવ કરું છું' તેવો નિશ્ચય થતો નથી, તેમજ (અનુભવેલા પદાર્થના ભાવરૂપ) વિશેષનું અવલંબન કર્યા પછીની જ ક્ષણે 'હું સ્મરણ કરું છું' એવો જ નિશ્ચય થાય છે, પણ 'હું અનુભવ કરું છું' તેવો નિશ્ચય થતો નથી.

અથવા અમે અહિં લૌકિક વસ્તુના તત્ત્વનું નિરૂપણ કરતા નથી. તેથી લોકમાં સ્મૃતિ (સ્મરણ) સંસ્કારથી જ ઉત્પન્ન થતી હોય અથવા સંસ્કાર વિના ઉત્પન્ન થતી હોય; છતાં અહિં તો અલૌકિક (વિશ્વરૂપ) દર્શન કરાવવાનો પ્રસંગ હોવાથી, તેના સંબંધી ભવિષ્યનું કાર્ય પણ અલૌકિક જ છે, એમ જણાવવા અહિં ભગવાનનો મત જણાવેલો છે. શ્રીસુબોધિનીમાં 'અત્ર' 'અહિં' શબ્દથી આ જ કહેલું છે. 'સ્મરણનો નાશ થયો' એમ કહ્યું, તેથી તેની ઉત્પત્તિ થએલી એમ અવશ્ય કહેવું જ જોઈએ. તે સ્મરણ જે ક્ષણે ઉત્પન્ન થયું તે પછીની જ ક્ષણે તેનો નાશ થયો એમ જણાવવા, શ્લોકમાં 'સદ્યઃ' 'તરત જ' પદ યોજેલું છે. તેમ ન હોત તો (સ્મરણની ઉત્પત્તિ જ થઈ ન હોય તો) કહ્યા વિના જ નાશ પ્રાપ્ત થએલ હોવાથી, (કારણ કે જે સ્મરણ છે જ નહિ તેનો નાશ (અભાવ) છે જ) તે કહેત જ નહિ. આમ હોવાથી બીજી (ઉત્પત્તિ પછીની) ક્ષણે નાશ થાય તે ક્ષણ આવ્યા પહેલાં જ, તે સમયે (એટલે અનુભવ બંધ થયો અને સ્મરણ થયું તે જ ક્ષણે) સ્મરણનો નાશ થયો; એમ જણાવવા 'તરત જ નાશ પામેલા સ્મરણવાળી' શબ્દ યોજેલ છે. તેથી આ પણ અલૌકિક ચરિત્ર છે એમ જણાવેલું છે, કારણ કે આસ્તિકો લોકમાં બીજી ક્ષણે સ્મરણનો નાશ થાય

અનુભવ અને (તેઓના) સ્મરણની વચ્ચે સંસ્કાર (થયો) ન હતો. અનુભવ સ્મરણને જ [૫] ઉત્પન્ન કરે છે. જેમ ઈન્દ્રિયનો (પદાર્થ સાથે) સંયોગ વધારે અને વધારે અનુભવ ને જાગ્રત (ઉત્પન્ન) કરે છે, તેમ સ્મરણને [૬] પણ કોઈ જાગ્રત કરે

એવું માનતા નથી. આથી એમ કહેલું છે કે ભક્તિરસનો અનુભવ કરાવનાર તરીકે મોહ ઉત્પન્ન કરવામાં ભગવાન્ (જરા પણ) વિલંબ સહન કરતા નથી. જેમ પોતાનો અવતાર કરવા, ગર્ભનું (દેવકીમાંથી રોહિણીમાં) સંકર્ષણ કરાવ્યું તેમ અહિં પણ સ્મરણનો નાશ કરાવી મોહ ઉત્પન્ન કર્યો એવો ભાવ છે. આ પ્રમાણે માનવાથી 'સ્મરણ સંસ્કારથી ઉત્પન્ન થાય છે' અથવા 'સ્મરણ સંસ્કારથી ઉત્પન્ન થતું નથી' એ કાંઈ સિદ્ધ થતું નથી, છતાં અહિં ભવિષ્યમાં કોઈપણ સમયે યશોદાને સ્મરણ થવાનું નથી એમ કહેવાનું હોવાથી (જો સંસ્કાર ઉત્પન્ન થયો હોત તો) 'નાશ પામેલા સંસ્કારવાળી' એમ જ કહેત. એમ કહેવાથી સ્મૃતિનો નાશ એની મેળે જ પ્રાપ્ત થતો હોવાથી, સ્મૃતિનો નાશ અને તે માટે મોહ કહેલાં છે તે ન કહેત. આમ હોવાથી અન્યથાનુપપત્તિથી જ એમ માનવું જોઈએ કે તે (વિશ્વરૂપ)ના અનુભવથી સ્મૃતિ ઉત્પન્ન થઈ, અને તેનો ઉપર જણાવ્યું તે પ્રમાણે નાશ થયો. પરંતુ સંસ્કાર ઉત્પન્ન થયો જ ન હતો, કારણ કે સંસ્કાર ઉત્પન્ન કરવાની ભગવાનની ઈચ્છા જ ન હતી. આ જ લક્ષમાં રાખી શ્રીમદાચાર્યચરણે 'ભગવાનના મત પ્રમાણે...' વિગેરે કહેલ છે.

'વળી સંસ્કાર ઉત્પન્ન થવો જ જોઈએ, સંસ્કાર વિના સ્મૃતિ થાય જ નહિ' એમ માનનારાઓએ પણ સર્વ ઉત્પત્તિવાળાઓનાં નિમિત્ત કારણ તરીકે અદૃષ્ટને પણ સ્મૃતિનું કારણ કહેવું જોઈએ. તો પછી અદૃષ્ટ જરુરી હોવાથી અને તેને જ સ્મૃતિનું કારણ માનવાથી (સંસ્કારની જરુર રહેતી નહિ હોવાથી) લાઘવ થતું હોવાથી, તે અદૃષ્ટ જ સ્મૃતિનું કારણ ભલે ગણાય અને સંસ્કારની જરુર નથી, એવા હેતુથી 'સંસ્કાર (થયો) ન હતો' એમ સંસ્કારનો નિષેધ કહેલો છે. (ટિ)

૫. 'એવ' 'જ' શબ્દ 'અનુભવ સંસ્કારને ઉત્પન્ન કરતો નથી', એમ જણાવવા યોજેલો છે. (લે)

૬. ભવિષ્યમાં લાંબા સમયે ઘણા વખત પહેલાં અનુભવેલા પદાર્થોનું સ્મરણ થાય છે. ત્યાં એવું સ્મરણ થવામાં અદૃષ્ટ વ્યાપાર, સહકારી અથવા કારણ છે એમ માનવું પડે. પણ અનુભવ વિહિત નહિ હોવાથી (લૌકિક હોવાથી) તે અદૃષ્ટને ઉત્પન્ન કરતો નથી, તેથી અદૃષ્ટ વ્યાપાર થઈ શકતું નથી. વળી ઘણા વખત પહેલાં થએલો અનુભવ હમણાંનું સ્મરણ ઉત્પન્ન કરી શકે નહિ, હમણાં થતો અનુભવ જ સ્મરણનું મુખ્ય કારણ હોવું જોઈએ. તેવા અનુભવ વિના, પહેલાંનો અનુભવ સ્મરણ ઉત્પન્ન કરી શકે નહિ તેથી સ્મરણ થઈ શકે જ નહિ. પહેલાંનો અનુભવ નાશ પામેલ હોવાથી, અદૃષ્ટનું સહકારી કોઈ નહિ રહેવાથી પણ સ્મરણ થાય નહિ. પ્રાચીન અદૃષ્ટ જ એવું હોય કે કોઈ સહકારી વિના પણ પોતે સ્મરણ ઉત્પન્ન કરી શકે, તો જે પદાર્થોનો અનુભવ કોઈ વાર થએલ ન હોય તેવાનું પણ સ્મરણ થવું જોઈએ. તેથી પહેલાં અનુભવેલા પદાર્થોનું સ્મરણ થાય એ સંભવતું જ નથી એમ ન કહેવાય, કારણ કે અનુભવ અથવા અનુભવનો ધ્વંસ (નાશ) એ બેમાંથી એક સ્મરણ થવામાં સહકારી છે. તમે પણ (પહેલાંના અનુભવ) જેવું (પણ) તેની સાથે સંબંધ વિનાનું જ (સ્મરણનો) ઉદ્‌બોધ કરનાર હોય છે એમ સ્વીકારો છો. 'સ્મરણને પણ કોઈ જાગ્રત કરે છે' વિગેરેથી આ જ અર્થ કહેલો છે. અનુભવ અને તેનો ધ્વંસ, એ બેમાંથી એક જેનાં

છે અને કોઈ તેનો નાશ કરે છે[૭]. નાશ અને ઉત્પત્તિ સદા થાય (થયા કરે) છે, એવો

સહકારી થાય છે તેવું પ્રાચીન અદષ્ટ સ્મરણને ઉત્પન્ન કરે છે અને તે સ્મરણ લાંબા સમય સુધી ટકી શકે એવું છે એમ સ્વીકારેલું હોવાથી, પહેલાંના અનુભવેલા પદાર્થ જેવા કોઈ પદાર્થથી તે માત્ર જાગ્રત જ થાય છે એમ કહેલું છે એવો અર્થ છે. (ટિ+પ્ર)

૭. 'સ્મરણનો નાશ એની મેળે થાય છે, છતાં તેનો નાશ થયાનું કહેવાનું પ્રયોજન શું ?' એવો પ્રશ્ન ઉઠે, તેથી નાશ થવું એટલે 'પોતાની સાથે રહેલ પોતાના જેવા પ્રાગભાવ વિનાનું કરવું' એવો તેનો અર્થ (ટિપ્પણીમાં) કહેલો છે. એટલે ફરીથી તેના જેવું સ્મરણ ભવિષ્યમાં થવાનું જ નથી, એમ જણાવવા તેનો નાશ કહેલો છે એવો અર્થ છે.

'પ્રતિયોગી (ઘટ વિગેરે પદાર્થ) અને તેનો અભાવ એક જ પદાર્થ ઉત્પન્ન કરે એવું બનતું નથી, તેથી એમ કહેવું યોગ્ય નથી' એમ ન કહો, કારણ કે વ્યક્તિ (પદાર્થ)ના ભેદથી તેમ થાય (જૂદા જૂદા પદાર્થ ઉત્પન્ન કરે) એમાં દોષ નથી.

(જૂદા જૂદા પદાર્થ પણ) એક જાતના તેઓ ઉત્પન્ન કરે એમ ન બને' એમ ન કહો, કારણ કે તે બંને (પ્રતિયોગી અને તેનો અભાવ) જ્ઞાન જાતીય પદાર્થ ઉત્પન્ન કરે છે.

'અભાવ જ્યાં (પદાર્થની ઉત્પત્તિનું) કારણ હોય ત્યાં પ્રતિયોગીથી તેની ઉત્પત્તિમાં પ્રતિબંધ થતો હોવાથી એમ કહેવું યોગ્ય નથી. જ્ઞાનની બાબતમાં તો અભાવ વિષય તરીકે કારણ થાય છે તેથી દોષ થતો નથી. સંસર્ગ નહિ હોવાને લીધે પ્રતિબંધ કરનારનો અભાવ એ પદાર્થની ઉત્પત્તિનું કારણ છે, તેથી અહિં અનુભવનો નાશ એ સ્મરણ ઉત્પન્ન થવાનું કારણ નથી' એમ કહો, તો જાણવું કે અહિં પણ અનુભવનો ધ્વંસ (સ્મરણ ઉત્પન્ન થવાનું) કારણ છે એટલે તમારી પેઠે અહિં પણ દોષ નથી. એમ ન હોય તો અનુભવનો પ્રાગભાવ હોય (અનુભવ થયો ન હોય) ત્યારે, અથવા અનુભવનો અત્યંતાભાવ હોય (અનુભવ છેવટ બંધ થયો હોય) ત્યારે પણ સ્મરણ થયા કરે એમ બને. આ પણ અનુભવ પછીની જ ક્ષણે સ્મરણ થાય છે એમ સ્વીકારીને કહેલ છે. એમ ન સ્વીકારવામાં આવે ત્યારે અનુભવનો ધ્વંસ જ (સ્મરણ ઉત્પન્ન કરવામાં અદષ્ટનો) સહકારી થાય છે એમ કહેવું જોઈએ અને તે ઉપર કહ્યું તે પ્રમાણે થાય છે. તેથી ભગવાનનો મત જ્યાં કહેલ છે તેટલો ગ્રંથ જેવો શ્રવણ કરેલો (કહેલો) છે તેવો જ ઉત્તમ છે તેથી સર્વ યોગ્ય જ છે.

'આમ માનવાથી યાગથી ઉત્પન્ન થતું અપૂર્વ સિદ્ધ થશે નહિ' એમ ન માનવું, કારણ યાગ(અપૂર્વનું) કારણ છે એમ શ્રુતિ કહે છે, તેથી તેનો(યાગનો) અભાવ તેનું (અપૂર્વનું) કારણ છે એમ માનવું યોગ્ય નથી; કારણ કે પ્રતિયોગી (યાગ) અને તેનો અભાવ એક જ પદાર્થ ઉત્પન્ન કરે એવું જણાએલ નથી.

'ઘટ અને તેનો અભાવ પોતાના સમૂહ પર આધાર રાખનાર જ્ઞાનને ઉત્પન્ન કરે છે એમ જોવામાં આવે છે' એમ કહો તે યોગ્ય છે; પરંતુ નિયમ એવો છે કે પ્રતિયોગી(ઘટ વિગેરે પદાર્થ)માં રહેલો ધર્મ જ જે કાર્ય ઉત્પન્ન કરનારો હોય તે કાર્ય તે ધ્વંસથી (પ્રતિયોગીના અભાવથી) ઉત્પન્ન થતું નથી. યાગના વિષયમાં યાગ જ કાર્ય સ્વર્ગ વિગેરે તથા અપૂર્વને બંનેને ઉત્પન્ન કરે છે તેથી યાગનો ધ્વંસ અપૂર્વને ઉત્પન્ન કરે છે એમ કહી ન શકાય. પણ આ વિષયમાં અનુભવ સ્મરણને ઉત્પન્ન કરતો નથી, તેથી અહિં એ દૂષણ લાગુ પડતું નથી. તેથી જ 'જે (અનુભૂત) અનુભવેલું તેનું સ્મરણ થાય છે' એવો વ્યવહાર થાય છે. 'અનુભૂત'માં 'ત' ભૂતકૃદંતનો પ્રત્યય છે. અનુભવનો વિષય થઈ ચૂકેલું છે તે અનુભૂત

મત અપ્રામાણિક (અસત્ય) છે અને વેદથી વિરુદ્ધ છે. (વેદથી વિરુદ્ધ વાદીઓ (વેદને નહિ માનનારાઓ)ના મતમાં જ તેવું હોય છે).

'વિવેકને લીધે જ્ઞાન જાગ્રત થયું હશે' એવી શંકા થાય, તેથી 'ગોપી' શબ્દ યોજેલો છે. તેમાં પણ તે[8] ભગવાનને ખોળામાં પધરાવી, ઘણા વધેલા સ્નેહથી ભરપૂર હૃદયવાળી થઈ, પહેલાં હતી તેવી જ થઈ. (ભગવાનને તેણે ખોળામાં) પધરાવીને જ્ઞાનથી થતો બહારનો વ્યાપાર (બહારનું કાર્ય) પણ પહેલાંની પેઠે કર્યો[9], અને (હૃદયની) અંદરનો સ્નેહ પણ (પહેલાંની પેઠે કર્યો).

'જ્ઞાન થયા પછી (હૃદયની) અંદરનો સ્નેહ જતો રહ્યો હશે' એવી શંકા થાય, તેથી 'ઘણા વધેલા સ્નેહથી ભરપૂર હૃદય' એમ કહેલું છે, કારણ કે (શાસ્ત્રના) નિયમ પ્રમાણે સ્નેહ હોય, તેમાં હૃદયમાં કલિલતા (ડૉળ) હોતી નથી. અહિં 'કલિલ'[10] શબ્દથી કચરાના જેવા મોહવાળો સ્નેહ કહેલો છે. તેવું જ

---

(અનુભવેલું) એવો તેનો અર્થ જાણવો. શ્રુતિના બલને લીધે યાગના સંબંધમાં તેવું (યાગનો ધ્વંસ અપૂર્વ ઉત્પન્ન કરે છે તેવું) કહી શકાય તેમ નથી. (ટિ+પ્ર)

૮. 'સા' એટલે 'તે'. 'જેનો ભગવાને નિરોધ કરેલો તે'. (પ્ર)

૯. 'ભગવાનને યશોદાએ ખોળામાં પધરાવ્યા' એમ કહેલું છે, તેથી તેણે બહારનો વ્યવહાર પહેલાંની પેઠે કર્યો એમ જણાવેલું છે એવો અર્થ છે. (ટિ)

૧૦. જલ વિગેરે શુદ્ધ હોય તે બીજાની સાથે ભળતાં મલિન થાય છે. અહિં યશોદાને ભગવાન્ માટે સ્નેહ ઘણો જ થયો છતાં તે ઉપાધિ વિનાનો ન હતો, પરંતુ ('આ મારો પુત્ર છે' એ પ્રમાણે) પુત્રપણાની ઉપાધિવાળો હતો. તેવા આશયથી, તેમાં કલિલપણું હતું એમ કહેલું છે એવો અર્થ છે.

અથવા વિશ્વરૂપ દર્શન થતાં યશોદાને જ્ઞાન થયું એટલે ભક્ષણ, શયન, ટાઢ, તડકો વિગેરે ધર્મો ભગવાનમાં કુદરતી રીતે તેને સ્ફુરે નહિ. ભગવાન્ માટે તેને સ્નેહ હોવાથી એ ધર્મો ભગવાનમાં કુદરતી રીતે તેને સ્ફુરે. તેથી એ બેમાં વિરોધ થયો એટલે સ્નેહના સંબંધવાળો જે 'કલિઃ' એટલે કલહ કજીઓ અથવા વિરુદ્ધ ધર્મોને દબાવી દેનાર, તેને 'લાતિ' એટલે સ્વીકારે છે એવું જેનું હૃદય હતું તેવી તે થઈ, એવો અર્થ છે. આથી એમ કહેલું છે કે તેનું જ્ઞાન જતું રહ્યું અને તેના હૃદયમાં સ્નેહનું પૂર આવ્યું. જ્ઞાનનું નિરૂપણ કરી, તેના અંતે 'સ્નેહ ઘણો વધ્યો' એમ કહ્યું તે ફલના અભિપ્રાયથી કહ્યું; કારણ કે બીજું કાંઈ ફલ કહેલું નથી. તેમ ન હોય તો (સ્નેહ ફલ તરીકે કહેલ ન હોય તો), જ્ઞાન ફલ વિનાનું થઈ જાય. (જ્ઞાનનું) અનુસંધાન (યશોદાને) રહ્યું નહિ, છતાં જેમ વૈદિક સંસ્કારથી અલૌકિક ઉત્કૃષ્ટતા પ્રાપ્ત થાય છે તેમ આ જ્ઞાનથી તેના સ્નેહની વૃદ્ધિ થઈ એવો ભાવ છે. તેનાં જાતિ અને કુલના ધર્મો અને માતાપણું હતાં તેવાં જ રહ્યાં એ તેની પહેલાંની અવસ્થા (રહી). (આ પહેલાંની અવસ્થા રાખવાનું કારણ એ છે કે તે ન રાખી હોત તો) ભગવાને સ્નેહ વધારનારી માયા પ્રસારેલી હોવાથી, સ્નેહને લીધે તે બીજા બધા ધર્મો તજી દઈ ભજન જ કરત, અને એમ થાત તો તેનો મર્યાદાભક્તિમાં પ્રવેશ થાત, પરંતુ તેને પુષ્ટિમાર્ગીય લીલાના રસનો અનુભવ ન થાત એવો અર્થ છે. (ટિ)

(મોહવાળા સ્નેહવાળું) હૃદય થયું, એટલે ગમે તેટલો સમય જાય તો પણ તેમાંથી કલિલ જવાનું નથી. પહેલાંની અવસ્થાનો ત્યાગ કરે તો માયાને લીધે (યશોદા) ભક્ત જ થાય, પરંતુ (તેનો) નિરોધ ન થાય, તેથી 'પહેલાંના જેવી' શબ્દો યોજેલા છે. ૪૪.

આ સમય પછી બીજા[1] પ્રમાણથી પણ (યશોદાને) (વિશ્વરૂપ દર્શનનું) સ્મરણ જાગ્રત (ઉત્પન્ન) થયું નહિ, એમ નીચેના શ્લોકથી કહે છેઃ

**ત્રય્યા ચોપનિષદ્ભિશ્ચ સાંખ્યયોગૈશ્ચ સાત્વતૈઃ ।।**
**ઉપગીયમાનમાહાત્મ્યં હરિં સામન્યતાત્મજમ્ ।।૪૫।।**

ત્રણ વેદો અને ઉપનિષદો, સાંખ્ય અને યોગો (તથા) વૈષ્ણવતંત્રો જેમના માહાત્મ્યનું ગાન કરે છે, તેવા હરિને તેણે પુત્ર માન્યા. ૪૫.

'ત્રયી' એટલે ત્રણ વેદો (ઋગ્વેદ, સામવેદ અને યજુર્વેદ) આ વેદોમાં (ભગવાનની) ક્રિયાશક્તિનું નિરૂપણ કરેલું હોવાથી, તેઓ ભગવાનનું માહાત્મ્ય જણાવનારા છે. ઉપનિષદોમાં[2] પણ બ્રહ્મનું નિરૂપણ કરેલું હોવાથી, (તેઓ) ભગવાનની જ્ઞાનશક્તિ જણાવનારાં છે. સાંખ્યમાં પણ (૧) ભગવાનના સંબંધથી અને (૨) ભગવાનના સંબંધ વિના, એમ બે પ્રકારના ભેદથી જ નિત્ય અને અનિત્ય વસ્તુનો વિવેક (જણાવેલો છે). યોગમાં પણ નિશ્ચિંતપણે ભગવાનનું ચિંતન (કરવાનું જણાવેલું છે). 'સાંખ્યયોગૈઃ' શબ્દ પછી મૂલશ્લોકમાં 'ચ'[3] 'અને' શબ્દ છે તે એમ જણાવે છે, કે પશુપતિના મતમાં પણ ભગવાનના માહાત્મ્યનું જ નિરૂપણ છે, તેવી જ રીતે 'સાત્વતૈઃ' એટલે વૈષ્ણવતંત્રોથી પણ (ભગવાનના માહાત્મ્યનું જ જ્ઞાન થાય છે), કારણ કે વેદ બે પ્રકારનો છે[4]. (આ) છએ (વેદો, ઉપનિષદો, સાંખ્ય, યોગ, પશુપતિમત એટલે શૈવતંત્રો અને વૈષ્ણવતંત્રો) દર્શનોમાં ભગવાનના માહાત્મ્યનું ગાન કરવામાં આવેલું છે. એ બધાં પ્રમાણોનું શ્રવણ કર્યા પછી પણ એવા (છએ દર્શનોમાં જેમના માહાત્મ્યનું ગાન

---

૧. ચક્ષુ વિગેરેથી પ્રમાણોથી આવું સ્મરણ ફરી થયું નહિ, એમ પહેલાં (ગયા શ્લોકમાં) કહેલું છે. શબ્દપ્રમાણથી પણ સ્મરણ ન થયું એમ આ શ્લોકમાં કહે છે એવો અર્થ છે. પ્રમાણો સંસ્કારને જાગ્રત કરી સ્મરણ ઉત્પન્ન કરે છે, પણ અહિં સંસ્કાર થયો જ નથી એવો ભાવ છે. (લે)

૨. ઉપનિષદો પણ જ્ઞાનનું અને ઉપાસનાનું પ્રતિપાદન કરનારાં એમ બે પ્રકારનાં છે. (પ્ર)

૩. દર્શનો છ હોવાથી આ 'ચ'નો અર્થ પશુપતિમત કરેલો છે. (પ્ર)

૪. વેદો ૧. નિત્ય અને ૨.કામ્ય (કર્મોનું પ્રતિપાદન કરનારા) એવા ભેદથી બે પ્રકારના છે. (પ્ર)
(૧) મંત્રો અને (૨) બ્રાહ્મણોના ભેદથી બે પ્રકારના છે, એટલે મૂલશ્લોકમાં ઉપનિષદો સિવાયનો વેદનો બધો ભાગ (મંત્રો અને બ્રાહ્મણો બંને) 'ત્રયી' પદથી કહેલ છે એમ જાણવું. (લે)

કરેલું છે તેવા) હરિને તેણે પુત્ર જ માન્યા. તેથી તેની પ્રતિષ્ઠા પુત્રભાવથી અવિહિત (સ્વતંત્ર) ભક્તિમાં થઈ. ૪૫.

'આ(યશોદા)ને આટલું (બધું) (ફલ) કેમ પ્રાપ્ત થયું અને બીજી કોઈને ન થયું ?' એવી શંકા મટાડતાં, (તેના કારણ તરીકે) મહાપુરુષની કૃપા નીચેના સાત શ્લોકોથી જણાવે છે. તેમાં પહેલા બે શ્લોકોથી પ્રશ્ન કરે છેઃ

રાજા કહે છે (પૂછે છે):

**નન્દઃ કિમકરોદ્ બ્રહ્મઞ્છ્રેય એવમ્મહોદયમ્ ।।**
**યશોદા ચ મહાભાગા પપૌ યસ્યાઃ સ્તનં હરિઃ ।।૪૬।।**

હે બ્રહ્મન્! નંદજીએ એવો મોટો અભ્યુદય કરાવનારું શું ઉત્તમ કર્મ કરેલું ? અને મહાભાગ્યવાળી યશોદાએ (એવો મોટો અભ્યુદય કરાવનારું શું મોટું ઉત્તમ કર્મ કરેલું ?) કે જેના ધાવણનું હરિએ પાન કર્યું ? ૪૬.

અહિંથી બે શ્લોકોથી રાજા પ્રશ્ન કરે છે, (અને) આ કર્મનું ફલ નથી એમ કહેવાનું હોવાથી[1] (બાકીના પાંચ શ્લોકોથી શ્રીશુક ઉત્તર આપે છે). હે 'બ્રહ્મન્' એવું શુકદેવનું સંબોધન (તેમના આના કારણનું) જ્ઞાન છે, એમ જણાવવા કહેલું છે. નામપ્રકરણમાં પહેલાં નંદજીનો જ નિરોધ કહેલો છે, તેથી (પ્રથમ નંદજી વિષે પ્રશ્ન કરે છે). નંદજીએ કયું ધર્મરૂપ ઉત્તમ કર્મ કરેલું ? (આવું તેમનું કર્મ) લોક તથા વેદમાં પ્રસિદ્ધ નથી, તેથી પ્રશ્ન કરેલો છે. યશોદાનું (પણ નિરોધ કરવામાં) જૂદું નિરૂપણ કરેલ હોવાથી 'અને યશોદાએ...' શબ્દોથી તેના સંબંધી જૂદો પ્રશ્ન કરેલો છે. (યશોદાને ભગવાન્ સાથે) નિરંતર સંબંધ હોવાથી તે નંદજી કરતાં પણ મોટા ભાગ્યવાળી છે. વળી તેના સ્તન(ધાવણ)નું સર્વના દુઃખને હરનાર હરિએ પણ પાન કર્યું. તે તો એમ જ જાણે છે (જાણતી) કે ભગવાન્ પોતાની ભૂખ મટાડવા ધાવણનું પાન કરે છે, એટલે તે તો હરિ(દુઃખ હરનાર)ની પણ હરિ(દુઃખ હરનારી) હતી એવો અર્થ થયો. ભગવાન્ પોતાની અંદરના બાલકોના સંતોષ માટે (ધાવણનું પાન કરતા હતા) એ પક્ષમાં એમ માનીએ તો પણ, તેના જ ધાવણથી તેમ કરતા હતા એ તેની જ શ્રેષ્ઠતા છે.૪૬.

'જેમ વસુદેવે સુકૃત કર્યું તે પ્રસિદ્ધ છે તેમ તેઓએ કરેલું સુકૃત પણ પ્રસિદ્ધ જ છે' એવી શંકા થાય, તેથી નીચેનો શ્લોક કહે છેઃ

---

૧. અહિં પાંચ પ્રશ્નોથી ઉત્તર આપવાનું તાત્પર્ય કહેલું છે. આવું ફલ કર્મનું હોઈ શકે નહિ, પરંતુ મહાપુરુષોની કૃપાનું જ આ ફલ છે એમ જણાવવા માટે, આ કર્મનું ફલ નથી એમ કહેવાનું હોવાથી, અને કર્મ (૧) અગ્નિહોત્ર (૨) દર્શપૌર્ણમાસ (૩) ચાતુર્માસ્ય (૪) પશુ અને (૫) સોમ એવા પાંચ પ્રકારનું હોવાથી (જૂઓ તત્ત્વદીપનિબંધ ૨।૨) 'પાંચ શ્લોકોથી' એમ કહેલું છે એવો અર્થ છે. (ટિ)

**પિતરૌ નાન્વવિન્દેતાં કૃષ્ણોદારાર્ભકેહિતમ્ ।।**
**ગાયન્ત્યદ્યાપિ કવયો યલ્લોકસ્ય મલાપહમ્ ।।૪૭।।**

શ્રીકૃષ્ણનું ઉદાર બાલચરિત જેનું હજી સુધી કવિઓ ગાન કરે છે અને જે લોકના મલને દૂર કરનારું છે તેનો આનંદ માતાપિતાને પછીથી પણ ન મળ્યો.૪૭.

જો કે (દેવકી અને વસુદેવ) માતાપિતા થયાં તો પણ જેવો આનંદ આ બે (યશોદા અને નંદજી)એ અનુભવ્યો તેવા આનંદનો તેમને અનુભવ થયો નહિ, એમ 'પછીથી ન મળ્યો' શબ્દોથી કહે છે. 'અનુ' આની પછી પણ 'નાવિન્દેતામ્' (તેમને) ન મળ્યો, કારણ કે પાછલથી બીજા જ પ્રકારથી (ભગવાને લીલા) કરી. 'શ્રીકૃષ્ણનું ઉદાર બાલચરિત' શબ્દથી આ આનંદ મોટો છે એમ જણાવે છે. શ્રીકૃષ્ણનું 'અર્ભકેહિતમ્' એટલે બાલચરિત, જે અધિકારીઓ ન હોય તેઓને પણ સર્વ પુરુષાર્થોનું દાન કરનારું હોવાથી 'ઉદાર' છે. સાધનનું ફલ[૧] હલકું હોય છે અને તે પણ લૌકિક હોય છે. પરમાનંદ સાધ્ય (સાધનોથી જે પ્રાપ્ત કરવાનું છે તે) ફલથી[૨] પણ અધિક છે. જો તે (પરમાનંદ) સ્વર્ગ વિગેરે સાધ્ય ફલનું સાધન થાય, તો પશુ પુત્ર વિગેરેથી ઉત્પન્ન થતું અલૌકિક[૩] સુખ અને લૌકિક[૩] સુખ પણ તેવું જ (પરમાનંદરૂપ) હોય. જેમ ઉત્તમ સૂત્રોથી ઉત્તમ વસ્ત્ર થાય છે, અને ઉત્તમ સાકરથી ઉત્તમ મીઠાઈ થાય છે તે પ્રમાણે ઉત્તમ સાધન હોય ત્યારે સાધ્ય (તેનાથી પ્રાપ્ત થતું ફલ) ઉત્તમ હોય છે, એમ લોકમાં જોવામાં આવે છે. જ્યાં પરમાનંદ જ

---

૧. ભગવાનની બાલલીલાને ઉદાર કહી તેનું તાત્પર્ય અહિંથી જણાવે છે. અધિકાર સાધન છે. તે હલકો હોવાથી ઉત્પન્ન થતું ફલ પણ હલકું હોય છે.

અથવા સુખના સાધનરૂપ વૈદિક કર્મનું પશુ વિગેરે રૂપ ફલ હલકું હોય છે. (ટિ)

ઉપર પહેલો અર્થ કર્યો તેમાં અધિકાર સામાન્ય રીતે કહેલો છે. તેથી ભક્તિમાર્ગનો અધિકાર અને તેનું ફલ હલકાં હશે એવી શંકા થાય, તે માટે બીજો અર્થ કરેલો છે. (પ્ર) અહિંથી ભગવદીય પુરુષાર્થો ઉત્તમ છે, એમ સિદ્ધ કરે છે. લોકમાં (૧) ધર્મ કર્મરૂપ છે, (૨) અર્થ પશુ વિગેરે રૂપ છે, (૩) કામ સ્વર્ગરૂપ છે, અને (૪) મોક્ષ બ્રહ્મભાવરૂપ છે. એ બ્રહ્મભાવથી પણ પરમાનંદ અધિક છે. (૧) તે અહિં ભક્તિમાર્ગમાં પ્રથમ કક્ષા એટલે ધર્મને સ્થાને છે, (૨) અર્થને સ્થાને બાલરૂપ ભગવાન્ છે, (૩) કામને સ્થાને લીલામાં ઉપયોગી પશુ પુત્ર વિગેરે છે, અને (૪) મોક્ષને સ્થાને ભજનાનંદનો અનુભવ છે. (લે)

૨. સ્વર્ગથી આરંભી મોક્ષ સુધીનાં ફલ સાધ્ય છે. 'આના જ આનંદની માત્રા ઉપર અન્ય પ્રાણીઓ નભે છે' શ્રુતિ પ્રમાણે પરમાનંદ એ સર્વથી અધિક છે. એ પરમાનંદ જ જો પ્રથમ કક્ષા એટલે સાધનરૂપ થાય તો તેનાથી ઉત્પન્ન થતું પશુ વિગેરે લૌકિક સુખ તથા અલૌકિક સુખ તેવું જ એટલે પરમાનંદરૂપ જ થાય એવો અર્થ છે. (ટિ)

૩-૩. અલૌકિક પહેલાં અને પછી લૌકિક કહ્યું છે, એ પાઠ ઊંધા ક્રમથી કહેલો છે, અથવા અહિં ક્રમની જરુર નથી. (લે)

પ્રથમ કક્ષા[૪] છે, ત્યાં તેનાથી પ્રાપ્ત થતું લૌકિક એટલે લૌકિક જેવું જણાતું[૫] ફલ તેનાથી પણ અધિક છે, તેનાથી પણ અધિક અલૌકિક દિવ્ય પુત્ર પશુ વિગેરે રૂપ ફલ છે, અને તેનાથી પણ અધિક સ્વર્ગ વિગેરે ફલ છે. 'શ્રીકૃષ્ણ પરમાનંદ છે, તે પણ બાલક છે, તેની પણ લીલા છે અને તે પણ ઉદાર છે'[૬] એમ આ અર્થ જ કહેલ છે.

શબ્દથી શ્રવણ કરેલી લીલા પણ પરમાનંદ ઉત્પન્ન કરે છે, તો પછી સાક્ષાત્ લીલા તો પરમ દુર્લભ હોય તેમાં કહેવું જ શું? એમ ઉત્તરાર્ધથી કહે છે. હજી સુધી પણ શબ્દના રસને જાણનારા એટલે દોષરહિત શબ્દના અર્થને કહેનારા[૭], અથવા રસવાળાં વચન કહેનારા[૮] વ્યાસ વિગેરે તે રસથી મત્ત[૯] થઈ તે લીલાનું ગાન કરે છે. 'હજી સુધી પણ' શબ્દોથી એમ સૂચવ્યું છે, કે એ લીલા ભગવાને કરી તેને ઘણો કાલ થઈ ગએલો હોવા છતાં પણ તેનો રસ હજી ચાલુ છે. વળી ભગવાનનું બાલ ચરિત્ર લોકના મલને દૂર કરે છે. તેથી તેનું શ્રવણ કરતાં પણ તે દોષને મટાડનારું અને ગુણ આપનારું થાય છે, તો પછી જેઓએ સાક્ષાત્ તેવા ચરિત્રનો અનુભવ કર્યો હોય તેઓના ભાગ્યનું કહેવું જ શું? એવો અર્થ છે.૪૭.

આનું કારણ મહાપુરુષની કૃપા જ છે, એમ કહેવા નીચેના શ્લોકથી પાંચ શ્લોકોથી ઉપાખ્યાન કહેવાનો પ્રારંભ કરે છેઃ

શ્રીશુક કહે છેઃ

**દ્રોણો વસૂનાં પ્રવરો ધરયા ભાર્યયા સહ ।।**
**કરિષ્યમાણ આદેશં બ્રહ્મણસ્તમુવાચ હ ।।૪૮।।**

વસુઓમાં ઉત્તમ દ્રોણ પોતાની સ્ત્રી ધરા સાથે બ્રહ્માની આજ્ઞા પાલન

---

૪. 'પ્રથમ કક્ષા', એટલે 'સાધનરૂપ' (પ્ર)

૫. 'લૌકિકવત્' એટલે 'લૌકિક જેવું જણાતું' એવો અર્થ છે. લોકમાં અને વેદમાં એમ દેખાય છે, કે ફલથી સાધન હલકું છે. જ્યાં પરમકાષ્ઠાવાળી વસ્તુ (પરમાનંદ શ્રીકૃષ્ણ) સાધન થાય છે ત્યાં તેનાથી પ્રાપ્ત થતા ફલની વાત જ શી કહેવી ? એવો ભાવ છે. (ટિ)

૬. મૂલશ્લોકમાં 'શ્રીકૃષ્ણ' શબ્દથી પરમાનંદ કહેલ છે, તે સાધન થવાથી ધર્મરૂપ છે. 'અર્ભક' (બાલક) પદથી અર્થ કહેલો છે, 'લીલા' (ચરિત્ર) પદથી લીલામાં ઉપયોગી પશુ વિગેરેને કામરૂપ કહેલાં છે અને લીલાને ઉદાર કહી તેથી ભજનાનંદ ને મોક્ષરૂપ કહેલો છે. તેમાં પણ લીલા સર્વ પુરુષાર્થનું દાન કરનારી છે એમ કહેલું છે. તેથી આ સર્વની ઉત્તમતાને વાણી અને મન પણ પહોંચી શકે તેમ નથી એમ સૂચવેલું છે. (લે)

૭. 'કવિ' પદથી 'દર્શન વિગેરે કરતાં શબ્દમાં મોટો રસ છે એવું જ્ઞાન' સૂચવેલું છે. (લે)

૮. 'દોષ વિનાના શબ્દ અને અર્થ કાવ્ય છે' 'રસવાળું વાક્ય કાવ્ય છે' એવી કાવ્યની બે પ્રકારની વ્યાખ્યાઓ હોવાથી બે પક્ષ કરી 'કવિ' શબ્દનો અર્થ કહેલો છે. (લે)

૯. 'ગાન કરવું' એ મત્તનું કાર્ય છે એવો ભાવ છે. (લે)

કરવાનો હતો ત્યારે તેણે તેમને (બ્રહ્માને) નીચે પ્રમાણે કહ્યું : ૪૮.

**પ્રાર્થના પ્રશ્નદાને ચ ભક્તિરાગમનં હરેઃ ।।કા. ૨૦।।**

પ્રાર્થના(૪૮-૪૯), પ્રશ્ન(૪૬-૪૭), વરદાન(૫૦), ભક્તિ(૫૧) અને હરિનું આગમન(૫૨) આ પ્રકરણમાં કહેલાં છે[1]. કા. ૨૦.

પહેલાંના કલ્પમાં આઠ વસુઓ પૈકી 'દ્રોણ' નામનો વસુ હતો. જો કે આ કલ્પમાં ધરા તેની સ્ત્રી નથી, તો પણ બીજા(પહેલાંના) કલ્પમાં તે તેની સ્ત્રી હતી તેથી વિરોધ નથી. તે કલ્પમાં વસુઓ વિગેરે બ્રહ્મામાંથી જ ઉત્પન્ન થએલા, તેથી દ્રોણને સૃષ્ટિ સંતતિ ઉત્પન્ન કરવા બ્રહ્માએ આજ્ઞા કરેલી; અને પોતાની સ્ત્રી સાથે સૃષ્ટિ ઉત્પન્ન કરવાની બ્રહ્માની આજ્ઞા તે પાલન કરવાનો હતો, ત્યારે તેણે બ્રહ્માને (નીચેના શ્લોકમાં કહેવામાં આવશે તે) કહ્યું. 'હ' શબ્દ આશ્ચર્ય દર્શાવવા યોજેલો છે, કે ક્યાં સૃષ્ટિ કરનાર અને ક્યાં ભક્તિ! ૪૮.

નીચેના શ્લોકમાં પ્રાર્થના જ કહે છે :

દ્રોણ કહે છેઃ

**જાતયોર્નૌ મહાદેવે ભુવિ વિશ્વેશ્વરે હરૌ ।।**
**ભક્તિઃ સ્યાત્ પરમા લોકે યયાઞ્જો દુર્ગતિં તરેત્ ।।૪૯।।**

ભૂમિ ઉપર જન્મેલા અમો બેને મહાદેવ વિશ્વના ઈશ્વર હરિમાં પરમ ભક્તિ થાઓ, જેનાથી લોકમાં સ્હેલાઈથી દુર્ગતિને તરાય. ૪૯.

ભૂમિ ઉપર જન્મેલા અમો બેની હરિમાં ભક્તિ થાઓ. પ્રાર્થના કરવાની હોવાથી 'લિઙ્' વિધ્યર્થ યોજેલો છે. જ્ઞાન અલ્પ હોવાથી જીવોને શાસ્ત્રથી ઉત્પન્ન થતી અને કર્મ અલ્પ હોવાથી સાધનોથી ઉત્પન્ન થતી ભક્તિ 'પરમ' હોતી નથી. વરદાન અને પ્રસાદથી જેમ લૌકિકોને ઉત્કૃષ્ટતા (ઉત્તમ લાભ) પ્રાપ્ત થાય છે તેમ ભક્તિની પણ ઉત્કૃષ્ટતા હશે. તેથી 'પરમ' ભક્તિ માટે પ્રાર્થના કરે છે. લોકમાં થએલા ઉપકારો જોઈને, બ્રહ્માની પેઠે હરકોઈમાં ભક્તિ થાય તે પુરુષાર્થરૂપ નથી (એમ જાણીને), તેવી ભક્તિ ન આપે તે માટે 'મહાદેવ' શબ્દ યોજેલો છે. જેનાથી મોટો કોઈ દેવ નથી અને જેણે દેવોમાં ઉત્તમ સ્થિતિ પ્રાપ્ત કરેલી છે તે મહાદેવ.

૧. પહેલાં બે શ્લોકો (૪૬-૪૭) કહ્યા તે સાથે સાતે શ્લોકોનો અર્થ આ અર્ધ કારિકામાં કહેલો છે. ૪૬-૪૭ શ્લોકમાં પહેલો પ્રશ્ન રાજાએ પૂછ્યો, છતાં અહિં ક્રમની દરકાર રાખેલ નહિ હોવાથી પ્રાર્થના પછી પ્રશ્ન કહેલો છે. શ્લોક ૪૬-૪૭માં પ્રશ્ન પૂછેલો છે. ત્યાં બે શ્લોકથી પ્રશ્ન કરે છે એમ સુબોધિનીમાં જ કહેલું છે. પછીના બે (૪૮-૪૯) શ્લોકોથી પ્રાર્થના કહેલી છે. ૪૮મા શ્લોકમાં 'ઉવાચ' 'કહ્યું' કહીને 'પ્રાર્થના કરી' એમ કહેલું છે, ને ૪૯મા શ્લોકમાં જ એ પ્રાર્થના જ કહેલી છે. તેથી જ ૪૯મા શ્લોકના આભાસમાં 'પ્રાર્થના જ કહે છે' એમ શ્રીસુબોધિનીમાં 'એવ' 'જ' શબ્દ યોજેલો છે. પછી એક એક શ્લોકમાં વરદાન (શ્લોક ૫૦), ભક્તિ (૫૧) અને હરિનું વ્રજમાં આગમન (૫૨) કહેલાં છે એવો અર્થ છે. (લે+કા)

પોતે વસુ છે, અને બ્રહ્મા દેવોમાં શ્રેષ્ઠ છે, અને તેમનાથી (બ્રહ્માથી) પણ મોટા ભગવાન્ પુરુષોત્તમ જ છે. આ (દેવની) પોતાની જ ઉત્કૃષ્ટતા કહી. 'વિશ્વેશ્વર' અને 'હરિ' શબ્દોથી કાર્યથી પણ તેમની ઉત્કૃષ્ટતા કહે છે. બધાયને સર્વ ફલનું દાન કરનાર (વિશ્વેશ્વર), અને બધાયના સર્વ દુઃખોનું નિવારણ કરનાર(હરિ)માં (ભક્તિ થાઓ).

'તેથી (તેવા હરિમાં ભક્તિ થવાથી) શું થશે ?' એવી જિજ્ઞાસા થાય, તેથી 'જેનાથી સ્હેલાઈથી દુર્ગતિને તરાય' શબ્દો યોજેલા છે. દેહનો સંબંધ એ દુર્ગતિ છે[1]. ભક્તિથી જ સ્હેલાઈથી (તે દુર્ગતિને) તરાય છે[2], કારણ કે તેમાં નૌકામાં બેઠેલાની પેઠે તારવાનું કામ બીજાએ જ[3] કરેલું હોય છે. ૪૯.

**અસ્ત્વિત્યુક્તઃ સ એવેહ વ્રજે દ્રોણો મહાયશાઃ ।।**
**જજ્ઞે નન્દ ઈતિ ખ્યાતો યશોદા સા ધરાऽભવત્ ।।૫૦।।**

'(તેમ) થાઓ' એમ કહેવાએલો તે જ ઘણા યશવાળો દ્રોણ અહિં વ્રજમાં નંદના નામથી જન્મ્યો, અને તે ધરા યશોદા થઈ. ૫૦.

બ્રહ્મા તો (તેમને) (ભક્તિનું) સાધન (આપવા) અથવા ઉપદેશ કરવા સમર્થ ન હતા[1]. પરંતુ બ્રહ્માનું વચન ખોટું થતું નથી, તેથી (તેમના ઉપર) ભગવાનની કૃપા હોવાથી 'તેમ થાઓ' એમ જ બોલ્યા. પછી[2] તેણે (દ્રોણ વસુએ) પોતાના સ્વર્ગમાં જ સૃષ્ટિ ઉત્પન્ન કરી. પછી (સૃષ્ટિ ઉત્પાદન કરવાનો) અધિકાર પૂરો થતાં અને પ્રલય થતાં બ્રહ્મલોકમાં રહેલા તેણે ભવિષ્યમાં ભગવાનનો અવતાર થવાનો છે એમ જાણ્યું અને બ્રહ્માની પ્રેરણાથી[2] તે જ દ્રોણ

---

૧. આ અધ્યાયના ૩૩મા શ્લોકનાં શ્રીસુબોધિનીમાં 'પુત્ર'નું વિવેચન કરતાં આ જણાવેલ છે. (પ્ર)
૨. આ ૧૦।૨।૩૧ તથા ૧૦।૨।૩૩ માં જણાવેલું છે. (પ્ર)
૩. શ્રીમદ્ભગવદ્ગીતા ૧૨।૭માં કહ્યા પ્રમાણે ભગવાન જ એ કાર્ય કરે છે એવો અર્થ છે. (લે)
૧. પહેલાં બ્રહ્માએ દ્રોણને સૃષ્ટિ ઉત્પન્ન કરવાનું સામર્થ્ય આપ્યું અને ઉપદેશ કર્યો. હવે તેને ભક્તિ પ્રાપ્ત કરાવવાની હતી અને તેનો ઉપદેશ કરવાનો હતો. તે બંને કરવા બ્રહ્મા શક્તિવાળા ન હતા એવો અર્થ છે. (લે) ભગવાનની ભક્તિનું સાધન પ્રાપ્ત કરાવવું અને ભક્તિ સંબંધી ઉપદેશ કરવો એ બ્રહ્માની શક્તિનાં કાર્ય ન હતાં; પરંતુ બ્રહ્માનું વચન ખોટું પડતું નથી અને દ્રોણ અને ધરા ઉપર ભગવાનની કૃપા હતી તેથી તેમને ભક્તિ આપવાની ભગવાનની ઈચ્છા હતી, તેથી બ્રહ્માથી 'તેમ થાઓ' એમ કહેવાયું.
૨-૨. દ્રોણે જ નંદ તરીકે જન્મ લીધો છે, એમ જણાવવું એ આટલા ભાગનું તાત્પર્ય છે. (પ્ર)
૩. અહિં નીચે પ્રમાણે ભાવ છે. પુરુષોત્તમના આનંદનું અધિષ્ઠાન (રહેવાનું ઠેકાણું) બ્રહ્માનંદ છે એટલે પુરુષોત્તમના આનંદ માટે યોગ્યતા થાય તે માટે મોટા પુરુષના અનુગ્રહથી બ્રહ્માનંદ દ્રોણને પ્રાપ્ત થયો. તે સમયે (બ્રહ્માનંદ પ્રાપ્ત થાય ત્યારે) ચારે તરફથી આનંદની સ્ફૂર્તિ થાય

અહિં વ્રજમાં નંદના નામથી જન્મ્યો. પહેલાંનું નામ ભવિષ્યમાં (આ જન્મમાં) જણાવવું (યોગ્ય) નહિ તેથી, ભગવાન્ 'આનંદ' છે અને આ 'નંદ' છે તેથી, ફલનું ગ્રહણ કરવા માટે[3] વ્યાપ્તિ ('ચારે તરફ' અર્થવાળો 'આ')નો પરિત્યાગ કરી, બાકીના અંશ ('આનંદ'માંથી 'આ' જતાં બાકીના 'નંદ')થી પ્રસિદ્ધ થયો.

'સૃષ્ટિ પણ (પ્રલય થઈ ગએલ હોવાથી) નાશ પામી, છતાં આના વરદાનનો ક્ષય કેમ ન થયો ?' એવી શંકા થાય, તેથી 'ઘણા યશવાળો' શબ્દ યોજેલો છે. 'મોટો છે યશ જેનો' (તેવો તે હતો); એટલે જ્યાં સુધી યશ હોય ત્યાં સુધી (વરદાનનો) ક્ષય ન થાય. તે જ (ધરા) યશોદા પણ થઈ. તેમ ન હોય તો વ્યભિચાર થતાં ધર્મનો ક્ષય થવાથી ભક્તિ ન થાય. ૫૦.

પછી જન્મ લીધેલા તેઓને ખરેખર (ભગવાનની) ભક્તિ પ્રાપ્ત થઈ, એમ નીચે કહે છે :

**તતો ભક્તિર્ભગવતિ પુત્રીભૂતે જનાર્દને ॥**
**દમ્પત્યોર્નિતરામાસીદ્ ગોપગોપીષુ ભારત ॥૫૧॥**

હે ભારત! પછી પુત્ર થએલા ભગવાન્ જનાર્દનમાં ગોપ અને ગોપીઓની મધ્યમાં દંપતીને સારી રીતે ભક્તિ થઈ. ૫૧.

ભજન સાથે પ્રેમરૂપ[1] ભક્તિ ભગવાનમાં (તેઓની) થઈ. 'સાધન વિના (ભક્તિ) કેમ થઈ ?' એવી શંકા થાય, તેથી 'પુત્ર થએલા' શબ્દથી (ભક્તિ થવાનો) પ્રકાર કહે છે. 'પુત્ર થએલા' એટલે જે પુત્ર નથી[2], છતાં જેમણે પુત્રપણું જણાવેલું છે તેવા, પુત્રમાં સ્નેહ અને ભક્તિ થાય છે જ[3].

'ભગવાને કેમ એ પ્રમાણે અવતાર લીધો ?' એવી શંકા થાય, તેથી 'જનાર્દન' શબ્દ યોજેલો છે. 'જના' એટલે ઉત્પન્ન કરનારી (ભવ કરાવનારી) અવિદ્યા, તેને 'અર્દયતિ' એટલે તેનો નાશ કરે છે તે જનાર્દન. તેથી તે (જનાર્દન ભગવાન્) મોક્ષ[4] આપવા માટે પધારેલા. પ્રસંગને લીધે આ (ભક્તિ આપવાનું) પણ કર્યું, પણ પ્રાસંગિક (હેતુ)[4] ઉત્પાદન (ભગવાનનું પ્રાકટ્ય) કરી શકતો નથી.

---

૧. દેવ તરીકે ભજન કરવામાં સેવા જ મુખ્ય છે. પુત્ર તરીકે ભજન કરવામાં તો પ્રેમ જ મુખ્ય છે, કારણ કે પુત્રની સેવા કરવાનું શાસ્ત્રમાં કહેલું નહિ હોવાથી, સેવા ગૌણ છે એવો ભાવ છે. (લે)

૨. લોકમાં પુત્ર ઉત્પન્ન કરવા માટે નિષેક (ગર્ભાધાન) વિગેરે કારણો હોય છે તેવું કારણ નહિ હોવાથી, ભગવાન્ પુત્ર ન હતા એવો ભાવ છે. (ટિ)

૩. સાધન વિના પણ થાય છે જ. (પ્ર)

૪-૪. ભક્તિમાર્ગમાં ભજનાનંદ મોક્ષ છે તેનું દાન કરવા (ભગવાન્ પધારેલા), પરંતુ પ્રાસંગિક કાર્ય માટે પધારેલા નહિ એવો અર્થ છે. પ્રાસંગિક પ્રયોજન ભગવાનના પ્રાકટ્યનું કારણ થઈ

(ભગવાન્) તેવી રીતે (મોક્ષ આપવા) સર્વને માટે[5] પ્રકટ થએલા. તેથી પોતાના ધર્મમાં રહેલાં દંપતિને (ભગવાનમાં) સારી રીતે ભક્તિ થઈ. ગોપ અને ગોપીઓ[6] હતાં ત્યારે તેમની મધ્યમાં અથવા (એટલે) સત્સંગ વિના પણ (તેમને એ પ્રમાણે ભક્તિ થઈ). 'હે ભારત !' એ સંબોધન એમ જણાવવા કરેલું છે કે જેમ વંશમાં ઉત્પન્ન થએલ બધાય (સંતાનો) હોવા છતાં, ભરત જ અલૌકિક થયો તેમ (આ નંદ યશોદાને જ) ભક્તિ થઈ. ૫૧.

'જો આ (ભગવાનમાં ભક્તિ) બ્રહ્માના[1] વાક્ય(વરદાન)થી થઈ હોય તો ભગવાન્ જે નિરોધ કરવાના છે તે ન થાય' એવી શંકા થાય, તેથી કહે છે :

**કૃષ્ણો બ્રહ્મણ આદેશં સત્યં કર્તું વ્રજે વિભુઃ ।।**
**સહરામો વસંશ્ચક્રે તેષાં પ્રીતિં સ્વલીલયા ।।૫૨।।**

બ્રહ્માનો આદેશ સત્ય કરવા વિભુ શ્રીકૃષ્ણે રામ સાથે વ્રજમાં વસતાં પોતાની લીલાથી તેઓની પ્રીતિ (ઉત્પન્ન) કરી. ૫૨.

ભગવાન્ બધાયની યોજના કરવા શક્તિવાળા છે, તેથી બ્રહ્માનો આદેશ એટલે વરદાન સત્ય કરવા વ્રજમાં પધારી, બલભદ્ર સાથે ત્યાં રહેતાં ત્યાં રહેનારા તે બધાયની પોતાની લીલાથી પ્રીતિ ઉત્પન્ન કરી. બ્રહ્મા પોતાના અધિકારી છે, તેથી તેમનું વાક્ય સત્ય કરવું જોઈએ. જો બીજા કોઈ સાધનવાળા દેશમાં તેને બ્રહ્માએ આપેલા વરદાનને પૂર્ણ કરે તો એ વરદાનમાં ફલ્યું કે નહિ તેવો સંદેહ પણ થાય. (બીજા સાધનોને લીધે ભગવાનમાં ભક્તિ થઈ, કે બ્રહ્માના વરદાનથી થઈ એવો સંદેહ રહેત). એવો સંદેહ ન થાય તે માટે ભગવાન્ વ્રજમાં પધાર્યા.

'એવા અયોગ્ય દેશમાં ભગવાન્ કેમ પધાર્યા ?' એવી શંકા થાય, તેથી

---

શકે નહિ એવો અર્થ છે. (ટિ)

૫. ભગવાનને પ્રકટ થવાનું બીજું પ્રાસંગિક પ્રયોજન (અહિં) કહેલું છે. (પોતાના સ્વરૂપ અને કીર્તિથી સર્વનો ઉદ્ધાર કરવા પણ (ભગવાન્) પ્રકટ થયા એવો અર્થ છે. અહિં પણ જે 'મોક્ષ' કહ્યો તેનો અર્થ ઉપર કહ્યો તેવો જ છે એમ જાણવું, એમ ન હોય તો પુનરુક્તિ થાય. (ટિ)

૬. જે ગોપ અને ગોપીઓના સંબંધમાં નંદજીનો અધિકાર હતો અને જેઓનો ભગવાને સર્વ રીતે નિરોધ કરેલો ન હતો, તેઓને અહિં 'ગોપ અને ગોપીઓ' પદથી જણાવેલા છે. એમ ન હોય તો ભગવાનના મિત્રો અને વ્રજસ્ત્રીરત્નોનો સર્વથી અધિક નિરોધ આગળ કહેલો છે તેનો વિરોધ થાય. અહિં જેઓનો સર્વ રીતે ભગવાને નિરોધ કરેલો નથી તેઓને જ 'ગોપ' અને 'ગોપી' પદથી કહેલાં હોવાથી જ, આગળ 'સત્સંગ વિના પણ' એમ કહેલું છે, તે આનું જ તાત્પર્ય છે. (ટિ) ગોપ અને ગોપીઓ એટલે અજ્ઞાન આવડત વિનાનાં સ્ત્રીપુરુષો. તેઓની મધ્યમાં એટલે સત્સંગ ન હોવા છતાં પણ નંદજી અને યશોદાને ભગવાનમાં ભક્તિ થઈ એવો ભાવાર્થ છે.

૧. શાસ્ત્રીજીએ પ્રસિદ્ધ કરેલા ગ્રંથમાં 'ભગવદ્વાક્યાત્' પાઠ છે તે બરાબર જણાતો નથી, તેથી વૃંદાવનપ્રેસમાં પ્રસિદ્ધ થએલ ગ્રંથમાં 'બ્રહ્મવાક્યાત્' પાઠ છે તે લીધો છે.

'વિભુ' પદ યોજેલું છે. તે સર્વ કરવા સમર્થ છે. બધાય (હરકોઈ) સ્થલે રહી, સર્વ કરવા શક્તિવાન છે. બલભદ્ર વેદરૂપ છે, તેમને સાક્ષી માટે[2] (ભગવાને પોતાની) સાથે રાખ્યા. તેઓની પ્રીતિ ઉત્પન્ન કરવામાં[3] (ભગવાનનો પોતાનો) પોતાની ઈચ્છા પ્રમાણે સ્થિતિથી વધારે કોઈ પણ વ્યાપાર (પ્રયાસ) ન હતો, તેથી 'વસતાં (પ્રીતિ) કરી' એમ કહેલ છે. (ભગવાને) બ્રહ્માના વાક્ય કરતાં પણ અધિક કર્યું, એમ '(પોતાની લીલાથી) તેઓની (પ્રીતિ કરી)' શબ્દથી કહે છે. જેઓની મધ્યમાં આ બે (નંદજી અને યશોદા) રહેતાં હતાં તેઓની પણ પોતાની લીલાથી પ્રીતિ કરતાં (ભગવાન્ રહ્યા). લીલા શબ્દથી મનને રંજન કરનારી ક્રિયા કહેલી છે[4]. ૫૨.

**ઈતિ શ્રીમદ્વલ્લભદીક્ષિતે રચેલી શ્રીમદ્ભાગવતની સુબોધિનીમાં દશમસ્કંધના વિવરણમાં બીજા તામસપ્રકરણના પેટા પ્રમાણપ્રકરણમાં શ્રીનું નિરૂપણ કરનારા ચોથા અધ્યાય (એટલે) સ્કંધના આરંભથી આઠમા અધ્યાયનું વિવરણ સમાપ્ત[5].**

---

૨. 'સાધન વિનાના જીવો માટે ભગવાનનું પ્રાકટ્ય છે, અને તેઓને અધીન રહીને બ્રહ્મ (ભગવાન્) લીલા વિગેરે કરે એ શ્રુતિથી વિરુદ્ધ છે' એવી શંકાનો વેદરૂપ બલભદ્રની સંમતિથી નિરાસ કરવા (બલભદ્રને સાથે રાખ્યા) એવો અર્થ છે. તેથી જ શ્રુતિ પણ 'આ આત્મા પ્રવચનથી પ્રાપ્ય નથી' એમ આરંભ કરી 'જેનું આ વરણ કરે છે તેનાથી જ પ્રાપ્ય છે' એમ કહે છે. 'આપના તે ધામો (પ્રાપ્ત કરવાની) કામના રાખીએ છીએ' 'વિષ્ણુનાં કર્મો જૂઓ' વિગેરે શ્રુતિઓ (પણ આ શંકાનો નિરાસ કરે છે). આ શ્રુતિઓનો અર્થ અમે (શ્રીમત્પ્રભુચરણે) વિદ્વન્મંડનમાં કહેલો છે. (ટિ)

૩. પોતાની ઈચ્છાથી (વ્રજમાં) સ્થિતિ. તેથી અધિક વ્યાપાર ભગવાને (વ્રજવાસીઓની પ્રીતિ ઉત્પન્ન કરવા) કર્યો નથી એમ જણાવવા, 'વસતાં પ્રીતિ ઉત્પન્ન કરી' એમ કહેલું છે એવો અર્થ છે. તેમ ન હોય તો 'લીલાથી પ્રીતિ ઉત્પન્ન કરી' એમ કહેવાથી જ 'ભગવાન્ ત્યાં રહ્યા' એ બાબત આવી જતી હોવાથી, 'વ્રજમાં વસતાં' એમ કહેવું અર્થ વગરનું થાય એવો ભાવ છે.(ટિ)

૪. 'પ્રીતિ ઉત્પન્ન કરવી' એ વાસનું (વ્રજમાં રહેવાનું) પ્રયોજન છે અને સ્વરૂપાનંદનો અનુભવ કરાવવો એ લીલાનું મુખ્ય પ્રયોજન છે. (લે)

૫. આ અધ્યાયથી નીચે પ્રમાણે સિદ્ધ થાય છે :

જેઓને ભાગ્યરૂપ પહેલાંના જન્મનો સત્ત્વશુદ્ધિના બીજરૂપ મોટા પુરુષનો અનુગ્રહ હોય તેઓનાં સત્ત્વને ગુરુ પાસેથી નિયમ પ્રમાણે પ્રાપ્ત કરેલ, દુઃસંગ વિનાનાં, અખંડ શબ્દરૂપ અર્થવાળાં (ભગવાનનાં) નામ તરત જ શુદ્ધ કરે છે, અને પોતાની ઈચ્છા પ્રમાણે લીલા કરનારાં ભગવાનનાં આનંદમય રૂપો પણ તેઓના સત્ત્વને તરત જ શુદ્ધ કરે છે. બીજાની ઈચ્છા પ્રમાણે કરેલી લીલાવાળાં રૂપો લાંબા સમયે સત્ત્વને શુદ્ધ કરે છે, અને માહાત્મ્યજ્ઞાનપૂર્વક ભગવાનનો સાક્ષાત્કાર તરત જ સત્ત્વને શુદ્ધ કરે છે, ભક્તિ પણ માહાત્મ્યજ્ઞાનપૂર્વક થએલી હોય તે તરત જ સત્ત્વને શુદ્ધ કરે છે, પણ માહાત્મ્યના જ્ઞાન વિનાનાં જ્ઞાન તથા ભક્તિ લાંબા સમયે સત્ત્વને શુદ્ધ કરે છે. અવતાર લીધેલા ભગવાન્ તો સત્સંગ વિના પણ પોતાના સ્વરૂપબલથી સત્ત્વને શુદ્ધ કરે છે. (પ્ર)

# ।। અધ્યાય નવમો ।।

**શાસ્ત્રાર્થતો યથા ભક્તિર્હરૌ ભવતિ નિશ્ચલા ।।**
**તદર્થં નવમે પ્રાહ ચરિત્રં પરમાદ્ભુતમ્ ।।કા. ૧।।**

કારિકાર્થ :- જે પ્રમાણે શાસ્ત્રાર્થથી[1] હરિમાં નિશ્ચલ ભક્તિ થાય તે માટે[2] પરમ અદ્ભુત ચરિત્ર નવમા અધ્યાયમાં કહે છે. કા. ૧.

**સ્વરૂપં ચ કૃપાલુત્વં હરેર્જ્ઞાતવ્યમઞ્જસા ।।**
**અતો દયાસુસંમિશ્રં જ્ઞાનમત્ર નિરૂપ્યતે ।।કા. ૨।।**

હરિનું સ્વરૂપ[3] અને દયાલુપણું વાસ્તવિક રીતે જાણવું જોઈએ. તેથી દયા સાથે સારી રીતે મિશ્ર થએલા[4] (ભગવાનના સ્વરૂપના) જ્ઞાનનું અહિં નિરૂપણ

---

૧. 'શાસ્ત્રાર્થથી' એટલે શાસ્ત્રનો અર્થ ભગવાન્ છે એમ જાણીને. (પ્ર) શાસ્ત્રોમાં ભગવાનનું સ્વરૂપ જણાવેલું છે એમ જાણીને. (લે)

૨. 'જેથી ભગવાનમાં ભક્તિ થાય' તે કહેવા રાજાએ પ્રશ્ન ૧૦।૭।૨માં કરેલો તેના ઉત્તર તરીકે આ અધ્યાયનો આરંભ કરે છે. તેથી આ અસંગત નથી. (પ્ર)

૧૦।૭।૨માં રાજાએ શાસ્ત્રાર્થ સહિત ભક્તિ સાધન થાય તે સંબંધી પ્રશ્ન કરેલ, તેથી તે જ પ્રમાણે આ ઉત્તર છે. 'શું શ્રવણ કરવાથી એવી ભક્તિ થાય ?' પ્રશ્ન હતો, તેનો ઉત્તર 'ભગવાન્ ભક્તને વશ થાય એવો બોધ કરનારાં ભગવાનનાં ચરિત્રનું શ્રવણ કરવાથી એવી ભક્તિ થાય' એવો થયો એવો અર્થ છે. (લે)

૧૦।૭।૨માં શાસ્ત્રાર્થ સહિત ભક્તિનું સાધન રાજાએ પૂછ્યું તેથી તેવો ઉત્તર આપ્યો છે. 'ભગવાન્ ભક્તને વશ થાય છે, એવો બોધ કરનારું ચરિત્ર શ્રવણ કરવાથી' એવો ઉત્તર થયો. એવું ભગવાનને ખાંડણીએ બાંધવાનું ચરિત્ર આ અધ્યાયમાં કહે છે એવો અર્થ છે. (કા)

૩. ગયા અધ્યાયમાં યશોદાએ ભગવાનમાં જગત્ જોયું. તેથી હવે ભગવાનનું સ્વરૂપ અને ભક્તિ થાય તે માટે દયાલુપણું જાણવાનું રહ્યું. તેથી આ અધ્યાયના શ્લોક ૧૮માં ભગવાનની દયા જણાવેલી છે, અને ૯।૪।૬૮માં દયાસહિત જ્ઞાન જણાવેલ તેનું આ અધ્યાયમાં નિરૂપણ કરવામાં આવશે એવો અર્થ છે. સ્વરૂપનું જ્ઞાન ભગવાનને બાંધવા માંડેલાં દોરડાંઓ બે આંગળ ઓછાં થયાં તેથી થશે, અને ભગવાન્ બંધાયા તેથી તે કૃપાળુ છે એવું જ્ઞાન થશે. (લે)

૪. રાજાએ ઈશાનુકથા સુધીની સાત લીલાઓનું શ્રવણ કર્યું. આ આઠમી નિરોધલીલા છે. ભગવાનનું રાજાએ માહાત્મ્ય જાણેલ તે તેણે ૧૦।૧।૭માં કહેલ છે, તેથી માહાત્મ્યજ્ઞાનપૂર્વક ભક્તિ રાજાની હતી જ. છતાં તેણે ૧૦।૭।૨માં ભક્તિ સંબંધી પ્રશ્ન પૂછ્યો તેનો ભાવાર્થ એવો છે કે (૧) ભગવાન્ સર્વ ઉપર પ્રસન્ન થાય છે ? અને (૨) ભક્તોનાં દુઃખ તરત હરે છે ? કે નહિ તે જાણવું. તેથી શાસ્ત્રાર્થ તરીકે જાણેલા ભગવાન્ દયાલુ હોવાથી સર્વના ઉપર પ્રસન્ન થાય છે ,અને ભક્તનાં દુઃખ તરત હરે છે એમ તેને જણાવવા, ભગવાનના દયા સાથે સારી રીતે મિશ્ર થએલ સ્વરૂપના જ્ઞાનનું અહિં નિરૂપણ કરેલું છે, કારણ કે આ જ્ઞાનનો અધ્યાય છે એવો અર્થ છે. (પ્ર)

કરવામાં આવે છે. કા. ૨.

**નિરોધો યદિ ભક્તાનાં સ્વસ્મિન્ સ્વસ્ય ચ તેષુ ચ ।।**
**તદોભયસુસમ્બન્ધાદ્ દઢો ભવતિ નાન્યથા ।।કા. ૩।।**

જો ભક્તોનો પોતામાં નિરોધ થાય અને પોતાનો તેઓમાં નિરોધ થાય[૫] તો ઉભયનો સારો સંબંધ થવાથી નિરોધ દઢ થાય. એમ ન થાય તો દઢ ન થાય[૬].કા. ૩.

**જ્ઞાનવૈરાગ્યરૂપૈર્હિ સ્વાધીનો ભગવાન્ ભવેત્ ।।**
**અતોઽધ્યાયત્રયે લીલા જીવાધીના નિરૂપ્યતે ।।કા. ૪।।**

ભગવાન્ જ્ઞાન[૭] અને વૈરાગ્ય[૮] અને રૂપથી[૯] ભક્તોને અધીન થાય છે[૧૦]

---

૫. 'ભગવાન્ સર્વજ્ઞ છે, તેથી તેમને પ્રપંચનું વિસ્મરણ થાય એ સંભવતું નથી; તેથી તેમને પ્રપંચના વિસ્મરણપૂર્વક ભક્તમાં આસક્તિ થઈ શકે જ નહિ' એવી શંકા ન કરવી. ૯।૪।૬૮ પ્રમાણે ભગવાનને પણ ભક્ત સિવાય બીજાનું જ્ઞાન રહેતું નથી, તેમજ ભગવાન્ વિરુદ્ધ સર્વ ધર્મોના આશ્રય હોવાથી એવું જ્ઞાન તેમને રહેતું નથી તે કારણથી, તેમના સર્વજ્ઞપણાને વિરોધ પણ આવતો નથી. તેથી આ અધ્યાયમાં ભગવાન્ ભક્તને વશ થાય છે એમ જણાવનાર તેમના બંધનથી, ભગવાનને દયાથી મિશ્ર થએલું માત્ર ભક્તોનું જ જ્ઞાન છે એવું નિરૂપણ કરેલું છે. (કા)

૬. 'માતા યશોદા વિગેરેનો મુખ્ય નિરોધ થયો છતાં આ દામોદરલીલાની આ નિરોધ પ્રકરણમાં શી આવશ્યકતા છે ?' એવી શંકા થાય, તેથી આ કહેલ છે. આ લીલા પણ નિરોધ ઉત્પન્ન કરનારી હોવાથી ઉપોદ્‌ઘાતની સંગતિથી તેનું નિરૂપણ કરેલું છે એવો અર્થ છે. આ અધ્યાયના અંતમાં બે શ્લોકોમાં સ્પષ્ટ થશે. (પ્ર)

૭. જ્ઞાન એટલે 'માત્ર પુષ્ટિમાર્ગીય ભક્તનું જ્ઞાન'. આવા જ્ઞાનને લીધે ભગવાન્ (ભક્તને) વશ થાય છે. ભગવાન્ માત્ર ભક્તને જ જાણે છે, અને તેથી તેમને વશ થાય છે એવો અર્થ છે. (લે+કા)

આ જ્ઞાન આ અધ્યાયમાં જણાવેલું છે. ૧૮મા શ્લોકમાં યશોદાનું ભગવાનને પોતાની માતા તરીકે જ્ઞાન છે એમ જણાવેલું છે. તેથી પુષ્ટિમાર્ગમાં ભગવાન્ સર્વત્ર યોગ્ય સંબંધ માને છે અને સંબંધથી જ સર્વને ઈચ્છેલા પદાર્થ પ્રાપ્ત કરાવે છે. તેથી 'આ મારા સંબંધી છે' એવું પુષ્ટિમાર્ગીય જ્ઞાન ભગવાનને છે, અને તેથી તે ભક્તોને વશ થાય છે. એ પ્રમાણે જ્ઞાનથી ભગવાન્ વશ થાય છે, એમ આ અધ્યાયમાં દામોદરલીલાથી જણાવેલું છે. (યો)

૮. વૈરાગ્ય એટલે માત્ર ભક્તો પર સ્નેહ, ભક્ત વિના બીજા બધા તરફ રાગ ન હોવો તે. તેથી ભક્તો પરના સ્નેહને લીધે ભગવાન્ વશ થાય છે. આ દશમા અધ્યાયમાં જણાવેલ છે. (લે+કા)

૧૦।૯।૨૧માં ભગવાન્ માત્ર ભક્તિથી જ પ્રાપ્ત થાય તેવા છે એમ શુકે કહેલું છે, તેથી ભક્ત વિના બીજાના સંબંધમાં ભગવાનને વૈરાગ્ય છે. આ વૈરાગ્યનું સ્વરૂપ દશમા અધ્યાયમાં નલકૂબરના ઉદ્ધારના પ્રસંગમાં ભગવાને પ્રતિજ્ઞાથી વર્ણવેલું છે. (૧૦।૧૦।૨૫). ભગવાનને માત્ર ભક્તો પર જ પ્રેમ હોવાથી, પોતે બાંધેલી સ્થિતિમાં જ ભક્તનું વચન સત્ય કરવા યમલાર્જુન પાસે ગયા. તેથી ભક્તો સિવાયના તરફ વૈરાગ્ય ત્યાં

તેથી (અહિંથી ત્રણ અધ્યાયોમાં (ભગવાનની) જીવોની અધીનલીલાનું નિરૂપણ કરવામાં આવે છે. કા. ૪.

**અતિપૌરુષમેતદ્ધિ જીવાનામિતિ નિશ્ચિતમ્ ।।**
**દ્વાદશાંગમતિક્રમ્ય ષડ્ભિર્વશ્યો ભવેદ્ગુણૈઃ ।।કા. ૫।।**

આ[11] જીવોનું પુરુષાતનથી સિદ્ધ ન થાય તેવું છે એવો નિશ્ચય છે. બાર અંગોનું[12] અતિક્રમણ કરીને (ભગવાન્) છ[13] ગુણોથી વશ થાય છે. કા. ૫.

**પઞ્ચપર્વામવિદ્યાં હિ લોકાનામપિ નાશયેત્ ।।**
**અતઃ પઞ્ચભિરુક્તો હિ વિચારો ભગવદ્ગતઃ ।।કા. ૬।।**

અને લોકોની પાંચ[14] પર્વવાળી અવિદ્યાનો પણ નાશ કરે છે, તેથી

---

જણાવેલ છે. તેથી વૈરાગ્યથી ભગવાન્ વશ થાય છે એમ સિદ્ધ થાય છે. (યો)

૯. ભક્તને અધીન રહે તેવું સ્વરૂપ માત્ર પુરુષોત્તમનું જ છે, તેથી સ્વરૂપથી પણ ભગવાન્ ભક્તોને વશ થાય છે એવો અર્થ છે. (લે+કા)

૧૦।૧૧।૭માં ધર્મી બાલકૃષ્ણનું નિરૂપણ કરેલું છે અને તે ગોપીઓને વશ રહેતા એમ કહેલું છે. તેથી ભગવાનનું સ્વરૂપ એવી લીલાવાળું છે, તેથી તે સ્વરૂપથી પણ ભક્તને વશ થાય છે એમ જાણવું. (યો)

૧૦. 'ભક્તો ભગવાનનો નિરોધ કેવી રીતે કરે ?' એવી શંકા થાય, તેથી આ તથા આ પછીની અર્ધ કારિકામાં તે જણાવેલ છે. (પ્ર)

૧૧. 'આ' એટલે 'ભગવાનને વશ કરવા તે'. (પ્ર+કા)

૧૨. પુરુષને બાર અંગો છે, તેનું અતિક્રમણ કરીને એટલે તેની મર્યાદા તજીને. (પ્ર) બાર અંગવાળો પુરુષ છે. આ પુરુષોત્તમ હોવાથી તેની મર્યાદાનું અતિક્રમણ કરે છે. (લે)

૧૩. ભગવાન્ પોતાના છ ગુણોથી એટલે પોતાની ઈચ્છાથી વશ થાય છે. (પ્ર)

અહિં (આ અધ્યાયમાં) પહેલા દશ શ્લોકોથી ભગવાનની પ્રાપ્તિ (યશોદાએ ભગવાનને પકડ્યા છે તે) કહેવામાં આવે છે. તેનું તાત્પર્ય આગળ (છ કારિકાઓ પછી) કહેવાનું છે. (૧) તામસસાત્ત્વિક (૨) તામસરાજસ (૩) તામસતામસ (૪) રાજસસાત્ત્વિક (૫) રાજસરાજસ (૬) રાજસતામસ (૭) સાત્ત્વિકસાત્ત્વિક (૮) સાત્ત્વિકરાજસ અને (૯) સાત્ત્વિકતામસ, એ પ્રમાણે નવપ્રકારની સગુણભક્તિ અને (૧૦) ગુણાતીતભક્તિ, એમ દશ પ્રકારની ભક્તિથી ભગવાન્ પ્રાપ્ત થાય છે, તેથી દશ શ્લોકોથી તે પ્રાપ્ત થયા એમ કહેલું છે. પછીના બે શ્લોકો(૧૧-૧૨)થી ભગવાનને વશ કરવા ઉદ્યમ યશોદા કરે છે. ભગવાનને બાંધવાનો તે ઉદ્યમ કરે છે, પણ બંધન થતું નથી. આ બાર શ્લોકોનું તાત્પર્ય એ છે કે પુરુષને બાર અંગ છે. ભગવાન્ તેનું અતિક્રમણ કરે છે એટલે તેનાથી બંધાતા કે વશ થતા નથી. પછી પોતાના છ ગુણોથી ભગવાન્ વશ થાય છે એટલે (૧૩ થી ૧૮) શ્લોકમાં બંધન કહેલું છે. 'ભગવાન્ કૃપા કરીને જ બંધાય છે' (શ્લોક ૧૮) એમ કહેલું છે, તેથી પુષ્ટિમાર્ગમાં જ ભગવાન્ વશ થાય છે. (યો+કા)

૧૪. છેલ્લા પાંચ (૧૯ થી ૨૩) શ્લોકોથી ભગવાન્ પુષ્ટિભક્તિ સિવાય બીજા સાધનથી પ્રાપ્ત (વશ) થાય તેવા છે, એવી અજ્ઞાનરૂપ લોકોની અવિદ્યાનો ભગવાન્ નાશ કરે છે એવો

ભગવાન્ સંબંધીનો વિચાર પાંચ(શ્લોકો)થી કહેલો છે. કા. ૬.

તેમાં આરંભમાં પુરુષાર્થથી સિદ્ધ ન થઈ શકે તેવું યશોદાનું કાર્ય સિદ્ધ થયું એમ કહેવા, ક્રિયાથી[૧૫] (પ્રયાસથી) યશોદાને ભગવાનની પ્રાપ્તિ થઈ, એમ આરંભના દશ શ્લોકોથી કહે છે; કારણ કે ભક્તિ દશ પ્રકારની છે અને નવ પ્રકારની ભક્તિવાળા સ્નેહથી અથવા ગુણાતીત(ભક્તિ)થી ભગવાનની પ્રાપ્તિ થાય છે. વેદના બે (બંને)[૧૬] કાંડોનો સમાવેશ કરવા માટે પછીના બે (૧૧-૧૨) શ્લોકોથી યશોદા ભગવાનને વશ કરવાનો ઉદ્યમ કરે છે તે કહે છે, પછીના છ (૧૩ થી ૧૮) શ્લોકોથી ભગવાન્ વશ થયા તે કહે છે, અને પાંચ (૧૯ થી ૨૩) શ્લોકોથી અવિદ્યાનો નાશ કરે છે તે કહે છે.

**નિવારિતાપિ સંસારે મોહિતા સંગતા પુનઃ ।।**
**ગુણગાને સ કાલોઽભૂચ્છ્રમો દ્વાભ્યાં તતોઽભવત્ ।।કા. ૭।।**

(સંસારમાંથી) રોકેલાં (યશોદા) પણ, ફરી મોહ કરાવતાં[૧૭] સંસારમાં જોડાયાં[૧૮]. તે સમય (ભગવાનના) ગુણગાનમાં જતો હતો. બે શ્લોકોથી (મોહ

---

અર્થ છે. માત્ર પુષ્ટિભકિતથી જ ભગવાન્ વશ થાય છે એવું નિરૂપણ છે. અવિદ્યાનાં પાંચ પર્વો હોવાથી તેના નાશ માટે પાંચ શ્લોકો (૧૯ થી ૨૩) છે. (યો)

૧૫. ભગવાનની પ્રાપ્તિ યશોદાને ક્રિયાથી (પાછળ દોડવાથી) થઈ. તે તેનું અતિપૌરુષ કાર્ય સિદ્ધ થયું. (લે) (કારણ કે ક્રિયાથી ભગવાનની પ્રાપ્તિ થતી નથી, પણ દશ પ્રકારની ભક્તિથી જ થાય છે).

૧૬. વેદના બે કાંડો, કર્મ અને ઉપાસનાનું પ્રતિપાદન કરનારા. આથી પણ ભગવાન્ વશ થતા નથી. (પ્ર)

૧૭. 'માયાનાં કાર્ય (સંસારમાં પડવું તે) કરતાં ભગવાનનું કાર્ય (સંસારમાંથી રોકવું તે) વધારે બલવાળું છે. તેથી ભગવાને (યશોદાને સંસારમાંથી) રોકી, છતાં તે ઘરના કાર્યમાં કેમ પ્રવૃત્ત થઈ ?' એવી શંકા થાય, તેથી 'ફરી મોહ કરાવતાં' કહેલું છે. ભગવાને રોકી એટલે પહેલાંનો તેના મોહ જતો રહેતાં (ઘરનું) જરુરી કામ (દહીંનું મથન કરવાનું) પણ તજીને ભગવાનમાં સાવધાન થઈ (ધવરાવવા બેઠી) (શ્લોક ૪). છતાં ભગવાનનું સ્મિતવાળું મુખ જોતાં (શ્લોક ૫), ભગવાને સ્મિતથી તેને ફરી મોહ કરાવતાં, પાછી તે સંસારમાં પ્રવૃત્ત થઈ (દૂધ અગ્નિ પરથી ઉતારવા ગઈ). (શ્લોક ૫) એવો અર્થ છે. (ટિ)

૧૮. 'ત્યારે પહેલાંનો (ગયા અધ્યાયના અંતે ભગવાને કરેલો) મોહ ભગવાન્ સિવાય બીજામાં (સંસારમાં) આસક્તિ કરાવનાર હોવાથી (શ્લોક ૧) નિરોધનો વિરોધી હોવો જોઈએ' એવી શંકા થાય, તેથી કહે છે કે એ મોહ પણ ભગવાને કરેલો હોવાથી તે કાલ (સંસારમાં જોડાઈ તે સમય) પણ (ભગવાનના) ગુણોનું ગાન કરવામાં જ જતો હતો (શ્લોક ૨). આ મોહ બે પ્રકારનો છે, (૧) વિષયમાં આસક્તિ કરાવનાર અને (૨) ભગવાને કરેલો. તેથી (પહેલા) બે શ્લોકોથી મોહ કહેલો છે. (ટિ)

અહિં મોહ બે પ્રકારનો કહેલો છે. (૧) ગયા અધ્યાયના ૪૩મા શ્લોકમાં કહેલો,

કહ્યો), પછી શ્રમ થયો[19]. કા. ૭.

**અતઃ કૃતો નિષેધો હિ ભક્તિસારં હરિઃ પપૌ ।।**
**તતો રિક્તા પૂર્વબુદ્ધ્યા સંગતાન્યચ્ચકાર હ ।।કા. ૮।।**

તેથી નિષેધ કર્યો (અટકાવી)[20]. હરિએ ભક્તિના સારનું પાન કર્યું. તેથી (ભક્તિ) વિનાની થએલી યશોદા પહેલાંની બુદ્ધિવાળી થઈ અને બીજું (સંસારાસક્તિનું) કાર્ય કર્યું[21]. કા. ૮.

**એવં નિરુદ્ધા ચેદ્ ભ્રાન્તા કોપયુક્તો હરિર્ભવેત્ ।।**
**ધૌર્ત્યં દૃષ્ટ્વા લોકદૃષ્ટ્યા પ્રીતા તસ્માન્ન પશ્યતિ ।।કા. ૯।।**

એવી રીતે નિરોધ કરેલી જો ભ્રાંત[22] થાય તો હરિ કોપ પામે[23]. લોકદષ્ટિથી (ભગવાનનું) ધૂર્તપણું જોઈ (યશોદા) પ્રસન્ન થઈ[24] તેથી તેણે ભગવાનને જોયા નહિ. કા. ૯.

**જિજ્ઞાસાયાં તતો દૃષ્ટ્વા પ્રાપ્ત્યર્થં યત્નમાચરત્ ।।**
**વિરુદ્ધાંસ્તાન્ હરિર્જ્ઞાત્વા તપસે નિર્ગતસ્તતઃ ।।કા. ૧૦।।**

---

અને (૨) આ અધ્યાયના પાંચમા શ્લોકમાં માયારૂપ ભગવાનના સ્મિતે કરેલો. (કા)

૧૯. 'ત્યારે એવા (ભગવાનનાં ગુણગાનમાં સમય વ્યતીત કરાવનાર) મોહમાંથી (યશોદાને) અટકાવી (શ્લોક ૪) તે યોગ્ય ન હતું' એવી શંકા થાય, તેથી કહે છે કે પછી (યશોદાને) શ્રમ થયો. બે શ્લોકો પછીના ત્રીજા શ્લોકમાં યશોદાને શ્રમ થયો એમ જણાવેલ છે. (ટિ+કા)

૨૦. યશોદાને શ્રમ થયો તેથી ભક્તનો ક્લેશ ભગવાન્ સહન કરી શકતા નહિ હોવાથી તેમણે તેને (દહીંનું મથન કરતાં) અટકાવી. (શ્લોક ૪) (ટિ)

૨૧. પછી ભક્તિના સારરૂપ ધાવણ ભગવાને પીધું. પુત્ર વિગેરેના સ્નેહને લીધે માતામાં ધાવણ આવે છે, તેથી ધાવણ ભક્તિનો સાર છે (શ્લોક ૫). ભક્તિરૂપ ધાવણનું ભગવાને પાન કર્યું એટલે તે ભક્તિ વિનાની થતાં, પહેલાંની બુદ્ધિવાળી એટલે સંસારમાં આસક્તિવાળી થઈ; એટલે સંસારમાં આસક્તિનું બીજું કાર્ય ઉભરાતા દૂધને ઉતારી લઈ બચાવવા જવાનું કર્યું. (કા)

૨૨. લોકમાં ધન પુત્રને માટે હોય છે (ધનનો સંચય સર્વ પુત્ર માટે કરે છે), એ ન્યાય પ્રમાણે 'આ દૂધ ભગવાન્ માટે છે' એમ જાણી યશોદા તેનું રક્ષણ કરવા ગઈ, છતાં 'ભગવાને કોપ કેમ કર્યો ?' એવી શંકા થાય, તેથી આ કહે છે. ભગવાનને એ ઉકળતા દૂધની દરકાર નહિ હોવાથી યશોદાનું એવું જ્ઞાન એ ભ્રમ જ હતો, અને તેથી તે ભ્રાંત હતી. (ટિ)

૨૩. ભક્તિમાર્ગની મર્યાદા જ એવી છે (કે નિરોધ કરેલ પણ જો ભ્રાંત થાય તો ભગવાન્ ક્રોધ પામે) એમ જણાવવા, 'કોપ પામ્યા' એમ નહિ કહેતાં 'કોપ પામે' એમ કહેલ છે. (ટિ)

આ છઠ્ઠા શ્લોકનો અર્થ કહેલો છે. (કા)

૨૪. જેમ લોકો પોતાના પુત્રનું ધૂર્તપણું જોઈને પ્રસન્ન થાય છે તેમ (યશોદા ભગવાનનું ધૂર્તપણું જોઈ પ્રસન્ન થઈ). આ પ્રમાણે લોકદષ્ટિ તેણે રાખી તેથી ભગવાનને જોયા નહિ. આ સાતમા શ્લોકનો અર્થ કહેલો છે. (કા)

પછી જીજ્ઞાસા થતાં ભગવાનને જોઈને તેમને પકડવા યત્ન કર્યો. તેમને[૨૫] વિરુદ્ધ જાણીને હરિ (યશોદાને) તપ[૨૬] કરાવવા ત્યાંથી નીકળી ગયા[૨૭]. કા. ૧૦.

**પૂર્ણે તપસિ તત્પ્રાપ્તિરેવં દશભિરુચ્યતે ।।**
**પરોક્ષવાદા ઋષયઃ પરોક્ષં ચ હરિપ્રિયમ્ ।।કા. ૧૧।।**

એ પ્રમાણે તપ પૂર્ણ થતાં ભગવાનની પ્રાપ્તિ દશ શ્લોકોથી કહી. ઋષિઓ પરોક્ષ[૨૮](ગૂઢ અર્થ) કહેનારા હોય છે અને હરિને પરોક્ષ પ્રિય છે. કા.૧૧.

**આસક્તિં ચેત્ સ્વતઃ કુર્યાજ્ જીવઃ કૃષ્ણઃ પલાયતે ।।**
**તદા દૃઢો નિરોધઃ સ્યાન્ નાન્યથેત્યેષ નિર્ણયઃ ।।કા. ૧૨।।**

શ્રીકૃષ્ણ જો પલાયન કરે(દૂર જતા રહે) તો જીવ પોતાની મેળે તેમનામાં આસક્તિ કરે (અને) ત્યારે નિરોધ દૃઢ થાય. બીજા પ્રકારે (નિરોધ દૃઢ થતો) નથી એવો આ નિર્ણય છે[૨૯].

**કારિકાર્થ સંપૂર્ણ.**

---

૨૫. 'તેમને' એટલે 'લાકડી લેવી વિગેરે યત્નોને' એવો અર્થ છે. (ટિ)

૨૬. તપ અંતઃકરણના દોષને હરનારું, દુઃખરૂપ અને ભગવાનની પ્રાપ્તિ કરાવનારું છે. તેથી (યશોદા) ભગવાનની પાછળ દોડ્યાં (શ્લોક ૯-૧૦) તે તેમના યત્નને તપ કહેલું છે. (ભગવાનમાં) ઘણો દોષ છે, એવી અહિં (યશોદાની) બુદ્ધિ હોવાથી (તેનું ભગવાન્ પાછળ દોડવાનું કાર્ય) તપ છે. તેથી જ (તપથી કાંઈક અંતઃકરણ શુદ્ધ થતાં) પાછળથી લાકડી તેમણે તજી. (ભગવાનમાં તેમણે) દોષનો આરોપ કરેલ તે સંપૂર્ણ રીતે (તેમના મનમાંથી) ખસેલ નહિ હોવાથી, ભગવાનને પ્રાપ્ત કરવા વેઠેલું દુઃખ પણ ભક્તિના અંગ તરીકે કહેલું નથી (પણ તપ જ કહેલું છે). અહિં એવો ભાવ છે કે આરંભમાં જ પોતાની પ્રાપ્તિ નહિ કરાવતાં, એટલા (પાછળ દોડવાના) ક્લેશ પછી જ (ભગવાને યશોદાને) પોતાની પ્રાપ્તિ કરાવી, તેમાં કાંઈક (ભગવાન્ ભય પામ્યા છે એમ મનાવનાર જ્ઞાનરૂપ) વિશેષ હોવો જોઈએ. પહેલાં તેમણે લાકડી લીધી અને પછી તે મૂકી દીધી, તેથી એ વિશેષ અંતઃકરણ સંબંધી જ હોવો જોઈએ એમ સમજાય છે. આમ હોવાથી 'દુઃખથી આચરી શકાય તેવું તપ મારું વીર્ય છે' વાક્ય પ્રમાણે અંતઃકરણમાં રહેલ અલૌકિક વિશેષ હેતુ તપ હોવાથી તેને તપ કહેલ છે. તેને ભક્તિ ન કહેવાનું (ગણવાનું) કારણ પાછળ કહેલું જ છે. (ટિ)

૨૭. આ કારિકાના પૂર્વાર્ધમાં આઠમા અને ઉત્તરાર્ધમાં નવમા શ્લોકના અર્થ કહેલા છે. (કા)

૨૮. ઉપરની (સાડાચાર કારિકાના) અર્થનું અનુસંધાન કરીને આ કહેલું છે. (ટિ)
અહિં ગૂઢ અર્થ પણ કહેલો છે, એવા આશયથી આ ઉત્તરાર્ધ કહેલો છે. (કા)

૨૯. આ કારિકામાં પરોક્ષવાદનો વિષય પણ કહેલો છે. (ટિ) આપણને જે પદાર્થ પ્રિય હોય તે દૂર રહે તેથી તેમાં આપણી આસક્તિ દૃઢ થાય છે એવું પ્રસિદ્ધ છે, એવો અર્થ છે. (કા+યો) આવું અનુભવથી સિદ્ધ છે. (યો)
જીવ પોતાની મેળે પોતાના સત્ત્વને વશ કરીને ઘરનાં સાધન વિગેરેમાં આસક્ત થાય, તો ભગવાન્ પલાયન કરે છે એટલે વિમુખ થાય છે; અને ભગવાન્ એ પ્રમાણે વિમુખ થાય

ગયા (આઠમા) અધ્યાયમાં (યશોદાને) આધિદૈવિક મોહ થયો એમ જણાવ્યું, તેથી આ અધ્યાયના આરંભના શ્લોકમાં તે મોહનું કાર્ય કહે છે :

**એકદા ગૃહદાસીષુ યશોદા નન્દગેહિની ।।**
**કર્માન્તરનિયુક્તાસુ નિર્મમન્થ સ્વયં દધિ ।।૧।।**

એકવાર ઘરની દાસીઓ બીજા કામમાં રોકાએલી હતી ત્યારે નંદજીનાં ગેહિની (પત્ની) યશોદા પોતે દહીં મથવા મંડ્યાં. ૧.

એકવાર જ્યારે ભગવાનની ઈચ્છાથી બધીય ઘરની દાસીઓ ક્ષેત્ર વિગેરેના સંસ્કાર કરવા (સુધારવા), અથવા તેના (ક્ષેત્ર સુધારવાના) પ્રસંગને લીધે તેમાં લતા વિગેરેનાં ઘર બનાવવા માટે ગઈ હતી[1], ત્યારે યશોદા પોતે દહીં મથવા મંડ્યાં એવો (વાક્યનો) સંબંધ છે. દાસીઓ ચાર પ્રકારની (હતી). (૧) ગોષ્ઠ (કૉઢ) અને ક્ષેત્રનો વિચાર રાખનારી (સ્વચ્છ રાખનારી) પ્રભુને દેવાની (પ્રભુની સેવામાં રહેનારી), (૨) બીજી યશોદાની સખીઓ, (૩) નંદજીની દાસીઓ અને (૪) ઘરનું કામ કરનારીઓ. ત્યારે ઘરની દાસીઓ[2] બીજા કામમાં રોકાએલી હતી. આ બીજું કામ પણ ભગવાનના અભ્યુદય માટે જ કરવાનું હતું એમ પ્રકરણથી સમજાય છે. યશોદા પોતે દહીં મથવાનું કરતાં હતાં તેનું કારણ 'નંદજીનાં ગેહિની' શબ્દથી કહેલું છે. ગેહિની(ઘરવાળી)એ આ કામ અવશ્ય કરવું જોઈએ. ૧.

એ પ્રમાણે ભગવદીઓનું સંસારમાં પરોવાએલા હોવાનું પણ ભગવાનના ગુણોનું ગાન કરવા માટે જ થાય છે, એમ નીચેના શ્લોકમાં કહે છેઃ

**યાનિ યાનીહ ગીતાનિ તદ્બાલચરિતાનિ ચ ।।**
**દધિનિર્મન્થને કાલે સ્મરન્તી તાન્યગાયત ।।૨।।**

જે જે ગીતો અહિં (પ્રસિદ્ધ છે તેને) અને તેમના (ભગવાનના) બાલ-ચરિતોને, દહીંનું સારી રીતે મથન કરવાના સમયે, સ્મરણ કરતાં તે ગાતી હતી. ૨.

(ગીતો) રચવાનું (યશોદા) પોતે જ કરી શકે તેમ હતું, કારણ કે સ્ત્રીઓ માં હાલ પણ તેવું (ગીતો રચવાનું) સામર્થ્ય હોય છે. જે ભગવાનનાં ચરિત્રો પહેલાં અહિં એટલે ગોકુલમાં શાસ્ત્રથી અથવા લોકથી પ્રસિદ્ધ હતાં, અને તેઓની (તેવાં ચરિત્રોની) મધ્યે જે ચરિત્રો અહિં પ્રસિદ્ધ છે, તે બધાંય ચરિત્રો (યશોદા ગાતી હતી, એમ) 'જે' શબ્દ બે વાર (લખ્યો છે તેથી જણાય છે). તેમનાં (ભગવાન-

---

ત્યારે ભગવાનમાં નિરોધ દઢ થાય છે, બીજી રીતે થતો નથી. આ નિર્ણય પહેલા દશ શ્લોકોથી કરેલો છે. (પ્ર)

કારિકાર્થ અને યોજનાનો અર્થ વધારે સારો જણાય છે.

૧. બધી દાસીઓ ચારે પ્રકારની ગઈ હતી, કારણ કે કોઈપણ દાસીઓ હોય તો યશોદા મુખ્ય હતાં તે દહીં મથવાનું કામ કરે નહિ. તેથી બધી ગઈ હતી એમ જણાય છે. (લે)

૨. બીજા કામમાં ઘરનું કામ કરનારી દાસીઓ જ રોકાએલી હતી એવો અર્થ છે. (લે)

નાં) બાલકપણાનાં ચરિત્રો પોતે જોએલાં તે, અને શ્લોકમાં 'ચ' 'અને' શબ્દ હોવાથી, તેવાં જે ચરિત્રો ગોપીઓ વિગેરેએ (પોતાને) કહેલાં તે (બધાં યશોદા ગાતી હતી), અથવા તે ભગવાનનાં બાલકપણાનાં ચરિત્રો જેમાં છે તેવાં ગીતો અને શ્લોકમાં 'ચ' 'અને' શબ્દ હોવાથી બીજાં (ગીતો) (યશોદા ગાતી હતી). દહીંનું સારી રીતે મથન જે સમયે થાય છે તે જ સમય ભગવાનના ગુણોનું ગાન કરવાનો છે. જે સમયે ક્રિયાશક્તિના આધિદૈવિકની ઈન્દ્રિય[1] પણ મથાય છે, એમ 'દહીંનું સારી રીતે મથન જે સમયમાં થાય છે' શબ્દોથી કહેલું છે.

'તે જ સમય (ભગવાનના) ગુણોનું ગાન કરવામાં હેતુ (અનુકૂલતા-વાળો) હોવાનું શું કારણ ?' એવી શંકા થાય, તેથી 'સ્મરણ કરતાં' શબ્દ યોજેલો છે. તે જ સમયે ગીતોનું સ્મરણ થાય છે, તેથી તે ગીતોનું સ્મરણ કરતાં (યશોદાજી ગાતાં હતાં). ૨.

એવી રીતે (ભગવાનના) ગુણગાનમાં તત્પર રહી (દહીંનું) મથન કરવામાં આવે ત્યારે ગાન અમૃતરૂપ હોવાથી દહીંનું મથન (બરાબર) થતું નહિ હોવાથી, ગાનનો ગૌણભાવ[1] કરી (ગાનમાં ઓછું લક્ષ આપી) ભગવાનના ભજનમાં ઉપયોગી દેહને પણ પીડા કરી, ભગવાનને પાન કરવાના રસ(ધારણ)ને પણ રોકી રાખી, તેના દેવતાનું[2] પણ નિવારણ કરી, તેણે (યશોદાએ) ભૌતિક

---

૧. ક્રિયાશક્તિ બે હાથોમાં રહેલી છે; અને હાથોનો આધિદૈવિક ઈન્દ્ર છે. 'દહીં ઈન્દ્રિય છે' શ્રુતિ પ્રમાણે દહીં ઈન્દ્રની ઈન્દ્રિયરૂપ છે. તેથી ક્રિયાશક્તિના આધિદૈવિક ઈન્દ્રની ઈન્દ્રિય દહીંનું પણ મથન થાય છે (આ સાધારણ અર્થ કહ્યો). વાસ્તવિક રીતે તો અહિં પણ ગૂઢ અર્થ જ કહેલો છે. કારણ કે 'ક્રિયાશક્તેઃ' શબ્દ હેતુના અર્થમાં પાંચમી વિભક્તિમાં યોજાએલ છે; કેમકે ભગવાનનો વિયોગ હોય ત્યારે સર્વ ઈન્દ્રિયોને એવો ઘણો ભારે ક્ષોભ થાય છે, કે જેથી તે તે ઈન્દ્રિયોના આધિદૈવિકની ઈન્દ્રિયનો પણ ક્ષોભ થાય. તે સમયે ઉત્તમ ભાવથી વ્રજની ઉત્તમ સ્ત્રીઓ પેઠે (ભગવાનના) ગુણોનું ગાન થાય છે. આ જ અર્થ 'તે જ સમય ભગવાનના ગુણોનું ગાન કરવાનો છે' શબ્દોથી કહેલો છે. (ટિ)

કારિકામાં શ્રીમદાચાર્યચરણે ગૂઢ અર્થ કહેલો છે, તેથી ભક્તિમાર્ગની મર્યાદા જણાવવા તે ગૂઢ અર્થ પ્રમાણે આ બીજો અર્થ ટિપ્પણીમાં કરેલો છે. (પ્ર)

'ક્રિયામાં (ક્રિયા કરવાની) શક્તિ એટલે સામર્થ્ય. તે સિદ્ધ થાય તે માટે ઈન્દ્રિયોમાં જે જે આધિદૈવિકો રહેલા છે તેઓની ઈન્દ્રિય પણ મથાય છે' એવો અર્થ ટિપ્પણીમાં ગૂઢ અર્થ તરીકે કહેલો છે. 'આધિદૈવિક' શબ્દ એકવચનમાં યોજેલ છે તે જાતિના અભિપ્રાયથી (આધિદૈવિક બધાની જાત એક હોવાથી) એકવચનમાં યોજેલ છે એમ જાણવું. (લે)

૧. ગયા શ્લોકમાં 'તે ગાતી હતી' એમ કહી ગાનનું મુખ્યપણું કહેલ. આ શ્લોકમાં 'મથતી હતી' એમ કહી ગાનનું ગૌણપણું (મથનનું મુખ્યપણું કહી) સૂચવેલ છે એવો ભાવ છે. (લે)

૨. ધાવણ ઉત્પન્ન કરનારી, સ્નેહના અભિમાનવાળી દેવતા. આ દેવતા માયાનું બીજું રૂપ છે. એમ જણાય છે. (પ્ર)

ક્રિયા એટલે શ્રમ ઉત્પન્ન કરનારી, ભક્તિને[3] પણ પીડા કરનારી (અને) મુક્ત જીવોને પણ ક્ષોભ ઉત્પન્ન કરનારી ક્રિયા કરી, એમ નીચેના શ્લોકમાં કહે છેઃ

**ક્ષૌમં વાસઃ પૃથુકટિતટે બિભ્રતી સૂત્રનદ્ધં**
**પુત્રસ્નેહસ્નુતકુચયુગં જાતકમ્પં ચ સુભ્રૂઃ ।।**
**રજ્જ્વાકર્ષશ્રમભુજચલત્કઙ્કણૌ કુણ્ડલે ચ**
**સ્વિન્નં વક્ત્રં કબરવિગલન્માલતી નિર્મમન્થ ।।૩।।**

શોભિતી ભ્રમરોવાળી, અને અંબોડામાંથી ખરી પડતી માલતીવાળી (યશોદા) સ્થૂલ નિતંબતટ ઉપર સૂત્રથી બાંધેલું રેશમી વસ્ત્ર ધારણ કરતી, કાંપતાં અને પુત્ર ઉપરના સ્નેહને લીધે સ્રવતાં બે સ્તનો (ધારણ કરતી), નેતરાંને ખેંચવાથી થએલા શ્રમને લીધે ભુજાઓ સુધી ફરતાં કંકણો અને બે કુંડલો (તથા) પરસેવાવાળું મુખ (ધારણ કરતી), (દહીં) મથતી હતી. ૩.

રેશમી વસ્ત્ર (યશોદાએ પહેરેલ) તે ઘણું સરી જાય તેવું હોય છે, તેથી તે દૃઢ રહે તે માટે તેને સૂત્રથી એટલે કંદોરાથી બાંધવામાં આવે છે. તે ઉભી રહી (દહીંનું) મથન કરે છે. મથનના આવેશને લીધે (તેને) વસ્ત્રનું પણ અનુસંધાન રહેતું નથી એમ કહેવા, 'સ્થૂલ નિતંબતટ ઉપર ધારણ કરતી' એમ કહેલું છે. કેડ પાતળી હોવાથી ત્યાં (કેડ ઉપર) બાંધેલું વસ્ત્ર માત્ર નિતંબોની સ્થૂલતાને લીધે પડી જતું નથી.

અથવા આ (યશોદા) કરે છે તે અયોગ્ય[4] છે એમ જણાવવા વસ્ત્ર વિગેરેનાં સૌંદર્યનું વર્ણન કરવામાં આવે છે, અને 'તટ' શબ્દથી આ (યશોદા) નદીની પેઠે ગતિરૂપ[5] છે, (આની પણ ગતિ થાય છે) એમ જણાવેલું છે. આથી એમ સૂચવેલું છે કે (યશોદાએ) મથન કરવા માટે શરીરની આવશ્યક દરકાર પણ મૂકી દીધી છે. (માતાના) સહજ ધર્મ પુત્ર ઉપરના સ્નેહને લીધે વધારે આવતું ધાવણ બહાર નીકળી જતું હતું તેનો પણ તેણે વિચાર કર્યો નહિ, એમ 'પુત્ર ઉપરના સ્નેહને લીધે સ્રવતાં બે સ્તનો (ધારણ કરતી)' શબ્દોથી કહે છે. જો કે ધાવણ સ્રવે છે, તો પણ પુત્ર ઉપરનો સ્નેહ જ સ્રવે છે જેમાંથી, તેવાં બે સ્તનો ધારણ કરતી (યશોદા દહીં મથતી હતી). સ્નેહ નકામો જતો હોવાથી તેના

૩. ભક્તિને એટલે સ્નેહરૂપ ભક્તિને. (પ્ર) અહિં ધાવણને સ્નેહ કહેલ છે.

૪. ઘરની દાસીઓ ઘણી હતી છતાં તેમાંથી કોઈને બીજાં કામ કરતી હોય ત્યાંથી બોલાવ્યા વિના યશોદા પોતે દહીંનું મથન કરે એ અયોગ્ય હતું એમ જણાવવા. (પ્ર)

૫. ગતિરૂપ એટલે ચંચલ. (પ્ર) આ કટિ ગતિ જણાવતી હતી એવો અર્થ છે. બે તટો વચ્ચે સૂક્ષ્મ કટિ ચાલે તેમાં લોકની રીતે સૌંદર્ય જણાવાય છે, તેથી શરીરની દરકાર રાખવાની જરુર હતી એવો ભાવ છે. (લે) છતાં યશોદા શરીરની દરકાર રાખ્યા વિના દહીં મથતાં હતાં.

અભિમાનવાળી દેવતા[૬] ભય પામતી[૭] બે સ્તનોને પણ કંપાવે છે, તેવાં સ્તનો પણ ધારણ કરતી (યશોદા દહીં મથતી હતી). આથી એમ કહેલું છે, કે તેણે આધિભૌતિક, આધ્યાત્મિક અને આધિદૈવિકની પણ દરકાર મૂકી દીધી હતી. શ્લોકમાં 'જાતકમ્પં' પછીના 'ચ' 'અને' શબ્દથી તેણે અંતર્યામીની પ્રેરણાની પણ (દરકાર મૂકી દીધી હતી એમ કહેલું છે).

'એ પ્રમાણે અતિક્રમ (મર્યાદાનું ઉલ્લંઘન) થતાં, ભગવાને રક્ષક તરીકે નીમેલા દંડ આપનારા મૃત્યુ અને યમે તેનો દંડ કેમ ન કર્યો ?[૮]' એવી શંકા થાય, તેથી 'શોભિતી ભ્રમરોવાળી' શબ્દ યોજેલ છે. શોભિતી ભ્રમરો જેની છે તેવી યશોદા હતી. 'બે ભ્રમરો યમ છે' વાક્ય પ્રમાણે ભવિષ્યમાં થનાર અર્થનો[૯] અંગીકાર કરીને પરિણામ[૯] લાવતા હોવાથી યશોદાની ભ્રમરો શોભિતી રહી હતી.

---

૬. બે સ્તનોના અભિમાનવાળી દેવતા એટલે તેમને નિયમમાં રાખનારી અથવા તેમને ઢાંકનારી દેવતા (ચોળી). (લે)

૭. અહિં 'ભય' એટલે જડપણું, ભય પામતી એટલે જડ થએલી અથવા (ધાવણથી) ભીંજાએલી, એવો અર્થ છે. (લે)

૮. વ્રજજનોને જે ક્લેશ કરાવતા હોય તેઓનો નાશ કરવા અને તેઓને દુઃખ દેવા (અનુક્રમે) મૃત્યુ અને યમને ત્યાં (ભગવાને) આજ્ઞા કરી રાખેલ છે. સ્તનો કાંપે તેથી ક્લેશ થાય તેથી સ્તનો કંપાવતી પહેલાં કહેલી દેવતાનો તેઓએ નાશ કેમ ન કર્યો ? અથવા તેને દુઃખ કેમ ન દીધું ? એવો અર્થ છે. મૃત્યુ અને યમ સર્વને નિયમમાં રાખનારા હોવાથી 'યમ' કહેવાય છે. અહિં (વ્રજમાં) દિક્પાલ (દિશાઓનું પાલન કરનારા) નિયમન કરનારા નહિ હોવાથી યમ ગણાતા નથી એમ જણાવવા આ કહેલ છે. (ટિ)

'દેવતા(ચોળી)ની ગાંઠ સારી રીતે કેમ ન બાંધી ? અને જો તે ફાટી હોય તો તેને ઉતારી બીજી કેમ ન પહેરી ?' એવો અર્થ છે. તેને ઉતારવાથી તે રહે નહિ એટલે તેનો નાશ થયો ગણાય અને તેની ગાંઠ સારી રીતે બાંધવાથી તેને દુઃખ આપ્યું ગણાય. એ અનુક્રમે મૃત્યુ અને યમનું કાર્ય હતું. 'દંડ' શબ્દનો આ અર્થ ટિપ્પણીમાં કહેલ છે. ક્લેશ આપનારાઓ વ્રજજનોની ભ્રમર માત્ર વાંકી થવાથી જ નાશ પામે છે અથવા દુઃખી થાય છે, તેથી ભ્રમરો મૃત્યુ અને યમરૂપ છે. વ્રજજનો ભ્રમર કરીને જોઈને દેવતાને એવો દંડ કરે. (લે)

૯-૯. ભવિષ્યમાં થનાર અર્થ એટલે શ્રમ. તેનો અંગીકાર (યશોદા) ન કરે તો તે ઉત્પન્ન કરનાર કાર્યમાં પ્રવૃત્ત થાય નહિ. એટલે શ્રમનો અંગીકાર કરીને તેણે દહીં મથ્યું એવો સંબંધ છે. ક્લેશ થાય તો ભ્રમરો સંકોચાવાનો સંભવ રહે. યશોદાની ભ્રમરો શોભિતી રહી હતી એટલે સંકોચાઈ ન હતી. તેથી તેને ક્લેશ થયો ન હતો એમ જણાય છે, એવા આશયથી 'પરિણામ લાવતા હોવાથી' વિગેરે કહેલ છે. દેવતાને દંડ ન કર્યો એ પરિણામ. (ટિ) અહિં ટિપ્પણીમાં 'શ્રમ' અને 'ક્લેશ' વચ્ચે ભેદ દર્શાવેલ છે. યશોદાને મથન કરવાથી શ્રમ થયો પણ ક્લેશ થયો ન હતો એવો ભાવાર્થ જણાય છે. ભવિષ્યમાં થનાર અર્થનો શ્રમનો અંગીકાર કરી યશોદા મથન કરે છે. આ શ્રમ પણ તેમનો સારી રીતે નિરોધ કરવામાં ઉપયોગી છે, એમ આરંભની કારિકામાં જણાવેલ છે. તેથી તેનું પરિણામ સારું હોવાથી યશોદાની ભ્રમરો શોભિતી રહે છે,

રજ્જુ એટલે નેતરાંને ખેંચવાથી જે શ્રમ થએલ તે શ્રમવાળી બે ભુજાઓ[10] હતી, ત્યાં સુધી ફરતાં કંકણો જેમનાં ઉપર હતાં તેવા બે હાથો[10] ધારણ કરતી યશોદા દહીં મથતી હતી. આથી એમ કહેલું છે કે ભક્તિમાર્ગ અને કર્મમાર્ગ, અને તેમના દેવો અને તેમના નિયમો બધાયને ક્લેશ થતો હતો. બે કુંડલો એટલે સાંખ્ય અને યોગ. તે બંનેને ક્લેશ થતો હતો(કાંપતાં હતાં). ક્લેશવાળાં જ[11] આભૂષણ સર્વત્ર ધારણ કરતી હતી એવો સંબંધ છે. શ્લોકમાં ('કુંડલ' પછી) 'ચ' 'અને' શબ્દ હોવાથી, માથું[12] પણ કાંપતું હતું એમ 'કાંપતું' શબ્દનો સંબંધ અહિં પણ છે. તેથી જ (એ શબ્દ 'જાતકમ્પમ્') જૂદો કહેલો છે. તેમ ન હોત ('કાંપતું' શબ્દનો કુંડલો તથા માથાં સાથે સંબંધ લેવાનો ન હોત) તો 'સ્રવતાં કાંપતાં બે સ્તનો' એમ જ કહેત.

મુખ પણ પરસેવાવાળું (ધારણ કરતી દહીં મથતી હતી). ઘણો ક્ષોભ થવાથી પરસેવાવાળું થએલું, એટલે ભક્તિનો પણ સાર નીકળી ગએલો એમ કહેલું છે.

અંબોડામાં એટલે કેશોના સમૂહમાં સિદ્ધોના સ્થાનમાં ઢીલી થએલી માલતી છે જેનામાં તેવી યશોદા હતી, અથવા અંબોડામાંથી એટલે કેશોના

---

એટલે મૃત્યુ અને યમ એ દેવતાને દંડ કરતા નથી.

૧૦-૧૦. નેતરું ખેંચવામાં બંને ભુજાઓ રોકાએલી રહે છે એટલે જમણી અને ડાબી ભુજા અનુક્રમે ભક્તિમાર્ગ અને કર્મમાર્ગ છે. અહિં નીચે પ્રમાણે ભાવ છે. અહિં બે પ્રકારની ક્રિયા છે. (૧) ભગવાનના સંબંધી અને (૨) ગૃહસ્થાશ્રમના સંબંધી. પહેલી મુખ્ય છે, બીજી ગૌણ છે. તેથી (જમણી ભુજા ભક્તિમાર્ગ છે અને ડાબી ભુજા કર્મમાર્ગ છે), જમણી ભુજાનાં કંકણો ભક્તિમાર્ગના નિયમો છે અને ડાબી ભુજાનાં કંકણો કર્મમાર્ગના દેવતાઓ છે, કારણ કે તેમણે તે તે ભુજાઓનો આશ્રય કરેલો છે. (ટિ) કોણીથી થોડે નીચે સુધીનો ભાગ 'ભુજા' છે અને હાથ એટલે આખો હાથ (ખભા સુધીનો). (લે)

૧૧. 'શોભિતી ભ્રમરોવાળી' એ યશોદાનું સ્વતંત્ર વિશેષણ કહેલ છે. તે પ્રમાણે બીજાને સ્વતંત્ર વિશેષણ નહિ કહેતાં આભરણોનાં કર્મ તરીકે વર્ણવેલાં છે, તેનું અહિં કારણ કહે છે. તે બધાયમાં ક્લેશરૂપ સરખો ધર્મ છે, એમ જણાવવા તેમ કહેલ છે. જો આ બધાને વિશેષણ તરીકે કહેલાં હોય તો તે માત્ર પ્રકાર જણાવે, એટલે તેમનું પ્રધાનપણું નહિ રહેવાથી તેમને થતો ક્લેશ નકામો થાય, અને તેથી ક્લેશના કારણરૂપ મથનનું અયોગ્યપણું જણાય નહિ, એવો ભાવ છે. (ટિ)

૧૨. માથું સત્યલોકના આધિદૈવિકરૂપ હોવાથી તેના ઉપર જ્ઞાનીઓ અને જીવન્મુક્તોનું જ (કેશોનું) સ્થાન હોય છે. તેથી જ્ઞાનીઓ અને જીવન્મુક્તો પણ કાંપતા (માથું કાંપતું હોવાથી) કહેલા છે. લીલામાં જેઓ રહેલા છે તે ભગવદ્રૂપ છે એમ વિચારી, શ્રીમદાચાર્યચરણે સર્વત્ર એ પ્રમાણે નિરૂપણ કરેલું છે એમ જાણવું. (યશોદા લીલામાં રહેલ હોવાથી, જે પ્રમાણે ભગવાન ના શિરમાં જ્ઞાનીઓ અને જીવન્મુક્તોનો વાસ હોય છે તેવો તેના શિરમાં કહેલો છે). (ટિ)

સમૂહમાંથી સિદ્ધોના સ્થાનમાંથી પડી ગઈ છે માલતી જેની, તેવી યશોદા હતી. ‘મા’ એટલે લક્ષ્મી[13] ‘અલમ્’ એટલે પૂરી પડે તેવી છે જેમાં તેવા (‘માલમ્’ એટલે) જગતનું ‘અતી (અતિ+ઈ)’ અતિક્રમણ કરીને જે રહે છે તે ‘માલતી’ એટલે બ્રહ્મવિદ્યા. તે પણ જતી રહે છે (માલતી અંબોડામાંથી ખરી પડે છે). એવી રીતે પ્રપંચમાં આસક્ત થએલી (યશોદા દહીં) મથવા મંડી. અહિં માત્ર યશોદાની આકૃતિનું જ[14] વર્ણન કરવાનું હોત તો (આ બધું) વ્યર્થ થાય અને શુકના વાક્યનો વિરોધ થાય. ૩.

પહેલાંની[1] પેઠે બાલકોને માટે ભગવાનને ધાવવાની ઈચ્છા થતાં તેમણે (યશોદાને) શ્રમ કરતાં અટકાવી, એમ નીચેના શ્લોકમાં કહે છેઃ

---

૧૩. જેઓને પ્રભુ ઉપર સ્નેહ હોય છે તેઓને પ્રભુના સંબંધીઓ ઉપર પણ તેવો જ સ્નેહ હોય છે. તેથી માતા યશોદાને એવો શ્રમ થાય તે જોઈને તે સહન નહિ થવાથી, મુક્ત જીવોને પણ ક્ષોભ થતાં, તેઓ પોતાના ધર્મને ભૂલી જાય છે એવા આશયથી, આ ‘માલતી’નો અર્થ વિગેરે કહે છે. વળી માતા યશોદા સર્વનાં મૂલ ભગવાનનો આવિર્ભાવ થવાનું સ્થાન હોવાથી તેમને એવો શ્રમ થાય ત્યારે તેમનાં કાર્ય (ભગવાન્ અને તેમનાં કાર્ય મુક્ત જીવો વિગેરે બધા હોવાથી)ની પરંપરાથી એની મેળે જ એ પ્રમાણે કંપ થાય છે, એવા ભાવથી પણ એ પ્રમાણે કહેલું છે. (ટિ)

૧૪. અહિં આથી જૂદી રીતે અર્થ કરવામાં દોષ જણાવે છે. યશોદા દહીંનું મથન કરતી હતી એમ કહેવાથી જ મથનને અનુકૂલ આકૃતિ કહેવાઈ જાય છે, છતાં તેવી આકૃતિનું વર્ણન કરવું અને પાછું તે મથન કરતી હતી એમ કહેવું એ વ્યર્થ થાય એવો અર્થ છે. આમ હોવાથી આવું વર્ણન કરવાનો કાંઈ ખાસ હેતુ હોવો જોઈએ એમ અવશ્ય કહેવું જોઈએ. મથન કરવું અયોગ્ય હતું એમ જણાવવું એ જ આ હેતુ છે એમ કહેવું યોગ્ય છે. તેથી લોકની રીતે અને વાસ્તવિક રીતે એમ કહેલ છે. વળી પહેલાં ગયા શ્લોકમાં ‘દહીં મથન કરવાના સમયે તે ગાતાં હતાં’ એમ ભગવાનના ગુણોના ગાનનું અંગ મથન હતું એમ કહેલું. એવા મથનથી કાંઈપણ ક્લિષ્ટ થએલ નહિ (કોઈને ક્લેશ થએલ નહિ). જો આગળ પણ એ જ રીતે મથન થયું હોત તો પ્રભુ મથન કરતાં યશોદાને અટકાવે પણ નહિ, કારણ કે તેવું મથન નિરોધનું વિરોધી ન હતું. આમ હોવાથી અને આગળ ભગવાને યશોદાને મથન કરતાં અટકાવી (શ્લોક ૪) એમ કહેવાનું હોવાથી, એમ અટકાવ કરવાના કારણરૂપ નિરોધનું વિરોધી મથન કહેવું જોઈએ, તેથી આ એક શ્લોકથી તે કહેલ છે. આમ હોવાથી અહિં ટીકા પણ તેવી કહેલી છે તે યોગ્ય જ છે. એમ ન હોય તો (આ મથન નિરોધનું વિરોધી ન હોય તો) ભગવાન્ તે કરતાં અટકાવે છે એમ (શ્લોક ૪માં) કહે છે તે વિરુદ્ધ થાય એમ વિચારી, ‘શુકના વાક્યનો વિરોધ થાય’ એમ કહે છે. મથન કરતી વખતની આકૃતિ સાધારણ હોવાથી વિશેષ પ્રકારની ભગવાનની લીલાવાળી તે હોવાનું સંભવે નહિ, અને તેથી ‘ઉત્તમશ્લોકની લીલામાં જેનું ચિત્ત લાગેલું છે’ એ શુકના વાક્યનો વિરોધ થાય. ઉપર જે પ્રમાણે આ શ્લોકનો અર્થ કરેલ છે તે રીતે અર્થ કરવાથી, તેનાથી ભગવાનના માહાત્મ્યનું જ્ઞાન થતું હોવાથી તે ભક્તિ ઉત્પન્ન કરનાર થાય છે, એ આ અર્થની ઉત્તમતા છે. (ટિ)

**તાં સ્તન્યકામ આસાદ્ય મથ્નન્તીં જનનીં હરિઃ ||**
**ગૃહીત્વા દધિમન્થાનં ન્યષેધત્ પ્રીતિમાવહન્ ||૪||**

ધાવવાની ઈચ્છાવાળા હરિએ મથન કરતી તે જનની પાસે આવી, રવૈયાને પકડી, પ્રીતિ ઉત્પન્ન કરતાં (તેને મથન કરતાં) અટકાવી. ૪.

(ભગવાન્ યશોદા) પાસે આવ્યા. ભગવાન્ પાસે આવ્યા તે ક્રિયાથી અને (તેમનાં) દર્શન થયાં એ જ્ઞાનથી, બંને પ્રકારનો નિરોધ સિદ્ધ થયો[૨]. (યશોદા) 'મથન કરતી' હતી એટલે દહીં પણ વિકારવાળું થતું હતું અને તેમને પોતાને[૩] પણ પ્રયાસ (શ્રમ) થતો હતો. (તે) 'જનની' હોવાથી તેનો નિરોધ કરવો આવશ્યક હતો, કારણ કે (હું આ બાલકની જનની છું) તેવી (તેની) બુદ્ધિ તેમણે (ભગવાને) જ કરી હતી. (ભગવાન્) 'હરિ' (હતા) એટલે સામાન્ય રીતે પણ સર્વ દુઃખનું હરણ કરનાર હતા, અને હમણાં (મથન) કરનાર (તે કામમાં) અત્યંત પરોવાઈ ગએલ હોવાથી, કરણ(રવૈયા)ને જ રોકી રાખ્યું, એમ 'રવૈયાને પકડી' શબ્દોથી કહેલું છે. 'મન્થાનં' એટલે રવૈયાને હાથથી પકડી પ્રીતિ ઉપજાવતાં તેને મથન કરતાં અટકાવી. અટકાવવામાં આવે ત્યારે તે (યશોદા) અપકાર ન કરે (ક્રોધ ન કરે અથવા મારવા તત્પર ન થાય) તે માટે 'પ્રીતિ ઉપજાવતાં' એમ કહેલું છે, એટલે જે પ્રમાણે તે(યશોદા)ની પોતાના (ભગવાનના) ઉપર પ્રીતિ થાય તેમ કરતાં (તેને મથતાં અટકાવી).

**સર્વાંગં ચાલયન્ હસ્તૌ પાદૌ ચૈવ વિચાલયન્ ||**
**મુખાબ્જં મધુરારાવં બિભ્રત્ કૃષ્ણઃ સમાગતઃ ||૧૩||**

સર્વ અંગને હલાવતા અને બે હાથો તથા બે ચરણોને વધારે હલાવતા, મધુર ધીરા અવાજવાળા મુખકમલને ધારણ કરતા શ્રીકૃષ્ણ યશોદાની પાસે આવ્યા[૪]. (કા. ૧૩). ૪.

ભગવાને પોતાની ઉપર પ્રીતિ ઉત્પન્ન કરી, એટલે ભગવાન્ માટે પ્રપંચમાં આસક્તિ (હતી તે) તજી દઈને (તે ભગવાનને) ધવરાવવા મંડી, એમ

---

૧. 'પહેલાંની' એટલે 'ઘરબહાર નીકળવાના ઉત્સવની' પેઠે. (ટિ) જૂઓ. ૧૦|૭|૬.

૨. ભગવાન્ પાસે આવ્યા એ સમીપતા (ક્રિયા), અને 'પ્રીતિ ઉપજાવતાં' શબ્દોથી યશોદાને ભગવાનનું દર્શન થયું એમ સૂચવેલું છે. (આ ક્રિયા અને દર્શનથી બંને પ્રકારનો નિરોધ સિદ્ધ થયો). ક્રિયાથી ક્રિયારૂપ નિરોધ સિદ્ધ થયો એટલે યશોદા ભગવાનને ધવરાવવા મંડ્યાં (શ્લોક ૫) અને દર્શનથી જ્ઞાનરૂપ નિરોધ સિદ્ધ થયો, તેથી તે ભગવાનનું મુખારવિંદ જોવા લાગ્યાં (શ્લોક ૫) એવો અર્થ છે. (લે)

૩. મથન ચાલતું હોવાથી પોતાને (ભગવાનને) રવૈયાને રોકી રાખવાનો પ્રયાસ થતો હતો. (લે)

૪. ભગવાન્ યશોદાની પોતાના ઉપર પ્રીતિ થાય એમ કરતા હતા એમ કહ્યું તેથી સૂચવાએલો આ અર્થ છે. (કા)

નીચેના શ્લોકમાં કહે છે:

**તમંકમારૂઢમપાયયત્સ્તનં સ્નેહસ્નુતં સસ્મિતમીક્ષતી મુખમ્ ।।**
**અતૃપ્તમુત્સૃજ્ય જવેન સા યયાવુત્સિચ્યમાને પયસિ ત્વધિશ્રિતે ।।૫।।**

ખોળા ઉપર ચડેલા તેમને દૂધ સ્રવતું સ્તન (તેમનું) સ્મિતવાળું મુખ જોતાં (તેણે) પાયું. અગ્નિ ઉપર મૂકેલું દૂધ ઉભરાતાં અતૃપ્તને તજી દઈ તે ઝડપથી ગઈ. ૫.

પોતાની મેળે ખોળા ઉપર ચડેલા(ભગવાન)ને સ્હેજ ઊંચું થએલ સ્તન પાયું. તે (યશોદા) મૂકી દઈ જતી ન રહે તે માટે, અને દૈત્યોને[૧] દબાવવા માટે ભગવાન્ (તેના) ખોળા ઉપર ચડેલા. સ્તન 'દૂધ સ્રવતું' હતું એટલે આ(યશોદા)ને સ્તનપાનથી ક્લેશ પણ થતો ન હતો. જો કે મોહ પામેલી(યશોદા)ની પ્રપંચમાં ઘણી આસક્તિ હતી, ઘરમાં પણ ઘણું કામ હતું અને દાસીઓ પણ ન હતી, છતાં (ભગવાનનું) મંદ હાસ્યવાળું મુખ જોતાં તે (સ્તન)પાન કરાવતી હતી. આ સમયે (યશોદા ત્યાં) રહે તે માટે (ભગવાન્) મોહ કરતા હતા અને પહેલાંનો કરેલો મોહ[૨] સંકોચી (પાછો ખેંચી) લીધો હતો.

એ પ્રમાણે આગ્રહથી રોકેલી હોવા છતાં દોષને લીધે[૩] (ભગવાનને) તજી (તે) ગઈ એમ ઉત્તરાર્ધમાં કહે છે. (અતૃપ્તને એટલે) જેમની અંદરના બાલકો તૃપ્ત થએલા નથી તેવા રોકી રાખતા(ભગવાન)ને પણ, 'ઉત્સૃજ્ય' એટલે ઉપરથી તજી દઈને (પડતા મૂકીને), ઝડપથી એટલે ઘણા વેગથી તે એટલે પહેલાં જણાવેલી ઘણા બલવાન પ્રપંચવાળી[૪] (યશોદા), ગઈ એટલે પોતે ધારેલા સ્થાન સુધી ગઈ. 'દૂધ ઉભરાતાં' શબ્દોથી (તેને) જવાનું આવશ્યક લૌકિક કાર્ય કહેલું છે. 'અધિશ્રિતે' એટલે અગ્નિ ઉપર મૂકેલું દૂધ ઉભરાતાં (તે ગઈ). (દૂધ) ઉભરાવાથી (તે) દ્રવ્યનો નાશ થાય છે અને દોષ[૫] થાય છે. 'ભગવાનની પ્રસન્નતા માટે જેમ

---

૧. ઉપર (શ્લોક ૩નાં સુબોધિની તથા ટિપ્પણીમાં) જણાવ્યું તે ન્યાય પ્રમાણે, (યશોદાનો) ખોળો આધિદૈવિક ભૂમિરૂપ છે. તેથી ભૂમિ ઉપર રહેલા દૈત્યોને દબાવવા (ભગવાન્ તેના ઉપર ચડ્યા) એવો અર્થ છે. માતા તેમને ઉપાડી લેત, છતાં ભગવાન્ પોતે ખોળા ઉપર ચડ્યા તેનું આ તાત્પર્ય કહેલું છે. (ટિ)

૨. પહેલાંનો કરેલો મોહ એટલે ગયા આઠમા અધ્યાયમાં કરેલો મોહ. (લે)

૩. મોહનું સ્વરૂપ જ દોષરૂપ છે, તેથી એ રોકાઈ નહિ. તેથી જ પાછળ અધ્યાયના આરંભમાં સાતમી કારિકામાં 'આ મોહ ઘરના કામમાં પ્રવૃત્તિ કરાવનારો છે' એમ જણાવેલું છે. (લે)

૪. ભગવાને યશોદાને પોતાની અંદર મોહ ઉત્પન્ન કર્યો છતાં તે તેનો મોહ પ્રપંચમાં જ ફળ્યો. તેથી તેને 'બલવાન પ્રપંચવાળી' કહેલી છે. (લે)

૫. વૈદિક અગ્નિહોત્ર વિગેરેમાં જેમ (દૂધ ઉભરાવાથી) અલૌકિક દોષ થાય છે તેમ લૌકિકમાં દૂધ

રવૈયાને તજી દઈને મથનમાં વિરોધ ન આવે તે પ્રમાણે ભગવાનને પ્રસન્ન કર્યા (ધવરાવ્યા), તેમ ભગવાનનો વિચાર (દરકાર) રાખીને દૂધ (અગ્નિપરથી) ઉતાર્યું નહિ, પરંતુ ભગવાનની દરકાર[૬] તજી દઈને જ દૂધ ઉતાર્યું, એમ 'તુ' શબ્દ (તેણે) જૂદી રીત (ગ્રહણ કરી એમ) જણાવે છે. ૫.

**સ જાતકોપઃ સ્ફુરિતારુણાધરં સન્દશ્ય દદ્ભિર્દધિમણ્ડભાજનમ્ ।।**
**ભિત્ત્વા મૃષાશ્રુર્દૃષદશ્મના રહો જઘાસ હૈયઙ્ગવમન્તરં ગતઃ ।।૬।।**

તેમને (ભગવાનને) ક્રોધ થયો. (તેમણે) સ્ફૂરેલા લાલ અધર(નીચલા હોઠ)ને દાંતોથી પીસી છાશનું વાસણ ઓરસીઆના પથ્થરથી ફોડી, ખોટા આંસુઓ લાવી, (ઘરની) અંદર જઈ એકાંતમાં માખણ ખાધું. ૬.

પછી બાલકોને તૃપ્તિ થએલી નહિ હોવાથી ભગવાનને ક્રોધ થયો, કારણ કે તે બાલકોના રક્ષક હતા. બાલકોની રક્ષામાં વિઘ્ન થતાં ભક્તિમાર્ગના આવેશને[૧] લીધે ભગવાનને વિષમતા(પક્ષપાત) થવાથી અકસ્માત્ જ[૨] ક્રોધ થયો. ભગવાન ની અંદર રહેલો[૩] ક્રોધ જ નિમિત્તને લીધે દેખાયો. પછી એ ક્રોધ યશોદાને મારશે એમ જાણી ભગવાને તેના(યશોદાના સંબંધવાળા) લોભને અને વાસણને તોડી નાખ્યાં, એમ 'અધરને દાંતોથી પીસી છાશનું વાસણ ઓરસીઆના પથ્થરથી ફોડી' શબ્દોથી કહેલું છે. અધરને પીસવાનું કારણ 'સ્ફૂરેલા લાલ' વિશેષણોથી કહેલું છે. તે સ્ફૂરેલો અને લાલ રંગવાળો થયો હતો. (યશોદાએ) લોભને લીધે ભગવાનનો ત્યાગ કર્યો ત્યારે (એ) લોભનો જ અપરાધ થયો. (તેથી) તે સમયે આધિદૈવિક લોભ[૪], યશોદાને મારવા માટે અથવા આધ્યાત્મિક લોભને[૫] મારવા

---

ઉભરાવાથી લૌકિક દોષ થાય છે, એવા આશયથી આ કહેલું છે. (ટિ)

૬. 'અનુરોધ' એટલે ભગવાનને જે પ્રસન્ન કરે છે તેવું સ્તનદાન. (લે) ધવરાવવાનું તજી દઈને ગઈ એવો અર્થ થયો.

૧. 'ભક્તિમાર્ગાવેશેન' પાઠ પ્રમાણે આ અર્થ કરેલ છે. વૃંદાવનપ્રેસવાળી પ્રતમાં 'ભક્તિમાર્ગેણ' પાઠ છે. આ પાઠ પ્રકાશકારે લીધેલ છે. આ પાઠ પ્રમાણે 'ભક્તિમાર્ગ સાથે (ઉપર) પક્ષપાત હોવાથી' એવો અર્થ થાય છે.

૨. અકસ્માત્ એટલે એકાએક. (પ્ર) અકસ્માત્ એટલે કરણ (કારણ?) વિના. અહિં ભગવાન ને ક્રોધ થયો એમ જ કહ્યું છે, પરંતુ યશોદાના જતા રહેવાથી ક્રોધ થયો એમ કહ્યું નથી. તેથી યશોદા ગયાં એ ક્રોધનું માત્ર નિમિત્ત છે, પણ કરણ નથી એવો ભાવ છે. (લે)

૩. ૧૦।૬।૧૦માં જે રોષ કહેલો છે તે રહેલો. (પ્ર) શ્લોક ૫ નોટ ૨માં જે કહ્યું તેનું જ આ વિવરણ છે. ભગવાનના ધર્મો નિત્ય છે એમ આથી સૂચવેલું છે. (અહિં ક્રોધ 'રહેલો' કહી નિત્ય સૂચવ્યો છે તેથી). (લે)

૪. ભગવાનમાં રહેલો બાલકો માટે ધાવણનો લોભ આધિદૈવિક લોભ છે. (લે)

૫. યશોદામાં રહેલો ઉભરાતા દૂધનું રક્ષણ કરવાનો લોભ આધ્યાત્મિક છે એમ જાણવું. (લે)

માટે ભગવાનને વિજ્ઞપ્તિ કરવા પોતે (ભગવાન્ પાસે) આવ્યો, એટલે (અધરમાં)[૬] તે સમયે સ્ફુરણ થયું (અધર હાલ્યો). તે ત્રણનું[૭] નિવારણ કરવાનું હતું; અને ત્રણ બીજાં[૮] (જૂદાં) ઉત્પન્ન કરવા[૯] રજોગુણનો પ્રાદુર્ભાવ થયો. તે બંનેને[૧૦] રોકવા (ભગવાને પોતાનો) અધર પીસ્યો. (ભગવાનના) દાંતો યશોદા સંબંધી સ્નેહની કલાઓ છે, તેમણે તેઓનું નિવારણ કર્યું. સરખામણી[૧૧] સ્પષ્ટ જ છે.

દહીંનો મંડ એટલે છાશ. તેનો આધાર થએલું (તે જેમાં હતી તે) વાસણ ભગવાને તોડ્યું. માખણ તો જૂદું થઈ ગયું હતું. તેથી ભગવાને તે વાસણને ઓરસીઆના સંબંધવાળા ઓરસીઆ ઉપર વાટવાના પથ્થરથી તેને તોડ્યું. દૈત્યોના આવેશવાળીના જેવી[૧૨] તે યશોદા ભગવાનને તજી ગઈ હતી. તે

---

૬. 'અધર' લોભનું સ્વરૂપ છે. આધિદૈવિક લોભ આવતાં ભગવાનના અધરમાં સ્ફુરણ થાય છે.
૭. (૧) યશોદાનો અપરાધ, (૨) તેમનામાં રહેલ આધ્યાત્મિક લોભનો નાશ અને (૩) તેને (આધ્યાત્મિક લોભને) મારવા માટેની આધિદૈવિક લોભની વિજ્ઞપ્તિ. એ ત્રણનું નિવારણ કરવાનું હતું. આધિદૈવિક લોભ જો આધ્યાત્મિકને મારે તો તેનો સંપૂર્ણ રીતે નાશ કરે, અને જો તેમ થાય તો આગળ (ભવિષ્યમાં) કરવાની લીલા થઈ શકે નહિ. તેથી આધ્યાત્મિક લોભને મારતાં તેને અટકાવવાનો હતો. ભગવાને (તે લોભનો નાશ કર્યો, પરંતુ) એ સમયે અપરાધ કરાવનાર લોભનો જ (આધ્યાત્મિક લોભનો અમુક અંશે જેણે તે સમયે યશોદા પાસે અપરાધ કરાવ્યો તેનો જ) નાશ કર્યો. તેથી આગળ 'યશોદાના લોભને અને વાસણને તોડી નાખ્યાં' એમ કહ્યું. તેનો તથા આગળના ગ્રંથનો વિરોધ થતો નથી. (ટિ)
૮. આધિદૈવિક લોભ પાછળ કહ્યું તેમ કરવા તત્પર થએલ. તે પ્રમાણે રજોગુણ ત્રણ નવાં ઉત્પન્ન કરવા તૈયાર થયો. ૧.બીજી (દોષરહિત) યશોદા. ૨.તેનો લોભ માત્ર ભગવાનના જ સંબંધવાળો અને ૩.ભગવાનને ઉપભોગ કરવા યોગ્ય દૂધ વિગેરે ભોગના પદાર્થો. આ ત્રણ નવાં (જૂદાં) ઉત્પન્ન કરવા રજોગુણ તત્પર થયો એવો અર્થ છે. આથી ભગવાનને ઘણો ક્રોધ થયો એમ જણાવેલું છે. (ટિ)
૯. રજોગુણ ઉત્પત્તિનું કારણ છે, તેથી ઉત્પન્ન કરવા તેનો પ્રાદુર્ભાવ થયો. (લે)
૧૦. આધિદૈવિક લોભ અને રજોગુણ એ બંનેને, એવો અર્થ છે. (ટિ)
૧૧. દાંતો યશોદા ઉપરના સ્નેહની કલાઓ છે. તેમનાથી એટલે યશોદા ઉપરના સ્નેહને લીધે ભગવાને અધર પીસ્યો. તે અધર આધિદૈવિક લોભથી સ્ફૂરેલો અને રજોગુણથી અરુણ (લાલ) થએલો હતો. તેને પીસ્યો એટલે આધિદૈવિક લોભ તથા રજોગુણ બંનેનું નિવારણ કર્યું એવો અર્થ છે. પીસ્યો એટલે દબાવ્યો, રોક્યો, નિવારણ કર્યું, એ અર્થ સ્પષ્ટ છે.
૧૨. 'યશોદાને પોતાના પુત્ર અને દૂધ ઉપર સરખી પ્રીતિ હોય તો પણ દૂધ માટે તે પુત્રનો ત્યાગ કરે એ સંભવતું નથી. તેથી તેણે પુત્રનો ત્યાગ કર્યાનું કહ્યું તે બરાબર લાગતું નથી' એવી શંકા થાય, તેથી તેણે ત્યાગ કેમ કર્યો તેનું યોગ્ય કારણ કહેતાં, પથ્થરથી વાસણ ભગવાને ભાગ્યું તેનું તાત્પર્ય પણ કહે છે. યશોદામાં રહેલી દૂધ ઉપરના સ્નેહની કલાએ યશોદાને પ્રભુનું વિસ્મરણ કરાવ્યું, તેથી તે દૈત્યોના આવેશવાળી જ તેનામાં આવેલી. તેથી તે એ પ્રમાણે ગઈ. તે દૈત્યના આવેશવાળી કલાનો નાશ અલૌકિક રીતે કરવા ભગવાને

આધિદૈવિક દૈત્યોનું નિવારણ યજ્ઞના આયુધથી જ ઉત્પન્ન થએલા શબ્દથી કરવું જોઈએ. તે પ્રસંગે મોટો શબ્દ કરતાં (છાશની ગોળીને ઓરસીઆ ઉપર વાટવાનો પથ્થર જોરથી મારતાં) વાસણ જ ભાંગ્યું. એ પ્રમાણે (યશોદા ઉપર) ઉપકાર કરી, (ભગવાન્) ખોટા આંસુઓવાળા થયા. (નયનમાં ખોટાં આંસુઓ લાવ્યા), કારણ કે છાશનું વાસણ ભાંગે[13] તેમાં પણ દોષનો સંભવ છે. (દોષ થાય). જોકે પોતાની મેળે (છાશનું વાસણ) ભાંગીએ તો તેમાં દોષ નથી, તો પણ રુદ્ર[14] આવ્યો છે એમ લોકમાં જણાવવા આંસુઓ લાવ્યા. તેમ ન હોય તો[15] (છાશના) વાસણના દેવતાનો ભંગ થાય નહિ[16]. આંસુઓનું કાર્ય રૂપું વિગેરે[17] અને નૈમિત્તિક[18] છે. તે બેઉ નહિ હોવાથી આંસુઓ ખોટાં હતાં. અથવા યશોદાનો નાશ થવાના ભયથી

ઓરસીઆ ઉપર વાટવાના પથ્થરથી વાસણ તોડ્યું, કારણ કે શ્રુતિ કહે છે કે '(૧) સ્ફ્ય, (૨) કપાલો, (૩) અગ્નિહોત્ર હવણી, (૪) શૂર્પ, (૫) કૃષ્ણાજિન (કાળા મૃગનું ચર્મ), (૬) શમ્યા, (૭) ખાંડણીઓ, (૮) મુસલ, (૯) ઓરસીઓ અને (૧૦) ઉપલા, એ દશ યજ્ઞનાં આયુધો છે' તેથી યજ્ઞના આયુધ ઓરસીઆના પથ્થરથી વાસણ ફોડી ભગવાને જે અવાજ કર્યો તે સાંભળતાં યશોદાને પુત્ર ભગવાનનું અનુસંધાન થયું, એટલે તેમાંથી દૈત્ય જતો રહ્યો. યશોદામાં દૈત્યનો આવેશ થાય એમ કહેવું યોગ્ય નથી, તેથી 'ઈવ' '(દૈત્યના આવેશવાળી) જેવી' તે હતી એમ કહેલું છે. ખરી રીતે તો ભગવાને યશોદાને મોહ કરેલો તે જ તેવો હતો, તેથી તેનામાં દૈત્યનો આવેશ થએલો. તેથી જ આ પણ ભગવાનની લીલા હોવા છતાં એ (ભગવાનને તજી જતાં રહેવાનું યશોદાનું કાર્ય) બહુ અયોગ્ય હતું, તેથી શ્રીમદાચાર્યચરણે યશોદાને 'દૈત્યના આવેશવાળી જેવી' કહેલી છે. (ટિ)

કૃષ્ણોપનિષદમાં યશોદાને 'મુક્તિગેહિની' કહી કહેલું છે કે 'તે સાત્ત્વિકી, રાજસી અને તામસી એમ ત્રણ પ્રકારની માયા કહેલી છે. સાત્ત્વિકી રુદ્ર ભક્તમાં, બ્રાહ્મણમાં રાજસી અને દૈત્યોમાં તામસી, એમ ત્રણ પ્રકારની માયા કહેલી છે.' તેથી યશોદા મુક્તિરૂપ હોવા છતાં માયા છે, તેથી (૧) રુદ્ર આવે છે, (૨) રજોગુણનો સંબંધ થાય છે અને (૩) દૈત્યનો આવેશ થાય છે. તેથી આ પ્રમાણે વિવરણ કરેલું છે. શ્રુતિમાં સૂક્ષ્મરૂપથી કહેલું છે અને શ્રીમદ્ભાગવત શ્રુતિરૂપ છે અને તેમાં કહેલ અર્થ વિસ્તારથી કહે છે. (પ્ર)

૧૩. 'ભાંગે' એટલે પોતાની મેળે 'ભાંગે' એવો અર્થ છે. (લે)

૧૪. 'જે આવે તે વિશેષણસહિત આવે' એ ન્યાયે રુદ્ર પોતાના ધર્મ રોદન (રડવું તે) સાથે આવ્યો, અને તેની સાથે રહેલ રુદ્રનો ધર્મ ક્રોધ છે, તેથી ક્રોધથી સર્વનો નાશ કરનાર રુદ્ર આવ્યો, એવો અર્થ છે. (લે)

૧૫. 'તેમ ન હોય તો' એટલે રુદ્ર ન આવ્યો હોય તો. (પ્ર) ક્રોધ ન થયો હોય તો. (લે)

૧૬. 'ભંગ થાય નહિ' એટલે 'ભગવાન્ તેને ભાંગત નહિ'. (પ્ર)

૧૭. 'જે આંસુ આવ્યાં તે રૂપું અને સુવર્ણ થયાં' શ્રુતિ આંસુનું એક કાર્ય રૂપું વિગેરે કહે છે તે. (પ્ર)

૧૮. નિમિત્તથી એટલે ક્રોધથી કરવાનો દંડ એ બીજું નૈમિત્તિક કાર્ય, એવો અર્થ છે. (પ્ર) 'નિમિત્તનો નાશ' એવો અર્થ છે. (લે)

આંસુઓ આવ્યાં. તેમ હોય તો પણ રક્ષણ કરનાર પોતે હતા, તેથી આંસુઓ ખોટાં જ હતાં. વસ્તુતઃ (તે) વાસણમાં દૈત્યે પ્રવેશ કરેલો, અને તે દૈત્યનો વધ કરવા માટે જ ભગવાને તે (વાસણને ફોડવાનું કાર્ય) કરેલ.

પછી તે(યશોદા)નો શ્રમ સાર્થક થાય તેવા હેતુથી ભગવાને બાલકોને માટે માખણ એકાંતમાં ખાધું; અથવા બાલકોને માટે માખણ ભગવાન્ એકાંતમાં લઈ ગયા[૧૯]. ભગવાન્ પોતે પણ[૨૦] ભક્ષણ કરવાના છે, તેથી 'અન્તરં ગતઃ' એટલે બાલકોથી ભેદ પામ્યા. ત્યારથી તેઓને બાલકોને પોતાથી જૂદા કર્યા. ભગવાન્ પોતે ઘરની અંદર[૨૧] પધાર્યા અને ત્યાં પણ એકાંતમાં આધિદૈવિક દૈત્યો[૨૨] જઈ શકે નહિ તેવા સ્થાનમાં બાલકોને માટે જ[૨૩] તેમણે માખણ ખાધું. ૬.

પછી શું થયું તે નીચેના શ્લોકમાં કહે છેઃ

**ઉત્તાર્ય ગોપી સુશ્રૃતં પયઃ પુનઃ પ્રવિશ્ય સંદશ્ય ચ દધ્યમત્રકમ્ ।।**
**વિલોક્ય ભગ્નં સ્વસુતસ્ય કર્મ તજ્જહાસ તં ચાપિ ન તત્ર પશ્યતી ।।૭।।**

ગોપીએ દૂધ ઉતારી, ફરી સારી રીતે ઉકળેલું ઉતારી, અંદર જઈ, દહીંના વાસણને જોઈ, તેને ભાંગેલું જોઈ, પોતાના પુત્રનું તે (કર્મ) જાણી, અને તેને પણ ત્યાં ન જોતાં હસી. ૭.

દૂધ તો સારી રીતે ઉકળેલું એટલે બરાબર પાકેલું હતું. તેને ઉતારી, ભૂમિ ઉપર રાખી, ફરી સારી રીતે ઉકળેલું (કર્યું), એટલે એકવાર ઉભરો આવતાં ઉતારી, ફરી અગ્નિ ઉપર મૂકી પછી ઉકળતાં ફરી ઉતાર્યું એવો અર્થ છે. પછી મંથન કરવાના સ્થાનમાં ગઈ. આથી એમ જણાય છે કે આંગણામાં દૂધ અગ્નિ ઉપર મૂકેલું, અને ઘરમાં દહીંનું મથન કરતી હતી. તે (મથન જ્યાં કરતી હતી તે) ઘરમાં જઈ, દહીંનું વાસણ જોયું, અને તે વાસણને ભાંગેલું સારી રીતે જોયું. કર્તા કરણ અને કર્મનું સત્યજ્ઞાન (તેને થયું એમ જણાવવા આ પ્રમાણે કહેલું છે). શ્લોકમાં 'ચ' 'અને'

---

૧૯. 'જઘાસ' ને બદલે 'જહાર' શ્લોકમાં પાઠ લઈ આ અર્થ કરેલ છે.

૨૦. 'ભક્તિથી જે ધરે તે ભગવાન્ ભક્ષણ કરે છે' એમ આગળની લીલામાં ભગવાન્ પોતે ભક્ષણ કરવાના છે, તેથી એમ કહેલ છે. (પ્ર) ભગવાનનાં ગુણગાન કરતાં યશોદાએ ઉત્પન્ન કરેલું માખણ ભગવાન્ પોતે પણ આરોગે તે યોગ્ય છે એવો ભાવ છે, અહિં બાલકોને જૂદા કરેલ હોવાથી ભગવાન્ પણ ભક્ષણ કરે છે એમ જાણવું. (લે)

૨૧. 'અન્તર' શબ્દના બે અર્થ છે, (૧) ભેદ, (૨) અંદર, એ બંને અર્થો લઈ બે જૂદા અર્થ કરેલ છે. (પ્ર)

૨૨. માતા જૂએ તેવા સ્થાને ભગવાન્ ભક્ષણ કરે તો માતાને ક્રોધ થાય. તેથી જ્યાં ભક્ષણ કરવાથી તેમને ક્રોધ ઉત્પન્ન થાય નહિ તેવા સ્થલે ભક્ષણ કર્યું એવો ભાવ છે. (ટિ)

૨૩. 'બાલકોને માટે જ' એટલે બાલકોને આપવા માટે જ પોતે પણ ભક્ષણ કર્યું એવો અર્થ છે. (લે)

શબ્દ છે તેથી (એમ સૂચવેલું છે કે) માખણનો અભાવ અને છાશનો પ્રવાહ પણ તેણે જોયાં. પછી તે કર્મ પોતાનાં પુત્રનું છે એમ 'સન્દશ્ય' બરાબર જાણીને, લૌકિકમાં પ્રવેશેલાં ચિત્તવાળી (તે યશોદા) (ભગવાને) દૈત્યોનું નિવારણ[૧] કરેલું હોવાથી હસી. (તેણે) હાસ્ય કર્યું પરંતુ ક્રોધ કર્યો નહિ. ૭.

જો ભગવાન્ ત્યાં જ રહે તો (યશોદા) કાંઈ ન કરે. અતૃપ્ત(ભગવાન્)ને જ તજી દીધેલા હોવાથી પોતાનો જ અપરાધ હોવાથી તે પ્રસંગે તે શાંત જ રહેત. ભગવાન્ તો તેનું ગાઢ લૌકિકજ્ઞાન[૧] દૂર કરવાને, અથવા તે (યશોદાનું લૌકિકજ્ઞાન) દૃઢ છે એમ (તેને) જણાવવા, તેનો તામસભાવ ઉત્પન્ન કરવા ત્યાંથી જતા રહ્યા. તે પ્રસંગે જઈ, પહેલાં પણ દૈત્યનો આવેશને લીધે[૨] (યશોદાએ) જે માખણ વિગેરે પ્રાપ્ત કરેલ અને તે પણ શીકામાં પડેલું હતું તે પોતાની ઈચ્છા પ્રમાણે માંકડાંઓને આપવા માંડ્યું. માંકડું પણ દાંતવાળું હોવાથી ક્રૂર પ્રાણી છે. માખણ પણ ઉપયોગ વગરનું[૩] હતું. શીકું[૪] પણ મૃત્યુનો પાશ (બંધ) છે. (ભગવાન્) પોતે ખાંડણીઆની ઉપર રહેલા છે, ખાંડણીઆને ઊંધો મૂકી તેના ઉપર રહેલા (ઉભેલા) છે, એટલે તેઓના[૫] દોષ મટાડવા યજ્ઞપુરુષ થઈને 'અગ્નિ રાખનાર'ની પેઠે રહેલા છે, કારણ

---

૧. ભગવાને દહીંનું (છાશનું) વાસણ ભાંગી નાંખ્યું એટલે દૈત્યનો જે પદાર્થમાં આવેશ થએલો તેના નાશ થયો, તેથી દૈત્યોનું નિવારણ થતાં ભગવાન્ ઉપર યશોદાને વાત્સલ્યરસ થયો. તેથી 'મારો પુત્ર આટલું કરવા સમર્થ થયો' એવા વિચારથી આનંદથી તે હસી, પરંતુ તેને ક્રોધ થયો નહિ. જો દૈત્યોનું નિવારણ કરેલ ન હોત તો દૈત્યો નિકટ રહેવાથી તેમના ધર્મનો આવેશ રહેવાથી ભગવાન્ ઉપર તેને ક્રોધ થાત, પણ ભગવાને દૈત્યોનું નિવારણ કરેલું હોવાથી, અસત્સંગ(દુષ્ટનો સંગ) નહિ રહેવાથી તેને ભગવાનના ઉપર ક્રોધ થયો નહિ એવો ભાવ છે. (લે)

૧. 'લૌકિક' એટલે 'ઘરના અધ્યાસરૂપ'. (પ્ર)

૨. યશોદાએ પહેલાં પણ જે (માખણ વિગેરે) પ્રાપ્ત કરેલ તે ભગવાન્ માંકડાંને આપે છે, એવો વાક્યનો સંબંધ છે. 'દૈત્યના આવેશને લીધે' શબ્દથી માખણ માંકડાંને આપવાનું કારણ કહેલું છે. જેના ઉપર પોતાને પ્રેમ છે તેવા પદાર્થનો ભગવાન્ પોતે અંગીકાર કરતા નથી અને ક્રૂર પ્રાણીઓને આપે છે, તેથી તે દોષવાળું હતું એમ જણાય છે. એમાં લૌકિક દોષ કોઈ દેખાતો નહિ હોવાથી તેમાં કોઈ અલૌકિક દોષ જ હોવો જોઈએ, તે 'દૈત્યના આવેશને લીધે' શબ્દથી જણાવેલો છે. શકટ(ગાડા)ના દૃષ્ટાંતથી બીજે પણ એવું જણાય ત્યાં એમ જાણવું જોઈએ. તેથી એમ માનવામાં કાંઈ અસંભવ (અયોગ્યતા) નથી. (ટિ)

૩. દૈત્યના આવેશવાળું હોવાથી ભગવાનના ઉપયોગનું ન હતું એવો અર્થ છે. (લે)

૪. 'શીકાંને મૂકે છે. (તે) મૃત્યુનો પાશ છે' શ્રુતિ પ્રમાણે શીકું મૃત્યુનો પાશ છે. (પ્ર)

૫. 'તેઓનાં' એટલે 'યશોદા, માખણ અને શીકાનાં' એવો અર્થ છે, (પ્ર) તેઓનો એટલે માંકડાંઓનો ક્રૂરપણાનો દોષ મટાડવા એવો અર્થ છે. (લે) પ્રકાશનો અર્થ વધારે યોગ્ય જણાય છે.

કે ખાંડણીઓ અગ્નિની નાભિરૂપ[૬] છે. તેના ઉપર રહીને બાકીનાની શાંતિ માટે વધારાનું (માખણ વિગેરે) બીજાને આપે છે. પછી યશોદાએ અંદર જઈને તેવા પુત્રને જોયા, એમ નીચેના શ્લોકમાં કહે છેઃ

**ઉલૂખલાંઘ્રેરુપરિ વ્યવસ્થિતં મર્કાય કામં દદતં શિચિ સ્થિતમ્ ।।**
**હૈયંગવં ચૌર્યવિશઙ્કિતેક્ષણં નિરીક્ષ્ય પશ્ચાત્ સુતમાગમચ્છનૈઃ ।।૮।।**

ખાંડણીઆની ઉપર રહેલા, માંકડાંને શીકાંમાં રહેલું માખણ ઈચ્છા મુજબ આપતાં, ચોરીને લીધે ભયવાળા ચક્ષુવાળા પુત્રને જોઈને (યશોદા) ધીરે ધીરે (તેમની) પાછળ આવ્યાં. ૮.

પહેલાં (યશોદાએ) ત્યાં ભગવાનને ન જોયા એટલે માંકડું[૭] પણ દેખાયું નહિ, તેથી શંકા[૭] પણ થઈ. તેથી[૭] (ભગવાનને) શોધવાની પણ જરુર હતી. શોધતાં ચિત્ત ફરીથી ભગવાનમાં ચોટ્યું એટલે ભગવાનને તેણે જોયા. દોષો નકામા (કાંઈ કરી શકે નહિ તેવા) હતા એમ જણાવવા, (ભગવાને) ખાંડણીઆને ઊંધો કર્યો ત્યારે અગ્નિ જ ઊંધો કરેલો થયો. તેથી જ્યાં સર્વ દોષોનો નાશ કરનાર અગ્નિ જ વિપરીત થયો ત્યાં દોષોનું શું ગજું[૮] ? એમ જણાવેલું છે. 'કામમ્' એટલે ઈચ્છા પ્રમાણે. સંદેહ નહિ હોવાથી તે દેવાનું જ હતું. 'હ્યં' એટલે પૂર્વકાલનું 'ગો' ગાયનું સંબંધિ ('ગવમ્') તે 'હ્યૈયંગવમ્'[૯] એટલે પૂર્વકાલનું ગાયનું સંબંધિ

---

૬. 'ખાંડણીઆને મૂકે છે. તે અગ્નિની નાભિ છે' શ્રુતિ પ્રમાણે ખાંડણીઓ અગ્નિની નાભિ છે. (પ્ર)

૭. 'તં ચાપિ ન તત્ર પશ્યતી' એ ગયા શ્લોકના છેલ્લા ચરણમાં 'ચ' શબ્દ છે તેનો આ અર્થ છે. ભગવાન્ અથવા માંકડાંને યશોદાએ જોયાં નહિ, પણ ભગવાનનાં અને માંકડાંનાં ચિહ્નો જોયાં એમ જાણવું. તેથી જ તેને 'શંકા પણ થઈ' એમ કહેલું છે. ભગવાને વાસણ ફોડ્યું કે માંકડાએ, એવી શંકા થઈ અથવા માંકડાંનાં ચિહ્નો દેખવાથી 'ભગવાન્ માંકડાંના ભયથી ભાગી ગયા કે રમવા ગયા ?' એવી શંકા થઈ. ગમે તેવી શંકા લેતાં ભગવાનને માંકડાંની સોબત થાય છે. માંકડાં દુષ્ટ હોવાથી તેમને ભગવાનથી દૂર કાઢવાં જોઈએ જ. તેથી ભગવાનને શોધવાની પણ જરુર પડી. (પ્ર)

૮. 'ક્રૂર પ્રાણીઓને ભગવાનના દર્શનનો અધિકાર કેમ હોય ?' એવી શંકા થાય, તેથી આ કહેલું છે. (લે)

'યશોદા ભગવાનને શોધવા મંડ્યાં એટલે જ તેમનામાં દોષ હોવા છતાં તેમને ભગવાનનાં દર્શન કેમ થયાં ?' એવી શંકા થાય, તેથી આ કહેલું છે, જે ભક્તિમાર્ગમાં ભગવાન્ મર્યાદામાર્ગના ધર્મોને પણ ઊંધા કરે છે, તેમાં (ભક્તના) દોષો દૂર કરે તેમાં શું સંદેહ હોઈ શકે ? એવો ભાવ છે. (પ્ર) પ્રકાશનો અર્થ વધારે યોગ્ય જણાય છે.

૯. 'હ્યં ગોઃ સંબંધિ'. 'હ્યં' કાલવાચક અવ્યય છે. તેના સંબંધવાળી 'ગૌઃ' ગાય. તેના સંબંધવાળું 'હૈયંગવં' (માખણ). (લે)

માખણ (જૂનું અથવા ભેગું કરેલું માખણ). 'ચૌર્ય' ચોરી થવાથી (કરવાથી) 'વિશંકિતે' ભયવાળાં છે 'ઈક્ષણે'[૧૦] બે નયનો જેમનાં (તેવા (ચૌર્યવિશંકિતેક્ષણ) ભગવાન્ હતા). તેના (યશોદાના) ચોરીના દોષનું નિવારણ કરવા[૧૧] (ભગવાન્) સર્વના પતિ હોવા છતાં (ચોર થયા). (ભગવાને) તેવી સ્થિતિ ઉત્પન્ન કરેલી હોવાથી, લોકમાં ચાલતી રીત પ્રમાણે તે માખણ લઈ ગયા તેને ચોરી કહેલી છે. અથવા તેમનામાં[૧૨] (ભગવાનમાં) તેની દોષદષ્ટિ છે એ તેનું જ્ઞાન કાલને[૧૩] લીધે છે, અને કાલથી તેનો નાશ થશે, તેથી વિશેષ રીતે ભયવાળું ઈક્ષણ (નયન અથવા દષ્ટિ) છે જેમનું તેવા (ભગવાન્) થાય છે; અથવા ચોરીની શંકાવાળીમાં ઈક્ષણ છે જેમનું (તેવા ભગવાન્ થયા). બંને રીતે[૧૪] (બેમાંથી ગમે તે અર્થ લેતાં તેના જ્ઞાનનો નાશ થવાની શંકા રહે છે. (ઉપર વર્ણવ્યા) તેવા(ભગવાન)ને પોતે જોઈને, પુત્રને પાછળથી એટલે પાછલા ભાગ તરફથી (અથવા) પીઠથી જોતી પાપ દષ્ટિવાળી[૧૫]

---

૧૦. અહિં ત્રણ રીતે સમાસ છોડ્યો છે. પહેલામાં 'ઈક્ષણે' એટલે 'બે નયનો' એમ દ્વિવચન લીધું છે. બીજા અને ત્રીજામાં પરોક્ષ(ગૂઢ અર્થવાળા)વાદ પ્રમાણે અર્થ કહેલો છે. તે વાદ જ્ઞાનપરાયણ હોવાથી તેમાં 'ઈક્ષણં' એમ એકવચન લેવું જ યોગ્ય છે. તેથી એ પ્રમાણે એકવચન લીધેલું છે. (લે)

૧૧. પાછળ ત્રીજા શ્લોકના બીજા ચરણમાં 'પુત્રના સ્નેહને લીધે સ્રવતાં' અને કાંપતાં સ્તનોને યશોદા ધારણ કરતી હતી એમ કહેલું છે, એટલે ભગવાન જ જેનો ભોગ કરવા યોગ્ય છે તેવાં ધાવણને તે રોકી રાખે છે, એ યશોદાની ચોરી છે. આ તેનો ચોરીનો દોષ ભગવાન્ તેની વસ્તુ (માખણનો) ઈચ્છા પ્રમાણે વિનિયોગ કરી (માંકડાંઓને આપી) સંતોષ પામી દૂર કરે છે. (ટિ)

૧૨. 'તેમનામાં' એટલે (પોતાના) દોષો દૂર કરનાર ભગવાનમાં. (લે)

૧૩. 'ચૌર્યવિશંકિતેક્ષણમ્'માં 'વિ' શબ્દ છે. તેનો અર્થ 'કાલ' પણ થાય છે, તેથી તેનો અર્થ 'કાલ' લઈ આ અર્થ કરે છે. તે બાલક છે એમ જાણી 'તે ચોર છે' એમ યશોદા વ્યવહાર કરે છે. બાલલીલાના કાલને લીધે તે ચોર છે, એમ યશોદા માને છે. ભગવાને બાલભાવનો સ્વીકાર કરેલો છે, તેથી યશોદા તેમનામાં દોષ જૂએ છે એવો ભાવ છે. એટલે આ શબ્દનો એવો અર્થ છે કે ચોરી થઈ એટલે 'કાલને લીધે શંકાવાળું થએલું છે ઈક્ષણ એટલે જ્ઞાન જેમનું'. ઈક્ષણ (એટલે નયન તે) જ્ઞાનેન્દ્રિય હોવાથી જ્ઞાનરૂપ છે. જ્ઞાનેન્દ્રિય પાંચ છે છતાં બૃહદારણ્યક ૫।૧૪।૪ શ્રુતિ કહે છે કે ''ચક્ષુ ખરેખર સત્ય છે તેથી હમણાં બે વાદીઓ આવી 'મેં જોયું' 'મેં સાંભળ્યું' એમ (કહે) તેમાં જે 'મેં જોયું' એમ કહે તેને સાચો માનવો'' તેથી ચક્ષુ મુખ્ય જ્ઞાનેન્દ્રિય છે, તેથી તેને જ સર્વત્ર જ્ઞાનરૂપ કહેલી છે એમ જાણવું. (ટિ+પ્ર+લે)

૧૪. 'ભગવાને ખરેખર ચોરી કરી છે' એમ માને તો ભગવાનના કાર્યના તાત્પર્યનું તેને જ્ઞાન નહિ હોવાથી તેના જ્ઞાનનો નાશ થાય. 'ભગવાને ચોરી કરી છે' એવી તેને શંકા હોય, તો ભગવાનના સ્વરૂપનું તેને જ્ઞાન નહિ હોવાથી તેના જ્ઞાનનો નાશ થાય. તેથી બંને રીતે તેના જ્ઞાનનો નાશ થવાની શંકા રહે છે. (લે)

૧૫. ''જે અધર્મ છે તેને મારી પાછળ રાખેલ છે'' વાક્ય પ્રમાણે (ભગવાનની) પીઠની દિશા

ધીરે ધીરે આવી એટલે માત્ર થોડું (થોડે થોડે) જ આવી, કારણ કે પાપદષ્ટિવાળું ઝડપથી (ભગવાન્ પાસે) આવવા યોગ્ય નથી. (આવી શકતું નથી). ૮.

પછી તે(યશોદા)ને જોઈને, તે (મારો) સ્પર્શ કરવા યોગ્ય નથી એમ (જાણીને) ત્યાંથી ભગવાન્ જતા રહ્યા, એમ નીચેના શ્લોકમાં કહે છેઃ

**તામાત્તયષ્ટિં પ્રસમીક્ષ્ય સત્વરસ્તતોવરુહ્યાપસસાર ભીતવત્ ।।**
**ગોપ્યન્વધાવન્ ન યમાપ યોગિનાં ક્ષમં પ્રવેષ્ટું તપસેરિતં મનઃ ।।૯।।**

લાકડી લીધેલી તેને જોઈને, ત્વરાસહિત ઉતરીને ભય પામેલાની પેઠે (ભગવાન્) ત્યાંથી નીકળી ગયા. યોગીઓનું તપથી પ્રેરેલું સમર્થ મન જેમને પહોંચી શક્યું નથી તેમની પાછળ ગોપી દોડી. ૯.

અહિં લાકડી વાછરડાંને હાંકી કાઢવાની જાણવી. તેને ભગવાનમાં પણ વાછડાની બુદ્ધિ થઈ. 'આત્તા' લીધેલી છે 'યષ્ટિઃ' લાકડી જેણે તેવી ('આત્તયષ્ટિ') તે હતી, (તેને) જોઈને જ ભગવાન્ ભાગ્યા નહિ, પરંતુ તેના (મનની) અંદરના અને બહારના ભાવને 'પ્ર' એટલે ઘણો અથવા સારી રીતે જોઈને, (તે પોતાની) પાસે આવવા પણ યોગ્ય નથી એમ જાણીને, તેનો દોષ[1] દૂર કરવા માટે ત્વરાસહિત ત્યાંથી (ખાંડણીઆ ઉપરથી) ઉતરી દોડ્યા, એટલે તેનાથી ઉલટી બાજુએ મુખ રાખીને જ ભાગ્યા. તેના (યશોદાના) દોષથી[2] પોતાની અંદર રહેલા બાલકોને પણ દોષ લાગશે એમ જણાવવા, 'ભય પામેલાની પેઠે' એવું દૃષ્ટાંત આપેલું છે. જેમ ભય પામેલો તેનો (જેનાથી તે ભય પામ્યો હોય તેનો) પોતાના વિષે અપકાર (પીડા કરવાની બુદ્ધિ) જાણે છે, તેમ ભગવાને પણ પોતાની અંદર તેનો દોષ વિચાર્યો. આથી જ ભગવાન્ ભય પામ્યા ન હતા એમ જણાવેલું છે. યશોદા પણ ગોપી (ગામડીઆ અથવા અલ્પબુદ્ધિવાળી) હતી તેથી પાછળ દોડી. ભગવાનની પાછળ દોડવા મંડી. 'જે ભગવાનને યોગીઓનું એટલે જેઓને યોગ સિદ્ધ થયો છે તેમનું દોષરહિત મન, અને તે પણ તપથી પ્રેરાએલું એટલે ધર્મના સંસ્કારવાળું હોવા છતાં પણ પહોંચી શકયું નથી' એમ, યશોદાનો અવિવેક પ્રકટ કરવા શુક ભગવાનને ઓળખાવે છે. તેથી યશોદા પણ અર્થ (પહોંચી ન શકાય તેવી વસ્તુ)ને લીધે જ તેમને પકડી શકી નહિ એવો અર્થ છે.૯.

---

પાપનું સ્થાન છે. તેથી ત્યાં (પીઠ તરફ) વ્યાપેલી દૃષ્ટિ પાપવાળી થાય છે જ, એવા ભાવથી 'પાપદષ્ટિવાળી' એમ કહેલું છે. (ટિ)

૧. જો ભગવાન્ ત્યાં જ રહે તો યશોદા વિરુદ્ધક્રિયારૂપ દોષ કરે એટલે મારવાનું વિગેરે કરે એવો અર્થ છે. (લે)

૨. અહિં કર્તા માટે છઠ્ઠી વિભક્તિ યોજેલી છે. 'તેનો દોષ' એટલે તે (મારવાની વિગેરે ક્રિયા કરે તે) ક્રિયારૂપ દોષ. તે દોષથી બાલકોને પીડા થાય, ભગવાનને તો કોઈ પ્રકારનો ભય નથી એવો અર્થ છે. (લે)

એ પ્રમાણે ભગવાનમાં દોષ જોવાથી ભગવદીય પણ ભગવાનને પ્રાપ્ત કરી શકતો નથી એમ કહ્યું. તેવા ઉપર પણ ભગવાન્ કૃપા કરે છે. તેથી ભગવાનની કૃપાથી ભગવાનનો તેણે સ્પર્શ કર્યો, એમ નીચેના શ્લોકમાં કહે છેઃ

**અન્વંચમાના જનની બૃહચ્ચલચ્છ્રોણીભરાક્રાન્તગતિઃ સુમધ્યમા ।।**
**જવેન વિસ્રંસિતકેશબન્ધનચ્યુતપ્રસૂનાનુગતિઃ પરામૃશત્ ।।૧૦।।**

પાછળ જતી શોભિતી મધ્ય(કેડ)વાળી જનની મોટા હાલતા નિતંબોના ભારથી અટકાએલી ગતિવાળી થતી હતી. ઝડપને લીધે પડી ગએલાં અને અંબોડા માંથી છૂટી પડેલાં પુષ્પોની પાછળ ગતિવાળી (તેણે ભગવાનને) પકડ્યા. ૧૦.

ભગવાનને માટે કરેલો પ્રતિકૂલ (ઊંધો) શ્રમ પણ સાર્થક થાય છે. (ભગવાનની પાછળ જતી) બે નિતંબોને[૧] ખેંચતી, જેમ રથને ખેંચતા બળદની ભારને લીધે ગતિ અટકાય (ધીરી થાય) તેમ ભારથી અટકાએલી ગતિવાળી થઈ. 'ભર' ભારથી 'આક્રાન્તા' અટકાએલી છે 'ગતિઃ' જેની, તેવી (તે થઈ). દુષ્ટ ગતિ ભારથી જ અટકાઈ (ધીરી થઈ). તેથી[૨] બુદ્ધિ પણ દોષ વિગેરેમાંથી નીકળી જઈ, (ભગવાન્ પાછળ) જવામાં જ તત્પર થઈ, એમ 'શોભિતી મધ્યવાળી' શબ્દથી કહેલું છે. 'જનની' એ શબ્દથી દૂધવાળાં બે સ્તનોનો ભાર પણ સૂચવેલો છે, પણ તે માતા હોવાથી વર્ણવેલો નથી. વાસ્તવિક રીતે તો તે ('અજનની') જનની નથી[૩]; (કારણ કે) કોઈપણ જનની એવું (પુત્રને મારવા દોડવાનું) કરતી નથી. 'સુમધ્યમા' શબ્દથી (એમ કહેલું છે, કે) (તે) ('મધ્યે') અંદરથી ભક્ત હતી, પરંતુ બહારથી મોહ પામેલી હતી. છતાં દુષ્ટભાવને[૪] લીધે ભારથી ગતિ અટકાએલી હતી, એમ કહી (તેને) શોભિતા મધ્યભાવ(કેડ)વાળી કહેતાં, (શુકે) તેના દોષનો અભાવ અને ગુણ કહેલા છે. તેને અભિમાન ન હતું એમ જણાવવા, 'ઝડપને લીધે પડી ગએલાં અને અંબોડામાંથી છૂટી પડેલાં પુષ્પોની પાછળ ગતિવાળી' કહે છે. ઝડપને લીધે સારી રીતે પડી ગએલાં, અંબોડામાંથી છૂટી પડેલાં પુષ્પો, તેઓની 'અનુ' એટલે પાછળ ગતિ છે જેની તેવી (યશોદા હતી).

---

૧. શ્રીસુબોધિનીમાં 'શ્રોણી' પદ છે તે બીજી વિભક્તિનું દ્વિવચન છે. (લે)
૨. 'તેથી' એટલે ભારને લીધે અટકાએલી ગતિથી (જવાનું) જે તપ થયું તેથી. (પ્ર)
૩. કારણ કે પુરુષોત્તમ જન્મતા જ નથી. તેથી તે તેમની જનની નથી, એવો અર્થ છે. (પ્ર)
આત્મજ (પુત્ર) વાસુદેવ છે, એમ પાંચમા અધ્યાયમાં નિર્ણય કરેલો છે તેથી એવો ભાવ છે. આ ભાવ પુરુષોત્તમ સુધી પહોંચતો હોત તો યશોદાને તેમનામાં નિરૂપધિ સ્નેહ હોત; એ જ આગળ 'કોઈ પણ જનની એવું કરતી નથી' એમ કહેલું છે, તેથી જ ગોપીઓનો ભગવાનમાં નિરૂપધિ સ્નેહ હતો. (લે)
૪. 'બહારના દુષ્ટ વ્યાપાર(લાકડી લઈ મારવા જવારૂપ)ને લીધે' એવો અર્થ છે. (પ્ર)

પુષ્પો પણ તેની સાથે જતાં હતાં. 'પ્રકૃષ્ટા' ઘણી જ 'સૂના' હત્યા થાય છે જેમની, તે 'પ્રસૂન' એટલે પુષ્પ, કારણ કે માત્ર (વેલ ઉપરથી) ઉતારવાથી જ તેઓ નાશ પામે છે. દેવ વિગેરે માટે તેઓની હત્યા (કરવામાં આવે છે). તેવાં(પુષ્પો)ને પણ બાંધીને (યશોદાએ અંબોડામાં) રાખેલાં, અને તેઓ પાછાં અંબોડામાંથી ખરી પડે છે. ઉત્પત્તિ અને પ્રલય અને તેમનાં અધિષ્ઠાનવાળી દેવતાઓ[૫] ત્યાં જ (અંબોડામાં જ) સારી રીતે બાંધેલાં. તેવા(ઉત્પત્તિ અને પ્રલયના દેવતાઓ)નું પણ જ્યાં બંધન હોય છે, ત્યાંથી જે મુક્ત થાય છે (છૂટે છે) તેઓને પુનર્જન્મ થતો નથી. ભગવાન્ માટેની ક્રિયાથી[૬] તેમાંથી[૭] મોક્ષ થાય છે. તેથી કેશોનો[૮] પણ બંધમાંથી છૂટકારો થાય છે. (ભગવાન્ માટેની ક્રિયા) પછી જ અંબોડો છૂટી ગયો, (અને) તેમાંથી પુષ્પો છૂટી પડ્યાં. આ (યશોદાના) (૧) દોષનો અભાવ, (૨) ગુણ અને (૩) મુક્તોની પાછળ ગતિ, એ ત્રણ ધર્મોથી તેણે ભગવાનને ચારે તરફથી પકડ્યા એટલે તેમનું આલિંગન કર્યું એવો અર્થ છે. ૧૦.

તેનો દોષભાવ જોઈ ભગવાન્ રડતા હતા, અને તેમણે તેના વિવેકના નાશરૂપ (વિવેકનો નાશ કરવાનો) અપરાધ કરેલો. યશોદાની બુદ્ધિ પ્રમાણે તો (તેમણે) વાસણ તોડ્યું એ અપરાધ કરેલો. (યશોદાના) ઘણા જ મૂઢપણારૂપી દોષને મટાડવા (ભગવાન્) જ્ઞાનશક્તિ(પોતાનાં ચક્ષુઓ)નું ઘર્ષણ (ચોળવાનું) પણ કરતા હતા. 'જેમ જેમ આત્માને શુદ્ધ કરવામાં આવે છે' વાક્ય પ્રમાણે જ્ઞાનશક્તિ તો ભગવાનના કૃત્યથી જ ઉજ્જવલ[૧] થાય છે. યશોદાનો નિરોધ સર્વ

---

૫. 'ક' એટલે બ્રહ્મા. ઉત્પત્તિના અધિષ્ઠાતા દેવ. 'ઈશ' એટલે શંકર. લયના અધિષ્ઠાતા દેવ. 'ક+ઈશ=કેશ.' અંબોડામાં કેશ તે ઉત્પત્તિ અને લયના અધિષ્ઠાનવાળી દેવતાઓ છે એમ જણાય છે. તે દેવતાઓ ત્યાં હોવાથી જ તેમનાં અધિષ્ઠાન ઉત્પત્તિ અને લય પણ ત્યાં છે. ઉત્પત્તિ અને લયની દેવતાઓ પણ જ્યાં બંધાએલી હોય, તેમાંથી જે મુક્ત થાય (છૂટે) તેનો ફરી જન્મ ન થાય એ યોગ્ય જ છે. જો ફરી જન્મ થવાનો હોત તો પોતાની અધિષ્ઠાતા દેવતા સહિતના ઉત્પત્તિ અને લયના સ્થાનમાંથી તે છૂટત નહિ એવો ભાવ છે. (ટિ)

૬. ઉત્પત્તિ અને લયની અધિષ્ઠાતા દેવતાઓના બંધમાંથી પણ મોક્ષ ભગવાન્ માટે (ભગવાન્ પ્રાપ્ત કરવા) કરેલી ક્રિયાથી થાય છે. તે જ કારણથી (ભગવાન્ પ્રાપ્ત કરવા જવાની ક્રિયાથી) જ અહિં પણ કેશનો બંધ છૂટી ગયો એવો અર્થ છે. (લે)

૭. 'તેમાંથી' એટલે (જેમાં ઉત્પત્તિ અને લય તેમની અધિષ્ઠાતા દેવતાઓ સહિત બંધાએલી છે) તેવા બંધમાંથી. (ટિ)

૮. 'સ્વર્ગમાં હું તપ છું' વાક્ય પ્રમાણે ઉત્પત્તિ અને લયની દેવતાઓ ઘણી છે. તેથી અહિં પણ 'કેશ' શબ્દ બહુવચનમાં યોજેલો છે. (લે)

૧. 'ઉજ્જવલ' વિગેરે શબ્દો ગુણ જણાવનારા પણ છે. તેથી 'ઉજ્જવલ' એટલે 'ઉજળા વર્ણવાળી' એવો અર્થ છે. (લે)

પ્રકારે વ્યર્થ ન થાય તે માટે પોતાનું કાર્ય[2] અને તેનો અભાવ જોઈને (ભગવાન્) ભયથી વિહ્વલ ચક્ષુવાળા થયા. તેનું (યશોદાનું) ઉપાધિવાળું[3] અને ઉપાધિવિનાનું[4] જ્ઞાન પણ જશે, એમ (જાણી ભગવાનને) વિહ્વલતા થઈ. એ પ્રમાણે પરમ કૃપાલુ(ભગવાન)ને પકડીને તેણે જે કર્યું તે નીચેના શ્લોકમાં કહે છેઃ

**કૃતાગસં તં પ્રરુદન્તમક્ષિણી કષન્તમઞ્જન્મષિણી સ્વપાણિના ।।**
**ઉદ્વીક્ષમાણા ભયવિહ્વલેક્ષણં હસ્તે ગૃહીત્વા ભિષયન્ત્યવાગુરત્ ।।૧૧।।**

તે અપરાધ કરેલા, રડતા, પ્રકાશતી મેષવાળી આંખોને પોતાના હસ્તથી ચોળતા, ભયથી વિહ્વલ ચક્ષુવાળાને જોતી, હાથથી પકડી, ભય પમાડતી ધમકાવવા મંડી. ૧૧.

'કૃતઃ' કરેલો છે 'આગઃ' અપરાધ જેણે, તેવા (ભગવાન્ હતા). 'આ ક્યો અપરાધ?' એ જાણવાની ઈચ્છા થાય, તેથી 'તમ્' 'તે' શબ્દ યોજેલો છે. 'તે' એટલે વ્યામોહ કરનાર. યશોદાની બુદ્ધિ પ્રમાણે ('તે' એટલે) વાસણ તોડનાર. જો કે (શ્રીકૃષ્ણ) પોતે ઈશ્વર હતા (અને તેથી) તેમનો કોઈ અપરાધ હોય (થાય) નહિ; છતાં આ વ્યામોહ કરનારી લીલા છે. તે (યશોદાને) ભગવાને ઘણો જ વ્યામોહ કર્યો, જેથી ભવિષ્યમાં પછી કરવાની લીલામાં (તે) અડચણકર્તા થાય નહિ. જો તેમ ભગવાન્ ન કરે તો તેની (યશોદાની) ઘણી આસક્તિ હોવાથી હવે પછી કરવાના કાર્યમાં તે વિઘ્નકર્તા જ થાય.

**તચ્ચાસુરાણાં મોહાય સતામપિ ચ કુત્રચિત્ ।।કા. ૧૩।।**

તે[5] (રુદન વિગેરે) અસુરોને મોહ કરવા અને કોઈવાર સત્પુરુષોને પણ મોહ કરવા (ભગવાન્ કરે છે). કા. ૧૩।।

'(મૃત્યુરૂપ) ભય પણ જેનાથી ભય પામે છે તેવા (ભગવાનની) તે (દશા) મને મોહ પમાડે છે'[6] ૧।૮।૩૦ વાક્ય પ્રમાણે, અને(ભગવાનને તે પ્રમાણે કરવાનું) કારણ નહિ જાણવાથી, (યશોદાને) મોહ થાય છે. લોકદષ્ટિ પ્રમાણે (યશોદા) મારશે, એમ જાણી (ભગવાન્) ઘણું રુદન કરે છે. આ[7] પણ બીજું મોહ

૨. 'પોતાનું કાર્ય' એટલે 'નિરોધ'. (પ્ર)
૩. 'ઉપાધિવાળું' એટલે 'રૂપપ્રકરણમાં જણાવેલા પુત્ર તરીકેનું જ્ઞાન.' (લે)
૪. 'ઉપાધિવિનાનું' એટલે 'જ્ઞાનપ્રકરણમાં કહેલું' એવો અર્થ છે. (લે)
૫. 'તે' એટલે 'મોહ ઉત્પન્ન કરે તેવી લીલા કરવી તે.' (પ્ર)
૬. આ કુંતીનું વચન છે. મોહ એટલે કુંતીનો મોહ. (પ્ર) ભગવાન્ કોઈવાર સત્પુરુષોને પણ મોહ કરે છે, એમ આ વાક્ય જણાવે છે. (કા)
૭. 'આ' એટલે 'રુદન' એવો અર્થ છે. 'તમ્' શબ્દ મૂલશ્લોકમાં છે, તેથી સૂચવેલ પહેલાં (શ્લોક ૫માં) કહેલ સ્મિત પહેલું મોહ ઉત્પન્ન કરનારું છે એવો ભાવ છે. (લે)

ઉત્પન્ન કરનારું છે. પહેલાં (યશોદાને) કરેલો મોહ દૃઢ થાય તે માટે, બાલભાવ દૃઢ કરવા (ભગવાન્) 'આંખો ચોળતા (હતા)' (આંખમાં) શોભા માટે અંજન તેણે (યશોદાએ) જ આંજેલું. અંજનના સાધનભૂત મેષવાળી[૮] આંખો (ભગવાન્ ચોળતા હતા). ભગવદીયની ભક્તિરૂપ ક્રિયાથી જ નયન ઉજ્જ્વલ (ઉજળું)[૯] થાય છે, તેથી (ભગવાન્) વારાફરતી એક જ હસ્તથી 'આંખો ચોળતા હતા' એમ જણાવવા, 'પોતાના હસ્તથી' શબ્દ યોજેલ છે. ત્યાં (આંખમાં) રહેલી (થતી) ચળનો પણ ભગવાને નાશ કર્યો, એમ 'ચોળતા' પદથી જણાવેલું છે. તેથી (ચળનો નાશ કરીને) મારવામાં સાધન થએલ રજોગુણને પણ ભગવાને શમાવી દીધો, તેથી જ[૧૦] (ભગવાન્ ત્યાં) ઉભા રહેલા હોવા છતાં પણ પોતાની તેવી ચેષ્ટાથી રહેલા હોવાથી (તેમણે) તેને (યશોદાને) જોઈ નહિ; પરંતુ તે જ તેમને 'ઉદ્વીક્ષ્યમાણા' એટલે ઉપરથી જોતી હતી, પણ તેમના ચરણો જોતી ન હતી. જો તેમ (ચરણો જોતી) હોત તો (તેને) ભક્તિ[૧૧] થાત. ભગવાન્ તો ચારે તરફ ઉભી રહેલી ગોપીઓને જોતા હતા. તેઓ પણ (પોતાના ઉપર) દોષનો આરોપ ન મૂકે તે માટે (ભગવાનને) ભય થતો હતો. અંદર રહેલો (હોવા) છતાં પણ આ ભાવ મોહ કરવા જ પ્રકટ કરેલો હતો. એવી રીતે ત્રણ[૧૨] ધર્મો(ગુણો)થી મોહ પમાડેલી[૧૩] તે (યશોદા) હવે પછીથી (ભવિષ્યની લીલામાં) (મોહમાંથી) ઉઠશે નહિ[૧૪]. તેથી

---

૮. 'અઞ્જન્તી મષી યયોઃ' એવો સમાસ છે. 'અઞ્જન્તી' વર્તમાનકૃદંત યોજેલું છે. કરણ કર્તા છે એમ જણાવવા તેમ કરેલ છે. (લે)

૯. 'ઉજળું' એટલે ભગવાનના સ્વરૂપને ગ્રહણ કરવા (સ્વરૂપનું દર્શન કરવા) સમર્થ. (પ્ર)

૧૦. 'તેથી જ' એટલે ચક્ષુઓ મારવાના સાધનભૂત રજોગુણવાળી હોવાથી, (તેમને) જોવાથી તેને (યશોદાને) અન્યથાભાવ થાય તેવા હેતુથી. (લે)

૧૧. 'ધૂળવાળાં થએલાં અને શ્રમવાળાં ચરણારવિંદોનાં દર્શન થતાં સ્નેહને લીધે ભગવાનને ખોળામાં જ લેત' એવો ભાવ છે. (લે)

૧૨. (૧) રુદન, (૨) આંખો ચોળવી અને (૩) યશોદાને ન જોવી, એ ત્રણ ધર્મોથી. (પ્ર) (૧) પહેલાં કહેલ સ્મિત, (૨) આ શ્લોકમાં કહેલ રુદન અને (૩) ભય, એ ત્રણ ધર્મોથી. (લે)

(૧) આ શ્લોકમાં 'અપરાધ કરેલ તે' શબ્દોથી જણાવેલ વ્યામોહ, (૨) રુદન અને (૩) આંખો ચોળવી, એ ત્રણ ધર્મોથી. આ શ્લોકમાં જ જણાવેલ ત્રણ વિશેષણોથી આ અર્થ લેખ પ્રમાણે જ છે. કારણ કે પહેલાં કરેલ મોહ અહિં 'અપરાધ કરેલ તે' શબ્દોથી સૂચવેલો છે.

૧૩. 'મોહ પમાડેલી' એટલે 'આ મારો પુત્ર જ છે એવા દૃઢ ભાવવાળી.' (પ્ર)

૧૪. 'ઉઠશે નહિ' એટલે 'આ ભગવાન્ છે' એવા ભાવવાળી થશે નહિ. અથવા ઉપર કહેલ ધર્મોથી મોહ પામેલી, ઘરના કામમાં આસક્તિવાળી, પહેલાંની પેઠે અત્યંત પુત્ર ઉપર સ્નેહ કરશે નહિ. (પ્ર)

જ આ(યશોદા)ના સ્નેહની કોઈપણ કલાનું[૧૫] નિરૂપણ કરેલું નથી. 'સાંભળીને આંસુ પાડ્યાં' ૧૦|૪૩|૨૮, એ તો ભગવાનના ગુણોનું જ માહાત્મ્ય (કહેલું) છે. 'જનનીએ આણેલું (સ્વાદિષ્ટ અન્ન) જમીને' ૧૦|૧૨|૪૬, 'તેમની કથાના શ્રવણ માટે ઉત્સુક' ૧૦|૧૧|૩૪ વિગેરે સ્થલે તો રોહિણી (યશોદાની) સાથે હોવાથી તેનો ભાવ આ(યશોદા)માં પણ આવેલો કહેલો (જણાવેલો) છે, કારણ કે નંદજી જ[૧૬] મુખ્ય (પ્રધાન) છે. આવી (યશોદા) ભગવાનનાં સર્વ અંગોનો સંબંધ તજી દઈ, હાથથી પકડી, ભય પમાડતી ધમકાવવા મંડી; એટલે જેમ પામર લોકો અનિષ્ટ આગૂરણ[૧૭] કરે છે તેમ આગૂરણના સંકલ્પો કરવા મંડી. આથી તે અસત્ય બોલનારી પણ હતી એમ જણાવેલું છે. ૧૧.

'પછી તેણે શું કર્યું' એ જાણવાની ઈચ્છા થાય તેથી કહે છેઃ

**ત્યક્ત્વા યષ્ટિં સુતં ભીતં વિજ્ઞાયાર્ભકવત્સલા ।।**
**ઈયેષ કિલ તં બદ્ધું દામ્નાऽતદ્વીર્યકોવિદા ।।૧૨।।**

પુત્રને ભય પામેલા જાણીને પુત્રના ઉપર પ્રેમવાળીએ અને તેમના વીર્યને નહિ જાણનારીએ લાકડી તજી તેમને ખરેખર દામણાથી બાંધવાની ઈચ્છા કરી.૧૨.

('લાકડી તજીને' શબ્દથી) યશોદાએ પહેલાં લાકડી આણેલી[૧] એમ જણાય છે. તેથી તેનું મન દુષ્ટ(ભગવાનને મારવાની ઈચ્છાવાળું) હતું ,અને તેણે મનનો એ સંકલ્પ તજી દીધો. તેથી મનનો દોષ જવાથી મટાડી શકાય તેવા ત્રણ દોષવાળી થઈ રહી એમ જણાવે છે. (૧) લાકડી તજીને, (૨) પુત્રને ભય પામેલા

---

પહેલાં જ્ઞાનપ્રકરણમાં સર્વાત્મભાવ સુધીનો સ્નેહ (યશોદામાં) ઉત્પન્ન કર્યો. પછી તેને મોહ કર્યો એટલે તેને સર્વાત્મભાવ થશે નહિ, પરંતુ રૂપપ્રકરણમાં સંપાદન કરેલ પોતાપણાંના અધ્યાસ વિનાના પુત્રપણાની ઉપાધિવાળા સ્નેહમાં જ પરિણમશે એવો અર્થ છે. (લે)

૧૫. ઉપાધિરહિત સ્નેહના કોઈપણ અંશનું હવે પછી નિરૂપણ નથી એવો અર્થ છે. (લે)

૧૬. કારણ કે પ્રમાણપ્રકરણની લીલામાં પુરુષોનો જ નિરોધ કરેલો છે. તેથી જ બ્રહ્મવૈવર્ત–પુરાણમાં નંદજી યશોદાને 'તેં આમ કરી બાલકનો અપરાધ કર્યો છે' એમ કહે છે, (યશોદા ઉપર) ક્રોધ કરે છે, અને ભગવાનને ખોળામાં બેસાડી આલિંગન કરે છે. (પ્ર)

૧૭. 'આગૂરણ' એટલે 'મારવાનો ઉદ્યોગ'. સાયણે તેવો આ શબ્દનો અર્થ કરેલ છે. (પ્ર) 'મારીશ' એવા અનિષ્ટ વાક્યોનું આગૂરણ એટલે કથન. (લે)

'હાઉ આવ્યો' એમ ખોટી બીક ઉત્પન્ન કરવા બાલકોને લોકમાં કહેવામાં આવે છે તે 'આગૂરણ' જણાય છે. કારણ કે આગૂરણથી જ તે 'અસત્ય પણ બોલનારી હતી' એમ શ્રીસુબોધિનીમાં કહેલું છે.

૧. પાછળ નવમા શ્લોકમાં 'યશોદાએ લાકડી લીધેલી' એમ કહ્યું છે. અહિં તે 'તજી દીધી' એમ કહે છે. તેથી લાકડી તે લાવેલી પણ ખરી એમ જણાય છે, એવો અર્થ છે. (લે)

જાણીને એટલે ભગવાનના ધર્મોને[2] પણ જાણીને, (૩) પુત્રના ઉપર પ્રેમવાળી થઈ. છતાં તેના દોષ સંપૂર્ણ રીતે મટ્યા નહિ, એમ '(તેમને ખરેખર દામણાથી બાંધવાની) ઈચ્છા કરી' શબ્દથી કહે છે. (આ પ્રમાણે) નિરૂપણ કરનારને પણ દોષ થાય, તેથી શુક ભય પામીને 'ખરેખર' એમ કહે છે. (તેનો અર્થ એવો છે કે) આવી પ્રસિદ્ધિ છે (આ વાત પ્રસિદ્ધ છે). અમે (શુકે) તે સમયે (આ) જોએલ નથી, તેમજ કોઈવાર (તેવો મનમાં) વિચાર પણ કર્યો નથી. 'દામણાથી બાંધવાની ઈચ્છા કરી' શબ્દોથી અંતઃકરણ શરીર અને વિચારશક્તિના દોષો જણાવેલા છે.

'જે થઈ શકે નહિ તેવું કરવા કેમ પ્રવૃત્ત થઈ ? લોકમાં જેઓ અનિષ્ટ કરવા (દુઃખ દેવા) પ્રવૃત્ત થાય છે તેઓ પણ જે થઈ શકે નહિ તેવું કરવા પ્રવૃત્ત થતા નથી' એવી શંકા થાય, તેથી 'તેમના વીર્યને નહિ જાણનારી' શબ્દ યોજેલ છે. તેમના એટલે ભગવાનના વીર્યને તે જાણતી નથી, તેથી (બાંધવા પ્રવૃત્ત થઈ). પૂતના, તૃણાવર્ત વિગેરેને ભગવાને મારી નાખ્યા તો પછી (યશોદાને મારવામાં શું શ્રમ થવાનો હતો[3] ? એવા (ભગવાનના વીર્યને તે જાણતી ન હતી).૧૨.

---

૨. ભય વિગેરે ધર્મોને એવો અર્થ છે. શબ્દ પ્રમાણે જે અર્થ થાય છે તેનું જ આ વિવરણ છે. (લે)

૩. અહિં અપરાધને લીધે યશોદા મારવા યોગ્ય છે એમ કહેલું નથી, પણ ભગવાનના વીર્યનું માત્ર સ્વરૂપ જ જણાવેલું છે. 'પૂતના તૃણાવર્ત વિગેરેને માર્યાં તો આને મારવામાં શું શ્રમ ?' એ તો વીર્ય જાણનાર શુક વિગેરેનું જ્ઞાન જ જણાવેલું છે. યશોદા તો 'વીર્ય જાણતી ન હતી' એમ કહેલું છે, તેથી તેને આવું જ્ઞાન થયું ન હતું એમ કહેલું છે. જો યશોદા વીર્ય જાણતી હોત તો 'પૂતના વિગેરેને માર્યાં તો મને પણ મારશે' એમ માની ભય પામત; અને એમ થાય તો ભગવાનની બાલલીલા જ થાય નહિ, કારણ કે ભયથી એ લીલામાં વિઘ્ન થાય. તેથી જ આવી ઐશ્વર્ય જણાવનારી (પૂતના વિગેરેને મારવાની) લીલા કરવા છતાં, ભગવાન્ પોતાના માહાત્મ્યનું જ્ઞાન માયા વિસ્તારીને થવા દેતા નથી. અહિં પણ ભગવાને જ તેને વીર્ય નહિ જાણનારી રાખેલી, અને તેને માહાત્મ્યનું જ્ઞાન થવા દીધું નહિ. જો માહાત્મ્યનું તેને જ્ઞાન હોત તો તે ભગવાનને બાંધત જ નહિ. જો તેને માહાત્મ્યનું જ્ઞાન હોત તો ભગવાનના વીર્યના જ્ઞાનને લીધે 'આમણે પૂતના વિગેરેને માર્યા તો મને મારે તેમાં શું શ્રમ ?' એવો તેને ભય થાત. તેથી ભગવાને જ બાલલીલા કરવાની ઈચ્છાથી તેને વીર્ય નહિ જાણનારી રાખેલી હોવાથી 'તે વીર્યને જાણતી ન હતી' એ ભૂષણ છે પણ દૂષણ નથી એમ જાણવું.

અહિં શ્રીસુબોધિનીમાં 'જેમ પામરો અનિષ્ટનું આગૂરણ કરે છે (શ્લોક ૧૧)' 'તેનું મન દુષ્ટ હતું' એમ કહેલું છે અને આગલા (૧૩મા) શ્લોકના આભાસમાં 'શુક પણ તેને દોષ દેતા હોય તેમ' એમ કહેશે. એ બધું પુષ્ટિભક્તોને બોધ આપવા આધ્યાત્મિક પક્ષથી કહેલું છે એમ જાણવું. 'તેમના વીર્યને નહિ જાણનારી' કહી શુકે યશોદાની નિંદા કરી છે, તેથી ત્યાં એમ કહેલું છે. જો યશોદાની પણ ભગવાનમાં અન્યથાદષ્ટિ થવાથી આવી નિંદા થાય છે તો બીજાઓની તો તેથી પણ વધારે નિંદા થાય જ, એમ જણાવવા આવું વ્યાખ્યાન

શુક પણ તેને દોષ દેતા હોય તેમ (ભગવાનનું) બંધન નહિ થવાની વાસ્તવિક યુક્તિ નીચેના શ્લોકમાં જણાવે છેઃ

**ન ચાન્તર્ન બહિર્યસ્ય ન પૂર્વં નાપિ ચાપરમ્ ।।**
**પૂર્વાપરં બહિશ્ચાન્તર્જગતો યો જગચ્ચ યઃ ।।૧૩।।**

જેમને અંદર (અંદરપણું) અને બહાર (બહારપણું), આગળ (આગળ-પણું) અને પાછળ (પાછળપણું) પણ નથી, જે જગતની આગળ (અને)પાછળ, બહાર અને અંદર (છે) અને જે જગત્ છે. ૧૩.

(૧) ભગવાનના સ્વરૂપનો વિચાર કરવાથી અને (૨) બંધન(કરવા)ના સાધનના સ્વરૂપનો વિચાર કરવાથી એમ બંને રીતે, ભગવાનનો બંધ થઈ શકે નહિ એમ (સિદ્ધ) થાય છે. તે પૈકી આરંભમાં (ભગવાનના) સ્વરૂપનો વિચાર કરે છે. બંધનથી બે કાર્યો થાય છે, (૧) બહારથી રોકાણ અને (૨) અંદર દુઃખ. જેને અંદરપણું (કોઈની અંદર સમાવેશ થવાપણું) તથા બહારપણું (કોઈ પદાર્થની બહાર હોવાપણું) હોય તેને જ તે (અનુક્રમે બહારથી રોકાણ અને અંદર દુઃખ) થઈ શકે. ભગવાન્ તો પૂર્ણ છે અને સર્વ (પદાર્થ) વ્યાપીને રહેલા છે. તેથી ભગવાન્ કોઈથી (કોઈની) પણ અંદર સમાએલા હોતા નથી. વળી (ભગવાન્) અવયવ વિનાના[૧] હોવાથી તેમની હદ બાંધનાર[૧] કોઈ હોતું નથી. 'ચ' 'અને'

---

વિસ્તારથી કરેલું છે. આથી એવો ઉપદેશ આપેલો છે કે ભગવાનમાં અન્યથાદૃષ્ટિ ન કરવી, પણ તેમના માહાત્મ્યના જ્ઞાનપૂર્વક સ્નેહથી તેમની સેવા જ કરવી.

ભગવાનના સ્વરૂપના માહાત્મ્યનો વિચાર કરતાં, તે માહાત્મ્ય નહિ જાણનાર યશોદાની નિંદા કરેલી છે. સ્વરૂપનું જ્ઞાન તો મર્યાદામાં (જરુરી) છે. યશોદાજી તો શુદ્ધપુષ્ટિમાર્ગમાં હોવાથી તેમણે ભગવાનને બાંધ્યા, તેથી તો તેમની ઉત્તમતા થએલી છે. તેથી જ તત્ત્વદીપનિબંધમાં 'શ્રીકૃષ્ણને આધીન મર્યાદા છે, પોતાને (ભક્તને) આધીન પુષ્ટિ છે' એમ પુષ્ટિભક્તિનું લક્ષણ કહેલું છે અને (આ) દામોદરલીલાનું તેમાં દૃષ્ટાંત આપેલું છે. વેણુગીતમાં પણ (૧૦।૧૮।૯નાં) શ્રીસુબોધિનીમાં 'ભગવાન્ ગોપિકાને આધીન છે એમ સૂચવેલું છે' એમ કહી, આ લીલાથી યશોદાની ઉત્તમતા જ જણાવેલી છે. તેથી જ આગળ આ અધ્યાયના શ્લોક ૨૦માં શુકે પણ યશોદાનો મોટો મહિમા જણાવેલો છે, અને પુષ્ટિભક્તિ- માર્ગમાં પ્રશંસા કરેલી છે. તેથી આધ્યાત્મિક પક્ષ લેતાં યશોદાની નિંદા, પણ આધિદૈવિક પક્ષ લેતાં તેમની સ્તુતિ જ શુકે કરેલી છે; અને તેમનો તથા વ્યાખ્યાન કરનાર શ્રીમદાચાર્યચરણનો પણ એ જ આશય છે, એમ વિદ્વાનોએ જાણવું. આધ્યાત્મિક પક્ષમાં મર્યાદા પ્રમાણે વસ્તુનો વિચાર કરવામાં આવે છે, પરંતુ આધિદૈવિક પક્ષમાં લીલા પ્રધાન છે અને પુષ્ટિમાર્ગ પ્રમાણે વસ્તુનો વિચાર કરવામાં આવે છે. (યો)

૧-૧. 'આકાશ વ્યાપક છે, છતાં ઘટની અંદર રહેલ આકાશ 'ઘટાકાશ' કહેવાય છે. એમ કોઈ પદાર્થની અંદર વ્યાપક પદાર્થ પણ રહે છે' એવી શંકા થાય, તેથી આ કહે છે. બ્રહ્મસૂત્ર ૨।૩।૧થી શરૂ થતા અધિકરણમાં આકાશ પણ અવયવવાળું છે એમ દર્શાવેલ છે. તેથી ઘટ

શબ્દથી એમ કહેલું છે કે 'અંદર' શબ્દથી આકાશનો વ્યવહાર થાય છે, તેથી તે શબ્દ પણ ભગવાનમાં પ્રવર્તતો નથી[2]. અંતર્યામી બ્રાહ્મણમાં[3] ભગવાન્ સર્વની અંદર રહેલા છે એમ કહેલું છે, પણ કોઈ ઠેકાણે ભગવાનથી જૂદું (કાંઈ) હોવાનું કહેલું નથી. સર્વની અંદર રહેલા(ભગવાન)નો કોની અંદર સમાવેશ થાય ? (બીજો પદાર્થ) આધાર[4] હોવા છતાં પણ તેમનો તેની અંદર સમાવેશ થાય છે એમ માની શકાય નહિ, કારણ કે રૂપ[4] વિગેરેમાં તેવું જોવામાં આવે છે. (રૂપ એટલે રંગ. આનો પોતાનો આધાર ઘટ વિગેરે પદાર્થમાં સમાવેશ થતો નથી પરંતુ પોતાના આધાર ઘટ વિગેરેની બહાર પણ દેખાય છે), અને ફલની અંદર જેમ બીજ રહેલું છે તેમ ભગવાનનું સ્વરૂપ (કોઈ પદાર્થમાં) રહેલું નથી. તેમ હોય (ફલમાં બીજ રહેલું છે તેવી રીતે ભગવાન્ કોઈ પદાર્થમાં રહેલા હોય) તો અદશ્ય હોય. તેથી કોઈપણ અંશથી ભગવાન્ કોઈની અંદર રહેલા નથી.

ભગવાન્ બહાર પણ નથી[5], (ભગવાનમાં કોઈ પદાર્થની બહાર

---

વિગેરેથી તેની હદ બંધાય છે. (ભગવાન્ તો અવયવ વિનાના છે). વળી જેના મત પ્રમાણે આકાશ અવયવ વિનાનું છે તેના મત પ્રમાણે પણ ઘટ વિગેરે પદાર્થો આકાશથી જૂદા હોવાથી, ઘટ વિગેરે તેની હદ બાંધે છે, (પરંતુ ભગવાનથી કોઈ પદાર્થ જૂદા પણ નથી). (પ્ર)

૨. ''ત્યારે ભગવાન્ પોતેજ 'અંદર' શબ્દથી વાચ્ય હો'' એવી શંકા થાય તેથી આ કહેલ છે.(પ્ર)
'અંદરપણું' 'બહારપણું' વિગેરે વ્યવહાર આકાશને આધીન છે, તેથી 'અંદર' શબ્દથી આકાશનો વ્યવહાર થાય છે. તેથી તે 'અંદર' શબ્દ પણ ભગવાનમાં પ્રવર્તતો નથી એવો અર્થ છે. (લે)

૩. અંતર્યામી બ્રાહ્મણમાં કહેલું છે કે ''જે પૃથ્વીપર રહીને, જે પૃથ્વીની અંદર છે'' વિગેરે. અહિં ભગવાન્ પૃથ્વીની અંદર રહેલા છે એમ કહેલું છે, તો પણ તે પૃથ્વીથી જૂદા છે એમ કહેલું નથી. તેથી ભગવાન્ પૃથ્વીની અંદર રહેલા હોવા છતાં પૃથ્વીને પોતાની અંદર સમાવે છે, અથવા પોતાની અંદર રાખે છે. તેવા ભગવાનનો કોની અંદર સમાવેશ થઈ શકે ? કોઈની અંદર નહિ, એવો અર્થ છે. (પ્ર)

૪-૪. પૃથ્વીને અંતર્યામી બ્રાહ્મણમાં ભગવાનનો આધાર કહી, તેથી જેનો તે આધાર છે તેવા ભગવાન્ તેની અંદર સમાએલા છે એમ ન કહેવાય, કારણ કે રૂપ (રંગ) પોતાના આધાર ઘટમાં સમાએલું હોતું નથી. જેમ ફલની અંદર બીજ સમાએલું હોય છે તેમ રૂપ તેના આધાર ઘટમાં સમાએલ હોય, તો (ઘટના બહારના ભાગમાં રૂપ નહિ હોવાથી ) ઘટ વિગેરે દેખાય જ નહિ. ભગવાન્ સદ્રૂપથી પૃથ્વીની બહાર પણ દેખાય છે. (પ્ર+લે)

૫. ભગવાનમાં કોઈની બહાર હોવાપણાંનો નિષેધ કરે છે. જે ભગવાન્ સર્વની અંદર રહેલા છે, સર્વનો પોતાની અંદર સમાવેશ કરે છે અને સર્વમાં અનુસ્યુત છે તે એવા કેમ હોય ? અથવા 'જે એવી રીતે આ માત્ર અંગુઠા જેવડા હદ વિનાના વૈશ્વાનરની ઉપાસના કરે છે' એમ જાબાલ ઉપનિષદમાં અંગુઠા જેવડા ભગવાનને વ્યાપક કહેલા છે. તેથી ભગવાન્ વિરુદ્ધ ધર્મોના આશ્રય છે, એમ તેમાં કહેલ હોવાથી પણ કાંઈ વિરોધ નથી, એવો અર્થ છે. (પ્ર)

હોવાપણું પણ નથી) કારણ કે તે વ્યાપક (સર્વત્ર રહેલા) છે. બહાર રહેલું આકાશ જ ભગવાનની અંદર રહેલું છે અને આકાશની બહાર કાંઈ પણ છે જ નહિ. આથી એમ કહેલું છે કે ભગવાનને અંતઃકરણમાં ખેદ અથવા બહાર રોકનાર (કાંઈ) નથી.

વળી બંધન ચારે તરફ ફરી વળનારું હોય છે. દિશાઓથી વિભાગ થતા હોય તેને તે થઈ શકે. (૧) અવયવ વિનાના, (૨) જેમનું નિરૂપણ થઈ શકે નહિ તેવા, (૩) પોતાની મેળે પ્રકાશતા અને (૪) જ્ઞાતા (જાણનાર) અને જ્ઞેય(જે જાણવા યોગ્ય છે તે)ના ભાવનું તિરોધાન કરનાર (ઢાંકી દેનાર)[૬] (ભગવાન)નો કોઈપણ અંશથી પૂર્વનો ભાવ અથવા પશ્ચિમનો ભાવ સંભવતો નથી. આથી જ તેમને દક્ષિણના ભાવ અથવા ઉત્તરના ભાવ પણ હોતા નથી એમ જણાવેલું છે. (ભગવાન્) સર્વ સ્થલે રહેલા[૭] હોવાથી પૂર્વમાં તથા પશ્ચિમમાં પોતાને જ માને છે. તેથી સ્વરૂપથી થતા અથવા દિશાઓથી થતા 'અંદરપણું' વિગેરે ધર્મો ભગવાનમાં નથી, તેથી તેમનો બંધ થવાની સંભાવના (શક્યતા) નથી.

બંધન કરવાના સાધનના સ્વરૂપનો વિચાર કરતાં પણ ભગવાનનું બંધન થઈ શકતું નથી, એમ ઉત્તરાર્ધમાં કહે છે. દોરડું વિગેરે(બંધન કરવાનાં સાધનો)ના આગલા ભાગમાં તેમજ પાછલા ભાગમાં ભગવાન જ રહેલા છે. આ વિષયમાં યશોદા જ પ્રમાણ છે, કારણ કે તેણે ભગવાનમાં સર્વ(પદાર્થ માત્ર) જોએલ છે. ભગવાન્ વ્યાપક હોવાથી બધાય પદાર્થોની બહાર પણ છે, અને સર્વની અંદર રહેલા હોવાથી, બધાય પદાર્થોની અંદર પણ છે. 'ચ' 'અને' શબ્દથી બધાય પદાર્થોનું સ્વરૂપ પણ ભગવાન્ છે એમ જણાવેલું છે. વળી જે(ભગવાન્) જગતના આટલા (આગળ, પાછળ, બહાર, અંદર અને સ્વરૂપ) છે; કારણ કે 'જાયતે' જન્મે છે અને 'ગચ્છતિ' ચાલ્યું જાય છે તે (જગત્ (જ+ગત્)) જગત્. જો ભગવાન્ એટલા ન હોત તો જગત્ કેમ ઉત્પન્ન થાત ? ભગવાન્ જગતના પૂર્વભાવમાં ન હોત(જગતના પહેલાં ન હોત), તો જગત્ ન ઉત્પન્ન થાત[૮]. જો ભગવાન્ જગતના પાછલા ભાવમાં ન હોત(જગત્ પછી ન હોત) તો જગત્ જાત(લય પામત) નહિ[૯]. જો ભગવાન્ જગતની બહાર ન હોય, તો જગત્ જતાં

૬. અહિં કહેલાં ચારે વિશેષણો પ્રત્યક્ષ ભગવાનનાં જ કહેલાં છે એમ જાણવું. (પ્ર)
૭. જે અમુક દેશમાં રહેલ હોય, તેની આગળ અથવા પાછળ કાંઈક હોય. ભગવાન્ તો સર્વરૂપ હોવાથી ક્યાંય રહેતા નથી (સર્વત્ર રહેલા છે), તેથી તેમની આગળ અથવા પાછળ કાંઈ બીજું છે એમ કહી શકાય નહિ, એવો અર્થ છે. અથવા ભગવાન્ સ્વરૂપાત્મક (પોતારૂપ) પ્રદેશમાં સર્વત્ર પોતે જ રહેલા છે, તેથી પોતે જ પોતાની આગળ તથા પાછળ છે એમ માને છે. (પ્ર)
૮. જો જગત્ પ્રતિ ભગવાનનો પૂર્વભાવ ન હોત, તો ભગવાન્ જગતનું કારણ થાય નહિ અને તેથી જગતની ઉત્પત્તિ થાય નહિ, એવો અર્થ છે. (લે) ૯. ભગવાન્ જગતની પછી ન હોય

(લય પામતાં) તે જાત. જો ભગવાન્ સર્વની અંદર રહેલા ન હોય, તો (જગત્) જગત્ એવા નામથી પ્રસિદ્ધ ન હોત અને સર્વના અનુભવથી સિદ્ધ ન હોત, કારણ કે જગતની અંદર રહેલા ભગવાનના ધર્મોથી જ[10] જગત્ ઈચ્છેલા(ઉપર જણાવેલા) ધર્મોવાળું છે; વળી જે (ભગવાન્) જગત્ છે (તેથી ભગવાન્ બંધાઈ શકે નહિ), કારણ કે કોઈ પોતાની મેળે પોતાથી બંધાતું નથી; એમ હોય (પોતાની મેળે પોતાથી જ બંધાતું હોય), તો બંધન કરનાર(દામણાં) નકામાં થઈ જાય. વળી ભગવાન્ જગન્મય[11] છે. બધુંય જગત્ વ્યાપીને રહેલા છે, આમની આજ્ઞાથી જ જગત્ કાર્ય કરે છે. તો પછી આ પોતાનું બંધન કરવા જગતને કેમ પ્રેરણા કરે ? તેથી કોઈપણ પ્રકારથી ભગવાનનું બંધન થતું નથી. તેથી ભક્તો નિશ્ચિંત છે. ૧૩.

તેવા(ભગવાન)ને જે બીજા પ્રકારના(પ્રાકૃત) માને છે તેનો પ્રયાસ ફલ રહિત થાય છે એમ, તે(યશોદા)ને દોષ દેતા હોય તેમ (શુકદેવ) તેનું (યશોદાનું) અજ્ઞાન નીચેના શ્લોકમાં કહે છે (જણાવે છે):

**તં મત્વાત્મજમવ્યક્તં મર્ત્યલિઙ્ગમધોક્ષજમ્ ।।**
**ગોપિકોલૂખલે દામ્ના બબન્ધ પ્રાકૃતં યથા ।।૧૪।।**

તે અવ્યક્ત (નહિ જણાતા), મર્ત્યના ચિહ્નવાળા, જ્ઞાનથી પર(જેમનું જ્ઞાન થઈ શકે નહિ તેવા) (ભગવાન)ને આત્મજ માની, પ્રાકૃતને જેમ (બાંધે) તેમ ગોપિકાએ દામણાંથી ખાંડણીઆ સાથે બાંધ્યા. ૧૪.

તે પુરાણ પુરુષોત્તમને આત્મજ એટલે પોતાના શરીરમાંથી ઉત્પન્ન થએલા માની દામણાંથી બાંધ્યા, એવો વાક્યનો સંબંધ છે. યશોદાનો દેહ તો પ્રાકૃત[1] હતો, તેથી તે પ્રાકૃત દેહમાંથી ઉત્પન્ન થએલ સારી રીતે પ્રાકૃત હોય.

---

તો જગત્ જાત નહિ. ક્યાં જાત ? એવો અર્થ છે. આમ હોવાથી, 'ઉત્પન્ન થાય અને જાય' તે જગત્ એવી જગતની વ્યુત્પત્તિ હોવાથી, તેનામાં જગતપણું જ ન હોય, એવો ભાવાર્થ છે. (લે)

૧૦. 'અન્નમય વિગેરેમાં છેવટનો પુરુષરૂપ અન્વય છે' એમ શ્રુતિગીતામાં આ પ્રમાણે જણાવેલું છે (જૂઓ ૧૦।૮૪।૧૭), આ ભગવદ્ધર્મો નિત્યપણું વિગેરે છે. (પ્ર)

૧૧. આ શ્લોકના છેલ્લા ચરણમાં 'જગચ્ચ યઃ' સ્થલે જે 'ચ' કહેલો છે. તે 'ચ' નો આ અર્થ કહેલો છે એમ જાણવું. (ટિ)

૧. (ક) પ્રકૃત એટલે (જે વિષયની વાત કરવામાં આવે છે તે) ભગવત્સ્વરૂપ, તેનો સંબંધી (પ્રાકૃત) એટલે ભગવત્સ્વરૂપની સમાન એવો અર્થ જાણવો. અથવા (ખ) આ અધ્યાયના ત્રીજા શ્લોકમાં જે અર્થ કહેલ છે તે પ્રમાણે માયાનો સંબંધ (યશોદાને) છે એમ કૃષ્ણોપનિષદમાં કહેલું હોવાથી, અને માયાના સંબંધવાળું તેનું કાર્ય પણ દેખાય છે તેથી, 'માયાથી ખરડાએલો' એવો અર્થ દેખાય છે તે લેવો. (પ્ર) બીજો (ખ) અર્થ કહ્યો તે વધારે યોગ્ય જણાય છે.

'કોઈવાર મોટાઓ પણ દેવો વિગેરે પણ પુત્ર (તરીકે) જન્મ લે છે. તેથી લોકમાં (કાર્ય એટલે પુત્ર) કારણ (માતા અથવા પિતાથી) જૂદું પણ હોવાનું દેખાય છે. (છતાં) તે (યશોદા) પુત્રને તેમ કેમ કરી (કેમ બાંધી) શકી ?' એવી શંકા થાય, તેથી 'અવ્યક્ત' પદ યોજેલું છે. કોઈપણ અંશથી વ્યક્ત (જણાએલ) નહિ (તે અવ્યક્ત). જે મોટા પુરુષો (પુત્ર) થાય છે તેઓ ભરત વિગેરેની પેઠે પોતાના ધર્મોને પ્રકટ કરે છે; પરંતુ ભગવાન્ તેમ (પોતાના ધર્મો પ્રકટ) કરતા નથી. તેથી તે ભગવાન્ પ્રાકૃત છે, એવી તેઓની (લોકોની) દઢ બુદ્ધિ હોય છે. મધ્યમ અવસ્થામાં રહેલા હોય તેવા (મોટા પુરુષો) જ તે પ્રમાણે (પોતાના ધર્મો) પ્રકટ કરે છે, પરંતુ ઊંચામાં ઊંચી સ્થિતિએ પહોંચેલા તેમ કરતા નથી.

વળી જો (ભગવાન્) ગુપ્ત જ રહીને ચૂપ રહે તો પણ સંદેહ[2] થાય, અથવા બીજાના વચનથી (તેમનું) માહાત્મ્ય (લોકો) જાણે, પરંતુ ભગવાન્ તો ઊંચા ધર્મો જણાવે છે તેથી (લોકોને) કેમ જણાય ? એમ 'મર્ત્યના ચિહ્નવાળા' શબ્દથી કહે છે. 'મર્ત્ય' એટલે ઘણા જ પ્રાકૃતના 'લિંગ' ચિહ્નો છે જેમનામાં (તે 'મર્ત્યલિંગ'). તેવાં જ (ઘણાં જ પ્રાકૃતના જેવાં જ) સ્વરૂપ, ગુણો અને ચેષ્ટા (ભગવાન્) દર્શાવે છે એવો અર્થ છે.

'તો પણ જેમ ઘણા ચકોર (પુરુષો) નટને ઓળખી કાઢે છે તે પ્રમાણે સર્વથી જૂદા પ્રકારના અનંત ગુણો હોવાને લીધે તથા આનંદમય હોવાને લીધે (તેવા ચકોર પુરુષોથી) ભગવાન્ કેમ ન ઓળખાય ?' એવી શંકા થાય તેથી 'અધોક્ષજ' પદ યોજેલું છે. 'અધઃ' હલકું છે 'અક્ષજં' જ્ઞાન જેમનાથી તેવા (ભગવાન્ 'અધોક્ષજ' છે;) કારણ કે ભગવાન્ અથવા તેમના ગુણો કોઈને પણ ચક્ષુથી જણાતા નથી. (ભગવાન્) વિરુદ્ધ ગુણો (મર્ત્યના ચિહ્નો) દર્શાવે છે, તેથી (તે પોતે અથવા તેમના ગુણો કોઈને જણાય તેવી) તેમની ઈચ્છા[3] નથી, એમ જણાય છે. વળી આ યશોદા ગોપિકા એટલે ઘણી પ્રાકૃતરૂપવાળી[4] છે, તેથી (તે) અજ્ઞાની (ભગવાન્ અથવા તેમના ગુણોને) કેમ જાણે ?

ભગવાન્[5] ખાંડણીઆ ઉપર ચરણ ધરીને ખેલે છે, (અને ખાંડણીઓ)

---

૨. 'આ ઈશ્વર હશે કે કેમ ?' એવો સંદેહ થાય. (પ્ર)

૩. ઈચ્છા એટલે માહાત્મ્ય જણાવવાની ઈચ્છા. (પ્ર)

૪. 'ઘણી પ્રાકૃતરૂપવાળી' એટલે 'વિચાર વિનાની'. (લે)

૫-૫. ખાંડણીઆ સાથે બંધન કરાવવાનું પ્રયોજન અહિં કહેલું છે. આડા પડેલા ખાંડણીઆને ચરણથી ચલાવી ભગવાન્ ખેલતા હતા. આ ખાંડણીઓ પહેલાં (શ્લોક ૮માં) કહેલ ખાંડણીઆથી જૂદો હતો. નોટ ૩માં પરોક્ષવાદ (ગૂઢ અર્થ) ભગવાનની ઈચ્છા જણાવવા કહેલો છે. (પ્ર)

અગ્નિની નાભિ છે. તેથી ગોકુલમાં રહેલ ખાંડણીઓ પોતાનો આશ્રય[૬] છે એમ જણાવવા, ભગવાને અહિં (ખાંડણીઆ સાથે) (પોતાનું) બંધન કરાવ્યું[૫]. ગોપિકાની (યશોદાની) બુદ્ધિ તો (એવી હતી કે), બીજે ક્યાંય જાય નહિ (તે માટે બાંધું). દામણું પશુને (ગાયને) બાંધવાનું હોય છે.

'ખાંડણીઓ, દામણું, (યશોદાના) હાથના અધિષ્ઠાતા દેવ, એ બધા (ભગવાનને બાંધવામાં આવતા હતા ત્યારે) કેમ શાંત રહ્યા ?' એવી શંકા થાય, તેથી 'પ્રાકૃતને જેમ (બાંધે)' શબ્દો યોજેલા છે. (તેઓ શાંત રહ્યા) કારણ કે તેમની પણ ભગવાને (આ પ્રાકૃત છે) એવી બુદ્ધિ કરેલી. ૧૪.

આ[૧] દેહના આકારથી જે દેખાય છે તે જ સચ્ચિદાનંદરૂપ ભગવાન્ છે, અને ટૂંકામાં ગુણો કહેવા એ ન્યાય પ્રમાણે 'જેમને અંદર અને બહાર' વિગેરે (પાછળ તેરમા શ્લોકમાં કહેલા) ધર્મો પણ આમના જ છે એમ જણાવવા, (ભગવાનનું) બંધન થવાનો પણ ઉપાય કહેતાં, ભગવાન્ અડધા બંધાયા એમ નીચેના શ્લોકમાં કહે છે[૧] :

**તદ્ દામ બધ્યમાનસ્ય સ્વાર્ભકસ્ય કૃતાગસઃ ।।**
**દ્વયંગુલોનમભૂત્ તેન સન્દધેઽન્યચ્ચ ગોપિકા ।।૧૫।।**

પોતાના અપરાધ કરેલ પુત્રને બાંધતાં તે દામણું બે આંગળ ઘટ્યું, અને ગોપિકાએ તે(દામણાં)ની સાથે બીજું સાંધ્યું. ૧૫.

ભગવાને[૨] પોતામાં બે દોષો દર્શાવ્યા. (૧) તેના (યશોદાના) પુત્ર

---

૬. (ભગવાને ખાંડણીઆ ઉપર ચરણ રાખેલ તેથી) તે ચરણનો આશ્રય હતો. તે (અગ્નિની નાભિ હોવાથી) અગ્નિરૂપ હોવાથી મુખનો પણ આશ્રય હતો. તેથી સર્વ દેહનો આશ્રય હોવાથી, તેની સાથે ભગવાને બંધન કરાવ્યું, એવો અર્થ છે. (લે)

૧-૧. 'આવા જેમના ધર્મો હોય તેમનું બંધન થઈ શકે જ નહિ અને આ ભગવાન્ તો બંધાયા તેથી આ ધર્મો તેમના નહિ હોય' એવી શંકા થાય, તેથી આ આભાસ કહેલ છે. એટલે બંધનનો ઉપાય જણાવીને, આ બધા ધર્મોવાળા આ ભગવાન જ છે એમ શુક સ્પષ્ટ કરે છે. (પ્ર)

૨. અહિં એમ જણાય છે કે બહાર પ્રકટ હતા તે જ પ્રભુનો (યશોદા) પુત્ર તરીકે વ્યવહાર કરતી હતી, એટલે તેને પોતાની અંદર રહેલા પ્રભુનું જ્ઞાન ન હતું (પોતાની અંદર પણ પ્રભુ છે એવું જ્ઞાન ન હતું). વળી તેમના ઉપર તેણે દોષ મૂકેલ, તેથી બહાર તેમનો અનુભવ થતો હતો તે પણ અનુભવ ન થતો હોય તેવો થએલ, કારણ કે તેની દૃષ્ટિ દોષ માનવાથી પરાભવ પામેલી હતી. 'અંદર રહેલા અને બહાર રહેલા ભગવાનને તિરોહિત માની' શબ્દોથી આ જ અર્થ કહેલો છે. શ્લોકમાં (દામણાંનાં) બે વિશેષણો છે, તેમનાં તાત્પર્યરૂપ લીલાના પદાર્થોનાં સચ્ચિદાનંદરૂપપણાના અભિપ્રાયથી દોરડાંને પણ (અંદર રહેલા અને બહાર રહેલા ભગવાન્ તિરોહિત છે એવું) જ્ઞાન અને કરણ (ભગવાનની આસપાસ વીંટાવાની ક્રિયા) છે, એવું નિરૂપણ કરેલું છે. (ટિ+પ્ર)

હોવાપણું અને (૨) (તેનો) અપરાધ. તે સમયે દોરડું (પોતાની) અંદર અને બહાર રહેલા ભગવાનને તિરોહિત (થએલા) માની, પોતે બહાર રહી, અંદર રહેલા ભગવાનની આસપાસ વીંટાવા મંડ્યું. જો[3] તેમ ન હોત તો બહાર પણ દોરડું હોત નહિ અને તે આસપાસ વીંટાતું પણ ન હોત. આમ હોવા છતાં (દોરડું બહાર હતું અને આસપાસ વીંટાતું હતું છતાં) તે (ભગવાનની) ચારે તરફ વીંટાઈ શક્યું નહિ, કારણ કે (તેના) આગળના[4] અને પાછળના[4] ભાગમાં ભગવાન જ હતા[5]. તેથી તે (દોરડું) બે આંગળ ઘટ્યું[5]. લોકના પરિમાણ(માપ)માં પ્રથમ પરિમાણ આંગળનું

૩. 'જ્ઞાનથી વસ્તુનો અન્યથાભાવ થતો નથી, (ભગવાન્ તિરોહિત થયા છે એવા જ્ઞાનથી ભગવાન્ ત્યાં રહેલા ન હોય એમ બને નહિ) અને દામણાંને તેવું જ્ઞાન હોય તો પણ તેથી તે ભગવાનની આસપાસ વીંટાઈ ન જ શકે' એવી શંકા થાય, તો જાણવું કે અહિં ભગવાન્ ભક્તના પ્રધાનપણાથી લીલા કરે છે. તેથી જેમ મર્યાદામાર્ગમાં ભક્ત ભગવાનનો અપરાધ કરે તો તેને ભગવાનના અધિકારી કાલ વિગેરે દંડે છે, તેમ પુષ્ટિમાર્ગમાં એવો નિયમ છે કે ભક્તનો અપરાધ થાય ત્યારે જેમ તે (ભક્ત) ઈચ્છે છે તેમજ પ્રભુ સ્વીકારે છે. અહિં ભજનમાં વિરોધ થાય તેવો ભાવ ઉત્પન્ન કરવો, એ જ (યશોદાનો) અપરાધ છે. આમ હોવાથી તેણે ભગવાનનો પુત્ર તરીકે અંગીકાર કર્યો, એટલે ભગવાને પુત્રધર્મનો પણ અંગીકાર કર્યો. તેથી માતાને વશ રહેવાનું પણ સ્વીકાર્યું; એટલે માતા જેમની માલિક છે તેવાં દામણાંઓને પણ પોતે એવું (પોતાની આસપાસ વીંટાય એવું) સામર્થ્ય આપ્યું. તેથી એ પ્રમાણે વીંટાઈ શક્યાં. 'જો તેમ ન હોત તો બહાર પણ દોરડું હોત નહિ અને તે આસપાસ વીંટાતું પણ ન હોત' શબ્દોથી આ જ કહેલ છે. (ટિ)

૪-૪. બે જ દોષો દર્શાવેલ હોવાથી, અંદરનો ભાવ અને બહારનો ભાવ જ જણાયો, પરંતુ આગળનો અને પાછળનો ભાવ જણાયો નહિ એવો ભાવ છે. (લે)

૫-૫. 'દોરડાંથી બંધાવું' એ દંડ સહન કરવાનું છે. અહિં તેમ થવામાં બે અડચણો છે. (૧) ભગવાનનું કુદરતી ઈશ્વરપણું અને (૨) દાસનું કુદરતી દાસપણું; કારણ કે પ્રભુનું દાસથી બંધન ન થાય. જોકે માતાની સત્તા સ્વીકારી છે અને તેથી સર્વ રીતે માતા સત્તા ચલાવી શકે તો પણ જેમ ભગવદ્ધર્મથી એ સત્તાનો સ્વીકાર કર્યો તે બલવાન છે, તેમ જ ઐશ્વર્ય પણ બલવાળું છે, અને તેને કોઈએ રોકેલ નહિ હોવાથી તે માતાની સત્તા પૂરેપૂરી ચાલતી નથી. જ્યારે ભગવાને માતાની સત્તા પૂરેપૂરી સ્વીકારી ત્યારે બંધન થયું; કારણ કે ભક્તોમાં પ્રભુને વશ રાખવાનો ધર્મ પણ નિત્ય છે. તેથી ભગવાને (માતાની સત્તા ઐશ્વર્યને લીધે પૂરી સ્વીકારી નહિ હોવાથી) દોરડું બે આંગળ ઘટ્યું. તેથી જ સર્વને ઉપયોગી એવા (આંગળના) માપથી દોરડું કેટલું ઘટ્યું તે જણાવેલ છે. ભગવાન્ ઈશ્વર હોવાથી અન્યથા કરવાને પણ સમર્થ હોવાથી તે જ દોરડાંથી બંધાયા, એમ આગળ 'કૃપાથી પોતે બંધાયા' એમ (શ્લોક ૧૮માં) કહેવામાં આવશે. કૃપા ઈશ્વરનો ધર્મ હોવાથી, ભગવાન્ પોતાના ઐશ્વર્યથી જ બંધાયા એમ જણાય છે. બીજી રીતે આ કાર્ય (ભગવાનનું બંધન) ન થાય, કારણ કે ઈશ્વર વિના બીજો કોઈ પોતે સ્વતંત્ર નહિ હોવાથી પોતાના સ્વરૂપની મર્યાદાનું ઉલ્લંઘન કરવા તથા જીવના સ્વરૂપની મર્યાદાનું ઉલ્લંઘન કરાવવા શક્તિમાન નથી. જેમ

'જગતના કર્તા હોવાપણું' પણ ઈશ્વરનો ધર્મ છે છતાં તેમાં સ્વરૂપનું અતિક્રમણ થતું નથી, તેમ ભક્તો પણ ભગવાનને વશ રાખે, એ એમનું મોટા પૌરુષ(પુરુષાતન)નું કાર્ય છે એમ જણાવેલું છે.

અથવા બંધન (બધ્યમાનસ્ય) અને તેનું બે આંગળ ઘટવું ('દ્વયંગુલોનમ્) એ બે વચ્ચે બે વિશેષણો (૧. 'સ્વાર્ભકસ્ય', ૨. કૃતાગસઃ') કહેલાં છે, તે બંનેમાં (બંધન થવામાં અને ઘટવામાં) કારણરૂપ છે, એવો અભિપ્રાય જણાય છે. બંધન થવામાં કેવી રીતે કારણભૂત છે એ કહ્યું (ઉપર નોટ ૩ જૂઓ). બે આંગળ દામણાં કેમ ઘટ્યાં તેનું પણ કારણ આ વિશેષણોથી જણાવેલ છે. વિશેષણો જ્ઞાનનો પ્રકાર જણાવે છે. ભગવાન્ તો (૧) ઉપાધિ વગરના સ્નેહથી (૨) તેમને માથે દોષ નહિ ચડાવવાથી વશ થાય છે. યશોદાનો પુત્ર તરીકે સ્નેહ હતો તે ઉપાધિવાળો હતો અને તેણે ભગવાન્ ઉપર દોષ મૂકેલો. તેથી ભગવાનને વશ કરવામાં આ બે ('સ્વાર્ભકસ્ય'થી સૂચવાએલ પુત્ર તરીકેનો ઉપાધિવાળો સ્નેહ અને 'કૃતાગસઃ'થી સૂચવાએલ દોષનો આરોપ) અડચણ કરનાર હતાં, એમ જણાવવા 'બે આંગળ ઘટ્યું' એમ કહેલ છે. તેથી જ 'સ્વાર્ભકસ્ય' 'પોતાના પુત્રના' એમ 'સ્વ' 'પોતાના' પદ યોજેલું છે.

અથવા 'સ્વાર્ભકસ્ય કૃતાગસઃ' એ માતા(યશોદા)નું વિશેષણ છે, ('જેણે પોતાના પુત્રનો અપરાધ કર્યો હતો' એવો અર્થ થાય). ધવરાવતાં ભગવાનને તૃપ્તિ થયા પહેલાં તેમને તજી દીધા (શ્લોક ૫), આગૂરણ (શ્લોક ૧૧) અને બાંધવાનો ઉદ્યમ (શ્લોક ૧૨) કર્યો, એ યશોદાએ ભગવાનના અપરાધો કરેલા. એક તો બાલક અને તેમાં પણ પોતાનું, તેવાના અપરાધ કરવા યોગ્ય નથી એમ જણાવેલ છે. તે આવી અપરાધી હોવાથી તેનું દામણું એ પ્રમાણે ઘટ્યું એમ જણાવેલ છે. તેણે બહારના(આગૂરણ, બાંધવાનો ઉદ્યમ) અને અંદરના (અતૃપ્તનો ત્યાગ) અપરાધો કરેલા હોવાથી, તેનું (તેનાં સંબંધવાળું) દોરડું બે આંગળ ઘટ્યું, એવો ભાવ છે. દામણામાં શક્તિ હતી, છતાં ભગવાને પોતાની ઈચ્છાથી બંધનમાં ઘટાડ્યું. આમ હોવાથી વસ્તુના સામર્થ્યને લીધે (અપરાધી યશોદાનું દામણું હોવાથી તેના સ્વભાવથી) તે ઘટ્યું એમ જણાવેલ છે.

'આગળના અને પાછળના ભાગમાં ભગવાન જ હતા' એમ કહેવાનો ભાવ નીચે પ્રમાણે છે. 'આ પ્રમાણે (ભક્તને વશ હોવાપણું) દર્શાવ્યું' (શ્લોક ૧૯), એ વાક્યથી એમ જણાય છે કે ભગવાન્ ભક્તને વશ છે એમ જણાવવા, તેમણે આ લીલા કરેલી છે. ભક્ત ભગવાનને અન્ન, વસ્ત્ર, ભૂષણ વિગેરે ધરે છે, તેનો ભગવાન્ ભક્તની ઈચ્છાથી જ અંગીકાર કરે છે, તેથી તે પણ ભગવાન્ ભક્તને વશ હોવાથી થાય છે. તો પણ લોકમાં એ અન્ન વસ્ત્ર વિગેરે ઈચ્છેલાં (પ્રિય) હોવાથી, તેમનો અંગીકાર કરવાથી 'ભગવાન્ ભક્તને વશ છે' એવો બોધ થતો નથી. બંધન તો દુઃખ ઉત્પન્ન કરનારું હોઈ લોકમાં અનિષ્ટ (અપ્રિય) છે, તેથી તેનો (ભક્તની ઈચ્છાથી) અંગીકાર કરવાથી, ભગવાન્ ભક્તને વશ છે એમ સારી રીતે જણાય. તેથી આ પ્રકારથી ભગવાને એ દર્શાવ્યું, એમ (શ્લોક ૧૯માં) કહેલ છે. તેથી જ 'અમુક કાર્ય નહિ કરવાથી' ભગવાન્ ભક્તને વશ છે એમ દેખાડી શકાય નહિ, પરંતુ આવું કાર્ય કરવાથી જ તે દેખાડી શકાય. તેથી જ શ્લોક ૧૯માં 'આ પ્રમાણે દર્શાવ્યું' એમ કહેલ છે. વળી ઈશ્વરને દુઃખ (થતું) નહિ હોવાથી, એ પ્રમાણે ભક્તની ઈચ્છા પૂર્ણ કરવામાં તેમને કાંઈ વિશેષ નથી, છતાં

છે. તેમાં પ્રથમ(માપ)નું ઉલ્લંઘન કરવાનું કારણ નહિ હોવાથી, અને થોડો ફેર હોવા છતાં મોટાં(દોરડાં)ને જોડવામાં આવે તેથી આશ્ચર્ય પણ થાય તે માટે, તે બે જ આંગળ ઘટ્યું. દોરડાના આરંભથી તે અંત સુધીમાં જે ભગવાન્ હતા તેમની જ આસપાસ તે વીંટાયું, પરંતુ (ભગવાન્) તેથી કોઈપણ ધર્મથી[6] ભિન્ન થયા ન હતા એમ જણાવવા, એ પ્રમાણે કહેલું છે.

ભગવાનનાં દર્શન થાય તે માટે જ તેમના વ્યાપકપણાનો તિરોભાવ થએલો હતો[7]. તેથી દોરડું મોટું હોવા છતાં (ભગવાનનું) ઉદર મોટું (દેખાતું) ન હતું, કારણ કે પ્રતિબિંબ[8] વિગેરેમાં તેમજ દેખાય છે. તેથી ભેદનું જ્ઞાન નહિ

માતા સિવાયના ભક્તોને આ બંધનનું શ્રવણ કરવાથી પણ દુઃખ થાય, તેથી ભક્તને દુઃખ થાય તેમ કરવું એ ભક્તિમાર્ગથી વિરુદ્ધ હોવાથી પુરુષોત્તમે કોઈપણ સંજોગોમાં તેમ કરવું એ યોગ્ય નથી. છતાં તેવું કાર્ય પણ ભગવાન્ કરે તેથી તે પોતે ભક્તને વશ છે, એ બહુ સારી રીતે જણાય. આમ હોવાથી (ભગવાનનું) ઉદર વ્યાપક (સર્વ સ્થલોએ રહેલું) હોવાથી, હરકોઈ સ્થલે દામણું રહે તેમ ભગવાનની પીઠના ભાગમાં અથવા બાજુએ તે રહે તેમાં કાંઈ વિરોધ નથી, પરંતુ ભગવાન્ દામણાંથી બંધાય એમાં વિરોધ આવે છે. દામણાંનો પહેલો અને બીજો છેડો મળે ત્યારે જ બંધ થાય. જેમ પીઠના ભાગમાં અથવા બાજુએ દામણું રહે તેમ ઉદર પર પણ રહી શકે, અને જેમ પીઠના ભાગે અથવા બાજુએ તેના બે છેડાઓ મળે તેમ ઉદર ઉપર પણ મળી શકે, પરંતુ અહિં ઉદર ઉપર ભગવાનનું સ્વરૂપ પ્રકટ હોવાથી, તે સ્વરૂપના વ્યાપકપણું વિગેરે ધર્મો પણ પ્રકટ હોવાથી અને પોતાના કાર્યમાં તત્પર હોવાથી, ત્યાં દામણાંના બે છેડાઓ મળે તેવું સંભવતું નથી. ભગવાન્ જેમ પોતે બંધાયા તેમ પોતે જ (વ્યાપકપણું તજી) હદવાળા થાય, પરંતુ એમ કરવાથી પોતે ભક્તને વશ છે એમ દર્શાવાય નહિ, અને તેમનાં સ્વરૂપનું જ્ઞાન નહિ થવાથી તે પોતે લોકના જેવા જ જણાય. તેથી ઉદરને લીધે જ દામણાના બે છેડાઓ મળતા નથી, એટલે દામણું ઘટવું જ જોઈએ. તેથી '(૧) લોકના પરિમાણમાં પ્રથમ પરિમાણ આંગળનું છે, તેમાં પ્રથમનું ઉલ્લંઘન કરવાનું કારણ નહિ હોવાથી અને (૨) થોડો ફેર હોવા છતાં મોટાને જોડવામાં આવે તેથી આશ્ચર્ય પણ થાય તે માટે' તે બે આંગળ ઘટ્યું. આગળ 'શ્રીકૃષ્ણ પોતે કૃપાથી બંધાયા' એમ (શ્લોક ૧૯માં) કહેલું છે. તેથી એમ કહેલ છે કે ભગવાન્ પોતે પોતાના સ્વરૂપથી મર્યાદાનું અતિક્રમણ કરી બંધાયા. 'સર્વ બાજુએ પાણિ (હસ્ત) અને ચરણ(પાદ)ના અંતવાળું' બ્રહ્મને જણાવેલ છે, ત્યાં પણ હસ્ત અને ચરણના સ્વાભાવિક ધર્મરૂપ વસ્ત્રો તથા ભૂષણોવાળાં જ હસ્ત અને ચરણ હદ વિનાના છે એમ કહેલું છે, તેથી વસ્ત્રો અને ભૂષણોથી તેમની હદ બંધાય છે (તેમનો અંત જણાય છે), એવી શંકા કરવી નહિ. (ટિ+પ્ર)

૬. 'કોઈપણ ધર્મથી' એટલે વ્યાપકપણાથી ભિન્ન (જૂદા અથવા વિરુદ્ધ) મનુષ્યના ધર્મથી. (લે)

૭. (ભગવાનનું) સ્વાભાવિક વ્યાપકપણું જ હદ વિનાનું હોવાથી બનાવટી વ્યાપકપણું કરવાનું કાંઈ પ્રયોજન નથી, અને તેમ કરવું યોગ્ય પણ નથી એવો ભાવ છે. (ટિ)

૮. નાના કદનું દેખાતું હોય તે જ મોટા કદવાળું હોય અને તેની હદ બાંધનાર મોટું હોવા છતાં (ગમે ત્યાંથી જોવામાં આવે તો પણ) તે સરખા કદવાળું જ દેખાય એવું ચંદ્ર અને તેના

હોવાથી[૯] તે (દામણાં) સાથે બીજું પણ તેટલાં જ પ્રમાણ(લંબાઈ)નું દામણું (યશોદાએ) સાંધ્યું. 'ચ' 'અને' શબ્દથી (જણાય છે કે તેથી) જૂદા પ્રકારનું પણ (સાંધ્યું) (અને) તેનાથી વધારે મોટું પણ સાંધ્યું.

'બે આંગળ ઘટ્યું હતું છતાં એટલું મોટું કેમ સાંધ્યું?' એવી શંકા થાય, તેથી 'ગોપિકા' શબ્દ યોજેલો છે. એ એમ દર્શાવે છે કે તેનું મૂઢપણું હજી ચાલુ છે.૧૫.

'પછી શું થયું ?' એ જાણવાની ઈચ્છા થાય તેથી નીચેનો શ્લોક કહે છેઃ

**યદાસીત્ તદપિ ન્યૂનં તેનાન્યદપિ સન્દધે ।।**
**તદપિ દ્વ્યંગુલં ન્યૂનં યદ્યદાદત્ત બન્ધનમ્ ।।૧૬।।**

એ પ્રમાણે સાંધવાથી જે થયું તે પણ ઘટ્યું. તેથી તેની સાથે બીજું ત્રીજું પણ સાંધ્યું. તે પણ બે આંગળ ઘટ્યું. જે-જે દામણું લીધું તે બે આંગળ ઘટ્યું. ૧૬.

બે(દામણાં)નો સંબંધ થતાં વળી તે એક જ દોરડું થયું (બે સાંધવાથી એક મોટું બમણું લાંબું થયું), એમ 'જે થયું' શબ્દોથી કહેલ છે. 'બે(દામણાં)નો સંબંધ થતાં (સંધાતાં) જે એક થયું' એવો અર્થ છે. તે પણ પહેલાં કહેલા ન્યાય પ્રમાણે જ બે આંગળ ઘટ્યું. એટલે તે બેને સાંધીને કરેલ લાંબાં દોરડાં સાથે વળી બીજું એટલે ત્રીજું દોરડું સાંધ્યું. તે (ત્રણ દામણાં સાંધી કરેલ દોરડું) પણ બે જ આંગળ ઘટ્યું. 'દેવો ત્રિસત્ય છે'[૧] તેથી જગતના આરંભમાં અને અંતમાં ભગવાનની સ્થિતિ છે[૨]

---

પ્રતિબિંબમાં જોવામાં આવે છે, તેથી તેનું દૃષ્ટાંત અહિં આપે છે. ચંદ્રનું મંડલ બાર હજાર યોજનનું હોવા છતાં અહિંથી તે જેટલું મોટું દેખાય છે તેટલું જ (તેનું પ્રતિબિંબ) પાણીની ડોલમાં અથવા સરોવરમાં અથવા નદીમાં પણ દેખાય છે. તેમજ અહિં પણ (ભગવાનનું ઉદર સર્વત્ર હોવા છતાં અને દામણાંઓ સાંધવાથી પણ બંધાઈ શકાતું નહિ હોવા છતાં, તે જેટલું બાંધવા માંડ્યા પહેલાં દેખાતું હતું તેટલું જ દોરડાંઓ ટૂંકાં પડ્યાં ત્યારે પણ દેખાતું હતું) એવો અર્થ છે. (ટિ)

૯. જો ભગવાનનું ઉદર દોરડાંઓ સંધાતાં જતાં મોટું દેખાતું જાય તો પહેલાં હતું તેથી તે જૂદું (મોટું) થતું જાય છે એવું જ્ઞાન થતાં, તેનું બંધન થઈ શકશે નહિ એમ જાણી, બીજાં દોરડાંઓ સાંધવાનું પડતું મૂકે એમ પણ સંભવે. 'ભેદનું જ્ઞાન નહિ હોવાથી' શબ્દથી આ જ અર્થ કહેલ છે.

અથવા દોરડાંથી ભગવાનને યશોદા બાંધતાં હતાં તે સમયે (ઘરમાં) નજીક રહેલ મણિના સ્તંભ વિગેરેમાં ભગવાનનું પ્રતિબિંબ દેખાતું હતું તેમાં, અને 'આદિ' વિગેરે શબ્દ યોજેલ છે તેથી તેમની છાયા પડતી હતી તેમાં, ભગવાનનું (ભગવાનના ઉદરનું) કદ પહેલાંના જેવું જ દેખાતું હતું. તેથી (દોરડાં સાંધવા માંડ્યાં) એવો અર્થ છે. (ટિ)

૧. આ શ્રુતિ છે એમ જાણવું. (પ્ર)

૨. પુષ્ટિ પ્રવાહ અને મર્યાદાના ભેદથી ત્રણે પ્રકારના જગતમાં ભગવાન્ પોતાનું પ્રાકટ્ય કરે છે, તો પણ બંધાતા નથી એમ સૂચવેલ છે. (પ્ર)

એમ ત્રણવાર દર્શાવ્યું. મનુષ્ય સ્વભાવ પ્રમાણે તેણે ત્યાર પછી પણ ઘણીવાર (એમ) કર્યું (દામણાં સાંધ્યાં), એમ 'જે જે દામણું લીધું' શબ્દોથી કહેલ છે. જે જે દામણું સાંધવા માટે લીધું તે તે દામણું (તે સંધાઈ થએલ દામણું) જ બે આંગળ ઘટ્યું. આંગણાંની અંદર તે પ્રમાણે કરવાથી બધીય ગોપીઓ જોવા આવી. હજી સુધી (તે વખત સુધી) (તે ગોપીઓનો) એવો નિરોધ થએલ ન હતો, તેથી તે સમયે તેમને સ્મય થયો એટલે તેઓ ગર્વવાળી થઈ અથવા હસતા મુખવાળી થઈ. પોતે પણ ભુજાથી (ભગવાનનું) બંધન વિગેરે કરશે એમ વિચારતી બહુ ગર્વિષ્ટ થઈ. ૧૬.

ઘરમાં રહેલાં સર્વ દામણાંઓ વાપરવા (સાંધવા) છતાં પણ (ભગવાનનું) બંધન થયું નહિ, એમ નીચેના શ્લોકમાં કહે છેઃ

**એવં સ્વગેહદામાનિ યશોદા સન્દધત્યપિ ।।**
**ગોપીનાં સુસ્મયન્તીનાં સ્મયન્તી વિસ્મિતાભવત્ ।।૧૭।।**

એ પ્રમાણે પોતાના ઘરનાં દામણાંઓ યશોદાએ સાંધવા છતાં (તે બે આંગળ ઘટ્યાં ત્યારે) ઘણું હસતી ગોપીઓની મધ્યે યશોદા હસી અને વિસ્મય પામી. ૧૭.

પહેલાં કહ્યું તે ન્યાય પ્રમાણે (સાંધેલું દોરડું બે આંગળ ઘટતાં નવું સાંધતાં (યશોદાએ) બધાંય દામણાંઓ સાંધ્યાં, કારણ કે તે યશોદા એટલે 'યશઃ' યશ 'દદાતિ' આપનારી[1] અથવા 'યશઃ' યશનો 'દ્યતિ' નાશ કરનારી[2] હતી. સાંધતાં છતાં પણ બે આંગળ ઓછાં થવાથી (તે) વિસ્મય પામી, એવો (વાક્યનો) સંબંધ છે. યશોદાના ઘરમાં જ ભગવાને ૧.પુત્રપણું અને ૨.અપરાધ દર્શાવેલા. તેથી તેના ઘરનાં દામણાંઓમાંથી જ અંદરથી અને બહારથી ભગવાનનો તિરોભાવ થવાથી, તેઓ જ (યશોદાના ઘરનાં દામણાંઓ જ) સંધાયાં, પરંતુ બીજા ઘરમાં રહેલ દામણાંઓ સંધાયાં નહિ. બીજી(ગોપી)ઓમાં અંદરથી અથવા બહારથી ભગવાનનો તિરોભાવ થએલ નહિ હોવાથી, તેઓની તો તે માટે (ભગવાનને બાંધવા, અથવા તે માટે દામણાં સાંધવા) પ્રવૃત્તિ જ થઈ ન હતી.

દોરડાંઓ[3] લાવવાનું કાર્ય પણ યશોદાએ જ કરેલું, કારણ કે ભગવાનનું બંધન કરનારીને બીજું કોઈ સહાય કરે નહિ. પહેલાં તો બે વાર થઈને ત્રણ દામણાં સાંધ્યાં (બે વાર સાંધ્યાં એટલે ત્રણ દામણાં સંધાયાં), ત્યારે યશોદાનો ક્રોધ જતાં

૧. 'યશ આપનારી' એટલે 'ભગવાનને યશ આપનારી'. (પ્ર)
૨. 'યશનો નાશ કરનારી' એટલે 'પોતાના યશનો નાશ કરનારી'. (પ્ર)
૩-૩. આ ભાગથી 'વિસ્મિત થઈ' પદનો અર્થ જણાવેલ છે. 'વિસ્મિતા એટલે 'ગર્વરહિત' એવો અર્થ છે. (લે)

તે હસી. ત્યાર પછી પણ ઘણી વાર દામણાં સાંધ્યાં ત્યારે વિસ્મિત થઈ એટલે આશ્ચર્ય પામી. પછી દોરડાં શોધવા માટે આગ્રહપૂર્વક પ્રયત્ન કરવા મંડી. પછી બંધન કરવાનું સામર્થ્ય નહિ હોવાથી ગોપીઓની સમક્ષ ઘણી લજ્જા પામી, માનભંગ થએલી અને સંકલ્પ પાર નહિ પડવાથી મરેલા જેવી થઈ[૩]. ૧૭.

તે સમયે તેવા દુષ્ટો[૧] તરફ પણ પરમકૃપાલુ ભગવાને સત્પુરુષોની બુદ્ધિ પ્રમાણે અયોગ્ય[૨] (પોતાનું બંધન) પણ કર્યું, એમ નીચેના શ્લોકમાં કહે છેઃ

**સ્વમાતુઃ સ્વિન્નગાત્રાયા વિસ્રસ્તકબરસ્રજઃ ।।**
**દૃષ્ટ્વા પરિશ્રમં કૃષ્ણઃ કૃપયાસીત્ સ્વબન્ધને ।।૧૮।।**

પરસેવાવાળાં અંગોવાળી, અંબોડામાંથી ખરી પડેલ માલાવાળી પોતાની માતાનો પરિશ્રમ જોઈને શ્રીકૃષ્ણ કૃપાથી પોતે બંધાયા. ૧૮.

'પછી ભગવાન્ કૃપાથી પોતે બંધાયા' એવો (વાક્યનો) સંબંધ છે. '(૧) પોતાની માતા (૨) પરસેવાવાળાં અંગોવાળી અને (૩) અંબોડામાંથી ખરી પડેલ માલાવાળી' એમ તેનાં ત્રણ કારણો કહેલાં છે. (૧) 'માતાને દેવ તરીકે પૂજનારો થા'[૩] 'તેઓના કરતાં માતા મોટી છે' વિગેરે વાક્યો પ્રમાણે માતાને સંતોષ આપવો જોઈએ, વળી તેને બીજું કાંઈ સંતાન પણ નથી, કે જે તેને આવી પડેલ દુઃખનું નિવારણ કરે. આ (યશોદા) પોતાની જ માતા છે તેથી તેનું માતાપણું પ્રસિદ્ધ કરી, તેના દુઃખને સહન નહિ કરનાર (ભગવાને) તે પ્રમાણે કર્યું (પોતે બંધાયા). (૨) વળી ગોકુલવાસીઓના દુઃખનો નાશ કરવા ભગવાન્ પધારેલ, તે પરસેવાવાળાં અંગોવાળી એટલે જેને સર્વ અંગોમાં પરસેવો થએલો હતો તેવી(યશોદા)નો પરિશ્રમ કેમ ન મટાડે ? (૩) વળી (ભગવાન્) ગોકુલવાસી-ઓને સર્વ સૌભાગ્યનું દાન કરવા પધારેલા તે, 'વિસ્રસ્તાઃ' ખરી પડેલી છે 'કબરાત્' અંબોડામાંથી 'સ્રજઃ' માલાઓ જેની તેવી(યશોદા)ને કેમ જૂએ ? આથી બધાંય (યશોદાનાં) આભરણોનો તિરોભાવ સૂચવેલો છે. એ પ્રમાણે આવી યશોદાનો પરિશ્રમ (ભગવાને) જોયો. અહિં તહિં ફરવું, ખેદ, પરસેવો, મુખનું સૂકાવું અને ઘણી ગ્લાનિ વિગેરે (પરિશ્રમ શબ્દમાંના ઉપસર્ગ) 'પરિ' શબ્દનો અર્થ છે. તેમાં પણ ભગવાન્ શ્રીકૃષ્ણ સદાનંદ[૪] છે (એટલે) તેમણે દુઃખનો અનુભવ

---

૧. દુષ્ટ એટલે (ભગવાન્ ઉપર) દોષનો આરોપ મુકનારા. (લે)

૨. સત્પુરુષોની બુદ્ધિ પ્રમાણે અયોગ્ય એટલે ઉપાધિવાળા સ્નેહને વશ થવું તે, એવો અર્થ છે. (લે)

૩. આ શિક્ષોપનિષદની શ્રુતિ છે એમ જાણવું. (પ્ર)

૪. શ્રીકૃષ્ણમાં (સદ્+આનંદ=સદાનંદ) ધર્મરૂપ આનંદ હોવાથી, તે આનંદના અભાવરૂપ દુઃખનો અનુભવ હોતો નથી. શ્રીકૃષ્ણ આનંદરૂપ હોવાથી દુઃખીઓની સમક્ષ તે રહેતા નથી. 'બીજાનું દુઃખ પણ જોતા નથી' એ આનું જ વિવરણ કરેલું છે. ભગવાન્ પોતે આનંદરૂપ

કરેલો નથી, અને દુઃખીઓની સમક્ષ તે રહેતા નથી એટલે બીજાનું દુઃખ પણ જોતા નથી. તેમણે તે પહેલાં કોઈવાર નહિ પડેલું એવું યશોદાનું દુઃખ જોઈને, કૃપાથી ભરપૂર થઈને માતાને માટે પરસેવાવાળા અંગોવાળીને માટે અને માલા વિનાનીને માટે પોતે પોતાનો જ બંધ કરનાર ત્રણ આંગળના દોરડાંરૂપ થયા; (એટલે) બે આંગળોથી (દોરડું ઘટેલ તે) પૂરૂં થયું અને એક આંગળથી બંધન થયું (ગાંઠ બંધાઈ), તે સમયે (ભગવાન્) પોતે જ પોતાના બંધનમાં કારણરૂપ થયા. પ્રકરણથી ભગવાન્ બંધાયા (એવો અર્થ થાય છે), આ[૫] કહેવાય તેવો નહિ હોવાથી કહેલો નથી. ૧૮.

'ભગવાન્ એટલું કરીને બંધન(દોરડાં)રૂપ કેમ થયા ?' એવી શંકા થાય, તેથી નીચેનો શ્લોક કહે છેઃ

**એવં પ્રદર્શિતા હ્યંગ હરિણા ભક્તવશ્યતા ||**
**સ્વવશેનાપિ કૃષ્ણેન યસ્યેદં સેશ્વરં વશે ||૧૯||**

હે રાજન્ ! જેમને ઈશ્વરસહિત આ (જગત્) વશ છે તેવા હરિ શ્રીકૃષ્ણ પોતાને જ વશ હોવા છતાં એ પ્રમાણે ભક્તને વશ હોવાપણું જણાવ્યું. ૧૯.

એ પ્રમાણે (ભગવાન્ તરફ) અપકાર કરનાર ઉપર પણ, લોકમાં 'આ (ભગવાન્) મારા છે' એવું માત્ર અભિમાન હોવાને લીધે ભગવાન્ એટલી પહેલાં કોઈના ઉપર કરેલી ન હોય તેવી કૃપા કરે છે એમ (જણાવી), (ભગવાને) પોતાનું ભક્તને વશ હોવાપણું દર્શાવેલ છે. 'હરિ' શબ્દથી એ દર્શાવવાનું પ્રયોજન પણ કહેલું છે, કારણ કે તે (હરિ સર્વનાં દુઃખ હરનાર છે. તે (હરિપણું) પ્રસિદ્ધ કરવા કાંઈપણ સંબંધ વિના (ભગવાન સર્વનાં) દુઃખ હરે, તો અતિપ્રસંગ(એ નિયમ સર્વત્ર લાગુ પડવાથી)ને લીધે સંસારનો લય થાય, તેથી સંબંધના હેતુથી (સંબંધ હોય ત્યાં) કૃપાલુપણું દર્શાવે છે. (ભગવાનની) કૃપા સર્વ ધર્મો અને ધર્મીઓથી વધારે બલવાળી છે, એમ કહેવા 'ભક્તને વશ હોવાપણું' શબ્દથી તે કહેલી છે.

'ભક્તિથી[૧] સર્વ ધર્મો અને ધર્મીને દબાવી દેવામાં આવતા હોય તો તે

---

હોવાથી તેમનો સાક્ષાત્કાર (તેમનાં દર્શન) થતાં દુઃખ જ જતું રહે છે એટલે જેમ સૂર્ય અંધકારને જોતો નથી તેમ શ્રીકૃષ્ણ દુઃખને જોતા નથી એવો અર્થ છે. (લે)

૫. અહિં શ્રીસુબોધિનીમાં 'ઇતિ' શબ્દ 'આ'ના અર્થમાં યોજાએલ છે, એ પ્રમાણે (શ્લોક ૧૩ થી ૧૮) છ ગુણોના છ શ્લોક કહ્યા. (પ્ર)

૧. 'ભક્તવશ્યતા'નો અક્ષરાર્થ નીચે પ્રમાણે છે. ભક્તપણું હોય તો વશ રહેનાર (ભક્તવશ્ય). ભક્તપણું એટલે ભક્તિ જ થઈ. તેથી ભગવાન્ ભક્તિથી વશ રહેનાર છે એમ કહ્યું. ભક્તિથી વશ રહેનાર, એટલે જે ભક્તિ કરતું હોય તેની પાસે પોતાના ધર્મોની અથવા પોતાની દરકાર નહિ રાખતાં તેને વશ રહેનાર. આ પ્રમાણે ભક્તિથી ભગવાનના ધર્મો અને ભગવાન(ધર્મી)નો ઉપમર્દ કહેલ છે એવો ભાવ છે. (લે)

પ્રસંગે (ભગવાનના) સ્વરૂપની હાનિ[2] થવાથી ફલ પ્રાપ્ત થાય નહિ અને તેથી (ભક્તને વશ હોવાપણું) દર્શાવવું પણ વ્યર્થ થાય.' એવી શંકા થાય, તેથી 'પોતાને જ વશ હોવા છતાં' શબ્દો યોજેલ છે. ભગવાન્ પોતાને જ વશ છે અને કોઈથી પણ દબાવી શકાય તેવા નથી. આથી[3] તે ફલ પ્રાપ્ત કરાવે છે એમ કહેલું છે. 'શ્રીકૃષ્ણ' શબ્દથી તે ફલરૂપ છે એમ કહેલું છે.

'એમ (ભગવાન્) કરે તો બ્રહ્મા વિગેરે બીજા મોટા (પુરુષો) તેમની ગણના ન રાખે, અને તેથી તેમનું (ભગવાનનું) માહાત્મ્ય ઘટવાથી તે એવી રીતે ફલરૂપ થઈ શકે નહિ' એવી શંકા થાય, તેથી 'જેમને ઈશ્વર સહિત આ વશ છે' એમ કહેલું છે. જૂદા જૂદા (પદાર્થોના) અધિષ્ઠાતા દેવતાઓ સહિત સર્વ જગત્ જેમને (ભગવાનને) વશ છે. તેથી કોઈપણ (ભગવાનનો) બીજી રીતે વિચાર કરી શકે (ભગવાનને ઓછા માહાત્મ્યવાળા અથવા હલકા માની શકે) તેમ નથી. ૧૯.

'આવો (ભગવાન્ વશ થયા હોય તેવો) ભાવ પહેલાં પણ (કોઈને) પ્રાપ્ત થયો હશે. તો પછી તે શાસ્ત્રમાં પ્રસિદ્ધ હોવાથી તે દેખાડવાનું શું પ્રયોજન ?' એવી શંકા થાય, તેથી નીચેનો શ્લોક કહે છેઃ

**નેમં વિરઞ્ચો ન ભવો ન શ્રીરપ્યંગસંશ્રયા ।।**
**પ્રસાદં લેભિરે ગોપી યત્ તત્ પ્રાપ વિમુક્તિદાત્ ।।૨૦।।**

મોક્ષ આપનાર (ભગવાન્) પાસેથી આ જે પ્રસાદ ગોપીએ પ્રાપ્ત કર્યો, તે (ભગવાનના) અંગનો આશ્રય કરી રહેલ બ્રહ્મા, શંકર અથવા લક્ષ્મીએ પણ પ્રાપ્ત કર્યો નથી. ૨૦.

આ પ્રસાદ પહેલાં કોઈએ પ્રાપ્ત કરેલ નથી; કારણ કે મોટા ભક્તો જ (તે) પ્રાપ્ત કરે છે. તે ભક્તોમાં ભક્તિથી અને સ્વરૂપથી ત્રણ મોટા છે. (૧) ભક્ત બ્રહ્મા (જે) (ભગવાનના) પુત્ર છે, પ્રવૃત્તિમાર્ગના સર્વ ધર્મોની પ્રવૃત્તિ કરાવનાર છે અને સર્વના કારણભૂત (સર્વને ઉત્પન્ન કરનાર) છે. (૨) તેવા જ મહાદેવ પણ છે. તે (ભગવાનના) પૌત્ર છે, સર્વ નિવૃત્તિધર્મોના પ્રવર્તક છે, પ્રલય કરનાર અને ગુણાવતાર છે, અને ભગવાનને માટે જ (ભગવાનને પ્રાપ્ત કરવા માટે જ) સર્વનો

૨. ભગવાન્ ભક્તને વશ થાય એટલે પોતાનાં નિરંકુશ રહેવાપણાનાં સ્વરૂપનો ત્યાગ થાય. તેથી સ્વરૂપની હાનિ થતાં, ભક્તિનું ફલ પણ ન મળે (કારણ કે નિરંકુશ હોય તે ઉત્તમ ફલ સાધન ન હોવા છતાં આપી શકે). જો ભક્તને ફલ પણ મળી શકે નહિ, તો 'ભક્તને વશ હોવાપણું' દર્શાવવાનું પ્રયોજન પણ ન રહે (કારણ કે ફલ આપવા તે દર્શાવવાનું હોય), આવી શંકા છે. (પ્ર)

૩. 'આથી' એટલે 'ભગવાનના ધર્મો અને ભગવાન્ કોઈથી દબાવી શકાય તેવા નથી' એમ કહ્યું તેથી. (પ્ર)

ત્યાગ કરીને તપ કરે છે[1]. (૩) તેથી પણ (મોટાં) લક્ષ્મી છે, તે ભગવાનની પત્ની છે-બ્રહ્માનંદરૂપ છે, (ભગવાનના) વક્ષઃસ્થલ ઉપર (રહેવાનું) સ્થાન (તેણે) પ્રાપ્ત કરેલ છે, તે જગતની માતા છે, અને સદા (ભગવાનના) ચરણનું સેવન કરવા તત્પર રહે છે. આવી રીતે આ ત્રણેએ પણ જો આ પ્રસાદ પ્રાપ્ત કરેલ ન હોય, તો પછી બીજો કોણ તે પ્રાપ્ત કરવા યોગ્ય હોઈ શકે ? એમ 'આ પ્રસાદ બ્રહ્મા, શંકર અથવા લક્ષ્મીએ (પ્રાપ્ત કર્યો નથી)' શબ્દોથી કહેલ છે. તે(ત્રણ)માંના હરકોઈ એકે, અથવા બીજા અથવા બીજાઓ સાથે ભેગા મળીને પણ (આ) પ્રસાદ પ્રાપ્ત કર્યો નથી. 'તેઓનો (કાંઈ) દોષ હશે (અને તેથી આ પ્રસાદ તેમણે પ્રાપ્ત કર્યો નહિ હોય)' એવી પણ શંકા કરવી નહિ, કારણ કે તે ત્રણે પણ (ભગવાનના) શ્રીઅંગનો સારી રીતે આશ્રય કરે છે. એક (લક્ષ્મી) વક્ષઃસ્થલનો, બીજા (બ્રહ્મા) નાભિનો, અને ત્રીજા (શંકર) ચરણોનો (આશ્રય કરે છે). તે ત્રણ ગુણાવતારોને[2] પણ જે દુર્લભ છે તે બીજાઓને તો દુર્લભ હોય જ.

'એ ક્યો પ્રસાદ ?' એવી શંકા થાય, તેથી 'ગોપીએ જે મોક્ષ આપનાર પાસેથી પ્રાપ્ત કર્યો તે' શબ્દોથી તે ફરી કહે છે. ગોપી (યશોદા) જાતિથી (ગોપ જાતિની હોવાથી), અને સ્વરૂપથી (સ્ત્રી હોવાથી) હલકી છે. (આ) પ્રસાદ તેનામાં જ (તેણે પ્રાપ્ત કર્યો એમ) પ્રસિદ્ધ છે, પરંતુ કોઈએ તેનું નિરૂપણ કરેલું નથી[3]; કારણ[4] કે સર્વને મુક્ત કરનાર (મુક્તિ આપનાર) કોઈ પણ, પોતાને જ બાંધે એવું ન બને. (યશોદાનો) ખેદ તો જ્ઞાન આપીને અથવા મોક્ષ આપીને[5] પણ મટાડી શકાય[4]; (તેથી) પોતે બંધાવાનું શું પ્રયોજન ? તેથી (તે) પ્રસિદ્ધ પ્રસાદ આ જ છે, બીજો નહિ, એવો અર્થ છે. ૨૦.

'તે (બ્રહ્મા, શંકર અને લક્ષ્મી) મોટાં છે અને આ (યશોદા) મૂઢ છે. તેથી મૂઢની સંભાળ રાખવા (ભગવાને) જે કાર્ય કર્યું તે પ્રસાદ કેમ ગણાય ?' એવી શંકા

૧. શ્રીમદ્ભાગવતના આઠમા સ્કંધમાં, બ્રહ્મવૈવર્તપુરાણમાં તથા ગર્ગસંહિતામાં આ પ્રસિદ્ધ છે. (પ્ર)

૨. માયારૂપ લક્ષ્મી ગુણાવતાર છે. પંચરાત્રમાં કહેલું છે કે ભગવાનની આજ્ઞાથી જ લક્ષ્મીજી મોટાં હોવા છતાં તેમણે બીજું રૂપ લીધું જે રૂપને માયા કહે છે. શ્રીમદ્ભાગવત ૧૦।૨૬।૩૭માં લક્ષ્મીજીને ભગવાનની સાત્ત્વિક શક્તિ જણાવેલાં છે. (પ્ર)

૩. અહિં 'પહેલાં' અધ્યાહાર છે. (કોઈએ આ પહેલાં તેનું નિરૂપણ કરેલું નથી). (લે)

૪-૪. મોક્ષ આપનાર પદનું વિવેચન આ ભાગથી કરેલું છે. (પ્ર)

૫. ખેદ અંતઃકરણનો ધર્મ છે, વળી યશોદાને અંગોમાં ખેદ થયો હતો એમ પણ જણાવેલું છે. તેથી દેહની અંદર અને બહાર તેને ખેદ થએલો. જ્ઞાન આપવાથી અંદરનો ખેદ મટત અને મોક્ષ આપવાથી (જન્મ મરણ મટતાં) દેહ નહિ રહેવાથી બહારનો ખેદ પણ મટત. એવા હેતુથી જ્ઞાન અને મોક્ષ બંને કહેલાં છે. (લે)

થાય, તેથી નીચેનો શ્લોક કહે છેઃ

**નાયં સુખાપો ભગવાન્ દેહિનાં ગોપિકાસુતઃ ।।**
**જ્ઞાનિનાં ચાત્મપોતાનાં યથા ભક્તિમતામિહ ।।૨૧।।**

આ ગોપિકાના સુત ભગવાન્ જેવા અહિં ભક્તિવાળાઓને સ્હેલાઈથી પ્રાપ્ત થાય તેવા છે તેવા દેહીઓને અને આત્મારૂપી નાવવાળા જ્ઞાનીઓને (સ્હેલાઈથી પ્રાપ્ત થાય તેવા) નથી. ૨૧.

કારણ કે અહિં (ભગવાનનાં) બંધનનું નિરૂપણ કરેલું નથી, પરંતુ (ભક્તોને) વશ હોવાપણાનું નિરૂપણ કરેલું છે. તે (ભગવાન્ વશ હોવાપણું) કોઈને પણ પ્રાપ્ત થતું નથી. જેટલા કર્મ (ધર્મ) કરનારાઓ દેહના અભિમાનવાળા છે તેમનાથી, તથા જે અભિમાન વિનાના અને મુક્ત જ્ઞાનીઓ છે તેમનાથી પણ (એટલે) એ બંનેથી પણ આ ભગવાન્ સ્હેલાઈથી પ્રાપ્ત થાય તેવા નથી. તેનું કારણ 'દેહીઓ' શબ્દથી (કહેલું છે). એકમાં (કર્મ કરનારાઓમાં) દેહનું અભિમાન (એ) દોષ છે. બીજામાં (જ્ઞાનીમાં) નિરપેક્ષતા (દરકાર ન રાખવી તે) દોષ છે, એમ 'આત્મારૂપી નાવવાળા જ્ઞાનીઓ' શબ્દથી કહેલ છે. 'આત્મા' સ્વરૂપ 'પોતઃ' સંસારરૂપી સમુદ્રને તરવાનો ઉપાય છે જેઓનો તેવા (જ્ઞાનીઓ છે), કારણ કે માત્ર સમુદ્રને તરી જવાથી તેની બીજે પાર (બીજા છેડે) રહેલ મહારાજાની પ્રાપ્તિ થતી નથી. ભક્તિવાળાઓને તો તે અહિં જ સ્હેલાઈથી પ્રાપ્ત થાય છે, તેનું કારણ 'ગોપિકાના સુત' શબ્દથી કહેલું છે; કારણ કે (ભગવાન્) ગોપિકાના (યશોદાના) સુત થયા. તેથી 'સર્વે ભક્તો થાઓ' એવા હેતુથી ભગવાને આ પ્રમાણે કરેલું છે (યશોદાને વશ થયા છે), એવો ભાવ છે. 'અહિં' એટલે આ (શ્રીકૃષ્ણ) અવતાર- માં. 'ભક્તિવાળાઓને' શબ્દથી ભક્તિને વિશેષણ[1] કહેલ છે, પરંતુ ભક્તોને [2] (પ્રાપ્ત થાય છે એમ) કહેલ નથી. ૨૧.

એ પ્રમાણે પોતાનો મનોરથ સિદ્ધ થતાં[1] બહિર્મુખ ગોપીઓ પોતપોતાને

---

૧. (ભગવાન્ ભક્તિવાળાને) સ્હેલાઈથી પ્રાપ્ત થાય તેવા છે તેનું કારણ ભક્તિ છે, એટલે 'ભક્તિવાળા હોવું' એ તે માટે આવશ્યક છે. તેથી ભક્તિ જરુરી છે એમ કહેલ છે. (પ્ર)

૨. કોઈવાર ભક્તિ વિના પણ, માત્ર સેવા કરવાથી ભક્ત થાય છે. તેવાને ભગવાન્ સ્હેલાઈથી પ્રાપ્ત થતા નથી એવો અર્થ છે. (લે)

૧. હવે અહિંથી માતા (યશોદા) ગયાં એમ કહેલ છે. આગળ ૧૦।૧૧।૪માં બાલકો જે કહે છે તેથી તેઓ જ ત્યાં હતાં, અને બીજું કોઈ ન હતું એમ જણાવેલું છે. આમ હોવાથી ગોપીઓ પણ ગઈ એવો ભાવાર્થ નીકળે છે. તેથી 'ગોપીઓ ગઈ' એમ કહેલ છે. આ ગોપીઓ તો બંધાએલ ભગવાનને જોઈ પણ શકતી ન હતી, તેથી જે ઘરમાં તે બંધાએલ તે ઘર તરફ તેઓ મુખ પણ રાખતી ન હતી, એટલે તે ઘરની બહાર જ પ્રસન્ન મુખવાળી થઈ તેમ જણાવવા તેમને માટે 'બહિર્મુખ' વિશેષણ યોજેલ છે. 'એ પ્રમાણે પોતાનો મનોરથ સિદ્ધ

ઘેર ગઈ. ભગવાન્ તો તેવી રીતે ગયા નહિ, પરંતુ તે જ અવસ્થામાં (તેમણે) મોટું કાર્ય કર્યું, એમ નીચેના શ્લોકથી કહે છેઃ

**કૃષ્ણસ્તુ ગૃહકૃત્યેષુ વ્યગ્રાયાં માતરિ પ્રભુઃ ।।**
**અદ્રાક્ષીદર્જુનૌ પૂર્વં ગુહ્યકૌ ધનદાત્મજૌ ।।૨૨।।**

માતા ઘરનાં કામોમાં ગૂંથાતાં, પ્રભુ શ્રીકૃષ્ણે તો બે અર્જુનવૃક્ષો જોયાં, તે પહેલાં ગુહ્યકો (અને) કુબેરના પુત્રો હતા. ૨૨.

'તુ' 'તો' શબ્દ પૂર્વના સંબંધને[2] તોડે છે. આ (શ્રીકૃષ્ણ) બંધથી દુઃખી નથી, કારણ કે શ્રીકૃષ્ણ (સદ્+આનંદ) છે. જો તે (યશોદા) ભગવાનને વશ કરીને એમને એમ (ત્યાં) રહ્યાં હોત તો નિરોધ સિદ્ધ થએલ હોવાથી, ભગવાન્ કાંઈપણ કરત નહિ; (પણ) તે (યશોદા) ફરીથી ઘરનાં કામોમાં ગૂંથાઈ ગયાં. એમ થતાં, (ભગવાને) બે યમલાર્જુન વૃક્ષોને પાડીને તેને (યશોદાને) પ્રપંચનું વિસ્મરણ કરાવીશ, એવા (વિચારથી) તે બે વૃક્ષોને જોયાં.

'(યશોદાને પ્રપંચનું વિસ્મરણ કરાવવાનો) આ આટલો બધો આગ્રહ કેમ ?' એવી શંકા થાય, તેથી 'માતા' શબ્દ યોજેલ છે. 'પ્રભુ' શબ્દથી તેવી (ખાંડણીઆ સાથે બંધાએલા હોવાની) અવસ્થામાં પણ, (તે વૃક્ષોને) પાડવાનું (ભગવાનમાં) સામર્થ્ય છે એમ જણાવેલું છે. અર્જુન એટલે અમુક જાતનાં વૃક્ષ, જેમને 'સખિ'[3] શબ્દથી ઓળખવામાં આવે છે.

'તે વૃક્ષોનો અપરાધ નહિ હોવાથી, યશોદાને માટે જ તેમને કેમ (ભગવાને) પાડ્યાં?' એવી શંકા થાય, તેથી 'પહેલાં ગુહ્યકો હતા' એમ કહેલ છે. દેવયોનિમાં અવતરેલ તે વૃક્ષો થએલા, તેથી તેઓને વૃક્ષપણું ઈષ્ટ ન હતું.

---

થતાં' શબ્દોથી માતા (ઘરના કામમાં) ગૂંથાવાનું કારણ કહેલ છે.

અથવા ગોપીઓ તે સમયે પણ પ્રિયને ભેટેલી ન હતી અને પ્રિયને ભેટવા ઈચ્છતી હતી. દામણાંથી ભગવાન્ બંધાયા નહિ એ જોઈને, પોતે તેમને ભેટી શકશે કે નહિ એ વિષયમાં તેમને સંદેહ થયો. છેવટ ભગવાન્ બંધાયા એટલે 'અમારો મનોરથ પણ સિદ્ધ થશે (ભગવાન્ જેમ દામણાંથી બંધાયા તેમ અમારી ભુજાના બંધથી પણ બંધાશે)' એવા નિશ્ચયથી, આ ગોપીઓનો જ મનોરથ સિદ્ધ થયો, તેથી (પોતાનો એટલે ગોપીઓનો મનોરથ સિદ્ધ થતાં તે ઘેર ગઈ) એમ કહેલ છે. (ટિ)

૨. 'પૂર્વસંબંધ' એટલે 'પૂર્વાસાં' પહેલાંની ગોપીઓનો 'સંબંધઃ' સંબંધ. ભગવાન્ પહેલાં કેટલીક ગોપીઓને ઘેર જતા તે સંબંધ, (બંધન થવાથી તૂટ્યો) એવો અર્થ છે. (લે)

૩. અર્જુન સખિ (ભગવાનનો મિત્ર) હતો. તેથી તે નામથી ઓળખાતાં વૃક્ષો અર્જુન નામથી ઓળખાતાં, એવો અર્થ છે. એટલે (તેમને જોઈને) પોતાના ભક્ત અને સખા અર્જુનના નામનું સ્મરણ થવાથી ભગવાનની તેમના ઉપર મોટી કૃપા થઈ એવો ભાવ છે. (યો)

અર્જુન એટલે આસોંદરો. યમલ એટલે જોડકું, બે ઝાડ ભેગા ઉગેલ તેથી 'યમલ' કહેલ છે.

'(વૃક્ષપણું તેમને ઈષ્ટ ન હોય) તો પણ પ્રયોજન વિના અને સંબંધ વિના (તેમને વૃક્ષયોનિમાંથી) શા માટે મુક્ત કરવા જોઈએ ?' એવી શંકા થાય, તેથી 'કુબેરના પુત્રો' શબ્દ યોજેલ છે. 'ધનદઃ' એટલે કુબેર ભક્ત હતો, અને તેના આ બે પુત્રો હતા. ૨૨.

'એ બે તો મોટા હતા છતાં એવા (વૃક્ષો) કેમ થયા ?' એવી શંકા થાય, તેથી નીચેનો શ્લોક કહે છેઃ

**પુરા નારદશાપેન વૃક્ષતાં પ્રાપિતૌ મદાત્ ।।**
**નલકૂબરમણિગ્રીવાવિતિ ખ્યાતૌ શ્રિયાન્વિતૌ ।।૨૩।।**

નલકૂબર અને મણિગ્રીવ એવા નામથી પ્રસિદ્ધ અને લક્ષ્મીવાળા તેઓ પહેલાં મદને લીધે નારદના શાપથી વૃક્ષપણું પામ્યા હતા. ૨૩.

પહેલાં નારદના શાપથી તેઓ વૃક્ષપણું પામ્યા હતા (વૃક્ષ થયા હતા).

'નારદે એવો શાપ કેમ આપ્યો?' એવી શંકા થાય, તેથી 'મદને લીધે' શબ્દ યોજેલ છે. લક્ષ્મીના મદથી તેઓ મત્ત (ગાંડા) થયા હતા, તેથી મદના કારણ થી (તેમને) નારદનો શાપ થયો, અને શાપથી વૃક્ષપણું થયું.

'એવા (વૃક્ષપણાના) ભાવને તેઓ યોગ્ય જ હતા તો પછી (તેમને ભગવાન્ તેમાંથી) કેમ મુક્ત કરે છે ?' એવી શંકા થાય, તેથી 'નલકૂબર અને મણિગ્રીવ એવા નામથી પ્રસિદ્ધ (હતા)' એમ કહેલું છે. નલ કૂબર છે જેની (પાસે) તે (નલકૂબર). નલ ઘણો સુંદર હતો તે પણ કૂબર એટલે કોંધલા જેવો[1] (જેની પાસે ગણાય તે નલકૂબર). મણિવાળી ડોક છે જેની તે (મણિગ્રીવ), એવા નામથી તે પ્રસિદ્ધ હતા. તેઓના નામની કીર્તિ શાંત થઈ ન હતી તેથી તેઓનો ઉદ્ધાર (કરવો) યોગ્ય હતો. વળી તેઓ લક્ષ્મીવાળા પણ હતા. હજી સુધી લક્ષ્મી તેઓને તજીને ગઈ ન હતી. તેથી (તેમની) કીર્તિ અને લક્ષ્મી હોવાથી (તેઓ) ઉદ્ધાર કરવાને યોગ્ય હતા. ૨૩.

**ઇતિ શ્રીમદ્વલ્લભદીક્ષિતે રચેલી શ્રીમદ્ભાગવતની સુબોધિનીમાં**
**દશમસ્કંધના વિવરણમાં બીજા તામસપ્રકરણના પેટા પ્રકરણ-પ્રમાણપ્રકરણમાં**
**જ્ઞાનનું નિરૂપણ કરનારા પાંચમા અધ્યાય,**
**અને સ્કંધના આરંભથી નવમા અધ્યાયનું વિવરણ સંપૂર્ણ.**

---

૧. જે પરમ સુંદર નલકૂબર પાસે, સુંદર તરીકે પ્રસિદ્ધ નલ પણ કોંધલા જેવો હતો, એવો અર્થ છે. (યો)

# || અધ્યાય દશમો ||

**એવં તુ નવમાધ્યાયે ભક્તિરુક્તાડતિદુર્લભા ||**
**કૃષ્ણસેવકસખ્યસ્ય હેતુર્દશમ ઉચ્યતે ||કા. ૧||**

એ પ્રમાણે નવમા અધ્યાયમાં અતિદુર્લભ ભક્તિ કહી[૧]. દશમા (અધ્યાય)માં શ્રીકૃષ્ણના સેવકની મૈત્રીનું કારણ[૨] કહેવામાં આવે છે. કા. ૧.

**વૈરાગ્યં ભગવદ્ધર્મઃ ષડ્ગુણોડત્ર નિરૂપ્યતે ||**
**ગુણાનાં ભગવત્ત્વાય સ એવ હિ યતોડભવત્ ||કા. ૨||**

ભગવાનના ગુણો ભગવાન છે એમ જણાવવા ભગવાનના છ ગુણવાળા[૩] ધર્મ-વૈરાગ્યનું અહિં નિરૂપણ કરવામાં આવે છે, કારણ કે તે[૪] ભગવાન્ જ

---

૧. દશમા અધ્યાયનું તાત્પર્ય કહેતાં, પ્રથમ પહેલાંના (નવમા) અધ્યાયની સંગતિ કહે છે. ૧૦।૭।૨માં રાજાએ (જે શ્રવણ કરવાથી ભગવાનની ભક્તિ થાય તે) પૂછેલું હોવાથી જ્ઞાનપૂર્વક ભગવાનમાં અતિ દુર્લભ ભક્તિ થાય તે નવમા અધ્યાયમાં કહી. (પ્ર+લે+કા)

૨. જે શ્રવણ કરવાથી શ્રીકૃષ્ણના સેવકની મૈત્રી થાય, એવો પણ રાજાનો પ્રશ્ન હોવાથી, શ્રીકૃષ્ણના સેવકની મૈત્રીનું કારણ 'વૈરાગ્ય' આ અધ્યાયમાં કહે છે. (પ્ર)

જે શ્રવણ કરવાથી શ્રીકૃષ્ણના સેવકની મૈત્રી પ્રાપ્ત થાય તેવું યમલાર્જુનના ભંગનું ચરિત્ર છે એવો અર્થ છે. નલકૂબર અને મણિગ્રીવને શ્રીકૃષ્ણનું દર્શન થવાનું કારણ શ્રીકૃષ્ણના સેવક નારદની કૃપા હતી, એવું શ્રવણ કરવાથી શ્રીકૃષ્ણના સેવકની મૈત્રી થાય એવો ભાવ છે. (કા)

શ્રીકૃષ્ણના સેવક નારદ વિગેરે માત્ર દર્શનથી જ મુક્ત કરનારા છે, તેથી તેમના વચનથી મુક્તિ થતાં તેઓ ઉપર ભગવાનની કૃપા છે, એવા બોધથી તેમની મૈત્રી થાય છે એવો અર્થ છે. (લે)

૩. એ પ્રમાણે પ્રથમના અર્થ સાથે સંગતિ જણાવી, આ કારિકામાં સ્કંધના અર્થ સાથે સંગતિ જણાવે છે. જેમ ગયા અધ્યાયમાં અવિદ્યાને મટાડી ભગવાનને વશ કરનાર જ્ઞાનરૂપ ભગવાનના ધર્મનું નિરૂપણ કર્યું તેમ આ અધ્યાયમાં છ ગુણવાળા ભગવાનના ધર્મ-વૈરાગ્યનું નિરૂપણ કરે છે. ભગવાનના સર્વ ગુણો ભગવદ્રૂપ છે, એમ જણાવવા એ પ્રમાણે નિરૂપણ કરે છે. (પ્ર)

ભગવાનના ઐશ્વર્ય વિગેરે છ ગુણવાળા વૈરાગ્યનું અહિં (આ અધ્યાયમાં) નિરૂપણ કરવામાં આવે છે. (યો)

આગળ પાંચમી કારિકામાં આ અધ્યાયમાં કહેલા છ અર્થો જણાવવામાં આવે છે, તેથી છ ગુણવાળા વૈરાગ્યનું અહિં નિરૂપણ કરવામાં આવે છે તેમ કહેલું છે. (કા)

૪. 'તે' એટલે 'નિરોધ', કારણ કે એ ગુણોથી નિરોધ થયો. એ પ્રમાણે સ્કંધના અર્થ સાથે સંગતિ થાય છે. (પ્ર) 'તે' એટલે 'ભગવાન્'. સર્પ અને તેનું ગુંચળું (ગુંચળું વળેલ સર્પ) એક જ છે. બ્રહ્મસૂત્ર ૩।૨।૨૭ વિગેરે, ત્રણે ન્યાય પ્રમાણે ભગવાન્ જ ગુણરૂપ થએલ છે, એવો અર્થ છે. (લે)

ભગવાન્ જ ગુણરૂપે પણ આવિર્ભાવ પામેલ છે. તેથી ગુણો પણ ભગવાન જ છે એમ

(ગુણરૂપ) થએલ છે. કા. ૨.

**વૈરાગ્યમનિવર્ત્યં તુ ભગવદ્વાક્યતો ભવેત્ ।।**
**વિશેષતસ્તુ યદ્વાક્યં ન નિવર્તેત કેનચિત્ ।।કા. ૩।।**
**તાદશં શાપરૂપં સ્યાદ્ ભક્તાનામેવ તાદશમ્ ।।કા. ૩।।.।।**

જે મટે નહિ તેવું (અવિનાશી) વૈરાગ્ય[૫] તો ભગવાનના વાક્યથી થાય. જે વાક્ય વિશેષ રીતે કોઈથી અન્યથા કરી શકાય નહિ[૬] તેવું શાપરૂપ હોય, તેવું વાક્ય ભક્તોનું જ હોય. કા. ૩।।.

**અતો વૈરાગ્યકથને શાપો મોક્ષાવધિર્મતઃ ।।કા. ૪।।**

તેથી વૈરાગ્ય કહેવામાં આવે છે, તેમાં મોક્ષ સુધી શાપ કહે છે[૭]. કા. ૪.

**શાપોદ્યમસ્તથા હેતુઃ શાપશ્ચાપિ પ્રસાદભાક્ ।।**
**વાક્યસ્યાપિ ફલં શીઘ્રં સ્તુતિશ્ચાનુગ્રહસ્તથા ।।કા. ૫।।**
**ષડ્ભિર્દ્વાદશભિશ્ચૈવ ત્રિભિઃ ષડ્ભિસ્તથૈવ ચ ।।**
**દશભિઃ પઞ્ચભિશ્ચેતિ ષડર્થાઃ ક્રમતો મતાઃ ।।કા. ૬।।**

(૧) શાપ દેવા માટે ઉદ્યમ (તૈયારી), (૨) (શાપનું) કારણ, (૩) કૃપારૂપ શાપ, (૪) વાક્યનું પણ તરત જ (મળતું) ફલ, (૫) સ્તુતિ અને (૬) કૃપા, એ છ અર્થો[૮] અનુક્રમે (૧) છ[૯], (૨) બાર, તથા (૩) ત્રણ અને (૪) છ, (૫) દશ તથા

જણાવવા, આ અધ્યાયમાં છ ગુણવાળા વૈરાગ્યનું છ પ્રકરણથી નિરૂપણ કરેલ છે. (કા)

૫. દુઃખને લીધે પુરુષોને પણ વૈરાગ્ય થાય છે. સાંખ્યમત પ્રમાણે નિત્ય અને અનિત્ય વસ્તુના વિવેકથી આ લોક તથા પરલોકના ફલ માટે વૈરાગ્ય થાય છે, પણ તે વૈરાગ્ય ભગવદ્ધર્મ નથી, કારણ કે તે વૈરાગ્ય મટી જાય તેવું છે. દુઃખીઓને થએલ વૈરાગ્ય સુખ મળતાં જતું રહે છે. સાંખ્યમતમાં વૈરાગ્ય છે, તે પણ ભા.૧૦।૨।૩૨ પ્રમાણે નાશવંત છે. તેથી જેનો નાશ ન થાય તેવું ભગવાનના વાક્યથી થયેલ વૈરાગ્ય જ ભગવાનના ધર્મરૂપ છે. (પ્ર)

નલકૂબર અને મણિગ્રીવને અવિનાશી વૈરાગ્ય નારદના શાપથી થયું એવો અર્થ છે. નારદે વૈરાગ્યનું દાન કર્યું તેથી તેને વૈરાગ્ય હતું જ, અને જો 'સેવક તેવા હોય તો', (સેવક પાસે જે હોય તે પ્રભુ પાસે તો હોય જ) એ ન્યાય પ્રમાણે, ભગવાનને પણ વૈરાગ્ય હતું એમ સિદ્ધ થાય છે. (લે)

૬. જે વાક્ય કોઈથી પણ અન્યથા કરી શકાય નહિ તેવા વાક્યથી વૈરાગ્ય થાય. તેવું નારદ નું શાપરૂપ વાક્ય હતું. (યો) તેવું શાપરૂપ વાક્ય ભક્તોનું જ હોય છે. તે વાક્ય ભક્ત દ્વારા ભગવાનનું જ છે. (કા) એ પરંપરાથી ભગવાનનું વાક્ય થાય છે. (પ્ર)

૭. નારદનું વાક્ય એ ભક્ત દ્વારા ભગવાનનું વાક્ય છે. તેથી મોક્ષ થાય છે ત્યાં સુધી શાપ રહે છે, એવો અર્થ છે. (કા)

૮. એ પ્રમાણે અધ્યાયનું તાત્પર્ય કહી વૈરાગ્યના વિશેષણરૂપ આ અધ્યાયમાં કહેલા છ અર્થો કહે છે. (પ્ર)

૯. આ અધ્યાયના બીજા શ્લોકથી આ આરંભી ૪૨ શ્લોકોથી અર્થો કહેવાનો પ્રારંભ કરેલો છે,

(૬) પાંચ શ્લોકોથી કહેલા છે. કા. ૫-૬.

**અપૂર્વત્વાચ્છ્રોતુમિચ્છા તેન પ્રશ્નઃ પરીક્ષિતઃ ।।**
**સ્વસ્યાપિ તાદૃશત્વેન તદ્વન્મોક્ષાશયા પુનઃ ।।કા. ૭।।**

(આ) અપૂર્વ[૧૦] હોવાથી સાંભળવાની ઈચ્છા થઈ. તેથી પરીક્ષિતનો પ્રશ્ન[૧૧] છે; વળી પોતે પણ તેવો[૧૨] હોવાથી તેમની પેઠે મોક્ષની આશાથી (પ્રશ્ન કરેલ છે). કા. ૭.

**કારિકાર્થ સંપૂર્ણ.**

ગયા(નવમા) અધ્યાયના અંતે કુબેરના બે પુત્રો શાપને લીધે યમલાર્જુન થયા એમ સાંભળી, 'ભગવાને તેઓનો ઉદ્ધાર કેવી રીતે કર્યો ?' એમ રાજા પરીક્ષિત્ નીચેના શ્લોકમાં પૂછે છેઃ

રાજા પૂછે છેઃ

**કથ્યતાં ભગવન્! એતત્ તયોઃ શાપસ્ય કારણમ્ ।।**
**યત્ તદ્ વિગર્હિતં કર્મ યેન વા દેવર્ષેસ્તમઃ ।।૧।।**

હે ભગવન્ ! તેઓના શાપનું આ કારણ કહો. જે નિંદિત કર્મ (તેઓએ કર્યું) અને જેનાથી દેવર્ષિને ક્રોધ થયો તે (કહો). ૧.

(આ નલકૂબર અને મણિગ્રીવના શાપનું કારણ વિગેરે) કહીને પોતાનું પરીક્ષિતનું દુઃખ દૂર કરવાનું શુકદેવમાં સામર્થ્ય છે એમ જણાવવા, 'હે ભગવન્' એવું સંબોધન કરેલું છે. પરીક્ષિતના હૃદયમાં (આ શાપનું કારણ) પીડા કરતું રહેલું છે એમ જણાવવા, 'આ' શબ્દ યોજેલ છે. નલકૂબર અને મણિગ્રીવ બંનેને એક જ શાપનું કારણ કહો. તેથી જ(આ પ્રશ્નથી જ) (૧) શાપનો વિસ્તાર, (૨) મોક્ષ, (૩) સ્તુતિ અને (૪) ભગવાનની કૃપા, એ ચાર અર્થ કહેવાના થયા[૧]. તેથી 'જે નિંદિત કર્મ તેઓએ કર્યું તે' (વિગેરે)થી વધારાના બે અર્થ પૂછે છે. 'જે'

---

તેથી બીજાથી સાતમા સુધીના શ્લોકોથી પહેલો અર્થ કહેલ છે, અને તે પછીના પાંચ અર્થો અનુક્રમે આ કારિકામાં જણાવેલ શ્લોકોથી કહેલા છે. પહેલા શ્લોકમાં પ્રશ્ન કહેલ છે. (કા)

૧૦. દેવોએ (ગુહ્યકો નલકૂબર અને મણિગ્રીવે) પાપ કર્યું અને નારદે ક્રોધ કર્યો એ અપૂર્વ છે. તેથી તે સાંભળવાની ઈચ્છા થઈ. (પ્ર) નલકૂબર અને મણિગ્રીવને શાપથી મોક્ષ થયો એ અપૂર્વ છે, (શાપથી મોક્ષ થવો એ અપૂર્વ છે). (લે+કા) આ અર્થ વધારે સારો જણાય છે.

૧૧. પહેલા શ્લોકમાં કહેલ પ્રશ્ન.

૧૨. 'તેવો' એટલે 'મહાપુરુષે શાપ આપેલો.' (પ્ર) બ્રાહ્મણે શાપ આપેલો. (કા)

૧. વાતનો આરંભ (શુકદેવે ગયા અધ્યાયના અંતે) કર્યો તેથી, અને આ જે કથા ચાલે છે તેમાં ઉપયોગી હોવાથી કહેવાના થયા. (પ્ર)

એટલે તેવા શાપનું પ્રસિદ્ધ કારણ થયું તે અવશ્ય નિંદિત જ હોવું જોઈએ. દેવો પાપ (આવું નિંદિત કર્મ) કરે એ સંભવતું નથી, તેથી પ્રશ્ન કરેલો છે. વળી જે (કર્મ) કરવાથી દેવર્ષિ એટલે દેવતાઓના પણ મંત્રદષ્ટા (નારદ)ને ક્રોધ થયો. આમ કહેવાથી (તે કર્મ) શાપ આપવાનું સ્પષ્ટ કારણ હતું (એમ જણાય છે). (કર્મ) 'નિદિંત' હોવાથી શાપ આપવા (નારદે) ઉદ્યમ કરેલો. (કોઈ) નિંદિત કર્મ કરે તો સર્વ (તેને) શાપ આપવા ઉદ્યમ કરે છે (તત્પર થાય છે). દેવર્ષિ તો સાધારણ (કારણ) હોય તો (શાપ આપવા તત્પર) થતા નથી, તેથી (તે શાપ આપવા તત્પર થયા તેનું) કારણ લંબાણથી કહેવું જોઈએ. ૧.

તે (છ અર્થો) પૈકી નીચેના શ્લોકથી આરંભી છ શ્લોકોથી પ્રથમ નિંદિત કર્મને લીધે શાપ આપવાનો ઉદ્યમ કહે છેઃ

શ્રીશુક કહે છેઃ

**રુદ્રસ્યાનુચરૌ ભૂત્વા સુદપ્તૌ ધનદાત્મજૌ ।।**
**કૈલાસોપવને રમ્યે મંદાકિન્યાં મદોત્કટૌ ।।૨।।**

રુદ્રના અનુચરો અને કુબેરના પુત્રો હોઈ બહુ અહંકારી તથા ઘણા મદ-વાળા મંદાકિનીમાં કૈલાસના રમણીય ઉપવનમાં.....૨.

**જન્માદશ્ચ પ્રમાદશ્ચ નિન્દિતાચરણં તથા ।।**
**મહત્સ્વપિ તથા ધાર્ષ્ટ્યસિદ્ધ્યર્થં મહતાં દશિઃ ।।કા. ૮।।**
**ધાર્ષ્ટ્યં તયોર્ન સંઘસ્ય તતશ્ચોદ્યમ ઈર્યતે ।।કા. ૮।।.।।**

મોટા (પુરુષો) તરફ પણ તેવી ધૃષ્ટતા થઈ શકે તે માટે ઉન્માદ (શ્લોક ૨જામાં) અને પ્રમાદ (શ્લોક ૩જામાં) તથા નિંદિત(કર્મ)નું આચરણ (શ્લોક ૪થામાં) (કહેલાં છે). મોટાની દષ્ટિ (શ્લોક ૫મામાં), સંઘની નહિ, (પરંતુ) તેઓની ધૃષ્ટતા (શ્લોક ૬ઠ્ઠામાં) અને પછી (શાપ આપવા માટે) ઉદ્યમ (શ્લોક ૭મામાં) કહેલાં છે[૧]. કા. ૮।।.

આરંભમાં મોટાએ એવા હોવું યોગ્ય નથી એમ કહે છે. 'રુદ્ર' રોગોને 'દ્રાવયતિ' હાંકી કાઢે છે તે રુદ્ર એટલે મહાદેવ. તેવા મહાદેવના સેવકોને રોગનો સંબંધ હોય, તે યોગ્ય નથી. 'અનુચર' પદથી (એમ જણાવેલું છે કે) તેઓએ મહાદેવની પાછળ (પાછળ) જ ચાલવું (પગલે પગલે જવું) યોગ્ય હોવાથી[૨],

૧. આ દોઢ કારિકામાં બીજાથી સાતમા સુધીના છ શ્લોકોના અર્થ કહેલ છે. બીજા, ત્રીજા અને ચોથા શ્લોકમાં નલકૂબર અને મણિગ્રીવના ઉન્માદ, પ્રમાદ અને નિંદિત આચરણ અનુક્રમે કહેલાં છે. પાંચમા શ્લોકમાં નારદે તેમને જોયા એમ કહેલ છે. છઠ્ઠા શ્લોકમાં તેઓએ નારદપ્રતિ ધૃષ્ટતા કરી, પરંતુ સ્ત્રીઓએ ન કરી એ કહેલ છે. સાતમા શ્લોકમાં શાપ આપવાનો આરંભ કહેલ છે એવો અર્થ છે. (કા)

૨. '' 'અનુ' પાછળ 'ચરતિ' ચાલે તે અનુચર'' એ વ્યુત્પત્તિ પ્રમાણે તેઓએ રુદ્રને પગલે

(તેમને) જરા પણ વિરુદ્ધ ચાલવાથી દોષ થાય. તેવા (રુદ્રના અનુચરો) હોવા છતાં તેઓ બહુ અહંકારી એટલે ધનને લીધે બહુ મદવાળા થયા. તેનું કારણ 'કુબેરના પુત્રો' શબ્દથી જણાવેલ છે. 'ધનં' ધન સર્વને 'દદાતિ' આપે તે 'ધનદઃ' એટલે કુબેર. તેના પુત્રો ધનવાળા હોય એ સિદ્ધ જ છે. બંને સાથે ક્રીડા કરે એ નિંદિત છે અને બંને દુષ્ટ થએલા. તેમાં પણ મહાદેવના ઘરરૂપ જે કૈલાસ પર્વત (છે) તેના ઉપવનમાં, એટલે ફલ અને પુષ્પ જેમાં પ્રધાન હોય તેવા રોપાઓ ચડાવેલ વનમાં, અને તે પણ રમ્ય એટલે સર્વ દોષોથી રહિત વનમાં (તેઓએ સાથે ક્રીડા કરી). મહાદેવ સ્વભાવથી જ વૈરાગ્યવાળા છે. તેમના સ્થાનમાં વૈરાગ્યવાળાઓ જ રહે છે, તેમાં પણ ઉપવનમાં એટલે યોગીઓને ભગવાનનું ચિંતન કરવા યોગ્ય સ્થાનમાં, અને તેમાં પણ રમ્ય એટલે ભગવાનના પ્રસાદરૂપ સ્થાનમાં (તેઓએ સાથે ક્રીડા કરી). 'મંદાકિનીમાં' શબ્દથી તેનાથી પણ (તેઓનો) અધિક દોષ કહેલો છે. મંદાકિની એટલે ભાગીરથી પ્રસિદ્ધ છે, કારણ કે તેમાં કોઈ પણ દોષ નથી[3]. ત્યાં પણ મદ ઘણો છે જેઓનો, (તેવા થઈ ક્રીડા કરી). આ મદ ધન વિગેરેથી જ થએલો જાણવો. દારૂથી થએલ મદ તો આગળ કહેશે. ૨.

એ પ્રમાણે મોટા પુરુષના સ્વરૂપ દોષો કહ્યા. આગંતુક (બીજા પદાર્થના સેવનથી થતા) દોષોથી તેઓએ ઘણી[1] દુષ્ટ ક્રિયા કરી, એમ કહે છે :

**વારુણીં મદિરાં પીત્વા મદાઘૂર્ણિતલોચનૌ ।।**
**સ્ત્રીજનૈરનુગાયદ્ભિશ્ચેરતુઃ પુષ્પિતે વને ।।૩।।**

વારુણી મદિરાનું પાન કરીને મદથી ઘેરાતાં લોચનવાળાઓએ પાછળ ગાતી સ્ત્રીઓ સહિત પુષ્પવાળા વનમાં ફરવા માંડ્યું. ૩.

બે(પદાર્થો)થી થતો દોષ રોકી ન શકાય તેવો હોય છે, તેથી બેનો[2] સંબંધ છે. વારુણી એટલે વરુણમાંથી (સમુદ્રમાંથી) ઉત્પન્ન થએલી, અમૃત સાથે

---

ચાલવું યોગ્ય છે. 'વેદ શિવ છે, શિવ વેદ છે' શ્રુતિ પ્રમાણે, શિવ વેદરૂપ હોવાથી તેમના અનુચરોએ વેદ પ્રમાણે જ વ્યવહાર કરવો જોઈએ; તેમ તેઓએ ન કર્યું, એ અનુચિત થયું એમ દર્શાવેલું છે. (યો)

૩. ત્યાં (શિવના ઉપવનમાં) ગંગામાં મનુષ્યે કરેલ પાપ ધોવાતાં નહિ હોવાથી (મનુષ્યો સ્નાન કરતા નહિ હોવાથી) દોષ નથી. (પ્ર)

૧. (વૃંદાવનપ્રેસવાળી પ્રત પ્રમાણે 'સુદુષ્ટક્રિયામ્' પાઠ લઈ આ અર્થ કરેલ છે. બીજો પાઠ 'સુદુષ્ટક્રિયામ્' છે) દુષ્ટ એટલે દોષ. સદુષ્ટ ક્રિયા એટલે દોષવાળી ક્રિયા, એવો અર્થ લેવો. (લે)

૨. 'બે' એટલે (૧) આસુરભાવ અને (૨) માદકપણું. (પ્ર) બીજા શ્લોકમાં ધનનો મદ કહ્યો. આ ત્રીજા શ્લોકમાં મદિરાનો મદ કહ્યો. એ બેથી થતો દોષ રોકી ન શકાય તેવો હોવાથી તે બેનો સંબંધ છે, એટલે આ બે શ્લોકોનો સંબંધ છે. બે શ્લોકોથી એક જ વાક્ય થાય છે એવો અર્થ જણાય છે.

ઉત્પન્ન થએલી, દૈત્યભાવ જાગ્રત કરનારી, તે પણ મદિરા એટલે ગાંડાતુર બનાવનારી, અસુરોના દોષો કરતાં પણ અધિક દોષ ઉત્પન્ન કરનારી. તે વારુણી મદિરાનું પાન કરીને, મદથી ઘેરાતાં છે બે લોચનો જેઓનાં તેવા, એટલે વિરુદ્ધ જ્ઞાનવાળા થયા. તેમાં પણ પાછળ ગાન કરતી સ્ત્રીઓ સહિત તેઓ હતા. આથી સંગનો દોષ, મોહનું કારણ અને (સ્ત્રીઓનો) સંબંધ (જણાવેલાં છે). પુષ્પવાળાં એટલે રજોગુણવાળા વનમાં (તેઓએ) ફરવા માંડ્યું. એટલે ભ્રમણ કરવા માંડ્યું. 'મંદાકિનીમાં' એ સામીપ્યના[3] અર્થમાં સાતમી વિભક્તિ યોજેલી છે (તેથી 'મંદાકિની સમીપ' એવો અર્થ થયો) અથવા કૈલાસનું ઉપવન હતું. મંદાકિની પણ હતી છતાં તેઓ ઘણા મદવાળા હતા. તેથી 'પુષ્પવાળા (એટલે રજોગુણવાળા) વનમાં' એમ જે વનસંબંધી દોષનું વચન કહેલ છે[4] તેનો વિરોધ થતો નથી. ૩.

નીચેના શ્લોકમાં (વળી તેઓનો) બીજો દોષ કહે છેઃ

**અન્તઃ પ્રવિશ્ય ગંગાયામમ્ભોજવનરાજિનિ ॥**
**ચિક્રીડતુર્યુવતિભિર્ગજાવિવ કરેણુભિઃ ॥૪॥**

કમળોના વનની હારોવાળા ગંગાના મધ્યમાં પ્રવેશ કરીને જેમ હાથીઓ હાથણીઓ સાથે ક્રીડા કરે તેમ ક્રીડા કરવા લાગ્યા. ૪.

'પવિત્ર જલવાળી ગંગામાં જઈને તેર (કાર્યો) કરવાં નહિ' એ વાક્યમાં ક્રીડા નહિ કરવાનું વિધાન હોવાથી ગંગાના જલમાં ક્રીડા કરવાનો નિષેધ (મનાઈ) છે. તેમાં પણ તેઓ (ગંગાનું જલ) બહાર લઈ જઈને (તેમાં ક્રીડા કરતા ન હતા),

---

૩. સમીપનો પણ આધાર ગણીને ચાર પ્રકારના આધાર કહેલ છે. 'નદીમાં છે' એ (સમીપના આધારનું) દૃષ્ટાંત કહેલું છે. 'ગંગાયાં ઘોષઃ' 'ગંગામાં ઝુંપડું છે' એટલે ગંગાના પ્રવાહમાં નહિ પણ તેની સમીપ ઝુંપડું છે. સમીપને આધાર ગણીએ તો આ દૃષ્ટાંત(ગંગામાં ઝુંપડું છે)માં પણ લક્ષણા નથી. (લે)

(નહિ તો આ લક્ષણાનું દૃષ્ટાંત છે. 'મુખ્ય અર્થનો બાધ થતો હોય, તેના સંબંધવાળો અર્થ થતો હોય, અને તેવો અર્થ કરવાની રૂઢિ હોય અથવા પ્રયોજન હોય, ત્યારે મુખ્ય અર્થ નહિ લેતાં તેના સંબંધવાળો અર્થ લેવાય તે લક્ષણા કહેવાય છે.' ગંગામાં એટલે 'ગંગાના પ્રવાહમાં ઝુંપડું છે' એ મુખ્ય અર્થ છે. તેનો બાધ થાય છે, કારણ કે નદીના પ્રવાહમાં ઝુંપડું હોઈ શકે નહિ. તેથી તેના સંબંધવાળો 'ગંગાના પ્રવાહ પાસે' એવો અર્થ થાય છે. તેવો અર્થ લેવાનો હોવા છતાં 'ગંગામાં ઝુંપડું છે' એમ કહેવાથી 'એ ઝુંપડામાં શીતલતા અને પવિત્રપણું રહેલાં છે' એમ જણાવવાનું પ્રયોજન રહેલ છે. તેથી તે લક્ષણા છે, અને લક્ષણાના દૃષ્ટાંત તરીકે પ્રસિદ્ધ છે).

૪. નલકૂબર અને મણિગ્રીવને મદ ઘણો જ હતો તેથી વનધર્મ પણ એ મદને જ તેજ કરતો હતો; પણ તેને શાંત કરતો ન હતો. તેથી 'પુષ્પવાળા એટલે રજોગુણવાળા' એવો જે તેનો ઉપર દોષ કહ્યો તેનો વિરોધ થતો નથી. (પ્ર)

પરંતુ તેની અંદર પ્રવેશ કરીને (તેમાં ક્રીડા કરતા હતા). તેની અંદર કમળોના વનોની હારો હતી. આથી એમ જણાય છે કે ગંગા પૂજા કરે તે માટે ભગવાનની પણ ત્યાં હાજરી હતી. 'જેમ હાથીઓ હાથણીઓ સાથે (ક્રીડા કરે)' દૃષ્ટાંતથી ક્રીડાને લીધે (બીજા પ્રતિ) અનાદર (બેદરકારી) કહેલ છે. ૪.

(તેઓના) વિષયનું નિરૂપણ કરી, (તેમને) શાપ થાય તે માટે (નારદનું) સમાગમન નીચેના શ્લોકમાં કહે છેઃ

**યદૃચ્છયા ચ દેવર્ષિર્ભગવાંસ્તત્ર કૌરવ ।।**
**અપશ્યન્ નારદો દેવૌ ક્ષીબાણૌ સમબુધ્યત ।।૫।।**

હે કૌરવ ! ત્યાં દેવર્ષિ ભગવાન્ નારદે (તે) બે દેવોને અકસ્માત્ જોયા અને મત્ત (થએલા) જાણ્યા. ૫.

'દેવર્ષિ' શબ્દથી ભવિષ્યમાં જે થવાનું છે તેનું (નારદને) જ્ઞાન છે[૧], અને તે દેવયોનિવાળાઓ ઉપર ઉપકાર કરનારા છે એમ જણાવેલું છે. 'ભગવાન્' શબ્દથી તેમનામાં સર્વ સામર્થ્ય છે એમ જણાવેલ છે. કાર્યભગવત્પણાં[૨] ભગવાનની કૃપાથી પ્રાપ્ત થાય તેવાં છે. 'ત્યાં' એટલે તે ગંગાની અંદર. મોટાના વંશમાં ઉત્પન્ન થએલાથી પણ પ્રમાદ થાય છે, એમ (રાજા પરીક્ષિત્) પોતાના દૃષ્ટાંતથી જાણે, તે માટે 'હે કૌરવ !' એવું સંબોધન કરેલું છે. (નારદે) પ્રથમ દેવોને જોયા (અને) પછી (તેઓને) મત્ત થએલા જાણ્યા. 'ક્ષીબ' શબ્દ અંતે 'અ'વાળો અથવા 'ન્'વાળો (ક્ષીબ, અથવા ક્ષીબન્) પણ છે. (એટલે બીજી વિભક્તિનું દ્વિવચન 'ક્ષીબૌ' અથવા 'ક્ષીબાણૌ' થાય). ક્ષીબા (ક્ષીબન્ નું પ્રથમાનું એકવચન) એટલે મત્ત. દેવો પોતાના ઋષિ(દેવર્ષિ)નું સન્માન ન[૩] કરે એવું ન બને, (છતાં

---

૧. આ કુબેરના પુત્રો મારા શાપથી યમલાર્જુન થવાના છે અને શ્રીકૃષ્ણ તેમને મુક્ત કરશે એવું નારદને જ્ઞાન છે.

૨. ઐશ્વર્ય વિગેરે ભગવાનના મૂર્તિમાન ગુણો ભગવાનમાં જ રહેલા છે. બીજા ભગવાનના પાર્ષદ વિગેરેમાં આ ગુણો અધ્રુવ છે. તેથી આ અસાધારણ ગુણો ભગવાનમાં જ છે, બીજાઓને ભગવાનની કૃપાથી પ્રાપ્ત થાય છે પણ તેમનામાં તે નિત્ય નથી, એમ ૨।૯।૧૬ તથા તે પરનાં શ્રીસુબોધિનીમાં જણાવેલ છે. તેથી ભગવાન્ સિવાય બીજાઓમાં ભગવત્પણું ભગવાને આપેલ હોવાથી આવે છે. તેથી તે નિત્ય નહિ પણ કાર્ય છે. ભગવાન્ છ ગુણો પૈકી કોઈને એક, બે અથવા વધારે ગુણો આપે, તેથી અહિં તે બહુવચનમાં યોજેલ છે. (પ્ર)

૩. દેવો પોતાના ઋષિ નારદનું નમસ્કાર વિગેરેથી સંમાન ન કરે તેવું સંભવતું નથી. તેથી (તેમણે એમ નહિ કરેલ હોવાથી) તેઓ મત્ત છે, એમ નારદે જાણ્યું એવો અર્થ છે. (લે)

શાસ્ત્રીજીએ પ્રસિદ્ધ કરેલ ગ્રંથમાં 'સ્વર્ષિસમ્માનાભાવયોગાત્' પાઠ છે. વૃંદાવન-પ્રેસવાળી પ્રતમાં 'સ્વર્ષિસમ્માનાભાવાયોગાત્' પાઠ છે. આ વૃંદાવનપ્રેસવાળો પાઠ વધારે યોગ્ય જણાય છે.

તેમણે સન્માન ન કર્યું, તેથી તેમને મત્ત થએલા જાણ્યા). ૫.

પછી જે થયું તે નીચેના શ્લોકમાં કહે છેઃ

**તં દૃષ્ટ્વા વ્રીડિતા દેવ્યો વિવસ્ત્રાઃ શાપશંકિતાઃ ॥**
**વાસાંસિ પર્યધુઃ શીઘ્રં વિવસ્ત્રૌ નૈવ ગુહ્યકૌ ॥૬॥**

તેમને જોઈને લજ્જા પામેલી વસ્ત્રરહિત દેવીઓએ શાપથી ભય પામી તરત જ વસ્ત્રો પહેરી લીધાં, પરંતુ વસ્ત્રરહિત ગુહ્યકોએ ન જ પહેર્યાં. ૬.

નારદને જોઈને દેવીઓ એટલે અપ્સરાઓ વસ્ત્રરહિત હતી તેમણે પોતામાં તથા નારદમાં એક એક ધર્મ જાણ્યો. લજ્જા થઈ તે પોતાની અંદરનો ધર્મ જાણ્યો. કામ જાગ્રત થવાથી નારદને અનિષ્ટ[1] થાય તેથી તે શાપ આપે (શાપ આપવો એ ધર્મ નારદમાં જાણ્યો), તેવો ભય થયો. વસ્ત્ર પહેરી લેવાથી તે બંને (લજ્જા, અને શાપ) થાય નહિ તેવા હેતુથી, તરત જ એટલે જ્યાં સુધીમાં ઋષિને ક્ષોભ ન થાય તે પહેલાં જ તેઓએ વસ્ત્રો પહેરી લીધાં. ગુહ્યકો પણ વસ્ત્રરહિત હતા. નગ્નનું દર્શન પણ અમંગલ અને નિષિદ્ધ (જે કાર્ય નહિ કરવાનું કહેલ છે તેવું) છે, અને સ્ત્રીઓના સંગને લીધે (સંગમાં) ક્ષોભ ઉત્પન્ન કરનારું છે. તેમાં પણ આ ગુહ્યકો હતા. 'ગુહ્યં' છૂપાવવા યોગ્ય છે 'કં' શરીર[2] જેઓનું તે ગુહ્યકો. ૬.

આમ હોવાથી તેઓને શાપ (આપવાનો નારદે) આરંભ (ઉદ્યમ) કર્યો, એમ નીચેના શ્લોકમાં કહે છેઃ

**તૌ દૃષ્ટ્વા મદિરામત્તૌ શ્રીમદાન્ધૌ સુરાત્મજૌ ॥**
**તયોરનુગ્રહાર્થાય શાપં દાસ્યન્નિદં જગૌ ॥૭॥**

તે દેવના પુત્રોને મદિરાથી મત્ત થએલા અને લક્ષ્મીથી આંધળા થએલા જોઈને તેઓના ઉપર કૃપા કરવા શાપ આપવા આ પ્રમાણે નારદે કહ્યું. ૭.

તે દેવોના પુત્રો થઈને (હોવા છતાં) મદિરાથી મત્ત થએલા (હતા), એટલે તેઓએ અસુરનું (અસુરો કરે તેવું) કાર્ય કરેલું. વળી લક્ષ્મીના મદથી તેઓ આંધળા થએલા (હતા), એટલે મનુષ્યોમાં હોય છે તે દોષ તેઓને પ્રાપ્ત થએલ. તેથી બંને(દોષો)નું[1] ફલ મહાપુરુષની સંનિધિ(હાજરી)માં[2] થાય છે. તેથી 'અત્યંત

---

૧. અનિષ્ટ કેવી રીતે થાય તે પ્રકાર કહેલ છે. 'ધાન્યથી ધન થાય' તેની પેઠે અભેદ દર્શાવવા ત્રીજી વિભક્તિ ('કામોદબોધેન') યોજેલી છે. તેથી કામ જાગ્રત થાય તે જ અનિષ્ટ થાય એવો અર્થ છે. (લે)

૨. 'કં' એટલે 'વિષયનું સુખ'. (પ્ર) વસ્ત્રોથી તેમનું વિષયનું સુખ ઢંકાતું નથી, પરંતુ શરીર જ ઢંકાય છે. તેથી 'કં' નો 'અર્થ' શરીર કરેલો છે.

૧. આસુરભાવ અને મનુષ્યનો દોષ, એ બંને દોષો. (પ્ર) મદિરાપાન (આસુરભાવ) અને લક્ષ્મીનો મદ (માનુષ દોષ) એ બંને દોષો. ૨. મહાપુરુષમાં ભગવાન્ હોવાથી

નિંદિત દોષોથી જીવને સ્થાવરપણું પ્રાપ્ત થાય છે' વાક્ય પ્રમાણે આ બંને સ્થાવરપણાંને જ યોગ્ય છે એમ વિચારી, કર્મથી જ (સ્થાવરપણું) (તેઓને પ્રાપ્ત) થશે એવો નિશ્ચય કરી, કૃપાથી પરિપૂર્ણ થઈ, તેઓના ઉપર કૃપા કરવા (તેઓને) શાપ આપવા, 'આ' એટલે નીચે કહેવામાં આવશે તે શાપનું કારણ તેમણે કહ્યું. બાલક બીજાનો અપરાધ કરે ત્યારે પિતા શિક્ષા કરે, તે કર્મથી પ્રાપ્ત થતું અનિષ્ટ ફલ હોવા છતાં બહુ દુઃખ આપનારું હોતું નથી, તેથી કર્મનો અધિકારી[3] ફલ આપવાનો વિચાર કરે તે પહેલાં જ (નારદે) પોતે શાપ આપ્યો. મહાપુરુષની દૃષ્ટિથી[4] (કર્મ) જાગ્રત (ફલ આપનારું) થયું. તેથી[5] તેઓ વનમાં વૃક્ષો થયા નહિ. 'નર્મદાના કીનારે ઉગેલાં સરલ (તાડ ?) અને આસુંદરાનાં વૃક્ષો નર્મદાના જલના સંસ્પર્શથી પરમગતિને પામે છે' વાક્ય પ્રમાણે વૃક્ષોમાં આસુંદરા જાતના વૃક્ષોની મુક્તિ પ્રસિદ્ધ છે. તેમાં પણ (તેઓ) ગાયને છાયા (છાંયડો) કરનારાં અને મહાપુરુષ નંદજીને પણ સમાચાર આપનારાં થશે. તેમને પણ ઉત્તમ ફલ થશે જ[5]. તેથી કર્મનું ફલ (તેઓને મળે તે) કરતાં શાપ વધારે સારો છે. ૭.

'જો (નલકૂબર અને મણિગ્રીવને) શાપ આપવામાં ન આવે તો તેઓ કોઈવાર ઉત્તમ કર્મ પણ કરે અને તેનાથી પાપનો ક્ષય થતાં કોઈ સમયે (તેઓની) મુક્તિ જ થાય, અથવા (તેઓ) સત્સંગ કરે અને તેથી તેઓને ભક્તિ પ્રાપ્ત થાય. તો પછી (નારદે) એ પ્રમાણે તેમને શાપ કેમ આપ્યો ?' એવી શંકા થાય, તેથી તેઓને સત્કર્મ અથવા સત્સંગ દુર્લભ છે, એમ દર્શાવવા તેઓમાં જે દોષ[1] હતો

---

તેમની સંનિધિ સર્વ ફલનું દાન કરે છે. (પ્ર)

૩. કર્મનો અધિકાર આપે છે તેવો કર્માધિકારી. તે ફલની ભાવના કરે એટલે ફલ ઉત્પન્ન કરી પ્રાપ્ત કરાવે તે પહેલાં. (પ્ર) કર્મનું ફલ આપનાર અધિકારીને 'કર્માધિકારી' કહેલ હોય તેમ જણાય છે. કર્મનું ફલ આપનાર અધિકારી તેનું ફલ આપવાનો વિચાર કરે, તે પહેલાં જ (નારદ શાપ આપે છે).

નિંદિત કર્મોથી અધિકારી થયા હોય તેવા જીવોને સ્થાવરપણું ફલ તરીકે પ્રાપ્ત થાય છે. તેની ભાવના થાય એટલે તે ફલ ઉત્પન્ન થાય; એટલે કર્મથી તેનાં ફલની ઉત્પત્તિ થાય તે પહેલાં જ (નારદ શાપ આપે છે). (લે)

૪. 'વિધિનો સંબંધ થયા પહેલાં કર્મનું ફલ મળે નહિ' એવી શંકા થાય તેથી કહે છે કે મહાપુરુષ ની દૃષ્ટિથી જ કર્મનું ફલ જાગ્રત (પ્રાપ્ત) થાય છે. તેથી વિધિની જરુર નથી એવો ભાવ છે. (લે)

૫-૫. આ ભાગથી કર્મના ફલથી શાપનું ફલ ઉત્તમ છે, એમ સ્પષ્ટ કરેલું છે. (પ્ર)

૧. 'દોષ' એટલે 'લક્ષ્મીનો મદ' એવો અર્થ છે. આ દોષથી સત્સંગ અથવા સત્કર્મ થતાં નથી, એવો અર્થ અહિંથી આરંભી બાર શ્લોકોનો છે. તેમાં ધનનો મદ બુદ્ધિનો નાશ કરી સદ્‌બુદ્ધિ ઉત્પન્ન થવા દેતો નથી, એવો આ શ્લોકોનો અર્થ છે. આ પછીના શ્લોકોમાં તે બીજા

તેથી એ બંને (સત્કર્મ તથા સત્સંગ) થાય તેવું નથી, એવું નિરૂપણ નીચેના શ્લોક થી આરંભી બાર શ્લોકોથી કરે છેઃ

નારદ કહે છેઃ

**ન હ્યન્યો જુષતો જોષ્યાન્ બુદ્ધિભ્રંશો રજોગુણઃ ।।**
**શ્રીમદાદાભિજાત્યાદિર્યત્ર સ્ત્રી દ્યૂતમાસવઃ ।।૮।।**

જેમાં સ્ત્રી, દ્યૂત અને આસવ (મદ્યપાન) રહેલાં છે, તેવા લક્ષ્મીના મદ સિવાય બીજો કોઈ ઉત્તમકુલમાં જન્મનો મદ વિગેરે વિષયો ભોગવનારનો રજોગુણ બુદ્ધિનો નાશ કરનાર થતો નથી. ૮.

સન્માર્ગ અથવા સત્સંગ સદ્‌બુદ્ધિથી પ્રાપ્ત થાય છે. લક્ષ્મીના મદથી તો કોઈ સમયે સદ્‌બુદ્ધિ[૨] થતી નથી. 'બીજો કોઈ મદ વિષયો ભોગવનાર પ્રાણીની બુદ્ધિના નાશનું કારણ[૩] થતો (હોતો) નથી' શબ્દોથી તે[૪] કહેલ છે. 'સત્ત્વમાંથી જ્ઞાન થાય છે'[૫] વાક્ય પ્રમાણે અહિં કહેલી બુદ્ધિ સાત્ત્વિકી છે. તે(જ્ઞાન)નો[૬] બાધ કરનાર[૭] ત્રણ પ્રકાર હોય છે. ૧.વિરુદ્ધ ગુણો[૮] ૨.આશ્રયનો નાશ કરનાર[૯]. ૩. આશ્રયથી વિરુદ્ધ બીજું જ્ઞાન ઉત્પન્ન કરનાર[૧૦]. તે ત્રણે અહિં લક્ષ્મીના મદથી

---

દોષોને ઉત્પન્ન કરી તેમને લીધે સદ્‌બુદ્ધિ થવા દેતો નથી, એમ જણાવવામાં આવશે. (લે)

૨. 'બુદ્ધિ' શબ્દથી 'અંતઃકરણ' જણાવેલ છે. 'સદ્‌બુદ્ધિ' એટલે 'જ્ઞાન ઉત્પન્ન કરનારી બુદ્ધિ' એવો અર્થ છે. (લે)

૩. મૂલશ્લોકમાં 'બુદ્ધિભ્રંશઃ' શબ્દ છે '' 'બુદ્ધિં ભ્રંશયતિ' ઈતિ બુદ્ધિભ્રંશઃ'' બુદ્ધિનો નાશ કરે તે બુદ્ધિભ્રંશ એવો તેનો અર્થ છે. (લે)

૪. 'ભ્રંશ' શબ્દથી 'સદ્‌બુદ્ધિ ઉત્પન્ન કરતો નથી' એમ કહે છે. ચિત્તમાં રહેલું જ્ઞાન ઉત્પન્ન કરે તે સદ્‌બુદ્ધિ. તેથી 'ચિત્ત' થયા પછી સદ્‌બુદ્ધિ થાય. બુદ્ધિ અસતી (અસદ્‌બુદ્ધિ) હોય તો એ મનરૂપ છે (ચિત્તરૂપ નથી), એટલે તેનો ભ્રંશ અથવા અધઃપાત થાય છે એવો ભાવ છે. (લે)

૫. સદ્‌બુદ્ધિથી જ્ઞાન થાય છે તેનું આ પ્રમાણ કહેલ છે, એટલે સત્ત્વનું કાર્ય જ્ઞાન નહિ હોવાથી કારણ સત્ત્વ પણ નથી એવું અનુમાન થાય છે એવો ભાવ છે. (લે)

૬. 'તેનો' એટલે 'ચિત્તનો આશ્રય કરી રહેલ જ્ઞાનનો.' (લે)

૭. 'બાધ કરનાર' એટલે ઉત્પન્ન થવામાં પ્રતિબંધ (અડચણ) કરનાર, અને તેથી બુદ્ધિનો નાશ કરનાર એવો અર્થ છે. (લે)

૮. ગુણો એટલે જ્ઞાનના ગુણો અથવા વિષયો. વિરુદ્ધ એટલે નિષિદ્ધ વિષયો ચિત્તમાં રહેતા જ્ઞાનનો પ્રતિબંધ કરનારા છે એવો અર્થ છે. વિષયભોગમાં સ્ત્રી મુખ્ય છે. તેથી શ્લોકમાં વિષયોને બદલે 'સ્ત્રી' કહેલ છે. (લે)

૯. આશ્રયનો-(જ્ઞાનના આશ્રય) ચિત્તનો નાશ કરનાર દ્યૂત છે, દ્યૂતથી અંતઃકરણ અશુદ્ધ થતાં તેના ચિત્તપણાનો નાશ થાય છે એવો અર્થ છે. (લે)

૧૦. (જ્ઞાનના) આશ્રય-ચિત્તમાં યથાર્થ જ્ઞાનથી વિરુદ્ધ બીજું જ્ઞાન ઉત્પન્ન કરનાર આસવ છે.

થાય છે. જો કે 'જેમ ધરામાંથી રાડું (પોલી નળી) જલને હરે છે તેમ વિષયોએ આકર્ષણ કરેલી ઇન્દ્રિયોથી વિક્ષિપ્ત થએલું ધ્યાન ધરનારાઓનું મન (તેઓની) બુદ્ધિની ચેતનાને હરે છે' વાક્ય પ્રમાણે, હરકોઈ વિષયનું સેવન જ બુદ્ધિનો નાશ થવાનું કારણ છે, તો પણ બહારના અને અંદરના દોષના સમૂહરૂપ લક્ષ્મીના મદથી જેવો (બુદ્ધિનો નાશ) થાય છે (તેવો બીજા કોઈથી થતો નથી). બીજા એટલે (ધનના મદ વિના) બીજી રીતે ઉત્પન્ન થએલ વિષયના અનુભવ માં, સાધનમાં દ્વંદ્વપણું (બે દોષો હોવાપણું) નહિ હોવાથી, તે (વિષયનો અનુભવ) તજી શકાય છે, પણ આ (લક્ષ્મીના મદથી થતો વિષયોનો અનુભવ) તો તજી શકાતો નથી, કારણ કે તેનાથી અંદરના[૧૧] અને બહારના[૧૨] દોષો ઉત્પન્ન થાય છે, એમ 'આભિજાત્યાદિઃ' શબ્દથી કહે છે.

**વિદ્યામદો ધનમદસ્તથૈવાભિજનો મદઃ ||**
**એતે મદા મદાન્ધાનાં ત એવ હિ સતાં દમાઃ ||કા. ૯||**

વિદ્યાનો મદ, ધનનો મદ, તેમજ ઉત્તમકુલમાં જન્મનો મદ. મદથી અંધ થએલાઓના આ મદો છે. સત્પુરુષોને તે જ સંયમમાં રાખનાર છે. કા. ૯||

આ ત્રણ મદોમાં ધનનો મદ મધ્યમ (વચમાં રહેલો) છે, અને જેમ મધ્યમાં રહેલું ઘર બળે ત્યારે તેની બંને બાજુએ રહેલાં ઘરોને પણ બાળે છે તેમ (બીજા) બંને મદોને ઉત્પન્ન કરનારો છે. 'આભિજાત્યસ્ય' ઉત્તમ કુલમાં જન્મના મદનું 'આદિઃ' મૂલ લક્ષ્મીનો મદ છે, અને તેના (ઉત્તમ કુલમાં જન્મના મદ) કરતાં પણ વધારે અનર્થ પ્રાપ્ત કરાવનારો છે. 'જેમાં સ્ત્રી, દ્યૂત અને આસવ રહેલાં છે' શબ્દોથી બીજા મદો કરતાં તે (વધારે) દુષ્ટ વિષયોને ઉત્પન્ન કરનારો હોવાનું કારણ કહે છે. તેનાં બીજાં પણ દૂષણો કહેશે. તેમાં જે તજી શકાય તેવા નથી એવા ત્રણ દોષો પ્રથમ કહે છે. પ્રાણીઓને સર્વ પ્રાપ્ત કરાવનાર કાયા, વાણી અને મન છે. તેમાં સ્ત્રી કાયાનો નાશ કરનારી છે. દ્યૂત એટલે જુઠાણું વાણીનો નાશ કરનારું છે. આસવ (મદ્યપાન) બુદ્ધિનો નાશ કરનાર છે. આસવ એટલે મદિરા. 'દ્યૂત, પાન અને સ્ત્રીઓ' (ભા.૧|૧૭|૩૭) એમ આ અધર્મના પાદ પણ (કહેલ) છે.

દારૂથી મદ થતાં, (સત્ત્વ જ્ઞાન થતું નથી પણ) બીજું જ ભાસે છે એવો અર્થ છે. આ પ્રમાણે લક્ષ્મીના મદથી ત્રણ પ્રકારનાં બાધક ઉત્પન્ન થતાં, જ્ઞાન ઉત્પન્ન કરે તેવી સદ્બુદ્ધિ થતી નથી પણ તેનો અધોપાત થાય છે. તેથી સદ્બુદ્ધિ નહિ થવાથી સન્માર્ગ (સત્કર્મ) અને સત્સંગ થતાં નથી એવો ભાવ છે. મન બુદ્ધિ અને ચિત્ત એવો ક્રમ છે એ ત્રણેમાં અહંકાર રહેલ છે. એ પ્રમાણે ચાર (મન, બુદ્ધિ, ચિત્ત અને અહંકાર) અંતઃકરણ થાય છે એમ જાણવું. (લે)

૧૧. અંદરનો દોષ એટલે વિદ્યાનો મદ. (લે)
૧૨. બહારનો દોષ એટલે ઊંચા કુલમાં જન્મનો મદ. (લે)

તેઓમાં પણ 'પુરુષને સ્ત્રીના સંગથી અથવા તેમના (સ્ત્રીઓના) સંગવાળાના સંગથી જેવા મોહ અને બંધ થાય છે તેવા બીજા (કોઈ) પ્રસંગથી થતા નથી' વાક્ય પ્રમાણે સ્ત્રીમાં અધિક (દોષ) રહેલા છે એમ જણાવવા, સ્ત્રીને (આ શ્લોકમાં) પ્રથમ કહેલી છે. લક્ષ્મીનો મદ હોય ત્યાં આ દોષો હોય છે જ (થાય છે જ). ધનના મદથી કરેલી સ્ત્રીઓ અસત્ય જ હોય છે[13]. ૮.

(લક્ષ્મીના મદના) બીજા દોષો[1] નીચેના શ્લોકમાં કહે છેઃ

**હન્યન્તે પશવો યત્ર નિર્દયૈરજિતાત્મભિઃ ।।**
**મન્યમાનૈરિદં દેહમજરામૃત્યુ નશ્વરમ્ ।।૯।।**

જે(લક્ષ્મીના મદ)માં આ નાશવંત દેહને જરારહિત અને મૃત્યુરહિત માનનારા નિર્દય અને અજિતેન્દ્રિય(પુરુષો)થી પશુઓ હણાય છે. ૯.

જેમાં એટલે જે લક્ષ્મીના મદથી દરરોજ ભક્ષણ માટે પશુઓ હણાય છે. 'નિર્દય' પદથી એમ સૂચવેલું છે કે બાલપશુઓને અને અપક્વ (બાંધાના) પશુઓ ને પણ તેઓનું માંસ કોમલ હોવાથી હણવામાં આવે છે. વળી 'ઘણા મદવાળો જે ઈન્દ્રિયોની પ્રીતિ ઉત્પન્ન કરી આનંદ આપે છે તેવું દુષ્ટ કર્મ કરે છે' વાક્યમાં નિરૂપણ કરેલું છે તેમ, અજિતેન્દ્રિય પુરુષો બધાંય પાપો કરે છે.

'પોતાના ઈચ્છેલા પદાર્થના સાધનનું જેઓને જ્ઞાન છે તેવા[2] તેઓ પોતાના અનિષ્ટ(અનિષ્ટ ફલ આપે તેવાં કર્મ)માં કેમ પ્રવૃત્ત થાય છે ?' એવી શંકા થાય, તેથી ઉત્તરાર્ધ કહેલ છે. પહેલાં કહ્યું તેવા પ્રકારથી વિષયોનો ભોગ સ્વભાવથી સુખ આપનાર હોય છે, અને અંતે પરલોકમાં દુઃખનું કારણ થાય છે. એ પરલોક તો આ દેહનો નાશ થયા પછી (પ્રાપ્ત થાય છે). તેઓ ધનના મદને લીધે વસ્તુના તત્ત્વને જાણતા નથી. તેથી આ[3] શરીર નાશવંત (હોવા) છતાં તેને 'અજરામૃત્યુ'[3] એટલે જરા (ઘડપણ) રહિત તથા મૃત્યુરહિત માને છે. ૯.

'દેવો જરારહિત અને મૃત્યુરહિત છે એ સત્ય જ છે' એવી શંકા થાય,

---

૧૩. 'સ્ત્રી જો દુષ્ટ જ હોય તો વિવાહ વિગેરે કેમ કરવામાં આવે છે ?' એવી શંકા થાય, તેથી આ કહેલ છે. ધર્મનું આચરણ કરવા સ્ત્રી સાથે વિવાહ વિગેરે કરવામાં આવે છે, પણ ધનના મદથી કરેલી સ્ત્રીઓ તો સદા દુષ્ટ જ હોય છે. તેમનાથી ધર્મનું આચરણ થઈ શકે નહિ. (પ્ર)

૧. 'અજિતેન્દ્રિય પુરુષો સર્વ પાપો કરે છે' એવું વ્યાખ્યાન થવાનું હોવાથી, અહિં 'દોષો' એમ બહુવચન યોજેલ છે. (લે)

૨. 'આ ઈષ્ટ છે અને આ અનિષ્ટ છે' એવો વિવેક તેઓને હોય છે તેઓ ગાંડા હોતા નથી. છતાં (તેઓ કેમ એમ કરે છે ?) એવો ભાવ છે. (લે)

૩-૩. 'ઈદં' 'અજરામૃત્યુ' શબ્દો નપુંસક છે તે 'દેહ'નાં વિશેષણો છે. 'દેહ' શબ્દ નપુંસકલિંગ નો પણ છે. (પ્ર)

તેથી શ્લોક ૧૦ કહે છે:

**દેવસંજ્ઞિતમપ્યન્તે કૃમિવિડ્ભસ્મસંજ્ઞિતમ્ ।।**
**ભૂતધ્રુક્ તત્કૃતે સ્વાર્થં કિં વેદ નિરયો યતઃ ।।૧૦।।**

'દેવ' કહેવાતો (દેહ) પણ અંતે કીડા, વિષ્ટા અથવા ભસ્મ કહેવાય છે. તેને માટે પ્રાણીઓનો દ્રોહ કરનાર શું સ્વાર્થને જાણે છે ? જે(પ્રાણીઓના દ્રોહ)થી નરક (પ્રાપ્ત થાય છે). ૧૦.

જેમ 'અજા' શબ્દનો વ્યુત્પત્તિ પ્રમાણે અર્થ 'બકરી' થતો નથી, પરંતુ કોઈ સમયે બ્રહ્મ તે (બકરીના) રૂપથી સોમ લેવા ગએલ તેથી[1] (તેનો અર્થ બકરી થાય છે), તેવી રીતે (દેવો) અમર અને નિર્જર પણ કહેવાય છે. (કારણ કે) મનુષ્યોને જેટલા સમયે ઘડપણ અથવા મૃત્યુ આવે છે તેટલા સમયે તેઓને તે આવતાં નથી. જેમ 'સૂતો નથી' (એટલે) પાછળથી સૂનાર અને વહેલો ઉઠનાર હોય તેને '(આ) સૂતો નથી' એમ કહે છે, (તેમ દેવોને નિર્જર અને અમર કહે છે). અથવા અધિકારીઓ તેવા હોવાથી[2] (દેવોને નિર્જર અને અમર કહે છે). વાસ્તવિક રીતે તો 'દેવ' કહેવાતો હોય તે પણ 'દેહ' હોવાથી અંતવાળો જ છે, તેથી અંતે તે 'કીડા, વિષ્ટા અથવા ભસ્મ' જ કહેવાય છે. દેહનો ત્રણ પ્રકારે ઉપયોગ (પરિણામ) થાય છે. (૧) બાળવામાં આવે છે, (૨) ખાવામાં આવે છે અથવા (૩) સડે છે. સડે ત્યારે તેના કીડાઓ થાય છે, ખાવામાં આવે ત્યારે તેમાંથી (તેની) વિષ્ટા થાય છે, અને બાળવામાં આવે ત્યારે (તેની) ભસ્મ થાય છે. પહેલાં જે 'દેવ' કહેવાતો હતો તે પણ અંતે કીડા, વિષ્ટા અથવા ભસ્મ કહેવાય છે. આમ હોવાથી જે તેવા દેહને માટે પ્રાણીઓનો દ્રોહ કરે છે તે શું સ્વાર્થ જાણે છે ? નથી જ જાણતો, કારણ કે પ્રાણીઓનો દ્રોહ કરવાથી નરકમાં પડાય છે.

વિશેષ રીતે હિંસા કહેલી છે એટલે લક્ષ્મીનો મદ હોય ત્યાં હિંસા સદા હોય છે જ. તેથી જેની વાત ચાલે છે તે (નલકૂબર અને મણિગ્રીવના) વિષયમાં પણ તે

---

૧. જેમ 'અજા' શબ્દનો સારૂપ્યના સંબંધથી 'બકરી' અર્થ થાય છે તેમ 'દેવ' વિગેરે શબ્દનો સારૂપ્યના અથવા પ્રશંસાના સંબંધથી પ્રયોગ થાય છે. તેનાં બે કારણો નીચે 'મનુષ્ય' તથા 'નહિ સૂનાર'ના દૃષ્ટાંતથી આપેલાં છે. (પ્ર) 'અજ' એટલે જન્મરહિત. બ્રહ્મ અજ છે. બકરાં 'અજ' નથી. છતાં બ્રહ્મ બકરાંના રૂપથી સોમ લેવા ગયું એટલે બકરાં સારૂપ્ય(એક સરખું રૂપ)ના સંબંધથી 'અજ' કહેવાવા લાગ્યાં. તેમ દેવો પણ જરારહિત અથવા મૃત્યુરહિત નથી, છતાં નીચે આપેલ 'મનુષ્ય' 'નહિ સૂનાર'ના દૃષ્ટાંત પ્રમાણે નિર્જર અને અમર કહેવાય છે.

૨. અધિકારવાળા દેવો તેવા (નિર્જર તથા અમર છે), તેથી આ (નલકૂબર અને મણિગ્રીવ) પણ દેવો હોવાથી તેમનામાં ગણાય, તેથી 'છત્રીવાળાઓ જાય છે' તેની પેઠે તેમને પણ તેવા કહેલ છે એવો ભાવ છે. (પ્ર)

(હિંસા) હોવાથી હિંસાની નિંદા કરેલી છે[3]. આ દૃષ્ટાંતથી[4] એમ કહેલું છે કે સ્ત્રીઓનું સેવન કરનારાઓ પણ સ્વાર્થ જાણતા નથી. તેથી સ્વાર્થનું જ્ઞાન નહિ હોવાથી અને ધર્મ તથા સત્સંગ પણ નહિ હોવાથી શાપ આપવો યોગ્ય જ છે એવો ભાવ છે. આથી એવો ભાવાર્થ કહેલો છે કે દેહ માટે (દેહના સુખ માટે) પ્રયત્ન કરવો નહિ. ૧૦.

બીજું શાસ્ત્ર (અર્થશાસ્ત્ર) તેનો (દેહ માટે પ્રયત્ન ન કરવો એ સિદ્ધાંતનો) વિરોધ કરે છે. 'સ્ત્રીઓથી તથા ધનથી પણ દેહની સદા રક્ષા કરવી' 'તેથી હે રાજા ! આ(દેહ)નો વધ એ સર્વ અર્થોનો વધ કહેવાય છે' વિગેરે વાક્યોથી દેહની રક્ષા અવશ્ય કરવી જોઈએ એમ તે કહે છે. આ સંબંધમાં નીચે કહે છેઃ

**દેહઃ કિમન્નદાતુઃ સ્વં નિષેક્તુર્માતુરેવ વા ।।**
**માતુઃ પિતુર્વા બલિનઃ ક્રેતુરગ્નેઃ શુનોઽપિ વા ।।૧૧।।**

દેહ શું અન્ન આપનારની મિલ્કલ છે કે નિષેક કરનારની અથવા માતાની ? અથવા માતાના પિતાની, કે બલવાનની, કે ખરીદ કરનારની ? અથવા અગ્નિની કે કૂતરાંની ? ૧૧.

દેહના સંબંધમાં (તેની) રક્ષા માટે પ્રયત્ન (કરવાનાં) જે વચનો (કહેલાં છે) તે અવિચારથી(વિચાર કરેલ નહિ હોવાથી) કહેલાં છે[1]. વિચાર કરવામાં આવે તો તેની રક્ષા કરવી જોઈએ નહિ એમ જણાવવા, (અર્થશાસ્ત્રનાં વચનોમાં) સંદેહ ઉત્પન્ન કરનારા પક્ષો (દલીલ) કહે છે.

દેહ કયા સંબંધથી (પોતાનો) સંબંધી થાય છે, એવો વિચાર કરવો જોઈએ. તે આત્મા નથી, કારણ કે થોડા જ વિવેકથી તે આત્માથી જૂદો છે, એમ જાણવામાં આવશે. તે આત્માનો (પોતાનો) તો છે. તે (તેનું) પોતાપણું (પોતાનો હોવાપણું) કયા કારણને લીધે છે ? (કારણ કે) એક જ શરીરમાં ઘણાની પોતાપણાની બુદ્ધિ હોય છે.

---

૩. 'લક્ષ્મીના મદની નિંદા કરવાની છે, છતાં હિંસાની નિંદા કરવાનું શું પ્રયોજન ?' એવી શંકા થાય, તેથી આ કહેલ છે. (પ્ર)

૪. આ દૃષ્ટાંતથી એટલે 'દેહનું સેવન કરવાના દૃષ્ટાંતથી' એવો અર્થ છે. (પ્ર)

જેમ દેહને માટે પ્રાણીઓનો દ્રોહ કરનારને સ્વાર્થનું જ્ઞાન નથી, તેમ સ્ત્રીઓનું સેવન કરનારાઓ પણ દેહને માટે સ્ત્રીઓનું સેવન કરતા હોવાથી, તેઓ પણ સ્વાર્થ જાણતા નથી. 'પેઠે' વિગેરે શબ્દો નથી, છતાં બિંબ જેવું પ્રતિબિંબ હોય એ ન્યાયથી, ઉપર પ્રમાણે અર્થ જણાવેલ છે એવો અર્થ છે. (લે)

૧. દેહની રક્ષા કરવાનાં જે વાક્યો કહ્યાં તે અવિચારથી કહેલાં છે. ધર્મ અર્થ અને કામ, એ ત્રણ પુરુષાર્થ પ્રાપ્ત કરવામાં દેહ ઉપયોગી હોવાથી જ, વધારે વિચાર કર્યા વિના એ વાક્યો કહેલાં છે, તેથી તેમના વિરોધથી દોષ થતો નથી એવો અર્થ છે. (પ્ર)

શરીરની ઉત્પત્તિ બે પ્રકારની છે. (૧) આરંભની અને (૨) દરરોજ થતી[2]. જો દરરોજ (ઉત્પત્તિ થતી હોય તો) દેહ અન્ન આપનારનો થાય છે (ગણાય), કારણ કે દેહ અન્નમય[3] છે. જો આરંભની હોય (આરંભની ઉત્પત્તિ ગણીએ) તો, (દેહ) નિષેક કરનાર પિતાનો ગણાય. લોકમાં જણાય છે તેવી ઉત્પત્તિને ઉત્પત્તિ ગણીએ તો, (દેહ) માતાનો ગણાય. (દેહને) પરલોકનું સાધન ગણીએ તો (તે) માતાના પિતાનો ગણાય; કારણ કે પુત્રિકાપુત્ર[4] કરવામાં આવે છે, તેમાં શાસ્ત્રાર્થ પ્રમાણે એમ જ હોય છે. આ (દેહના) સ્વરૂપની સ્થિતિ (કહી).

'ખરીદ કરનારની કે બલવાનની' શબ્દોથી (દેહની) વૈષયિક[5] (સંસારના સુખના સંબંધવાળી) સ્થિતિ કહે છે. જે (દેહને) ખરીદ કરે છે (તેનો); અથવા જે બાંધીને લઈ જાય છે તેનો (દેહ) છે ? જો છેવટનો (દેહના અંતનો) વિચાર કરીએ તો (દેહ) અગ્નિનો છે, અથવા કૂતરાંનો છે ? જો તેમાં કીડાઓ પડે[6] તો તેમાં કોઈની માલિકી હોતી નથી. ૧૧.

'દેહ એ બધામાંથી ગમે તેનો હોય તેથી શું ?' એવી શંકા થાય, તેથી શ્લોક ૧૨ કહે છે :

**એવં સાધારણં દેહમવ્યક્તપ્રભવાપ્યયમ્ ।।**
**કો વિદ્વાનાત્મસાત્કૃત્વા હન્તિ જન્તૂનૃતેઽસતઃ ।।૧૨।।**

દુષ્ટ (પુરુષ) સિવાય કયો વિદ્વાન એ પ્રમાણે સાધારણ અને જેનું ઉત્પત્તિનું સ્થાન તથા લયનું સ્થાન અવ્યક્ત છે તેવા દેહને પોતાનો કરી પ્રાણીઓને હણે ? ૧૨.

એવી રીતે સર્વના સાધારણ (સર્વ જેને પોતાનો માને છે તેવા) દેહને પોતાનો કરી કોણ પ્રાણીઓને હણે ? એવો (વાક્યનો) સંબંધ છે. તેમાં પણ (કયો) વિદ્વાન (એમ કરે) ? કારણ કે આ દેહ સાધારણ (સર્વ જેને પોતાનો માને છે તેવો) છે. ખરી રીતે તો આ દેહ પહેલાં જે (તેના માલિક તરીકે) કહ્યા તે પૈકી

૨. નિત્ય પ્રલય થાય છે પક્ષ પ્રમાણે ઉત્પત્તિ દરરોજ થાય છે, તેથી એમ કહેલ છે. (લે)

૩. 'તે આ પુરુષ અન્નના રસમય છે' શ્રુતિ પ્રમાણે દેહ અન્નમય છે. (પ્ર)

૪. (જેને પુત્ર ન હોય અને પુત્રી જ હોય તે પોતાની પુત્રીના કન્યાદાન સમયે એવો સંકલ્પ કરે છે કે આ પુત્રીમાં જે પ્રથમ પુત્ર ઉત્પન્ન થાય તે મારો પુત્ર થશે. પછી તે પુત્રીનો પ્રથમ પુત્ર જે પિંડદાન કરે તે તેની માતાના પિતાને પ્રાપ્ત થાય છે. આ પુત્રને 'પુત્રિકાપુત્ર' કહે છે). આ પુત્રિકાપુત્ર પોતાની માતાના પિતાનો (પિંડદાનથી) ઉદ્ધાર કરે છે. (પ્ર)

૫. ખરીદ કરનાર અથવા બાંધીને લઈ જનાર તે દેહને પોતાનો માનીને તેના વિષયો એટલે તેને ટકાવી રાખનાર પદાર્થો અન્ન વસ્ત્ર વિગેરે તેને આપે છે, એવો અર્થ છે. (લે)

૬. આ પણ છેવટનો જ વિચાર છે એમ જાણવું. (પ્ર)

કોઈનો પણ હોવાનું યોગ્ય (સંભવતું) નથી; કારણ કે અવ્યક્ત (પ્રકૃતિ) જ તેનો પ્રભવ એટલે ઉત્પત્તિનું સ્થાન છે અને અપ્યય એટલે લયનું સ્થાન છે.

'એવા[1] (પ્રાણીઓનો) ઘાત કરનારાઓ પણ ઘણા દેખાય છે (મળી આવે છે)' એવી શંકા થાય, તેથી 'દુષ્ટ સિવાય' શબ્દ યોજેલ છે. જે 'સત્' શબ્દથી ઓળખાય છે તેવા દેવો અને સત્પુરુષો પણ (હોય છે). તેઓ એવા પ્રકારના[2] હોતા નથી એવો અર્થ છે. ૧૨.

'ત્યારે શું કરવું જોઈએ ?' એવી આકાંક્ષા (જાણવાની ઈચ્છા) થાય, તેથી શ્લોક ૧૩ કહે છેઃ

**અસતઃ શ્રીમદાન્ધસ્ય દારિદ્ર્યં પરમાઞ્જનમ્ ।।**
**આત્મૌપમ્યેન ભૂતાનિ દરિદ્રઃ પરમીક્ષતે ।।૧૩।।**

દુષ્ટ, લક્ષ્મીના મદથી અંધ બનેલાનું મોટું અંજન દારિદ્ર્ય છે, માત્ર દરિદ્ર જ પોતાની સાથે સરખામણીથી પ્રાણીઓને જૂએ છે. ૧૩.

'લક્ષ્મીના મદથી અંધ બનેલ' એ દુષ્ટનું લક્ષણ છે. તે (દુષ્ટ) લક્ષ્મીના મદથી અંધ બનેલ હોય છે. જેમ ભગવાન્ 'જેના ઉપર કૃપા (કરવા) ઈચ્છું છું તેનું ધન ધીરે ધીરે હરી લઉં છું' (૧૦।૮૫।૮) એમ કહે છે, તેવું જ નારદ પણ (અહિં) કહે છે. જેમ કાચ (આંખનો 'તિમિર' નામનો રોગ), કામલ વિગેરેથી આંધળા થએલને અંજન (આંજણ) આપવાથી તેની દૃષ્ટિ આવે છે, પરંતુ સ્વભાવથી જ આંધળો હોય તેને (અંજન આપવાથી દૃષ્ટિ) આવતી નથી; (તેમ) આ લક્ષ્મીના મદથી અંધ થએલ છે. જેનાથી (તેની) લક્ષ્મી જતી રહે તે જ (તેનું) અંજન થાય છે. તેવું દારિદ્ર્ય (ગરીબાઈ) જ છે. દારિદ્ર્ય એટલે ખરાબ અદૃષ્ટ સાથે લક્ષ્મીનો અભાવ. બીજાં વ્યાધિઓ વિગેરે અંજનો પણ છે, પરંતુ દારિદ્ર્ય એ મોટું (સર્વથી ઊંચું) અંજન છે. દારિદ્ર્ય માત્ર દોષ મટાડનારું જ નથી, પરંતુ ગુણ પણ ઉત્પન્ન કરનારું છે, એમ ઉત્તરાર્ધથી કહે છે. 'આત્મા' આત્માની (પોતાની) સાથે 'ઉપમાનં' સરખામણી 'યત્ર' જેમાં કરવામાં આવે છે તેવું જ્ઞાન 'આત્મૌપમ્યં'[1] છે. જેવો પોતાને સુખ અને દુઃખનો અનુભવ થાય છે તેવો સર્વને થાય એવું અનુસંધાન (ધ્યાનમાં રાખવું તે 'આત્મૌપમ્યં', અથવા પોતાની સાથે

---

૧. 'એવા' એટલે 'વિદ્વાનો'. (પ્ર)

૨. 'એવા પ્રકારના' એટલે 'યજ્ઞ વિના પણ (પશુઓને) હણનારા'. (પ્ર)

૧. અહિં 'આત્મૌપમ્ય' શબ્દનો અર્થ કહેલ છે, પણ સમાસ છોડેલો નથી. 'આત્મનઃ ઔપમ્યં યત્ર' 'પોતાની સાથે સરખામણી છે જેમાં તે' એમ સમાસ છોડાય છે. તેવા (એટલે પોતાની સાથે સરખામણી જેમાં કરવામાં આવે છે તેવા) જ્ઞાનથી દરિદ્ર જૂએ છે, એમ 'આત્મૌપમ્યેન' શબ્દ જ્ઞાનનો પ્રકાર દર્શાવવા ત્રીજી વિભક્તિમાં યોજેલ છે. (લે)

સરખામણી). જેમ પોતાના સુખ માટે પ્રયત્ન કરે છે, અને પોતાનું દુઃખ મટાડવા પ્રયત્ન કરે છે, પરંતુ દુઃખ થાય તે માટે પ્રયત્ન કરતા નથી, તેમ (દરિદ્ર) સર્વના સુખ માટે અને દુઃખ મટાડવા માટે પ્રયત્ન કરે છે એવો અર્થ છે. ૧૩.

દરિદ્ર જ પોતાની સાથે સરખામણીથી પ્રાણીઓને જૂએ છે બીજો તેવી રીતે જોતો નથી, એ અર્થનું દૃષ્ટાંત નીચેના શ્લોકમાં આપે છેઃ

**યથા કણ્ટકવિદ્ધાઙ્ગો જન્તોર્નેચ્છતિ તાં વ્યથામ્ ।।**
**જીવસામ્યં ગતો લિઙ્ગૈર્ન તથાઽવિદ્ધકણ્ટકઃ ।।૧૪।।**

જેમ કાંટાથી વીંધાએલ અંગવાળો પ્રાણીને તે પીડા (થાય એમ) ઈચ્છતો નથી (અને) ચિહ્નોથી જીવોની સમાનતાને જાણે છે, તેમ કાંટાથી નહિ વીંધાએલ (જીવોની સમાનતાને) જાણતો નથી. ૧૪.

દારિદ્ય સર્વ દુઃખોનું કારણ છે. ગરીબ થએલ હોય તે બધાંય દુઃખો અનુભવે છે, પરંતુ ગરીબ ન હોય તે અનુભવતો નથી, કારણ કે (તે દુઃખના) ઘણા ઉપાયો (કરી શકે છે). કાંટાથી વીંધાએલ અંગવાળો પોતાના અનુભવથી જ બીજાને કાંટાની પીડા (થાય એમ) ઈચ્છતો નથી, અને થઈ હોય તે પણ મટાડે છે; (કારણ કે) ચિહ્નોથી એટલે બીજાનું દુઃખ જણાવનાર પોતાના અનુભવોથી, તે જીવોની સમાનતાને એટલે સર્વ જીવો સમાન છે એમ જાણે છે. તે પ્રમાણે કાંટાથી નહિ વીંધાએલ (સર્વ જીવોના) સમાનપણાને જાણતો નથી. ૧૪.

'તો પણ દારિદ્ય દુઃખરૂપ છે, (અને) તેનું ફલ ઉત્તમ હોય તો પણ તે સ્વરૂપથી અનિષ્ટ છે. તેથી તેની સ્તુતિ કેમ કરવામાં આવે છે ?' એવી શંકા થાય, તેથી શ્લોક ૧૫ કહે છેઃ

**દરિદ્રો નિરહંસ્તમ્ભો મુક્તઃ સર્વમદૈરિહ ।।**
**કૃચ્છ્રં યદૃચ્છયાપ્નોતિ તદ્ધિ તસ્ય પરં તપઃ ।।૧૫।।**

દરિદ્ર અહંકારરૂપી સ્તંભ વિનાનો અને અહિં સર્વ મદોથી મુક્ત હોય છે. અકસ્માત જ તેને દુઃખ પ્રાપ્ત થાય છે, તે તેનું મોટું તપ છે. ૧૫.

દારિદ્ય મોક્ષ પ્રાપ્ત કરાવનારું છે, તેથી સ્વરૂપથી દુઃખરૂપ હોવા છતાં તપની પેઠે ઈચ્છવા યોગ્ય જ છે. તે કેવી રીતે મોક્ષ પ્રાપ્ત કરાવે છે તે કહે છે. પહેલાં તો દરિદ્ર અહંકારરૂપી સ્તંભ વિનાનો છે. અહં(અહંકાર))રૂપ સ્તંભ નીકળી ગયો છે જેમાંથી તેવો (દરિદ્ર છે). અહંકાર ન હોવો એ મોક્ષ(પ્રાપ્ત થવા)નું કારણ[1] છે. 'અહં' શબ્દ આત્માને માટે યોજાએલ નથી (પરંતુ અહંભાવ અથવા અહંકાર માટે યોજાએલો છે) એમ જણાવવા 'સ્તંભ' પદ યોજેલ છે. અહંકારરૂપ સ્તંભથી જ

૧. શાસ્ત્રીજીએ પ્રસિદ્ધ કરેલ ગ્રંથમાં 'કરણમ્' પાઠ છે. વૃંદાવનપ્રેસવાળા ગ્રંથમાં 'કારણમ્' પાઠ છે તે લીધો છે.

અજ્ઞાનરૂપી ઘર સારી રીતે સ્થિર રહે છે. વળી (દરિદ્ર) સર્વ મદોથી પણ મુક્ત હોય છે, અને અકસ્માતથી જ દુઃખ અથવા ઘણી પીડા પામે છે.

'(તે ઘણી પીડા પામતો હોય) તેથી શું ?' એવી શંકા થાય, તેથી કહે છે કે 'તે તેનું મોટું તપ છે.' જે તપ દુઃખથી[2] કરવું જોઈએ તે તેને સ્વભાવથી જ (પોતાની મેળે) પ્રાપ્ત થાય છે. (તપનું) વિહિતપણું[3] તો જરૂરી નથી. ૧૫.

જેમ સાંખ્યમત પ્રમાણે[1] અહંકારનો અભાવ મોક્ષના સાધન તરીકે પ્રસિદ્ધ છે તેમ યોગશાસ્ત્ર પ્રમાણે ઇન્દ્રિયોનો જય મોક્ષના સાધન તરીકે પ્રસિદ્ધ છે, (અને) દારિદ્ર્યમાં ઇન્દ્રિયોનો જય સ્વભાવથી જ (પ્રાપ્ત) થાય છે, એમ નીચેના શ્લોકમાં કહે છે:

**નિત્યં ક્ષુત્ક્ષામદેહસ્ય દરિદ્રસ્યાન્નકાંક્ષિણઃ ।।**
**ઇન્દ્રિયાણ્યાશુ શુષ્યન્તિ હિંસાપિ વિનિવર્તતે ।।૧૬।।**

સદા ભૂખથી ક્ષીણ થએલ દેહવાળા અને અન્નની ઇચ્છાવાળા દરિદ્રની ઇન્દ્રિયો તરત જ શોષાઈ જાય છે, અને હિંસા પણ અટકે છે. ૧૬.

સદા ભૂખથી ક્ષીણ થએલ દેહવાળા અને અન્નની ઇચ્છા રાખનારની ઇન્દ્રિયો, 'આહાર નહિ કરનાર પુરુષના વિષયો ઘટે છે' (ભગવદ્‌ગીતા ૨।૫૯) વાક્ય પ્રમાણે તરત જ શોષાઈ જાય છે, તેનું કારણ 'દરિદ્ર' શબ્દથી કહેલું છે. ઇન્દ્રિયોમાં (હિંસા કરવાની) શક્તિ નહિ હોવાથી જ હિંસા અટકે છે. જ્ઞાનેન્દ્રિયમાં શક્તિ નહિ હોવાથી, તે (જ્ઞાનેન્દ્રિય) જેનું મૂળ છે, તેવી તૃષ્ણા[2] (લોભ) પણ

૨. ભગવાને ભગવદ્‌ગીતા ૧૭।૧૪માં કહેલું તપ અથવા ભગવાનનું ચિંતન ઇન્દ્રિયોનો નિગ્રહ કરી ઘણા કષ્ટથી કરવું જોઈએ, તે દરિદ્રને સ્વભાવથી જ એટલે પ્રયત્ન વિના જ પ્રાપ્ત થાય છે એવો અર્થ છે. (પ્ર)

૩. 'તપ વિહિત (વેદમાં તપ કરવાની આજ્ઞા હોવાથી) કરવું જોઈએ, તેથી એ પ્રમાણે નહિ કરતાં એની મેળે થએલ તપથી શો લાભ ?' એવી શંકા થાય, તેથી આ કહેલ છે. વેદની આજ્ઞાથી દરિદ્રે તપ કરેલ નહિ હોવા છતાં તેને તેણે કરેલ તપથી અહંકારનો અભાવ વિગેરે સારું ફલ પ્રાપ્ત થાય છે જ. તેથી 'હરકોઈ ઉપાયથી શ્રીકૃષ્ણમાં મન પરોવવું' એ ન્યાય પ્રમાણે ફલ પ્રાપ્ત કરવાનું કામ છે, પણ 'એ કામ કરવાની વેદમાં આજ્ઞા છે તેથી કરેલ છે કે તે વિના' એની જરૂર નથી, એવો ભાવ છે. (પ્ર)

૧. સાંખ્યમત પ્રમાણે અહંકારનો અભાવ મોક્ષનું કારણ હોવાથી, ગયા શ્લોક(૧૫)માં દરિદ્રને અહંકારનો અભાવ પ્રાપ્ત થાય છે એમ કહેલ છે. (આ શ્લોકમાં યોગ પ્રમાણે મોક્ષનું કારણ ઇન્દ્રિયોનો જય છે તે તેને પ્રાપ્ત થાય છે એમ કહે છે) (લે)

૨. 'તદ્ધેતુભૂતા તૃષ્ણા' એટલે 'ભોગના કારણરૂપ ભૂખ' એવો અર્થ છે. (લે) દરિદ્રને અન્નની આકાંક્ષા રહે છે, એમ શ્લોકમાં કહેલ હોવાથી આ અર્થ યોગ્ય લાગતો નથી. વળી 'તદ્ધેતુભૂતા' શબ્દમાં 'તદ્' છે તેનો અર્થ જ્ઞાનેન્દ્રિય અથવા જ્ઞાનેન્દ્રિયની શક્તિ લેવાય.

અટકે છે; અને વિષયોના અભાવને લીધે (પ્રાપ્ત થતા નહિ હોવાથી) પણ (તૃષ્ણા અટકે છે). ૧૬.

(વિષયોના અભાવને લીધે તૃષ્ણા અટકે છતાં વિષયો પ્રાપ્ત કરવાના) મનોરથરૂપ તૃષ્ણા તો બાકી રહે. તે પણ મટી જાય છે, એમ કહે છેઃ

**દરિદ્રસ્યૈવ યુજ્યન્તે સાધવઃ સમદર્શિનઃ ।।**
**સદ્ભિઃ ક્ષિણોતિ સન્તર્ષં તત આરાદ્વિશુધ્યતિ ।।૧૭।।**

દરિદ્રને જ (સર્વને) સમાન જોનાર સાધુઓનો સમાગમ થાય છે. (તે) સાધુઓથી સારી તૃષ્ણાનો પણ ક્ષય કરે છે અને પછી તરત જ વિશુદ્ધ થાય છે. ૧૭.

સાધુઓના સંગથી તૃષ્ણા મટી જાય છે, કારણ કે તેઓ ભગવાનથી પ્રેરાઈ લોકોના ઉદ્ધાર માટે ચારે તરફ ફરે છે. દરિદ્રનું ઘર ખુલ્લું[1] હોવાથી તેઓ ત્યાં જ જાય છે. 'સાધુઓ અને (સર્વને) સમાન જોનાર' પદોથી તેઓ (વેદના) બંને (પૂર્વ અને ઉત્તર) કાંડમાં પ્રવીણ છે એમ કહેલું છે. તેમાં પણ[2] વિશ્વાસ આવે તે માટે સદાચાર જ મુખ્ય છે[2], એમ 'સાધુઓથી સારી તૃષ્ણાનો (પણ) ક્ષય કરે છે' એ શબ્દોથી કહે છે. 'સન્તર્ષઃ' એટલે સારી પણ તૃષ્ણા. એટલે ધર્મ કરવા માટે અથવા યાત્રા કરવા માટે પણ ધનની આકાંક્ષા (ઈચ્છા). પછી (તૃષ્ણાનો ક્ષય કર્યા પછી) તરત જ (મોક્ષ) સિદ્ધ[3] થાય છે. ૧૭.

'જ્યાં ખાવાનું વિગેરે ન હોય તેવા દરિદ્રને ઘેર સંતો (સાધુઓ) પણ શા માટે જાય ?' એવી શંકા થાય, તેથી નીચેનો શ્લોક કહેલ છેઃ

**સાધૂનાં સમચિત્તાનાં મુકુન્દચરણૈષિણામ્ ।।**

---

તેનો અર્થ 'ભોગ' કેવી રીતે લેવો તે પણ સમજાતું નહિ હોવાથી જૂદી રીતે અર્થ કરેલ છે.

૧. શાસ્ત્રીજીએ પ્રસિદ્ધ કરેલ ગ્રંથમાં 'તેનાવૃતત્વાદ્' પાઠ છે. વૃંદાવનપ્રેસવાળી પ્રતમાં 'તે હિ અનાવૃતત્વાદ્' પાઠ છે, અને આ પાઠ પ્રમાણે અર્થ કરેલ છે.

૨. 'તેમાં પણ' એટલે ગરીબોમાં પણ સાધુઓને વિશ્વાસ આવે તે માટે સદાચાર જ મુખ્ય છે, એટલે સદાચાર (ગરીબોનો) જોઈને જ સાધુઓ તેમને ઘેર જાય છે એવો અર્થ છે. (પ્ર) 'તત્ર' શબ્દ સાધુના પાછળ બે ગુણો કહ્યા તેની સાથે સંબંધ ધરાવે છે. (૧) સાધુ એટલે સદાચારવાળા, સત્કર્મ કરનારા, વેદના પૂર્વકાંડમાં પ્રવીણ. (૨) સર્વને સમાન જોનાર એટલે જ્ઞાનવાળા. વેદના ઉત્તરકાંડમાં પ્રવીણ. આ બે ગુણોમાં પણ દરિદ્રોને તેમના ઉપદેશમાં વિશ્વાસ આવે તે માટે તેમનો સદાચાર મુખ્ય છે એવો અર્થ જણાવાથી તે પ્રમાણે અર્થ કરેલ છે.

૩. 'વિશુધ્યતિ' પાઠ શ્લોકમાં છે. 'આરાદ્ધિ સિદ્ધયતિ' એવો પાઠ વૃંદાવનપ્રેસવાળા ગ્રંથ પ્રમાણે વિજયધ્વજતીર્થે લીધેલ છે. શ્રીસુબોધિનીમાં પણ અંતે 'શીઘ્રમેવ સિધ્યતિ' હોવાથી શ્રીમદાચાર્યચરણને પણ વિજયધ્વજતીર્થવાળો પાઠ જ ઈષ્ટ હશે એમ જણાય છે.

**ઉપેક્ષ્યૈઃ કિં ધનસ્તમ્ભૈરસદ્ભિરસદાશ્રયૈઃ ।।૧૮।।**

સમચિત્તવાળા અને મુકુંદના ચરણોની ઈચ્છાવાળા સાધુઓને દરકાર નહિ કરવા યોગ્ય, દુષ્ટને દુષ્ટોના આશ્રયવાળા ધનના થાંભલાવાળાઓનું શું કામ ? ૧૯.

સંતો અને ધનવાનોના ધર્મો પરસ્પર વિરુદ્ધ છે, કારણ કે તે સાધુઓ સદાચારવાળા છે અને તે (ધનવાનો) અસંતો એટલે દુષ્ટ આચારવાળા છે. સાધુઓ સમચિત્તવાળા છે, પણ તેઓ (ધનવાનો) વિષમ ચિત્તવાળા હોઈ દરકાર કરવા યોગ્ય નથી, કારણ કે વિષમ ચિત્તવાળાઓ[1] સમચિત્તવાળાઓથી દરકાર કરવા યોગ્ય નથી જ. સાધુઓ મુકુંદના ચરણની ઈચ્છાવાળા હોઈ, મોક્ષ આપનારના ચરણની શોધમાં તત્પર હોય છે, (અને) બીજાઓ(ધનવાનો)નો આશ્રય દુષ્ટ હોય છે, કારણ કે ધન દુષ્ટો પાસે જ રહે છે, અને તેઓ (ધનવાનો) તેને (ધનને) માટે તેઓના ચરણને શોધનારા હોઈ, તેનો (દુષ્ટ ધનવાળાનો) જ આશ્રય કરી રહે છે. તેથી[2] ધનના થાંભલાઓ એટલે જેઓ ધનથી ઘરનો ભાર ઉપાડનાર થાંભલા જેવા થએલા છે, તેઓનું (સાધુઓને શું કામ ?) કાંઈપણ કામ હોતું નથી એવો અર્થ છે. એ[3] બે (સાધુ અને ધનવાન)માં એક પણ અંશ સમાન નથી. ૧૮.

તેથી (નલકૂબર અને મણિગ્રીવનો) લક્ષ્મીનો મદ ઉતારવો જોઈએ, અને તેઓને ગરીબાઈ પ્રાપ્ત કરાવવી જોઈએ, અને તેમનાં નિંદિત કર્મને લીધે તેમને સ્થાવરપણું પ્રાપ્ત થવું જોઈએ. સત્પુરુષો મદવાળાનો મદ ઉતારે એ તો આવશ્યક છે, કારણ કે તેઓની દૃષ્ટિ બ્રહ્મજ્ઞાનની પેઠે સર્વ દોષોને મટાડનારી હોય છે. એમ કરવામાં ન આવે (એ બે નો મદ ઉતારવામાં ન આવે) તો તેઓ ત્રિદોષવાળા (ત્રણ દોષવાળા) હોવાથી નાશ જ પામશે, એમ જણાવવા તેઓના દોષોને નીચેના શ્લોકમાં ગણાવે છે:

---

૧. શ્લોકમાં ધનવાનો વિષમ ચિત્તવાળા છે એમ કહેલ નથી, છતાં તેઓ 'દરકાર નહિ કરવા યોગ્ય' છે એમ કહેલ છે. તેથી એ શબ્દથી એવો અર્થ નીકળે છે કે તેઓ વિષમ ચિત્તવાળા છે. સાધુઓને સમચિત્તવાળા કહ્યા અને ધનવાનો તેઓએ 'દરકાર નહિ કરવા યોગ્ય' છે. એમ કહ્યું, તેથી તેઓ (ધનવાનો) વિષમ ચિત્તવાળા છે એવો અર્થ થયો. (લે)

૨. ધનવાનોનાં ઉપર ત્રણ વિશેષણો કહ્યાં. ((૧) (સાધુઓથી) દરકાર નહિ કરવા યોગ્ય, (૨) દુષ્ટ અને (૩) દુષ્ટોના આશ્રયવાળા). તે ત્રણના પરિણામે તેઓ ધનના થાંભલા જેવા છે એમ કહેલ છે. (લે)

૩. અહિંથી ઓગણીસમા શ્લોકનો આભાસ શરૂ થાય છે. (પ્ર) આ છેલ્લું વાક્ય ત્રણ મુખ્ય ભેદો સાધુ અને ધનવાનના જણાવ્યા તેમાં એ બેમાં કાંઈ સમાન નથી એમ કહે છે. તેથી આ શ્લોકના અંતે લીધું છે. વળી આ વાક્ય પૂરું થયા પછી 'અતઃશ્રીમદ્...' વિગેરે આવે છે ત્યાંથી ઓગણીસમા શ્લોકોનો અર્થ શરૂ થાય છે એમ લેખમાં જણાવેલ છે.

**તદહં મત્તયોર્માધ્વ્યા વારુણ્યા શ્રીમદાન્ધયોઃ ।।**
**તમો મદં હરિષ્યામિ સ્ત્રૈણયોરજિતાત્મનોઃ ।।૧૯।।**

તેથી હું મધુમાંથી બનાવેલ વારુણીથી મત્ત થએલા, લક્ષ્મીના મદથી અંધ બનેલા, અજીતેન્દ્રિય અને સ્ત્રીલંપટોનાં અજ્ઞાન અને મદને દૂર કરીશ. ૧૯.

(તે બે) મધુમાંથી બનાવેલ (વારુણીથી) મત્ત થએલા (હતા). 'મધુમાંથી બનાવેલ' પદથી તે રસવાળી હતી (એમ જણાવેલ છે અને) તેથી તેઓ તેને તજી શકતા નહિ. (તે પીવાનું) ફલ તો નાશ કરનારું જ છે. વારુણી દૈત્યપણું પ્રાપ્ત કરાવનારી છે. (વળી તેઓ) લક્ષ્મીના મદથી અંધ બનેલા અને સ્ત્રીલંપટ હતા; તેથી (તેઓના) (૧) 'તમઃ' અજ્ઞાન, (૨) મદ અને (૩) અજીતેન્દ્રિયપણું, એ ત્રણ દોષોને[૧] હું દૂર કરીશ. ૧૯.

એ પ્રમાણે (શાપ આપવાનું) કારણ જણાવી, હવે પછીના ત્રણ શ્લોકોથી પ્રસાદપર્યંત શાપ કહે છેઃ

**યદિમૌ લોકપાલસ્ય પુત્રૌ ભૂત્વા તમઃપ્લુતૌ ।।**
**ન વિવાસસમાત્માનં વિજાનીતઃ સુદુર્મદૌ ।।૨૦।।**

જેથી આ બે લોકપાલના પુત્રો થઈ અજ્ઞાનમાં ડૂબેલા છે અને ઘણા દુષ્ટ મદવાળા હોઈ પોતે વસ્ત્રરહિત છે તે પણ જાણતા નથી....૨૦.

**દોષાનુવાદઃ શાપશ્ચ પ્રસાદશ્ચેત્યનુક્રમાત્ ।।કા. ૧૦।।**

દોષનો અનુવાદ (ફરી કહેવું તે) (શ્લોક ૨૦), શાપ (શ્લોક ૨૧), અને પ્રસાદ (નારદની કૃપા) (શ્લોક ૨૨) એવો અનુક્રમ હોવાથી[૨]. કા. ૧૦.

દોષનો અનુવાદ (આ શ્લોકમાં) કહે છે. જેથી એટલે જે કારણથી આ બે, લોકપાલ કુબેર જેને રક્ષા કરવા માટે નીમવામાં આવેલ છે તેના પુત્રો હોઈ, તેની જગ્યા ઉપર અભિષેક થવા (નીમાવા) યોગ્ય હોઈ, અજ્ઞાનમાં ડૂબેલા છે, (અને) વળી પોતે વસ્ત્રરહિત છે તે પણ જાણતા નથી, (અને) વળી ઘણા દુષ્ટ મદવાળા થએલા છે. ૨૦.

**અતોઽર્હતઃ સ્થાવરતાં સ્યાતાં નૈવ યથા પુનઃ ।।**
**સ્મૃતિઃ સ્યાન્ મત્પ્રસાદેન તત્રાપિ મદનુગ્રહાત્ ।।૨૧।।**

તેથી સ્થાવરપણાને યોગ્ય છે. જેથી ફરીથી (એવા) ન જ થાય. તેમાં

---

૧. સ્ત્રીલંપટ હોવું એ અજીતેન્દ્રિય થવાનું કારણ છે (તેથી તેનો એ દોષમાં સમાવેશ થાય છે), વારુણીથી મત્ત થવું એ અજ્ઞાનનું કારણ છે, અને લક્ષ્મીના મદવાળા હોવું એ મદનું કારણ છે (તેથી તેમનો એ બેમાં સમાવેશ થાય છે). એ પ્રમાણે ત્રણ જ દોષો રહે છે એવો ભાવ છે. (લે)

૨. અહિંથી ત્રણ શ્લોકો સુધીના દરેક શ્લોકના અર્થ આ અર્ધકારિકામાં કહેલા છે. (કા)

પણ મારા પ્રસાદથી સ્મરણ રહેશે મારા અનુગ્રહથી...૨૧.

તેથી ત્રણ દોષોને લીધે સ્થાવરપણાને એટલે શુદ્ધ તામસપણાને (તેઓ બે) યોગ્ય છે, કારણ કે કર્મનું તેવું ફલ હોય છે.

'તેથી (સ્થાવરપણું પ્રાપ્ત કરે તેથી) શું ?' એવી શંકા થાય, તેથી 'જેથી ફરીથી (એવા) ન જ થાય' શબ્દો યોજેલા છે.

**જ્ઞાનનાશઃ ક્રિયાનાશો ભોગનાશસ્તથૈવ ચ ।।**
**દુઃખં શીઘ્રં ચાનિવૃત્તિર્વૃક્ષત્વે હિ ભવન્તિ વૈ ।।કા. ૧૧।।**

વૃક્ષપણું થતાં ૧.જ્ઞાનનો નાશ, ૨.ક્રિયાનો નાશ અને તે જ પ્રમાણે ૩.ભોગનો નાશ, ૪.દુઃખ અને ૫.તેનું (દુઃખનું) એકદમ દૂર ન થવું (પ્રાપ્ત) થાય છે[૧]. કા. ૧૧.

'આ (તો) કર્મથી જ થશે[૨]. (એમાં) તમારો (નારદનો) પ્રસાદ કયો ?' એવી શંકા થાય, તેથી 'મારા પ્રસાદથી સ્મરણ રહેશે' શબ્દો યોજેલા છે. વૃક્ષમાં સત્ત્વનો અંશ નથી, તેથી જો કે વૃક્ષયોનિમાં પહેલાંના (વૃક્ષ થયા પહેલાંના) જન્મના વૃત્તાંતનું સ્મરણ અને શાપથી વૃક્ષપણું થયું છે એવું સ્મરણ હોતું નથી, છતાં પણ ભગવાનની કૃપાથી મને સર્વભાવ પ્રાપ્ત થયો છે, તેથી વૃક્ષમાં જેમ

૧. પાછળ ઓગણીસમા શ્લોકમાં (૧) તમઃ (૨) મદ અને (૩) અજીતેન્દ્રિયપણું એ ત્રણ દોષો ગુહ્યકોના કહ્યા. (૧) તેમાં તમઃ એટલે અજ્ઞાનનું કાર્ય જ્ઞાનનો નાશ છે, (૨) મદનું કાર્ય ક્રિયાનો નાશ છે અને (૩) અજીતેન્દ્રિયપણાનું ફલ ભોગનો નાશ છે. આ ત્રણ તેઓના કર્મનાં ફલ છે. (૪) દુઃખ અને (૫) તેનું એકદમ દૂર ન થવું, એ બે શાપનાં ફલ છે. વાયુ, વરસાદ, તાપ, ટાઢ વિગેરે વૃક્ષો સહન કરે એ તેમને દુઃખ થાય; અને તેઓ મોટાં વૃક્ષો થવાથી ઘણા કાલ સુધી રહે તેથી તેમનું દુઃખ ઘણા કાલ સુધી દૂર ન થાય. આ પાંચ દોષો વૃક્ષપણામાં રહેલા છે એવો અર્થ છે. (કા) (૧) દુઃખ અને (૨) તે એકદમ દૂર ન થાય તે એમ બે શાપ કહ્યા. તેનું કારણ એવું છે કે દુઃખ ન રહે (પૂરું થઈ જાય) અને કર્મનો અંશ બાકી રહી જાય તો એ જન્મ પૂરો થતાં, કર્મનો સ્વભાવ વધવાનો જ હોવાથી બીજો જન્મ થાય, પણ મોક્ષ થાય નહિ. તેથી એ જન્મ પૂરો થતાં મોક્ષ થાય તે માટે બે શાપ કહેલા છે એવો ભાવ છે. કર્મથી માત્ર સ્થાવરપણું થાય એટલે તેનાથી તો વનમાં માલતી વિગેરે વૃક્ષ જ થાય. તેથી શાપથી તેમને વ્રજનાં વૃક્ષ કર્યા, તેઓ ગાયને છાંયડો કરી પોતે તાપનું દુઃખ સહન કરે તેમ કર્યું, અને નંદજીને સમાચાર આપતાં લાંબો સમય રહે એમ કર્યું. તેથી કર્મનો ભોગ કરતાં જેટલો અંશ બાકી રહે, તે (નારદે) પોતે ગ્રહણ કર્યો એ તેમના ઉપર અનુગ્રહ કર્યો, અને તે અનુગ્રહથી તેઓને વાસુદેવની સંનિધિ પ્રાપ્ત થઈ. વૃક્ષ એટલે મોટાં વૃક્ષ થવામાં કારિકામાં જણાવેલ પાંચે દોષ રહેલા છે એવો અર્થ છે. (લે)

૨. મોટું વૃક્ષ પણ સ્થાવર છે. તેથી તેઓનાં કર્મથી જ તેઓ મોટાં વૃક્ષો થશે તેથી (નારદના) પ્રસાદનું શું કામ ? કર્મથી જે થઈ શકે નહિ તેવું કાંઈ પ્રસાદથી થાય તો તે પ્રસાદ કર્યો ગણાય એવો અર્થ છે. (લે)

અગ્નિ (ગુપ્ત) રહેલ છે તે પ્રમાણે મારો અંશ પણ તેમાં ગુપ્ત જ રહેલ છે. અહિં હું જો પ્રસન્ન એટલે ઘણા સત્ત્વગુણવાળો થાઊં, તો મારો અંશ ત્યાં (વૃક્ષમાં) પણ પ્રકટ થશે એટલે (તેનામાં સત્ત્વગુણ આવવાથી તેને) સ્મરણ[3] થશે. 'તેમાં પણ' એટલે તે (વૃક્ષના) જન્મમાં અને અત્યારે[4] પણ (નલકૂબર મણિગ્રીવને પણ) (સ્મરણ થશે). વળી વધારે અનુગ્રહ પણ હું કરું છું. પ્રસાદ (પ્રસન્નતા) તો પોતાના ધર્મનો[5] આવિર્ભાવ છે, અને પારકા દોષોનો સ્વીકાર[6] કરવો તે અનુગ્રહ છે. તેથી તેમનો દોષ હું (નારદ) ગ્રહણ[7] કરું છું એટલે તેઓના કર્મના ફલનો પણ ભોગ થઈ જવાથી...૨૧.

**વાસુદેવસ્ય સાન્નિધ્યં લબ્ધ્વા દિવ્યશરચ્છતે ।।**
**વૃત્તે સ્વલોકતાં લબ્ધ્વા લબ્ધભક્તી ભવિષ્યથઃ ।।૨૨।।**

દિવ્ય સો વર્ષ પૂરાં થતાં વાસુદેવની સંનિધિ પ્રાપ્ત કરીને સ્વલોકને પ્રાપ્ત કરી, ભક્તિ પ્રાપ્ત કરેલા (ભક્તિવાળા) થશો. ૨૨.

વાસુદેવની સંનિધિને પ્રાપ્ત કરશો. પુરુષનો અપરાધ કરેલો હોવાથી પુરુષના આયુષ્ય (સો વર્ષ) સુધી (વૃક્ષપણાનો) ભોગ (કરવાનો છે). (તે બે) દેવો હોવાથી દિવ્ય (સો વર્ષ સુધી વૃક્ષપણાંનો ભોગ કરવાનો છે). દિવ્ય સો વર્ષ પૂરાં થતાં, વાસુદેવની સંનિધિને પ્રાપ્ત કરીને, પછી સ્વલોકપણું (દેવતાપણું) પ્રાપ્ત કરીને, નલકૂબરપણું પ્રાપ્ત કરીને, પહેલાંની અવસ્થા કરતાં ઉત્તમ ભક્તિવાળા થશો. ત્યારે[1] ભક્તિ પ્રાપ્ત કરવાની છે. આથી[2] (એમ કહેલું છે કે) જેને ભક્તિ પ્રાપ્ત થઈ નથી તેને જ પોતાના સાધનરૂપ ભક્તિ થાય છે અને જતી રહે છે[3] . આ

૩. 'સ્મરણ' એટલે ઉપર કહ્યું તેવું (પૂર્વજન્મના વૃત્તાંતનું તથા શાપથી વૃક્ષપણું થયું છે તેનું) સ્મરણ, અથવા ભગવાનનું સ્મરણ. (પ્ર) પાછળનો અર્થ કરવાનું પ્રયોજન જણાતું નથી.
૪. 'અત્યારે પણ' એટલે 'શાપ અપાય છે તે સમયે પણ'. (પ્ર)
૫. પોતાનો એટલે ઘણા વધેલા સત્ત્વવાળા નારદના અંશનો, ધર્મ એટલે સ્મૃતિ. તેનો આવિર્ભાવ, એવો અર્થ છે. (લે) પોતાના ધર્મનો બીજામાં આવિર્ભાવ કરવો તે પ્રસાદ. પોતાના સત્ત્વગુણનો તેઓમાં નારદ આવિર્ભાવ કરે તે તેનો પ્રસાદ, તેથી તેઓમાં સત્ત્વગુણ આવવાથી તેમને પૂર્વજન્મના વૃત્તાંત વિગેરેનું સ્મરણ રહે.
૬. 'સ્વીકાર કરવો' એટલે 'અવગણના કરવી' એવો અર્થ છે, તેઓના દોષોને ધ્યાનમાં લઈ, તેમની અવગણના કરી એ તેમને ગ્રહણ કર્યા એવો અર્થ થાય છે. (લે)
૭. કર્મનો વધવાનો સ્વભાવ હોવાથી, ભાગ થતાં પણ જેટલો અંશ બાકી રહ્યો હોય તેટલો હું નારદ ગ્રહણ કરું છું એટલે તેની અવગણના કરું છું, એવો અર્થ છે. (લે)
૧. 'ત્યારે' એટલે તે રૂપ (નલકૂબરનું રૂપ) થાય ત્યારે તે રૂપમાં. (પ્ર)
૨. 'આથી' એટલે 'આ ઉપાખ્યાનથી'. (પ્ર)
૩. જે પુરુષને ભક્તિ પ્રાપ્ત થઈ નથી તેને જ પોતાના સાધનરૂપ એટલે જીવના સંસ્કારરૂપ

બેને તો કુદરતી (ભગવાનમાં) રતિ થશે એવો ભાવ છે. ૨૨.

એ પ્રમાણે કહીને, બ્રાહ્મણનું વાક્ય ખોટું થશે (થાય) નહિ તેથી તેવું વાક્ય ઉચ્ચારીને (નારદ) ત્યાંથી ગયા, એમ નીચેના શ્લોકમાં કહે છેઃ

શ્રીશુક કહે છેઃ

**સ એવમુક્તો દેવર્ષિર્ગતો નારાયણાશ્રમમ્ ।।**
**નલકૂબરમણિગ્રીવાવાસતુર્યમલાર્જુનૌ ।।૨૩।।**

તે દેવર્ષિ એ પ્રમાણે કહીને નારાયણના આશ્રમે ગયા. નલકૂબર અને મણિગ્રીવ બે યમલાર્જુન થયા. ૨૩.

તે એટલે દેવોનું ગુહ્ય (છૂપું) કાર્ય કરનાર નારદ. એ પ્રમાણે 'ઉક્તઃ' કહીને (ગયા). 'ઉક્તઃ'માં કર્તા માટે 'ક્તઃ' પ્રત્યય યોજાએલ છે (એટલે નારદને એમ કહેલું એમ નહિ પણ નારદે એમ કહેલું, એવો અર્થ થાય). પછી તે દોષ મટાડવા[1] નારાયણના આશ્રમે[2] ગયા. (નારાયણના આશ્રમે જવાથી તે દોષ મટશે) તેવું જ્ઞાન તેમને હતું, એમ જણાવવા 'દેવર્ષિ' પદ યોજેલું છે. જે ભેગા થએલા તેમાંથી નારદ ગયા એમ કહીને, ઉત્તરાર્ધમાં નલકૂબર(અને મણિગ્રીવ)નું (ગમન) કહે છે. 'યમલ' એટલે એક સ્થલે ઉત્પન્ન થએલાં અને મૂળમાં મળેલાં (એક) એવાં બે વૃક્ષો. અર્જુન (આસુંદરો) એ વૃક્ષની અમુક જાત છે. ૨૩.

એ પ્રમાણે શાપ (દેનારે) પ્રાયશ્ચિત્ત કર્યું[1] અને શાપ ગ્રહણ કરનારને શાપના ફલની પ્રાપ્તિ થઈ એવું નિરૂપણ કરી, સ્મરણ પણ તેનાથી[2] જ થશે તેથી તે ન કહેતાં, તેઓને (નારદના) અનુગ્રહનું ફલ ભગવાનની સંનિધિ થઈ એમ નીચેના શ્લોકમાં કહે છેઃ

**ઋષેર્ભગવતસ્તસ્ય સત્યં કર્તું વચો હરિઃ ।।**
**જગામ શનકૈસ્તત્ર યત્રાસ્તાં યમલાર્જુનૌ ।।૨૪।।**

તે ભગવાન્ ઋષિનું વચન સત્ય કરવા, જ્યાં યમલાર્જુનો હતા ત્યાં હરિ ધીરે ધીરે ગયા. ૨૪.

---

નશ્વર (જતી રહે તેવી) ભક્તિ થાય છે. આ બેને તો તેથી જૂદા પ્રકારની ભક્તિ પ્રાપ્ત થશે એવો ભાવ સૂચવેલો છે એવો અર્થ છે. (પ્ર)

૧. નલકૂબર અને મણિગ્રીવના હિત માટે શાપ આપ્યો, છતાં શાપ આપવાથી મનમાં ક્રોધ થયો. તેથી તે દોષ મટાડવા, એવો અર્થ છે. (લે)

૨. નારાયણે ક્રોધ ઉપર વિજય મેળવેલો છે, એમ ૨।૭।૭માં બ્રહ્માએ કહેલું છે. તેથી (તેમના આશ્રમે ગયા) એવો ભાવ છે. (લે)

૧. શાપ આપનાર નારદે પ્રાયશ્ચિત કર્યું એટલે નારાયણના આશ્રમે ગયા, એવો અર્થ છે. (યો)

૨. 'તેનાથી' એટલે 'ઋષિ(નારદ)ના પ્રસાદથી.' (પ્ર)

તે (નારદ) ભવિષ્યમાં થનાર અર્થ (વૃત્તાંત) જાણે છે જ. તે જાણીને જ તેણે એમ કહેલું. વળી ભગવાને પણ પોતાની કૃપાથી તેને ભગવત્પણું પ્રાપ્ત કરાવેલ એમ 'ભગવાન્' શબ્દથી કહેલું છે. તે(નારદ)નું ઋષિપણું, ભગવત્પણું અને સત્યવક્તાપણું (સિદ્ધ) કરવા, અને (ભગવાન્) પોતે પણ સર્વનું દુઃખ હરનારા (હરિ) હોવાથી, આરંભમાં જ જ્યાં યમલાર્જુન હતા ત્યાં ધીરે ધીરે ગયા. અવાજ થાય તો સ્ત્રીઓ પાછળ પાછળ આવે તેથી ભગવાન્ એવી રીતે (ધીરે ધીરે) ત્યાં ગયા.

'જ્યારે સ્ત્રીઓ મને પણ આમ કરે છે (ખાંડણીઆ સાથે બાંધે છે) ત્યારે તમને બેને એમ કેમ ન કરે (તમારું બંધન કેમ ન કરે ?) તેથી સ્ત્રીઓનો સંગ કરવો નહિ' એમ તે બેને જણાવવા ભગવાન્ ત્યાં ગયા. તે સમયે પણ સ્ત્રીઓને ભગવાનનું દર્શન ન થાય તે માટે ભગવાન્ ધીરે ધીરે ગયા. યમલાર્જુનો સ્થાવર વૃક્ષ હોવાથી આવે તેવું સંભવતું નહિ હોવાથી, જ્યાં તેઓ હતા ત્યાં જ ભગવાન્ પોતે પધાર્યા. ભગવાનના[3] સેવકો ઉપર ભગવાનની આવી કૃપા હોય છે[4]. ૨૪.

'તેથી ભગવાનના સેવકની ઈચ્છા પ્રમાણે કરવું જોઈએ. તે માટે (જ્યાં યમલાર્જુન વૃક્ષો હતાં ત્યાં) જઈ ભગવાન્ યમલાર્જુનનો ભંગ કરશે. (ભગવાને) એમ કેમ (કર્યું)? ભગવાનની સંનિધિ તો (નારદના) વરદાન(અનુગ્રહ)થી (તેઓને) પ્રાપ્ત થઈ હતી, અને ભક્તિ પણ તેવી જ રીતે[1] પ્રાપ્ત થશે. (ભગવાન ની) સંનિધિથી જ આ (વૃક્ષના) શરીરને તજી નલકૂબરપણું (દેવતાનું સુંદર રૂપ) જ તેઓ પ્રાપ્ત કરશે. તેથી તેમનો ભંગ કરવો યોગ્ય ન હતો' એવી શંકા થાય, તેથી ભગવાનનો અભિપ્રાય નીચેના શ્લોકમાં જણાવે છે:

**દેવર્ષિર્મે પ્રિયતમો યદિમૌ ધનદાત્મજૌ ।।**
**તત્ તથા સાધયિષ્યામિ યદ્ ગીતં તન્ મહાત્મના ।।૨૫।।**

દેવર્ષિ મને ઘણા પ્રિય છે. જેથી આ બે કુબેરના પુત્રો છે તેથી તે મહાત્માએ જે પ્રમાણે કહેલ છે તે પ્રમાણે હું સિદ્ધ કરીશ. ૨૫.

એક વિષય અહિં સંદેહવાળો રહે છે કે તેઓને સ્મરણ[2] થયું (રહ્યું) કે

૩. અહિં જ આ શ્લોકનાં સુબોધિનીજી પૂરાં થાય છે, પરંતુ પ્રકાશકાર નીચેનો બીજો ભાગ પણ આ શ્લોકના જ વિવરણમાં લે છે એમ જણાય છે, અને તે વધારે યોગ્ય લાગતું હોવાથી વધારે એક વાક્ય આ શ્લોકના વિવરણ તરીકે લીધું છે.

૪. ભગવાનની આ લીલા શ્રવણ કરવાનું ફલ ભગવાનના ભક્તોનું સખ્ય (મિત્રપણું) પ્રાપ્ત થાય છે એમ સ્પષ્ટ કરે છે. આથી જ વૈરાગ્યથી ભગવાન્ વશ થાય છે એમ સ્પષ્ટ થાય છે અને આ પછીના ૨૫મા શ્લોકમાં તે સ્પષ્ટ થશે. (પ્ર)

૧. 'તેવી જ રીતે' એટલે 'નારદે કહેલા પ્રકાર પ્રમાણે.' (પ્ર) **૨.** 'સ્મરણ' એટલે 'ભગવાનનું

નહિ ? એ (તેઓને સ્મરણ થયું તે) પણ પ્રકટ કરવું જોઈએ; અને સત્ત્વગુણ ઘણો વધે ત્યારે પણ જે[3] દુર્લભ છે તે અતિતામસ(વૃક્ષ)ને થાય, એમ દેવર્ષિએ મર્યાદારહિત (સ્મરણ) કહેલું છે.

'(દેવર્ષિએ) વિચાર વિના તે વચન કહેલું હોવાથી, તે ભલે મિથ્યા (ખોટું) જ થાય' એવી શંકા થાય, તેથી કહે છે કે 'દેવર્ષિ મને ઘણા પ્રિય છે.' (જો તેમનું વચન મિથ્યા થાય તો) ઋષિના જ્ઞાનની મર્યાદા(સદા તે સત્ય જ હોવું જોઈએ તેવી મર્યાદા)નો ભંગ થાય. વળી નારદ મારો (ભક્ત) છે, એટલે જે મારા સેવકોએ કર્યું તે મેં જ કરેલું છે (ગણાય). તેમાં પણ (નારદ તો) અત્યંત પ્રિય છે, એટલે મારી પ્રીતિ તેનામાં (ઘણી જ) છે. તેથી સ્નેહને લીધે (તેણે કહ્યું તે) સર્વ કરવું જોઈએ. તેમ ન કરું તો સ્નેહની મર્યાદા પણ રહે નહિ. 'યદ્' જેથી આ બે કુબેરના પુત્રો છે. કુબેર મોટો ભક્ત છે, તેથી (આ બેનો) મૂલભાવ શુદ્ધ છે. તેથી (તેમના) તેટલા અંશનો[4] ત્યાગ કરાવી, ધનદ(કુબેર)ના અંશમાં ભક્તિમાં ઉપયોગી અને અંશને[5] જોડીને, તેમાં (તે બે વૃક્ષોમાં) જ પ્રવેશ કરી તેમને સૂકવી નાખી[6], તેમના આધિદૈવિક ભાવથી[7] તેને[8] તોડી પાડી, તેમાંથી[9] (તે બે દેવોનો) ઉદ્ધાર કરી તેમને દૃઢ ભક્તિવાળા કરવા જોઈએ. (એમ થાય) ત્યારે નારદનું વાક્ય સત્ય થાય. તેણે (નારદે) જે કહેલ છે તે એમ જ (સત્ય જ) છે એમ જ હું સિદ્ધ કરીશ.

'બીજાને (નારદને) માટે ભગવાન્ આટલો બધો ઉદ્યમ શા માટે કરે?'

---

સ્મરણ.' (પ્ર) નલકૂબર અને મણિગ્રીવનો ભંગ થયા પછી તેઓ ભગવાનની સ્તુતિ કરશે, તેથી તેઓને સ્મરણ હતું એમ જણાશે. જો તેમનો ભગવાન્ ભંગ ન કરે તો એક જન્મ પછી બીજો જન્મ થાય એ પ્રમાણે, તેઓ નલકૂબર (સુંદર દેવ) થાય, પણ તેઓ ભગવાનની સ્તુતિ કરે નહિ, અને તેથી તેમને સ્મરણ રહેલ કે નહિ એ જણાત નહિ એવો ભાવ છે. (લે)

૩. 'ભગવાનનું સ્મરણ' શબ્દ અહિં અધ્યાહાર છે. (પ્ર)

૪. 'તેટલા અંશનો' એટલે 'ભગવદ્ભાવના અભાવનો.' (પ્ર) 'તેટલા અંશનો' એટલે 'દોષના અંશનો.' ધનદના અંશમાં ધનવાનપણું હોવાથી ધનનો મદ પણ સંભવે છે તે અંશનો. (લે) આ અર્થ વધારે સારો જણાય છે. 'અભાવનો ત્યાગ કરાવવો એ વિચિત્ર જણાય છે'.

૫. 'ભક્તિમાં ઉપયોગી અંશને' એટલે 'ભક્તિના અંશને.' (લે)

૬. ભગવાન્ પોતે તેમની અંદર પ્રવેશ કરે તેથી દોષો જતા રહે, અને તેમના તપથી જ તેઓ સૂકાં થાય. તે પ્રમાણે તેમને સૂકવીને, એવો અર્થ છે. (લે)

૭. તેમના એટલે કાષ્ઠના, આધિદૈવિક ખાંડણીઆના ભાવથી એટલે આડાં ભરાવાથી, એવો અર્થ છે. (લે) જે ખાંડણીઆ સાથે ભગવાનને બાંધેલ તે ખાંડણીઓ વૃક્ષોમાં આડો ભરાવાથી.

૮. 'તેને' એટલે યમલાર્જુનના મૂળને. (લે) બેનું મૂળ એક જ હતું તેથી જ તે યમલ હતા. એવી 'યમલ'ની વ્યાખ્યા પાછળ આવી ગઈ છે.

૯. 'તેમાંથી' એટલે મૂળમાંથી. (લે)

એવી શંકા થાય, તેથી 'મહાત્માએ' પદ યોજેલું છે. તેનો આત્મા મહાન જ છે. આ (તેના આત્માનું) મોટાપણું ભગવાનના (તેની અંદર) પ્રવેશને લીધે છે. ૨૫.

એ પ્રમાણે વિચાર કરીને[1] ભગવાને તે બંનેની અંદર પ્રવેશ કર્યો, એમ શ્લોક ૨૬માં કહે છેઃ

**ઇત્યન્તરેણાર્જુનયોઃ કૃષ્ણસ્તુ યમયોર્યયૌ ।।**
**આત્મનિર્વેશમાત્રેણ તિર્યગ્ ગતમુલૂખલમ્ ।।૨૬।।**

એ પ્રમાણે (વિચારીને) શ્રીકૃષ્ણ તો જોડકાં અર્જુનોમાં ગયા. આત્માના પ્રવેશમાત્રથી ખાંડણીઓ આડો ગયો (થયો). ૨૬.

શ્રીકૃષ્ણે જોડકાં અર્જુનોની અંદર પ્રવેશ કર્યો. ભગવાન્ તે બેની માત્ર[2] બહાર જ ગએલા(રહેલા), એવી માન્યતા ખોટી છે એમ જણાવવા, 'તુ' 'તો' પદ યોજેલ છે. શ્રીકૃષ્ણ સદાનંદ[3] હોવાથી (તેમણે અર્જુનોમાં પ્રવેશ કર્યો), ત્યારે જ તેઓના દોષ અને દુઃખ જતાં રહ્યાં. ભગવાનની સાથે સંબંધવાળો ખાંડણીઓ તો કાષ્ઠનો જ હતો, તેથી ભગવાને માત્ર વૃક્ષોની અંદર પ્રવેશ કર્યો, એટલે પોતાની જાતના(વૃક્ષો)નો ઉદ્ધાર કરવા માટે તે ખાંડણીઓ આડો થયો. જો તે સીધો રહ્યો હોત તો તે પણ (બે વૃક્ષોની) મધ્યમાંથી નીકળી જાત; અને એમ થાત તો, જો ભગવાન્ સાથે સંબંધ રાખનાર (ખાંડણીઓ) પણ પોતાની જાતના(વૃક્ષો)ને મુક્ત કરાવત નહિ તો તેણે પ્રાપ્ત કરેલું આધિદૈવિકપણું વ્યર્થ થાત[4]. ૨૬.

એ પ્રમાણે ખાંડણીઓ આડો થયો(આવ્યો) ત્યારે ભગવાને જે કર્યું તે શ્લોક ૨૭માં કહે છેઃ

**બાલેન નિષ્કર્ષયતાન્વગુલૂખલં તદ્ દામોદરેણ તરસોત્કલિતાંઘ્રિબન્ધૌ ।।**
**નિષ્પેતતુઃ પરમવિક્રમિતાતિવેપસ્કંધપ્રવાલવિટપૌ કૃતચણ્ડશબ્દૌ ।।૨૭।।**

તે ખાંડણીઆને દામોદર બાલકે અનુકૂલપણે ખેંચતાં જેમના મૂળના બંધો તરત જ ઢીલા થઈ ગએલા છે તેવાં, (અને) ઘણા જ વિક્રમવાળાનો ભારે

---

૧. 'વિચાર કરીને' એટલે 'મારાં કાર્ય વિના નારદનું વચન ખોટું થશે' એવો વિચાર કરીને. (પ્ર)

૨. શ્રીકૃષ્ણ આનંદમય હોવાથી અને વિજ્ઞાનમય પણ હોવાથી તે વૃક્ષોની અંદર પણ પધાર્યા એવો અર્થ છે. (લે)

૩. શ્રીકૃષ્ણ સદ્રૂપ હોવાથી, તેમના અંદર પધારવાથી વૃક્ષોનો દોષ ગયો, અને આનંદરૂપ હોવાથી તેમના અંદર પધારવાથી વૃક્ષોનું દુઃખ ગયું એવો અર્થ છે. (લે)

૪. પદ્મપુરાણના ઉત્તરખંડમાં ભગવાનને દામણાથી બાંધ્યા અને તેમણે યમલાર્જુનનો ભંગ કર્યો તેનો દિવસ પણ આપેલ છે. ભગવાનના 'અઠાવીસમા માસમાં માગશર સુદ ૧ના રોજ માતાએ તેમને ખાંડણીઆ સાથે બાંધેલા અને તેમણે યમલાર્જુનનો ભંગ કર્યો, એમ તેમાં કહેલ છે. (પ્ર)

કંપ થાય તેવા કંપ જેમનાં થડ, પાન અને શાખાઓનો થયો હતો તેવાં, (બે વૃક્ષો) ભયંકર અવાજ કરીને નીચે પડ્યાં. ૨૭.

ખાંડણીઆને બાલકે ખેંચતાં, જેમના મૂળના બંધો તરત જ ઢીલા થઈ ગએલા છે તેવાં વૃક્ષો નીચે પડ્યાં. ભગવાનના સંબંધથી ભૂમિનો સાત્ત્વિકભાવ થવાથી, તેનામાં ભીનાશ થઈ, તેથી તે વૃક્ષોના સર્વ ભાગો શિથિલ થતાં, ખેંચાવાથી તેમના મૂળના બંધો ઢીલા થઈ ગયા. 'અન્વક્' એટલે અનુકૂલ રીતે જેમ ખેંચાય તેમ ખાંડણીઆને સારી રીતે ખેંચતાં, બાલકે ખાંડણીઆને ખેંચીને તેઓને પણ ખેંચી કાઢ્યાં. અથવા 'અન્વક્' એટલે થોડું. (ખાંડણીઆને થોડું ખેંચતાં તે વૃક્ષોને ખેંચી કાઢ્યાં). 'દામોદર'[૧] એ અર્થ પ્રમાણે નામ છે. બાલકના ઉદરથી ખેંચાણ થોડુંક જ થાય. તેમાં પણ મોટા ખાંડણીઆનું (ખેંચાણ થોડું જ થાય). દોરડું પણ ઝીણું હતું, અને બહુ ખેંચવામાં આવે તો તૂટી જાય. આથી પણ (દામોદર બાલક) સાક્ષાત્ ભગવાન્ હતા એમ કહેલું છે, કારણ કે દોરડું પણ તૂટ્યું નહિ, ખાંડણીઓ પણ ભાંગ્યો નહિ, છતાં અર્જુન(વૃક્ષો) ભાંગી પડ્યાં. દોરડું ભગવદ્રૂપ હતું એમ પ્રથમ કહેલું છે, અને ખાંડણીઆએ (ભગવાનના સંબંધથી) આધિદૈવિકરૂપ પ્રાપ્ત કર્યું હતું, તેથી તેઓ ન તૂટે એ યોગ્ય જ છે; તેથી વૃક્ષો મૂળમાંથી પડી જાય તે પણ યોગ્ય જ છે. 'ઘણા જ વિક્રમવાળાનો ભારે કંપ થાય તેવો કંપ જેમનાં થડ પાન અને શાખાઓનો થયો હતો તેવાં' એ શબ્દથી, થોડી પણ ભગવાનની ક્રિયાશક્તિ જાગ્રત થતાં તેણે જે મોટું કાર્ય કર્યું તે કહેલું છે. ઘણું[૨] જ વિક્રમ જે બેને પ્રાપ્ત કરાવેલું છે તે 'પરમવિક્રમિતૌ' એટલે જે ભીમ અથવા હનુમાનથી પણ ઘણા બલથી જ હાલે તેવાં. પરમવિક્રમિતના જેવો આ જે ભારે કંપ જેમનાં થડ પાન અને શાખાઓનો હતો[૨] તેવાં (તે થયાં). થડનું હાલવું ઘણું કઠણ છે. તેમાં પણ નાનાં પાન જૂદાં હાલે તે બહુ આશ્ચર્યકારક છે. તેવાં થડ અને પાનવાળી શાખાઓ પણ હાલતી હતી. વળી જેમણે ભયંકર અવાજ કર્યો તેવાં તે બે વૃક્ષો હતાં. વૃક્ષો પડતાં ભારે અવાજ થયો. અથવા (તે વૃક્ષોના) આસુરભાવના નાશની દશામાં તેના આસુરભાવના અભિમાનવાળા દેવતાનો એ અવાજ હતો. એ પ્રમાણે અસુરોનો નાશ કરનારી ભગવાનની ક્રિયાશક્તિનું માહાત્મ્ય કહેલું છે. ૨૭.

---

૧. 'દામ્ના' દોરડાંથી 'બદ્ધં' બાંધેલું છે 'ઉદરં' ઉદર 'યસ્ય' જેમનું, તે 'દામોદરઃ' દામોદર. એ સમયે ભગવાનનું ઉદર દોરડાંથી બાંધેલ હોવાથી એ નામ એ શબ્દના અર્થ પ્રમાણે જ છે.

૨-૨. 'પરમવિક્રમિતાતિવેપસ્કંધપ્રવાલવિટપૌ' શબ્દનો અહિં અર્થ જ કહેલ છે. સમાસ છૂટો કરેલ નથી. '' 'પરમવિક્રમિતયોરિવ' પરમ વિક્રમવાળાના જેવો 'અતિવેપઃ' ઘણો જ કંપ 'યેષાં' જેઓનો હતો તેવાં 'સ્કંધપ્રવાલવિટપાઃ' થડ, પાન અને ડાળાંઓ 'યયોઃ' જે બેનાં હતાં'' એમ સમાસ છૂટો કરવાનો છે. (લે)

એ પ્રમાણે તેઓના દોષ જતા રહ્યા એમ કહી, તેઓના ગુણ કહે છેઃ

**તત્ર શ્રિયા પરમયા કકુભઃ સ્ફુરન્તૌ સિદ્ધાવુપેત્ય કુજયોરિવ જાતવેદાઃ ।।**
**કૃષ્ણં પ્રણમ્ય શિરસાખિલલોકનાથં બદ્ધાંજલી વિરજસાવિદમૂચતુઃ સ્મ ।।૨૮।।**

તે સ્થલે જેમ બે વૃક્ષમાંથી અગ્નિ નીકળે તેમ (તે બે) વૃક્ષોમાંથી (નીકળતા) દિશાની પરમ કાંતિથી શોભતા બે સિદ્ધો સર્વ લોકના નાથ શ્રીકૃષ્ણ પાસે આવી, (તેમને) મસ્તકથી પ્રણામ કરી બે હાથ જોડી, દોષરહિત થઈ નીચે પ્રમાણે કહેવા લાગ્યા. ૨૮.

પરમ (ઘણી) કાંતિથી દશ દિશાઓ પ્રકાશમાન થઈ, અને તેઓ પણ પ્રકાશમાન થઈ શ્રીકૃષ્ણ પાસે આવી (નીચે પ્રમાણે કહેવા લાગ્યા) એવો (વાક્યનો) સંબંધ છે. આ જ 'સ્ફુરત્' ('સ્ફુરન્તૌ' જેનું રૂપ છે તે) શબ્દનો વિભક્તિ અને જાતિનો ફેરફાર કરીને 'દિક્ કકુભઃ'[1] 'દિશા' શબ્દ સાથે પણ સંબંધ લેવાનો છે, અથવા પ્રકાશતી અથવા તેના (તેજના) સંબંધવાળી દિશાને[2] લીધે કાંતિથી શોભતા, તે સ્થલે અથવા તે બે વૃક્ષમાંથી નીકળતા (સિદ્ધો શ્રીકૃષ્ણ પાસે આવ્યા). કાંતિથી શોભતા (તેઓ) વૃક્ષોમાંથી નીકળ્યા. દિશાના સંબંધવાળું તેજ[3] વિજળીમાં દેખાય છે, અને તેથી જ તેને પરમ શોભાવાળું કહેલું છે. જેમ દામોદર મુક્ત કરે છે, તેમજ નગ્ન (ગુહ્યકો) પણ પીતાંબર સમાન તેજ પ્રાપ્ત કરે છે, એમ (ભગવાનનું) અદ્ભુત ચરિત કહેલું છે.

(વૃક્ષમાંથી) નીકળતા પહેલાં જ જેવું ઈચ્છેલું હતું તેવું રૂપ (તે બેને) પ્રાપ્ત થયું, તેથી તેમને 'સિદ્ધ' કહેલા છે. 'કુજયોઃ' એટલે બે વૃક્ષોમાંથી તેઓએ ભગવાન્ પાસે આવીને (નીચે પ્રમાણે કહ્યું). (તેઓનો) પહેલાંનો વૃત્તાંત જેઓ જાણતા હતા તેઓને પણ જાણે કે ભ્રમ[4] ઉત્પન્ન કરતા હોય નહિ, તેવા તે બે થયા, એમ 'અગ્નિની પેઠે' એ દૃષ્ટાંતથી કહે છે. દૃષ્ટાંતમાં પણ બેવડા હોવાપણું બહુ દુર્લભ છે (ભાગ્યે જ હોય છે). બે અરણિરૂપ બે વૃક્ષોમાંથી જેમ શ્રૌત અગ્નિ

---

૧. 'કકુભઃ' શબ્દ પહેલી વિભક્તિના બહુવચનમાં યોજેલો ગણી આ અર્થ કહેલ છે. (પ્ર)
૨. 'કકુભઃ' શબ્દ છઠ્ઠી વિભક્તિના એકવચનમાં યોજેલો ગણી આ અર્થ કરેલ છે. (પ્ર+લે) 'તેવી દિશાના સંબંધવાળી કાંતિથી તે બે શોભતા હતા' એવો અર્થ છે. (લે)
૩. 'કકુભઃ' છઠ્ઠી વિભક્તિના એકવચનનું રૂપ ગણી જે અર્થ કર્યો તેનું અહિં તાત્પર્ય કહે છે. ભગવાનનું સ્વરૂપ જ્યાં રહેલું તે દિશાના સંબંધવાળી શોભા (કાંતિ) એ તેજ. આવો અર્થ કરવાનું કારણ 'તેથી જ' વિગેરેથી કહેલ છે. તેથી 'તે વિજળી જેવી પરમ કાંતિથી શોભતા' એવો અર્થ થાય છે. (પ્ર)
૪. પહેલાં તેઓ નલકૂબર હતા ત્યારે પણ આવું અગ્નિ (વિજળી) જેવું તેજ તેમનામાં ન હતું. (તેથી પહેલાં જે તેમને જાણતા તેમને પણ ભ્રમ થાય, કે આ નલકૂબર અને મણિગ્રીવ હશે કે બીજા કોઈ ?) એવો અર્થ છે. (લે)

નીકળે (તેમ તેઓ વૃક્ષમાંથી નીકળ્યા). 'જાતઃ' થયો છે 'વેદઃ'[૫] વેદ જેમાંથી તે 'જાતવેદાઃ' (અગ્નિ); એટલે 'ક્રિયાકાંડના કારણરૂપ જેનો જન્મ છે તેવો અગ્નિ' એવો અર્થ છે. પછી ભગવાનને પ્રણામ કર્યા. પહેલાંનું જ્ઞાન તેમને દૃઢ હતું એમ જણાવવા 'મસ્તકથી' પ્રણામ કર્યા એમ કહેલ છે. દેવો બીજાને નમસ્કાર કરે નહિ તથા તેમને ભૂમિનો સંબંધ હોય નહિ એવી શંકાને ફગવી દઈ, બે હાથ જોડી, ભગવાનને નીચે કહેવામાં આવશે તે પ્રમાણે કહેવા લાગ્યા, એવો વાક્યનો સંબંધ છે. શાપમાંથી છૂટકારો થયો તો પણ ભગવાનની રજા લીધા વિના, અથવા તેમની સ્તુતિ કર્યા વિના તેઓએ જવું ન જોઈએ, કારણ કે ભગવાન્ સર્વ લોકના નાથ એટલે બધા લોકોના અધિપતિ છે, અને તેઓ પોતે એક લોકના અધિપતિના પુત્રો છે. જો ભગવાનની આજ્ઞા વિના જાય તો તે (પોતાના પિતાના) લોકમાં તેઓ રહી જ ન શકે. ભક્તિની વાત તો દૂર જ રહી (ભક્તિ તો ન જ થાય). હાથ જોડવાનું કાર્ય (ભગવાનને) વિજ્ઞપ્તિ કરવા માટે (કરેલું).

'તેવાઓને ભગવાનની સ્તુતિ કરવાનો અધિકાર કેમ હોય ?' એવી શંકા થાય, તેથી 'દોષરહિત' શબ્દ યોજેલો છે. આ વિષયમાં કાંઈ અસંભવિત નથી, એમ જણાવવા 'સ્મ' શબ્દથી આ(વિષય)ની પ્રસિદ્ધિ કહેલી છે. ૨૮.

**દશભિઃ પ્રાણભૃચ્છ્લોકૈશ્ચક્રતુઃ સ્તોત્રમુત્તમમ્ ।।**
**જ્ઞાનવૈરાગ્યયોરત્ર નિર્ણયઃ સમુદીરિતઃ ।।કા. ૧૨।।**

પ્રાણ ધારણ કરનાર[૧] દશ શ્લોકોથી ઉત્તમ સ્તુતિ કરેલી છે. જ્ઞાન અને વૈરાગ્યનો નિર્ણય[૨] અહિં સારી રીતે કહેલો છે. કા. ૧૨.

**મૂલરૂપો ભવાન્ પૂર્વં જગદ્રૂપસ્તથૈવ ચ ।।**
**મધ્યરૂપ હતિ ત્રેધા જ્ઞાનરૂપો નિરૂપિતઃ ।।કા. ૧૩।।**

પ્રથમ આપ(ભગવાન્) મૂલરૂપ[૩] છો. તેમજ જગદ્રૂપ[૪] છો અને

૧. અહિંથી દશ શ્લોકો(૨૯ થી ૩૮)નો અર્થ બારમી કારિકાથી કહે છે. અહિં પ્રાણ શબ્દનો અર્થ ઈન્દ્રિય છે. કેટલાકનો મત એવો છે કે વૃક્ષોને ઈન્દ્રિયો હોતી નથી. એ મત પ્રમાણે નલકૂબર અને મણિગ્રીવને શાપ થયો અને તેઓ વૃક્ષો થયા એટલે તેઓના પ્રાણનો નાશ થયો. તે પ્રાણ તેમને પુનઃ પ્રાપ્ત કરાવવા દશ શ્લોકોથી તેઓ સ્તુતિ કરે છે. એ પ્રમાણે સ્તુતિ દશ શ્લોકોથી કરવાનું તાત્પર્ય કહ્યું. 'પ્રાણાન્' પ્રાણોને 'બિભ્રતિ' ધારણ કરે છે તેથી પ્રાણ ધારણ કરનાર છે. તેવા આ સ્તુતિના દશ શ્લોકો છે એવો અર્થ છે. હવે પ્રાણ પ્રાપ્ત થશે તેમનું ભગવાનની ભક્તિથી પોષણ થાય તે માટે દશ શ્લોકોથી સ્તુતિ કરે છે. (પ્ર+લે+કા)
૨. પહેલા તથા આ અધ્યાયની સંગતિ માટે અહિં જ્ઞાન અને વૈરાગ્યનો નિર્ણય કહેલો છે.(પ્ર) જ્ઞાનના નિર્ણયથી જ વૈરાગ્યનો નિર્ણય થાય છે એમ આગળની ૧૭મી કારિકામાં કહેશે. (કા)
૩. મૂલરૂપ ભગવાનનું સ્તુતિના પહેલા એટલે ૨૯મા શ્લોકમાં નિરૂપણ કરેલું છે. (કા)
૪. જગદ્રૂપ એટલે દેહ ઈન્દ્રિય વિગેરેરૂપ. આનું નિરૂપણ ૩૦મા શ્લોકમાં કરેલું છે. (કા)

મધ્યરૂપ[5] છો. એ પ્રમાણે ત્રણ પ્રકારે જ્ઞાનરૂપ[6] ભગવાનનું નિરૂપણ કરેલું છે.કા. ૧૩.

**માહાત્મ્યજ્ઞાપનાર્થાય દુર્જ્ઞેયત્વં ચ વર્ણિતમ્ ।।**
**સર્વરૂપોપિ સર્વસ્મિન્ ગૃહ્યમાણૈર્ન ગૃહ્યતે ।।કા. ૧૪।।**

(ભગવાનનું) માહાત્મ્ય જણાવવા માટે તેમને 'દુર્જ્ઞેય' (જેમનું જ્ઞાન થવું કઠિન છે તેવા) વર્ણવેલા છે[7]. (ભગવાન્) સર્વરૂપ હોવા છતાં સર્વ પદાર્થોનું ગ્રહણ થતાં તેમનું ગ્રહણ થતું નથી[8].

**આધ્યાત્મિકસ્તતો નાયં ભૌતિકોઽપિ તતો ન હિ ।।**
**દૈવિકત્વેન સર્વઃ સ્યાત્ દ્વયં તસ્માચ્ચ જાયતે ।।કા. ૧૫।।**

તેથી[9] આ (ભગવાન્) આધ્યાત્મિક નથી, તેમ આધિભૌતિક પણ નથી. આધિદૈવિકરૂપથી સર્વ થાય અને તેમાંથી[10] બે[11] થાય છે. કા. ૧૫.

**અતઃ સર્વત્વકર્તૃત્વે જ્ઞાનભક્તી ફલિષ્યતઃ ।।**
**અતો જ્ઞાનં નિરૂપ્યાદૌ ભક્તિમાહતુરુત્તમામ્ ।।કા. ૧૬।।**

તેથી (પુરુષોત્તમ) સર્વ હોવાથી[12] અને સર્વના કર્તા[13] હોવાથી જ્ઞાન[14]

---

૫. મધ્યરૂપ એટલે મહત્તત્વ અને પ્રકૃતિ વિગેરેરૂપ. આનું નિરૂપણ ૩૧માં શ્લોકમાં કરેલું છે.(કા)
૬. મૂલરૂપ, જગદ્રૂપ અને મધ્યરૂપ તરીકે નિરૂપણ કરવાથી ત્રણ પ્રકારે સદ્રૂપનું જ નિરૂપણ થાય છે, છતાં સદ્રૂપનું નિરૂપણ કરવાથી જ ચિદ્રૂપનું પણ નિરૂપણ થાય છે એવો અર્થ છે. (પ્ર)
૭. આ કારિકામાં ૩૨મા શ્લોકનો અર્થ કહેલો છે. તેમાં પહેલી અડધી કારિકાથી એ શ્લોકના ઉત્તરાર્ધનો અર્થ કહેલો છે. (પ્ર)
૮. યોગીઓથી પણ ભગવાન્ ગ્રહણ થતા નથી એમ જણાવવા અહિં ૩૨મા શ્લોકના પૂર્વાર્ધનો અર્થ કહેલ છે. (પ્ર)
૯. 'તેથી' એટલે 'સર્વ ગ્રહણ થતાં પણ પુરુષોત્તમ ગ્રહણ થતા નથી તેથી', આ પુરુષોત્તમ આધ્યાત્મિક તેમજ આધિભૌતિક નથી; પરંતુ આધિદૈવિકરૂપથી સર્વ થાય. (કા)
૧૦. 'તેમાંથી' એટલે 'પુરુષોત્તમમાંથી'. (કા)
૧૧. 'બે' એટલે આધ્યાત્મિક અને આધિભૌતિક. (પુરુષોત્તમ) આધિદૈવિકરૂપથી સર્વરૂપ છે (થાય છે), એમ ૩૦મા શ્લોકમાં કહેલું છે. ૩૧મા શ્લોકમાં તે આધ્યાત્મિકના કર્તા છે એમ કહેલ છે, અને ૩૨મા શ્લોકમાં તે આધિભૌતિકના કર્તા છે એમ કહેલ છે. (કા)
૩૦મા શ્લોકમાં કહેલ અર્થથી તેમને બ્રહ્મ તરીકે જાણવાથી સર્વનું જ્ઞાન થાય છે, અને ૩૧ અને ૩૨મા શ્લોકમાં કહેલ અર્થથી મુક્તિ થાય છે. (લે) 'મુક્તિ'ને બદલે 'ભક્તિ' હશે એમ જણાય છે. કારિકાર્થ પણ 'ભક્તિ' થાય છે એમ કહે છે. 'બે' એટલે 'જ્ઞાન અને ભક્તિ'. (પ્ર)
૧૨. (પુરુષોત્તમ) સર્વ છે એ જ્ઞાન તેમના સર્વરૂપથી થાય છે. (કા)
૧૩. (પુરુષોત્તમ) સર્વના (આધ્યાત્મિક તથા આધિભૌતિકના) કર્તા છે, એ તેમના કર્તૃપણાના રૂપથી ભક્તિ થાય છે. (કા+લે) **૧૪.** તેત્રીસમા શ્લોકમાં જ્ઞાન કહેલું છે. (કા+લે)

અને ભક્તિ[૧૫] ફલ (પ્રાપ્ત) થાય છે. તેથી પહેલાં જ્ઞાનનું નિરૂપણ કરી, (પછી) ઉત્તમ ભક્તિ તેઓએ કહેલી છે[૧૬]. કા. ૧૬.

**અનેનૈવ ચ વૈરાગ્યં જ્ઞાનાજનકતા યદિ ।।**
**તદા સર્વં પરિત્યાજ્યમન્યથા સ્યાદ્વિનાશનમ્ ।।કા. ૧૭।।**

આથી જ[૧૭] વૈરાગ્યનું (નિરૂપણ કરેલું છે). જો જ્ઞાન ઉત્પન્ન ન થાય[૧૮] તો સર્વનો પરિત્યાગ કરવો. તેમ કરવામાં (સર્વનો પરિત્યાગ કરવામાં) ન આવે[૧૯] તો વિનાશ થાય છે. કા. ૧૭.

**ભક્તિસિદ્ધ્યૈ તુ યજ્ જ્ઞાનં શ્લોકે ષષ્ઠે નિરૂપ્યતે ।।**
**અન્યથાભાવશંકાયા વ્યાવૃત્ત્યર્થં ભવાન્ પરઃ ।।કા. ૧૮।।**

---

૧૫. ચોત્રીસમા શ્લોકમાં ભક્તિ કહેલી છે. (કા+લે) ભગવાન્ સર્વના કર્તા છે એવા તેમના માહાત્મ્યના જ્ઞાનથી ભક્તિ થાય છે. (યો)

૧૬. અહિં એવો અર્થ છે કે સાતમા અધ્યાયમાં બગાસું ખાવાની લીલા કરી અને આઠમામાં માટી ખાવાની લીલા કરી, તેમાં ભગવાને પોતે સર્વરૂપ છે એમ દર્શાવ્યું અને પછી તેવા જ્ઞાનનો તરત જ તિરોભાવ કર્યો. પછી નવમા અધ્યાયના તેરમા શ્લોકમાં જે ભગવાનનું સ્વરૂપ જણાવ્યું તેનું જ્ઞાન પણ કોઈને થએલ નહિ, પરંતુ દામણાં ઘટ્યાં એ તો સર્વેએ જાણ્યું; તેથી સર્વને આશ્ચર્ય થતાં વ્રજભક્તોનો નિરોધ જેમ તેમ થયો, પરંતુ 'સ્વરૂપ આવું જ છે' એવા જ્ઞાનથી જ્ઞાનના સ્વરૂપનો નિર્ણય થએલો નહિ. તેથી અહિં તેનો નિર્ણય કરવામાં આવે છે. તે એવો છે કે ભગવાન્ સર્વરૂપ હોવા છતાં આધ્યાત્મિક અને આધિભૌતિકથી લેપાતાં પ્રકાશતા નથી. આધ્યાત્મિક અને આધિભૌતિક રૂપો સદ્રૂપ છે, છતાં જ્ઞાનને ઢાંકી દેનારાં છે. ભગવાન્ કાલરૂપથી, ઈશ્વરરૂપથી અથવા પ્રકૃતિરૂપથી કર્તા છે, અને અક્ષરરૂપથી સર્વરૂપ છે. તેથી તેમાંથી (કર્તૃપણાના રૂપમાંથી) ભક્તિ અને સર્વરૂપમાંથી જ્ઞાન થાય છે. (પ્ર)

૧૭. 'આથી જ' એટલે 'જ્ઞાનનાં નિરૂપણથી જ' વૈરાગ્યનું નિરૂપણ થાય છે એવો અર્થ છે. (કા) 'આથી જ' એટલે ઉત્તમ ભક્તિનાં નિરૂપણથી જ 'ભગવાનનો મહિમા ગુણોથી ઢંકાએલો છે' એમ કહેલું છે. ગુણો ઢાંકી દેનારા છે, અને ભગવાનથી ગુણો પ્રકાશે છે અને પોતે તો જડ છે, અને તેથી તેઓનું કાર્ય (તેઓથી બનેલ સર્વ પદાર્થો) જડ છે. તેથી આવા પ્રકાર(ના વિચાર)થી ગુણ પર્યંત બધા પદાર્થોમાં વૈરાગ્યનું નિરૂપણ થાય છે એવો અર્થ છે. (પ્ર)

૧૮. ભગવાન્ સર્વ છે. એ સર્વરૂપથી જો જ્ઞાન ઉત્પન્ન ન થાય તો વૈરાગ્ય કરવો. જ્ઞાન ન થાય તો સર્વનો ત્યાગ કરવો એવો અર્થ છે. (લે) બ્રહ્મપણાંથી (ભગવાન્ બ્રહ્મ છે એવા નિર્ણયથી) જો જ્ઞાન ન થાય, તો સર્વનો ત્યાગ કરવો. (કા) જો વૈરાગ્યથી જ્ઞાન ઉત્પન્ન ન થાય, તો સર્વનો ત્યાગ કરવો. (પ્ર) લેખ અને કારિકાર્થનો અર્થ વધારે સારો જણાય છે.

૧૯. 'અન્યથા' એટલે તેમ કરવામાં ન આવે એટલે સર્વનો ત્યાગ કરવામાં ન આવે તો. (કા) 'અન્યથા' એટલે જો વૈરાગ્યથી જ્ઞાન ઉત્પન્ન ન થાય એવું ન બને, (વૈરાગ્યથી જ્ઞાન ઉત્પન્ન થાય) તો સર્વનો ત્યાગ કરવાથી વિનાશ થાય એટલે ભક્તિમાર્ગમાંથી પડાય. આ બે નલકૂબર અને મણિગ્રીવને ભક્તિથી જ્ઞાન ઉત્પન્ન થયું તેથી તેઓએ ઘરનો ત્યાગ ન કર્યો, તેમાં કાંઈ દોષ નથી એવો અર્થ છે. (પ્ર)

ભક્તિ પ્રાપ્ત કરવા માટે[20] જે જ્ઞાન (જરુરી છે) તેનું છઠ્ઠા શ્લોકમાં નિરૂપણ કરેલું છે. અન્યથાભાવની[21] (શ્રીકૃષ્ણ ભગવાન્ નથી પણ મનુષ્ય છે એવી) શંકા દૂર કરવા માટે, ભગવાનને પર કહેલા છે[22]. કા. ૧૮.

**ભગવન્તં નમસ્કૃત્ય ગમનપ્રાર્થના કૃતા ।।**
**તદયુક્તં ભક્તિમતામિતિ ભક્તિસ્તુ ષડ્ગુણા ।।કા. ૧૯।।**

ભગવાનને નમસ્કાર કરીને[23] (તે બેએ) જવાની પ્રાર્થના કરી[24]. ભક્તિવાળાએ તે (એ પ્રમાણે કરવું તે) અયોગ્ય છે, એમ (જો[25] શંકા થાય તો) ભક્તિ છ[26] ગુણવાળી છે[27]. કા. ૧૯.

**ભક્તૈઃ સહૈવ સા કાર્યા પરોક્ષેણૈવ સિધ્યતિ ।।**
**ગુપ્તો રસસ્તદોદ્બુદ્ધો રસતાં યાતિ નાન્યથા ।।કા. ૨૦।।**

તે (છ અંગ(ગુણ) વાળી ભક્તિ) ભક્તો સાથે જ કરવી જોઈએ અને પરોક્ષ[28] (ભગવાનની સંનિધિ ન હોય તે સ્થલ)માં જ સિદ્ધ થાય છે. ત્યારે[29] ગુપ્ત

૨૦. ''છઠ્ઠા (સ્તુતિના છઠ્ઠા એટલે આ અધ્યાયના ચોત્રીસમા) શ્લોકમાં તો જ્ઞાનનું જ નિરૂપણ કરેલું છે, છતાં 'તેઓએ ઉત્તમ ભક્તિ કહી છે' એમ ૧૬મી કારિકામાં કેમ કહ્યું ?'' એવી શંકા થાય, તેથી આ કહેલ છે. ભક્તિ માટે જરુરી જ્ઞાન ત્યાં કહેલું હોવાથી તેથી ભક્તિનું જ નિરૂપણ થયું. (લે+કા)

૨૧. 'છઠ્ઠા શ્લોકમાં ભક્તિ પ્રાપ્ત થાય તે માટે ભક્તિના સાધન તરીકે ભગવાનમાં વીર્ય ઘણું છે એમ જણાવેલ છે. જેનામાં વીર્ય હોય તે બંધાય નહિ, અને શ્રીકૃષ્ણ તો ખાંડણીએ બંધાએલા હતા. તેથી તેમનામાં વીર્ય ન હોવું જોઈએ અને તે મનુષ્ય જ હતા' એવી શંકા થાય, તે અન્યથાભાવની શંકા. (પ્ર)

૨૨. સ્તુતિના સાતમા (અધ્યાયના ૩૫મા શ્લોકમાં). (પ્ર)

૨૩. આ આઠમા (અધ્યાયના ૩૬મા) શ્લોકનો અર્થ કહેલો છે. (કા+લે+પ્ર)

૨૪. આ નવમા (અધ્યાયના ૩૭મા) શ્લોકનો અર્થ કહેલ છે. (કા+લે+પ્ર)

૨૫. 'ભક્તિમતામિતિ' પછી 'ચેત્' અધ્યાહાર છે. (લે+કા)
આ કારિકાના ઉત્તરાર્ધથી દશમા (૩૮મા) શ્લોકનો અર્થ કહેવાનો પ્રારંભ કરેલો છે. (લે)

૨૬. આ ભક્તિનાં છ અંગો દશમા (૩૮મા) શ્લોકમાં કહેલ કીર્તન, શ્રવણ વિગેરે છે. (કા+લે)

૨૭. ઉપર કહ્યું તે પ્રમાણે ભગવાન્ સર્વરૂપ અને સર્વના કર્તા છે એવું જ્ઞાન થાય, તો પણ સીડીના પગથીઆંરૂપ અવતારો દ્વારા તેમની પ્રાપ્તિ ન થાય ત્યાં સુધી ફલની આશા નથી. તેથી તેમના અવતારોના જ્ઞાનનો ઉપાય છઠ્ઠા શ્લોકમાં કહ્યો. સાતમામાં ભગવાન્ અવતાર નથી, પણ અવતારોથી પર છે એમ કહ્યું. તેથી અવતારરૂપ પગથીઆ ચઢીને તેમને પ્રાપ્ત કરવાના છે એમ જણાવ્યું. આઠમામાં નમન અને નવમામાં તેમના દર્શનનું સાધન કહ્યું. આ ચાર (છઠ્ઠાથી નવમા સુધીના) શ્લોકો જ્ઞાનના નિર્ણયના અંગરૂપ છે એવો અર્થ છે. (પ્ર)

૨૮. મુખ્ય ભજનનો અધિકાર નહિ હોવાથી જ તેઓએ એવી (જવાની) પ્રાર્થના કરેલી છે. (પ્ર)

રસ જાગ્રત થઈ રસપણાને પામે છે, બીજી રીતે તેમ થતું નથી. કા. ૨૦.

**ગુણપ્રધાનભાવત્વમેકત્ર હિ વિરુધ્યતે । અતો ।।કા. ૨૦ાા.।।**

એક જ સ્થલે ગુણભાવપણાનો[30] અને પ્રધાનભાવપણાનો વિરોધ થાય તેથી (જવાની પ્રાર્થના કરી). કા. ૨૦ાા.

**અત્ર ભગવાંલ્લીલાં સ્વયં કર્તું સમુદ્યતઃ ।।કા. ૨૧।।**
**સ્વસ્યૈવ રસભોગાર્થં પરાર્થં વેત્યનિર્ણયઃ ।।**
**તાભ્યાં વિમોચનં નૈવ શક્યં પક્ષદ્વયેઽપિ હિ ।।કા. ૨૨।।**

અહિં પોતાના જ રસભોગ માટે અથવા બીજાના માટે[31] લીલા કરવા માટે ભગવાને પોતે ઉદ્યમ કરેલો છે, તેનો તેઓને નિર્ણય થએલ ન હતો. બંને પક્ષ લેતાં પણ તેઓ ભગવાનને ખાંડણીઆથી છોડી શકે તે શક્ય ન હતું[32]. કા. ૨૧-૨૨.

---

૨૯. ભક્તો સાથે જ ભક્તિ કરવાથી (ગુપ્ત રસ જાગ્રત થઈ રસપણાને પામે છે). તેથી જવા માટે તેઓએ પ્રાર્થના કરી. (પ્ર)

૩૦. ભગવાન્ ગોકુલમાં ભક્તના પ્રાધાન્યથી અને પોતાના ગૌણભાવથી લીલા કરતા હતા. આ બે એવી લીલાના અધિકારી ન હતા. તેથી વ્રજના ભક્તો સાથે રહી તે ભક્તિ કરી શકે તેમ ન હતું. ભગવાન્ વ્રજના ભક્તો સાથે ગૌણભાવથી અને તેમની સાથે પ્રધાનભાવથી એમ જૂદા પ્રકારે લીલા કરે તો એક જ સ્થલે એ પ્રમાણે જૂદી જૂદી રીતે લીલા કરવામાં વિરોધ થાય. તેથી તેઓએ જવાની પ્રાર્થના કરી એમ પાછલી કારિકા સાથે સંબંધ છે. (કા+પ્ર) આ પ્રસંગને લીધે ૩૯મા શ્લોકનો અર્થ કહેલ છે. (લે)

૩૧. બીજાને (એટલે વ્રજભક્તોને) અધિક રસ પ્રાપ્ત થાય તે માટે ભગવાન્ તેમને અધીન થયા હતા, કે પોતાના જ રસભોગ માટે એ પ્રમાણે લીલા કરતા હતા, તેનો નલકૂબર અને મણિગ્રીવને નિર્ણય થયો ન હતો. ભગવાન્ પોતાના રસભોગ માટે લીલા કરતા હોય કે ભક્તોને અધિક રસ પ્રાપ્ત કરાવવા કરતા હોય, તો પણ કોઈ સંજોગમાં તે લીલામાં પડવાનો પોતાને અધિકાર નથી એમ જાણી ભગવાનને ખાંડણીઆથી છૂટા કર્યા વિના તેઓ ભક્તો સાથે પરોક્ષ ભજન કરવા ગયા. (કા)

૩૨. શ્લોક ૩૮માં નલકૂબર તથા મણિગ્રીવે ભક્તિની જ પ્રાર્થના કરી છે, છતાં 'વાણી વિગેરે ભગવાનને જ પરાયણ રહો' એવી પ્રાર્થનાથી (ભગવાન્ સિવાય) બીજાઓથી વૈરાગ્ય દર્શાવેલ છે, અને તે વૈરાગ્યથી ભક્તિ થાય છે એવો અહિં નિર્ણય કરેલ છે. તેથી આ વૈરાગ્યના અધ્યાય સાથે આ સ્તુતિની સંગતિ છે.

આથી નીચે પ્રમાણે સિદ્ધ થાય છે. ભગવાન્ જેનો ઉદ્ધાર કરવાનો વિચાર કરે છે તેને જ ભગવદીયનો સંગ થાય છે, ભગવદીઓ ભગવાને વિચારેલું હોય તે જ કરે છે. તેમાં પોતાના દોષથી કાંઈ આડુંઅવળું જણાય તો પણ પરિણામે તેનાથી ઉત્તમ ફલ પ્રાપ્ત થાય છે. આવું ફલ પ્રાપ્ત કરાવવામાં ભગવદીઓનો અનુગ્રહ જ કારણ છે. ભગવદીયના અનુગ્રહથી જ ભગવાનની સંનિધિ પ્રાપ્ત કરવાની યોગ્યતા થાય છે. પછી ભગવદીઓના દાસ્ય દ્વારા ભગવાનના ભજનની પ્રાપ્તિ થાય છે. પછી ભગવદ્ભજનના અધિકારવાળાને ભગવાને નક્કી કરેલ ભક્તિનું ફલ પ્રાપ્ત થાય છે. પુષ્ટિમર્યાદામાં આવી જ વ્યવસ્થા છે.

નલકૂબર અને મણિગ્રીવ કહે છે :

**કૃષ્ણ કૃષ્ણ મહાયોગિંસ્ત્વમાદ્યઃ પુરુષઃ પરઃ ।।**
**વ્યક્તાવ્યક્તમિદં વિશ્વં રૂપં તે બ્રહ્મણો વિદુઃ ।।૨૯।।**

હે કૃષ્ણ ! હે કૃષ્ણ ! હે મહાયોગી ! આપ આદ્ય (છો), પર પુરુષ છો, વ્યક્ત અને અવ્યક્ત આ વિશ્વને આપ–બ્રહ્મનું રૂપ જાણે છે. ૨૯.

(પાછળ ૨૫મા શ્લોકનાં શ્રીસુબોધિનીમાં) કહ્યું છે કે (નલકૂબર અને મણિગ્રીવને) પહેલાંનું સ્મરણ (થયું (રહ્યું) હતું કે નહિ) તેનો સંદેહ રહેતો હોવાથી તેનો નિર્ણય થાય તે માટે ભગવાન્ (તેઓ હતા ત્યાં) પધાર્યા. તે સ્મરણ સર્વ લોકમાં પ્રસિદ્ધ થાય તે માટે, 'તેથી જ્ઞાની મને સર્વથી પ્રિય છે' વાક્ય પ્રમાણે, તેઓ (પોતે) જાણેલાં ભગવાનનાં સ્વરૂપનું નિરૂપણ કરે છે. તેમ ન હોય તો[૩૩] બધીય સ્તુતિનો વિરોધ થાય. તેમાં આરંભમાં 'હે કૃષ્ણ ! હે કૃષ્ણ !' શબ્દોથી આપ પુરુષોત્તમ છો એમ કહે છે. આદર દર્શાવવા બે વાર સંબોધન કરેલું છે. (આપ) કૃષ્ણ એટલે સદાનંદ છો અને તે (સદાનંદ) જ 'કૃષ્ણ' નામવાળા છો. અથવા બંને પ્રકારનું અજ્ઞાન[૩૪] દૂર કરવા માટે એ પ્રમાણે (બે વાર સંબોધન) કહેલું છે. (આપની) આકૃતિ અથવા ચેષ્ટાથી અમને ભ્રમ (તમે સદાનંદ શ્રીકૃષ્ણ છો એ વિષયમાં શંકા) થતો નથી, એમ 'હે મહાયોગી !' શબ્દથી જણાવે છે. જૂદા જૂદા યોગના આચરણમાં પ્રવૃત્ત થએલ લૌકિક પુરુષોનો પણ હીનભાવ થતો નથી, તો પછી દોષરહિત અને પૂર્ણગુણવાળો જેમનો દેહ છે તેવા આપનો તો (હીનભાવ થાય જ કેમ ?) તેથી જે અર્થ(આપનાં સ્વરૂપ)નું (અમારે) વર્ણન કરવાનું છે તેમાં (આપનાં) નામ[૩૫] અને રૂપ[૩૫] બાધ કરતાં નથી.

(આપ) આદ્ય (છો). (સર્વના) મૂલ હોવાપણું એ જ મોટાઈ છે. બધાએ

---

બ્રહ્મસૂત્ર ૩।૩।૧૮થી કાર્યાખ્યાન અધિકરણનો આરંભ થાય છે. તેમાં ૩।૩।૨૦ સૂત્રમાં આ સિદ્ધ કરેલ છે. જેમ લોઢાના ગોળામાં અગ્નિનો આવેશ થાય છે તેમ ભક્તના જીવમાં ભગવાનનો આવેશ થાય છે, ત્યારે તે ભગવાન્ કહેવાય છે અને ફલદાન કરવા માટે ભગવાનનો એ પ્રમાણે ભક્તના જીવમાં આવેશ થાય છે. (પ્ર)

૩૩. 'તેમ ન હોય તો' એટલે 'જ્ઞાન ન હોય તો' આ બધી સ્તુતિ અપરાધકારક થાય, કારણ કે શ્રુતિ કહે છે કે 'જે એક પ્રકારના આત્માને બીજા પ્રકારથી જણાવે છે તે આત્માનું હરણ કરનાર ચોરે ક્યું પાપ કર્યું નથી ?' (પ્ર) 'તેમ ન હોય તો' એટલે (ભગવાનના) સ્વરૂપનું જ્ઞાન ન હોય તો. (લે)

૩૪. 'બંને પ્રકારનું અજ્ઞાન' એટલે ભગવાનનું (૧) નામ તથા (૨) રૂપ સદાનંદ છે એવા જ્ઞાનનો અભાવ. (પ્ર)

૩૫. મનુષ્ય જેવું ભગવાને દેખાડેલું પોતાનું (શ્રીકૃષ્ણનું) રૂપ, અને એ રૂપને લક્ષમાં રાખી જે નામથી તેનો વ્યવહાર કરવામાં આવે છે તે નામ. (લે)

પોતાના વિચારથી (બીજાનું) મોટાપણું (પોતાનું મૂલ જે હોય તે પોતાથી મોટું છે એમ) જાણવું જોઈએ. આદ્ય તો તેવા (સર્વથી મોટા, સર્વનું મૂલ) છે. બીજાના મતમાં ચેતન (જીવ) પણ આદ્ય હોવાનું સંભવે છે. તેથી (આપ) જીવ નથી એમ જણાવવા, 'પુરુષ' શબ્દ યોજે છે. ('પુરુષ' શબ્દ યોજેલ હોવાથી) સાંખ્યમતના 'પુરુષ' તુલ્ય (ભગવાન્ હશે) એવી શંકા થાય, તેથી 'પર' શબ્દ યોજે છે. ('પર પુરુષ' એટલે) પુરુષોત્તમ એવો અર્થ છે. (અથવા) (ભગવાન્) નિરાકાર છે એવો મત ખોટો છે એમ દર્શાવવા, 'પુરુષ' પદ યોજેલ છે. તે મત (ભગવાન્ નિરાકાર છે એવા મત) પ્રમાણે આ (શ્રીકૃષ્ણ દેહવાળા હોવાથી) વિકારવાળા થાય જ. (તેથી) 'પર'[36] એટલે કાલ વિગેરેનું પણ નિયમન કરનાર કહેલા છે.

એ પ્રમાણે ભગવાનના મૂલરૂપપણાનું નિરૂપણ કરી, જો કાર્યરૂપો ન હોય તો મૂલરૂપ સંભવે જ નહિ તેથી, અને કાર્ય બીજા પ્રકારનું[37] હોય તો તે (મૂલરૂપ) સગુણ, વિકારરહિત તથા સંગરહિત હોવામાં વિરોધ થાય તેથી, 'વ્યક્ત અને અવ્યક્ત આ(વિશ્વ)ને' શબ્દથી કાર્યરૂપ પણ આપ (શ્રીકૃષ્ણ) જ છો એમ કહે છે. આ બધુંય જગત્ બે રૂપવાળું જ હોય છે. ૧. જેને કાલે ઘેરેલું નથી તે અવ્યક્ત અને ૨. જેને કાલે ઘેરેલું છે તે વ્યક્ત. આકાશ અને પરમાણુઓ[38] પણ 'વ્યક્ત' છે, એમ કેટલાક કહે છે. એમ હોય[38] ત્યારે કાલથી આરંભી ખડનાં તણખલાં સુધીનું બધુંય જગત્ વ્યક્ત અને અવ્યક્ત થાય છે. અથવા (વ્યક્ત અને અવ્યક્ત ને) એકત્ર કર્યા વિના[39] (એટલે જૂદાં જૂદાં જ) અહિં જણાવેલ છે. બંને રીતે[40] પણ આ જગત્ આપનું જ રૂપ છે. 'બ્રહ્મણો વિદુઃ' શબ્દોથી આ વિષયમાં પ્રમાણ કહે છે. 'બ્રહ્મણઃ' એટલે વેદમાંથી (બધા એમ જાણે છે). અથવા બ્રાહ્મણો (એમ જાણે છે). અથવા (આ જગત્) આપ-બ્રહ્મનું જ (રૂપ છે). તેમ હોવાથી બધી શ્રુતિઓ

---

૩૬. માત્ર 'પુરુષ' હોય તે 'વિકારવાળો' હોય, તેથી 'પર' પણ છે એમ કહેલ છે. (લે)

૩૭. 'બીજા પ્રકારનું' એટલે 'મિથ્યા, વિકારવાળું અને જૂદું'. (પ્ર) બીજા પ્રકારનું એટલે જેનું નિમિત્ત (કારણ) બીજું છે તેવું. (લે) પ્રકાશનો અર્થ વધારે યોગ્ય જણાય છે.

૩૮-૩૮. આકાશ અને પરમાણુઓ (નિત્ય હોવાથી) કાલે ઘેરેલાં નથી. છતાં તેઓ અવ્યક્ત નહિ, પણ વ્યક્ત છે એમ કેટલાક માને છે. એ પણ વ્યક્ત હોય તો કાલથી આરંભી ખડના તણખલાં સુધીનું બધું જગત્ ક્યારેક (સૃષ્ટિ સમયે) વ્યક્ત હોય છે અને ક્યારેક (પ્રલય સમયે) અવ્યક્ત હોય છે.

૩૯. ઉપર જણાવ્યું તેમ સર્વ જગત્ કોઈ પણ સમયે વ્યક્ત અને કોઈ સમયે અવ્યક્ત હોય છે એ એક મત. જગતના કેટલાક પદાર્થો વ્યક્ત છે અને કેટલાક (આકાશ પરમાણુ વિગેરે) અવ્યક્ત છે, એ બીજો મત. આ બીજા મત પ્રમાણે વ્યક્ત અને અવ્યક્ત ભેગા કર્યા વિના, એ સર્વ વ્યક્ત અને અવ્યક્ત (જૂદા જૂદા પદાર્થો) આપનું જ રૂપ છે એમ કહેલું છે એવો અર્થ છે. (લે)

૪૦. 'બંને રીતે' એટલે (ઉપર જણાવેલ) બંને મત પ્રમાણે. (પ્ર)

પ્રમાણ છે એમ કહેવાયું. 'રૂપ' એટલે સ્વરૂપ અથવા નિરૂપણ કરનારું[41]. ૨૯.

એવી રીતે ભગવાન્ સર્વરૂપ છે એમ નિરૂપણ કરી, આધિદૈવિક પ્રકારથી પણ તે (શ્રીકૃષ્ણ) સર્વરૂપ છે, એમ નીચેના શ્લોકમાં કહે છેઃ

**ત્વમેકઃ સર્વભૂતાનાં દેહાસ્વાત્મેન્દ્રિયેશ્વરઃ ।।**
**ત્વમેવ કાલો ભગવાન્ વિષ્ણુરવ્યય ઈશ્વરઃ ।।૩૦।।**

આપ એકલા સર્વ પ્રાણીઓના દેહ, પ્રાણો, અંતઃકરણ, ઈન્દ્રિયો તથા જીવ છો. આપ જ ભગવાન્ કાલ, વિષ્ણુ, અવ્યય અને ઈશ્વર છો. ૩૦.

'જૂદા જૂદા (પદાર્થોના) આધિદૈવિકોમાં ભેદ હશે (આધિદૈવિકો જૂદા જૂદા હશે)' એવી શંકા થાય, તેથી 'એકલા' પદ યોજેલ છે.

'દેવો વિગેરે ઉત્તમ હોવાથી તેઓના આધિદૈવિક ભગવાન્ ભલે હોય, પરંતુ કીડાઓ અને જંતુઓના આધિદૈવિક તે નહિ હોય' એવી શંકા થાય, તેથી 'સર્વ પ્રાણીઓના' શબ્દ યોજેલ છે. ('સર્વ પ્રાણીઓના' એટલે) બ્રહ્માથી આરંભી ખડના તણખલા સુધીના જૂદી જૂદી જાતનાં પ્રાણીઓના દેહ, પ્રાણો, 'આત્મા' અંતઃકરણ, ઈન્દ્રિયો અને 'ઈશ્વરઃ' એટલે જીવ (આપ છો). (અથવા એ સર્વ પ્રાણીઓના દેહ) 'સ્વાત્મા'[1] એટલે જીવ, 'ઈન્દ્રિયો' એટલે પ્રાણો અને અંતઃકરણ અને 'ઈશ્વરઃ' એટલે અંતર્યામી, આધિભૌતિક વિગેરેના ઈશ્વર, અથવા બે પ્રકારના દેહસહિત[2] જીવના ઈશ્વર (આપ છો). (ઈશ્વર) નિયમમાં રાખનાર હોય એ મત પ્રમાણે કાલ વિગેરે (આપનાથી) જૂદા હોય તો તે પણ ઈશ્વર ગણાય, તેથી 'આપ જ કાલ (છો)' શબ્દથી કાલ વિગેરેરૂપ પણ આપ જ છો એમ કહે છે. કેટલાક કહે છે કે કાલ ભગવાનની ચેષ્ટા છે, વાસ્તવિક રીતે[3] તો આપ જ કાલ છો. 'ભગવાન્' શબ્દથી તેનું કારણ કહેલું છે, બધાયનું ઐશ્વર્ય કાલે જ કરેલું હોય છે તેથી કાલ જ ઈશ્વર છે. તેવી જ રીતે (બધાયનું) બલ પણ (કાલે જ કરેલું હોય છે), કારણ કે જુવાનીમાં જ બલ હોય છે. તપ યોગ વિગેરે પણ કાલથી પુષ્ટ થએલ હોય ત્યારે જ બલ પ્રાપ્ત કરાવે છે. યશ પણ (અમુક) કાલમાં જ હોય છે, કારણ કે કોઈનો યશ સદા ટકતો નથી. એ પ્રમાણે બીજા ગુણો (શ્રી,

---

૪૧. 'નિરૂપણ કરનારું' એટલે 'જણાવનારું'. (પ્ર)

૧. 'દેહસ્વાત્મેન્દ્રિયેશ્વરઃ' પાઠ લઈ, અહિંથી બીજા પ્રકારે અર્થ છે. (પ્ર) અહિં, 'દેહાસ્વાત્મેન્દ્રિયશ્વરઃ' હોવાથી આ બીજી રીતે અર્થ કરતાં 'દેહાઃ' શબ્દ પહેલી વિભક્તિના બહુવચનનો છે એમ જાણવું. (લે)

૨. 'દેહ' એટલે સ્થૂલ શરીર અને 'ઈન્દ્રિય' એટલે સૂક્ષ્મ શરીર, તેઓના તથા 'સ્વાત્મા' જીવનો ઈશ્વર, એવો અર્થ થાય છે. (લે)

૩. ચેષ્ટા હોવા છતાં તે ભગવાનથી જૂદો નથી, એમ જણાવવા (આમ કહેલ છે). (પ્ર)

જ્ઞાન, વૈરાગ્ય) પણ (કાલમાં રહેલા છે). કાલ સાથે તેઓનો અન્વયવ્યતિરેક હોવાથી (કાલ હોય ત્યારે જ તેઓ હોય એ અન્વય; કાલ વિના તેઓ ન હોય એ વ્યતિરેક) છ ગુણોનું કારણ કાલ જ છે એમ સમજાય છે.

'કાલ તો વિષ્ણુરૂપ છે, કારણ કે જે વ્યાપક (સર્વત્ર રહેલો) હોય તે કલે છે (ગણે છે, જાણે છે, ગ્રાસ કરે છે, અથવા જ્ઞાન કે ક્રિયાથી વ્યાપે છે. જૂઓ ૩।૨૯।૩૮ પરનાં સુબોધિની) અને આ (શ્રીકૃષ્ણ) જે સર્વને વ્યાપી રહેવાની શક્તિવાળા નથી તે કલતા નથી. તેથી વિષ્ણુ જ કાલ છે, બીજો (કોઈ) (કાલ) નથી' એવી શંકા થાય, તેથી 'વિષ્ણુ' પદ યોજેલ છે. આપ જ વિષ્ણુ એટલે (૧) યજ્ઞરૂપ (૨) પાલન કરનાર અથવા (૩) સત્ત્વ(ગુણ)વાળા આધિદૈવિક વિષ્ણુ છો. જો તે[૪] (વિષ્ણુ) જૂદા હોય તો ભગવાન્ (શ્રીકૃષ્ણ) તેમને અધીન થાય. વળી અવ્યય એટલે અક્ષર પણ આપ જ છો. જો (શ્રીકૃષ્ણ) ભગવાન્ અક્ષર ન હોય, તો તે (સર્વનું) સમવાયિ (કારણ) ન હોય. પ્રકૃતિ અને પુરુષ (જેમાંથી સર્વ જગત્ ઉત્પન્ન થાય છે તે) અક્ષરમાંથી જ ઉત્પન્ન થએલ હોવાથી, તે જ (જગતનું) સમવાયિકારણ[૫] છે. 'સર્વને વ્યાપી રહેલા છો તેથી સર્વ છો' (ગી.૧૧।૪૦) વાક્ય પ્રમાણે સર્વપણું (સર્વરૂપ થવાપણું) બીજી રીતે[૬] પણ થાય છે. વસ્તુ પરિચ્છેદ કરનારી (હદ બાંધનારી) છે એમ સર્વવાદી[૭] માનતા નથી. તેથી

---

૪. 'તે' એટલે પહેલાં કહેલાં ત્રણ રૂપો. ((૧) યજ્ઞરૂપ (૨) પાલન કરનાર અને (૩) સત્ત્વવાળા વિષ્ણુ). (પ્ર)

૫. પદાર્થનું સમવાયિકારણ એટલે જે દ્રવ્યનો પદાર્થ બનેલો હોય તે, જેમ કે ઘડાનું સમવાયિકારણ માટી.

૬. 'બીજી રીતે' એટલે 'બધામાં વ્યાપી રહેલ હોવાથી પણ'. (પ્ર) અહિં 'અવ્યયઃ' પદનું વ્યાખ્યાન કરતાં આપ (ભગવાન્) અક્ષર હોવાથી સર્વના સમવાયિકારણ છો એમ સિદ્ધ કરેલું છે. ભગવાન્ સર્વરૂપ હોવાથી પણ સર્વના કારણ છે, છતાં તે બધામાં વ્યાપી રહેલ હોવાથી પણ સર્વરૂપ તો છે. તેથી સર્વ રૂપમાં સર્વના સમવાયિકારણ હોવાનો સમાવેશ થતો નથી; તેથી તે સર્વના સમવાયિકારણ છે તેનું કારણ તો તે અક્ષર છે એ જ છે. (લે)

૭. 'ઘડો વિગેરે પદાર્થ જે માટી વિગેરેમાં સમવાય સંબંધથી રહેલ છે તે હદવાળાં હોવાથી, તેમનું સમવાયિકારણ ભગવાન્ પણ હદવાળા થઈ જશે' એવી શંકા થાય, તેથી આ કહેલ છે. 'સર્વ બ્રહ્મ છે' એવો જેમનો વાદ(મત) હોય તે સર્વવાદી. તેઓના મત પ્રમાણે ભગવાન્ પોતાના જ સર્વ થવાના સામર્થ્યને લીધે હરકોઈ વસ્તુના રૂપથી પણ આવિર્ભાવ પામે છે; તેથી એ વસ્તુના હદવાળા હોવાપણાથી ભગવાન્ પણ હદવાળા થઈ જાય એવી શંકા યોગ્ય નથી એવો અર્થ છે. અથવા જે પદાર્થ બીજામાં સમવાય સંબંધથી રહેલ હોય તે હદવાળો હોય તો તે બીજો પણ હદવાળો હોવો જોઈએ એવું બધા વાદીઓ માનતા નથી, કારણ કે શબ્દ આકાશમાં સમવાય સંબંધથી રહેલો છે અને તે હદવાળો છે, તો પણ આકાશ તેવું (હદવાળું)

ભગવાન્ જ અક્ષર છે. ભગવાનનાં અંતર્યામી રૂપથી તથા બીજાં રૂપથી ઈશ્વરરૂપનું[8] પણ અધિકારી તરીકે નિરૂપણ કરવામાં આવેલ છે[9], અને તે (ઈશ્વરરૂપનો) અસાધારણ ધર્મ ઐશ્વર્ય (સત્તા) છે. ૩૦.

એ પ્રમાણે આધિદૈવિક કાલ વિગેરેરૂપ ભગવાન્ છે એમ જણાવી, આધ્યાત્મિક અને આધિભૌતિક પદાર્થો પણ ભગવાન જ છે એમ જણાવવા, નીચેના શ્લોકમાં તેમનો મધ્યભાવ જણાવે છેઃ

**ત્વં મહાન્ પ્રકૃતિઃ સૂક્ષ્મા રજઃસત્ત્વતમોમયી ।।**
**ત્વમેવ પુરુષોઽધ્યક્ષઃ સર્વક્ષેત્રવિકારવિત્ ।।૩૧।।**

આપ જ મહાન્, પ્રકૃતિ, સૂક્ષ્મ (પ્રકૃતિ) અને રજઃ સત્ત્વ અને તમઃ (ગુણો) વાળી (પ્રકૃતિ) (છો). આપ જ પુરુષ અધ્યક્ષ અને સર્વ ક્ષેત્રોના વિકારને જાણનાર છો. ૩૧.

૧.મહાન્ (મહત્તત્ત્વ) આખાય જગતનો અંકુર થએલ છે. ૨.એના પણ ક્ષેત્રરૂપ પ્રકૃતિ છે. ૩. તે(પ્રકૃતિ)નું પણ જેમાંથી કાર્યોથી ઉત્પત્તિ થાય છે તેવું સાધારણ રૂપ જે યોનિ જેવી પ્રકૃતિ, તે સૂક્ષ્મ(પ્રકૃતિ). ૪.તેના પણ મૂલરૂપ ગુણો (સત્ત્વ, રજઃ અને તમઃ). ૫.તે ગુણોવાળી આધિદૈવિક પ્રકૃતિ અને ગુણો પણ આપ જ છો. એ પ્રમાણે ભગવાન્ (ઉપર જણાવેલ) પાંચરૂપ થાય છે એમ કહ્યું.

એ પ્રમાણે ભગવાન્ યોનિરૂપ છે એમ કહી, હવે તે બીજરૂપ છે એમ 'આપ જ પુરુષ છો' શબ્દોથી કહે છે. તે પ્રકૃતિના પુરુષ એટલે તેને એટલી બધી મોટી બનાવનાર પણ આપ જ છો. અધ્યક્ષ એટલે સાક્ષી પણ આપ જ છો. સાક્ષીરૂપ જૂદું[1] છે એવો સિદ્ધાંત છે. અને ક્ષેત્રજ્ઞ પણ આપ જ છો. તેવો જ ક્ષેત્ર (દેહ)નું અભિમાન રાખનારો જીવ (છે) તે પણ ક્ષેત્રજ્ઞ છે, પરંતુ '' 'ક્ષેત્રં' ક્ષેત્રને

---

નથી એવો અર્થ છે. (ટિ)

ઘડાનું સમવાયિકારણ માટી છે. ઘડો હદવાળો છે અને માટી પણ હદવાળી છે, છતાં દરેક હદવાળા પદાર્થનું સમવાયિકારણ હદવાળું હોવું જોઈએ એવો નિયમ નથી (એમ શબ્દ અને આકાશના દૃષ્ટાંતથી સિદ્ધ થાય છે). ભગવાન્ પોતાના જ સામર્થ્યથી સર્વરૂપ થાય છે, બીજા કોઈ નિમિત્તની તેમને જરુર નથી; તેથી એવા સામર્થ્યવાળા ભગવાનમાં, તે સમવાયિકારણ હોય તો હદવાળા થઈ જાય એવી શંકા રહેતી નથી એવો અર્થ છે. (લે)

૮. '' 'ભગવાન્ અક્ષર છે' એમ કહેવાથી 'ભગવાન્ સર્વરૂપ છે' એવો અર્થ થઈ જાય છે, તો પછી પાછા 'તે ઈશ્વર છે' એમ કહેવાની શી જરુર ?'' એવી શંકા થાય, તેથી આ કહેલ છે. ભગવાનનું આવું ઈશ્વરરૂપ શ્રીમદ્ભગવદ્ગીતા ૧૮-૬૧માં જણાવેલ છે. (પ્ર)

૯. 'નિરૂપણ કરવામાં આવેલ છે' એટલે 'આધિભૌતિક વિગેરેના ઈશ્વર તરીકે પહેલાં કહેલ છે. (લે)

૧. દરેક શરીરમાં રહેલ અંતર્યામીના રૂપથી જૂદું સાક્ષીનું રૂપ છે એવો અર્થ છે. (પ્ર)

'જાનાતિ' જાણે છે તે ક્ષેત્રજ્ઞ'' એ વ્યુત્પત્તિ પ્રમાણે, જે ક્ષેત્રજ્ઞ છે તે મુખ્ય[2] આપ (જ) છો. આટલાથી[3] એમ કહેલું છે કે હરકોઈ પ્રકારથી જ્યાં પણ પ્રમાણની પ્રવૃત્તિ થાય છે તે આપ જ છો. ૩૧.

(ભગવાન જ મહાન્ (મહત્તત્ત્વ), પ્રકૃતિ, પુરુષ વિગેરે સર્વ થાય છે) એ વિષયમાં શ્રુતિ જ પ્રમાણ છે, પરંતુ પ્રત્યક્ષ પ્રમાણ નથી. તેથી ભગવાન્ અલૌકિક છે, એમ સિદ્ધ કરવા પ્રત્યક્ષ(પ્રમાણ)થી તેમનું જ્ઞાન થતું નથી, એમ કહે છેઃ

**ગૃહ્યમાણૈસ્ત્વમગ્રાહ્યો વિકારૈઃ પ્રાકૃતૈર્ગુણૈઃ ॥**
**કો ન્વિહાર્હતિ વિજ્ઞાતું પ્રાક્સિદ્ધં ગુણસંવૃતઃ ॥૩૨॥**

ગ્રહણ કરાતા પદાર્થોથી વિકારોને લીધે, પ્રાકૃત(પદાર્થો)ને લીધે (અને) ગુણોને લીધે, આપ ગ્રહણ થતા નથી. ગુણોથી વીંટાએલ કોણ પહેલાં (પણ) સિદ્ધ (એવા આપને) અહિં જાણવા યોગ્ય છે (જાણી શકે) ? ૩૨.

ઘડો, વસ્ત્ર વિગેરે પદાર્થોનું જ્ઞાન થાય છે, તેથી આપનું જ્ઞાન થતું નથી. આપ તે પદાર્થરૂપ[1] હોવા છતાં, તેઓનું ગ્રહણ થવાથી આપનું ગ્રહણ થતું નથી. તેમજ તેઓની સાથે પણ આપનું ગ્રહણ થતું નથી, કારણ કે તે ધર્મો જેમના આપ આશ્રય છો તેઓનું ધર્મી અને આશ્રય સાથે ભાન થાય એવો નિયમ[2] છે. તેનું[3]

---

૨. તે સાક્ષીનું રૂપ કયું તે જણાવવા વ્યુત્પત્તિ કરેલી છે. આ મુખ્યરૂપ શ્રીમદ્ભગવદ્ગીતા ૧૩।૨માં જણાવેલ છે. શ્લોકમાં રહેલ આગળનાં વિશેષણ ('વિકારવિત્')નો અર્થ આથી જ કહેવાઈ જાય છે, તેથી તેનો ફરી ઉલ્લેખ (સુબોધિનીમાં) કરેલ નથી. છતાં અહિં 'વિકારવિત્' પદથી વિકારો આધ્યાત્મિક છે એમ જણાવેલ છે, કારણ કે વૃત્તિરૂપ પદાર્થો આધ્યાત્મિક છે. (પ્ર)

૩. 'આટલાથી' એટલે ભગવાન્ જ જૂદા જૂદા પદાર્થરૂપ છે એવું નિરૂપણ કર્યું તેથી. (પ્ર)

૧. 'તદ્રૂપઃ' એટલે તે ઘડો વિગેરે પદાર્થો જેમનું રૂપ છે તેવા, એટલે ઘડો વિગેરે ધર્મવાળા. (લે)

૨. ભગવાનનું જ્ઞાન થાય તેવું કારણ હોવા છતાં પણ તેમનું જ્ઞાન થતું નથી, તેનું કારણ અહિં કહે છે. તે ઘડો વિગેરે પદાર્થો આપ(ભગવાન)નો આશ્રય કરી રહેલા છે અને આશ્રયનું ભાન (તેઓની) સાથે જ થાય એવો નિયમ હોવાથી, આપનું જ્ઞાન ન થાય તે યોગ્ય છે.

આ પહેલાં ઘડો વિગેરેને ધર્મો કહેલા છે. એમને ધર્મો ગણવામાં આવે તો ઘડો વિગેરે ધર્મોનું ભાન ધર્મી સાથે જ થાય એવો નિયમ હોવાથી, તેઓનું જ્ઞાન થવાથી આપનું જ્ઞાન થતું નથી એવો અર્થ છે. જો કે 'ધર્મી' પદ અર્થરહિત જણાય છે તો પણ ધર્મી અને આશ્રય એ બંને જૂદા જૂદા કહેવા માટે તે યોજેલ છે એમ જાણવું. આમ હોવા છતાં ભગવાનનું જ્ઞાન થતું નથી, તેનું કારણ 'તેનું કારણ' વિગેરેથી કહે છે. (ટિ) ઘડો વિગેરે ધર્મો હોવાથી, તેઓનું ભાન ધર્મી સાથે જ થાય, આપ (ભગવાન્) તેઓનો આશ્રય હોવાથી, આપ-આશ્રયની સાથે જ તે ઘડા વિગેરેનું ભાન થાય એવો અર્થ છે. (લે)

૩. 'તેનું' એટલે 'ભગવાનનું જ્ઞાન થતું નથી તેનું'. (પ્ર)

કારણ 'વિકારોને લીધે' શબ્દથી કહે છે. સંનિપાતમાં[૪] જેમ થાય છે તેમ વિકાર થતાં પ્રકૃતિની[૫] પ્રતીતિ થતી નથી. તે સમયે (વિકાર થાય ત્યારે), પ્રાકૃતનો[૬] તિરોભાવ થાય છે. 'જેમ વિષયો સાથે જ્ઞાન ભાસે છે (જ્ઞાનનું ભાન થાય છે) તેમ પોતાના વિષયોનો પ્રકાશ જેનાથી થાય છે તેવું[૭] જ્ઞાન જ જડ પદાર્થો સાથે ભાસે છે. તેવી જ રીતે વિષયોનો પ્રકાશ કરતાં ભગવાન્ પણ વિષયો સાથે કેમ ભાસતા નથી ?' એવી શંકા થાય, તેથી 'પ્રાકૃત(પદાર્થો)ને લીધે' શબ્દ યોજેલ છે. કારણ કે જડ પ્રકૃતિ પુરુષને ઢાંકી દેનારી છે, અને પ્રકૃતિમાં (પોતામાં) પ્રવેશ કરેલ પુરુષનો પ્રકાશ કરતી નથી. તેવી જ રીતે પ્રાકૃત પદાર્થોમાં રહેલ ભગવાનને પણ તે પદાર્થો ઢાંકી દે છે[૮] તેથી ભગવાન્ ગ્રહણ થતા નથી. જ્ઞાન તો બીજામાં રહેલું છે[૯] (તેથી તે ગ્રહણ થાય છે).

'પુરુષ ભગવાન્ સ્ત્રી પ્રકૃતિને દબાવી દઈ કેમ પ્રકાશતા નથી ?' એવી શંકા થાય, તેથી 'ગુણોને લીધે' શબ્દ યોજેલ છે; કારણ કે ગુણો બંધન કરનારા અને રંગનારા છે. તેથી પ્રકૃતિમાં પ્રવેશ કરેલ તેના ગુણોથી રંગાવાથી તે ગુણોથી વશ થાય છે. તેથી તેઓની સાથે પ્રકાશતા નથી.

'ગુણો તો હમણાં જ ઉત્પન્ન થએલા છે, અને ભગવાન્ તો સર્વનું મૂલ થએલ છે (સર્વથી આદ્ય છે), તેથી ગુણોનો ક્ષોભ થયા પહેલાં જ (જીવ)

૪. 'સંનિપાત' એટલે 'સંનિપાત (સનેપાત) નામનો રોગ.' (પ્ર)

૫. 'પ્રકૃતિ' એટલે 'સ્વરૂપ' એવો અર્થ છે. જેમ નિર્મલ જલ હોય ત્યારે તે નીચેની ભૂમિ સારી રીતે દેખાય છે, પણ મેલું જલ હોય ત્યારે તે દેખાતી નથી; તેમ (વિકારોને લીધે ભગવાનનું જ્ઞાન થતું નથી. (લે)

૬. 'પ્રાકૃત' એટલે 'સ્વભાવ'. (પ્ર) 'પ્રકૃતિથી સિદ્ધ થએલ પદાર્થ.' (લે)

૭. આશ્રય સાથે ભાન થાય એવો નિયમ હોય ત્યારે ભગવાનનું જ્ઞાન કેમ થતું નથી, તેનું કારણ ઉપર ('વિકારોને લીધે' શબ્દથી) કહ્યું. ધર્મી સાથે ભાન થાય એવો નિયમ હોય ત્યારે પણ, તેમની સાથે ભગવાનનું જ્ઞાન થતું નથી, એમ 'પ્રાકૃતોને લીધે' શબ્દથી કહેલ છે એમ જણાવવા, તે પદનો આભાસ અહિં કહે છે. જ્ઞાનના ધર્મો વિષયો છે. જેમ જડ વિષયો સાથે, પોતાના વિષયોનો પ્રકાશ જેનાથી થાય છે તેવું જ્ઞાન ભાસે છે, એટલે '(અમુક) વિષય(પદાર્થ)ના જ્ઞાનવાળો હું છું, એવું ભાન થાય છે, એવો અર્થ છે. 'જેમ સૂર્ય વિગેરે ઘડો વિગેરે પદાર્થોને પ્રકાશે છે છતાં તેમની સાથે સૂર્યનું ભાન થતું નથી, તેમ ભગવાનનું પણ જ્ઞાન ન થાય' એવી શંકા થાય, તેથી દૃષ્ટાંતમાં 'સ્વપ્રકાશમેવ' કહેલ છે. સૂર્ય વિગેરે તો પદાર્થમાત્રને પ્રકાશે છે પરંતુ એક જ વિષયને પ્રકાશતા નથી એવો અર્થ છે. (લે)

૮. જેમ પ્રકૃતિ પુરુષને ઢાંકી દે છે, તેમ પ્રાકૃત પદાર્થો ભગવાનને ઢાંકી દે છે એવો અર્થ છે. (લે)

૯. 'બીજામાં રહેલું છે' તેથી, (તે પદાર્થો સાથે તેને) સંયોગ અથવા સમવાય સંબંધ નહિ હોવાથી, તે ઢંકાઈ જતું નથી. (પ્ર) 'બીજામાં' એટલે 'પુરુષમાં' રહેલું છે. તેથી એ ધર્મો(પદાર્થો)થી જૂદું રહેલ હોવાથી, તેઓ તેને ઢાંકી દેતા નથી એવો અર્થ છે. (લે)

(ભગવાનને) જાણીને તેમની સ્મૃતિ કેમ રાખતો નથી ?' એવી શંકા કરી, તે શંકાનો નિરાસ કરતાં[10], ભગવાન્ એમજ[11] કરે છે તેનું કારણ[12] કહેતાં, તેવા[13] (ભગવાન્) ભક્તિમાર્ગની પ્રવૃત્તિ કરાવનાર[14] છે, એમ શ્લોકના ઉત્તરાર્ધમાં કહે છે. 'અહિં' એટલે આ સંસારમાં. 'નુ' શબ્દ વિતર્ક (દર્શાવવા યોજેલ છે). પાછળથી ઉદ્ભૂત (જન્મેલ, પ્રકટ થએલ) કોણ પહેલાં એટલે ગુણોનો ક્ષોભ થયા પહેલાં, સિદ્ધ એટલે રહેલા(ભગવાન)ને, જાણવા એટલે 'આ આવા છે' એમ જોવા યોગ્ય છે ? અર્થાત્ કોઈ પણ (એમ જોવા યોગ્ય) નથી.

'આ (જીવ) પણ આત્મા હોવાથી હમણાં જ ઉત્પન્ન થએલ નથી, (કારણ કે આત્મા નિત્ય છે), તેથી તે એમ જાણવા યોગ્ય કેમ ન હોય ?' એવી શંકા થાય, તેથી 'ગુણોથી વીંટાએલ' શબ્દ યોજેલ છે. તે ગુણોથી વીંટાએલ છે. ગુણોએ તેની પહેલાંની (ગુણોનો ક્ષોભ થયો તે પહેલાંની) બુદ્ધિને હટાવી દઈ, તેનાં સ્વરૂપને પણ ઢાંકી દીધેલું છે. તેથી જ્ઞાતા (જીવ, આત્મા) અને જ્ઞેય (ભગવાન્) (બંને) ઢંકાએલ હોવાથી જ્ઞાન થવાનો સંભવ નથી. ૩૨.

'(ભગવાનનું જ્ઞાન થઈ શકે તેમ નથી) તો સંસારમાંથી મુક્તિ કેમ થશે ?' એવી શંકા થાય, તેથી નીચેનો શ્લોક કહે છેઃ

**તસ્મૈ તુભ્યં ભગવતે વાસુદેવાય વેધસે ।।**
**આત્મદ્યોતૈર્ગુણૈશ્છન્નમહિમ્ને બ્રહ્મણે નમઃ ।।૩૩।।**

પોતે પ્રકાશેલ ગુણોથી જેમનો મહિમા ઢંકાએલો છે તેવા તે આપ ભગવાન્ વાસુદેવ વેધસ બ્રહ્મને નમસ્કાર (કરીએ છીએ). ૩૩.

'તે'[1] સર્વથી દુર્જ્ઞેય (કોઈથી જાણી ન શકાય તેવા), 'આપ'[2] જાતજાતના વિનોદ કરનાર માત્ર નમસ્કાર (કરવા યોગ્ય છો).

'' 'તેને જ જાણીને મૃત્યુને તરે છે' શ્રુતિ પ્રમાણે ભગવાનનું જ્ઞાન ન થાય

---

૧૦. ગુણોનો ક્ષોભ થયો તે પહેલાં પણ જીવને ભગવાનનું જ્ઞાન નહિ હોવાથી તે પોતાની મેળે તેમની સ્મૃતિ કરી શકે એ વિષયનો નિરાસ કરીને. (પ્ર)

૧૧. 'એમજ કરે છે' એટલે 'પ્રકૃતિને ઢાંકી દેનારી કરે છે'. (પ્ર)

૧૨. 'ભક્તિનું પ્રવર્તન' એ તેનું કારણ છે એમ જાણવું. (લે)

૧૩. 'તેવા' એટલે 'સ્વતંત્ર'. (પ્ર)

૧૪. ભગવાને પોતાના સ્વરૂપનું કોઈને જ્ઞાન થાય નહિ તેવું કરીને ભક્તિમાર્ગની જ પ્રવૃત્તિ કરાવેલ છે, એવો ભાવ છે. (લે)

૧. 'તે' શબ્દ જે હાજર ન હોય તેને માટે વપરાતો હોવાથી, તેનો અર્થ 'દુર્જ્ઞેય' કરેલો છે. (લે)

૨. 'આપ' શબ્દ જે દેખાતા હોય તેને માટે વપરાતો હોવાથી તેનો અર્થ 'જાતજાતના વિનોદ કરનાર' કરેલો છે. વિનોદ કરવા માટે જ આપ આપની ઈચ્છાથી વ્યવહાર કરવા યોગ્ય થયા છો એવો અર્થ છે. (લે)

ત્યાં સુધી સંસારમાંથી મુક્તિ કેમ થશે ?'' એવી શંકા થાય, તેથી 'ભગવાન્' શબ્દ યોજેલ છે. ભગવાનના જ્ઞાનના ગુણથી ભગવાનનું જ્ઞાન થાય છે[3]. ભગવાનનું જ્ઞાન થયું ન હોય, તો પણ (ભગવાન્ પોતાના) પ્રમેયબલથી સંસારમાંથી મુક્ત કરે છે, અને ભક્તિ જ તેમ કરાવનારી છે. 'જેણે વિચારેલ નથી તેણે વિચારેલ છે, જેણે વિચારેલ છે તે જાણતો નથી, જાણનારાઓથી જણાએલ નથી, નહિ જાણનારાઓએ જાણેલું છે' શ્રુતિ પ્રમાણે નહિ જણાએલ જ (ભગવાન્) જણાય છે. તેથી ભગવાન્ ઈશ્વરને કોણ જાણી શકે ? વળી (તે ભગવાન્) પ્રમાણબલથી નહિ જણાએલ હોવા છતાં પોતાની મેળે જાણી શકાય છે; કારણ કે આ 'વાસુદેવ' છે એટલે શુદ્ધ સત્ત્વ વસુદેવમાં (તેમનો) આવિર્ભાવ થએલ છે. આવિર્ભાવ પામેલ(ભગવાન્)ને તો બધાએ જાણી શકે છે.

'સાધનથી પર હોવાપણું(જેમનું જ્ઞાન પ્રમાણથી થઈ શકે નહિ તેવા હોવાપણું), સાધનની ઉત્પત્તિ[4] અને શુદ્ધ સત્ત્વમાંથી આવિર્ભાવ એ બધું આ જ કેમ હોઈ શકે?' એવી શંકા થાય, તેથી 'વેધસ'(ગોઠવણ કરનાર) પદ યોજેલ છે; કારણ કે તે સર્વ પાર ઉતારે છે. જો તે એમ ન કરે તો તેમણે કરેલ તેમનો માર્ગ વ્યર્થ થાય.

અથવા 'નમઃ' (નમન કરીએ છીએ) એટલે 'ધ્યાન ધરીએ છીએ'[5]. હૃદયમાં ભગવાન્ પ્રત્યક્ષ છે. તેમના ચરણોમાં શિર મૂકી મનથી તેમને નમસ્કાર કરવા, તે આભરણવાળા (ભગવાનનું) ધ્યાન ધરવું, એ પ્રમાણે કરીએ છીએ એવો અર્થ છે. તેથી અંતઃકરણમાં જ ભગવાન્ પ્રત્યક્ષ છે, પણ બહાર પ્રત્યક્ષના વિષય થતા નથી (પ્રત્યક્ષ દર્શન દેતા નથી).

'ત્યારે બહાર ભગવાન્ નથી, એમ જ માનવું જોઈએ' એવી શંકા થાય, તેથી 'પોતે પ્રકાશેલ ગુણોથી જેમનો મહિમા ઢંકાએલો છે તેવા' શબ્દ યોજેલ છે. 'આત્મના' પોતાથી જ પ્રકાશ જેઓનો છે તેવા (ગુણો છે). જેમ સૂર્ય વાદળાંઓ ને પ્રકાશે છે તેમ ગુણોને પણ ભગવાન જ પ્રકાશે છે, અને તેઓ જ તેમને ઢાંકી દેનારા થાય છે; કારણ કે રાત્રે ગાઢ અંધકાર[6] હોય ત્યારે વાદળાંઓ દેખાતાં નથી. એવી રીતે બધાએ વિષયો (પદાર્થો) જેમને (ભગવાને) પોતે જ પ્રકાશેલા છે, તેઓથી ઢંકાએલો છે મહિમા જેમનો, તેવા (ભગવાન્ છે) તેથી તે પ્રકાશતા નથી. વસ્તુતઃ તો તે સર્વ સ્થલે છે.

---

૩. ભગવાનનું જ્ઞાન પ્રમાણોથી થતું નથી, પરંતુ ભગવાનના ગુણો જ એવા છે કે તેમનાથી જ ભગવાનનું જ્ઞાન થાય છે.

૪. ઉત્પત્તિ એટલે નિષ્પત્તિ; (ફલ આપનાર થવું તે). (પ્ર)

૫. 'નમો ધીમહિ' એવો બીજો પાઠ લે છે. (પ્ર) આવો પાઠ ક્યાંય જણાતો નથી.

૬. રાત્રે પણ ચંદ્ર વિગેરે હોય તો વાદળાં દેખાય, તેથી 'ગાઢ અંધકારમાં' એમ કહેલ છે. (પ્ર)

(ભગવાન્) અંદર અને બહાર (સર્વ સ્થલે) રહેલા છે, તેનું કારણ 'બ્રહ્મ' શબ્દથી કહેલું છે. 'બૃહત્' (મોટા) હોવાથી અથવા 'બૃંહણ' (પોષણ કરનાર) હોવાથી (તે ભગવાન્) બ્રહ્મ છે. તેથી આપ સર્વ સ્થલે રહો છો છતાં (હૃદયની) અંદર જ પ્રકાશો છો, પણ બહાર પ્રકાશતા નથી. ૩૩.

'ત્યારે[1] અવતારથી (અવતાર લેવાથી) ભગવાન્ બહાર કેમ પ્રકાશરૂપ (પ્રકાશતા) હોય છે ?' એવી શંકા થાય, તેથી નીચેનો શ્લોક કહે છેઃ

**યસ્યાવતારા જ્ઞાયન્તે શરીરેષ્વશરીરિણઃ ।।**
**તૈસ્તૈરતુલ્યાતિશયૈર્વીર્યૈર્દેહિષ્વસંગતૈઃ ।।૩૪।।**

શરીર વિનાના જેમના અવતારો, દેહવાળામાં ન હોય તેવા અને જેની સમાન અથવા જેનાથી અધિક નથી તેવા તે તે વીર્યોથી શરીરોમાં જણાય છે.૩૪.

મત્સ્ય વિગેરેના શરીરોમાં (ભગવાનના અવતારો જણાય છે). ભાગ્યે જ અમુક મત્સ્યમાં અલૌકિક ભાવ દેખાય છે અને તે (અલૌકિક ભાવ) જીવનો ધર્મ નથી, તેથી શરીર વિનાના આપના તેઓમાં (મત્સ્ય વિગેરેનાં શરીરોમાં) અવતારો[2] છે એમ જણાય છે. ત્યાં (મત્સ્ય વિગેરે અવતારોનાં શરીરોમાં) માત્ર શરીરની આકૃતિ જ પ્રકાશે છે, પરંતુ તે શરીર નથી. જો તેમ ન હોય (એટલે એ મત્સ્યનું શરીર જ હોય) તો (મત્સ્ય ત્વરાથી મોટું થયું તેવી તેની) વૃદ્ધિ થઈ શકે નહિ, અને પછી (વૃદ્ધિ થયા પછી) (તેનું) સામર્થ્ય અધિક હોત. તેથી શરીરના આકારથી, જે પ્રકાશે છે તે ભગવાનનું જ રૂપ છે, એમ 'શરીર વિનાના' શબ્દથી (સૂચવેલું છે).

જેની સમાન અથવા જેનાથી અધિક બીજે ક્યાંય (બીજા કોઈમાં) નથી તે 'અતુલ્યાતિશયમ્'. કાલના હીસાબે (કાલના વીર્યનો વિચાર કરતાં) બીજા કોઈનું (કાંઈ) વીર્ય નથી. જો (ભગવાન્) કાલની મર્યાદાનું ઉલ્લંઘન કરે, તો તેમનું વીર્ય 'અતુલ્યાતિશય' છે એમ જણાય. (ભગવાનનું) તે પરાક્રમ પણ એક પ્રકારનું નથી. એક ક્ષણમાં તે (ભગવાન્) વિશ્વરૂપ થાય છે, બીજી ક્ષણે વામન થાય છે, દર્શન દે છે, અને અદષ્ટ થાય છે; બહારથી અને અંદરથી હદવાળા થાય છે અને વ્યાપક (સર્વ સ્થલે રહેલા, હદ વિનાના) થાય છે. તેથી બધાય દેહવાળાઓમાં ન હોય તેવા, એટલે કોઈપણ સમયે (દેહવાળાઓને) જેનો સંબંધ ન હોય તેવાં (વીર્યો)થી જણાય છે કે આ ભગવાન જ છે, પરંતુ 'આ ભગવાન્ છે' એમ પ્રત્યક્ષ

૧. 'ત્યારે' એટલે ભગવાન્ બહાર પ્રકાશતા ન હોય તો. (પ્ર)

૨. મત્સ્ય વિગેરે આકારવાળા છે, તેથી પુરુષોત્તમના તે અવતારો છે (એમ જણાય છે) એવો અર્થ છે. તેવા મત્સ્ય વિગેરેના આકારો છે એ પ્રત્યક્ષ છે, પરંતુ તેમનામાં ભગવાનનો આવેશ છે એવું જ્ઞાન તો અનુમાનથી જ થાય છે એવો અર્થ છે. (લે)

રીતે નિશ્ચય થઈ શકતો નથી એવો અર્થ છે. તેમાં પણ જો અલૌકિક કોઈક વાર જ થતું હોય તો આ હરકોઈ રીતે થયું એવી કલ્પના પણ કરાય; પરંતુ વાણી અને મનથી ગોચર ન થાય (જેનો ખ્યાલ ન આવે) તેવા પ્રભાવો સદા જોવામાં આવતા હોય તો ('આ ભગવાન્ છે') એમ કેમ ન જણાય ? આ અર્થ ઉત્તરાર્ધથી કહેલ છે. એ પ્રમાણે અવતારોમાં 'આ ભગવાન્ છે' એવું જ્ઞાન અનુમાનથી થાય છે, પરંતુ પ્રત્યક્ષ થતું નથી[3] એમ કહેલ છે. ૩૪.

(ઉપર તો સામાન્ય વાત કરી પણ) અહિં તો ભગવાન્ (આપ શ્રીકૃષ્ણ) આ[1] માટે (અમને દર્શન દેવા માટે) પધારેલા (છો), એમ શબ્દથી[2] જ અથવા નારદની કૃપાથી જણાય છે, એમ નીચેના શ્લોકથી કહે છેઃ

**સ ભવાન્ સર્વલોકસ્ય ભવાય વિભવાય ચ ।।**
**અવતીર્ણોંશભાગેન સામ્પ્રતં પતિરાશિષામ્ ।।૩૫।।**

તે આપ સર્વ લોકના ઉદ્ભવ તથા ઐશ્વર્ય માટે હમણાં અંશ અને ભાગથી આશિષોના પતિ અવતરેલા છો. ૩૫.

ઉપર જે (૧) સર્વ પ્રમાણોથી જણાતા (શ્લોક.૩૦), (૨) લૌકિક પુરુષો ને નહિ જણાતા (શ્લોક.૩૨), (૩) અંતઃકરણમાં પ્રત્યક્ષ થતા (શ્લોક.૩૩), અને અવતાર લેનાર (શ્લોક.૩૪) કહ્યા, તે ચાર રૂપોવાળા આપ છો. તેથી જ (આપ) સર્વે લોકના ઉદ્ભવ તથા વિભવ એટલે ઐશ્વર્ય માટે અંશથી અને ભાગ-થી હમણાં અવતરેલા છો, કારણ કે આપ આશિષોના પતિ છો. (ઉપર) વિવેચન કર્યું તે પ્રકારે આપ સ્વરૂપથી ચાર રૂપવાળા છો, પણ અહિં[3] (આપનામાં) તેથી પણ વધારે ગુણો છે. સર્વે લોકોને ઉત્પન્ન કરવાના છે; અને પછી તેઓને પોતાની સમાન ઐશ્વર્ય વિગેરે આપવાનાં છે. ભગવાન્ (ભગવદીઓમાં) અંશથી પધારે ત્યારે સર્વે ભગવદીઓ શુદ્ધ સત્ત્વના અંશથી જ આવિર્ભાવ પામે છે[3]. અથવા 'ભગવાનની સેવામાં ઉપયોગી થાય એવા દાસરૂપના અંશથી સર્વે લોકોનો પોતાના

૩. 'આ અવતાર છે' એવું વીર્યથી અનુમાન થાય છે, પરંતુ તે પ્રત્યક્ષ નથી. તેથી અવતારોથી 'ભગવાન્ (હૃદયની) અંદર જ પ્રકાશે છે' એ સિદ્ધાંતને વિરોધ આવતો નથી, એવો અર્થ છે. (પ્ર)
૧. 'આ માટે' એટલે 'ભગવાનની સંનિધિ અમને પ્રાપ્ત થાય તે માટે.' (પ્ર)
૨. 'શબ્દથી જ' એટલે પાછળ ૨૨મા શ્લોકમાં કહેલાં નારદનાં વચનથી જ. (પ્ર)

૩-૩. 'અહિં' એટલે 'આ (શ્રીકૃષ્ણના) સ્વરૂપમાં.' ગયા શ્લોકમાં 'જેમના અવતારો' એમ જે અવતાર લેનાર અવતારી કહેલ છે તે જ આપ છો. 'આમ હોય તો અંશ અને ભાગથી અવતાર લેવાનું કહેલ છે તે કેમ થાય ?' એવી શંકાનો 'ભગવદીઓમાં ભગવાન્ અંશથી પધારે છે' વિગેરે કહી નિરાસ કરેલો છે. 'અંશભાગેન'માં ત્રીજી વિભક્તિ છે, તે 'સાથે'ના અર્થમાં યોજાએલી છે ('અંશભાવ જેમનામાં છે તેવા ભગવદીઓ સાથે' એવો અર્થ થાય છે). (પ્ર)

(ભગવાનના) દાસભાવથી આવિર્ભાવ થાઓ' એવી ભગવાનની ઈચ્છાથી ભગવાને (ભગવદીઓમાં) પોતાના એક દેશ(અમુક ભાગ)ના ભાવનો[૪] પ્રકાશ કરેલો છે, કારણ કે સમુદાય(જથ્થા)માં (ભગવાનનું) જ્ઞાન, ભજન વિગેરે થઈ શકતાં નથી; કારણ કે પ્રલયના અગ્નિનું કોઈથી સેવન થઈ શકતું નથી. વળી ભાગો એટલે કલાઓ. (ભગવાન્ ભાગથી એટલે) કલાથી અવતરેલા છે. જો (સર્વનું) મૂલ થએલ (ભગવાન્) કલાના રૂપથી આવિર્ભાવ પામે, તો જ (ત્યારે જ) સર્વે (લોકો) સર્વ કલાઓમાં કૌશલ્યવાળા થાય, તે માટે સર્વ કલાઓ પ્રકટ થાય છે; અને ત્યારે જ સર્વ કલાઓ પૂર્ણ થાય છે.

(નલકૂબર અને મણિગ્રીવે) પોતાનો પણ વૈષ્ણવના રૂપથી જન્મ થાય અને પોતાને ભક્તિની કલાઓ પૂર્ણ (પ્રાપ્ત) થાય તે માટે, આ[૫] પોતાના ઉપયોગ માટે (પોતે પ્રાર્થના કરવાના છે તેમાં ઉપયોગી થાય તે માટે) કહેલું છે. આગળ (તેઓ) આ જ માગવાના હોવાથી આ જ આશિષો છે. (ભગવાન્) મનુષ્યના ભાવથી જૂદા જૂદા પ્રકારની ક્રીડાઓ કરે છે તે ભક્તોને ઉત્પન્ન કરી તેઓમાં ભક્તિનું સ્થાપન કરવા કરે છે એવો અર્થ છે. ૩૫.

કાંઈકની પ્રાર્થના કરવા માટે નીચેના શ્લોકમાં તે બે (નલકૂબર અને મણિગ્રીવ) (ભગવાનને) નમન કરે છેઃ

**નમઃ પરમકલ્યાણ નમસ્તે વિશ્વમંગલ ।।**
**વાસુદેવાય શાન્તાય યદૂનાં પતયે નમઃ ।।૩૬।।**

હે પરમકલ્યાણ ! નમસ્કાર (કરીએ છીએ). હે વિશ્વમંગલ ! આપને નમસ્કાર છે. યદુઓના પતિ શાંત વાસુદેવને નમસ્કાર (કરીએ છીએ). ૩૬.

**આદિમધ્યાવસાનેષુ નમનં મન આદિભિઃ ।।કા.૨૨ાા.।।**

શ્લોકના આરંભમાં મધ્યમાં અને અંતે મન વિગેરેથી[૧] નમન કરે છે.કા. ૨૨ાા

આરંભમાં કાયાથી નમન કરે છે. તેનું ફલ 'પરમકલ્યાણ' શબ્દથી (જણાવેલું છે). ભગવાન્ કલ્યાણોના ધામરૂપ છે. કલ્યાણો એટલે પુત્રનો જન્મ વિગેરે લોકમાં પ્રસિદ્ધ શુભ ફલો. પરમ (ઘણો જ) આનંદ (એ) 'પરમકલ્યાણ' છે. કાયાથી (ભગવાનને) નમસ્કાર કરવાથી, શરીરનો ઉપભોગ થાય તે માટે

૪. 'અંશ' પદનો અર્થ ૧૦।૧।૨માં કહેલ છે તે જાણવો. (લે)

૫. 'આ' એટલે 'અંશ તથા ભાગથી અવતાર લેવો તે'. ભગવાન્ અંશ અને ભાગથી ભગવદીઓના રૂપથી અવતાર લે છે એમ જે ઉપર કહ્યું તેનું પ્રયોજન અહિં જણાવે છે. (પ્ર) પોતાને પણ ભક્તરૂપે જન્મ લેવો છે ને ભક્તિની કલાઓ પૂર્ણ પ્રાપ્ત કરવી છે, તે માટે એમ કહેલ છે એવો અર્થ છે.

૧. કાયા, વાણી અને મનથી નમસ્કાર કરે છે. આ સુબોધિનીમાં જ સ્પષ્ટ છે. (કા)

પરમકલ્યાણ (પરમકલ્યાણરૂપ ભગવાન્) પ્રકટ થાય છે.

'આપને નમસ્કાર છે' એમ વાણીથી નમસ્કાર કરે છે. તેનું ફલ 'વિશ્વમંગલ' શબ્દથી જણાવેલું છે. ભગવાને વેદો વિગેરેનું નિર્માણ કરેલ હોવાથી, વિશ્વને તેઓ(વેદો વિગેરે)થી પ્રાપ્ત થઈ શકે તેવા ફલરૂપ, ભગવાન્ મંગલ થાય છે.

અંતમાં મનથી નમન કરે છે. તે માટે(મનથી નમસ્કાર કરવા માટે) ભગવાનનો મનમાં આવિર્ભાવ થાય તે માટે 'વાસુદેવ' શબ્દ યોજેલ છે. 'શાંત' એટલે જ્ઞાનરૂપ. ભગવાનનો માત્ર આવિર્ભાવ જ થાય અને નારદની પેઠે તેમનું જ્ઞાન ન થાય તો જોઈએ તેવો પુરુષાર્થ થાય નહિ, તેથી શાંત એટલે લય[2] તથા વિક્ષેપ[2] વિનાનું રૂપ જણાવેલ છે. તેથી (વાસુદેવ શબ્દથી) આવિર્ભાવ અને (શાંત શબ્દથી) જ્ઞાન કહેલાં છે. 'યદુઓના પતિ' શબ્દથી ફલ કહે છે. જેમ યદુઓને ભગવાન્ ફલરૂપ થયા છે, તેમ ભગવાન્ સ્વામી (પોતે) ફલ થાય છે[3]. ૩૬.

એ પ્રમાણે નમસ્કાર કરીને નીચેના શ્લોકમાં જવા માટે પ્રાર્થના કરે છેઃ

**અનુજાનીહિ નૌ ભૂમંસ્તવાનુચરકિંકરૌ ।।**
**દર્શનં નૌ ભગવત ઋષેરાસીદનુગ્રહાત્ ।।૩૭।।**

'હે ભૂમન !' આપના અનુચરના કિંકરો અમને (જવા માટે) પરવાનગી આપો. અમને બેને (આપ) ભગવાનનાં દર્શન ઋષિના અનુગ્રહથી થયાં. ૩૭.

'નૌ' એટલે અમને બેને પરવાનગી આપો. પોતે ત્યાં[1] રહેવા યોગ્ય નથી, એમ જણાવવા 'હે ભૂમન્'[2] એવું સંબોધન કરેલું છે. 'આપના અનુચરના કિંકરો' શબ્દથી એ જ કહેલ છે. આપના અનુચર નારદના (અમે) કિંકરો એટલે દાસો છીએ. તેથી અમારે બેને માટે આપના સેવકના સેવકપણું જ યોગ્ય છે, પરંતુ આપના સેવક હોવાનું યોગ્ય નથી; કારણ કે આપ 'ભૂમા' એટલે મોટા છો. નજીવો હોય તે મોટાની સેવા કરી શકતો નથી.

---

૨-૨. 'લયવિનાનું'=ઢંકાયા વગરનું, અદષ્ટ નહિ થતું. 'વિક્ષેપવિનાનું'=આમતેમ હરતું ફરતું ન હોય તેવું; સ્થિર.

૩. જ્યારે ભગવાન્ ભક્તિમાર્ગની રીત પ્રમાણે સ્વામી થાય છે ત્યારે તે ફલરૂપ થાય છે એવો અર્થ છે. તેનું દષ્ટાંત યદુઓનું આપેલ છે. ભગવાન્ યદુઓના સ્વામી થયા, એમ ૧૦।૨।૬ ઉપરથી સ્પષ્ટ જણાય છે. (યો)

૧. 'ત્યાં' એટલે '(ભગવાનની) સમીપ'. (પ્ર)

૨. 'જે ભૂમા છે તે સુખ છે' વિગેરે ભૂમવિદ્યામાં જે સ્વરૂપ સિદ્ધ છે તે અહિં જણાવેલું હોવાથી અહિં (શ્રીકૃષ્ણમાં) સર્વથી અધિકપણું સૂચવેલું છે, અને તેથી તેવા પરમકાષ્ઠાવાળા પરબ્રહ્મની અંતરંગ લીલાના સ્થાનમાં રહેવા અમારી યોગ્યતા નથી એવો અર્થ છે. (યો)

'જ્યારે (તમને) (મારાં) દર્શન કરવાની યોગ્યતા પ્રાપ્ત થઈ છે તો પછી, સેવાની પણ યોગ્યતા પ્રાપ્ત થઈ જ. તેથી તમે (સેવા કરવા) કેમ યોગ્ય નથી ?' એવી શંકા થાય, તેથી 'અમને બેને (આપ) ભગવાનનાં દર્શન ઋષિના અનુગ્રહથી થયાં' એમ કહે છે. મહારાજના સેવક કોઈવાર પોતાના નોકરને મહારાજના સ્થાને લઈ જાય છે, (પણ) એટલાથી તે મહારાજની સેવા કરવા યોગ્ય થતો નથી. તેથી દર્શન બીજી રીતે થઈ શકે તેમ નહિ હોવાથી, સેવા કરવાની યોગ્યતા છે એવું નથી; કારણ કે (આપ) ભગવાનનું દર્શન ઋષિના અનુગ્રહથી (થયું છે). ગુરુ અને દેવતા એક જ છે, એમ (દર્શાવવા) 'ઋષેર્ભગવતઃ' એમ ઋષિ અને ભગવાનને એક સાથે જણાવેલા છે. ૩૭.

એ પ્રમાણે જવાની પરવાનગી માગી, ત્યાં ગયા પછી ભક્તિ પ્રાપ્ત થાય એવી પ્રાર્થના નીચેના શ્લોકમાં કરે છેઃ

**વાણી ગુણાનુકથને શ્રવણૌ કથાયાં હસ્તૌ ચ કર્મસુ મનસ્તવ પાદયોર્નઃ ।।**
**સ્મૃત્યાં શિરસ્તવ નિવાસજગત્ પ્રણામે દૃષ્ટિઃ સતાં દર્શનેસ્તુ ભવત્તનૂનામ્ ।।૩૮।।**

(અમારી) વાણી (આપના) ગુણોનું કીર્તન કરવામાં, કાનો કથા(નું શ્રવણ કરવા)માં અને હાથો (સેવાના) કાર્યોમાં, અમારું મન આપના બે ચરણોના સ્મરણમાં, હે નિવાસજગત્ ! (અમારું) શિર આપને પ્રણામ કરવામાં અને દૃષ્ટિ આપના શરીરરૂપ સંતોના દર્શનમાં (સદા) રહો. ૩૮.

પુરુષમાં છ અંગો મુખ્ય છેઃ

**વાક્ શ્રોત્રે ચ કરૌ ચિત્તં શિરશ્ચક્ષુસ્તથૈવ ચ ।।**
**ષડેતે ભગવત્કાર્યે યદિ સક્તાઃ કૃતાર્થતા ।।કા.૨૩।।.।।**
**કીર્તને શ્રવણે ચૈવ ગુણાનાં રૂપદાસ્યકે ।।**
**સ્વરૂપસ્મરણે નત્યામવતીર્ણસ્ય દર્શને ।।કા.૨૪।।.।।**

૧.વાણી, ૨.કાનો અને ૩.હાથો, ૪.ચિત્ત, ૫.શિર તેમજ ૬.નયન. જો આ છ ભગવાનનાં કાર્ય ૧.ભગવાનના ગુણોનું કીર્તન તથા ૨.શ્રવણ, ૩.સ્વરૂપનું દાસ્ય, ૪.સ્વરૂપનું સ્મરણ, ૫.નમન અને ૬.અવતરેલા[1] ભગવાનનાં દર્શનમાં આસક્ત થાય તો કૃતાર્થતા થાય છે. કા.૨૪।।.

અમારી વાણી ભગવાનના ગુણોનાં એટલે ઉત્તમપણું કરાવનાર ધર્મોનાં કીર્તનમાં હો, એટલે તે જ કાર્યમાં તે રોકાએલી રહો. જેમ વરને આપેલી કન્યા બીજાની પાસે જતી નથી, તેમજ બીજો (કોઈ) તેની માગણી કરતો નથી, તેમજ

૧. 'અવતરેલા' એટલે 'ભક્તોમાં આવેશ કરી રહેલા' એવો અર્થ છે. 'આપના શરીરરૂપ સંતોના દર્શનમાં દૃષ્ટિ રહો' એમ શ્લોકમાં કહેલ હોવાથી, 'અવતરેલા' શબ્દથી સંતો પણ અવતાર તુલ્ય છે એવો બોધ કરેલો છે. (કા)

પતિના ભયથી તે પણ કોઈપણ રીતે બીજાના સંબંધમાં આવતી નથી, તેવી અમારી વાણી થાઓ. એવી જ રીતે (અમારા) કાનો કથા(નું શ્રવણ કરવા)માં (રોકાએલા રહો), અને હાથો પણ ભગવાનના સર્વ એટલે આઠે યામના કાર્યોમાં (રોકાએલા રહો), 'ચ' 'અને' શબ્દથી (એમ સૂચવ્યું છે કે અમારા) પગો પણ મંદિરે જવું વિગેરે(કાર્યો)માં (રોકાએલા રહો). પગો વિના હાથથી સેવા થઈ શકે નહિ, તેથી તે બંને (હાથ અને પગ) એક પ્રકારના છે. અમારું મન આપના બે ચરણોના સ્મરણમાં (રોકાએલું હો). 'સ્મરણમાં' બધાએ ભક્તોને એકત્ર કરી ('અમારું'[2] એમ બહુવચન) કહેલું છે. બીજા કોઈ રૂપના (ચરણમાં મન) ન રહે તે માટે 'પાદયોઃ' 'બે ચરણમાં' એમ દ્વિવચન યોજેલું છે. (અમારું) શિર તો પ્રણામ કરવામાં (રોકાએલું રહો). ચાર પ્રકારની ભક્તિથી[3] ભગવાન્ સર્વ સ્થલે રહેલા છે અને સર્વની અંદર રહેલા છે એમ સ્ફુરશે. તેથી 'હે નિવાસજગત્' એવું સંબોધન કરે છે. 'નિવાસ (રહેઠાણ) થએલું છે જગત્ જેનું' (તે નિવાસજગત્). (અમારી) દૃષ્ટિ તો સંતોના દર્શનમાં (રોકાએલી) રહો. ઉદ્ધતાઈ થાય[4] તેથી ભગવાનનાં દર્શનની પ્રાર્થના કરી નથી.

'તેઓ(સંતો)ના દર્શનથી શું વળે ?' એવી શંકા થાય, તેથી 'આપના શરીરરૂપ' શબ્દ યોજેલ છે. તેઓ ભગવાનના શરીરરૂપ છે. જેમ લોઢાના ગોળામાં અગ્નિ રહે છે, અથવા જેમ ગંગામાં જલ[5] રહે છે તેમ તેઓમાં ભગવાન્ રહે છે, તેથી તેઓ તેવા છે. ૩૮.

એ પ્રમાણે જવાની (પરવાનગીની) તથા ભક્તિની તેઓએ પ્રાર્થના કરી, ત્યારે (તેઓને) સંપૂર્ણપણે ભક્તિ પ્રાપ્ત થાય તો (તેઓનો) તરત જ લય થાય, તેથી (ભગવાને) તેઓને કાંઈક મોહ ઉત્પન્ન કરીને કાંઈક આપ્યું, એમ કહે છે.

શ્રીશુક કહે છેઃ

**ઈત્થં સંકીર્તિતસ્તાભ્યાં ભગવાન્ ગોકુલેશ્વરઃ ।।**

---

૨. 'નઃ' એટલે 'અમારું' આ બહુવચન છે તેથી બેને માટે યોજાય નહિ, તેથી તેનું તાત્પર્ય અહિં કહેલું છે. 'અમારું' એટલે '(અમો સહિત) બધા ભક્તોનું', કારણ કે સર્વ ભક્તોને ભગવાનનાં ચરણારવિંદનું સ્મરણ કરવું જરુરી છે એ સર્વ જાણે છે જ. (પ્ર)

૩. 'ચાર પ્રકારની ભક્તિ' એટલે શ્રવણ, કીર્તન, સ્મરણ અને ચરણારવિંદનું સેવન. (આની પહેલાં એટલે આ શ્લોકના પૂર્વાર્ધમાં કહેલી ચાર પ્રકારની ભક્તિ). (પ્ર)

૪. ભગવાનનાં દર્શનની પ્રાર્થના કરે તો ઉદ્ધતાઈ થાય, એ ધ્યાનમાં રાખીને (તેમ કરેલ નથી) એવો અર્થ છે. (પ્ર)

૫. 'જેમ ગંગામાં જલ રહે છે' એટલે 'જેમ પ્રવાહરૂપ ગંગામાં ભગવાનના ચરણના સંબંધવાળું (જેનાથી ચરણારવિંદનું પ્રક્ષાલન થએલ છે તેવું) જલ રહે છે.' (પ્ર)

**દામ્ના ચોલૂખલે બદ્ધઃ પ્રહસન્નાહ ગુહ્યકૌ ।।૩૯।।**

એવી રીતે તે બેએ સારી રીતે સ્તુતિ કરેલા અને દામણાંથી ખાંડણીઆ સાથે બાંધેલા ભગવાન્ ગોકુલેશ્વરે હસતાં ગુહ્યકોને (નીચે પ્રમાણે) કહ્યું. ૩૯.

એવા પ્રકારથી સારી રીતે સ્તુતિ કરેલા એટલે સંતોષ થાય ત્યાં સુધી સ્તુતિ કરેલા (ગોકુલેશ્વરે) હસતાં ગુહ્યકોને (નીચે પ્રમાણે) કહ્યું. 'ભગવાન્' શબ્દથી એમ જણાવે છે કે (તે શ્રીકૃષ્ણ) સર્વ કરવા અને (સર્વ) દાન આપવા શક્તિવાળા છે. 'ગોકુલેશ્વર' શબ્દથી એમ જણાવે છે કે તેઓની તરત મુક્તિ થાય તો ગોકુલમાં પોતે ક્રીડા કરે છે તેમાં બીજાનો[1] પ્રવેશ થાય. ગોકુલવાસીઓ જ હમણાં (તે સમયે) ત્યાં ક્રીડામાં રહે તે યોગ્ય છે, પરંતુ બીજાઓ ત્યાં આવે તે યોગ્ય નથી. તેથી ગોકુલની ક્રીડાની[2] સમાપ્તિ થાય ત્યાં સુધી (તેઓને) મોહ કરવો એ યોગ્ય જ છે. વળી (ભગવાન્) દામણાંથી ખાંડણીઆ સાથે બાંધેલા હતા[3]. જે ગોકુલના (ગોકુલની ક્રીડાના) રસનો ભોગ કરવા ત્યાં (ભક્તોને) અધીન થઈને રહેલ, અથવા તેઓને અધિક રસ પ્રાપ્ત થાય તે માટે તેઓને અધીન થઈને રહેલ, (તે બીજાનો તેમાં પ્રવેશ કેમ થવા દે ?)

'ગોકુલમાં રહેલા બે દેવો(ગુહ્યકો)ની કાંઈપણ પૂજા થઈ નહિ' એવી શંકા પણ કરવી નહિ, કારણ કે ત્યાં ગોકુલેશ્વર દામણાંથી બંધાયા. વાસ્તવિક રીતે તો તે ઈશ્વર જ છે. લોકની દૃષ્ટિથી પણ નંદના આ એક જ પુત્ર હોવાથી આ ઈશ્વર જ છે. તે પણ જ્યારે દામણાંથી બંધાયા ત્યારે ગોકુલમાં કોનું સન્માન થાય? દેવો

૧. 'બીજાનો' એટલે ભગવાને જે લીલા કરવા ઈચ્છેલી છે તે સિવાયની બીજી લીલાનો. (પ્ર) ગોકુલવાસીઓ સિવાય બીજા આ ગુહ્યકોનો, એવો અર્થ યોગ્ય જણાય છે.

૨. 'ક્રીડાની સમાપ્તિ' એટલે 'લોકમાં ક્રીડા દેખાડવાનાં કાર્યની સમાપ્તિ'. (પ્ર) 'ક્રીડાની સમાપ્તિ' એવો જ અર્થ લેવામાં અયોગ્યતા જણાતી નથી.

૩. 'આ ક્રીડા તો નિત્ય છે તેથી જ્યારે તેઓનો પ્રવેશ થશે ત્યારે આ દોષ તો રહેશે જ. તેથી તેઓને મોહ ઉત્પન્ન કરવો વ્યર્થ છે' એવી શંકા થાય, તેથી તેમ કરવાના કારણરૂપ બીજા વિશેષણ(ખાંડણીઆ સાથે બાંધેલા)નો અર્થ કહે છે. ભગવાન્ ગોકુલવાસીઓને અધીન હોવાથી તેઓ જો ગુહ્યકોનો અંગીકાર કરે તો જ તેમને માટે કાંઈક થઈ શકે, એટલે ભગવાન્ પોતે તેમ કરી શકતા નથી. તેથી એ વિષયમાં માત્ર હાસ્ય જ કરે છે, એવો ભાવ છે. આથી એમ સૂચવેલું છે કે પુરુષોત્તમ સાથે સાયુજ્ય પણ ભક્તની કૃપાથી જ થાય છે.

અથવા આ ભાગના ગ્રંથનો જે સામાન્ય અર્થ થાય છે તે જ લેવો; કારણ કે ગોકુલ સ્વતઃ તામસ હોવા છતાં ૨।૭।૩૧માં જણાવ્યા પ્રમાણે ભગવાનની કૃપાથી જ તે ઉત્તમ છે. તેથી જ આ વિષયમાં 'અંગીકાર કરેલા ભક્તોએ કરેલા અપરાધોના સમૂહની ક્ષમા કરવાનો આ(ભગવાન)નો વિનોદ છે, અને (તેમણે કરેલ) અંગીકાર નિત્ય છે. ત્યારે આમની સમાન બીજો કોણ થાય (થઈ શકે ?)' એ શ્રીમત્પ્રભુચરણના વચનનું અનુસંધાન રાખવું. (પ્ર)

અહિં વૃક્ષ થયા એ પણ યોગ્ય જ[4] છે. એ પ્રમાણે ગોકુલવાસીઓના વૃત્તાંતનું સ્મરણ કરી ભગવાને હસતાં જે નીચે કહેવામાં આવશે તે ગુહ્યકોને કહ્યું. ૩૯.

તમે બેએ જેની પ્રાર્થના કરી, તે કાંઈપણ (કરવાનું) બાકી રહેતું નથી, કારણ કે મારા અધિકારીએ (નારદે) જ તે તમને પ્રાપ્ત કરાવેલ છે. (૧) મુક્તિ અને (૨) મારામાં (ભગવાનમાં) પ્રેમ, એ બે પુરુષાર્થ છે. કારણ કે નિરોધનાં આ બંને રૂપ છે, પ્રપંચનું વિસ્મરણ (ભૂલી જવું તે) મુક્તિ છે. અને તે પહેલાં જ (તમને) પ્રાપ્ત થઈ છે એમ નીચેના શ્લોકમાં (ભગવાન્ ગુહ્યકોને) કહે છે.

શ્રીભગવાન્ કહે છેઃ

**જ્ઞાતં મમ પુરૈવૈતદૃષિણા કરુણાત્મના ।।**
**યચ્છ્રીમદાન્ધયોર્વાગ્ભિર્વિભ્રંશોનુગ્રહઃ કૃતઃ ।।૪૦।।**

પહેલાં જ મેં આ જાણેલું છે કે લક્ષ્મીના મદથી અંધ થએલા (તમારા) બેનો કરુણાવાળા ઋષિએ વાણીથી પાતરૂપ અનુગ્રહ કરેલો છે. ૪૦.

આ મેં પહેલાં જ જાણેલું હતું, કે લક્ષ્મીના મદથી અંધ થએલા (તમારા) બેનો કરુણાવાળા ઋષિએ પાત કર્યો. સેવકો કોઈવાર પોતાની ઈચ્છાથી પણ (કાર્ય) કરે છે, તેથી (આ કાર્ય ઋષિએ) તેવી રીતે કરેલું ન હતું એમ જણાવવા, (ભગવાન્) પોતે જાણેલું હતું એમ કહે છે. ભગવાને એ માત્ર જાણેલું જ ન હતું પરંતુ ઈચ્છેલું પણ હતું, એમ ઋષિની પ્રશંસા (કરેલી) છે. તેથી એવો અર્થ જણાવેલો છે કે 'મેં આટલું કરેલું છે' તેથી કાંઈ પણ પ્રાર્થના કરવાનું (તમારે) બાકી રહેતું નથી, એવો ભાવ છે.

શાપ અપકાર કરવાથી થાય છે. તે[1] શાપ દેનારમાં (શાપ સાથે) રહેલો હોય છે[1]. જે કરુણાવાળો હોય છે તે બીજાનું દુઃખ જોઈને પણ દુઃખી થાય છે[1],

---

૪. કારણ કે ગોકુલ ભગવાનની કૃપાથી સર્વથી અધિક છે. (પ્ર)

૧-૧-૧. 'તે' એટલે 'અપકાર'. 'અપકાર શાપ દેવાનું કારણ છે, છતાં અમારે કાંઈ માગવાનું રહેતું નથી એમ કેમ કહો છો ?' એવી શંકા થાય, તેથી કહે છે કે 'જે કરુણાવાળો હોય છે તે બીજાનું દુઃખ જોઈને પણ દુઃખી થાય છે. તેથી આ નારદે શાપ આપ્યો તે તમે એનો અપકાર કર્યો તેથી આપેલો નથી, પરંતુ કરુણાથી આપેલો છે. તેથી તમારે કાંઈ પ્રાર્થના કરવાનું બાકી રહેતું નથી, એવો અર્થ છે. 'જેથી દેવર્ષિને ક્રોધ થયો' એમ રાજાએ પાછળ પહેલા શ્લોકમાં જે પ્રશ્ન કરેલ તેનો ઉત્તર આથી અપાઈ જાય છે એમ જાણવું. (પ્ર)

દુઃખરૂપ શાપ આપનારનો અપકાર શાપના સમાન અધિકરણવાળો હોય છે. (લે)

જો શાપથી અપકાર થાય તો તે શાપ ગણાય. અહિં તો (ઋષિએ) અપકાર નહિ, પણ ઉપકાર કરેલો છે તેથી તે શાપ નથી એવો ભાવ છે. તે (અપકાર) શાપ આપનારે કરેલો હોય છે. શાપ આપનારે કરેલ શાપના સમાન અધિકરણવાળો હોય છે, એટલે જેને શાપ થાય છે તેને જ અપકાર થાય છે એવો અર્થ છે. અહિં તો શાપ જેઓને આપેલ છે તે યમલાર્જુનને

એમ 'કરુણાવાળા' શબ્દથી કહેલું છે. કરુણાવાળો આત્મા એટલે અંતઃકરણ છે જેનું (તે 'કરુણાત્મા' કરુણાવાળો). જે વૃત્તાંત ભવિષ્યમાં થવાનો છે તે અવશ્ય થશે એવું જ્ઞાન (નારદને) હોવાથી, તેમને 'ઋષિ' કહેલા છે. 'લક્ષ્મીના મદથી અંધ થએલા' શબ્દથી તમે બે બહુ દુઃખી (થવાના હતા એમ) કહેલું છે. અંધતમમાંથી ઉદ્ધાર અવશ્ય કરવો જોઈએ. 'વાણીથી' શબ્દથી એમ કહેલું છે કે, નારદે તમને જણાવવા માત્ર વચન જ કહેલ, પરંતુ તે કાર્ય તો મેં જ(ભગવાને જ) કરેલું (હતું). તેથી જ વાણીથી જે (તમારો) જ્ઞાનરૂપ[2] પાત કર્યો તે અનુગ્રહ જ હતો. ૪૦.

'જો એમ (ભવિષ્યમાં) અવશ્ય થવાનું જ હોય તો નારદે એ કેમ કહ્યું ? એ કહેવા કરતાં મૌન રહેવું જ યોગ્ય હતું' એવી શંકા થાય, તેથી કહે છેઃ

**સાધૂનાં સમચિત્તાનાં સુતરાં મત્કૃતાત્મનામ્ ।।**
**દર્શનાન્નો ભવેદ્ બન્ધઃ પુંસોઽક્ષ્ણોઃ સવિતુર્યથા ।।૪૧।।**

જેમ સૂર્યના (દર્શનથી) આંખોનો બંધ રહેતો નથી, તેમ સમચિત્તવાળા સાધુઓ અને સંપૂર્ણ રીતે મારા માટે જેઓનો આત્મા છે તેવાઓના દર્શનથી પુરુષનો બંધ રહેતો નથી. ૪૧.

જે સાધુઓ છે તેઓનાં દર્શન થતાં ફરી બંધ થતો નથી; કારણ કે જેમ લોઢાનો ગોળો અગ્નિથી વ્યાપેલો હોય છે તેમ તેઓ જ્ઞાનથી વ્યાપેલા (જ્ઞાનવાળા) હોય છે. જેમ એવા ગોળાનો સંબંધ થતાં અગ્નિથી (દઝાય તેના કરતાં) પણ વધારે દઝાય છે, તેમ બ્રહ્મજ્ઞાન કરતાં પણ સંતોનાં દર્શનથી બંધન (વધારે સારી રીતે) છૂટી જાય છે. સાધુઓ સદાચારવાળા છે, અને જ્ઞાનીઓ સમચિત્તવાળા છે. તેથી (સમચિત્તવાળા સાધુઓમાં જ્ઞાન અને કર્મ સારાં હોવાથી 'આ મુક્ત છે અને આ મુક્ત નથી' એવા ભેદનું જ્ઞાન તેઓના સમદર્શીપણાને બાધ કરતું નથી[1]. તેઓ પણ તેમ કરતા (મુક્તિ પ્રાપ્ત કરાવતા) નથી[2], પરંતુ તેઓનું દર્શન જ મુક્તિ પ્રાપ્ત

તેથી અપકાર થએલ નથી, પરંતુ ભગવત્સંબંધરૂપ ઉપકાર થએલ છે. તેથી તે શાપ નથી પણ અનુગ્રહ જ છે એવો ભાવાર્થ છે. (યો) પ્રકાશ અને યોજના 'અપકાર' જૂદો જૂદો ગણે છે. ~~પ્રકાશ પ્રમાણે ઋષિનો અપકાર ગુહ્યકોએ કર્યો તેથી તેમણે તેઓને શાપ આપ્યો. યોજના~~ પ્રમાણે અપકાર શાપનું કાર્ય અથવા પરિણામ છે. પ્રકાશ પ્રમાણે અપકાર શાપનું કારણ થાય છે. ભાષાંતર પ્રકાશના ભાવાર્થ પ્રમાણે કરેલ છે. લેખ પ્રકાશ પ્રમાણે અર્થ કરે છે.

૨. 'જ્ઞાનરૂપ'='જ્ઞાન જણાવનારો (આપનારો)'. (લે)

૧. 'જે સમચિત્તવાળા છે તેઓને 'આ મુક્ત છે, આ મુક્ત નથી' એવા ભેદનું જ્ઞાન થાય ?' એવી શંકા થાય, તેથી આ કહેલ છે. આવું જ્ઞાન સમદર્શીપણાને બાધ કરતું નથી (આડે આવતું નથી). પરંતુ તેથી વસ્તુનું યથાર્થ ગ્રહણ થતું હોવાથી તે સમદર્શીપણું પ્રાપ્ત કરાવનારું થાય છે. (પ્ર)

૨. 'ફલથી વિષમપણું પ્રાપ્ત થતું ન હોય તો પણ તેમના (જ્ઞાનના) સ્વરૂપમાંથી તો વિષમપણું

કરાવનારું છે. વળી 'સંપૂર્ણ રીતે મારા માટે જેઓનો આત્મા છે તેવાઓનાં' (દર્શનથી બંધન તૂટી જાય છે). મારામાં રાખેલો છે આત્મા જેઓએ તેવા, એટલે જેમણે આત્માનું સમર્પણ કરેલું છે તેવા (તેઓ છે). અથવા મારા માટે છે આત્મા જેઓનો તેવા (તેઓ છે). તેઓમાં કર્મ જ્ઞાન અને ભક્તિ હોવાથી, (તેમનાં દર્શનથી) કોઈ રીતે બંધન રહેતું નથી. કર્મથી તમઃ મટે છે, જ્ઞાનથી રજઃ (મટે છે) અને ભક્તિથી સત્ત્વ (મટે છે). તેથી (બંધન) કોઈપણ અંશથી રહેતું નથી. તેથી જ[3] જેઓનાં કર્મ પૂર્ણ થયાં છે તેઓ વસ્તુ વિગેરેના ભાવને પ્રાપ્ત કરે છે, તેથી પણ (વધારે) બ્રહ્મ જાણનાર જ્ઞાનીઓ સનક વિગેરેના જેવા[4] થાય છે, અને તેથી પણ (અધિક) ભક્તો મારા ભાવને[5] પ્રાપ્ત કરે છે, એમ 'દર્શનથી બંધ રહેતો નથી' શબ્દોથી કહે છે. 'પુરુષનો' શબ્દથી મર્યાદા (જણાવેલી છે). જે (મોક્ષનો) અધિકારી હોય તેનો બંધ તો તેઓથી મટે છે, અને હું (ભગવાન્) તો અધિકાર વિનાઓના બંધને પણ મટાડનાર છું એટલો ભેદ છે.

'છતાં વગર માગેલ (મોક્ષ) તેમણે કેમ આપ્યો ?' એવી શંકા થાય, તેનો જેમ સૂર્યનાં (દર્શનથી) 'આંખોનો (બંધ રહેતો નથી)' એ દૃષ્ટાંતથી નિરાસ કરે છે. આંખોનો બંધ અંધકાર છે. સૂર્યનાં દર્શનથી તે જતો જ રહે છે, કારણ કે પદાર્થની (સૂર્યની) શક્તિ પ્રાર્થનાની અપેક્ષા (દરકાર) રાખતી નથી. તેથી મોક્ષ તો (તેને) પહેલાં જ સિદ્ધ થએલો છે. ૪૧.

'ભક્તિ પણ (તમને) સિદ્ધ થઈ છે' એમ કહેતાં, તેઓએ જેમની પ્રાર્થના કરેલી તે નીચેના શ્લોકમાં કહે છેઃ

**તદ્ ગચ્છતં મહાભાગૌ નલકૂબર સાદનમ્ ।।**
**સઞ્જાતો મયિ ભાવો વામીપ્સિતઃ પરમોભવઃ ।।૪૨।।**

તેથી હે નલકૂબર ! મહાભાગ્યવાળા તમે બે ઘેર જાઓ. (તમારો) ઈચ્છેલો છેલ્લા ભવરૂપ મારામાં ભાવ (તમો બેને) થએલો છે. ૪૨.

'મહાભાગ્યવાળા' શબ્દથી ભક્તિ(પ્રાપ્ત થવા)નું કારણ કહેલું છે. અનંત

---

જતું નથી જ' એવી શંકા થાય, તેથી આ કહે છે. તેઓ મુક્તિ પ્રાપ્ત કરાવતા નથી પણ તેઓની સંનિધિથી જ મુક્તિ પ્રાપ્ત થાય છે, તેથી તેમના સ્વરૂપમાં પણ વિષમપણું નથી, એવો અર્થ છે. (પ્ર)

૩. 'તેથી જ' એટલે 'દર્શનથી જ' (પ્ર) 'તેથી જ' એટલે 'કર્મથી તમઃ મટતું હોવાથી જ' એવો અર્થ છે. વસુ વિગેરે સૃષ્ટિ કરનારા હોવાથી, તેઓનો ભાવ રાજસ છે. એવો ભાવ છે. (લે)

૪. જ્ઞાનથી રજોગુણનો નાશ થતો હોવાથી, તેઓ સાત્ત્વિક થાય છે એવો અર્થ છે. 'સત્ત્વમાંથી જ્ઞાન થાય છે' એ વાક્ય પ્રમાણે સનક વિગેરે (જ્ઞાનીઓ) સાત્ત્વિક છે. (લે)

૫. ભક્તિથી સત્ત્વનો પણ નાશ થતાં, નિર્ગુણભાવ પ્રાપ્ત કરે છે એવો અર્થ છે. (લે)

કરોડો જન્મોમાં જે પુણ્ય અને પાપ તમે એકઠાં કરેલ છે તેમાંનું બધુંય પાપ, એકસો દિવ્ય વર્ષો સુધી તમે મારી (મારા પધારવાની) રાહ જોવાનું ચિંતન કર્યા કર્યું તેથી નાશ પામ્યું છે, પણ પુણ્ય બાકી રહેલું છે એમ 'મહાભાગ્યવાળા' શબ્દથી કહેલું છે. બંનેનો એક ભાવ થએલો છે એમ જણાવવા 'હે નલકૂબર !' એમ એકનું જ સંબોધન કરેલું છે. ત્યાર પછી બધી રીતે (તેઓ બંને) સમાન (રહેવાના) હોવાથી, (તેઓ) એક બાકી (રહેલ છે)[1]. આગળ 'વામ્' 'તમો બેને' શબ્દ યોજેલ હોવાથી એકના ઉપર જ પ્રસાદ (કૃપા) કરેલો નથી. 'સાદન' એટલે ઘર. જ્યાંથી તમારો પાત થયો હતો ત્યાં જાઓ. આથી ('સાદન' શબ્દનો પ્રયોગ કરવાથી) એમ સૂચવેલું છે, કે ત્યાં હવે તમારી આસક્તિ નહિ થાય(રહે). મારામાં તો મારા સંબંધી ભાવ, જે પ્રેમરૂપ છે તે (તમોને) થયો છે જ. તેથી જ (તે ભાવથી જ) શ્રવણ વિગેરે (જેની તમે શ્લોક ૩૮માં પ્રાર્થના કરી તે) એની મેળે જ (પ્રાપ્ત) થશે.

'(આ ભાવ) અમે માગેલ નહિ હોવાથી અમને ઈષ્ટ નથી' એવી શંકા થાય, તેથી 'ઈચ્છેલો' શબ્દ યોજેલ છે. ઈચ્છેલો હોવાનું કારણ 'છેલ્લા ભવરૂપ' શબ્દથી કહેલું છે. (એ) ભાવ જ છેલ્લા જન્મરૂપ છે. તેનાથી (તે ભાવને લીધે) જ બીજો જન્મ થશે નહિ, તેથી તેને 'છેલ્લો' કહેલો છે. તેથી જન્મોથી જેઓ દુઃખી થએલા છે તેઓ બધાયને મારામાં ભાવ માગવા યોગ્ય છે. તેથી તમો બેનો પણ તે ઈચ્છેલો હોવાથી, (તમને તે) સારી રીતે થએલ છે. ૪૨.

એ પ્રમાણે (ભગવાને જેમને) કહેલ (છે તેવા) તેઓ તે સમયે યોગ્ય (હતું તે) કરીને ગયા, એમ નીચેના શ્લોકમાં કહે છે :

શ્રીશુક કહે છે :

**ઈત્યુક્તૌ તં પરિક્રમ્ય પ્રણમ્ય ચ પુનઃ પુનઃ ।।**
**બદ્ધોલૂખલમામન્ત્ર્ય જગ્મતુર્દિશમુત્તરામ્ ।।૪૩।।**

એમ કહેલા (તેઓ), જેમની સાથે ખાંડણીઓ બાંધેલો હતો તેમને પરિક્રમણ કરી, અને (તેમને) વારંવાર પ્રણામ કરી, (તેમની) પરવાનગી લઈ, ઉત્તર દિશા તરફ ગયા. ૪૩.

'તમ્' 'તેમને' શબ્દ (એમ જણાવવા યોજેલ છે કે) તે બાલક ન હતા. ઘણીવાર પ્રદક્ષિણા કરી, દરેક પ્રદક્ષિણા (પૂરી થાય તે) સમયે નમન કરી, 'ચ'

---

૧. 'આ (બેને બદલે) એક જ રહે એમ કેમ બને ?' એવી શંકા થાય, તેથી આ કહેલ છે. સ્થૂલ દેહ કરતાં સૂક્ષ્મ દેહ ઉત્તમ છે તે મનોરૂપ (મનરૂપ) છે અને બંનેનાં મન એકસરખાં છે. તેથી એક સ્વરૂપ બંને થએલ છે એવો અર્થ છે. (પ્ર)

'અને' શબ્દથી (એવો અર્થ જણાવેલ છે કે) પોતાની દીનતા દેખાડી, લીલાભાવ વિગેરેથી[1] પણ મોહ નહિ પામતા, જેમની સાથે ખાંડણીઓ બાંધેલો હતો[2] તેવા (ભગવાન)ની પરવાનગી લઈ એટલે (તેમને) 'અમે જઈએ છીએ' એમ કહી, ઉત્તર દિશા તરફ એટલે પોતાના સ્થાનમાં તેઓ બે ગયા. એવી રીતે[3] ગોકુલમાં વસેલાં બે વૃક્ષોનો પણ નિરોધ કહ્યો. ૪૩.

**ઈતિ શ્રીમદ્વલ્લભદીક્ષિતે રચેલી શ્રીમદ્ભાગવતની સુબોધિનીમાં**
**દશમસ્કંધના વિવરણમાં બીજા તામસપ્રકરણના પેટાના પ્રમાણપ્રકરણના**
**વૈરાગ્યનું નિરૂપણ કરનાર છઠ્ઠા અધ્યાય**
**એટલે સ્કંધના આરંભથી દશમા અધ્યાયનું વિવરણ સમાપ્ત.**

**અધ્યાય દશમો સંપૂર્ણ.**

---

૧. (ભગવાન્ માનુષભાવથી લીલા કરતા હતા તેથી) આ શબ્દથી મોહ થવાનું કારણ કહેલું છે. (પ્ર)

૨. મોહ થવાનું કારણ હોવા છતાં તેમને મોહ ન થયો તેનું કારણ આથી કહેલ છે. મોહ ન થવાનું આ કારણ છે એમ પહેલાં કહેલું છે. (પ્ર)
ખાંડણીઆ સાથે બાંધેલ ભગવાનને જ તેઓએ નમન કર્યું. ભગવાન્ દામણાંથી બંધાયા તે લીલા. ભાવ એટલે માનુષભાવ (ભગવાને ધારણ કરેલ છે). 'વિગેરે' શબ્દથી તે સમયને યોગ્ય ભગવાનનું ભયવાળાહોવાપણું, ચેષ્ટા, તથા સ્થિતિ વિગેરે કોઈપણ કારણથી તેઓને મોહ ન થયો એવો અર્થ છે. (લે)

૩. અહિં કૈમુત્તિકન્યાય જણાવ્યો છે. જે ભગવાન્ ગોકુલમાં વૃક્ષોનો પણ નિરોધ કરે છે તે માતાનો નિરોધ કેમ નહિ કરે ? (એમ સૂચવેલ છે). આથી પાછળ બાવીસમા શ્લોકમાં જણાવેલી શંકાનો નિરાસ થાય છે. આ અધ્યાયમાં જણાવેલી લીલા ગોકુલમાં કરેલી ન હતી, એવી શંકાનો પણ આથી નિરાસ થાય છે. (પ્ર)

# || અધ્યાય અગીયારમો ||

**નિરોધઃ સર્વભાવેન વર્ણનીયો હિ ગોકુલે ||**
**સ્ત્રીણાં સ ચોક્તઃ પુંસાં ચ નન્દપ્રાધાન્યભાવતઃ ||કા. ૧||**

ગોકુલમાં સર્વભાવથી[1] નિરોધનું વર્ણન કરવાનું છે. સ્ત્રીઓનો તે (નિરોધ) કહેલો છે, અને પુરુષોનો પણ નંદજીના પ્રધાનપણાના ભાવથી કહેલો[2] છે. કા. ૧.

**એકાદશે તતોઽધ્યાયે પૂર્વાવસ્થામશેષતઃ ||**
**ત્યાજયિત્વા તુ નન્દસ્ય કૃષ્ણભાવો નિરૂપ્યતે ||કા. ૨||**

તેથી અગીઆરમા અધ્યાયમાં પહેલાંની અવસ્થાનો[3] સંપૂર્ણ રીતે ત્યાગ કરાવી નંદજીના કૃષ્ણભાવનું[4] નિરૂપણ કરવામાં આવે છે[5]. કા. ૨.

**મોચનં મુગ્ધલીલા ચ સ્થાનાન્તરપરિગ્રહઃ ||**
**તત્ર લીલા વત્સબકૌ જ્ઞાનં ચેતિ નિરૂપ્યતે ||કા. ૩||**
**ષડ્ભિસ્ત્રિભિઃ ષોડશભિશ્ચતુર્ભિઃ ષડ્ભિરેવ ચ ||**
**નવભિઃ પઞ્ચભિશ્ચેતિ સપ્તાર્થાઃ સગુણો હરિઃ ||૪||**

૧.ભગવાનને ખાંડણીઆ સાથે બાંધેલ તેમને છોડાવવાનું, ૨.મુગ્ધ લીલા, ૩.બીજા સ્થાનમાં રહેવા જવું, ૪.ત્યાં (કરેલી) લીલા, ૫.વત્સાસુર(નો વધ), ૬.બકાસુર(નો વધ) અને ૭.જ્ઞાન, એ સાત અર્થોનું અનુક્રમે ૧.છ ૨.ત્રણ ૩.સોળ ૪. ચાર ૫.છ ૬.નવ અને ૭.પાંચ શ્લોકોથી[6] નિરૂપણ કરવામાં આવે છે.

---

૧. 'સર્વભાવથી નિરોધ' એટલે 'સર્વ કરણોને ભગવાનના સંબંધવાળા બનાવનારો નિરોધ'. (લે) 'સર્વભાવથી' એટલે 'સર્વ પ્રકારથી'. (પ્ર)

૨. આ સ્કંધના આરંભમાં (૧૦|૧|૧૦) રાજાએ 'ભગવાને વ્રજમાં રહીને શું કર્યું ?' એવો પ્રશ્ન કરેલ છે. તેથી વ્રજની જ લીલા કહેવાની છે. આ નિરોધસ્કંધ છે, તેમાં પ્રથમ ગોકુલનો નિરોધ કહેવાનો જ પ્રારંભ કરેલો છે અને તે ફલ સુધી કહેવો જોઈએ, તેથી પહેલાં જે કહેલ છે તેની સંગતિ દર્શાવવા અનુવાદ કરતાં, પહેલી બે કારિકાઓથી આ અધ્યાયનો અર્થ કહે છે. તેમાં સ્ત્રીઓનો નિરોધ અને પુરુષોનો પણ નંદજીના પ્રધાનપણાથી કહેલો છે. (પ્ર)

૩. 'પહેલાંની અવસ્થા' એટલે પ્રપંચમાં નિષ્ઠારૂપ અવસ્થા. (લે)

૪. 'કૃષ્ણભાવ' એટલે શ્રીકૃષ્ણમાં આસક્તિરૂપ ભાવ. (લે)

૫. પહેલાં સામાન્ય રીતે કહેલા નંદજીના નિરોધનું આ અધ્યાયમાં વિશેષ રીતે તેમની પ્રપંચમાં આસક્તિનો ત્યાગ કરાવીને નિરૂપણ કરવામાં આવે છે એવો અર્થ છે. (કા)

૬. આ અધ્યાયમાં કહેલા અર્થો, તે દરેક કેટલા શ્લોકોથી કહેલા છે તે જણાવીને કહેવામાં આવે છે.
(૧) પહેલા છ શ્લોકોથી ભગવાનને ખાંડણીઆથી છૂટા કરે છે.
(૨) સાતમાથી નવમા સુધીના ત્રણ શ્લોકોથી મુગ્ધલીલા કહેલી છે.

એટલે છ ગુણોવાળા હરિ[7] આ અધ્યાયનો અર્થ છે. કા. ૪.

**સ્વાર્થં તુ ભગવાન્ કાર્યસ્તથાત્વં જ્ઞાપ્યતે પુનઃ ।।**
**સર્વસ્વં હરિરેવેતિ તદર્થં ત્યાગ ઈર્યતે ।।કા. ૫।।**

પોતાના માટે[8] (પોતાના રસભોગ માટે) (જે નિરોધ) કરવાનો છે તે ભગવાન જ છે. (તે) તેવો ભગવદ્રૂપ છે, એમ પુનઃ જણાવવામાં આવે છે[9].

---

(૩) દશમાથી પચીસમા સુધીના સોળ શ્લોકોથી નંદજી વિગેરે ગોપો બીજા સ્થાન(વૃંદાવન)માં રહેવા ગયા તે કહેલ છે.
(૪)છવીસથી ઓગણત્રીસ સુધીના ૪ શ્લોકોથી વૃંદાવનમાં ભગવાને લીલા કરી તે કહી છે.
(૫) ત્રીસથી પાંત્રીસ સુધીના છ શ્લોકોથી વત્સાસુરનો ભગવાને વધ કર્યો તે લીલા કહેલી છે. આ લીલાના બીજાં પુસ્તકોમાં સાડાપાંચ શ્લોકો જ લખેલા છે, છતાં ચોત્રીસમા શ્લોકનો ઉત્તરાર્ધ વ્યાસજીના હૃદયનો ભાવ જાણનાર, શ્રીભાગવતરૂપી અમૃતના સમુદ્રનું મંથન કરવા સમર્થ શ્રીમદાચાર્યચરણે ઉમેરેલ છે, તેથી છ શ્લોકો થાય છે.
(૬) છત્રીસથી ચુમાળીસ સુધીના નવ શ્લોકોથી બકાસુરના વધની લીલા કહેલી છે.
(૭) પીસ્તાલીસથી ઓગણપચાસ સુધીના પાંચ શ્લોકોથી જ્ઞાનલીલા કહેલી છે.
અહિં નંદજી વિગેરેનું જ્ઞાન ત્રણ શ્લોકોથી જણાવેલું છે, છતાં બીજા બે શ્લોકોથી તેનો ઉપસંહાર કરેલો છે, તેથી તેના પાંચ શ્લોકો થાય છે. (કા)

૭. ઉપર જણાવ્યા પ્રમાણે સાત અર્થો આ અધ્યાયમાં કહેલા છે, તેથી ઐશ્વર્ય વિગેરે છ ગુણો(ધર્મો)વાળા ધર્મી (ભગવાન્) એ આ અધ્યાયનો અર્થ છે, એવું સાત અર્થો જણાવવાનું તાત્પર્ય છે. (કા)

૮. ભગવાન્ પોતાના માટે જે નિરોધ કરે છે તે લીલારૂપ નિરોધ, તે ભગવાન્ પોતે જ છે. પાછલ ૧૦।૭।૨માં જે પાંચ નિરોધ કહેલા છે તે પારકાને માટે એટલે બીજા(ભક્તો)ને માટે ભગવાન્ કરે છે, કારણ કે તેથી શ્રોતાની ભગવત્કથામાં અરુચિ વિગેરે દૂર થાય છે. (લે+કા)

'આ રૂપાધ્યાય છે. આ પહેલાંના છ ગુણાધ્યાયો હતા, તેમાં ભગવાન્ પોતાના ગુણથી નિરોધ કરતા હતા. આ રૂપાધ્યાય હોવાથી અહિં રૂપ(સ્વરૂપ)થી નિરોધ કરે છે. નિરોધ દઢ થાય તે માટે જેમ ભક્તોનો ભગવાનમાં નિરોધ કરે છે તેમજ ભગવાન્ પોતાનો નિરોધ ભક્તોમાં કરે છે એમ કહેવું જોઈએ. તેથી ભગવાન્ પણ ભક્તોને અધીન છે એમ જણાવવું જોઈએ. અહિં આરંભમાં યમલાર્જુન સંબંધી જે કથા બાકી રહે છે તે કહે છે તેમાં કાંઈ આવું જણાતું નથી, કારણ કે તેમાં તો નંદજી આવે છે અને ગોપના બાલકો સાથે સંવાદ જ થાય છે'. એવી શંકા થાય, તેથી કહે છે કે સ્વાર્થ માટે એટલે પોતાના મનથી ઈચ્છેલી સેવા કરવા માટે ભગવાનને વશ કરવા જોઈએ, એમ આ આરંભની ભગવાનને મુક્ત કરવાની લીલાથી જણાવેલ છે, અને ત્યાર પછીની મુગ્ધલીલાથી ભગવાન્ (ભક્તોને) વશ થયા છે એમ જણાવે છે. તેથી પહેલાં કહ્યું તે પ્રમાણે નિરોધ સારી રીતે દઢ થશે. વળી આ પ્રમાણે ભગવાન્ ભક્તને વશ થાય છે, એમ દેખાડવાથી બીજાઓ પણ તેવા ફલની ઈચ્છાથી સેવા કરશે તે માટે આ પ્રમાણે ભગવાન્ દર્શાવે છે એવો અર્થ છે. (પ્ર)

૯. અહિં કરવાનો લીલારૂપ નિરોધ ભગવદ્રૂપ છે, તેથી તેને સાત પ્રકારે (કારિકા ત્રીજીમાં

સર્વસ્વ હરિ જ છે, તેથી તેમને માટે ત્યાગ કહેવામાં આવે છે[૧૦]. કા. ૫.

**વૃન્દાવને સ્થિતૌ હેતુર્ભગવત્તોષતઃ પરમ્ ।।**
**નાસ્તીતિ જ્ઞાપનાયોક્તા પ્રીતિલીલોપયોગિષુ ।।કા. ૬।।**

વૃંદાવનમાં રહેવાનું કારણ ભગવાનની પ્રીતિ વિના બીજું કાંઈ નથી એમ જણાવવા, લીલામાં ઉપયોગી પદાર્થોમાં ભગવાનની પ્રીતિ[૧૧] કહેલી છે. કા. ૬.

**વત્સચારણદોષસ્ય નિવૃત્તિર્વતસમારણમ્ ।।**
**ગોપાલદોષવ્યાવૃત્ત્યૈ બકસ્યાપિ વિનાશનમ્ ।।કા. ૭।।**

(ભગવાને) વત્સને માર્યો, તે વત્સચારણદોષની નિવૃત્તિરૂપ[૧૨] છે.

---

જણાવેલ સાત અર્થથી) કહેલ છે. તેથી લીલારૂપ કાર્ય ભગવાન્ (છ ધર્મો અને ધર્મી, એટલે છ ધર્મોવાળા ધર્મી) છે, એમ આ સંખ્યાથી ફરી જણાવેલ છે એવો અર્થ છે. (લે+કા)

'ભગવાન્ ભકતોને વશ છે, એ તો દામોરદલીલાથી જ જણાવેલ છે છતાં ફરી અહિં શા માટે જણાવવું પડે ?' એવી શંકા થાય, તેથી કહે છે કે ત્યાં એમ કહેલ છે ખરું, પરંતુ ૧૦।૯।૨૦માં જણાવેલ છે કે આવી કૃપા બ્રહ્મા વિગેરે કોઈના ઉપર ભગવાને કરેલી નથી, તેથી બીજાઓને ભગવાન્ વશ ન થાય એવો સંદેહ રહે છે. તેથી આ ફરી કહેલ છે, એવો અર્થ છે. અથવા 'ભગવાન્ જેમ દામોદર થયા (દામણાંથી બંધાયા) તેમ બીજાઓને વશ થશે નહિ' એવી શંકાનો નિરાસ કરવા, અહિં તે ફરી કહેલ છે એવો અર્થ છે. (પ્ર)

૧૦. ગોકુલનો ત્યાગ કરી વૃંદાવન જવાનું પ્રયોજન અહિં કહેલ છે. (કા+પ્ર) જેમ બીજા માર્ગોમાં આત્મા સર્વસ્વ ગણાતો હોવાથી 'આત્મા માટે સર્વ તજવું' એવો બોધ છે, તેમ આ માર્ગમાં ભગવાન્ સર્વસ્વ હોવાથી તેમના માટે સ્થાન(ગોકુલ)નો ત્યાગ કરે છે એવો અર્થ છે. (લે)

૧૧. આ અધ્યાયના શ્લોક ૨૫માં કહેલી છે. (કા)

૧૨. 'વાછડાંઓને ચારવાનું કામ તો ઈશ્વર ન હોય તે કરે. તેથી ઈશ્વર તેવું કામ કરે તે યોગ્ય નથી' એવી ભગવાનમાં દોષબુદ્ધિ થાય, તે વત્સને ભગવાને માર્યો તેથી મટી જાય છે; કારણ કે જે ઈશ્વર ન હોય તે એવા(વાછડો ન હોવા છતાં વાછડામાં ભળેલા)ને જાણવા અથવા મારવા શક્તિમાન હોય નહિ. આ વિચારથી એવી ભગવાનમાં દોષબુદ્ધિ થઈ હોય તે મટી જાય છે. વળી તે (વત્સ) અસુર હોવા છતાં વાછડાંના જેવો હતો અને તેઓનાં ધણમાં ભળેલો હતો, તેથી તે વાછડાંનો સંબંધી હતો એમ જણાય છે. તેથી (તેને મારવાથી) એમ જણાવેલું છે, કે પશુઓને કાંટામાં અથવા નાના પથરોવાળા ખેતરોમાં જવાના કારણરૂપ દોષનો નાશ કરેલો છે; કારણ કે પશુઓ તેવા સ્થલે જાય તો (ગોપોને) અપરાધ લાગે. આમ હોવાથી વાછડાં અને તેઓને ચારવાનું કામ, એ બંનેના સંબંધી દોષને (ભગવાને વત્સાસુરને મારી) મટાડ્યો છે એવો અર્થ થાય છે. વત્સાસુરે ભગવદીઓમાં પ્રવેશ કરેલો તેના ફલ તરીકે તેને ભગવાનના કરકમલનો સંબંધ થયો (શ્લોક ૩૨). તેની બુદ્ધિ દુષ્ટ હતી તેના ફલ તરીકે તેના સ્વરૂપનો નાશ થયો. તેથી એમ જણાવેલું છે કે દોષરહિત બુદ્ધિથી ભક્તોનો સંગ કરવો. પણ બીજી રીતે (દોષવાળી બુદ્ધિથી) કરવો નહિ; અને ભક્તોનું અનિષ્ટ દૂર કરવામાં (ભગવાન્) લોક તથા વેદની દરકાર રાખતા નથી. (ટિ).

ગોપાલના દોષ દૂર કરવા બકનો[13] પણ (ભગવાને) નાશ કર્યો. કા. ૭.

**સ્થાનત્યાગે હરીચ્છૈવ કારણં ન તુ દુષ્ટતા ॥**
**તજ્જ્ઞાપયિતુમત્રાપિ બકવત્સૌ વિનાશિતૌ ॥કા. ૮॥**

'સ્થાનનો ત્યાગ કરવાનું કારણ હરિની ઈચ્છા જ હતી, પરંતુ (સ્થાનની) દુષ્ટતા ન હતી' એમ જણાવવા અહિં (વૃંદાવનમાં) પણ (ભગવાને) બક અને વત્સનો વિનાશ કર્યો[14]. કા. ૮.

**અતો વિમર્શો ગોપાનામાનન્દશ્ચ નિરૂપિતઃ ॥**
**તદર્થમેવ ચ હરેર્બાલભાવો ન ચાન્યથા ॥કા. ૯॥**

તેથી[15] ગોપોની મંત્રણા[16] અને આનંદનું[17] નિરૂપણ કરેલું છે. અને હરિનો બાલભાવ તે માટે જ[18] છે, બીજા કોઈ કારણથી નથી. કા. ૯.

---

વાછડાંઓને કાંટા વિગેરેવાળી ભૂમિમાં ચરાવવામાં આવે તે ચારણ સંબંધી દોષ છે. તે વત્સાસુરને મારી ભગવાને મટાડ્યો. 'કામ, ક્રોધ વિગેરે દૈત્યો હતા' એ શ્રીકૃષ્ણોપનિષદના વાકય પ્રમાણે દૈત્યો બધા દોષરૂપ છે. જૂદા જૂદા દૈત્યો કયા દોષરૂપ છે, તે તેઓનાં કાર્યથી જાણી લેવું. (કા)

૧૩. દંભ જ લોભ અને અસત્ય વડે અંતઃકરણમાં રહેલ ભગવાનને તિરોહિત કરે છે, તેથી સેવકોએ દંભ કરવો જોઈએ નહિ. તેથી દંભરૂપ બકાસુરને ભગવાને માર્યો એવો અર્થ છે. (ટિ)

વત્સને મારીને ભગવાને જે દોષ દૂર કર્યો તે માત્ર વત્સોનો જ સંબંધી હતો તેથી તેની તેવી (વત્સની) આકૃતિ હતી. તે માત્ર વત્સોના જ દોષરૂપ હતો, પણ બકની પેઠે કોઈ દૈત્ય ન હતો. તેથી તેને મારવાથી જ તે દોષ મટ્યો એવો અર્થ છે. પણ દંભ તેવી રીતે માત્ર ગોપાલોનો જ દોષ ન હતો. જો તે માત્ર ગોપાલોનો જ દોષ હોત તો તેની પણ આકૃતિ ગોપાલની હોત, પણ તે સામાન્ય દોષ હતો અને તેથી પ્રસિદ્ધિને લીધે (દંભ કરવામાં બગલો પ્રસિદ્ધ હોવાથી) તેની આકૃતિ બકની હતી. ગોપાલોએ યમુનાના જલનું પાન કર્યું એટલે તે (દંભ) તેઓમાંથી નીકળી ગયો, અને બકના જેવો હોવાથી તેણે બકમાં પ્રવેશ કર્યો. તેથી તેને મારવાથી ગોપાલોનો દોષ મટ્યો. વત્સમાં અને બકમાં ઉપર પ્રમાણે ભેદ છે. (લે) બકનું અને દંભનું કાર્ય સરખું હોવાથી, બક દંભરૂપ હતો એમ જાણવું. (કા)

૧૪. ગોકુલમાં પૂતના, શકટાસુર વિગેરેના ઉપદ્રવો થએલા છતાં તેને તજવાનું કારણ તે તે સ્થાનની દુષ્ટતા ન હતી, પરંતુ ભગવાનની ઈચ્છા જ વૃંદાવન જવાની હતી, એમ જણાવવા અહિં વૃંદાવનમાં પણ ભગવાને વત્સ અને બકનો વિનાશ કર્યો એવો અર્થ છે.(કા)

૧૫. 'તેથી' એટલે 'સ્થાન (ગોકુલ) દુષ્ટ ન હતું, અને ભગવાનની ઈચ્છાનું ગોપોને જ્ઞાન હતું તેથી'. (પ્ર) 'તેથી' એટલે 'હરિની ઈચ્છાથી'.(લે+કા)

૧૬. શ્લોક ૪૫માં જણાવેલી મંત્રણા. (કા)

૧૭. આનંદનું નિરૂપણ શ્લોક ૪૮માં કરેલું છે. (કા)

૧૮. 'તે માટે જ' એટલે આનંદ માટે જ (પ્ર). 'સર્વભાવથી નિરોધ કરવા માટે જ' (લે). 'નંદ વિગેરેનો નિરોધ કરવા માટે જ'. (કા)

**સમ્પન્ને તુ તતસ્તસ્ય પરિત્યાગોऽપિ વર્ણ્યતે ।।કા. ૯।।**

તે[૧૯] થયા પછી તો તેના[૨૦] ત્યાગનું પણ વર્ણન કરવામાં આવેલ છે.કા.૯।।

**કારિકાર્થ સમ્પૂર્ણ.**

તેમાં (તે સાત અર્થો કહેવાના છે તે પૈકી) પ્રપંચના વિસ્મરણપૂર્વક (ગોપોની) ભગવાનમાં આસક્તિ થઈ એમ કહેવા માટે, આરંભમાં (તેઓનો) ભય અને ભગવાનને (ખાંડણીઆથી) છૂટા કર્યા, એ નીચેના શ્લોકથી આરંભી છ શ્લોકોથી કહે છે :

શ્રીશુક કહે છેઃ

**ગોપા નન્દાદયઃ શ્રુત્વા દ્રુમયોઃ પતતો રવમ્ ।।**
**તત્રાજગ્મુઃ કુરુશ્રેષ્ઠ નિર્ઘાતભયશંકિતાઃ ।।૧।।**

હે કુરુશ્રેષ્ઠ ! પડતાં બે વૃક્ષોનો અવાજ સાંભળીને નંદ વિગેરે ગોપો વિજળી પડવાના ભયની શંકાથી ત્યાં આવ્યા. ૧.

આ (નિરોધનું કાર્ય) નંદ માટે છે, એમ જણાવવા 'નંદ વિગેરે' પદ યોજેલ છે. 'ગોપો' શબ્દથી (એમ જણાવેલું છે કે) તેઓમાં પોતાનું (કાંઈ) સામર્થ્ય ન હતું[૧]. 'પડતાં બે વૃક્ષોનો અવાજ સાંભળીને' શબ્દોથી ભગવાનની અદ્ભુતલીલા કહેલી છે, જ્યારે તે (ગુહ્યકો) સ્તુતિ કરીને ગયા ત્યારે હમણાં બે પડતાં વૃક્ષોનો અવાજ (ગોપોએ) સાંભળ્યો. (ભગવાન્ સિવાય) બીજા કોઈથી આ થઈ શકે નહિ. પછી (ગોપો) ત્યાં આવ્યા. (પરીક્ષિતને આ કથામાં) વિશ્વાસ રહે તે માટે 'હે કુરુશ્રેષ્ઠ' એવું સંબોધન કરેલું છે. સર્વ (ગોપો) ત્યાં આવ્યા, તેનું કારણ 'વિજળી પડવાના ભયની શંકાથી' કહેલું છે. 'નિર્ઘાતઃ' વાદળાં વિનાની વિજળીનું પડવું. તેનાથી કોઈએ ઉપદ્રવ કર્યો છે, તથા ભવિષ્યમાં દુઃખ થવાનું આ સૂચવે છે એવો ભય થયો. ૧.

ત્યાં આવ્યા પછી તેઓને જે જ્ઞાન થયું, તે નીચેના શ્લોકોમાં કહે છેઃ

**ભૂમ્યાં નિપતિતૌ તત્ર દદશુર્યમલાર્જુનૌ ।।**
**બભ્રમુસ્તદવિજ્ઞાય લક્ષ્યં પતનકારણમ્ ।।૨।।**
**ઉલૂખલં વિકર્ષન્તં દામ્ના બદ્ધં ચ બાલકમ્ ।।**
**કસ્યેદં કુત આશ્ચર્યમુત્પાત ઈતિ કાતરાઃ ।।૩।।**

---

૧૯. 'તે' એટલે નંદ વિગેરેનો નિરોધ.

૨૦. 'તેના' એટલે 'ભગવાનના બાલભાવના' ત્યાગનું વર્ણન શ્લોક ૪૯માં કરેલ છે. (કા)

૧. ગોપોને તો માત્ર ગાયોનું રક્ષણ કરવાનું કાર્ય સોંપેલું. તેથી ગામના પદાર્થોનું નિર્ણય કરવાની તેઓમાં શક્તિ ન હતી, તેથી તેઓ નંદની સાથે (પાછળ પાછળ) ગયા એવો અર્થ છે, તેઓનો (પણ) અહિં નિરોધ કરવાનો હોવાથી તેઓ નંદની સાથે ગયા. (પ્ર)

ત્યાં ભૂમિ ઉપર પડેલાં યમલાર્જુનોને (તેમણે) જોયાં. તેઓનાં (યમલાર્જુનનાં) પડવાનાં દેખીતાં કારણો, ખાંડણીઆને ખેંચતા અને દામણાંથી બાંધેલા બાલકને નહિ જાણતાં, (તેઓ) ભ્રમમાં પડ્યા, 'આ કોનું છે ? કેમ (કર્યું ?) આશ્ચર્ય (છે). ઉત્પાત (છે)' એમ જાણી ભય પામ્યા. ૨-૩.

(તેઓએ) ભૂમિ ઉપર પડેલાં યમલાર્જુનને જોયાં. જો તેઓ ત્યાંથી બીજા સ્થલે પડેલાં હોત તો કાલના અંતરનો[1] દોષ ન રહેત, તેથી તેમ થયું ન હતું એમ જણાવવા 'ત્યાં' શબ્દ યોજેલ છે. જ્યાં તેઓ રહેલાં (ઉગેલાં) હતાં ત્યાં જ પડેલાં (હતાં). તેઓ બહિર્મુખ[2] હોવાથી તેઓને ભીનાશ દેખાતી ન હતી. (જો તેઓએ) જોઈ હોય તો પણ ભીનાશ હોવા છતાં ખેંચાણની જરુર હોવાથી, તેના પડવાનું કારણ[3] નહિ જાણવાથી તેઓ ભ્રમમાં પડ્યા.

'(કારણ) દેખાતું ન હોય તો પણ અનુમાનથી તેની કલ્પના કેમ ન કરી ?' એવી શંકા થાય, તેથી 'દેખીતાં'[4] શબ્દ યોજેલ છે. દેખીતાં કારણને પણ (તેઓએ) જાણ્યું નહિ. કારણ કે તેઓ અતિનૈયાયિક (મોટા નૈયાયિક) હતા[4], (એટલે) યુક્તિથી બાધ થાય (તર્કશક્તિથી ખોટું ઠરે) તેવું કોઈ પણ પ્રમાણ માનતા ન હતા. તેથી[5] વ્યાપ્તિ[5] ન હોવાથી અનુમાનથી (વૃક્ષો) પડવાનું કારણ (તેઓને) જણાતું ન હતું. ૨.

'તેઓના પડવાનું કારણ પ્રત્યક્ષ જણાતા ભગવાન્ હતા જ, એમાં સંદેહ શું હતો ?' એવી શંકા થાય, તેથી ત્રીજો શ્લોક કહેલ છે[6]. ખાંડણીઆને ખેંચતા, તે

૧. તે વૃક્ષો બીજા કાલમાં (વહેલાં) પડેલાં હોવાનું દેખાતું હતું તે. (પ્ર)
૨. 'બહિર્મુખ' કારણ કે તેઓનું ચિત્ત ભગવાનમાં પરોવાએલ ન હતું. (પ્ર)
૩. કારણ એટલે નિમિત્તકારણ. તેઓને પાડનારો બીજો કોઈ દેખાયો નહિ. (ભગવાન્ તો પાડી શકે નહિ, એમ તેઓ માનતા હતા). (લે)
૪-૪. વૃક્ષો પડેલાં તે દેખીતું હતું. 'કોઈએ પાડેલાં હોવાં જોઈએ' એવું અનુમાન થતાં, પાડનારો કોણ એ સંબંધી અનુમાન કરવાની ઈચ્છા થાય. તેઓને આવું પણ ભાન થયું નહિ, પરંતુ વૃક્ષો પોતાની મેળે પડ્યાં એમ તેમણે માન્યું. તેનું કારણ 'તેઓ અતિનૈયાયિક હતા' થી જણાવેલું છે. આટલાં મોટાં વૃક્ષોને કોઈ પાડી શકે નહિ, તેથી તેઓ પોતાની મેળે પડ્યાં (એમ તેમણે માન્યું) એવો અર્થ છે. (લે)
૫-૫. 'તેથી' એટલે કોઈએ પાડેલાં એવું જ્ઞાન નહિ હોવાથી, કોણે પાડ્યાં તે સંબંધી અનુમાન કરવાની ઈચ્છા નહિ હોવાથી, વ્યાપ્તિવાળા કોઈ હેતુનો તેઓથી નિશ્ચય થયો નહિ. (લે) અમુક એક પદાર્થ હોય ત્યાં અમુક બીજો પદાર્થ હોવો જ જોઈએ એવો નિયમ વ્યાપ્તિ કહેવાય છે. જેમકે જ્યાં જ્યાં ધૂમાડો હોય ત્યાં ત્યાં અગ્નિ હોવો જ જોઈએ.
૬. ત્રીજા શ્લોકમાં 'ભગવાન્ વૃક્ષોને પાડનાર છે' એવું તેમને જ્ઞાન થયું નહિ એમ કહે છે; એવો અર્થ છે. (લે)

સમયે પણ ત્યાંથી પણ આગળ જતા, બે વૃક્ષોની વચમાં ભગવાન્ રહેલા હતા. ભગવાન્ બીજે ગયા ન હતા તેનું કારણ 'દામણાંથી બાંધેલા' શબ્દથી કહેલું છે. 'ચ' 'અને' શબ્દથી એમ જણાવેલું છે કે તેઓએ ખાંડણીઆ સાથે(ખાંડણીઓ ભરાએલાં) બે વૃક્ષો પડેલાં જોયાં, અથવા ખાંડણીઆ સાથે બાંધેલા બાલક[7] ભગવાનને જોયા. (ભગવાન્) બાલક હોવાથી જ પોતાની મેળે છોડાવી શકે નહિ. (વૃક્ષોનાં પડવાનાં) કારણ તરીકે ભગવાન્ પ્રત્યક્ષ દેખાતા હતા, છતાં તેમને અન્યથાસિદ્ધ[8] કારણ તેઓએ ઠરાવ્યા એમ ઉત્તરાર્ધમાં કહે છે. 'આ' ભગવાનને બાંધવાનું કર્મ કોણે કરેલ છે ? 'કર્મ' એ વચન વ્યાકુલપણું જણાવનારું છે. વળી કયા કારણથી આ બંધન કરેલું છે ? (આ) બાલકનું બંધન આશ્ચર્ય (છે). તેનાથી (બાંધેલા બાલકથી) વૃક્ષો પડે, એ સંભવતું જ નથી. તેથી આ બંને (બાંધેલ બાલક અને વૃક્ષોનું પડવું) આશ્ચર્ય છે, અથવા (વૃક્ષોનું) પડવું જ (આશ્ચર્ય) છે.

'કારણ વિના કાર્યની ઉત્પત્તિ કેમ થાય?' એવી શંકા થાય, તેથી 'ઉત્પાત' શબ્દ યોજેલ છે. આ[9] ભવિષ્યમાં થનાર દુઃખને સૂચવનારો ઉત્પાત દેવ, દૈત્ય વિગેરેએ કરેલો છે, પરંતુ ભગવાને કરેલ હોવાનું સર્વ પ્રકારે યુક્તિથી બાધિત હોવાથી, (તેમણે) કરેલ નથી. એ પ્રમાણે કાર્ય (વૃક્ષોનું પડવું) અને કારણ (ભગવાન)નો ભાવ પ્રત્યક્ષ જણાતો હોવા છતાં, અમે હોવાનું સ્વીકારી શકાતું નથી તેથી જ નૈયાયિક ભ્રાંત છે, (કારણ કે) તે તર્ક વિરુદ્ધ કાંઈ માનતો નથી, અને 'જે અલૌકિક ભાવો છે તેમાં તર્ક યોજવો નહિ' એવું વાકય છે.

'ત્યારે એવા[10] જ્ઞાનનું ફલ (તેઓને) શું મળ્યું ?' એ જાણવાની ઈચ્છા થાય, તેથી 'ઉત્પાત (છે એમ) જાણી ભય પામ્યા' શબ્દો યોજેલા છે. (વૃક્ષોનું) પડવું તો ઉત્પાતરૂપ છે અને (તેનાથી) ભવિષ્યમાં ભય (ભયાનક બનાવ) થશે એમ જાણી તેઓ ભયથી વ્યાકુલ થયા, એવો અર્થ છે. ૩.

---

૭. એવા બાલકને વૃક્ષો પાડનાર તરીકે નહિ જાણવાથી તેઓ ભ્રમમાં પડ્યા, એવો અન્વય છે. (લે)

૮. વૃક્ષો પડ્યાં એ ઉત્પાત હોવાથી કોઈ દૈત્યે તે કાર્ય કરેલ હોવાથી, ભગવાન્ કારણ તરીકે અન્યથાસિદ્ધ થાય છે. (લે) જે કાર્યનું ખરું કારણ ન હોય, પરંતુ કાર્યની સાથે ઘણા દૂરના અથવા અકસ્માતથી સંબંધવાળું હોય તે 'અન્યથાસિદ્ધ' કારણ કહેવાય છે. જેમકે ઘટ બનાવવા માટે માટી જોઈએ. તે તળાવની પાળેથી લાવવા માટે ગધેડો જોઈએ. એ ગધેડો ઘટનું કારણ નથી, પણ અન્યથાસિદ્ધ (કારણ) ગણાય. તેઓના માનવા પ્રમાણે વૃક્ષો ભગવાને પાડ્યાં નથી, પણ વૃક્ષો પડ્યાં ત્યારે ભગવાન્ અકસ્માતથી આવી ચડેલા; તેથી ભગવાન્ અન્યથાસિદ્ધ (કારણ) ગણાય.

૯. 'આ' એટલે વૃક્ષોનું પડવું. (લે)

**૧૦.** 'એવા' એટલે 'ભ્રમવાળા'. (લે)

તેથી જ બાલકોએ કહેલું વાક્ય પણ તેઓએ સ્વીકાર્યું (માન્યું) નહિ, એમ નીચેના બે (ચોથા તથા પાંચમા) શ્લોકોથી કહે છેઃ

**બાલાઃ પ્રોચુરનેનેતિ તિર્યગ્ગતમુલૂખલમ્ ।।**
**વિકર્ષતા મધ્યગેન પુરુષાવપ્યચક્ષ્મહિ ।।૪।।**

બાલકોએ કહ્યું 'વચમાં આવેલા આમણે આડા પડેલા ખાંડણીઆને ખેંચતાં (વૃક્ષો પાડ્યાં); અમે બે પુરુષોને પણ જોયા.' ૪.

જેવું જોએલ તેવું જ કહેનારા અને કલ્પના કરવા(ખોટી હકીકત જોડી કાઢવા)ની શક્તિ વિનાના બધાએ બાલકોએ (વૃક્ષો પાડવાનું) કારણ કહ્યું. 'આમણે' એમ તેઓનું વચન કહેલું છે. આમણે (શ્રીકૃષ્ણે) વૃક્ષો પાડ્યાં. 'કેવી રીતે પાડ્યાં?' એ જાણવાની ઈચ્છા થાય તેથી કહે છે કે 'આડા પડેલા ખાંડણીઆને ખેંચતાં.' ખાંડણીઓ આડો પડેલો (આવેલો) તેને સારી રીતે ખેંચતાં (વૃક્ષો પાડ્યાં). 'વચમાં આવેલા' શબ્દથી ખેંચવાનું પ્રયોજન પણ કહેલું છે. વચમાં આવેલ બીજું શું કરે ? (બહાર નીકળવા પ્રયાસ કરે). (તેમના વચનમાં) વિશ્વાસ ન બેસે તેથી 'અમે બે પુરુષોને પણ જોયા' શબ્દોથી આ જ્ઞાન ભ્રાંતિવાળું નથી એમ કહે છે. 'વૃક્ષમાંથી બે પુરુષો પણ નીકળ્યા અને તેઓને પણ અમે જોયા' એમ (કહ્યું), તેથી તેઓએ પોતે જાએલું લૌકિક અને અલૌકિક કહ્યું. ૪.

તે બંને (લૌકિક અને અલૌકિક) તેઓએ (ગોપોએ) માન્યું નહિ, એમ નીચેના શ્લોકમાં કહે છેઃ

**ન તે તદુક્તં જગૃહુર્ન ઘટેતેતિ તસ્ય તત્ ।।**
**બાલસ્યોત્પાટનં તર્વોઃ કેચિત્સંદિગ્ધચેતસઃ ।।૫।।**

તે બાલક તે બે વૃક્ષોને ઉખેડી નાખે તેવું બની શકે નહિ એમ (માની) તેઓએ તેમનું કહેવું માન્યું નહિ, (અને) કેટલાક સંશયવાળા ચિત્તવાળા થયા. ૫.

બાલકોએ કહ્યું તેને તેઓએ એટલે ગોપોએ સત્ય માન્યું નહિ. તેનું કારણ 'તેવું બની શકે નહિ' શબ્દોથી કહેલ છે. તે બાલક તે બે વૃક્ષોને ઉખેડી નાખે, એ સર્વ પ્રકારે યુક્તિથી બાધિત છે. વળી કેટલાક ટાઢા નૈયાયિકો સંશયવાળા ચિત્તવાળા થયા, કારણ કે (ભગવાને) શકટાસુર અને તૃણાવર્તને મારેલા તે (તેઓએ) જાએલ. (તેથી કદાચ આ વૃક્ષોને પણ ભગવાને પાડ્યાં હોય, અથવા તે પોતાની મેળે પડ્યાં હોય એવો સંશય તેમને થયો), પરંતુ તેઓનો પણ કોઈ પણ નિર્ણય થયો નહિ. ૫.

નંદજી પણ સંદેહવાળા હતા, છતાં તે વિચારને દૂર કરી તેમણે (ભગવાનને) છૂટા કર્યા, એમ નીચેના શ્લોકમાં કહે છેઃ

**ઉલૂખલં વિકર્ષન્તં દામ્ના બદ્ધં સ્વમાત્મજમ્ ।।**

**વિલોક્ય નન્દઃ પ્રહસદ્વદનો વિમુમોચ હ ॥૬॥**

દામણાંથી બાંધેલા પોતાના પુત્રને ખાંડણીઆને ખેંચતા જોઈને, હસતા મુખવાળા નંદે (તેમને) વિશેષતાથી છૂટા કર્યા. ૬.

તે સમયે પણ (ભગવાન્ ખાંડણીઆને) ખેંચતા હતા, એ (તેમને) તરત છૂટા કરવાનું કારણ હતું. છૂટા કરવાનું નિમિત્ત 'દામણાંથી બાંધેલા' શબ્દથી (જણાવેલું છે). (નંદજીની) પોતાની જ (તેમને છૂટા કરવામાં) આવશ્યકતા હતી, એમ 'પોતાના પુત્રને' શબ્દથી (જણાવેલ છે). (ભગવાન્) વ્યાકુલ (શ્રમિત) થએલા છે, એવું (નંદજીને) જ્ઞાન હતું એમ જણાવવા 'પોતાના' શબ્દ યોજેલો છે. તેઓનું (લીલાસ્થ ભક્ત ગોપોનું) અજ્ઞાન[1] તેઓની બુદ્ધિના દોષથી થએલ ન હતું, પરંતુ ભગવાને જ કરેલું હોવાથી, 'સ્વ' પદ યોજેલું છે. તેથી (નંદજી) ભગવદ્‌ભાવને[1] પામ્યા હતા, એવી યુક્તિ પણ (જણાવેલી છે).

ભગવાનના ધૂર્તપણાના સ્મરણને લીધે, નંદજી 'હસતા મુખવાળા' હતા. તેમને પણ જ્ઞાન ન હતું[2] એમ આ શબ્દથી કહેલ છે. 'વિશેષતાથી છૂટા કરવું' એટલે બધાં દોરડાંઓ(દામણાંઓ)ને જૂદાં કરવાં. 'હ' શબ્દ આશ્ચર્ય દર્શાવવા

---

૧-૧. મૂલશ્લોકમાં 'સ્વં' પદ યોજેલું છે. તે 'આત્મજમ્' 'પુત્ર' પદનું વિશેષણ લઈએ તો તેનો અર્થ ભગવાન્ થાય છે, અને તેને 'આત્મજમ્'નું વિશેષણ ન લઈએ (અને 'પોતાના' એવો તેનો અર્થ કરીએ) તો તેનો અર્થ 'નંદ' થાય છે. તેનો અર્થ નંદ થતો હોય ત્યારે 'ભગવલ્લક્ષણ બંધ' એટલે ભગવાનનાં લક્ષણો એટલે ચિહ્નો જેમાં છે તેવો માયારૂપ બંધ. 'જે મને જ પ્રપન્ન થાય છે તેઓ આ મારી માયાને તરે છે' એ ભગવદ્‌ગીતામાંના ભગવાનના વાક્ય પ્રમાણે આવો બંધ ભગવાનથી જ છૂટી શકે, પરંતુ (જીવ) પોતાની મેળે છૂટો કરી શકે નહિ. છતાં નંદજીએ પોતે જ આ બંધન છૂટું કર્યું એ આશ્ચર્ય છે, એવો અર્થ થાય છે. હવે 'સ્વં'નો અર્થ ભગવાન્ લઈએ ત્યારે 'ભગવલ્લક્ષણ બંધ' એટલે 'ભગવદ્રૂપ બંધ' એવો અર્થ થાય છે. તેથી ભગવાને પોતાના 'બંધનરૂપ'નો તિરોભાવ કર્યો અને તેના 'મોચનરૂપ'થી આવિર્ભાવ પામ્યા, એવો અર્થ થાય છે. 'સ્વ' પદ યોજેલું છે' વિગેરેથી પોતે પોતાને છૂટા કરવાનું કારણ પણ જણાવેલું છે. 'સ્વમપીતો ભવતિ' શ્રુતિમાં 'સ્વ' પદનો અર્થ ભગવાન્ થાય છે, અને અહિં તે જ પદ યોજેલું છે તેથી તેનો અર્થ (નંદજી ભગવદ્‌ભાવ પામેલા એવો) થાય છે. 'જે નંદ પરમાનંદ' એ શ્રીકૃષ્ણોપનિષદની શ્રુતિમાં જણાવેલ આધિદૈવિકરૂપ પ્રાપ્ત કરવાથી નંદજી ભગવદ્‌ભાવ પ્રાપ્ત કરે એ યોગ્ય છે. આ મનમાં રાખીને જ 'તેઓનું અજ્ઞાન તેઓની બુદ્ધિના દોષથી થએલ ન હતું' વિગેરે કહેલ છે. કારણ કે જો એ ભગવાનનું કાર્ય ન હોત તો લીલામાં આસક્ત ચિત્તવાળા શુક તેનું વર્ણન ન કરત. તેથી લીલાસ્થ ભક્તોમાં તેવું અજ્ઞાન અને તેનાં કાર્ય વિગેરે જોવામાં આવે તો તેઓ સાધારણ લોક જેવા છે એવી બુદ્ધિ ન રાખવી, એવો ભાવ છે. આથી તેઓની મૂલ અવિદ્યા દૂર થઈ છે એમ સૂચવેલું છે. (પ્ર)

૨. યશોદાએ કરેલા ભગવાનના અપરાધનું અને ભગવાનના સ્વરૂપનું જ્ઞાન ન હતું. (પ્ર)

યોજેલ છે. ભગવલ્લક્ષણ[3] બંધ ભગવાનથી જ છૂટો કરી શકાય, બીજાથી છૂટો કરી શકાય નહિ. તેથી સ્વબંધન તેમણે છૂટું કર્યું, તેથી આ આશ્ચર્ય જ છે. ૬.

ગોપીઓને વશ થએલા ભગવાનની લીલા નીચેના ત્રણ શ્લોકોથી કહે છેઃ

**ગોપીભિઃ સ્તોભિતોઽનૃત્યદ્ ભગવાન્ બાલકઃ ક્વચિત્ ।।**
**ઉદ્ગાયતિ ક્વચિન્મુગ્ધસ્તદ્વશો દારુયન્ત્રવત્ ।।૭।।**

ગોપીઓએ ખોટી પ્રશંસા કરેલા બાલક ભગવાન્ લાકડાની પૂતળીની પેઠે તેમને વશ થઈ કોઈવાર નૃત્ય કરતા હતા અને કોઈવાર ભોળા થઈ ગાન કરતા હતા. ૭.

**વિદ્યોપજીવિનાં સેવા યેનૈવ ચ સુખં ભવેત્ ।।**
**રાજસીં તામસીં લીલાં સાત્ત્વિકીં ચ ચકાર હ ।।૧૦ાા.।।**

જે ચરિતથી વિદ્યા ઉપર જીવનારાઓની[1] સેવા થાય અને[2] જેનાથી સુખ[3] થાય તેવી રાજસી તામસી અને સાત્ત્વિકી[4] લીલા ભગવાને કરી. કા.૧૦ાા.

તે પૈકી પ્રથમ રાજસી લીલા (આ શ્લોકમાં) કહે છે. ગોપિકાઓ દરેક (ભગવાનને) પોતપોતાને ઘેર લઈ જઈ[5], 'હે ભગવાન્! તમે નૃત્ય કરો તમને લાડવા આપીશ' એમ (ભગવાનને) કહે ત્યારે (ભગવાન્) નૃત્ય કરતા. તેમાં પણ (તેઓ ભગવાનની) ખોટી પ્રશંસા કરતી, એટલે 'કૃષ્ણને જ સારી રીતે નૃત્ય કરતાં આવડે છે, રામ(બલભદ્ર)ને આવડતું નથી' એમ કહેતી, 'સ્તોભાઃ' એટલે

---

૩. 'ભગવલ્લક્ષણ' એટલે ભગવાનનું લક્ષણ, અથવા ભગવાન્ પૂર્ણ છે એવું જ્ઞાન જેનાથી થાય તેવો બંધ. ભગવાન્ ભક્તને વશ છે એ ભગવાનના અસાધારણ ગુણને જણાવનારું ભગવાનનું બંધન, એવો અર્થ છે. 'મને જ જે પ્રપન્ન થાય છે' વાક્યમાં 'જ' શબ્દ છે, તેથી ભગવાને બીજા(જીવ)નો જે બંધ માયાથી કરેલ હોય તે પણ બીજાથી છૂટી શક્તો નથી તો પછી ભગવાનનો બંધ તો બીજાથી કેમ જ છૂટી શકે ? બીજાથી ન જ છૂટી શકે, એમ દર્શાવવા 'જ' શબ્દ યોજેલો છે. (લે)

૧. જૂદા જૂદા વિદ્યા ઉપર જીવનારાના સંબંધવાળી નૃત્ય, ગીત વિગેરે રૂપ જે સેવા તે જ લીલાને લીલા તરીકે કરતા હતા. (પ્ર) ભગવદીય નૃત્ય, ગાન વિગેરે વિદ્યા ઉપર જીવનારા છે એટલે તે નૃત્ય, ગાન વિગેરેની આશા અથવા ભાવનાથી જીવે છે. તેઓની સેવા જે ચરિતથી થાય, તેવું ચરિત ભગવાન્ કરતા. (લે+કા)

૨. 'અને' શબ્દ યોજેલ હોવાથી, 'જેનાથી સુખ થાય' એવો બીજા (આઠમા) શ્લોકનો અર્થ કહ્યો, તેવો જ અર્થ નવમા શ્લોકનો છે એમ સમજવું. (લે+કા)

૩. 'જેનાથી સુખ થાય' તેવી લીલા કરતા, એ બીજા આઠમા શ્લોકનો અર્થ છે. (કા+લે)

૪. સાતમા, આઠમા અને નવમા, એ ત્રણ શ્લોકોમાં જણાવેલી લીલા અનુક્રમે રાજસી, તામસી અને સાત્ત્વિક છે એમ જાણવું. (કા)

૫. 'પોતપોતાને ઘેર લઈ જઈ' શબ્દોથી એમ જણાવેલ છે કે તેઓને એવા સમયે જ સેવાનો અવસર મળતો. તેથી આ ચરિત્ર પહેલા (સાતમા) શ્લોકનો અર્થ છે. (લે)

'ભભભ'[૬] એવા (અર્થ વિનાના) શોભાના અક્ષરોની પેઠે ખોટી પ્રશંસા. તે પ્રમાણે ગોપીઓ હરકોઈ રીતે પ્રશંસા કરે એટલે (ભગવાન્) નૃત્ય કરે. 'અનૃત્યત્' (એ) હ્યસ્તન ભૂતકાલ, વર્તમાનકાલને બદલે યોજેલ છે. (તેથી તેનો અર્થ) 'નૃત્ય કરે' (થાય છે). તેવા[૭] પ્રસંગના નૃત્યમાં પણ (ભગવાન્) પ્રાકૃત (પુરુષ) પેઠે નૃત્ય કરતા નથી, પરંતુ જેમ તંડુ[૮] અથવા પાર્વતી નૃત્ય કરે તેમ નૃત્ય કરે, અને તેથી પણ હજારગણું વધારે (સારું) નૃત્ય કરે.

'એ (એવી રીતે નૃત્ય કરવું તે) યોગ્ય ન હતું[૯], પામર(ગોપીઓ)ના સ્થાનમાં તેવું નૃત્ય કરવાથી શું (લાભ) ?' એવી શંકા થાય, તેથી 'ભગવાન્' શબ્દ યોજેલ છે. છ ગુણોવાળું ઐશ્વર્ય[૧૦] જેમને છે તેવા (ભગવાન્) બીજા પ્રકારે નૃત્ય કરવા યોગ્ય નથી.

'તો તેઓ(ગોપીઓ)ની સમક્ષ પણ નૃત્ય કરવા તે યોગ્ય નથી જ[૧૧]' એવી શંકા થાય, તેથી 'કોઈવાર બાલક' શબ્દો યોજેલ છે; કારણ કે કોઈવાર ગોકુલમાં (ભગવાન્) પોતાના બાલભાવને[૧૨] દેખાડતા હતા. 'બાલવત્' પાઠ લઈએ તો (એવો અર્થ થાય છે કે) કોઈવાર ભગવાન્ શાસ્ત્ર પ્રમાણે નૃત્ય કરે, અને કોઈવાર (પોતાનો) મુગ્ધભાવ (ભોળપણ) જણાવવા માટે બાલકની પેઠે માત્ર (પોતાના) દેહ અને ચરણોને હલાવતા. તેમાં પણ કોઈ (ગોપી) 'કૃષ્ણ, ગાઓ' એમ કહે ત્યારે ભગવાન્ ગાન કરે. તે જેમ બધી(ગોપીઓ)ને હસવું આવે તેમ મોટા અવાજથી તથા ધીરેથી ગાન કરે; અથવા કોઈવાર શાસ્ત્ર પ્રમાણે મોટા

---

૬. 'સ્તોભાક્ષરો' એટલે 'અર્થ વિનાના અક્ષરો'. છાંદોગ્યમાં 'હાઉ' વિગેરે તેર સ્તોભ શબ્દો કહેલા છે તે લોકની દૃષ્ટિથી કહેલા છે, છતાં ત્યાં એવી દૃષ્ટિથી માત્ર ઉપાસના કરવા (જણાવેલ છે), પરંતુ તે શબ્દનો કાંઈ અર્થ નથી. (લે)

૭. વર્તમાન કાલને બદલે હ્યસ્તનભૂતનો અલૌકિક પ્રયોગ કર્યો તેથી નૃત્ય પણ અલૌકિક હતું એમ જણાવેલ છે, એવા હેતુથી આ કહે છે. (લે)

૮. તાંડવનૃત્યની પ્રવૃત્તિ કરાવનાર તંડુ હતો. (પ્ર)

૯. રાસની પેઠે અલૌકિક નૃત્યનું ફલ સ્વરૂપાનંદ છે. તેવા ફલનો જેમને અધિકાર ન હોય તેવાને ત્યાં એવું નૃત્ય કરવાથી શું ફલ ? કાંઈ નથી. તેથી તેમ કરવું યોગ્ય નથી એવો અર્થ છે. (લે)

૧૦. જ્યારે ભગવાન્ પોતાના ગુણોને આગળ કરી લીલા કરવા ઈચ્છે છે ત્યારે તે બીજા એટલે લૌકિક પ્રકારે નૃત્ય કરે તે યોગ્ય નથી. તેથી ભગવાનના ગુણોના સ્વભાવથી જ એવું અલૌકિક નૃત્ય થાય છે એવો અર્થ છે. (લે)

૧૧. ભગવાન્ પોતાના ગુણોને આગળ કરે ત્યારે તો તે વિચારીને જ કાર્ય કરે, તેથી જે અધિકારી ન હોય તેઓને ત્યાં તેવું અલૌકિક નૃત્ય ન જ કરે એવો અર્થ છે. (લે)

૧૨. બાલક વિચાર કર્યા વિના જ કાર્ય કરે છે. ભગવાને બાલભાવનો પણ સ્વીકાર કરેલ હોવાથી, વિચાર કર્યા વિના પણ કાર્ય કરે એવો અર્થ છે. (લે)

અવાજથી ગાન કરે, અને કોઈવાર બાલકની પેઠે ભોળા થઈ શાસ્ત્ર વિરુદ્ધ પણ ગાન કરે. વળી 'લાકડાની પૂતળી પેઠે તેમને વશ થઈ' શબ્દોથી એમ કહેલું છે, કે નૃત્યમાં અને ગાનમાં પણ (ગોપીઓ) 'આ પ્રમાણે ઉઠીને, અથવા આ પ્રમાણે બેસીને, અથવા આ પ્રમાણે સૂઈને ગાન કરો' એમ કહે, ત્યારે (ભગવાન્) તે પ્રમાણે જ કરે; એટલે (ભગવાન્) ગોપિકાને વશ થઈ લાકડાની પૂતળી પેઠે નૃત્ય કરતા અથવા ગાન કરતા. ૭.

બીજી લીલા નીચેના શ્લોકમાં કહે છેઃ

**બિભર્તિ ક્વચિદાજ્ઞપ્તઃ પીઠકોન્માનપાદુકમ્ ।।**
**બાહુક્ષેપં ચ કુરુતે સ્વાનાં ચ પ્રીતિમાવહન્ ।।૮।।**

આજ્ઞા કરાએલા ભગવાન્ કોઈવાર બાંકડાં, માપ અથવા પાદુકાને પકડતા, અને પોતાના ભક્તોની પ્રીતિ ઉપજાવતાં બાહુ(સાથળ ઉપર) ઠોકતા. ૮.

'કોઈવાર' પદ સર્વ સ્થલે છે, તેથી એમ જાણવાનું છે કે ભગવાન્ કોઈવાર એ પ્રમાણે કરતા અને કોઈવાર ન કરતા. તેમ ન હોય (સદા ભગવાન્ એ પ્રમાણે કરતા જ હોય) તો (ભગવાનનો) એવો સ્વભાવ થવાથી (એ લીલામાં) આશ્ચર્ય ન થાય, અને (તેવી લીલા કરવા ભગવાનને) બહુ રીતે પ્રાર્થના પણ (કોઈ ન કરે). કોઈવાર આજ્ઞા કરાએલા, એટલે 'બાંકડું લાવો, ઉન્માન એટલે ચોખા વિગેરે ભરવાનાં માપ લાવો, લાકડાંની પાદુકાઓ લાવો' એમ કહેલા (ભગવાન્) માત્ર (તે વસ્તુઓને) પકડતા, પરંતુ તેમને ઉપાડી શકતા નહિ, અને જેમ પ્રાકૃત બાલકો પોતાની અશક્તિ દેખાડે છે તેમ (તે) પોતે અશક્ત હોય તેવો દેખાવ કરતા. (વસ્તુમાત્ર પ્રતિ) એક જ પ્રકારનો ભાવ, મોટી અથવા નાની, વખાણવા યોગ્ય અથવા નિંદાએલ વસ્તુ (ભગવાનને) સરખી જ છે એમ જણાવનારો છે.

વળી ભગવાન્ બાહુ ઠોકતા. 'મારી સાથે મલ્લયુદ્ધ કરો' એમ કહેવામાં આવે, ત્યારે ભગવાન્ બાહુ (સાથળ ઉપર) ઠોકતા. મૂલશ્લોકમાં 'ચ' 'અને' શબ્દ છે, તેથી એમ કહેલું છે કે (ભગવાન્) બલ દેખાડીને[1] તેને હલાવતા હોય તેમ (તેની) ઉપર પણ પડતા.

'ભગવાન્ કેમ એમ કરતા ?' એવી શંકા થાય, તેથી 'પોતાના ભક્તોની' શબ્દ યોજેલ છે. જે કારણથી તેઓમાં પોતાપણું રાખેલું છે તે જ કારણથી તેઓની પ્રીતિ પણ ઉપજાવે છે. તેઓની સારી રીતે પ્રીતિ ઉપજાવે છે એટલે તેઓની ઇચ્છા અને તેઓએ સૂચવેલ પ્રકારનું ઉલ્લંઘન ન થાય તેવી રીતે (પ્રીતિ

૧. 'મારી સાથે મલ્લયુદ્ધ કરો' એમ કહેનાર મોટો હોય તેને પણ પોતાના બાલપણને યોગ્ય બલ દેખાડી, બે હાથથી પકડી તેને હલાવતા હોય તેમ જણાવે છે, એવો અર્થ છે. (પ્ર)

ઉપજાવે છે). અથવા ભગવાન્ માત્ર બાહુ ઠોકવાનું વિગેરે કાર્ય કરે છે એટલું જ નહિ, પરંતુ તેઓની(ભક્તોની) પ્રીતિ ઉપજાવતાં એટલે જેટલું કરવાથી તેઓની પ્રીતિ થાય તેટલું જ કરે છે પરંતુ તેથી અધિક કરતા નથી એવો અર્થ છે. ૮.

બે લીલાઓનું વિશેષ રીતે વર્ણન કરી, નીચેના શ્લોકમાં સામાન્ય રીતે બધીએ લીલાઓ સંક્ષેપથી કહે છેઃ

**દર્શયંસ્તદ્વિદાં લોક આત્મનો ભૃત્યવશ્યતામ્ ।।**
**વ્રજસ્યોવાહ વૈ હર્ષં ભગવાન્ બાલચેષ્ટિતૈઃ ।।૯।।**

લોકમાં તે (પોતાનું સ્વરૂપ) જાણનારા પોતાના ભૃત્યોને વશ છે એમ દેખાડતાં, ભગવાન્ (પોતાની) બાલચેષ્ટાઓથી વ્રજને હર્ષ પમાડતા હતા. ૯.

બાલચેષ્ટાઓથી ભગવાન્ વ્રજને હર્ષ પમાડતા હતા. વ્રજમાં[૧] જેટલા પ્રકારનાં પ્રાણીઓ હતાં તેઓને પણ જે જે પ્રકારે હર્ષ[૨] થાય તે પ્રકારે બાલચેષ્ટાઓ કરતા હતા. આ હર્ષ પણ તેઓમાં (વ્રજના પ્રાણીઓમાં) જ રહેતો હતો, અને તે (તેમનામાં રહેલો) હર્ષ પણ પુષ્ટ (હોવાથી) ભારરૂપ થતો ત્યારે તેઓ તેનો ભાર સહી ન શકતાં[૩], તેઓના હર્ષ(નો ભાર) ભગવાન્ વહન કરતા[૪].

---

૧-૧. (ભગવાન્ વ્રજવાસીઓના) પ્રભુ(નંદ)ના પુત્ર છે. તેમની સાથે પ્રભુના પુત્ર તરીકે સર્વથી વ્યવહાર થઈ શકે તેમ નહિ હોવાથી, જો ભગવાન્ પોતે તેઓના જૂદા જૂદા ભાવ પ્રમાણે તેઓની સાથે વ્યવહાર ન કરે, તો ભગવાનનું રૂપ ચેષ્ટા વિગેરેથી ભગવાનને ભેટવાનો વિગેરે વિષયનો જે ઉત્કટ ભાવ તેમનામાં ઉત્પન્ન થએલ હોય, તેને પોતાનો વિષય નહિ મળવાથી (ભેટવાનો વિગેરે પ્રસંગો પ્રાપ્ત નહિ થવાથી) એ ભાવ શું કરશે એ કોણ જાણી શકે ? તેથી ભગવાન્ એ પ્રમાણે (બાલચેષ્ટાથી તેમના ભાવ પ્રમાણે તેઓ સાથે વ્યવહાર) કરે એ જરુરી હતું. 'ભાર સહી ન શકતાં', અને 'ભગવાન્ વહન કરતા' શબ્દોથી આ જ અર્થ કહેલો છે. ભગવાન્ હરકોઈ સાથે એ પ્રમાણે (વ્યવહાર) કરે, અને તેઓ (પણ) સર્વની સમક્ષ પોતાની ઈચ્છા પ્રમાણે (ભગવાન્ સાથે વ્યવહાર) કરે, તેમાં ભગવાન્ બાલક હોવાથી જ લોકમાં નિંદા થવાનું કારણ ન હતું. 'બાલચેષ્ટાઓ' શબ્દથી આ જ અર્થ કહેલો છે. વળી જ્યાં પરંપરાથી હર્ષ ઉત્પન્ન કરવામાં જ આવી વ્યવસ્થા છે, ત્યાં જેઓને ભગવાન્ સાક્ષાત્ સ્વરૂપથી હર્ષ ઉત્પન્ન કરે છે, તેઓની રીતનું વર્ણન કેમ થઈ શકે ? એવા હેતુથી આગળ 'બાલચેષ્ટાઓથી' શબ્દનો આભાસ કહે છે. કરણ વ્યાપાર હોવાથી, બાલચેષ્ટાઓ જ અહિં કરણ છે. જ્યાં (ભગવાનનું) સ્વરૂપ જ (ભક્તોની પોતામાં) આસક્તિ કરાવનારું હોય છે, ત્યાં સ્વરૂપ જ સાક્ષાત્ ભક્તોને હર્ષ ઉત્પન્ન કરે છે. (ટિ)

૨. ભગવાનને ભેટવાનો ભાવ વિગેરે ભાવ જ હર્ષ છે. આવા ભાવમાં આસક્તિ થાય ત્યાં સુધી ભગવાન્ તેઓનું ઈચ્છેલું રૂપ કટાક્ષ વિગેરે ચેષ્ટાઓ કરે છે. (લે)

૩. ભગવાન્ સાથે વ્યવહાર કરવાની શક્તિ નહિ હોવાથી, તેવો હર્ષ પ્રાપ્ત કરવાની શક્તિ ન હોય ત્યારે, એવો અર્થ છે. (લે)

૪. 'ભગવાન્ વહન કરતા' એટલે ભગવાન્ તેઓને પ્રાપ્ત કરાવતા. ભેટીને વિગેરે પ્રકારથી

તે[5] પણ (ભગવાન્) વિષય તરીકે નહિ, પરંતુ કરણ તરીકે કરતા, એમ 'બાલચેષ્ટાઓથી' શબ્દથી કહેલ છે. (બાલચેષ્ટાઓથી એટલે) બાલકના જેવી ચેષ્ટાઓથી.

'બાલકની ચેષ્ટા સ્વરૂપથી જ ફલ આપનારી[6] હોતી નથી, પરંતુ મોહ ઉત્પન્ન કરી) સુખ આપનારી હોય છે. તેથી તેવો હર્ષ ઉત્પન્ન કરવાનું સાધન (ભગવાન્) કેમ થાય ?[7] એવી શંકા થાય, તેથી 'ભગવાન્' શબ્દ યોજેલો છે. જેટલાથી (આવી) અયોગ્યતા મટી જાય તેટલો ધર્મ 'ભગવાન્' શબ્દમાંથી લેવો[8].

'અહિં રહેલાં પ્રાકૃત પ્રાણીઓને[9] વૈકુંઠ[10] નહિ લઈ જતાં (ભગવાન્) પોતે અહિં[11] પધારી, વિપરીત ભાવથી[12] એ પ્રમાણે કરે તેનું શું પ્રયોજન ?' એવી શંકા થાય, તેથી 'તે' એટલે ભગવાનનું સ્વરૂપ, 'જાણનારા પોતાના ભૃત્યોને વશ[13] છે એમ દેખાડતાં' શબ્દો યોજેલ છે. (ભગવાન્ એ પ્રમાણે કરે છે), કારણ કે તેઓ ભૃત્યો[14] એટલે પોતાથી જ ભરણ કરવા યોગ્ય છે, એટલે (ભગવાન્ એ પ્રમાણે કરે છે) તે માત્ર દેખાડવા પૂરતું જ નથી. એમ હોય (માત્ર દેખાડવા પૂરતું જ કરતા હોય) તો કપટથી પણ (તેમ) કરાય, તેથી 'વૈ' એટલે નિશ્ચય (ભગવાન્

---

તેઓની પોતામાં આસક્તિ કરાવતા એવો અર્થ છે. (લે)

૫. 'તે' એટલે ભગવાનમાં આસક્તિ પ્રાપ્ત કરાવવી તે પણ સ્વરૂપથી નહિ, પરંતુ બાલચેષ્ટાઓરૂપ વ્યાપાર કરીને, તે પ્રાપ્ત કરવાનું સાધન પ્રાપ્ત કરાવીને, એવો અર્થ છે. 'બાલચેષ્ટાઓથી' એ વ્યાપારને લીધે ત્રીજી વિભક્તિ યોજેલી છે. (લે)

૬. 'ફલ આપનારી' એટલે 'શૃંગારરસનો અનુભવ કરાવનારી.' (લે)

૭. તે બાલચેષ્ટાઓ ફલ આપનારી નહિ હોવાથી, હર્ષ ઉત્પન્ન કરનારી નહિ હોવાથી, (હર્ષ ઉત્પન્ન કરવામાં) વ્યાપાર નહિ હોવાથી, તેવી ચેષ્ટાઓવાળું સ્વરૂપ એવા હર્ષનું કરણ કેમ સંભવે ? એવો અર્થ છે. (લે)

૮. તે ભગવાન્ હોવાથી તેમની બાલચેષ્ટાઓ પણ ફલ આપનારી છે એવો અર્થ છે. (લે)

૯. 'પ્રાકૃત પ્રાણીઓ' એટલે 'જેઓની આધ્યાત્મિક અવિદ્યા દૂર થઈ નથી તેવાં પ્રાણીઓ.' (લે)

૧૦. 'વૈકુંઠ' એટલે અંતરંગ લીલાને માટે યોગ્ય એકાંત. (લે)

૧૧. 'અહિં' એટલે 'બધાની સમક્ષ' એવો અર્થ છે. (લે)

૧૨. 'વિપરીતભાવથી' એટલે 'ઈશ્વરભાવનો ત્યાગ કરીને'. (પ્ર)

૧૩. ભગવાન્ પોતાના ભૃત્યોને (ભક્તોને) વશ છે એવું જણાવવું, એ જ પ્રયોજન જાણવું. ભગવાન્ તેમને વશ હોવાથી તેટલો સમય તેમની રાહ જોઈ બેસી રહી શકતા નથી એવો ભાવ છે. (લે)

૧૪. ભરણ કરવું એ જ પ્રયોજન છે. જો ભગવાન્ એ પ્રમાણે ન કરે તો તેઓનું સારી રીતે ભરણ થઈ શકે નહિ, તેથી (ભગવાન્ તેમ કરે છે) એવો અર્થ છે. (પ્ર)

એમ કરે છે) એમ (કહેલ છે). 'પોતાના' એ શબ્દથી ભગવાન્ (તેઓને) વશ[15] થાય તેમાં જે દોષ જણાય તે દૂર કરેલો છે. જેઓ જ્ઞાનરહિત[16] છે તેઓને તો (ભગવાન્) વ્યામોહ જ કરે છે. જેઓને જ્ઞાન[17] છે તેઓનું જ્ઞાન ભક્તિમાં ઉપયોગી થાય છે. જૂદા જૂદા (માર્ગને) અનુસરનારાઓને[18] પણ ભગવાન્ તે તે માર્ગ પ્રમાણે ગ્રહણ કરે છે, તેથી કાંઈ[19] અયોગ્ય નથી. ૯.

એ પ્રમાણે બૃહદ્વનમાં (ભગવાને કરેલી) ક્રીડા કહીને, સર્વ દેવોના અધિષ્ઠાનવાળા[1] વૃંદાવનમાં (ભગવાને) ક્રીડા (કરી તે) કહેવા માટે, ભગવાને (ત્યાં જવા) પ્રેરણા કરેલા તેઓ(ગોપો)એ (બૃહદ્વનથી) નીકળી જવા માટે જે મંત્રણા કરી તે કહે છેઃ

**ઉદ્યમો મુખ્યસમ્પત્તિર્મન્ત્રો હેતુસ્ત્રિભિસ્તતઃ ।।કા. ૧૧।।**
**નિર્ધારિતપરિત્યાગઃ સ્થાનાન્તરગુણાસ્તતઃ ।।**
**કૃષ્ણાજ્ઞયેતિ કાલસ્ય નાપેક્ષાऽતો નિવારણમ્ ।।કા. ૧૨।।**
**પઞ્ચભિર્ગમનં ચૈવ રતિસ્તત્ર હરેઃ પરા ।।કા. ૧૨ાા.।।**

જવાનો ઉદ્યમ (શ્લોક ૧૦), મુખ્યની[2] પ્રાપ્તિ (શ્લોક ૧૧), મંત્રણા (શ્લોક ૧૨), પછીના ત્રણ શ્લોકોથી જવાનું કારણ (શ્લોક ૧૩-૧૫), નક્કી કરેલો બૃહદ્વનનો ત્યાગ[3] (શ્લોક ૧૬), પછી બીજા સ્થાનના ગુણો (શ્લોક ૧૭), શ્રીકૃષ્ણની આજ્ઞાથી[4] (જવાનો નિર્ણય કરેલ હોવાથી) કાલની અપેક્ષા નહિ

---

૧૫. 'સર્વને વશ રાખનાર, સર્વને નિયમમાં રાખનાર' શ્રુતિથી ભગવાન્ બીજાને વશ થાય એ વિરુદ્ધ છે એમ જણાય, તેથી આ કહેલ છે. ભગવાન્ ભક્તોને વશ થાય તો પણ તેમની સહજ સ્વતંત્રતાની હાનિ થતી નથી, તેથી એ શ્રુતિનો વિરોધ થતો નથી એવો અર્થ છે. (પ્ર)

૧૬. 'જ્ઞાનરહિત' એટલે 'આસુરો'. (પ્ર)

૧૭. ભગવાન્ ભક્તોને વશ છે તેવું જ્ઞાન. (પ્ર)

૧૮. ચાલુ સમયના સારા અને અસત્ બધા જીવોના સંબંધમાં આ કહેલ છે. જે જીવો જે માર્ગને અનુસરશે તે જ પ્રમાણે ભગવાન્ તેઓના ઉપર અનુગ્રહ કરશે અથવા તેઓનો ત્યાગ કરશે એવો અર્થ છે. (પ્ર)

૧૯. 'કાંઈ' એટલે ભગવાનનું ભક્તિમાર્ગ પ્રમાણે, શાસ્ત્ર પ્રમાણે અથવા લૌકિક દષ્ટિથી દર્શન. (પ્ર)

૧. આધિદૈવિક ઈન્દ્ર વિગેરે દેવો (ભગવાનના) અંતરંગ સેવકો થઈ, જૂદી જૂદી (ભગવાનની) લીલાઓના સ્થાનને તૈયાર કરી, પ્રભુની રાહ જોતા વૃંદાવનમાં રહેલા હોવાથી એમ કહેલ છે. (ટિ)

૨. 'મુખ્યની' એટલે મંત્રણાના મુખ્ય અંગ મંત્રીની પ્રાપ્તિ. અહિં મંત્રી ઉપનંદ હતો. (કા)

૩. 'નિર્ધારિતશ્ચાસૌ પરિત્યાગશ્ચ નિર્ધારિતપરિત્યાગઃ' એ પ્રમાણે આ કર્મધારય સમાસ છે. (પ્ર+કા)

૪. 'શ્રીકૃષ્ણની આજ્ઞાથી' એટલે તેઓના અંતર્યામીની પ્રેરણારૂપ શ્રીકૃષ્ણની આજ્ઞાથી. (પ્ર)

હોવાથી[5] તેનું નિવારણ (શ્લોક ૧૮), પાંચ(શ્લોકો)થી (વૃંદાવન) ગમન (શ્લોક ૧૯-૨૩), અને[6] (ત્યાં વાસ) (શ્લોક ૨૪), તેમાં હરિનો પ્રેમ (શ્લોક ૨૫).

**એવં કલાભિર્ભગવાન્ પૂર્ણો વૃન્દાવને બભૌ ।।કા. ૧૩।।**

એ પ્રમાણે ભગવાન્ વૃંદાવનમાં કલાઓથી[7] પૂર્ણ થયા. કા. ૧૩.

આરંભમાં મંત્રણા માટે ઉદ્યમ (કરે છે એમ) નીચેના શ્લોકમાં કહે છેઃ

**ગોપવૃદ્ધા મહોત્પાતાનનુભૂય બૃહદ્વને ।।**
**નન્દાદયઃ સમાગમ્ય વ્રજકાર્યમમન્ત્રયન્ ।।૧૦।।**

બૃહદ્વનમાં મોટા ઉત્પાતોનો અનુભવ કરીને, નંદ વિગેરે વૃદ્ધ ગોપોએ ભેગા થઈ, વ્રજના કાર્યની મંત્રણા કરી. ૧૦.

ગોપોમાં જેઓ વૃદ્ધ એટલે આગળપાછળના અનુસંધાનવાળા હતા (તેઓએ મંત્રણા કરી). 'બૃહદ્વન'[8] એ નામ અર્થ પ્રમાણે છે. પહેલાં કોઈ સમયે પણ ત્યાં ઉત્પાતો થતા ન હતા, પરંતુ હમણાં પૂતનાનું મરણ વિગેરે મોટા ઉત્પાતો થયા. નંદ પણ લગભગ વૃદ્ધ હતા. પ્રધાન વિના વિચાર થઈ શકતો નથી, તેથી ભેગા થઈને એટલે સારી રીતે એક સ્થલે બેસીને, (તેઓએ) વ્રજસંબંધી અવશ્ય કરવાના કાર્યની મંત્રણા કરી. ૧૦.

(મંત્રણામાં) બધાય બોલે એવું સંભવતું નથી, તેથી નીચેના શ્લોકમાં પ્રધાન (મુખ્ય બોલનાર)ને જણાવે છેઃ

**તત્રોપનન્દનામાહ ગોપો જ્ઞાનવયોધિકઃ ।।**
**દેશકાલાર્થતત્ત્વજ્ઞઃ પ્રિયકૃદ્ રામકૃષ્ણયોઃ ।।૧૧।।**

તેમાં જ્ઞાન અને વયથી અધિક, દેશ કાલ અને અર્થના તત્ત્વને જાણનારા, રામ અને શ્રીકૃષ્ણનું પ્રિય કરનારા ઉપનંદ નામના ગોપે (નીચે પ્રમાણે) કહ્યું. ૧૧.

'ઉપનંદ નામનો' એટલે નંદનો સંબંધી 'ગોપ' હોવાથી તેનામાં ધર્મ પ્રધાન હતો, અને જ્ઞાન અને વયથી તે અધિક (પાકા વિચારવાળો) હતો. (તે)

---

૫. અઢારમા શ્લોકમાં 'અદ્ય' પદ છે. તે એમ જણાવે છે કે બૃહદ્વનથી વૃંદાવન જવામાં શુભમુહૂર્ત વિગેરેની જરુર નથી. એ પ્રમાણે કાલની અપેક્ષા નહિ હોવાથી તેનું નિવારણ કરેલ છે. (કા)

૬. કારિકામાં 'ચ' શબ્દ છે, તેથી 'ત્યાં વૃંદાવનમાં વાસ કર્યો' એ અર્થ સૂચવેલો છે એમ જણાય છે. (કા)

૭. સોળ (૧૦ થી ૨૫) શ્લોકોથી આ કહેલ છે. એ સંખ્યાથી એમ દર્શાવેલ છે કે ભગવાન્ વૃંદાવનમાં સોળે કળાથી પૂર્ણ થયા. એ પ્રમાણે સંખ્યાનું તાત્પર્ય જણાવેલું છે. (કા) તેથી શ્રીવૃંદાવનચંદ્ર નામવાળા ભગવાન્ સર્વથી અધિક શોભે છે, એવો ભાવાર્થ નીકળે છે. (યો)

૮. 'બૃહદ્વન' બૃહદ્ એટલે બ્રહ્મરૂપ હોવાથી, ત્યાં ઉત્પાતો થતા ન હતા એવો અર્થ છે. (લે)

દેશ, કાલ અને અર્થના તત્ત્વને એટલે કયા દેશમાં કયા સમયે કયો અર્થ કરવો જોઈએ, તેને પણ જાણનારો હતો. એવો હોવા છતાં પણ જો તે ભક્ત ન હોય તો (એ તેના) સર્વ (ગુણો) વ્યર્થ થાય, તેથી 'રામ અને શ્રીકૃષ્ણનું પ્રિય કરનારો' શબ્દ યોજેલ છે. '(તેણે) કહ્યું' એવો (વાક્યનો) સંબંધ છે. (તેના) નામથી એમ જણાવેલું છે કે નંદનો તે જ મંત્ર આપનારો (મંત્રી) હતો. (તે) 'ગોપ' હોવાથી, ગોપોમાં તેનો સમાવેશ થતો હતો, અને (તેને અને ગોપોને) ઈષ્ટ (ઈચ્છેલા પદાર્થ) અને અનિષ્ટ (તજવા યોગ્ય પદાર્થ) સમાન હતા. તેવો જ મંત્રણા કરવા યોગ્ય (હોઈ શકે). જ્ઞાન વયથી પ્રાપ્ત થાય છે, તેથી તે બંનેમાં તે અધિક હતો (એમ કહેલ છે). આ મંત્રણાનું મુખ્ય અંગ છે. લોકોને જે જાણતો ન હોય, તેને માત્ર શાસ્ત્રાર્થનું જ્ઞાન હોય તેથી તે મંત્રી થઈ શકતો નથી; તેથી દેશ વિગેરેનું તેને જ્ઞાન હતું એમ કહેલું છે. આ (વૃંદાવન) જવાનું જો સ્વાર્થ માટે હોય તો તે નિરોધથી વિરુદ્ધ થાય, તેથી (જવાનો) મુખ્ય હેતુ જણાવવા માટે[1] તેને ભગવાનમાં પ્રીતિ હતી એમ ('રામ અને શ્રીકૃષ્ણનું પ્રિય કરનારો' વિશેષણથી) કહેલ છે. (આ) સાધારણ નિરોધ[2] હોવાથી બે(રામ અને શ્રીકૃષ્ણ)નાં નામ આપેલાં છે, કારણ કે અસાધારણ નિરોધ[3] ભગવાન જ કરે છે, પણ સાધારણ નિરોધ તો (તે) બંને કરે છે. ૧૧.

નીચેના શ્લોકથી મંત્રણા કહે છેઃ

**ઉત્થાતવ્યમિતોઽસ્માભિર્ગોકુલસ્ય હિતૈષિભિઃ ।।**
**આયાન્ત્યત્ર મહોત્પાતાઃ પ્રજાનાં નાશહેતવઃ ।।૧૨।।**

ગોકુલનું હિત ઈચ્છનારાઓએ આપણે અહિંથી બીજે જવું જોઈએ, કારણ કે અહિં પ્રજાના નાશના કારણરૂપ મોટા ઉત્પાતો આવે છે (થાય છે). ૧૨.

આ સ્થાનને તજવું જોઈએ જો કે (આ સ્થાનની) આસપાસ નેસડાઓ

---

૧. 'પ્રાધાન્યપ્રતિપત્ત્યર્થમ્' એટલે 'ગોપોના નિરોધમાં બલભદ્રનું પણ પ્રાધાન્ય છે, એમ જણાવવા.' (પ્ર) આ શબ્દ પછી 'દ્વયોર્નિર્દેશઃ' શબ્દ આવે છે, તેની સાથે આ શબ્દ પ્રકાશકાર લે છે. પરંતુ જો ઉપનંદ ભક્ત ન હોય તો બીજા ગુણો તેના વ્યર્થ થાય એમ કહેલ છે, અને વિશેષણોના અનુક્રમ પ્રમાણે પણ 'પ્રિયકૃદ્ રામકૃષ્ણયોઃ' વિશેષણનો અર્થ જણાવતાં આ કહેલ છે. શાસ્ત્રીજીએ પ્રસિદ્ધ કરેલ ગ્રંથમાં પણ આ શબ્દ પછી, ',' ચિહ્ન મૂકેલ છે. તેથી ઉપર પ્રમાણે અર્થ કહેલ છે. 'પ્રાધાન્યપ્રતિપત્ત્યર્થમ્' એટલે મુખ્યપણું સિદ્ધ થાય તે માટે એવો અર્થ છે. મંત્રનો ઉપદેશ કરનાર ઉપનંદ ગોપ મુખ્ય (મંત્રી) છે, એમ સિદ્ધ થાય તે માટે. (યો)

૨. 'સાધારણ નિરોધ'='સર્વ ભક્તોનો સાધારણ નિરોધ.' (લે)

૩. 'અસાધારણ નિરોધ' એટલે 'નંદગોપના પુત્રમાં જ સર્વાત્મભાવવાળીઓને અંતરંગ લીલાથી થતો નિરોધ એવો અર્થ છે. (લે)

છે તે રહો કે ન રહો, પરંતુ આપણે તો (અહિંથી બીજે) જવું જોઈએ.

'જગત્ કર્મને અધીન હોવાથી, જે થવાનું છે તે સર્વ સ્થલે (ગમે ત્યાં જઈશું તો પણ) થશે, તેથી (બીજે) જવાથી શું (લાભ)?' એવી શંકા થાય, તેથી 'ગોકુલનું હિત ઈચ્છનારાઓએ' શબ્દો યોજેલ છે. ગોકુલનું જેઓ હિત ઈચ્છે છે, એટલે કાલને લીધે અથવા કર્મને લીધે (જે થવાનું હોય છે તે થાય છે જ) એવા વિચારો તજી દઈ લૌકિકન્યાયથી જેઓ હિત ઈચ્છે છે, તેઓએ અવશ્ય આ પ્રમાણે કરવું (અહિંથી બીજે જવું) જોઈએ, કારણ કે તેમ કરવામાં ન આવે તો જ્ઞાન ઉત્પન્ન કરાવનારાં વિગેરે જે સાધનો ભગવાને આપેલાં છે તે વ્યર્થ થાય. આ કારણથી જ્યાં વિરોધ[1] થાય ત્યાં જ તેઓનું (જ્ઞાન ઉત્પન્ન કરનારાં સાધનોથી) જૂદું પ્રમાણપણું[2] છે. જ્યાં સુધી વિરોધ ન થાય ત્યાં સુધી (જ્ઞાન ઉત્પન્ન કરનારાં) સાધનોનું જ મુખ્ય પ્રમાણપણું છે.

(અહિંથી) બીજે જવાનું કારણ ઉત્તરાર્ધમાં કહે છેઃ

**અલૌકિકોડનિષ્ટહેતુરુત્પાતઃ સર્વનાશકઃ ।।**
**મહોત્પાતો બુધૈર્જ્ઞેયો યત્ર તત્ત્યાગમર્હતિ ।।કા. ૧૪।।**

ઉત્પાત અલૌકિક અનિષ્ટના કારણરૂપ, સર્વનો નાશ કરનારો છે. ડાહ્યા પુરુષોએ મહોત્પાત તેને જાણવો કે જે થતાં તે સ્થાન તજવા યોગ્ય થાય છે. કા.૧૪.

પૂતના વિગેરે મહોત્પાત (મોટા ઉત્પાત) થયા. 'પ્રજાના નાશના કારણરૂપ' શબ્દોથી, તે સહન કરવા જોઈએ એવા મતનો નિરાસ કરે છે. જ્યાં કારણ (મહોત્પાત) હોય ત્યાં કાર્ય (પ્રજાનો નાશ) થાય જ. દેવ વિગેરેની ઉપાસના કરનાર મોટા(પુરુષો)ને અનિષ્ટ ન થાય, તો પણ તેઓએ પ્રજાનો ઉપદ્રવ પણ અટકાવવો જોઈએ. (ઉત્પાત થયા પછી તેણે કરેલ) અનિષ્ટ

૧. 'જે થવાનું હશે તે થશે જ' એવો પક્ષ, અને 'અનિષ્ટ ન થાય તેવા ઉપાય યોજવા જોઈએ એવો પક્ષ, આ બે પક્ષોમાં વિરોધ થાય ત્યાં જ અધિકારીના ભેદથી (કર્મને લીધે), અથવા કાલના ભેદથી (કાલને લીધે) આમ થયું એવા નિર્ણયનું પ્રમાણપણું થાય. (એવો નિર્ણય યોગ્ય ગણાય). તેઓમાં વિરોધ ન હોય ત્યાં તો અહિં કહેલ છે તે પ્રમાણે જ વ્યવસ્થા કરવી જોઈએ. (પ્ર)

'જ્યાં વિરોધ થાય એટલે સાધન કરવા છતાં વિરુદ્ધ ફલ પ્રાપ્ત થાય', ત્યાં જ કાલ અથવા કર્મનું જૂદું પ્રમાણપણું ગણવું જોઈએ, કારણ કે એવા પ્રસંગે, 'આ વિરુદ્ધ ફલ કાલને લીધે થયું, અથવા કર્મને લીધે થયું' એવી રાડો સાંભળવામાં આવે છે. અહિં તો સાધનો જ મુખ્ય છે, તેથી ગોકુલનું હિત ઈચ્છનારાઓએ લૌકિકન્યાયથી જ ઉપાય કરતાં બૃહદ્વનથી બીજે જવું જોઈએ. (યો)

૨. 'પ્રમાણપણું' એટલે 'આદર કરવાયોગ્યપણું' (માનવાપણું). (લે)

મટાડવાના ઉપાય કરવા કરતાં, કાદવ ધોવા કરતાં[3] એ ન્યાય પ્રમાણે (આ સ્થાનનો) ત્યાગ કરવો એ ઉત્તમ છે. ૧૨.

**નીચેના શ્લોકથી રાજસ તામસ અને સાત્ત્વિક ઉત્પાતોને જ ગણે છેઃ**

**મુક્તઃ કથઞ્ચિદ્ રાક્ષસ્યા બાલઘ્ન્યા બાલકો હ્યસૌ ।।**
**હરેરનુગ્રહાન્નૂનમનશ્ચોપરિ નાપતત્ ।।૧૩।।**

બાલકોને હણનારી રાક્ષસીઓ આ બાલકને જેમ તેમ મૂકી દીધો હતો, અને ખરેખર હરિના અનુગ્રહથી ગાડું (તેમના) ઉપર પડ્યું ન હતું. ૧૩.

ઉત્પાતોને (તેઓના) ઉપાય (નિવારણ) સહિત કરેલા છે, તેમ ન હોય (તેઓના ઉપાય ન હોય) તો તેઓનું નિવારણ જ ન થાય અથવા (તેઓ) ઉત્પાત જ[1] (ન હોય). તેથી જ[2] રાક્ષસી પૂતનાએ આ જ બાલકને મૂકી દીધેલાં. જ્યાં કાર્ય થાય ત્યાં કારણ અવશ્ય હોવું જોઈએ, તેથી (પૂતનાએ શ્રીકૃષ્ણને મૂકી દીધેલા તેનાં) જણાએલ કારણનું જ્ઞાન નહિ હોવાથી, 'જેમ તેમ' એ શબ્દથી અદૃષ્ટ (નહિ જણાએલું) કારણ કલ્પેલું છે. 'રાક્ષસી' અને 'બાલકોને હણનારી' એ શબ્દોથી (અનુક્રમે પૂતનાની) જાતિ તથા ક્રિયા(કર્મ)ના દોષો કહેલા છે. (તેણે ભગવાનને) મૂકી દીધા એમાં સંદેહ નહિ હોવાથી, 'આ' શબ્દથી (ભગવાનને) દેખાડે છે. 'હરિના અનુગ્રહ' શબ્દોથી (ઉત્પાતના નિવારણનો) અલૌકિક ઉપાય કહેલો છે. 'અને ગાડું ઉપર પડ્યું ન હતું'માં ('ચ') 'અને' શબ્દ છે તેથી ગાડાનો ભંગ થયો તેમાં પણ આ જ બે કારણો[3] (પૂર્વાર્ધમાંથી) આવે છે. પોતે (તે)

---

૩. ''ધર્માર્થં યસ્ય વિત્તેહા વરં તસ્ય નિરીહતા, પ્રક્ષાલનાદ્ધિ પંકસ્ય દૂરાદસ્પર્શનં વરમ્'' શ્લોકથી આ ન્યાય જણાવેલો છે. 'ધર્મ કરવા માટે જે ધનનો લોભ કરે છે તે લોભરહિત રહે એ જ સારું છે, કારણ કે (કાદવમાં પડી પછી) કાદવ ધોવો તેના કરતાં તેને સ્પર્શ કર્યા વિના દૂર રહેવું એ વધારે સારું છે.' અહિં રહી મહોત્પાતો સહેવા અને પછી તેથી થએલ દુઃખના ઉપાય કરવા, તે કરતાં અહિંથી જતા રહી, મહોત્પાતો ન થાય એમ કરવું એ વધારે સારું છે, એવો ભાવાર્થ છે.

૧. 'ન હોય' શબ્દો અધ્યાહાર છે (પાછળ આવેલ છે તે અહિં પણ લેવાના છે), કારણ કે જેનો ઉપાય નિવારણ થએલ હોય તેને જ 'ઉત્પાત' કહી શકાય એવો ભાવ છે. (ટિ) (કારણ કે) ઉત્પાત ઉપાય (નિવારણ) રહિત હોય (એટલે ચાલુ જ રહેતો હોય) તો પ્રલય જ થાય, પણ (માત્ર) ઉત્પાત ન રહે એવો અર્થ છે. (પ્ર)

૨. 'તેથી જ' એટલે 'તે ઉત્પાત હોવાથી તેના ઉપાય(નિવારણ) સાથે જ થએલ હોવાથી'. (લે)

૩. આ બે કારણો કયાં તે કોઈ ટીકામાં નથી. (૧) ઉત્પાત હોવાપણું અને (૨) તેના ઉપાય (નિવારણ) સાથે હોવાપણું. એ બે હોય તે જ ઉત્પાત કહેવાય, તેથી એ બે હેતુ અહિં જણાવેલ હોવા જોઈએ. પૂર્વાર્ધમાં 'બાલકને હણનારી' આવેલ એ ઉત્પાત, અને તેનો

જોએલ હોવાથી 'ખરેખર' શબ્દ યોજેલો છે. ૧૩.

તૃણાવર્તને લૌકિક સાધનો ઘણાં હતાં, એમ નીચેના શ્લોકમાં કહે છેઃ

**ચક્રવાતેન નીતોઽયં દૈત્યેન વિપદં વિયત્ ।।**
**શિલાયાં પતિતસ્તત્ર પરિત્રાતઃ સુરેશ્વરૈઃ ।।૧૪।।**

ચક્રવાત દૈત્ય આમને આકાશમાં ઘણે દૂર (ઊંચે) લઈ ગએલો. (તે) શિલા ઉપર પડ્યો. ત્યાં (આમનું) સુરોના ઈશ્વરોએ સર્વ તરફથી રક્ષણ કર્યું. ૧૪.

'ચક્રવાત' કંસના નોકર તૃણાવર્ત તરીકે પ્રસિદ્ધ હતો, તેથી (તેને) 'દૈત્ય' કહેલો છે. તે આમને આકાશમાં લઈ ગએલો; તે પણ થોડે દૂર નહિ, પરંતુ 'વિપદં' એટલે જેટલે દૂર (ઊંચે) શ્યેન વિગેરે પક્ષીઓ પરિભ્રમણ કરે છે તેટલે દૂર. 'વયઃ (વિઃ'નું બહુવચન) પક્ષીઓ, તેઓનું 'પદ' તે('વિપદ'). અથવા તે જે આકાશમાં[1] લઈ ગયો તે વિપદ[2](વિપત્તિ)ને જ લઈ ગયો. એમાં સરસ્વતી[3] એવી છે કે આ શ્રીકૃષ્ણ જ તેની વિપત્તિરૂપ છે. અથવા 'વિપદં' એટલે વ્યય(ક્ષીણતા) પ્રાપ્ત કરતો જેવી રીતે થાય તેવી રીતે; દરેક ક્ષણે ક્ષીણ થતો (આમને આકાશમાં) લઈ ગયો. એ પ્રમાણે બંને આકાશમાં ગયા તે પૈકી એક શિલા ઉપર પડ્યો અને તે જ સ્થલે બીજાનું (તેની) ઉપર જ સુરોના ઈશ્વરોએ રક્ષણ કર્યું. તેવું (રક્ષણ કરવાનું) માત્ર દેવનું કાર્ય ન હતું, રુદ્રો તો ઘાત કરનારા છે. તેઓને દબાવી દેવાનું (કાર્ય) તો સુરોના ઈશ્વરો[4] જ કરી શકે. વળી રુદ્રોનો અધિપતિ તેઓને (રક્ષણ કરનાર સુરોના ઈશ્વરોને) અનુકૂલ હતો તેથી, અને 'ઘણાઓનો અનુગ્રહ ન્યાય પ્રમાણે જ હોય છે' તેથી વળી અહિં ઘણા તેવા રક્ષણ કરનારા કહેલા છે. કોઈ પણ અંશથી (રક્ષણ કરવામાં) અડચણ આવી ન હતી, (એમ જણાવવા) 'સર્વ તરફથી રક્ષણ કર્યું' એમ કહેલું છે. ૧૪.

---

ઉપાય (નિવારણ) 'જેમ તેમ મૂકી દીધેલા' શબ્દોથી જણાવેલ છે. ઉત્તરાર્ધમાં શકટભંગને 'ઉત્પાત' ગણવાનાં આ જ બે કારણો 'ચ' શબ્દથી કહેલાં છે. 'ગાડાનું ઉથલી પડવું' ઉત્પાત છે, અને 'હરિના અનુગ્રહથી (શ્રીકૃષ્ણ) ઉપર ન પડવું' એ તેનો ઉપાય (નિવારણ) છે.

૧. 'વિયત્' અહિં ત્રીજી વિભક્તિના પ્રત્યયનો લોપ થએલો છે. ('વિયતા' એટલે આકાશમાર્ગે). (લે)

૨. અહિં પહેલી વિભક્તિના અર્થમાં બીજી વિભક્તિ યોજેલી છે, (લે) 'વિપદ્+અમ્= વિપદમ્'. વિપદ્'નો અર્થ આપેલ છે. 'અમ્'નો અર્થ નથી આપ્યો. 'અમ્' એટલે પરબ્રહ્મ (પરબ્રહ્મ વિપત્તિને જ લઈ ગયો, અથવા પરબ્રહ્મ જ તેની વિપત્તિરૂપ થયું). (પ્ર)

૩. સરસ્વતી એટલે વાણીની દેવતા. 'ભગવાનને તૃણાવર્ત વિપત્તિમાં નાખે' એવું વચન સરસ્વતી સહન કરી શકે નહિ. તેથી સરસ્વતીએ ધારેલો આ વાક્યનો અર્થ અહિં જણાવેલ છે. ભગવાન જ દૈત્યની વિપત્તિરૂપ હતા, કારણ કે તેમને આકાશમાં લઈ જવાથી જ તૃણાવર્તનો નાશ થયો.

૪. 'સુરોના ઈશ્વરો' એટલે 'ભગવાનના ભક્તો'. (પ્ર)

જેની વાત ચાલે છે તે યમલાર્જુનના ભંગનો ઉત્પાત કહે છેઃ

**યન્ન મ્રિયેત દ્રુમયોરન્તરં પ્રાપ્ય બાલકઃ ।।**
**અસાવન્યતમો વાપિ તચ્ચાપ્યચ્યુતરક્ષણમ્ ।।૧૫।।**

બે વૃક્ષોની વચ્ચે આવીને આ બાલક અથવા બીજો કોઈ બાલક પણ વિનાશ ન પામે, તે પણ અચ્યુતે કરેલું રક્ષણ છે. ૧૫.

આ બે વૃક્ષોની વચ્ચે આવીને ઘણા બાલકો અહિં રહેલા, તેમાંથી કોઈને પણ ઉપદ્રવ થયો નહિ. આ ભગવાન્ તેઓમાંના એક હતા, અથવા ભગવાનનું દેવો સદા રક્ષણ કરે છે તેથી તેમને નહિ ગણતાં, 'બીજો કોઈપણ' એમ બીજાનાં નામ લે છે. અહિં ('અન્યતમઃ' શબ્દમાં) 'તમ' પ્રત્યય છે, તેથી એમ જણાવેલું છે કે કોઈ હલકામાં હલકા(બાલક)ને પણ ઉપદ્રવ થયો નહિ. સ્નેહને લીધે અમંગલ શબ્દ(વિનાશ પામે)નો ઉચ્ચાર કરેલો છે, કારણ કે તેમ ન કરે તો પ્રાકૃત([લૈ.]મૂઢ પુરુષો)નું કુદરતી પ્રાકૃતપણું જણાય નહિ. જેઓનાં વાણી અને મનની વ્યવસ્થા નથી તેઓ ઘણા જ પ્રાકૃત છે. જેઓના મનની પણ અવ્યવસ્થા નથી (મન પણ વ્યવસ્થાવાળું છે) તેઓ ઘણા જ સત્પુરુષ છે. અહિં 'અચ્યુત' એટલે ભગવાન જ રક્ષણ કરનારા છે, કારણ કે ચ્યુતિવિનાના અંતર્યામી સર્વ સ્થલે રહેલા છે; તેથી વૃક્ષો જ્યાં પડવાનાં હતાં તે સ્થલેથી બાલકોને બીજે લઈ ગયા. ૧૫.

તેથી ભગવાનથી[1] અને ત્રણવાર દેવોથી[1] રક્ષણ થયું, એટલે હવે પછી જે ઉત્પાત આવશે (થશે) તેનો (કોઈપણ) ઉપાય રહેશે નહિ, તેથી તે(ઉત્પાત થાય તે)ના પહેલાં જ (અહિંથી) જતા રહેવું યોગ્ય છે, એમ નીચેના શ્લોકમાં કહે છેઃ

**યાવદૌત્પાતિકોऽરિષ્ટો વ્રજં નાભિભવેદિતઃ ।।**
**તાવદ્ બાલાનુપાદાય યાસ્યામોऽન્યત્ર સાનુગાઃ ।।૧૬।।**

જ્યાં સુધીમાં ઉત્પાતથી થતું અરિષ્ટ વ્રજનો અભિભવ ન કરે ત્યાં સુધીમાં આપણે બાલકો લઈને નોકરો સહિત અહિંથી બીજે જતા રહીએ. ૧૬.

ઉત્પાતથી થએલ મરણ વિગેરેરૂપ અરિષ્ટ જ્યાં સુધીમાં વ્રજનો અભિભવ (વિનાશ) ન કરે ત્યાં સુધીમાં અહિંથી બાલકોને લઈને નોકરો સહિત એટલે પરિકર સાથે આપણે બીજે જ જઈશું. આ વચન નિર્ધાર (નકકી) કરેલું છે. બાલકોના સંબંધવાળા જ ઉત્પાતો જોએલા છે, તેથી બાલકો કર્મ[2] છે. ૧૬.

---

૧-૧. એકવાર અચ્યુત ભગવાને અને ત્રણવાર દેવોએ રક્ષણ કર્યું, એમ ચાર વાર રક્ષણ થયું એવો અર્થ છે. (લે)

૨. 'બાલકોને લઈને' એમ કહ્યું, તે વાક્યમાં 'બાલકો' કર્મ છે એવો અર્થ છે. જે જે પદાર્થ લઈને જાય તે તે બધા પદાર્થ કર્મ થાય છે, છતાં પણ બાલકો(સંબંધી ઉત્પાતો થતા હોવાથી તેઓ)ને ખાસ લઈ જવાના હોવાથી, તેઓ મુખ્ય કર્મ છે તેથી એમ કહેલ છે. (લે)

બીજું સ્થાન શોધીને આ(સ્થાન)નો ત્યાગ કરવો યોગ્ય છે. તેથી બીજું ગુણોવાળું સ્થાન નીચેના શ્લોકમાં જણાવે છેઃ

**વનં વૃન્દાવનં નામ પશવ્યં નવકાનનમ્ ।।**
**ગોપગોપીગવાં સેવ્યં પુણ્યાદ્રિતૃણવીરુધમ્ ।।૧૭।।**

વૃંદાવન નામનું વન પશુઓને હિતકારી, ગોપો, ગોપીઓ અને ગાયોને સેવવા યોગ્ય, અને પવિત્ર પર્વત, ઘાસ અને વેલાઓવાળું નવું વન છે. ૧૭

વૃંદા મધુની પુત્રી હતી. તેના નામથી નવું વન વૃંદાવન નામનું છે. તેમાં સ્ત્રીનું પ્રાધાન્ય હોવાથી[1] (તેને) દૈત્યોનો સંબંધ નથી. વળી ભગવાને જાલંધરનો વધ કરવા માટે તેનું ગ્રહણ કરેલું. તેથી તે દેવતાઓનું[2] રહેઠાણ હોવાથી, દેવો અને દૈત્યોને ગમતું તે સ્થાન હતું. તેથી ત્યાં ઉત્પાત (થવાની) શંકા ન હતી, એમ 'વૃંદાવન' શબ્દથી કહેલું છે. 'નામ' એટલે એવી રીતે (એવા નામથી) પ્રસિદ્ધ (હતું). તે નવું વન હતું તેથી ત્યાં સૂકાઈ ગએલાં વૃક્ષો ન હતાં, તેમ તેમાં શીઆળ, સર્પ વિગેરે પણ રહેતાં ન હતાં. તેથી તેમાં સર્વ ગુણો હતા અને કોઈ દોષ ન હતો એમ કહેલું છે. વળી તેમાં રહેલો અલૌકિક ગુણ પણ સારો છે એમ જણાય છે, તે એ કે તે પશવ્ય એટલે પશુઓનું હિત કરનાર છે, કારણ કે તેઓ (પશુઓ) વનના ઉપર નભનારાં, વન જેઓનું પાત્ર છે તેવાં[3] છે. તેવાં પશુઓનું હિત કરનાર એટલે અલૌકિક પ્રકારથી પણ (તેઓનું) ભલું કરનાર (તે વન) છે.

વળી તે વનમાં ૧.ઘણી ગુપ્ત[4] ૨.ઘણી પ્રકટ અને ૩.ઘાસ વિગેરેથી ઘીચોઘીચ એવી ત્રણ પ્રકારની ભૂમિ છે, એમ 'ગોપીઓ, ગોપો અને ગાયોએ

---

૧. દૈત્યોને સ્ત્રીઓની રક્ષા મુખ્ય છે, (તેઓનું મુખ્ય કર્મ છે) તેથી સ્ત્રીઓના સ્થાનમાં તેઓ આવતા નથી એવો અર્થ છે. (લે)

૨. વૃંદા જાલંધરની પત્ની હતી. તેથી દેવોના શત્રુ રાક્ષસની પત્ની વૃંદાનું તે સ્થાન હોવાથી દેવો ત્યાં ઉપદ્રવ કરે એવી શંકા થાય, તેથી 'દેવોને પણ ગમતું તે સ્થાન હતું' એમ જણાવે છે. (લે)

૩. ચોથા સ્કંધમાં પૃથુ પૃથ્વીનું દોહન કરે છે, ત્યાં પશુઓ અરણ્યરૂપી પાત્રમાં પૃથ્વીનું દોહન કરે છે, એમ કહેલું છે. (પ્ર+લે+યો)

૪. સ્ત્રીઓને અંતરંગ લીલાનું જ્ઞાન ન હોય તો પણ સંકોચ વિના સુખપૂર્વક તેઓ અતિગુપ્ત સ્થાનમાં જ રહી શકે એમ સંભવે છે, તેથી એમ કહેલ છે. મંત્રણામાં સ્ત્રીઓની રક્ષા મુખ્ય (કાર્ય) છે, તેથી ગોપીઓ સ્ત્રીઓ હોવાથી તેઓને અહિં પહેલાં કહેલી છે. (લે)

ગોપીઓને ભગવાન્ સાથે લીલા (કરવી) ઈષ્ટ હોવાથી નિકુંજ વિગેરે અતિગુપ્ત સ્થલ તેઓએ સેવવા યોગ્ય છે. ગોપોએ અતિપ્રકટ સ્થલ સેવવા યોગ્ય છે. તેથી ઘાસ વિગેરેથી ઘીચોઘીચ ભૂમિ સેવવા યોગ્ય છે. તેથી સર્વ વ્રજવાસીઓને હિતકારી વૃંદાવન છે એવો અર્થ છે. (યો)

સેવવા યોગ્ય' શબ્દોથી કહેલ છે. બીજાઓ (એટલે) નંદ, પુરોહિત અને પ્રામાણિક (પુરુષો)એ પણ તે સેવવા યોગ્ય હતું એમ 'પવિત્ર પર્વત, ઘાસ અને વેલાઓવાળું' શબ્દથી કહેલું છે. પવિત્ર પર્વત ગોવર્ધન છે. ઘાસ એટલે કુશ ઘાસ. લતાઓ એટલે સોમ અથવા કેરડાં. તેથી[૫] તામસો રાજસો અને સાત્ત્વિકોને પણ હિત કરનારું તે સ્થાન હતું એમ કહેલું છે. ૧૭.

એ પ્રમાણે સ્થાન(વૃંદાવન)ની પ્રશંસા થતાં, સર્વ ગોપાલોએ (જે) કહ્યું તે નીચેના શ્લોકમાં કહે છેઃ

**તત્ તત્રાદ્યૈવ યાસ્યામઃ શકટાન્ યુઙ્ક્ત મા ચિરમ્ ।।**
**ગોધનાન્યગ્રતો યાન્તુ ભવતાં યદિ રોચતે ।।૧૮।।**

તેથી આજ જ આપણે ત્યાં જઈશું. ગાડાંઓ જોડો. ઢીલ ન કરો. જો તમને ગમે તો ગાયોરૂપી ધન ભલે આગળ જાય. ૧૮.

તે કારણથી એટલે જ્યારે વૃંદાવન તેવા પ્રકારનું છે તેથી આજ જ આપણે ત્યાં જઈશું.

એ પ્રમાણે સર્વે (ગોપોએ) સંકલ્પ કર્યો, ત્યારે ઉપનંદ વિગેરે મુખ્ય ગોપોએ કહ્યું કે 'ગાડાંઓ જોડો, ઢીલ ન કરો.' ગાડાંઓને બળદો સાથે જોડવા (એ જવાનું) સાધન છે, કદાચ ઉત્પાત થાય એવા ભયની શંકા રહેતી હોવાથી, વિલંબ ન કરવા કહેલ છે[૧]. ૧૮.

એ પ્રમાણે ન જવામાં ભય અને જવાનાં સાધન કહ્યાં, ત્યારે ગોપોએ જે કર્યું તે નીચેના શ્લોકમાં કહે છે :

**તચ્છ્રુત્વૈકધિયો ગોપાઃ સાધુ સાધ્વિતિ વાદિનઃ ।।**
**વ્રજાન્ સ્વાન્ સ્વાન્ સમાયુજ્ય યયૂ રૂઢપરિચ્છદાઃ ।।૧૯।।**

તે સાંભળીને ગોપોએ એકમત થઈને 'બહુ સારું, બહુ સારું' એમ કહેતાં પોતપોતાનાં વ્રજોને સારી રીતે એકઠાં કરી, ઘરવખરી ગાડામાં ચઢાવી ચાલવા માંડ્યું. ૧૯.

(મંત્રણામાં) વચ્ચે તેઓનો જૂદો મત થયો નહિ, કારણ કે તે (બધા)

---

૫. 'તેથી' એટલે 'પશુઓને હિતકારી હોવાથી' વૃંદાવન પશુઓને હિતકારી હોવાથી તામસો(પશુઓ)એ સેવવા યોગ્ય હતું, ગોપીઓ વિગેરેએ સેવવા યોગ્ય હોવાથી રાજસોને હિતકારી હતું, અને પવિત્ર પર્વતવાળું હોવાથી સાત્ત્વિકોને હિતકારી હતું. (લે)

૧. આ શ્લોકના ઉત્તરાર્ધની શ્રીસુબોધિનીમાં કાંઈ ટીકા નથી, તેમજ ટિપ્પણી વિગેરે કોઈમાં તે સંબંધી કાંઈ ઉલ્લેખ નથી. 'ગાડાંઓ જોડો, ઢીલ ન કરો' વાક્ય ઉપનંદ વિગેરે મુખ્ય ગોપોએ કહેલ છે, તે પ્રમાણે ઉત્તરાર્ધનું વાક્ય પણ તેઓએ જ કહેલું જણાય છે, અથવા ક્ષેપક પણ હોય. આવતા શ્લોકનો આભાસ જોતાં ઉત્તરાર્ધ ક્ષેપક હોવાનો વધારે સંભવ છે.

ગોપ હોવાથી સરખા હતા. તેવો (મંત્રણામાં કહેલો) અર્થ પોતાને બહુ જ ઈષ્ટ હતો, તેથી (તેઓએ) મંત્રણાના વાક્યની ('બહુ સારું, બહુ સારું' એમ કહી) પ્રશંસા કરી. જતાં જતાં જ (તેઓએ એમ) કહ્યું, તેથી 'એમ કહેતાં' શબ્દ યોજેલ છે. તેઓ બધા જૂદા જૂદા પેટા-નેસડાઓના અધિપતિઓ હતા. (તેઓએ) પોતાની ગાયો જ્યાં જ્યાં જૂદી રહેલી, તેમને એક સાથે જ એટલે વાછરડાં અને ગાયોનો વિભાગ જૂદો નહિ કરતાં સારી રીતે એકઠી કરી, આગળ રવાના કરી, ગાડાઓમાં ઘરવખરીને ચડાવીને, બધાએ જ ત્યાંથી ચાલવા માંડ્યું. ૧૯.

ચાર પ્રકારના (લોક) ગયા એમ જણાવવા તમોરૂપ, રજોરૂપ, સત્ત્વરૂપ અને નિર્ગુણરૂપ(લોક)ને જૂદા જૂદા નીચેના ચાર શ્લોકોથી કહે છે. તે પૈકી પહેલાં(તમોરૂપ)ને નીચેના શ્લોકમાં કહે છેઃ

**વૃદ્ધાન્ બાલાન્ સ્ત્રીયો રાજન્ સર્વોપકરણાનિ ચ ।।**
**અનસ્સ્વારોપ્ય ગોપાલા યત્તા આત્તશરાસનાઃ ।।૨૦।।**

હે રાજા! વૃદ્ધોને, બાલકોને, સ્ત્રીઓને અને સર્વ ઘરવખરીને ગાડાંઓમાં રાખીને, કવચ બાંધીને, ધનુષો ધારણ કરીને, ગોપાલો...૨૦.

વૃદ્ધો, બાલકો અને સ્ત્રીઓ[1] ઘણાં જ પ્રાકૃત છે. કોઈવાર તીર્થયાત્રા વિગેરે માટે (રાજા) કુટુંબ સહિત જતો હોય ત્યારે તેના સેવકો પણ એવી રીતે (બહાર જવા) ઉપડે છે, એ તેને અનુભવથી સિદ્ધ છે એમ જણાવવા, અથવા બીજા દેશમાં જઈ રહેવા જેઓને આજ્ઞા કરેલી હોય તેવા તેના સેવકો જેવી રીતે (બીજા દેશ જવા) ઉપડે છે તેવી રીતે (જવા આ બધા ઉપડતા હતા) એમ જણાવવા, 'હે રાજા' એવું સંબોધન કરેલું છે. (વૃદ્ધો, બાલકો અને સ્ત્રીઓને) તથા ઘરવખરીને ગાડાંઓમાં રાખીને, ગોપો બધાએ પગે ચાલતા, કવચ બાંધીને, ધનુષો ધારણ કરીને (ગયા). (ગોપો) તામસ હોવાથી તેઓનો રાજસ (કવચ, ધનુષ) સાથે જ સંબંધ થયો. ૨૦.

---

૧. (આ શ્લોકમાં) તે બધા માત્ર પોતાની ઘરવખરીની સંભાળ રાખનાર હોવાથી તામસ છે. (એકવીસમા શ્લોકમાં) તેઓ પ્રભુ (પોતપોતાના નેસડાના અધિપતિ) હોવાથી તથા કર્મમાર્ગીય દ્વિજો તેમની સાથે હોવાથી તેઓ રાજસ છે. (બાવીસમા શ્લોકમાં) ગોપીઓનું વર્ણન કરેલું છે તેમને સાત્ત્વિક કહેલી છે, તેનું કારણ એ છે કે આ પ્રમાણપ્રકરણમાં યશોદા અને નંદનો નિરોધ મુખ્ય છે. તેથી આ પ્રકરણના અર્થરૂપ નિરોધનું તારતમ્ય જણાવવા અહિં ગોપીઓને સાત્ત્વિક ગણેલી છે. (ટિ)

કાલના ભેદથી (જૂદા જૂદા કાલે) સર્વનો જૂદો ભાવ થાય છે, તેથી સર્વ ચાર પ્રકારનાં (આભાસમાં કહ્યા પ્રમાણે તામસ, રાજસ, સાત્ત્વિક અને નિર્ગુણ) થાય છે. જેમ સર્ગલીલામાં બ્રહ્મા જૂદા જૂદા સમયે જૂદા જૂદા ગુણવાળા થાય છે, તેમ (આ બધા જૂદા જૂદા સમયે જૂદાં જૂદાં ચાર પ્રકારનાં થાય છે એમ જાણવું). (પ્ર)

**ગોધનાનિ પુરસ્કૃત્ય શ્રૃંગાણ્યાપૂર્ય સર્વતઃ ।।**
**તૂર્યઘોષેણ મહતા યયુઃ સહપુરોહિતાઃ ।।૨૧।।**

ગાયોરૂપી ધન આગળ કરીને, ચારે તરફ શીંગડાંઓ વગાડીને, તૂરીના મોટા અવાજથી (અવાજ કરતા) પુરોહિતો સાથે ગયા. ૨૧.

ગાયોરૂપી ધનને એટલે ગાયોને આગળ કરીને એટલે આગળ ચલાવીને, નિર્ભય થઈ શીંગડાંઓ વગાડીને ગયા. તેઓનાં વાજીંત્રો તો માત્ર શીંગડાંઓ જ હતાં. 'ચારે તરફ' (વગાડતા હતા), એટલે એકદમ મોટો અવાજ થાય. પ્રભુ (અધિપતિ)નું નિર્ગમન (ગોકુલથી બહાર નીકળવું તે) 'તૂરીના અવાજથી' શબ્દથી કહે છે. પુરોહિતો એટલે વૈશ્યોને પૂજા કરાવનાર બ્રાહ્મણો. ૨૧.

ભગવાનની ભોગ્ય સાત્ત્વિક ગોપીઓ તો (સર્વથી) જૂદી જ[1] રીતે નીકળી, એમ નીચેના શ્લોકમાં કહે છેઃ

**ગોપ્યો રૂઢરથા નૂત્નકુચકુંકુમકાન્તયઃ ।।**
**કૃષ્ણલીલાં જગુઃ પ્રીતા નિષ્કકણ્ઠ્યઃ સુવાસસઃ ।।૨૨।।**

સ્તન ઉપર લગાડેલ તાજા કુંકુમથી કાંતિવાળી, સુવર્ણની કંઠીઓવાળી અને ઉત્તમવસ્ત્રોવાળી ગોપીઓ રથ ઉપર બેસી પ્રસન્ન થઈ શ્રીકૃષ્ણની લીલા ગાતી હતી. ૨૨.

રથો પણ ઉત્તમ હતા. તેઓને ઘોડાઓ જોડેલા, અથવા બળદો જોડેલા. સ્તનના તાજા કુંકુમથી કાંતિ જેઓની હતી તેવી ગોપીઓ હતી. આ શબ્દથી ભગવાને ભોગ કરવા યોગ્ય વય, સાધન અને શોભા[2] કહેલાં છે. ભગવાનને જ ભોગ કરવા યોગ્ય તેઓ હતી એમ જણાવવા, 'શ્રીકૃષ્ણની લીલા' શબ્દથી ભગવાનના જ ગુણો ગાતી તેઓ નીકળી, એમ કહેલું છે. એ શબ્દ એકવચનમાં યોજેલો છે, તેથી પોતાને (ગોપીને) ઉપયોગી જ શ્રીકૃષ્ણની લીલા જણાવેલી છે. 'શ્રીકૃષ્ણ' શબ્દ જણાવેલો હોવાથી, એ લીલા માત્ર નિરોધ કરવાની જ[3] ન હતી, પરંતુ આનંદમયી[4] (આનંદથી પૂર્ણ) હતી એમ જણાવેલું છે. 'પ્રસન્ન થઈ' શબ્દથી

---

૧. 'જૂદી જ રીતે' એટલે 'શૃંગારરસને ઉપયોગી સંપત્તિથી' એવો અર્થ છે. તેથી જ ગાડામાં નહિ, પણ રથમાં બેસી જતી હતી. (યો)

૨. વય, સાધન અને શોભા માત્ર ભગવાને જ ભોગ કરવા યોગ્ય કહેલાં છે એવો અર્થ છે. 'ગોપી' શબ્દથી તે પુરુષના યોગ માટે યોગ્ય હોવાથી, તેમની તરુણ અવસ્થા જણાવેલી છે. (લે) સ્તન, કુંકુમ અને કાંતિ, એ ત્રણ પદોથી અનુક્રમે વય, સાધન અને શોભા જણાવેલાં છે, અને તે માત્ર ભગવાને જ ભોગ કરવા યોગ્ય છે એમ જાણવું. (યો)

૩. 'નિરોધ કરવાની જ' જેવી કે પૂતનાને ભગવાને મારી તે લીલા. તેના જેવી એવો અર્થ છે. (લે)

૪. 'શ્રીકૃષ્ણ' પદથી આગળ આ પદનું વ્યાખ્યાન કરવામાં આવશે તે પ્રમાણે સ્ત્રીભાવવાળા

તેઓના મનનો સંતોષ કહેલો છે. 'સુવર્ણની કંઠીઓવાળી' શબ્દથી તેઓએ આભરણ પહેરેલાં એમ કહેલું છે. 'ઉત્તમ વસ્ત્રોવાળી' શબ્દથી તેઓના દેહનો શૃંગાર કહેલો છે. 'શ્રીકૃષ્ણના ગુણોનું ગાન કરતી હતી' તેથી જ વાણીનો શૃંગાર પણ કહેલો છે. આમને જ[૫] રથ હતો. ભગવાન્ તો[૫] તેઓમાં જ રહીને[૫] જતા હતા. ૨૨.

ભગવાનના સંબંધને લીધે ગુણાતીત થએલી યશોદા અને રોહિણી જૂદાં ગયાં, એમ નીચેના શ્લોકમાં કહે છેઃ

**તથા યશોદારોહિણ્યાવેકં શકટમાસ્થિતે ।।**
**રેજતુઃ કૃષ્ણરામાભ્યાં તત્કથાશ્રવણોત્સુકે ।।૨૩।।**

તેવી રીતે યશોદા અને રોહિણી એક શકટમાં બેઠેલાં શ્રીકૃષ્ણ અને રામ સાથે શોભતાં હતાં, અને તેમની કથા સાંભળવા ઉત્સુક હતાં. ૨૩.

ગાડું સર્વથી હલકું છે, અને રથ તો સર્વથી ઉત્તમ છે. શકટ એ બેની વચ્ચેનું છે. 'તેવી રીતે' શબ્દથી (ગયા શ્લોકમાં કહેલાં) સૌંદર્ય અને ભગવાનના ગુણોનું ગાન અહિં પણ છે[૧] એમ જણાવેલું છે, કારણ કે આ શકટ યશોદાનું સ્થાન[૧] છે, અને તેમાં ભગવાન્[૧] મુખ્ય છે. તે સમયે ભગવાન્ અઢી વર્ષના[૨] હતા.

---

ભગવાન્ કહેલા છે. તેમનામાં રસ અધિક હોવાથી તે આનંદમય છે, તેથી આ લીલા પણ આનંદમય છે એવો ભાવ છે. (યો)

૫-૫-૫. આવતા શ્લોકમાં યશોદા અને રોહિણી પણ શકટમાં બેઠેલાં એમ કહેવામાં આવશે. તેથી ગોપીઓ સિવાય બીજું કોઈ રથમાં બેઠેલ નહિ હોવાથી, અહિં 'જ' શબ્દ યોજેલ છે. તેઓને આ રીતે સર્વથી અધિક કહેલી છે, કારણ કે આમનાં જ હૃદયમાં ભગવાન્ સ્થિર રહીને પધારતા હતા. યશોદાના ખોળામાં તો ભગવાન્ પધારતા, વળી બીજે પધારતા પણ ત્યાં સ્થિર રહેતા નહિ, એમ 'તો' શબ્દથી જણાવેલ છે. તેથી જ આમને જ રથ હતો એમ કહેલ છે. (લે) સ્તન, કુંકુમ અને કાંતિ શબ્દોથી ગોપીઓનાં વય, સાધન અને શોભા કહેલાં છે. તે બધાં સાર્થક થાય તે માટે ભગવાન્ તેઓની પાસે જ રહેલા એમ જાણવું. તેમ ન હોય તો વય વિગેરે નિરર્થક થાય. બાલ્યભાવ હોય ત્યાં સુધી સર્વની બુદ્ધિ નિર્દોષ હોય છે, તેથી કાંઈ બાધક નથી. (યો)

૧-૧-૧. 'તથા' 'તેવી રીતે' (તેવી જ (ગોપીઓના જેવી જ) સુંદર અને તેમની પેઠે જ ભગવાનના ગુણો ગાતી). આ શબ્દથી એ ગુણો અહિં પણ જણાવેલ છે. એ પ્રમાણે જણાવવાનું કારણ 'યશોદાનું સ્થાન' શબ્દથી જણાવેલ છે. યશ આપે તે યશોદા જ્યાં હોય ત્યાં સૌંદર્ય અને યશ હોય જ, અને જ્યાં ભગવાન્ હોય ત્યાં પણ સૌંદર્ય અને યશ હોય જ. આગળ યશોદા અને રોહિણીને 'તેમની કથા સાંભળવા ઉત્સુક' કહેલાં છે. તેથી તેઓને આ કથાનું જ્ઞાન નહિ હોય તેવી કોઈને શંકા થાય, અને તેઓ શકટમાં બેસી જતાં હતાં તેથી તેમનામાં સૌંદર્ય નહિ હોય એવી કોઈને શંકા થાય, તેથી આ કહેલ છે. (પ્ર)

૨. ભગવાને યમલાર્જુનનો ભંગ અઠ્ઠાવીસ માસની ઉંમરના હતા ત્યારે કર્યો એમ પદ્મપુરાણમાં કહેલું છે, તેથી આ સમયે તે અઢી વર્ષના હતા એવો અર્થ છે. (પ્ર)

તેથી તે યશોદાના ખોળામાં વિરાજતા, અને રામ પણ તેવી રીતે (વિરાજતા). (યશોદા અને રોહિણી) શ્રીકૃષ્ણ અને રામ સાથે, અથવા શ્રીકૃષ્ણ અને રામને લીધે શોભતાં હતાં. તેઓ (યશોદા અને રોહિણી) ગોપિકાઓની નજીક જતાં હતાં, એમ 'તેમની કથા સાંભળવા ઉત્સુક' શબ્દથી કહેલ છે. (આથી) તેઓ નામલીલામાં પ્રીતિવાળાં હતાં એમ સૂચવેલું છે. ૨૩.

તેઓ માત્ર ત્યાં (વૃંદાવન) ગયાં એટલું જ નહિ, પરંતુ ત્યાં (તેઓએ) રહેઠાણ કર્યું, એમ નીચેના શ્લોકમાં કહે છેઃ

**વૃંદાવનં સમ્પ્રવિશ્ય સર્વકાલસુખાવહમ્ ।।**
**તત્ર ચક્રુર્વ્રજાવાસં શકટૈરર્ધચન્દ્રવત્ ।।૨૪।।**

સર્વ કાલમાં સુખ આપનાર વૃંદાવનમાં પ્રવેશ કરીને ત્યાં અર્ધચંદ્ર પેઠે શકટોથી (શકટો ગોઠવીને) વ્રજનું રહેઠાણ કર્યું. ૨૪.

તે કલ્પમાં[1] વૃંદાવનની ભૂમિ અને ગોવર્ધન યમુનાના ઉત્તરભાગ (ડાબા કિનારા) ઉપર હતાં. અક્રૂરના સ્થાને(યમુનાને) ઉતરવાનું (સામે પાર જવાનું) હતું. યમુના થોડા પ્રવાહવાળી હતી; પરંતુ તેમાં ઘણા ઊંડા ધરાઓ હતા. નંદજીનું સ્થાન પણ ત્યાં જ[2] હતું. આ કલ્પમાં તો જૂદાજૂદા પ્રદેશો પોતપોતાનું અધિષ્ઠાન કરી રહેલ દેવતાઓનાં[3] રહેઠાણ થએલા છૂટા છૂટા રહેલા છે, એટલે કોઈ પ્રકારની અનુપપત્તિ(અયોગ્યતા) નથી. યમુનાને ગોપો ઉતર્યા હતા, એમ માનીએ તો પણ યમુના થોડા પ્રવાહવાળી હોવાથી તેની પાર જવાનું નિરૂપણ કરેલું નથી; કારણ કે માત્ર વર્ષાકાલમાં યમુના મોટી (ઉતરી ન શકાય તેવી) થાય છે.

આમણે (ગોપો વિગેરેએ) બૃહદ્વનનો ત્યાગ કરી વૃંદાવનમાં સારી રીતે પ્રવેશ કરી શકટોથી અર્ધચંદ્ર પેઠે વ્રજનું રહેઠાણ કર્યું. વાડને ઠેકાણે ઘરો[4] હતાં,

---

૧. 'ગોકુલથી વૃંદાવન જતાં રસ્તામાં યમુના આવે છે, તો યમુના ઉતરવાનું વર્ણન કેમ કરેલ નથી ? કારણ કે યમુના ઉતર્યા વિના ગોકુલથી વૃંદાવન જઈ શકાય નહિ' એવી શંકા થાય, તેથી કલ્પના ભેદથી તેનું સમાધાન કરે છે. હમણાં તો ગોવર્ધન ગોકુલથી પશ્ચિમમાં છે અને વૃંદાવન વાયવ્ય ખૂણામાં છે, તો પણ તે કલ્પમાં યમુનાજીનો પ્રવાહ પૂર્વમાં વહેતો અને તેથી વૃંદાવન, ગોવર્ધન અને ગોકુલ તેના ડાબા કિનારે હતાં. તેથી યમુના ઉતરવાનું કહેલ નથી એવો અર્થ છે. (પ્ર)

૨. 'ત્યાં જ એટલે ધરાની પાસે, અથવા (યમુના) ઉતરવાના સ્થાનની પાસે. (પ્ર) નંદગામ પણ ત્યાં જ એટલે ગોવર્ધનની પાસે જ હતું, અને વરસાનું (બરસાનો) પણ ત્યાં જ હતું એમ જાણવું. (લે)

૩. વ્યાપિવૈકુંઠરૂપ પોતપોતાના આધિદૈવિક સ્થાન સાથે, એવો અર્થ છે. (લે)

૪. શકટો (જે અર્ધચંદ્રના આકારમાં ગોઠવેલ હોઈ વાડરૂપ હતાં તે) જ ઘરો હતાં એવો અર્થ છે. (લે)

વચમાં ગાયોનું સ્થાન હતું. આ જ (ગાયોને રહેવાનું સ્થાન જ) મુખ્ય હતું. પછી જેમ સુખ થાય તેમ જ[5] રહેઠાણ (કર્યું).

અર્ધચંદ્રના આકાર પ્રમાણે (શકટો ગોઠવવાથી), બહારનું બારણું સર્વથી ગ્રાહ્ય[6] હોય છે. ત્યાં ઘરો બાંધવાની જરુર ન હતી, કારણ કે વન જ સર્વ કાલમાં સુખ આપનારું હતું. (આ અર્ધચંદ્રનો આકાર) શકટોથી (કર્યો), કારણ કે રથો ક્રીડા કરવા માટે (રાખેલા) અને ગાડાંઓ લાકડાં વિગેરે લાવવા માટે (રાખેલાં). મહાદેવ પશુઓના પતિ છે, અને અર્ધચંદ્ર તેમનું ચિહ્ન છે તેથી (અર્ધચંદ્રમાં) તે રહે છે[7]. તેથી (અર્ધચંદ્રના આકારમાં શકટો ગોઠવેલાં). ૨૪.

ત્યાં (વૃંદાવનમાં) ભગવાનનું સામાન્ય[1] ચરિત્ર નીચેના શ્લોકમાં કહે છે:

**વૃંદાવનં ગોવર્ધનં યમુનાપુલિનાનિ ચ ।।**
**વીક્ષ્યાસીદુત્તમા પ્રીતી રામમાધવયોર્નૃપ ।।૨૫।।**

હે રાજા ! વૃંદાવન, ગોવર્ધન અને યમુનાના કિનારાઓ જોઈને રામ અને માધવને ઘણી જ પ્રીતિ થઈ. ૨૫.

વૃંદાવન રાજસ, અને ગોવર્ધન સાત્ત્વિક છે. તેમને અને યમુનાના કિનારાઓને જોઈને (રામ અને માધવને) ઘણી પ્રીતિ થઈ. તેથી પ્રસન્ન થઈને પહેલાં કહેલ તે પ્રકારે ભગવાને લીલા કરેલી એવો અર્થ થાય છે. દર્શનથી પ્રીતિ થાય એ રાજલીલા છે એમ જણાવવા, 'હે રાજા' એવું સંબોધન કરેલું છે[2]. ૨૫.

એ પ્રમાણે સામાન્ય લીલા કહી, સ્ત્રીઓની અપેક્ષા વિના વિશેષ રીતે બાલલીલા કહેવા માટે, વાછડાં ચારવાની લીલા(કહેવા)નો નીચેના શ્લોકથી આરંભ કરે છે અને અધ્યાય પૂરો થાય ત્યાં સુધી (તે કહે છે):

**એવં વ્રજૌકસાં પ્રીતિં યચ્છન્તૌ બાલચેષ્ટિતૌ ।।**
**કલવાક્યૌ સ્વકાલેન વત્સપાલૌ બભૂવતુઃ ।।૨૬।।**

એવી રીતે બાલકના જેવી ચેષ્ટાવાળા અને તોતડું વાક્ય બોલનારા તે બે વ્રજ-વાસીઓને પ્રીતિ ઉત્પન્ન કરતા, પોતાનો સમય આવતાં વાછડાં પાલનારા થયા. ૨૬

---

૫. 'તેમ જ' એટલે 'નવાં ઘરો બાંધીને' આ બ્રહ્મવૈવર્ત પુરાણમાં સ્પષ્ટ છે. પદ્મપુરાણના ઉત્તર ખંડમાં માગશર માસની પાંચમે તેઓ બૃહદ્વનથી વૃંદાવન ગયા એમ પણ કહેલું છે. આ સુદ પાંચમ હોવી જોઈએ. (પ્ર) અહિં તો ઘર બાંધવાની જરુર ન હતી એમ આગળ કહેલું છે.

૬. 'સર્વથી ગ્રાહ્ય' એટલે સર્વને પ્રવેશ કરવા માટે તથા નીકળવા માટે સગવડવાળું, અથવા હરકોઈ સ્થલે પોતાના ઘરમાં રહેલ હોય ત્યાંથી દેખી શકાય તેવું. (પ્ર)

૭. પશુઓનું પાલન કરવા રહે છે એવો અર્થ છે. (પ્ર)

૧. સામાન્ય એટલે શ્રીકૃષ્ણ અને બલભદ્ર બંનેનું ચરિત્ર.

૨. આ શ્લોકથી બીજા સ્થાનમાં રહેઠાણ કર્યું એ અર્થ કહેલો છે. (પ્ર)

પહેલાં કહેલ પ્રકારથી[1] વ્રજવાસીઓને એટલે વ્રજની અંદર[2] રહેનારાઓને, પ્રીતિ ઉત્પન્ન કરતા જ (તે બે) પોતાનો સમય આવતાં એટલે આધિદૈવિક કાલ ભગવાનની સેવા કરવા આવ્યો તેને લીધે, વાછડાં પાલવા(ચરાવવા) યોગ્ય એટલે ત્રણ વર્ષથી વધારે વયના થયા. ત્યાં દેશ અથવા કાલનો ઉપદ્રવ[3] થયો ન હતો એમ જણાવવા, 'બાલકના જેવી ચેષ્ટાવાળા' અને 'તોતડું વાક્ય બોલનારા' એ બે પદો યોજેલાં છે. ભગવાન્ મનથી તો તેઓની પ્રીતિ ઉત્પન્ન કરે છે જ. કાયાથી અને વાણીથી પણ પ્રીતિ ઉત્પન્ન કરે છે એમ જણાવવા, 'બાલકોના જેવાં ચેષ્ટિતો છે જેમનાં' અને 'કલ એટલે અસ્પષ્ટ અને મધુર (તોતડું) વાક્ય છે જેઓનું' એમ (અનુક્રમે) કહેલ છે. પહેલાં કરેલો નિરોધ નકામો ન થાય તે માટે વ્રજવાસીઓની પ્રીતિ ચાલી આવે છે (એમ જણાવેલ છે). ભગવાનમાં (વાછડાં પાલવાની) યોગ્યતા તથા ફલનું જૂદું નિરૂપણ કરેલું નથી તેથી 'વાછડાં પાલનારા' જ થયા એમ કહેલું છે[4]. ૨૬.

નીચેના શ્લોકથી આરંભી ત્રણ શ્લોકોથી તે બે એ વાછડાંઓનું પાલન કરતાં જે ક્રીડા કરી તે કહે છેઃ

**અવિદૂરે વ્રજભુવઃ સહ ગોપાલદારકૈઃ ।।**
**ચારયામાસતુર્વત્સાન્ નાનાક્રીડાપરિચ્છદૌ ।।૨૭।।**

વ્રજભૂમિની નજીક ગોપોના પુત્રો સાથે રમતનાં જૂદાં જૂદાં સાધનો-વાળા તે બે વાછડાંઓ ચારતા હતા. ૨૭.

અહિં પણ[1] ત્રણ પ્રકારની[2] રમત કહેલી છે. તે પૈકી પહેલા (પ્રકારની) વ્રજભૂમિની નજીક, જ્યાં ઉભેલા તેઓ વ્રજને જોઈ શકે, અને જે વ્રજમાં રહેલા

૧. પાછળ શ્લોક ૭માં કહેલા પ્રકારથી એટલે ભક્તોને અધીન રહીને, એવો અર્થ છે. (પ્ર)
૨. 'અંદર રહેનારા' શબ્દથી પુષ્ટિભક્તો કહેલા છે, અથવા બધા વ્રજવાસીઓ કહેલા છે. (પ્ર)
૩. પોતે ઈચ્છેલા દેશ અને કાલમાં ભગવાનની પ્રાપ્તિ થવામાં વિઘ્ન થાય તે ભક્તોનો ઉપદ્રવ. (પ્ર)
૪. 'વાછડાં પાલન કરવાની યોગ્યતા કહી, તેથી જ વાછડાંનું પાલન કર્યું એવો અર્થ થતો નથી' એવી શંકા થાય, તેથી આ કહેલ છે. યોગ્યતા એટલે વાછડાંનું પાલન કરવાની યોગ્યતા, અને ફલ એટલે વાછડાંઓનું પાલન. તે બે સમર્થ હોવાથી, તેમના સામર્થ્યથી જ એ તેમને પ્રાપ્ત થાય છે. (પ્ર) તે બેને બદલે 'ભગવાન જ' કહેવું યોગ્ય છે, કારણ કે અહિં 'ભગવતિ' 'ભગવાનમાં' શબ્દ હોવાથી આ વાક્ય તેમના વિષે જ છે.
૧. પાછળ શ્લોક ૭ થી ૯ વડે ત્રણ પ્રકારની રમત કહેલી છે. તેવી જ અહિં પણ કહે છે. તેથી 'પણ' શબ્દ યોજેલ છે. (લે)
૨. (૧) સાધારણ (૨) અસાધારણ અને (૩) નિરોધના (નિરોધમાં વિઘ્ન કરનારા) દૈત્યોનો નાશ કરીને. એવી રીતે ત્રણ પ્રકારની. (પ્ર)

ઓ (તેમને તથા રમતને) જૂએ ત્યાં (રમતા). વ્રજભૂમિ કરતાં તે (જ્યાં રમતા તે ભૂમિ) ઘાસવાળી હોવાથી જૂદા પ્રકારની હતી એમ જણાવવા, 'વ્રજભૂમિની (નજીક)' એમ કહેલ છે. ગોપોના પુત્રો (પોતાના) સરખી વયના (હતા). તેઓને કૃતાર્થ કરવા, અને ઘણાની સાથે રમત ઉત્તમ રીતે થઈ શકે તે માટે, રમતનાં સાધનો સાથે જ તે બે વાછડાંઓ ચારતા હતા. ફેરવવાનું ચક્ર, નાનો દંડ, લાકડાનો કટકો, બનાવટી રથ, વાજીંત્રો, આકર્ષણ (વૃક્ષ ઉપરથી ફળ પાડવાનાં વાંસ સાથે બાંધેલ દાતરડાં) વિગેરે રમતનાં સાધનો હતાં. તે લઈને જ (વાછડાં ચારવા) આવતા અને (પાછાં) લઈને જતા. આથી સામાન્ય રીતે રમતનું નિરૂપણ કરેલું છે. વાછડાંનું પાલન કરવાનું અને નાના ગોપાલો(ગોપોના બાલકો)ની મિત્રતા મુખ્ય હતાં. નંદની સાથે હળતામળતા-રહેનારાઓના નિરોધનું નિરૂપણ કરવા તે બંનેનો[3] નિરોધ અહિં કહેવાનો છે. ૨૭.

નીચેના શ્લોકમાં સાધનોથી કરેલી રમત પહેલેથી કહે છેઃ

**ક્વચિદ્ વાદયતો વેણૂન્ ક્ષેપણૈઃ ક્ષિપતઃ ક્વચિત્ ।।**
**ક્વચિત્ પાદૈઃ કિંકિણીભિઃ ક્વચિત્ કૃત્રિમગોવૃષૈઃ ।।૨૮।।**

કોઈવાર વાંસળીઓ વગાડતા, કોઈવાર ગોફણોથી ફેંકતા, કોઈવાર ઘુઘરીઓ સાથે ચરણોથી નૃત્ય કરતા, કોઈવાર બનાવટી આખલાઓથી રમતા. ૨૮.

(૧) પ્રથમ કોઈવાર (તે બે) વાંસળીઓ વગાડતા. ઘણા છિદ્રોવાળા વાંસની વાંસળી હોય છે, તેના પેટા ભેદો ઘણા હોય છે, તેથી ('વાંસળીઓ' એમ) બહુવચન યોજેલું છે. આથી માથાની ક્રિયા જણાવેલી છે. (૨) ગોફણ દોરડાં વિગેરેની બનાવેલી હોય છે. તેની અંદર માટીનું ઢેફું વિગેરે રાખી, (તેને) ફેરવી ઢેફાં વિગેરેને દૂર ફેંકે છે, આવી જાતની (ગોફણો) પણ ઘણા પ્રકારની હોય છે. એવી રીતે બેઉ (શ્રીકૃષ્ણ અને બલભદ્ર) ફેંકે છે એટલે 'મેં ફેંકેલું (ઢેફું) આટલે દૂર ગયું' એમ જણાવવા ઢેફાં વિગેરેને દૂર ફેંકે છે. (તેઓ આ પ્રમાણે) કોઈવાર એટલે જ્યારે બીજાને ઉપદ્રવ થવાની (ઢેફું વાગવાની) શંકા ન રહે ત્યારે (કરે છે). (આ) બે હસ્તની ક્રિયા જણાવી. (૩) કોઈવાર ઘુઘરીઓ સાથે (ઘુઘરીવાળાં આભૂષણ પહેરેલા) ચરણોથી નૃત્ય કરતા, અથવા ઢેફાં વિગેરેને ફેંકતા. (૪) કોઈવાર માટી વિગેરેથી બનાવેલા બંને બાજુએ પૈડાંવાળા જે આખલાઓ તેમના ઉપર બેસીને જતા. અથવા ગોપાલો બનાવટી આખલાઓ બનતા, અથવા તેઓ (બનાવટી આખલા બનેલ ગોપાલો) સાથે યુદ્ધ વિગેરે કરતા, અથવા તેમનાથી બીજાને પછાડતા એટલે તેને (તેમના ઉપર) બેસાડી કોઈક સ્થલે પાડી દેતા. એ પ્રમાણે

૩. (૧) વાછડાંઓ અને (૨) ગોપાલો(ગોપ બાલકો)નો એવો અર્થ છે. તેથી તેઓના જ દોષો દૂર કરેલા છે એમ કહેલું છે, એવો ભાવ છે. (લે)

(૧) માથાથી (૨) બાહુથી (૩) ચરણોથી અને (૪) યુદ્ધ કરવા યોગ્ય પદાર્થોથી એમ ચાર પ્રકારની લીલાનું નિરૂપણ કર્યું. ૨૮.

સંપૂર્ણ (ભગવાને) (કરેલી) લીલા નીચેના શ્લોકમાં કહે છેઃ

**વૃષાયમાણૌ નર્દન્તૌ યુયુધાતે પરસ્પરમ્ ।।**
**અનુકૃત્ય રુતૈર્જન્તૂંશ્ચેરતુઃ પ્રાકૃતૌ યથા ।।૨૯।।**

બળદો બની ગર્જના કરતા પરસ્પર યુદ્ધ કરતા હતા. પ્રાકૃતોની પેઠે અવાજથી જંતુઓનું અનુકરણ કરતા ફરતા હતા. ૨૯.

પોતે જ બનાવટી પ્રકારથી બળદનું રૂપ લેતા, અને તેમની (બળદોની) પેઠે જ ગર્જના કરતા, અને પરસ્પર એટલે એકબીજા સાથે યુદ્ધ કરતા. (આ) કાયા, વાણી[1] અને મનની લીલાઓ જણાવેલી છે. યુદ્ધ કાયાથી થાય તેવું છે, છતાં (તેમાં) મનના ધર્મ પ્રબલ હોવાથી (તેને) માનસ (કહેલું) છે. એ પ્રમાણે પોતે કરેલી લીલાનું નિરૂપણ કરી, (બીજાના) અનુકરણથી પણ પોતે કરેલી લીલા ઉત્તરાર્ધમાં કહે છે. દેડકાં વિગેરે અથવા મોર વિગેરે જંતુઓનું અનુકરણ કરીને, એટલે તેમના જેવા આકારવાળા થઈને તેમની સાથે (તેમનાં) અનુકરણથી તેઓને પણ ભ્રમ ઉત્પન્ન કરીને, બધીએ લીલાઓ કરતા હતા. તેમાં 'પોતાનાં ઐશ્વર્યની ભાવનાથી તે પ્રમાણે કરતા હતા' એવી શંકાનું નિવારણ 'પ્રાકૃતોની પેઠે' શબ્દોથી કરે છે. જેમ પ્રાકૃત પુરુષો લૌકિક સાધનોથી જ જૂદા જૂદા (જંતુઓ)નું અનુકરણ કરે છે, તે પ્રમાણે સર્વ પ્રકારનાં બાલકોનાં મનનું રંજન કરવા, તેઓના દોષો દૂર કરવા[2], અને (તેઓનો) નિરોધ કરવા ભગવાને એવી લીલા કરી. જીવો બે પ્રકારના[3] છે, તેથી (તે) બંનેએ[4] તે પ્રમાણે કર્યું. ૨૯.

એ પ્રમાણે ભગવાનની લીલા કહીને, જેઓનું પાલન કરવાનું હતું તે વાછડાંઓના દોષરૂપ વત્સાસુરને માર્યો, એમ (કહેવા) નીચેના શ્લોકથી આરંભી

૧. બળદોનું રૂપ લેવું એ કાયાની લીલા છે, તેમના જેવી ગર્જના કરવી એ વાણીની લીલા છે, અને યુદ્ધ કરવું એ મનની લીલા છે એમ નીચે દર્શાવે છે.

૨. લીલાના વિરોધી ભાવને પ્રકટ કરવો એ દોષ. (ભગવાન્) અલૌકિક છે એવું જ્ઞાન (લીલાનું વિરોધી હોવાથી) દોષરૂપ છે. પ્રાકૃતોનું (ભગવાન્) અનુકરણ ન કરે તો એવું (દોષરૂપ) જ્ઞાન (ગોપોને) થાય; અને તેથી તેઓને એવું જ્ઞાન ન થાય તે માટે ભગવાન્ પ્રાકૃતોનું અનુકરણ કરે છે, એવો અર્થ છે. (ટિ)

૩. 'બે પ્રકારના' એટલે (૧) સાધારણ અને (૨) અસાધારણ (પ્ર) '(૧) પ્રમાણમાં નિષ્ઠા વાળા અને (૨) માત્ર (ભગવાનના) સ્વરૂપમાં જ નિષ્ઠાવાળા.' (લે) સાધારણ એટલે શ્રીકૃષ્ણ અને બલભદ્ર બંનેને સરખા માનનારા, પ્રમાણમાં નિષ્ઠાવાળા. અસાધારણ એટલે માત્ર શ્રીકૃષ્ણમાં જ નિષ્ઠાવાળા.

૪. 'બંનેએ' એટલે 'બલભદ્રે અને 'ભગવાને'. (પ્ર)

છ શ્લોકોથી ઉપાખ્યાન કહે છેઃ

**કદાચિદ્ યમુનાતીરે વત્સાંશ્ચારયતોઃ સ્વકૈઃ ॥**
**વયસ્યૈઃ કૃષ્ણબલયોર્જિઘાંસુર્દૈત્ય આગમત્ ॥૩૦॥**

એક સમયે યમુનાજીના તીર ઉપર શ્રીકૃષ્ણ અને બલભદ્ર પોતાના વયસ્યો સાથે વાછડાંઓ ચારતા હતા ત્યારે હણનાર દૈત્ય આવ્યો. ૩૦.

'એક સમયે' એટલે જ્યારે વાછડાંઓનો નિરોધ (કરવાનું) ભગવાને વિચાર્યું તે જ સમયે, યમુનાજીના તીર ઉપર તે બે વાછડાંઓ ચારતા હતા ત્યારે દૈત્ય આવ્યો, એવો વાક્યનો સંબંધ છે. પ્રાકૃત પુરુષો જ દોષવાળાં વાછડાંઓ ચારે, પરંતુ જે નિરોધ કરવા પ્રવૃત્ત થયા છે તે ભગવાન્ તો દોષવિનાનાં વાછડાંઓનું જ પાલન કરે એમ જણાવવા, તે એકઠાં થએલાં વાછડાંઓનો જે આ આસુરભાવ હતો તે વત્સાસુર તરીકે એકત્ર થએલો, તેથી તેના વધનું નિરૂપણ કરવામાં આવે છે. તે(વાછડાં)ઓ શુદ્ધ હતાં તેનું કારણ (શ્રીયમુનાજીનું) જલ હતું, અને દૈત્યના આવવાનું કારણ તો (યમુના) યમની બેન હતી તે હતું, અમે જણાવવા 'યમુનાજીના તીર ઉપર' શબ્દ યોજેલ છે. જે[1] બાલકો (ભગવાનની) અંદર રહેલા હતા તેમને બહાર કાઢેલા અને તેથી જ તેઓ ભગવદ્ભાવને પામેલા, કારણ કે તેઓ સર્વ રીતે (ભગવાનના) સરખી વયવાળા હતા. તેથી ભક્ત કાલે પોતાની (છાતીની) અંદર સમાવેલા[1] તેઓ (ભગવાનની) મૈત્રીને યોગ્ય હતા, તેથી 'પોતાના વયસ્યો સાથે' એમ કહેલ છે. 'શ્રીકૃષ્ણ અને બલભદ્ર' ચારતા હતા ત્યારે, એમ પહેલાંની ('ચારયતોઃ' શબ્દ પહેલાં આવ્યો તેની) સાથે જ સંબંધ છે. 'હણનારો' એટલે ઘાત કરનાર ક્રૂર, જેઓનું પાલન કરવાનું હતું તેઓના દોષરૂપ હોવાથી નામ વગરનો દૈત્ય, આવ્યો એટલે રમત કરતા હતા તે સ્થલે આવ્યો. ૩૦.

(ભગવાને) તેને પકડ્યો એમ નીચેના શ્લોકમાં કહે છેઃ

**તં વત્સરૂપિણં વીક્ષ્ય વત્સયૂથગતં હરિઃ ॥**
**દર્શયન્ બલદેવાય શનૈર્મુગ્ધ ઈવાસદત્ ॥૩૧॥**

વાછડાંના રૂપવાળા તેને વાછડાંના ટોળામાં પેઠેલો જોઈને, બલદેવને (તેને) દેખાડતાં હરીએ ધીરેધીરે મુગ્ધની પેઠે તેને પકડ્યો. ૩૧.

તે દોષરૂપ પ્રસિદ્ધ (હતો). વાછડાંનાં જેવું રૂપ છે આનું (જેનું), તેવો

---

૧-૧. આ ભાગથી 'પોતાના' શબ્દનું તાત્પર્ય જણાવેલું છે. અહિં જણાવ્યો તેવો અર્થ ન હોય તો માત્ર 'વયસ્ય' (મિત્ર) પદથી જ કામ ચાલી શકત, અને તેથી 'પોતાના' શબ્દ વ્યર્થ થાત. આ વયસ્યો લીલા કરવાની હોય ત્યારે જ પ્રકટ થાય છે અને લીલાનું તિરોધાન થતાં, ઘરની અંદર રહેલી ગોપીઓ ભગવાનને પામેલી (જૂઓ ૧૦।૨૬।૯ થી ૧૧) તેઓની પેઠે આ વયસ્યોની પણ ભગવાનમાં જ સ્થિતિ થતી. (પ્ર)

વાછડાંના રૂપવાળો (હતો). તેવો (વાછડાંના રૂપવાળો) પણ જો (વાછડાંઓથી) જૂદો રહે તો કોઈ તેને જાણે પણ ખરું; પરંતુ વાછડાંના ટોળામાં પેઠેલો (હતો) એટલે વાછડાંના જેવાં (પોતાનાં રૂપ) અને આકૃતિ કરીને વાછડાંના ટોળામાં પેઠેલો હતો. (ભગવાને) તો તેઓના (વાછડાંઓના) ઉદ્ધાર માટે (તેને) મારવાનો હતો, કારણ કે આ (ભગવાન્) સર્વનું દુઃખ હરનારા છે. બલદેવ વિગેરેને પણ બીજા ધર્મનો[૧] સંબંધ (થએલ) હોવાથી નિંદા ન થાય તે માટે 'આ વાછડો અસુર છે' એમ (ભગવાને તેને) બલદેવને દેખાડ્યો. (ભગવાને બલદેવને તે) દેખાડ્યો તેથી જ તેણે દૈત્યના સ્વરૂપનો આવિર્ભાવ કર્યો[૨]. જો તેમ ન થયું હોત (ભગવાને તે બલદેવને દેખાડ્યો ન હોત) તો તે અવાચ્યતા[૩] પ્રાપ્ત કરત.

બલભદ્રે (તેના) તેવા ભાવને જાણ્યો ત્યારે ધીરેધીરે એટલે ભગવાનની કૃતિથી (તેનું) દૈત્યપણું જાગ્રત ન થાય[૪] તેવી રીતે, મુગ્ધની પેઠે એટલે (પોતે તેને) ન જાણતા હોય તે પ્રમાણે (ભગવાને) બીજા વાછડાને પકડતાં, રમત માટે આને પણ પકડ્યો, એમ 'મુગ્ધની પેઠે પકડ્યો' શબ્દોથી કહેલ છે. ('પકડ્યો' એટલે) શક્તિહીન કર્યો એવો અર્થ છે. (ભગવાને તેને) પકડ્યો તેથી જ દબાવવાથી જ શક્તિહીન થયો, અથવા ક્ષીણ થયો, અથવા સમાન ગતિને લીધે[૫] પકડ્યો. (ભગવાન્ તેને) સારી રીતે પકડે ત્યાં સુધી તેને (આ મને મારવા પકડવા આવે છે તેવું) જ્ઞાન ન થાય તે માટે (ભગવાને પોતાનો) મુગ્ધભાવ (ધારણ કરેલો). ૩૧.

પછી (ભગવાને) પકડીને તેને મારી નાખ્યો, એમ કહે છેઃ

**ગૃહીત્વાપરપાદાભ્યાં સહલાઙ્ગૂલમચ્યુતઃ ।।**
**ભ્રામયિત્વા કપિત્થાગ્રે પ્રાહિણોદ્ ગતજીવિતમ્ ।।૩૨।।**

અચ્યુતે (તેને) પૂંછડી સાથે બે પાછલા પગોથી પકડીને કોઠીની આગળ ફેરવીને મરણ પામે તેમ ફેંક્યો. ૩૨.

(તે) ઘણો બલવાન હોવાથી પૂંછડું ફેરવીને વિગેરે રીતે (પોતાનો) અપરાધ કરે નહિ તે માટે, પૂંછડી સાથે (તેના) બે પાછલા પગો પકડીને (ભગવાને

૧. 'બીજા ધર્મનો' એટલે 'પ્રાકૃત ધર્મનો'. (પ્ર)
૨. ભગવાનની ભાવના સત્ય હોવાથી, વત્સાસુરે પણ પોતાના દૈત્યપણાની ભાવના કરી, અને પોતાના મનની અંદર પોતાનું દૈત્યપણું જણાવ્યું એવો અર્થ છે. (લે)
૩. 'અવાચ્યતા પ્રાપ્ત કરત' એટલે 'અદૃશ્ય થાત' એવો અર્થ છે. (લે) બીજું કાંઈ કરવાની તેની શક્તિ ન હોવા છતાં આટલું તો તે કરત જ (અદૃશ્ય તો થાત જ) એવો અર્થ છે. (પ્ર)
૪. મનમાં તેણે પોતાના દૈત્યપણાની ભાવના કરેલી, પરંતુ ભગવાન્ કાંઈ તેને તે જાણે તેમ મારવા પકડવાની કૃતિ કરત તો બહાર પણ તે પોતાનું દૈત્યપણું પ્રકટ કરત એવો અર્થ છે. (લે)
૫. જેટલું દોડીને બીજા વાછડાને (ભગવાન્) પકડતા, તેટલું જ દોડીને આને પણ પકડ્યો. (પ્ર)

તેને ફેંક્યો). (ભગવાનને) પોતાને તે મારે એવો ભય તો હતો જ નહિ, કારણ કે આ (ભગવાન્) 'અચ્યુત' છે. કૉઠીના ઝાડની આગળ (તેને) ફેરવીને, (ભગવાને તેને) કૉઠનાં ફળો પાડવા માટે (કૉઠી ઉપર) ફેંક્યો. ભગવાનની એક ક્રિયા અનેક કાર્ય કરે છે તેથી કૉઠાં પાડવા માટે (તેને) (કૉઠીના) વૃક્ષ ઉપર ફેંક્યો, અને તેને મુક્તિ ન મળે તે માટે તેને ભગવાનના શ્રીહસ્તનો સંબંધ હતો ત્યારે અથવા ભૂમિ ઉપર, અથવા વૃક્ષ ઉપર (તે પડ્યો) ત્યારે તેના પ્રાણ ગયા નહિ, (પણ) અંતરિક્ષમાં જ તેના પ્રાણ ગયા. તેથી જ મરણ પામે તેમ[1] એટલે અંતરિક્ષમાં જ પ્રાણ જાય (તેવી રીતે) (ભગવાને તેને) ફેંક્યો. ૩૨.

ભગવાને તેને ફેરવ્યો અને કૉઠી ઉપર ફેંક્યો ત્યારે તેનું શરીર બાલકોએ જોયું જ ન હતું, પાછળથી ફલ (કૉઠાં) સાથે તેને જોયું, એમ કહે છેઃ

**સ કપિત્થૈર્મહાકાયઃ પાત્યમાનૈઃ પપાત હ ।।**
**તં વીક્ષ્ય વિસ્મિતા બાલાઃ શશંસુઃ સાધુ સાધ્વિતિ ।।૩૩।।**

પડાતાં કૉઠાંઓની સાથે તે મોટા દેહવાળો પડ્યો. તેને જોઈને વિસ્મય પામેલા બાલકોએ 'બહુ સારું; બહુ સારું' એમ પ્રશંસા કરી. ૩૩.

તેનાથી જ પડાતાં ફલો કૉઠાંઓની સાથે, તે મોટા દેહવાળો પડ્યો. બાલકોએ જાણ્યું કે મોટું કૉઠું અથવા કૉઠીના ઝાડનું ડાળું પડે છે. તે(દૈત્ય)નું પડવું અને તેની જાડાઈ બહુ આશ્ચર્યકારક હતાં, તેથી 'હ' એ શબ્દ યોજેલ છે. તેને પડેલો જોઈને, 'આ દૈત્ય ક્યાંથી ? કેવી રીતે પડ્યો ?' એમ બાલકો વિસ્મય પામ્યા. ભગવાને તેને પાડેલો છે એમ જાણીને, (તેઓએ) 'બહુ સારું, બહુ સારું' એમ પ્રશંસા કરી. (ભગવાને તેને) જાણ્યો, પકડ્યો, ફેંક્યો અને મારી નાખ્યો, એ દરેક(કાર્ય)ની પ્રશંસા કરી એમ જણાવવા, 'બહુ સારું, બહુ સારું' એમ બે વાર કહેલું છે, અથવા (બાલકોને) આશ્ચર્યની લાગણી (થઈ તે) જણાવવા એ બે વાર કહેલ છે. આથી લોકમાં નિંદા થઈ નથી એમ જણાવેલ છે. ૩૩.

પરલોકમાં પણ નિંદા થઈ નથી, એમ જણાવવા દેવો (વત્સાસુરના વધથી) આનંદ પામ્યા, એમ નીચેના શ્લોકમાં કહે છેઃ

**દેવાશ્ચ પરિસન્તુષ્ટા બભૂવુઃ પુષ્પવર્ષિણઃ ।।**

૧. 'ગતજીવિતમ્' ક્રિયાવિશેષણ છે. આ 'પ્રાહિણોત્' શબ્દ પછી શ્લોકમાં કહેલ છે. તેથી કૉઠીના ઝાડ ઉપરથી તે પડતો હતો ત્યારે વચમાં આકાશમાં જ તેના પ્રાણ ગયા એમ જાણવું. પદ્મપુરાણના ઉત્તરખંડમાં ભગવાને વત્સાસુરને માર્યો ત્યારે તેમનું વય ત્રણ વર્ષનું હતું એમ કહેલ છે. ત્યાં પણ તિથિ કહેલી નથી. (પ્ર) પ્રકાશમાં 'ગતજીવિતમ્' ક્રિયાવિશેષણ છે, એમ કહેલ છે તેથી તે પ્રમાણે અર્થ કરેલ છે. ભગવાને વત્સાસુરને પકડીને ફેંક્યો ત્યાં સુધી તેના પ્રાણ ગયા ન હતા, કારણ કે તેના પ્રાણ અંતરિક્ષમાં જ ગયા, એમ સુબોધિનીમાં જ કહેલું છે, તેથી આ વિશેષણ નથી, પણ ક્રિયાવિશેષણ જ છે.

**વત્સાસુરં હતં શ્રુત્વા વ્રજે ગોપ્યશ્ચ વિસ્મિતાઃ ।।૩૪।।**

અને દેવોએ ઘણો સંતોષ પામી પુષ્પોની વૃષ્ટિ કરી. વત્સાસુરને હણાએલો સાંભળીને વ્રજમાં ગોપીઓ વિસ્મય પામી. ૩૪.

અને દેવોએ 'બહુ સારું, બહુ સારું' એમ પ્રશંસા કરી; અને ઘણો સંતોષ પામ્યા એટલે દૈત્યના વધથી સર્વ તરફથી(બધી રીતે) સંતોષ પામ્યા. વાછડાંઓ માં દૈત્યોનો અને દેવોનો ભોગ હોય છે[1], હવે દૈત્યનો વધ થવાથી દેવોનો જ ભોગ રહેશે તેથી (તેઓને) સર્વ રીતે સંતોષ થયો; અને (તેઓએ) પુષ્પોની વૃષ્ટિ કરી. (આ પ્રમાણે) તેઓની વાણીની, મનની અને કાયાની ક્રિયાઓ (અનુક્રમે પ્રશંસા, સંતોષ અને પુષ્પવૃષ્ટિ)નું નિરૂપણ કરેલું છે.

અહિં અર્ધ શ્લોક ગ્રંથમાં આપેલ નથી. 'વત્સાસુરને હણાએલો સાંભળીને વ્રજમાં ગોપીઓ વિસ્મય પામી' એવો અર્થનો તે અર્ધ શ્લોક છે. ૩૪.

'એ પ્રમાણે વત્સાસુર હણાતાં, ફરીથી કોઈ બીજો વત્સાસુર (આવે), એવા ભયથી બાલકોએ અથવા ભગવાને વાછડાંઓ ચારવાનું કર્યું નહિ હોય' એવી શંકાનું નિવારણ કરવા, નીચેનો શ્લોક કહે છેઃ

**તૌ વત્સપાલકૌ ભૂત્વા સર્વલોકૈકપાલકૌ ।।**
**સપ્રાતરાશૌ ગોવત્સાંશ્ચારયન્તૌ વિચેરતુઃ ।।૩૫।।**

વાછડાં પાલનારા થઈ, સર્વ લોકોને એકલા પાલનારા તે બે, ગાયોનાં વાછડાંઓને (તેમની) સાથે સવારે ભોજન કરીને ચારતા ફરતા હતા. ૩૫.

'સર્વ લોકોને એકલા પાલનારા હોવા છતાં વાછડાં પાલનારા થઈ ફરતા હતા' એવો (વાક્યનો) સંબંધ છે. કોઈવાર વાછડાં ચારતા હતા એમ નહિ, પરંતુ તે (વાછડાં ચારવાના) ધંધાવાળા હોય તેમ સદા (વાછડાં) ચારતા. તેથી 'વાછડાં પાલનારા' (છે) એવી જ રીતે તેઓ લોકમાં પ્રસિદ્ધ થયા; અને 'સર્વ લોકોને એકલા પાલનારા' તરીકે (પ્રસિદ્ધ હતા). સર્વ લોકોના મુખ્ય પાલનાર તેઓ નહિ હોય એવી શંકા ન રહે, તે માટે 'એક' 'એકલા' પદ યોજેલું છે. એ બેઉ (રીતે) (વાછડાં પાલનારા, અને સર્વ લોકોને એકલા પાલનારા) (તે) પ્રસિદ્ધ હતા એમ જણાવવા, 'ભૂત્વા' 'થઈને' પદ એ બેની વચ્ચે મૂકેલું છે. 'વેદ કરતાં લોકમાં થએલ પ્રસિદ્ધિ દુર્બલ છે, તેથી (તેઓનું) વાછડાં પાલનાર હોવાપણું ગૌણ હશે (મુખ્ય નહિ હોય)' એવી શંકા થાય, તેથી 'તે' (એ બેમાં) પહેલા કહેલું છે. સંધ્યા સુધી વાછડાં ચરાવવાનું (કાર્ય) કરવું જોઈએ. તેથી વાછડાંઓને ધાવવાના સમયે

૧. 'બે પ્રાજાપત્ય....' એ ન્યાયે (વાછડાંઓમાં દેવભાવ અને દૈત્યભાવ એવા) બે પ્રકારના ભાવ રહેલા છે. હવે તેમનામાંથી આસુરભાવ જતો રહેલ હોવાથી, તેઓનો માત્ર દેવભાવ રહ્યો, એવો અર્થ છે. (લે)

જ સવારમાં ભોજન કરીને, (વાછડાંઓ) સાથે સવારે ભોજન કરીને, ધર્મમાં ઉપયોગી ગાયોનાં વાછડાંઓને ચારતા (તે બે) પોતે પણ ફરતા હતા. ૩૫.

એ પ્રમાણે વાછડાંઓના દોષનો પરિહાર કરી, (તેઓનું) પાલન કરનાર (ગોપો)ના દોષનો પણ પરિહાર કરવા દંભરૂપ બકને (ભગવાને) માર્યો, એમ (કહેવા) નીચેના શ્લોકથી આરંભી નવ શ્લોકોથી ઉપાખ્યાન કહે છેઃ

**સ્વં સ્વં વત્સકુલં સર્વે પાયયિષ્યન્ત એકદા ।।**
**ગત્વા જલાશયાભ્યાસં પાયયિત્વા પપુર્જલમ્ ।।૩૬।।**

એક દિવસ પોતપોતાના વાછડાંના સમૂહને પાણી પાવાની ઈચ્છાથી બધા જલાશય પાસે ગયા, અને (વાછડાંઓને) જલ પાઈને (પોતે) પીધું. ૩૬.

**યમુનાજલપાનેન દોષઃ સર્વો વિનિર્ગતઃ ।।**
**એકીભૂતો બકઃ પ્રોક્તો જલપાનાત્ સ દશ્યતે ।।કા. ૧૫।।**

યમુનાના જલના પાનથી બધો દોષ[1] બહાર નીકળ્યો. તે એકઠો થએલો ‘બક’ કહેવાયો અને જલના પાનથી દેખાયો. કા. ૧૫.

**અતઃ પાનં દર્શનં ચ તેનોપદ્રવ એવ ચ ।।**
**તતઃ સર્વાપરાધશ્ચ તદ્વધોપાય એવ ચ ।।કા. ૧૬।।**
**તદ્વધશ્ચ સ્તુતિર્દેવૈર્ગોપાનાં તોષ એવ ચ ।।**
**તથૈવ ગોકુલસ્થાનાં નવ પ્રાણા હિ શોધિતાઃ ।।કા. ૧૭।।**

તેથી યમુનાજલનું પાન(શ્લોક ૩૬), બકનું દર્શન(શ્લોક ૩૭), અને તેણે જ કરેલો ઉપદ્રવ(શ્લોક ૩૮), પછી સર્વનો તેનાથી થએલ અપરાધ(શ્લોક ૩૯), અને તેના વધનો જ ઉપાય(શ્લોક ૪૦), અને તેનો વધ(શ્લોક ૪૧), દેવોએ કરેલી ભગવાનની સ્તુતિ (શ્લોક ૪૨), ગોપોનો સંતોષ(શ્લોક ૪૩), અને તેવી જ રીતે ગોકુલમાં રહેલાઓને થએલો સંતોષ(શ્લોક ૪૪), (એમ ગોકુલમાં રહેલાઓના)[2] નવ પ્રાણો શુદ્ધ કરેલા[3] છે. કા. ૧૬-૧૭.

પ્રથમ બક દેખાય તે માટે યમુનાજી પાસે[4] ચારેલાં વાછડાંઓને જલપાન કરાવીને, (ગોપોએ) પોતે પણ જલ પીધું, એમ આ શ્લોકમાં કહે છે. ‘વત્સકુલમ્’

૧. ‘દોષ’=‘દંભરૂપ દોષ’ તેમનામાંથી બહાર નીકળ્યો એટલે તેમનાથી છૂટો પડ્યો. આ દોષ બહારના બાલકોમાં જ હતો, પરંતુ ભગવાનમાં જે બાલકો હતા અને જેમને તે બહાર કાઢતા તેમનામાં ન હતો. (પ્ર)
૨. આ પદનો બંને બાજુએ (સંતોષ અને નવ પ્રાણો બંને સાથે) સંબંધ છે. (કા)
૩. નવ શ્લોકોનો વાક્યાર્થ આ કારિકાઓથી કહેલો છે. શ્લોકો નવ છે, એ સંખ્યાનું તાત્પર્ય અહિં છેવટે ‘નવ પ્રાણો શુદ્ધ કરેલા છે’ શબ્દોથી જણાવેલું છે. (કા)
૪. ‘યમુનાયાં’ એ સાતમી વિભક્તિ સામીપ્યના અર્થમાં મૂકેલી છે. (પ્ર) તેથી ‘યમુનાજી પાસે’ એવો અર્થ થાય છે.

એટલે વાછડાંઓનો સમૂહ. બધાયને (દરેકને) ઘણાં વાછડાંઓ હતાં તેથી બધા ગયા હતા. તેમ ન હોત (બધા ગયા ન હોત) તો બધાને (બક) દેખાત નહિ. આ બક બધા(ગોપો)ને સરખો હતો, તેથી બધાએ એક સરખી (જલપાનની) ક્રિયા કરી. 'એક દિવસ' એટલે જ્યારે બાલકોને દોષમાંથી મુક્ત કરવા છે એવી ભગવાનની ઈચ્છા થઈ ત્યારે, જલની સમીપ જઈને, વાછડાંના સમૂહને જલ પાઈને, (ગોપોએ) પોતે જલ પીધું. ૩૬.

પછી દોષરૂપ બકને તેઓએ જોયો, એમ નીચેના શ્લોકમાં કહે છેઃ

**તે તત્ર દદૃશુર્બાલા મહાસત્ત્વમવસ્થિતમ્ ।।**
**તત્રસુર્વજનિર્ભિન્નં ગિરેઃ શ્રૃંગમિવ ચ્યુતમ્ ।।૩૭।।**

ત્યાં તે બાલકોએ વજ્રથી ભાંગી જઈ પડેલા પર્વતના શિખરના જેવું મોટા પ્રાણીને પાસે ઉભેલું જોયું અને ભય પામ્યા. ૩૭.

તે બધાએ બાલકોએ એટલે ભય પામે તેવાઓએ ત્યાં એટલે જલની નજીક મોટા એટલે ભયાનક પ્રાણીને નજીક મૃત્યુ ઉપજાવનાર તરીકે ઉભેલું પ્રથમ જોયું, અને પછી (તેઓ) ભય પામ્યા. છતાં ભગવાનની કૃપાથી તેઓએ તેને હણાએલું જ જાણ્યું; તેમ ન હોત તો ઘણા ભયને લીધે તેઓના પ્રાણ જાત, એમ 'વજ્રથી ભાંગી જઈ પડેલા પર્વતના શિખર જેવું તેને જોયું' શબ્દોથી કહેલ છે; કારણ કે જગતને પીડા કરનાર કંસને ભગવાને વજ્રથી[1] હણેલો જ છે, અને આ તેના શૃંગ (શિખર, સાર્વભૌમપણું) જેવો હતો તે પણ અહિં પડેલો છે, એટલે આ અહિંથી પાછો વળી જઈ શકે તેવી શંકા (રહેતી) નથી. તેથી આનો રમત માટે જ ઉપયોગ થશે, પરંતુ પીડા (કરવા) માટે ઉપયોગ થશે નહિ. માત્ર બાલકોને તેના દર્શનમાત્રથી જ ભય થયો. (બીજી કાંઈ પીડા તે કરી શકશે નહિ). ૩૭.

તે બધાએ બાલકોને ભગવાને પ્રપંચરહિત કરેલા, તેથી આ તેઓના દોષે (દોષરૂપ બકે) ભગવાનનો અપકાર કર્યો, એમ નીચેના શ્લોકમાં કહે છેઃ

**સ વૈ બકો નામ મહાનસુરો બકરૂપધૃત્ ।।**
**આગત્ય તરસા કૃષ્ણં તીક્ષ્ણતુણ્ડોઽગ્રસદ્ બલી ।।૩૮।।**

તે બક(બગલા)નું રૂપ ધારણ કરનાર, તીક્ષ્ણ ચાંચવાળો બલવાન બક નામનો મોટો અસુર ઝડપથી આવી શ્રીકૃષ્ણને ગળી ગયો. ૩૮.

(બક એટલે બગલો એ) નામની પ્રસિદ્ધિથી જ તેનો દોષ સ્પષ્ટ (જણાય છે). 'મોટો અસુર' એટલે વત્સાસુર કરતાં પણ તે મોટો હતો, કારણ કે તે ભગવદીઓનો દોષ હતો. તેણે બકનું રૂપ જ ધારણ કરેલ. તેની ઉપાસ્ય દેવતા

---

૧. 'વજ્રથી' એટલે આકાશવાણીરૂપ વાણીના વજ્રથી (જૂઓ ૧૦।૧।૩૪). (પ્ર)

પણ તે જ[1] હતી અને તે સ્વરૂપથી પ્રસિદ્ધ હતી. દેવના અનુગ્રહથી તે મોટો હતો. તેથી જ ઝડપથી આવીને લોભ અને અસત્યરૂપ ચાંચો (ઉપલી તથા નીચેની ચાંચો) છે જેની તેવો, બલવાન એટલે ક્રિયાશક્તિ જેનામાં મુખ્ય હતી તેવો તે શ્રીકૃષ્ણ એટલે સદાનંદને ગળી ગયો; કારણ કે લોભ[2] આનંદને, અને અસત્ય સત્(સત્ય)ને ગળે છે જ. 'જે જે પ્રકારે તેની ઉપાસના કરે છે..' શ્રુતિ પ્રમાણે ભગવાને જ ભગવાનને વશ કર્યા. ૩૮.

ગોપોને ભગવાન્ માટે જે પ્રેમ હતો તે જણાવવા માટે જ ભગવાને જ તે પ્રમાણે(ભગવાનને વશ) કરેલ[3], તેથી ગોપોનો ભગવાન્ માટેનો પ્રેમ જણાવે છેઃ

**કૃષ્ણં મહાબકગ્રસ્તં દૃષ્ટ્વા રામાદયોઽર્ભકાઃ ।।**
**બભૂવુરિન્દ્રિયાણીવ વિના પ્રાણૈર્વિચેતસઃ ।।૩૯।।**

શ્રીકૃષ્ણને મોટા બકે ગળેલા જોઈને રામ વિગેરે બાલકો જેમ પ્રાણો વિના ઈન્દ્રિયો બેભાન થાય તેમ બેભાન થયા. ૩૯.

મોટો બક એટલે (બક અસુર) જેની ઉપાસના કરતો હતો તે. તેણે (શ્રીકૃષ્ણને) ગળેલા જોઈને રામ વિગેરે બાલકો બેભાન થયા, કારણ કે તેઓના પ્રાણ તેમનામાં (શ્રીકૃષ્ણમાં) હતા. ક્રિયા(કરવા)નું, અથવા જાણવાનું તેમનું સામર્થ્ય સર્વ પ્રકારે જતું રહ્યું હતું એમ જણાવવા, 'જેમ પ્રાણો વિના ઈન્દ્રિયો (બેભાન થાય તેમ)' એવું દૃષ્ટાંત કહે છે. એક[4] (પ્રાણ) તો લોકમાં દૃષ્ટાંત થતો નથી એમ જણાવવા, 'પ્રાણો' એમ બહુવચન યોજેલું છે. ૩૯.

લોભ અને અસત્યથી જ સદાનંદ (આનંદ અને સત્ય) નો તિરોભાવ થાય છે. તેથી ચાંચના ભાગથી નીચે ગએલા ભગવાને સરસ્વતીના સ્થાન[1] કંઠમાં વેદોનું

---

૧. અસુરો જેની ઉપાસના કરે છે તેવા, બકની આકૃતિવાળા માયારૂપ ભગવાનની આ ઉપાસના કરતો એવો અર્થ છે. (લે)

૨. લોભ દુઃખ ઉત્પન્ન કરાવનાર છે. દુઃખ એટલે આનંદનો અભાવ. આનંદનો અભાવ ઉત્પન્ન કરાવનાર લોભ બલવાન હોવાથી તે આનંદને તિરોહિત કરે એ યોગ્ય જ છે. (લે)

૩. '(ભગવાનનું) બીજું (અસુરોએ ઉપાસના કરવા યોગ્ય માયારૂપ) રૂપ મૂલરૂપને વશ કરે એ યોગ્ય નથી' એવી શંકા થાય, તેનું નિવારણ આથી થાય છે એમ જાણવું. (પ્ર)

૪. 'એક' એટલે મુખ્ય પ્રાણ. પ્રસિદ્ધિ નહિ હોવાથી તે દૃષ્ટાંત થતો નથી એવો ભાવ છે. (પ્ર) ''બકે તો એક શ્રીકૃષ્ણને જ ગળેલ, અને દૃષ્ટાંતમાં તો 'પ્રાણો (પાંચ પ્રાણો હોય છે) વિના' એમ કહેલ છે. તેથી આ દૃષ્ટાંત યોગ્ય નથી,'' એવી શંકા થાય તેથી આ કહેલ છે. લોકમાં એક જ પ્રાણ પ્રસિદ્ધ નથી. પ્રાણ જાય ત્યારે પાંચે સાથે જાય છે. તેથી લોકમાં જણાય તે માટે 'પ્રાણો' શબ્દ બહુવચનમાં યોજેલ છે.

૧. પરા, પશ્યંતી, મધ્યમા અને વૈખરી, એવી શબ્દની ચાર અવસ્થા છે એમ માનીએ, તો તેની મધ્યમા અવસ્થાનું આ સ્થાન છે. આધિદૈવિક અર્થ શબ્દની સાથે રહે છે, અને પુરુષ પુરને

પ્રમાણપણું[1] જણાય તે માટે, બકના તાળવાના મૂલને બાળવા માંડ્યું. મરી વિગેરે તીક્ષ્ણ દ્રવ્યો પણ બળતરા ઉત્પન્ન કરે છે, તેથી તેમનાથી બળતરા થતી ન હતી એમ જણાવવા, અગ્નિના જેવી બળતરા કહેલી છે. તે પ્રમાણે ભગવાન્ તેના તાળવાના મૂલને બાળવા મંડ્યા, એટલે તેણે ભગવાનને છોડી દીધા એમ કહે છેઃ

**તં તાલુમૂલં પ્રદહન્તમગ્નિવદ્ ગોપાલસૂનું પિતરં જગદ્ગુરોઃ ।।**
**ચચ્છર્દ સદ્યોઽતિરુષાક્ષતં બકસ્તુણ્ડેન હન્તું પુનરભ્યપદ્યત ।।૪૦।।**

અગ્નિની પેઠે તાળવાનાં મૂલને સારી રીતે બાળતા તે ગોપાલના પુત્ર અને જગદ્ગુરુના પિતાને બકે ઑકી કાઢ્યા. અને ઈજા વિનાના (તેમને) ઘણા ક્રોધથી ચાંચથી મારવા ફરીથી તે તરત (તેમની) પાસે આવ્યો. ૪૦.

તાળવાનું મૂલ એટલે કંઠસ્થાન. સારી રીતે (બાળવું) એટલે ગળવાનું સામર્થ્ય હરવું.

'પાપરહિત(ભગવાન)નો તાળવાના મૂલ સાથે કેમ સંબંધ થયો ?' એવી શંકા થાય, તેથી 'ગોપાલના પુત્ર' પદ યોજેલ છે. ગોપાલના પુત્ર થતાં, ભગવાને તાળવાના મૂલ સાથે સંબંધ પણ કર્યો એવો અર્થ છે.

'એ બંનેને[2] ભગવાને કેમ એ પ્રમાણે દેખાડ્યા ?' એવી શંકા થાય, તેથી 'જગદ્ગુરુના પિતાને' શબ્દો યોજેલ છે. ભગવાન્ બ્રહ્માના પણ પિતા છે. 'તે તું છે' એવો તે સર્વને ઉપદેશ કરે છે તેમાં અસંભવિતપણું હોવાથી[3] કોઈપણ તેને (તે ઉપદેશને) માનતું નથી. તેને આ[4] શીખવવા ભગવાને એમ કર્યું. આથી જ ભગવાનનું મોટાપણું સૂચવેલું છે, અને તે બકને કેમ મારશે એવી શંકાનું નિવારણ

---

બાળે છે એમ વેદ કહે છે. તેથી એ વેદનું પ્રમાણપણું સચવાઈ રહે તેથી એમ કરેલ. (આધિદૈવિક અર્થરૂપ પુરુષ ભગવાને તે શબ્દના સ્થાન પુરને બાળવા માંડેલ). (પ્ર) સરસ્વતીનું સ્થાન એટલે કંઠનો પ્રદેશ એવો અર્થ છે. (યો)

૨. 'બંને' એટલે 'પાપરહિતપણું અને તાળવાના મૂલ સાથે સંબંધ.' (પ્ર) તાળવાનાં મૂલ સાથે સંબંધ અને ગોપાલના પુત્ર હોવાપણું, એ બે અહિં કહેલાં હોય એમ જણાય છે.

૩. 'તે તું છે' વાક્યમાં જીવ અને ભગવાનનો અભેદ જણાવેલ છે. સર્વજ્ઞ ભગવાન્ સાથે અલ્પ જાણનાર જીવનો અભેદ સંભવતો નથી, તેથી લોકો એ ઉપદેશ માનતા નથી. આ અસંભવિત પણું દૂર કરવા ભગવાને ગોપાલના પુત્રપણું અને જગદ્ગુરુના પિતાપણું, એમ વિરુદ્ધ ધર્મો પોતામાં દેખાડ્યા. ભગવાને તેને ઉપદેશ આપવા આ પ્રમાણે કર્યું. જેમ ભગવાન્ ગોપાલના પુત્ર હોવા છતાં જગદ્ગુરુના પિતા છે, તેમ જીવ પણ જીવ હોવા છતાં બ્રહ્મ છે. (યો)

૪. જેમ ગોપાલના પુત્ર (ભગવાન્) પણ બ્રહ્માના પિતા તરીકે પરબ્રહ્મરૂપ જ છે, તેમ પ્રાકૃત સંઘાતમાં જણાતો હોવા છતાં જીવ પણ અક્ષરરૂપ છે એમ શીખવવા, એવો અર્થ છે. (ટિ) આ બોધ આપવાનું પ્રયોજન ૨।૭।૩૪માં જણાવ્યા પ્રમાણે તેને મુક્તિ માટે યોગ્ય કરવાનું હતું એમ જણાય છે. (પ્ર)

કરેલું છે. વળી ગરુડે સાધારણ બ્રાહ્મણને ખાધો હતો તેણે પણ ગરુડના તાળવાંને પણ બાળ્યું હતું; તો પછી બ્રહ્માના પણ પિતા પરબ્રહ્મ તેમ કરે એમાં કહેવું જ શું ? તેથી બકે તેમને ઑકીને બહાર કાઢ્યા. જો તેમ ન કરે તો તે (બક) બળી જ જાય. જો એટલું જ કરીને (ઑકીને બહાર કાઢીને) જતો રહેત તો તે જીવત, (પરંતુ) ફરીથી ક્રોધથી, કોઈપણ અંશે જેમને ઈજા થઈ નથી તેવા ભગવાનને, બીડેલી ચાંચથી પીડા કરવા તે તેમની પાસે આવ્યો. તેના ઘણા ક્રોધને લીધે દેવતાનો તેનામાંથી તિરોભાવ થયો. ૪૦.

પોતાના સામર્થ્યથી (ભગવાનને) મારવા પ્રવૃત્ત થયો ત્યારે દૂરથી જ ભગવાને તેને મારી નાખ્યો, એમ નીચેના શ્લોકમાં કહે છેઃ

**તમાપતન્તં સ નિગૃહ્ય તુણ્ડયોર્દોર્ભ્યાં બકં કંસસખં સતાં ગતિઃ ।।**
**પશ્યત્સુ બાલેષુ દદાર લીલયા મુદાવહો વીરણવદ્ દિવૌકસામ્ ।।૪૧।।**

સત્પુરુષોના આશ્રય અને દેવોને આનંદ આપનાર તેમણે ધસી આવતા તે કંસના મિત્ર બકને બે હસ્તથી ચાંચોથી પકડી બાલકોના દેખતાં સ્હેલાઈથી વીરણ પેઠે ફાડી નાખ્યો. ૪૧.

ચારે તરફ ધસી આવતા તે બકને, તેમણે એટલે દુઃખ દૂર કરનાર શ્રીકૃષ્ણે પકડીને, અથવા તેનો નિગ્રહ કરીને, તેની બે ચાંચો છૂટી છૂટી પકડીને ફાડીનાખ્યો.

'તેને મારી નાખવાનું[1] શું પ્રયોજન હતું' એવી શંકા થાય, તેથી 'કંસના મિત્ર' શબ્દો યોજેલ છે. જો બકને મારી ન નાખે તો કંસ મરે નહિ તેથી તેને માર્યો.

'કંસને પણ એવી રીતે શા માટે મારવો જોઈએ ?' એવી શંકા થાય, તેથી 'સત્પુરુષોના આશ્રય' શબ્દો યોજેલા છે. તે (ભગવાન) જ સત્પુરુષોનું રક્ષણ કરનારા છે. જો તેમ ન કરે (કંસને ન મારે) તો સત્પુરુષોની રક્ષા જ થાય નહિ, તેથી (તેને મારવો જોઈએ).

તે બક બાલકોનો જ દોષ હતો, તેથી બાલકોના દેખતાં તેને ફાડીનાખ્યો.

કેટલાક વળી એમ કહે છે કે 'બકમાંથી જે બહાર નીકળેલ ન હોય તે બકને હણનાર થઈ શકે નહિ' એવા મહાદેવ વિગેરેના (બકને આપેલ) વરદાનને સત્ય કરવા (ભગવાને બકના) મુખમાં પ્રવેશ કરેલો. તે જો સત્ય હોય તો (તે) બીજા કલ્પના અભિપ્રાયથી કહેલ હશે[2].

---

૧. દંભનું નિવારણ કરવાનું છે. આકૃતિ (બગલાની) સમાન હોવાથી દંભે જે દૈત્યમાં પ્રવેશ કરેલો છે, તે દૈત્યને મારવાનું એટલે તેનું નિવારણ કરવાનું શું પ્રયોજન ? એવો અર્થ છે. (લે)

૨. જો એવું મહાદેવ વિગેરેનું વરદાન હોય તો ભગવાને તેના ઉદર સુધી (તે વરદાન સત્ય કરવા) પ્રવેશ કરવો જોઈએ, અહિં તો ભગવાને તેના તાળવા સુધી જ પ્રવેશ કરેલો છે. તેથી એ વરદાન વિગેરે ભાગવતકલ્પની વાત નથી એવો અર્થ છે. (લે)

'તેને ફાડી નાખવામાં (ભગવાનના) બે હાથોને શ્રમ થયો હશે' એવી શંકા થાય, તેથી 'સ્હેલાઈથી' પદ યોજેલ છે.

'ઉપાસના કરનારનો વધ થાય ત્યારે જેમની તે ઉપાસના કરતો હોય તે દેવોને દુઃખ થાય' એવી શંકા થાય, તેથી 'દેવોને આનંદ આપનાર' શબ્દો યોજેલ છે. દેવોને તેથી (બકને મારવાથી) સંતોષ જ થયો. તેથી જ તેના (બકના) બે કટકાઓ, નીચે મુખ રહે તે પ્રમાણે મૂકેલા, સ્વર્ગમાં જેમની અતિ ઉત્તમ સ્થિતિ હતી તેવા જે દેવો ત્યાં (ભગવાને બકને માર્યો ત્યાં) આવેલા તેઓનું અતિ કોમલ આસન થયા, એમ 'વીરણ પેઠે' શબ્દથી કહેલ છે. વીરણ અમુક જાતનું ઘાસ છે અને તેનું આસન બનાવવામાં આવે છે. તેથી તેનો (બકનો) વધ થતાં દેવોનું હિત જ થયું; કારણ કે લોભ અને અસત્ય સહિત દંભ જાય, ત્યારે દેવો ભૂમિ ઉપર હવિષ્ પામે છે. ૪૧.

એ પ્રમાણે તે(બક)નું અધિષ્ઠાન કરેલ દેવોનો સંતોષ જણાવી, બધાએ સ્વર્ગવાસીઓને તેના વધથી સંતોષ થયો, એમ નીચેના શ્લોકમાં કહે છેઃ

**તદા બકારિં સુરલોકવાસિનઃ સમાકિરન્ નન્દનમલ્લિકાદિભિઃ ।।**
**સમીડિરે ચાનકશંખસંસ્તવૈસ્તદ્ વીક્ષ્ય ગોપાલસુતા વિસિસ્મિરે ।।૪૨।।**

તે સમયે બકના શત્રુને સ્વર્ગલોકમાં વસનારાઓએ નંદનવનના મોગરા વિગેરે પુષ્પોથી વધાવ્યા, અને નગારાં તથા શંખ(ના નાદ) સાથે સ્તુતિ કરી. તે જોઈને ગોપાલોના પુત્રો વિસ્મય પામ્યા. ૪૨.

બકના શત્રુ એટલે બકને હણનાર સર્વ વેદો અને બ્રાહ્મણોના પક્ષપાતી[1] (ભગવાન)ને બધાએ સ્વર્ગલોકમાં વસનારાઓએ નંદનવનમાં ઉત્પન્ન થએલા મોગરા વિગેરે પુષ્પોથી વધાવ્યા, એટલે (તેમના ઉપર) પુષ્પોની વૃષ્ટિ કરી. ગોપો (ભગવાનનું) માહાત્મ્ય જાણે તે માટે આનું વર્ણન કરેલું છે. માત્ર પુષ્પવૃષ્ટિથી (ભગવાનનું માહાત્મ્ય) બાલકોના જાણવામાં ન આવે, તેથી '(નગારાં તથા શંખના નાદ સાથે) સ્તુતિ કરી' શબ્દોથી સ્તુતિ અને વાજીંત્રો (વગાડવાનું) કહેલાં છે. નગારાં અને શંખ સાથે સ્તોત્રોથી સારી રીતે સ્તુતિ કરી. સ્તુતિ કરી શકે નહિ તેવા રાજસ અને તામસો પણ (એ પ્રમાણે કરવામાં સાત્ત્વિકો) સાથે હતા, એમ જણાવવા બે (પ્રકારનાં) વાજીંત્રો કહેલાં છે. આ સર્વ જોઈને ગોપાલોના પુત્રો, જે ઘણા મુગ્ધ (ભોળા, અજ્ઞાની) હતા અને શ્રીકૃષ્ણને પોતાની સમાન જાણતા હતા, તેઓને વિસ્મય થયો; એટલે તેઓ ઘણો વિસ્મય પામ્યા. પહેલાં તેઓએ

૧. 'બકના શત્રુ' શબ્દનું આથી તાત્પર્ય કહેલ છે. બકના (તાળવાના મૂલને) ભગવાને બાળેલું તેથી, અથવા તેને હણ્યો તેથી, ભગવાન્ વેદો તથા બ્રાહ્મણોના પક્ષપાતી થયા એમ જાણવું. (પ્ર)

(શ્રીકૃષ્ણનું) માત્ર માહાત્મ્ય જાણ્યું અને અત્યારે તો તેઓને આશ્ચર્ય થયું. ૪૨.

પછી તેઓએ (ગોપાલોના પુત્રોએ) ભગવાન્ સાથે વ્રજમાં આવી તેમનું માહાત્મ્ય (બધાને) કહ્યું, એમ નીચેના શ્લોકમાં કહે છેઃ

**મુક્તં બકાસ્યાદુપલભ્ય બાલકા રામાદયઃ પ્રાણમિવૈન્દ્રિયો ગણઃ ।।**
**પ્રત્યાગતં તં પરિરભ્ય નિર્વૃતાઃ પ્રણીય વત્સાન્ વ્રજમેત્ય તજ્જગુઃ ।।૪૩।।**

પ્રાણ વિના જેવો ઈન્દ્રિયોનો સમૂહ હોય તેવા રામ વિગેરે બાલકો બકના મુખમાંથી મુક્ત થએલા અને પાછા આવેલા તેમને પ્રાપ્ત કરી ભેટી સુખી થયા, (અને) વાછડાંઓને ભેગાં કરી, વ્રજમાં આવી તે કહ્યું. ૪૩.

(બાલકોએ વ્રજમાં તે કહ્યું), કારણ કે વાણી હૃદયમાં ચઢીને રહે છે. ભગવાનની પ્રાપ્તિ ઘણી ઈચ્છેલી છે એમ જણાવવા, અને દુષ્ટ નિમિત્ત[1] જતાં રહે ત્યારે તે (ભગવાનની પ્રાપ્તિ) થાય છે તેથી, 'બકના મુખમાંથી મુક્ત થએલાને પ્રાપ્ત કરી' એમ કહેલું છે. તેઓને (ભગવાન્ પ્રતિ) સ્નેહ જ થયો, પરંતુ માહાત્મ્ય(જાણવા)થી ભય થયો નહિ એમ જણાવવા, 'બાલકો' શબ્દ યોજેલો છે. રામ(બલભદ્ર)માં પણ તે સમયે ગૌણભાવ હોવાથી, (તે પણ) બાલકના જેવા જ હતા, તેથી 'રામ વિગેરે' એમ કહેલું છે. ભગવાન્ (બકના મુખમાંથી મુક્ત થઈ) પાછા પધાર્યા તે પહેલાં[2] તે રામ વિગેરે બાલકો (બાલકો) ન હતા[3], પરંતુ જેમ પ્રાણ વિનાનો ઈન્દ્રિયોનો સમુહ માત્ર ગોલકમાં પરિણમે છે, તેમ તેઓએ બીજી જ સંજ્ઞા કરેલી. પાછા આવેલા 'તેમને' એટલે ભગવાનને ભેટી તેઓ સુખી થયા. (ભગવાને) બકને માર્યો ત્યાર પછી પણ બાલકો ભગવાનની સમીપ ગયા નહિ; મૂર્ચ્છા પામેલા હોય તેમ ઘણા દુઃખથી પડેલા તે પાછા ઉભા થયા નહિ. પરંતુ ભગવાન જ (તેઓ હતા ત્યાં) પાછા પધાર્યા. (તેઓએ) તે સદાનંદ (ભગવાન)નું

---

૧. દુષ્ટ એટલે (ભગવાનની પ્રાપ્તિમાં) વિઘ્નરૂપ નિમિત્ત, ભગવાનની પ્રાપ્તિને અટકાવનારું, એવો અર્થ છે. તેવા વિઘ્નને દૂર કરી, ભગવાન્ પોતે જ મુક્ત થયા એમ કહેલ હોવાથી, ભગવાન્ સાધનથી પ્રાપ્ત થતા નથી, પરંતુ તેમની પ્રાપ્તિ અટકાવનાર વિઘ્નો દૂર કરવાથી જ પ્રાપ્ત થાય છે, એમ સૂચવેલું છે. (લે)

૨. ''ભગવાન્ પાછા પધાર્યા તે પહેલાં તે 'રામ વિગેરે બાલકો' જ ન હતા, તો તેઓને વિસ્મય કેમ થયો ?'' એવી શંકા થાય તો એમ જાણવું કે તેઓનો નિરોધ થાય તે માટે ભગવાને તેટલું (વિસ્મય થઈ શકે તેટલું) ચૈતન્ય તેમનામાં રાખેલું. એમ ન હોય તો 'બાલકોના દેખતાં' એમ પાછળ ૪૧મા શ્લોકમાં કહેલું છે તેનો પણ વિરોધ થાય. પદ્મપુરાણના ઉત્તરખંડમાં પાંચમા વર્ષની વયે ભગવાને આષાઢ વદ ૮ના રોજ બકને માર્યો એમ કહેલું છે. (પ્ર)

૩. ભગવાન્ પાછા પધાર્યા ન હતા ત્યાં સુધી રામ વિગેરે બાલકો બાલકો ન હતા, પરંતુ પ્રાણ વિના જેવો ઈન્દ્રિયોનો સમુહ હોય તેવા હતા, અને ભગવાનને પ્રાપ્ત કરી તેઓ રામ વિગેરે બાલકો થયા, એવો અન્વય છે.

આલિંગન કર્યું એટલે સર્વ તરફથી તેમનો સંબંધ થયો ત્યારે (તેઓ) સુખી થયા, પછી વાછડાંઓને ભેગાં કરી એટલે આડાંઅવળાં ગએલાં હોય તેમને પાછાં લાવી વ્રજમાં આવી, (તેઓએ) તે એટલે બકનો વધ વિગેરે (સર્વને) કહ્યું. ૪૩.

પછી જે થયું તે નીચેના શ્લોકમાં કહે છેઃ

**શ્રુત્વા તદ્ વિસ્મિતા ગોપા ગોપ્યશ્ચાતિપ્રિયાદૃતાઃ ।।**
**પ્રેત્યાગતમિવૌત્સુક્યાદૈક્ષન્ત તૃષિતેક્ષણાઃ ।।૪૪।।**

તે સાંભળીને ગોપો અને ગોપીઓ વિસ્મય પામ્યાં. ગોપીઓ અતિપ્રિયથી આદર પામી, અને મરણ પામીને આવેલ હોય તેની પેઠે, ઘણા પ્રેમને લીધે તૃપ્તિરહિત ચક્ષુઓથી દર્શન કરવા લાગી. ૪૪.

તે બકના વધનું શ્રવણ કરીને, ગોપો અને ગોપીઓ વિસ્મય પામ્યાં. ગોપીઓ સંબંધી વિશેષ (ખાસ વધારાનું) કહે છે, કે તેઓ 'અતિપ્રિયથી આદર પામી.' અતિપ્રિયથી એટલે ભગવાનથી તેઓ આદર પામી. પછી ઘણા આનંદથી તેઓએ (ભગવાનનાં) દર્શન કર્યાં, એમ '' 'ઔત્સુક્ય' એટલે 'ઘણા પ્રેમને લીધે' તૃપ્તિરહિત ચક્ષુઓથી દર્શન કરવા લાગી'' શબ્દોથી કહે છે. પામરોની બુદ્ધિને અનુસરીને શુક (અહિં) અશ્લીલ પણ કહે છે, કારણ કે તે સ્નેહની ઊંચામાં ઊંચી હદ છે. દર્શનની તીવ્ર ઈચ્છા ઘણા સ્નેહને લીધે મર્યાદા (હદ) વિનાની થાય છે અને તેને (તીવ્ર ઈચ્છાને) લીધે સર્વનો ત્યાગ કરી, પતિ વિગેરેના ભયને તજી દઈ (ગોપીઓ ભગવાનનાં) દર્શન કરવા લાગી. આ તેઓની બુદ્ધિ[૧] (કોઈએ તેમનામાં) ઉત્પન્ન કરેલી ન હતી, પરંતુ કુદરતી હતી એમ જણાવવા (તેઓનાં) નેત્રોની અતૃપ્તિ કહેલી છે. ૪૪.

તે (બકનો વધ) સાંભળીને વિચાર કરનારા નંદ વિગેરેને જે થયું તે આગળ કહેવા માટે, નીચેના શ્લોકથી તેઓના વિચાર જણાવે છેઃ

**અહો બતાસ્ય બાલસ્ય બહવો મૃત્યવોઽભવન્ ।।**
**અપ્યાસીદ્ વિપ્રિયં તેષાં કૃતપૂર્વં યતો ભયમ્ ।।૪૫।।**

અહો ! અરે ! આ બાલકનાં દુઃખનાં કારણો ઘણાં થયાં. પરંતુ તેઓનું જ અનિષ્ટ થયું, કારણ કે તેઓએ પહેલાં ભય કરેલો. ૪૫.

આ શ્લોકમાં તામસોએ જે વિચાર કર્યો તે કહેલ છે. એક જ (બાલક)ને બહુ ઉપદ્રવો થયા એમ આશ્ચર્ય જણાવવા, 'અહો !' શબ્દ યોજેલો છે. આપણું એવું ખરાબ અદૃષ્ટ છે કે આ બાલકને જ દુઃખ થવાનાં ઘણાં કારણો થયાં એમ

૧. 'આ બુદ્ધિ' એટલે 'મર્યાદા વિનાની બુદ્ધિ'. એવી બુદ્ધિ કોઈએ ઉત્પન્ન કરી હોય તો તે દૂર થતાં નેત્રોની તૃપ્તિ થાય એવો અર્થ છે. (લે) 'ભગવાનનાં દર્શન મર્યાદારહિત કર્યાં જ કરવાની બુદ્ધિ'ને 'આ બુદ્ધિ' કહેલી છે.

ખેદ દર્શાવવા, 'બત' 'અરે !' શબ્દ યોજેલો છે. એ પ્રમાણે હોવા છતાં, પૂતનાથી આરંભી બક સુધીના તેઓ(દુઃખના કારણો)નું જ અનિષ્ટ થયું, પરંતુ આ બાલક નું કાંઈ અનિષ્ટ થયું નહિ. તેનાં કારણની 'કારણ કે તેઓએ ભય પહેલાં કરેલો' શબ્દોથી કલ્પના કરે છે. 'જે હણે છે તે હણાય છે' એ ન્યાય પ્રમાણે ભય તો પહેલાં કરેલો[1] થાય છે. જો પોતે બીજાને (ભય) કરે તો (પોતે ભય) પ્રાપ્ત કરે. ભગવાન્ તો કોઈને (ભય) કરતા નથી, પરંતુ તેઓ (પૂતનાથી આરંભી બક સુધીના) (બીજાને ભય) કરે છે, તેથી તેઓને ભય થાય તે જ યોગ્ય છે. ૪૫.

રાજસો તો, તેઓનો અપકાર (અનિષ્ટ) માત્ર તેમના કર્મથી થતો નથી, પરંતુ ભગવાનના માહાત્મ્યથી થાય છે એમ નીચેના શ્લોકમાં કહે છે:

**અથાપ્યભિભવન્ત્યેનં નૈવ તે ઘોરદર્શનાઃ ॥**
**જિઘાંસયૈનમાસાદ્ય નશ્યન્ત્યગ્નૌ પતંગવત્ ॥૪૬॥**

છતાં પણ ઘોર દેખાવવાળા તેઓ આમનો પરાભવ કરી શકતા નથી. મારવાની ઈચ્છાથી આમની પાસે આવીને જેમ અગ્નિમાં પતંગીઆંઓનો નાશ થાય તેમ નાશ પામે છે. ૪૬.

જો કે પહેલા (જેમણે) ભય કરેલ હોય તેમને ભય થાય છે, છતાં (ભય પમાડવા) અયોગ્ય તરફ પ્રયત્ન કરવાથી તેઓનો નાશ થાય છે. એમ ન હોય તો[1] (ભગવાન્ પાસે આવ્યા) પહેલાં જ તેઓનો નાશ કેમ થએલો ન હોય ? તેથી પણ આ ભગવાનનો પરાભવ કરવા આવેલા હોવા છતાં[2], પરાભવ કરી શકતા નથી. (તેઓ) નમાલા છે એમ પણ નથી, કારણ કે પૂતના વિગેરે તેઓ પ્રસિદ્ધ (બલવાળા) છે. તેઓના બલની વાત દૂર રહી, (પણ) જેઓનો દેખાવ જ ઘોર છે તેવા, માત્ર દેખાવથી જ ભય ઉત્પન્ન કરનારા તેઓ છે, એવો અર્થ છે. તે વિષયમાં[3] દૃષ્ટાંત કહે છે કે 'મારવાની ઈચ્છાથી આમની પાસે આવીને નાશ પામે છે' એટલે (પોતાના) અભિપ્રાય[4] અને પ્રયત્નથી[5] વિરુદ્ધ ફલ[6] પ્રાપ્ત કરે છે. એવું અસંભવિત છે એમ માની 'અગ્નિમાં પતંગીઆંઓનો (નાશ થાય) તેમ' શબ્દોથી

---

૧. 'કૃતપૂર્વમ્' એ સમાસ છે. 'પૂર્વં કૃતં કૃતપૂર્વમ્' (એ પ્રમાણે છૂટો પડાય છે). (લે)

**૪૬/૧.** 'એમ ન હોય તો' એટલે 'જે સામો ભય ઉત્પન્ન કરી શકે નહિ તેવા હરકોઈને ભય કરવાથી પણ જો નાશ થતો હોય તો.' (લે)

૨. આ શ્લોકનો ઉત્તરાર્ધ ધ્યાનમાં લઈને આ વ્યાખ્યાન કરેલું છે. (લે)

૩. આ શ્લોકના ઉત્તરાર્ધનો અર્થ સાધારણ ધર્મવાળું દૃષ્ટાંત છે (તે કહે છે). (લે)

૪. તેઓનો અભિપ્રાય હણવાનો હોય છે. (લે)

૫. હણવાનો પ્રયત્ન, (મારવા) નજીક આવવું તે છે. (લે)

૬. અભિપ્રાય અને પ્રયત્નથી વિરુદ્ધ ફલ પોતાનો નાશ થાય છે તે છે. (લે)

દષ્ટાંત કહે છે. તે (પતંગીઆંઓ) પાંખવાળા નાના કીડાઓ પોતાને મોટા માને છે, અને 'અક્કલ વિનાના માણસો અગ્નિને તેજસ્વી માનીને શા માટે તેની એવી રીતે ઉપાસના કરે છે ? અમે તો અગ્નિને ઓલવી નાખીશું' એમ મોટા(અગ્નિ)ની અવગણના કરી, તેને ઓલવી નાખવા પ્રવૃત્ત થતાં પોતે જ નાશ પામે છે, એટલે બળી જાય છે, પણ અગ્નિને કાંઈ ઈજા થતી નથી. એવી રીતે આ ભગવાન્ ઘણા તેજસ્વી હોઈ તેઓને (પૂતના વિગેરેને) મારી નાખે છે એ યોગ્ય જ છે. ૪૬.

વળી નંદ વિગેરે બીજાઓ જે આ વૃત્તાંત પ્રમાણબલથી જ સિદ્ધ છે એમ માનતા હતા, તેઓએ આ બધું અદ્ભુત હોવાથી પ્રમાણની જ પ્રશંસા કરી એમ નીચેના શ્લોકમાં કહે છેઃ

**અહો બ્રહ્મવિદાં વાચો નાસત્યાઃ સન્તિ કર્હિચિત્ ।।**
**ગર્ગો યદાહ ભગવાનન્વભાવિ તથૈવ તત્ ।।૪૭।।**

અહો ! બ્રહ્મ જાણનારાઓની વાણી કોઈ પણ સમયે અસત્ય હોતી નથી. ભગવાન્ ગર્ગે જે કહેલ તેનો તે જ પ્રમાણે અનુભવ થયો. ૪૭.

બ્રહ્મ જાણનારાઓ કેવી રીતે ભવિષ્યમાં થનાર વૃત્તાંતને જાણે છે, એમ આશ્ચર્ય દર્શાવવા 'અહો !' શબ્દ યોજેલો છે. 'બ્રહ્મ જાણનારાઓ' શબ્દથી આની (તેઓ ભવિષ્યમાં થનાર વૃત્તાંત પહેલાંથી જાણે છે તેની) યોગ્યતા કહેલી છે; કારણ કે 'જે બ્રહ્મ જાણવાથી આ સર્વ જણાએલું થાય છે' એમ શ્રુતિ કહે છે. તેથી જ તેઓની વાણી કોઈ પણ સમયે અસત્ય હોતી નથી. બ્રહ્મ જાણનારાઓની અસત્ય વાણી ઉત્પન્ન થતી જ નથી, એમ કહેવા 'હોતી' શબ્દ યોજેલો છે.

'બ્રહ્મ જાણનારાઓની કઈ વાણી ?' એ જાણવાની ઈચ્છા થાય, તેથી 'ગર્ગે જે કહેલ' શબ્દો યોજેલ છે. તેનું (વાણી અસત્ય નહિ હોવાનું) કારણ 'ભગવાન્' શબ્દથી કહેલું છે. કારણ કે 'બ્રહ્મ જાણનારાઓ બ્રહ્મ જ થાય છે', તેથી તેઓનાં વચનના પ્રમાણપણા(સત્યતા)ને લીધે તેનો તે જ પ્રમાણે અનુભવ થયો. વેદવાદીઓ[૧] જે થવાનું છે તે જ શબ્દ (વેદ) કહે છે એમ માનતા નથી, પરંતુ '(વેદ) આજ્ઞા કરનાર છે, તેથી વેદ ઈશ્વર જ છે અને તેના વાક્યને લીધે જ ફલ પ્રાપ્ત થાય છે, પરંતુ ફલ પ્રાપ્ત કરાવનાર તરીકે ઈશ્વરની જરૂર નથી' (એમ માને

૧. 'વેદવાદીઓ' એટલે 'મીમાંસકો'. (પ્ર) જૈમિનિના અનુયાયીઓ એવો અર્થ છે. વ્યાસજીનો સિદ્ધાંત તો બ્રહ્મસૂત્ર ૩।૨।૩૮માં જણાવ્યા પ્રમાણે (ફલ આપનાર ભગવાન જ છે એવો) છે એમ જાણવું. નંદ પ્રમાણમાર્ગી છે, અને સાત્ત્વિક જ્ઞાન (સાત્ત્વિક ગોપોનું જ્ઞાન) આ શ્લોકનો અર્થ છે. વળી આ પ્રમાણપ્રકરણ છે, તેથી પ્રમાણની રીતે આ વ્યાખ્યાન કરેલું છે. પ્રમેયમાર્ગમાં ભગવાન જ સર્વ પ્રાપ્ત કરાવનાર છે એમ જાણવું. (લે)

છે). 'આમનાથી સર્વ અડચણો તમે સહેલાઈથી તરી જશો' (૧૦।૮।૧૭), 'ગુણોથી નારાયણની સામન છે' (૧૦।૮।૨૦), (એમ ગર્ગે કહેલું). તેથી તેના વાક્યથી આ બાલકના તેવા ગુણો ઉત્પન્ન થાય છે એવો ભાવ છે. ૪૭.

એ પ્રમાણે નંદ વિગેરેના ત્રણ પ્રકારના જ્ઞાનનું (પાછલના) ત્રણ શ્લોકમાં નિરૂપણ કરી, તેનું ફલ (પરિણામ) કહેતાં, ભગવાને કરેલા નંદના નિરોધને ફરીથી કહી નીચેના શ્લોકમાં (આ કથાનો) ઉપસંહાર કરે છે[1] :

**ઈતિ નન્દાદયો ગોપાઃ કૃષ્ણરામકથાં મુદા ।।**
**કુર્વન્તો રમમાણાશ્ચ નાવિન્દન્ ભવવેદનામ્ ।।૪૮।।**

એવી રીતે નંદ વિગેરે ગોપોએ આનંદથી શ્રીકૃષ્ણ અને રામની કથા કરતાં, અને આનંદ કરતાં, ભવની વેદના જાણી નહિ. ૪૮.

એવા ભાવથી નંદ વિગેરે ગોપો શ્રીકૃષ્ણ અને રામની કથા સ્વતંત્ર રીતે ફલ તરીકે કર્યા કરતા, અને તે જ કથાથી તેમને જે પરમ સુખ થતું તેથી આનંદ કરતા. 'ચ' 'અને' શબ્દથી એમ કહેલું છે કે તેઓ દેહને ભૂલી ગએલા, અથવા તેઓને બ્રહ્મ અને આત્માનો અનુભવ થએલો[2]. (એ પ્રમાણે કથા કરતાં અને તેથી આનંદ કરતાં) તેઓએ ભવની વેદના એટલે સંસારનું દુઃખ જાણ્યું નહિં. પ્રપંચનું પૂરેપૂરું વિસ્મરણ અને ભગવાનમાં આસક્તિ[3] એ નિરોધ છે. તેથી ભગવાને કરેલું કાર્ય નંદ વિગેરેમાં ફળ્યું. (નંદ વિગેરેને તેનું ફલ (નિરોધ) મળ્યું.) ૪૮.

એ પ્રમાણે બાલ્યભાવથી કરેલો નંદનો નિરોધ પૂર્ણ થતાં જે ભક્ત[1] કાલમાં રહેતાં[2] તેઓનો નિરોધ થએલો, તે કાલનો[3] પણ પ્રયોજન સિધ્ધ[4] થતાં (ભગવાને) ત્યાગ કર્યો[5] એમ નીચેના શ્લાકમાં કહે છેઃ

---

૧. શ્લોકમાં 'ઈતિ' શબ્દ છે તેનો અર્થ 'ઉપસંહાર કરે છે' એવો પણ જાણવો. (લે)
૨. સિધ્ધાંતમુક્તાવલી શ્લોક-૨ના ઉત્તરાર્ધમાં જણાવેલા પ્રકારનો અનુભવ તેઓને થયો એવો ભાવ છે. (લે)
૩. 'રમમાણાઃ' શબ્દનો 'પ્રેમવાળા' અર્થ કરી આમ કહેલ છે. (લે)
૧. 'ભક્તકાલ' એટલે કુમાર અવસ્થાની લીલા કરાવનાર આધિદૈવિક કાલ, એવો અર્થ છે. (યો)
૨. 'ભક્તકાલમાં રહેતાં' એટલે જે ભક્તકાલથી તેઓને ભગવાનનો સંગ થયો. (લે) 'રહેતાં' એટલે માત્ર કુમાર અવસ્થાની લીલામાં આસક્તિવાળાં થતાં. (યો)
૩. 'તે કાલ' એટલે આધિદૈવિક કુમાર અવસ્થાની લીલાનો કાલ. (યો)
૪. પ્રયોજન એટલે કુમાર અવસ્થામાં કરવા યોગ્ય નિરોધ. (લે) આ પ્રયોજન હોવાથી જ ગયા (૪૮મા) શ્લોકમાં 'શ્રીકૃષ્ણ અને રામની કથા કરતાં તેઓએ ભવની વેદનાને જાણી નહિ' એમ કહેલ છે. (યો)
૫. 'ત્યાગ કર્યો' એટલે 'સ્થાપ્યો' એવો અર્થ છે. 'પોતાના સૈન્યને બહાર તજી તેણે ગાઢ વનમાં પ્રવેશ કર્યો' વિગેરે વાક્યોમાં 'તજવું' એટલે 'સ્થાપન કરવું, (રાખવું)' એવો અર્થ એ

**એવં વિહારૈઃ કૌમારૈઃ કૌમારં જહતુર્વ્રજે ॥**
**નિલાયનૈઃ સેતુબન્ધૈર્મર્કટોત્પ્લવનાદિભિઃ ॥૪૯॥**

એવી રીતે છૂપા રહીને, સેતુઓ બાંધીને, માંકડાઓ પેઠે કૂદકા મારીને વિગેરે કુમારઅવસ્થાની રમતોથી તે બેએ વ્રજમાં કુમાર અવસ્થાને તજી.૪૯.

એવી રીતે એટલે પહેલાં કહેલા પ્રકારોથી. 'વે'('વિ'=કાલ. તેની છઠ્ઠી વિભક્તિનું એકવચન 'વેઃ' થાય છે) કાલની 'હારૈઃ' લીલારૂપ ક્રિયાઓની[૬] સાથે અવસ્થાને તજી.

" 'વિજાતીયો'[૭] (જૂદી જાતનાઓ)થી કુમાર અવસ્થા કેમ ગઈ?"[૮] એવી શંકા થાય, તેથી 'કૌમારૈઃ' 'કુમાર અવસ્થાની' પદ યોજેલું છે. કુમાર અવસ્થામાં ઉત્પન્ન થએલી (કાલની લીલારૂપ ક્રિયાઓથી કુમાર અવસ્થા ગઈ); કારણ કે અરણિમાંથી ઉત્પન્ન થએલા અગ્નિથી જ અરણિ શાંત થાય છે. (અંત અથવા નાશ પામે છે.)

તે (ભગવાનનાં) ચરિત્રો ત્રણ પ્રકારનાં છે, એમ ઉત્તરાર્ધમાં ગણાવે છે. બધાએ વિહારોથી વ્રજમાં જ કુમાર અવસ્થાને તજી, તેથી (ભગવાન્) વ્રજમાં જ કુમાર થયા અને કુમારી[૯] થયા. તેથી આગળ 'શ્રીકૃષ્ણમાં ચિત્તવાળી કુમારીઓ' એમ તેઓનું (કુમારીઓનું) વર્ણન[૯] કરવામાં આવશે, અને (તેઓ) લતાઓનાં (બનાવેલાં) ઘરો વિગેરેમાં છૂપાઈને ભગવાનને વશ કરવાનો પ્રયત્ન કરતી,[૯] અને

---

શબ્દનો થાય છે. તેથી કુમાર અવસ્થાની લીલા અને તેના પરિકર સાથે કાલનું સ્થાપન કર્યું એવો અર્થ થાય છે. કુમાર અવસ્થાની લીલા તેનો પરિકર અને જે સમયે તે થઈ તે કાલ નિત્ય છે. તેનો આવિર્ભાવ થાય ત્યારે તે જણાય છે, અને તિરોભાવ હોય ત્યારે જણાતાં નથી એમ જાણવું. (યો)

૬. 'હારૈઃ' એટલે 'હરનારાથી' ('વિ' કાલને 'હારૈઃ' હરનારાઓથી). (પ્ર)

૭. 'વિજાતીય' એટલે 'કુમાર અવસ્થાથી વિજાતીય પૌગંડ વિગેરે અવસ્થાની લીલાઓ. (લે)

૮. 'અહિં કહી છે તેવી શંકા થવી જ ન જોઈએ, કારણ કે કાષ્ઠ, પટ વિગેરે પૃથ્વીના બનેલા પદાર્થોનો સર્વ સ્થલે અગ્નિથી નાશ થાય છે, એટલે વિજાતીય નાશ કરાવનાર હોય છે' એવી શંકા કરવી યોગ્ય નથી, કારણ કે બીજા પદાર્થોનો નાશ વિજાતીય પદાર્થથી થાય છે, પરંતુ, પલ, નિમેષ, ઘટી વિગેરેરૂપ કાલ અને તેની હદવાળાં આયુષ્યનો વિજાતીયથી નાશ થતો નથી. તેથી આ શંકા યોગ્ય જ છે. (યો)

૯. પ્રભુ વ્રજમાં જ વિરાજતા હતા તેથી 'વ્રજમાં' કુમાર અવસ્થા તજી એમ ન કહ્યું હોત તો પણ 'વ્રજમાં' જ તજી એમ સમજાત, છતાં 'વ્રજમાં' પદ યોજેલું છે તેથી એમ જણાવેલું છે, કે ભગવાને વ્રજમાં જ કુમાર અવસ્થાનો ત્યાગ (સ્થાપન) કરેલ છે, બીજે કરેલ નથી. 'ત્યાગ'નો અર્થ નોટ ૫માં જણાવ્યા પ્રમાણે 'સ્થાપન' થાય છે, 'પોતાની સત્તા ન રાખવી' એવો થતો નથી. તેથી ભગવાને કુમાર અવસ્થાનું વ્રજમાં સ્થાપન કર્યું, એમ સિદ્ધ થાય છે.

ગૃહસ્થની મર્યાદાઓનું ઉલ્લંઘન કરતી[૯], લીલા કરશે.

'કૌમાર' 'કુમાર અવસ્થા'નો અર્થ 'કુમારનો ભાવ' અને 'કુમારીનો ભાવ' એવો થાય છે. કારણ કે તદ્ધિત પ્રત્યયથી 'કૌમાર' શબ્દના એ બંને અર્થ થાય છે. એ પ્રમાણે પુરુષભાવવાળા અને સ્ત્રીભાવવાળા બંને પ્રકારના કૌમારનું ભગવાને વ્રજમાં સ્થાપન કર્યું, એવા આશયથી શ્રીમદાચાર્યચરણ કહે છે, કે '(ભગવાન્) વ્રજમાં જ કુમાર થયા અને કુમારી થયા.' આનો અર્થ એવો છે કે ભગવાન્ વ્રજમાં કુમારરૂપે અને કુમારીરૂપે પ્રકટ થયા. 'તેમણે પોતાનો બે રીતે પાત કર્યો અને તેથી પતિ અને પત્ની થયા.' શ્રુતિ પ્રમાણે ભગવાનનો (સ્ત્રી અને પુરુષ) બંને ભાવથી આવિર્ભાવ થાય છે. તેથી પ્રભુ કુમારીરૂપ થાય તેમાં કાંઈ હાનિ નથી. તેથી ભગવાન્ આધિદૈવિક કુમારીરૂપ થયા. તેથી વ્રજમાં જેટલી કુમારીઓ હતી તે બધી કુમારીરૂપ ભગવાનનું જ સ્વરૂપ હતી, એમ આગળ ઓગણીશમા અધ્યાયમાં 'શ્રીકૃષ્ણમાં ચિત્તવાળી કુમારીઓએ એક માસ વ્રત કર્યું' એમ કહેલ છે. કુમારીઓ પણ આધિદૈવિક કુમારીરૂપ ભગવાનનું સ્વરૂપ છે એવો અર્થ છે. આમ હોવાથી કુમારીરૂપથી પણ ભગવાને 'છૂપા રહીને, સેતુઓ બાંધીને અને માંકડાંઓ પેઠે કૂદકા મારીને લીલા કરી' એમ અવશ્ય કહેવું જોઈએ. તેથી 'લતાઓનાં (બનાવેલાં) ઘરો વિગેરેમાં છૂપાઈને' વિગેરેથી આ કહેલ છે. આનો અર્થ એવો છે કે તે કુમારીઓએ ભગવાન્ સાથે રમણ કરતાં વિશેષ રસ ઉત્પન્ન થાય તે માટે, અને વિયોગ અવસ્થામાં કુંજોમાં છૂપાઈને ક્રીડા થાય તે માટે, આવાં છૂપાઈ રહેવાય તેવાં ઘરો કરેલાં. તેઓ 'ભગવાનને વશ કરવા પ્રયત્ન કરતી' એમ કહી એમ જણાવેલ છે, કે રસની મર્યાદા પ્રમાણે ભગવાનને વશ કરવા તેઓ ભગવાનને અનુકૂલ થાય (પસંદ પડે) તેવાં વસ્ત્ર, ભૂષણો તથા ચેષ્ટાઓ રચતી (કરતી); આ જ 'સેતુ બાંધવાનું' સમજવું. વળી તેઓ 'ગૃહસ્થની મર્યાદાનું ઉલ્લંઘન કરતી' એમ કહેલું છે. આ માંકડાંની પેઠે કૂદવાનું થયું. 'માંકડાંની પેઠે કૂદવું' એટલે લોક અને વેદનું ઉલ્લંઘન કરવું. પ્રભુ માટે તેઓએ લોક અને વેદનું ઉલ્લંઘન પણ કરેલું છે. તેથી આ ત્રણે લીલાઓ કુમારીઓએ પણ કરેલી છે. એ પ્રમાણે છૂપા રહીને વિગેરે વિહારો સાથે વ્રજમાં ભગવાને ઉભય પ્રકારના કૌમારનું સ્થાપન કર્યું એમ કહેલ હોવાથી, તેવા વિહારવાળા કુમારરૂપથી અને પોતાથી ભોગ્ય કુમારીરૂપથી ભગવાન્ વ્રજમાં સદા વિરાજે છે. તેથી ભગવાનની (એ) લીલા અને તેના પરિકરવાળું ભગવાનનું સ્વરૂપ નિત્ય છે. (યો)

શ્વેતાશ્વેતર(ઉપનિષદ)માં 'આપ સ્ત્રી છો, આપ પુરુષ છો. આપ કુમાર છો અથવા કુમારી છો' એમ કહેલ છે, તે પ્રમાણે (ભગવાન્) વ્રજમાં કુમાર થયા અને કુમારી થયા; અને ત્યાં જ કૌમારનો ત્યાગ (બંનેએ) કર્યો. 'કુમારલીલા કહી, પણ કુમારીલીલા કહી નહિ' એવી શંકા થાય, તેથી 'તેથી આગળ શ્રીકૃષ્ણમાં ચિત્તવાળી કુમારીઓનું વર્ણન કરવામાં આવશે' વિગેરે કહેલ છે. 'ગૃહસ્થની મર્યાદાઓનું ઉલ્લંઘન કરતી' શબ્દથી, 'આપ સ્ત્રી છો' એ શ્રુતિનો અર્થ કહેલ છે. (પ્ર)

વ્રજમાં કુમાર અવસ્થાનું સ્થાપન કર્યું એમ કહેલ છે, તેથી ભગવાને પૌગંડવય ધારણ કર્યું છતાં કુમારીઓએ 'પોતપોતાનાં વસ્ત્રો પહેરી લીધાં' (૧૦।૧૯।૨૩) પણ તેઓને ભગવાનનું એવું (કૌમારનું) સૂક્ષ્મરૂપ જ જણાતું હતું એમ જાણવું. (લે)

ભગવાન્ કુમાર અવસ્થામાં છૂપા રહેવાની ક્રીડા કરે છે, કારણ કે તે (પોતે) પરમાનંદ હોઈ (બીજાઓ) પોતાને જાણે નહિ તે માટે માયાથી (તેઓની) જ્ઞાનશક્તિને ઢાંકી દે છે.[૧૦] તેમ અહિં પણ ગોપ વિગેરેનાં ચક્ષુઓને (બે હસ્તથી) ઢાંકી દે છે, અને (પોતે તેમની) પાછળ છૂપાઈને રહે છે. બીજા ગોપાલો પણ તેમ (કરે છે).

વળી જલ વહેતું હોય ત્યારે સેતુઓ બાંધે છે. રામાવતારમાં એક જ સેતુ બાંધેલો કારણ કે સીતા એક જ હતી. અહિં યમુના વિગેરે ઉપર ઘણા જ સેતુઓ બાંધે છે, કારણ કે (તેમ કરવાથી) કિનારા વિગેરે ઉપર જઈ રમણ થઈ શકે.

વળી માંકડાઓ પેઠે કૂદકા મારવાનું વિગેરે પણ કરે છે. સર્વ શાખાઓ ઉપર રહેલાં ફલોનો ભોગ કરવા એક વૃક્ષ ઉપરથી બીજા વૃક્ષ ઉપર (ભગવાન્ કૂદીને) જાય છે. એક શાખા ઉપર બેસીને પણ સર્વ ફલોનો ભોગ કરે છે,[૧૧] પરંતુ તેમને જૂદા પ્રક્રમ(કૂદકા)ની જરુર નથી. 'વિગેરે' શબ્દથી દેડકાંની પેઠે પણ કૂદકા

---

૧૦. અહિં મૂલરૂપની લીલાનું વિવરણ કરે છે. 'પરમાનંદ હોઈને' એટલે 'સૃષ્ટિના આરંભમાં સત્ અને ચિત્‌ને પોતાથી છૂટા કરીને' (જેથી પોતે માત્ર આનંદ જ રહે) એવો અર્થ છે. (લે)

છૂપાઈ રહેવાની લીલાનો આશય અહિં કહે છે. જેનો અવતાર થએલ નથી તેવું મૂલરૂપ બ્રહ્મ જેમ માયારૂપી પડદાથી ઢંકાએલું થઈ, બીજાઓને પોતાનું જ્ઞાન થવા દેતું નથી, તેમ અવતાર ધારણ કરેલ મૂલરૂપ શ્રીકૃષ્ણ નામવાળું બ્રહ્મ પણ છૂપાઈ રહે છે અને ચક્ષુથી તેનું ગ્રહણ થતું નથી (દર્શન થતું નથી). (યો)

૧૧. આ ત્રીજી લીલા સંબંધી વિજ્ઞપ્તિમાં નીચે પ્રમાણે કહેલ છે. 'પોતે ચઢવા યોગ્ય ન હોય તેવી શાખાનો કાંઈક સ્વાદ લઈને, બીજી પોતાને ચઢવા યોગ્ય શાખા ઉપર સ્હેલાઈથી ઈચ્છા પ્રમાણે ચઢ્યા. કોઈ વાર પાસેની શાખાનું પણ ઉલ્લંઘન કરી, પોતાના મનથી ઈચ્છેલી શાખા ઉપર ચઢી તેના ઉપરનાં ઈચ્છેલાં ફલનો ભોગ કરે છે. કોઈ વાર બધી શાખાઓનો સ્પર્શ કરી, અમુક શાખાના ફલનો રુચિ પ્રમાણે ભોગ કરવા જાય છે. જે જાતિનો જેવો ધર્મ તેવી ભગવાન્ લીલા કરે છે, તેથી તે જાતિ અને નામવાળા થઈ ભગવાન્ સારી રીતે શોભે છે.' (પ્ર)

માંકડાં પેઠે કૂદકા મારવાની વિગેરે લીલા કહી તેનો અભિપ્રાય અહિં જણાવેલો છે. 'વિગેરે' શબ્દથી એક શાખા ઉપર વિરાજેલા હોય ત્યારે બીજી શાખાના ફલનો ભોગ કરે છે એમ કહેલ છે. જેમ માંકડું એક શાખા ઉપર ચઢીને, બીજી ઘણી શાખાઓ ઉપરનાં ફલનો બળાત્કારે ભોગ કરે છે તેમ ભગવાન્ પણ કરે છે એવો અર્થ છે. અહિં પરોક્ષ(ગૂઢ)વાદમાં 'શાખા' શબ્દથી વ્રજની ઉત્તમ સ્ત્રી કહેલી છે. એટલે એક ગોપીના ઘર વિગેરેમાં રહી, ઘણી ગોપીઓ સાથે રમણ કરે છે એમ સૂચવેલું છે. (યો)

જ્યાં (ભગવાન્) રહેલ હોય તે વૃક્ષ. શાખાઓ પણ તે જ, તેમાં રહેલ રસ એ ફલ. (૧) દરેક વૃક્ષ ઉપર જઈ તેની જૂદી જૂદી શાખાઓના ફલનો ભોગ કરે છે. (૨) એક વૃક્ષ ઉપર એક જ શાખા ઉપર રહી, બીજી શાખાઓના અવયવોના રસનો પણ ભોગ કરે છે. આ બે માંકડાં પેઠે કૂદવાનાં કહ્યાં. (લે)

મારે છે[12] (એમ કહેલું છે).

(ભગવાન્) બ્રાહ્મણ[13] પણ થાય છે, ક્ષત્રિય[14] પણ થાય છે. એક સ્થલે

૧૨. એક શાખા ઉપર રહી તેના ઉપર રહેલ ફલનો તેના જૂદા જૂદા અવયવોના ભેદથી બહુ પ્રકારે ભોગ કરે તે દેડકાં પેઠે કૂદવાનું જાણવું; અથવા એક જ વૃક્ષ ઉપર રહી તેની બધીએ શાખાઓ ઉપર કૂદી કૂદીને જૂદાં જૂદાં ફલનો ભોગ કરે તે દેડકાં પેઠે કૂદવાનું થયું, કારણ કે દેડકું દૂર કૂદવા શક્તિવાળું નહિ હોવાથી એક જ પ્રદેશમાં થોડે થોડે અંતરે કૂદે છે. (લે)

અહિં પણ પરોક્ષવાદ કહેલો છે. જેમ દેડકું વચ્ચે થોડો પ્રદેશ તજી કયાંક કૂદે છે તેમ ભગવાન્ પણ ગોપીના ઘરમાં રમણ કરી, બીજી કોઈને વચ્ચે તજી દઈ, કોઈ બીજીના ઘરમાં રમણ કરે છે, એમ (આથી) સૂચવેલું છે. આમ હોવાથી વચ્ચે જેને તજીને ભગવાન્ ગયા તે બીજે દિવસે 'ખંડિતા'ના ભાવવાળી થાય છે. એ પ્રમાણે રસમાં અમુક પ્રકારનો ચમત્કાર થાય છે. આથી એમ નિરૂપણ કરેલું છે, કે પ્રભુ શૃંગારરસના સંબંધવાળી અનેક લીલાઓ કરતાં, શુદ્ધપુષ્ટિભક્તોનાં નયનોને ઠારેછે. તામસપ્રમાણપ્રકરણની સમાપ્તિમાં 'તે રસ છે' એ શ્રુતિથી સિદ્ધ રસાત્મક બ્રહ્મનું શુકે ગૂઢ રીતે વર્ણન કરેલું છે. અને શુકનો આશય જાણનાર શ્રીમદાચાર્યચરણે તે પરોક્ષવાદથી જણાવેલું છે, એમ રસિક વૈષ્ણવો જાણો. (યો)

૧૩. 'બ્રાહ્મણ પણ થાય છે' શબ્દોથી ગૂઢ રીતે નીચે પ્રમાણે જણાવેલું છેઃ

''(ભગવાન્) સૂક્ષ્મ રૂપ કરી વિશ્વાસ ઉત્પન્ન કરે છે, અને તેથી અડચણ (ગોપીના પતિ, સાસુ વિગેરે) દૂર થતાં પોતાનું ઈષ્ટરૂપ દર્શાવે છે. ભક્તોના દુઃખને હરવું એ તેમનું ઇચ્છેલું છે, ભક્તોને ભગવાનની પ્રાપ્તિ થાય તે તેનું ફલ છે, અને તે (ભક્ત) સિવાય બીજાઓ જેનો નિરોધ પણ કરવાનો છે તેઓ ભગવાનને દોષ ન દે એ પણ અહિં ફલ છે.

કોઈ વાર પોતાના ભક્તોના પિતા વિગેરેની પરવાનગીથી તેમના સંગમાં રહે છે, અને ત્યાં લીલા કરતાં શ્રીકૃષ્ણ શોભે છે.

કોઈ વાર પરસ્પરના છૂપા પ્રેમને લીધે, વનમાં હરકોઈ રીતે ભક્તોનો સંગ થતાં પ્રભુ નિત્ય રમણ કરે છે.

કોઈ વાર ભક્તના પિતા વિગેરે મના કરે તો પણ પ્રતાપી ભગવાન્ પોતાના આગ્રહ થી ચતુરાઈથી તેને પોતે ઇચ્છેલા પ્રદેશમાં લઈ જાય છે. કોઈ વાર પ્રભુ માણસોને પોતાનો ગમ્મત ભર્યો આવેશ જણાવતાં, (ભક્ત) બીજાના સંગથી રહિત થાય તે માટે કીનારા ઉપર રહેલ ભક્તને પ્રાપ્ત કરવા વાનરો સહિત ઘણા ઉપાયો કરે છે, અને ત્યાં રહેલ અડચણને સર્વ રીતે દૂર કરે છે જ.

જો બીજો કોઈ અભિમાનથી ભક્તની પાસે જાય તો વ્રજવલ્લભ બાલભાવના આગ્રહથી જ તેને દૂર કરી, અને બીજું કોઈ આવે તેમાં પોતે જ અડચણરૂપ થઈ, પોતે (ત્યાં) રહી અનેક પ્રકારની લીલાઓ કરે છે.

અદેખો (એકલો વિઘ્નરૂપ હોય તે) જતો રહે તે માટે સાધનો યોજે છે. વિવિધભાવવાળા ભક્તો અને કોઈ વાર હરિ પણ એક જ સ્થલે બધા ભાવોને અનુક્રમે ઉત્પન્ન કરી, તે રસોનો ભોગ કરે છે, અને તેવી જ રીતે જૂદે જૂદે સ્થલે રહી દરેક(ભક્તના ભાવ)નો ભોગ કરે છે; અથવા 'ઉદાર ચિત્તવાળા ભગવાન્ વેણુ વગાડવાની લીલા કરીને કીનારા ઉપર ભેગા થએલા ભક્તો મધ્યે બધા ભાવના રસોનો ભોગ કરે છે.'' (ટિ)

રહીને જ સર્વ રસ ગ્રહણ કરે છે, પરંતુ તેમને મર્યાદા પ્રતિબંધ કરતી નડતી નથી. એવી રીતે જેટલા ભાવોથી જેટલા ગોકુલમાં રહેનારાઓનું ગ્રહણ થઈ શકે (જેટલાનો નિરોધ થઈ શકે) તે બધાએ વિહારો ભગવાને કર્યા. (૧)મૂલરૂપની લીલા, (૨)જગદ્રૂપ(ભગવાન)ની લીલા અને (૩)વેદરૂપ(ભગવાન)ની લીલા,[૧૫]

---

અહિં 'બ્રાહ્મણ' શબ્દ વામન અવતાર લક્ષમાં રાખી યોજેલ છે, કારણ કે 'માયાથી ઠીંગણા બનેલ જટાવાળા વિપ્ર વામનને' વિગેરે વાક્યમાં વામનને વિપ્ર કહેલા છે. તે વામનજીએ જેવી રીતે પોતાના સ્વરૂપને ઢાંકી દઈ, સૂક્ષ્મરૂપ દેખાડી, બલિરાજા પાસેથી પોતાનું કાર્ય સાધી, પછી મોટું રૂપ પ્રકટ કર્યું, તેવી રીતે અહિં પણ છૂપાવી રાખેલ દુર્લભ વ્રજની સ્ત્રીને પ્રાપ્ત કરવા, ભગવાન્ પોતાનું સ્વરૂપ છૂપાવી (તેને) રમણની ઈચ્છા કરાવી પછી પોતાનું પહેલાંનું રૂપ પ્રાપ્ત કરે છે. આ પ્રમાણે આ શબ્દોથી 'છૂપા રહીને' કરેલી લીલાનો ગુપ્ત અભિપ્રાય કહેલો છે. (યો)

૧૪. 'ક્ષત્રિય' શબ્દ અહિં રામચંદ્રજીને ઉદ્દેશી યોજેલ છે. તેમણે સેતુ બાંધવાનો ઉપાય કરી જાનકીને પ્રાપ્ત કરી, તેવી રીતે અહિં પણ રસશાસ્ત્રમાં કહેલા ઉપાયોરૂપ સેતુઓ બાંધી ભગવાન્ વ્રજસુંદરીઓને પ્રાપ્ત કરે છે. એ પ્રમાણે 'સેતુઓ બાંધવાની' લીલાનું તાત્પર્ય જણાવેલ છે. વળી 'સેતુઓ બાંધવા' એ શબ્દથી જૂદા જૂદા પ્રકારની રાજનીતિ કહેલી છે. જેમ રામચંદ્રે રાજનીતિથી રાજ્ય સંબંધી અનેક ફલો ભોગવ્યાં તેમ ભગવાન્ પણ રસશાસ્ત્રમાં કહેલ ચતુરાઈરૂપ નીતિથી ગોપવધૂઓ સાથેના વિવિધ વિલાસરૂપ ફલ ભોગવે છે. એવું 'સેતુઓ બાંધવાનું' તાત્પર્ય જણાવેલું છે. આનો અર્થ ટિપ્પણીમાં પણ જણાવેલો છે. (યો)

૧૫. મૂલરૂપ, જગદ્રૂપ અને વેદરૂપની લીલાઓ કહી, તેનો ભાવ તેમની કૃપાથી સારી રીતે નીચે પ્રમાણે સ્પષ્ટ કરવામાં આવે છેઃ-પ્રમાણ નામના પ્રકરણના ઉપસંહારમાં પણ જો શુદ્ધપણું અને બ્રહ્મપણું કહેવામાં ન આવે તો આ પ્રકરણ (૧) પ્રમાણપ્રકરણ છે અને (૨) શુદ્ધ બ્રહ્મરૂપ છે, એ બે સિદ્ધ ન થાય, કારણ કે તેમાં પ્રમાણ (જણાવેલ નહિ હોવાથી) નથી, અને 'શુદ્ધબ્રહ્મનું' લક્ષણ (જણાવેલ નહિ હોવાથી) નથી, એમ લાગે. તેથી જ અહિં બ્રહ્મપણાનો પરિચય કરાવનાર ત્રણ (રૂપ) કહેલાં છે. (૧) જેનું સ્વરૂપ કોઈએ જાણેલું નથી, તેવું બ્રહ્મ પ્રથમ હોય છે. (૨) પછી રમણ કરવાની ઈચ્છાથી સર્વ જગદ્રૂપ થઈને તે પોતાની લીલા સિદ્ધ થાય તે માટે ઘણી કઠણ મર્યાદા કરે છે. અથવા (૩) પ્રપંચથી અતીત(ભગવાન)ની પ્રાપ્તિ થાય તે માટે તેઓ દૃઢ ભક્તિમાર્ગો કરેલા છે. વેદની બધી શાખાઓનાં ફલનો ભોગ થઈ શકે તે માટે પોતાનું વેદપણું (વેદરૂપ) પ્રકટ કરીને તે ક્રીડા કરે છે એમ સૂચવેલું છે. જેમ ભક્તો પ્રભુની (પોતાને) પ્રાપ્તિ થાય તે માટે સર્વનો ત્યાગ કરી એકાંતમાં રહે છે તેમ જ્યારે આ પોતે કરે ત્યારે તે 'પર' ગણાય; કારણ કે 'જે મને જેમ ભજે છે તેમને હું પણ તેવી રીતે ભજું છું' (ગીતા ૪।૧૧) એ પ્રતિજ્ઞા બીજાએ કરેલી નથી (પરંતુ ભગવાને જ કરેલી છે). સાક્ષાત્ સ્વરૂપનું દાન કરવામાં (અહિં) આવે છે તેથી આ ઉત્તમ લીલા છે, એમ પણ (સૂચવેલું છે). અહિં લીલા સંબંધી બધી વસ્તુ ભગવદ્રૂપ છે. પ્રવૃત્તિ કરાવનાર વેણુનાદ છે, તે અહિં વેદરૂપ છે. આ સર્વ જણાવવા શુકે અહિં ત્રણ લીલાઓ કહેલી છે એમ શ્રીમદાચાર્યચરણે કહેલું છે, અને આ ગોપ્ય છે એમ પણ સૂચવેલું છે. (ટિ)

એ ત્રણ લીલાઓ પરિચય કરાવનાર તરીકે કહેલી છે. હવે પછી કુમાર અવસ્થામાં કરવાનું કામ નહિ હોવાથી તે બે (શ્રીકૃષ્ણ અને બલભદ્રે) તે લીલાઓ (રમતો) સાથે કુમાર અવસ્થાને તજી. ૪૯.

**ઈતિ શ્રીમદ્વલ્લભદીક્ષિતે રચેલી શ્રીમદ્ભાગવતની સુબોધિનીમાં દશમસ્કંધના વિવરણમાં બીજા તામસપ્રકરણના પેટાપ્રકરણ પ્રમાણપ્રકરણમાં ધર્મીનું નિરૂપણ કરનારા સાતમા અધ્યાય, અને ગ્રંથના આરંભથી અગીઆરમા અધ્યાયનું વિવરણ સંપૂર્ણ.**

**અધ્યાય અગીઆરમો સંપૂર્ણ.**

# કૌતુકલીલાનું નિરૂપણ કરનારા ત્રણ પ્રક્ષિપ્ત અધ્યાયો

## ।। પ્રક્ષિપ્ત અધ્યાયનો પહેલો અધ્યાય ।।

**કથામાત્રં હરેર્વાચ્યં સર્વત્રેત્યત્ર કેચન ।।**
**કથાં વક્તું ભાગવતીં ક્વચિત્સિદ્ધામલૌકિકીમ્ ।।કા. ૧।।**
**યોજયિત્વા ત્વાધુનિકા અધ્યાયત્રિતયં જગુઃ ।।**
**શબ્દાર્થસંગતીનાં હિ સ્પષ્ટા તત્ર વિરુદ્ધતા ।।કા. ૨।।**

હરિની સર્વ કથા સર્વત્ર કહેવી જોઈએ, એવા (વિચારથી) ક્યાંક[1] કહેવાએલી ભગવાનની અલૌકિક કથા કહેવા માટે કેટલાક હાલના (પંડિતોએ) જોડીને (નવા બનાવીને) ત્રણ અધ્યાયો કહેલા છે. તેમાં શબ્દ અર્થ અને સંગતિનું વિરુદ્ધપણું સ્પષ્ટ છે. કા. ૧-૨.

**લોકપ્રસિદ્ધેસ્તચ્ચાપિ કથંચિદ્ રૂપ્યતે સ્ફુટમ્ ।।કા. ૨॥.।।**

લોકમાં પ્રસિદ્ધ હોવાથી તેનું પણ હરકોઈ રીતે સ્પષ્ટ નિરૂપણ કરવામાં આવે છે. કા. ૨॥.

ગયા અગીઆરમા અધ્યાયના અંતે 'વ્રજમાં કુમાર અવસ્થા તજી' એમ કહ્યું. (ત્યાર પછી) 'ત્યાર પછી પૌગંડવયને ધારણ કરેલા તે બે વ્રજમાં પશુપાલના માન્ય થયા'(અધ્યાય ૧૨-૧) એવો જ ગ્રંથનો સંબંધ હોવો જોઈએ[2]. છતાં

૧. 'ક્યાંક' એટલે 'પદ્મપુરાણ વિગેરેમાં.' (કા)

૨. ગયા અધ્યાયના અંતે 'કુમાર અવસ્થાને તજી' એમ કહ્યું અને બારમા અધ્યાયના આરંભમાં 'ત્યાર પછી પૌગંડવય ધારણ કરેલા....' કહ્યું. એ બે વાક્યો કહેનારે એ બેની વચ્ચે બીજી કોઈ કથા કહેલી નથી એમ જણાય છે. જો બીજી કથા કહેવાની હોત તો આ ત્રણ (પ્રક્ષિપ્ત) અધ્યાયો પૂરા થયા પછી જ કુમાર અવસ્થાનો ત્યાગ કર્યાનું કહેત. વળી '(બાલકોએ) પૌગંડવયમાં કહ્યું' (૧।૩૭) એમ કહેલ હોવાથી તે પહેલાં જ પૌગંડવય થએલ હોવાથી, ત્યાર પછી 'ત્યાર પછી પૌગંડવય ધારણ કરેલા...' એમ કહેલું એ તેથી વિરુદ્ધ થાય, અને અર્થ વિનાનું થાય. વળી આ (પ્રક્ષિપ્ત) ત્રીજા અધ્યાયના અંતે, 'એવં વિહારૈઃ કૌમારૈઃ' એ ગયા અધ્યાયના અંતે આવેલ શ્લોક કેટલાક પુસ્તકોમાં લખે છે, તે અપ્રામાણિક છે, તેથી પણ આ ત્રણ અધ્યાયો પ્રક્ષિપ્ત છે એમ જણાય છે. ભગવાનની પ્રિયાઓ(ગોપીઓ)એ ભગવાનની લીલાનું અનુકરણ કરેલું છે (૧૦-૨૭ અધ્યાયમાં) ત્યાં પણ આ અધ્યાયોમાં કહેલી લીલાનું અનુકરણ તેઓએ કરેલ નથી; અને તૃતીયસ્કંધમાં ઉદ્ધવે અને બારમાસ્કંધમાં સૂતે પણ આ કથા કહેલી નથી (તેથી પણ તે પ્રક્ષિપ્ત છે). વળી બ્રહ્મા સંબંધી આ કથામાં જે કહેવામાં આવે છે તે ૨।૬।૩૩માં બ્રહ્માએ કહેલ વચનથી વિરુદ્ધ છે, તેથી પણ (આ કથા પ્રક્ષિપ્ત છે).

'આ ઈશ્વર છે' એમ જે જાણતો હોય તે તેમની પરીક્ષા કરે તો મોટો અનર્થ થાય; અને

બ્રહ્માએ કરેલ વાછડાંનું હરણ પદ્મપુરાણમાં[3] ભગવાનના ચરિત્ર તરીકે પ્રસિદ્ધ છે તેથી પદ્મપુરાણમાં કહેલી કથાનો આશ્રય કરીને, પહેલા તથા પછીના (ત્રીજા) અધ્યાયમાં અઘાસુરનો વધ અને બ્રહ્માએ કરેલી (ભગવાનની) સ્તુતિ મૂકીને, ભગવાનની કૌતુકલીલા દર્શાવેલી છે, કારણ કે લોકો લૌકિકમાં કૌતુકવાળા હોય છે.

**તત્ર તુ પ્રથમેડધ્યાયે લીલામાહ સુવિસ્તરામ્ ।।**
**અઘાસુરસ્ય ચ વધો મુક્તિશ્ચાપિ સ્વયુક્તિતઃ ।।કા. ૩।।**

---

૨।૯।૩૬ના ઉત્તરાર્ધમાં ભગવાને બ્રહ્માને હરકોઈ કલ્પમાં મોહ થશે નહિ એમ કહેલ છે, તેનો પણ (આ કથાથી) વિરોધ થાય છે. (તેથી પણ આ કથા પ્રક્ષિપ્ત છે). 'શ્રીકૃષ્ણ ઈશ્વર છે' એમ બ્રહ્મા ૨।૭।૨૭ વિગેરેથી પ્રતિપાદન કરે છે, તેથી તે ઈશ્વર છે એવું તેમને સદા જ્ઞાન છે. એવા જ્ઞાનવાળા હોવા છતાં તે આ કથામાં કહેલ છે તેવી ધૃષ્ટતા કરે એ સંભવતું નથી, તેથી પણ (આ કથા પ્રક્ષિપ્ત છે). આ કથા પ્રસિદ્ધ હોવાથી જ શ્રીમદાચાર્યચરણે તેનું વિવરણ કરેલ છે, તેથી અમે તેની ઉપેક્ષા કરીએ છીએ (તેની ઉપર ટિપ્પણી લખતા નથી). (ટિ)

આ કથા પ્રક્ષિપ્ત હોવાનાં કારણો ટિપ્પણીમાં આપેલાં છે. વળી ૧-૨૯માં કંસ વિગેરેને આનંદ થયાનું કહેલું છે. પછી તરત જ ભગવાન્ અઘાસુરનો નાશ કરે છે. તેથી ભગવાને તેનો નાશ કર્યો તે પણ કંસે જોએલું જ હોવું જોઈએ. આમ હોવા છતાં આગળ અરિષ્ટના વધ પછી નારદ કંસને કહે છે કે 'જે બેએ તારા પુરુષોને હણ્યા' વિગેરે તેનો વિરોધ થાય છે, કારણ કે બકી અને બકના નાનાભાઈ અઘનો વધ થતાં તો કંસે પોતે જ જોએલ છે.

વળી ૨-૨૨ના ઉત્તરાર્ધમાં જે કથા કહી છે, તે આગળની રસલીલાથી વિરુદ્ધ છે. વળી તે સમયે ભગવાનના મિત્રો પાંચ વર્ષની વયના હતા એટલે તેટલા વયનું ભગવાનનું રૂપ (ભગવાન્ વયસ્યરૂપે થએલા તે રૂપ) હોય તો પણ સ્તનપાન (એ વયે) સંભવતું નથી. (પ્ર) આ કથા પ્રક્ષિપ્ત હોવાનાં કેટલાંક કારણો યોગિ ગોપેશ્વરે આપેલાં છે તે પણ અહિં પ્રકાશમાં જણાવેલાં છે.

શ્રીમદ્‌ભાગવતના ૩૩૨ અધ્યાયો છે, એમ શ્રીધરે પણ ગણેલ છે. આ અધ્યાયો ગણવામાં આવે તો ૩૩૨ બદલે ૩૩૫ અધ્યાયો થાય છે, તેથી પણ આ ત્રણ અધ્યાયો પ્રક્ષિપ્ત છે. એમ શ્રીધરના મત પ્રમાણે પણ આ અધ્યાયો પ્રક્ષિપ્ત થાય છે. (યો)

૩. પદ્મપુરાણમાં આ કથા નીચે પ્રમાણે કહેલી છેઃ

'ભાઈ અને બેનનું વેર વાળવા આવેલ સર્પરૂપ અઘાસુરને શ્રીકૃષ્ણે માર્યો અને તેની બ્રહ્મગતિ કરી (તેને મોક્ષ આપ્યો), અને કાલના સ્થાનરૂપ તેના મુખમાંથી વાછડાંઓને અને ગોપાલોને મુક્ત કર્યા. તે દિવસે મધ્યાહ્ને ગોપરૂપી(શ્રીકૃષ્ણ)નો પ્રભાવ જોઈને બ્રહ્માએ વાછડાંઓ અને ગોપાલોનું હરણ કર્યું. ત્યાર પછી એક વર્ષમાં પાંચ દિવસ ઓછા હતા ત્યારે બધાં વાછડાં તથા ગોપાલોને પ્રજાપતિ(બ્રહ્મા)એ જોયાં; અને નવમીને દિવસે (ભગવાનની) સ્તુતિ કરી. શ્રીકૃષ્ણની માયાથી મૂઢ થએલ બધા બાલકોએ (એ સમયને) અર્ધો ક્ષણ માની. તેઓએ એમ જાણેલ કે 'આજે આપણા મિત્રે (શ્રીકૃષ્ણે) અઘાસુરને માર્યો છે. પછી વ્રજમાં જઈ બાલકોએ એ સર્વ વ્રજમાં (બધાને) કહ્યું.' (પ્ર)

તે પૈકી પહેલા અધ્યાયમાં તો વિસ્તારવાળી લીલા કહે છે. અઘાસુરનો વધ અને પોતાની યુક્તિપ્રમાણે[૪] તેની મુક્તિ પણ (કહેલાં છે). કા. ૩।।

આરંભમાં દશ શ્લોકોથી ભગવાનની લીલા કહે છેઃ

।।શ્રીશુક ઉવાચ ।। શ્રીશુક કહે છેઃ

**ક્વચિદ્ વનાશાય મનો દધદ્ વ્રજાત્ પ્રાતઃ સમુત્થાય વયસ્યવત્સપાન્ ।।**
**પ્રબોધયઞ્છૃંગરવેણ ચારુણા વિનિર્ગતો વત્સપુરઃસરો હરિઃ ।।૧।।**

કોઈ વખત વનમાં ભોજન કરવાનું મન કરીને, પરોઢમાં વ્રજમાંથી ઉઠીને, મિત્ર ગોપાલોને સુંદર શીંગડાંના અવાજથી જગાડતાં, વાછડાંઓને આગળ કરીને હરિ નીકળ્યા. ૧.

'ક્વચિત્' એટલે કોઈ વખત. 'આશ' એટલે ભોજન. વનમાં ભોજન કરવાનું મન કરીને, પ્રાતઃકાલે વ્રજમાંથી ઉઠીને (હરિ) નીકળ્યા, એવો (વાક્યનો) સંબંધ છે. 'વયસ્યાઃ' મિત્રો અને તેઓ 'વત્સપાઃ' ગોપાલો, (તે મિત્ર ગોપાલો). તેઓને શીંગડાંના અવાજથી જ જગાડ્યા. શ્રીકૃષ્ણનો જ (શ્રીકૃષ્ણે કરેલો જ) આ શીંગડાંનો અવાજ છે, એમ જણાવવા 'સુંદર' પદ યોજેલું છે. (ગાયોને) દોહી લીધા પછી વાછડાંઓને લઈ (ભગવાન્) નીકળ્યા. ૧.

તે સમયે બધાએ (વ્રજમાંથી) બહાર નીકળ્યા, એમ કહે છેઃ

**તેનૈવ સાર્ધં પૃથુકાઃ સહસ્રશઃ સ્નિગ્ધાઃ સુશિગ્વેત્રવિષાણવેણવઃ ।।**
**સ્વાન્ સ્વાન્ સહસ્રોપરિસંખ્યયાન્વિતાન્ વત્સાન્ પુરસ્કૃત્ય વિનિર્યયુર્મુદા ।।૨।।**

તેમની જ સાથે (તેમનામાં) પ્રેમવાળા અને સારાં શીકાં, લાકડી, શીંગડાં અને વાંસળીવાળા હજારો બાલકો પોતપોતાનાં હજારોથી અધિક સંખ્યાવાળાં વાછડાંઓને આગળ કરીને આનંદથી નીકળ્યા. ૨.

તેમની જ એટલે ભગવાનની સાથે બાલકો હજારોની સંખ્યામાં નીકળ્યા. (તેઓ) ભગવાનમાં પ્રેમવાળા હતા, અને સારાં છે ભાત ભરેલું શીકું, વાછડાં ચારવાની લાકડી અને વગાડવાનું શીંગડું અને વાંસળી જેઓનાં તેવા હતા. પોતાનાં વાછડાંઓને આગળ કરીને તેઓ પણ આનંદથી (પોતપોતાનાં) ઘરોમાંથી નીકળ્યા. દરેકનાં(વાછડાંઓની) એક હજાર કરતાં વધારે દસ હજાર વિગેરે સંખ્યા હતી તે સંખ્યા સહિત (તેઓ નીકળ્યા). ૨.

તે બધાએ પોતાનાં વાછડાંઓને શ્રીકૃષ્ણનાં વાછડાંઓ ભેગાં ભેળવ્યાં, એમ નીચેના શ્લોકમાં કહે છેઃ

**કૃષ્ણવત્સૈરસંખ્યાતૈર્યૂથીકૃત્ય સ્વવત્સકાન્ ।।**

---

૪. આ પહેલા અધ્યાયના તેત્રીસમા શ્લોકમાં અઘાસુરની મુક્તિ કહેલી છે, અને આડત્રીસ તથા ઓગણચાલીસમા શ્લોકોમાં તેનું યુક્તિથી સમર્થન કરેલું છે એવો અર્થ છે. (કા)

**ચારયન્તોઽર્ભલીલાભિર્વિજહ્રુસ્તત્ર તત્ર હ ।।૩।।**

શ્રીકૃષ્ણનાં અસંખ્યાત વાછડાંઓ સાથે પોતાનાં વાછડાંઓને ભેગાં કરીને બાલકોની રમતોથી (તેઓને) ચારતાં જૂદે જૂદે સ્થલે રમતા હતા. ૩.

(તેઓએ) ભગવાનનાં વાછડાંઓ સાથે પોતાનાં વાછડાંઓને ભેગાં કર્યાં; કારણ કે તેમ ન કરે તો સ્વછંદ લીલા થાય (થઈ શકે) નહિ. તેમ કરીને તેમનાથી છૂટા થએલા એટલે (શ્રીકૃષ્ણનાં વાછડાંઓમાંથી) ક્યાંયેક નીકળી ગએલાં (વાછડાંઓને) બાલકોની રમતોથી જ ચારતાં તેઓ જૂદે જૂદે સ્થલે રમત કરતા હતા. ૩.

તેઓએ ફલ વિગેરેથી પોતાનાં શરીરને શણગાર્યા હતાં, એમ કહે છેઃ

**ફલપ્રવાલસ્તબકસુમનઃપિચ્છધાતુભિઃ ।।**
**કાચગુઞ્જામણિસ્વર્ણભૂષિતા અપ્યભૂષયન્ ।।૪।।**

કાચ, ચણોઠી, મણિ અને સુવર્ણથી શણગારેલા હોવા છતાં તેઓએ (પોતાને) ફલ, કુણાં પાંદડાં, ફૂલના ગુચ્છાઓ, ફૂલ, પીછાં અને ધાતુઓથી શણગાર્યા. ૪.

પહેલાં કાચ વિગેરેથી શણગારેલા હોવા છતાં પણ, ફરીથી વનમાં ઉત્પન્ન થએલ પદાર્થોથી (તેઓએ પોતાને) શણગાર્યા. 'સ્તબકાઃ' એટલે ફૂલના ગુચ્છાઓ, 'સુમનસઃ' એટલે માત્ર ફૂલો, પીછાં એટલે મોરનાં પીછાંઓ, (ધાતુઓ એટલે) ગેરૂ વિગેરે ધાતુઓ. ચણોઠીઓ વનમાં ઉત્પન્ન થએલી હોય છે છતાં તેઓ (તેમના શણગારમાં) નિત્ય રહેતી હોવાથી, કાચ વિગેરેમાં તેમને ગણેલી છે, (અને વનમાં ઉત્પન્ન થએલ પદાર્થોમાં ગણી નથી). ૪.

બાલકોની પરસ્પર રમત નીચેના શ્લોકમાં કહે છેઃ

**મુષ્ણન્તોઽન્યોન્યશિક્યાદીઞ્જ્ઞાતાનારાચ્ચ ચિક્ષિપુઃ ।।**
**તત્રત્યાશ્ચ તતો દૂરાદ્ધસન્તશ્ચ પુનર્દદુઃ ।।૫।।**

(તેઓ) એકબીજાનાં શીકાં વિગેરેને છાનાંમાનાં લઈ લેતા, અને જણાઈ જતાં દૂરથી ફેંકતા હતા. ત્યાં રહેલા હસતાં હસતાં ત્યાંથી દૂરથી તેમને પાછાં આપતા હતા. ૫.

(તેઓ) એકબીજાનાં શીકાં વિગેરે છાનાંમાનાં લઈ લેતા હતા. પછી 'આણે મારું (શીકું) લઈ લીધું' એમ જણાઈ જતાં, દૂરથી જ તેને ફેંકી દેતા. ત્યાંથી પણ જેઓના ઉપર તે શીકું વિગેરે પડતાં, તેઓ તે શીકાં વિગેરેને તથા બીજાંઓને પણ દૂરથી ફેંકતા હતા. પછી હસતાં હસતાં પાછા તેમને જ (જેઓએ પહેલાં તે પોતાના ઉપર ફેંકેલ હોય તેમને જ) આપતા હતા. ૫.

**યદિ દૂરં ગતઃ કૃષ્ણો વનશોભેક્ષણાય તમ્ ।।**

**અહં પૂર્વમહં પૂર્વમિતિ સંસ્પૃશ્ય રેમિરે ।।૬।।**

વનની શોભા જોવા માટે શ્રીકૃષ્ણ દૂર જતા ત્યારે 'હું પહેલો, હું પહેલો (શ્રીકૃષ્ણને અડી જાઉં)' કહી (તેમનો) સ્પર્શ કરી રમતા હતા. ૬.

જો શ્રીકૃષ્ણ દૂર પધારેલા હોય તો તે વનની શોભા જોવા માટે દૂર (પધારેલા) હોય ત્યારે 'હું (શ્રીકૃષ્ણને) પહેલાં અડી જાઉં' એમ સ્પર્ધા કરી, ભગવાનને સ્પર્શ કરી રમતા હતા. ૬.

**કેચિદ્ વેણૂન્ વાદયન્તો ધ્માન્તઃ શ્રૃંગાણિ કેચન ।।**
**કેચિદ્ ભૃંગૈઃ પ્રગાયન્તઃ કૂજન્તઃ કોકિલૈઃ પરે ।।૭।।**

કેટલાક વાંસળીઓ વગાડતા હતા, કેટલાક શીંગડાંઓ ફૂંકતા હતા. કેટલાક ભમરાઓ સાથે ગુંજારવ કરતા હતા (અને) બીજાઓ કોયલો સાથે કૂજન કરતા હતા. ૭.

ત્યાં કેટલાક બાલકો વાંસળીઓ વગાડનારા થયા. કેટલાક શીંગડાંઓ ફૂંકનારા એટલે વગાડનારા થયા. કેટલાક વળી ભમરાઓ સાથે તેમના જેવું જ ગાન કરતા હતા, અને તેવી જ રીતે કોયલો સાથે કૂજન કરતા હતા. ૭.

**વિચ્છાયાભિઃ પ્રધાવન્તો ગચ્છન્તઃ સાધુ હંસકૈઃ ।।**
**બકૈરુપવિશન્તશ્ચ નૃત્યન્તશ્ચ કલાપિભિઃ ।।૮।।**

પક્ષીઓની છાયાઓ સાથે દોડતા હતા, હંસો સાથે સારી રીતે ચાલતા હતા, બગલાઓ સાથે બેસતા હતા અને મયૂરો સાથે નૃત્ય કરતા હતા. ૮.

કેટલાક વળી ઉપર (આકાશમાં) ઉડતાં પક્ષીઓની છાયાઓ એટલે ગોળ વિગેરે આકૃતિઓ (જમીન ઉપર પડે તે) સાથે ઝડપથી દોડતા હતા, (કેટલાક) હંસો સાથે સારી રીતે ચાલતા હતા, (કેટલાક) બગલાઓ સાથે તેઓની પેઠે જ બેસતા હતા, અને (કેટલાક) કલાપી એટલે મયૂરો સાથે નૃત્ય કરતા હતા. ૮.

**વિકર્ષન્તઃ કીશબાલાનારોહન્તશ્ચ તૈર્દ્રુમાન્ ।।**
**વિકુર્વન્તશ્ચ તૈઃ સાકં પ્લવન્તશ્ચ પલાશિષુ ।।૯।।**

વાંદરાંઓની પૂંછડીઓને ખેંચતા હતા, વાંદરાંઓનાં બચ્ચાંઓ સાથે (તેઓને પકડીને) વૃક્ષો ઉપર ચઢતા હતા, તેઓની સાથે દાંતીઆં કરતા હતા, અને વૃક્ષો ઉપર કૂદતા હતા. ૯.

'કીશાઃ' એટલે લાંબાં પૂંછડાંવાળાં વાંદરાંઓ, તેઓના બાલ એટલે પૂંછડાંઓને સારી રીતે ખેંચતા હતા. (અને) તેઓના (બાલ એટલે) બાલકોને જ પકડીને તેઓની સાથે વૃક્ષો ઉપર ચઢતા હતા, અને દાંતીઆં કરતા હતા, અને માંકડાંઓ પેઠે જ વૃક્ષો ઉપર કૂદતા હતા એટલે કૂદકા મારીને જતા હતા. ૯.

**સાકં ભેકૈર્વિલંઘન્તઃ સરિત્પ્રસ્રવસમ્પ્લુતાઃ ।।**

**વિહસન્તઃ પ્રતિચ્છાયાઃ શપન્તશ્ચ પ્રતિસ્વનાન્ ।।૧૦।।**

દેડકાંઓ સાથે કૂદતા હતા, નદી, ઝરણાંમાં ડુબકીઓ મારતા હતા, પ્રતિબિંબોની મશ્કરી કરતા હતા, અને પડઘાઓનો તિરસ્કાર કરતા હતા. ૧૦.

અને ભૂમિ ઉપર દેડકાંઓ સાથે કૂદતા હતા. 'સરિત્' નદીઓ તથા 'પ્રસ્રવ' ઝરણાંમાં તેઓની (દેડકાંઓની) સાથે જ ડુબકીઓ મારતા હતા, અથવા 'સમ્પ્લુતાઃ' એટલે ખાડાઓ. (નદીઓ, ઝરણાં અને ખાડાઓને દેડકાંઓ સાથે કૂદી જતા હતા એવો અર્થ થયો). અહિં 'સમ્પ્લુતાઃ' શબ્દ સ્ત્રીલિંગમાં યોજેલ છે તે વિચારવા જેવું છે. (પુલિંગમાં 'સમ્પ્લુતાન્' દ્વિતીયાનું બહુવચન થવું જોઈએ. આ પ્રમાણે અર્થ કરતાં દ્વિતીયાવિભક્તિનો શબ્દ થાય છે, તેથી આમ અર્થ કરવામાં એટલું વિચારવા જેવું છે). 'પ્રતિચ્છાયાઃ' એટલે દર્પણ વિગેરેમાં પડતાં પ્રતિબિંબો. 'પ્રતિસ્વનાન્' એટલે પોતાના શબ્દ (પોતે બોલેલ શબ્દ) જેવા શબ્દો કિનારા વિગેરેમાંથી નીકળે તેમનો (પડઘાઓનો) તિરસ્કાર કરતા હતા. ૧૦.

નીચેના બે શ્લોકોથી તેઓના ભાગ્યનું અભિનંદન કરે છેઃ

**ઈત્થં સતાં બ્રહ્મસુખાનુભૂત્યા દાસ્યં ગતાનાં પરદૈવતેન ।।**
**માયાશ્રિતાનાં નરબાલકેન સાર્ધં વિજહ્રુઃ કૃતપુણ્યપુઞ્જાઃ ।।૧૧।।**

આવી રીતે જ્ઞાનીઓને બ્રહ્મરૂપ સુખરૂપ અને જ્ઞાનરૂપ (સ્ફુરતા), દાસ્ય પામેલાઓને નિયંતા અને આરાધ્યરૂપે (સ્ફુરતા) અને માયાનો આશ્રય કરેલાઓને માણસના બાલક તરીકે (સ્ફુરતા) (ભગવાન્) સાથે જેઓએ પુણ્યનો સંચય કરેલ તેઓ રમતા હતા. ૧૧.

લોકો ત્રણ પ્રકારના છે. (૧) જ્ઞાનીઓ, (૨) ભક્તો અને (૩) પ્રાકૃત પુરુષો. 'તેને જે જે પ્રકારે ભજે છે તેવા તે થાય છે' શ્રુતિ પ્રમાણે ભગવાન્ તે સર્વને પોતપોતાની બુદ્ધિ પ્રમાણે સ્ફુરે છે.

(૧) તે પૈકી સત્પુરુષો એટલે જ્ઞાનીઓ બ્રહ્મરૂપ એટલે સતરૂપ, સુખરૂપ એટલે આનંદરૂપ અને અનુભૂતિરૂપ એટલે જ્ઞાનરૂપ (ભગવાનને જાણે છે), અને તેવા (ભગવાન)ની સાથે તેઓ રમતા હતા એવું બાલકોનું (મોટું) ભાગ્ય હતું.

(૨) દાસ્ય પામેલા એટલે ભક્તો (ભગવાનને) 'પરઃ' અટલે નિયંતા (નિયમમાં રાખનાર) સ્વામી અને 'દૈવતમ્' એટલે આરાધ્ય (પ્રસન્ન કરવા યોગ્ય) જાણતા હતા.

(૩) માયાનો આશ્રય કરેલા એટલે પ્રાકૃત પુરુષો ભગવાનને માત્ર માણસના બાલક તરીકે (જાણતા હતા). એવી રીતે સર્વને જે જૂદા જૂદા પ્રકારથી જણાતા હતા તેમની સાથે જેઓએ પુણ્યનો સંચય કરેલો તેવા (બાલકો) રમતા હતા. ૧૧.

અને તેઓની દૃષ્ટિ પાસે ભગવાન્ રહેતા એ તેઓનું મોટું ભાગ્ય હતું, એમ નીચેના શ્લોકમાં કહે છેઃ

**યત્પાદપાંસુર્બહુજન્મકૃચ્છ્રતો ધૃતાત્મભિર્યોગિભિરપ્યલભ્યઃ ।।**
**સ એવ યદ્દ્દ્વિષયઃ સ્વયં સ્થિતઃ કિં વર્ણ્યતે દિષ્ટમતો વ્રજૌકસામ્ ।।૧૨।।**

ઈન્દ્રિયોને જેઓએ જીતેલી છે તેવા યોગીઓને પણ જેમના ચરણની રજ ઘણા જન્મોના તપથી પણ પ્રાપ્ત થતી નથી, તે જ ભગવાન્ પોતે વ્રજ-વાસીઓના ચક્ષુના વિષય થઈ રહ્યા, તેથી તેમના ભાગ્યનું શું વર્ણન કરવું ? ૧૨.

ઘણા જન્મોના તપથી જેમણે ઈન્દ્રિયો જીતેલી છે તેવા યોગીઓને એટલે જેઓનાં શરીર, ઈન્દ્રિયો અને અંતઃકરણો[1] શુદ્ધ છે તેઓને પણ જેમના ચરણની રજ પ્રાપ્ત થતી નથી, તે જ આ શ્રીકૃષ્ણ, જે સર્વ બાલકોની અથવા જે સર્વે વ્રજવાસીઓની (આગળ) પોતે જ (પોતાની મેળે જ) રહેલા છે, પરંતુ તેઓએ પ્રાર્થના કરવાથી રહેલા છે એમ પણ નથી. તેથી વ્રજવાસીઓનાં વાણી અને મનથી જણાય નહિ તેવા (આ) ભાગ્યનું શું વર્ણન કરવું ?

એ પ્રમાણે રમત કરતા હતા તે દરમ્યાન અઘાસુર આવ્યો, એમ નીચેના શ્લોકથી એકવીશ શ્લોકોથી તેની મુક્તિ સુધીની કથાનું નિરૂપણ કરવામાં આવે છેઃ

**અથાઘનામાભ્યપતન્ મહાસુરસ્તેષાં સુખક્રીડનવીક્ષણાક્ષમઃ ।।**
**નિત્યં યદન્તો નિજજીવિતેપ્સુભિઃ પીતામૃતૈરપ્યમરૈઃ પ્રતીક્ષ્યતે ।।૧૩।।**

પછી તેઓની સુખપૂર્વક રમત જોઈ નહિ શકતો અઘ નામનો મોટો અસુર (ત્યાં) આવ્યો, જેના મરણની, જેઓએ અમૃતનું પાન કરેલું છે તેવા પોતાના જીવનની ઈચ્છા રાખનાર દેવો પણ નિત્ય રાહ જોતા હતા. ૧૩.

'અઘ' એ તેનું અર્થ પ્રમાણે નામ હતું ('અઘઃ' એટલે પાપ. તેનામાં જેવા ગુણો હતા તેવું જ તેનું નામ હતું). તે બાલકોની સુખપૂર્વક રમત જોવામાં પણ જેને અદેખાઈ થતી તેવો (તે હતો). નિત્ય એટલે સદા, જેના અંતની એટલે અઘાસુરના નાશની દેવો પણ રાહ જોતા હતા. તેનું કારણ 'પોતાના જીવનની ઈચ્છા રાખનાર' શબ્દથી કહેલ છે. જો કે તેમણે (દેવોએ) અમૃત પીધેલું હતું (છતાં પોતાના જીવનની ઈચ્છા રાખનાર તેઓ તેના મરણની રાહ જોતા હતા). તેથી આ (અઘાસુર) અમૃત વિગેરે પદાર્થના સામર્થ્યનો પણ નાશ કરનારો ઘણો જ દુષ્ટ હતો (એમ કહેલું છે). ૧૩.

**દૃષ્ટ્વાર્ભકાન્ કૃષ્ણમુખાનઘાસુરઃ કંસાનુશિષ્ટઃ સ બકીબકાનુજઃ ।।**
**અયં તુ મે સોદરનાશકૃત્ તયોર્દ્વયોરથૈનં સબલં હનિષ્યે ।।૧૪।।**

---

૧.તપથી શરીરની શુદ્ધિ થઈ છે. 'ધૃતાત્મભિઃ' શબ્દથી ઈન્દ્રિયોની શુદ્ધિ જણાવે છે અને 'યોગિભિઃ' શબ્દથી અંતઃકરણની શુદ્ધિ જણાવે છે.

કંસે મોકલેલા બકી અને બકના નાનાભાઈ, (એવા) તે અઘાસુરે શ્રીકૃષ્ણ જેઓમાં મુખ્ય હતા તેવા બાલકોને જોઈને (વિચાર્યું) 'આ તો મારા ભાઈ-બેનનો નાશ કરનાર છે. તે બેની ખાતર આને સૈન્યસહિત ઉપદ્રવ કરીશ.' ૧૪.

શ્રીકૃષ્ણ જેઓમાં પ્રમુખ હતા તેવા બાલકોને (જોઈને), કંસે મોકલેલા તે પ્રસિદ્ધ (અસુરે), બકી એટલે પૂતના અને બકના નાના ભાઈએ (નીચે પ્રમાણે વિચાર્યું). ઉત્તરાર્ધથી તેનો સંકલ્પ કહે છે. ''આ ભગવાન્ તો મારા સહોદર એટલે ભાઈ તથા બેનનો નાશ કરનાર છે, કર્મ અથવા કાલે તેઓનો નાશ કરેલો નથી. તેથી તે બે(મારા ભાઈ તથા બેન)ના (નાશને) કારણે હું ઉપદ્રવ કરીશ. ૧૪.

એમ કરવાથી બાલકોને ઉપદ્રવ થશે, એમ નીચેના શ્લોકમાં કહે છે:

**એતે યદા મત્સુહૃદોસ્તિલાપઃ કૃતાસ્તદા નષ્ટસમા વ્રજૌકસઃ ।।**
**પ્રાણે ગતે વર્ષ્મસુ કા નુ ચિંતા પ્રજાસવઃ પ્રાણભૃતો હિ યે તે ।।૧૫।।**

જ્યારે આ મારા મિત્રોના તિલોદક થશે ત્યારે વ્રજવાસીઓ નાશ પામેલા જેવા જ થશે. પ્રાણ જાય ત્યારે દેહની શી ચિંતા ? કારણ કે જેઓ પ્રાણ ધારણ કરે છે તેઓ પ્રજારૂપી પ્રાણવાળા જ છે. ૧૫.

મારા મિત્રોના એટલે મારા ભાઈ તથા બેનના તિલોદક (તલ અને પાણી; શ્રાદ્ધમાં તલ અને પાણી પિતૃઓને આપી તેઓને તૃપ્ત કરવામાં આવે છે) જેવા એટલે તેઓ (મારાં ભાઈ અને બેન) મરેલાં છે તેમની તૃપ્તિ કરનારા થશે, ત્યારે વ્રજવાસી, ગાયો, સ્ત્રીઓ અને પુરુષો નાશ પામેલા જેવા થશે. જ્યારે પ્રાણ જાય ત્યાર પછી દેહ જવાની શી ચિંતા ? બાલકો વ્રજવાસીઓના પ્રાણરૂપ છે, કારણ કે જેઓ પ્રાણ ધારણ કરે છે તેઓ 'પ્રજાસવઃ' એટલે પ્રજા (બાલકો) જ છે પ્રાણ જેઓના, તેવા છે.'' ૧૫.

**ઈતિ વ્યવસ્યાજગરં બૃહદ્ વપુઃ સ યોજનાયામમહાદ્રિપીવરમ્ ।।**
**ધૃત્વાદ્ભુતં વ્યાત્તગુહાનનં તદા પથિ વ્યશેત ગ્રસનાશયઃ ખલઃ ।।૧૬।।**

એવો નિશ્ચય કરીને યોજન વિસ્તારવાળું મોટા પર્વત જેવું લાંબું અને જેની અંદર અદ્ભુત ગુફાના જેવું મુખ હતું તેવું અજગરનું મોટું શરીર ધારણ કરીને પછી ગળી જવાના ઈરાદાવાળો તે હરામખોર રસ્તામાં સૂતો. ૧૬.

એવો નિશ્ચય કરીને અજગરના જેવું મોટું શરીર ધારણ કરીને તે રસ્તામાં સૂતો. યોજન સુધીનો વિસ્તાર હતો જે શરીરનો, અને મોટા પર્વત જેવું જે લાંબું હતું, અને જેની અંદર (બાલકોને) ભ્રમ ઉત્પન્ન કરવા માટે અદ્ભુત ગુફા જેવું મુખ હતું (તેવું શરીર ધારણ કરીને રસ્તામાં સૂતો). (બાલકોને) ગળી જવા માટે જ તે સૂતો. તેને દયા તો હતી જ નહિ, કારણ કે તે હરામખોર હતો. ૧૬.

તેના રૂપનું નીચેના શ્લોકમાં વર્ણન કરે છે:

**ધરાધરોષ્ઠો જલદોત્તરોષ્ઠો દર્યાનનાન્તો ગિરિશ્રૃંગદંષ્ટ્રઃ ।।**
**ધ્વાન્તાન્તરાસ્યો વિતતાધ્વજિહ્વઃ પરુષાનિલશ્વાસદવેક્ષણોષ્ણઃ ।।૧૭।।**

તેનો નીચલો હોઠ ભૂમિ ઉપર હતો ,અને ઉપલો હોઠ વાદળોમાં હતો. મુખની મધ્યનો ભાગ ગુફા જેવો હતો, દાઢ પર્વતના શિખર જેવી હતી, મુખની અંદરનો ભાગ અંધારાવાળો હતો, જીભ પહોળા રસ્તા જેવી હતી, શ્વાસ સહન થઈ ન શકે તેવા પવન જેવો અને બે આંખો દાવાનલ જેવી ઉષ્ણ સ્પર્શવાળી હતી. ૧૭.

ધરા એટલે ભૂમિ ઉપર નીચલો હોઠ છે જેનો, જલદ એટલે વાદળોમાં ઉપલો હોઠ છે જેનો, દરી એટલે ગુફા જેવો મુખનો મધ્ય ભાગ છે જેનો, પર્વતના શિખર જેવી દાઢ છે જેની, અંધારાવાળો મુખની અંદરનો ભાગ (છે જેનો), પહોળી રસ્તા જેવી જીભ છે જેની, પરુષ એટલે સહન ન થઈ શકે તેવા સ્પર્શવાળો જે પવન તેના જેવો શ્વાસ, અને દવ એટલે દાવાનલ જેવો બે આંખોનો ઉષ્ણ સ્પર્શ છે જેનો, અથવા શ્વાસ સહિત બે આંખો ઉષ્ણસ્પર્શવાળી છે જેની (તેવો તે હતો). તેવાને જોઈને પણ બાલકો ભય ન પામ્યા, પરંતુ પોતાના ઈષ્ટ(રૂપ) તરીકે જ (તેઓએ) તેને કલ્પ્યો. ૧૭.

તેથી જ તેઓને ભય ન થયો, કારણ કે તેઓમાં દુષ્ટભાવ ન હતો એવા આશયથી નીચેનો શ્લોક કહે છેઃ

**તં દૃષ્ટ્વા તાદૃશં સર્વે મત્વા વૃન્દાવનશ્રિયમ્ ।।**
**વ્યાત્તાજગરતુણ્ડેન હ્યુત્પ્રેક્ષન્તે સ્મ લીલયા ।।૧૮।।**

તેને તેવો જોઈને સર્વેએ (તેને) વૃંદાવનની કાંતિ માનીને, અજગરના ફાડેલા મુખ સાથે (તેને) રમતથી સરખાવી. ૧૮.

તેને તેવો જોઈને, 'આ વૃંદાવનની કાંતિ જ છે' એમ માનીને, તે (વૃંદાવનની કાંતિ) છે કે નહિ એવો એક ક્ષણ વિચાર કરીને, 'આ કાંતિ છે. પરંતુ અજગરના મુખ જેવી દેખાય છે' એમ અજગરના મુખ જેવી (વૃંદાવનની) કાંતિ જ માની. પોતાને ભય નહિ હોવાથી રમતથી જે તે(પદાર્થ)ની કલ્પના કરે છે (એવી) પ્રસિદ્ધિ 'સ્મ' શબ્દ દર્શાવે છે. ૧૮.

નીચેના શ્લોકથી પાંચ શ્લોકોથી (તેઓએ કરેલી) કલ્પના જ કહે છેઃ

**અહો મિત્રાણિ ગદત સત્ત્વકૂટં પુરઃસ્થિતમ્ ।।**
**અસ્મત્સંગ્રસનવ્યાત્તવ્યાલતુણ્ડાયતે ન વા ।।૧૯।।**

અહો ! મિત્રો કહો, આપણને ગળવા ફાડેલા અજગરના મુખ જેમ આચરનારું આગળ રહેલ કપટી પ્રાણી છે કે નહિ ? ૧૯.

'અહો !' શબ્દ આશ્ચર્ય જણાવે છે. મિત્રો સર્વે કહો. અથવા 'હે મિત્રો !'

એમ સંબોધન છે. આગળ રહેલ કપટી પ્રાણી આપણને ગળવા માટે જ ફાડેલા અજગરના મુખ જેમ આચરનારું છે કે નહિ, તેનો નિર્ણય કહો એવો અર્થ છે. ૧૯

એ વિષયમાં 'નહિ' (કપટી પ્રાણી નથી એવા) પક્ષને નહિ માની, અટકળથી અજગરનું મુખ જ છે, એમ નીચેના શ્લોકમાં ઠરાવે છેઃ

**સત્યમર્કકરારક્તમુત્તરાહનુવદ્ ઘનમ્ ।।**
**અધરાહનુવદ્રોધસ્તત્પ્રતિચ્છાયયારુણમ્ ।।૨૦।।**

ખરેખર ! સૂર્યનાં કિરણોથી સહેજ લાલ ઉપલા ડાચા જેવું વાદળું જૂઓ અને તેના પડછાયાથી લાલ થએલા નીચલા ડાચા જેવો કિનારો (જૂઓ). ૨૦.

સૂર્યનાં કિરણોથી સહેજ લાલ ઉપલા ડાચા જેવું વાદળું જૂઓ;[1] (અને) નીચલા ડાચા જેવો કિનારો તે જ સ્હેજ લાલ વાદળાંના પડછાયાથી લાલ રંગનો થએલો (જૂઓ). ૨૦.

**પ્રતિસ્પર્ધેતે સૃક્કિભ્યાં સવ્યાસવ્યે નગોદરે ।।**
**તુઙ્ગશ્રૃઙ્ગાલયોઽપ્યેતાસ્તદંષ્ટ્રાભિશ્ચ પશ્યત ।।૨૧।।**

ડાબી અને જમણી પર્વતની ગુફાઓ મુખના બે ખૂણાઓની સ્પર્ધા કરે છે. આ ઊંચા શિખરોની હારો તેની દાઢો સાથે સ્પર્ધા કરે છે તે જૂઓ. ૨૧.

મુખના બે ખૂણાઓની ડાબી અને જમણી પર્વતની ગુફાઓ સ્પર્ધા કરે છે. વાસ્તવિક રીતે ગુફા જ મુખના ખુણા જેવી દેખાય છે. ઊંચાં શિખરોની હારો પણ તેની દાઢો સાથે સ્પર્ધા કરે છે, તેમાં સંદેહ નથી. જૂઓ. ૨૧.

**આસ્તૃતાયામમાર્ગોઽયં રસનાં પ્રતિ ગર્જતિ ।।**
**એષામન્તર્ગતં ધ્વાન્તમેતદપ્યન્તરાનનમ્ ।।૨૨।।**

વિશાળ યોજન સુધીનો આ માર્ગ જીભ જેવો લાગે છે, જે(શિખરો)ની અંદર રહેલું આ અંધારું પણ મુખની અંદરના ભાગ જેવું લાગે છે. ૨૨.

'આ' ચારે તરફ (પથરાએલો) યોજન સુધીનો (માર્ગ) રસના એટલે જીભ જેવો લાગે છે. 'લાગે છે' વિગેરે કહેલ છે તે એક સરખા હોવાને લીધે કહેલ છે. જે (પર્વતનાં) શિખરો દાઢો છે તેની અંદર રહેલું અંધારું પણ મુખની અંદરના ભાગ જેવું લાગે છે. ૨૨.

**દાવોષ્ણખરવાતોઽયં શ્વાસવદ્ ભાતિ પશ્યત ।।**
**તદ્દગ્ધસત્ત્વદુર્ગન્ધોઽપ્યન્તરામિષગન્ધવત્ ।।૨૩।।**

આ દાવાગ્નિ જેવો ઉષ્ણ અને સખ્ત પવન શ્વાસ જેવો લાગે છે. જૂઓ તેમાં બળેલા પ્રાણીઓની દુર્ગંધ પણ અંદર રહેલ કાચા માંસની ગંધ જેવી લાગે છે.૨૩.

---

૧. આવતા ૨૧મા શ્લોકમાં 'પશ્યત' 'જૂઓ' શબ્દ છે, તેની સાથે આનો સંબંધ છે.

આ 'દાવ' એટલે દાવાગ્નિ જેવો ઉષ્ણ અને સખ્ત પવન, અથવા દાવાનલને લીધે ઉષ્ણ (અને સખ્ત પવન) શ્વાસ જેવો લાગે છે. જૂઓ એટલે વિચારો. તેમાં એટલે દાવાનલમાં બળેલા પ્રાણીઓની દુર્ગંધ, ઉદરની અંદર જે આમિષ એટલે કાચું માંસ તેણે ખાધેલું છે તેની ગંધ જેવી લાગે છે. ૨૩.

'એમ હોય (આપણને ગળવા માટે આવેલ પ્રાણી હોય) તો શું કરવું ?' એવી શંકા કરીને, (આપણે) જવું જ એવો નિર્ણય કરીને, બાધક(એવા નિર્ણયથી વિરુદ્ધ વિચાર)ને દૂર કરે છે, એમ નીચેના શ્લોકમાં કહે છેઃ

**અસ્માન્ કિમત્ર ગ્રસિતા નિવિષ્ટાનયં તથા ચેદ્ બકવદ્ વિનંક્ષ્યતિ ।।**
**ક્ષણાદનેનેતિ બકાર્યુશન્મુખં વીક્ષ્યોદ્ધસન્તઃ કરતાડનૈર્યયુઃ ।।૨૪।।**

અહિં પ્રવેશ કરેલા આપણને આ શું ગળશે ? એમ થશે તો આમનાથી એક ક્ષણમાં બકની પેઠે નાશ પામશે. એવો (નિશ્ચય કરી), બકના શત્રુનું સુંદર મુખ જોઈને, મોટેથી હસતા તાલીઓ પાડતા ગયા. ૨૪.

અહિં પ્રવેશ કરેલા આપણને આ શું ગળશે ? એમ થશે તો બકની પેઠે જ એક ક્ષણમાં આ શ્રીકૃષ્ણથી જ એ અઘ નાશ પામશે એવો નિશ્ચય કરીને, બકના શત્રુ ભગવાનનું સુંદર મુખ જોઈને, મોટેથી હસતા હાથની તાળીઓ પાડતા (તેની અંદર) પ્રવેશ કરવા ગયા. ૨૪.

**ઈત્થં મિથોઽતથ્યમતજ્જ્ઞભાષિતં શ્રુત્વા વિચિન્ત્યેત્યમૃષા મૃષાયતે ।।**
**રક્ષો વિદિત્વાખિલભૂતહૃત્સ્થિતઃ સ્વાનાં નિષેદ્ધું ભગવાન્ મનો દધે ।।૨૫।।**
**તાવત્પ્રવિષ્ટાસ્ત્વસુરોદરાન્તરં પરં ન જીર્ણાઃ શિશવઃ સવત્સાઃ ।।**
**પ્રતીક્ષમાણેન બકારિવેશનં હતસ્વકાન્તસ્મરણેન રક્ષસા ।।૨૬।।**

સર્વ પ્રાણીઓના હૃદયમાં રહેલા ભગવાને એ રીતે સત્ય તરીકે નહિ જાણનારનું પરસ્પર સત્ય વચન સાંભળીને, ખરેખરો રાક્ષસ ખોટો ડૉળ કરે છે એમ જાણીને પોતાના(મિત્રો)ને રોકવા મન કર્યું એટલામાં વાછડાંઓ સાથે બાલકોએ અસુરના ઉદરની અંદર પ્રવેશ કર્યો, પરંતુ પોતાના બંધુઓના મરણનું સ્મરણ કરતા રાક્ષસે બકના શત્રુના પ્રવેશની રાહ જોતાં તેઓને પચાવ્યા નહિ. ૨૫-૨૬.

'અંદર પ્રવેશ ન કરો. ભક્ષણ કરવા રહેલો આ સર્પ છે' એમ ભગવાન્ બોલે અને તે વિષયનો મનમાં વિચાર કરે એટલામાં તો (બાલકોએ અને વાછડાંઓએ તેની અંદર) પ્રવેશ કર્યો, એવો (આ) બે શ્લોકોનો સંબંધ છે.

એ રીતે એટલે પહેલાં કહ્યું તે પ્રકારે પરસ્પર બાલકોએ 'આ સત્ય છે' એમ નહિ જાણનારની પેઠે સત્ય જ વચન ઉચ્ચાર્યું. તે તેઓનું વાક્ય સાંભળીને, (તેનો) વિચાર કરીને, 'ખરેખર આ અજગર જ છે એવો નિશ્ચય કરીને',

'ખરેખરો રાક્ષસ જ ખોટો હોવાનો ડોળ કરે છે એટલે અજગરની પેઠે રહેલો છે; અથવા (વૃંદાવનની) કાંતિ છે એવી (બાલકોમાં) બુદ્ધિ ઉત્પન્ન કરે છે, તેથી આ રાક્ષસ જ છે' એમ જાણીને, પોતાના(મિત્રો)ને રોકવા સર્વજ્ઞ ભગવાને મન કર્યું એટલે વિચાર્યું. તેટલામાં તો વાછડાંઓ સાથે બાલકોએ અસુરના ઉદરમાં પ્રવેશ કર્યો, અને પ્રાણ વિનાના થવા છતાં તેના ઉદરમાં રહેલ અગ્નિ(જઠરાગ્નિ)એ (તેઓને) પચાવ્યા નહિ. પચાવવામાં તેઓનો ભુક્કો થવાની જરૂર રહે છે, પણ તે થયો ન હતો એમ (નીચેના શબ્દોથી) કહે છેઃ બકના શત્રુના પ્રવેશની રાહ જોતા, હણાએલા બકી અને બકના મરણનું સ્મરણ જેને હતું તેવા રાક્ષસે, એટલે જેનો વેર વાળવાનો નિશ્ચય દૃઢ હતો એવા જાતિદુષ્ટે પણ ભગવાન(ના પ્રવેશ)ની રાહ જોતાં (તેઓને) પચાવ્યા નહિ. ૨૫-૨૬.

નીચેના શ્લોકથી ભગવાનનો વિચાર કહે છેઃ

**તાન્ વીક્ષ્ય કૃષ્ણઃ સકલાભયપ્રદો હ્યનન્યનાથાન્ સ્વકરાદવચ્યુતાન્ ।।**
**દીનાંશ્ચ મૃત્યોર્જઠરાગ્નિઘાસાન્ ઘૃણાર્દિતો દિષ્ટકૃતેન વિસ્મિતઃ ।।૨૭।।**

સર્વને અભય આપનાર શ્રીકૃષ્ણ, પોતાના વિના બીજો કોઈક જેમનો નાથ નથી તેવા ગરીબડા તેઓને પોતાના હાથથી છટકેલા અને મૃત્યુના જઠરાગ્નિના ખોરાક થએલા જોઈને, દયા લાવી દૈવના કૃત્યથી વિસ્મય પામ્યા. ૨૭.

શ્રીકૃષ્ણ તેઓને અને ગોકુલવાસીઓને સર્વને અભય આપનાર છે. (તે બાલકો) સર્વે (પોતાના વિના) બીજો કોઈ જેમનો નાથ નથી તેવા હતા, અને આ સમયે પોતાના હાથથી છટકી અકસ્માત્ તેના (રાક્ષસોના) મુખમાં પડ્યા હતા. વળી તેઓ ગરીબડા હોવાથી દરકાર ન કરવા યોગ્ય પણ ન હતા, અને મૃત્યુ એટલે અઘાસુરના જ જઠરાગ્નિના ખોરાકરૂપ થયા હતા. દૈવને લીધે તેવા થએલા તેઓને જોઈને ભગવાન્ વિસ્મય પામ્યા. ૨૭.

(ભગવાન્ જે) વિચાર કરે છે તે નીચેના શ્લોકમાં કહે છેઃ

**કૃત્યં કિમત્રાસ્ય ખલસ્ય જીવિતં ન વા અમીષાં ચ સતાં વિનાશનમ્ ।।**
**દ્વયં કથં સ્યાદિતિ સંવિચિન્ત્ય તજ્જ્ઞાત્વાવિશત્ તુણ્ડમશેષદગ્ઘરિઃ ।।૨૮।।**

અહિં શું કરવું જોઈએ ? આ હરામખોરનું જીવન અને આ સત્પુરુષોનો વિનાશ એ બંને કેવી રીતે ન થાય એનો વિચાર કરીને, તે જાણીને સર્વ જાણનાર હરિએ (રાક્ષસના) મુખમાં પ્રવેશ કર્યો. ૨૮.

જો આને (રાક્ષસને) મારવામાં આવે તો બાલકો પણ મરી જાય. બીજા(બાલકો)ને બનાવી ઘરે લઈ જવામાં આવે તો પણ આમનો તો નાશ જ થાય. તેથી બાલકોનું રક્ષણ કરવું જોઈએ અને આ(રાક્ષસ)નો નાશ કરવો જોઈએ.

આ બંને (કાર્ય) (અસુરના મુખમાં) મારા પ્રવેશ કરવાથી જ થાય, એમ (વિચારી) મુખમાં પ્રવેશ કર્યો; કારણ કે આ શ્રીકૃષ્ણ સર્વ જાણનાર અને હરિ એટલે સર્વનાં દુઃખોને હરનારા છે. આ હરામખોરનું જીવન જેમ ન રહે, અને આ સત્પુરુષોનો વિનાશ જેમ ન થાય, એ બંને કાર્યો કેવી રીતે થાય ? એવી રીતે બે ફલ અને (તેઓનાં) એક સાધનનો વિચાર કરીને, તેવો ઉપાય જાણીને (ભગવાને રાક્ષસના મુખમાં) પ્રવેશ કર્યો. ૨૮.

**તદા ઘનચ્છદા દેવા ભયાદ્ધાહેતિ ચુક્રુશુઃ ।।**
**જહૃષુર્યે ચ કંસાદ્યાઃ કૌણપાસ્ત્વઘબાન્ધવાઃ ।।૨૯।।**

તે સમયે વાદળાંઓથી ઢંકાએલા દેવોએ ભયથી 'અરેરે ! અરેરે !' એવી બૂમો પાડી, અને કંસ વિગેરે જે અઘના બંધુ રાક્ષસો હતા તેઓ હર્ષ પામ્યા. ૨૯.

તે સમયે દેવો અને કંસ વિગેરે (રાક્ષસો) આકાશ માર્ગે જોવા આવ્યા. તે પૈકી દેવો વાદળાંઓથી ઢંકાએલા રહીને જોતા હતા, તેમણે 'અરેરે ! અરેરે !' એવી બૂમો પાડી. કંસ વિગેરે હર્ષ પામ્યા. કંસ વિગેરે બધાએ, જે કોઈ અઘના બંધુઓ રાક્ષસો હતા (તેઓ હર્ષ પામ્યા). ૨૯.

**તચ્છ્રુત્વા ભગવાન્ કૃષ્ણસ્ત્વવ્યયઃ સાર્ભવત્સકમ્ ।।**
**ચૂર્ણીચિકીર્ષોરાત્માનં તરસા વવૃધે ગલે ।।૩૦।।**

તે સાંભળીને અવ્યય ભગવાન્ શ્રીકૃષ્ણ તો બાલકો અને વાછડાંઓ સહિત પોતાના ચૂરેચૂરા કરવા ઈચ્છનારના ગળામાં એકદમ વધ્યા. ૩૦.

એ બંને(રાક્ષસો અને દેવો)ના હર્ષ અને શોકને સાંભળીને ભગવાન્ શ્રીકૃષ્ણ અવ્યય હોઈ પોતે ભય વિનાના હતા તે, બાલકો અને વાછડાંઓ સહિત પોતાના ચૂરેચૂરા કરવા ઈચ્છનાર આ(રાક્ષસ)ના ગળામાં વધ્યા એટલે મોટા થયા. ૩૦.

**તતોઽતિકાયસ્ય નિરુદ્ધમાર્ગિણો હ્યુદ્ગીર્ણદૃષ્ટેર્ભ્રમતસ્ત્વિતસ્તતઃ ।।**
**પૂર્ણોઽન્તરંગે પવનો નિરુદ્ધો મૂર્ધન્ વિનિષ્પાટ્ય વિનિર્ગતો બહિઃ ।।૩૧।।**

પછી જેના (મુખનો) માર્ગ રુંધાઈ ગયો હતો, જેની દૃષ્ટિ એટલે આંખો નીકળી ગઈ હતી, અને જે અહિં તહિં ભમતો હતો તેવા મોટા દેહવાળા(રાક્ષસ)ના અંગની અંદર પૂર્ણ પવન રોકાએલો હતો તે માથાને ફોડી નાખીને બહાર નીકળ્યો. ૩૧.

પછી ઘણા મોટા દેહવાળા એટલે સ્થૂલ, જેના મુખનો માર્ગ રુંધાઈ ગયો હતો, અને જેની દૃષ્ટિ એટલે આંખો નીકળી ગઈ હતી, અને જે અહિં તહિં ભમતો હતો એટલે (પોતાના) દેહને પછાડતો હતો તેવા સર્પના શરીરની અંદર પૂર્ણ પવન રોકાએલો હોઈ, (તેનું) માથું ફોડીને બહાર નીકળ્યો, એટલે તેનો મુખ્ય

પ્રાણ બ્રહ્મરંધ્રમાંથી બહાર નીકળી ગયો. ૩૧.

**તેનૈવ સર્વેષુ બહિર્ગતેષુ પ્રાણેષુ વત્સાન્ સુહૃદઃ પરેતાન્ ।।**
**દૃષ્ટ્યા સ્વયોત્થાપ્ય તદન્વિતઃ પુનર્વક્ત્રાન્ મુકુન્દો ભગવાન્ વિનિર્યયૌ ।।૩૨।।**

તે (માર્ગથી) જ સર્વ પ્રાણો બહાર નીકળતાં, ભગવાન્ મુકુંદ મરણ પામેલાં વાછડાંઓને અને મિત્રોને પોતાની દૃષ્ટિથી ઉઠાડીને તેઓની સાથે મુખમાંથી પાછા બહાર નીકળ્યા. ૩૨.

તે જ માર્ગથી બધાએ (રાક્ષસના) પ્રાણો, ઈન્દ્રિયો અને આત્મા બહાર નીકળ્યા. ત્યાર પછી મરણ પામેલાં વાછડાં (તથા) મિત્રો એટલે બાલકોને પોતાની અમૃતભરી દૃષ્ટિથી ઉઠાડીને એટલે સજીવન કરીને તેઓની સાથે મુકુંદ ભગવાન્ મુખમાંથી બહાર નીકળ્યા, એટલે મુખના માર્ગથી જ બહાર નીકળ્યા. (રાક્ષસના) પ્રાણો ગયા પછી, (ભગવાને) નાના થઈ તેમ કર્યું (મુખમાર્ગથી બહાર નીકળ્યા). ૩૨.

ભગવાન્ બહાર નીકળ્યા એટલે અઘને સાયુજ્યની પ્રાપ્તિ થઈ, એમ નીચે કહે છેઃ

**પીનાહિભોગોત્થિતમદ્ભુતં મહજ્જ્યોતિઃ સ્વધામ્નો જ્વલયદ્ દિશો દશ ।।**
**પ્રતીક્ષ્ય ખેવસ્થિતમીશનિર્ગમં વિવેશ તસ્મિન્ મિષતાં દિવૌકસામ્ ।।૩૩।।**

જાડા સર્પના શરીરમાંથી નીકળેલું પ્રકાશતું તેજ પોતાના પ્રકાશથી દશ દિશાઓને ઉજળું કરતું ભગવાનના બહાર નીકળવાની રાહ જોઈને આકાશમાં રહ્યું, અને દેવોના દેખતાં તેમનામાં પેઠું. ૩૩.

જાડો આ જે સર્પ (હતો) તેના ભોગ એટલે શરીરમાંથી નીકળેલું અદ્ભુત ‘જ્યોતિઃ’ એટલે પ્રકાશતું તેજ, પોતાના પ્રકાશથી દશ દિશાઓને ઉજળું કરતું બહાર નીકળી, ભગવાન્ બહાર નીકળે તેની રાહ જોતું રહ્યું, અને તે બહાર પધાર્યા ત્યારે દેવો દેખતાં તેમનામાં (તે તેજે) પ્રવેશ કર્યો. (અઘના) તેજરૂપ લિંગશરીરે (ભગવાનમાં) પ્રવેશ કર્યો, એમ માયાવાદીઓ કહે છે. ૩૩.

પછી દેવોને સુખ થયું, એમ નીચેના શ્લોકમાં કહે છેઃ

**તતોઽતિહૃષ્ટાઃ સ્વકૃતોઽકૃતાર્હણં પુષ્પૈઃ સુરા અપ્સરસશ્ચ નર્તનૈઃ ।।**
**ગીતૈઃ સુગા વાદ્યધનાશ્ચ વાદ્યકૈઃ સ્તવૈસ્તુ વિપ્રા જયનિઃસ્વનૈર્ગણાઃ ।।૩૪।।**

પછી ઘણા પ્રસન્ન થએલા દેવોએ પોતાને માટે (કાર્ય) કરનારની પુષ્પોથી પૂજા કરી, અપ્સરાઓએ નૃત્યથી, ગાન કરનારાઓએ ગાનથી, વાજીંત્ર વગાડનારાઓએ ઝાંઝોથી, વિપ્રોએ સ્તુતિથી અને (વૈષ્ણવોના) સમૂહોએ ‘જય જય’ના અવાજથી પૂજા કરી. ૩૪.

પોતાને માટે એટલે દેવોને જ માટે (ભગવાન્ કાર્ય) કરતા હતા તેથી તે

'સ્વકૃત્' હતા. તેવા ભગવાનની (દેવોએ) પુષ્પોથી પૂજા કરી; અને અપ્સરાઓએ નૃત્યથી, 'પૂજા કરી' એ શબ્દોનો સર્વત્ર સંબંધ છે. 'સુષ્ઠુ' સારી રીતે 'ગાયન્તિ' ગાન કરે છે તે 'સુગાઃ' તેમણે (સારી રીતે ગાન કરનારાઓએ) ગીતોથી (પૂજા કરી). વાજીંત્ર છે ઘન (ઝાંઝ) જેઓનું તે 'વાદ્યઘનાઃ'. વિપ્રોએ તો સ્તુતિથી અને વૈષ્ણવોના સમૂહોએ 'જય, જય'ના અવાજથી પૂજા કરી. ૩૪.

તે સમયે બ્રહ્માને પણ આશ્ચર્ય થયું, એમ નીચેના શ્લોકમાં કહે છેઃ

**તદદ્ભુત - સ્તોત્ર - સુવાદ્યગીત - કજયાદિનૈકોત્સવ - મંગલસ્વનાન્ ।।**
**શ્રુત્વા સ્વધામ્નોઽન્ત્યજ આગતોઽચિરાદ્ દૃષ્ટ્વા મહેશસ્ય જગામ વિસ્મયમ્।।૩૫।**

તે અદ્‌ભુત સ્તોત્ર, સારાં વાજીંત્ર, ગીત, જય વિગેરે શબ્દોથી થતા મોટા ઉત્સવના મંગલ શબ્દોને પોતાના ઘર પાસે સાંભળીને બ્રહ્મા આવ્યા, અને ભગવાનનું (સામર્થ્ય) તરત જોઈને વિસ્મય પામ્યા. ૩૫.

તેઓના અદ્‌ભુત સ્તોત્ર વિગેરેને પોતાના ધામ એટલે ઘર પાસે સાંભળીને બ્રહ્મા ત્યાંથી આવ્યા; અને તરત જ ભગવાનને અને મહેશના એટલે

ભગવાનના સામર્થ્યને જોઈને વિસ્મય પામ્યા. સ્તોત્ર, સારાં વાજીંત્ર, ગીત, અને 'જય જય' શબ્દો, તેઓથી આ જે મોટો ઉત્સવ થતો હતો તે સહિત મંગલ શબ્દો (થતા હતા). તે શબ્દો બ્રહ્મલોક સુધી પહોંચ્યા (સંભળાયા). તે સાંભળીને બ્રહ્મા આવ્યા અને વિસ્મય પામ્યા. ૩૫.

મોક્ષ પામેલ(રાક્ષસ)નો દેહ ભગવાનના ભક્તોની રમતના ઉપયોગમાં આવ્યો, એમ નીચેના શ્લોકમાં કહે છેઃ

**રાજન્નાજગરં ચર્મ શુષ્કં વૃન્દાવનેઽદ્ભુતમ્ ।।**
**વ્રજૌકસાં બહુતિથં બભૂવાક્રીડગહ્વરમ્ ।।૩૬।।**

હે રાજા! વૃંદાવનમાં અજગરનું સૂકાએલું ચામડું ઘણા સમય સુધી વ્રજવાસીઓનું અદ્‌ભુત રમતમાં છૂપાવાનું સ્થાન બન્યું. ૩૬.

વૃંદાવનમાં સૂકાએલું (હોવાથી) ગંધ વિનાનું (અજગરનું ચામડું) ઘણા સમયસુધી વ્રજવાસીઓની રમત માટેની ગુફા એટલે છૂપાવાનું સ્થાન બન્યું. ૩૬.

નીચેના શ્લોકમાં બીજું આશ્ચર્ય કહે છેઃ

**એતત્કૌમારજં કર્મ હરેરાત્માહિમોક્ષણમ્ ।।**
**મૃત્યોઃ પૌગણ્ડકે બાલા દૃષ્ટ્વોચુર્વિસ્મિતા વ્રજે ।।૩૭।।**

પોતાને સર્પથી મુક્ત કરવાનું (એટલે) મૃત્યુથી મુક્ત કરવાનું હરિનું કુમાર અવસ્થામાં થએલું આ કર્મ, પૌગંડ અવસ્થામાં જોઈને વિસ્મય પામેલા બાલકોએ વ્રજમાં કહ્યું. ૩૭.

ભગવાનની કુમાર અવસ્થામાં થએલું આ કર્મ એટલે પોતાને (બાલકોને)

સર્પથી મુક્ત કરવાનું (એટલે) મૃત્યુમાંથી મુક્ત કરવાનું, જ્યારે હરિ પૌગંડ અવસ્થામાં આવ્યા ત્યારે (બાલકોએ) જોયું; (એટલે) (અજગરનું) સૂકાએલું શરીર જોયું અને વિસ્મય પામીને વ્રજમાં આવીને, 'આજે આમણે મોટા સર્પને (હણ્યો)' વિગેરે(૩-૪૮)માં કહેવામાં આવશે તે કહ્યું. ૩૭.

નીચેના બે શ્લોકોથી અઘાસુરની મુક્તિનું યુક્તિથી સમર્થન કરે છે. (અઘાસુરની મુક્તિ થવી જ જોઈએ, એમ તર્કથી સિદ્ધ કરે છે):

**નૈતદ્ વિચિત્રં મનુજાર્ભમાયિનઃ પરાવરાણાં પરમસ્ય વેધસઃ ।।**
**અઘોપિ યત્સ્પર્શનધૂતપાતકઃ પ્રાપાત્મસામ્યં ત્વસતાં સુદુર્લભમ્ ।।૩૮।।**

મોટા અને નાનાના નિયંતા અને કર્તા, મનુષ્યના બાલકરૂપ માયાવાળા (ભગવાન)નું આ (કર્મ) આશ્ચર્યકારક નથી કે તેમના સ્પર્શથી ધોવાએલ પાપવાળા અઘે પણ, દુષ્ટોને દુર્લભ એવી પોતાની (ભગવાનની) સમાનતાને પ્રાપ્ત કરી. ૩૮.

'મનુજાર્ભઃ' એટલે મનુષ્યના બાલક. તે જ (મનુષ્યના બાલક થવું તે જ) માયા. તેવી માયાવાળા ભગવાનનું આ બાલકોને મુક્ત કરવાનું અથવા અઘાસુરને મોક્ષ આપવાનું (કાર્ય) આશ્ચર્યકારક નથી. વસ્તુતઃ આ મોટા એટલે બ્રહ્મા વિગેરેના અને નાના એટલે આપણે વિગેરેના નિયંતા અને કર્તા છે. 'અઘઃ' એટલે પાપરૂપ (રાક્ષસે) પણ જેમના સ્પર્શથી ધોવાઈ ગએલ પાપવાળા થઈ દુષ્ટોને બહુ દુર્લભ જ એવા તેમના સામ્યને એટલે ભગવાનના સમાનપણાને પ્રાપ્ત કર્યું, તે (ભગવાનનું કર્મ આશ્ચર્યકારક નથી). ૩૮.

તેનું (એ કર્મ આશ્ચર્યકારક નથી તેનું) કારણ નીચેના શ્લોકમાં કહે છે:

**સકૃદ્ યદંગપ્રતિમાન્તરાહિતા મનોમયી ભાગવતીં દદૌ ગતિમ્ ।।**
**સ એવ નિત્યાત્મસુખાનભૂત્યા વ્યુદસ્તમાયઃ પરમોઽન્ત કિં પુનઃ ।।૩૯।।**

જેમની શરીર જેવી માનસી મૂર્તિ એકવાર હૃદયમાં સ્થાપેલી પણ ભાગવતી ગતિ આપે છે, (તો પછી) તે જ સચ્ચિદાનંદરૂપ આત્મા જેમણે માયાને દૂર કરેલી છે અને જે સર્વથી શ્રેષ્ઠ છે તે (પોતે) હૃદયમાં પધારેલા મુક્તિ આપે તેમાં શું કહેવાનું હોય ? ૩૯.

એકવાર જે ભગવાનની 'અંગપ્રતિમા' એટલે શરીર જેવી માનસી મૂર્તિ હૃદયમાં સ્થાપેલી પણ ભાગવતી ગતિ (મોક્ષ) આપે છે તો પછી તે (ભગવાન્ પોતે) જ સચ્ચિદાનંદરૂપ આત્મા, જેમણે (પોતાના) પૂર્ણજ્ઞાનથી માયાને દૂર કરેલી છે, અને જેમની સ્થિતિ ઉત્તમ છે તે હૃદયમાં પધારેલા મુક્તિ આપે એમાં કહેવાનું શું હોય ? ૩૯.

આટલું કહીને ઘણો આનંદ પામેલ શુક શાંત રહ્યા, ત્યારે રાજા તેમને

પ્રશ્ન કરે છે, એમ સૂત નીચેના શ્લોકમાં કહે છેઃ

સૂત કહે છેઃ

**ઇત્થં દ્વિજા યાદવદેવદત્તઃ શ્રુત્વા સ્વરાતુશ્ચરિતં વિચિત્રમ્ ।।**
**પપ્રચ્છ ભૂયોઽપિ તદેવ પુણ્યં વૈયાસકિં યન્નિગૃહીતચેતાઃ ।।૪૦।।**

હે દ્વિજો ! આ પ્રમાણે યાદવદેવે આપેલા(રાજા)એ પોતાના રક્ષણ કરનારનું વિચિત્ર ચરિત સાંભળીને, તેનાથી આકર્ષાએલ ચિત્તવાળા તેણે ફરીથી પણ શુકને તે જ પવિત્ર (ચરિત) પૂછ્યું . ૪૦.

હે શૌનક વિગેરે દ્વિજો ! યાદવદેવ શ્રીકૃષ્ણે આપેલા પરીક્ષિતે પોતાના રક્ષણ કરનારનું ચરિત સાંભળીને, ફરીથી પણ તે જ (ચરિત) પૂછ્યું, કારણ કે તે વિચિત્ર (આશ્ચર્યકારક) અને પવિત્ર છે. 'વૈયાસકિં' એટલે શુકને પૂછ્યું. જે ચરિતથી આકર્ષાએલું હતું ચિત્ત જેનું, તેવા પરીક્ષિતે પૂછ્યું . ૪૦.

નીચેના ત્રણ શ્લોકોથી (રાજાનો) પ્રશ્ન જ કહે છેઃ

રાજા કહે છેઃ

**બ્રહ્મન્ કાલાન્તરકૃતં તત્કાલીનં કથં ભવેત્ ।।**
**યત્ કૌમારે હરિકૃતં વિદુઃ પૌગણ્ડકેઽર્ભકાઃ ।।૪૧।।**

હે બ્રહ્મન્ ! હરિએ કુમાર અવસ્થામાં જે કર્યું તે બાલકોએ પૌગંડ (અવસ્થામાં) જાણ્યું (એમ કહ્યું તો) એક કાલમાં કરેલું બીજા કાલનું (બીજા કાલમાં કરેલું) કેવી રીતે થાય ? ૪૧.

'હે બ્રહ્મન્' એ સંબોધન (શુકદેવને પ્રશ્નના યથાર્થ ઉત્તર આપવા જોઈતું) જ્ઞાન છે, એમ જણાવવા કરેલું છે. 'હરિએ કુમાર અવસ્થામાં કર્યું તે પૌગંડ અવસ્થામાં (બાલકોએ) કહ્યું એમ (પાછળ ૩૭મા શ્લોકમાં) કહ્યું, તેમાં (મને) શંકા રહે છે કે એક કાલમાં કરેલું બીજા કાલનું કેમ થાય ? 'જે ભગવાને કુમાર અવસ્થામાં કર્યું તે બાલકોએ પૌગંડ અવસ્થામાં જાણ્યું' શબ્દોથી (ઉત્તરાર્ધથી) આ જ કહેલ છે. ૪૧.

**તદ્ બ્રૂહિ મે મહાયોગિન્ પરં કૌતૂહલં ગુરો ।।**
**નૂનમેતદ્ધરેરેવ માયા ભવતિ નાન્યથા ।।૪૨।।**

હે મોટા યોગી ! તે મને કહો. હે ગુરુ ! મોટું આશ્ચર્ય છે. ખરેખર આ હરિની માયા જ હશે, બીજી રીતે થાય નહિ. ૪૨.

કાંઈક કારણ હશે જ, છતાં તે મને કહો. 'હે મોટા યોગી !' સંબોધનથી તે (કારણ) તમારાથી અજાણ્યું નથી એમ કહેલ છે. વળી આ મોટું આશ્ચર્ય છે. આટલું જણાય છે કે ખરેખર ! આ હરિની માયા જ હોવી જોઈએ. તેમ ન હોય (હરિની માયા ન હોય), તો તેઓને (બાલકોને) ભ્રમ ન થાય. તેથી (આ)

ભગવાનનું ચરિત હોવાથી કહેવું જોઈએ. ૪૨.

(શુક એ પોતાને) કહે તે માટે (રાજા પોતાની) પ્રશંસા નીચેના શ્લોકમાં કરે છેઃ

**વયં ધન્યતમા લોકે ગુરોऽપિ ક્ષત્રબન્ધવઃ ।।**
**યત્ પિબામો મુહુસ્ત્વત્તઃ પુણ્યં કૃષ્ણકથામૃતમ્ ।।૪૩।।**

હે ગુરો ! ક્ષત્રબંધુઓ હોવા છતાં અમે લોકમાં સર્વથી ધન્ય છીએ, કે તમારી પાસેથી વારંવાર પવિત્ર શ્રીકૃષ્ણકથારૂપી અમૃતનું પાન કરીએ છીએ. ૪૩.

અધમ ક્ષત્રિય હોવા છતાં અમે સર્વથી ધન્ય છીએ, કારણ કે આપ અમારા ગુરુ છો. વળી (બીજું) કારણ કે આપની પાસેથી શ્રીકૃષ્ણકથારૂપી અમૃતનું વારંવાર અમે પાન કરીએ છીએ. ૪૩.

આમ પૂછેલા શુકે શાંત થએલ હોવા છતાં ફરીથી કહેવા માંડ્યું, એમ સૂત નીચેના શ્લોકમાં કહે છેઃ

સૂત કહે છેઃ

**ઇત્થં સ્મ પૃષ્ટઃ સ તુ બાદરાયણિઃ સંસ્મારિતાનન્તહૃતાખિલેન્દ્રિયઃ ।।**
**કૃચ્છ્રાત્ પુનર્લબ્ધબહિર્દશિઃ શનૈઃ પ્રત્યાહ તં ભાગવતોત્તમોત્તમમ્ ।।૪૪।।**

સ્મરણ કરાવેલા અનંતે જેની સર્વ ઇન્દ્રિયોને હરી હતી તેવા એ પ્રમાણે પૂછેલા તે બાદરાયણિએ કષ્ટથી ફરી બહારની દૃષ્ટિ પ્રાપ્ત કરી, તે વૈષ્ણવોત્તમમાં ઉત્તમને ધીરેધીરે (નીચે પ્રમાણે) ઉત્તર આપ્યો. ૪૪.

સારી રીતે સ્મરણ કરાવેલા આ જે અનંત, તેમણે હરણ કરેલી છે સર્વ ઇન્દ્રિયો જેની તેવા, એ પ્રમાણે પૂછેલા બાદરાયણિ (શુકે) પણ કષ્ટથી ફરીથી બહારની દૃષ્ટિ પ્રાપ્ત કરી ધીરેધીરે ઉત્તર આપ્યો; કારણ કે જેણે સમાધિ બંધ કરેલી હોય તે મોટેથી બોલે એ સંભવતું નથી. 'વૈષ્ણવોત્તમો(ઉત્તમ વૈષ્ણવો)માં ઉત્તમ(પરીક્ષિત)ને' શબ્દથી ઉત્તર આપવાનું કારણ જણાવેલું છે. ૪૪.

**ઇતિ શ્રીમદ્વલ્લભદીક્ષિતે રચેલી શ્રીમદ્ભાગવતની સુબોધિનીમાં**
**દશમસ્કંધના વિવરણમાં ત્રણ પ્રક્ષિપ્ત અધ્યાયો પૈકી**
**પહેલા અધ્યાયનું વિવરણ સમાપ્ત.**

## પ્રક્ષિપ્ત પ્રથમ અધ્યાય સમાપ્ત.

# ।। પ્રક્ષિપ્ત અધ્યાયનો અધ્યાય બીજો ।।

**દ્વિતીયે વત્સહરણં બાલૈર્બ્રહ્મભ્રમસ્તતઃ ।।**
**સ્તોત્રસ્યોપક્રમશ્ચૈવ ભોજનાદિ નિરૂપ્યતે ।।કા. ૧।।**

બીજા(અધ્યાય)માં ભોજનથી આરંભી બાલકો સાથે વાછડાંઓના (બ્રહ્માએ કરેલા) હરણનું, પછી બ્રહ્માના ભ્રમનું અને (તેમણે કરેલ) સ્તુતિ કરવાના આરંભનું નિરૂપણ કરવામાં આવે છે. કા.૧.

પહેલા બે શ્લોકોથી પ્રશ્નની પ્રશંસા કહે છેઃ

।।શ્રીશુક ઉવાચ ।। શ્રીશુક કહે છેઃ

**સાધુ પૃષ્ટં મહાભાગ ત્વયા ભાગવતોત્તમ ।।**
**યન્નૂતનયસીશસ્ય શૃણ્વન્નપિ કથાં મુહુઃ ।।૧।।**

હે મોટા ભાગ્યવાળા ઉત્તમ વૈષ્ણવ ! તેં સારો પ્રશ્ન કર્યો કે ભગવાનની કથાનું વારંવાર શ્રવણ કરતાં છતાં (તેને) નવી કરે છે. ૧.

ભગવાનના ચરિત્રમાં જ (તારી (પરીક્ષિતની)) બુદ્ધિ સ્થિર હોવાથી (તું) 'મોટા ભાગ્યવાળો' છે. (તારામાં) ઉત્તમપણું કુદરતી છે, તેથી (તું) 'ઉત્તમ વૈષ્ણવ' છે, કારણ કે સદાએ ભગવાનની કથાનું શ્રવણ કરતાં છતાં (તું તેને) નવી કરે છે, એટલે નવી હોય તેવી કરે છે. ૧.

**સતામયં સારભૃતાં નિસર્ગો યદર્થવાણીશ્રુતિચેતસામપિ ।।**
**પ્રતિક્ષણં નવ્યવદચ્યુતસ્ય યત્ સ્ત્રિયા વિટાનામિવ સાધુવાર્તા ।।૨।।**

જેમ વ્યભિચારી પુરુષોને સ્ત્રીની (વાર્તા) દરેક ક્ષણે નવી (પ્રિય) લાગે છે તેમ ભક્તિવાળા સત્પુરુષોનો આ સ્વભાવ છે કે તેમને ભગવાનની સારી વાર્તા (કથા) દરેક ક્ષણે નવી લાગે છે, કારણ કે તેમનાં ધન, કાન અને અંતઃકરણ (ભગવત્પરાયણ હોય છે). ૨.

વળી આ તમને યોગ્ય જ છે, કારણ કે ભક્તિવાળા સત્પુરુષોનો આ નિસર્ગ એટલે સ્વભાવ જ છે. 'ધન, વાણી, કાન અને અંતઃકરણ (ભગવત્પરાયણ હોય છે)' શબ્દથી આ સ્વભાવ જ કહે છે. 'અર્થઃ' ધન, 'વાણી' વાણી, 'શ્રુતિઃ' કાન, 'ચેતઃ' અંતઃકરણ, આ સર્વે પણ સ્વભાવથી જ ભગવત્પરાયણ હોય છે. 'ભગવાનની વાર્તા દરેક ક્ષણે નવી જેવી લાગે છે' એ શબ્દોથી તે (સ્વભાવ) કહે છે, કે રસનો આવેશ થાય (રસમાં ચિત્ત ચોંટે) ત્યારે સ્વભાવ જ તેવો થાય છે. (તેનું) દૃષ્ટાંત કહે છે, કે જેમ સ્ત્રીની વાર્તા વ્યભિચારી પુરુષો સાંભળે કહે અથવા મનમાં વિચારે ત્યારે તે (તેઓને) સુખ આપનારી થાય છે, તેમ (ભગવાનની વાર્તા ભક્તોને સુખ આપનારી થાય છે). (બેમાં) ભેદ

એટલો છે કે તે (સ્ત્રીની વાર્તા) ખરાબ વાર્તા છે, પરંતુ આ (ભગવાનની વાર્તા) સારી વાર્તા છે. ૨.

(ભગવાનનું ચરિત્ર) ઘણું અદ્ભુત છે, (તેથી) સાવધાનપણાથી સાંભળવું, એમ નીચેના શ્લોકમાં કહે છેઃ

**શ્રુણુષ્વાવહિતો રાજન્નપિ ગુહ્યં વદામિ તે ।।**
**બ્રૂયુઃ સ્નિગ્ધસ્ય શિષ્યસ્ય ગુરવો ગુહ્યમપ્યુત ।।૩।।**

હે રાજા ! સાવધાન થઈ સાંભળ. ગુહ્ય પણ તને કહું છું. કારણ કે ગુરુઓ પ્રેમવાળા શિષ્યને ગુહ્ય પણ કહે છે. ૩.

'અવહિતઃ' એટલે સાવધાન. આ ગુહ્ય હોવા છતાં તને કહું છું, કારણ કે પ્રેમવાળા શિષ્યને ગુરુઓ ગુહ્ય પણ કહે છે. ૩.

નીચેના શ્લોકથી આરંભી અગીઆર શ્લોકો વડે, (બ્રહ્મા) વાછડાંઓનું હરણ કરે છે તે (જણાવવા) માટે અઘાસુરના મુખમાંથી છોડાવેલા બાલકોનો ત્યાર પછીનો વૃત્તાંત કહે છેઃ

**તથાઘવદનાન્ મૃત્યો રક્ષિત્વા વત્સપાલકાન્ ।।**
**સરિત્પુલિનમાનીય ભગવાનિદમબ્રવીત્ ।।૪।।**

અઘના મુખરૂપ મૃત્યુમાંથી એવી રીતે રક્ષણ કરીને, વાછડાં પાલનારાઓને નદીના કિનારે લાવીને ભગવાને આ (નીચે પ્રમાણે) કહ્યું. ૪.

અઘના મુખમાંથી એટલે મૃત્યુમાંથી જ રક્ષણ કરીને, વાછડાં પાલનારાઓને નદીના કીનારે એટલે યમુનાના કીનારે લાવીને ભગવાને આ એટલે નીચે કહેવામાં આવશે તે (તેઓને) કહ્યું. ૪.

શ્રીભગવાન્ કહે છેઃ

**અહોઽતિરમ્યં પુલિનં વયસ્યાઃ સ્વકેલિસમ્પન્મૃદુલાચ્છવાલુકમ્ ।।**
**સ્ફુટત્સરોગન્ધહૃતાલિપત્રિકધ્વનિપ્રતિધ્વાનલસદ્દ્રુમાકુલમ્ ।।૫।।**

હે મિત્રો ! અહો ! આપણી રમતની સંપત્તિરૂપ કોમલ અને સ્વચ્છ રેતીવાળો, અને ખીલતાં કમળોની ગંધથી વશ થએલા ભ્રમરો અને પક્ષીઓના અવાજોના પડઘાઓથી સામા અવાજ કરતાં વૃક્ષોથી છવાએલો આ કીનારો ઘણો રમણીય છે. ૫.

અહો ! આ કીનારો ઘણો રમણીય છે, તેથી આપણે અહિં ભોજન કરીએ. 'હે મિત્રો' એ સંબોધન સ્નેહને લીધે કરેલું છે. 'સ્વસ્ય' આપણી 'કેલિઃ' રમત, તેમાં જે સંપત્તિ કોમલ અને સ્વચ્છ રેતીની (જોઈએ) તે જેની અંદર છે, (તેવો આ કીનારો છે). તેથી અહિં રમત પણ કરી શકાય તેમ છે અને ભોજન પણ (કરી શકાય તેમ છે). બીજા પણ આ કીનારામાં ગુણો છે, એમ ઉત્તરાર્ધથી કહે છે.

ખીલતાં જે 'સરોરુહાણિ' 'કમળો', (તે) ઘણાં જ ઘીચોઘીચ રહેલાં હોવાથી 'સરઃ' 'સરોવર' પદથી જણાવેલાં છે. તેથી ખીલતાં (કમળોવાળું) જે સરોવર, તેની ગંધથી વશ થએલા ભ્રમરો અને પક્ષીઓ, તેઓના અવાજનો જે સામો અવાજ એટલે પડઘો, તેનાથી સામા અવાજ કરતાં જે વૃક્ષો, તેમનાથી 'આકુલં' છવાએલો (કીનારો) છે, કારણ કે તેમની (વૃક્ષોની) ઉપર રહેલાં પુષ્પો અને ફલો કીનારા ઉપર પડે છે. ૫.

કીનારા ઉપર જ ભોજન કરવાનું કારણ નીચેના શ્લોકમાં કહે છેઃ

**અત્ર ભોક્તવ્યમસ્માભિર્દિવારૂઢં ક્ષુધાર્દિતાઃ ।।**
**વત્સાઃ સમીપેઽપઃ પીત્વા ચરન્તુ શનકૈસ્તૃણમ્ ।।૬।।**

દિવસ ચડ્યો છે. ભૂખથી પીડાએલા છીએ. તેથી આપણે અહિં ભોજન કરીએ. વાછડાંઓ નજીકમાં જલ પીને ધીરેધીરે ઘાસ ભલે ચરે. ૬.

દિવસ ઘણો ચડ્યો છે, અને ભૂખથી બધા પીડાએલા છીએ. તેથી જ વાછડાંઓ નજીકમાં જલ પીને ધીરેધીરે ઘાસ ભલે ચરે. ૬.

એ પ્રમાણે ભગવાને કહેલા બાલકોએ તેમજ કર્યું, એમ કહે છેઃ

**તથેતિ પાયયિત્વાર્ભા વત્સાનારુહ્ય શાદ્વલે ।।**
**મુક્ત્વા શિક્યાનિ બુભુજુઃ સમં ભગવતા મુદા ।।૭।।**

'બરાબર છે' એમ (કહીને), વાછડાંઓને જલ પાઈને, લીલીછમ ભૂમિ ઉપર ચઢાવીને, બાલકો શીકાં છોડી ભગવાન્ સાથે આનંદથી ભોજન કરવા લાગ્યા. ૭.

બાલકોએ વાછડાંઓને (જલ) પાઈને લીલીછમ એટલે ઉત્તમ ઘાસવાળી ભૂમિ ઉપર તેઓને ચઢાવીને, પોતે શીકાંઓ છોડીને ભગવાન્ સાથે ભોજન કરવા લાગ્યા. ૭.

ભોજન કરવા માટે તેઓ કેવી રીતે બેઠા, તે નીચેના શ્લોકમાં કહે છેઃ

**કૃષ્ણસ્ય વિષ્વક્ પુરુરાજિમણ્ડલૈ રભ્યાનનાઃ ફુલ્લદશો વ્રજાર્ભકાઃ ।।**
**સહોપવિષ્ટા વિપિને વિરેજુશ્છદા યથાઽમ્ભોરુહકર્ણિકાયાઃ ।।૮।।**

શ્રીકૃષ્ણની આસપાસ ઘણાં હારોનાં મંડલો કરીને વનમાં એક સાથે બેઠેલા, રમણીય મુખવાળા અને પ્રફુલ્લ ચક્ષુઓવાળા વ્રજબાલકો, જેમ કમલના કેસરની આસપાસ (તેની) પાંખડીઓ શોભે તેમ ઘણા શોભતા હતા. ૮.

(શ્રીકૃષ્ણની) આસપાસ વાડની પેઠે રહેલા હતા. ઘણાં હારોનાં મંડલો (હોય તેમ) એક પછી એક ગોળ હારો કરી, બધાએ ભગવાન્ સામે મુખ રાખી બેઠા હતા. તેથી જ (તે) વ્રજબાલકો પ્રફુલ્લ ચક્ષુઓવાળા હતા. એક સાથે એટલે એક જ સમયે (તે બધા) બેઠા હતા. 'વનમાં' બેઠા હતા, કારણ કે ત્યાં (વનમાં)

બીજો લૌકિક પુરુષ તેઓને જૂએ નહિ. જેમ કમલના કેસરની આસપાસ તેની પાંખડીઓ શોભે છે તેમ (તેઓ) ઘણું શોભતા હતા. ૮.

નીચેના શ્લોકમાં તેઓનાં ભોજનનાં પાત્રો કહે છેઃ

**કેચિત્ પુષ્પૈર્દલૈઃ કેચિત્ પલ્લવૈરઙ્કુરૈઃ ફલૈઃ ।।**
**શિગ્ભિસ્ત્વગ્ભિર્દષદ્ભિશ્ચ બુભુજુઃ કૃતભાજનાઃ ।।૯।।**

કેટલાક પુષ્પોનાં[૧], કેટલાક પાંદડાંઓનાં, અંકુરોનાં, ફલોનાં, શીકાંઓનાં, (ઝાડની) છાલોનાં અને પથ્થરોનાં ભોજનનાં પાત્રો બનાવી ભોજન કરતા હતા. ૯.

પુષ્પો વિગેરે[૧] પાથરીને, તેનાં જ ભોજન કરવાનાં પાત્રો બનાવી, તેના ઉપર ભાત મૂકીને ભોજન કરતા હતા. ૯.

બાલકો લૌકિક હોવાથી તેઓના ભોજનનો પ્રકાર કહે છેઃ

**સર્વે મિથો દર્શયન્તઃ સ્વસ્વભોજ્યરુચિં પૃથક્ ।।**
**હસન્તો હાસયન્તશ્ચાભ્યવજહ્રુઃ સહેશ્વરાઃ ।।૧૦।।**

બધાએ પોતપોતાના ખોરાકનો સ્વાદ જૂદો જૂદો પરસ્પર દર્શાવતા, હસતા અને હસાવતા, ઈશ્વર સાથે ભોજન કરતા હતા. ૧૦.

પોતપોતાના જ ભાત વિગેરે ખોરાકનો સ્વાદ બીજાને દેખાડતા હતા. લાડવા વિગેરે જૂદા જૂદા પ્રકારના ખોરાકનો (સ્વાદ દેખાડતા હતા), તેથી 'જૂદો જૂદો' શબ્દ યોજેલ છે. પછી (તે ખોરાકની) પ્રશંસા અથવા નિંદા થતાં હસતા અને (બીજાઓને) હસાવતા, ઈશ્વરસહિત ભોજન કરતા હતા. ઈશ્વર સાથે ભોજન થતું હતું, એ જ એવી રીતે આનંદથી ભોજન થવાનું કારણ હતું. બધાઓએ લાવેલાં અન્ન વિગેરે એકઠાં કરી, પહેલો ભાગ ભગવાનનો (તેમને) આપી, ભગવાનની કૃપાથી અક્ષય્ય અન્નવાળા થઈ તેઓ ભોજન કરતા હતા. ૧૦.

ભગવાને પણ ભોજન કર્યું એમ કહેતાં, (ભગવાનનું) તેવું (ભોજન કરતી વખતનું) રૂપ, ધ્યાન (થઈ શકે તે) માટે નીચેના શ્લોકમાં વર્ણવે છેઃ

**બિભ્રદ્વેણું જઠરપટયોઃ શ્રૃંગવેત્રે ચ કક્ષે**
**વામે પાણૌ મસૃણકવલં તત્ફલાન્યંગુલીષુ ।।**

---

૧. અહિં પુષ્પો મોટાં કમલો વિગેરેનાં જાણવાં. પલ્લવો જૂદાં કહેલાં છે તેથી અંકુરો કેળ વિગેરેનાં જાણવાં, કારણ કે અંકુરોને ફાડતાં તેમાંથી અંદરનો ભાગ બહાર કાઢી તેને પહોળો કરવાથી પાંદડા પેઠે જ તે નીકળે છે. ફલો પાકાં બીલાં, કૉઠાં અથવા નાળીએરનાં જાણવાં. શીકાંઓ રોટલી વિગેરે મૂકવાના ઉપયોગમાં આવતાં હોવાથી તેઓ પણ ભોજનનાં પાત્ર થાય છે એમ જાણવું. છાલો કેળની તથા ભોજપત્રની જાણવી. (પ્ર)

**તિષ્ઠન્ મધ્યે સ્વપરિસુહૃદો હાસયન્નર્મભિઃ સ્વૈઃ**
**સ્વર્ગે લોકે મિષતિ બુભુજે યજ્ઞભુગ્ બાલકેલિઃ ।।૧૧।।**

યજ્ઞભોક્તા બાલક પેઠે રમત કરનાર (ભગવાને) ભેટમાં વેણું, કાખમાં શીંગડી અને લાકડી, ડાબા હાથમાં ચીકાશવાળો કોળીઓ અને આંગળીઓમાં યોગ્ય ફલોને ધારણ કરીને, વચમાં રહીને, પોતાની આસપાસ (રહેલા) મિત્રોને મશ્કરી ઠઠ્ઠાથી હસાવતા, સ્વર્ગના લોક(દેવો)ના દેખતાં ભોજન કર્યું. ૧૧.

મલ્લની પેઠે (ભગવાનની) કેડ ઉપર પીતાંબર હતું. તેમાં હાથમાં રહેલ વાંસળી વિગેરે પદાર્થોમાંથી વાંસળીને ઉદર અને પીતાંબરની વચ્ચે (ભેટમાં) (તેમણે) રાખી હતી. શીંગડી અને લાકડીને બે કાખોમાં રાખ્યાં હતાં, ડાબા હાથમાં ચીકણો એટલે ઘી દહીં વિગેરે ભેળવેલા ભાતનો કોળીઓ રાખ્યો હતો. 'ધારણ કરીને' શબ્દનો (આ) બધા સાથે સંબંધ છે. તેમાં દહીં અને ભાતમાં યોગ્ય (દહીંભાત સાથે ભોજન કરવા યોગ્ય) ફલોને એટલે લીંબુ આદુ વિગેરેને (પોતાની) આંગળીઓમાં એટલે આંગળીઓના સાંધાઓમાં (આંગળીઓની વચ્ચે) રાખેલાં હતાં. બાલકોની વચમાં રહીને, પોતાની આસપાસ રહેલા મિત્રો બાલકોને પોતાના અસાધારણ મશ્કરી ઠઠ્ઠાથી (હસાવતા), સ્વર્ગલોક એટલે સ્વર્ગલોકમાં રહેલા દેવોના દેખતાં, સર્વ યજ્ઞના ભોક્તા (ભગવાને) ભોજન કર્યું. બાલકના જેવી કેલિ એટલે વિનોદ છે જેમનો તેવા (ભગવાને ભોજન કર્યું). ૧૧.

એ પ્રમાણે સર્વેએ ભોજન કર્યું ત્યારે કાંઈક અદ્‌ભુત જેવું થયું, એમ નીચેના શ્લોકમાં કહે છેઃ

**ભારતૈવં વત્સપેષુ ભુઞ્જાનેષ્વચ્યુતાત્મસુ ।।**
**વત્સાસ્ત્વન્તર્વને દૂરં વિવિશુસ્તૃણલોભિતાઃ ।।૧૨।।**

હે ભારત ! એ પ્રમાણે વાછડાં પાલનારાઓ ભગવાનમાં ચિત્તવાળા થઈ ભોજન કરતા હતા ત્યારે વાછડાંઓ ઘાસથી લોભાઈ વનની અંદર દૂર ગયાં. ૧૨.

ભગવાનમાં ચિત્તવાળા થઈ એટલે દેહનું વિસ્મરણ કરીને, વાછડાં પાલનારાઓ ભોજન કરતા હતા, ત્યારે વાછડાંઓ પોતાની મેળે વનની અંદર ઘાસથી લોભાઈ દૂર ગયાં. ૧૨.

**તાન્ દૃષ્ટ્વા ભયસન્ત્રસ્તાનૂચે કૃષ્ણોઽસ્ય ભીભયમ્ ।।**
**મિત્રાણ્યાશાન્ મા વિરમતેહાનેષ્યે વત્સકાનહમ્ ।।૧૩।।**

તેઓને ભયથી ત્રાસ પામેલા જોઈને, આ(જગત)ના મૃત્યુના ભયરૂપ શ્રીકૃષ્ણે કહ્યું, હે મિત્રો ! ભોજન કરવું મૂકી ન દો. હું વાછડાંઓને અહિં લાવીશ. ૧૩.

પછી બાલકો ભયથી ત્રાસ પામ્યા. તેઓને તેવા જોઈને શ્રીકૃષ્ણ

ભગવાને નીચે પ્રમાણે કહ્યું, કારણ કે આ (ભગવાન્) નિર્ભય છે. તેનું કારણ 'અસ્ય ભીભયમ્' 'આના મૃત્યુના ભયરૂપ' શબ્દોથી કહેલું છે. 'અસ્ય' એટલે આ જગતનું જે 'ભી' એટલે મૃત્યુ, તેના પણ ભયરૂપ છે, કારણ કે 'આ(ભગવાન) ના ભયથી વાયુ વાય છે' એમ શ્રુતિ (કહે છે). ઉત્તરાર્ધમાં ભગવાનનું વાક્ય કહે છે. ''હે મિત્રો ! 'આશ' એટલે ભોજન કરવું મૂકી ન દો. હું વાછડાંઓને અહિં જ લાવીશ.'' ૧૩.

**ઈત્યુક્ત્વાદ્રિદરીકુઞ્જગહ્વરેષ્વાત્મવત્સકાન્ ।।**
**વિચિન્વન્ ભગવાન્ કૃષ્ણઃ સપાણિકવલો યયૌ ।।૧૪।।**

એમ કહીને ભગવાન્ શ્રીકૃષ્ણ પોતાનાં વાછડાંઓને શોધતા હાથમાં કૉળીઆ સહિત પર્વતની ગુફાઓ, ખીણો તથા ભયાનક સ્થલોમાં ગયા. ૧૪.

એમ કહીને ભગવાન્ ત્યાંથી ગયા. પોતાનાં વાછડાંઓને શોધતા હાથમાં કૉળીઆ સહિત જ પર્વતની ગુફાઓ ખીણો અને ભયાનક સ્થલોમાં ગયા. પહેલાં (વનમાં) કેટલેક દૂર ગયા. ત્યાં વાછડાંઓને નહિ જોવાથી પર્વતની એટલે ગોવર્ધન વિગેરેની ગુફાઓમાં કુંજ અથવા ખીણોમાં અને ભયાનક સ્થલોમાં સર્વત્ર ગયા. ૧૪.

'વાછડાંઓ નજીક જ હોવાનું સંભવે છે, છતાં (ભગવાન્) દૂર કેમ ગયા ?' એવી શંકા થાય, તેથી (એ સમય) દરમ્યાન બ્રહ્મા વાછડાંઓને હરી ગયા એમ નીચેના શ્લોકમાં કહે છેઃ

શ્રીશુક કહે છેઃ

**અમ્ભોજન્મજનિસ્તદન્તરગતો માયાર્ભકસ્યેશિતુ-**
**ર્દ્રષ્ટું મઞ્જુમહિત્વમન્યદપિ તદ્વત્સાનિતો વત્સપાન્ ।।**
**નીત્વાન્યત્ર કુરૂદ્વહાન્તરદધાત્ ખેડવસ્થિતો યઃ પુરા**
**દૃષ્ટ્વાઘાસુરમોક્ષણં પ્રભવતઃ પ્રાપ્તઃ પરં વિસ્મયમ્ ।।૧૫।।**

હે કુરુઓમાં ઉત્તમ ! બ્રહ્મા જે પહેલાં આકાશમાં રહેલા હતા અને ભગવાનથી અઘાસુરનો મોક્ષ (થએલો) જોઈને ઘણો વિસ્મય પામ્યા હતા, તે માયાથી બાલક બનેલા ભગવાનનો બીજો પણ સુંદર મહિમા જોવા માટે એટલા સમયમાં આવીને, ત્યાંથી વાછડાંઓને અને અહિંથી વાછડાં પાલનારાઓને બીજે લઈ જઈ, અંતર્ધાન થયા. ૧૫.

'અમ્ભોજન્મ' એટલે (જલમાં થતું) કમલ. તેની અંદર જન્મ છે જેમનો, (તે બ્રહ્મા) (ભગવાનની) નાભિમાંથી નીકળેલ કમલમાં જ ઉત્પન્ન થયા હતા. (તે) તેટલા સમયની અંદર જ આવ્યા, અને માયાથી બાલક બનેલા ભગવાનનો અઘના સાયુજ્યરૂપી સુંદર મહિમા જોઈને, બીજો પણ (તેવો

મહિમા) જોવા માટે અરણ્યમાંથી વાછડાંઓને અને કીનારા ઉપરથી વાછડાં પાલનારાઓને લઈ જઈ, બીજે સ્થલે રાખી, પોતે અંતર્ધાન થયા. 'હે કુરુઓમાં ઉત્તમ' એ સંબોધન (રાજાને) વિશ્વાસ રહે તે માટે (કરેલું છે). 'લઈ જઈ' શબ્દનો (વાછડાં અને વાછડાં પાલનારાઓ) બંને સાથે સંબંધ છે.

'(બ્રહ્માએ) એમ કેમ કર્યું ?' એવી શંકા થાય, તેથી 'જે પહેલાં આકાશમાં રહીને અઘાસુરનો મોક્ષ જોઈને ઘણો વિસ્મય પામ્યા હતા' એમ કહેલું છે.

'એમાં આશ્ચર્ય શું ? ભગવાન્ પાસેથી મોક્ષ પામે જ' એવી શંકા થાય, તેથી 'પ્રભવતઃ' શબ્દ યોજેલ છે. 'પ્રકર્ષેણ' ઘણી રીતે 'ભવતિ' થાય છે જેમના-માંથી જગત્, તે 'પ્રભવઃ' એટલે ભગવાન્. તેથી પોતાના (બ્રહ્માના) દૃષ્ટાંત પ્રમાણે (બ્રહ્મામાંથી જેમ ઉત્પત્તિ થાય છે તેમ) ભગવાનમાંથી ઉત્પત્તિ થાય એ જ યોગ્ય છે, પરંતુ મુક્તિ થાય તે યોગ્ય નથી. જો મુક્તિ થતી હોય તો પોતાની (બ્રહ્માની) પણ મુક્તિ થવી જોઈએ. ૧૫.

**તતો વત્સાનદૃષ્ટ્વૈત્ય પુલિનેડપિ ચ વત્સપાન્ ।।**
**ઉભાવપિ વને કૃષ્ણો વિચિકાય સમન્તતઃ ।।૧૬।।**

વાછડાંઓને નહિ જોવાથી ત્યાંથી પાછા આવીને, કીનારા ઉપર વાછડાં પાલનારાઓને પણ નહિ જોવાથી, શ્રીકૃષ્ણે વનમાં બંનેને ચારેતરફ શોધ્યા. ૧૬.

(વાછડાંઓને) નહિ જોવાથી ત્યાંથી એટલે વનમાંથી ભગવાને પાછા આવીને, કીનારા ઉપર વાછડાં પાલનારાઓને પણ નહિ જોવાથી, 'ઘણું કરીને આ વાછડાં પાલનારાઓ પોતે પણ વાછડાં શોધવા જ ગયા હશે' એમ (ધારીને) બંનેને (એટલે વાછડાંઓ અને તેમને પાલનારાઓ એ બંનેને) ભગવાને વનમાં ચારે તરફ શોધ્યાં. ૧૬.

**ક્વાપ્યદૃષ્ટ્વાન્તર્વિપિને વત્સાન્ પાલાંશ્ચ વિશ્વવિત્ ।।**
**સર્વં વિધિકૃતં કૃષ્ણઃ સહસાવજગામ હ ।।૧૭।।**

વનમાં કોઈપણ સ્થલે વાછડાંઓને તથા (તેમને) પાલનારાઓને નહિ જોવાથી, સર્વ જાણનાર શ્રીકૃષ્ણે બ્રહ્માએ બધું કરેલું છે એમ તરત જ જાણ્યું. ૧૭.

પછી વનની અંદર કોઈપણ સ્થલે વાછડાંઓને તથા વાછડાં પાલનારા-ઓને નહિ જોતાં, વિચાર કરતાં, સર્વ જાણનાર એટલે સર્વજ્ઞે (શ્રીકૃષ્ણે) 'બ્રહ્માએ બધું કરેલું છે' એમ તરત જ જાણ્યું. 'હ' શબ્દ આશ્ચર્ય દર્શાવવા યોજેલ છે. ૧૭.

**તતઃ કૃષ્ણો મુદં કર્તું તન્માતૃણાં ચ કસ્ય ચ ।।**
**ઉભયાયિતમાત્માનં ચક્રે વિશ્વકૃદીશ્વરઃ ।।૧૮।।**

પછી તેઓની માતાઓને તથા બ્રહ્માને આનંદ કરવા વિશ્વ રચનારા

ઈશ્વર શ્રીકૃષ્ણ પોતે બંનેરૂપ થયા. ૧૮.

પછી બ્રહ્માને આનંદ કરવા ભગવાન્ બાલકોને પાછા ન લાવ્યા; કારણ કે એમ થાય (ભગવાન્ બાલકોને બ્રહ્મા પાસેથી પાછા લઈ આવે) તો તેમને (બ્રહ્માને) પોતાનો પ્રયાસ વ્યર્થ થવાથી ખેદ જ થાય. જો ચૂપ રહી (ભગવાન્) ઘેર જાય તો તેઓની (બાલકોની) માતાઓને ખેદ થાય. તેથી તે બંનેને આનંદ કરવા ભગવાન્ પોતે બંને રૂપ (બાલકોરૂપ અને વાછડાંરૂપ) થયા; કારણ કે આ (ભગવાન્) વિશ્વ રચનારા છે. (તેમને) આવી રીતે (બાલકરૂપ તથા વાછડાંરૂપ થવામાં) શું શ્રમ ?

'તેમને (બાલક તથા વાછડાંને) ઉત્પન્ન કરનાર કાલ, કર્મ તથા સ્વભાવ નહિ હોવા છતાં (ભગવાને) તેમને (બાલક તથા વાછડાંને) કેવી રીતે બનાવ્યાં ?' એવી શંકા થાય, તેથી 'ઈશ્વર' શબ્દ યોજેલ છે. ૧૮.

આ સૃષ્ટિ આત્મસૃષ્ટિ (જેમાં ભગવાન્ પોતે જ બધું થએલા છે તેવી સૃષ્ટિ) જ થઈ, એમ નીચેના શ્લોકમાં કહે છેઃ

**યાવદ્વત્સકવત્સપાલ્પકવપુર્યાવત્કરાંઘ્ર્યાદિકં**
**યાવદ્યષ્ટિવિષાણવેણુદલશિગ્ યાવદ્વિભૂષામ્બરમ્ ।।**
**યાવચ્છીલગુણાભિધાકૃતિવયો યાવદ્વિહારાદિકં**
**સર્વં વિષ્ણુમયં ગિરોઽઙ્ગવદજઃ સર્વસ્વરૂપો બભૌ ।।૧૯।।**

સર્વ વિષ્ણુમય છે એ વાણીનો અર્થ (પોતે) હોય તેમ, જેટલાં વાછડાં, વાછડાં પાલનારાઓ અને (તેમનાં) નાનાં શરીરો હતાં, જેટલા (તેઓના) હાથ, પગ વિગેરે હતા. જેટલાં (તેઓની) લાકડી, શીંગડાં, વાંસળી, પાંદડાં, શીકાંઓ હતાં, જેટલાં (તેમનાં) આભૂષણ તથા વસ્ત્રો હતાં, જેટલાં (તેમના) સ્વભાવ, ગુણો, નામ, આકૃતિ તથા વય હતાં અને જેટલાં (તેઓના) વિહાર વિગેરે હતાં, તે સર્વના સ્વરૂપવાળા જન્મરહિત (ભગવાન્) થયા. ૧૯.

વાછડાંઓ અને વાછડાં પાલનારાઓ જેટલા એટલે જેટલી સંખ્યામાં હતા તેટલા ભગવાન જ થયા; (તેઓનાં) નાનાં શરીરો ભગવાન્ થયા. પદાર્થમાં કાંઈ વધારો કે ન્યૂનતા થઈ ન હતી, એમ જણાવવા 'યાવત્' 'જેટલા' શબ્દ યાજેલ છે; અથવા વાછડાં તથા વાછડાં પાલનારાઓનાં નાનાં શરીરો જેટલાં હતાં તેટલા રૂપવાળા ભગવાન્ થયા, એમ નિશ્ચય સહિત કહેવા 'જેટલા' શબ્દ યોજેલ છે. જેટલા (તેઓના) હાથ પગ વિગેરે હતા તેટલા પણ ભગવાન્ થયા. જેટલાં લાકડી, શીંગડાં, વાંસળી, પાંદડાં, શીકાંઓ તથા જેટલાં આભૂષણ તથા વસ્ત્રો હતાં તેટલા પણ (ભગવાન્) થયા. જેટલાં સ્વભાવ, ગુણો, નામ, આકૃતિ તથા વય અને જેટલા વિહાર વિગેરે હતાં તેટલા રૂપોવાળા (ભગવાન્) થઈ રહ્યા, એવો

(વાક્યનો) સંબંધ છે.

'ભગવાન્ એવા કેમ થયા ?' એવી શંકા થાય, તેથી 'સર્વસ્વરૂપઃ' 'સર્વના સ્વરૂપવાળા' શબ્દ યોજેલ છે (ભગવાન્ સર્વ સ્વરૂપવાળા છે, તેથી હરકોઈ સ્વરૂપવાળા થવું હોય ત્યારે થાય છે).

'એક ભગવાન્ સર્વ કેવી રીતે થાય ?' એવી શંકા થાય, તેથી 'સર્વ જગત્ વિષ્ણુમય છે' એ વાક્યમાંથી 'સર્વ વિષ્ણુમય (છે)' ભાગ અહિં લીધેલો છે. 'સર્વ વિષ્ણુમય (છે)' એવા રૂપની જે વાણી, તેના અંગ એટલે અર્થની પેઠે, એટલે 'સર્વ જગત્ વિષ્ણુમય છે' એ વાક્યનો અર્થ જેવો સાંભળેલો તેવો જ ઘટે, એટલે આત્મસૃષ્ટિથી (જે સૃષ્ટિમાં ભગવાન્ પોતે સર્વ થાય તેવી સૃષ્ટિથી) અથવા આધિદૈવિક સૃષ્ટિથી જેમ એ અર્થ બરાબર ઘટે, તેવી જ રીતે આ પણ થયું એમ જાણવું. ૧૯.

એ પ્રમાણે સર્વરૂપ થઈ, એ રૂપોનો જે ઉપયોગ (ભગવાને) કર્યો, તે નીચેના શ્લોકમાં કહે છેઃ

**સ્વયમાત્માત્મગોવત્સાન્ પરિવાર્યાત્મવત્સપૈઃ ।।**
**ક્રીડન્નાત્મવિહારૈશ્ચ સર્વાત્મા પ્રાવિશદ્ વ્રજમ્ ।।૨૦।।**

(ભગવાને) પોતે પોતારૂપ વાછડાંઓને પોતારૂપ ગોપાલોથી ઘેરી લઈ, પોતારૂપ વિહારોથી રમતાં, સર્વરૂપ થઈ વ્રજમાં પ્રવેશ કર્યો. ૨૦.

ભગવાને પોતે જ પોતાથી જ પોતારૂપ વાછડાંઓને ઘેરી લઈને, પોતારૂપ ગોપાલોથી જ તે તે (સર્વનાં જૂદાં જૂદાં) વાછડાંઓને ઘેરી લઈને અથવા તેઓની સાથે જ પોતારૂપ વિહારોથી રમતાં પોતે જ ધર્મી અને ધર્મ (રમનારા અને ક્રીડા અથવા રમત) થઈને એટલે સર્વરૂપ થઈ વ્રજમાં પ્રવેશ કર્યો. ૨૦.

**તત્તદ્ વત્સાન્ પૃથઙ્ નીત્વા તત્તદ્ગોષ્ઠે નિવેશ્ય સઃ ।।**
**તત્તદાત્માભવદ્ રાજંસ્તત્તત્ સદ્મ પ્રવિષ્ટવાન્ ।।૨૧।।**

હે રાજન્ ! તે તે વાછડાંઓને જૂદાં લઈ જઈ તે તે કોઢમાં રાખીને, તે તે રૂપ થઈને તેમણે તે તે ઘરમાં પ્રવેશ કર્યો. ૨૧.

પછી તે તે (જૂદાં જૂદાં) વાછડાંઓને પહેલાંની પેઠે જ જે માર્ગે જ્યાં જવાય (તે માર્ગે) તેટલે દૂર જ (ભેગાં) અને પછી ત્યાંથી જૂદાં લઈ જઈ, તે તે (જૂદી જૂદી), પોતપોતાની કોઢમાં તેમને રાખીને તે ભગવાન જ તે તે રૂપ થયા, એટલે તેમણે ત્યાં રહેવાને માટે વાછડાંરૂપે બંધન વિગેરે ભાવો પ્રાપ્ત કર્યા; (અને પછી) તે તે (પોતપોતાના) ઘરમાં તે તે પ્રકારે (જૂદા જૂદા ગોપાલબાલકના રૂપથી) પ્રવેશ કર્યો. ૨૧.

એ પ્રમાણે તેઓનું કાર્ય કહી, ગોપીઓની તેઓની તરફ પહેલાંના જેવી

જ લાગણી (હતી), એમ નીચેના બે શ્લોકથી કહે છેઃ

**તન્માતરો વેણુરવત્વરોત્થિતા ઉત્થાપ્ય દોર્ભિઃ પરિરભ્ય નિર્વૃતાઃ ॥**
**સ્નેહસ્નુતસ્તન્યપયઃસુધાસવં મત્વા પરં બ્રહ્મ સુતાનપાયયન્ ॥૨૨॥**

તેઓની માતાઓ વેણુના અવાજથી ઝડપથી ઉઠી, (અને તેમને) ઉઠાડી હાથથી ભેટી આનંદ પામી. (તેમણે) સ્નેહથી ઝરતા ધાવણનું દૂધરૂપી અમૃત તથા આસવ પરબ્રહ્મને પુત્રો માનીને પાયું. ૨૨.

વેણુનો અવાજ સાંભળવામાં આવતાં (તેમની માતાઓ) ઝડપથી ઉઠી. બાલકો બેઠેલા તેમને પણ હાથથી ઉઠાડી ભેટી આનંદ પામી. (તેઓના) દેહનો સ્વભાવ પણ (દેહના) અધિષ્ઠાતાએ કરેલો તેવો જ થયો, એટલે ઘણા સ્નેહને લીધે ઝરતું એટલે દેહમાંથી નીકળતું જે દૂધ તે જ અમૃતરૂપ અને આસવરૂપ એટલે મદ ઉત્પન્ન કરનારું થયું. તેવું દૂધ પરબ્રહ્મને પુત્રો માનીને તેઓએ (માતાઓએ) પાયું. વાસ્તવિક રીતે તો આ (બાલકો) ધાવણ તજેલા હતા (ધાવણા ન હતા, પરંતુ તેથી મોટી ઉંમરના હતા). ૨૨.

પછી (માતાઓએ) બહારની પણ સેવા કરી, એમ કહે છેઃ

**તતો નૃપોન્મર્દનમજ્જલેપનાલંકારરક્ષાતિલકાશનાદિભિઃ ॥**
**સંલાલિતઃ સ્વાચરિતૈઃ પ્રહર્ષયન્ સાયં ગતો યામયમેન માધવઃ ॥૨૩॥**

હે નૃપ ! પછી કાલનું નિયમન કરીને સાંજે માધવ પધારતા ત્યારે, મર્દન, સ્નાન, લેપ, અલંકાર, રક્ષા, તિલક, ભોજન વિગેરેથી (માતાઓ) લાડ લડાવતી અને (ભગવાન્) પોતાના આચરણોથી (તેઓને) હર્ષ પમાડતા. ૨૩.

હે નૃપ ! પ્રથમ તેલથી પીસેલા (દ્રવ્યો)થી મર્દન, પછી મજ્જન એટલે સ્નાન, પછી સુગંધી પદાર્થોથી લેપ, પછી અલંકારો, પછી રક્ષા, પછી તિલક વિગેરે, પછી ભોજન, પછી વાર્તા, સુખપૂર્વક શયન વિગેરે; એ બધાથી (ભગવાનને) લાડ લડાવાતા ભગવાન્ પોતાના ચરિતોથી એટલે પહેલાં બાલકો જે પ્રમાણે આચરણ કરતા તેવાં ચરિત્રોથી ખૂબ હર્ષ પમાડતા.

'એટલું કરવામાં તો ઘણો વખત લાગે. સંસારમાં રચી પચી રહેલી (માતાઓ) દરરોજ તે (બધું) કેમ કરી શકે ?' એવી શંકા થાય, તેથી 'સાંજે પધારતા' શબ્દો યોજેલ છે. (ભગવાન્) સાયંકાલે (ઘેર) પધારે ત્યારે પણ એટલા (મર્દન વિગેરે ગણાવ્યા એટલા) ભાવ પ્રાપ્ત કરતા, તેનું કારણ 'કાલનું નિયમન કરીને' શબ્દથી કહેલું છે. કાલ એટલે પ્રહરરૂપ સમય. તેને (ભગવાન્) નિયમમાં રાખતા, એટલે જેટલા સમયમાં આ (સર્વ સંસ્કારો) થાય તેટલો સમય સૂર્યની ગતિ અટકી જતી, એવો અર્થ છે.

'એમ કેમ થાય (થઈ શકે) ?' એવી શંકા થાય, તેથી 'માધવ' શબ્દ

યોજેલ છે. આ (ભગવાન્) લક્ષ્મીના પતિ છે, તેથી (મર્દન વિગેરે) સર્વ સંપત્તિ (તેમને) પ્રાપ્ત થાય છે. વળી તે કાલને નિયમમાં રાખનારા છે, તેથી કાલ (તે કાર્યમાં) કોઈ પ્રકારની અયોગ્યતા કરતો (થવા દેતો) નથી. ૨૩.

એ પ્રમાણે માતાઓનું બાલકો પ્રતિ વર્તન કહી, નીચેના શ્લોકમાં ગાયોનું વાછડાંઓ પ્રતિ વર્તન કહે છેઃ

**ગાવસ્તતો ગોષ્ઠમુપેત્ય સત્વરં હુંકારઘોષૈઃ પરિહૂતસંગતાન્ ।।**
**સ્વકાન્ સ્વકાન્ વત્સતરાનપાયયન્ મુહુર્લિહન્ત્યઃ સ્રવદૌધસં પયઃ ।।૨૪।।**

પછી ગાયો કોઢમાં ઝડપથી આવીને, હુંકાર શબ્દથી બોલાવેલા અને પાસે આવેલાં પોતપોતાનાં વાછડાંઓને વારંવાર ચાટતી આઉમાંથી ઝરતું દૂધ પાતી હતી. ૨૪.

પછી એટલે વાછડાં પાલનારાઓને પ્રીતિ થયા પછી ગાયો પણ ઝડપથી કોઢમાં આવી, પોતે કરેલા હુંકાર શબ્દોથી બોલાવેલા અને પાસે આવેલા તેવા પોતપોતાનાં 'વત્સતરાન્' જાડાં વાછડાંઓને પણ, સ્નેહથી વારંવાર ચાટતી (દૂધ) પાતી હતી. '(વાછડાંઓને દૂધ પાઈ દેશે તો પછી) ભવિષ્યમાં દોહવાનું કેવી રીતે બનશે ?' એવી શંકા પણ ન કરવી, કારણ કે ઝરતું જ આઉના સંબંધવાળું દૂધ (આઉમાંથી ઝરતું જ દૂધ) પાતી હતી, પરંતુ આઉની અંદર રહેલું દૂધ પાતી ન હતી. ૨૪.

એ પ્રમાણે બંને પ્રકારના(બાલકો અને વાછડાંઓ)ની પહેલાંના જેવી સ્થિતિ કહી, (પહેલાંની સ્થિતિથી થએલ) વિશેષ (ભેદ, ફેરફાર) કહે છેઃ

**ગોગોપીનાં માતૃતાઽસ્મિન્ સર્વા સ્નેહર્દ્ધિકાં વિના ।।**
**પુરોવદાસ્વપિ હરેસ્તોકતા માયયા વિના ।।૨૫।।**

આમનામાં (ભગવાનમાં) ગાયો અને ગોપીઓનું માતાપણું સ્નેહની વૃદ્ધિ સિવાય સર્વ પહેલાંના જેવું હતું, અને આમનામાં (ગાયો અને ગોપીઓમાં) ભગવાનનું પુત્રપણું માયા વિના, પહેલાંના જેવું જ હતું. ૨૫.

ગાયો અને ગોપીઓનું માતાપણું એટલે સેવા વિગેરે માતાની લાગણીઓ સર્વ આમનામાં એટલે આ નવા પુત્રમાં પણ પહેલાંના જેવી જ હતી, પરંતુ સ્નેહની વૃદ્ધિ વિના, એટલે વધારામાં સ્નેહની વૃદ્ધિ થઈ. (પોતાના પુત્રો પ્રતિ સ્નેહ હતો તેથી વધારે સ્નેહ પુત્રરૂપી ભગવાનમાં થયો). આમનામાં એટલે ગાયો અને ગોપીઓમાં ભગવાનનું બાલકપણું પહેલાંના જેવું જ હતું. 'તોક' એટલે છોકરામાં જેવી લાગણી હોય તે 'તોકતા', એટલે બાલકમાં રહેલી માતા માટેની લાગણી પહેલાં છોકરાઓમાં જેવી હતી તેવી જ હરિમાં પણ હતી; પરંતુ હમણાં હરિમાં એ ધર્મ ('તોકતા') માયાથી થએલો હતો. તેથી માયા વિના એટલે માયાનો

ત્યાગ કરતાં સ્વરૂપથી એ ધર્મ (ભગવાનમાં) પહેલાંના જેવો જ (પહેલાં બાલકોમાં હતો તેવો જ) હતો, એવો અર્થ છે. ૨૫.

એ પ્રમાણે આરંભમાં જ સ્નેહની અધિકતા કહી, નીચેના શ્લોકમાં તેની વૃદ્ધિ કહે છેઃ

**વ્રજૌકસાં સ્વતોકેષુ સ્નેહવલ્લ્યાબ્દમન્વહમ્ ।।**
**શનૈર્નિઃસીમ વવૃધે યથા કૃષ્ણે ત્વપૂર્વવત્ ।।૨૬।।**

વ્રજવાસીઓની પોતાના પુત્રો શ્રીકૃષ્ણ ઉપરના સ્નેહની વેલ એક વર્ષ સુધી ધીરેધીરે દરરોજ નવીન રીતે હદ વગરની વધી; શ્રીકૃષ્ણ ઉપરનો (સ્નેહ) તો પહેલાંની પેઠે જ (વધ્યો). ૨૬.

પોતાના પુત્રો એટલે પોતપોતાના બાલકો ઉપરના સ્નેહની વેલ ઝડપથી વધતી દરરોજ વધતી ગઈ. (પહેલાંની અને હમણાંની સ્થિતિમાં) ભેદ ન જણાય તે માટે 'ધીરેધીરે' પદ યોજેલ છે. પછી જેમ પહેલાં (વધતી) ન હતી તેમ નવીન રીતે હદ વગરની વધી. શ્રીકૃષ્ણ ઉપરનો સ્નેહ તો પહેલાંની પેઠે જ (વધતો હતો). 'કૃષ્ણે' 'શ્રીકૃષ્ણ' શબ્દ સાતમી વિભક્તિમાં યોજાએલ બે વાર લેવાનો છે. (કારણ કે શ્રીકૃષ્ણ જ પોતપોતાના પુત્ર પણ છે). ૨૬.

એવી રીતે ભગવાનનું નવું ચરિત્ર કહી, નીચેના શ્લોકમાં તેનો (તે ચરિત્રની કથાનો) ઉપસંહાર કરે છેઃ

**ઈત્થમાત્માત્મનાત્માનં વત્સપાલમિષેણ સઃ ।।**
**પાલયન્ વત્સપો વર્ષં ચિક્રીડે વનગોષ્ઠયોઃ ।।૨૭।।**

આ પ્રમાણે તેમણે વાછડાં અને વાછડાં પાલનારના બાનાથી વાછડાં પાલનાર થઈ પોતે પોતાથી પોતાનું રક્ષણ કરતાં વન અને નેસડામાં એક વર્ષ ક્રીડા કરી. ૨૭

પોતે શ્રીકૃષ્ણે, પોતાથી એટલે વાછડાં પાલનારના રૂપથી, પોતાનું એટલે વાછડાંરૂપ પોતાનું(રક્ષણ કરતાં ક્રીડા કરી). વાસ્તવિક રીતે (વાછડાં પાલનાર અને વાછડાં સર્વ) પોતે જ હતા. વાછડાં અને વાછડાં પાલનારા એ તો માત્ર બાનું જ હતું. તેથી તેમણે (શ્રીકૃષ્ણે) જ વાછડાં પાલનાર થઈ, (વાછડાંરૂપ) પોતાનું રક્ષણ કરતાં વન અને નેસડામાં ક્રીડા કરી. ૨૭.

ભગવાનની આવી લીલાથી બધા ગોકુલમાં રહેનારાઓ પૈકી બલભદ્રને હવે જ્ઞાન થયું, એમ કહેવા નીચેના શ્લોકથી ઉપાખ્યાનનો આરંભ કરે છેઃ

**એકદા ચારયન્ વત્સાન્ સરામો વનમાવિશત્ ।।**
**પઞ્ચષાસુ ત્રિયામાસુ હાયનાપૂરણીષ્વજઃ ।।૨૮।।**

એક વાર વર્ષમાં પાંચ છ રાત્રિઓ બાકી હતી ત્યારે અજ(ભગવાને)

બલભદ્ર સહિત વાછડાં ચારતાં વનમાં પ્રવેશ કર્યો. ૨૮.

એકવાર જ્યારે ભગવાનની (એવી) ઈચ્છા થઈ ત્યારે, વાછડાંનું રક્ષણ કરતાં બલભદ્ર સહિત (ભગવાને) વનમાં પ્રવેશ કર્યો; ગાઢ વનમાં જ્યાં ગાયો ચરતી હતી ત્યાં (ભગવાન્) પધાર્યા. 'વર્ષમાં પાંચ છ રાત્રિઓ બાકી હતી' એટલે વાછડાંનું (બ્રહ્માએ) હરણ કર્યું તેને એક વર્ષ થયું, (પણ તેમાં) પાંચ અથવા છ રાત્રિઓ ઓછી હતી. 'ત્રિયામા' શબ્દ (રાત્રિને માટે) અલ્પપણું દર્શાવવા યોજેલ છે[1]. (ભગવાને) વાછડાંનું રક્ષણ કરનારના રૂપે તેઓની (બાલકોની) માતાઓથી જન્મ લીધેલ નથી, (પરંતુ) પોતે જ માત્ર તેવા (વાછડાંનું રક્ષણ કરનારા) થઈ રહેલ છે એમ જણાવવા, (ભગવાનને) અજ કહેલ છે. ૨૮.

૧. 'યામ' એટલે ત્રણ કલાકનો સમય. રાત્રિને 'ત્રિયામા' ત્રણ યામવાળી કહેલી છે તે તેનું અલ્પપણું દર્શાવવા કહેલી છે. ઉનાળાની રાત્રિઓ હશે ?

પછી જે થયું તે નીચેના શ્લોકમાં કહે છેઃ

**તતો વિદૂરાચ્ચરતો ગાવો વત્સાનુપવ્રજમ્ ।।**
**ગોવર્ધનાદ્રિશિરસિ ચરન્ત્યો દદૃશુસ્તૃણમ્ ।।૨૯।।**

ગોવર્ધન પર્વતના શિખર ઉપર ઘાસ ચરતી ગાયોએ ત્યાંથી દૂર વ્રજની પાસે ચરતાં વાછડાંઓને જોયાં. ૨૯.

સારી રીતે દૂરથી એટલે સારી રીતે દૂર ચરતાં વાછડાંઓને વ્રજની પાસે એટલે વ્રજની સમીપમાં જ રહેલાંને, વ્રજની સમીપના વનમાં રહેલાંને (ગાયોએ જોયાં) એવો અર્થ છે. ગોવર્ધન પર્વતના શિખર ઉપર ચરતી ગાયોએ જોયાં. ૨૯.

જો કે ગાયોને ઘાસ ઘણું પ્રિય છે, છતાં પણ વાછડાંઓના સ્નેહને લીધે તેને તજીને તેઓ વાછડાંઓની સમીપ આવી, એમ નીચેના શ્લોકમાં કહે છેઃ

**દૃષ્ટ્વાથ તત્સ્નેહવશોઽસ્મૃતાત્મા સ ગોવ્રજોઽત્યાત્મપદુર્ગમાર્ગઃ ।।**
**દ્વિપાત્ કકુદ્ગ્રીવ ઉદાસ્યપુચ્છોઽગાદ્ધુંકૃતૈરાસ્રુપયા જવેન ।।૩૦।।**

પછી (વાછડાંને) જોઈને, તેના ઉપરના સ્નેહથી વશ થએલી દેહને ભૂલી ગએલી, પોતાનું રક્ષણ કરનારાનું તથા પર્વતના માર્ગનું ઉલ્લંઘન કરેલી, બે પગે થએલી, ખાંધ ઉપર ડોક રાખેલી, પૂંછડું ઉંચું (કરી) મુખ ઉપર રાખેલી, તે વ્રજની ગાયો દૂધ ઝેરતી હુંકાર શબ્દ સાથે ઝડપથી દોડી ગઈ. ૩૦.

પહેલાં પણ કોઈવાર તેઓ (પોતાનાં વાછડાંઓને) જોતી તેનો પણ સમાવેશ થાય તે માટે (તે સમયે પણ આમ જ વર્તતી એમ જણાવવા), 'અથ' 'પછી' શબ્દથી જૂદો આરંભ કરી કહે છે. તેના ઉપરના એટલે વાછડાં ઉપરના સ્નેહે વશ કરેલી, એ 'તેના ઉપરના સ્નેહથી વશ થએલી', તેથી જ જેને 'આત્મા' એટલે દેહનું સ્મરણ રહેલ નથી તેવી, તે એટલે પ્રસિદ્ધ 'ગોવ્રજ' એટલે વ્રજની

બધીએ ગાયો પણ, પોતાનું રક્ષણ કરનારાનું તથા પર્વતના માર્ગનું ઉલ્લંઘન કરનારી થઈ. ઉલ્લંઘન કરેલું છે પોતાનું રક્ષણ કરનારા ગોપાલોનું, અને પર્વતના માર્ગનું જેમણે તેવી થઈ, એટલે રક્ષણ કરનારાઓને ઓળંગી જઈ, માર્ગ વિના જ કાંટા વિગેરે ઘણાં હોય તેવાં સ્થલોને પણ ઓળંગી જઈને આવી, એવો અર્થ છે. વળી બે પગે થઈ, (પૃથ્વી ઉપર) બે પગોથી જ કૂદતી દોડી. કાંધ ઉપર ડોક છે જેમની, ઊંચે મુખ ઉપર પૂંછડું છે જેમનું, તેવી થઈને હુંકાર શબ્દો સાથે વાછડાંઓ પાસે આવી. 'આ' ચારે તરફ 'સ્રવતિ' સ્રવે છે તે 'આસ્રુ'. તેવું 'આસ્રુ' ચારે તરફ સ્રવતું છે દૂધ જેમનું તેવી દૂધ ઝેરતી ઝડપથી આવી. ૩૦.

**સમેત્ય ગાવોઽધોવત્સાન્ વત્સવત્યોઽપ્યપાયયન્ ।।**
**ગિલન્ત્ય ઈવ ચાંગાનિ લિહન્ત્યઃ સ્વૌધસં પયઃ ।।૩૧।।**

(વાછડાં) ભેગી થઈને, વાછડાંવાળી હોવા છતાં (સ્નેહ) ઝરતી હોય તેમ અંગોને ચાટતાં, તજેલાં વાછડાંઓને ગાયોએ પોતાના આઉમાં રહેલું દૂધ પાયું. ૩૧.

પછી (વાછડાંઓ) ભેગી થઈને વાછડાંવાળી હોવા છતાં (ફરીથી વીઆએલી અને બીજાં નાનાં વાછડાંઓવાળી હોવા છતાં) તજેલાં (પહેલાંનાં) વાછડાંઓને પણ (દૂધ) પાયું. તેમાં પણ અંગોને બહાર કાઢતી હોય તેમ ચાટતાં એટલે સ્નેહ ઝરતી હોય તેમ એ પ્રમાણે કરતી હતી. આમાં તેઓનો (ગાયોનો) કાંઈ પણ દોષ ન હતો, કારણ કે તે દૂધ 'સ્વૌધસમ્' તેઓના પોતાના જ આઉમાં રહેલું હતું. ૩૧.

એ પ્રમાણે ગાયોનો ઘણો સ્નેહ કહી, નીચેના શ્લોકથી આરંભી ત્રણ શ્લોકોથી ગોપોનો (બાલકો માટેનો) અધિક સ્નેહ કહે છેઃ

**ગોપાસ્તદ્રોધનાયાસમૌઢ્યલજ્જોરુમન્યુના ।।**
**દુર્ગાધ્વકૃચ્છ્રતોઽભ્યેત્ય ગોવત્સૈર્દદશુઃ સુતાન્ ।।૩૨।।**

તેમને (ગાયોને) રોકવાના પ્રયાસથી થએલ મૂઢપણું અને લજ્જાથી થએલા ઘણા ક્રોધને લીધે પર્વતના માર્ગને લીધે થતા દુઃખથી ગોપોએ આવી ગાયોનાં વાછડાંઓ સાથે (પોતાના) પુત્રોને જોયા. ૩૨.

આરંભમાં તે વ્રજની ગાયોને રોકવા માટે જે પ્રયાસ કરેલ, તે નિષ્ફલ થતાં જે મૂઢપણું એટલે શું કરવું જોઈએ તેનું અજ્ઞાન થયું, અને તે થતાં પછી લજ્જા (શરમ) થઈ. એવા ત્રણ દોષોથી (ગોપોને) ઘણો ક્રોધ થયો. તે ક્રોધને લીધે દુઃખનો વિચાર કર્યા વિના જ, પર્વતના રસ્તામાં જે દુઃખ થાય છે તે દુઃખથી (તેવું દુઃખ સહન કરીને) પણ આવ્યા. દુઃખ સહન કરીને પણ (ગાયો પાસે) આવતાં, વાછડાંઓ સાથે ભેગા થએલા (પોતાના) પુત્રોને (તેઓએ) જોયા. ૩૨.

દુઃખ, ક્રોધ, શરમ, મૂઢપણું અને પ્રયાસ; એ પાંચ દોષોવાળા હોવા છતાં, અને વસ્તુ(દૂધ)નો નાશ[1] જોવા છતાં પછી પુત્રનાં દર્શન થતાં તેઓ (તે) સર્વ ભૂલી ગયાં, એમ નીચેના શ્લોકમાં કહે છેઃ

**તદ્વીક્ષણોત્પ્રેમરસાપ્લુતાશયા જાતાનુરાગા ગતમન્યવોઽર્ભકાન્ ।।**
**ઉદુહ્ય દોર્ભિઃ પરિરભ્ય મૂર્ધનિ ઘ્રાણૈરવાપુઃ પરમાં મુદં તે ।।૩૩।।**

તેમને જોવાથી જે પ્રેમ થયો તેના રસથી ભરેલા અંતઃકરણવાળા અને સ્નેહવાળા થવાથી ક્રોધરહિત થએલા (તેઓ) બાલકોને હાથોથી ઉંચા કરી, ભેટી, (તેમના) માથાની ગંધથી ઘણો આનંદ પામ્યા. ૩૩.

તે પુત્રોને જોવાથી જે પ્રેમ થયો તેના રસથી ભરેલા અંતઃકરણવાળા થયા, અને પ્રથમથી જ સ્નેહવાળા તો હતા જ તેથી ક્રોધરહિત થયા. પછી બાલકોને ઊંચા કરી એટલે ઊંચા તેડી લઈને, હાથોથી તેઓને ભેટ્યા, અહિં ('હાથોથી' શબ્દમાં) બહુવચન યોજેલ છે તે ટોળીના (બધા ગોપોના) અભિપ્રાયથી યોજેલું છે. (નહિ તો બે હાથોથી એમ કહેત, કારણ કે દરેક ગોપને તો બે જ હાથ હોય). માથાની ગંધથી એટલે માથું સુંઘવાથી થતી ગંધને લીધે તેઓ ઘણો આનંદ પામ્યા. ૩૩.

પછી (ગોપો) ત્યાંથી જવાને પણ અશક્ત થયા, એમ કહે છેઃ

**તતઃ પ્રવયસો ગોપાસ્તોકાશ્લેષસુનિર્વૃતાઃ ।।**
**કૃચ્છ્રાચ્છનૈરપગતાસ્તદનુસ્મૃત્યુદશ્રવઃ ।।૩૪।।**

પછી વૃદ્ધ ગોપો બાલકોને ભેટવાથી સુખી થયા, અને ધીમે ધીમે દુઃખથી તેમના સ્મરણને લીધે આંખમાં આંસુવાળા થઈ (ત્યાંથી) ગયા. ૩૪.

વૃદ્ધ હોવા છતાં ગોપો બાલકોને ભેટવાથી ઘણા સુખી થયા; અને દુઃખથી જ ધીરે ધીરે ત્યાંથી ગયા. તેમના એટલે બાલકોના સ્મરણથી તેઓની આંખમાં આંસુ આવ્યાં હતાં. ૩૪.

એ પ્રમાણે જોવાથી બલભદ્રને શંકા થઈ, એમ નીચેના શ્લોકમાં કહે છેઃ

**વ્રજસ્ય રામઃ પ્રેમર્દ્ધેર્વીક્ષ્યૌત્કણ્ઠ્યમનુક્ષણમ્ ।।**
**મુક્તસ્તનેષ્વપત્યેષ્વપ્યહેતુવિદચિન્તયત્ ।।૩૫।।**

વ્રજના પ્રેમની વૃદ્ધિ અને ધાવણ છોડી દીધેલ બાલકો પ્રતિ પણ દરેક ક્ષણે ઉત્કંઠા જોઈને, તેનું કારણ નહિ જાણનાર બલભદ્ર વિચાર કરવા લાગ્યા. ૩૫.

વ્રજની (વ્રજવાસીઓની) પ્રેમની વૃદ્ધિ જોઈને, (અને) ધાવણ છોડી દીધેલ બાલકો પ્રતિ પણ દરેક ક્ષણે ઉત્કંઠા એટલે લાલસા જોઈને, (તેનું) કારણ

૧. ગાયોએ વાછડાંને દૂધ ધવરાવી દીધેલ હોવાથી, એ (વસ્તુ) દૂધનો નાશ થયો એ તેઓએ જોએલ.

જાણતા નહિ હોવાથી, (બલભદ્ર) વિચાર કરવા લાગ્યા. ૩૫.

નીચેના શ્લોકથી તેમનો વિચાર જણાવે છેઃ

**કિમેતદદ્ભુતમિવ વાસુદેવેઽખિલાત્મનિ ।।**
**વ્રજસ્ય સાત્મનસ્તોકેષ્વપૂર્વં પ્રેમ વર્ધતે ।।૩૬।।**

આ અદ્‌ભુત જેવું શું છે, કે સર્વના આત્મા વાસુદેવ હોવા છતાં, પોતાના (મારા) સહિત વ્રજનો પ્રેમ બાલકો પ્રતિ અપૂર્વ રીતે વધે છે ? ૩૬.

ગાયો અને ગોપોની પોતાના પુત્રો પ્રતિ લાગણીરૂપ આ શું છે, જે લોક, યુક્તિ અને પ્રમાણથી વિરુદ્ધ છે ? તેથી જ તે (કાંઈ) અદ્‌ભુત હોવું જોઈએ. (પણ) સર્વના આત્મા વાસુદેવ હોવા છતાં, (એવું) અદ્‌ભુત પણ કાંઈ હોઈ શકે નહિ, (તેથી આ) ભગવાનની સંનિધિથી જ થાય છે અથવા બીજું કાંઈ (આનું) કારણ છે એવો સંદેહ (થાય છે). 'પોતાના સહિત વ્રજનો' એટલે પોતાના (મારા) સહિત બધાએ વ્રજનો, બાલકો પ્રતિ અપૂર્વ એટલે પહેલાં ન હતો તેવો પ્રેમ વધે છે, એવું જે થાય છે તે અદ્‌ભુત જેવું છે, એવો (વાક્યનો) સંબંધ છે. ૩૬.

'ત્યારે (તે) કોઈ માયા હશે' એવી શંકા થતાં, નીચેના (શ્લોકમાં જણાવ્યા પ્રમાણે) વિચાર કરે છેઃ

**કેયં વા કુત આયાતા દૈવી વા નાર્યુતાસુરી ।।**
**પ્રાયો માયાઽસ્તુ મે ભર્તુર્નાન્યા મેઽપિ વિમોહિની ।।૩૭।।**

આ કઈ (માયા) ? દૈવી, માનુષી અથવા આસુરી ? ક્યાંથી આવી ? ઘણું કરી મારા સ્વામીની માયા હોવી જોઈએ, બીજી નહિ, કારણ કે મને પણ મોહ કરનારી છે. ૩૭.

આ કઈ માયા ? ક્યાંથી આવી ? (તેના) સ્વરૂપના સંબંધમાં (કઈ માયા ? એ પ્રશ્નના સંબંધમાં) સંબંધીઓના ભેદથી (જૂદા જૂદા સંબંધીઓના ભેદથી) ભેદ જણાવે છે, કે દૈવી એટલે દેવના સંબંધવાળી (દેવોની), અથવા 'નારી' એટલે માણસના સંબંધવાળી (માનુષી), અથવા આસુરી એટલે અસુરોના સંબંધવાળી છે ? આ (બધા) પૂર્વપક્ષ છે. 'ઘણું કરીને મારા સ્વામીની જ માયા હોવી જોઈએ', આ જ સિદ્ધાંત હોવો જોઈએ, કારણ કે 'મને પણ મોહ કરનારી છે' એ શબ્દોથી તેનું (મારા સ્વામીની જ હોવી જોઈએ એ સિદ્ધાંત હોવાનું) કારણ કહેલું છે. તેથી તે બીજી (મારા સ્વામી વિના બીજા કોઈની) નથી. ૩૭.

**ઇતિ સઞ્ચિન્ત્ય દાશાર્હો વત્સાન્ સવયસાનપિ ।।**
**સર્વાનચષ્ટ વૈકુણ્ઠં ચક્ષુષા વયુનેન સઃ ।।૩૮।।**

એવો વિચાર કરીને તે દાશાર્હે મિત્રો સહિત વાંછડાંઓ સર્વને પણ જ્ઞાનમય ચક્ષુથી વૈકુંઠ જોયા. ૩૮.

એ પ્રમાણે વિચાર કરીને, દાશાર્હ એટલે બલભદ્રે ઊંડા વિચારથી જોયું તો પોતાના વિના મિત્રોસહિત વાછડાંઓ વિગેરે સર્વને વૈકુંઠ જોયા, એટલે આ બધોએ સમૂહ માત્ર ભગવાન્ છે એમ જોયું. તેનું પ્રમાણ (તેવું જ્ઞાન થવાનું સાધન) 'જ્ઞાનમય ચક્ષુથી' શબ્દથી કહેલું છે. જ્ઞાનચક્ષુથી (એવું જોયું). ૩૮.

એ પ્રમાણે જોઈને સંદેહ થતાં તે ભગવાનને પૂછે છે, એમ નીચેના શ્લોકમાં કહે છેઃ

**નૈતે સુરેશા ઋષયો ન વૈતે ત્વમેવ ભાસીશ ભિદાશ્રયેડપિ ।।**
**સર્વં પૃથક્ત્વં નિગમાત્ કથં વદેત્યુક્તેન વૃત્તં પ્રભુણા બલોડવૈત્ ।।૩૯।।**

'આ દેવો નથી, અને આ ઋષિઓ પણ નથી. આશ્રય જૂદા હોવા છતાં (આ બધામાં) આપ જ જણાઓ છો. (આ) સર્વ જૂદાપણું કેમ છે તે વેદથી કહો' એમ કહેલા પ્રભુએ કહેલ (વચન)થી બલભદ્રે વૃત્તાંત જાણ્યો. ૩૯.

હે ભગવન્! પહેલાં હું જાણતો હતો કે આ વાછડાં પાલનારાઓ ઈન્દ્ર વિગેરે દેવો છે, અને આ દૂધ પીનારાં વાછડાંઓ વેદના અર્થને જોનાર (જાણનાર) ઋષિઓ છે. પણ હમણાં તો આ (બાલકો) દેવો નથી તેમજ આ (વાછડાંઓ) ઋષિઓ નથી, પરંતુ આપ જ તે તે રૂપથી જણાઓ છો.

'સત્ય જ છે, બ્રહ્મવાદ એવો (સર્વ બ્રહ્મ છે એવો) જ છે' એવી શંકા થાય, તેથી 'આશ્રય જૂદા હોવા છતાં' શબ્દ યોજેલ છે. આશ્રય એક જ હોય ત્યારે ભગવાન જ સર્વ હોય છે એમાં સંદેહ નથી, પણ (અહિં) આશ્રય જૂદા હોવા છતાં (સર્વ) ભગવાન જ છે એ આશ્ચર્યકારક છે. તેથી આ વિષયમાં વેદો નહિ હોવાથી (વેદોમાં આવું હોવાનું કહેલ નહિ હોવાથી) (આ) સર્વ જૂદાપણું કેવી રીતે છે (ઘટે છે) તે વેદવાક્યોથી કહો (સમજાવો); કે આશ્રય જૂદા હોય તેવા પ્રસંગે 'સર્વ બ્રહ્મ છે' એમ શ્રુતિ કેવી રીતે કહે છે. (આ પ્રમાણે બલભદ્રે પૂછ્યું) ત્યારે ભગવાને (તેમને) કહ્યું, એટલે પહેલાં જે વૃત્તાંત (બનેલો) તે બલભદ્રે જાણ્યો. ૩૯.

એ પ્રમાણે બલભદ્રને જણાવીને (ભગવાને) બ્રહ્માને પણ જણાવ્યું એમ (કહેવા), બ્રહ્મા આવ્યા એમ નીચેના શ્લોકમાં કહે છેઃ

**તાવદેત્યાત્મભૂરાત્મમાનેન ત્રુટ્યનેહસા ।।**
**પુરોવદબ્દં ક્રીડન્તં દદશે સકલં હરિમ્ ।।૪૦।।**

એટલામાં પોતાની ગણતરીથી ત્રુટિ સમય થતાં બ્રહ્માએ આવીને હરિને કલા સાથે પહેલાં પ્રમાણે વર્ષ સુધી ક્રીડા કરતાં જોયા. ૪૦.

આ બ્રહ્મા આત્મભૂ (પોતાની મેળે જ ઉત્પન્ન થએલ, જન્મરહિત) છે. જો તેમ ન હોત તો અપરાધી (થએલ હોવાથી) નાશ પામત જ. (તેમણે) એટલામાં એટલે તરત જ આવીને પહેલાં પ્રમાણે જ (એક) વર્ષ સુધી ક્રીડા કરતાં

કલા સાથે એટલે વાછડાંનું પાલન કરનારા અને વાછડાંઓ સાથે હરિને જોયા.

'બ્રહ્માએ એટલો વિલંબ કેમ કર્યો ?' એવી શંકા થાય, તેથી 'પોતાની ગણતરીથી ત્રુટિ સમય થતાં' શબ્દો યોજલા છે. 'અનેહા' એટલે કાલની, પોતાની એટલે બ્રહ્માની ગણતરીથી ત્રુટિ (સમય થયો હતો). અહિં આંગળીનો ટાચકો ફોડાય તેટલા સમયને ત્રુટિ કહેલો છે, પરંતુ ત્રીજા સ્કંધમાં જે ત્રુટિ કાલ કહેલ છે તેને (અહિં) ત્રુટિ કહેલ નથી. તેથી (બ્રહ્મા) તરત જ આવ્યા, છતાં (તેમના) પોતાના કાલને લીધે (પોતાની કાલની ગણતરી કરેલી હોવાથી) એક વર્ષ પછી આવ્યા. ૪૦.

(તેમણે) આવીને જોયું તેનો વિચાર, નીચેના બે શ્લોકથી કહે છેઃ

**યાવન્તો ગોકુલે બાલાઃ સવત્સાઃ સર્વ એવ હિ ।।**
**માયામયે શયાના મે નાદ્યાપિ પુનરુત્થિતાઃ ।।૪૧।।**

ગોકુલમાં જેટલા બાલકો હતા તેઓ સર્વ વાછડાંઓ સહિત મારા માયામય લોકમાં સૂતેલા છે અને હજી સુધી પણ ઉઠેલા નથી. ૪૧.

ગોકુલમાં જેટલા બાલકો અને વાછડાંઓ હતાં તે બધાંને હું અહિંથી લઈ ગયો હતો, અને મેં (તેમને) માયામય લોકમાં રાખેલા. તેઓ (હજી) સૂતેલા જ છે અને હજી સુધી પાછા ઉઠેલા નથી. ૪૧.

**ઈત એતેઽત્ર કુત્રત્યા મન્માયામોહિતેતરે ।।**
**તાવન્ત એવ તત્રાબ્દં ક્રીડન્તો વિષ્ણુના સમમ્ ।।૪૨।।**

આ અહિં (છે) તે અહિં જ (ઉત્પન્ન થએલા) કે ક્યાંના ? મારી માયાથી મોહ પામેલાથી જૂદા છે. તેટલા જ ત્યાં વિષ્ણુની સાથે એક વર્ષથી ક્રીડા કરે છે. ૪૨.

વળી પાછા આ (બાલકો અને વાછડાંઓ) અહિં દેખાય છે. આ અહિં જ ઉત્પન્ન થએલાં અથવા અહિંથી જ નીકળેલાં હોવાં જોઈએ, પરંતુ ત્યાંથી આવેલાં હોવાં જોઈએ નહિ. તેમ ન હોય (અહિં ઉત્પન્ન થએલ અથવા અહિંથી જ નીકળેલ ન હોય) તો અહિં ક્યાંના છે ? 'મારી માયાથી મોહ પામેલાથી આ જૂદા છે' શબ્દથી (તેમનામાં અને આમાં) ભેદ દેખાય છે એમ કહે છે. આશ્ચર્ય એ છે કે તેટલાં જ તે જ સ્થાનમાં અને તે જ રૂપવાળાં છે. વિષ્ણુની સાથે વર્ષ સુધી ક્રીડા કરનારાં આ ક્યાંથી આવ્યાં ? એવો વાક્યનો સંબંધ છે. ૪૨.

શું ભગવાનની માયાથી તે સમયે બનાવેલા બાલકોને જ હું લઈ ગયો હતો કે સાચા બાલકોને ? અથવા આ બાલકો સાચા છે કે (ભગવાનની માયાથી) બનાવેલા ? એવી બંને પ્રકારની આ વિષયમાં બ્રહ્માની બુદ્ધિ હતી. યુક્તિથી પછી તેનો વિચાર કરતાં, (બ્રહ્માથી) નિશ્ચય થયો નહિ, એમ નીચેના શ્લોકમાં કહે છેઃ

**એવમેતેષુ સુચિરં ધ્યાત્વા સર્વાત્મનાત્મભૂઃ ।।**
**સત્યાઃ કે કતરે નેતિ જ્ઞાતું નેષ્ટે કથંચન ।।૪૩।।**

એવી રીતે આમના સંબંધી લાંબા સમય સુધી સર્વ પ્રકારે વિચાર કરતાં, સાચા કયા અને કયા (સાચા) નહિ તે જાણવા આત્મભૂ કોઈ રીતે સમર્થ થયા નહિ. ૪૩.

આમના સંબંધી એટલે આ બંને પ્રકારના બાલકો સંબંધી, લાંબા સમય સુધી વિચાર કરતાં આત્મભૂ (પોતાની મેળે ઉત્પન્ન થએલ બ્રહ્મા) પણ, 'કયા સાચા અને કયા નહિ' એ જાણવા સમર્થ થયા નહિ. 'કોઈ રીતે' એટલે યુક્તિથી પણ (જાણી શક્યા નહિ). ૪૩.

'ત્યારે (અંતે) શું થયું ?' એ (જાણવાની) આકાંક્ષા થાય, તેથી કહેલ છેઃ

**એવં સંમોહયન્ વિષ્ણું વિમોહં વિશ્વમોહનમ્ ।।**
**સ્વયૈવ માયયાજોઽપિ સ્વયમેવ વિમોહિતઃ ।।૪૪।।**

એ પ્રમાણે મોહરહિત, વિશ્વને મોહ પમાડનાર વિષ્ણુને મોહ પમાડવા જતાં, અજ પણ પોતાની જ માયાથી પોતે જ મોહ પામ્યા. ૪૪.

વિષ્ણુને મોહ પમાડવા જતાં, એટલે વિષ્ણુને મોહ પમાડવાની પ્રવૃત્તિ કરતાં, (બ્રહ્મા) પોતે જ મોહ પામ્યા. તેનું કારણ 'મોહરહિત, વિશ્વને મોહ પમાડનાર' શબ્દોથી કહેલું છે. ભગવાન્ પોતે મોહરહિત છે અને બીજાઓને મોહ પમાડે છે, તેથી ભગવાને મોહ ન પમાડવા છતાં પોતાની જ માયાથી (બ્રહ્મા) અજ (જન્મરહિત) હોવા છતાં પોતે જ મોહ પામ્યા. ૪૪.

(બ્રહ્મા પોતે જ મોહ પામ્યા) તે યોગ્ય જ હતું, એમ કહે છેઃ

**તમ્યાં તમોવન્ નૈહારં ખદ્યોતાર્ચિરિવાહનિ ।।**
**મહતીતરમાયૈશ્યં નિહન્ત્યાત્મનિ યુઞ્જતઃ ।।૪૫।।**

અંધારી રાત્રિમાં ઝાકળના અંધકાર પેઠે, દિવસમાં આગીઆના પ્રકાશ પેઠે, મોટા પુરુષમાં બીજાની માયા અથવા ઐશ્વર્ય યોજનારની માયા અને ઐશ્વર્યનો (મોટા પુરુષની) માયા નાશ કરે છે. ૪૫.

'તમી' એટલે અંધારી રાત્રિ. તેમાં ઝાકળનાં અંધકારની પેઠે (નકામું થાય છે). લોકોને વ્યામોહ કરવા ઝાકળથી પણ અંધકાર થાય છે. તે અંધકાર જો રાત્રે થાય તો તે (ઝાકળનો અંધકાર) પણ ન દેખાય. લોકોને તો અમથું (ઝાકળના અંધકાર વિના, રાત્રિના જ અંધકારથી) પણ કાંઈ દેખાતું ન હતું. તેથી મહામાયાવાળા ભગવાનમાં બીજાની માયાને પોતાનું સ્થાન પણ મળતું નથી, તો પછી તે કાર્ય તો શું જ કરવાની હતી ? એ પ્રમાણે મોહ પમાડવાના (માયાના) સમાન (ભગવાનમાં અને બ્રહ્મામાં બંનેમાં રહેલા) ધર્મથી, બ્રહ્માની માયા નિરર્થક

છે એમ કહી, ભગવાનની પાસે બ્રહ્મા પણ કાંઈ હિસાબમાં નથી, એમ 'દિવસમાં આગીઆના પ્રકાશ પેઠે' શબ્દોથી કહે છે. દિવસે આગીઆનો પ્રકાશ પોતે જ પ્રકાશતો નથી, તો પછી તે ઘડો વિગેરે પદાર્થોને તો કેવી રીતે જ પ્રકાશી શકે ? તો પછી તે સૂર્યને પ્રકાશે એવી તો આશા જ ક્યાંથી હોય ? તેથી જ મહાપુરુષમાં બીજાની માયા અથવા ઐશ્વર્ય યોજનાર પુરુષની માયાનો તથા તેના ઐશ્વર્યનો મહાપુરુષની માયા નાશ કરે છે એવો અર્થ છે. ૪૫.

એવી રીતે બ્રહ્મા ચિંતાથી આકુલ થતાં ભગવાને (તેમને) પોતાનું સ્વરૂપ દેખાડ્યું, એમ નીચેના શ્લોકમાં કહે છેઃ

**તાવત્સર્વે વત્સપાલાઃ પશ્યતોઽજસ્ય તત્ક્ષણાત્ ।।**
**વ્યદૃશ્યન્ત ઘનશ્યામાઃ પીતકૌશેયવાસસઃ ।।૪૬।।**

એટલામાં બ્રહ્માના દેખતાં જ તે જ ક્ષણે બધાએ વાછડાંઓ અને વાછડાં પાલનારાઓ વાદળાં જેવા શ્યામ અને પીળાં રેશમી વસ્ત્ર ધારણ કરેલા દેખાયા. ૪૬.

(એટલામાં એટલે) આ (બ્રહ્મા) વિચાર કરે છે એટલામાં, બ્રહ્મા જ્યારે દેખતા હતા ત્યારે તે જ ક્ષણે, બધાએ વાછડાંઓ અને વાછડાં પાલનારાઓ વાદળાં જેવા શ્યામ એટલે કાળાં વાદળાં જેવા શ્યામ દેખાયા, એટલે બ્રહ્માએ (તેમને તેવા) જોયા; અને બધાએ પીળાં રેશમી વસ્ત્રો ધારણ કરેલા (દેખાયા). ૪૬.

**ચતુર્ભુજાઃ શંખચક્રગદારાજીવપાણયઃ ।।**
**કિરીટિનઃ કુણ્ડલિનો હારિણો વનમાલિનઃ ।।૪૭।।**

ચાર ભુજાઓવાળા, શંખ ચક્ર ગદા અને કમલ જેઓના હાથમાં છે તેવા, મુકુટવાળા, કુંડલવાળા, હારવાળા અને વનમાલાવાળા (તેઓ દેખાયા). ૪૭.

જે જે ધર્મ પ્રકટ કરવા માટે વૈકુંઠમાં જેવી મૂર્તિવાળા (ભગવાન્) છે તેવા આ (છે) એમ જણાવવા, ભુજાઓ વિગેરેનું નિરૂપણ કરવામાં આવે છે. ચાર ભુજાઓ દરેકની જેઓની છે તેવા, શંખ ચક્ર ગદા અને કમલ જેમના દરેકના હાથમાં છે તેવા (તેઓ દેખાયા). 'રાજીવ' એટલે કમલ. બધાએ મુકુટવાળા એટલે મુકુટ આભૂષણ ધારણ કરેલા, કુંડળ આભૂષણ ધારણ કરેલા, મોતીના હાર ધારણ કરેલા અને વનમાલા ધારણ કરેલા (દેખાયા). ૪૭.

આ (ચાર ભુજા અને મુકુટ વિગેરે આભૂષણો) સારૂપ્ય (મુક્તિ) પ્રાપ્ત કરેલાને પણ હોય, તેથી શ્રીવત્સ વિગેરે (ભગવાનના) અસાધારણ (બીજા કોઈમાં ન હોય તેવા) ધર્મો નીચેના શ્લોકથી કહે છેઃ

**શ્રીવત્સાઙ્ગદદોરત્નકમ્બુકઙ્કણપાણયઃ ।।**

**નૂપુરૈઃ કટકૈર્ભાતાઃ કટિસૂત્રાઙ્ગુલીયકૈઃ ।।૪૮।।**

શ્રીવત્સ, કડલી, હાથનાં રત્નો અને શંખ જેવાં કંકણો જેમના હાથમાં હતાં તેવાં, ઝાંઝરો અને કડાંઓથી તથા કંદોરા અને વીંટીઓથી શોભતા (દેખાયા). ૪૮.

'શ્રીવત્સ' એટલે જમણી બાજુએ વળેલી ગોળ વાળની રેખા. કડલી હાથમાં પહેરવાનું વલય, હાથનાં એટલે બાહુમાં પહેરવાનાં રત્નો અથવા બાહુરૂપી જ રત્નો, શંખના જેવાં (ત્રણ હાંસવાળાં) કંકણો, આ બધાવાળા દરેક હાથ છે જેમના તેવા (દેખાયા). ઝાંઝરો ચરણોનાં આભરણો અને કડાં એટલે હાથનાં આભરણોથી શોભતા, અને કંદોરા તથા વીંટીઓથી શોભતા (દેખાયા). ૪૮.

**આઙ્ઘ્રિમસ્તકમાપૂર્ણાસ્તુલસીનવદામભિઃ ।।**
**કોમલૈઃ સર્વગાત્રેષુ ભૂરિપુણ્યવદર્પિતૈઃ ।।૪૯।।**

ઘણા પુણ્યવાળાઓએ સર્વ અવયવોમાં સમર્પણ કરેલી કોમલ તુલસીની નવી માળાઓથી ચરણથી મસ્તક સુધી ભરેલા (દેખાયા). ૪૯.

તુલસીની નવી માલાઓથી નખથી શિખા સુધી બધી બાજુએ ભરેલા (દેખાયા), અને તે માલાઓ કોમલ તુલસીની બનાવેલી હતી; અને સર્વ અવયવોમાં જૂદી જૂદી સમર્પણ કરેલી હતી, અને સમર્પણ કરનારા ઘણા પુણ્યવાળા હતા. ૪૯.

તેઓમાં ભગવાનનો અસાધારણ ભાવ નીચેના શ્લોકથી વર્ણવે છેઃ

**ચન્દ્રિકાવિશદસ્મેરૈઃ સારુણાપાઙ્ગવીક્ષિતૈઃ ।।**
**સ્વકાર્થાનામિવ રજઃસત્ત્વાભ્યાં સ્રષ્ટૃપાલકાઃ ।।૫૦।।**

અરુણ કટાક્ષના દર્શન સાથે ચંદ્રિકા જેવા સ્વચ્છ હાસ્યથી ભક્તોના પુરુષાર્થોને રજોગુણ અને સત્ત્વગુણની પેઠે ઉત્પન્ન કરતા અને પાલન કરતા (દેખાયા). ૫૦.

ચંદ્રિકાના જેવાં સ્વચ્છ મંદ હાસ્યો; અરુણ કટાક્ષરૂપી દર્શનો. એ હાસ્યો અને દર્શનોથી ભક્તોના પુરુષાર્થને ઉત્પન્ન કરતા અને પાલન કરતા હતા. દર્શનોથી પુરુષાર્થોની ઉત્પત્તિ થતી હતી; અને હાસ્યોથી (તેઓનું) પાલન થતું હતું. તેમાં યોગ્યતા કહેતાં 'રજોગુણ અને સત્વગુણની પેઠે' શબ્દોથી દૃષ્ટાંત કહે છે. દર્શન અરુણ (લાલ) વર્ણવાળું હોવાથી રજોગુણ સમાન છે, અને હાસ્ય સ્વચ્છ (ઉજળું) હોવાથી સત્ત્વગુણ સમાન છે. રજોગુણથી ઉત્પત્તિ થાય છે, અને સત્ત્વગુણથી પાલન થાય છે. ૫૦.

**આત્માદિસ્તમ્બપર્યન્તૈર્મૂર્તિમદ્ભિશ્ચરાચરૈઃ ।।**
**નૃત્યગીતાદ્યનેકાર્હૈઃ પૃથક્ પૃથગુપાસિતાઃ ।।૫૧।।**

પોતાથી આરંભી તણખલાં સુધીના, નૃત્ય ગીત વિગેરે અનેકથી યોગ્ય, મૂર્તિમાન સ્થાવર જંગમ (પ્રાણીઓ)થી જૂદી જૂદી ઉપાસના કરાતા (તેઓ દેખાયા). ૫૧.

વળી પોતે એટલે બ્રહ્માથી આરંભી તણખલાં સુધીના એટલે ઘાસનાં તણખલાં સુધીના તે 'પોતાથી આરંભી તણખલાં સુધીના' આધિદૈવિકો. મૂર્તિમાન એટલે દેહવાળાં સ્થાવર અને જંગમ(પ્રાણીઓ)થી જૂદી જૂદી ઉપાસના કરાતા, એવો (વાક્યનો) સંબંધ છે. 'નૃત્ય, ગીત વિગેરે અનેક (ગુણોથી ઉપાસના કરવા માટે) યોગ્ય, શબ્દથી જૂદી જૂદી ઉપાસના કરવાનું કારણ કહેલું છે. ભગવાનની સેવામાં ઉપયોગી ધર્મો પોતપોતાના અધિકાર પ્રમાણે પોતામાં (દરેક સ્થાવર જંગમ પ્રાણીમાં) જૂદા જૂદા છે, તેથી તેઓ બધા જૂદી જૂદી ઉપાસના કરે છે. ૫૧.

**અણિમાદ્યૈર્મહિમભિરજાદ્યાભિર્વિભૂતિભિઃ ।।**
**ચતુર્વિંશતિભિસ્તત્ત્વૈઃ પરીતા મહદાદિભિઃ ।।૫૨।।**

અણિમા વિગેરે મહિમાઓ, અજા વિગેરે વિભૂતિઓ અને મહદ્ વિગેરે ચોવીસ તત્ત્વોથી સેવાએલા (દેખાયા). ૫૨.

અણિમા વિગેરે આઠ ઐશ્વર્યોથી પણ સેવાએલા (દેખાયા). અણિમા વિગેરે(આઠ સિદ્ધિઓ)ના મહિમા અથવા માહાત્મ્યરૂપથી, અજા વિગેરે વિભૂતિ-ઓથી (સેવાએલા દેખાયા). જે શક્તિ ઉત્પત્તિ વિના જ પોતામાં ઉત્પત્તિનો (ઉત્પન્ન થએલ હોય તેવો) ભાવ (દર્શાવે) અને બીજાની ઉત્પત્તિ કરાવે તે 'અજા' (કહેવાય છે). તે ('અજા') 'આદિ' મુખ્ય છે જેઓમાં, એટલે લક્ષ્મી વિગેરેમાં (તે 'અજાદ્યાઃ'). તેવી શક્તિઓથી પણ દરેક ઉપાસના થતા (દેખાયા); અને ચોવીસ તત્ત્વોના અભિમાનવાળા દેવતાઓથી પણ (ઉપાસના થતા દેખાયા). ૫૨.

**કાલસ્વભાવસંસ્કારકામકર્મગુણાદિભિઃ ।।**
**સ્વમહિધ્વસ્તમહિભિર્મૂર્તિમદ્ભિરુપાસિતાઃ ।।૫૩।।**

પોતાના મહિમાથી જેઓએ બીજાના મહિમાનો નાશ કરેલ છે તેવા મૂર્તિમાન કાલ, સ્વભાવ, સંસ્કાર, કામ, કર્મ, ગુણો વિગેરેથી ઉપાસના કરાતા (દેખાયા). ૫૩.

કાલ વિગેરે પણ અભિમાનવાળા દેવો છે. ગુણો એટલે સત્ત્વગુણ, રજોગુણ અને તમોગુણ. 'વિગેરે' શબ્દથી આખો નામસૃષ્ટિનો વર્ગ અને આસન્ય વિગેરે કહેલા છે. 'પોતાના મહિમાથી જેઓએ બીજાના મહિમાનો નાશ કરેલો છે' શબ્દથી તેઓનું માહાત્મ્ય કહે છે. પોતાના મહિમાથી જ નાશ કરેલો છે મહિમા

બીજાઓનો જેમણે (તેવા તેઓ છે), અથવા ('સ્વ' એટલે પોતાના એટલે) ભગવાનના મહિમાથી નાશ પામેલ છે મહિમા જેઓનો, (તેવા તેઓ છે). તેઓ પણ બધા મૂર્તિમાન છે, અને તેઓથી પણ જૂદી જૂદી ઉપાસના કરાતા (દેખાયા). ૫૩.

(એ પ્રમાણે) ધર્મો કહી, નીચેના શ્લોકમાં (તેઓનું) સ્વરૂપ કહે છેઃ

**સત્યજ્ઞાનાનન્તાનન્દમાત્રૈકરસમૂર્તયઃ ।।**
**અસ્પૃષ્ટભૂરિમાહાત્મ્યા અપિ હ્યુપનિષદ્દૃશામ્ ।।૫૪।।**

સત્ય જ્ઞાન અનંત અને આનંદ માત્રની એકરસવાળી મૂર્તિવાળા અને ઉપનિષદો જાણનારાઓ પણ જેમના ઘણા માહાત્મ્યને પહોંચી (જાણી) શકતા નથી તેવા (તેઓ દેખાયા). ૫૪.

અનંત શબ્દથી દોષોનો અભાવ કહેલો છે, અને બીજાઓથી જૂદા પ્રકારના હતા એમ કહેલું છે. સર્વરૂપમાં દોષ નથી, એમ પણ અવશ્ય કહેવું જોઈએ. સત્ય, જ્ઞાન, અનંત અને આનંદ, માત્ર તેઓની જ એકરસવાળી મૂર્તિઓ છે જેમની, તેવા (તેઓ દેખાયા). રસમાં ભેદ તો વિજાતીઓના ભળવાથી થાય. (તેઓનું) ઉત્તમપણું ઉત્તરાર્ધમાં કહે છે. ઉપનિષદો જાણનારાઓ પણ જેઓના ઘણાં માહાત્મ્યને પહોંચી શકતા નથી તેવા (તેઓ દેખાયા). ૫૪.

એ પ્રમાણે બધાં ભગવત્સ્વરૂપનું વર્ણન કરી, ઉપસંહાર કરતાં, તેમને (બ્રહ્માને) (તેઓનું) દર્શન થયું, એમ નીચેના શ્લોકમાં કહે છેઃ

**એવં સકૃદ્ દદર્શાજઃ પરબ્રહ્માત્મનોઽખિલાન્ ।।**
**યસ્ય ભાસા સર્વમિદં વિભાતિ સચરાચરમ્ ।।૫૫।।**

એ પ્રમાણે અજે એકવાર સર્વને પરબ્રહ્મ, જેમના પ્રકાશથી સ્થાવર જંગમસહિત આ સર્વ (જગત્) પ્રકાશે છે, તેમનારૂપ (પરબ્રહ્મરૂપ) જોયા. ૫૫.

'અજે' એટલે બ્રહ્માએ પણ બધાઓને એકવાર જ પરબ્રહ્મરૂપ જોયા; કારણ કે પરબ્રહ્મ એક પ્રસિદ્ધ છે, પરંતુ અનંતરૂપવાળું દેખાય છે.

'એક બ્રહ્માએ એટલા બધાને કેવી રીતે જોયા ?' એવી શંકા થાય, તેથી ઉત્તરાર્ધ કહેલ છે. જે ભગવાનના પ્રકાશથી આ બધુંએ સ્થાવર જંગમસહિત પ્રકાશે છે (તે પરબ્રહ્મરૂપ જોયા). તેથી ભગવાનની ઈચ્છાથી જ ભગવાનનું જ્ઞાન (બ્રહ્માને) થાય તે માટે તેમણે સર્વ જાણ્યું. ૫૫.

**તતોઽતિકુતુકોદ્વૃત્ત્ય સ્તિમિતૈકાદશેન્દ્રિયઃ ।।**
**તદ્ધામ્નાઽભૂદજસ્તૂષ્ણીં પૂર્દેવ્યન્તીવ પુત્રિકા ।।૫૬।।**

પછી ઘણા સંતોષથી (દૃષ્ટિ) પાછી વાળીને ક્રિયાહીન થએલી અગીઆરે ઈન્દ્રિયોવાળા બ્રહ્મા, શહેરની દેવી પાસે પુતળીની પેઠે તેમના (ભગવાનના)

તેજથી શાંત હતા (રહ્યા). ૫૬.

પછી ઘણા કુતુક એટલે સંતોષથી દષ્ટિને પાછી વાળીને, ક્રિયાહીન થએલી છે અગીઆરે ઈન્દ્રિયો જેમની, તેવા (બ્રહ્મા) થયા. તેથી હર્ષને લીધે પણ (ભગવાનની) સ્તુતિ કરી શક્યા નહિ; વળી (ભગવાને) જે દેખાડ્યું તે મનથી પણ ખ્યાલ આવી શકે તેવું નહિ હોવાથી, સ્તુતિ (કરવી) અશક્ય હતી. (બ્રહ્મા સ્તુતિ કરી શક્યા નહિ તેનું) બીજું કારણ પણ ઉત્તરાર્ધમાં કહેલું છે. ભગવાનના તેજથી પ્રતિભા રહિત (નિસ્તેજ) થએલ બ્રહ્મા શાંત રહ્યા. આ વિષયમાં ‘શહેરની દેવી પાસે પૂતળીની પેઠે’ શબ્દથી લૌકિક દષ્ટાંત કહેલું છે. શહેરની દેવીની શહેરના બધાએ રહેવાસીઓ પૂજા કરે છે, પરંતુ તેની પાસે રહેલી પૂતળીની (કોઈ) પૂજા કરતું નથી; કારણ કે માત્ર એક જ દેશમાં રહેવાથી પૂજાવા યોગ્ય થવાતું નથી. તેથી તે સમયે જેમને બ્રહ્માએ જોયા તે બધાએ આ(બ્રહ્મા)ની અવગણના કરી, તેથી તે પ્રતિભા રહિત થાય એ યોગ્ય જ છે. ૫૬.

એ પ્રમાણે બ્રહ્મા અપ્રયોજક (પ્રતિભા વિનાના, નમાલા) થતાં ભગવાને (પોતાનું) તે રૂપ સંકેલી લીધું, એમ નીચેના શ્લોકમાં કહે છેઃ

**ઈતિરેશેડતર્ક્યે નિજમહિમનિ સ્વપ્રમિતિકે**
**પરત્રાજાતોડતન્નિરસનમુખબ્રહ્મકમિતૌ ।।**
**અનીશેડપિ દ્રષ્ટું કિમિદમિતિ વા મુહ્યતિ સતિ**
**ચછાદાજો જ્ઞાત્વા સપદિ પરમોડજાજવનિકામ્ ।।૫૭।।**

એ પ્રમાણે જેનો વિચાર થઈ ન શકે તેવો, પોતાને જ જેનું જ્ઞાન છે તેવો, પ્રકૃતિથી પર, તે(બ્રહ્મ)ના સિવાયનાનો નકાર કરીને જ ઉપનિષદો પણ જેનું જ્ઞાન કરાવે છે તેવો, પોતાનો (ભગવાનનો) મહિમા હોવાથી, ‘આ શું છે’ તે જોવાને પણ વાણીના પતિ (બ્રહ્મા) અશક્ત થતાં અને મોહ પામતાં, (તેમનું દુઃખ) જાણીને, પરમ અજે તરત જ માયાનો પડદો ઢાંકી દીધો. ૫૭.

‘ઈતિ’ એટલે આ (ઉપર જણાવેલા) પ્રકારથી, ‘ઈરેશ (ઈરા+ઈશ)’ વાણીના પતિ બ્રહ્મા જોવાને પણ અશક્ત થતાં અને મોહ પામતાં, તેમનાં મોહ વિગેરે દુઃખને જાણીને (ભગવાને) માયારૂપ પડદો ઢાંકી દીધો, એટલે જે પ્રમાણે કરવાથી તેમને (પોતાના સ્વરૂપનાં) દર્શન ન થાય તે પ્રમાણે તેને પ્રસાર્યો. માયા ઉપાડી લેવાથી જ તેઓનું (ભગવદ્રૂપ બાલકો તથા વાછડાંઓનું) દર્શન થયું હતું, પરંતુ તેઓ(ને ભગવાને નવાં) બનાવેલાં ન હતાં. તેથી (માયાથી) ઢાંકી દેતાં (તેઓ) ન દેખાય તે યોગ્ય જ છે.

‘બ્રહ્માને મોહ થયો અને (તેઓનાં) દર્શન ન થયાં તેનું શું કારણ ?’ એવી

શંકા થાય, તેથી 'જેનો વિચાર ન થઈ શકે તેવો પોતાનો મહિમા હોવાથી' શબ્દો યોજેલા છે. ભગવાનના અસાધારણ મહિમાનો બીજાઓ તર્ક (વિચાર) કરી શકતા નથી, તેથી (તે) કેવી રીતે જોઈ અથવા જાણી શકે ?

'તે (ભગવાનનો મહિમા બીજાઓ જેનો વિચાર ન કરી શકે તેવો) જ કેમ છે?' એવી શંકા થાય, તેથી 'પોતાને જ જેનું જ્ઞાન છે તેવો' શબ્દ યોજેલ છે. પોતાને જ એટલે ભગવાનને જ જ્ઞાન છે જેનું તેવો તે (ભગવાનનો મહિમા) છે. માત્ર ભગવાનને જ તેનું જ્ઞાન છે, પરંતુ બીજા કોઈને તેનું જ્ઞાન નથી. તેનું કારણ પણ 'પ્રકૃતિથી પર' શબ્દોથી કહેલ છે, તે (ભગવાનનો મહિમા) પ્રકૃતિથી પર છે, અને બીજા બધા પ્રકૃતિમાં (રહેલા) છે. તેથી જ્યાં ભગવાન્ છે ત્યાં બીજો કોઈ નથી, તેથી ભગવાનના માહાત્મ્યનું માત્ર ભગવાનને જ જ્ઞાન છે.

'(ભગવાનના માહાત્મ્યનું) શ્રવણ કરવાથી તેનું જ્ઞાન કેમ ન થાય?' એવી શંકા થાય, તેથી 'તેના સિવાયનાનો નકાર કરીને જ ઉપનિષદો પણ જેનું જ્ઞાન કરાવે છે તેવો' શબ્દો યોજેલ છે. બ્રહ્મ સિવાયનાનો નકાર કરીને જ ઉપનિષદો બ્રહ્મના સ્વરૂપનું જ્ઞાન કરાવે છે, પરંતુ સીધી રીતે (આ આવું છે એમ) જાણીને જ્ઞાન કરાવતાં નથી; કારણ કે સંકેતથી તેનું (બ્રહ્મનું) જ્ઞાન થતું નથી. વૈદિક વ્યવહારમાં પણ, જ્યારે આ બહિર્મુખ તેમાં (બ્રહ્મમાં) પ્રવેશ કરે છે ત્યારે (તેનાં બહિર્મુખપણાને) બહાર કાઢી નાખીને જ (તેને) પ્રવેશ કરાવવામાં આવે, અને પ્રવેશ કર્યા પછી તો તેના જ ભાવને (બ્રહ્મપણાને) તે પામે છે. તેથી (ભગવાનનો મહિમા) માત્ર તેમનાથી જ જણાય તેવો રહે છે. તેથી પ્રથમ અધિકારમાં શ્રુતિ ''હવે અહિંથી '(તે) નહિ (તે) નહિ' એવો નિયમ છે'' એમ તે પ્રમાણે જ કહે છે. તેથી શ્રુતિઓ પણ જાણીને (બ્રહ્મનું સ્વરૂપ) કહેતી નથી; તેથી તે (બ્રહ્મા) (ભગવાનનાં સ્વરૂપને) જોવા શક્તિમાન ન થાય, અને મોહ પામે અને પછી દુઃખ પામે એ યોગ્ય જ છે. ભગવાને એ પ્રમાણે કર્યું (માયાનો પડદો ઢાંક્યો), ત્યારે બ્રહ્મા મૂર્ચ્છા ખાઈને જ પડ્યા. ૫૭.

**તતોઽર્વાક્ પ્રતિલબ્ધાક્ષઃ કઃ પરેતવદુત્થિતઃ ।।**
**કૃચ્છ્રાદુન્મીલ્ય વૈ દષ્ટીરાચષ્ટેદં સહાત્મના ।।૫૮।।**

પછી અંદરથી જ્ઞાન પ્રાપ્ત કરેલા બ્રહ્મા મરણ પામેલાની પેઠે ઉઠ્યા, અને કષ્ટથી ચક્ષુઓ ઉઘાડીને તેમણે પોતાની સાથે આ (જગત્) જોયું. ૫૮.

પછી, એટલે કેટલાક સમય પછી, (બ્રહ્મા) ઉઠ્યા. અંદરથી જ પ્રાપ્ત કરેલું છે જ્ઞાન જેમણે તેવા (બ્રહ્મા ઉઠ્યા). (તે) લોકનું દર્શન કરવા માટે જ ઉઠ્યા, પરંતુ ભગવાનનાં દર્શન કરવા માટે ઉઠ્યા નહિ તેથી આનું (બ્રહ્માનું) ઉઠવું વ્યર્થ હતું એમ જણાવવા, 'મરણ પામેલાની પેઠે' એવું દષ્ટાંત કહે છે. જેમ મરણ

પામેલો હરકોઈ નિમિત્તથી ઉઠે છે તેમ આ (બ્રહ્મા) પણ ઉઠ્યા. અથવા પહેલાં તે મરણ પામ્યા એટલે મૂર્છા પામ્યા, અને પછી ઉઠ્યા. (પછી) ઘણા કષ્ટથી જ ચક્ષુઓ ઉઘાડીને આ જગતને જ (તેમણે) જોયું. ૫૮.

**સપદ્યેવાભિતઃ પશ્યન્ દિશોઽપશ્યત્ પુરઃ સ્થિતમ્ ।।**
**વૃન્દાવનં જનાજીવ્યં દ્રુમાકીર્ણં સમાપ્રિયમ્ ।।૫૯।।**

તરત જ ચારે તરફ જોતાં (બ્રહ્માએ) દિશાઓ, અને આગળ રહેલું, માણસોની આજીવિકાના સાધનરૂપ, વૃક્ષોથી ભરપૂર, સમ અને સર્વત્ર પ્રિય વૃંદાવન જોયું. ૫૯.

પછી તરત જ આસપાસ જોતાં (બ્રહ્માએ) દિશાઓ જોઈ. પછી (પોતાની) આગળ રહેલું વૃંદાવન જોયું. પછી તે વનની અંદર આજીવિકા માટે આવેલા લોકને જોયા, એમ 'માણસોની આજીવિકાના સાધનરૂપ' શબ્દથી કહેલું છે. 'વૃક્ષોથી ભરપૂર' એટલે વૃક્ષોથી ભરેલું (વૃંદાવન જોયું, પરંતુ તેને) ખાલી વન (જોયું) નહિ. વળી તે સમ (સપાટ, ખાડાટેકરાવિનાનું) અને 'આ' એટલે ચારેતરફથી (સર્વત્ર) પ્રિય હતું. ૫૯.

પછી ત્યાં (વનમાં) રહેલાં પ્રાણીઓને પણ (બ્રહ્માએ) જોયાં, એમ નીચેના શ્લોકમાં કહે છેઃ

**યત્ર નૈસર્ગદુર્વૈરાઃ સહાસન્ નૃમૃગાદયઃ ।।**
**મિત્રાણીવાજિતાવાસગતરુટ્તર્ષકાદિકમ્ ।।૬૦।।**

ત્યાં સ્વભાવથી દુષ્ટ વૈરવાળાં માણસો પશુઓ વિગેરે, ભગવાનના વાસને લીધે રોષ, લોભ વિગેરે જતા રહેલા હોય તેવી રીતે મિત્રોની પેઠે સાથે (રહેલાં) હતાં. ૬૦.

સ્વભાવથી જ દુષ્ટ વૈરવાળાં (દુષ્ટ વૈર રાખનારાં) હોવા છતાં ઘોડા, પાડા વિગેરે, અને માણસો પશુઓ સાથે જ (રહેલાં) હતાં. વળી (તેઓ) મિત્રોની પેઠે (રહેલાં હતાં), તેનું કારણ કે અજીત એટલે ભગવાનનો જે (વૃંદાવનમાં) વાસ, તેનાથી (તેઓના) રોષ, તૃષ્ણા (લોભ), અને બીજા પણ કામ વિગેરે દોષો જતા રહેલા હતા. રોષ, લોભ વિગેરે જેમ જતા રહેલા થાય તેવી રીતે સાથે (રહેલા) હતા, એવો (વાકયનો) સંબંધ છે. ૬૦.

તે વનમાં (બ્રહ્માએ) ભગવાનને પણ પહેલાંની પેઠે જોયા, એમ નીચેના શ્લોકમાં કહે છેઃ

**તત્રોદ્વહત્પશુપવંશશિશુત્વનાટ્યં બ્રહ્માદ્વયં પરમનન્તમગાધબોધમ્ ।।**
**વત્સાન્ સખીનિવ પુરા પરિતો વિચિન્વદેકં સપાણિકવલં પરમેષ્ઠ્યચષ્ટ ।।૬૧।।**

ત્યાં ગોપાલના વંશના બાલકપણાનું નાટક ભજવતાં, દ્વૈતભાવ વિનાનાં,

પર, અનંત, અગાધ જ્ઞાનવાળાં, વાછડાંઓને અને મિત્રોને ચારેતરફ પહેલાંની પેઠે શોધતાં, હાથમાં કૉળીઆવાળા, એકલા બ્રહ્મને બ્રહ્માએ જોયું. ૬૧.

'ત્યાં' એટલે વૃંદાવનમાં, ભજવાતું છે ગોપાલના વંશનાં બાલકપણાનું નાટક જેનાથી તેવું, પરંતુ વાસ્તવિક રીતે તો દ્વૈતભાવ વિનાનું બ્રહ્મ જ (બ્રહ્માએ જોયું). 'પર' એટલે કાલ વિગેરેને નિયમમાં રાખનારું, અનંત અને તેથી જ હદ વિનાનું, જેનું જ્ઞાન અગાધ (ઘણું જ, માપી ન શકાય તેવું) છે તેવું (બ્રહ્મ બ્રહ્માએ જોયું), અથવા 'ઉદ્વહત્' 'ભજવતું' એ જૂદો શબ્દ લેવો (ઉપર 'ઉદ્વહત્પશુ-પવંશશિશુત્વનાટયં' એ આખો સમાસ લઈ અર્થ કરેલ છે તેમ નહિ કરતાં આ એક શબ્દ છૂટો લેવો), અને તેનો સંબંધ 'વિચિન્વત્' 'શોધતાં' શબ્દ સાથે છે. (એ બંને બ્રહ્મનાં વિશેષણ છે). મિત્રોને અને વાછડાંઓને ચારે તરફ શોધતાં, એટલે જે શોધે છે તેને (જોયું), એવી (વાક્યની) યોજના છે. એકને જ (જોયું). એક વર્ષ પહેલાં જ લીધેલો કૉળીયો જેમના હાથમાં છે (તેવાને જોયું). હાથમાં કૉળીયો અને તે સહિત (બ્રહ્મને) જોયું. ૬૧.

**દૃષ્ટ્વા ત્વરેણ નિજધોરણતોऽવતીર્ય પૃથ્વ્યાં વપુઃ કનકદંડમિવાનિપાત્ય ॥**
**સ્પૃષ્ટ્વા ચતુર્મુકુટકોટિભિરંઘ્રિયુગ્મં નત્વા મુદશ્રુસુજલૈરકૃતાભિષેકમ્ ॥૬૨॥**

જોઈને ત્વરાથી પોતાના વાહન પરથી ઉતરી, પૃથ્વી ઉપર (પોતાનું) શરીર સુવર્ણના દંડ પેઠે પાડીને, ચાર મુકુટોની ટોચોથી (ભગવાનના) બે ચરણોનો સ્પર્શ કરીને, નમન કરીને, આનંદનાં આસુઓના જલથી (ભગવાનના) બે ચરણોનો અભિષેક કર્યો. ૬૨.

પછી ભગવાનને જોઈને, ત્વરાથી પોતાના વાહન એટલે વિમાન ઉપરથી ઉતરીને, વિમાન તજી ભૂમિ ઉપર આવીને, પૃથ્વી ઉપર પોતાનું શરીર સુવર્ણના દંડની પેઠે 'આ' પૂરેપૂરું પાડીને (લંબાવીને), ઊંધા પડીને ચાર[૧] મુકુટોની ટોચોથી (ભગવાનના) બે ચરણોનો સ્પર્શ કરીને, ફરીથી વાણીથી પણ નમન કરીને આંસુઓના જલથી એટલે આનંદના આંસુઓથી (ભગવાનના) બે ચરણારવિંદો નો જ અભિષેક કર્યો. ૬૨.

૧. બ્રહ્માને ચાર મસ્તકો હોવાથી, ચાર મસ્તક પર ચાર મુકુટો હતા.

**ઉત્થાયોત્થાય કૃષ્ણસ્ય ચિરસ્ય પાદયોઃ પતન્ ॥**
**આસ્તે મહિત્વં પ્રાગ્દૃષ્ટં સ્મૃત્વા સ્મૃત્વા પુનઃ પુનઃ ॥૬૩॥**

પહેલાં જોએલ ભગવાનના મહિમાનું વારંવાર સ્મરણ કરી કરીને, લાંબા સમય સુધી વારંવાર ઉઠી ઉઠીને શ્રીકૃષ્ણના ચરણમાં પડતાં....૬૩.

ત્યાંથી પણ વારંવાર ઉઠી ઉઠીને શ્રીકૃષ્ણના ચરણમાં પડતા (બ્રહ્મા) સ્તબ્ધ જેવા થયા. તેનું કારણ 'પહેલાં જોએલા ભગવાનના મહિમાનું વારંવાર

સ્મરણ કરી કરીને' (શબ્દોથી કહેલ છે). ૬૩.

**શનૈરથોત્થાય વિમૃજ્ય લોચને મુકુન્દમુદ્વીક્ષ્ય વિનમ્રકન્ધરઃ ।।**
**કૃતાઞ્જલિઃ પ્રશ્રયવાન્ સમાહિતઃ સવેપથુર્ગદ્ગદયૈડતેલયા ।।૬૪।।**

પછી ધીરેથી ઉઠીને, ચક્ષુઓ સ્વચ્છ કરી, મુકુંદના દર્શન કરીને સારી રીતે નમેલી ડોકવાળા થઈ, બે હાથ જોડી, વિનયવાળા તથા સાવધાન થઈ, ધ્રૂજતાં ગદ્ગદ વાણીથી સ્તુતિ કરવા લાગ્યા. ૬૪.

પછી ફરીથી મૂર્ચ્છા તજી, ધીરેથી ઉઠીને, નેત્રોને સ્વચ્છ કરીને, પછી નિર્મલ ચક્ષુઓથી મુકુંદના દર્શન કરીને સારી રીતે નમેલી છે ડોક જેની, તેવા (બ્રહ્મા) થયા. પછી બે હાથ જોડી, વિનયવાળા તથા સાવધાન થઈ ધ્રૂજતાં ગદ્ગદ વાણીથી સ્તુતિ કરવા લાગ્યા. ૬૪.

**ઇતિ શ્રીમદ્વલ્લભદીક્ષિતે રચેલી શ્રીમદ્ભાગવતની શ્રીસુબોધિનીમાં**
**દશમસ્કંધના વિવરણમાં**
**પ્રક્ષિપ્ત અધ્યાયો પૈકી દ્વિતીય અધ્યાયનું વિવરણ સમાપ્ત.**

## પ્રક્ષિપ્ત અધ્યાય બીજો સંપૂર્ણ.

# ।। પ્રક્ષિપ્ત અધ્યાયનો ત્રીજો અધ્યાય ।।

**સ્તુતિર્બ્રહ્મપ્રસાદશ્ચ વત્સાનાં પુનરાગતિઃ ।।**
**સ્નેહોપપત્તિઃ શ્રવણે ફલં ચેતિ નિરૂપ્યતે ।।કા.૧।।**

(૧) બ્રહ્માએ કરેલી ભગવાનની સ્તુતિ (૨) અને પ્રસન્નતા, (૩) વાછડાંઓનું (ભગવાને પાછાં) લાવવું, (૪) (ભગવાનમાં સર્વના) સ્નેહની યોગ્યતા[1] અને (૫) (આ આખ્યાનના) શ્રવણથી (થતાં) ફલનું[2] (આ અધ્યાયમાં) નિરૂપણ કરવામાં આવે છે. કા.૧.

આરંભમાં વ્યાકુલ થએલા બ્રહ્મા (પોતે) જોએલ રૂપનું વર્ણન કરતાં (તેની) સ્તુતિ કરે છેઃ

બ્રહ્મા કહે છેઃ

**નૌમીડ્ય તેઽભ્રવપુષે તડિદંબરાય ગુઞ્જાવતંસપરિપિચ્છલસન્મુખાય ।।**
**વન્યસ્રજે કવલવેત્રવિષાણવેણુલક્ષ્મશ્રિયે મૃદુપદે પશુપાંગજાય ।।૧।।**

હે સ્તુતિ કરવા યોગ્ય ! વાદળાં જેવાં શરીરવાળા, વીજળી જેવાં વસ્ત્ર-વાળા, ગુંજાના મુકુટની આસપાસના પીંછાંઓથી શોભિતા મુખવાળા, વનનાં (પુષ્પો)ની માલાવાળા, કૉળીઓ, લાકડી, શીંગડું તથા વાંસળીના ચિહ્નોથી શોભાવાળા કોમલ ચરણવાળા આપ ગોપાલના પુત્રની (પ્રાપ્તિમાટે) હું સ્તુતિ કરું છું. ૧.

'ણુ' ધાતુ 'સ્તુતિ કરવી' અર્થમાં (યોજાય છે), (તેથી) 'નૌમિ' એટલે હું ભગવાનની સ્તુતિ કરું છું. 'હે સ્તુતિ કરવા યોગ્ય !' એ સંબોધનથી તેનું (સ્તુતિ કરવાનું) કારણ કહે છે. બધાએ (આપની) સ્તુતિ કરે છે, તેથી હું પણ સ્તુતિ કરું છું એવો (તેનો અર્થ છે).

'પ્રયોજન લક્ષમાં રાખ્યા વિના કોઈની પણ (કાંઈ) પ્રવૃત્તિ થતી નથી. તેથી (તેમ) શા માટે સ્તુતિ કરો છો ?' એવી શંકા થાય, તેથી 'તે' 'આપની પ્રાપ્તિ માટે' શબ્દ યોજેલ છે. આપની પ્રાપ્તિ માટે જ (સ્તુતિ કરું છું). આપ જ ફલરૂપ છો પણ હું (ફલરૂપ) નથી.

'તપ, જ્ઞાન વિગેરેથી બ્રહ્મની પ્રાપ્તિ થાય છે. સ્તુતિ કરવાથી શું વળે?' એવી શંકા થાય, તેથી 'વાદળાં જેવા શરીરવાળાં' વિશેષણ યોજેલ છે. શબ્દના સંબંધવાળું (શાસ્ત્રમાં વર્ણવેલું) બ્રહ્મ અમારું ફલ (ફલરૂપ) નથી, પરંતુ પ્રત્યક્ષ દેખાતું આ (શ્રીકૃષ્ણ) જ (અમારું ફલરૂપ છે); અને તે પણ પ્રાકૃત ચક્ષુથી જ દેખાતું, તેમાં પણ સર્વ આભરણોથી શોભતું, તેમાં પ્રાકૃત અલંકારોવાળું, અને તેમાં પણ આની (ગોપબાલની) અવસ્થા પ્રાપ્ત કરેલું; એમ કહેવા માટે તેવાં

વિશેષણો કહે છે. વાદળાં જેવું એટલે શ્યામ વાદળાં જેવું શરીર છે જેમનું, એટલે શ્યામ વાદળાં જેવા શ્યામ (ગોપબાલની હું સ્તુતિ કરું છું). વીજળી જેવું પીળું વસ્ત્ર છે જેમનું, ગુજાંફલોના મુકુટની આસપાસના મોરનાં પીંછાંઓથી શોભિતું મુખ છે જેમનું; વનમાં ઉત્પન્ન થએલાં પુષ્પોની માલા છે જેમની; હાથમાં દહીંભાતનો કૉળીઓ, કાખોમાં લાકડી અને શીંગડું, ઉદર અને વસ્ત્રની વચ્ચે વાંસળી, આ જ જે ચિહ્નો, તેમનાથી શોભા છે જેમની; કોમલ ચરણો છે જેમના, અને (જે) પશુઓને પાલનાર નંદના અંગથી ઉત્પન્ન થએલા નંદના પુત્ર છે (તેમની હું સ્તુતિ કરું છું). આનો અર્થ એવો છે કે જેવો લૌકિક વ્યવહાર (ભગવાનનો) છે તેવા જ વ્યવહારવાળા ભગવાન્ અમારા (મારા) ફલરૂપ હો.

**લૌકિકે પ્રાકૃતે ભાવે યસ્ય ભાવઃ સ ભક્તિમાન્ ।।**
**હીનભાવં તં વિદિત્વા યોઽન્યથા વેદ સોઽધમઃ ।।કા. ૨।।**

લોકમાં પ્રસિદ્ધ (ભગવાનના) પ્રાકૃત[3] જેવા ભાવમાં જેનો ભાવ છે તે ભક્તિવાળો છે. તે (ભગવાનના પ્રાકૃતભાવ)ને હલકો માનીને જે (તેને) જૂદા પ્રકારનો (આ ભગવાન્ નથી એવો) જાણે છે, તે અધમ છે. કા. ૨.

**યદ્ ગૃહ્ણાતિ યથૈવાયં બોધયત્યત્ર લૌકિકે ।।**
**તત્ પ્રમાણમિહાસ્માકં નાન્યદ્ભિન્નાધિકારતઃ ।।કા.૩ ।।**

આ (ભગવાન્) લોકમાં જેનું (જેવા રૂપનું) ગ્રહણ કરે છે અને જેવા પોતાને જણાવે છે તે જ અમારા અહિં (આ ભક્તિમાર્ગમાં) પ્રમાણ છે. બીજું[4] રૂપ ભક્તિથી જૂદા અધિકારવાળું[5] હોવાથી (અમારું) પ્રમાણ નથી. કા.૩. (૧).

'આ રૂપની જ ફલ તરીકે કેમ પ્રાર્થના કરો છો ? આ (તો) માત્ર દેખાડવા માટે જ છે. તેથી શ્રુતિથી સિદ્ધ (રૂપ)ની જ ફલ તરીકે પ્રાર્થના કરો (કરવી યોગ્ય છે)' એવી શંકા થાય, તેથી નીચેનો શ્લોક કહે છેઃ

---

૧. શ્લોક ૪૯થી રાજા પ્રશ્ન કરે છે અને શ્લોક ૫૦થી શુક તેનો ઉત્તર આપે છે, તેમાં વ્રજવાસીઓના ભગવાન્ પ્રતિના સ્નેહની યોગ્યતા જણાવેલી છે. (કા)

૨. શ્લોક ૬૦માં શ્રવણનું ફલ જણાવેલ છે. (કા)

૩. 'ગુંજાના મુકુટની આસપાસ મોરનાં પીંછાંથી શોભતા મુખવાળા' વિગેરેથી જણાવેલ પ્રાકૃત જેવા ભાવવાળા. (કા)

૪. 'બીજું' એટલે 'જગતને રચનાર, વ્યાપક વિગેરે ગુણોવાળું વેદમાં જણાવેલ છે તેવું બ્રહ્મ'. (કા)

૫. તેવા વેદપ્રસિદ્ધ બ્રહ્મમાં જ્ઞાનમાર્ગીઓનો જ અધિકાર છે, ભક્તોનો તેમાં અધિકાર નથી, એવો અર્થ છે. શ્રીસુબોધિનીમાં 'શબ્દના સંબંધવાળું બ્રહ્મ અમારું ફલ નથી, પરંતુ પ્રત્યક્ષ દેખાતું આ જ (ફલરૂપ છે), અને તે પણ પ્રાકૃત ચક્ષુથી જ દેખાતું...' વિગેરેથી આ જ અર્થ કહેલ છે. (કા)

**અસ્યૈવ દેવ વપુષો મદનુગ્રહસ્ય સ્વેચ્છામયસ્ય ન તુ[1] ભૂતમયસ્ય કોઽપિ ।।**
**નેશે મહિ ત્વવસિતું મનસાન્તરેણ સાક્ષાત્ તવૈવ કિમુતાત્મસુખાનુભૂતેઃ ।।૨।।**

હે દેવ ! મારા પર અનુગ્રહવાળા, જે પોતાની ઈચ્છાથી થએલ છે પરંતુ ભૂતમય નથી તેવા આ શરીરના જ મહિમાને વિચારયુક્ત મનથી જાણવા કોઈ પણ સમર્થ નથી, તો પછી આપના જ સાક્ષાત્ સ્વતઃ સર્વ પુરુષાર્થરૂપ (સ્વરૂપનો મહિમા તો કેમ જ જણાય ?). ૨.

આ[2] પણ અમારું મોટાં ફલરૂપ છે; કારણ કે જેનાં સ્વરૂપ અને પ્રભાવ જણાય તે ફલ ઈષ્ટ હોય. આ (પ્રત્યક્ષ સ્વરૂપ)નાં સ્વરૂપ અને પ્રભાવ પણ અમારી બુદ્ધિથી તો જણાતાં નથી[3], તેથી આની જ ફલ તરીકે ઉદ્ધતાઈથી જ પ્રાર્થના કરીએ છીએ. (આ રૂપ) ઉપાસના કરવા યોગ્ય છે એમ જણાવવા, 'હે દેવ' એવું સંબોધન કરેલું છે. આ શરીરના પણ 'મહિ' એટલે મહિમાને, 'અંતરેણ મનસા' એટલે અંતર્મુખવાળા અર્થાત્ વિચારયુક્ત મનથી પણ હું બ્રહ્મા પણ (જાણવાને) સમર્થ નથી, (એમ) 'અંદર પ્રેરેલા ચક્ષુવાળા કોઈક ધીરે (બુદ્ધિવાળાએ) પ્રત્યગાત્માનાં દર્શન કર્યાં 'માં કહેલ પક્ષને[4] નકારે છે (અહિં લાગુ પડતો નથી એમ જણાવે છે). જો કે (ભગવાનનું) આ શરીર મારા ઉપર અનુગ્રહવાળું એટલે મારા (બ્રહ્મા) ઉપર અનુગ્રહ છે જેનો તેવું છે, કારણ કે બ્રહ્મા ઉપર કૃપા કરીને જ (ભગવાને આ) અવતાર (લીધેલો), બ્રહ્માના વચનને લીધે જ (ભગવાન્) ગોકુલ પધારેલા, અને હમણાં પણ બ્રહ્મા ઉપર કૃપા (કરીને) જ (ભગવાને આ રૂપનો) પ્રાદુર્ભાવ કરેલો છે; તેથી (ભગવાનનું) આ રૂપ બ્રહ્મા માટે જ છે.

'ત્યારે (બ્રહ્મા) (આ રૂપનું) માહાત્મ્ય કેમ જાણતા નથી ?' એવી શંકા થાય, તેથી 'પોતાની ઈચ્છાથી થએલ' વિશેષણ યોજેલ છે. (ભગવાનની) પોતાની જે ઈચ્છા તે વાળું (તેનાથી થએલ) આ (છે). અપરાધ કરવામાં આવે તો ઈચ્છા તો જૂદા પ્રકારની (દર્શન ન દેવાની) થાય. તેથી મારા (બ્રહ્મા) ઉપર અનુગ્રહ કરશે જ એવો નિયમ નથી. વળી કાલ, કર્મ અને સ્વભાવથી પણ (આ સ્વરૂપનું) નિયમન થતું નથી. જો એમ હોય (કાલ, કર્મ અથવા સ્વભાવ આ સ્વરૂપનું નિયમન કરતા હોય) તો તેઓ બ્રહ્માને અનુકૂલ હોવાથી, (તેમનાથી

---

૧. 'નનુ' એવો પણ પાઠ છે.

૨. 'આ' એટલે 'શુદ્ધસત્ત્વવાળુ રૂપ' (પ્ર) શ્રીકૃષ્ણનું ઉપર શ્લોક ૧ માં વર્ણવેલું પ્રત્યક્ષ રૂપ.

૩. 'બુદ્ધિથી જણાતાં નથી' એટલે ''દેખાવા છતાં 'આ આવું છે' એવો બુદ્ધિથી નિર્ણય થઈ શકે તેવાં નથી''. (પ્ર)

૪. 'પક્ષને' એટલે 'પ્રત્યક્ષ દર્શનના પક્ષને', (પ્ર)

નિયમમાં રહેતું સ્વરૂપ) બ્રહ્મા ઉપર અનુગ્રહ કરશે જ એવી કલ્પના કરી શકાય. તેથી 'પરંતુ ભૂતમય નથી' શબ્દોથી (આ સ્વરૂપ) કાલ વિગેરેને અધીન ન હોવાનું કારણ કહેલું છે.

કોઈ પણ, હું બ્રહ્મા પણ (આ સ્વરૂપના મહિમાને જાણવા સમર્થ નથી). જ્યારે આ (પ્રકટ) સ્વરૂપનો જ પણ મહિમા જાણી શકાતો નથી, તો પછી સાક્ષાત્ આપના જ માત્ર શ્રુતિથી જ જાણી શકાય તેવા, 'આત્મસુખાનુભૂતેઃ' એટલે સ્વતઃ (પોતે) જ સર્વ પુરુષાર્થરૂપ થતા, અથવા સચ્ચિદાનંદરૂપ સ્વરૂપનો (મહિમા તો) કેમ જ જાણી શકાય[૫] ? જો કે તે (માત્ર શ્રુતિથી જ જણાતું રૂપ) પણ આ જ છે, છતાં પણ તે તદ્દન જણાતું (દેખાતું) નહિ હોવાથી, ફલ તરીકે જૂદું જણાવેલું છે. ૨.

'એમ છે (સ્વરૂપનું જ્ઞાન થઈ શકે તેવું નથી) ત્યારે જ્ઞાન માટે શા માટે (બધા) પ્રયાસ કરે છે?' એવી શંકા થાય, તેથી નીચેનો શ્લોક કહે છેઃ

**જ્ઞાને પ્રયાસમુદપાસ્ય નમન્ત એવ જીવન્તિ**
**સન્મુખરિતાં ભવદીયવાર્તામ્ ।।**
**સ્થાને સ્થિતાઃ શ્રુતિગતાં તનુવાઙ્મનોભિર્યે**
**પ્રાયશોઽજિત જિતોપ્યસિ તૈસ્ત્રિલોક્યામ્ ।।૩।।**

જ્ઞાન માટેના પ્રયાસને તજી દઈને, સ્થાનમાં રહીને સત્પુરુષોએ કહેલી આપની વાર્તા કાને આવતાં, (તેને) શરીર, વાણી અને મનથી નમન કરતાં જ જેઓ જીવે છે, તેઓએ હે અજીત ! ત્રણ લોકમાં અજીત આપને પણ ઘણું કરીને જીતેલા છે. ૩.

જ્ઞાન બે પ્રકારનું છે (૧) ભગવાનનું અને (૨) પોતાનું (જીવનું). તે પૈકી પોતાનું જ્ઞાન પણ ભક્તિથી જ થાય છે એમ કહેવું જોઈએ. ભગવાનનું જ્ઞાન તો કોઈને પણ થતું નથી; કારણ કે ભગવાનનાં દર્શન થતાં તરત જ તેમનું જ્ઞાન થતું નથી, તેમજ શ્રવણ કરવાથી પણ (તેમનું જ્ઞાન) થતું નથી. ભક્તિથી પણ વાસ્તવિક જ્ઞાન થાય છે એટલે ભગવાનમાં પ્રવેશ થાય એટલું જ જ્ઞાન જરુરી હોવાથી તેટલું જ (જ્ઞાન) થાય છે. તેથી જ્ઞાન માટેના પ્રયાસને દૂર ફેંકી દઈને એટલે તજી દઈને, આપના દ્વારકાં વિગેરે સ્થાનમાં રહેલા અથવા દેશના દોષ (કથા સાંભળવામાં નડતા) નહિ હોવાથી હરકોઈ સ્થલે રહેલા, સત્પુરુષોએ કહેલી (પોતાના) કાને આવેલી આપની વાર્તાને શરીર, વાણી અને મનથી નમન કરતા જેઓ જીવે છે તે આરંભથી પ્રસિદ્ધ થાય છે. વિશેષ (કહેવા)થી શું લાભ ? આપ

૫. એ સ્વરૂપ જાણી શકાય તેવું નહિ હોવાથી જ, તેની ફલ તરીકે પ્રાર્થના કરતા નથી, એવો અર્થ છે.(પ્ર)

જીતાએલા નહિ હોવા છતાં, તેઓએ (આપને) જીતેલ છે. સર્વને પુરુષાર્થની પ્રાપ્તિ થાય તે માટે આ એક માર્ગ પ્રસિદ્ધ અને સ્હેલો છે. આરંભમાં (આપના) સ્થાનમાં રહેલાઓને આજીવિકા માટેના ઉપદ્રવો ન હોવા, વિગેરે એની મેળે પ્રાપ્ત થાય છે. વળી સત્પુરુષો ભગવાનની આજ્ઞાથી સર્વ સ્થલે પરિભ્રમણ કરે છે, અને તેઓનું આ જ કૃત્ય હોય છે, કે ભગવાનના ગુણોનું ગાન કરવામાં તેઓ બહુ બોલા હોય છે. તેમાં પણ કથા જાણીને કહેવી જોઈએ એવો નિયમ નથી, માત્ર તે ભગવદીય એટલે ભગવાનના સંબંધવાળી વાર્તા હોવી જોઈએ; પછી તે સંભવિત હોય કે અસંભવિત. તે (વાર્તા) પણ (સાંભળનારના) પ્રયાસ વિના તેના કાને આવે છે; પરંતુ શરીર, વાણી અને મનથી તેને નમન કરવું જોઈએ, એટલે તે (વાર્તા)ને અનુકૂલ રહે તેવી રીતે શરીર, વાણી અને મનને રાખવાં જોઈએ, પરંતુ તે (વાર્તા)નો વિરોધ કરવો જોઈએ નહિ. એટલું જ માત્ર કરવાનું છે. માત્ર જીવતા હોવું એ જ આનું સાધન છે, પરંતુ કાંઈ કર્મ કરવું એવું પણ (આનું સાધન) નથી. (આ માટે કાંઈ કર્મ કરવાની જરૂર પણ નથી). જો તેઓ (વાર્તા પ્રતિ) બીજો ભાવ ન કરે, અથવા કાલ વિગેરે વિઘ્ન કરનારા છે તેઓ (તેનામાં એવો બીજો ભાવ ઉત્પન્ન ન કરે), તો (માત્ર જીવતા હોવું એ જ સાધન છે) એમ જણાવવા 'ઘણું કરીને' શબ્દ યોજેલ છે. તેથી આ જ પ્રકારે (ભગવાનની વાર્તાનું શ્રવણ કરવાથી જ) ભવિષ્યમાં થનાર (જીવો)ને મોક્ષ (પ્રાપ્ત) થશે. મને તો આ (પહેલા શ્લોકમાં વર્ણવેલા ભગવાનના) સ્વરૂપથી જ (મોક્ષ થશે) એમ સ્વતંત્ર (ભક્તિના) પક્ષનું નિરૂપણ કરેલું છે. ૩.

પરંતુ જેઓ પોતાના (જીવાત્માના) જ્ઞાન માટે અને તેનાથી (તે જ્ઞાનથી) પુરુષાર્થ પ્રાપ્ત કરવા પ્રયાસ કરે છે તેઓ ભ્રાંત છે, એમ નીચેના શ્લોકમાં કહે છેઃ

**શ્રેયઃસ્રુતિં ભક્તિમુદસ્ય તે વિભો ક્લિશ્યન્તિ યે કેવલબોધલબ્ધયે ।।**
**તેષામસૌ ક્લેશલ એવ શિષ્યતે નાન્યદ્ યથા સ્થૂલતુષાવઘાતિનામ્ ।।૪।।**

હે વિભુ! જેઓ શ્રેય વહેવરાવનારી આપની ભક્તિને તજીને માત્ર જ્ઞાનની પ્રાપ્તિ માટે પ્રયાસ કરે છે તેઓને ખાલી ફોતરાં ખાંડનારાઓની પેઠે તે ક્લેશવાળો (પ્રયાસ) જ (ફલ તરીકે) રહે છે બીજું કાંઈ રહેતું નથી. ૪.

(ભક્તિ) 'શ્રેયઃ' શ્રેય (કલ્યાણ)નું 'સ્રુતિઃ' વહેવું, અથવા શ્રેયની 'સ્રુતિઃ' એટલે ગતિ જેનાથી છે તેવી 'શ્રેયઃસ્રુતિઃ' (છે). કારણ કે ચિંતામણિરૂપ ભક્તિની જો પ્રાર્થના કરવામાં આવે, તો તે જેમ બીજું (ફલ) આપે છે તેમ આત્મજ્ઞાન પણ આપે. તેવી ભક્તિને પણ તજીને, 'માત્ર સ્વરૂપજ્ઞાન (આત્મજ્ઞાન) જ અમને પ્રાપ્ત થાઓ' તેવો (તે માટે) જેઓ પ્રયાસ કરે છે તેઓને તે ક્લેશવાળો પ્રયાસ જ (ફલ તરીકે) રહે છે. (તે પ્રયાસ) 'ક્લેશલઃ' એટલે

ક્લેશવાળો (દુઃખમય) જ છે, પરંતુ ફલવાળો (ફલ આપનારો) નથી.

'તે પ્રયાસથી ગૌણ (હલકું) ફલ તો પ્રાપ્ત થશે' એવી શંકાનું 'બીજું કાંઈ (રહેતું) નથી' એ શબ્દોથી નિવારણ કરે છે. બીજું (તે પ્રયાસના) સંબંધવાળું પણ (કાંઈ) ફલ મળતું નથી એવો અર્થ છે.

'તપ વિગેરેથી પ્રયાસ કરવાથી બીજું કાંઈ ફલ કેમ પ્રાપ્ત ન થાય? અંતઃકરણની શુદ્ધિ તો થાય' એવી શંકા થાય, તેથી 'ખાલી ફોતરાં ખાંડનારાઓની પેઠે' એવું દષ્ટાંત કહેલું છે. ઘણા પ્રયત્નથી પણ પ્રાપ્ત કરેલાં ખાલી ફોતરાંઓને ખાંડવામાં આવે તો પણ તેઓનો સ્વરૂપથી જ નાશ થાય છે (ભુક્કો થઈ જાય છે), પરંતુ તેઓમાં કાંઈ સારરૂપ (અનાજરૂપ) શંકા (હોતો) નથી. તેથી સત્ત્વમૂર્તિ (ભગવાન)નો સ્વીકાર કરવામાં ન આવતાં, સત્ત્વ નહિ રહેતાં, શુદ્ધિ, જ્ઞાન વિગેરે (પ્રાપ્ત) થતાં નથી જ, અને મૂઢપણાંથી (આત્મજ્ઞાન પ્રાપ્ત કરવા) પ્રવૃત્ત થએલા (પુરુષો) દુઃખી જ થાય છે, એમાં કાંઈ સંદેહ રહેતો નથી. ૪.

આ માર્ગમાં ઘણાઓને ફલની પ્રાપ્તિ થઈ છે, એમ કહે છેઃ

**પુરેહ ભૂમન્ બહવોऽપિ યોગિનસ્ત્વદર્પિતેહા નિજકર્મલબ્ધયા ।।**
**વિબુધ્ય ભક્ત્યૈવ કથોપનીતયા પ્રપેદિરેઞ્જોऽચ્યુત તે ગતિં પરામ્ ।।૫।।**

હે વ્યાપક ! હે અચ્યુત ! પહેલાં અહિં આપને અર્પણ કરેલ કર્મવાળા ઘણાએ યોગીઓ પોતાના કર્મથી મેળવેલી અને (આપની) કથાથી પ્રાપ્ત થએલી ભક્તિથી જ (આપના સ્વરૂપને) જાણીને સ્હેલાઈથી આપની અલૌકિક ગતિને પામેલા છે. ૫.

હે ભૂમન્ ! એટલે વ્યાપક અથવા પહેલાં પણ હતા તેવા, અહિં એટલે આ (માર્ગ)માં, ઘણાએ એટલે સંખ્યાબંધ, યોગીઓ એટલે જેમણે યોગથી ભક્તિના માહાત્મ્યને જાણેલું છે તેવા, અને તેથી જ આપને અર્પણ કરેલાં છે કર્મો જેઓએ તેવાઓ, તે જ (આપને) સમર્પણરૂપ કર્મથી અથવા આપની સેવારૂપ કર્મથી પ્રાપ્ત કરેલી ભક્તિથી જ (આપના) સ્વરૂપને જાણીને (આપની ગતિને પામેલા છે). હે અચ્યુત ! એટલે કોઈ પણ પ્રકારની ખામી રહિત. (તેઓ) આપની ગતિને એટલે આપના માર્ગને, જે પ્રકારથી આપ જાઓ છો તેને પામેલા છે. (જેથી) પછી (ભવિષ્યમાં) આપના સેવકોને કાંઈ પણ ચિંતા રહે નહિ. સ્હેલાઈથી એટલે કાંઈ પણ પ્રયાસ વિના જ (આપની) 'પરા' એટલે અલૌકિક ગતિને તેઓ પામેલા છે. તેથી આત્મજ્ઞાન (જ્ઞાનમાર્ગ) કરતાં પણ આ જ માર્ગ વધારે અનુકૂલ છે. ૫.

એ પ્રમાણે લૌકિક પ્રકારનું સમર્થન કરી, વૈદિક (પ્રકાર)નું સરખામણીથી નિરૂપણ કરી, પૌરાણિક (પુરાણ સંબંધી) પ્રકારથી પણ આ જ (શ્રીકૃષ્ણનું) રૂપ

ઉપાસના કરવા યોગ્ય છે, પણ અંતર્યામી રૂપ ઉપાસના કરવા યોગ્ય નથી એમ કહેવા માટે, તેના (અંતર્યામી રૂપના) કરતાં આ (શ્રીકૃષ્ણના રૂપ)નું માહાત્મ્ય (વધારે છે એમ) કહેવા, અંતર્યામીરૂપનું સહેલાઈથી જ્ઞાન થાય[1] તે માટે (તેનું) નીચેના શ્લોકમાં નિરૂપણ કરે છેઃ

**અથાપિ ભૂમન્ મહિમાગુણસ્ય તે વિબોદ્ધુમર્હત્યમલાન્તરાત્મભિઃ ।।**
**અવિક્રિયાત્સ્વાનુભવાદરૂપતો હ્યનન્યબોધ્યાત્મતયા ન ચાન્યથા ।।૬।।**

છતાં પણ હે વ્યાપક! ગુણરહિત આપનો મહિમા, વિકાર રહિત હોવાથી, આત્માનો અનુભવ થવાથી જ જેનો અનુભવ થાય છે તેવો હોવાથી અને રૂપ વિનાનો હોવાથી, શુદ્ધ અંતઃકરણવાળાઓથી, બીજાથી જેમનું સ્વરૂપ જાણી શકાય તેવું છે તેથી જૂદા પ્રકારે જાણી શકાય તેવો છે પણ બીજી રીતે જાણી શકાય તેવો નથી. ૬.

હે વ્યાપક (સર્વત્ર રહેલા) ! ગુણરહિત એટલે ગુણોથી પર એવા આપનો મહિમા શુદ્ધ અંતઃકરણવાળાઓથી જાણી શકાય તેવો છે. અહિં ('અમલાન્તરા-ત્મભિઃ' શબ્દમાં) હેતુ માટે ત્રીજી વિભક્તિ યોજેલી છે. (જાણી શકાય તેનું કારણ તેમનું શુદ્ધ અંતઃકરણ છે એમ જણાવવા, હેતુ (કારણ) દર્શાવવા ત્રીજી વિભક્તિ યોજેલી છે). મહિમા જ્ઞાનનો વિષય (જેનું જ્ઞાન થાય તે) છે. 'ગામ જવાને યોગ્ય છે'[2] વાક્યની પેઠે જેમ જ્ઞાનનો કર્તા યોગ્ય છે તેમ કર્મ પણ યોગ્ય છે[2]. અંતઃકરણ શુદ્ધ હોય ત્યારે જેમ પ્રયાસ કર્યા વિના દર્પણમાં મુખ પ્રકાશે છે (જણાય છે) તેમ ચિત્તમાં ગુણરહિત (ભગવાન)નો મહિમા પ્રકાશે છે; કારણ કે સત્ત્વરૂપ ચિત્ત તેને (મહિમાને) ગ્રહણ ન કરે તેવું કારણ નહિ હોવાથી, તેનું ગ્રહણ કરે છે. 'તેને ગ્રહણ નહિ કરવાનું કારણ વિકાર છે' એવી શંકા કરી, 'વિકારરહિત હોવાથી' વિશેષણથી તે (શંકા)નો નિરાસ કરે છે. જેમાં વિક્રિયા (વિકાર) નથી તેવો (તે મહિમા છે). કારણ કે વિકાર હોય તો શુદ્ધ ચિત્ત તેનું ગ્રહણ ન કરે. વળી શુદ્ધ ચિત્ત આત્મા તરફ વલણવાળું હોવાથી આત્મામાં રહેલ પદાર્થનું જ ગ્રહણ કરે છે, અને મહિમા તો આત્મામાં જ રહેલો છે; તેથી પણ (શુદ્ધ ચિત્તથી) ગ્રહણ કરવા યોગ્ય છે, એમ 'આત્માનો અનુભવ થવાથી જ જેવો અનુભવ થાય છે તેવો' એ શબ્દોથી કહેલું છે. પોતાનો (આત્માનો) અનુભવ થવાથી જ અનુભવ થાય છે જેનો તેવો (તે

---

૧. 'સ્હેલાઈથી જ્ઞાન થાય' એટલે 'મહિમારૂપથી સ્હેલાઈથી જ્ઞાન થાય'. (પ્ર)

૨..૨. ગામ જઈ શકતું નથી (સ્થાવર હોઈ જઈ શકે જ નહિ). છતાં બીજાઓ ગામ જાય છે તેથી બીજાઓની તેના સંબંધવાળી ક્રિયા તેની સાથે જોડી, 'ગામ જાય છે' એમ કહે છે; તેમ અહિં પણ 'મહિમા જાણવા યોગ્ય છે' એમ કહેલું છે. (પ્ર) શુદ્ધ અંતઃકરણ મહિમાને જાણવા યોગ્ય છે એવા અર્થમાં આ કહેલ છે.

મહિમા છે). આત્માનું ગ્રહણ થવાથી જ (તે મહિમાનું) ગ્રહણ થાય છે, એમ 'સ્વ' 'પોતે' શબ્દથી આત્મા કહેલ છે. 'સ્વ' 'પોતે' શબ્દનો અર્થ 'મહિમા' જ લેવામાં આવે ત્યારે (સ્વ) મહિમાની જ 'અનુ' પછી 'ભવઃ' ઉદ્ભવ છે (જેનો) (તે સ્વાનુભવઃ) કારણ કે મહિમાના સંબંધવાળો અનુભવ અંતઃકરણમાં થાય છે[3], જો ગુણથી અતીત (પર)નો તેવો મહિમા ન હોય તો અંતઃકરણમાં જ્ઞાન થાય જ નહિ. તેથી જ આત્માનું ગ્રહણ કરતો હોવા છતાં પણ અનુભવ પોતાના ઉત્પન્ન કરનાર ને જણાવે છે જ; અથવા પોતાનો[4] આ મહિમા અનુભવરૂપ જ છે. પોતે જ[5] અનુભવ છે અને એમ હોવાથી પોતાથી જ પ્રકાશનાર છે (પોતે પોતાની મેળે જ પ્રકાશે છે). વળી શુદ્ધ અંતઃકરણ બ્રહ્મના રૂપમાં પરિણમે ત્યારે (તે) રૂપવાળા પદાર્થોને જ ગ્રહણ કરતું નથી, પરંતુ મહિમા બ્રહ્મરૂપ જ છે તેથી જૂદા રૂપવાળો નહિ હોવાથી તેનું જ્ઞાન થઈ શકે છે. આ 'બીજાથી જેમનું સ્વરૂપ જાણી શકાય તેવું છે તેથી જૂદા પ્રકારે' શબ્દોથી કહેલ છે. બીજાથી જાણી શકાય તેવો આત્મા એટલે સ્વરૂપ છે જેનું, તેનાથી આ જૂદો છે, કારણ કે આ આત્મા તરીકે પ્રકાશે છે, અથવા આ અંતઃકરણના જ ધર્મો કહેલા છે, કારણ કે જ્ઞાનરૂપ અંતઃકરણ સર્વ વિકારોનો ત્યાગ કરીને (અવિક્રિયાત્), જ્ઞાનરૂપે પરિણામ પામીને (સ્વાનુભ-વાત્), પ્રપંચવાળા પદાર્થોને ગ્રહણ કરવાના કારણરૂપ વાસનાઓ વિનાનું થઈ (અરૂપતઃ) પોતાની મેળે પ્રકાશતું (અનન્યબોધ્યાત્મતયા) ભગવાનના મહિમાનું ગ્રહણ કરે છે. ૬.

ગુણવાળા (રૂપ)નો મહિમા તો જાણી શકાય તેવો નથી, એમ કહે છેઃ

**ગુણાત્મનસ્તેઽપિ ગુણાન્ વિમાતું હિતાવતીર્ણસ્ય ક ઈશિરેઽસ્ય ।।**
**કાલેન યૈર્વા વિમિતાઃ સુકલ્પૈર્ભૂપાંસવઃ ખે મિહિકા દ્યુભાસઃ ।।૭।।**

જે નિપુણ પુરુષોએ (લાંબા) સમયે ભૂમિનાં રજકણો, આકાશમાં હિમનાં કણો તથા નક્ષત્રના તારાઓ ગણેલા છે તેઓ અથવા બીજાઓ કોઈ આ (જગત્)ના હિત માટે અવતાર ધારણ કરેલ ગુણવાળા આપના ગુણોને ગણવાને પણ શક્તિમાન છે ? ૭.

ભગવાન જ સર્વગુણરૂપ પ્રકટ થએલા છે, અને તે ગુણો અનંત છે. તેઓને (ભગવાનના ગુણોને) ગણવાને પણ કોઈ શક્તિમાન નથી; કારણ કે ભગવાને બધા જગતના હિત માટે અવતાર ધારણ કરેલો છે. ઘણા (પુરુષો એકઠા) મળીને પણ (ગુણો ગણવાને) શક્તિમાન નથી, ઘણા લાંબા સમયે પણ

૩. મહિમાથી જ અનુભવની ઉત્પત્તિ થાય છે, એવો અર્થ છે. (પ્ર)
૪. અહિં 'સ્વસ્ય' 'પોતાનો' શબ્દ આત્માના અર્થમાં યોજાએલ છે. (પ્ર)
૫. અહિં 'સ્વ' (સ્વયમ્) શબ્દ પરમાત્માના અર્થમાં યોજાએલ છે. (પ્ર)

ઘણા સમર્થ પુરુષો ભૂમિનાં રજકણો ગણે છે. પચાસ કરોડ સમૂહો ગણતાં બીજા સમૂહો પેઠે તે (રજકણોના સમૂહ)ને પણ (કદાચ) ગણી શકાય, આકાશમાં હિમનાં કણોને અને જ્યોતિશ્ચક્રના (નક્ષત્રોના) તારાઓને (પણ ગણી શકાય). આ તામસ (ભૂમિનાં રજકણો), રાજસ (હિમનાં કણો) અને સાત્ત્વિક (નક્ષત્રોના તારાઓ) સર્વના હિત માટે પ્રવૃત્તિ કરનારા અમુક સંખ્યાવાળા હોવાથી ગણી શકાય, પરંતુ ભગવાનના ગુણો અપરિમિત હોવાથી ગણી શકાય તેવા નથી. ૭.

તેથી જેઓ સગુણ (ભગવાન્)ની ઉપાસના કરનારા છે તેઓ (ભગવાનના) ગુણોને જાણવાનો આગ્રહ તજી દઈ જો મેં કહ્યું તેને અનુસરી પ્રવૃત્તિ કરે તો કૃતાર્થ થાય, એવા હેતુથી (એમ જણાવવા) નીચેનો શ્લોક કહે છેઃ

**તત્તેઽનુકમ્પાં પ્રસમીક્ષમાણો ભુંજાન એવાત્મકૃતં વિપાકમ્ ।।**
**હૃદ્વાગ્વપુર્ભિર્વિદધન્ નમસ્તે જીવેત યો મુક્તિપદે સ દાયભાક્ ।।૮।।**

તેથી જે આપની કૃપાની રાહ જોતાં, પોતે કરેલ કર્મનાં ફલ ભોગવતાં, મન, વાણી અને કાયાથી આપને નમન કરતો જીવે છે તે મુક્તિના પદનો અધિકારી થાય છે. ૮.

તે કારણથી આપની કૃપાની જ, ભગવાન્ ક્યારે કૃપા કરશે એમ સારી રીતે રાહ જોતાં, ત્યાં સુધી (આપ કૃપા કરો ત્યાં સુધી) પોતે કરેલાં કર્મનાં ફલને જ ભોગવતાં (જે જીવે છે તે મોક્ષનો અધિકારી થાય છે). હૃદય એ જ મન છે. વાણી, મન અને કાયાથી આપને નમન કરતો જે જીવે છે તે મુક્તિના પદનો અધિકારી થાય છે. જેમ પિતાના દ્રવ્યમાં જીવતો પુત્ર જ ભાગીદાર થાય છે તેમ તે (મુક્તિના પદનો ભાગીદાર થાય છે). ૮.

એ પ્રમાણે ભગવાનનું રૂપ જ બધાએ ઉપાસના કરવા યોગ્ય છે એમ કહી[૧], પોતાના અપરાધની ક્ષમા કરાવવા, તે (અપરાધ) નીચેના શ્લોકમાં કહે છેઃ

**પશ્યેશ મેઽનાર્યમનન્ત આદ્યે પરાત્મનિ ત્વય્યપિ માયિમાયિનિ ।।**
**માયાં વિતત્યેક્ષિતુમાત્મવૈભવં હ્યહં કિયાનૈચ્છમિવાર્ચિરગ્નૌ ।।૯।।**

હે ઈશ ! મારી દુષ્ટતા જૂઓ. અંતરહિત, આદ્ય, પરમાત્મા, માયાવીઓને પણ મોહ કરનારા આપના ઉપર પણ માયા વિસ્તારીને, આત્માનો વૈભવ જોવાની મેં ઈચ્છા કરી ! અગ્નિ પાસે જ્વાલાની પેઠે હું કોણમાત્ર ? ૯.

હે ઈશ ! મારી દુષ્ટતા જૂઓ. તે દુષ્ટતા જ (નીચે) કહે છેઃ–'અનંત' એટલે જેમનો અંત (ભવિષ્યનો છેડો) નથી તેવા, 'આદ્ય' એટલે જેમનો પહેલાનો અવધિ (આરંભ) નથી તેવા, 'પરમાત્મા' એટલે (સર્વને) નિયમમાં રાખનાર રૂપથી (સર્વની) અંદર અને બહાર રહેલા એવા 'આપની ઉપર પણ મેં

૧. ત્રીજાથી આઠમા સુધીના છ શ્લોકોથી કહી. (પ્ર)

માયા વિસ્તારી'. આ વિશેષણ આ પ્રસંગમાં ઉપયોગી છે. તેવા આપની ઉપર પણ માયા વિસ્તારીને મેં આત્માનો[2] (આપનો) વૈભવ જોવાની ઈચ્છા કરી. આથી એમ પણ સૂચવેલું છે, કે આ મેં (આપનો વૈભવ) દેખાડો તે માટે કરેલ છે અને તેથી મારો દોષ નથી; પરંતુ આ (આમ કરવું) પણ અયોગ્ય છે. તેનું કારણ 'હું કોણમાત્ર?' શબ્દોથી કહેલ છે. હું બાપડો કોણ? તેનું દૃષ્ટાંત 'અગ્નિ પાસે જ્વાલાની પેઠે' શબ્દોથી કહેલું છે. અગ્નિની અમુક જ્વાલા અગ્નિને એ પ્રમાણે કરે એ યોગ્ય નથી. ૯.

**અતઃ ક્ષમસ્વાચ્યુત મે રજોભુવો હ્યજાનતસ્ત્વત્પૃથગીશમાનિનઃ ।।**
**અજાવલેપાન્ધતમોન્ધચક્ષુષ એષોऽનુકમ્પ્યો મયિ નાથવાનિતિ ।।૧૦।।**

તેથી હે અચ્યુત! રજોગુણમાંથી ઉત્પન્ન થએલા, (આપના માહાત્મ્યને) નહિ જાણનારા, આપનાથી જૂદો (પોતાને) ઈશ્વર માનનારા, જન્મરહિત હોવાના મદરૂપી ગાઢ અંધકારથી આંધળા થએલ ચક્ષુવાળા મને, 'મારાથી નાથવાળો હોવાથી આ દયા કરવા યોગ્ય છે' એમ (જાણી), ક્ષમા કરો. ૧૦.

તેથી (મારું દુષ્કર્મ) અયોગ્ય હોવા છતાં મને ક્ષમા કરો, કારણ કે આપ અચ્યુત છો, (તેથી) આપની કોઈ પ્રકારની ક્ષતિ નથી. મારો તો આ સહજ દોષ છે, કારણ કે હું રજોગુણથી ઉત્પન્ન થએલ છું, અને વળી હું આપના માહાત્મ્યને જાણતો નથી. તેનું કારણ એ છે કે 'આપનાથી જૂદો જ હું ઈશ્વર છું' એવા અભિમાનવાળો હું છું. (ભગવાનના માહાત્મ્યને નહિ જાણવાનું) બીજું કારણ પણ કહે છે કે 'હું જન્મરહિત છું' એટલે કોઈનાથી પણ ઉત્પન્ન થએલો નથી એવો જે આ ગર્વ (મને છે); વાસ્તવિક રીતે તો હું અજ એટલે બોકડો જ છું. તે ગર્વથી અંધ થએલ છે ચક્ષુ જેનું, તેવો હું છું. 'મારાથી નાથવાળો હોવાથી આ દયા કરવા યોગ્ય છે' શબ્દોથી ક્ષમા કરવાનું કારણ કહેલું છે. આ બ્રહ્મા દયા કરવા યોગ્ય છે. શા માટે (દયા કરવા યોગ્ય છે) ? કારણ કે હું હોવાથી જ આ નાથવાળો છે, નહિ તો (હું તેના ઉપર કૃપા ન કરું તો) આ અનાથ જ રહે. તેથી બ્રહ્માનું જે આટલાપણું (સત્તા અથવા ઐશ્વર્ય) છે તે મારા લીધે જ છે, તેથી (તેના ઉપર) ક્ષમા (કરવી) યોગ્ય છે. ૧૦.

એ પ્રમાણે આધિભૌતિક બ્રહ્માનો (એટલે પોતાનો) તિરસ્કાર કરીને, નીચેના શ્લોકમાં આધિદૈવિક (બ્રહ્મા)નો પણ તિરસ્કાર કરે છેઃ

**ક્વાહં તમોમહદહઙ્ખચરાગ્નિવાર્ભૂસંવિષ્ટિતાણ્ડઘટસપ્તવિતસ્તિકાયઃ ।।**

---

૨. અહિં 'આત્મા' શબ્દનો અર્થ 'ભગવાન્' છે, 'બ્રહ્મા' નથી. જો 'આત્મા'નો અર્થ 'બ્રહ્મા' હોય તો બ્રહ્માનો અપરાધ ઘણો મોટો થાય. (બ્રહ્મા પોતાનો વૈભવ ભગવાનને દર્શાવવા પ્રયાસ કરે, એ તેમનો અપરાધ અક્ષમ્ય ગણાય). (પ્ર).

**ક્વેદગ્વિધાવિગણિતાણ્ડપરાણુચર્યા વાતાધ્વરોમવિવરસ્ય ચ તે મહિત્વમ્ ।।૧૧।।**

પ્રકૃતિ, મહત્તત્ત્વ, અહંકાર, આકાશ, વાયુ, અગ્નિ, જલ અને ભૂમિથી વીંટાએલા બ્રહ્માંડરૂપી ઘટમાં સાત વેંત જેટલા શરીરવાળો હું ક્યાં? અને આવા અસંખ્ય બ્રહ્માંડોરૂપી પરમાણુઓ જેમાં ફર્યા કરે છે તેવા જાળીઆંરૂપી રૂવાંટીના છિદ્રોવાળા આપનો મહિમા ક્યાં ? ૧૧.

(૧) 'તમઃ' પ્રકૃતિ, (૨) 'મહત્' મહત્તત્ત્વ, (૩) 'અહમ્' અહંકાર, (૪) આકાશ, (૫) વાયુ, (૬) અગ્નિ, (૭) જલ અને (૮) ભૂમિ, એ આઠ આવરણો થી સારી રીતે વીંટાએલો જે આ બ્રહ્માંડરૂપી ઘટ (ઘડો) છે, તે ઘટમાં સાત વેંત જેટલો દેહ છે જેનો (તેવો હું છું). એક વેંતનું માથું મૂકી દેતાં, (બાકીની) કાયા સાત વેંતની જ હોય છે. આવાં અસંખ્ય બ્રહ્માંડરૂપ પરમાણુઓની ગતિ જેમાં (થયા કરે) છે, તેવાં 'વાતાધ્વ' જાળીઆં (જેવાં આપની રૂવાંટીનાં છિદ્રો છે). જાળીઆમાં (જાળીઆમાં થઈ) સૂર્યનાં કિરણોમાં ત્રસરેણુ[1] વિગેરેની ગતિ દેખાય છે. જાળીઆં જેવાં રૂવાંટીના છિદ્રો છે જેમનાં, તેવા આપનો મહિમા ક્યાં ? અને હું ક્યાં ? તેથી (આપની) પરીક્ષા કરવા હું સર્વથા અયોગ્ય છું. ૧૧.

આધ્યાત્મિક બ્રહ્મના સ્વરૂપનો પણ આશ્રય કરીને, નીચેના શ્લોકમાં પોતાના અપરાધની ક્ષમા કરાવે છેઃ

**ઉત્ક્ષેપણં ગર્ભગતસ્ય પાદયોઃ કિં કલ્પતે માતુરધોક્ષજાગસે ।।**
**કિમસ્તિનાસ્તિવ્યપદેશભૂષિતં તવાસ્તિ કુક્ષેઃ કિયદપ્યનન્તઃ ।।૧૨।।**

હે ઈન્દ્રિયાતીત ! ગર્ભમાં રહેલ (બાલક)નું ચરણોને ઊંચા ફેંકવું શું માતાનો અપરાધ ગણાય છે ? ભાવ અને અભાવ નામથી શોભતું (જગત્) આપના ઉદરથી બહાર જરા પણ છે ? ૧૨.

ગર્ભમાં રહેલ (બાલક) ચરણો ઊંચા ફેંકે તેથી શું માતાનો અપરાધ થાય છે ? તેથી (ચરણો ઊંચા ફેંકવાથી) (માતાનો) અપરાધ થતો નથી.

'(આ) દૃષ્ટાંત તો વિષમ (સમજાય નહિ તેવું) છે' એવી શંકા થાય, તેથી ઉત્તરાર્ધ કહેલ છે. 'અસ્તિ' 'છે' 'નાસ્તિ' 'નથી' શબ્દોથી, એટલે ભાવ અને અભાવ એ નામોથી શોભતું જગત્ આપના ઉદરની 'અનન્તર્' બહાર છે શું ? બધુંએ આપના ઉદરમાં છે. હું પણ (તે) સર્વની અંદર આવી ગએલ હોવાથી, મેં કાંઈ અપરાધ કરેલ નથી એવો અર્થ છે. આ પ્રકારથી પણ (બ્રહ્માએ) અપરાધ

---

૧. જાળીઆમાંથી સૂર્યનાં કિરણ આવતાં તેમાં જે રજકણ દેખાય છે તે ત્રસરેણુ કહેવાય છે. એક ત્રસરેણુના ત્રીસ ભાગ કરતાં તે દરેક ભાગ 'પરમાણુ' કહેવાય છે. (પરમાણુથી નાનું કદ થઈ શકતું નથી. તેનો ભાગ પડી શકતો નથી) જૂઓ સારંગધર સંહિતા. ૧।૫।૧૬. કેટલાક આ રજકણના છઠ્ઠા ભાગને પરમાણુ કહે છે.

ક્ષમા કરાવેલ છે. ૧૨.

આ[1] સાધારણ[1] (સર્વને લાગુ પડે તેવો) પક્ષ છે. તેથી (બ્રહ્મા) પોતે પુત્ર છે અને ભગવાન્ પિતા છે, એમ વિશેષ રીતે નીચેના શ્લોકમાં કહે છે:

**જગત્ત્રયાન્તોદધિસંપ્લવોદે નારાયણસ્યોદરનાભિનાલાત્ ॥**
**વિનિર્ગતોઽજસ્ત્વિતિ વાઙ્ન વૈ મૃષા કિં ત્વીશ્વર ત્વન્ન વિનિર્ગતોઽસ્મિ ॥૧૩॥**

'ત્રણે જગતોના પ્રલય સમયે એકત્ર થએલા સમુદ્રોના જલમાં નારાયણના ઉદરમાંથી નાભિમાંથી ઉત્પન્ન થએલ કમલમાંથી બ્રહ્મા નીકળ્યા છે' એવી વાણી ખોટી નથી જ. હે ઈશ્વર ! શું હું આપમાંથી નીકળ્યો નથી ? ૧૩.

'ત્રણે જગતોના અંત એટલે પ્રલય સમયે જે સમુદ્રો એકત્ર થએલા, તે પ્રલયના જલમાં નારાયણના ઉદરમાંની નાભિમાંથી ઉત્પન્ન થએલ કમલમાંથી બ્રહ્મા નીકળ્યા છે' એવી વાણી ખોટી નથી, કારણ કે ઉપાખ્યાનો પણ સત્ય અર્થ જણાવનારાં હોય છે. તેથી જ હે ઈશ્વર ! શું હું આપમાંથી નીકળ્યો નથી ?' જરુર[2] નીકળેલો જ છું. ૧૩.

'(પણ) હું (શ્રીકૃષ્ણ) નારાયણ નથી' એવી શંકા થાય, તેથી કહે છે:

**નારાયણસ્ત્વં ન હિ સર્વદેહિનામાત્માસ્યધીશોઽખિલલોકસાક્ષી ॥**
**નારાયણોઙ્ગં નરભૂજલાયનાત્ તચ્ચાપિ સત્યં ન તવૈવ માયા ॥૧૪॥**

આપ શું નારાયણ નથી ? આપ સર્વ પ્રાણીઓના આત્મા છો, (સર્વ પ્રાણીઓના) અધીશ્વર છો, સર્વ લોકના સાક્ષી છો. નરમાંથી ઉત્પન્ન થએલ જલ જેનું રહેઠાણ છે તે નારાયણ (આપનું) અંગ છે. તે પણ સત્ય નથી (પણ) આપની માયા જ છે. ૧૪.

આપ શું નારાયણ નથી ? (છો જ), કારણ કે (આપમાં) નારાયણપણું સિદ્ધ કરનારા ઘણા હેતુઓ રહેલા છે. સર્વ પ્રાણીઓના (આત્મા) વિગેરે શબ્દોથી તે તે (હેતુઓ) કહે છે.

(૧) 'નાર' એટલે જીવોનો સમૂહ. તે 'અયન' એટલે રહેઠાણ છે જેમનું (તે નારાયણ). (આપ નારાયણ છો) કારણ કે 'હે ગુડાકેશ ! (અર્જુન) હું સર્વ પ્રાણીઓના અંતઃકરણમાં રહેલો આત્મા છું. (ભગવદ્ગીતા ૧૦।૨૦)' પ્રમાણે આત્મા (ભગવાન્) સર્વ પ્રાણીઓમાં રહેલા છે.

(૨) '' 'નાર' જીવોના સમૂહને 'અયતે' એટલે પ્રેરે છે તે નારાયણ''. એવો અર્થ

૧. 'આ' એટલે ૧૦,૧૧ અને ૧૨, એ ત્રણ શ્લોકમાં કહેલો પક્ષ. આ શ્લોકોમાં અનુક્રમે ગુણાવતાર (આધિભૌતિક), અહમાત્મક (આધિદૈવિક) અને પ્રાકૃતત્વ (આધ્યાત્મિક) પક્ષ કહેલા છે. (પ્ર)

૨. શ્લોકમાં 'તુ' શબ્દ છે, તેનું આ વ્યાખ્યાન છે. (પ્ર)

કરવામાં આવે તો પણ ''નરમાંથી ઉત્પન્ન થએલાં તત્ત્વોને જ્ઞાનીઓ 'નાર' એમ જાણે છે, અને તેઓના અધીશ્વર સાક્ષાત્ નારાયણ કહેવાય છે'' વાક્ય પ્રમાણે, આપ (પ્રાણીઓના) અધીશ્વર હોવાથી નારાયણ છો.

(૩) '' 'નાર' એટલે જીવોના સમૂહને 'અયતે' એટલે જાણે છે તે નારાયણ'' એમ હોય, તો પણ આપ નારાયણ છો, કારણ કે આપ સર્વ લોકના સાક્ષી છો (સર્વ લોક સંબંધી સર્વ જાણનાર છો).

(૪) 'નારાયણ' શબ્દની એવી (ઉપર કરી તેવી) વ્યુત્પત્તિ બરાબર નથી, પરંતુ ''જલો 'નાર' એમ કહેવાય છે. જલો ખરેખર નરના પુત્રો છે, તેઓ પહેલાં (નારાયણનું) 'અયન' રહેઠાણ હતાં તેથી (તે) નારાયણ કહેવાય છે'', એ વાક્ય પ્રમાણે નરમાંથી ઉત્પન્ન થએલ જલ જેનું રહેઠાણ છે તે નારાયણ છે,– એમ કહો તો પણ નારાયણ આપનું અંગ છે; કારણ કે 'નારાયણ પુરુષ છે, તેણે કામના કરી' એ શ્રુતિ પ્રમાણે, નરમાંથી ઉત્પન્ન થએલ જલ જેમનું રહેઠાણ છે તે નારાયણ પુરુષ હોવાથી આપનું અંગ છે, ''વિષ્ણુના તો પુરુષ નામનાં ત્રણ રૂપો પ્રસિદ્ધ છે. ૧. પહેલું મહત્ (મહત્તત્ત્વ)ને સર્જનારું છે[૧], ૨. બીજું અંડ (બ્રહ્માંડ)માં રહેલું[૨] છે અને ૩. ત્રીજું સર્વ પ્રાણીઓમાં રહેલું[૩] છે. તેઓને જાણીને મોક્ષ પામે છે'' એ વાક્ય પ્રમાણે નારાયણ આપનું અંગ અથવા અવતાર જ છે, વળી વાસ્તવિક રીતે 'નારાયણ' શબ્દની આવી રીતે વ્યુત્પત્તિ થતી જ નથી; કારણ કે (તેમણે કરેલો) જલમાં વાસ તો માત્ર દેખાડવા પુરતો જ હતો. અવસ્તુ (ન હોય તેવા પદાર્થ)થી શબ્દની વ્યુત્પત્તિ કરવામાં આવતી નથી. તેમ ન હોય તો (અવસ્તુથી શબ્દની વ્યુત્પત્તિ થતી હોય તો) રૂપું આપવાનું હોય ત્યાં છીપ પણ આપે. તેથી (નારાયણની) જલમાં સ્થિતિ માત્ર દેખાડવા પુરતી જ હોવાથી, તેનાથી 'નારાયણ' (શબ્દનો) યોગ (વ્યુત્પત્તિથી થતો) અર્થ સિદ્ધ થતો નથી. આ 'તે પણ સત્ય નથી' શબ્દોથી કહેલું છે. જલનું રહેઠાણ હોવું સત્ય નથી, પરંતુ (તે) આપની માયા જ હતી. ૧૪.

તે (જલનું રહેઠાણ) માયિક હતું, એમ જણાવનાર તર્ક (યુક્તિ) નીચેના શ્લોકમાં કહે છેઃ

**તત્ ચેજ્જલસ્થં તવ સજ્જગદ્વપુઃ કિં મે ન દષ્ટં ભગવંસ્તદૈવ ।।**
**કિં વા સુદષ્ટં હૃદિ મે તદૈવ કિં નો સપદ્યેવ પુનર્વ્યદર્શિ ।।૧૫।।**

---

૧. અહિં જલો જેનું રહેઠાણ છે તે નારાયણ એમ કહેલ છે એમ જાણવું. (પ્ર). કારણ કે મહત્તત્ત્વમાંથી પછી જલની ઉત્પત્તિ થાય છે.

૨. 'ભુવનો જેનું રહેઠાણ છે તે નારાયણ' એમ આથી જણાવેલ છે. (પ્ર)

૩. 'નર (પ્રાણીઓ) જેનું રહેઠાણ છે તે નારાયણ' એમ આથી જણાવેલ છે. (પ્ર)

હે ભગવન્! આપનું તે જલમાં રહેલું જગતના આશ્રયરૂપ શરીર જો સત્ય હોય તો મેં ત્યારે જ તેને કેમ ન જોયું ? વળી તે જ સમયે મેં હૃદયમાં સારી રીતે કેમ જોયું ? વળી તરત જ (મને) વારંવાર કેમ દેખાડ્યું નહિ ? ૧૫.

તે શરીર જો સત્ય હોય અને જલ ઉપર રહેલું હોય તો તે સમયે જ મેં તેને કેમ ન જોયું? કારણ કે જેમ (સ્થૂલ પદાર્થ ઉપર રહેલો) ઘટ દેખાય છે તેમ સ્થૂલ પદાર્થમાંથી હદ બંધાએલ યોગ્ય (સ્થલે) રહેલ (પદાર્થ) દેખાય છે, તેથી મેં તે સમયે (જલમાં તેને) જોએલ નહિ હોવાથી તે જલમાં રહેલું ન હતું.

'(તમે તેનાં દર્શન કરવા) યોગ્ય નહિ હોવાથી (તમે) તેને જોયું નહિ, પરંતુ તે ન હતું તેથી જોયું ન હતું એમ નથી' એવી શંકા થાય; તેથી 'તે જ સમયે મેં હૃદયમાં સારી રીતે કેમ જોયું ?' એમ કહેલ છે. હૃદયમાં કાંઈ જલ નથી, તેથી જલમાં રહેઠાણ નારાયણ શબ્દની વ્યુત્પત્તિ કરાવનારું નથી.

વળી તરત જ વારંવાર (મને) કેમ દેખાડ્યું નહિ? જો હું તે નારાયણનો જ પુત્ર હોઉં તો મને (તે) કેમ દેખાડ્યું નહિ ? કારણ કે લોકમાં પિતા અને પુત્ર એકબીજાને પ્રત્યક્ષ જણાતા (દેખાતા) હોય છે. તે બેમાંથી કોઈ (બીજાને જોવાને) અયોગ્ય હોતો નથી.

વળી[1] વાસ્તવિક રીતે આપ જ નારાયણ છો, પરંતુ તે (જલમાં દેખાએલ રૂપ) નારાયણ નથી. 'નાર' જીવનો સમૂહ સર્વ જેમાં 'અયતે' પ્રવેશ કરે છે તે નારાયણ. સર્વ જગતનો આધાર છે તે આપ જ છો, પરંતુ તે (જલમાં દેખાએલ રૂપ) નથી. તેના ઉદરમાં જ રહીને મેં જગત્ રચ્યું છે. જો જગત્ ત્યાં (તેના ઉદરમાં) સહજ હોત તો મારી (જગત્ રચવાની) કૃતિ વ્યર્થ થાત[1]. ૧૫.

આપના ઉદરમાં તો જગત્ સહજ રહેલું છે, એમ કહે છેઃ

**અત્રૈવ માયાધમનાવતારે હ્યસ્ય પ્રપઞ્ચસ્ય બહિઃ સ્ફુટસ્ય ।।**
**કૃત્સ્નસ્ય ચાન્તર્જઠરે જનન્યા માયાત્વમેવ પ્રકટીકૃતં તે ।।૧૬।।**

હે માયાનું નિવારણ કરનાર ! આ જ અવતારમાં બહાર પ્રકટ જણાતો આ સર્વ પ્રપંચ આપની માતાને (આપના) ઉદરમાં (દેખાડીને) તે માયિક નથી, એમ આપે પ્રકટ કરેલું છે. ૧૬.

'હે માયાધમન' એટલે માયાનું નિવારણ કરનાર ! આથી એમ જણાવેલું છે કે ભગવાનને માયાનો સંબંધ નથી. આ બહાર પ્રકટ જણાતો સર્વ પ્રપંચ આપની માતાને (આપના) ઉદરની અંદર (દેખાડી), (માતાએ વિચારેલ) ૧૦।૮।૪૦ના ઉત્તરાર્ધ પ્રમાણે તે માયિક નથી, એમ (આપે) પ્રકટ કરેલ છે. તેથી સત્ય પ્રપંચના (આપ) આધાર હોવાથી, 'આપ જ નારાયણ છો'. ૧૬.

૧...૧. આ ભાગથી જલમાં દેખાએલ રૂપ જગતનો આશ્રય નથી એમ જણાવે છે. (પ્ર)

'પુરુષ જે વિશ્વનો આધાર છે તે જ નારાયણ છે, કારણ કે તેમનામાં વિશ્વ દેખાય છે. તેથી પ્રપંચની અંદર રહેલો હું સૂક્ષ્મ (નાનો) હોવાથી નારાયણ નથી' એવી શંકા થાય, તેથી નીચેનો શ્લોક કહે છેઃ

**યસ્ય કુક્ષાવિદં સર્વં સાત્મં ભાતિ યથા તથા ।।**
**તત્ત્વય્યપીહ તત્સર્વં કિમિદં માયયા વિના ।।૧૭।।**

જેના ઉદરમાં આત્મા સહિત આ સર્વ જેવું દેખાય છે તેવું જ તે આપની અંદર પણ અહિં દેખાય છે. આ સર્વ શું માયા વિના (દેખાય છે)? ૧૭.

જે નારાયણના ઉદરમાં આત્મા સહિત આ સર્વ દેખાય છે તેવું અહિં આપનામાં પણ દેખાય છે. તેથી (નારાયણમાં અને આપમાં) ભેદ નહિ હોવાથી, આપ પણ નારાયણ છો. (આપ) હદવાળા તથા નારાયણથી જૂદા હો તેવા દેખાઓ છો. એવો જે ભેદ છે, એ સર્વ શું માયા વિના જણાય છે ? આપ હદવાળા છો અને (નારાયણની) અંદર રહેલા નારાયણથી જૂદા છો એવું જે દેખાય છે, તે તો આપની વ્યામોહ કરનારી શક્તિ માયાથી જ દેખાય છે. તેથી પુરુષ નારાયણ છે એમ માનીએ, તો પણ આપ નારાયણ છો.૧૭.

'નારાયણ પુરુષોત્તમ છે. તે જ સર્વ છે. બીજો કોઈ નારાયણ થઈ શકે નહિ' એવી શંકા થાય તેથી નીચેનો શ્લોક કહે છેઃ

**અદ્યૈવ ત્વદૃતેઽસ્ય કિં મમ ન તે માયાત્વમાદર્શિત-**
**મેકોઽસિ પ્રથમં તતો વ્રજસુહૃદ્વત્સાઃ સમસ્તા અપિ ।।**
**તાવન્તોઽસિ ચતુર્ભુજાસ્તદખિલૈઃ સાકં મયોપાસિતા-**
**સ્તાવન્ત્યેવ જગન્ત્યભૂસ્તદમિતં બ્રહ્માદ્વયં શિષ્યતે ।।૧૮।।**

આપના વિના આ (જગત્) માયારૂપ છે, એમ આજે જ આપે મને નથી દેખાડ્યું ? પહેલાં આપ એક જ હતા, પછી વ્રજના મિત્રો તથા વાછરડાં થયા, (પછી) સર્વે થયા, (પછી) તેટલા ચાર ભુજાઓવાળા થયા, પછી મારી સાથે સર્વથી સેવાતા થયા, પછી તેટલાં જ જગતો થયા. તેથી હદ વિનાના બ્રહ્મથી આપ જૂદા નથી. ૧૮.

આપના વિના આ પ્રપંચનું સ્વતંત્રતાથી સત્ત્વ (અસ્તિત્વ, હયાતી) નથી, એમ જણાવવા આજે જ આપે માયાપણું દર્શાવેલું છે. ભગવાનથી જૂદું જ સ્વતંત્ર રીતે જગત્ (રહેલું) છે એમ જેઓ કહે છે, તેમને આજે જ આપે ભ્રાંત કરેલા (ઠરાવેલા) છે, કારણ કે આપ જ સર્વ (જગત્) છો. શ્લોકના બીજા ચરણથી આ સિદ્ધ કરે છે. પહેલાં આપ એક જ હતા. જ્યારે મેં વાછરડાં અને બાલકોનું હરણ કર્યું (ત્યારે આપ એક જ હતા), પછી (આપ) વ્રજના સંબંધવાળા મિત્રો બાલકો અને વાછરડાં થયા; પછી (આપ) સર્વે એટલે સર્વ બ્રહ્માંડરૂપ પણ

થયા. પછી એક ક્ષણ પછી તે બધાએ ચાર ભુજાઓવાળા ભગવત્સ્વરૂપ દેખાયા, (પછી) તે પણ સર્વ બ્રહ્માંડથી અથવા બ્રહ્માંડોમાં રહેલ મારા સહિત સર્વ (પ્રાણીઓ)થી સેવાતા દેખાયા. આપ જ એટલાં બધાં જગત્ થયા. આ કારણથી આપ બ્રહ્મથી જૂદા નથી. વિચાર કરતાં (બ્રહ્મ સિવાય) બીજો કોઈ પદાર્થ આપ હો એમ સિદ્ધ થતું નથી. તેથી આપ જ નારાયણ છો, એવો નિશ્ચય થાય છે. ૧૮.

હવેથી આપ સ્વામી છો અને હું સેવક છું. તેથી સ્વામીએ સેવકનો અપરાધ એકવાર સહન કરવો જોઈએ, એમ કહેવા નીચેના શ્લોકથી આરંભી દશ શ્લોકોથી સર્વ વસ્તુઓનું તત્ત્વ કહે છેઃ

**અજાનતાં ત્વત્પદવીમનાત્મન્યાત્માત્મના ભાતિ વિતત્ય માયામ્ ।।**
**સૃષ્ટાવિવાહં જગતો વિધાન ઈવ ત્વમેષોઽન્ત ઈવ ત્રિનેત્રઃ ।।૧૯।।**

જેમ જગતની સૃષ્ટિમાં હું, સ્થિતિમાં આપ, અને પ્રલયમાં શંકર ભાસે છે તેની પેઠે, આપની પદવી ન જાણનારાઓને આત્મા (દેહ) અનાત્મા (દેહ વિગેરે)ની અંદર આત્મા (ઈન્દ્રિય) વડે માયા વિસ્તારીને ભાસે છે. ૧૯.

આપની[1] પદવી જેઓ જાણતા નથી તેઓ અહિં હવેથી જે કહેવામાં આવશે તેને તત્ત્વ જાણે છે, પરંતુ તેઓ આપની પદવી (સ્થિતિ, માહાત્મ્ય) જાણતા નથી. એ પ્રમાણે પણ તે તત્ત્વમાં વાસ્તવિક ભ્રમ રહેલો હોવાથી તે (તત્ત્વ)થી તેઓનું શ્રેય થતું નથી, પરંતુ આપના ચરણકમલની કૃપાના કણથી જ તેઓને મુખ્ય તત્ત્વની પ્રાપ્તિ થાય છે, પરંતુ (તેમને) ભવિષ્યમાં પ્રાપ્ત થવાના તત્ત્વથી (મુખ્ય તત્ત્વની પ્રાપ્તિ) થતી નથી, કારણ કે ઈશ્વરને નહિ માનનારા સાંખ્ય વિગેરે મતોએ કલ્પેલા ભ્રાંત (માર્ગ)થી કાંઈ પણ લાભ થતો નથી[1].

તેમાં આરંભમાં તેઓનો ભ્રમ આ શ્લોકમાં જણાવે છે. અનાત્મા એટલે આત્મા નથી તેવા દેહ વિગેરેમાં, આત્મા એટલે દેહ, આત્માથી એટલે ઈન્દ્રિયને લીધે ભાસે છે.

'જે આત્મા નથી તે કર્તા અથવા કરણ કેમ હોઈ શકે ?' એવી શંકા થાય, તેથી 'માયાને વિસ્તારીને' શબ્દો યોજેલા છે. માયાને વિસ્તારીને જે આત્મા નથી તેમાં જ આત્મા હોવાથી બુદ્ધિ કરાવે છે. તેનું દૃષ્ટાંત 'જેમ સૃષ્ટિમાં હું' બ્રહ્મા શબ્દથી કહેલું છે. બ્રહ્મા (તો) દેહ છે, તે કાંઈ કર્તા થતો નથી, કારણ કે ભગવાન જ જગતના કર્તા છે. જગતના વિધાન અટલે સ્થાપન(સ્થિતિ)માં આપની પેઠે એટલે ગુણાવતાર વિષ્ણુની પેઠે (આત્મા નથી, તેવામાં આત્માની બુદ્ધિ કરાવે છે). પાલન કરનાર તો ભગવાન જ છે તેથી, (અને) વિષ્ણુ પણ (ભગવાનની પેઠે) ચાર ભુજાઓ વિગેરે રૂપવાળા છે તેથી, 'આપની પેઠે' એમ કહેલું છે. (પ્રલયમાં)

૧...૧. આ ભાગથી અહિંથી દશ શ્લોકોનું તાત્પર્ય કહેલું છે. (પ્ર)

આ શંકર(ની પેઠે આત્મા નથી, તેવામાં આત્માની બુદ્ધિ કરાવે છે). તેથી જ ('આ' શંકર એમ કહેલ હોવાથી જ) મહાદેવ પણ આ સમયે (ત્યાં) આવેલા છે એમ જણાય છે. આ (મહાદેવ) પણ પ્રલયકર્તા નથી. બ્રહ્મસૂત્ર ૧।૧।૨માં જણાવેલા ન્યાય પ્રમાણે (આ જગતની) ઉત્પત્તિ, સ્થિતિ અને પ્રલય ભગવાનથી જ થાય છે એમ કહેલું છે. તેથી જેમ ઉત્પત્તિ, સ્થિતિ અને પ્રલય કરનાર તરીકે અમોને (બ્રહ્મા, ગુણાવતાર વિષ્ણુ અને શંકરને) કલ્પેલા છે, તેમ દેહને પણ આત્મા માને છે, અને કરણ (કાર્ય કરવામાં સાધન)રૂપ ઈન્દ્રિયોને પણ આત્મા માને છે. તેમ ન હોય તો (ઈન્દ્રિયને આત્મા ન માનતા હોય તો) 'હું જોઉં છું' એવો (ઈન્દ્રિય અને આત્મા બંનેમાં) એકસરખો રહેલ અનુભવ ઘટતો નથી. (વસ્તુતઃ ઈન્દ્રિય જ્ઞાનનું કરણ હોવાથી જૂએ છે, છતાં 'હું જોઉં છું' એવો અનુભવ થાય છે, તે ઈન્દ્રિયને આત્મા માનવાથી જ થાય છે). ૧૯.

'એ પ્રમાણે ભ્રમ[1] થાય છે ત્યારે શ્રેય કેવી રીતે થશે ?' એવી શંકા થાય, તેથી નીચેનો શ્લોક કહે છેઃ

**સુરેષ્વૃષિષ્વીશ તથૈવ નૃષ્વપિ તિર્યક્ષુ યાદસ્સ્વપિ તેઽજનસ્ય ।।**
**જન્માસતાં દુર્મદનિગ્રહાય પ્રભો વિધાતઃ સદનુગ્રહાય ચ ।।૨૦।।**

હે ઈશ્વર ! જન્મરહિત આપનો જન્મ દેવોમાં, ઋષિઓમાં તેમજ મનુષ્યોમાં પણ, હલકાં પ્રાણીઓમાં અને જલચરોમાં પણ (થાય છે) તે, હે પ્રભુ ! હે સર્જન કરનાર ! દુષ્ટોના દુર્મદનો નાશ કરવા અને સત્પુરુષો પર કૃપા કરવા થાય છે. ૨૦.

ભ્રાંતોને (આપનું) સ્વરૂપ આપ પોતે જ જણાવો તે માટે સુર એટલે દેવોમાં વામનરૂપથી, ઋષિઓમાં પરશુરામરૂપથી, તેમજ મનુષ્યોમાં રામરૂપથી, હલકાં પ્રાણીઓમાં વરાહરૂપથી, જલચરોમાં મત્સ્ય (મચ્છ) અને કૂર્મ (કાચબા) ના રૂપથી, આપ જન્મરહિત હોવા છતાં આપે જન્મો લીધેલા છે. તેમ આપ ન કરો તો તત્ત્વ કોણ જાણે ? અને તેનો ઉપદેશ કોણ કરે ? તેથી આપનો જન્મ દુષ્ટોના દુર્મદનો નાશ કરવા અને સત્પુરુષો ઉપર કૃપા કરવા થાય છે. દુષ્ટોનો નિગ્રહ કરવામાં આવે તેથી, તેઓ કરે તે ઉપદ્રવ અને તેઓના આવેશથી થતો બુદ્ધિનો નાશ થતાં અટકે છે. ૨૦.

---

૧. ગયા ૧૯મા શ્લોકમાં એમ કહ્યું કે દેહ વિગેરેમાં 'આ આત્મા છે' એવો અધ્યાસ ભગવાનની માયાથી થાય છે. એમ હોય તો દેહ વિગેરેમાં થતા આત્માના અધ્યાસથી કરેલું ભગવાનનું ભજન પણ ફલ આપે નહિ એવી શંકા થાય, તેથી તે શંકાનો નિરાસ કરવા આ શ્લોક કહેલો છે, એમ આ આભાસમાં કહે છે. તેથી આ શ્લોકનો ભાવાર્થ એવો છે, કે આપ ઉપદેશ કરો છો તે ઉપદેશથી જ શ્રેય પ્રાપ્ત થાય છે, પરંતુ (દેહ વિગેરેમાં થતી આત્માના) અભિમાનવાળી પોતાની કૃતિથી થતું નથી. (પ્ર)

'તેના વિના (ભગવાને અવતાર ધારણ કર્યા ન હોત તો) પણ વેદો વિગેરેથી તત્ત્વનું જ્ઞાન કેમ ન થાત ?' એવી શંકા થાય, તેથી નીચેનો શ્લોક કહે છેઃ

**કો વેત્તિ ભૂમન્ ભગવન્ પરાત્મન્ યોગેશ્વરોતીર્ભવતસ્ત્રિલોક્યામ્ ।।**
**ક્વાહો કથં વા કતિ વા કદેતિ વિસ્તારયન્ ક્રીડસિ યોગમાયામ્ ।।૨૧ ।।**

હે વ્યાપક ! ભગવન્ ! પરાત્મન્ ! યોગશ્વર ! ત્રણલોકમાં આપની લીલાને, અહો ! તે ક્યાં, કેવી રીતે, કેટલા પ્રકારે અથવા ક્યારે થાય છે, તે કોણ જાણે છે ? (આપ) યોગમાયાને વિસ્તારીને લીલા કરો છો. ૨૧.

આપ અને આપની લીલા તત્ત્વ છે. તે કોણ જાણે છે ? વેદ તો (તેનું) વ્યાખ્યાન કરનાર કોઈ નહિ હોવાથી મૂંગાની પેઠે અર્થ જણાવતો નથી. 'હે વ્યાપક !' એ સંબોધનથી એમ કહેલ છે, કે આપ વ્યાપક હોવાથી એક જ સ્થલે રહેલ (જીવ) (આપને કે આપની લીલાને) જાણતો (જાણી શકતો) નથી. 'ભગવન્' સંબોધન એમ જણાવે છે, કે આપ છ ગુણોના ઐશ્વર્યવાળા હોવાથી, અનીશપણું (પરતંત્રતા) વિગેરે ગુણવાળો (જીવ આપની લીલાને) કેમ જાણે ? કારણ કે મૂર્ખાઓ વિદ્વાનોનું તત્ત્વ જાણતા નથી, અનીશ ઈશ્વરનું તત્ત્વ જાણતો નથી, અથવા વૈરાગ્યવિનાનો વૈરાગ્યવાળાનું તત્ત્વ જાણતો નથી. 'પરમાત્મન્' સંબોધનથી એમ જણાવેલું છે, કે પરમાત્માનું તત્ત્વ જીવ જાણતો નથી. 'યોગેશ્વર' સંબોધનથી એમ જણાવેલું છે, કે સ્વચ્છંદ (પોતાની ઈચ્છા મુજબ) ગતિવાળાનું તત્ત્વ બંધનવાળો જાણતો નથી. વળી તે લીલા ક્યાં થાય છે ? 'અહો' શબ્દ આશ્ચર્ય દર્શાવવા યોજેલો છે. કારણ કે મત્સ્ય વિગેરે રૂપ (આકાર, અવતાર) જ્ઞાનનો પ્રકાશ કરે એ યોગ્ય (સંભવિત) નથી. વળી (લીલા) કેવી રીતે થાય છે (તે કોણ જાણે) ? કારણ કે ભગવાનની લીલારૂપ સમુદ્રમાં પ્રસ્તરણ (શય્યા) વિગેરે પદાર્થો કોઈની બુદ્ધિમાં આવે તેવા હોતા નથી. વળી કેટલા લીલાના પ્રકારો થાય છે તથા ક્યારે લીલાઓ થાય છે તે કોઈ જાણતું (જાણી શકતું) નથી. તેનું કારણ 'યોગમાયાને વિસ્તારીને લીલા કરો છો' શબ્દોથી કહેલું છે. જો (ભગવાન્) માયાને વિસ્તાર્યા વિના ક્રીડા કરે તો લોક જાણે પણ ખરા. તેથી આપના સ્વરૂપને આપ જ જાણો છો તેથી તત્ત્વનો ઉપદેશ કરવા આપ અવતાર ધારણ કરો છો. ૨૧.

એ પ્રમાણે દેહ વિગેરેમાં 'આ આત્મા છે' એવો ભાવ આપ દૂર કરો છો એમ કહી, (૧) પ્રપંચ મિથ્યા છે, (૨) (ભગવાનથી) ભિન્ન હોવા છતાં સત્ય છે, એવો જે આ ભ્રમ પ્રપંચના સંબંધમાં થાય છે તે પણ (આપથી) દૂર થાય છે, એમ નીચેના શ્લોકમાં જણાવે છેઃ

**તસ્માદિદં જગદશેષમસત્સ્વરૂપં સ્વપ્નાભમસ્તધિષણં પુરુદુઃખદુઃખમ્ ।।**

**ત્વય્યેવ નિત્યસુખબોધતનાવનન્તે માયાત ઉદ્યદપિ યત્ સદિવાવભાતિ ॥૨૨॥**

તેથી આ અસત્ સ્વરૂપવાળું, સ્વપ્નના જેવું, ધિષણા (પ્રતિભા, બુદ્ધિ) રહિત, અને ઘણું જ દુઃખદાયક આખું જગત્ માયાથી ઉત્પન્ન થતું હોવા છતાં નિત્ય આનંદ અને બોધના આકારવાળા અનંત આપને જ વિષે સત્ હોય તેવું જણાય છે. ૨૨.

આ જગત્ આખું અસત્ સ્વરૂપવાળું એટલે દુષ્ટ બહિર્મુખોના જેવું સ્વરૂપ છે જેનું, તેવું સન્માર્ગમાં વિઘ્ન કરનારું છે, કારણ કે આ (જગત)માં મમતા રાખવાથી ભગવાનથી વિમુખ થવાય છે. સ્વરૂપથી પણ અનિત્ય એટલે ઉદય અને અસ્ત થયા કરે તેવું છે, એમ 'સ્વપ્નના જેવું' શબ્દથી કહે છે. સ્વપ્નના જેવો આભાસ (દેખાવ) છે જેનો (તેવું છે). વળી આ જ્ઞાનમાં પ્રતિબંધ કરે તેવું છે, કારણ કે 'અસ્તા' ગઈ છે 'ધિષણા' બુદ્ધિ જેમાંથી, તેવું છે. વળી (આ) ક્લેશરૂપ છે, કારણ કે ઘણા દુઃખથી પણ અધિક દુઃખ છે જેમાંથી, તેવું છે. આવું હોવા છતાં આપને જ વિષે સત્ હોય તેવું જણાય છે. આપના નિમિત્તથી જેમ નારદ વિગેરે સત્ છે, તેમ ઘટ વિગેરે પણ ભગવાનની સેવામાં ઉપયોગી હોવાથી સત્ ભાસે છે. તેનું કારણ 'નિત્ય આનંદ અને બોધના આકારવાળા અનંત' શબ્દોથી કહેલ છે. નિત્ય ભગવાનના સંબંધને લીધે ઉદય અને અસ્ત થવાપણું નિત્ય જેવું ભાસે છે, ઘણું દુઃખદાયકપણું પણ સુખરૂપ ભાસે છે, ધિષણારહિતપણું પણ બોધાત્મક (જ્ઞાનરૂપ) ભાસે છે, (અને) અનંતમાં ભાસતું અનિત્યપણું પણ નિત્ય જેવું ભાસે છે. ભ્રમથી ઉત્પન્ન થતું 'દેહ આત્મા છે' એવું જ્ઞાન પણ સેવામાં ઉપયોગી હોવાથી, સત્ હોય તેવું ભાસે છે. તેથી આખુંએ જગત્ આપના સંબંધ થી સત્ય છે, અન્યથા (આપનો સંબંધ ન હોય તો) (તેથી) ઉલટું છે, એવું જગતનું તત્ત્વ છે. ૨૨.

નીચેના શ્લોકમાં ભગવાન્ સંબંધી તત્ત્વ કહે છેઃ

**એકસ્ત્વમાત્મા પુરુષઃ પુરાણઃ સત્યઃ સ્વયંજ્યોતિરનન્ત આદ્યઃ ॥**
**નિત્યોક્ષરોઽજસ્રસુખો નિરઞ્જનઃ પૂર્ણોઽદ્વયો મુક્ત ઉપાધિત ઋતઃ ॥૨૩॥**

આપ એક, આત્મા, પુરુષ, પુરાણ, સત્ય, સ્વપ્રકાશ, અનંત, આદ્ય, નિત્ય, અક્ષર, નિત્યસુખરૂપ, અવિદ્યારહિત, પૂર્ણ, અદ્વય, ઉપાધિ રહિત અને અલૌકિક છો[૧]. ૨૩.

(૧) આરંભમાં આપ એક જ એટલે પોતાની જાતના, અથવા બીજી જાતના, અથવા પોતાની અંદરના (એવા) ભેદ વિનાના હતા.

(૨) પછી આપ આત્મા થયા એટલે જીવરૂપ, અંતર્યામીરૂપ અને વિભૂતિરૂપ, એમ

૧. શ્લોકમાં શ્રીસુબોધિની પ્રમાણે 'ઉપાધિત ઋતઃ' પાઠ લીધો છે. પાઠભેદ 'ઉપાધિતોઽમૃતઃ'

ત્રણ પ્રકારના થયા.

(૩।૪) પછી પુરાણ પુરુષ એટલે પુરુષોત્તમ થયા. અથવા બ્રહ્મવાદમાં આપ 'એક' છો, યોગમતમાં 'આત્મા' છો, સાંખ્યમાં 'પુરુષ' છો, વૈષ્ણવમતમાં 'પુરાણ' છો.

(૫) અને પાશુપતમતમાં સત્ય છો. અથવા 'સત્' અને 'ત્યત્' નો ભેદ જોતાં આપ સત્ય એટલે જગદ્રૂપ છો.

(૬) એવી રીતે પાંચે પ્રકારના આપ 'સ્વયંજ્યોતિઃ' એટલે સ્વપ્રકાશ (પોતાથી જ પ્રકાશનાર) છો, પરંતુ જડ નથી.

(૭) (આપ) અનંત એટલે અંતરહિત અથવા જેનો અંત આવવાનો નથી તેવા છો.

(૮) આદ્ય એટલે પહેલાના (આરંભના) અંત વિનાના છો.

(૯) નિત્ય એટલે સદા એકસરખા છો, પણ સમુદ્ર અથવા ચંદ્રની પેઠે જેની વૃદ્ધિ અને ક્ષય થાય છે તેવા નથી.

એ પ્રમાણે (છઠ્ઠાથી નવમા સુધીનાં ચાર વિશેષણોથી) પ્રપંચરૂપમાં જણાતા ચાર દોષોનું નિવારણ કરી 'અક્ષર' પદથી ભગવાનનાં બીજાં રૂપો કહે છે.

(૧૦) (આપ) અક્ષર એટલે શબ્દબ્રહ્મરૂપ છો, અથવા પ્રકૃતિ અને પુરુષ ના કારણરૂપ છો. તે (પદ)થી (આપ) જ્ઞાનના વિષય (જેનું જ્ઞાન પ્રાપ્ત કરવા યોગ્ય છે તેવા) છો, એમ કહેલું છે.

(૧૧) 'નિત્યસુખરૂપ' પદથી તે (જ્ઞાન)થી પ્રાપ્ત કરવાના મોક્ષરૂપ એટલે નિત્યસુખરૂપ (આપ છો) એમ કહેલું છે.

(૧૨) તેવા સુખમાં પણ પ્રાપ્ત થતા દોષોનું નિવારણ કરે છે, કારણ કે સુષુપ્તિ(સારી ઊંઘ)ની પેઠે જે નિરંતર સુખરૂપ હોય તે પણ અજ્ઞાનવાળું હોય છે. તેવું આપમાં નથી એમ જણાવવા 'નિરઞ્જનઃ' (નિરંજન) 'અવિદ્યારહિત' પદ યોજેલું છે. અંજન એટલે અવિદ્યા, તે વિનાના.

(૧૩) હદ પણ હોય. તે નથી એમ જણાવવા 'પૂર્ણ' કહેલા છે.

(૧૪) ઓછાપણું અથવા અધિકપણું નથી, એમ જણાવવા 'અદ્વય' પદ યોજેલું છે.

(૧૫) 'ઉપાધિ રહિત' વિશેષણથી કોઈ પણ ઉપાધિથી જ ભોગ કરતા હશો, એવી શંકાનું નિવારણ કરેલું છે. જેમ સ્ત્રીનું સુખ પુરુષથી જ ભોગવી શકાય છે, અને પુરુષનું સુખ સ્ત્રીથી જ ભોગવી શકાય છે તેવા પ્રકારની કોઈ પણ ઉપાધિની આવશ્યકતા બ્રહ્માનંદ (બ્રહ્માનંદના સુખના અનુભવ)માં નથી.

(૧૬) વળી સ્વરૂપથી પણ તે 'ઋતઃ', 'અલૌકિક', એટલે માત્ર શ્રુતિથી જ જ્ઞાન

થાય તેવા, પણ લૌકિક પ્રમાણોથી જ્ઞાન ન થાય તેવા છો. તેમ ન હોય તો પહેલાં (ઉપર) કહેલ રૂપવાળા ન હોય.

આ જ સોળ વિશેષણોથી (તેમનું) દેહથી જૂદાપણું પણ જાણી લેવું. 'આ પુરુષ સોળ કલાઓવાળા છે'. (દેહમાં આમાંની કોઈ કલા નથી). બાલકપણું કૌમાર અવસ્થા વિગેરે ભેદોથી દેહ (એક નથી, પરંતુ) અનેક છે. વળી તે વ્યાપક (સર્વ સ્થલે રહેનાર) નથી અને આત્મા પણ નથી, વિગેરે પોતાની મેળે વિચારી લેવું. અથવા (આ સોળ વિશેષણોથી) અગીઆર ઈન્દ્રિયો અને પાંચ મહાભૂતોથી જૂદાપણું જાણવું. અથવા (આ સોળ વિશેષણોથી) સોળ કલાવાળા નારાયણ જણાવેલા છે. ૨૩.

એ પ્રમાણે ભગવાનનું સ્વરૂપ કહી, એવા ભગવાનની જેઓ હવે પછી કહેવામાં આવે છે તેવા પ્રકારથી[1] ઉપાસના કરે છે તેઓ ભ્રાંત છે, એમ નીચેના શ્લોકથી આરંભી પાંચ શ્લોકોથી કહે છે:

**એવંવિધં ત્વાં સકલાત્મનામપિ સ્વાત્માનમાત્માત્મતયા વિચક્ષતે ।।**
**ગુર્વર્કલબ્ધોપનિષત્સુચક્ષુષા યે તે તરન્તીવ ભવાનૃતામ્બુધિમ્ ।।૨૪।।**

સર્વે જીવોના દેહ આત્મારૂપ એવા પ્રકારના આપને પણ ગુરુરૂપી સૂર્યથી પ્રાપ્ત થએલ ઉપનિષદ્રૂપ સુંદર ચક્ષુથી જેઓ પોતાના જ આત્મા તરીકે જૂએ છે તેઓ સંસારરૂપ અસત્ય સમુદ્રને તરતા હોય તેમ જણાય છે.૨૪.

એવા પ્રકારના[2] સોળ કળાઓવાળા, 'સકલાત્મનામપિ' સર્વે જીવોના 'આત્માનમ્' (સ્વાત્માનમ્) દેહરૂપ અને જીવરૂપ આપને, 'આત્મનઃ' પોતાના જ 'આત્મતયા' આત્મા તરીકે એટલે 'હું જ ભગવાન્ છું' એમ જેઓ જૂએ છે (તેઓ સંસારરૂપ સમુદ્રને તરતા હોય તેમ જણાય છે). તેમ જોવામાં વિષયોનો બોધ કરનાર સૂર્ય ગુરુ છે, અને જ્ઞાન (પ્રાપ્ત કરવા)નું સાધન ઉપનિષદ્ જ ચક્ષુ છે. જેઓ એવી રીતે 'હું જ પરબ્રહ્મ છું' એમ જાણે છે તેઓ સંસારરૂપી અસત્ય

---

૧. ઓગણીસમા શ્લોકમાં દેહમાં આત્માનો અધ્યાસ માયાથી થાય છે એમ કહ્યું. વીસમા શ્લોકમાં ભગવાનના અવતારથી જ શ્રેય થાય છે એમ કહ્યું. એકવીસમા શ્લોકમાં અવતાર વિના વેદથી પણ શ્રેય થતું નથી એમ કહ્યું. બાવીસમા શ્લોકમાં આપનો સંબંધ થવાથી દેહાધ્યાસથી પણ કરેલ ભગવાનના ભજનથી શ્રેય થાય છે એમ કહ્યું. ત્રેવીસમા શ્લોકમાં ભગવાનનું સ્વરૂપ કહ્યું. હવે ખંડબ્રહ્મવાદ પ્રમાણે જેઓ ભગવાનની ઉપાસના કરે છે તેઓ ભ્રાંત છે એમ પાંચ શ્લોકોથી કહેશે. ૨૪ થી ૨૭ શ્લોકોથી ખંડબ્રહ્મવાદના દોષો જણાવશે અને ૨૮મા શ્લોકમાં ખંડબ્રહ્મવાદ પ્રમાણે ઉપાસના કરનારાઓ કરતાં અંતર્યામીની ઉપાસના કરનારા ઉત્તમ છે એમ કહેશે. (પ્ર)

૨. 'એવા પ્રકારના' શબ્દથી સોળ કળાઓવાળા આપ સર્વ જીવોના આત્મા છો એમ જણાવેલ છે. (પ્ર).

સમુદ્રને તરતા હોય તેમ જણાય છે. 'સર્વ બ્રહ્મ છે' એવું જ્ઞાન થાય ત્યારે સર્વને તરાય છે, 'હું જ બ્રહ્મ છું' એવું જ જ્ઞાન થાય ત્યારે જે અસત્યરૂપ સંસાર માત્ર પોતાના મોહથી કલ્પેલો છે અને અહંતામમતાત્મક છે તે જ તરી શકાય તેવો સમુદ્ર છે. તેવા (સમુદ્ર)ને પણ તેઓ તરતા હોય તેવા જણાય છે, કારણ કે (તેઓના) દોષોનો આધાર ગએલ નથી. (તેઓનો) અંદરનો દોષ જ મટેલો છે, પણ દેહ, ઈન્દ્રિય અને વિષયના દોષો મટેલા નથી. તેથી (એ) અસત્ય સમુદ્ર તરેલો હોય તો પણ નહિ તરેલા જેવો છે એવો અર્થ છે. ૨૪.

'તે જ્ઞાનથી સર્વનો (દેહ, ઈન્દ્રિય તથા વિષય વિગેરેનો) પણ લય કેમ થાય નહિ[1] ?' એવી શંકા થાય, તેથી નીચેનો શ્લોક કહે છેઃ

**આત્માનમેવાત્મતયાવિજાનતાં તેનૈવ જાતં નિખિલં પ્રપઞ્ચિતમ્ ।।**
**જ્ઞાનેન ભૂયોડપિ તદેવ[2] લીયતે રજ્જ્વામહેર્ભોગભવાભવૌ યથા ।।૨૫।।**

જેઓ બ્રહ્મને જ પોતા તરીકે જાણે છે (તેઓના) તે (ભ્રમ)થી જ ઉત્પન્ન થએલ સર્વ પ્રપંચ કલ્પેલું હોય છે. જેમ દોરડામાં (કલ્પેલા) સર્પના દેહની ઉત્પત્તિ અને નાશ થાય છે તેમ જ્ઞાનથી પણ વારંવાર તેનો જ લય થાય છે. ૨૫.

તેઓ બ્રહ્મ (ઈશ્વર)ને જ પોતા તરીકે જાણે છે (હું જ બ્રહ્મ છું એમ જાણે છે), તેથી (તેઓના) તે ભ્રમથી જ ઉત્પન્ન થએલ સર્વે પ્રપંચ કલ્પેલ હોય છે એટલે પ્રપંચરૂપથી 'હું છું' એમ કલ્પેલ હોય છે. જ્ઞાનથી વારંવાર પણ તેનો જ એટલે તેટલા (કલ્પેલા પદાર્થ)નો જ લય થાય છે, પરંતુ જે ક્રિયાથી પ્રાપ્ત થાય તેવા છે તેમનો લય થતો નથી. તે વિષયમાં દૃષ્ટાંત કહે છે કે દોરડામાં સર્પ કલ્પેલો હોય તે કલ્પેલા જ (સર્પ)ના સર્વ દેહની ઉત્પત્તિ અને નાશ (જ્ઞાનથી થાય છે). (પહેલા ભ્રમ થાય છે કે) 'આ સર્પ છે', (પછી જ્ઞાન થતાં) 'આ સર્પ નથી' એમ પોતાની બુદ્ધિથી કલ્પેલાનો જ (જ્ઞાનથી) નાશ થાય છે, પરંતુ ભગવાને બનાવેલ બીજા (પોતાની બુદ્ધિથી કલ્પેલ ન હોય તેવા) (જગત)નો અથવા પોતે બનાવેલ (પદાર્થ)નો નાશ થતો નથી. 'આ સર્પ છે' એવા ભ્રમથી સર્પને (દોરડાંને) બાળી નાખવામાં આવે, અને પછી 'આ સર્પ ન હતો' એવું જ્ઞાન થાય તો પણ દોરડું પાછું આવતું નથી. તેથી (જ્ઞાનથી) અજ્ઞાનથી કરેલ(કલ્પેલ)નો જ નાશ થાય છે, બીજાનો નાશ થતો નથી. તેથી (તેનાથી) માત્ર 'હું' 'મારું' અભિમાન જ દૂર થાય છે, બીજા કોઈ પદાર્થનો નાશ થતો નથી. ૨૫.

**અજ્ઞાનસંજ્ઞૌ ભવબન્ધમોક્ષૌ દ્વૌ નામ નાન્યૌ સ્ત ઋતજ્ઞભાવાત્ ।।**
**અજસ્રચિત્યાત્મનિ કેવલે પરે વિચાર્યમાણે તરણાવિવાહની ।।૨૬।।**

---

૧. 'સર્વનો લય કેમ થાય નહિ ?' એટલે મોક્ષ કેમ પ્રાપ્ત થાય નહિ ?
૨. પાઠભેદ 'ચ તત્પ્રલીયતે'.

ભવરૂપ બંધ અને મોક્ષ બંને અજ્ઞાનરૂપ છે, બીજા નથી. કારણ કે વિચાર કરતાં જેમ સૂર્યમાં રાત્રિ અને દિવસ રહેલા છે તેમ (મોક્ષ) નિત્ય સદાનંદરૂપ કેવલ નિયામક (ભગવાન)માં સત્યજ્ઞાનરૂપ છે. ૨૬.

વળી વાસ્તવિક રીતે આ (હું બ્રહ્મ છું એમ માનનાર)નું તે (હું, મારું એવું અભિમાન) પણ દૂર થતું નથી, (કારણ કે) 'હું મુક્ત છું', 'હું બ્રહ્મ છું' એવું એ (તેઓનું જ્ઞાન) પણ અજ્ઞાનથી જ થએલ છે. આત્માના અજ્ઞાનને લીધે જ તેઓ એમ પણ જાણે છે. બંધ તેનાથી (અજ્ઞાનથી) ઉત્પન્ન થએલ હોવાથી, અજ્ઞાનનું (કાર્ય) હોવાપણું (બંનેમાં એટલે બંધમાં અને 'હું બ્રહ્મ છું' એવા તેમના જ્ઞાનમાં) સમાન હોવાથી (તેઓનાં) જ્ઞાન અને મોક્ષ પણ અજ્ઞાનનાં જ કાર્ય છે, કારણ કે ઉંઘતો પુરુષ સ્વપ્નમાં ઉઠી ભોજન વિગેરે પણ કરે તેથી તે વાસ્તવિક રીતે ઉઠેલો હોતો નથી, કારણ કે તેનું સ્વપ્ન મટેલ નથી. તેવી જ રીતે ભગવાનની શક્તિ અજ્ઞાન પણ (તેમનામાંથી) ગએલ નહિ હોવાથી, તેઓને પરમાર્થ રીતે મોક્ષ થાય એ સંભવતું નથી. તેનું કારણ 'સત્યજ્ઞાનરૂપ[1]' શબ્દથી કહેલું છે. મોક્ષ[2] તો સત્યજ્ઞાનરૂપ છે, પરંતુ અજ્ઞાનથી ઉત્પન્ન થએલ જ્ઞાનરૂપ નથી[2]. ભગવાનની જ્ઞાનશક્તિથી જ મોક્ષ થાય છે એમ અગીઆરમા(સ્કંધ)માં કહેશે.

વળી ભગવાનમાં સાયુજ્ય એ મોક્ષ છે. તે (ભગવાન્) નિત્યચિદાનંદરૂપ છે. તેમનામાં અજ્ઞાનથી થએલ પ્રપંચ, તથા અજ્ઞાનથી થએલ જ્ઞાન નહિ હોવાથી, જીવ પોતાના અજ્ઞાનથી થએલ જ્ઞાનથી (તેમનામાં) પ્રવેશ કેવી રીતે કરી શકે ? આ (અર્થ) 'કેવલ' વિશેષણથી કહેલો છે.

વળી તે (ભગવાન્) 'પર' એટલે નિયામક (નિયમમાં રાખનાર) છે. જેઓ નિયમમાં (આજ્ઞામાં) રહેવા યોગ્ય છે તેઓ ભગવાનની આજ્ઞા વિના તેમની સમીપ જઈ શકતા નથી. તેથી જીવને જેઓ બ્રહ્મ જાણે છે તેઓને મોક્ષની પ્રાપ્તિ થતી નથી. આ વિષયની યોગ્યતા કહેતાં 'વિચાર કરતાં જેમ સૂર્યમાં રાત્રિ અને દિવસ રહેલાં છે' શબ્દોથી તેનું દૃષ્ટાંત કહે છે. સૂર્યનો વિચાર કરતા તેનાથી જ રાત્રિ અને દિવસ થાય છે, પરંતુ પોતાની બુદ્ધિથી થતાં નથી. તેમ ન હોય (સૂર્યથી રાત્રિ અને દિવસ થતાં ન હોય પણ પોતાની બુદ્ધિથી થતાં હોય) તો, આંખો બંધ કરીને પોતે જ રાત્રિ બનાવે, અને આંખો ઉઘાડીને (પોતે જ) દિવસ બનાવે. તેથી સૂર્ય આવે ત્યારે જ દિવસ થાય છે, અને જતો રહે ત્યારે રાત્રિ થાય છે. તેથી માત્ર

૧. ('ઋતજ્ઞભાવાત્' શબ્દ શ્લોકમાં છે). જે જાણે છે તે 'જ્ઞઃ', તેનો ભાવ તે 'જ્ઞભાવઃ। ઋતાત્' એટલે સત્યવાણીરૂપ વેદમાંથી જે 'જ્ઞભાવઃ' એટલે જ્ઞાનિપણું (થાય) તેમાંથી (તેથી મોક્ષ થાય છે) એવો અર્થ છે. આનું જ આગળ શ્રીસુબોધિનીમાં (૨...૨. ભાગથી) વિવરણ કરેલું છે. (પ્ર)

ખંડ (અપૂર્ણ) અદ્વૈતવાદીઓ ભ્રાંત જ છે. ૨૬.

વળી જે પોતાના આત્મારૂપ બ્રહ્મનો વિચાર કરનારાઓ, સર્વનો સંગ તજીને દેશાંતરમાં જઈ આત્માની પ્રાપ્તિ કરવી જોઈએ એવા હેતુથી, (ઘર વિગેરેનો) પરિત્યાગ કરે છે તેઓ ઘણા જ ભ્રાંત છે, એમ નીચેના શ્લોકમાં કહે છેઃ

**ત્વામાત્માનં પરં મત્વા પરમાત્માનમેવ ચ ||**
**આત્મા પુનર્બહિર્મૃગ્ય અહોઽજ્ઞજનતાઽજ્ઞતા ||૨૭||**

આપ આત્માને જૂદા માનીને, અને ભગવદ્રૂપને આત્મા માનીને, પરમાત્માને વળી બહાર શોધવા યોગ્ય (માને છે). અહો ! અજ્ઞાનીઓનું અજ્ઞાન (કેવું હોય છે) ! ૨૭.

આપ શ્રીકૃષ્ણ સર્વના આત્મા અને સર્વરૂપ છો. તેવા આપને (પોતાથી) જૂદા માનીને, એટલે હું સર્વ નથી પણ (આ કૃષ્ણથી) જૂદો છું એમ માનીને, 'પરમ્' ભગવદ્રૂપને જ 'આત્માનમ્'-જ્ઞાનથી પ્રકાશતા, ભગવાનની વિભૂતિરૂપ, ભાવનાથી સ્ફુરતા, વ્યાપકપણું વિગેરે ધર્મવાળા, સાંખ્ય વિગેરે સ્મૃતિઓમાં જણાવેલ આત્મા માને છે. તે કોઈ પણ સમયે જીવરૂપ થતા નથી, કારણ કે ઘડો કોઈવાર પર્વત થતો નથી. પછી પરમાત્માને વળી બહાર જઈને સંન્યાસ ગ્રહણ કરીને શોધવા જોઈએ (એમ માને છે). અહો અજ્ઞાની ભ્રાંત પુરુષોના ભ્રમની પરંપરા ! આ (અજ્ઞાનીઓ), પ્રમાણનો પણ વિચાર કર્યા વિના કેવી રીતે ભ્રમમાં પડે છે એ આશ્ચર્યકારક છે ! એવી રીતે 'જ્યારે આ આમાં જરા પણ અંતર કરે છે (ભેદ જૂએ છે) ત્યારે તેને ભય થાય છે' એ શ્રુતિએ કહેલા ખંડભાવવાળાઓના ભયનું નિરૂપણ કરીને (એમ સૂચવેલું છે, કે) જે વળી અહિં અંતઃકરણમાં જ ભગવાનનું ચિંતન કરનારાઓ, બીજાનો પરિત્યાગ કરીને અંતર્યામીની ભાવના કરે છે તેઓ કૃતાર્થ (થાય છે). ૨૭.

એકમાં ચોંટેલું ચિત્ત બીજાને પણ પ્રાપ્ત કરશે, એમ કહે છેઃ

**અન્તર્ભવેઽનન્ત ભવન્તમેવ હ્યતત્ ત્યજન્તો મૃગયન્તિ સન્તઃ ||**
**અસન્તમપ્યન્ત્યહિમન્તરેણ સન્તં ગુણં તં કિમયન્તિ સન્તઃ ||૨૮||**

હે અનંત ! જે સાધનોથી ભગવદ્ચિંતન બરાબર ન થાય તેવાં સાધનોને તજીને, હૃદય આકાશમાં રહેલ આપને જ સત્પુરુષો શોધે છે. ન હોય તેવા સર્પનો પણ ત્યાગ કર્યા વિના, સમીપ રહેલા તે દોરડાને શું સંતો જાણે છે ? ૨૮.

'અન્તર્' અંદર 'ભવતિ' રહેલ છે તે 'અન્તર્ભવઃ' એટલે હૃદય આકાશ. હે અનંત ! એટલે દેશ, કાલ અને વસ્તુની હદ વિનાના (સર્વ દેશ, સર્વ કાલ અને સર્વ વસ્તુઓમાં રહેલા) ! તે હૃદયરૂપી આકાશમાં પણ રહેલા આપને જ જેઓ શોધે છે તેઓ સત્પુરુષ હોય છે. 'જે સાધનોથી ભગવદ્ચિંતન બરાબર ન થાય

તેવાં સાધનોને તજીને' શબ્દોથી (આપને) શોધવાનો પ્રકાર કહેલો છે. 'ન' નથી 'તદ્' તે 'યત્ર' જેમાં, તે 'અતત્'. જે સાધનોથી ભગવદ્દ્ચિંતન બરાબર ન થાય તે 'અતત્'. તેમને તજીને એટલે (ભગવદ્દ્ચિંતનથી) વિરુદ્ધ સાધનોનો ત્યાગ કરીને, જેઓ નિરંતર ભગવાનનું ચિંતન કરે છે તે સત્પુરુષો છે એમ કહેલું છે. વળી ભ્રમવાળી બુદ્ધિનો પણ ત્યાગ કરીને ભગવાનનું ચિંતન કરવું જોઈએ, એમ ઉત્તરાર્ધમાં દૃષ્ટાંતથી કહે છે. ન હોય તેવા સર્પનો પણ ત્યાગ કર્યા વિના, સમીપમાં રહેલા દોરડાને શું જાણે છે ? 'અન્તર' શબ્દના ઘણા અર્થો થાય છે. તેનો અર્થ અહિં 'અપરિત્યાગ' (ત્યાગ કર્યા વિના) થાય છે. ભ્રમથી જણાતા વિષય (પદાર્થ)નો ત્યાગ કર્યા વિના, વસ્તુના સ્વરૂપનું ચિંતન સંભવતું (થઈ શકતું) નથી. તેથી મૂલભ્રમથી જણાતા, દેહમાં 'આ આત્મા છે' તેવા ભાવનો અને વ્યામોહ કરનારાં શાસ્ત્રોથી જણાતા ભાવનો પરિત્યાગ કરી, હૃદયમાં રહેલ ભગવાનની ભાવના કરવી જોઈએ. સત્પુરુષો તેવી જ રીતે (ભગવાનની) ભાવના કરે છે, એમ પ્રમાણ કહેવા માટે 'સન્તઃ' 'સંતો' પદ મૂલશ્લોકમાં ફરીથી યોજેલું છે. ૨૮.

અંતઃકરણમાં એવી (ભગવાનની) ભાવના (કરવી) યોગ્ય છે, તો પણ ભજનમાર્ગ (ભક્તિમાર્ગ) વિના અથવા તે માર્ગના શાસ્ત્ર વિના ભગવાનના માહાત્મ્યનું જ્ઞાન થતું નથી. તેથી (ભગવાનનું) માત્ર (હૃદયમાં) ચિંતન તેવું (ભજનમાર્ગ જેવું) ઉપયોગી થતું નથી, કારણ કે તેનાથી ભગવાનનો આવિર્ભાવ થતો નથી તેમજ પ્રપંચ પણ મટતો નથી[1], એમ નીચેના શ્લોકમાં કહે છેઃ

**અથાપિ તે દેવ પદામ્બુજદ્વયપ્રસાદલેશાનુગૃહીત એવ હિ ।।**
**જાનાતિ તત્ત્વં ભગવન્મહિમ્નો ન ચાન્ય એકોડપિ ચિરં વિચિન્વન્ ।।૨૯।।**

છતાં પણ હે દેવ! આપના બે ચરણકમલના પ્રસાદના થોડા પણ અનુગ્રહવાળો જ ભગવાનના મહિમાના તત્ત્વને જાણે છે, અને બીજો લાંબા સમય સુધી શોધનાર એક પણ જાણતો નથી. ૨૯.

હે દેવ! આપના બે ચરણકમલના થોડા પણ પ્રસાદના અનુગ્રહવાળો ભગવાનના મહિમાના તત્ત્વને જાણે છે. ઘણાઓમાંથી એક (કોઈ) પણ લાંબા સમય સુધી શોધનાર પણ બીજો (કોઈ) જાણતો નથી. ૨૯.

તેથી (ભગવાનની ભક્તિ) જરુરી હોવાથી અને (તે માર્ગ) ટૂંકો હોવાથી, 'ભગવન્માર્ગ (ભક્તિમાર્ગ) પ્રમાણે જ ભગવાનની સેવા કરવી જોઈએ અને બીજા કોઈની (સેવા) કરવી જોઈએ નહિ' એવો શાસ્ત્રોનો અર્થ હોવાથી, મારો

---

૧. ગયા શ્લોકમાં હૃદયાકાશમાં ભગવાનનું ચિંતન કરનારાઓ કાંઈક સારા છે એમ કહીને, તેઓને પણ ભગવાનના ચરણના અનુગ્રહની આવશ્યકતા છે, એમ આ શ્લોકમાં કહે છે; એવા આશયથી આ શ્લોકનો આભાસ કહે છે. (પ્ર)

ભગવાનના ભક્તોમાં જન્મ થાઓ, એવી નીચેના શ્લોકમાં પ્રાર્થના કરે છેઃ

**તદસ્તુ મે નાથ સ ભૂરિભાગો ભવોઽત્ર વાઽન્યત્ર તુ વા તિરશ્ચામ્ ।।**
**યેનાહમેકોઽપિ ભવજ્જનાનાં ભૂત્વા નિષેવે તવ પાદપલ્લવમ્ ।।૩૦।।**

તેથી હે નાથ ! અહિં અથવા બીજા સ્થલે હલકાં પ્રાણીઓમાં પણ મારો તે ઘણા ભાગ્યવાળો જન્મ થાઓ (કે) જેથી હું પણ આપના સેવકોમાંનો એક થઈ આપના ચરણકમલનું સેવન કરું. ૩૦.

હે નાથ ! (આ) સંબોધન ભક્તિમાર્ગ પ્રમાણે કરેલ છે. મારો તે ઘણા ભાગ્યવાળો જન્મ થાઓ; અહિં ગોકુલમાં અથવા બીજા સ્થલે (તેવો જન્મ થાઓ). વધારે કહેવાથી શું લાભ ? હલકાં પ્રાણીઓમાં પણ (મારો તેવો જન્મ થાઓ) કે જે જન્મથી હું પણ આપના સેવકોમાંનો એક થઈ આપના ચરણકમલનું સેવન કરું. (કારણ કે) તેમ ન થાય (આપના સેવકોમાં જન્મ ન થાય) તો ભક્તો વિજાતીયો સાથે (ભગવાનનું) ભજન કરતા નથી (તેથી તેઓની સાથે ભજન મારાથી થઈ શકે નહિ). ૩૦.

એ પ્રમાણે પોતાની પ્રાર્થના કહીને, ગોકુલના વાસીઓના ભાગ્યનું અભિનંદન કરે છેઃ

**અહોઽતિધન્યા વ્રજગોરમણ્યઃ સ્તન્યામૃતં પીતમતીવ તે મુદા ।।**
**યાસાં વિભો વત્સતરાત્મજાત્મના યત્તૃપ્તયેઽદ્યાપિ ન ચાલમધ્વરાઃ ।।૩૧।।**

અહો ! હે વિભો ! વ્રજની ગાયો અને સ્ત્રીઓ જેમનાં સ્તન્યરૂપી અમૃતને, આપ જેમને તૃપ્ત કરવાને યજ્ઞો હજી સુધી સમર્થ થયા નથી તેમણે વાછરડાં તથા પુત્રરૂપે આનંદથી ઘણું જ પીધેલ છે, તેઓ ધન્ય છે. ૩૧.

વ્રજમાં રહેલી ગાયો તથા સ્ત્રીઓ ધન્ય છે, કારણ કે આપે (તેમનાં) દૂધ તથા ધાવણરૂપ અમૃતને ઘણું જ એટલે સંતોષ પૂર્વક (તૃપ્તિ થાય ત્યાં સુધી) પીધેલ છે. (કેવી રીતે પીધેલ છે) તેનો પ્રકાર કહે છે, કે ગાયો અને સ્ત્રીઓનાં વાછરડાંરૂપે તથા પુત્રરૂપે (આપે પીધેલ છે). હે વિભો ! એટલે સર્વ (વાછરડાં, પુત્રો વિગેરે સર્વ) થવાને શક્તિવાળા.

'(મેં દૂધ તથા ધાવણ પીધું) એટલાથી (તેમનું) ભાગ્ય કેવી રીતે થાય ?' એવી શંકા થાય, તેથી શ્લોકનું ચોથું ચરણ કહેલ છે. જે ભગવાનને તૃપ્ત કરવાને યજ્ઞો હજી સુધી પણ સમર્થ થયા નથી (તેમને ગાયો તથા સ્ત્રીઓએ તૃપ્ત કર્યા, એ તેમનું ઘણું જ ભાગ્ય છે). ૩૧.

વળી (ભગવાને તેઓને માટે) માત્ર આટલું જ કરેલ છે એમ નથી, પરંતુ બીજું પણ કરે છે એમ નીચેના શ્લોકમાં કહે છેઃ

**અહો ભાગ્યમહો ભાગ્યં નન્દગોપવ્રજૌકસામ્ ।।**

**યન્મિત્રં પરમાનન્દં પૂર્ણં બ્રહ્મ સનાતનમ્ ॥૩૨॥**

નંદજી ગોપો અને વ્રજવાસીઓના ભાગ્યને ધન્ય છે ! કારણ કે પરમાનંદ સનાતન પૂર્ણ બ્રહ્મ (તેઓના) મિત્ર થયા. ૩૨.

(ભગવાને) પોતે સ્તનપાન કરીને જ (વેદના) પૂર્વકાંડ (યજ્ઞો અથવા કર્મકાંડ)ને નિષ્પ્રયોજન[૧] (નકામા) કર્યા. 'કારણ કે બ્રહ્મ મિત્ર થયા' શબ્દોથી ઉત્તરકાંડને પણ નિષ્પ્રયોજન કર્યા એમ કહેલું છે; કારણ કે બ્રહ્મ સર્વને સમાન છે અને મિત્ર હિત કરનાર અને અહિત વિગેરેને મટાડનાર હોવાથી વિષમ (પક્ષપાતી) છે. ભગવાન્ તો બ્રહ્મ રહીને પણ તેઓના મિત્ર થયા, કારણ કે તેઓના વિરોધીઓને હણે છે અને તેઓની સર્વ તરફથી રક્ષા કરે છે. 'ભાગ્યને ધન્ય છે ! ધન્ય છે !' એમ બે વાર કહીને (બ્રહ્મા) વારંવાર (તેઓના) ભાગ્યનું સ્મરણ કરે છે, એમ જણાવેલું છે. નંદગોપના વ્રજમાં જેઓ રહેલા છે તે બધાઓના (ભાગ્યને ધન્ય છે), અથવા પ્રથમ નંદના ભાગ્યનું અભિનંદન કરે છે, પછી ગોપોના અને પછી વ્રજવાસીઓના એવા ક્રમથી (ભાગ્યનું અભિનંદન કરે છે), તેની યોગ્યતા સ્પષ્ટ જ છે. વળી (ભગવાન્ તેઓના ઉપર) ઉપકાર કરીને જ તેમને કૃતાર્થ કરતા નથી, પરંતુ આનંદરૂપ ફલરૂપ ભગવાન્ પોતે (તેઓને) પોતાના સ્વરૂપનો અનુભવ કરાવે છે, એમ 'પરમાનંદ પૂર્ણ સનાતન' વિશેષણોથી કહેલ છે; કારણ કે અનિત્ય ન હોય અને હદ વિનાનો હોય તેવો આનંદ ફલ છે. ૩૨.

એ પ્રમાણે આધિભૌતિક(ભૂતલ પર રહેલ ભક્ત)ના જન્મની (શ્લોક ૩૦માં) પ્રાર્થના કરીને, અને તેઓના (ભૂતલ પર રહેલ ભક્તના) ભાગ્યનું (શ્લોક ૩૧-૩૨માં) અભિનંદન કરીને ભગવાનની સ્તુતિ કરી. હવે આધ્યાત્મિકરૂપ પોતાનું જ અભિનંદન કરીને (ભગવાનની) સ્તુતિ નીચેના શ્લોકમાં કરે છે:

**એષાં તુ ભાગ્યમહિમાચ્યુત તાવદાસ્તામેકાદશૈવ હિ વયં બત ભૂરિભાગાઃ ॥**
**એતદ્ધૃષીકચષકૈરસકૃત્ પિબામઃ શર્વાદયોઙ્ઘ્ર્યુદજમધ્વમૃતાસવં તે ॥૩૩॥**

હે અચ્યુત! આમના ભાગ્યના મહિમાની વાત તો રહેવા દો. પણ શંકર વિગેરે અમે અગીઆર જ ઘણા ભાગ્યવાળા છીએ કે આમની ઈન્દ્રિયો રૂપી પાત્રોથી આપના ચરણકમલના મકરંદરૂપ મધુર આસવનું વારંવાર પાન કરીએ છીએ. ૩૩.

'તુ' 'તો' શબ્દ પહેલાં કરતાં પણ (ગોકુલવાસીઓના) ભાગ્યનું અધિકપણું કહેવા યોજેલો છે. આમના (ગોકુલવાસીઓના) ભાગ્યના મહિમાની વાત રહેવા દો. તેના પહેલાં આ (આ શ્લોકમાં જણાવેલ અમારા ભાગ્ય)નું જ

૧. યજ્ઞોથી અથવા પૂર્વકાંડથી જે ફલ મળવાનું તે તો ગાયો તથા સ્ત્રીઓનું દૂધ તથા ધાવણ પીને ભગવાને પોતે તેમને આપી દીધું, તેથી તેમને નકામા કર્યા.

નિરૂપણ કરીશું. આનું (અમારા ભાગ્યનું) નિરૂપણ કરવાથી એમનું (ગોકુલવાસીઓનું) ભાગ્ય તેથી (અમારા ભાગ્યથી) તેરગણું છે[1]. એમ એની મેળે જ કહેવાઈ જશે. અમે અગીઆર–(૧) દિશાઓ (૨) વાયુ (૩) સૂર્ય (૪) પ્રચેતસ્ (વરુણ) (૫) અશ્વિનીકુમાર (૬) અગ્નિ (૭) ઈન્દ્ર (૮) ઉપેન્દ્ર (૯–૧૦) બે મિત્રો–બ્રહ્મા અને મિત્ર (૧૧) ચંદ્ર, ગોકુલવાસીઓની ઈન્દ્રિયોના અધિષ્ઠાતા દેવો છીએ. કેટલાક ચાર અંતઃકરણના જૂદા જૂદા (અધિષ્ઠાતા) છે એમ કહે છે. એમ હોય ત્યારે ચૌદ અથવા તેર[2] (ઈન્દ્રિયોના અધિષ્ઠાતા) થાય છે. એ બધાને પોતામાં ગણીને 'અમે' એમ (બ્રહ્મા) કહે છે. 'બત' શબ્દ હર્ષ દર્શાવવા યોજેલો છે. મોટું ભાગ્ય છે જેઓનું તેવા (અમે છીએ). જો આ ગોકુલવાસીઓ ઉત્પન્ન થયા ન હોત તો અમારું (ઈન્દ્રિયોનું) અધિષ્ઠાતાપણું ફલરહિત જ થાત. ભાગ્યનું કારણ કહે છે કે આ (ગોકુલવાસીઓ)ની ઈન્દ્રિયોરૂપી પાત્રોથી વારંવાર (આપના) ચરણકમલના મકરંદરૂપ મધુર આસવનું શંકર એટલે મહાદેવ વિગેરે એટલે મહાદેવ સહિત અમે પાન કરીએ છીએ. આપનો ચરણ એ જ કમલ. તેમાં રહેલ મધુ એટલે મકરંદ, એ જ મધુર આસવ એટલે દેહ વિગેરેનું વિસ્મરણ કરાવનાર મીઠું પીણું છે. રોમાંચ અને પરસેવો એ દશમાનું (એટલે ઈન્દ્રિયોના અધિષ્ઠાતા દશમા દેવ મિત્રનું) કાર્ય છે. બીજા (દેવોનો) ઉપયોગ સ્પષ્ટ જ છે. બાલકકન્યા વિગેરે ઉત્પન્ન કરી, તે દ્વારા પુરુષોના (ઈન્દ્રિયના અધિષ્ઠાતા દેવનો) પણ (ઉપયોગ થાય છે.) અથવા બે મિત્રોને મૂકી દઈ[3] બાકીના શંકર વિગેરે અગીઆર જ ઈન્દ્રિયોના અધિષ્ઠાતા દેવો ભાગ્યવાળા છે. ૩૩.

એ પ્રમાણે ગોકુલવાસીઓના ભાગ્યનું અભિનંદન કરીને, વૃંદાવન

---

૧. ગોકુલવાસીને તેરે ઈન્દ્રિયોથી આપના ચરણકમલના મકરંદનો અનુભવ થાય છે, ત્યારે અમો દરેક એક એક ઈન્દ્રિયના અધિષ્ઠાતા હોઈ એક ઈન્દ્રિયથી જ તેનો અનુભવ કરીએ છીએ. તેથી તેમનું ભાગ્ય અમારા દરેક કરતાં તેરગણું છે.

૨. ઉપર અગીઆર ઈન્દ્રિયોના અધિષ્ઠાતા દેવો કહ્યા. તે અનુક્રમે નીચે જણાવેલ ઈન્દ્રિયોના અધિષ્ઠાતા છે. (૧) કાન (૨) ચામડી (૩) આંખ (૪) જીભ (૫) નાસિકા (૬) વાણી (૭) હસ્ત (૮) પાદ (પગ) (૯) ઉપસ્થ (૧૦) પાયુ અને (૧૧) મન. આ પૈકી પહેલી પાંચ જ્ઞાનેન્દ્રિય છે, છ થી દશ સુધીની કર્મેન્દ્રિય છે. મનના (અંતઃકરણના) ચાર પ્રકાર કેટલાક કહે છે. (૧) મન (૨) બુદ્ધિ (૩) ચિત્ત અને (૪) અહંકાર. તે પૈકી મન પહેલા અગીઆરમાં આવી ગએલ છે. બાકીના ત્રણના ત્રણ અધિષ્ઠાતા ઉમેરીએ તો ચૌદ થાય. પણ બુદ્ધિના અધિષ્ઠાતા પણ બ્રહ્મા છે તે પ્રજાપતિ તરીકે ઉપસ્થના પણ અધિષ્ઠાતા ગણાઈ ગયા છે, તેથી તેર થાય છે. તેથી 'ચૌદ અથવા તેર' એમ કહેલ છે.

૩. ઉપર નોટ ૨માં તેર જણાવ્યા તેમાંથી બે મિત્રોને મૂકી દેતા અહંકારના અધિષ્ઠાતા શંકર વિગેરે અગીઆર જ રહે છે.

અથવા બૃહદ્વન વિગેરેમાં પણ જે વૃક્ષ વિગેરે, લતા, ઝાડી વિગેરે અથવા કીડાઓ વિગેરે જન્મેલ છે તેઓના ભાગ્યનું પણ નીચેના શ્લોકમાં અભિનંદન કરે છે:

**તદ્ ભૂરિભાગ્યમિહ જન્મ કિમપ્યટવ્યાં યદ્ ગોકુલેઽપિ કતમાંઘ્રિરજોભિષેકમ્ ।।**
**યજ્જીવિતં તુ નિખિલં ભગવાનનંતસ્ત્વદ્યાપિ યત્પદરજઃ શ્રુતિમૃગ્યમેવ ।।૩૪।।**

અહિં જંગલમાં અથવા ગોકુલમાં હરકોઈ જન્મ થાય તે ઘણાં ભાગ્યવાળો છે; કારણ કે (તેમાં) હરકોઈ (ગોકુલવાસી)ના ચરણની રજનો અભિષેક થાય છે કે જે (ગોકુલવાસી)નું સર્વ જીવન અનંત ભગવાન્ છે, જેમના ચરણની રજ હજી સુધી પણ શ્રુતિઓએ શોધવા યોગ્ય જ છે. ૩૪.

અહિં વૃંદાવનમાં અથવા ગોકુલમાં હરકોઈ એટલે નજીવો પણ જન્મ થાય તે જ જન્મ ઘણા ભાગ્યવાળો એટલે વિશેષ ભાગ્યવાળો છે; તેનું કારણ કે 'કતમસ્ય' એટલે પરબ્રહ્મના ચરણની રજોનો અભિષેક તે (જન્મ)માં થાય છે; અથવા 'કતમસ્ય' એટલે હરકોઈ ગોકુલવાસીના (ચરણની રજોનો અભિષેક તેમાં થાય છે). જે ગોકુલવાસીઓ ઉત્પન્ન થએલા છે તેમનું સર્વ પણ જીવન, સ્વાર્થ માટેનું અથવા પરાર્થ માટેનું, આ લોક માટેનું અથવા પરલોક માટેનું બધુંય ભગવાન અનંત છે. 'અનંત' પદથી (એમ જણાવ્યું છે કે) બ્રહ્મવાદનો પ્રકાર અહિં લાગુ પડતો નથી; પરંતુ વિશેષ પ્રકારથી રજોનું માહાત્મ્ય કહે છે, કે હજી સુધી પણ જે ભગવાનના ચરણની રજ શ્રુતિઓએ પણ શોધવા યોગ્ય જ છે; કારણ કે શ્રુતિઓ ભગવાનના ચરણને શોધવામાં તત્પર રહે છે, અને બ્રહ્મ ભગવાનનું ચરણ છે એમ જાણીને 'બ્રહ્મ પાછલો ભાગ અને ધામ (રહેઠાણ) છે' 'તે વિષ્ણુનું પરમ પદ' વિગેરે વાક્યોથી બ્રહ્મની પ્રશંસા કરે છે, પરંતુ જો તેમને (ભગવાનના ચરણની) રજની પ્રાપ્તિ થાય તો તેથી તેઓ કૃતાર્થ થઈ જવાથી, પછી પ્રયોજન નહિ રહેવાથી (બ્રહ્મનો) બોધ કરે નહિ. ૩૪.

'તે (ગોકુલવાસી)ઓનું ફલ આ (ભગવાનના ચરણની રજ) જ ન હોય, કારણ કે (તેઓ) સેવા કરે છે. તેથી તેઓના ફલનું અભિનંદન કેમ કરતા નથી ?' એવી શંકા થાય, તેથી (તેમને જે મળવાનું છે) તે ફલ (હું) જાણતો જ નથી, એમ નીચેના શ્લોકમાં કહે છે:

**એષાં ઘોષનિવાસિનામુત ભવાન્ કિં દેવ રાતેતિ**
**નશ્ચેતો વિશ્વફલાત્ ફલં ત્વદપરં કુત્રાપ્યયન્ મુહ્યતિ ।।**
**સદ્વેષાદિવ પૂતનાઽપિ સકુલા ત્વામેવ દેવાપિતા**
**યે ધામાર્થસુહૃત્પ્રિયાત્મતનયપ્રાણાશયાસ્ત્વત્કૃતે ।।૩૫।।**

હે દેવ! આ નેસડામાં રહેનારાઓને આપ શું (ફલ) આપશો એમ (વિચારતાં), અમારું ચિત્ત ગમે ત્યાં જાય છતાં વિશ્વના ફલરૂપ આપથી બીજું

(અધિક) ફલ (ન જોવાથી) મોહ પામે છે. હે દેવ ! સત્સ્ત્રીના વેશને લીધે પૂતનાને પણ (તેના) કુલસહિત (આપે) આપની જ પ્રાપ્તિ કરાવી (તો પછી) જેઓનાં ઘર, ધન, મિત્રો, પ્રિય પદાર્થો, દેહ, પુત્રો, ઈન્દ્રિયો અને અંતઃકરણ આપને જ માટે છે (તેમને શું ફલ આપશો ?) ૩૫.

હે દેવ ! આ નેસડામાં રહેનારાઓને એમની સેવાથી મળી શકે તેવું, તેમને યોગ્ય શું ફલ આપ આપશો ? એમ (વિચારતાં) અમારું ચિત્ત આખા બ્રહ્માંડમાં ગમે ત્યાં જાય તો પણ આપથી બીજું (અધિક) ફલ (ન જોવાથી) મોહ પામે છે, કારણ કે આપ જ વિશ્વના જ ફલરૂપ પરમાનંદ છો. આપથી બીજું ફલ કેવી રીતે હોઈ શકે ?

'ત્યારે તેઓને હું મને પોતાને જ આપીશ' એવી શંકા થાય, તેથી (આ શ્લોકનું) ત્રીજું ચરણ કહેલું છે. સત્સ્ત્રી યશોદાના વેષને લીધે, યશોદાનો વેષ લઈને અથવા યશોદાનો વેષ લીધો હતો તે કારણથી પુતનાને (તેના) કુલસહિત એટલા તેના ભાઈઓ[1] સહિત પણ આપની જ પ્રાપ્તિ કરાવેલી, એટલે આપે જ આપની પ્રાપ્તિ કરાવેલી.

'હે દેવ !' એ સંબોધન (ભગવાન્) પૂજ્ય છે, એમ જણાવવા કરેલું છે. (તો પછી) જેઓએ આપને માટે જ 'ધામ' ઘર, 'અર્થઃ' ધન, મિત્રો, જે પદાર્થોમાં પોતાની પ્રીતિ છે તેવા પદાર્થો, 'આત્મા' દેહ, પુત્રો, 'પ્રાણઃ' ઈન્દ્રિયો અને 'આશયઃ' અંતઃકરણ આ સર્વ માત્ર આપને જ માટે રાખેલ છે (તેઓને આપ શું ફલ આપશો) ? ૩૫.

'આ (વ્રજવાસીઓ)ના સંસ્કારને (તેઓના) જીવતાં જ દૂર કરવાનો છે. પૂતનાને તો (મેં) મારી નાખી હતી તેથી (આપને) સંસારમાંથી નિવૃત્તિ (જીવતાં મોક્ષ) આપીશ' એવી શંકા થાય, તેથી નીચેનો શ્લોક કહે છેઃ

**તાવદ્ રાગાદયઃ સ્તેનાસ્તાવત્ કારાગૃહં ગૃહમ્ ।।**
**તાવન્ મોહોઽઙ્ઘ્રિનિગડો યાવત્ કૃષ્ણ ન તે જનાઃ ।।૩૬।।**

હે કૃષ્ણ ! જ્યાં સુધી (જીવો) આપના (સેવકો) થતા નથી ત્યાં સુધી રાગ વિગેરે ચોર થાય છે. ત્યાં સુધી ઘર કેદખાનું થાય છે અને ત્યાં સુધી મોહ પગની બેડી થાય છે. ૩૬.

હે કૃષ્ણ ! જ્યાં સુધી (જીવો) આપના સેવકો થતા નથી ત્યાં સુધી જ ઘર વિગેરેમાં રાગ (પ્રેમ) વિગેરે ચોર એટલે વિવેક, ધૈર્ય વિગેરેને હરનારા હોય છે, ત્યાં સુધી જ ઘર પણ કેદખાનું અથવા બંધનનું સ્થાન રહે છે, અને ત્યાં સુધી જ પુત્ર વિગેરેમાં મોહ પગની બેડીરૂપ હોય છે. (આપના સેવક થાય ત્યારે) આપના

૧. બકાસુર અને અઘાસુર પૂતનાના ભાઈઓ હતા.

સેવકોને તો સાત્ત્વિક વિગેરે[1] આ ત્રણે પણ સેવામાં ઉપયોગી હોવાથી શાસ્ત્ર કરતાં પણ વધારે ઈચ્છવા યોગ્ય જ છે. ૩૬.

'આ બધું (ઉપર કહ્યું તે સર્વ) (ભગવાનના) સાક્ષાત્ સ્વરૂપમાં ઘટે છે, પરંતુ કૃત્રિમ (સ્વરૂપ)માં ઘટતું નથી' એવી શંકા થાય, તેથી નીચેનો શ્લોક કહે છેઃ

**પ્રપઞ્ચં નિષ્પ્રપઞ્ચોऽપિ વિડમ્બયસિ ભૂતલે ।।**
**પ્રપન્નજનતાનન્દસન્દોહં પ્રથિતું પ્રભો ।।૩૭।।**

હે પ્રભો ! શરણે આવેલ જનોના આનંદના સમૂહને વિસ્તારવા, આપ પ્રપંચરહિત હોવા છતાં ભૂતલ ઉપર પ્રપંચનું અનુકરણ કરો છો. ૩૭.

આપ પ્રપંચરહિત હોવા છતાં પણ પ્રપંચનું અનુકરણ કરો છો એટલે પ્રપંચવાળી હોય તેવી ચેષ્ટા કરો છો તેનું કારણ (એ છે કે), શરણે આવેલા જે જનો છે તેઓના આનંદના સંદોહ અથવા સમૂહને વિસ્તારવા એટલે વધારવા (આપ તે પ્રમાણે કરો છો).

'વિપરીત (કૃત્રિમ, ખોટા) રૂપથી તે (શરણે આવેલાનો આનંદ) કેમ વધશે ? એવી શંકા થાય, તેથી 'હે પ્રભો !' એવું સંબોધન કરેલું છે. (આપ) સર્વ (હરકોઈ) પ્રકારથી પણ સર્વ કરવા સમર્થ છો. (તેથી પ્રપંચનું અનુકરણ કરીને પણ તેઓના આનંદને વધારો છો). ૩૭.

'' 'જ્ઞાનથી પણ આનંદ વધારવાનું સંભવે છે', તો પછી આવી રીતે (ભગવાન્) પ્રપંચનું અનુકરણ કેમ કરે છે ?'' એવી શંકા થાય, તેથી નીચેનો શ્લોક કહે છેઃ

**જાનન્ત એવ જાનન્તુ કિં બહૂક્ત્યા ન મે પ્રભો ।।**
**મનસો વપુષો વાચો વૈભવં તવ ગોચરઃ ।।૩૮।।**

જાણતા હોય તેઓ જ ભલે જાણો. બહુ કહેવાથી શું ? હે પ્રભો ! મારાં મન દેહ અને વાણીથી આપનો વૈભવ જાણી શકાય તેવો નથી. ૩૮.

જેઓ જાણનારા છે તેઓ જ ભલે જાણો. વાસ્તવિક રીતે તો જ્ઞાન સ્વપ્નમાંથી જગાડવારૂપ છે. તેથી (સ્વપ્નમાં પડેલા હોવાથી) તેઓ (અમે ભગવાનના વૈભવને જાણીએ છીએ એમ માનનારા ભ્રાંત જ છે.

'એમ હોય તો તેઓના મતના દોષો જણાવવા જોઈએ' એવી શંકા થાય, તેથી કહે છે કે બહુ કહેવાથી શું પ્રયોજન (સરવાનું ?) થોડું (વચન)થી જ (તેમના મતનો) દોષ કહું છું; કારણ કે હું વેદગર્ભ છું (મારી અંદર વેદો રહેલા છે), તેનાથી (તો) કોઈ પણ મોટો (વધારે જ્ઞાનવાળો) નથી. મારાં તો મન, દેહ અને વાણીથી પણ (આપનો) વૈભવ ગોચર એટલે જાણી શકાય તેવો નથી. (મારા) દેહની

૧. (૧) રાગ વિગેરે સાત્ત્વિક છે, (૨) ઘર રાજસ છે અને (૩) મોહ તામસ છે.

કૃતિથી તેની (આપના વૈભવની) હદ બાંધી શકાય તેમ નથી. તે (બ્રહ્મા) બધું બનાવે છે તે પ્રમાણે ભગવાનના વૈભવને પણ બનાવીને દેખાડશે, એવી શંકાથી (એ પ્રમાણે) કહેલું છે. (ભગવાનનો વૈભવ) વાણીનો વિષય થતો નથી જ, તેમજ મનનો પણ (વિષય થતો નથી.) ૩૮.

એ પ્રમાણે સ્તુતિ કરીને નીચેના શ્લોકમાં બાલકોને લઈ આવવા માટે જવાની પ્રાર્થના કરે છેઃ

**અનુજાનીહિ માં કૃષ્ણ સર્વં ત્વં વેત્સિ સર્વવિત્ ।।**
**ત્વમેવ જગતાં નાથો જગવેતત્તવાર્પિતમ્ ।।૩૯।।**

હે કૃષ્ણ ! મને જવાની રજા આપો. આપ સર્વ જાણો છો કારણ કે (આપ) સર્વજ્ઞ છો. આપ જ જગતના નાથ છો. આ આપનું જગત્ (આપે મને) સોંપેલું છે. ૩૯.

(મને) જવાની રજા આપો. 'હે કૃષ્ણ !' એવું સંબોધન પોતાનો (શ્રીકૃષ્ણમાં) પ્રેમ જણાવવા કરેલું છે. (મને બાલકો લઈ આવવા) મોકલો, અથવા (મારો) અપરાધ નથી એ વિષયમાં મારે કાંઈ કહેવા જેવું નથી, કારણ કે આપ જ સર્વ જાણો છો કેમકે આપ સર્વજ્ઞ છો. હું ત્યાં (બાલકો લાવવા બ્રહ્મલોકમાં) જઈ સ્વતંત્રપણે વર્તીશ, એવી શંકા કરવા યોગ્ય નથી, કારણ કે આપ જ જગતના નાથ છો. તેથી (આપે મને સોંપેલ જગતનો) અધિકાર સચવાય તે માટે મને મોકલો, કારણ કે આ જગત્ આપનું જ છે, અને આપે જ મને તે સોંપેલું છે. (મારી સત્તામાં મૂકેલું છે). તેથી (આપ મને) મોકલો તે યોગ્ય જ છે. ૩૯.

જતાં (જતાં) (બ્રહ્મા શ્રીકૃષ્ણને) નીચેના શ્લોકથી નમસ્કાર કરે છેઃ

**શ્રીકૃષ્ણ વૃષ્ણિકુલપુષ્કરજોષદાયિન્ ક્ષ્માનિર્જરદ્વિજપશૂદધિવૃદ્ધિકારિન્ ।।**
**ઉદ્ધર્મશાર્વરહર ક્ષિતિરાક્ષસધ્રુગાકલ્પમાર્કમર્હન્ ભગવન્ નમસ્તે ।।૪૦।।**

હે શ્રીકૃષ્ણ ! યાદવકુલરૂપી કમલનો વિકાસ કરનાર ! પૃથ્વી, દેવો, બ્રાહ્મણો અને પશુઓરૂપી સમુદ્રની વૃદ્ધિ કરનાર ! પાષંડધર્મરૂપી અંધકારનું નિવારણ કરનાર ! પૃથ્વી પરના રાક્ષસોનો દ્રોહ કરનાર ! સૂર્યસહિત સર્વથી પૂજાવા યોગ્ય ! ભગવન્ ! કલ્પ સુધી આપને નમસ્કાર હો. ૪૦.

વૃષ્ણિ એટલે યાદવો, તેઓનું કુલ એ જ કમલ, તેનો 'જોષઃ' વિકાસ, તેને કરનાર; એમ કહી (આપ) સૂર્યરૂપ છો એમ કહેલું છે. 'ક્ષ્મા' પૃથ્વી, 'નિર્જરાઃ' દેવો, બ્રાહ્મણો અને પશુઓ, તેઓ જ સમુદ્ર. તેની વૃદ્ધિ કરનાર; એમ કહી (આપ) ચંદ્રરૂપ છો (એમ કહેલ છે). 'ઉદ્ધર્મઃ' પાષંડધર્મ એ જ અંધકાર, તેનું નિવારણ કરનાર; એમ કહી (આપ) અગ્નિરૂપ છો (એમ કહેલ છે). પૃથ્વી પરના રાક્ષસોનો દ્રોહ કરનાર ! પૃથ્વી ઉપર ઉત્પન્ન થએલા જે રાક્ષસો છે તેઓનો આપ

દ્રોહ કરો છો; એમ અવતારનું પ્રયોજન કહેલું છે. કલ્પ સુધી આપને નમસ્કાર હો. સૂર્ય સહિત સર્વને પૂજવા યોગ્ય! સૂર્યનો (પણ) સમાવેશ કરીને સૂર્ય સહિત સર્વથી (આપ) પૂજવા યોગ્ય છો એમ કહી, (બ્રહ્મા) પોતે પણ નમસ્કાર કરે છે તેનું કારણ (જણાવેલું છે) ૪૦.

એ પ્રમાણે સ્તુતિ કરીને (બ્રહ્મા) ગયા, એમ (શ્રીશુક) કહે છેઃ

શ્રીશુક કહે છેઃ

**ઈત્યભિષ્ટૂય ભૂમાનં ત્રિઃ પરિક્રમ્ય પાદયોઃ ।।**
**નત્વાऽભીષ્ટં જગદ્ધાતા સ્વધામ પ્રત્યપદ્યત ।।૪૧।।**

એ પ્રમાણે વ્યાપક(ભગવાન)ની સ્તુતિ કરી, ત્રણવાર (તેમની) પરિક્રમા કરી, ચરણોમાં નમન કરી, જગત્ રચનાર પોતાના ઈચ્છેલા સ્થાને ગયા. ૪૧.

વ્યાપક એટલે જેમણે પહેલાં પોતાને અનંત કોટિ બ્રહ્માંડરૂપે દર્શન આપેલ, તેમની ત્રણવાર પરિક્રમા કરી, ફરી (તેમના) ચરણોમાં નમન કરી, 'અભિતઃ' સર્વ તરફથી 'ઈષ્ટમ્' ઈષ્ટ એવા ભગવાનને (નમન કરી), અથવા 'અભીષ્ટમ્' એટલે પોતે ઈચ્છેલા પોતાના સ્થાન તરફ (બ્રહ્મા) ઉપડ્યા એટલે પોતાના સ્થાને ગયા. ૪૧.

પછી ભગવાને શું કર્યું તે નીચેના શ્લોકમાં કહે છેઃ

**તતોऽનુજ્ઞાપ્ય ભગવાન્ સ્વભુવં પ્રાગવસ્થિતાન્ ।।**
**વત્સાન્ પુલિનમાનિન્યે યથાપુર્વસખં સ્વકમ્ ।।૪૨।।**

પછી બ્રહ્માને (જવાની) રજા આપીને, પહેલાંની પેઠે જ્યાં મિત્રો બેઠેલા હતા તેવા પોતાના કિનારે પહેલાંની પેઠે રહેલાં વાછરડાંઓને ભગવાન્ લઈ આવ્યા. ૪૨.

બ્રહ્મા પોતાને ઘેર જઈ બાલકો અને વાછરડાંઓને લઈ આવે એટલામાં તો ભગવાન્ બ્રહ્માને જવાની રજા આપીને, પહેલાંની પેઠે રહેલાં વાછરડાંઓને કિનારે લઈ આવ્યા. (તે) કિનારો પણ પોતાનો જ (જ્યાં બેસી પોતે ભોજન કરતા હતા તે જ) હતો. જ્યાં (જે કિનારા ઉપર) પહેલાં બાલકો હતા; અને તે પણ જ્યાં પહેલાંની પેઠે બાલકો બેઠેલા હતા તેવો હતો. પહેલાંની પેઠે મિત્રો જ્યાં બેઠેલા છે (તેવો કિનારો હતો). પહેલાં પહેલાંની પેઠે બાલકોને કિનારા ઉપર બેસાડીને, પછી વાછરડાં લઈ આવવા ગયા હોય તેવી રીતે, વાછરડાંને કિનારે લઈ આવ્યા. ૪૨.

'ભગવાન વાછરડાંને લઈ આવ્યા ત્યારે બાલકોએ ત્યાં કિનારે પધારતા ભગવાનને કેવી રીતે ઓળખ્યા' એ જાણવાની ઈચ્છા થાય, તેથી કહે છેઃ

**એકસ્મિન્નપિ યાતેऽબ્દે પ્રાણેશં ચાન્તરાત્મનઃ ।।**
**કૃષ્ણમાયાહતા રાજન્ ક્ષણાર્ધં મેનિરેऽર્ભકાઃ ।।૪૩।।**

હે રાજન્! પોતાના પ્રાણેશ વિના એક વર્ષ વીતી ગયું હોવા છતાં, શ્રીકૃષ્ણની માયાથી ઘેરાએલા બાલકોએ (તેને) અર્ધી ક્ષણ માની. ૪૩.

એક વર્ષ વીતી ગયું હોવા છતાં, પોતાના પ્રાણેશ એટલે ભગવાન્ વિના, જ્યારે થોડો પણ સમય બહુ લાંબો થઈ પડવો જોઈએ ત્યારે એટલા (બધા) સમયને પણ શ્રીકૃષ્ણની માયાથી ઘેરાએલા (પરંતુ) બ્રહ્માની માયાથી ઘેરાએલા નહિ, તેવા બાલકોએ (તેને) અર્ધી ક્ષણ જ માની. ૪૩.

'એટલા (બધા) કાલનું વિસ્મરણ (તેમને) કેમ થયું ?' એવી શંકા થાય, તેથી નીચેનો શ્લોક કહે છેઃ

**કિં કિં ન વિસ્મરન્તીહ માયામોહિતચેતસઃ ।।**
**યન્ મોહિતં જગત્ સર્વમભીક્ષ્ણં વિસ્મૃતાત્મકમ્ ।।૪૪।।**

માયાથી ઘેરાએલા ચિત્તવાળા અહિં શું શું ભૂલતા નથી ? કારણ કે આખું જગત્ મોહ પામી સદા પોતાને જ ભૂલી ગએલું હોય છે. ૪૪.

માયાથી ઘેરાએલા ચિત્તવાળા શું શું ભૂલતા નથી ? 'યત્' કારણ કે, આખુંએ જગત્ મોહ પામેલું થઈ, 'અભીક્ષ્ણં' સદાએ, વિસ્મરેલ છે 'આત્મા' પોતાને જેણે, તેવું હોય છે. ૪૪.

**ઉચુશ્ચ સુહૃદં[1] કૃષ્ણં સ્વાગતં તેઽતિરંહસા ।।**
**નૈકોપ્યભોજિ કવલ એહીતઃ સાધુ ભુજ્યતામ્ ।।૪૫।।**

બાલકોએ મિત્ર શ્રીકૃષ્ણને કહ્યું :-'આપ ઘણી ઝડપથી પધાર્યા. (અમે) એક પણ કૉળીઓ ખાધો નથી. અહિં આવો. સારી રીતે ભોજન કરો'.૪૫.

તેથી જ (તેઓએ) પોતાના મિત્ર શ્રીકૃષ્ણને કહ્યું કે 'આપ ઘણી ઝડપથી પધાર્યા છો'. તેના કારણ તરીકે કહ્યું કે '(અમે) એક પણ કૉળીઓ ખાધો નથી.' આથી (તેઓને) ભગવાન્ ઉપર પ્રેમ હતો એમ સૂચવેલું છે. તેથી જ '(આપ) આવો, એટલે અમારી વચ્ચે પહેલાંની પેઠે રહો. 'સારી રીતે ભોજન કરો'. ૪૫.

પછી ભગવાને (તેમણે કહ્યું) તેમજ કર્યું, એમ નીચેના શ્લોકમાં કહે છેઃ

**તતો હસન્ હૃષીકેશોઽભ્યવહૃત્ય સહાર્ભકૈઃ ।।**
**દર્શયંશ્ચર્માજગરં ન્યવર્તત વનાદ્ વ્રજમ્ ।।૪૬।।**

પછી હસતાં શ્રીકૃષ્ણ બાલકો સાથે ભોજન કરીને, (તેમને) અજગરનું ચામડું દેખાડતાં, વનમાંથી વ્રજમાં પધાર્યા. ૪૬.

બાલકો સાથે ભોજન કરીને, અઘાસુરનું ચામડું (તેમને) દેખાડતાં, (ભગવાન્) વનમાંથી વ્રજમાં પધાર્યા. ૪૬.

---

૧. આ પાઠ શ્રીસુબોધિનીને ઈષ્ટ હોય તેમ જણાય છે, તેથી એ પ્રમાણે ભાષાંતર કરેલ છે. પાઠભેદ. સુહૃદઃ ।

(વ્રજમાં) પધારતા ભગવાનનું નીચેના શ્લોકમાં વર્ણન કરે છેઃ

**બર્હપ્રસૂનવનધાતુવિચિત્રિતાઙ્ગઃ પ્રોદ્દામવેણુદલશૃઙ્ગરવોત્સવાઢ્યઃ ।।**
**વત્સાન્ ગૃણન્નનુગગીતપવિત્રકીર્તિર્ગોપીદગુત્સવદશિઃ પ્રવિવેશ ગોષ્ઠમ્ ।।૪૭।।**

મોરનાં પીછાં, પુષ્પો અને વનની ધાતુઓથી શણગારેલ અંગોવાળા; દામણું તથા વાંસળી, પાંદડું (પપીડું) શીંગડીના અવાજથી થતા આનંદવાળા, વાછરડાંઓને ડચકારતા, સેવકોથી ગવાએલ પવિત્ર કીર્તિવાળા, ગોપીઓનાં ચક્ષુઓના આનંદરૂપ દષ્ટિવાળા (ભગવાને) નેસડામાં પ્રવેશ કર્યો.૪૭.

'પ્રોદ્દામ' ગાયોને દોહતી વખતે બાંધવાનું દોરડું અથવા તેથી મોટું દોરડું. વાછરડાંઓને 'ગૃણન્' ઉચ્ચારતા એટલે ડચકારતા (શબ્દ કરી આગળ ચલાવતા) સેવકો એટલે બાલકોથી ગવાએલી છે પવિત્ર કીર્તિ જેમની તેવા. ગોપીઓનાં ચક્ષુઓના 'ઉત્સવરૂપા' આનંદરૂપ દષ્ટિ છે જેમની, તેવા (ભગવાને નેસડામાં પ્રવેશ કર્યો). ૪૭.

પછી બાલકોએ અઘાસુરના વધની વાત વ્રજમાં કહી, એમ કહે છેઃ

**અદ્યાનેન મહાવ્યાલો યશોદાનન્દસૂનુના ।।**
**હતોઽવિતા વયં ચાસ્માદિતિ બાલા વ્રજે જગુઃ ।।૪૮।।**

'આજે આ યશોદાનંદના પુત્રે મોટા સર્પને માર્યો અને એનાથી અમારું રક્ષણ કર્યું' એમ બાલકોએ વ્રજમાં કહ્યું. ૪૮.

કેટલાક બાલકોએ 'યશોદાપુત્રે સર્પને માર્યો' એમ કહ્યું. બીજાઓએ 'નંદપુત્રે સર્પને માર્યો' એમ કહ્યું; અને 'એ સર્પથી અમારું રક્ષણ કર્યું' એમ સર્વેએ કહ્યું.

એ પ્રમાણે ભ્રાંત માણસોના મોહને દૂર કરવા સર્વ સિદ્ધાંતનું સ્થાપન કરી, સ્નેહ કોનામાં રહેલો હોય છે તેનું વિવેચન કરવા જૂદા પ્રકરણનો આરંભ કરે છે. સ્નેહ પોતાના આત્મામાં રહેલો હોય છે (સર્વને પોતાનો આત્મા પ્રિય હોય છે). તે આત્મા ભગવાન્ કે જીવ ? કુદરતી સ્નેહ (૧) ભગવાનમાં હોય છે, અને જીવને ભગવાનનો સંબંધ હોવાથી એટલે જીવ ભગવાનનો અંશ હોવાથી (એવો સ્નેહ) જીવમાં રહેલો છે અથવા (૨) તે કુદરતી સ્નેહ જીવમાં જ રહેલો હોય છે? તેમ હોય (જીવમાં જ કુદરતી સ્નેહ રહેલ હોય) તો ભગવાનમાં (વ્રજવાસીઓનો) સ્નેહ કેવી રીતે રહેલ, એવો સંશય રાજા નીચેના શ્લોકમાં દર્શાવે છેઃ

રાજા કહે છેઃ

**બ્રહ્મન્ પરોદ્ભવે કૃષ્ણે ઈયાન્ પ્રેમા કથં ભવેત્ ।।**
**યોઽભૂતપૂર્વઃ સ્તોકેષુ સ્વોદ્ભવેષ્વપિ કથ્યતામ્ ।।૪૯।।**

હે બ્રહ્મન્! જે પ્રેમ પહેલાં પોતાથી ઉત્પન્ન થએલ બાલકો ઉપર પણ

થયો ન હતો તેવો આટલો (બધો) પ્રેમ બીજાથી ઉત્પન્ન થએલ શ્રીકૃષ્ણ ઉપર (વ્રજવાસીઓને) કેમ થયો ? (તે) કહો. ૪૯.

જીવનો દેહ સાથે સંબંધ થાય છે, અને પછી પુત્ર વિગેરે સાથે સંબંધ થાય છે. તેથી પ્રથમ નંદ સાથે સંબંધ થાય અને પછી નંદના પુત્ર સાથે સંબંધ થાય એવો ક્રમ છે (હોવો જોઈએ). બીજાથી ઉત્પન્ન થએલ ઉપર પોતાના પ્રાણો કરતાં પણ જે અધિક પ્રેમ (થયો) તે કેમ થાય ? જે પ્રેમ પોતાથી ઉત્પન્ન થએલ પુત્રો ઉપર પણ પહેલાં થએલ ન હતો (તેવો પ્રેમ બીજાથી ઉત્પન્ન થએલ ઉપર કેમ થાય ?) તેથી આ વિષયમાં સિદ્ધાંત (શું છે તે) કહો. ૪૯.

તે વિષયમાં ભગવાનમાં સ્નેહ રહેલો છે એમ નવ શ્લોકોથી સિદ્ધ કરે છેઃ

શ્રીશુક કહે છેઃ

**સર્વેષામપિ ભૂતાનાં નૃપ સ્વાત્મૈવ વલ્લભઃ ।।**
**ઈતરેઽપત્યવિત્તાદ્યાસ્તદ્વલ્લભતયૈવ હિ ।।૫૦।।**

હે નૃપ ! બધાએ પ્રાણીઓને પોતાનો દેહ જ પ્રિય હોય છે, કારણ કે સંતાન, ધન વિગેરે બીજા (પદાર્થો) તે (દેહ) પ્રિય હોવાથી જ પ્રિય હોય છે. ૫૦.

લોકમાં ખરેખર સર્વના પ્રેમનો વિષય પોતાનો 'આત્મા' દેહ જ હોય છે. (સર્વને પોતાના દેહ ઉપર જ પ્રેમ હોય છે). સંતાન, ધન વિગેરે બીજા (પદાર્થો) તે દેહ પ્રિય હોવાથી જ (પ્રિય હોય છે.) આ વૃત્તાંત (આમ હોવું) યોગ્ય જ છે, (કારણ કે) તેમ ન હોય તો પારકાના બાલક ઉપર અથવા પારકાના (બીજાના) દેહ ઉપર સ્નેહ થાય (પરંતુ તેમ થતું નથી). ૫૦.

તેમાં પણ (સ્નેહમાં) ભેદ છે, એમ નીચેના શ્લોકમાં કહે છેઃ

**તદ્ રાજેન્દ્ર યથા સ્નેહઃ સ્વસ્વકાત્મનિ દેહિનામ્ ।।**
**ન તથા મમતાલમ્બિપુત્રવિત્તગૃહાદિષુ ।।૫૧।।**

તેથી હે રાજેન્દ્ર ! દેહીઓને જેવો સ્નેહ પોતપોતાના દેહ ઉપર હોય છે તેવો સ્નેહ મમતાના વિષયરૂપ પુત્ર, ધન, ઘર વિગેરે પર હોતો નથી. ૫૧.

દેહનું જેઓને અભિમાન છે તેઓને પોતપોતાનો દેહ અભિમાનનો વિષય[1] હોવાથી, તેના ઉપર જેવો સ્નેહ હોય છે તેવો સ્નેહ પુત્ર, ધન વિગેરે જે મમતાના[1] વિષયો છે તેમના ઉપર હોતો નથી. ૫૧.

'અહિં દેહ અથવા આત્મા, (એ બેમાંથી) કોને કુદરતી રીતે પ્રિય

---

૧-૧. જે 'હું' (અહં) છું, તેમાં અહંતા રહેલી છે, તેથી દેહને આત્મા માનનારાઓની દેહમાં 'અહંતા' છે; અને પુત્ર, ધન વિગેરે જે મારા ('મમ') છે એમ તે માને છે, તેની તેઓમાં મમતા રહેલી છે. મમતાના વિષયો પુત્ર, ધન વિગેરે કરતાં અહંતાના વિષય દેહ ઉપર વધારે પ્રેમ હોય તે યોગ્ય જ છે, કારણ કે પ્રથમ 'હું' અને પછી 'મારાં'.

જણાવેલ છે ? આત્માને (કુદરતી રીતે પ્રિય જણાવેલ) હોય તો કોઈ પણ પામર પુરુષ દેહથી જૂદો તેને (આત્માને) જાણતો નથી, તેથી (આત્મા ઉપર પ્રેમ કેવી રીતે હોય ? દેહને (કુદરતી રીતે પ્રિય જણાવેલ) હોય તો (દેહ ઉપર પ્રેમ થવાનું) કારણ શું ?' એ જાણવાની આકાંક્ષા થાય, તેથી નીચેનો શ્લોક કહે છે:

**દેહાત્મવાદિનાં પુંસામપિ રાજન્યસત્તમ ।।**
**યથા દેહઃ પ્રિયતમસ્તથા ન હ્યનુ યે ચ તમ્ ।।૫૨।।**

હે ઉત્તમ રાજા ! દેહ એ જ આત્મા છે એમ માનનારા પુરુષોને પણ જેવો દેહ સર્વથી પ્રિય છે તેવા તેની પાછળ રહેલા પ્રિય નથી. ૫૨.

પામરોના મતમાં પણ દેહથી જૂદો આત્મા છે. છતાં (તેમના મતમાં દેહ જ આત્મા છે એવું) કબુલ રાખીને કહીએ છીએ, કે જે વાદીઓના મત પ્રમાણે દેહ એ જ આત્મા છે (તેઓના મતમાં) પણ જેવો દેહ સર્વથી પ્રિય છે તેવાં (તેની પાછળ રહેલાં) પુત્ર વિગેરે પ્રિય નથી. 'હે ઉત્તમ રાજા !'' એવું સંબોધન સ્નેહ (જણાવવા) કરેલું છે. ૫૨.

**દેહોડપિ મમતાભાક્ ચેત્ તર્હ્યસૌ નાત્મવત્ પ્રિયઃ ।।**
**યજ્જીર્યત્યપિ દેહેડસ્મિજ્જીવિતાશા બલીયસી ।।૫૩।।**

દેહ પણ જો મમતાનો વિષય હોય તો તે આત્મા પેઠે (જેટલો) પ્રિય હોતો નથી. કારણ કે આ દેહ જીર્ણ થએલ હોય ત્યારે પણ જીવવાની આશા બલવાન હોય છે. ૫૩.

પછી થોડો વિવેક (આત્મા દેહથી જૂદો છે એવું ભાન) થતાં, દેહ પણ મમતાનો વિષય થાય (દેહ 'હું' નથી, પણ 'મારો' છે એવું ભાન થાય) ત્યારે તેનો તે જ દેહ, પહેલાં જેનો અનુભવ થએલ તે દેહ જેટલો એટલે 'હું આ દેહ છું' એવું અભિમાન જે દેહમાં હતું તેના જેટલો પ્રિય રહેતો નથી. વળી 'પ્રાણ આત્મા છે' એમ માનતો હોય, તો પણ પ્રાણ જેટલો દેહ પ્રિય હોતો નથી, કારણ કે આ દેહ જ જીર્ણ થએલ હોય તો પણ, તેની જીવવાની આશા બલવાન હોય છે[૧]. ૫૩.

**તસ્માત્ પ્રિયતમઃ સ્વાત્મા સર્વેષામપિ દેહિનામ્ ।।**
**તદર્થમેવ સકલં જગદેતચ્ ચરાચરમ્ ।।૫૪।।**

તેથી બધાએ દેહીઓને પોતાનો આત્મા વધારે પ્રિય હોય છે, અને આ સ્થાવર જંગમ બધું જગત્ તેને માટે જ (પ્રિય હોય છે). ૫૪.

તેથી આત્મા (સર્વને) પ્રિય હોય છે, એ નિર્વિવાદ છે અને તેને માટે બીજુ (સર્વ) પ્રિય હોય છે[૨]. ૫૪.

૧. દેહ જીર્ણ થવાથી ભારરૂપ હોય તોપણ પ્રાણ ટકાવવાની આશા બલવાન હોય છે, એવો ભાવ જણાય છે.
૨. આત્માને ઉપયોગી હોવાથી બીજું સર્વ પ્રિય હોય છે.

**કૃષ્ણમેનમવેહિ ત્વમાત્માનમખિલાત્મનામ્ ।।**
**જગદ્ધિતાય સોઽપ્યત્ર દેહીવાભાતિ માયયા ।।૫૫।।**

આ શ્રીકૃષ્ણને તું સર્વ આત્માઓના આત્મા જાણ. જગતના હિત માટે તે પણ અહિં દેહી જેવા માયાથી ભાસે છે. ૫૫.

સર્વ આત્માઓના આ (શ્રીકૃષ્ણ) આત્મા છે. આમનામાં જ કુદરતી સ્નેહ હોય છે. ધર્મનો વિષય પણ એ જ છે (ભગવદ્‌ધર્મો પણ એમનામાં જ રહેલા છે). પછી તેનો (ભગવદ્‌ધર્મનો) અંશ બીજે તેમના (ભગવાનના) અંશો (જીવો)માં જાય છે. ભગવાનના ધર્મો જ બીજે (ભગવાનના) કાર્યમાં તથા (ભગવાનના) અંશમાં ભાસે છે, એવો આ (મત) મૈત્રેયીબ્રાહ્મણમાં (છે તે)અમે 'વાક્યના અન્વયને લીધે' એ બ્રહ્મસૂત્ર ૧।૪।૧૯થી આરંભ થતા અધિકરણમાં સ્પષ્ટ સમજાવેલ છે.

'શ્રીકૃષ્ણ સર્વના આત્મા કેવી રીતે ?' એવી શંકા થાય, તેથી ઉત્તરાર્ધ કહેલ છે. (શ્રીકૃષ્ણ) માત્ર જગતનું રક્ષણ કરવા માયાથી દેહી જેવા ભાસે છે, પણ વાસ્તવિક રીતે તો (તે) બ્રહ્મ જ છે. ૫૫.

**વસ્તુતો જાનતામત્ર કૃષ્ણં સ્થાષ્ણુ ચરિષ્ણુ ચ ।।**
**ભગવદ્રૂપમપરં નાન્યદ્વસ્ત્વિહ કિઞ્ચન ।।૫૬।।**

વાસ્તવિક રીતે શ્રીકૃષ્ણને જાણનારાઓને અહિં સ્થાવર અને જંગમ ભગવાનનું અપર રૂપ (જણાય છે). અહિં બીજી કોઈ પણ વસ્તુ નથી. ૫૬.

વળી શ્રીકૃષ્ણને જાણનારાઓને બધીએ સ્થાવર જંગમ વસ્તુ ભગવદ્રૂપ જણાય છે, જેનાથી (જે ભગવાનથી) બીજી કોઈ પણ વસ્તુ છે જ નહિ.

'ભગવાનનું એવું (સ્થાવર જંગમ વસ્તુનું) રૂપ કેમ હોઈ શકે ?' એવી શંકા થાય, તેથી 'અપર' શબ્દ યોજેલ છે. શ્રીકૃષ્ણ (ભગવાનનું) પર રૂપ છે, અને જગત્ (ભગવાનનું) અપર રૂપ છે. તેથી મહાપુરુષોના જ્ઞાન પ્રમાણે પણ શ્રીકૃષ્ણ ભગવાન્ છે. 'જે જાણવાથી આ સર્વ જણાએલું થાય છે' એ વાક્યની પણ ત્યારે જ (શ્રીકૃષ્ણ ભગવાન્ હોય તો જ) સંગતિ થાય છે. ૫૬.

વળી 'સર્વ ભગવાન્ છે' એ વિષયમાં મોટા પુરુષોનું જ્ઞાન જ પ્રમાણ નથી, પરંતુ યુક્તિ પણ પ્રમાણ છે. તેથી નીચેનો શ્લોક (યુક્તિ જણાવવા) કહે છેઃ

**સર્વેષામેવ ભાવાનાં ભાવાર્થો ભવતિ સ્થિતઃ ।।**
**તસ્યાપિ ભગવાન્ કૃષ્ણઃ કિમતદ્વસ્તુ રૂપ્યતામ્ ।।૫૭।।**

બધાએ પદાર્થોનો વાસ્તવિક અર્થ (તેમના) કારણમાં રહેલો છે અને તે(કારણ)નું પણ કારણ ભગવાન્ શ્રીકૃષ્ણ છે. તેમનાથી જૂદી વસ્તુ કઈ છે ? દેખાડો. ૫૭.

કારણથી જૂદું કાર્ય હોતું નથી, તેથી સર્વ પદાર્થોનો વાસ્તવિક અર્થ (તેમના) કારણમાં રહેલો છે. તે કારણનું પણ કારણ એટલે તત્ત્વ ભગવાન્ (શ્રીકૃષ્ણ) જ છે. 'અતદ્' ભગવાનથી જૂદી વસ્તુ કઈ છે ? (હોય તો) દેખાડો. સ્નેહ પણ જગતની પેઠે પહેલાં ઉત્પન્ન થએલો છે. તેથી તે પણ (તેનાં કારણ) ભગવાનમાં જ ઘટે. એ પ્રમાણે પ્રસંગને લીધે તે (ભગવાન્) (સ્નેહનું) કારણ છે એમ કહેલું છે. ૫૭.

ભગવાન્ સર્વપુરુષાર્થરૂપ હોવાથી તેમનામાં સ્નેહ હોય છે, એમ કહે છેઃ

**સમાશ્રિતા યે પદપલ્લવપ્લવં મહત્ પદં પુણ્યયશો મુરારેઃ ।।**
**ભવામ્બુધિર્વત્સપદં પરં પદં પદં પદં યદ્વિપદાં ન તેષામ્ ।।૫૮।।**

મુરારિનું પુણ્યયશવાળું ચરણપલ્લવરૂપી નાવ જે મહત્ પદ છે તેનો જેઓએ સારી રીતે આશ્રય કરેલો છે તેઓને સંસારરૂપી સમુદ્ર વાછરડાંનાં પગલાં જેટલો છે. પરં પદ (તેઓનું) સ્થાન છે. વિપત્તિઓનું જે સ્થાન છે તે તેઓનું હોતું નથી. ૫૮.

મુરારિનું ચરણ, જેનો પુણ્ય યશ છે, અને જે ચરણપલ્લવ જ નાવ છે, અને તે સ્વભાવથી પણ મહત્ પદ (મોટું સ્થાન) છે, તેનો જેઓએ સારી રીતે આશ્રય કરેલો છે તેઓને સંસારરૂપી સમુદ્ર વાછરડાંનાં પગલાં જેટલો છે, પરં પદ (વૈકુંઠ) તો (તેમનું) સ્થાન છે, અને જે વિપત્તિઓનું સ્થાન છે તે તેઓનું સ્થાન નથી (તેમને) વિપત્તિઓ આવતી નથી). ૫૮.

નીચેના શ્લોકથી ઉપસંહાર કરે છેઃ

**એતત્તે સર્વમાખ્યાતં યત્પૃષ્ટોઽહમિહ ત્વયા ।।**
**યત્ કૌમારે હરિકૃતં જગુઃ પૌગણ્ડકેઽર્ભકાઃ ।।૫૯।।**

હરિએ જે કૌમાર અવસ્થામાં કર્યું તે બાલકોએ પૌગંડ અવસ્થામાં કહ્યું તે સંબંધી તે અહિં મને જે પ્રશ્ન કરેલ તે સર્વ તને (મેં) કહ્યું. ૫૯.

કૌમાર અવસ્થામાં હરિએ જે કર્યું તે પૌંગડ અવસ્થામાં કહ્યું એમ (તેં જે પ્રશ્ન) અહિં (પ્રક્ષિપ્ત અધ્યાય ૧ શ્લોક ૪૧-૪૨માં) (કરેલ તે સર્વ તને કહ્યું), એટલે તે વિષયમાં જે અયોગ્યતા જણાતી હતી તેનો નિરાસ કર્યો, એવો અર્થ છે. ૫૯.

(આ પ્રક્ષિપ્ત) ત્રણ અધ્યાયોમાં શ્રવણ તથા કીર્તનનું ફલ નીચેના શ્લોકમાં કહે છે :

**એતત્ સુહૃદ્ભિશ્ચરિતં મુરારેરઘાર્દનં શાદ્વલજેમનં ચ ।।**
**વ્યક્તેતરદ્રૂપમજોર્વભિષ્ટવં શ્રૃણ્વન્ ગૃણન્નેતિ નરોઽખિલાર્થાન્ ।।૬૦।।**

આ મુરારિના મિત્રોનું ચરિત, અઘાસુરનો નાશ, અને લીલાંછમ ઘાસ

ઉપર ભોજન, (ભગવાનના) દેખાતા રૂપથી જૂદું રૂપ તથા બ્રહ્માનાં મોટાં સ્તોત્રનું શ્રવણ કરનાર તથા કીર્તન કરનાર પુરુષ સર્વ પુરુષાર્થો પ્રાપ્ત કરે છે. ૬૦.

આરંભમાં મુરારિના મિત્રો બાલકોનું ચરિત એટલે રમત, પછી અઘાસુરનો નાશ, પછી લીલાંછમ ઘાસ ઉપર 'જેમનમ્' ભોજન, 'ચ' શબ્દથી જણાવેલ વાછરડાંઓનું હરણ, દેખીતા રૂપથી જૂદું, ન દેખાય તેવું ભગવાનનું અલૌકિક રૂપ, અને બ્રહ્માનું મોટું સ્તોત્ર-આ સર્વનું શ્રવણ કરનાર અને કીર્તન કરનાર પણ સર્વ પુરુષાર્થોને પ્રાપ્ત કરે છે.

**એવં વિહારૈઃ કૌમારૈઃ કૌમારં જહતુર્વ્રજે ।।**
**નિલાયનૈઃ સેતુબન્ધૈર્મર્કટોત્પ્લવનાદિભિઃ ।।૬૧।।**

એવી રીતે છૂપા રહીને, સેતુઓ બાંધીને, માંકડાંઓ પેઠે કુદકા મારીને વિગેરે કુમાર અવસ્થાની રમતોથી તે બેએ વ્રજમાં કુમાર અવસ્થાને તજી. ૬૧. (આ શ્લોક અગીઆરમા અધ્યાયના અંતે છે તે જ છે).

**ઇતિ શ્રીમદ્વલ્લભદીક્ષિતે રચેલી શ્રીમદ્ભાગવતની સુબોધિનીમાં**
**દશમસ્કંધના વિવરણમાં**
**પ્રક્ષિપ્ત અધ્યાયો પૈકી ત્રીજા અધ્યાયનું વિવરણ સમાપ્ત.**

**પ્રક્ષિપ્ત અધ્યાય ત્રીજો સંપૂર્ણ.**

## તામસપ્રમાણ પ્રકરણ સંપૂર્ણ.